શ્રી વીતરાગાય નમઃ



ઉપ્પનેઈવા
વિગમેઈવા
ધુવેઈવા

# શ્રી ભગવતી સૂત્ર - ૧

## ગુરુપ્રાણ આગમ બત્રીસી

આશીર્વાદ દાતા : તપસ્વી ગુરુદેવ પૂજ્ય શ્રી રતિલાલજી મહારાજ સાહેબ
પ્રધાન સંપાદિકા : અપૂર્વ શ્રુત આરાધક પૂ. શ્રી લીલમબાઈ મહાસતીજી

## સ્વ. પૂ. ગુરુદેવ શ્રી પ્રાણલાલજી મ. સા. ના હસ્તાક્ષરો

उवलेवो होइ भोगेसु अभोगी नोवलिप्पई
भोगी भमइ संसारे अभोगी विप्पमुच्चइ ॥
उत्त. अ. २५ गा. ४१

ભોગોથી કર્મોનો લેપ (બંધન) થાય છે અભોગી (સંસારમાં બંધનથી)
લેપાતો નથી. ભોગી સંસારમાં ભમે છે અભોગી સંસારથી છુટી જાય છે

सवणे नाणे य विन्नाणे पच्चक्खाणे य संजमे
अणण्हये तवे चेव वोदाणे अकिरिया सिद्धि ॥
भगवतीसूत्र श. २ उ. ५ -

સત્સંગનું ફળ. શ્રવણ (સાંભળવું) સાંભળવાથી જ્ઞાન પામે. જ્ઞાનથી વિજ્ઞાન પામે
વિજ્ઞાનથી પ્રત્યાખ્યાન થાય (પાપનો ત્યાગ) પ્રત્યાખ્યાનથી સંયમ થાય. સંયમથી
અનાશ્રવ થાય. (પાપનો રોધ થાય) અનાશ્રવથી તપ નીપજે તપથી કર્મનો
નાશ થાય. કર્મનાશથી. અક્રિયપણું મળે. અક્રિયપણાથી સિદ્ધિની પ્રાપ્તિ થાય



# આગમ શાસ્ત્ર

આગમ શાસ્ત્ર



શ્રી વીતરાગાય નમઃ | ગોંડલ ગચ્છ જયવંત હો

પૂ. શ્રી ડુંગર - દેવ - જય - માણેક - પ્રાણ - રતિ ગુરુભ્યો નમઃ

## શ્રી ગુરુ પ્રાણ આગમ બત્રીસી

સૌરાષ્ટ્ર કેસરી ગુરુદેવ પૂ. શ્રી પ્રાણલાલજી મ. સા. ની ચીર સ્મૃતિ તથા
તપસમ્રાટ ગુરુદેવ પૂ. શ્રી રતિલાલજી મ. સા. મહાપ્રયાણ દશાબ્દીવર્ષ ઉપલક્ષ

ગણધર રચિત પાંચમું અંગ

# શ્રી ભગવતીસૂત્ર – ૧

શતક : ૧ થી ૪

(મૂળપાઠ, ભાવાર્થ, વિવેચન, પરિશિષ્ટ)

**: પાવન નિશ્રા :**
ગોંડલ ગચ્છ શિરોમણી પરમદાર્શનિક **પૂ. શ્રી જયંતમુનિ મ. સા.**

**: સંપ્રેરક :**
વાણીભૂષણ **પૂ. શ્રી ગિરીશમુનિ મ. સા.** અને આગમ દિવાકર **પૂ. જનકમુનિ મ. સા.**

**: પ્રકાશન પ્રેરક :**
ધ્યાનસાધક **પૂ. શ્રી હસમુખમુનિ મ. સા.** અને શાસનઅરુણોદય **પૂ. શ્રી નમ્રમુનિ મ.સા.**

**: શુભાશિષ :**
મંગલમૂર્તિ પૂજ્યવરા
પૂ. શ્રી મુકતાબાઈ મ.

**: અનુવાદિકા :**
ડૉ. શ્રી આરતીબાઈ મ.

**: પ્રધાન સંપાદિકા :**
અપૂર્વ શ્રુત આરાધક
પૂ. શ્રી લીલમબાઈ મ.

**: પરામર્શ પ્રયોજિકા :**
ઉત્સાહધરા
પૂ. શ્રી ઉષાબાઈ મ.

**: સહ સંપાદિકા :**
ડૉ. સાધ્વી શ્રી આરતીબાઈ મ.
તથા સાધ્વી શ્રી સુબોધિકાબાઈ મ.

: પ્રકાશક :
શ્રી ગુરુ પ્રાણ પ્રકાશન
PARASDHAM
પારસધામ, વલ્લભબાગ લેન, ઘાટકોપર(ઈસ્ટ), મુંબઈ – ૪૦૦૦૭૭

: આગમ પ્રકાશન પ્રારંભ :
ઈ. સ. ૧૯૯૭ – ૧૯૯૮ **પૂ. શ્રી પ્રાણગુરુ જન્મશતાબ્દી વર્ષ • ગુરુપ્રાણ ફાઉન્ડેશન, રાજકોટ.**

પુનઃ પ્રકાશન – ઈ. સ. ૨૦૦૯

**પ્રકાશક : શ્રી ગુરુ પ્રાણ પ્રકાશન, પારસધામ, ઘાટકોપર**

પ્રથમ આવૃત્તિ પ્રત : ૧૦૫૦ ★ દ્વિતીય આવૃત્તિ પ્રત : ૧૦૦૮
પ્રકાશન તારીખ : આસોવદ અમાસ – વીર નિર્વાણ કલ્યાણક તથા
તપસમ્રાટ ગુરુદેવ પૂજ્ય શ્રી રતિલાલજી મ. સા. જન્મદિન

ગુરુ પ્રાણ પ્રકાશન

શ્રી પરાગભાઈ શાહ • શ્રી શૈલેષભાઈ દેસાઈ • શ્રી બર્જીશભાઈ દેસાઈ
શ્રી સુમતિભાઈ શાહ • શ્રી ગિરીશભાઈ શાહ • શ્રી જિતેનભાઈ શાહ

**પ્રાપ્તિ સ્થાન :**

**www.parasdham.org ★ www.jainaagam.org**

૧. મુંબઈ –

**પારસધામ**
વલ્લભબાગ લેન,
ઘાટકોપર(ઈસ્ટ), મુંબઈ – ૪૦૦૦૭૭
ફોન – ૩૨૦૪ ૩૨૩૨.

2. U. S. A. -

**Girish P. Shah**
4048, Twyla Lane, Campbell
CA - 95008-3721. U.S.A.
Ph. : (India) 09867054439
(U.S.A) 001- 408-373-3564

૩. રાજકોટ –

**શેઠ ઉપાશ્રય**
પ્રસંગ હોલ પાછળ,
૧૫૦ ફુટ રીંગ રોડ,
કાલાવડ રોડ,રાજકોટ – ૩૬૦૦૦૫
ફોન – ૯૮૨૪૦૪૩૭૬૯

૪. વડોદરા –

**શ્રી હરેશભાઈ લાઠીયા**
ગૌતમ, ૧૨, પંકજ સોસાઈટી,
નર્મદા ગેસ્ટ હાઉસની સામે,
ઈલોરા પાર્ક, વડોદરા – ૩૯૦૦૨૩
ફોન – ૯૮૨૪૦૫૮૪૮૯

મુદ્રક : શિવકૃપા ઑફસેટ પ્રિન્ટર્સ, અમદાવાદ – ફોન : ૦૭૯–૨૫૬૨૩૮૨૮

સમર્પણ

સૌરાષ્ટ્ર કેસરી
બા. બ્ર. પૂ. ગુરુદેવ
શ્રી પ્રાણલાલજી મ. સા. ને અનન્ય શ્રદ્ધાભાવે..

## સમર્પણ

જેની વિશાળતાએ ભેદભાવને
વિલીન કર્યા હતાં,
જેના વાત્સલ્યે સહુને સમાવ્યા હતાં,
જેની વિચક્ષણતાએ અનેક
શાસન સેવાના કાર્યો થયા હતાં,
જેની વિલક્ષણતાએ વિશિષ્ટ સંતનો
આદર્શ ખડો કર્યો હતો,
સૌરાષ્ટ્રવાસીઓને અભેદ ભાવે
શ્રદ્ધા, ભક્તિ અને સંત સેવાના
સંસ્કારનું સીંચન કરનાર,
મમ શ્રદ્ધામૂર્તિ, યશોનામી,
યશોધામી, કલ્યાણકામીના,
કર કમળોમાં ભગવતી સૂત્રના
અનુવાદનું નજરાણું શ્રદ્ધા ભક્તિ
સભર હૃદયે સમર્પણ કરું છું.

- પૂ. મુક્ત - લીલમ ગુરુણીના સુશિષ્યા
સાધ્વી આરતી

તપ સમ્રાટ તપસ્વી ગુરુદેવ પૂ. રતિલાલજી મ. સા. ના

# આશીર્વચન

ગુરુ મહારાજની
જન્મ શતાબ્દી નિમિત્તે
આગમોનું પ્રકાશન થઈ રહ્યું છે,
તેનો મને આનંદ છે,
તમે સહુ સાધ્વીવૃંદ આગમનો અભ્યાસ કરી,
તેનાં મૂળભૂત તત્ત્વોને સમજો,
જીવનને પંચાચારમય બનાવો,
સમાજમાં જૈન ધર્મનો પ્રચાર કરો.
ગુરુ મહારાજના નામને અમર બનાવો અને
સંયમી જીવનને સફળ બનાવો.
એ જ મારા અંતરના આશીર્વાદ છે.

*મારી સાથે ચાતુર્માસ અર્થે રોયલ પાર્ક સંઘમાં બિરાજમાન સાધ્વીવૃંદ*
*ભગવાન મહાવીરની વાણીને સમગ્ર વિશ્વમાં*
*ગૂંજતી કરે તેવા શુભાશિષ.*

**– મુનિ રતિલાલ**
**તા. ૧૪/૯/૯૭**
**રોયલ પાર્ક ઉપાશ્રય,**
**રાજકોટ.**

## ગોંડલ ગચ્છ શિરોમણિ પૂ. શ્રી જયંતમુનિ મ. સા. ના સ્વહસ્તાક્ષરે

# આશીર્વચન

અર્હં

ૐ ણમો ણાણસ્સ

અત્ર અનુજ્ઞાપયતે વચંચ અનુમન્યતે ચ
યદ્ "ગુરુપ્રાણ આગમ બત્રીશી" પુનર્પ્રકાશનં
અવશ્યં કાર્યં। ઇદં મહા કાર્યં પૂજ્ય –
ગોંડલ ગચ્છ કીર્તિધર અરુણોદય
નમ્રમુનિના પ્રારભ્યતે ઇતિ મમ ભાવઃ
અત્ર કોઽપિ દોષો ન સ્યાત્ ઇતિ સદ –
વિશ્વાસેન અનુમોદનં ક્રિયતે –
શુભં સ્યાત્
ઇતિ આશીર્વચનં અપિ
સુન્દરં સ્યાત્
અર્પિતે –

આનંદ મંગલમ્

27-4-2009
અક્ષયતૃતીયા
સોમવાર

હું આજ્ઞા આપું છું તથા આ કાર્યને સ્વીકૃતિ આપું છું કે ગુરુપ્રાણ આગમ બત્રીસીનું પુનઃ પ્રકાશન અવશ્ય કરવું જોઈએ. આ મહાકાર્ય પૂજ્ય ગોંડલ ગચ્છ કીર્તિધર અરુણોદય શ્રી નમ્રમુનિ પ્રારંભ કરે, આ મારા ભાવ છે. આ કાર્યની અનુમોદના કરું છું.

આનંદ મંગલમ્.

શુભ થાઓ... સુંદર થાઓ...
આ આશીર્વચન અર્પિત કરું છું.

તા. ૨૭-૦૪-૨૦૦૯
અક્ષયતૃતીયા - સોમવાર.

# ગુરુપ્રાણ આગમ બત્રીસી અનુવાદિકા મહાસતીજીઓ

**પ્રધાન સંપાદિકા ભાવયોગિની**
બા. બ્ર. પૂ. શ્રી લીલમબાઈ મ.
**સહસંપાદિકા**
ડૉ. સાધ્વી શ્રી આરતીબાઈ મ. તથા
સાધ્વી શ્રી સુબોધિકાબાઈ મ.

**સાંનિધ્ય**
પૂ. શ્રી જયંતમુનિ મ. સા.
પૂ. શ્રી ગિરીશચન્દ્રજી મ. સા.
**જ્ઞાનદાનના સંપૂર્ણ સહયોગી**
પૂ. શ્રી ત્રિલોકમુનિ મ. સા.

| સૂત્રનું નામ | અનુવાદિકા |
|---|---|
| શ્રી આચારાંગ સૂત્ર (ભાગ ૧–૨) | પૂ. હસુમતીબાઈ મ., પૂ. પુષ્પાબાઈ મ. |
| શ્રી સૂયગડાંગ સૂત્ર (ભાગ ૧–૨) | પૂ. ઉર્મીલાબાઈ મ. |
| શ્રી ઠાણાંગ સૂત્ર (ભાગ ૧–૨) | પૂ. વીરમતીબાઈ મ. |
| શ્રી સમવાયાંગ સૂત્ર | પૂ. વનીતાબાઈ મ. |
| શ્રી ભગવતી સૂત્ર (૧ થી ૫ ભાગ) | પૂ. ડૉ. આરતીબાઈ મ. |
| શ્રી જ્ઞાતા સૂત્ર | પૂ. સુમનબાઈ મ. |
| શ્રી ઉપાસકદશાંગ સૂત્ર | પૂ. ઉર્વશીબાઈ મ. |
| શ્રી અંતગડદશાંગ સૂત્ર | પૂ. ભારતીબાઈ મ. |
| શ્રી અનુત્તરોવવાઈ સૂત્ર | પૂ. સન્મતિબાઈ મ. |
| શ્રી પ્રશ્નવ્યાકરણ સૂત્ર | પૂ. સુનિતાબાઈ મ. |
| શ્રી વિપાક સૂત્ર | પૂ. ઉષાબાઈ મ. |
| શ્રી ઉવવાઈ સૂત્ર | પૂ. કલ્પનાબાઈ મ. |
| શ્રી રાજપ્રશ્નીય સૂત્ર | પૂ. બિંદુ–રૂપલ દ્રય મ. |
| શ્રી જીવાભિગમ સૂત્ર | પૂ. પુનિતાબાઈ મ. |
| શ્રી પ્રજ્ઞાપના સૂત્ર (ભાગ–૧ થી ૩) | પૂ. સુધાબાઈ મ. |
| શ્રી જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ સૂત્ર | પૂ. મુક્તાબાઈ મ. |
| શ્રી જ્યોતિષગણરાજ પ્રજ્ઞપ્તિ સૂત્ર (ચંદ્રપ્રજ્ઞપ્તિ, સૂર્યપ્રજ્ઞપ્તિ) | પૂ. રાજેમતીબાઈ મ. |
| શ્રી ઉપાંગસૂત્ર (શ્રી નિરયાવલિકાદિ) | પૂ. કિરણબાઈ મ. |
| શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર (ભાગ–૧, ૨) | પૂ. ડૉ. અમિતાબાઈ મ. પૂ. સુમતિબાઈ મ. |
| શ્રી દશવૈકાલિક સૂત્ર | પૂ. ગુલાબબાઈ મ. |
| શ્રી નંદી સૂત્ર | પૂ. પ્રાણકુંવરબાઈ મ. |
| શ્રી અનુયોગદ્વાર સૂત્ર | પૂ. સુબોધિકાબાઈ મ. |
| શ્રી નિશીથ સૂત્ર | પૂ. લીલમબાઈ મ. |
| શ્રી ત્રણ છેદ સૂત્ર | પૂ. ડૉ. ડોલરબાઈ મ. |
| શ્રી આવશ્યક સૂત્ર | પૂ. રૂપાબાઈ મ. |


સિંહ સમા પરાક્રમી, હંસ સમા ઉજ્જવલ યશોમૂર્તિ, સૌરાષ્ટ્ર કેસરી પૂજ્ય
ગુરુદેવ શ્રી પ્રાણલાલજી મ. સા. નાં શ્રી ચરણોમાં શતગુણ
પ્રણામાંજલિ
શ્રી
ગુરુપ્રાણ
જન્મ શતાબ્દી
જાગૃતતા
આર્જવતા
સજ્જનતા
પ્રસન્નતા
ભવ્યતા
તજ્જ્ઞતા
માર્દવતા
અપ્રમત્તતા
દક્ષતા
સહિષ્ણુતા
લઘુતા
પ્રતિરૂપતા
ઉત્સાહિતા
નમ્રતા
વિભુતા
કૃતજ્ઞતા
પ્રભુતા
પ્રૌઢતા
કરુણતા
સૌમ્યતા
સામ્યતા
શૂરવીરતા
ધીરતા
સ્થિરતા
દયાળુતા
સમયજ્ઞતા
પ્રમોદતા
ગિરાગુરુત્વતા
વ્યવહાર કુશળતા
ઈન્દ્રિય દમનતા
ગરિષ્ઠતા
વિશાળતા
પ્રેમાળતા
નિર્ભયતા
સ્વરમાધુર્ય
આત્મરમણતા
તલ્લીનતા
સત્યવક્તૃત્વતા
પ્રતિભાસંપન્નતા
પવિત્રતા
દાક્ષિણ્યતા
પ્રશમતા
અર્હતા
ક્રાંતિકારકતા
સમન્વયતા
જ્ઞાનોત્સુકતા
લોકપ્રિયતા
આસ્તિક્યતા
જ્ઞાનદાતા
જ્ઞાનવૃદ્ધતા
ક્ષમાશીલતા
શિક્ષાદાતા
વૈરાગ્યવાર્ધક્ય
કૃતાર્થતા
ઉદાસીનતા
તત્ત્વલોકતા
નૈતિકતા
સુવિનીતતા
ઓજસ્વિતા
તેજસ્વિતા
વર્ચસ્વિતા
પ્રવચન પટુતા
ગુણગ્રાહકતા
જ્ઞાનપ્રસારકતા
શ્રદ્ધાળુતા
ઉદારતા
સ્નેહયુક્તતા
ધર્મકલાધરતા
સંગઠનકારકતા
પથપ્રદર્શિતતા
સમ્યક્‌પરાક્રમતા
સૌષ્ઠવતા
વરિષ્ઠતા
ગંભીરતા
સેવાશીલતા
અકુતૂહલતા
એકાંતપ્રિયતા
અનેકાંતદર્શિતા
વિચક્ષણતા
આરાધકતા
લાવણ્યતા
પરમાર્થતા
કુશલતા
કર્મનિષ્ઠતા
નિર્લેપતા
દિવ્યતા
રોચકતા
વાત્સલ્યતા
ઉપશમતા
નિર્વેદતા
પ્રવિણતા
સમતા
ઉપશાંતતા
વીરતા
પરિપક્વતા
શ્રુતસંપન્નતા
શ્રેષ્ઠતા
ખમીરતા
અમીરતા
ચારિત્ર પરાયણતા
શતાદિ સદ્‌ગુણાલંકૃત તવ વપુઃ ભૂયાદ્ ભવાલંબનમ્

પૂ. શ્રી ડુંગર-દેવ-જય-માણેક-પ્રાણ-રતિ-જગ-ગુરુભ્યો નમઃ
પૂ. હીર-વેલ-માન-દેવ-ઉજમ-ફૂલ-મોતી-આમ્ર-અમૃત-ગુરૂણીભ્યો નમઃ

# ગોંડલ સંપ્રદાય-ગુરુપ્રાણ રતિ પરિવાર

## મંગલ મનીષી મુનિવરો
## શાસ્ત્ર શુશ્રૂષિકા શ્રમણીવૃંદ

૦૧. પૂ. શ્રી જયંતમુનિ મ. સા.
૦૨. પૂ. શ્રી ગિરીશચંદ્રજી મ.સા.
૦૩. પૂ. શ્રી જનકમુનિ મ.સા.
૦૪. પૂ. શ્રી જગદીશમુનિ મ.સા.
૦૫. પૂ. શ્રી હસમુખમુનિ મ.સા.
૦૬. પૂ. શ્રી મનહરમુનિ મ. સા.
૦૭. પૂ. શ્રી ગજેન્દ્રમુનિ મ. સા.
૦૮. પૂ. શ્રી સુશાંતમુનિ મ. સા.
૦૯. પૂ. શ્રી નમ્રમુનિ મ. સા.
૧૦. પૂ. શ્રી પીયુષમુનિ મ. સા.

૦૧. પૂ. ગુલાબબાઈ મ.
૦૨. પૂ. પ્રાણકુંવરબાઈ મ.
૦૩. પૂ. લલિતાબાઈ મ.
૦૪. પૂ. લીલમબાઈ મ.
૦૫. પૂ. વિમળાબાઈ મ.
૦૬. પૂ. હંસાબાઈ મ.
૦૭. પૂ. પુષ્પાબાઈ મ.
૦૮. પૂ. વિજયાબાઈ મ.
૦૯. પૂ. તરૂલતાબાઈ મ.
૧૦. પૂ. જસવંતીબાઈ મ.
૧૧. પૂ. વસુબાઈ મ.
૧૨. પૂ. પ્રભાબાઈ મ.
૧૩. પૂ. લતાબાઈ મ.
૧૪. પૂ. ભદ્રાબાઈ મ.
૧૫. પૂ. સુમિત્રાબાઈ મ.
૧૬. પૂ. સાધનાબાઈ મ.
૧૭. પૂ. અરુણાબાઈ મ.
૧૮. પૂ. સરલાબાઈ મ.
૧૯. પૂ. વનિતાબાઈ મ.
૨૦. પૂ. દીક્ષિતાબાઈ મ.
૨૧. પૂ. ધીરમતીબાઈ મ.
૨૨. પૂ. રાજેમતીબાઈ મ.
૨૩. પૂ. હસુમતીબાઈ મ.
૨૪. પૂ. સુમતિબાઈ મ.
૨૫. પૂ. અનુમતિબાઈ મ.
૨૬. પૂ. વીરમતીબાઈ મ.
૨૭. પૂ. યશોમતીબાઈ મ.
૨૮. પૂ. જ્ઞાનશીલાબાઈ મ.
૨૯. પૂ. દર્શનશીલાબાઈ મ.
૩૦. પૂ. વિનોદીનીબાઈ મ.
૩૧. પૂ. પ્રજ્ઞાબાઈ મ.
૩૨. પૂ. પ્રિયદર્શનાબાઈ મ.
૩૩. પૂ. કૃપાબાઈ મ.
૩૪. પૂ. મીરાબાઈ મ.
૩૫. પૂ. કુંદનબાઈ મ.
૩૬. પૂ. જ્યોતિબાઈ મ.
૩૭. પૂ. પ્રીતિસુધાબાઈ મ.
૩૮. પૂ. મીનળબાઈ મ.
૩૯. પૂ. મનીષાબાઈ મ.
૪૦. પૂ. કિરણબાઈ મ.
૪૧. પૂ. હસ્મિતાબાઈ મ.
૪૨. પૂ. શૈલાબાઈ મ.
૪૩. પૂ. ઉર્મિબાઈ મ.
૪૪. પૂ. સુધાબાઈ મ.
૪૫. પૂ. ઉર્વશીબાઈ મ.
૪૬. પૂ. સ્મિતાબાઈ મ.
૪૭. પૂ. ઉર્મિલાબાઈ મ.
૪૮. પૂ. ડોલરબાઈ મ.
૪૯. પૂ. કલ્પનાબાઈ મ.
૫૦. પૂ. સંગીતાબાઈ મ.
૫૧. પૂ. નંદાબાઈ મ.
૫૨. પૂ. સુનંદાબાઈ મ.
૫૩. પૂ. જયેશાબાઈ મ.
૫૪. પૂ. અર્ચિતાબાઈ મ.
૫૫. પૂ. અજિતાબાઈ મ.
૫૬. પૂ. અમિતાબાઈ મ.
૫૭. પૂ. પુનિતાબાઈ મ.
૫૮. પૂ. સુનિતાબાઈ મ.
૫૯. પૂ. ગીતાબાઈ મ.
૬૦. પૂ. વિદુબાઈ મ.
૬૧. પૂ. તરુબાઈ મ.
૬૨. પૂ. મીનાબાઈ મ.
૬૩. પૂ. પૂર્ણાબાઈ મ.
૬૪. પૂ. રશ્મિતાબાઈ મ.
૬૫. પૂ. બિંદુબાઈ મ.
૬૬. પૂ. વિરલબાઈ મ.
૬૭. પૂ. રૂપલબાઈ મ.
૬૮. પૂ. તેજલબાઈ મ.
૬૯. પૂ. સુજીતાબાઈ મ.
૭૦. પૂ. સ્વાતિબાઈ મ.
૭૧. પૂ. શ્વેતાબાઈ મ.
૭૨. પૂ. રેણુકાબાઈ મ.
૭૩. પૂ. નલિનીબાઈ મ.
૭૪. પૂ. રક્ષિતાબાઈ મ.
૭૫. પૂ. રોશનીબાઈ મ.
૭૬. પૂ. અંજીતાબાઈ મ.
૭૭. પૂ. સંજીતાબાઈ મ.
૭૮. પૂ. સંઘમિત્રાબાઈ મ.
૭૯. પૂ. આરતીબાઈ મ.
૮૦. પૂ. રૂપાબાઈ મ.
૮૧. પૂ. મિતલબાઈ મ.
૮૨. પૂ. શ્રેયાબાઈ મ.
૮૩. પૂ. શ્રીદત્તાબાઈ મ.
૮૪. પૂ. શ્રુતિબાઈ મ.
૮૫. પૂ. ભાવનાબાઈ મ.
૮૬. પૂ. ભવિતાબાઈ મ.
૮૭. પૂ. જીજ્ઞેષાબાઈ મ.
૮૮. પૂ. શ્રેયાંસીબાઈ મ.
૮૯. પૂ. પરિજ્ઞાબાઈ મ.
૯૦. પૂ. શ્વેતાંસીબાઈ મ.
૯૧. પૂ. સુબોધિકાબાઈ મ.
૯૨. પૂ. શીલાબાઈ મ.
૯૩. પૂ. હેમાંશીબાઈ મ.
૯૪. પૂ. નમ્રતાબાઈ મ.
૯૫. પૂ. પન્નાબાઈ મ.
૯૬. પૂ. પૂર્વીબાઈ મ.
૯૭. પૂ. જાગૃતિબાઈ મ.
૯૮. પૂ. પ્રબોધિકાબાઈ મ.
૯૯. પૂ. પ્રિયલબાઈ મ.
૧૦૦. પૂ. સ્વરૂપાબાઈ મ.
૧૦૧. પૂ. સુહાનીબાઈ મ.
૧૦૨. પૂ. હૃદયાબાઈ મ.
૧૦૩. પૂ. વૈદેહીબાઈ મ.
૧૦૪. પૂ. ભવ્યાંશીબાઈ મ.
૧૦૫. પૂ. જયણાબાઈ મ.
૧૦૬. પૂ. સંબોહીબાઈ મ.
૧૦૭. પૂ. ભવ્યાનીબાઈ મ.

# શ્રુત સેવાનો સત્કાર

## શ્રુતાધાર (મુખ્યદાતા)

## સૌ. સરોજબેન જશવંતરાય દોમડીયા

## સૌ. હર્ષાબેન વસંતભાઈ લાઠિયા (પૂ. આરતીબાઈ સ્વામીના બહેનો)

જે વ્યક્તિ જિનશાસનના અંગરૂપ ચતુર્વિધ શ્રી સંઘની કે શાસનના પ્રાણ સમ શ્રુતજ્ઞાન – આગમજ્ઞાનની તન-મન-ધનથી ભાવપૂર્વક સેવા-ભક્તિ કે છે, તે ભવોભવ સુધી આ જયવંતા જિનશાસનને પ્રાપ્ત કરે છે.

શ્રી દોમડિયા પરિવાર અને શ્રી લાઠિયા પરિવારના સદસ્યો આવી ઉમદા વિચારધારાથી શ્રુતસેવા માટે તત્પર બન્યા. અમારા જ **બેનસ્વામી સહ સંપાદિકા પૂ. શ્રી આરતીબાઈ મ. પૂ. વિરમતીબાઈ મ.**ના સાંનિધ્યમાં આગમ સંપાદનમાં આટલું મહત્તમ યોગદાન આપી રહ્યા હોય, તો તેમાં અમારે પણ યત્કિંચિત સહભાગી બનવું છે, તેવી સદ્ભાવના સહ ઉત્સાહિત થયા છે.

**શ્રી જશવંતભાઈ** અને **શ્રી વસંતભાઈએ** અનેક વર્ષો સુધી ઘાટકોપર શ્રી સંઘ, જૈન જાગૃતિ, કાઠિયાવાડ સમાજ તથા ખેતલિયા ચેરીટિઝ જેવી સંસ્થાઓમાં મૂકભાવે સેવા આપી છે. **સૌ. સરોજબેન** તથા **સૌ. હર્ષાબેન માતુશ્રી ચંપાબેન શામળદાસ ગોહીલના** સંસ્કારને પામી ગૃહસ્થાશ્રમની ફરજ બજાવતાં આંશિક રૂપે શ્રાવકધર્મની આરાધના કરી રહ્યા છે.

બંને પરિવારો ધર્મશ્રદ્ધાવાન તથા ગુરુભક્તિથી રંગાયેલા છે.

**સુપુત્ર અલકેશ, પ્રિયેશ** અને **હેમલ** ગુરુદેવ પૂ. શ્રી નમ્રમુનિ મ. સા. પ્રેરિત અર્હં યુવા ગ્રુપમાં સેવા આપી રહ્યા છે અને પુત્રવધુ **સૌ. આરતી, સૌ. દેવિકા તથા સૌ. મોના** લુક એન લર્નની દીદી તરકે જ્ઞાનદાનનો અમૂલ્ય લાભ લઈ રહ્યા છે. **સુપુત્રી જિજ્ઞા કેતન પંચમીયા તથા રાખી પરાગ દોશી** માતૃપક્ષના સંસ્કારે, સમજણના સહારે શ્વસુરપક્ષને ઉજ્જવળ કરી રહ્યા છે.

પૌત્ર – પૌત્રી – હેલી, મીલી, પ્રિયલ, હેમીલ, રીયા, આદીશ, તનય વગેરે બાળકો પણ તે જ ભાવોને વિકસાવે, સર્વાંશે પ્રગતિશીલ રહે એ જ ભાવના...

આપ બંને પરિવારોને આવી અમૂલ્ય ઘડીઓ મળતી રહે અને આપ તેને વધાવતા રહો તેવી અનુમોદના સહ અમે આભારનો ભાવ પ્રગટ કરીએ છીએ.

**ગુરુપ્રાણ પ્રકાશન**

PARASDHAM

# શાસ્ત્ર સ્વાધ્યાય
## સદ્વિવેક

- તીર્થંકર પ્રભુના પવિત્ર ઉપદેશરૂપ આગમગ્રંથો દરેક ધર્મનિષ્ઠ સ્વાધ્યાયપ્રેમી શ્રમણોપાસકે પોતાના ઘરમાં વસાવવા જોઈએ.
- તીર્થંકરોની અનુપસ્થિતિમાં તીર્થંકરોના ઉપદેશરૂપ ગ્રંથો સાક્ષાત્ તીર્થંકર તુલ્ય માનીને આગમગ્રંથોને ઘરમાં કબાટ કે શોકેશમાં સુવ્યવસ્થિત રૂપે રાખવા.
- પ્રતિદિન તીર્થંકરોને સ્મૃતિપટ પર લાવી અહોભાવપૂર્વક ત્રણ ભાવ વંદન કરવા .
- ઘરના સદસ્યોએ સાથે મળી શ્રધ્ધાપૂર્વક આગમવાંચન કરવું.
- વિનય ધર્મનું મૂળ છે તેથી શાસ્ત્ર સ્વાધ્યાય માટે ગુરુની આજ્ઞા લેવી.
- ૩૨ આગમગ્રંથોમાંથી કાલિક સૂત્રના મૂળપાઠનો સ્વાધ્યાય દિવસના પ્રથમ અને ચોથા પ્રહરમાં અને ઉત્કાલિક સૂત્રના મૂળપાઠનો સ્વાધ્યાય અસ્વાધ્યાય કાલને છોડીને એટલે કે બે સંધ્યા અને બે મધ્યાહ્ન કાલીન ૪૮ મિનિટને છોડીને ગમે ત્યારે કરી શકાય છે.
- પ્રાતઃ ઉષાકાલ, સંધ્યાકાલ, મધ્યાહ્ન અને અર્ધરાત્રિએ બે – બે ઘડી શાસ્ત્રનો મૂળપાઠ વાંચવો નહીં.
- ૩૨ અસ્વાધ્યાયમાં શાસ્ત્ર સ્વાધ્યાય થાય નહીં.
- ઘરમાં સંડાસ – બાથરૂમ હોય, સ્ત્રીઓને માસિકધર્મ હોય, વગેરે કારણોથી ઘરમાં આગમ રાખવાથી અશાતના થાય, તેવી માન્યતા યોગ્ય નથી કારણકે સાધ્વીજી પોતાની પાસે આગમ ગ્રંથો રાખે છે.
- માસિક ધર્મવાળા બહેનોએ શાસ્ત્રના મૂળપાઠનો સ્વાધ્યાય કરવો નહીં. તે વ્યક્તિની સામે પણ સ્વાધ્યાય કરવો નહીં. તેનાથી દૂર અલગ સ્થાનમાં બેસીને સ્વાધ્યાય કરી શકાય છે. ગુજરાતી અનુવાદ, ભાવાર્થ, વિવેચન, માસિક ધર્મમાં પણ બહેનો વાંચી શકે છે. તેમાં કોઈ જાતની અશાતના નથી.
- **આ સમસ્ત નિયમો મૂળપાઠ વાંચવા કે સ્વાધ્યાય કરવા માટેના છે.** કેવળ શાસ્ત્રોના ગુજરાતી ભાવાર્થ વાંચવા હોય, તો ઉપરોક્ત નિયમો લાગુ પડતા નથી.
- આગમગ્રંથોના આધારે જ ભૂતકાલમાં અનંત જીવોએ આત્મકલ્યાણ કર્યું છે. આગમગ્રંથોના આધારે જ પાંચમા આરાના અંત સુધી જિનશાસન જયવંતું રહેશે. તેથી આગમગ્રંથોનું સંપૂર્ણતઃ બહુમાન જાળવવું.

## વિષયાનુક્રમણિકા


| વિષય | પૃષ્ટાંક | વિષય | પૃષ્ટાંક |
|---|---|---|---|
| પૂ. શ્રી ડુંગરસિંહજી મ. સા. જીવન દર્શન | 13 | ચોવીસ દંડકોમાં સમાહારાદિ દશ પ્રશ્ન | ૫૫ |
| પૂ. શ્રી પ્રાણલાલજી મ. સા. જીવન દર્શન | 15 | સંસાર સંસ્થાનકાલ | ૬૮ |
| પૂ. શ્રી રતિલાલજી મ. સા. જીવન દર્શન | 17 | અંતક્રિયા | ૭૨ |
| પુનઃ પ્રકાશકના બે બોલ | 19 | અસંયત ભવ્ય દ્રવ્ય દેવાદિનો ઉપપાત | ૭૩ |
| પૂર્વ પ્રકાશકના બે બોલ | 21 | અસંજ્ઞી આયુષ્ય | ૭૬ |
| અભિગમ | 23 | **શતક : ૧, ઉદ્દે. - ૩** | |
| સંપાદકીય | 26 | સંક્ષિપ્ત સાર | ૭૯ |
| સંપાદન અનુભવ | 31 | કાંક્ષામોહનીય કર્મવિચાર | ૮૧ |
| અનુવાદિકાની કલમે | 33 | દઢ શ્રદ્ધાથી આરાધના | ૮૫ |
| ૩૨ અસ્વાધ્યાય | 54 | અસ્તિત્વ નાસ્તિત્વ પરિણમન | ૮૬ |
| **શાસ્ત્ર પ્રારંભ** | | કાંક્ષામોહનીય કર્મબંધના કારણો | ૮૯ |
| | | કાંક્ષામોહનીયની ઉદીરણા, ઉપશમાદિ | ૯૧ |
| શતક – ૧: પરિચય | ૧ | ચોવીસ દંડકમાં કાંક્ષામોહનીય કર્મ | ૯૪ |
| **શતક : ૧ ઉદ્દે. - ૧** | | શ્રમણોમાં કાંક્ષામોહનીય કર્મ | ૯૬ |
| સંક્ષિપ્ત સાર | ૩ | **શતક : ૧, ઉદ્દે. - ૪** | |
| નમસ્કાર મહામંત્ર | ૫ | સંક્ષિપ્ત સાર | ૧૦૨ |
| ઉદ્દેશક નામ | ૯ | કર્મ પ્રકૃતિનો બંધ, ઉદયાદિ વિચાર | ૧૦૩ |
| ગણધર ઈન્દ્રભૂતિનું વ્યક્તિત્વ | ૧૧ | જીવનું ઉપસ્થાન અપક્રમણ | ૧૦૪ |
| ચલમાન ચલિત | ૧૬ | કર્મક્ષયથી મોક્ષ | ૧૦૮ |
| જીવોની સ્થિતિ આદિ | ૨૧ | પુદ્ગલ સ્કંધ અને જીવની શાશ્વતતા | ૧૧૧ |
| વિવિધ દષ્ટિકોણથી આરંભ અનારંભ | ૪૦ | છદ્મસ્થ મુક્તિ નિષેધ | ૧૧૨ |
| ભવની અપેક્ષાએ જ્ઞાનાદિની પ્રરૂપણા | ૪૩ | કેવળી મુક્તિ | ૧૧૩ |
| સંવૃત્ત અસંવૃત્ત અણગાર | ૪૪ | **શતક : ૧, ઉદ્દે. - ૫** | |
| અસંયમ જીવોની ગતિ, વાણવ્યંતર દેવલોક | ૪૭ | સંક્ષિપ્ત સાર | ૧૧૭ |
| **શતક : ૧, ઉદ્દે. - ૨** | | ચોવીસ દંડકોના જીવોની આવાસ સંખ્યા | ૧૨૦ |
| સંક્ષિપ્ત સાર | ૫૧ | ચોવીસ દંડકોમાં સ્થિતિ આદિ | |
| સ્વકૃત દુઃખ અને આયુષ્ય વેદન | ૫૩ | દશ દ્વાર અને ભંગ સંખ્યા | ૧૨૩ |

| વિષય | પૃષ્ટાંક | વિષય | પૃષ્ટાંક |
|---|---|---|---|
| **શતક : ૧, ઉદ્દે. - ૬** | | સદોષ અને નિર્દોષ આહાર | |
| સંક્ષિપ્ત સાર | ૧૪૩ | સેવનનું ફળ | ૨૧૮ |
| સૂર્યના ઉદયાસ્ત સમયની વિચારણા | ૧૪૫ | અસ્થિર આત્મામાં પરિવર્તન | ૨૨૧ |
| લોકાંત અલોકાંતાદિ સ્પર્શના | ૧૪૭ | **શતક : ૧, ઉદ્દે. - ૧૦** | |
| અઢાર પાપસ્થાનક સંબંધી | | સંક્ષિપ્ત સાર | ૨૨૩ |
| ક્રિયા વિચાર | ૧૪૯ | અન્યતીર્થિકોના મંતવ્યોનું નિરાકરણ | ૨૨૪ |
| રોહા અણગારના પ્રશ્નો | ૧૫૧ | ઐર્યાપથિકી અને સાંપરાયિકી ક્રિયા | ૨૨૯ |
| અષ્ટવિધ લોક સંસ્થિતિ | ૧૫૭ | વિરહકાલ | ૨૩૦ |
| જીવ અને પુદ્ગલનો સંબંધ | ૧૫૯ | **શતક - ૨ પરિચય** | ૨૩૨ |
| સૂક્ષ્મ સ્નેહકાય | ૧૬૧ | **શતક : ૨, ઉદ્દે. - ૧** | |
| **શતક : ૧, ઉદ્દે. - ૭** | | સંક્ષિપ્ત સાર | ૨૩૩ |
| સંક્ષિપ્ત સાર | ૧૬૪ | દશ ઉદ્દેશકના નામ | ૨૩૪ |
| દેશથી સર્વથી જન્મ, મરણ, આહાર | ૧૬૬ | એકેન્દ્રિયમાં શ્વાસોચ્છ્વાસ | ૨૩૫ |
| વિગ્રહગતિ અવિગ્રહગતિ | ૧૭૦ | વાયુકાયનો શ્વાસોચ્છ્વાસ | ૨૩૮ |
| દેવનું ચ્યવન અને ગ્લાનિભાવ | ૧૭૨ | મડાઈ અણગાર | ૨૪૦ |
| ગર્ભગત જીવ વિચાર | ૧૭૩ | પિંગલ શ્રમણોપાસક, સ્કંદક અણગાર | ૨૪૩ |
| **શતક : ૧, ઉદ્દે. - ૮** | | **શતક : ૨, ઉદ્દે. - ૨** | |
| સંક્ષિપ્ત સાર | ૧૮૩ | સમુદ્ઘાત વર્ણન (સંક્ષિપ્ત પાઠ) | ૨૮૦ |
| બાલપંડિત આદિના આયુષ્યબંધ | ૧૮૫ | **શતક : ૨, ઉદ્દે. - ૩** | |
| મૃગઘાતકાદિને લાગતી પાંચ ક્રિયા | ૧૮૮ | નરક પૃથ્વી (સંક્ષિપ્ત પાઠ) | ૨૮૩ |
| જય પરાજયનું કારણ | ૧૯૪ | **શતક : ૨, ઉદ્દે. - ૪** | |
| વીર્ય શક્તિ વિચાર | ૧૯૫ | ઈંદ્રિયો (સંક્ષિપ્ત પાઠ) | ૨૮૫ |
| **શતક : ૧, ઉદ્દે. - ૯** | | **શતક : ૨, ઉદ્દે. - ૫** | |
| સંક્ષિપ્ત સાર | ૧૯૯ | સંક્ષિપ્ત સાર | ૨૮૭ |
| જીવોના હળવા ભારે થવાનું કારણ | ૨૦૧ | પરિચારણા વિષયક અન્યમત-સ્વમત | ૨૮૯ |
| પદાર્થોની ગુરુતા લઘુતા | ૨૦૨ | ગર્ભ સ્થિતિ-ગર્ભકાય સ્થિતિ | ૨૯૧ |
| શ્રમણ નિર્ગ્રંથો માટે પ્રશસ્ત ગુણ | ૨૦૭ | એક ભવમાં પિતા-પુત્ર સંખ્યા | ૨૯૩ |
| આયુષ્યબંધ સંબંધી પ્રરૂપણા | ૨૦૯ | મૈથુન સેવનથી અસંયમ | ૨૯૫ |
| કાલાસ્યવેષિ પુત્ર અણગારના | | તુંગિયાનગરીના શ્રમણોપાસક | ૨૯૫ |
| પ્રશ્નોત્તર | ૨૧૧ | તુંગિયાનગરીના શ્રમણોપાસકના પ્રશ્નો | ૩૦૩ |
| અપ્રત્યાખ્યાન ક્રિયાની સમાનતા | ૨૧૭ | શ્રમણ પર્યુપાસનાનું ફળ | ૩૧૧ |

| વિષય | પૃષ્ટાંક | વિષય | પૃષ્ટાંક |
|---|---|---|---|
| ગરમ પાણીના કુંડ | ૩૧૪ | શક્રેન્દ્ર અને ઈશાનેન્દ્રના વિમાન | ૩૮૮ |
| **શતક : ૨, ઉદ્દે. - ૬** | | શક્રેન્દ્ર ઈશાનેન્દ્રનો શિષ્ટાચાર | ૩૮૯ |
| ભાષા (સંક્ષિપ્ત પાઠ) | ૩૧૬ | સનત્કુમારેન્દ્રની યોગ્યતા | ૩૯૨ |
| **શતક : ૨, ઉદ્દે. - ૭** | | **શતક : ૩, ઉદ્દે. - ૨** | |
| દેવોના પ્રકાર-સ્થાન આદિ | ૩૧૯ | સંક્ષિપ્ત સાર | ૩૯૫ |
| **શતક : ૨, ઉદ્દે. - ૮** | | અસુરકુમાર દેવોના સ્થાન | ૩૯૭ |
| સંક્ષિપ્ત સાર | ૩૨૧ | અસુરકુમાર દેવોનું ગમન સામર્થ્ય | ૩૯૮ |
| ચમરેન્દ્રની ચમરચંચા રાજધાની | ૩૨૨ | અવસર્પિણીકાલનું એક આશ્ચર્ય | ૪૦૩ |
| **શતક : ૨, ઉદ્દે. - ૯** | | પૂરણતાપસ-ચમરેન્દ્રનો પૂર્વભવ | ૪૦૫ |
| સમયક્ષેત્ર (સંક્ષિપ્ત પાઠ) | ૩૨૬ | ચમરેન્દ્રનું સૌધર્મ દેવલોકમાં ગમન | ૪૧૨ |
| **શતક : ૨, ઉદ્દે. - ૧૦** | | **શતક : ૩, ઉદ્દે. - ૩** | |
| સંક્ષિપ્ત સાર | ૩૨૮ | સંક્ષિપ્ત સાર | ૪૨૭ |
| પંચાસ્તિકાય સ્વરૂપ | ૩૨૯ | કાયિકી આદિ પાંચ ક્રિયા | ૪૨૯ |
| જીવનું જીવત્ત્વ | ૩૩૫ | ક્રિયા અને વેદના | ૪૩૨ |
| લોકાકાશ-અલોકાકાશ | ૩૩૬ | શ્રમણોને ક્રિયા અને કારણ | ૪૩૨ |
| ધર્માસ્તિકાયદિની સ્પર્શતા | ૩૩૯ | જીવની એજનાદિ ક્રિયા, | |
| **શતક-૩ પરિચય** | ૩૪૩ | મુક્તિ અમુક્તિ | ૪૩૩ |
| **શતક : ૩, ઉદ્દે. - ૧** | | પ્રમત્ત અપ્રમત્ત સંયતની સ્થિતિ | ૪૩૮ |
| સંક્ષિપ્ત સાર | ૩૪૪ | લવણ સમુદ્રમાં હાનિ વૃદ્ધિ | ૪૪૦ |
| દશ ઉદ્દેશકના નામ | ૩૪૮ | **શતક : ૩, ઉદ્દે. - ૪** | |
| ચમરેન્દ્રની ૠદ્ધિ અને વૈક્રિયશક્તિ | ૩૪૯ | સંક્ષિપ્ત સાર | ૪૪૨ |
| ચમરેન્દ્રના સામાનિકાદિ | | ભાવિતાત્મા અણગારનું | |
| દેવોની ૠદ્ધિ અને વૈક્રિયશકિત | ૩૫૩ | અવધિજ્ઞાન સામર્થ્ય | ૪૪૩ |
| બલીન્દ્રની ૠદ્ધિ અને વૌક્રિયશક્તિ | ૩૫૭ | વાયુકાયની વૈક્રિયશક્તિ | ૪૪૬ |
| ધરણેન્દ્રની ૠદ્ધિ અને વૈક્રિયશક્તિ | ૩૫૮ | મેઘના વિવિધ રૂપોનું પરિણમન | ૪૪૭ |
| શક્રેન્દ્રની ૠદ્ધિ અને વૈક્રિયશક્તિ | ૩૬૧ | ઉત્પન્ન થનારા જીવોની લેશ્યા | ૪૪૯ |
| તિષ્યક અણગાર-શક્રેન્દ્રના સામાનિક દેવ | ૩૬૨ | વૈભારગિરી પર્વત સંબંધી વિકુર્વણા | ૪૫૧ |
| ઈશાનેન્દ્રની ૠદ્ધિ અને વૈક્રિયશક્તિ | ૩૬૬ | વિકુર્વણા કોણ કરે? માયી કે અમાયી | ૪૫૨ |
| કુરુદત્ત અણગાર | ૩૬૬ | **શતક : ૩, ઉદ્દે. - ૫** | |
| સનત્કુમારેન્દ્રથી અચ્યુતેન્દ્રસુધીની ૠદ્ધિ | ૩૬૮ | સંક્ષિપ્ત સાર | ૪૫૫ |
| તામલી તાપસ-ઈશાનેન્દ્રનો પૂર્વભવ | ૩૭૨ | અણગારની વૈક્રિય શક્તિ | ૪૫૬ |

| વિષય | પૃષ્ટાંક |
|---|---|
| અણગારની આભિયોજન શક્તિ | ૪૬૦ |
| **શતક : ૩, ઉદ્દે. - ૬** | |
| સંક્ષિપ્ત સાર | ૪૬૪ |
| માયી મિથ્યાદૃષ્ટિની વિકુર્વણા | ૪૬૫ |
| અમાયી સમ્યગ્દૃષ્ટિ અણગારની વિકુર્વણા | ૪૬૮ |
| ચમરેન્દ્રના આત્મરક્ષક દેવો | ૪૭૨ |
| **શતક : ૩, ઉદ્દે. - ૭** | |
| સંક્ષિપ્ત સાર | ૪૭૪ |
| શકેન્દ્રના લોકપાલ સોમ | ૪૭૬ |
| શકેન્દ્રના લોકપાલ યમ | ૪૮૧ |
| શકેન્દ્રના લોકપાલ વરુણ | ૪૮૩ |
| શકેન્દ્રના લોકપાલ વૈશ્રમણ | ૪૮૪ |
| **શતક : ૩, ઉદ્દે. - ૮** | |
| સંક્ષિપ્ત સાર | ૪૮૯ |
| દેવોમાં અધિપતિ દેવ | ૪૯૦ |
| **શતક : ૩, ઉદ્દે. - ૯** | |
| ઈન્દ્રિય વિષય (સંક્ષિપ્ત પાઠ) | ૪૯૪ |
| **શતક : ૩, ઉદ્દે. - ૧૦** | |
| ઈન્દ્રની પરિષદ (સંક્ષિપ્ત પાઠ) | ૪૯૬ |
| **શતક - ૪ : પરિચય** | ૪૯૮ |
| દસ ઉદ્દેશકોના નામ | ૪૯૯ |
| **શતક : ૪, ઉદ્દે. - ૧ થી ૪** | |
| ઈશાનેન્દ્રના લોકપાલ અને તેના વિમાન | ૪૯૯ |
| **શતક : ૪, ઉદ્દે. - ૫ થી ૮** | |
| ઈશાનેન્દ્રના ચાર લોકપાલની રાજધાની | ૫૦૨ |
| **શતક : ૪, ઉદ્દે. - ૯** | |
| સંક્ષિપ્ત સાર | ૫૦૩ |
| નૈરયિકોની ઉત્પત્તિ | ૫૦૪ |
| **શતક : ૪, ઉદ્દે. - ૧૦** | |
| લેશ્યાઓનું પરિવર્તન | ૫૦૬ |
| **પરિશિષ્ટ** | |
| ૧ अरिहंत चेइयाणि | ૫૦૯ |
| ૨ ભગવતી સૂત્ર પરિમાણ | ૫૧૧ |
| ૩ વિવેચન વિષયોની અકારાદિ અનુક્રમણિકા | ૫૧૨ |
| **કોષ્ટકોની સૂચિ** | |
| અસંયત ભવ્યદ્રવ્ય દેવાદિનો ઉપપાત | ૭૪ |
| ભવનપતિ દેવોના આવાસ | ૧૨૧ |
| ૨૪ દંડકોના જીવોમાં સ્થિતિ આદિ દશ દ્વાર | ૧૪૨ |
| અગુરુલઘુ-ગુરુલઘુ પદાર્થોનું વિભાજન | ૨૦૬ |
| સમયક્ષેત્રનું પરિમાણ | ૩૨૭ |
| પંચાસ્તિકાયનું સ્વરૂપ | ૩૩૫ |
| ભવનપતિ આદિ ઈન્દ્રોની ઋદ્ધિ અને વૈક્રિયશક્તિ | ૩૬૧ |
| વૈમાનિકોના ઈન્દ્રોની ઋદ્ધિ અને વૈક્રિયશક્તિ | ૩૬૯ |
| ઈન્દ્રાદિના ગમનકાલ સૂચક યંત્ર | ૪૨૩ |
| ઈન્દ્રના સામાનિક અને આત્મરક્ષક દેવો | ૪૭૩ |
| શકેન્દ્રના ચાર લોકપાલની માહિતી | ૪૮૮ |




# ગોંડલ ગચ્છાધિપતિ, એકાવતારી આચાર્ય પ્રવર
# પૂ. ગુરુદેવ શ્રી ડુંગરસિંહજી મ.સા.
# જીવન દર્શન

| | | |
|---|---|---|
| **નામ** | : | શ્રી ડુંગરસિંહભાઈ. |
| **જન્મ** | : | વિ. સં. ૧૭૯૨. |
| **જન્મભૂમિ** | : | માંગરોળ. |
| **પિતાશ્રી** | : | ધર્મનિષ્ઠ શ્રી કમળસિંહભાઈ બદાણી. |
| **માતુશ્રી** | : | સંસ્કાર સંપન્ના શ્રીમતી હીરબાઈ. |
| **જન્મ સંકેત** | : | માતાએ સ્વપ્નમાં લીલોછમ પર્વત અને કેસરી સિંહને પોતાની સમીપે આવતો જોયો. |
| **ભ્રાતૃ ભગિની** | : | ચાર બેન – બે ભાઈ. |
| **વૈરાગ્ય નિમિત્ત** | : | પૂ. શ્રી રત્નચંદ્રજી મ.સા.નો ઉપદેશ. |
| **સંયમ સ્વીકાર** | : | વિ. સં. ૧૮૧૫ કારતક વદ – ૧૦ દિવબંદર. |
| **સદ્‌ગુરુદેવ** | : | પૂ. શ્રી રત્નચંદ્રજી મ.સા. |
| **સહ દીક્ષિત પરિવાર** | : | સ્વયં, માતુશ્રી હીરબાઈ, બહેન વેલબાઈ, ભાણેજી – માનકુંવરબેન અને ભાણેજ – હીરાચંદભાઈ. |
| **સંયમ સાધના** | : | અપ્રમત્તદશાની પ્રાપ્તિ માટે સાડા પાંચ વર્ષ નિદ્રાત્યાગ, જ્ઞાનારાધના, ધર્મશાસ્ત્રો, દર્શનશાસ્ત્રો અને તત્ત્વજ્ઞાનનો અભ્યાસ. |
| **તપ આરાધના** | : | રસેન્દ્રિય વિજયના વિવિધ પ્રયોગો, મિતાહાર. સ્વાધ્યાય, સાડાપાંચ વરસ નિદ્રાત્યાગ, ધ્યાનરૂપ આભ્યંતર તપ. |
| **ગોંડલ ગચ્છ સ્થાપના તથા આચાર્ય પદ પ્રદાન** | : | વિ. સં. ૧૮૪૫ મહાસુદ – ૫ ગોંડલ. |
| **જ્વલંત ગુણો** | : | વિનય, વિવેક, વિચક્ષણતા, વિરક્તિ, કરૂણા, સમયસૂચકતા વગેરે... |

| | | |
|---|---|---|
| **પ્રમુખ શિષ્ય** | : | આચાર્ય પૂ. શ્રી ભીમજી સ્વામી. |
| **પ્રમુખ શિષ્યા** | : | પૂ. શ્રી હીરબાઈ મ., પૂ. શ્રી વેલબાઈ મ., પૂ. શ્રી માનકુંવરબાઈ મ. |
| **સાધુ સંમેલન** | : | વિ. સં. ૧૮૬૧માં આજ્ઞાનુવર્તી ૪૫ જેટલા સાધુ-સાધ્વીજીઓનું સંમેલન કરી સંતોની આચાર વિશુધ્ધિ માટે ૧૩ નિયમો બનાવ્યાં. |
| **વિહાર ક્ષેત્ર** | : | કાઠિયાવાડ, ઝાલાવાડ, કચ્છ, માંગરોળ, વેરાવળ, પોરબંદર, દીવબંદર આદિ કંઠાળ પ્રદેશમાં ગ્રામાનુગ્રામ. |
| **પ્રતિબોધિત શ્રાવકવર્ય** | : | શ્રી શોભેચંદ્ર કરસનજી શાહ – વેરાવળ. |
| **સ્થિરવાસ** | : | વિ. સં. ૧૮૭૧ ચૈત્ર સુદ – ૧૫ થી ગોંડલમાં. |
| **અનશન આરાધના** | : | વિ. સં. ૧૮૭૭ ફાગણ સુદ – ૧૩ થી અનશન પ્રારંભ, વૈશાખ સુદ – ૧૫ સમાધિમરણ. |
| **આયુષ્ય** | : | ૮૪ વર્ષ, સંયમ પર્યાય – ૬૨ વર્ષ, આચાર્ય પદ – ૩૨ વર્ષ. |
| **ઉત્તરાધિકારી** | : | આચાર્ય પૂ. શ્રી ભીમજી સ્વામી. |
| **ઉપનામ** | : | ગચ્છાધિપતિ, નિદ્રાવિજેતા, યુગપ્રધાન, એકાવતારી. |
| **પાટ પરંપરા** | : | ગોંડલ ગચ્છાધિપતિ આચાર્ય પ્રવર ગુરુદેવ<br>પૂ. શ્રી ડુંગરસિંહજી મ.સા.<br>દ્વિતીય પટ્ટધર – આચાર્ય પૂ. શ્રી ભીમજી સ્વામી.<br>તૃતીય પટ્ટધર – આચાર્ય પૂ. શ્રી નેણસી સ્વામી.<br>ચતુર્થ પટ્ટધર – આચાર્ય પૂ. શ્રી જેસંગજી સ્વામી.<br>પંચમ પટ્ટધર – આચાર્ય પૂ. શ્રી દેવજી સ્વામી.<br>મહાતપસ્વી પૂ. શ્રી જયચંદ્રજી સ્વામી<br>યુગદૃષ્ટા તપસ્વી પૂ. શ્રી માણેકચંદ્રજી મ.સા.<br>સૌરાષ્ટ્ર કેસરી ગુરુદેવ પૂ. શ્રી પ્રાણલાલજી મ.સા.<br>તપસમ્રાટ ગુરુદેવ પૂ. શ્રી રતિલાલજી મ.સા. |
| **વિદ્યમાન વિચરતો પરિવાર** | : | ૧૧ સંતો, ૩૦૦ જેટલા સતિજીઓ. |

# સૌરાષ્ટ્ર કેસરી, મુનિપુંગવ
# પૂ. ગુરુદેવ શ્રી પ્રાણલાલજી મ.સા.
# જીવન દર્શન

| | |
|---|---|
| **શુભ નામ** | પ્રાણલાલભાઈ. |
| **જન્મભૂમિ** | વેરાવળ. |
| **પિતા** | શ્રીમાન શ્રી કેશવજીભાઈ મીઠાશા. |
| **માતા** | સંસ્કાર સંપન્ના કુંવરબાઈ. |
| **જ્ઞાતિ** | વીસા ઓસવાળ. |
| **જન્મદિન** | વિ. સં. ૧૯૫૪, શ્રાવણ વદ પાંચમ, સોમવાર. |
| **ભ્રાતૃ–ભગિની** | ચાર ભાઈ, ત્રણ બહેનો. |
| **વૈરાગ્ય બીજારોપણ** | બે વર્ષની બાલ્યવયે. |
| **વૈરાગ્ય ભાવ–પ્રગટીકરણ** | ૧૩ વર્ષની કુમાર અવસ્થામાં. |
| **સંયમ સ્વીકાર** | ૨૧ માં વર્ષે વિ. સં. ૧૯૭૬ ફાગણ વદ છઠ્ઠ, ગુરુવાર. તા. ૧૩–૩–૧૯૨૦ |
| **દીક્ષા ભૂમિ** | બગસરા–દરબાર વાજસુરવાળાના ઉદ્યાનમાં વટવૃક્ષ નીચે. |
| **ગચ્છ પરંપરા** | ગોંડલ ગચ્છ. |
| **સંયમદાતા** | મહાતપસ્વી પૂ. જયચંદ્રજી મ.સા. |
| **શિક્ષા દાતા** | પરમ શ્રદ્ધેય તપસ્વી માણેકચંદ્રજી મ. સા. |
| **ધાર્મિક અભ્યાસ** | આગમજ્ઞાન, તત્ત્વજ્ઞાન, કથા સાહિત્ય, રાસ સાહિત્ય, વ્યાકરણ, મહાકાવ્યો, કર્મસાહિત્ય, જૈનેતર ગ્રંથોનું વિશાળ અવલોકન, દર્શન શાસ્ત્રના તજજ્ઞ. |
| **સંઘ નેતૃત્વ** | ત્રણ વર્ષની દીક્ષા પર્યાયે તપસ્વી પૂ. માણેકચંદ્રજી મ. સા. ના સંથારાના સમયથી. |
| **સેવા શુશ્રૂષા** | વડીલ સાત ગુરુભ્રાતા અને અનેક સંતોની સેવા કરી. |

| | |
|---|---|
| **સમાજોત્કર્ષ** | ચતુર્વિધ સંઘ સમાધિ માટે તારવેલા ત્રણ સિદ્ધાંત (૧) લોકોના પરોપકાર માટે દાનધર્મની પ્રધાનતા (૨) અ ખંડન વાદ (૩)નીતિ અને પ્રામાણિકતાનું આંદોલન, જૈન–જૈનેતરો (કાઠી, દરબાર, આહિર)ને સપ્ત વ્યસનથી મુક્તિ, અનેક સ્થાને સાધર્મિક રાહત યોજના. |
| **જ્ઞાન પ્રસાર** | રાજકોટ, ગોંડલ, જેતપુર, ધોરાજી, વડિયા, વેરાવળ, પોરબંદર, માંગરોળ, જામનગર, ભાવનગર વગેરે અનેક સ્થાને જ્ઞાન ભંડાર, વિદ્યાલયની સ્થાપના અને જીર્ણોધ્ધાર. |
| **દેહ વૈભવ** | લાવણ્યમયી મુદ્રા, સૂર્ય સમ તેજસ્વી મુખ, ચંદ્રસમી શાંત આભા, વિશાળ ભાલ, નૂરભર્યા નયનો, ઘૂઘરાળા કેશ, વીણા જેવો સુમધુર કંઠ અને સિંહ જેવી ગર્જના. |
| **આભ્યંતર વૈભવ** | વિનય સંપન્નતા, વિવેક, સાદાઈ, પ્રેમ, વૈરાગ્ય, સેવા, પ્રવચન–પટુતા, ગુરુચરણ સેવા, દીર્ઘ દષ્ટિ, ત્યાગમસ્તી. |
| **વિહાર ક્ષેત્ર** | સૌરાષ્ટ્ર, ગુજરાત. |
| **ગોંડલ ગચ્છ સંમેલન** | વિ. સં. ૨૦૦૭માં ગચ્છ ઐક્યતા માટે મહત્ત્વનું યોગદાન. |
| **ઉપનામ** | પંજાબ કેસરી કાશીરામજી મ. સા. દ્વારા પ્રદત્ત **'સૌરાષ્ટ્ર કેસરી'** |
| **સ્વહસ્તે દીક્ષિત પરિવાર** | ચાર સંત– તપોધની પૂ. રતિલાલજી મ. સા., અનશન આરાધક તપસ્વી પૂ. જગજીવનજી મ. સા., પૂ. નાના રતિલાલજી મ. સા., પરમ દાર્શનિક પૂ. જયંતમુનિજી મ. સા., પૂ. મોટા પ્રભાબાઈ મ. આદિ ૧૫ સતીજી. |
| **અંતિમ ચાતુર્માસ** | બગસરા. |
| **દેહ વિલય** | વિ. સં. ૨૦૧૩ માગસર વદ તેરસ, શનિવાર પ્રાતઃ ૭–૩૦ કલાકે ઈ. સ. ૨૯–૧૨–૧૯૫૬. |
| **અંતિમ વિધિ** | સાતલડી નદીના કિનારે (બગસરા) |
| **શિષ્ય પરિવાર** | વર્તમાને ૧૧૮ સંત–સતિજીઓ 'પ્રાણ પરિવાર' ના નામે સમગ્ર ભારતમાં પ્રસિદ્ધ છે. |

## તપસમ્રાટ પૂ. ગુરુદેવ શ્રી રતિલાલજી મ.સા. નું

# જીવન દર્શન

| | |
|---|---|
| **શુભ નામ** | રતિલાલભાઈ |
| **જન્મસ્થાન** | પરબવાવડી (સૌરાષ્ટ્ર) |
| **જન્મદિન** | આસોવદ અમાસ વિ. સં. ૧૯૬૯ |
| **પિતા** | શ્રીમાન માધવજીભાઈ રૈયાણી |
| **માતા** | સદાચાર સંપન્ના જમકુબાઈ |
| **વૈરાગ્ય ભાવ** | ૧૭ મા વર્ષે |
| **દીક્ષા** | ફાગણ વદ પાંચમ, ગુરુવાર વિ. સં. ૧૯૮૯–જૂનાગઢ |
| **ગુરુદેવ** | સૌરાષ્ટ્ર કેસરી પૂ. પ્રાણલાલજી મ.સા. |
| **ગચ્છ પરંપરા** | ગોંડલ ગચ્છ. |
| **અભ્યાસ યોગ** | વ્યાવહારિક– પાંચ ધોરણ, ધાર્મિક– ૧૯ આગમ કંઠસ્થ, શ્વેતામ્બર–દિગંબર સાહિત્ય, કાર્મગ્રંથિક સાહિત્ય, દાર્શનિક સાહિત્ય, વ્યાકરણ સાહિત્ય |
| **સાધના યોગ** | રાત્રિ–દિવસ નિરંતર જાગૃતદશાએ આત્મસાધના અલ્પનિદ્રા. |
| **સેવાયોગ** | વડીલ વૃદ્ધ ૯ સંતોની સેવા કરી. |
| **તપયોગ** | ૧૯ વર્ષ એકાંતર ઉપવાસ, ૯૯૯ આયંબિલ તપ (સાગાર), ૧૯ વર્ષ પાણીનો ત્યાગ, ૯ વર્ષ મકાઈ સિવાય શેષ અનાજ ત્યાગ. |

| | |
|---|---|
| **મૌનયોગ** | દીક્ષા પછી ૯ વર્ષ એકાંત મૌન સાધના. ઈ. સ. ૧૯૯૨ નવેમ્બરથી આજીવન મૌન આરાધના. |
| **પુણ્ય પ્રભાવ** | ગુરુદેવના પુણ્ય પ્રભાવે અનેક આત્માઓએ માસખમણ આદિ નાની મોટી તપશ્ચર્યાઓ તથા હજારોની સંખ્યામાં વર્ષીતપની આરાધના કરી છે. તેમજ દાન, શીલ અને ભાવની વૃદ્ધિ થઈ છે. |
| **વિહાર ક્ષેત્ર** | ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, ઓરિસ્સા, બિહાર, બંગાળ |
| **જ્ઞાન અનુમોદન** | શ્રમણી વિદ્યાપીઠના પ્રેરક બની ૩૦ શિષ્યાઓ અને ૩૦ વૈરાગી બહેનોને અભ્યાસાર્થે રહેવાની આજ્ઞા આપી. ત્રણ સામૂહિક ચાતુર્માસ કરાવી શાસ્ત્રવાચના કરાવી. |
| **દીક્ષા પ્રદાનસંખ્યા** | ૧૪૫ મુમુક્ષુઓને અણગાર બનાવ્યા. |
| **આચરિત સૂત્રો** | જતું કરવું, ગમ ખાવો, વાદ–વિવાદ કે દલીલ ન કરવા, જે થાય તે સારા માટે, કોઈ પણ જીવની ટીકા કે નિંદા ન કરવી. |
| **જીવંત ગુણો** | વિશાળતા, ઉદારતા, માધ્યસ્થતા, સહિષ્ણુતા, ભદ્રિકતા, સમાધાન વૃત્તિ, જ્ઞાનરુચિ. |
| **અનશન પ્રત્યાખ્યાન** | ઈ. સ. ૧૯૯૨ રાજકોટમાં પૂ. ભાગ્યવંતાબાઈ મ. ને ૫૯ દિવસની અનશન આરાધના કરાવી. |
| **અંતિમ ચાતુર્માસ** | રાજકોટ, શ્રી રોયલપાર્ક સ્થાનકવાસી જૈન મોટા સંઘ સંચાલિત ઓમાનવાળા ઉપાશ્રય.(૧૯૯૭) |
| **મહાપ્રયાણ** | રાજકોટ, તા. ૮–૨–૧૯૯૮ મહા સુદ ૧૧ા રવિવાર મધ્યાહ્ન કાળે ૧.૩૫ કલાકે. |
| **અંતિમ દર્શન તથા પાલખી** | શ્રી રોયલ પાર્ક સ્થાનકવાસી જૈન મોટા સંઘ, રાજકોટ. |
| **અંતિમક્રિયા સ્થાન** | 'તપસમ્રાટ તીર્થધામ',<br>રાજકોટ–અમદાવાદ હાઈ–વે, સાત હનુમાન સામે, રાજકોટ. |

# પુનઃ પ્રકાશનના બે બોલ

(બીજી આવૃત્તિ)

તીર્થંકર ભગવાનના અમૃતસમા વચનોને 'આગમ' રૂપે ગણધર ભગવંતોએ ઝીલીને શિષ્ય પરંપરાને અર્પણ કર્યાઅને આપણને અમૃત વચનો પ્રાપ્ત થયા.

**તીર્થંકર ભગવાને અનંતજ્ઞાનને શ્રીમુખેથી પ્રગટકરી મહા ઉપકાર કર્યો...**

**ગણધર ભગવંતોએ આગમજ્ઞાનને હૃદયસ્થ કરી મહા ઉપકાર કર્યો...**

**શિષ્ય પરંપરાએ આગમ જ્ઞાનને કંઠસ્થ કરી મહા ઉપકાર કર્યો...**

**દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણે આગમજ્ઞાનને ગ્રંથસ્થ કરી મહા ઉપકાર કર્યો...**

ગ્રંથસ્થ આગમોને અનેક આચાર્યોએ સમયાનુસાર લોકભોગ્ય ભાષાશૈલીમાં અનુવાદ કરીને સર્વજન સહજ બનાવ્યા. આ જ પરંપરામાં **સૌરાષ્ટ્રકેસરી પૂ. ગુરુદેવ શ્રી પ્રાણલાલજી મ. સા.** ની જન્મશતાબ્દી અવસરે તેમના જ પરિવારના મહાસતીજીઓએ ગુજરાતીમાં અનુવાદ કરીને જૈન સમાજની જ્ઞાન સાધનાને આગમિક બનાવવામાં બહુમૂલો ફાળો આપ્યો છે. આ મહા કાર્યમાં અપૂર્વ શ્રુત આરાધિકા પ્રધાન સંપાદિકા **ભાવયોગિની શ્રી લીલમબાઈ મ.** અને સહ સંપાદિકા **શ્રી આરતીબાઈ મ., શ્રી સુબોધિકાબાઈ મ.** ના સહયોગ મળ્યો છે.

આ આગમ બત્રીસીની પ્રથમ આવૃત્તિને ગુજરાતના દરેક સંપ્રદાયના સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકાઓનો બહોળો પ્રતિસાદ મળતા ટૂંક સમયમાં ૧૦૦૦ આગમ ગ્રંથો અનુપલબ્ધ થઈ ગયા અને પુનઃ પ્રકાશનની આવશ્યકતા ઉભી થઈ.

અહીં એક ખાસ ઉલ્લેખ કરવાનો કે જ્યારે પ્રથમવાર આગમ પ્રકાશનની તૈયારી ચાલતી હતી ત્યારે જ તપસમ્રાટ **પૂ. ગુરુદેવ શ્રી રતિલાલજી મ. સા.** એ શાસન પ્રભાવક પૂ. શ્રી નમ્રમુનિ મ. સા. પર કૃપાદૃષ્ટિ વરસાવી. તેમણે પાટીમાં લખી આપ્યું કે **નમ્રમુનિ આગમ પ્રકાશનનું કાર્ય સંભાળશે.**

પૂ. ગુરુદેવની દીર્ઘદષ્ટિ અને કૃપાદષ્ટિને અનુભવતા પૂ. ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ. સા. એ અમોને આજ્ઞા આપી કે આપણે આગમ ગ્રંથો પ્રકાશનની બીજી આવૃતિ 'પારસધામ' ના ઉપક્રમે પ્રગટ કરવી છે.

પૂ. ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ. સા. ની આજ્ઞાને શિરોધાર્ય કરીને પારસધામ – ઘાટકોપરના ઉપક્રમે ગુરુપ્રાણ આગમ બત્રીસીને પુનઃ પ્રગટ કરતા આનંદ અનુભવીએ છીએ.

અમારા આ અણમોલ કાર્યમાં અમને શ્રી ગિરીશભાઈ શાહ (હેમાણી)-U.S.A. તથા શ્રી જિતેનભાઈ શાહ (કલકત્તા) નો અનન્ય સહકાર મળ્યો, જેના કારણે અમારું કાર્ય સરળ બન્યું છે. અમારા આ કોમપ્યુટર કાર્યમાં શ્રી અમીનભાઈ આઝાદ તથા સ્નેહા અમીત દર્જીનો પણ સહકાર પ્રાપ્ત થયો છે. તેવી જ રીતે ઉદારદિલા દાતાશ્રીઓ એ પણ અમને સહયોગ આપીને અમારું કાર્ય વેગવાન બનાવેલ છે.

અમે તે સર્વના આભારી છીએ.

અંતમાં આગમ પ્રકાશન આપણા સહુના આત્માને અનંતજ્ઞાન પ્રાગટ્યમાં સહયોગી બને એ જ ભાવના.


**શ્રી ગુરુપ્રાણ પ્રકાશન**

PARASDHAM

વલ્લભબાગ લેન, તિલક રોડ, ઘાટકોપર(ઈસ્ટ), મુંબઈ – ૪૦૦૦૭૭

ફોન – ૩૨૦૪ ૩૨૩૨.

# પૂર્વ પ્રકાશકના બે બોલ

(પહેલી આવૃત્તિ)

અનંત તીર્થંકર સહ પ્રભુ મહાવીરના અનંત જ્ઞાનની અમૂલ્ય નિધિ છે આપણા આગમગ્રંથો. જેના માધ્યમથી જ જિનશાસન જયવંતું રહ્યું છે, રહે છે અને રહેશે. તેને જીવંત રાખવા અને જન જનનાં મન સુધી પહોંચાડવા તે પ્રત્યેક જૈન નામ ધરાવતી વ્યક્તિની પવિત્ર ફરજ છે. આ પવિત્ર ફરજને જ ધર્મ સમજીને જે તેનું આચરણ કરે છે અને પોતાનાં તન–મન અને ધનને તે કાર્યમાં સમર્પિત કરે છે, તેનું મનુષ્ય જીવન સફળ થાય છે. એટલું જ નહીં પરંતુ તે સાધક જિનશાસનની પ્રભાવનાનો અમૂલ્ય લાભ પ્રાપ્ત કરે છે.

આવો જ અપૂર્વ લાભ પ્રાપ્ત કરવા આપણા ગુજરાતી સમાજને માટે આગમોના મૂળ પાઠ તથા સરળ ગુજરાતી અનુવાદ વિવેચન સહિત પ્રકાશન કરવા માટે પૂ. મુક્ત લીલમ પરિવારને એક ચિંતનધારા જૂનાગઢની પુણ્યભૂમિ પર સ્પર્શી અને જેને રાજાણા નગરી રાજકોટમાં રોયલપાર્ક ઉપાશ્રયમાં સાકાર સ્વરૂપ મળ્યું.

આપણા સૌના પરમ ઉપકારી ગોંડલ ગચ્છાધિપતિ, નિદ્રા વિજેતા, એકાવતારી, યુગપુરુષ પૂ. શ્રી ડુંગરસિંહજી મ. સા.ની પાટ પરંપરાએ પૂ. શ્રી જય–માણેકના લાડીલા શિષ્યરત્ન સૌરાષ્ટ્ર કેસરી પૂ. શ્રી પ્રાણલાલજી મ. સા.ની જન્મ શતાબ્દી નિમિત્તે આ વિરાટ આયોજન કર્યું. પૂ. મહાસતીજીઓએ પોતાની ચિંતનધારાને પૂજ્ય ગુરુવર્યોની સમક્ષ પ્રગટ કરી. સહુના હર્ષોલ્લાસ અને આશીર્વાદ સાથે સ્વીકૃતિના સમાચાર પ્રાપ્ત થયા. રોયલપાર્ક સ્થા. જૈન મોટા સંઘની નિશ્રામાં અમે તુરંત સમિતિ રચવાની જાહેરાત કરી.

રાજકોટ પ્રાણ પરિવારના સામૂહિક ચાતુર્માસ દરમ્યાન જન્મ શતાબ્દી વર્ષ નિમિત્તે વિ. સં. ૨૦૫૩ સન્ ૧૯૯૭ માં "પૂ. પ્રાણગુરુ શતાબ્દી પ્રકાશન સમિતિ રાજકોટ"ની સ્થાપના થઈ. ત્યાર પછી તપસમ્રાટ શ્રી રતિલાલજી મ. સા., ગુજરાત કેસરી પૂ. શ્રી ગિરીશચંદ્રજી મ. સા. ઠા. પાંચ તથા પ્રાણ પરિવારના ૭૩ સાધ્વીજીઓના પાવન સાંનિધ્યમાં જન્મ શતાબ્દીના પ્રથમ ચરણની તપ–જપ, સાધના સાથે ભવ્ય રીતે ઉજવણી કરવામાં આવી.

શ્રી ગુરુ પ્રાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા ૩૨ આગમો અને પ્રાણગુરુ સ્મૃતિ ગ્રંથનું પ્રકાશન કરવાનું નિશ્ચિત થયું. આગમોનું લેખન કાર્ય પ્રાણ પરિવારના સતીવૃંદે સહર્ષ સ્વીકારી લીધું. આ રીતે સર્વ સમવાયનો સુયોગ થતાં કાર્યનો પ્રારંભ વેગવંત થયો અને બત્રીસ આગમો ક્રમશઃ ગુજરાતી ભાષામાં અનુવાદિત થયા.

આ પ્રકાશનના અણમોલ અવસરે આશીર્વાદ વરસાવી સહર્ષ સ્વીકૃતિ આપનાર તપ સમ્રાટ ગુરુદેવ **પૂ. શ્રી રતિલાલજી મ. સા.** તથા દરેક આગમના રહસ્યોને પ્રગટ કરતો, તત્ત્વોનું વાસ્તવિક દર્શન કરાવતો, આશીષ વરસાવતો અમારા ઉત્સાહને વધારતો અભિગમ પ્રેષિત કરનારા ગોંડલ ગચ્છના સંત શિરોમણિ પરમ દાર્શનિક **પૂ. શ્રી જયંતીલાલજી મ. સા.**, અમ માર્ગદર્શક ગુજરાત કેસરી **પૂ. શ્રી ગિરીશચંદ્રજી મ. સા.**, તથા આગમ દિવાકર **પૂ. શ્રી જનક મુનિજી મ. સા.** નીડર વક્તા **પૂ. શ્રી જગદીશમુનિજી મ. સા.** આદિ મુનિ ભગવંતો તથા આગમને સુવ્યવસ્થિત સ્વરૂપ આપનાર, અથાગ પરિશ્રમ સહિત નિઃસ્વાર્થ ભાવે સંપૂર્ણ સહયોગ આપનાર આગમ મનીષી **પૂ. શ્રી ત્રિલોકમુનિજી મ. સા.** ના પણ અમો ઋણી છીએ.

વાત્સલ્ય વરિષ્ઠા પૂજયવરા **પૂ. મુકતાબાઈ મ.**, પ્રધાન સંપાદિકા અપૂર્વશ્રુત આરાધક **પૂ. લીલમબાઈ મ.**, અમ પ્રકાશન કાર્યના ઉદ્‌ભાવિકા, ઉત્સાહધરા **પૂ. ઉષાબાઈ મ.**, સહ સંપદિકા **ડો. પૂ. શ્રી આરતીબાઈ મ.** તથા **પૂ. સુબોધિકાબાઈ મ.** અને પ્રાણ પરિવારના અનુવાદિકા સર્વ મહાસતીજીઓના અમે ઋણી છીએ.

શ્રુતાધાર સહયોગીઓ, અમ આગમ પ્રકાશનમાં નિષ્ઠાથી સેવા આપનાર શ્રી મુકુંદભાઈ પારેખ, શ્રી મણિભાઈ શાહ, શ્રી નવનીતભાઈ – તરૂબેન, કુમારી ભાનુબેન, શ્રી જયવંતભાઈ શાહ તથા આગમને કોમ્પ્યુટરાઈઝડ્ કરી મુદ્રણ કરી આપનાર ભાઈ શ્રી નેહલ હસમુખભાઈ મહેતાના અમો આભારી છીએ.

આગમ પ્રકાશન કાર્યમાં શુદ્ધિકરણનું ખૂબ જ ધ્યાન રાખવામાં આવ્યું છે. છતાં ક્યાં ય અશુદ્ધિ રહી ગઈ હોય તો શુદ્ધ વાંચી તે તરફ અમારું ધ્યાન દોરવા નમ્ર વિનંતી છે.

અંતમાં સૌના સહિયારા પુરુષાર્થ બદલ શ્રી ગુરુપ્રાણ ફાઉન્ડેશન સદાને માટે સૌના કૃતજ્ઞ બની રહેશે.

જય જિનેન્દ્ર

શ્રી ગુરુપ્રાણ ફાઉન્ડેશન – ટ્રસ્ટી મંડળ


શ્રી ચંદ્રકાંત માણેકચંદ શેઠ (પ્રમુખ)
શ્રી અશ્વિનભાઈ કુંભાણી (ટ્રેઝરર)
શ્રી કે. પી. શાહ (ટ્રસ્ટી)
શ્રી રમણીકલાલ નાગરદાસ શાહ (ચેરમેન)
શ્રી ટી. આર. દોશી (ઉપપ્રમુખ)
શ્રી કીરીટભાઈ શાહ (ટ્રસ્ટી)

# અભિગમ

ગોંડલ ગચ્છ શિરોમણી પરમ દાર્શનિક
પૂ. શ્રી જયંતમુનિ મ.સા.

## શ્રીમદ્ ભગવતી સૂત્રની ભાવસ્પર્શના

ભગવતી સૂત્ર વિષે વચાર કરવો કે કંઈક મંતવ્ય જણાવવું તે મહાસાગરમાં ડૂબકી મારી મોતી મેળવવા જેટલું કઠિન કાર્ય છે. ખરેખર, શ્રી ભગવતી સૂત્રનું સ્મરણ થતાં જ નતમસ્તક થઈ જવાય છે. હિમાલયના દર્શન કરવા જેટલા સરળ છે તેટલી જ હિમાલયની યાત્રા કરવી મહાકઠિન છે. શું આપને નથી લાગતું કે ભગવતી સૂત્ર તો જ્ઞાનનો ઉછળતો મહાસાગર છે ?

માનતુંગ સૂરીશ્વરજી મહારાજે ઋષભદેવ ભગવાનની સ્તુતિને મહાસાગર તરવા જેટલી  કઠિન બતાવી છે પરંતુ ખરેખર તે સ્તુતિ એટલી કઠિન છે કે નહીં તે વાત વિચારણીય છે પરંતુ ભગવતી સૂત્રનું અવગાહન કરવું વાસ્તવમાં એટલું જ કઠિન છે, જેટલો બે હાથ વડે મહાસાગર તરવો કઠિન છે. તો ચાલો... આપણે ભગવતી સૂત્રના પ્રારંભિક ચાર શતકની યાત્રા કરીએ પરંતુ તે પહેલાં ભગવતી સૂત્ર વિષે કંઈક અભિગમ કરી લઈએ.

આ સમગ્ર શાસ્ત્ર પ્રશ્નોત્તરોનો વિશાળ રત્નભંડાર છે. આમાંના ઘણા પ્રશ્નો તલસ્પર્શી, આધ્યાત્મિક ભાવોને ઉજાગર કરે છે. જ્યારે કેટલાક પ્રશ્નો દ્રવ્યાનુયોગ અને ગણિતાનુયોગ પર આધારિત છે, તો અમુક પ્રશ્નો હળવું નિર્દોષ હાસ્ય પૂરું પાડીને, જ્ઞાનના કેટલાક નવા દ્વાર ખોલે છે. આ પ્રશ્નોની ધારા સચોટ હોવા છતાં બધા પ્રશ્નો કોઈ આનુષાંગિક ક્રમમાં ગોઠવાયેલા નથી. છતાં તે એક-એક પ્રશ્ન જાણે કે એક એક સિદ્ધાંત અને એક એક શાસ્ત્રનું ઉદ્ઘાટન કરે છે. ભગવતી સૂત્રની ભૂમિકા જ વસ્તુતઃ અલૌકિક છે.

આજના વિજ્ઞાને અણુ, પરમાણુને સમજવાની કોશિષ કરી છે. તે વૈજ્ઞાનિકોના પરમાણુ અને જૈનદર્શનના પરમાણુ વિષે થોડો તુલનાત્મક વિચાર કરીશું. વૈજ્ઞાનિક દૃષ્ટિએ અણુમાં ત્રણ અંશો સ્થાપિત કરવામાં આવ્યા છે - 'પ્રોટોન, ન્યુટ્રોન અને ઈલેક્ટ્રોન'. આ ત્રણે અંશોમાં ઘણી જ ગતિશીલતા છે. તે અણુના પાવરને સૂચિત કરે છે. આથી વધારે ઊંડાણમાં હજુ વિજ્ઞાન ગયું નથી. જ્યારે જૈનદર્શન આ બધા વૈજ્ઞાનિક પરમાણુઓને અનંતાનંત પરમાણુના પિંડ માને છે. આથી સમજાશે કે જૈનદર્શન પરમાણુવાદમાં કેટલું ઊંડું

ગયું છે. જે પરમાણુઓ યંત્રથી પણ જોઈ શકાતા નથી, તેવા અનંતાનંત સૂક્ષ્મ કણોને જૈનદર્શન અચાક્ષુસ માને છે અને તે કેવળજ્ઞાન ગમ્ય જ છે. આ પરમાણુ વિષે જૈનદર્શને ઘણા બોલો દ્વારા નિર્ધારણ કર્યું છે. આપણે અહીં તેમાંથી બે ચાર બોલનો નમુનો જોઈશું.

કાળનો જે નાનામાં નાનો ભાગ છે તેને જૈનદર્શનમાં 'સમય' કહેવામાં આવે છે. આંખના એક પલકારામાં અસંખ્ય સમય ચાલ્યા જાય છે. ટચલી આંગળીના એક વેઢા જેટલા ક્ષેત્રમાં આકાશના અસંખ્ય ભાગો સમાયેલાં છે. જેને જૈનદર્શન 'આકાશપ્રદેશ' કહે છે. આ આકાશપ્રદેશ કેટલા સૂક્ષ્મ છે તે જુઓ. એટલા નાનાં ક્ષેત્રમાંથી એક એક સમયે એક એક આકાશપ્રદેશ ઉપાડવામાં આવે તો અસંખ્ય વરસો વ્યતીત થાય, તો પણ તે આકાશપ્રદેશો ગણી શકાય નહીં. આવા સૂક્ષ્મ સ્વરૂપવાળા એક આકાશપ્રદેશમાં અનંતાનંત પરમાણુ નિવાસ કરે છે. તો તેની સૂક્ષ્મતા કેટલી ?

હવે આ પરમાણુની ગતિશીલતા જુઓ – એ પરમાણુ એક સમયમાં ચૌદ રજ્જુના બ્રહ્માંડને પાર કરી શકે છે, એક એક પરમાણુ ભિન્ન ભિન્ન પ્રકારના ભૌતિક ગુણોનો ભંડાર છે. જેમાં અનંતાનંત પરિવર્તન થતું રહે છે. તેમાં મુખ્ય પાંચ ગુણો સમાયેલાં છે – (૧) રૂપ (૨) રસ (૩) ગંધ (૪) સ્પર્શ (૫) વીર્ય. વીર્ય એ પાવર છે અર્થાત્ શક્તિ રૂપ છે. જો કે આજનું સાયન્સ ફક્ત પ્રકાશમાં જ રૂપનું અસ્તિત્વ સ્વીકારે છે.........

જૈન દર્શનનો પરમાણુ ક્યારેય પણ ખંડિત થતો નથી, અખંડ, અવનાશી અને શાશ્વત છે. સંયોગ – વિયોગ પામે છે પરંતુ પરમાણુનો લય–વિનાશ થતો નથી.

પરમાણુવાદ સિવાય ભગવતી સૂત્રનો એક મુખ્ય વિષય કર્મવાદ છે. જો કે કર્મવાદ છોડીને, પણ બીજા સેંકડો વિષયનો શ્રી ભગવતી સૂત્રમાં સમાવેશ કરવામાં આવ્યો છે, છતાં કર્મવાદનો ઉલ્લેખ કરીને આ લેખ સમાપ્ત કરીશું. કારણ કે શાસ્ત્રના મૂળ વિષયને તો ગ્રંથકાર સ્વયં પ્રકાશિત કરવાના જ છે. તેથી એ વિષયોમાં ન જતાં પ્રાસ્તવિક વાતનો જ ઉલ્લેખ કરીશું.

જૈનદર્શને કર્મવાદને ઘણું જ મહત્ત્વ આપી તેનું સંગોપાંગ વિજ્ઞાન તૈયાર કર્યું છે. જૈન તત્ત્વજ્ઞાનના કર્મગ્રંથો કે ગોમટ્ટસાર આ વાતની સાક્ષી પૂરે છે. સાધારણપણે સમસ્ત ભારતની સંસ્કૃતિમાં કર્મ અને કર્મવાદ વણાયેલાં છે પરંતુ કર્મસિદ્ધાંતો માટે જૈનદર્શનમાં કે ભગવતી સૂત્રમાં જે ઊંડું તલસ્પર્શી, સચોટ સ્પષ્ટીકરણ છે તેનો નમુનો વિશ્વના બીજા કોઈપણ સાહિત્યમાં મળી શકે તેમ નથી.

સામાન્ય રીતે ભારતવાસી કે કોઈપણ જૈન કે કોઈપણ ધર્મની સાથે સંબંધ

પાખનાર વ્યક્તિ કર્મ કે ભાગ્યનો ઉલ્લેખ કરીને એમ કહે છે કે ભાગ્યમાં જે લખાયું હશે તે થશે. આટલી વાતમાં તે સમસ્ત કર્મવાદનો સમાવેશ કરી દેવા માંગે છે પરંતુ ભગવતી સૂત્રમાં કર્મસિદ્ધાંતનું વિવેચન કરતાં સ્પષ્ટપણે કહેવામાં આવ્યું છે કે – કર્મોના બંધમાં અને ભાગ્યમાં લખાયેલા તત્ત્વોમાં ઘણું જ પરિવર્તન કરી શકાય છે. જેને કર્મવાદમાં સંક્રમણ, ઉદ્‌વર્તન, અપવર્તન (મંદકરણ, તીવ્રકરણ), નિધત્તકરણ, નિકાચિત કરણ ઈત્યાદિ કહેવામાં આવ્યા છે. તે કરણોના પ્રયોગથી ઉદયમાન થનાર કર્મબંધોમાં ઘણા અંશે પરિવર્તન થઈ શકે છે.

તાત્પર્ય એ છે કે કેટલાક પાપને પુણ્યમાં, પુણ્યને પાપમાં બદલી શકાય છે. કર્મના રસોમાં મંદભાવ કે તીવ્રભાવનું પરિવર્તન થઈ શકે છે. તેને માટે આત્માના વિશેષ પુરુષાર્થની અપેક્ષા રહેલી છે. ફક્ત નિકાચિત કર્મોને છોડી બાકીના કર્મોમાં પરિવર્તન સંભવિત છે. ભગવતી સૂત્રમાં આ વિષય ઉપર વિશદ પ્રકાશ પાથર્યો છે.

ભગવતી સૂત્રની ખૂબી એ છે કે તેમાં વિષયોનું વિવેચન પ્રશ્નોત્તર રૂપે કરવામાં આવ્યું છે અને પ્રશ્નનો ઉત્તર ભગવાન સ્વયં આપે છે. ગૌતમ સ્વામી ઉત્તર સાંભળ્યા પછી પણ તેનો સીધી રીતે સ્વીકાર ન કરતાં केणट्ठेणं भंते एवं वुच्चई એ રીતે ઉત્તરનો ઊંડો મર્મ સમજવા માટે તર્ક કરીને ઉત્તરને સ્પષ્ટ કરે છે. આ આખી પદ્ધતિ રસમય છે અને જે જવાબો આપવામાં આવ્યાં છે, તે સ્યાદ્‌વાદને અનુલક્ષીને છે. સ્યાદ્‌વાદ એ જૈનદર્શનનું હાર્દ છે. ભગવતી સૂત્રમાં સ્યાદ્‌વાદને બહુ જ સુંદર રીતે નિરૂપેલ છે. આ મહાન શાસ્ત્રને તો જેટલું વાંચી શકાય, વાગોળી શકાય કે વિચારી શકાય તેટલું પોતાને માટે આનંદરૂપ છે અને તેમાંથી જ થોડું ઘણું પીરસી શકાય તેમ છે. બાકી સમગ્ર શાસ્ત્રને હૃદયંગત કરવું, આરોગી જવું તે ગજા ઉપરાંતની વાત છે.

જે સાધ્વીજીઓએ આ આગમ કાર્યનું કામ હાથ ધર્યું છે અને તે સતીમંડળનું નેતૃત્વ મહાપુણ્યશાળીની સાક્ષાત્ ભગવતી સ્વરૂપ લીલમબાઈ મહાસતીજીએ સ્વીકાર્યું છે, તે સૌને હૃદયના આશીર્વાદ કે – ધારેલું કામ પૂર્ણ કરી ગોંડલ ગચ્છની જ્ઞાનસાધના ઉપર સુવર્ણ કળશ ચડાવો, શાસન પ્રભાવના કરી અમરત્વને પ્રાપ્ત કરો. આનંદ મંગલમ્!

**- જયંતમુનિ,**

**પેટરબાર**

# સંપાદકીય

**અપૂર્વ શ્રુતઆરાધક ભાવયોગિની**
**બા. બ્ર. પૂ. લીલમબાઈ મ. સ.**

જિજ્ઞાસુ સાધક !

આજે ગણધર રચિત, વિરાટકાય પાંચમું અંગ શ્રી ભગવતી સૂત્ર (ભાગ –૧, શતક ૧ થી ૪) દેવ, ગુરુ, ધર્મ પસાયે અર્ધમાગધી મૂળપાઠ અને ગુજરાતી અનુવાદ સહિત પ્રકાશિત કરતાં મયૂરના થનગનાટ સમો હર્ષવિભોર હૈયાનો વીર્યોલ્લાસ થનગનાટ પ્રગટ કરી રહ્યા છે, પ્રાણ પરિવારનું સતીમંડળ ભાગ્યશાળી, ધન્યભાગી બની રહ્યું છે. પૂ. ગુરુવર્યોના કૃપાબળે જ આ કાર્ય ક્રમશઃ સિદ્ધ થઈ રહ્યું છે.

પાંચમું અંગ એટલે મસ્તક. પંચાગ નમસ્કાર. મસ્તક સાથે બે હાથ, બે પગ મળે ત્યારે જ થાય. તેમાં કિંમત મસ્તકની જ છે. મસ્તક નંદવાય તો બધુ નંદવાય જાય. અનાદિના પરિભ્રમણમાં નબળા – પાતળા બે પગથી લઈ અનેક પગ, બેઈન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીના જીવોને મળે છે અને હાથ તો પંચેન્દ્રિયને જ મળે છે. આવું ધડ, ધંગધડા વિનાનું તો ક્યારેક ધંગધડાવાળું મસ્તક મળે પરંતુ પાંચ ઈન્દ્રિય સહિત પરિપૂર્ણ પંચેન્દ્રિયના મસ્તકનું જ મૂલ્ય અંકાય છે અને તેમાં પણ માનવનું મસ્તક મહામૂલું હોય છે, માટે જ તત્ત્વવેત્તા કહે છે કે મસ્તકને મઠારો, ધડને ધઠારો, અર્થાત્ બાહ્ય આંતર ક્રિયાથી સાફ રાખો. મનનો મેલો માનવી ક્યાંયનો રહેતો નથી. સ્વચ્છ માનવી જ ઉત્તુંગ મસ્તક મેળવી શકે છે. તેનો ઉપયોગ કરી શકે છે. ધડ અને મસ્તક બંને જુદા પડી જાય પછી કોઈ કામમાં કામયાબ નીવડતા નથી. સોહામણા હાથ, પગ હોવા છતાં પીઠ, ઉદર, ઉર આદિ સાત અંગ સાબૂત હોય તો પણ તે મસ્તક વિના કાર્ય કરી શકતા નથી. માટે જ મસ્તકને કેટલું વ્યવસ્થિત રાખવું ઘટે તે પાઠકગણ વિચારે.

વિશુદ્ધિકેન્દ્રથી સહસ્રાર કેન્દ્ર પર્યંત અર્થાત્ ગ્રીવાથી તાળવા પર્યંતનો ભાગ મસ્તક કહેવાય છે. આવું સુંદર મસ્તક કે જેમાં અનેક સ્કુ નાડીઓ, સ્મરણશક્તિઓના સ્રોતને પ્રગટ કરતી કોશિકાઓ છે. જાણે ભવ – ભવાંતરમાં થયેલા જ્ઞાનાવરણીયાદિ કર્મોના ક્ષયોપશમે ઊભરાતા યાદદાસ્તના ખજાનાને સાચવવાની જુદા જુદા ખાનાવાળી તિજોરીઓ. તેને ખોલો તો નીકળે, મધુમક્ષિકાના મધપૂડાં જેવું સુવ્યવસ્થિત આધુનિક કોમ્પ્યુટર. આત્મામાંથી નીકળતા ધ્યવસાયના ભાવો કાર્મણ શરીર, તૈજસ શરીરમાં ઊભરાતાં, ઊભરાતાં પૂર્ણ ઔદારિક શરીરમાં મસ્તકથી ચરણ સુધી આંદોલિત થાય છે, તે ભાવો

રૂપવાળા બનતા દષ્ટિગોચર થાય, મન દ્વારા વિચાર રૂપે પ્રગટે, તે જ રીતે કાન, નાક, રસના દ્વારા સાંભળવા રૂપે, શ્વાસોચ્છ્વાસ રૂપે કે સ્વાદ રૂપે જણાય છે. તાત્પર્ય એ છે કે આત્મા પૂર્ણ શરીરમાં વ્યાપક હોવા છતાં તે ભાવોના મુખ્ય દ્વાર મસ્તકમાં રહીને પ્રગટ થાય છે. આ છે મસ્તકની અનેક પ્રકારની ખૂબીઓ.

આ મસ્તક રૂપે છે આપણું પાંચમું અંગ શ્રી ભગવતી સૂત્ર. આચારાંગ સૂત્ર અને સૂયગડાંગ સૂત્ર બંને ચરણ સમા છે, તો ઠાણાંગ સૂત્ર અને સમવાયાંગ સૂત્ર બંને કર સમા છે. તો ચાલો આપણે મસ્તક સમ આ પ્રસ્તુત સૂત્રની સહેલગાહ કરીએ...

ચિત્તમાં અવધારો કે અનાદિ વિભાવ પરિણતિ દેવી અને મોહ રાજાના બે કુમાર કષાયાનંદકુમાર એવં વિષયાનંદકુમાર, બંને કુમાર મુસાફરી કરતાં કરતાં ભગવતી દેવીની પ્રયોગ શાળામાં આવી ચઢ્યા. આ પ્રયોગશાળા જોતાં જ સ્થંભી ગયા, અવાક્ બની ગયા. આ રીતે ઊભેલા કુમારોને ઉદ્દેશીને ભગવતી મૈયાએ પ્રશ્ન કર્યો તમે કોણ છે ? ક્યાંથી આવ્યા છો ? તે પ્રશ્ન સાંભળી બંને કુમારો સંકોચાઈને બોલ્યા, બહુ વરસોથી મુસાફરી કરી રહ્યા છીએ, આખા વિશ્વને જોયું પણ આવી પ્રયોગશાળા જોઈ નથી. આ પ્રયોગશાળામાં શું શું શીખવા મળશે તેનો વિચાર કરતા અમે ઊભા રહ્યા છીએ. આપ કોણ છો ? આપની ઓળખ કરવા આ બંને ભાઈઓ આતુર છે, ત્યારે ભગવતીજી મૈયા બોલ્યા, મારા પિતા અરિહંત અને માતા કરુણાદેવી છે. તેની પુત્રી જિનવાણી યાને ભગવતી કુમારી મારું નામ છે. મારા પિતાશ્રીએ આ મકાન મને સોંપ્યું છે. તેના ૪૧ ખંડ અને ૧૯૨૫ પેટા વિભાગ કરીને એક પ્રયોગશાળા રચી છે. ૩૬૦૦૦ પ્રશ્નોના ઉત્તરો દ્વારા પ્રયોગ શીખવાડીએ છીએ. તે પ્રયોગ દ્વારા આત્મા જણાય છે. જે આત્મા જાણે છે તે માતુશ્રી અને પિતાશ્રીના બુદ્ધ પુત્ર બની જાય છે. આ વાત સાંભળી બંને કુમારે પ્રભાવિત થયા. તેઓએ હાથ જોડી, મસ્તક નમાવીને કહ્યું, અમને પણ આ પ્રયોગ શીખવાડશો ? પ્રત્યુત્તરમાં હા મળી ત્યારે તે દેવીએ બંને કુમારોને પ્રવેશ કરાવી સાદિ અનંતા દેવીના હાથમાં સોંપી દીધા. તે દેવીએ કહ્યું કે તમે મારા જ પુત્ર છો. અત્યાર સુધી હું તમને શોધતી હતી. કારણ કે તમારો ઉછેર મોહરાજા પાસે થયો. તમને જન્મ આપી, મોહરાજાથી કંટાળી હું પિયર ચાલી ગઈ છું. તમને મોટા કરનાર અપર માતા છે, બોલો પ્યારા બાળકો ! અપર માતાએ તમોને કેવા કેવા દુઃખ આપ્યા ? બંને બાળકો વર્ષો પછીના માતાના વાત્સલ્ય સભર શબ્દો સાંભળીને ખૂબ-ખૂબ રડી પડ્યા. માતાએ તેમને શાંત કર્યા અને કહ્યું, બોલો તમને શું જોઈએ છે ? તેઓએ કહ્યું,આનંદ. ત્યારે સાંતતા દેવીએ કહ્યું, આનંદ તમે જ છે. જૂઓ તમારું નામ શું છે ? કષાય+આનંદ+કુમાર, વિષય+આનંદ+કુમાર. આનંદ, કષાય અને કુમાર વચ્ચે, વિષય અને કુમાર વચ્ચે આવરિત થયો છે.

વિષય કષાયથી મલિન થયેલા વસ્ત્રો પરિધાન કરાવી, મોહરાજાએ કુસંસ્કારનો માર મારી તમને હેરાન પરેશાન કર્યા છે, તે જ વિષય અને કષાયની મલિનતા મૂળમાંથી કાઢવાનો પ્રયોગ હું તમને શીખવાડીશ. તમે આજ આરામ કરો, ધર્મના બગીચામાં આવી પહોંચ્યા છો, હવે તમોને આનંદ જ પ્રાપ્ત થશે. બંને કુમારોએ અંતરતમ પ્રદેશમાં ક્યારે ય ન અનુભવી હોય તેવી શીતળ છાંય પ્રાપ્ત કરી. આરામ કરી બંને કુમારો સ્વસ્થ બની આવી પહોંચ્યા.

તે બંને કુમારોને ભગવતી મૈયાએ આવકાર્યા, પાસે બેસાડ્યા, વાત્સલ્યસભર ભાવે નમસ્કાર મહામંત્રનું કવચ અર્પણ કર્યું. તેની વિધિ સમજાવીને પહેરાવ્યું. ત્યાર પછી આત્માનું ધ્યાન ધરાવી, બ્રાહ્મી લિપિનો ભાવ સમજાવી, શ્રુતજ્ઞાનને નમસ્કાર કરાવ્યા. આ પ્રમાણે મંગલાચરણ કરાવ્યા પછી પ્રયોગનો પ્રારંભ કરાવ્યો.

**પાઠ - ૧ :** સહુ પ્રથમ પૂર્ણ શુદ્ધિના ઉપાયભૂત चलमाणे चलिए થી णिज्जरिज्जमाणे णिज्जिण्णे તે નવ પદનું ઉચ્ચારણ કરાવ્યું. બાળકોની અપૂર્વ જિજ્ઞાસા વૃદ્ધિ પામતી જોઈને ભગવતી મૈયાએ કહ્યું કે આપણે આત્મા છીએ, જડ શરીર નથી. જડ શરીરનો યોગ આત્મા સાથે થયો છે, તેને કર્મ કહેવાય છે. કર્મની મલિનતા રાગદ્વેષથી આવી છે. તેના ફળ રૂપે શરીર મળ્યું છે. જેથી આત્મા પોતે પોતાના દ્વારા બંધાઈને સુખી દુ:ખી થઈ રહ્યો છે. આત્મા જો શુદ્ધ થાય તો સહજ આનંદ અને સુખનું ધામ છે. સુખના ધામને શોધવાનો ઉપાય સંયમ અને તપ છે. તેના દ્વારા બદ્ધ કર્મોને આત્મપ્રદેશથી અલગ કરી શકાય છે. પ્રયોગ દ્વારા કર્મને છૂટું પાડવાની ક્રિયા કરે તે ચલાયમાન ચલિત કહેવાય. તે જ કર્મ પ્રયત્નપૂર્વક ઉદિત કરાય તે ઉદીર્યમાણ ઉદિત કહેવાય, ઉદયમાં લાવી સુખ-દુ:ખ ભોગવાય તે વેદ્યમાન વેદિત, કર્મ વેદાતા વેદાતા ક્ષીણ થાય તે પ્રહીયમાણ પ્રહીણ, કર્મની સ્થિતિ ક્ષય કરવામાં આવે તેને છિદ્યમાન છિન્ન, ધ્યાન, તપ, દ્વારા કર્મને ભસ્મીભૂત કરાય તેને દહ્યમાન દગ્ધ અનેત્યાર પછી કર્મ બિલકુલ નીરસ કરાય તેને મ્રિયમાણ મૃત અને અંતે કર્મની અવસ્થા અકર્મ - પુદ્ગલ રૂપ બની, ખરી જાય તેને નિર્જીર્યમાણ નિર્જીર્ણ કહેવાય છે.

આ રીતે આત્માને શુદ્ધ કરવામાં આવે તો પછી ક્યારે ય અશુદ્ધ થતો નથી, તે અરિહંત બનીને સિદ્ધ થાય છે.

આ રીતે ચલિત આદિ નવ પદ દ્વારા આત્મશુદ્ધિનો સંક્ષિપ્ત પાઠ શીખવ્યો તેનો જ વિસ્તાર પ્રસ્તુત સૂત્રમાં જોવા મળશે. આત્મપ્રદેશ ઉપર લાગેલી મલિનતાના થરના થરમાં ભવોભવના ચલચિત્રો કેવા હોય, નારકી આદિ જીવોને દુર્ગતિમાં દુ:ખી થઈ ક્યાં સુધી રહેવું પડશે ? ક્યારેક મલિનતા ઓછી થાય તો મનુષ્ય, તિર્યંચ, દેવ ભવના સુખ વગેરે કેમ ભોગવવા પડે, તે સર્વ વર્ણન સમજાવ્યું. પંચરંગી ધાબાવાળી મલિનતા, ઈન્દ્રિય વિષય છે. આ રૂપ, રસ, ગંધ, સ્પર્શરૂપ વિષયમાં આસક્ત વ્યક્તિ કઈ રીતે આરંભ કરે છે, કરાવે છે, તેના

પરિણામે કર્મ બંધાય છે, બાંધશે, તેનું જ્ઞાન મેળવી બંધનથી મુક્ત થઈ શકાય છે. જ્ઞાન આત્મનો ગુણ છે, ભવોભવ સુધી સાથે રહે છે. જગતના કયા પદાર્થો, કયા ભાવો જીવની સાથે રહે અને કયા ભાવો જીવોની સાથે ન રહે, તે વિષયને સમજીને જે આત્મસંવૃત્ત બને છે, તે સિદ્ધ થાય છે અને જે આત્મસંવૃત્ત ન બને તે અસંવૃત્ત અણગાર ભવભ્રમણ કરે છે. બંને કુમારો દુઃખમુક્તિના એક-એક ઉપાયો જાણી પ્રસન્ન થયા. જિજ્ઞાસા આગળ વધી, જે જે પ્રશ્ન થતાં ગયા તે તે ઉત્તરો મળતાં ગયા.

**પાઠ-૨ :** તેમાં સ્વકૃત વેદના, કર્મનો સિદ્ધાંત સમજાવ્યો. જીવ જે કર્મ અથવા આયુષ્ય બાંધે છે, તેને ભોગવે છે. ૨૪ દંડકના જીવોમાં કર્મજન્ય ભાવો, આહાર, શ્વાસોચ્છ્વાસ, સ્થિતિ, લેશ્યા આદિનું વિશદ વર્ણન કર્યું. સંસાર સંસ્થાનકાળ, અંતક્રિયા, ઉપપાત, અસંજ્ઞી જીવોનું આયુષ્ય વગેરેનો બોધ કરાવ્યો.

ત્યાર પછી ક્રમશઃ ચાલીસ ઉપખંડમાં પ્રવેશ કરાવી, એક એક પાઠમાં આત્મશુદ્ધિના ઉપાયોનું દર્શન કરાવ્યું. કાંક્ષા મોહનીયકર્મ બંધન, વેદન, તેનો નાશ, અસ્તિત્ત્વ, નાસ્તિત્ત્વ, ઉદીરણા, કર્મપ્રકૃતિ, પરલોક ક્રિયા, પતન, કર્મક્ષયથી મોક્ષ, પુદ્‌ગલનું નિત્યત્વ, ત્રણે લોકના સ્વરૂપે નારક, અસુરકુમારાદિના આવાસ, સ્થિતિ, અવગાહના, શરીર, લેશ્યા, સૂર્યોદય, સૂર્યાસ્ત, સ્નેહકાય, વિગ્રહગતિ, ગર્ભવિચાર, બાલ, પંડિત અને બાલપંડિતનો આયુષ્યબંધ, મૃગઘાતકાદિને લાગતી ક્રિયા, જીવના વિજય-પરાજયનું કારણ, વીર્ય વિચાર, જીવનું ગુરુત્વ-લઘુત્વ, કાલાસ્યવેષિ અણગારની પ્રશ્નોત્તરી, અપ્રત્યાખ્યાન ક્રિયા, આધાકર્મ દોષયુક્ત અને દોષરહિત આહાર સેવનનું ફળ, સ્થિર-અસ્થિરાદિ પ્રકરણ, પરમાણુઓના વિભાગ, ભાષા-અભાષા, ઈર્યાપથિકક્રિયા અને સાંપરાયિક ક્રિયા, મડાઈ અણગાર, આર્ય સ્કંદક અને નિર્ગ્રંથ ગૌત્રીય પિંગલ શ્રાવકનો સંવાદ, સ્કંદક દીક્ષા, સમુદ્‌ઘાત, પૃથ્વી, ઈન્દ્રિય, પરિચારણા, તુંગિયા નગરીના શ્રાવકોના પ્રશ્નોત્તર, રાજગૃહ નગરમાં ગરમ પાણીના કુંડ, ચમરચંચા રાજધાની, સમયક્ષેત્ર, પંચાસ્તિકાયનું વર્ણન, જીવનું સ્વરૂપ, આકાશના ભેદ, ધર્માસ્તિકાયાદિની સ્પર્શના વગેરે ૪૦ પાઠ દ્વારા લોકાલોકના સ્વરૂપનો બોધ કરાવ્યો.

આ રીતે કષાયાનંદ અને વિષયાનંદ કુમારને ૪૦ ઉપખંડમાં પ્રવેશ કરાવી, વિવિધ અનુષ્ઠાનના વિવિધ પ્રયોગ શિખવ્યા જેમ બ્લીચીંગથી વસ્ત્રમાં પડેલો ડાઘ દૂર થાય, તેમ તેના કષાય અને વિષય મંદ પડવા લાગ્યા. આનંદ ઝળકવા લાગ્યો. આગળ કેવી કેવી વાતો આવશે તે બીજા ભાગમાં જોઈશું.

પ્રિય ! પાઠક આ વિરાટ આગમના અનુવાદિકા છે અમારા સુશિષ્યા આગમપ્રજ્ઞા ડૉ. આર્યા આરતી. તે વિદ્યાપીઠમાં આગમનો અભ્યાસ કરી આગળ વધ્યા છે. તેની યાદદાસ્ત અને બુદ્ધિ તીવ્ર છે, ક્ષયોપશમ જોરદાર છે, કાર્ય કરવાની કુશળતા, દક્ષતા, ચીવટપૂર્વકની છે.

તેનો પુરુષાર્થ પ્રશંસનીય છે, પાંચે ય ભાગનું તેનું લેખનકાર્ય સફળ બને તેવી કામના કરું છું. તે ઉપરાંત અન્ય આગમનું સંપાદન કરી અમારા સહ સંપદિકા બની સહયોગી બની રહે. તેનું નામ જ આરતી છે. આરતી દેવની ઉતારાય છે, જિનવાણીના જ્ઞાનદીપક પ્રગટાવી આત્મદેવની આરતી બની જાય, સ્વરૂપમાં સમાય જાય, તેવી મંગલ કામના કરું છું.

આ આગમને સુશોભિત બનાવનાર, સુંદર હાર્દના ભાવભરી અલંકૃત કરનાર આગમમનીષી પૂ. ત્રિલોકમુનિવર્યને શતકોટિ વંદના તથા સહ સંપાદિકા સાધ્વી સુબોધિકાને ધન્યવાદ. આ આગમ અવગાહન કરાવનાર સહયોગી દરેક સાધ્વીવૃંદને અનેકશઃ સાધુવાદ.

શ્રમણોપાસક મુકુંદભાઈ, ધીરૂભાઈ વગેરેને ધન્યવાદ. પ્રકાશન સમિતિના માનદ શ્રી પરમાગમ પ્રત્યે અવિહડ ભક્તિભાવથી ભરેલા શ્રીયુત ભામાશા રમણિકભાઈ અને આગમ પ્રકાશન કરવાના અડગ ભેખધારી, દઢસંકલ્પી તપસ્વિની વિજયાબેન તથા ભક્તિસભર શ્રી માણેકચંદભાઈ શેઠના સુપુત્ર નરબંકા રોયલપાર્ક સ્થા. જૈન સંઘના પ્રમુખશ્રી ચંદ્રકાંતભાઈ તથા કાર્યાન્વિત સર્વ સભ્યગણો, કાર્યકર્તાઓ, મુદ્રણ કરનાર નેહલભાઈ, તેમના પિતાશ્રી હસમુખભાઈ તથા આગમના શ્રુતજ્ઞાનાદાતાઓ વગેરેને અભિનંદનસાથે અનેકશઃ ધન્યવાદ.

આ આગમના અનુવાદ, સંશોધન, સંપાદનમાં ઉપયોગી થયેલા, પૂર્વ પ્રકાશિત આગમોના પ્રકાશક, સંપાદકોને આભાર સહ અનેકશઃ ધન્યવાદ.

આગમ અવગાહન કરવામાં ઉપયોગ શૂન્યતાના યોગે ત્રુટિ રહી જવા પામી હોય, વીતરાગ વચન વિરુદ્ધ લખાયું કે છપાયું હોય તો ત્રિવિધે મિચ્છામિ દુક્કડમ્...

**બોધિ બીજ દીક્ષા-શિક્ષા દોરે બાંધી, 'મુક્ત-લીલમ' તણા તારક થયા,**
**એવા ગુરુણી 'ઉજમ-ફૂલ-અંબામાત'ને વંદન કરું છું ભાવ ભર્યા.**
**વીતરાગ વચન વિરુદ્ધ લખાયું હોય તો માંગુ પુનઃ પુનઃ ક્ષમાપના.**
**મંગલ મૈત્રી પ્રમોદ ભાવમાં વહો સહુ, એવી કરું છું વિજ્ઞાપના.**

પા. પૂ. સૌમ્યમૂર્તિ અંબાબાઈ મ. સ. ના
**સુશિષ્યા - આર્યા લીલમ**

# સંપાદન અનુભવ

ડૉ. સાધ્વી આરતી તથા સાધ્વી સુબોધિકા

સમયના પ્રવાહ સાથે આગમ બત્રીસીનું કામ ક્રમશઃ આગળ વધી રહ્યું હતું. એક પછી એક આગમનું સંપાદન કરતાં શ્રી ભગવતી સૂત્રના સંપાદનનો સુઅવસર આવ્યો. શાસ્ત્રનો અનુવાદ તો કર્યો પરંતુ સંપાદન કાર્યની જવાબદારી વિશેષ હોય છે.

શ્રી ભગવતી સૂત્ર દ્રવ્યાનુયોગ સભર વિશાળ શાસ્ત્ર છે તેમ છતાં તપસમ્રાટ ગુરુદેવ પૂ. શ્રી રતિલાલજી મ.સા.ના પાવન સાંનિધ્યમાં આ શાસ્ત્રની બે વાર વાંચના થઈ હતી, તેથી અંતરમાં શ્રધ્ધા સહ વિશ્વાસ હતો કે આ શાસ્ત્રના સંપાદનમાં આપણે યત્કિંચત પ્રયત્ન કરી શકશું.

પૂ. ગુરુદેવના સ્મરણ સાથે કાર્યનો પ્રારંભ થયો. શ્રી ભગવતી સૂત્રમાં વિષયની વિવિધતા સાથે ગંભીરતા પ્રતીત થાય છે, તેથી કેટલાક વિષયો વૃત્તિ અને ટીકાના આધારે, કેટલાક વિષયો અન્ય શાસ્ત્રના સંદર્ભથી તો કેટલાક વિષયો શાસ્ત્રના ભાવોની સમજણથી સ્પષ્ટ કરવા પડે છે.

શતક – ૧/૨માં જીવના સંસારસંસ્થાન કાલનું વર્ણન છે. સૂત્રો અત્યંત સંક્ષિપ્ત હોવાથી માત્ર સૂત્રાર્થથી તેનો ભાવ સમજી શકાય તેમ નથી. અમે વૃત્તિના આધારે વ્યવહારિક ઉદાહરણ સહિત વિષયની સ્પષ્ટતા કરી છે.

શતક – ૨/૧માં સ્કંદક અણગારની તપસાધનામાં બાર ભિક્ષુપ્રતિમાનું કથન છે. ભિક્ષુપ્રતિમા શું છે, તેની આરાધના કેવી રીતે કરવી ? તેનું વર્ણન પ્રસ્તુત પ્રસંગમાં નથી. વાચકોની જિજ્ઞાસાની પૂર્તિ કરવા વૃત્તિ તથા શ્રી દશાશ્રુતસ્કંધસૂત્રના આધારે તે વિષયનું વિવેચન કર્યું છે.

શતક – ૨/૨માં સમુદ્‌ઘાત અને શતક – ૨/૬માં 'ભાષા' વિષયક અતિદેશાત્મક સંક્ષિપ્ત પાઠ છે તેનું વિવેચન શ્રી પ્રજ્ઞાપના સૂત્રના આધારે કર્યું છે.

શતક – ૧/૧માં દેવોના શ્વાસોચ્છ્‌વાસના કાલમાનનું કથન છે. તેમાં 'मुहुत्त पुहत्तस्स' મુહૂર્ત પૃથકત્ત્વ શબ્દનો પ્રયોગ છે. તેનો પ્રચલિત અર્થ બે થી નવ મુહૂર્ત થાય છે.

અન્ય શાસ્ત્રોમાં પણ કાલમાન કે અવગાહનાદિનું માપ પ્રદર્શિત કરવા પૃથકત્ત્વ શબ્દનો પ્રયોગ થયા છે, ત્યાં 'બે થી નવ' અર્થ યથાસંગત થતો નથી તેથી પારિભાષિક પૃથકત્ત્વ શબ્દ ફક્ત બે થી નવ સંખ્યાનો જ વાચક નથી પરંતુ અનેક સંખ્યાનો વાચક છે તે વિવેચનમાં સ્પષ્ટ કર્યું છે.

શતક – ૩/૨માં શકેન્દ્રના વજ્રપ્રહારથી પોતાની રક્ષા કરવા ચમરેન્દ્ર પ્રભુ મહાવીરનો આશ્રય સ્વીકારે છે તે પાઠમાં अरिहंते, अरिहंत चेइयाणि वा, अणगारे वा... પાઠ છે અર્થાત્ અરિહંત, અરિહંત ચૈત્ય અને અણગારનું શરણ સ્વીકારીને... આ વિષયમાં अरिहंत चेइयाणि પાઠમાં મૌલિકતા જણાતી નથી તે વિષયની ચર્ચા પરિશિષ્ટમાં કરી છે.

શાસ્ત્રના વિષયોની વિવિધતાને લક્ષમાં લઈને વિવેચ્ય વિષયોની અકારાદિ અનુક્રમણિકા, આવશ્યકતાનુસાર કોષ્ટકો વગેરે દ્વારા ગહન વિષયને સરળ બનાવવાનો યત્કિંચિત પ્રયત્ન કર્યો છે.

અલ્પ ક્ષયોપશમે શાસ્ત્ર સંપાદન જેવું કઠિન અને જવાબદારીપૂર્વક કામ કરવું તે ખરેખર અમારી એક કસોટી હતી. તેમ છતાં અનંત ઉપકારી ગુરુવર્યોની કૃપા, તેઓશ્રીનું પાવન સાંનિધ્ય, પવિત્ર પ્રેરણા તથા આગમ મનિષી પૂ. ત્રિલોકમુનિ મ.સા.ના યથાયોગ્ય માર્ગદર્શને અમે આ કસોટીમાંથી પાર ઉતરી શક્યા છીએ.

સર્વ ઉપકારીઓના ઉપકારનો, સહયોગીઓના સહયોગનો અંતઃકરણપૂર્વક સ્વીકાર કરીને નતમસ્તકે સહુને વંદન કરી વિરામ પામીએ છીએ.

શાસ્ત્ર સંપાદનમાં જિનાજ્ઞાથી ઓછી, અધિક કે વિપરીત પ્રરૂપણા થઈ હોય તો ત્રિવિધે ત્રિવિધે મિચ્છામિ દુક્કડમ્.

સદા ઋણી માત–તાત **ચંપાબેન-શામળજીભાઈ !**
કર્યું તમે સંસ્કારોનું સિંચન,
અનંત ઉપકારી ઓ તપસમ્રાટ **ગુરુદેવ શ્રી !**
આપ્યું અણમોલું સંયમ જીવન
શરણુ ગ્રહ્યું પૂ. **મુક્ત - લીલમ** ગુરુણીશ્રી !
ખોલ્યા આપે દિવ્ય જ્ઞાનરૂપ નયન
દેવગુરુ–ધર્મની મળે એવી કૃપા
શ્રુત **આરતી**એ પામું આત્મદર્શન.

સદા ઋણી માત–તાત **લલિતાબેન-પોપટભાઈ !**
કર્યું તમે સંસ્કારોનું સિંચન,
અનંત ઉપકારી ઓ તપસમ્રાટ **ગુરુદેવ શ્રી !**
આપ્યું અણમોલું સંયમ જીવન
શરણુ ગ્રહ્યું પૂ. **મુક્ત - લીલમ - વીર** ગુરુણીશ્રી !
ખોલ્યા આપે દિવ્ય જ્ઞાનરૂપ નયન
દેવગુરુ–ધર્મની મળે એવી કૃપા
શ્રુત **સુબોધે** કરું કષાયોનું શમન.

# અનુવાદિકાની કલમે

– ડૉ. સાધ્વી શ્રી આરતીબાઈ મ. સ.

આત્માના ભગવદ્ ભાવોને પ્રગટ કરતું શ્રી ભગવતી સૂત્ર દ્વાદશાંગી ગણિપિટક – બાર અંગ સૂત્રમાં મૂર્ધન્ય સ્થાને બિરાજિત છે.

**ગણિપિટકનું ગૌરવ શ્રી ભગવતી સૂત્ર :**

દ્વાદશાંગી ગણિપિટકના બારે અંગ સૂત્ર સ્વતંત્ર વિષય ધરાવે છે. પ્રત્યેક આગમ પોત–પોતાના વિષય નિરૂપણ આદિની દૃષ્ટિએ ઉત્તમ જ છે. તેમ છતાં વિશાળતા, ગહનતા, ગંભીરતા, દર્શન આદિની દૃષ્ટિએ શ્રી ભગવતી સૂત્ર મૂર્ધન્ય સ્થાન પ્રાપ્ત કરે છે. શરીરના અષ્ટાંગમાં જેવું સ્થાન મસ્તકનું છે તેવું દ્વાદશાંગીમાં શ્રી ભગવતી સૂત્રનું સ્થાન છે. તેનું મૂળ નામ विवाह पण्णत्ति – વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ સૂત્ર છે. તેમાં વિવિધ વિષયોનું પ્રતિપાદન છે. લબ્ધિનિધાન શ્રી ગૌતમસ્વામી તેમજ અન્ય પ્રશ્નકારો દ્વારા વિવિધ વિષયને સ્પર્શતા ૩૬,૦૦૦ પ્રશ્નો અને પ્રભુ મહાવીરે આપેલા ઉત્તરોથી સમૃદ્ધ આ સૂત્ર છે. તેની પૂજનીયતા અને વિશિષ્ટિતાના કારણે આ સૂત્રને માટે 'ભગવતી' તેવા વિશેષણનો પ્રયોગ થતો હતો પરંતુ શતાધિક વર્ષથી તે વિશેષણ ન રહેતા સ્વતંત્ર નામ બની ગયું છે અને તે જ નામથી આ સૂત્ર પ્રસિદ્ધ છે. કહ્યું છે કે इयं च भगवतीत्यापि पूज्यत्वेन अभिधीयते આ રીતે આ સૂત્રનું નામ જ તેના ગૌરવને પ્રસિદ્ધ કરે છે.

**શ્રી ભગવતી - જયકુંજર -**

વૃત્તિકાર શ્રી અભયદેવસૂરિએ ભગવતીસૂત્રની ગરિમાને પ્રગટ કરવા તેને દેવાધિષ્ઠિત, વિજયવંત ગજરાજ જયકુંજરની ઉપમા આપી છે, ગજરાજના પ્રત્યેક અંગની વિશિષ્ટતાઓ સાથે ભગવતી સૂત્રની તુલના કરી છે. જે પ્રબુદ્ધજનોના મનને પ્રમુદિત કરે છે, તે આ પ્રમાણે છે–

ગજરાજના દેહસમ શ્રી ભગવતી સૂત્રનો ૩૬,૦૦૦ પ્રશ્નાત્મક સૂત્રદેહ છે. સુવર્ણ–શ્રેષ્ઠ વર્ણોથી સુશોભિત શિરોભાગ સમ ઉદ્દેશક છે. ગજરાજના ચરણ સમ ચાર અનુયોગ, બે

દંતશૂળ સમ દ્રવ્યાર્થિકનય અને પર્યાયાર્થિકનય, સમુન્નત કુંભસ્થળ સમ વ્યવહાર અને નિશ્ચયનય, દીર્ઘકર્ણ સમ યોગ અને ક્ષેમ, પ્રચંડ સૂંઢ સમ પ્રસ્તાવનાની વચન રચના, પૂંછ સમ નિગમન કે ઉપસંહાર વચન છે. આ ભગવતી જયકુંજર ઉત્સર્ગ અને અપવાદ રૂપ બે અતુચ્છ ઘંટઘોષથી યુક્ત છે, સ્યાવાદ્ રૂપ અંકુશથી વશીકૃત છે. મિથ્યાત્ત્વ, અજ્ઞાન અને અવિરતિરૂપ સૈન્યનો નાશ કરવો, તે આ ગજરાજનું મહાનકાર્ય છે. તેમાં વિજય પ્રાપ્ત કરીને વિજયનાદથી તેણે દશે દિશાઓને વ્યાપ્ત કરી છે.

આ રીતે જયકુંજરના પ્રત્યેક અંગની વિશિષ્ટતા સમાન શ્રી ભગવતી સૂત્ર અનેક પ્રકારે વિશિષ્ટતાઓથી યુક્ત છે.

શ્રુત સ્થવિર પૂ. શ્રી ઘાસીલાલજી મ. સા. એ શ્રી ભગવતી સૂત્રને ચિંતામણિરત્ન, કામધેનુ, કલ્પતરુ આદિ ઉપમાઓથી ઉપમિત કર્યું છે.

જનમાનસમાં આ સૂત્ર પ્રતિ અનન્ય શ્રદ્ધાભક્તિ છે. શ્રી ધર્મઘોષ સૂરિના ઉપદેશથી સુશ્રાવક શ્રી પેથડ સંઘવીએ ૧૧ આગમ ગ્રંથનું શ્રવણ કર્યું. તેમાં ભગવતી સૂત્રના શ્રવણ સમયે પ્રત્યેક પ્રશ્ને જ્ઞાનભંડારમાં એક એક સોનામહોર મૂકી હતી. આ રીતે ૩૬,૦૦૦ સોનામહોર મૂકી સૂત્ર શ્રવણ કર્યું હતું. શ્રાવકની આ પ્રકારની શ્રુતભક્તિ ગ્રંથ ગૌરવને પ્રગટ કરે છે.

**विवाह पण्णत्ति નામના પર્યાયાન્તર :**

વ્યાખ્યાપ્રજ્ઞપ્તિનું પ્રાકૃતરૂપ वियाह पण्णत्ति છે. ક્યાંક તેનું નામ विवाहपण्णत्ति અથવા विबाहपण्णत्ति પણ પ્રાપ્ત થાય છે, પરંતુ વૃત્તિકારે वियाह पण्णत्ति ને જ પ્રામાણિક અને પ્રતિષ્ઠિત માન્યું છે.

શ્રી અભયદેવ સૂરિએ विवाहपण्णत्ति પ્રાકૃત શબ્દના પાંચ સંસ્કૃત રૂપાંતર કરીને તેનું પથક્ પૃથક્ નિર્વચન કર્યું છે. (૧) વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ, (૨) વ્યાખ્યા પ્રજ્ઞાપ્તિ, (૩) વ્યાખ્યા પ્રજ્ઞાત્તિ, (૪) વિવાહ પ્રજ્ઞપ્તિ, (૫) વિબાહ પ્રજ્ઞપ્તિ.

**(૧) વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ :** (વિ+આ+ખ્યા+પ્ર+જ્ઞપ્તિ) પ્રશ્નોત્તર શૈલીમાં લખાયેલા ગ્રંથને 'વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ' કહે છે. વ્યાખ્યા એટલે વિવેચન અને પ્રજ્ઞપ્તિ એટલે સમજાવવું. અર્થાત્ જેમાં વિવેચનપૂર્વક તત્ત્વ સમજાવાય, તેને વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ કહે છે.

**(૨) વ્યાખ્યા પ્રજ્ઞાપ્તિ :** (વ્યાખ્યા+પ્રખ્યા+આપ્તિ) = વ્યાખ્યા કરવામાં પ્રજ્ઞ ભગવાન મહાવીર દ્વારા ગણધરોને જે ગ્રંથથી અર્થની પ્રાપ્તિ થાય, તેને વ્યાખ્યા પ્રજ્ઞાપ્તિ કહે છે.

**(૩) વ્યાખ્યાપ્રજ્ઞાત્તિ :** (વ્યાખ્યા+પ્રજ્ઞા+આત્તિ) વ્યાખ્યા-અર્થ કથનનો પ્રજ્ઞારૂપ બોધ જેના દ્વારા પ્રાપ્ત થાય, તેને વ્યાખ્યાપ્રજ્ઞાત્તિ કહે છે.

**(૪) વિવાહ પ્રજ્ઞપ્તિ :** (વિ+વાહ+પ્રજ્ઞપ્તિ) જે શાસ્ત્રમાં વિવિધ અથવા વિશિષ્ટ અર્થપ્રવાહો અથવા નયપ્રવાહોનું પ્રજ્ઞાપન - પ્રરૂપણ - પ્રબોધન થાય, તે વિવાહ પ્રજ્ઞપ્તિ.

**(૫) વિબાધ પ્રજ્ઞપ્તિ :** જે શાસ્ત્રમાં બાધા રહિત અર્થાત્ પ્રમાણથી અબાધિત નિરૂપણ ઉપલબ્ધ છે, તે વિબાધ પ્રજ્ઞપ્તિ છે.

**ભગવતી :** અન્ય અંગસૂત્રોની અપેક્ષાએ વિશાળ અને અધિક આદરણીય હોવાથી તેનું બીજું નામ 'ભગવતી' પ્રસિદ્ધ છે.

અચેલક પરંપરામાં 'વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ'નામનો ઉલ્લેખ છે.

**શ્રી ભગવતી સૂત્રનું પરિમાણ :**

શ્રી સમવાયાંગસૂત્ર અને નંદીસૂત્રના આધારે વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ સૂત્રમાં વિવિધ પ્રકારના ૩૬,૦૦૦ પ્રશ્નોનું વ્યાખ્યા - કથન છે. જે અનેક દેવો, રાજાઓ, રાજર્ષિઓ અણગારો તથા ગણધર ગૌતમ આદિ દ્વારા ભગવાનને પૂછાયેલ છે. 'કષાય પાહુડ', 'તત્ત્વાર્થ રાજવાર્તિક', 'ષટ્ખંડાગમ' અનુસાર પ્રસ્તુત આગમમાં જીવ - અજીવ, સ્વસમય - પરસમય, લોક - અલોક આદિની વ્યાખ્યારૂપે ૬૦,૦૦૦ પ્રશ્નોત્તર છે. આચાર્ય અકલંકના મતાનુસારે તેમાં 'જીવ છે કે નહીં?' આ રીતે અનેક પ્રકારના અનેક પ્રશ્નોનું નિરૂપણ છે. આચાર્ય વીરસેનના મતાનુસારે વ્યાખ્યાપ્રજ્ઞપ્તિમાં પ્રશ્નોત્તરોની સાથે ૯૬,૦૦૦ છિન્નછેદનયોથી જ્ઞાપનીય શુભાશુભનું વર્ણન છે.

સમવાયાંગ સૂત્ર અને નંદીસૂત્ર અનુસાર પ્રસ્તુત આગમમાં એક શ્રુતસ્કંધ, સો થી અધિક અધ્યયન (શતક), ૧૦,૦૦૦ ઉદ્દેશનકાલ, ૧૦,૦૦૦ સમુદ્દેશન કાલ, વર્ણનમાં અનંત ગમ, અનંત પર્યાય, પરિમિત ત્રસ અને અનંત સ્થાવર આવે છે.

**વર્તમાન ઉપલબ્ધ પરિમાણ :**

પ્રસ્તુત આગમના બે સંસ્કરણ પ્રાપ્ત થાય છે. એક સંક્ષિપ્ત સંસ્કરણ અને બીજું વિસ્તૃત સંસ્કરણ, વિસ્તૃત સંસ્કરણ સવા લાખ શ્લોક પ્રમાણ છે. તેથી તેને સવાલખી ભગવતી કહેવાય છે. સંક્ષિપ્ત સંસ્કરણ અર્થાત્ પ્રસ્તુત સંસ્કરણ અનુષ્ટુપ શ્લોકના અનુપાતથી ૧૬,૦૦૦ શ્લોક પ્રમાણ છે. બંને સંસ્કરણમાં કોઈ મૌલિક ભેદ નથી. સંક્ષિપ્ત સંસ્કરણમાં અનેક સ્થાને 'જાવ' શબ્દથી પાઠને સંક્ષિપ્ત કર્યો છે.

પ્રસ્તુત સંસ્કરણમાં ૧૩૮ શતક અને ૧૯૨૫ ઉદ્દેશક ઉપલબ્ધ છે. પ્રથમ ૩૨ શતક સ્વતંત્ર છે. શતક-૩૩ થી ૩૯ સુધીના સાત શતકના બાર-બાર અવાન્તર શતક છે. શતક-૪૦ના ૨૧ અવાન્તર સતક છે અને શતક-૪૧મું સ્વતંત્ર છે. આ રીતે સર્વ મળીને ૧૩૮ શતક છે. તેમાં ૪૧ શતક મુખ્ય છે. શેષ અવાન્તર શતક છે.

**વિષય વસ્તુ :** પ્રત્યેક શતકના ઉદ્દેશકોનાં નામ શતકના પ્રારંભમાં આપ્યા છે. તેમાં તે ઉદ્દેશકના મુખ્ય વિષયનો નિર્દેશ છે. અન્ય પણ અનેક વિષય તે ઉદ્દેશકોમાં છે. તેથી આ સૂત્ર તત્ત્વવિદ્યાનો આકર (ભંડારરૂપ) ગ્રંથ છે. તેમાં જીવ જગત અને જડ જગતનું વિવિધ પ્રકારે વિસ્તૃત વિવેચન થયેલું છે.

આ આગમમાં મુખ્ય પ્રશ્નકારો, ઈન્દ્રભૂતિ, (ગૌતમસ્વામી), અગ્નિભૂતિ, વાયુભૂતિ, મંડિતપુત્ર, માકંદીપુત્ર, રોહા અણગાર, જયંતી શ્રાવિકા, પાર્શ્વાપત્ય સ્થવિરો, અન્યતીર્થિકો વગેરે અનેક છે. તેમ છતાં બહુલતાએ શ્રી ગૌતમના પ્રશ્નો અને પ્રભુ મહાવીરના ઉત્તરો સંગ્રહિત છે. ભિન્ન ભિન્ન કાલે, ભિન્ન ભિન્ન વ્યક્તિઓએ, ભિન્ન ભિન્ન વિષયક પ્રશ્નો પૂછ્યા છે. તેથી તેમાં કોઈ ચોક્કસ ક્રમ નથી. તેથી આ વિશાળકાય આગમનું આકલન-સંકલન કરવું, તે અત્યંત જટિલ કાર્ય છે.

પ્રસ્તુત આગમમાં ગણિતાનુયોગના વિષયોની પ્રધાનતા હોવા છતાં શેષ ત્રણ અનુયોગ સંબંધી વિષયો પણ અનેક સ્થાને ઝળકી રહ્યાં છે. તત્ત્વજ્ઞાન અને આચારનો સુભગ સમન્વય આ આગમની વિશિષ્ટતા છે. કેટલાક તાત્ત્વિક વિષયોને સમજાવવા માટે કથાનુયોગનો પ્રયોગ થયો છે. સંક્ષેપમાં આ આગમમાં ચાર અનુયોગના વિષયો આ પ્રમાણે છે-

**દ્રવ્યાનુયોગ :** પંચાસ્તિકાય (શતક-૨/૧૦), પરમાણુવાદ, પુદ્ગલ પરાવર્તન, સંસાર સંસ્થાનકાલ (શતક ૧/૨), પ્રયોગબંધ, વિસ્રસાબંધ, મન, બુદ્ધિ, ઈન્દ્રિયો, ગતિ, શરીર, લેશ્યા આદિ જૈન ધર્મના આગવા સિદ્ધાંતો પ્રસ્તુત આગમમાં અનેક સ્થાને પ્રાપ્ત થાય છે.

**ચરણાનુયોગ :** ક્રિયા સંબંધી વિવિધ દૃષ્ટિકોણથી વિચારણા, પ્રત્યાખ્યાન, આધાકર્મી, આહારનું ફળ, આરાધક-વિરાધક, શ્રુત-શીલ આરાધના, સંવૃત્ત-અસંવૃત્ત અણગાર (શતક-૧/૧) આત્મારંભ-પરારંભ (૧/૧) અલ્પાયુષ્ય - દીર્ઘાયુષ્યબંધના કારણો, શ્રમણ-અશ્રમણને પ્રતિલાભનું ફળ, પરિભોગૈષણાના પાંચ દોષ ત્યાગનું ફળ આદિ વિષયો આચાર પ્રધાન છે.

**કથાનુયોગ :** ગોશાલક, જમાલી, મહાબલ ચરિત્ર, શંખ-પુષ્કલી આદિ શ્રાવકો, તુંગિયા નગરીના શ્રાવકો, શિવરાજર્ષિ, સ્કંદક પરિવ્રાજક, પૂરણ તાપસ, તામલી તાપસ, એવંતાકુમાર, ઉદાયનરાજા, અભિચિકુમાર, ઋષભદત્ત અને દેવાનંદા (ભગવાનના માતા પિતા) આદિના જીવન વૃતાન્તો તત્કાલીન દાર્શનિક અને ધાર્મિક પરિસ્થિતિને પ્રગટ કરે છે.

**ગણિતાનુયોગ :** ગાંગેય અણગારના ચતુર્ગતિ પ્રવેશ વિષયક પ્રશ્નો (૯/૩૨) ગણિતાનુયોગનું સચોટ દૃષ્ટાંત છે. તે ઉપરાંત લેશ્યા, કષાયાદિ સંબંધી ભંગ સંખ્યા, કતિસંચય, અકતિ સંચય, ક્ષુદ્રયુગ્મ, મહાયુગ્મ આદિ વિષયો ગણિતપ્રધાન છે.

અન્ય દૃષ્ટિકોણથી પણ આ આગમના વિષય વસ્તુને સમજી શકાય છે.

**અનેકાંત દૃષ્ટિકોણ :** પ્રસ્તુત આગમમાં તત્ત્વવિદ્યાનો પ્રારંભ 'ચલમાણે ચલિએ' પ્રશ્નથી થાય છે. એકાંતદૃષ્ટિએ 'ચલમાન' અને 'ચલિત' બંને એક ક્ષણમાં થતા નથી, અનેકાંત દૃષ્ટિએ વિચારતા બંને એક ક્ષણમાં ઘટી શકે છે. સમગ્ર આગમમાં અનેકાંત દૃષ્ટિકોણ પ્રતીત થાય છે. અનેકાંત દૃષ્ટિ એટલે નયદૃષ્ટિ. વસ્તુનું વાસ્તવિક સ્વરૂપ નયદૃષ્ટિથી જ પ્રગટ થઈ શકે છે. 'ચલમાન ચલિત' ના સિદ્ધાંતની વ્યાખ્યા ઋજુસૂત્રનયના આધારે થઈ છે. જય ધવલામાં 'પચ્ચમાન પક્વ'ની વ્યાખ્યા ઋજુસૂત્રનયના આધારે કરી છે. આ જ રીતે ક્રિયમાણ કૃત, ભુજ્યમાન ભુક્ત, બદ્ધયમાન બદ્ધ, સિદ્ધયમાન સિદ્ધ આદિની વ્યાખ્યા એક સમયવર્તી પર્યાયને સૂચિત કરનાર ઋજુસૂત્રનયના આધારે જ થાય છે. નવાંગી ટીકાકાર શ્રી અભયદેવ સૂરિએ 'ચલમાન ચલિત'ની વ્યાખ્યા નિશ્ચય નયના આધારે કરી છે. તેમના મતાનુસાર વ્યવહાર નયની અપેક્ષાએ ચાલવાની ક્રિયા પૂરી થાય ત્યારે જ ચાલ્યું કહી શકાય. નિશ્ચયનયની અપેક્ષાએ ચલમાનને પણ ચલિત કહી શકાય છે અર્થાત્ ઉત્પત્તિ અને નિષ્પત્તિની એક જ ક્ષણ છે. જે ક્ષણમાં ઉત્પત્તિ છે, તે જ ક્ષણમાં નિષ્પત્તિ થઈ જાય છે. આ રીતે ઉત્પત્તિ અને નિષ્પત્તિની શૃંખલા ચાલુ રહે છે.

જયંતિ શ્રમણોપાસિકાના પ્રશ્નોના પ્રત્યેક ઉત્તર પ્રભુએ અનેકાંત દૃષ્ટિએ આપ્યા છે. યથા – હે પ્રભો! સુપ્તાવસ્થા શ્રેષ્ઠ છે કે જાગૃતાવસ્થા? પ્રભુએ કહ્યું – કેટલાક જીવની સુપ્તાવસ્થા શ્રેષ્ઠ છે અને કેટલાક જીવોની જાગૃતાવસ્થા શ્રેષ્ઠ છે. પાપી જીવોની સુપ્તાવસ્થા અને ધર્મીની જાગૃતાવસ્થા શ્રેષ્ઠ છે, તે જ રીતે અનેક પ્રશ્નોના ઉત્તર પણ તે જ રીતે આપ્યા છે. (શતક–૧૨/૨) સ્કંદક પરિવ્રાજકને લોક, જીવ, સિદ્ધિ અને સિદ્ધિનું સ્વરૂપ પ્રભુએ દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવની અપેક્ષાએ સ્પષ્ટ કર્યું છે. (શતક–૨/૧).

આ રીતે પ્રસ્તુત આગમમાં અનેક પ્રશ્નોના ઉત્તરો અનેકાંત દષ્ટિકોણથી જ અપાયા છે. દાર્શનિક પરંપરામાં અનેકાંત દષ્ટિકોણથી વસ્તુનો બોધ કરવો, તે જૈનદર્શનની મૌલિકતા છે.

**ષડ્જીવનિકાયવાદ :** જૈન દર્શન જીવોના છ પ્રકારને સ્વીકારે છે, પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ અને ત્રસકાય. પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ આદિમાં જીવત્ત્વની સિદ્ધિ, તે જૈનદર્શનની વિશેષતા છે. આજના વૈજ્ઞાનિકો વનસ્પતિમાં ચૈતન્યને સ્વીકારે છે પરંતુ તેઓએ પૃથ્વી આદિ વિષયક વિશેષ સંશોધન કર્યું નથી. પ્રભુ મહાવીરે પૃથ્વી આદિથી મનુષ્ય અને દેવ સુધીના પ્રત્યેક જીવમાં ચૈતન્યની સમાનતાને સ્વીકારી છે. એટલું જ નહીં પરંતુ તેનો જીવનકાલ, આહાર, શ્વાસ, સંજ્ઞા, ગતિ, આગતિ, તેના આત્મપરિણામો તેનાથી થતો કર્મબંધ, ઉદય, ઉદીરણા, તેની જન્મ પરંપરા વગેરે વિષયો પર વિશદ વિશ્લેષણ કર્યું છે. વૈજ્ઞાનિકોએ વનસ્પતિ પર પ્રયોગો કરીને તેમાં પ્રેમ, ક્રોધાદિ ભાવાત્મક પરિણામોની સિદ્ધિ કરી છે. પ્રભુ મહાવીર વનસ્પતિ આદિ પ્રત્યેક જીવમાં આહાર, ભય, મૈથુન, પરિગ્રહ, ક્રોધ, માન, માયા, લોભ, લોક અને ઓઘસંજ્ઞાનું પ્રતિપાદન કરે છે. વૈજ્ઞાનિકોનું ઉપરોક્ત સંશોધન જિનવાણી સાથે સામ્ય ધરાવે છે.

જીવના ૧૪ ભેદ, આત્માના આઠ પ્રકાર (શતક–૧૨/૧૦), જીવોના શરીર, ઈન્દ્રિય, (શતક–૨/૪), ભાષા (૧૩/૭), મન (૧૩/૭), યોગ (૧૩/૭), કષાય, ઉપયોગ, લેશ્યા (૧/૨), ભાવ આદિ જીવ સબંધિત પ્રત્યેક ભાવોના સ્વરૂપ, ભેદ–પ્રભેદ આદિનું નિરૂપણ છે.

વિષયમાં ક્રમબદ્ધતા ન હોવા છતાં પણ જીવને સ્પર્શતા પ્રાયઃ પ્રત્યેક વિષયો પ્રસ્તુત આગમમાં સમાવિષ્ટ છે.

**કર્મ-પુનર્જન્મવાદ :** છ પ્રકારના જીવોમાં ચૈતન્યતત્ત્વના સ્વીકાર સાથે કર્મ અને

પુનર્જન્મનો સિદ્ધાંત સહજ રીતે સિદ્ધ થાય છે, આત્મા નિત્ય, શાશ્વત, અજર-અમર છે. તેના કર્મો અનુસાર તેની અવસ્થાઓ પરિવર્તિત થયા જ કરે છે. વર્તમાનકાલીન જન્મમાં જીવ રાગાદિ વૈભાવિક પરિણામો દ્વારા શુભાશુભ કર્મનો બંધ કરે છે. તેના ભોગ માટે તેનો પુનર્જન્મ અવશ્ય થાય જ છે.

જીવ કેવા કર્મો કરે ત્યારે કઈ ગતિમાં જાય ? ત્યાં કેટલો કાલ રહે ? ત્યાં જઈને કેટલી ઋદ્ધિને પામે, તે જ ભાવમાં જન્મ-મરણની પરંપરાએ કેટલો કાલ વ્યતીત કરે છે ? (શતક-૨૪) જીવ એક ભવનું આયુષ્ય પૂર્ણ કરીને અન્ય ભવને પ્રાપ્ત કરવા કેવી ગતિથી જાય, આ ભવમાંથી તે શું શું સાથે લઈને જાય, વગેરે વિષયોનું માર્મિક છતાં સચોટ વર્ણન જીવના કર્માનુસારના પુનર્જન્મને સિદ્ધ કરે છે.

તેમ જ દેવલોક, તેના પ્રકાર, ઋદ્ધિ, સ્થિતિ, આશ્રવ, ક્રિયા આદિ વિષયોનું પ્રતિપાદન પરલોકને પુષ્ટ કરે છે. પુનર્જન્મવાદની સાથે આત્મવાદ, કર્મવાદ, લોકવાદ, ક્રિયાવાદ અને વિમુક્તિવાદ આદિ સર્વ વાદો સહજ સિદ્ધ થઈ જાય છે.

**આચારવાદ :** પ્રસ્તુત આગમમાં તત્ત્વવાદની સમકક્ષાએ જ આચાર સંબંધી નિરૂપણ છે. સાધ્વાચારના નિયમો, પંચમહાવ્રત રૂપ ધર્મ, પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ, શ્રાવકવ્રત, તેના વિવિધ વિકલ્પો, સંવૃત્ત-અસંવૃત્ત અણગાર, શ્રુત-શીલની આરાધના અને આરાધનાના જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ પ્રકાર (શતક-૮/૧૦) વગેરે વિષયો સાધકો માટે અત્યંત ઉપયોગી છે.

(શતક-૨૫/૬) ચારિત્રના અને નિર્ગ્રંથોના પાંચ પાંચ ભેદોનું કથન કરી તેમાં ૩૬ દ્વારથી નિરૂપણ કર્યું છે. તેમાં પ્રત્યેક ચારિત્રનું સ્વરૂપ, સ્થિતિ, ગતિ, લેશ્યા, વેદ, કર્મબંધ, વેદન, ઉદય, ઉદીરણા, કર્મક્ષય, તેના સંયમસ્થાનો, ભવપરંપરામાં તેની પ્રાપ્તિ વગેરે પ્રતિપાદિત વિષયની જાણકારી દ્વારા પ્રત્યેક ચારિત્રધારી પોતાની કક્ષા નિશ્ચિત કરી શકે છે, તેમજ તેના આધારે પોતાની કક્ષાને ઉચ્ચતમ બનાવી શકે છે.

કેટલાક જીવનોપયોગી પ્રશ્નોના સરળ ઉત્તરો અત્યંત બોધપ્રદ છે. યથા-જીવ હળુકર્મી અને ભારેકર્મી કેવી રીતે બને? ૧૮ પાપસ્થાનના ત્યાગથી હળુકર્મી અને પાપસ્થાનના સેવનથી ભારેકર્મી બને છે, તે જ રીતે અલ્પાયુ અને દીર્ઘાયુની પ્રાપ્તિના કારણો, સંસારભ્રમણ અને સંસાર અંતના કારણો, જેવા પ્રશ્નો જીવનસ્પર્શી છે. ઉદાયન ચરિત્ર

(૧૩/૬) મહાબલમુનિ, સ્કંદક અણગાર (૨/૧) વગેરે અનેક અણગારોના સાદ્યંત જીવનદર્શન, સંયમ સાધના માર્ગને પ્રારંભથી અંત સુધી સ્પષ્ટ કરે છે. તે જ રીતે તુંગિયા નગરીના શ્રમણોપાસકોનું જીવન અને તેના પ્રશ્નો શ્રાવક ધર્મને પ્રકાશિત કરે છે.

જ્ઞાન અને ક્રિયાનો સુભગ સમન્વય પ્રસ્તુત આગમમાં થયો છે. સાધનાની પરિપૂર્ણતા જ્ઞાન અને ક્રિયાના સમન્વયથી જ થાય છે. શ્રી ગૌતમનો પ્રશ્ન છે કે સુવ્રત અને કુવ્રતમાં શું અંતર છે ? (શતક-૭/૨) ભગવાને કહ્યું – જે સાધક વ્રત ગ્રહણ કરે છે પરંતુ જો તેને જીવ-અજીવનું, ત્રસ-સ્થાવરનું જ્ઞાન ન હોય તો તેના વ્રત સુવ્રત નથી. જ્ઞાન વિના વ્રતનું સમ્યક્પ્રકારે પાલન થતું નથી. જ્ઞાનવાન વ્યક્તિના વ્રત જ સુવ્રત છે.

તેમજ શ્રુત અને શીલની ચતુર્ભંગીમાં પ્રભુએ શ્રુતસંપન્ન અને શીલસંપન્ન સાધકને જ સંપૂર્ણ આરાધક કહ્યો છે. આરાધનાના ત્રણ પ્રકાર – જ્ઞાનારાધના, દર્શનારાધના, ચારિત્રારાધનાની પૂર્ણતા થાય, ત્યારે જ જીવ મુક્ત થઈ શકે છે (શતક-૮/૧૦). આ રીતે અનેક સ્થાને જ્ઞાનની મહત્તા સાથે આચારશુદ્ધિને સ્થાન આપ્યું છે.

આચારશુદ્ધિ માટે સાધકોને ક્રિયાની સ્પષ્ટતા અનિવાર્ય છે. પ્રસ્તુત આગમમાં સાંપરાયિક અને ઐર્યાપથિકી બે ક્રિયા, આરંભિકી આદિ પાંચ ક્રિયા તેમજ કાયિકી આદિ પાંચ પ્રકારની ક્રિયાનું નિરૂપણ છે. ભિન્ન ભિન્ન પ્રસંગોના દૃષ્ટાંત સહ કઈ વ્યક્તિને કેટલી ક્રિયા, કેવી રીતે લાગે છે? તેનું વિશ્લેષણ કર્યું છે.

યથા-ઈર્યા સમિતિથી ઉપયોગપૂર્વક ગમન કરતા કોઈ શ્રમણના પગ નીચે ક્ષુદ્ર પ્રાણી કચરાઈ જાય, તો તે શ્રમણને કઈ ક્રિયા લાગે ? પ્રભુએ તેના ઉત્તરમાં કહ્યું કે તે શ્રમણને ઐર્યાપથિકી ક્રિયા લાગે – (શતક-૧૮/૮). પ્રસ્તુત ઉત્તરથી સ્પષ્ટ થાય છે કે તે પ્રશ્ન અને ઉત્તર વીતરાગ છદ્મસ્થની અપેક્ષાએ છે. કારણ કે ઐર્યાપથિકી ક્રિયા વીતરાગને જ લાગે છે. સરાગીને સાંપરાયિક ક્રિયા લાગે છે. શતક-૩/૩ માં મંડિતપુત્ર સાથેના પ્રશ્નોત્તરમાં ક્રિયાના પાંચ પ્રકારનું કથન કર્યું છે.

મુક્તિના અંગ રૂપ સંવર, તપ, નિર્જરા વગેરે વિષયો અત્ર તત્ર આલેખિત છે.

સર્વાંગી દૃષ્ટિકોણથી જોતા પ્રતીત થાય છે કે પ્રસ્તુત આગમમાં સાધનાનો માર્ગ પૂર્ણતયા પ્રકાશિત થયો છે.

**પંચાસ્તિકાયવાદ :** લોકના સ્વરૂપને સમજાવવા માટે પંચાસ્તિકાયનું નિરૂપણ છે. આગમમાં પ્રશ્ન છે કે 'લોક શું છે ?' 'પંચાસ્તિકાય તે લોક છે'. (શતક-૧૩/૪) પાંચ અસ્તિકાય ક્ષેત્રની દૃષ્ટિએ લોકપ્રમાણ છે.

ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશસ્તિકાય તે ત્રણે અમૂર્ત હોવાથી અદૃશ્ય છે. જીવ પણ અમૂર્ત છે. તેમ છતાં શરીરના માધ્યમથી તેની ચૈતન્ય ક્રિયા પ્રગટ થાય છે, તેથી આંશિક રૂપે તે દૃશ્ય છે. પુદ્ગલાસ્તિકાય મૂર્ત હોવાથી દૃશ્ય છે. આ જગતની વિચિત્રતાનું કારણ જીવ અને પુદ્ગલનો સંયોગ છે. ડૉ. વાલ્ટર શુબ્રિંગના મતે જીવ-અજીવ અને પંચાસ્તિકાયનો સિદ્ધાંત પ્રભુ મહાવીરની સ્વતંત્ર દેન છે. અન્ય દાર્શનિકો ધર્મ-અધર્મ શબ્દોનો પ્રયોગ કરે છે પરંતુ તે શુભાશુભ પ્રવૃત્તિના અર્થમાં ધર્મ-અધર્મનો શબ્દપ્રયોગ કરે છે.

પ્રસ્તુતમાં જીવ અને પુદ્ગલનું જે વિશદ વિશ્લેષણ છે, તે કોઈ પણ પ્રાચીન ધર્મગ્રંથો કે દર્શનગ્રંથોમાં સુલભ નથી.

પંચાસ્તિકાય ઉપરાંત 'કાલ-દ્રવ્ય' અને તેમાં સમયથી ઉત્સર્પિણી-અવસર્પિણી કાલ પર્યંતના ભેદ પ્રભેદનું વર્ણન પણ પ્રાપ્ત થાય છે. તેમ જ સુદર્શન શેઠના કાલ વિષયક પ્રશ્નોત્તરમાં કાલના ચાર પ્રકાર કરીને તેનું સ્પષ્ટીકરણ કર્યું છે.

આ રીતે અમૂર્ત-અદૃશ્ય તત્ત્વો, અબુદ્ધિગમ્ય વિષયો પરનું વિશ્લેષણ પણ આ ગ્રંથની વિશિષ્ટતા છે.

**પુદ્ગલ :** જગતની વિચિત્રતાના મુખ્ય કારણ રૂપ પુદ્ગલ દ્રવ્યનું અત્યંત વિસ્તૃત વિશ્લેષણ આ આગમમાં પ્રાપ્ત થાય છે.

'પુદ્ગલ' જૈનદર્શનનો પારિભાષિક શબ્દ છે. વૈજ્ઞાનિકો તેને મેટર કહે છે, શતક-૮/૧૦માં અભેદોપચારથી પુદ્ગલયુક્ત આત્માને પુદ્ગલી કહ્યો છે, અન્ય સર્વ સ્થાને વર્ણ, ગંધ, રસ, સ્પર્શથી યુક્ત, ગલન-પૂરણના સ્વભાવયુક્ત દ્રવ્યને જ પુદ્ગલ કહ્યું છે. શતક-૨/૧૦માં તેના સ્કંધ, દેશ, પ્રદેશ, પરમાણુ, તે ચાર પ્રકારનું કથન છે, વૈજ્ઞાનિકો જેને અણુ કહે છે, તેને જિનેશ્વર સ્કંધ કહે છે. જૈન દાર્શનિકો પરમાણુને નિરંશ, અછેદ્ય, અભેદ્ય, અદાહ્ય, અનર્ધ, અમધ્ય અને અપ્રદેશી માને છે. (૫/૭) જે ઈન્દ્રિય ગ્રાહ્ય નથી.

અનેક પરમાણુઓ ભેગા થઈને સ્કંધ બને છે. પરમાણુ અને સ્કંધની સ્થિતિ, તેની

સકંપતા, નિષ્કંપતાની સ્થિતિ, અંતર, (૫/૭,૮) આદિ વિષયનું સુંદર પ્રતિપાદન પ્રાપ્ત થાય છે. તે ઉપરાંત જીવ અને પુદ્ગલના પારસ્પરિક પરિણમનને લઈને પુદ્ગલના ત્રણ પ્રકાર કર્યા છે. પ્રયોગપરિણત, વિસ્રસા પરિણત અને મિશ્ર પરિણત પુદ્ગલ (૮/૧) શતક–૨/૧ માં પુદ્ગલ પરમાણુઓની આઠ વર્ગણા – ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ કાર્મણ, શ્વાસોચ્છ્વાસ, ભાષા અને મનોવર્ગણાનું નિરૂપણ કર્યું છે. જીવને જ્યારે જે પ્રકારના પુદ્ગલોની આવશ્યકતા હોય ત્યારે તે વર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરે છે. આઠે પ્રકારની વર્ગણા સંપૂર્ણ લોકમાં ભરી છે. તેની સ્થિતિ પૂર્ણ થતાં તેમાં પરિણમન, પરિવર્તન થયા જ કરે છે.

આ રીતે શ્રી ભગવતી સૂત્રમાં પુદ્ગલ દ્રવ્ય વિષયક અનેકાનેક પ્રશ્નોત્તર પ્રતિપાદિત છે.

**પુરાતત્ત્વવાદ-ઐતિહાસિક દૃષ્ટિકોણ :** ઐતિહાસિક દષ્ટિએ આજીવિક સંઘના આચાર્ય મંખલિપુત્ર ગોશાલક, સ્કંદક પરિવ્રાજક, પૂરણ તાપસ, તામલી તાપસ વગેરે અન્યતીર્થિકોના વિસ્તૃત જીવન ચરિત્રો, તેમના સિદ્ધાંતો, આચારચર્યાનું નિરૂપણ આદિ વિષયો અંકિત છે. તેનાથી તત્કાલીન દાર્શનિક માન્યતા પર પ્રકાશ પડે છે. અન્યતીર્થિકો પ્રભુ મહાવીરના સમાગમમાં આવતા હતા, પોતાની મિથ્યા માન્યતાને છોડીને સત્ય તત્ત્વને સહજ અને સરળ રીતે સ્વીકારતા હતા. તેનાથી એ સ્પષ્ટ થાય છે કે તે સમયે ભિન્ન ભિન્ન દર્શનધારાઓ મોજૂદ હોવા છતાં સાંપ્રદાયિકવાદ કટ્ટર ન હતો, આ પ્રસંગો તત્કાલીન ઉદાર જન–માનસને પ્રગટ કરે છે.

જયંતી શ્રાવિકા, રોહા અણગાર, પાર્શ્વપત્ય કાલાસ્યવેષિપુત્ર અણગાર, તુંગિયા નગરીના શ્રાવકો વગેરે સ્વતીર્થિકોના પ્રશ્નો તત્કાલીન સમાજની જિજ્ઞાસા, સત્ય સમજવાની અને પામવાની તીવ્ર તમન્નાને પ્રગટ કરે છે. ઉપરોક્ત અનુસંધાનથી વિચાર કરતાં જણાય છે કે પ્રભુ મહાવીરના યુગમાં કોઈપણ દાર્શનિક કે બૌદ્ધિક વાતોની મહત્તા કરતાં આધ્યાત્મિક દૃષ્ટિકોણ મુખ્ય રહ્યો હતો. તેથી જ પ્રભુના સમાગમમાં આવનાર પ્રાયઃ પ્રત્યેક વ્યક્તિએ તત્ત્વચર્ચાના અંતે બોધ પામીને દેશવિરતિ અથવા સર્વવિરતિ ચારિત્ર અંગીકાર કર્યું હતું.

સમ્રાટ કૂણિક અને ગણતંત્રાધિનાયક રાજા ચેટક વચ્ચે જે મહાશિલાકંટક સંગ્રામ અને રથમૂસલસંગ્રામ થયા, તે બંને મહાયુદ્ધમાં કરોડો માનવોનો જે નરસંહાર થયો તેનું વિસ્તૃત,

માર્મિક અને કંપાયમાન વર્ણન તત્કાલીન રાજકીય પરિસ્થિતિને સૂચિત કરે છે.

**ભૂગોળ-ખગોળવાદ :** પ્રસ્તુત આગમમાં ભૂમિ-ક્ષેત્ર સંબંધી સ્પષ્ટ વર્ણન છે. શતક-૧૨/૭માં લોકની વિશાળતા, લોકના પ્રકાર, તેનું સંસ્થાન (શતક-૭/૧), તેના વિભાગ, ભરતાદિ ક્ષેત્ર, કર્મભૂમિ, અકર્મભૂમિ અને અંતરદ્વીપના ક્ષેત્રો વગેરેના સ્થાન, તે સ્થાનની વિશેષતા, ત્યાંના મનુષ્યો, પરિસ્થિતિ વગેરેનું તલસ્પર્શી વર્ણન છે. અસંખ્ય દ્વીપ સમુદ્રો, દેવલોક, નરકાદિનું પ્રમાણ પૂર્વક પ્રતિપાદન છે.

તે જ રીતે ખગોળમાં સૂર્ય ચંદ્રના સ્થાન, સંખ્યા, ગતિ, પૃથ્વીથી તેનું અંતર, પ્રકાશક્ષેત્ર, અંધકારક્ષેત્ર, તેની ગતિના અધારે થતી રાત-દિનની ગણના, ગ્રહ, રાહુ, પર્વરાહુ, નિત્યરાહુ, તેના નિમિત્તે થતું સૂર્યગ્રહણ-ચંદ્રગ્રહણ, નક્ષત્ર, તારા, તમસ્કાય આદિ વિષયક વર્ણન છે. જેના આધારે આજના સંશોધકો આગળ વધી રહ્યા છે.

**આધુનિક વિજ્ઞાન સાથે સામ્યતા :** પ્રસ્તુત આગમના અનેક સિદ્ધાંતો આધુનિક વિજ્ઞાન સાથે સામ્યતા ધરાવે છે.

**(૧) જગતનું અનાદિત્વ :** ષડ્દ્રવ્યાત્મક લોક અનાદિ અને શાશ્વત છે. આધુનિક વૈજ્ઞાનિકો પણ જગતની ઉત્પત્તિ ક્યારે થઈ ? તે વિષયમાં જૈનદર્શનની વિચારધારાને સ્વીકારે છે.

**(૨) વનસ્પતિમાં ચૈતન્ય તેમ જ અન્ય ભાવાત્મક પરિણામો :** સર જગદીશચંદ્ર બોઝે અનેક પરીક્ષણ કરીને સિદ્ધ કર્યું છે કે વનસ્પતિમાં માનવની સમાન જ સંજ્ઞાઓ, જન્મ, જીવન, વિકાસ, મરણાદિ છે. તે જ રીતે તેઓ પૃથ્વી અને પાણીમાં પણ ચૈતન્ય-શક્તિની સંભાવનાને સ્વીકારે છે.

**(૩) પુદ્‌ગલની શક્તિ અને તેનું અનાદિત્વ :** પ્રસ્તુત આગમમાં પુદ્‌ગલની અપરિમેય શક્તિ આધુનિક વિજ્ઞાનનું સંપૂર્ણ સમર્થન કરે છે. આગમકારો કહે છે કે વિશિષ્ટ પુદ્‌ગલો-તેજોમય પુદ્‌ગલોમાં ૧૬ દેશનો નાશ કરવાની શક્તિ વિદ્યમાન છે. જે અણુની શક્તિને એટમબોંબ દ્વારા વૈજ્ઞાનિકોએ સિદ્ધ કરી છે.

તેમજ જૈનદર્શનની જેમ તેઓએ પણ સ્વીકાર્યું છે કે પરમાણુનું પર્યાયાન્તર થવા છતાં તેનો નાશ કદાપિ થતો નથી.

તે જ રીતે પુરુષ સંયોગ વિના પણ ગર્ભધારણ અને ગર્ભસ્થાનાંતરણ આદિ તથા ખગોળવિદ્યાના અનેક સિદ્ધાંતો વૈજ્ઞાનિકો અધિકાંશે સ્વીકારી રહ્યા છે.

આ રીતે પ્રસ્તુત આગમમાં દર્શનશાસ્ત્ર, આચારશાસ્ત્ર, જીવવિદ્યા, લોકવિદ્યા, સૃષ્ટિવિદ્યા, પરામનોવૈજ્ઞાનિક આદિ અનેક વિષયો પર વિસ્તૃત વિવેચન છે. જીવ અને પુદ્ગલનો સંબંધ, શરીર ધારણ, આહાર ગ્રહણ, કર્મબંધ, કર્મવિપાક આદિ વિષયો દ્વારા જીવ વિદ્યા અને કર્મવિદ્યા પર વિચારણા થઈ છે. વિજ્ઞાન અને ગણિતની દષ્ટિએ પણ અનેક વિષયો અમૂલ્ય છે. અનેકવિધ વિષયોમાંથી હેય, જ્ઞેય, ઉપાદેય વિષયોની છણાવટ પણ સૂત્રકારે સાથે જ કરી છે.

हेयं हानोचितं सर्वं, कर्तव्यं करणोचितं ।

श्लाघ्यं श्लोघ्योचितं वस्तु, श्रोतव्यं श्रवणोचितं ।।

ત્યાગ કરવા યોગ્યનો ત્યાગ, કરવા યોગ્ય કાર્યનું આચરણ, પ્રશંસા યોગ્યની પ્રશંસા, સાંભળવા યોગ્યનું શ્રવણ કરવું જોઈએ. આ ચારે વસ્તુઓનું યથાયોગ્ય વર્ણન, વ્યાખ્યાઓ, હેતુઓ, ઉદાહરણ સહિત શ્રી ભગવતી સૂત્રમાં સંગ્રહિત છે. તેથી આ આગમ સૂત્ર સર્વોચ્ચ સ્થાન પામે છે.

વિશ્વની સમસ્ત વિદ્યાને આવરી લેતો આ અદ્ભુત ગ્રંથ ભારતીય દાર્શનિક વાઙ્મયનો અનુપમ ગ્રંથ કહીએ તો અતિશયોક્તિ નથી.

**રચનાશૈલી અને રચનાકાર :** પ્રસ્તુત આગમમાં ૩૬,૦૦૦ વ્યાકરણોનો ઉલ્લેખ છે. તેથી પ્રતીત થાય છે કે આ આગમની રચના પ્રશ્નોત્તર શૈલીમાં થઈ હતી. નંદીસૂત્રની ચૂર્ણિમાં ઉલ્લેખ છે કે ગૌતમાદિ દ્વારા પૂછાયેલા પ્રશ્નો અને કેટલાક નહી પૂછાયેલા પ્રશ્નોનું પણ પ્રભુ મહાવીરે વ્યાકરણ કર્યું છે. વર્તમાને ઉપલબ્ધ આ આગમ પ્રશ્નોત્તર શૈલીમાં જ છે. પ્રશ્નની અને ઉત્તરની ભાષા અત્યંત સંક્ષિપ્ત છે. યથા–से णूणं चलमाणे चलिए ? हंता गोयमा! चलमाणे चलिए। ક્યાંક ઉત્તરમાં 'હંતા' શબ્દ પ્રયોગ કર્યા વિના જ સંબોધનનો પ્રયોગ જોવા મળે છે. गोयमा! चलमाणे चलिए। ઉદ્દેશકના પ્રારંભમાં નગરી, ઉદ્યાન, રાજા, રાણી આદિ વર્ણનના પાઠ સંક્ષિપ્ત કરાયેલા છે. યથા–तेणं कालेणं तेणं समएणं रायगिहे णामं णयरे होत्था, वण्णओ । ઉદ્દેશકના અંતે પ્રભુએ આપેલા ઉત્તરની સ્વીકૃતિ અને કૃતજ્ઞતા

દર્શક પાઠ પ્રાપ્ત થાય છે. યથા– सेवं भंते सेवं भंते! त्ति भगवं गोयमे समणं भगवं महावीरं वंदइ णमंसइ, वंदित्ता, णमंसित्ता, संजमेण तवसा अप्पाणं भावेमाणे विहरइ ।

કેટલાક સ્થાને વિષયની સ્પષ્ટતા માટે પ્રશ્નનો ઉત્તર પ્રતિપ્રશ્નથી અપાયો છે, યથા– રોહ અણગારના પ્રશ્નો –

पुव्विं भंते! अंडए, पच्छा कुक्कुडी? पुव्विं कुक्कुडी, पच्छा अंडए? रोहा! से णं अंडए कओ? भयवं! कुक्कुडीओ । सा णं कुक्कडी कओ? भंते! अंडयाओ । एवामेव रोहा! से य अंडए, सा य कुक्कडी, पुव्विं पेते पच्छा पेते । दो वि एते सासया भावा, अण्णाणुपुव्वी एसा रोहा!

અનેક સ્થાને પ્રશ્નોત્તરની ભાષા સહજ અને અત્યંત સરળ છે. ક્યાંક પ્રશ્ન અત્યંત વિસ્તૃત છે અને ઉત્તર સંક્ષિપ્ત છે, વિષયનો નિગમન से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ આ પ્રકારના શબ્દ પ્રયોગથી થાય છે.

પ્રત્યેક શતકના પ્રારંભમાં સંગ્રહણી ગાથા છે. જેથી શતકના સર્વ ઉદ્દેશકની નામાવલિ પ્રાપ્ત થઈ જાય છે.

**વિષયની અક્રમબદ્ધતા :** દરેક અંગશાસ્ત્રોમાં વિષયનો વ્યવસ્થિત ક્રમ કે વિભાજન અવશ્ય છે પરંતુ પ્રસ્તુત આગમ અક્રમિક અને પ્રશ્નોત્તર રૂપે છે, આ સર્વ આગમોથી તેની વિલક્ષણતા છે. આ સૂત્રમાં વર્ણિત વિષય પ્રાયઃ ભગવાન મહાવીરના શાસન-કાળમાં થયેલાં પ્રશ્નોત્તરના સંકલનરૂપ છે.

પ્રસ્તુત આગમમાં સ્થાનભેદે અને કાલભેદે ભિન્ન ભિન્ન વ્યક્તિઓ સંબંધિત પ્રશ્નોત્તરોના કારણે ક્યારેક વિષયોનું પુનરાવર્તન પણ થયું છે, તે પ્રશ્નોત્તર શૈલીમાં સહજ શક્ય છે.

**પ્રશ્નોત્તર શૈલીની વિશિષ્ટતા :** પ્રશ્નોત્તર શૈલીની પોતાની આગવી મહત્તા છે. લેખકને જે વિષય, જે રીતે, જેટલાં પ્રમાણમાં પ્રસ્તુત કરવો હોય, તે વિષયને કોઈ પણ પ્રકારની પૂર્વભૂમિકા વિના, પ્રશ્નોત્તર રૂપે સંક્ષેપમાં વ્યવસ્થિત રીતે પ્રગટ કરી શકે છે. સળંગ લેખન પદ્ધતિમાં ક્યારેક સર્વ સામાન્ય જનને મૂળભૂત તત્ત્વનો બોધ થવો દુર્ગમ બની જાય છે, જ્યારે પ્રશ્નોત્તર શૈલીમાં વાચકોને વિષયનો બોધ અત્યંત સુગમ બની જાય છે. વિજ્ઞાન

कथम् (How)અને कस्मात्–केन (Why) આ બે સૂત્રને લઈને વસ્તુ સ્થિતિના અંતરતમ સુધી પ્રવેશ કરે છે, અનેક પ્રકારના પ્રયોગો કરીને સત્યતત્ત્વ ઉદ્‌ઘાટિત કરે છે, તે જ રીતે આ શૈલી દ્વારા આ બે સૂત્રના આધારે જ પોતાની જિજ્ઞાસા પ્રસ્તુત કરીને, સમાધાન પ્રાપ્ત કરીને મૂળભૂત તત્ત્વને પામ્યા છે.

**રચનાકાર :** દ્વાદશાંગી સૂત્રના રચનાકાર ગણધરો હોય છે. તેથી આ વિશાળકાય ભગવતી સૂત્ર પણ ગણધર કૃત છે. શાસનના પ્રારંભમાં દ્વાદશાંગીની રચના સમયે જ આ સૂત્રની રચના ગણધરો કરે છે. પછી તેમાં પ્રશ્નોત્તરનો ઉમેરો પણ ગણધરો યોગ્ય સમયે એક સાથે કરે છે.

**ઉપાંગ સૂત્રનો અતિદેશ શા માટે ? :** પ્રસ્તુત આગમમાં અનેક સ્થાને પ્રજ્ઞાપના સૂત્ર, જીવાભિગમ સૂત્ર, રાજપ્રશ્નીય સૂત્ર, ઔપપાતિક સૂત્ર આદિ સૂત્રોનો અતિદેશ કર્યો છે. પ્રશ્ન થાય કે અંગસૂત્રમાં ઉપાંગ સૂત્રનો અતિદેશ કર્યો છે. પ્રશ્ન થાય કે અંગસૂત્રમાં ઉપાંગ સૂત્રનો અતિદેશ શા માટે? તેનું સમાધાન એ છે કે આગમલેખનકાળમાં વિષયોની પુનરાવૃત્તિ ન થાય, ગ્રંથનો વિસ્તાર ન થાય તે ઉદ્દેશ્યથી શ્રી દેવર્દ્ધિગણિ આદિ મહાન આચાર્યોએ આ અતિદેશ પદ્ધતિનો સ્વીકાર કર્યો હશે.

**ભાષા :** પ્રસ્તુત આગમની ભાષા પ્રાયઃ પ્રાકૃત છે અને ક્યાંક શૌરસેની ભાષાનો પ્રયોગ છે, બહુલતાએ ગદ્યશૈલી જ છે. શતકના પ્રારંભની સંગ્રહણી ગાથાઓ પદ્યરૂપ છે. આ રીતે ક્યાંક પદ્યભાગ પણ ઉપલબ્ધ થાય છે.

**વ્યાખ્યા ગ્રંથો :**

**(૧) નિર્યુક્તિ :** આગમોની સર્વ પ્રથમ થયેલી વ્યાખ્યાઓને નિર્યુકિત કહે છે. પ્રસ્તુત આગમની નિર્યુક્તિ વ્યાખ્યા ઉપલબ્ધ નથી. આચાર્ય ભદ્રબાહુ સ્વામીએ દસ સૂત્રોની નિર્યુક્તિઓની રચના કરી હતી, તે દસમાં પ્રસ્તુત સૂત્રનું નામ નથી.

સૂત્રમાં ઉપલબ્ધ એકાદશ અંગના વિવરણમાં સર્વ અંગસૂત્રની સંખ્યાત નિર્યુક્તિઓનો ઉલ્લેખ છે. તે કથન સંખ્યાત શબ્દોની સંખ્યાત નિરુક્ત વ્યાખ્યાઓની અપેક્ષાએ છે, ગ્રંથની અપેક્ષાએ નથી. વર્તમાને કેવળ આચારંગસૂત્ર અને સૂયગડાંગસૂત્ર, આ બે અંગ સૂત્રોની જ નિર્યુક્તિઓ પ્રાપ્ત થાય છે. શેષ અંગોની નિર્યુક્તિઓ ઉપલબ્ધ નથી,

તે સિવાય છેદસૂત્ર, દશવૈકાલિક સૂત્ર, ઉત્તરાધ્યયન સૂત્રની નિર્યુક્તિઓ ઉપલબ્ધ છે.

તેમ છતાં પ્રસ્તુત આગમના સૂત્રપાઠમાં કેટલાક નિરુક્તો પ્રાપ્ત થાય છે. તથા–

(१) जम्हा आणमइ वा पाणमइ वा उस्ससइ वा णीससइ वा तम्हा पाणी त्ति वत्तव्वं सिया ।

(२) जम्हा भूए भवइ भविस्सइ य तम्हा भूए त्ति वत्तव्वं सिया ।

(३) जम्हा जीवे जीवइ, जीवत्तं आउयं च कम्मं उवजीवइ तम्हा जीवे त्ति वत्तव्वं सिया ।

से तेणट्ठेणं पाणे त्ति वत्तव्वं सिया जाव वेदे त्ति वत्तव्वं सिया । શતક – ૨/૧

શ્રી હરિભદ્રસૂરજી નિર્યુક્તિનો અર્થ નિક્ષેપ નિર્યુક્તિ કરે છે. પ્રસ્તુત આગમમાં આ અર્થ પણ અનેક સ્થાને ઘટિત થાય છે. યથા–

दव्वओ लोए सअंते, खेत्तओ लोए सअंते ।

कालओ लोए अणंते, भावओ लोए अणंते ।

दव्वओ जीवे सअंते, खेत्तओ जीवे सअंते ।

कालओ जीवे अणंते, भावओ जीवे अणंते ।

નિર્યુક્તિ વ્યાખ્યાઓની ભાષા પ્રાકૃત છે, શૈલી પદ્યમય છે અને સંક્ષિપ્ત છે. તેનો રચનાકાળ દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણના શાસ્ત્રલેખન પછીનો છે અર્થાત્ વીર નિર્વાણ ૧૦૫૦ વર્ષ આસપાસ (લગભગ) નિર્યુક્તિઓની રચના થઈ છે. નિર્યુક્તિઓના રચનાકાર દ્વિતીય ભદ્રબાહુ સ્વામી છે, કેટલાક આચાર્યોના મતે નિર્યુક્તિના રચનાકાર પ્રથમ ભદ્રબાહુ સ્વામી છે.

**ભાષ્ય :** દસ સૂત્રો પર નિર્યુક્તિ વ્યાખ્યા થયા પછી તેની વિસ્તૃત વ્યાખ્યાની આવશ્યકતા ઉત્પન્ન થઈ અને તે નિર્યુક્તિ ગાથાઓને આધારે જ ભાષ્યરૂપ વ્યાખ્યાઓની રચના કરવામાં આવી. તે વ્યાખ્યા પ્રાકૃત પદ્યમય છે, વિવેચનાત્મક અને દૃષ્ટાંત આદિથી યુક્ત છે. ભાષ્ય રચનાકર્તામાં જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ અને આચાર્ય સિદ્ધસેનગણિ

પ્રસિદ્ધ છે. આ રીતે જે દસ સૂત્રો પર નિર્યુક્તિ વ્યાખ્યા ઉપલબ્ધ હતી તેના પર ભાષ્ય વ્યાખ્યા કરવામાં આવી. બે અંગસૂત્ર, બે મૂળસૂત્ર, ચાર છેદસૂત્ર, આવશ્યક સૂત્ર અને સૂર્યપ્રજ્ઞપ્તિ સૂત્ર આ દસ સૂત્ર પર નિર્યુક્તિની રચના થઈ છે. તેમાંથી નવ સૂત્રો પર નિર્યુક્તિ વ્યાખ્યા આજે પણ ઉપલબ્ધ છે.

**ચૂર્ણિ :** ભગવતી સૂત્ર ચૂર્ણિ અદ્યાપિ મુદ્રિત નથી. તેની હસ્તલિખિત પ્રત પ્રાપ્ત થાય છે. તેની પત્રસંખ્યા – ૮૦ છે. તેનું ગ્રંથમાન ૩૫૯૦ શ્લોક પ્રમાણ છે. તેના પ્રારંભમાં મંગલાચરણ કે અંતમાં પ્રશસ્તિ વાક્ય નથી. રચનાકાર કે રચનાકાલનો કોઈ ઉલ્લેખ તેમાં નથી. ચૂર્ણિની ભાષા પ્રાકૃત પ્રધાન છે. વિદ્વાનોના મતાનુસાર શ્રી ભગવતીચૂર્ણિના રચનાકાર આચાર્ય જિનદાસ મહત્તર છે. તેઓએ અનેક સૂત્રો પર ચૂર્ણિ વ્યાખ્યાની રચના કરી હતી. જે આજે પણ ઉપલબ્ધ છે. આ સર્વ ચૂર્ણિઓ ગદ્યાત્મક છે, સંસ્કૃત–પ્રાકૃત મિશ્રિત ભાષામાં છે.

**વૃત્તિ-ટીકા :** ભગવત્ સૂત્ર પર નવાંગી ટીકાકાર શ્રી અભયદેવસૂરીજીની વૃત્તિ ઉપલબ્ધ છે. વિ. સં. ૧૧૨૮ માં અણહિલપાટણ નગરમાં આ વૃત્તિનું નિર્માણ થયું હતું. તે અનુષ્ટુપ શ્લોકના અનુપાતથી ૧૮,૬૧૬ શ્લોક પ્રમાણ છે, તેના પ્રારંભમાં મંગલાચરણ અને અંતે પ્રશસ્તિ સૂચક ૧૬ શ્લોક ઉપલબ્ધ છે, શ્રી મલયગિરિએ પણ વ્યાખ્યાપ્રજ્ઞપ્તિસૂત્ર પર વૃત્તિ લખી છે. જે ૩૭૫૦ શ્લોક પ્રમાણ છે.

શ્રી શીલાંકાચાર્યે આચારાંગ સૂત્ર અને સૂયડાંગ સૂત્ર પર ટીકા લખી હતી તે વર્તમાને ઉપલબ્ધ છે, શેષ નવ અંગ આગમોની ટીકા શ્રી શીલાંકાચાર્યના શિષ્ય શ્રીઅભયદેવસૂરિજીએ કરી હતી. તેથી તે નવાંગી ટીકાકાર તરીકે પ્રસિદ્ધ થયા. તે સિવાય આચાર્ય હરિભદ્રસૂરી, આચાર્ય મલયગિરી, આચાર્ય હેમચંદ્રાચાર્ય વગેરે અનેક પ્રસિદ્ધ ટીકાકારો થયા છે.

વીસમી સદીમાં આચાર્ય શ્રી ઘાસીલાલજી મ. એ બત્રીસ સૂત્રો પર સંસ્કૃત વ્યાખ્યા કરી છે. જેમાં ભગવતી સૂત્રની વ્યાખ્યા પુસ્તકાકારે સત્તર ભાગમાં ઉપલબ્ધ છે. તેમાં હિંદી ગુજરાતી અનુવાદ પણ સાથે છે.

**ટબ્બા :** સંસ્કૃત ટીકાઓના જમાના પછી અર્થાત્ વીર નિર્વાણ ૨૦૦૦ વર્ષ પછી

જનભાષામાં ગુજરાતી ભાષાની પ્રધાનતાએ ટબ્બાઓની રચના થઈ, જેમાં પાર્શ્વચંદ્રગણિના ટબ્બા પ્રસિદ્ધ છે.

ત્યારપછી અઢારમી સદીમાં સ્થાનકવાસી આચાર્ય ધર્મસિંહજી મુનિએ ૨૭ આગમો પર બાલાવબોધ ટબ્બાનું નિર્માણ કર્યું. તેમણે શ્રી ભગવતીસૂત્રનું એક યંત્ર પણ લખ્યું હતું.

આ રીતે આગમોના વ્યાખ્યાસાહિત્યમાં સૂત્રના આધારે નિર્યુક્તિઓ, નિર્યુક્તિઓના આધારે ભાષ્ય, ભાષ્ય તથા નિર્યુક્તિઓ અને મૂળશાસ્ત્રના આધારે ચૂર્ણિઓની રચના થઈ. ટીકા-વૃત્તિઓ સ્વતંત્ર સૂત્રના આધારે અને ભાષ્ય નિર્યુક્તિના આધારે પણ થઈ છે. સમસ્ત વ્યાખ્યાઓના અનુભવે મૂળપાઠના શબ્દાર્થ રૂપે ટબ્બાઓની રચના થઈ છે. વર્તમાનમાં તે સમસ્ત વ્યાખ્યાઓના આધારે જનભાષામાં શાસ્ત્રો ઉપલબ્ધ છે.

**ભગવતી સૂત્રના પ્રકાશિત ગ્રંથો :**

(૧) અભયદેવસૂરિકૃત વૃત્તિ સહિત શ્રી વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ સૂત્ર બનારસથી પ્રકાશિત ઈ. સ. ૧૯૧૮.

(૨) ટીકા. ગુજરાતી અનુવાદ સહિત શ્રી ભગવતી સૂત્ર ભા. ૧-૨. જિનાગમ પ્રકાશન સભા, મુંબઈથી પ્રકાશિત, અનુવાદક પં. બેચરદાસજી દોશી, વિ સં. ૧૯૭૪.

(૩) શ્રી ભગવતી સૂત્ર મૂળપાઠ સહિત અનુવાદ ભાગ ૩-૪. ગુજરાત વિદ્યાપીઠ જૈન સાહિત્ય પ્રકાશન ટ્રસ્ટ અમદાવાદ. અનુવાદક પં. ભગવાનદાસ દોશી.

(૪) ગુજરાતી છાયાનુવાદ સહિત શ્રી ભગવતી સૂત્ર, જૈન સાહિત્ય પ્રકાશન સમિતિ અમદાવાદથી પ્રકાશિત, અનુવાદક શ્રી ગોપાલભાઈ જીવાભાઈ પટેલ, ઈ. સ. ૧૯૩૮.

(૫) હિન્દી અનુવાદ સહ ભગવતી સૂત્ર શતક ૧ થી ૨૦, શ્રુત પ્રકાશન મંદિર કલકત્તાથી પ્રકાશિત, સંપાદક મદનકુમાર, વિ. સં. ૨૦૧૧.

(૬) હિન્દી અનુવાદ યુક્ત ભગવતી સૂત્ર સંપૂર્ણ, હૈદ્રાબાદથી પ્રકાશિત, સંપાદક શ્રી અમોલક ઋષિજી મ. સા. વી. સં. ૨૪૪૬.

(૭) સંસ્કૃત ટીકા, હિન્દી - ગુજરાતી અનુવાદ સહ શ્રી ભગવતી સૂત્ર સંપૂર્ણ ૧૭ ભાગમાં, શ્વે. સ્થા. જૈન શાસ્ત્રોદ્ધારક સમિતિ, રાજકોટથી પ્રકાશિત, અનુવાદક, લેખક,

સંપાદક, આચાર્યશ્રી ઘાસીલાલજી મ. સા. ઈ. સં. ૧૯૬૧.

(૮) હિન્દી અનુવાદ અને વિવેચન સહિત શ્રી ભગવતી સૂત્ર સંપૂર્ણ ૭ ભાગોમાં, જૈન સંસ્કૃતિ સંઘ શૈલાનાથી પ્રકાશિત, અનુવાદક પં. ઘેવરચંદજી બાંઠિયા 'વારપુત્ર'.

(૯) મૂળપાઠ,સંસ્કૃત છાયા, હિન્દી અનુવાદ ભાષ્ય, ચૂર્ણિ, વૃત્તિ સહિત શ્રી ભગવતી સૂત્ર ખંડ-૧ શતક-૧-૨. જૈન વિશ્વભારતી સંસ્થા, લાડનૂંથી પ્રકાશિત, સંપાદક યુવાચાર્ય મહાપ્રજ્ઞજી ઈ. સ. ૧૯૯૪.

(૧૦) મૂલપાઠ, હિન્દી અનુવાદ, વિવેચન યુક્ત શ્રી ભગવતી સૂત્ર સંપૂર્ણ ૪ ભાગોમાં, આગમ પ્રકાશન સમિતિ, બ્યાવરથી પ્રકાશિત. પ્રમુખ સંપાદક યુવાચાર્ય શ્રી મધુરમુનિ મ. સા.

(૧૧) ભગવતી ઉપક્રમ, શામજી વેલજી વીરાણી ટ્રસ્ટ, રાજકોટથી પ્રકાશિત પૂ. જનકમુનિ મ. સા., પૂ. જગદીશમુનિ મ. સા. સં. ૨૦૨૫.

(૧૨) જૈનાગમ નવનીત ભા. ૭ (ભગવતી સૂત્ર સારાંશ) આગમ નવનીત પ્રકાશન સમિતિ, સિરોહીથી પ્રકાશિત, સંપાદક, લેખક, આગમ મનીષીશ્રી ત્રિલોકમુનિજી.

વ્યાખ્યાપ્રજ્ઞપ્તિસૂત્રના પૂર્વોક્ત સંસ્કરણો મુદ્રિત છે. તેમાંથી કેટલાક અપૂર્ણ છે અને કેટલાક અનુપલબ્ધ છે. તેમ છતાં કેટલાક મહત્ત્વના સંસ્કરણો ઉપલબ્ધ પણ છે. જેના આધારે જ પ્રસ્તુત સંસ્કરણ તૈયાર થયું છે.

**પ્રસ્તુત સંસ્કરણ :** પૂર્વોક્ત અનેક સંસ્કરણો ઉપલબ્ધ હોવા છતાં ગુજરાતી ભાષીઓને લક્ષમાં લઈને ન અતિ વિસ્તૃત, ન અતિ સંક્ષિપ્ત, તેવા વિવેચન સહ પ્રસ્તુત સંસ્કરણ તૈયાર થયું છે. જેમાં મૂળપાઠ, કઠિન શબ્દાર્થ, ભાવાર્થ, વિષયાનુસાર શીર્ષકો, વિષયાનુસાર વિવેચન આપ્યું છે. વિષયબોધની સુગમતા, કઠિન વિષયોની સરળતા અને સ્પષ્ટતા માટે આવશ્યકતાનુસાર ચાર્ટ તૈયાર કર્યા છે. જે સ્વાધ્યાયીઓ માટે અત્યંત ઉપયોગી છે. કથાનકોના પ્રારંભમાં તે કથાનો સંક્ષિપ્ત પરિચય આપ્યો છે. જેથી વિસ્તૃત વર્ણનો વિના વાચકો કથાના સારભાગને શીઘ્ર પ્રાપ્ત કરી શકે છે.

આ રીતે અનેક પ્રકારે આ વિશાળકાય સૂત્રરાજના વિષયને મારા ક્ષયોપશમ અનુસાર સરળ અને સ્પષ્ટ બનાવવાનો પ્રયત્ન કર્યો છે. જે જનજનના તત્ત્વબોધનું કારણ અને

આચાર વિશુદ્ધિનું પ્રેરક બની શકશે તે નિર્વિવાદ છે.

શ્રી ભગવતીસૂત્રની વિશાળતાને લક્ષમાં લઈને તેનું પાંચ ભાગમાં વિભાજન કર્યું છે. જેમાં ભાગ – ૧માં શતક ૧ થી ૪, ભાગ – ૨માં શતક ૫ થી ૮, ભાગ – ૩માં શતક – ૯ થી ૧૪, ભાગ – ૪માં શતક – ૧૫ થી ૨૪, ભાગ – ૫માં શતક – ૨૫ થી ૪૧નો સમાવેશ કર્યો છે.

શ્રુત પરંપરાને અક્ષુણ્ણણ બનાવવાના પૂર્વાચાર્યોના પ્રકૃષ્ટ પ્રત્યનોમાં પ્રસ્તુત સંસ્કરણ એક નક્કર કડીનું કામ કરી રહ્યું છે.

**પ્રસ્તુત સંસ્કરણમાં આધારભૂત ગ્રંથો :** પ્રસ્તુત સંસ્કરણમાં મૂળપાઠમાં શૈલાના દ્વારા પ્રકાશિત શ્રી ભગવતી સૂત્રને આધારભૂત તરીકે સ્વીકાર્યું છે. તેમ જ અનેક સ્થાને 'અંગ સુત્તાણિ' તથા 'મહાવીર જૈન વિદ્યાલયના ભગવતી સૂત્ર' ના આધારે પાઠનું સંશોધન કર્યું છે. ભાવાર્થ અને વિવેચનમાં શ્રી બેચરદાસજી કૃત ભગવતી સૂત્ર, શૈલાના – ભગવતી સૂત્ર, શ્રી મધુરમુનિ કૃત ભગવતી સૂત્ર, ભગવતી સૂત્ર, યુવાચાર્ય મહાપ્રજ્ઞજી કૃત શ્રી ભગવતી સૂત્ર ખંડ – ૧, પૂ. ઘસીલાલજી મ. સા. કૃત ભગવતી સૂત્ર, ભગવતી ઉપક્રમ, જૈનાગમ નવનીત ભાગ ૭ ને આધારભૂત બનાવ્યા છે.

**આભાર દર્શન :** આ ઉમદાકાર્યના ઉદ્‌ભવનું પ્રબળ નિમિત્ત પ્રાતઃ સ્મરણીય ઉપકારી ગુરુદેવ પૂ. શ્રી પ્રાણલાલજી મ. સા. નું જન્મ શતાબ્દી વર્ષ.

જેમની ઉજ્જ્વળ પરંપરામાં જ શાસનમાં સ્થાન પામ્યા, આગમનું જ્ઞાન પામ્યા, જીવન જીવવાનું વિજ્ઞાન પામ્યા, તેવા અનંત ઉપકારી ગુરુવર્યોની ઉપકાર સ્મૃતિ નિમિત્તે આગમ અર્ધ્ય ધરી, અનાદિની અરતિને દૂર કરી, અખંડ **'રતિ'** – આનંદને પ્રાપ્ત કરવા આ વિશાળ આયોજન કર્યું છે. આયોજનને પૂર્ણ કરવા મુખ્યતા પૂ. મુક્ત–લીલમ ગુરુણી સહ તેમના પરિવારના સાધ્વીજીઓ પોતાનું યોગદાન આપી રહ્યા છે.

આજે ગુરુ પ્રાણ આગમ બત્રીસીનું ૧૨ મું પુષ્પ પ્રકાશિત થઈ રહ્યું છે. આ પાવન પ્રસંગે સહુ પ્રથમ આગમ સ્રોત સમ ચરમ તીર્થંકર પ્રભુ મહાવીર સ્વામી, સૂત્ર સંકલન કર્તા શ્રી સુધર્માસ્વામી, આગમલિપિબદ્ધ કર્તા પૂર્વધર શ્રી દેવર્દ્ધિગણિક્ષમાશ્રમણને હૃદય પટ પર સ્થાપિત કરી શ્રદ્ધાપૂર્વક નતમસ્તકે વંદન કરું છું. જેણે આગમ સાહિત્યને પ્રવાહિત કર્યું, તેવા

આચાર્ય ભગવંતો તથા મમ શ્રદ્ધામૂર્તિ પૂ. જય-માણેક-પ્રાણ-ગુરુવર પ્રતિ શ્રદ્ધાભાવ પ્રગટ કરું છું.

તેમ જ **અનંત ઉપકારી પૂ. તપસ્વી ગુરુદેવ !** શ્રી ભગવતી સૂત્રના પ્રકાશન સમયે આપ સ્મૃતિ પટ પર પધારો છો, આપના પાવન સાંનિધ્યમાં આપે બે બે વાર શ્રી ભગવતી સૂત્રની વાચના મને કરાવી અને તે જ આગમ લેખનનું સદ્‌ભાગ્ય મને પ્રાપ્ત થયું. પારદષ્ટા એવા આપે ભાવિના ભાવને જાણીને જ કદાચ આ પ્રકારનું આયોજન કર્યું હોય તેમ વર્તમાને પ્રતીત થાય છે. આ વિશાળકાય ગ્રંથનું આલેખન તે મારી બુદ્ધિ અને શક્તિની બહારની વાત છે, તેમા છતાં તે કાર્ય સહજ, સરળ, સરસ રીતે નિર્વિઘ્ન પૂર્ણ થયું છે, તે આપની જ કૃપાનું અનન્ય પરિણામ છે.

મારી જીવનનૈયાના સુકાની, ઉપકારી પૂ. ગુરુણીદેવા પૂજ્યવરા પૂ. મુક્તાબાઈ મ. તથા ભાવયોગિની પૂ. લીલમબાઈ મ., આ મહાકાર્યના ઉદ્‌ભવિકા અમારા વડીલ ગુરુભગિની પૂ. ઉષાબાઈ મ., તેમજ મમ સંયમી જીવનના સહયોગિની ગુરુભગિની પૂ. વીરમતીબાઈ મ. પ્રતિ કૃતજ્ઞતાનો ભાવ પ્રગટ કરું છું.

અમ આયોજનના પાયાના પથ્થર સમ, આગમ ભેખધારી પૂ. ત્રિલોકમુનિ મ. સા. પોતાની તીક્ષ્ણ પ્રજ્ઞાથી આ આગમનું સંશોધન કર્યું છે.

જેણે આગમ વાંચનને જ પોતાનું જીવન બનાવ્યું છે તેવા ગુરુણીમૈયા પૂ. લીલમબાઈ મ. મારા લેખનનું શુદ્ધિકરણ કરી મુખ્ય સંપાદક બન્યા છે. યુવાસંત પૂ. નમ્રમુનિ મ. સા. એ તેમાં આવશ્યક સૂચનો કર્યા છે. મમ સહચારિણી સાધ્વી સુબોધિકાએ પોતાની આગવી સુઝ-બુઝથી સહ સંપાદનની ફરજ અદા કરી છે. અમ ગુરુકુલવાસી પૂ. બિંદુબાઈ મ., પૂ. પ્રબોધિકાબાઈ મ. આદિ સર્વ સતીજીઓ મારી સફળતાના સહયોગી છે.

પૂ. ગુરુપ્રાણ ફાઉન્ડેશનના પ્રમુખ અને સક્રિય કાર્યકર્તા શ્રીયુત ચંદ્રકાંતભાઈ શેઠ વગેરે આ વિરાટ કાર્યને વેગવંતુ બનાવવા પુરુષાર્થ કરી શ્રુતસેવાનો અનોખો લાભ લઈ રહ્યા છે. ભાઈશ્રી નેહલે આગમને મુદ્રિત કરીને, સ્વાધ્યાય પ્રેમી શ્રી મુકુંદભાઈએ પ્રુફ સંશોધન કરીને તથા ધીરૂભાઈએ સહકાર આપીને જિનવાણીને વધાવી છે.

શ્રીમાન કિશોરભાઈ તથા શ્રીમતી માલિનીબેન સંઘવીએ આ આગમના શ્રુતાધાર બનીને જિનવાણી પ્રત્યેની શ્રદ્ધા પ્રગટ કરી છે.

**આગમજ્ઞાન પ્રદાતા પૂજ્યવરોનો છે અનંત ઉપકાર,**

**ભગવદ્ ભાવો પ્રગટાવવા જિનવાણીનો કરું છું સત્કાર,**

**વિશ્વમાં ગુરુ 'પ્રાણ'નો વર્તી રહ્યો છે સદા જય જયકાર**

**સહભાગી બન્યા મુજ કાર્યમાં સહુનો કરું છું ઋણ સ્વીકાર...**

મારા અલ્પબુદ્ધિ સામર્થ્યે અને મંદ ક્ષયોપશમે શ્રી ભગવતી સૂત્રના ગંભીર ભાવોના રહસ્યોને હું સમજી ન શકી હોઉં, અને શ્રુતલેખનમાં ભગવદ્વાણીની કોઈ પણ પ્રકારે અશાતના થઈ હોય તો પંચ પરમેષ્ઠી ભગવંતોની સાક્ષીએ ક્ષમાયાચના...

અંતે...

**ગણિપિટકનું ગૌરવ છે તું મા ભગવતી,**

**સુધર્માનું સંકલન સૂત્ર છે તું મા ભગવતી,**

**ગૌતમનો જિજ્ઞાસા સ્રોત છે તું મા ભગવતી,**

**ભવ્યજનોનો અંતસ્તોષ છે તું મા ભગવતી,**

**અહર્નિશ વંદન હો તુજને મા ભગવતી,**

**મુજ અંતઃસ્રોત પ્રવાહિત કરજે મા ભગવતી,**

**મુજ સંયમ ધનનું રક્ષણ કરજે મા ભગવતી,**

**મુજ ભગવદ્ ભાવોને પ્રગટાવજે તું મા ભગવતી...**

– પૂ. મુક્ત-લીલમ ગુરુણીના સુશિષ્યા

**સાધ્વી આરતી.**

# ૩૨ અસ્વાધ્યાય

## શાસ્ત્રના મૂળપાઠ સંબંધી

| ક્રમ | વિષય | અસ્વાધ્યાય કાલ |
|---|---|---|
| | **આકાશસંબંધી દસ અસ્વાધ્યાય** | |
| ૧ | આકાશમાંથી મોટો તારો ખરતો દેખાય | એક પ્રહર |
| ૨ | દિગ્દાહ–કોઈ દિશામાં આગ જેવું દેખાય | જ્યાં સુધી રહે ત્યાં સુધી |
| ૩ | અકાલમાં મેઘગર્જના થાય [વર્ષાઋતુ સિવાય] | બે પ્રહર |
| ૪ | અકાલમાં વીજળી ચમકે [વર્ષાઋતુ સિવાય] | એક પ્રહર |
| ૫ | આકાશમાં ઘોરગર્જના અને કડાકા થાય | આઠ પ્રહર |
| ૬ | શુક્લપક્ષની ૧, ૨, ૩ની રાત્રિ | એક પ્રહર |
| ૭ | આકાશમાં વીજળી વગેરેથી યક્ષનું ચિહ્ન દેખાય | જ્યાં સુધી દેખાય ત્યાં સુધી |
| ૮ | કરા પડે | જ્યાં સુધી રહે ત્યાં સુધી |
| ૯ | ધુમ્મસ | જ્યાં સુધી રહે ત્યાં સુધી |
| ૧૦ | આકાશ ધૂળ–રજથી આચ્છાદિત થાય | જ્યાં સુધી રહે ત્યાં સુધી |
| | **ઔદારિક શરીર સંબંધી દસ અસ્વાધ્યાય** | |
| ૧૧ | તિર્યંચ, મનુષ્યના હાડકાં બળ્યા, ધોવાયા વિના હોય, | ૧૨ વર્ષ |
| ૧૨–૧૩ | તિર્યંચના લોહી, માંસ ૬૦ હાથ, મનુષ્યના ૧૦૦ હાથ [ફૂટેલા ઈંડા હોય તો ત્રણ પ્રહર] | દેખાય ત્યાં સુધી |
| ૧૪ | મળ–મૂત્રની દુર્ગંધ આવે અથવા દેખાય | જ્યાં સુધી રહે ત્યાં સુધી |
| ૧૫ | સ્મશાન ભૂમિ [૧૦૦ હાથની નજીક હોય] | – |
| ૧૬ | ચંદ્રગ્રહણ–ખંડ/પૂર્ણ | ૮/૧૨ પ્રહર |
| ૧૭ | સૂર્યગ્રહણ–ખંડ/પૂર્ણ | ૧૨/૧૬ પ્રહર |
| ૧૮ | રાજાનું અવસાન થાય તે નગરીમાં | નવા રાજા થાય ત્યાં સુધી |
| ૧૯ | યુદ્ધસ્થાનની નિકટ | યુદ્ધ ચાલે ત્યાં સુધી |
| ૨૦ | ઉપાશ્રયમાં પંચેન્દ્રિયનું કલેવર | જ્યાં સુધી હોય ત્યાં સુધી |
| | **ચાર મહોત્સવ–ચાર પ્રતિપદા** | |
| ૨૧–૨૮ | અષાઢ, આસો, કારતક અને ચૈત્રની પૂર્ણિમા અને ત્યાર પછીની એકમ | સંપૂર્ણ દિવસ–રાત્રિ |
| ૨૯–૩૨ | સવાર, સાંજ, મધ્યાહ્ન અને અર્ધરાત્રિ. | એક મુહૂર્ત |

[**નોંધ :–** પરંપરા અનુસાર ભાદરવા સુદ પૂનમ અને વદ એકમના દિવસે પણ અસ્વાધ્યાય મનાય છે. તેની ગણના કરતાં ૩૪ અસ્વાધ્યાય થાય છે.]

# શ્રી ભગવતી સૂત્ર

ગણધર રચિત પાંચમું અંગ

## ભાગ - ૧

## શતક : ૧ થી ૪

**મૂળપાઠ, ભાવાર્થ, વિવેચન, પરિશિષ્ટ**


: અનુવાદિકા :

પૂ. ડૉ. આરતીબાઈ મ.


આ કાલિકસૂત્ર છે. તેના મૂળપાઠનો સ્વાધ્યાય દિવસ અને રાત્રિના પહેલા તથા ચોથા પ્રહરમાં થઈ શકે છે.

# શતક–૧

## પરિચય

★ આ શતકમાં દશ ઉદ્દેશક છે. તેના પ્રત્યેક ઉદ્દેશકમાં વિવિધ વિષયોનું વર્ણન આ પ્રમાણે છે–

★ **ઉદ્દેશક–૧ :–** સમગ્ર શાસ્ત્રના મંગલાચરણ રૂપ નમસ્કાર મહામંત્રનું ઉચ્ચારણ કરીને સૂત્રકારે ગૌતમ સ્વામીનો મુખ્ય પ્રશ્ન **चलमाणे चलिए** પ્રસ્તુત કર્યો છે. ત્યારપછી ૨૪ દંડકોના જીવોના આહાર આદિ સંબંધી પ્રશ્ન, આત્મારંભ–પરારંભ, જ્ઞાનાદિની પરંપરા, સંવૃત્ત અને અસંવૃત્ત અણગાર તથા અસંયત જીવોની ગતિનું નિરૂપણ છે.

★ **ઉદ્દેશક–૨ :–** સ્વકૃત કર્મફળ ભોગનો સિદ્ધાંત, ૨૪ દંડકના જીવોમાં અને સલેશી જીવોમાં સમાહાર, સમકર્મ, સમક્રિયાદિ; સંસાર સંસ્થાનકાલ, અંતક્રિયા, અસંયત ભવ્ય દ્રવ્ય દેવાદિ ૧૪ બોલનો ઉપપાત અને અસંજ્ઞી આયુષ્યનું પ્રતિપાદન છે.

★ **ઉદ્દેશક–૩ :–** કાંક્ષામોહનીય કર્મ, તેના બંધ અને વેદનના કારણો, શ્રમણ નિર્ગ્રંથોમાં કાંક્ષા મોહનીયનું વેદન, તેમજ તેના નાશનો સચોટ ઉપાય અને અસ્તિત્વ–નાસ્તિત્વના પરિણમન વિષયક વિચારણા કરી છે.

★ **ઉદ્દેશક–૪ :–** કર્મપ્રકૃતિ, જીવનું ઉપસ્થાન અને અપક્રમણ, કર્મક્ષયથી મુક્તિ, પુદ્‌ગલનું નિત્યત્વ અને છદ્મસ્થ મુક્તિનો નિષેધ કર્યો છે.

★ **ઉદ્દેશક–૫ :–** ૨૪ દંડકના જીવોના આવાસ, સ્થિતિસ્થાન, અવગાહના, શરીર, લેશ્યા, દૃષ્ટિ વગેરે તથા તેમાં ક્રોધાદિની અપેક્ષાએ ભંગ સંખ્યાનું પ્રતિપાદન છે.

★ **ઉદ્દેશક–૬ :–** સૂર્યના ઉદય–અસ્ત સમયની દૂરી, લોકાન્ત સ્પર્શના, ક્રિયા વિચાર, રોહા અણગારના પ્રશ્નો, લોકસ્થિતિ, જીવ અને પુદ્‌ગલ સંબંધ અને સ્નેહકાયનું વર્ણન છે.

★ **ઉદ્દેશક–૭ :–** નારકાદિ જીવોમાં ઉપપાત અને ઉદ્‌વર્તના સમયનો આહાર, વિગ્રહગતિ, ગર્ભવિચાર, ગર્ભસ્થ જીવની ગતિ, સ્થિતિ આદિ વિષયોનું નિદર્શન છે.

★ **ઉદ્દેશક–૮ :–** બાલ–પંડિતાદિનો આયુષ્યબંધ, મૃતઘાતકાદિને લાગતી ક્રિયા, જય–પરાજયનું કારણ અને વીર્ય વિચારણા કરી છે.

★ **ઉદ્દેશક–૯ :–** જીવોનું ગુરુત્વ–લઘુત્વ, નિર્ગ્રંથો માટે પ્રશસ્તગુણો, આયુષ્યબંધ વિષયક અન્યતીર્થિકોની માન્યતાનું નિરાકરણ, કાલસ્યવેષિપુત્ર અણગારના પ્રશ્નો, અપ્રત્યાખ્યાન ક્રિયા,

આધાકર્માદિ દોષયુક્ત અને નિર્દોષ આહાર સેવનનું ફળ, સ્થિર–અસ્થિરાદિ પ્રકરણનું પ્રતિપાદન છે.

★ **ઉદ્દેશક–૧૦ :–** પરમાણુના વિભાગ, ભાષા–અભાષા વગેરે વિષયક અન્યતીર્થિકોની માન્યતાઓનું નિરાકરણ તથા ઐર્યાપથિક અને સાંપરાયિક ક્રિયાનું નિરૂપણ છે.

❖❖❖❖❖

# શતક–૧ : ઉદ્દેશક–૧

## સંક્ષિપ્ત સાર

★ શ્રી ભગવતી સૂત્રનો પ્રારંભ નમસ્કાર મહામંત્રથી થાય છે. જેમાં આત્મ સાધનામાં સહાયક અને પ્રેરક પંચ પરમેષ્ટીને નમસ્કાર કર્યા છે. જે ચૌદ પૂર્વના સારભૂત છે. શાસ્ત્રકારે નમસ્કાર મહામંત્રથી શાસ્ત્રનું આદ્યમંગલાચરણ કર્યું છે. ત્યાર પછી ગ્રંથ લિપિબદ્ધ કર્તાએ મંગલાચરણ રૂપે બ્રાહ્મી લિપિ એવં શ્રુત = શ્રુતજ્ઞાનને નમસ્કાર કર્યો છે.

★ **चलमाणे चलिए–** આ શ્રી ભગવતી સૂત્રનો મુખ્ય સિદ્ધાંત છે. સૂત્રકારે તેને નવ પદ દ્વારા પુષ્ટ કર્યો છે. ચલમાન ચલિત, ઉદીર્યમાણ ઉદીરિત, વેદ્યમાન વેદિત, પ્રહીયમાણ પ્રહીણ, છિદ્યમાન છિન્ન, ભિદ્યમાન ભિન્ન, દહ્યમાન દગ્ધ, મ્રિયમાણ મૃત, નિર્જીર્યમાણ નિર્જીર્ણ. આ સિદ્ધાંત બદ્ધ કર્મોની ઉદયાભિમુખ અવસ્થાથી લઈને નિર્જરા–ક્ષય સુધીની અવસ્થાઓની અપેક્ષાએ છે. વર્તમાનકાલ વાંચી પ્રત્યેક ક્રિયા તે જ સમયે ભૂતકાલીન બની જાય છે એ જ સિદ્ધાંત કર્મબંધમાં પણ સમજી શકાય. કારણ કે કર્મબંધ, ઉદય, ઉદીરણા, નિર્જરા આદિ ક્રિયા દરેક જીવ સમયે સમયે કરે છે. જેમ કોઈ વ્યક્તિએ હિંસાનો સંકલ્પ માત્ર કર્યો, તે જ સમયે તેને આરંભિકી ક્રિયા અને તદ્જન્ય કર્મબંધ થઈ જાય છે; તેમ અન્ય અનેક કર્મ પ્રકૃતિઓના બંધ , ઉદય આદિ જીવને પ્રતિક્ષણ –પ્રત્યેક સમયે થતા જ રહે છે. પ્રત્યેક સમયે થતી કર્મની તે ક્રિયાઓની અપેક્ષાએ આ સિદ્ધાંતનું કથન છે કે જે કર્મની જે સમયે ઉદીરણા, જે સમયે ઉદય, જે સમયે નિર્જરાનો પ્રારંભ થયો તે કર્મની ઉદીરણા, ઉદય, નિર્જરા તે જ સમયે થઈ ગઈ. કારણ કે તે દરેક ક્રિયાઓ પ્રત્યેક સમયમાં થાય છે. તેથી સૂત્રમાં કથિત કર્મની **चलमाण** થી નિર્જીર્ણમાણ સુધીની નવ ક્રિયાઓ ઘટિત થાય છે.

વ્યવહારમાં જે સમયે કાર્યનો પ્રારંભ થયો છે, તે જ સમયે તેને થયેલું કે પૂર્ણ થયેલું જોઈ શકાતું નથી. વ્યક્તિની કોઈ પણ પ્રવૃત્તિ ઓછામાં ઓછા અસંખ્યાત સમયના વ્યતીત થયા પછી જ પૂર્ણ થાય છે. તેથી **चलमाणे चलिए**આ કર્મબંધમાં કથિત સિદ્ધાંતને કોઈ પણ સ્થૂલ પ્રવૃત્તિમાં ઘટિત કરી શકાતો નથી. તેમ છતાં દરેક સ્થૂલ પ્રવૃત્તિનું કાર્ય અંશે અંશે ક્રમિક થાય છે અને તે અંતિમ સમયે પૂર્ણ થાય છે.

★ પહેલાં આહાર કરેલા અથવા ગ્રહણ કરેલા પુદ્ગલનું અને વર્તમાનમાં ગ્રહણ કરાતા પુદ્ગલોનું પરિણમન થાય છે. ભવિષ્યમાં ગ્રહણ થનારા પુદ્ગલોનું પરિણમન થતું નથી. પરિણમનની જેમ જ કર્મના ચય, ઉપચય, ઉદીરણ, વેદન, નિર્જરણ માટે સમજવું જોઈએ. તૈજસ અને કાર્મણ શરીર માટે પણ આ જ સિદ્ધાંત છે.

★ સૂક્ષ્મ અને બાદર બંને પ્રકારના કર્મ દ્રવ્ય વર્ગણાના પુદ્ગલોનું અને આહાર દ્રવ્ય વર્ગણાના પુદ્ગલોનું ભેદન, ચય આદિ થાય છે. ઉદ્વર્તન, અપવર્તન, સંક્રમણ, નિધત્તિકરણ, નિકાચિતકરણ કર્મ પુદ્ગલોમાં

થાય છે અર્થાત્ કર્મ વર્ગણાના પુદ્ગલ અણુ–બાદર બંને પ્રકારના હોય છે.

★ બંધ, ઉદય, ઉદીરણા, અપવર્તન, સંક્રમણ આદિ અચલિત કર્મના થાય છે. કેવળ નિર્જરા જ ચલિત કર્મની થાય છે.

આ રીતે ચોવીસ દંડકની અપેક્ષાએ ઉક્ત સંપૂર્ણ વિષય સમજી લેવો. આહાર, સ્થિતિ આદિનું વર્ણન પ્રજ્ઞાપના સૂત્રના વિભિન્ન પદોથી અહીં પણ ચોવીસ દંડકમાં સમજી લેવું.

★ સ્વયં આરંભ(આશ્રવ) કરનાર આત્મારંભી છે, બીજાને આરંભમાં જોડનાર પરારંભી છે અને ત્રીજો ભેદ ઉભયારંભીનો છે. ત્રેવીસ દંડકના જીવોમાં આ ત્રણ ભેદ મળે છે. મનુષ્યમાં આ ત્રણ ઉપરાંત અનારંભીનો એક ભેદ વિશેષ મળે છે. શુભયોગી પ્રમત્ત સંયત અને અપ્રમત્ત સંયત અનારંભી હોય છે. અન્ય અશુભ યોગ યુક્ત પ્રમત્ત સંયત અને અસંયત જીવો આરંભી હોય છે. સલેશી અને ત્રણ શુભ લેશ્યા– વાળા સમુચ્ચય જીવમાં અને મનુષ્યમાં આરંભીના ચારે ભેદ મળી શકે છે. શેષ સર્વ દંડકોમાં પોત–પોતાની લેશ્યાની અપેક્ષાએ આરંભી આદિ ત્રણ ભેદ હોય છે પણ ત્યાં અનારંભી નથી. તેજો, પદ્મ અને શુક્લલેશી વૈમાનિકમાં પણ આરંભી આદિ ત્રણ જ ભેદો હોય છે.

★ જ્ઞાન અને દર્શન આ ભવમાં સાથે રહી શકે છે અને પરભવમાં અને ભવાંતરમાં પણ સાથે આવે છે. ચારિત્ર અને તપ આ ભવપર્યંત જ રહે છે અર્થાત્ સંયત અવસ્થામાં પણ મૃત્યુ પામનાર મૃત્યુ પછી તુરંત અસંયત બની જાય છે. સંથારા રૂપે આજીવન તપ કરનાર પણ મરણ પામ્યા પછી તુરંત તપ રહિત થઈ જાય છે.

★ અસંવૃત અણગાર અને અન્ય અસંવૃત આત્માઓ મુક્તિ પ્રાપ્ત કરતા નથી. તે સાત અથવા આઠ કર્મોનો પ્રકૃતિબંધ આદિ ચારે પ્રકારના બંધની વૃદ્ધિ કરીને સંસાર ભ્રમણની વૃદ્ધિ કરે છે.

સંવૃત અણગાર–આશ્રવને રોકનારા સુસાધુ જ ક્રમશઃ કર્મ પરંપરાને અટકાવીને, તેનો ક્ષય કરીને મુક્તિ પ્રાપ્ત કરે છે, દુઃખોનો અંત કરે છે.

★ અસંયત અને અવિરત જીવ પણ દેવગતિમાં જઈ શકે છે. તેઓ અનિચ્છાએ ભૂખ–તરસ, ડાંસ–મચ્છર, ગરમી–ઠંડી, મેલ–પરસેવો આદિ કષ્ટ સહન કરી, અકામ નિર્જરા દ્વારા વ્યંતર દેવ બની શકે છે. તે દેવ જઘન્ય ૧૦,૦૦૦ વર્ષ, ઉત્કૃષ્ટ એક પલ્યોપમ પર્યંત દિવ્ય સુખનો અનુભવ કરે છે.

★ પ્રશ્નોનું સંતોષપ્રદ સમાધાન પ્રાપ્ત થતાં શ્રી ગૌતમ સ્વામીએ પ્રભુ પ્રતિ વંદન–નમસ્કાર કરીને કૃતજ્ઞતાનો ભાવ પ્રદર્શિત કર્યો છે.આ રીતે પ્રત્યેક ઉદ્દેશકના અંતે સમજવું.

❖❖❖❖❖

# શતક–૧ : ઉદ્દેશક–૧

## ચલન

**નમસ્કાર મહામંત્રથી સૂત્રનો પ્રારંભ :–**

૧ णमो अरिहंताणं ।
णमो सिद्धाणं ।
णमो आयरियाणं ।
णमो उवज्झायाणं ।
णमो लोए सव्वसाहूणं ।
[*णमो बंभीए लिवीए। णमो सुयस्स*]

**ભાવાર્થ :–** અર્હંતોને નમસ્કાર હો, સિદ્ધોને નમસ્કાર હો, આચાર્યોને નમસ્કાર હો, ઉપાધ્યાયોને નમસ્કાર હો, લોકના સર્વ સાધુઓને નમસ્કાર હો.[બ્રાહ્મી લિપિને નમસ્કાર હો, શ્રુતને નમસ્કાર હો.]

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં સર્વ પ્રથમ પંચ પરમેષ્ટીને નમસ્કાર કરી, સમગ્ર શાસ્ત્રનું ભાવમંગલ કર્યું છે. શાસ્ત્રના પ્રારંભમાં મંગલાચરણ કરવાના ત્રણ કારણો છે–

**(૧) વિઘ્નોના ઉપશમન માટેઃ–** દરેક શુભ કાર્યોમાં અનેક પ્રકારના વિઘ્નોની શક્યતા છે, શુભ કાર્યના પ્રારંભમાં મંગલાચરણ કરવાથી તે વિઘ્નોની ઉપશાંતિ થઈ જાય છે.

**(૨) અશુભ કર્મોના ક્ષય માટે :–** ગુણીજનોને નમસ્કાર કરવાથી અશુભ કર્મોનો ક્ષય થાય છે, માટે કોઈપણ કાર્યના પ્રારંભમાં મંગલરૂપે વંદન–નમસ્કાર કરવા તે ઉચિત જ છે.

**(૩) શિષ્ટજનોની પરંપરાના પાલન માટે :–** દરેક કાર્યના પ્રારંભમાં દ્રવ્યમંગલ કે ભાવમંગલ કરવાની શિષ્ટજનોની પરંપરા હોય છે, તેને જાળવી રાખવા માટે પણ આદ્યમંગલ કરવામાં આવે છે.

અક્ષત, શ્રીફળ, કુમકુમ આદિ દ્રવ્ય મંગલ છે. તે લૌકિક અને વ્યવહારિક મંગલ છે. પંચ પરમેષ્ટીને નમસ્કાર એ લોકોત્તર ભાવમંગલ છે. તે સર્વ પાપનાશક હોવાથી અને શાંતિનું કારણ હોવાથી સર્વ મંગલોમાં

પ્રધાન છે. તેથી તેનો પ્રસ્તુત સૂત્રમાં મંગલાચરણ રૂપે સ્વીકાર કર્યો છે.

**'નમઃ' પદનો અર્થ :–** દ્રવ્ય–ભાવથી સંકોચ કરવો. દ્રવ્યથી પંચાંગ[બે હાથ, બે પગ અને મસ્તક]નો સંકોચ કરીને, અર્હત્ આદિ પંચ પરમેષ્ટીને નમન કરું છું અને ભાવથી આત્માને અપ્રશસ્ત પરિણતિથી પૃથક્ કરીને અર્હત્ આદિના ગુણોનું બહુમાન કરું છું.

**अरिहंताणं :–** પ્રાકૃત ભાષાના **'अरहंत'** શબ્દના સંસ્કૃતમાં સાત રૂપાંતર થાય છે. તેના દ્વારા અરિહંતનું સ્વરૂપ સ્પષ્ટ થાય છે. (૧) **अर्हत्** (૨) **अरहोंतर** (૩) **अरथांत** (૪) **अरहंत** (૫) **अरहयत्** (૬) **अरिहंत** (૭) **अरूहंत** આદિ. તેના અર્થ આ પ્રમાણે છે.

(૧) **अर्हत्** :– લોક પૂજ્ય પુરુષ–જે દેવો દ્વારા નિર્મિત અષ્ટ મહાપ્રાતિહાર્યયુક્ત પૂજાને યોગ્ય છે. ઈન્દ્રો દ્વારા પણ જે પૂજનીય છે.

(૨) **अरहोंतर** :– સર્વજ્ઞ હોવાથી એકાંત[રહ] અને અંતર[મધ્ય]ની કોઈ પણ વાત જેનાથી છૂપી નથી, તે પ્રત્યક્ષ દૃષ્ટા પુરુષ છે.

(૩) **अरथांत** :– રથ શબ્દ અહીં પરિગ્રહનો અને અન્ત શબ્દ મૃત્યુનો વાચક છે. જે સાધક સમસ્ત પ્રકારના બાહ્ય અને આભ્યંતર પરિગ્રહ અને મૃત્યુ = જન્મ–મરણથી રહિત છે તે.

(૪) **अरहंत** :– આસક્તિ રહિત, રાગ અથવા મોહનો સર્વથા અંત–નાશ કરનાર.

(૫)**अरहयत्** :– તીવ્ર રાગના કારણભૂત મનોહર વિષયોનો સંસર્ગ હોવા છતાં [અષ્ટ મહાપ્રાતિહાર્યાદિ સંપદા હોવા છતાં] જેને કિંચિત્ પણ રાગભાવ થતો નથી તેવા પરમ વીતરાગી મહાપુરુષ અરહયત્ કહેવાય છે.

(૬) **अरिहंत** :– સમસ્ત જીવોમાં રહેલા અંતરંગ શત્રુભૂત આત્મિક વિકારોનો અથવા અષ્ટ વિધ કર્મોનો વિશિષ્ટ સાધના દ્વારા ક્ષય કરનાર.

(૭) **अरूहंत** :– રુહ = સંતાન પરંપરા. જેણે કર્મરૂપી બીજને ભસ્મીભૂત કરી જન્મ–મરણની પરંપરાને સર્વથા વિનષ્ટ કરી છે તે અરુહંત કહેવાય છે.

**सिद्धाणं :–** સિદ્ધ શબ્દના વૃત્તિકારે છ નિર્વચનાર્થ કર્યા છે–

**ध्मातं सितं येन पुराण कर्म, यो वा गतो निवृत्तिसौधमूर्ध्नि ।**
**ख्यातोऽनुशास्ता परिनिष्ठतायां, यः सोऽस्तु सिद्धः कृतमंगलो मे ॥**

**અર્થ :–** (૧) જેમણે પૂર્વોપાર્જિત કર્મરૂપ સિતનો સર્વથા નાશ કર્યો છે (૨) જેઓ મુક્તિરૂપ પ્રાસાદના અગ્રભાગે બિરાજમાન છે (૩) જેઓ પોતાના નિર્મળ ગુણોથી પ્રસિદ્ધ છે (૪) જેઓ શાસનકર્તા [ધર્મશાસન પ્રવર્તાવનાર] થઈ ચૂક્યા છે (૫) જેઓ કૃતકૃત્ય થઈ ગયા છે (૬) જેઓ મંગળરૂપ બની ગયા છે. તે

ગુણસંપન્ન શુદ્ધાત્માને સિદ્ધ કહે છે. એવા સિદ્ધ પરમાત્મા મારું મંગળ કરનારા હો.

**आयरियाणं :–** વૃત્તિકારે આચાર્ય શબ્દની વ્યાખ્યા આ પ્રમાણે આપી છે– (૧) **आ** = મર્યાદાપૂર્વક અથવા મર્યાદા સાથે જે ભવ્યજનો દ્વારા **चार्य** = સેવનીય છે તેને આચાર્ય કહેવાય છે.

(૨) જે સૂત્ર અને તેના અર્થ–પરમાર્થના જ્ઞાતા, ઉત્તમ લક્ષણોથી યુક્ત, ગચ્છના મેઢીભૂત, ગણને ચિંતામુક્ત કરનાર એવં સૂત્રાર્થના પ્રતિપાદક હોય તે આચાર્ય છે.

(૩) જ્ઞાનાદિ પંચાચારોનું જે સ્વયં પાલન કરે અને કરાવે, તે આચાર્ય છે.

(૪) જે [મુક્તિ] દૂતની જેમ [આ + ચાર] હેયોપાદેયનું, સંઘહિતાહિતનું અન્વેષણ કરવામાં તત્પર હોય તે આચાર્ય છે.

**उपाध्याय :–** વૃત્તિકારે ઉપાધ્યાય શબ્દના પાંચ અર્થ કર્યા છે.

(૧) જેની સમીપે સૂત્રનું અધ્યયન, સૂત્રાર્થનું સ્મરણ એવં વિશેષ અર્થ ચિંતન થાય છે.
(૨) જે દ્વાદશાંગીરૂપ સ્વાધ્યાયનો ઉપદેશ આપે છે.
(૩) જેના સાનિધ્ય[ઉપધાન]થી શ્રુતનો, સ્વાધ્યાયનો અનાયાસ જ આય–લાભ થાય છે.
(૪) આયનો અર્થ છે ઈષ્ટફલ. જેનું સાનિધ્ય [નિકટતા] જ ઈષ્ટફલનું નિમિત્ત કારણ બને છે.
(૫) આધિ– માનસિક પીડા+આય–લાભ = આધ્યાય માનસિક પીડાનો લાભ અથવા અધિ–કુત્સિત બુદ્ધિ+આય–લાભ = અધ્યાય–કુબુદ્ધિનો લાભ. જેણે આધ્યાય અને અધ્યાય [કુબુદ્ધિ અથવા દુર્ધ્યાન]ને ઉપહત–નષ્ટ કર્યા છે તે ઉપાધ્યાય.

**सव्व साहूणं** :– વૃત્તિકારે સાધુ શબ્દના ત્રણ અર્થ કર્યા છે.

(૧) જ્ઞાનાદિ શક્તિઓ દ્વારા જે મોક્ષની સાધના કરે છે.

(૨) જે સર્વ પ્રાણી પ્રતિ સમભાવ રાખે છે. કોઈ પર રાગ–દ્વેષ કરતા નથી. પ્રાણીમાત્રને આત્મવત્ સ્વીકારે છે.

(૩) જે સંયમીઓની મોક્ષ સાધનામાં સહાયક બને છે, તે સાધુ છે.

**સાધુ શબ્દની સાથે 'સર્વ' વિશેષણનું પ્રયોજન :–** જેમ અરિહંતો અને સિદ્ધોમાં સ્વરૂપતઃ સમાનતા છે તેવી સમાનતા સાધુઓમાં હોતી નથી. વિવિધ પ્રકારની સાધનાના કારણે સાધુઓમાં અનેક અવાન્તર ભેદ હોય છે. સાધુત્વની દષ્ટિ એ સર્વ સાધુ સમાન છે, તેથી વંદનીય છે. સવ્વ–સર્વ વિશેષણ પ્રયોગથી સર્વ પ્રકારના, સર્વ કોટિના સાધુઓનું ગ્રહણ થઈ જાય છે. તે સામાયિક ચારિત્રી હોય, છેદોપસ્થાપનિક, પરિહારવિશુદ્ધિક, સૂક્ષ્મસંપરાયી કે યથાખ્યાત ચારિત્રી, પ્રમત્ત સંયત, અપ્રમત્ત સંયત, ૬ થી ૧૪ માં ગુણસ્થાન પર્યંતના સાધુ, પુલાકાદિ પાંચ પ્રકારના નિર્ગ્રંથોમાંથી કોઈ પણ સાધુ, જિનકલ્પી, સ્થવિરકલ્પી,

પ્રતિમાધારી, યથાલન્દકલ્પી, કલ્પાતીત, પ્રત્યેક બુદ્ધ, સ્વયંબુદ્ધ કે બુદ્ધબોધિતમાંથી કોઈ પણ કોટિના, ભરતક્ષેત્ર, ઐરવત ક્ષેત્ર, મહાવિદેહ ક્ષેત્ર, જંબૂદ્વીપ, ધાતકીખંડ, આદિ કોઈ પણ ક્ષેત્રના સાધકને, સાધુત્વની સાધના કરનારને નમસ્કાર કરવાની દષ્ટિએ 'સવ્વ' વિશેષણનો પ્રયોગ કર્યો છે. તે ઉપરાંત સર્વ શબ્દનો પ્રયોગ પાંચે પદ સાથે પણ કરી શકાય છે.

વૃત્તિકારે 'સવ્વ' શબ્દના ત્રણ રૂપાંતર કરી તેના ભિન્ન ભિન્ન અર્થ સ્પષ્ટ કર્યા છે. (૧) સાર્વ (૨) શ્રવ્ય (૩) સવ્ય.

**(૧) સાર્વ :–** (૧) સમાન ભાવે સર્વનું હિત કરનાર સાધુ (૨) સર્વ પ્રકારે શુભ યોગની અથવા પ્રશસ્ત કાર્યોની સાધના કરનાર સાધુ (૩) અરિહંત ભગવાનની આજ્ઞાની–આરાધના કરનાર સાધુ અથવા એકાંતવાદી, મિથ્યામતોનું નિરાકરણ કરી, સાર્વ– અનેકાંતવાદી સાપેક્ષદર્શનનું પ્રતિપાદન કરનાર સાધુ સાર્વ સાધુ છે.

**(૨) શ્રવ્ય :–** શ્રવણ કરવા યોગ્ય શાસ્ત્રના વાક્યોમાં કુશલ હોય તે સાધુ અર્થાત્ જે ન સાંભળવા યોગ્યને સાંભળતા નથી તે સાધુ.

**(૩) સવ્ય :–** મોક્ષ અથવા સંયમને અનુકૂળ [સવ્ય] કાર્ય કરવામાં દક્ષ.

**णमो लोए सव्वसाहूणं** :– 'સર્વ' શબ્દ એકદેશીય સંપૂર્ણતાના અર્થમાં સ્વીકારવાથી તેનો અર્થ આ પ્રમાણે થાય છે– અઢી દ્વીપ પ્રમાણ મનુષ્યલોકમાં વિદ્યમાન સર્વ સાધુઓને નમસ્કાર હો. લોક શબ્દનો પ્રયોગ કરવાથી અહીં કોઈ પણ ગચ્છ, સંપ્રદાય કે પ્રાન્તવિશેષની સંકુચિતતાને અવકાશ નથી. સાધુતાના ગુણ ધરાવનાર સર્વ સાધુઓને નમસ્કાર છે. કોઈક પ્રતમાં **'लोए'** પાઠ નથી.

**પંચ પરમેષ્ટી નમસ્કરણીયતા અને માંગલિકતાના કારણો ? :–** અરિહંત ભગવાને જ્ઞાન, દર્શન, ચારિત્ર અને વીર્યરૂપ આત્માની શક્તિને આવરિત કરનાર ઘાતિકર્મોને સર્વથા નિર્મૂલ કર્યા છે. સંસારના સર્વ જીવોને કર્મોનાં બંધનથી મુક્તિનો માર્ગ બતાવ્યો છે. સિદ્ધ ભગવાનના જ્ઞાન, દર્શન, અવ્યાબાધ સુખ, આદિ ગુણો સદા શાશ્વત અને અનંત છે. તેને નમસ્કાર કરવાથી વ્યક્તિને આત્માના નિજ ગુણોનું એવં શુદ્ધ સ્વરૂપનું ભાન અને સ્મરણ થાય છે; ગુણોને પૂર્ણ રૂપે પ્રગટ કરવાની, આત્મશોધનની એવં આત્મબલ પ્રગટ કરવાની પ્રેરણા મળે છે. તેથી સંસારી આત્માઓને માટે અરિહંત અને સિદ્ધ ભગવાન નમસ્કરણીય અને સદૈવ મંગલકારક છે.

આચાર્ય ભગવાન સ્વયં આચાર પાલનમાં દક્ષ હોવાની સાથે અન્યના આચાર પાલનનું ધ્યાન રાખે છે અને સંઘને જ્ઞાન–દર્શન–ચારિત્રમાં સ્થિર કરે છે. ઉપાધ્યાય સંઘમાં જ્ઞાનબલને સુદઢ બનાવે છે. શાસ્ત્રીય અને સૈદ્ધાંતિક જ્ઞાન ઉપાધ્યાયની કૃપાથી પ્રાપ્ત થાય છે. આ રીતે આચાર્ય ભગવંત અને ઉપાધ્યાય ભગવંત મહાન ઉપકારી હોવાથી નમસ્કરણીય એવં મંગલકારક છે.

સાધુ ભગવંત માનવના સર્વશ્રેષ્ઠ પુરુષાર્થમાં અને પરમ સાધનાના ધ્યેય સ્વરૂપ મોક્ષની સાધનામાં

અસહાય, અનભિજ્ઞ એવં દુર્બલ સાધકને સહાયતા આપે છે. તેથી તે પરમ ઉપકારી, નમસ્કરણીય એવં મંગલ ફલદાયક છે. તેથી અહીં પાંચે પરમેષ્ટી ભગવંતોને નમસ્કારરૂપ મંગલાચરણ કર્યું છે.

**णमो बंभीए लिवीए । णमो सुयस्स ।** :– નમસ્કાર મંત્રના આદિ મંગલ પછી આ પદોનો પ્રયોગ સૂત્રમાં વિભિન્ન રીતે જોવા મળે છે અર્થાત્ હસ્તલિખિત પ્રતોમાં અથવા પ્રકાશિત પ્રતોમાં પણ આ પદોના વિષયમાં એકરૂપતા નથી. કોઈ પ્રતોમાં બ્રાહ્મીલિપિને નમસ્કાર રૂપ એક પદ, કોઈ પ્રતોમાં બ્રાહ્મીલિપિ અને શ્રુતને નમસ્કાર રૂપ બે પદ પ્રાપ્ત થાય છે. કોઈ પ્રતોમાં બ્રાહ્મીલિપિ પદ, નમસ્કારમંત્રની સાથે જ છે અને 'શ્રુત'ને નમસ્કાર શતક પરિચયની ગાથા પછી સ્વતંત્ર રૂપે ઉપલબ્ધ થાય છે. આ બંને પદોની ટીકાકારે વ્યાખ્યા કરી છે તે સિવાય કોઈક પ્રતોમાં શ્રુત દેવતાને નમસ્કાર રૂપ પદ પણ મળે છે. આ પ્રકારની વિવિધતાના કારણે, આ પદોને શાસ્ત્ર લેખનકર્તાઓના મંગલરૂપ શબ્દો છે, તેમ માનવામાં આવે છે.

આ પદોમાં લેખનની પ્રમુખતાએ બ્રાહ્મી લિપિને અને શ્રુતદેવતા પદથી ગણધરોને નમસ્કાર કરવામાં આવ્યા છે તેથી પણ સ્પષ્ટ થાય છે કે આ પદો ગણધર રચિત નથી. કારણ કે ગણધરોને આગમ રચનામાં લિપિને નમસ્કાર કરવાનું કોઈ પ્રયોજન હોતું નથી અને આગમ રચનાકર્તા સ્વયં ગણધર ભગવંત આગમના પ્રારંભમાં ગણધરોને જ વંદન કરે તે પણ ઉપયુક્ત નથી. માટે આ પદો શાસ્ત્રલિપિ કર્તાઓના છે, આ માન્યતા સમીચીન છે.

તેમ છતાં આ શબ્દોની ભાવાત્મક વ્યાખ્યા આ પ્રમાણે કરવામાં આવી છે– (૧) બ્રાહ્મી લિપિના આદિકર્તા ભગવાન ઋષભદેવ છે માટે લિપિના નિર્દેશથી અહીં ઋષભદેવ ભગવાનને નમસ્કાર કર્યા છે. (૨) શ્રુતને ધારણ કરનાર શ્રમણ હોય છે તેથી શ્રુત શબ્દથી શ્રુતધારક શ્રમણોને નમસ્કાર કર્યા છે.

**અન્ય રીતે :–** (૧) લિપિકર્તાએ પોતાના કાર્યની સફળતા અને નિર્વિઘ્નતા માટે લેખનની લિપિ બ્રાહ્મી હોવાથી તે બ્રાહ્મી લિપિને નમસ્કાર કર્યા છે. (૨) અસ્તિત્વ રૂપ શ્રુતજ્ઞાન, અક્ષરરૂપ દ્રવ્યશ્રુત, ક્ષયોપશમ રૂપ ભાવ શ્રુતજ્ઞાનમાં ઉપકારક હોવાથી લિપિકર્તાએ તેને પણ નમસ્કાર કર્યા છે.

શુદ્ધ અપેક્ષાએ નમસ્કાર મહામંત્રમાં વર્ણિત પંચ પરમેષ્ટી ભગવંતો જ નમસ્કરણીય છે. પંચ પરમેષ્ટિને નમસ્કાર કર્યા પછી કોઈ નમસ્કારણીય અવશેષ રહેતાં નથી. તેથી પ્રસ્તુત સૂત્રમાં ઉપરોક્ત બંને મંગલ પદો ગણધરકૃત ન હોવાથી તેને કૌંસમાં રાખી તેની મૂળપાઠથી ભિન્નતા દર્શાવી છે.

## દશ ઉદ્દેશકોના નામ :–

**૨** **रायगिह चलण दुक्खे, कंखपओसे य पगइ पुढवीओ ।**
**जावंते णेरइए, बाले गुरुए य चलणाओ ॥**

**ભાવાર્થ :–**(૧) રાજગૃહ નગરમાં 'ચલન'ના વિષયમાં પ્રશ્ન (૨) દુઃખ (૩) કાંક્ષા પ્રદોષ (૪) કર્મપ્રકૃતિ

(૫) પૃથ્વીઓ (૬) યાવંત–જેટલા દૂરથી ઈત્યાદિ (૭) નૈરયિક (૮) બાલ (૯) ગુરુક (૧૦) ચલનાદિ પ્રથમ શતકના દશ ઉદ્દેશકોના નામ છે.

## વિવેચન :-

પ્રસ્તુત ગાથામાં આ શતકના દશ ઉદ્દેશકના નામ છે. જેનું કથન તેના આદ્ય અથવા મુખ્ય વિષયના આધારે થયું છે.

(૧) **चलण** :– પ્રથમ ઉદ્દેશકમાં 'ચલમાન ચલિત'ના સિદ્ધાંતનું સ્પષ્ટીકરણ હોવાથી તેનું નામ 'ચલન' છે.

(૨) **दुक्ख** :– બીજા ઉદ્દેશકના પ્રારંભમાં દુઃખ વિષયક પ્રશ્નોત્તર હોવાથી તેનું નામ દુઃખ છે.

(૩) **कंखपदोस** :– ત્રીજા ઉદ્દેશકમાં કાંક્ષા મોહનીય કર્મ સંબંધી વિસ્તૃત વિવેચન હોવાથી તેનું નામ 'કાંક્ષાપ્રદોષ' છે.

(૪) **पगइ** :– ચોથા ઉદ્દેશકનો પ્રારંભ કર્મ પ્રકૃતિના વિષયથી થતો હોવાથી તેનું નામ 'કર્મ પ્રકૃતિ' છે.

(૫) **पुढवी** :– પાંચમા ઉદ્દેશકમાં નરક પૃથ્વી વિષયક પૃચ્છા હોવાથી તેનું નામ 'પૃથ્વી' છે.

(૬) **जावंते** :– છટ્ઠા ઉદ્દેશકમાં સૂર્યોદય–સૂર્યાસ્ત સમયની સૂર્યની ક્ષેત્ર મર્યાદાનું કથન હોવાથી તેનું નામ 'યાવન્ત' છે.

(૭) **णेरइए** :–સાતમા ઉદ્દેશકમાં નૈરયિકની ઉત્પત્તિ સંબંધી વર્ણન હોવાથી તેનું નામ 'નૈરયિક' છે.

(૮) **बाले** :– આઠમા ઉદ્દેશકમાં એકાંત બાલ વિષયક પૃચ્છા હોવાથી તેનું નામ 'બાલ' છે.

(૯) **गुरुए** :– નવમા ઉદ્દેશકના પ્રારંભમાં જીવની લઘુતા–ગુરુતાના કારણોનું નિરૂપણ હોવાથી તેનું નામ 'ગુરુક' છે.

(૧૦) **चलणाए**:– દશમા ઉદ્દેશકમાં અન્યતીર્થિકોની ચલમાન અચલિતાદિ માન્યતાનું નિરાકરણ હોવાથી તેનું નામ 'ચલનાદિ' છે.

આ રીતે 'ચલમાન ચલિત'ના સિદ્ધાંતથી પ્રારંભ થયેલું આ શતક તે જ સિદ્ધાંતને પુષ્ટ કરીને પૂર્ણ થાય છે.

## ઉપોદ્‌ઘાત :-

**૩ तेणं कालेणं तेणं समएणं रायगिहे णामं णयरे होत्था, वण्णओ । तस्स णं रायगिहस्स णयरस्स बहिया उत्तरपुरत्थिमे दिसीभाए गुणसिलए णामं चेइए होत्था । सेणिए राया, चिल्लणा देवी ।**

**ભાવાર્થ :–**તે કાલે [અવસર્પિણી કાલમાં] અને તે સમયે [ચોથા આરામાં ભગવાન મહાવીરના યુગમાં]

રાજગૃહ નામનું નગર હતું. તેનું વર્ણન ઔપપાતિક સૂત્રમાં અંકિત ચંપાનગરીના વર્ણનની સમાન સમજવું. તે રાજગૃહ નગરની બહાર ઉત્તર–પૂર્વ દિગ્ભાગમાં–ઈશાન કોણમાં ગુણશીલક નામનું ઉદ્યાન હતું. ત્યાં શ્રેણિક રાજા રાજ્ય કરતા હતા અને તેને ચેલણાદેવી નામની રાણી હતી.

## પ્રભુ મહાવીરની ગુણસંપન્નતા :–

**૪ तेणं कालेणं तेणं समएणं समणे भगवं महावीरे आइगरे तित्थयरे सयंसंबुद्धे पुरिसुत्तमे पुरिससीहे पुरिसवरपुंडरीए पुरिसवरगंधहत्थी लोगुत्तमे लोगणाहे लोगहिए लोगपईवे लोगपज्जोयगरे अभयदए चक्खुदए मग्गदए सरणदए जीवदए बोहिदए धम्मदए धम्मदेसए धम्मणायगे धम्मसारहि धम्मवरचाउरंतचक्कवट्टी अप्पडिहय वरणाण-दंसणधरे वियट्टछउमे जिणे जावए तिण्णे तारए बुद्धे बोहए मुत्ते मोयए सव्वण्णू-सव्वदरिसी सिव- मयल-मरुय-मणंत-मक्खय- मव्वाबाह- मप्पुणरावित्तियं सिद्धिगइणामधेयं ठाणं संपाविउकामे** जाव **समोसरणं । परिसा णिग्गया । धम्मो कहिओ । परिसा पडिगया ।**

**ભાવાર્થ :–** તે કાલે તે સમયે શ્રમણ ભગવાન મહાવીર સ્વામી ત્યાં વિચરણ કરી રહ્યા હતા. જે દ્વાદશાંગી રૂપ શ્રુતની આદિ કરનારા, તીર્થંકર, સ્વયંસંબુદ્ધ, પુરુષોત્તમ, પુરુષસિંહ,પુરુષવર પુંડરિક, પુરુષોમાં શ્રેષ્ઠ ગંધહસ્તિ સમાન, લોકમાં ઉત્તમ, લોકના નાથ, લોકહિતકર, લોક પ્રદીપ, લોક પ્રદ્યોતકર, અભયદાતા, ચક્ષુદાતા, માર્ગદાતા, શરણદાતા, સંયમ રૂપ જીવનદાતા, બોધદાતા, ધર્મદાતા, ધર્મોપદેશક, ધર્મનાયક, ધર્મસારથિ, ધર્મવર ચાતુરન્ત ચક્રવર્તી, અપ્રતિહત જ્ઞાનદર્શનના ધારક, છદ્મ–ઘાતિકર્મના આવરણથી રહિત, રાગ દ્વેષના વિજેતા, અન્યને રાગદ્વેષ પર વિજય પ્રાપ્ત કરવાની પ્રેરણા આપનાર, સ્વયં સંસાર સાગરથી તીર્ણ, અન્યને તારનારા, સ્વયં બોધને પામેલા, અન્યને બોધ કરાવનાર, સ્વયં કર્મબંધનથી મુક્ત, અન્યને મુક્ત કરનારા, સર્વજ્ઞ, સર્વદર્શી, કલ્યાણકારી, અચલ, રોગરહિત, અનંત અક્ષય, અવ્યાબાધ, પુનરાગમનરહિત એવી સિદ્ધગતિ નામના સ્થાનને પ્રાપ્ત કરવાના કામી, એવા ગુણસંપન્ન પ્રભુનું સમવસરણ પર્યંતનું અવશેષ વર્ણન ઔપપાતિક સૂત્ર અનુસાર જાણવું. પરિષદ દર્શન કરવા નગરમાંથી નીકળી, પ્રભુએ આવેલી પરિષદને ધર્મોપદેશ આપ્યો, ઉપદેશ સાંભળી પરિષદ પાછી ચાલી ગઈ.

## ગણધર ઈન્દ્રભૂતિનું વ્યક્તિત્વ :–

**૫ तेणं कालेणं तेणं समएणं समणस्स भगवओ महावीरस्स जेट्ठे अंतेवासी इंदभूई णामं अणगारे गोयमसगोत्तेणं सत्तुस्सेहे समचउरंस संठाणसंठिए वज्जरिसहणारायसंघयणे कणयपुलयणिहसपम्हगोरे उग्गतवे दित्ततवे तत्ततवे महातवे**

**ओराले घोरे घोरगुणे घोरतवस्सी घोरबंभचेरवासी उच्छूढसरीरे संखित्तविउलतेयलेस्से चोद्दसपुव्वी चउणाणोवगए सव्वक्खर-सण्णिवाई समणस्स भगवओ महावीरस्स अदूरसामंते उड्ढंजाणू अहोसिरे झाणकोट्ठोवगए संजमेणं तवसा अप्पाणं भावेमाणे विहरइ ।**

**ભાવાર્થ :–** તે કાલે તે સમયે શ્રમણ ભગવાન મહાવીરના જ્યેષ્ઠ શિષ્ય ઈન્દ્રભૂતિ નામના અણગાર હતા. તે ગૌતમ ગોત્રીય, સાત હાથ ઊંચા, સમચતુરસ્ર સંસ્થાન અને વજ્રઋષભનારાચ સંઘયણના ધારક હતા. તેના શરીરનો વર્ણ સુવર્ણની રેખા સમાન તથા પદ્મપરાગ સમાન ગૌર હતો. તે ઉગ્રતપસ્વી, દીપ્ત તપસ્વી, તપ્તતપસ્વી, મહાતપસ્વી, ઉદાર, ઘોર–પરીષહ તથા ઈન્દ્રિયાદિ પર વિજય પ્રાપ્ત કરવામાં કઠોર, ઘોરગુણસંપન્ન–કઠિનાઈથી પ્રાપ્ત ગુણ સંપન્ન, ઘોર તપસ્વી, ઘોર બ્રહ્મચર્યવાસી, શરીર–સંસ્કારના ત્યાગી હતા. તેઓએ વિપુલ તેજોલબ્ધિને સંક્ષિપ્ત–સ્વ–શરીરમાં જ અંતર્લીન કરી હતી. તેઓ ચૌદ પૂર્વના જ્ઞાતા અને ચતુર્જ્ઞાન સંપન્ન, સર્વાક્ષર સંન્નિપાતી લબ્ધિના ધારક હતા. તેવા તે ઈન્દ્રભૂતિ અણગાર શ્રમણ ભગવાન મહાવીરથી ન અતિ દૂર, ન અતિ નજીક, બંને ઘૂંટણોને ઊભા રાખી, મસ્તકને નમાવીને, ધ્યાનરૂપી કોષ્ઠાગારમાં સ્થિત થઈને, સંયમ અને તપથી આત્માને ભાવિત કરતા વિચરતા હતા.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રમાં પ્રથમ ગણધર ઈન્દ્રભૂતિનું અંતરંગ અને બાહ્ય વ્યક્તિત્વ સમગ્રતાથી નિરૂપિત કર્યું છે.

**અંતેવાસી :–** નિકટ રહેનાર શિષ્ય. ઈન્દ્રભૂતિ ગૌતમ સદા પ્રભુની નિકટ રહેતા હતા. અંતેવાસી અનેક પ્રકારે હોય શકે છે. જેમકે– (૧) **પ્રવ્રાજના અંતેવાસી–** જે કેવળ પ્રવ્રજ્યા–મુનિ દીક્ષા અથવા સામાયિક ચારિત્ર ધારણ કરી આચાર્યની સમીપે રહેતા હોય. **ઉપસ્થાપના અંતેવાસી–** જે ઉપસ્થાપના–મહાવ્રત આરોપણ અથવા છેદોપસ્થાપનીય ચારિત્ર ધારણ કરી આચાર્યની સમીપે રહેતા હોય. **ધર્માન્તેવાસી –** જે કેવળ ધર્મ–શ્રવણને માટે આચાર્યની પાસે રહેતા હોય, ઈન્દ્રભૂતિ સર્વ અપેક્ષાએ પ્રભુના અંતેવાસી હતા.

**ગૌતમ ગોત્રીય :–** વ્યક્તિત્ત્વના નિર્માણનું આધારભૂત તત્ત્વ છે વંશ–પરંપરા. આનુવંશિકી શાસ્ત્ર અનુસાર વ્યક્તિ જેવા સંસ્કાર સૂત્ર [gene] અને ગુણસૂત્ર [chromosome] લઈને જન્મે છે, તે જ પ્રકારે તેનું વ્યક્તિત્વ નિર્મિત થાય છે. ઈન્દ્રભૂતિ તે સમયના પ્રતિષ્ઠિત ગૌતમ ગોત્રમાં ઉત્પન્ન થયા હતા, ઉચ્ચ ગોત્રના સંસ્કાર તેને સહજ પ્રાપ્ત હતા.

**સાત હાથની ઊંચાઈ :–** તેના શરીરની ઊંચાઈ સાત હાથની હતી. [ચોવીસ અંગુલ = ૧ હાથ થાય છે.]

**સમચતુરસ્ર સંસ્થાન :–** સંસ્થાનનો અર્થ છે આકૃતિ અથવા શરીરના અવયવોની રચના. શરીરના સર્વ અવયવો સપ્રમાણ હોય અથવા અસ્ર એટલે કોણ–શરીરના ચારે કોણ સમાન હોય, તેને સમચતુરસ્ર

સંસ્થાન કહે છે.

**વજ્રઋષભ નારાચ સંઘયણ :–** સંઘયણ = અસ્થિબંધ– હાડકાની રચના. જે હાડકા પરસ્પર મર્કટ બંધથી જોડાયેલા હોય, તેના પર પટ્ટો હોય અને મજબૂતાઈ માટે તેના પર ખીલી હોય તે પ્રકારના દઢતમ અસ્થિબંધને વજ્રઋષભનારાચ સંઘયણ કહે છે. સાધના માટે સાધકના શરીરની મજબૂતાઈ અનિવાર્ય છે. વજ્રઋષભનારાચ સંઘયણના ધારક જ મોક્ષના અધિકારી છે. ઈન્દ્રભૂતિની શરીર રચના સાધનાને સુયોગ્ય હતી.

આગમ સાહિત્યમાં ઉપલબ્ધ વ્યક્તિત્વ વર્ણનના બંને દષ્ટિકોણ સંસ્થાન અને સંઘાત આધુનિક દષ્ટિએ પણ મહત્ત્વના છે. આજે પણ શરીર સંસ્થાનના આધારે વ્યક્તિના વ્યક્તિત્વને જાણવાની પદ્ધતિ પ્રચલિત છે. કેવા પ્રકારની આંખ, નાક, ચહેરા આદિ વાળો વ્યક્તિ કેવો હોય ? તેનો સ્વભાવ કેવો હોય ? તે કયા કાર્યક્ષેત્રમાં સફળ થઈ શકે છે ? વગેરે વિષયક વિશદ વર્ણન ઉપલબ્ધ છે.

**ગૌરવર્ણતા :–** શ્રેષ્ઠ વ્યક્તિત્વ માટે કેવળ ગૌરવર્ણ જ પર્યાપ્ત નથી, પરંતુ શરીર દીપ્તિમાન અને પ્રભાવ– શાળી પણ હોવું જોઈએ. ઈન્દ્રભૂતિનું શરીર પદ્મકેસરની સમાન ગૌર હતું તેમજ કસોટી પર ખચિત સુવર્ણ રેખાની સમાન તેજસ્વી હતું. આ રીતે ઈન્દ્રભૂતિનો દેહ વૈભવ અત્યંત શોભનીય અને પ્રભાવ– શાળી હતો.

**આંતરિક વૈભવ :– उग्गतवे** થી **सव्वक्खरसण्णिवाई** સુધીના ચૌદ વિશેષણો દ્વારા ઈન્દ્રભૂતિની સાધનાજન્ય લબ્ધિઓનું વિશિષ્ટ વર્ણન છે.

**(૧) ઉગ્રતપસ્વી :–** અસાધારણ તપ કરનાર અથવા જે મુનિ આરંભ કરેલી તપ સાધનાનો જીવન પર્યંત નિર્વાહ કરે તેને ઉગ્રતપસ્વી કહે છે.

**(૨) દીપ્ત તપસ્વી :–** પ્રજ્વલિત ધર્મધ્યાન રૂપ તપ કરનાર અથવા દીર્ઘકાલીન તપસ્યા કરવા છતાં પણ જેનું કાયિક, વાચિક કે માનસિક બળ વધતું રહ્યું હોય, મુખ આદિમાંથી દુર્ગંધ ન આવતી હોય પરંતુ જેના શ્વાસોચ્છ્વાસમાં સુગંધ આવતી હોય, જેનું શરીર તેજસ્વી થતું હોય તેને દીપ્ત તપસ્વી કહે છે.

**(૩) તપ્ત તપસ્વી :–** કર્મોને સંતપ્ત કરનાર અથવા અત્યંત તપ્ત કડાઈમાં પડેલું જલકણ તુરંત સુકાઈ જાય છે, તે જ રીતે જે મુનિ દ્વારા કરેલો શુષ્ક અને અલ્પ આહાર તત્કાલ પરિણત થઈ જાય, તે મલાદિ રૂપે પરિણત ન થાય તેને તપ્ત તપસ્વી કહે છે.

**(૪) મહા તપસ્વી :–** આશંસા રહિતપણે તપ કરનાર અથવા સિંહ નિષ્ક્રીડિત આદિ મહાન તપનું અનુષ્ઠાન કરનાર.

**(૫) ઉદાર :–** અલ્પ સામર્થ્યવાન માટે અશક્ય તેવા ભયંકર અથવા ઉરાલે–પ્રધાન તપ કરનાર.

**(૬) ઘોર :–** પરીષહ વિજેતા અને ઈન્દ્રિય વિજેતા.

**(૭) ઘોરગુણ :–** અસાધારણ, મૌલિક ગુણોનો વિકાસ કરનાર.

**(૮) ઘોર તપસ્વી :–** ઘોર તપ કરનાર અથવા વાત, પિત, કફ અને સન્નિપાતજન્ય કોઈ પણ રોગનો ઉપદ્રવ થવા છતાં જે અનશન એવં કાયકલેશાદિ તપથી વિમુખ ન થાય તથા હિંસક પશુ, ચોર, લૂંટારા આદિથી ઘેરાયેલા પ્રદેશમાં જે આવાસ કરે છે, તેને ઘોર તપસ્વી કહે છે.

**(૯) ઘોર બ્રહ્મચર્યવાસી :–** જેનો બ્રહ્મચર્યવાસ અસ્ખલિત હોય, ચારિત્રમોહનીય કર્મના પ્રકૃષ્ટ ક્ષયોપશમથી જેના વિકારજન્ય સ્વપ્ન પણ નષ્ટ થઈ ગયા હોય તે ઘોર બ્રહ્મચર્યવાસી કહેવાય છે.

**(૧૦) ઉચ્છૂઢ શરીર :–** આ પદના બે અર્થ થાય છે. (૧) ઉત્ક્ષિપ્ત શરીર– શરીર હળવું થઈ જવાથી ઉપર ઉડી શકનાર. 'લઘિમા' લબ્ધિ સંપન્ન સાધક પોતાના શરીરને વાયુથી પણ હળવું બનાવી શકે છે. ઈન્દ્રભૂતિ અનેક લબ્ધિધારક હતા. મહાપુરાણ અનુસાર જ્યારે ૫૦૦ શિષ્યો સહિત પ્રભુ મહાવીર પાસે દીક્ષિત થયા ત્યારે તેની પાસે સાતસો લબ્ધિ હતી. તે સમયે ઈન્દ્રભૂતિ અણગાર લઘિમા લબ્ધિના ધારક હતા. (૨) ઉજ્ઝિતશરીર– શરીર નિરપેક્ષ અર્થાત્ શરીર સંસ્કાર અને દેહાસક્તિથી રહિત હોય તેને ઉજ્ઝિત શરીર કહેવાય છે.

**(૧૧) સંક્ષિપ્ત વિપુલ તેજોલેશી :–** તેજોલેશ્યા–તેજોલબ્ધિની પણ બે અવસ્થા હોય છે. સંક્ષિપ્ત અને વિપુલ. તેજોલેશ્યાનો પ્રયોગ કરે તો હજારો કિલોમીટરમાં સ્થિત વસ્તુને ભસ્મીભૂત કરી શકાય છે. તે જ રીતે દૂર સુધીના ક્ષેત્રમાં અનુગ્રહ પણ કરી શકાય છે. લબ્ધિનો પ્રયોગ કરે તો તે વિપુલ કહેવાય છે. લબ્ધિનો પ્રયોગ ન કરે તો તે લબ્ધિ સંક્ષિપ્ત રહે છે. ઈન્દ્રભૂતિ ગૌતમને વિપુલ તેજોલબ્ધિ પ્રાપ્ત હતી પરંતુ તે લબ્ધિનો પ્રયોગ કરતા ન હતા.

**(૧૨) ચાર જ્ઞાનના ધારક :–** મતિ, શ્રુત, અવધિ અને મનઃપર્યવજ્ઞાનના ધારક હતા.

**(૧૩) ચૌદપૂર્વી :–** દ્વાદશાંગીમાં બારમું અંગ દૃષ્ટિવાદ છે. તેના પાંચ વિભાગ છે. તેનો ત્રીજો વિભાગ પૂર્વગત છે. તેમાં ચૌદપૂર્વનો સમાવેશ થયો છે. નંદી સૂત્રમાં તેનું વિસ્તૃત વર્ણન છે. ચૌદ પૂર્વના જ્ઞાતાને ચૌદપૂર્વી અથવા શ્રુત કેવળી કહે છે. ચૌદ પૂર્વનો શ્રુતજ્ઞાનમાં સમાવેશ થાય છે પરંતુ શ્રુતજ્ઞાની ચૌદપૂર્વી હોય જ તે અનિવાર્ય નથી. ચૌદપૂર્વી એટલે પ્રકૃષ્ટ શ્રુતજ્ઞાની, શ્રુતકેવળી. તેની તુલના કેવળી સાથે કરી છે. કેવળી સર્વ દ્રવ્ય–પર્યાયોને સાક્ષાત્ જાણે છે. શ્રુત કેવળી શ્રુતના આધારે જાણે છે.

**(૧૪) સર્વાક્ષર સન્નિપાતિ લબ્ધિ યુક્ત :–** વૃત્તિકારે તેના બે અર્થ કર્યા છે.

(૧) સર્વ અક્ષરોના સંયોગના જ્ઞાતા અથવા (૨) શ્રવ્ય અક્ષરોના વક્તા.

ચાર જ્ઞાનના ધારક અને ચૌદ પૂર્વી વિશેષણ ઈન્દ્રભૂતિ ગૌતમના જ્ઞાનની અને સર્વાક્ષર સન્નિપાતિ પદ તેમના વચનની અતિશયતાને પ્રગટ કરે છે.

ઉપરોક્ત વિશિષ્ટ ગુણોના ધારક ઈન્દ્રભૂતિ અણગાર પ્રભુથી ન અતિ નિકટ, ન અતિ દૂર ઉર્ધ્વજાનુ

અધઃશિર [ઉકડૂ આસનની મુદ્રામાં] ધ્યાનરૂપી કોષ્ઠકમાં લીન થઈને સંયમ અને તપથી આત્માને ભાવિત કરતા હતા. અહીં ગૌતમના આસનની વિશેષતા સૂચિત થાય છે.

**ઉર્ધ્વજાનુ અધઃશિર–ઉકડૂ આસન :–** આ આસન શિષ્યના વિનીતભાવનું તેમજ અપ્રમત્તપણાનું સૂચક છે. ઈન્દ્રભૂતિ પ્રભુના વિનીત શિષ્ય હતા. તેમ જ ઉચ્ચ કોટિના અપ્રમત્ત સાધક હતા. તેથી જ બહુધા ઈન્દ્રભૂતિ અણગાર વગેરેના વર્ણનમાં આ આસનનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે.

બંને પગને ભૂમિ પર સમતલ રાખવા, તેના આધારે સંપૂર્ણ શરીરને રાખવું, બંને ગોઠણ ઊંચા રાખવા, બંને હાથો જંઘા અને ગોઠણની વચ્ચે રાખવા, દશે આંગળીઓને જોડી મસ્તક પાસે રાખવી, મસ્તક કંઈક નમાવીને રાખવું, આ પ્રકારે(ઉભડક બેસવાથી)ઉકડૂ આસન થાય છે. તેને જ શાસ્ત્રમાં ઉર્ધ્વજાનુ અધઃશિર શબ્દથી કહ્યું છે.

**ધ્યાન કોષ્ઠક :–** આ શબ્દ પ્રયોગ ઈન્દ્રભૂતિની માનસિક સ્થિતિને પ્રગટ કરે છે. જેમ કોઠી–કોઠામાં નાંખેલુ અનાજ વિખેરાતું નથી, એક સ્થાનમાં રહે છે, તેમ એકાગ્રતાની સાધના દ્વારા ચારેબાજુ દોડતી વૃત્તિ અને મન એક ધ્યેય પર સ્થિર થઈ જાય છે, ધ્યાનમાં લીન બની જાય છે, ચિત્તની તે અવસ્થાને ધ્યાન કોષ્ઠક કહે છે.

## ઈન્દ્રભૂતિ ગૌતમની જિજ્ઞાસા :–

**૬ तएणं से भगवं गोयमे जायसड्ढे जायसंसए जायकोऊहल्ले, उप्पण्णसड्ढे उप्पण्णसंसए उप्पण्णकोऊहल्ले, संजायसड्ढे संजायसंसए संजायकोऊहल्ले समुप्पण्ण– सड्ढे समुप्पण्णसंसए समुप्पण्णकोऊहल्ले, उट्ठाए उट्ठेइ उट्ठाए उट्ठित्ता जेणेव समणे भगवं महावीरे तेणेव उवागच्छइ, उवागच्छित्तत्त्र समणं भगवं महावीरं तिक्खुत्तो आयाहिणपयाहिणं करेइ करित्ता वंदइ णमंसइ वंदित्ता णमंसित्ता णच्चासण्णे णाइदूरे सुस्सूसमाणे णमंसमाणे अभिमुहे विणएणं पंजलिउडे पज्जुवासमाणे एवं वयासी–**

**ભાવાર્થ :–** તે સમયે ભગવાન ગૌતમના મનમાં શ્રદ્ધા–ઈચ્છા, સંશય–જિજ્ઞાસા અને કુતૂહલ જન્મ્યું. શ્રદ્ધા, સંશય અને કુતૂહલ ઉત્પન્ન થયું; શ્રદ્ધા, સંશય અને કુતૂહલ વધ્યું; શ્રદ્ધા, સંશય અને કુતૂહલ પ્રબળતમ થયું. તે પોતાના સ્થાનેથી ઊઠ્યા, ઊઠીને જ્યાં શ્રમણ ભગવાન મહાવીર હતા ત્યાં આવ્યા, આવીને, શ્રમણ ભગવાન મહાવીરને જમણી તરફથી પ્રારંભીને, ત્રણવાર પ્રદક્ષિણા કરી; વંદન, નમસ્કાર કર્યા. વંદન, નમસ્કાર કરીને, ન અતિ નિકટ, ન અતિ દૂર શુશ્રૂષા અને નમસ્કારની મુદ્રામાં પ્રભુની સન્મુખ સવિનય અંજલિબદ્ધ થઈને પર્યુપાસના કરતાં (સેવામાં ઊભા રહી) આ પ્રમાણે કહ્યું–

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રમાં પ્રશ્ન પૂછનારની માનસિક પૂર્વાવસ્થાનું મનોવૈજ્ઞાનિક દષ્ટિકોણથી વિશ્લેષણ કર્યું

છે. તેમાં **जायसड्ढे** આદિ બાર પદનો પ્રયોગ છે. શ્રદ્ધા = ઈચ્છા, રુચિ અથવા ઉત્સુક્તા, સંશય = જિજ્ઞાસા, કુતૂહલ = આશ્ચર્ય. કોઈ પણ દર્શનના ઉદ્દ્ભવની પૂર્વભૂમિકા આ ત્રિપદી જ છે. કોઈ પણ અજ્ઞાત વસ્તુના વિષયમાં સહુ પ્રથમ ઈચ્છા થાય, ત્યાર પછી તેને જાણવાની જિજ્ઞાસા થાય અને ત્રીજી અવસ્થામાં એક આશ્ચર્ય ઉત્પન્ન થાય કે આનો પ્રત્યુત્તર શું મળશે ? આ પ્રક્રિયાથી જ દર્શનનો વિકાસ થાય છે. જેમ ઝાડ પરથી ફળને નીચે પડતું જોઈને ન્યૂટન નામના વૈજ્ઞાનિકને, "આ શું થયું ? કેવી રીતે થયું ?" તે જિજ્ઞાસા થઈ. તેમ જ આ ક્રિયાથી અંતરમાં આશ્ચર્યનો ભાવ ઉત્પન્ન થયો કે આ રીતે કેમ બની શકે ? તેની તે જ વિચારધારાએ ગુરુત્વાકર્ષણના સિદ્ધાંતની શોધ કરી. પ્રસ્તુત આગમમાં પણ આ ત્રિપદીનો અનેક વાર પ્રયોગ થયો છે. જાત, ઉત્પન્ન, સંજાત અને સમુત્પન્ન–આ ચારે શબ્દ ક્રમિક વિકાસના સૂચક છે. જેમ બીજ વાવ્યું, અંકુરિત થયું, છોડ થયો અને અંતે પૂર્ણ રૂપે નિષ્પન્ન થયું, તે જ રીતે જાત = અસ્તિત્વમાં આવ્યું, ઉત્પન્ન = ઉત્પન્ન થયું, સંજાત = વૃદ્ધિગત થયું અને સમુત્પન્ન = પૂર્ણ રૂપથી નિષ્પન્ન થયું.

કેટલાક આચાર્યો **जात, उपण्णं** આદિ પદમાં હેતુ હેતુમદ્દ્ભાવ સંબંધને સ્વીકારે છે. કેટલાક આચાર્યો આ ચારે પદમાં અવગ્રહ, ઈહા, અવાય અને ધારણાને સ્વીકારે છે. કેટલાક આચાર્યો આ ચારે પદના પ્રયોગથી ક્રમશઃ ગૌતમસ્વામીના ચિત્તની સ્થિતિની પુષ્ટતાને સૂચિત કરે છે.

સંક્ષેપમાં ગૌતમસ્વામીને **जायसड्ढे**– શ્રદ્ધા– અર્થતત્વ જાણવાની ઈચ્છા થઈ, **जाय संसए**– તેમને સંશય–જિજ્ઞાસા થઈ કે પ્રભુ **चलमाणे चलिए**– એ સૂત્રમાં વર્તમાનકાલિક પ્રયોગને ભૂતકાલીન કેમ કહે છે ? **जायकोउहले** = તેમને કુતૂહલ થયું કે પ્રભુ આ પ્રશ્નનું સમાધાન કેમ કરશે ? તે માનસિક વિચારધારા પરિપક્વ બની ત્યારે તેઓ પોતાની ઉત્થાન શક્તિથી ઊઠયા અને પ્રભુની સમીપે શંકાના સમાધાન માટે ગયા.

ઈન્દ્રભૂતિ ગૌતમની જિજ્ઞાસા પ્રગટ કરવાની રીતના માધ્યમથી શાસ્ત્રકારે પ્રત્યેક વિનીત શિષ્યને ગુરુ સમક્ષ પોતાના મનોભાવને પ્રગટ કરવાની પદ્ધતિની શિક્ષા આપી છે.

## ચલમાન ચલિત આદિ નવ પદો :–

**૭ से णूणं भंते ! चलमाणे चलिए ? उदीरिज्जमाणे उदीरिए ? वेइज्जमाणे वेइए ? पहिज्जमाणे पहीणे ? छिज्जमाणे छिण्णे ? भिज्जमाणे भिण्णे ? डज्झमाणे दड्ढे ? मिज्जमाणे मडे ? णिज्जरिज्जमाणे णिज्जिण्णे?**

**हंता गोयमा ! चलमाणे चलिए जाव णिज्जरिज्जमाणे णिज्जिण्णे।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! શું ચલમાન ચલિત, ઉદીર્યમાણ ઉદીરિત, વેદ્યમાન વેદિત, પ્રહીયમાણ પ્રહીણ, છિદ્યમાન છિન્ન, ભિદ્યમાન ભિન્ન, દહ્યમાન દગ્ધ, મ્રિયમાણ મૃત અને નિર્જીર્યમાણ નિર્જીર્ણ હોય છે?

ઉત્તર– હા, ગૌતમ ! ચલમાન ચલિતથી લઈ નિર્જીર્યમાન નિર્જીર્ણ હોય છે.

## વિવેચન :–

પ્રશ્નના પ્રારંભમાં **से णूणं भंते !** શબ્દ પ્રયોગ છે. **से** = વાક્યના પ્રારંભનો સૂચક છે. **णूणं** શબ્દ નિશ્ચયવાચક છે અને **भंते !** ગુરુદેવને આમંત્રણ સૂચક છે. 'ભંતે' શબ્દના અર્થ અનેક પ્રકારે થઈ શકે છે. તેની સંસ્કૃત છાયા ભિન્ન ભિન્ન થાય છે. યથા– (૧) **भद्दन्त**– કલ્યાણકારી, સુખકારી (૨) **भजन्त**– સમ્યગ જ્ઞાન, દર્શન, ચારિત્ર રૂપ મોક્ષ માર્ગનું સેવન કરનાર (૩) **भान्त**– તપાદિ ગુણોની દીપ્તિથી ચમકનાર (૪) **भाजन्त**– તપાદિ ગુણોની દીપ્તિથી યુક્ત (૫) **भ्रान्त**– મિથ્યાત્વાદિ બંધનોથી રહિત, (૬) **भयान्त्**– સાંસારિક ભય–ત્રાસથી રહિત (૭) **भवान्त**– નરકાદિ સમસ્ત ભાવનો અંત કરનાર (૮) **भगवत्**– ઐશ્વર્યાદિ સંપન્ન. **भग** શબ્દને **वतु** પ્રત્યય લગાવીને **भगवत्** શબ્દ બને છે. શાસ્ત્રોમાં **भग** શબ્દના છ અર્થ કર્યા છે. યથા–

**एक्तर्यस्य समग्रस्य रूपस्य यशसः श्रियः ।**
**धर्मस्याथ प्रयत्नस्य, षण्णां भग इतींगना ॥**

**અર્થ :–** 'ભગ' શબ્દના છ અર્થ છે. તે આ પ્રમાણે છે, સંપૂર્ણ ઐશ્વર્ય, રૂપ, યશ, શ્રી, ધર્મ અને પ્રયત્ન. તીર્થંકર દેવ, ચોત્રીસ અતિશય રૂપી બાહ્ય ઐશ્વર્યથી અને કેવળજ્ઞાન–કેવળદર્શન રૂપી આંતરિક અતિશય રૂપી ઐશ્વર્યથી યુક્ત હોય છે. તેથી તેને ભગવાન કહે છે.

જૈનાગમોમાં 'ભંતે' શબ્દનો 'ભગવાન' અર્થ પ્રચલિત છે. પ્રસ્તુત પ્રસંગમાં 'ભંતે' શબ્દથી પ્રભુ મહાવીરને સંબોધિત કરીને ગૌતમ સ્વામીએ પ્રશ્ન પૂછ્યા છે.

શાસ્ત્રના પ્રારંભમાં જ ગૌતમ સ્વામીએ **चलमाणे चलिए** આદિ નવ પ્રશ્નો પૂછીને કર્મબંધનથી મુક્તિનો માર્ગ સમજાવ્યો છે. કર્મક્ષયનો પ્રારંભ **चलमाणे** થી થાય, ચલિત થયેલા કર્મોની અંતે નિર્જરા થાય, કર્મો નાશ પામે અને આત્મપ્રદેશોથી પૃથક્ થાય છે.

**चलमाणे चलिए** :– ચલાયમાન ચલિત. અબાધાકાલ પૂર્ણ થતાં પોતાનું ફળ દેવા કર્મો ઉદયાવલિકામાં પ્રવેશ કરે છે. ઉદયાવલિકામાં પ્રવેશ કરવા માટે કર્મો ચલાયમાન થાય છે. ઉદયાવલિકા તે જ કર્મોનો ચલનકાલ છે. તેમાં અસંખ્યાત સમય વ્યતીત થાય છે. તે અસંખ્યાત સમયની આદિ, મધ્ય અને અંત હોય છે. કર્મદલિકો પણ અનંત છે અને તેને ઉદયમાં આવવાનો પણ એક નિશ્ચિત ક્રમ છે. પ્રથમ સમયે કર્મ પુદ્ગલના જેટલા દલિકો ચલાયમાન થયા, તે દલિકો પોતાની ચલન ક્રિયા પ્રથમ સમયે જ પૂ્ કરે છે. તેથી પ્રથમ સમયે ચલાયમાન થયેલા કર્મદલિકોને પ્રથમ સમયે જ ચલિત કહેવાય છે. આ રીતે વર્તમાનકાલભાવી ચલાયમાન કર્મને ભૂતકાલભાવી ચલિત કર્મરૂપે કથન કરાય તેમાં કોઈ વિરોધ નથી.

કર્મોનો ઉદયાવલિકામાં પ્રવેશ થવાથી નિર્જરા સુધીની પ્રત્યેક ક્રિયા પરસ્પર સાપેક્ષ હોવા છતાં સંપૂર્ણ સ્વતંત્ર છે. સમયે સમયે તે પ્રત્યેક ક્રિયા થતી રહે છે.

કર્મોની ઉદયાવલિકા પણ અસંખ્યાત સમયની છે. તેમાં પ્રથમ સમયમાં જે દલિકો ઉદયાવલિકામાં

આવવા માટે ચલાયમાન થાય છે, તે અપેક્ષાએ ચલિત જ કહેવાય. કારણ કે સૂત્રોક્ત કર્મ સંબંધી નવે ક્રિયાઓ સમયે સમયે થાય છે. જો તે રીતે ન માનીએ તો પ્રથમ સમયની ચલન ક્રિયા નિષ્ફળ જશે અને તે જ રીતે બીજા, ત્રીજા આદિ સમયોમાં પણ ચલિતપણું માની શકાશે નહીં. કારણ કે સમયની અપેક્ષાએ સર્વમાં સમાનતા છે. આ રીતે કોઈ પણ કર્મ ચલિત ન થાય તો ઉદયમાં આવી શકે નહી.

પરંતુ કર્મોની સ્થિતિ પરિમિત છે. કર્મ પોતાની સ્થિતિ પૂર્ણ થતા ઉદયમાં ન આવે તે સર્વથા અશક્ય છે. સ્થિતિ પૂર્ણ થતાં કર્મો ઉદયાવલિકામાં પ્રવિષ્ટ થાય જ છે. કર્મોનો સમગ્ર જથ્થો એક સાથે ઉદયાવલિકામાં પ્રવિષ્ટ થતો જ નથી. તે ક્રમશઃ જ પ્રવિષ્ટ થાય છે. જેટલો જથ્થો જે સમયે ઉદયાવલિકામાં પ્રવિષ્ટ થાય તે જથ્થો ચલમાન ચલિત કહેવાય છે. આ રીતે માનવાથી જ ઉદયાદિ પ્રત્યેક પ્રક્રિયાનો ક્રમ યથા સંગત રહે છે.

વ્યવહારમાં લક્ષિત કાર્ય પૂર્ણતાની અપેક્ષાએ અંતિમ ક્ષણે થાય છે અને આંશિકતાની અપેક્ષાએ પ્રતિક્ષણે થાય છે. પૂર્ણતાની અપેક્ષાનો આંશિકતાની અપેક્ષામાં આરોપ કરવાથી ભ્રમ થાય છે. પ્રસ્તુત સૂત્રમાં કથિત કર્મોની આંશિક ચલન આદિ ક્રિયાના સિદ્ધાંતને પૂર્ણરૂપે સંથારો થવાની ક્રિયામાં આરોપિત કરવાથી જમાલીની બુદ્ધિ ભ્રમિત થઈ હતી. સાર એ છે કે સ્થૂલ દષ્ટિથી કાર્ય પૂર્ણ થાય ત્યારે જ તે કાર્યની પૂર્ણતા સ્વીકારવામાં આવે છે. છતાં પ્રતિક્ષણે અંશે અંશે કાર્ય થાય છે, તેનો નિષેધ કરવો યોગ્ય નથી.

વૃત્તિકાર શ્રી અભયદેવસૂરિએ આ સિદ્ધાંતને પટના દષ્ટાંતથી સમજાવ્યો છે. પટ વણવાના પ્રારંભથી જ અર્થાત્ પ્રથમ તંતુ વણાયો હોય ત્યારે પણ પટ વણાયો તેમ લોક વ્યવહાર થાય છે, તે સર્વથા નિરાધાર નથી. જો પ્રથમ તંતુના પ્રવેશ સમયે પટ ઉત્પન્ન થયો નથી તેમ માનવામાં આવે તો પ્રથમ સમયની ક્રિયા નિષ્ફળ જાય અને જો તેમ જ હોય તો પ્રથમ સમયની જેમ જ પછીના સમયની ક્રિયાથી પણ પટ ઉત્પન્ન ન થવો જોઈએ, કારણ કે સર્વ સમયની ક્રિયા સમાન છે, અંતિમ તંતુના પ્રવેશથી જ પટ નિર્મિત થયો તેમ પણ કહી શકાય નહીં કારણ કે અંતિમ તંતુ પ્રથમ આદિની અપેક્ષાએ જ છે. પ્રથમ તંતુના પ્રવેશથી જ પટનો કંઈક અંશ ઉત્પન્ન થાય છે. પટનો જેટલો અંશ ઉત્પન્ન થયો છે તે જ દ્વિતીયાદિ સમયની ક્રિયાને ઉત્પન્ન કરે છે. અંતે કાર્ય સંપન્ન થાય છે.

**ચલન આદિ નવ પદના અર્થ આ પ્રમાણે છે :–**

**ચલન :–** કર્મદલનું ઉદયાવલિકામાં પ્રવેશ કરવા માટે ચલિત થવું.

**ઉદીરણા :–** અધ્યવસાય વિશેષથી અથવા પ્રયત્નપૂર્વક જેની સ્થિતિ પરિપક્વ થઈ ગઈ છે, તેવા ઉદયમાં નહીં આવેલાં કર્મોને ઉદયાવલિકામાં ખેંચીને લાવવા.

**વેદના :–** ઉદયાવલિકામાં આવેલા કર્મફળનો અનુભવ કરવો.

**પ્રહીણ :–** આત્મપ્રદેશો સાથે એકમેક થયેલા કર્મોનું દૂર થવું–નાશ થવું.

**છેદન :–** કર્મોની દીર્ઘકાલિક સ્થિતિને અપવર્તના આદિ દ્વારા અલ્પકાલિક કરવી.

**ભેદન :–** બદ્ધ કર્મના તીવ્ર રસને અપવર્તનાકરણ દ્વારા મંદ કરવો અથવા ઉદ્વર્તનાકરણ દ્વારા મંદ રસને

તીવ્ર કરવો.

**દગ્ધ :–** કર્મરૂપી કાષ્ઠને ધ્યાનાગ્નિમાં ભસ્મીભૂત કરી, અકર્મ રૂપ કરવા.

**મૃત :–** પૂર્વબદ્ધ આયુષ્યકર્મના દલિકોનો નાશ થવો.

**નિર્જીર્ણ :–** ફળ આપ્યા પછી કર્મોનું આત્માથી પૃથક્ થવું, ક્ષીણ થવું.

## ઉક્ત પદોમાં એકાર્થતા અને ભિન્નર્થતા :–

**૮ एए णं भंते ! णव पया किं एगट्ठा णाणाघोसा णाणावंजणा उदाहु णाणट्ठा णाणाघोसा णाणावंजणा ?**

**गोयमा ! चलमाणे चलिए, उदीरिज्जमाणे उदीरिए, वेइज्जमाणे वेइए, पहिज्जमाणे पहीणे, एए णं चत्तारिपया एगट्ठा णाणाघोसा णाणावंजणा उप्पण्णपक्खस्स ।**

**छिज्जमाणे छिण्णे, भिज्जमाणे भिण्णे, डज्झमाणे दड्ढे, मिज्जमाणे मडे, णिज्जरिज्जमाणे णिज्जिण्णे, एए णं पंच पया णाणट्ठा णाणाघोसा णाणावंजणा विगयपक्खस्स ।**

**શબ્દાર્થ :–** **एगट्ठा** = એકાર્થક **णाणाघोसा** = ભિન્ન ઘોષવાળા **णाणावंजणा** = ભિન્ન વ્યંજન–વાળા **उप्पण्णपक्खस्स** = ઉત્પન્ન પક્ષની અપેક્ષાએ **विगयपक्खस्स** = વિગત પક્ષની અપેક્ષાએ.

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! આ નવ પદ શું એકાર્થક અને ભિન્ન ઘોષવાળા છે ? ભિન્ન વ્યંજન–વાળા છે ? કે ભિન્નાર્થક અને ભિન્ન ઘોષવાળા અને ભિન્ન વ્યંજનવાળા છે ?

ઉત્તર– હે ગૌતમ ! ચલમાન ચલિત, ઉદીર્યમાણ ઉદીરિત, વેદ્યમાન વેદિત, પ્રહીયમાણ પ્રહીણ, તે ચાર પદ ઉત્પન્ન પદની અપેક્ષાએ એકાર્થક, ભિન્નઘોષવાળા અને ભિન્ન વ્યંજનવાળા છે.

છિદ્યમાન છિન્ન, ભિદ્યમાન ભિન્ન, દહ્યમાન દગ્ધ, મ્રિયમાણ મૃત અને નિર્જીર્ણમાણ નિર્જીર્ણ આ પાંચ પદ વિગત પક્ષની અપેક્ષાએ ભિન્નાર્થક, ભિન્ન ઘોષવાળા અને ભિન્ન વ્યંજનવાળા છે.

## વિવેચન :–

પ્રસ્તુત પ્રશ્નમાં ગૌતમ સ્વામીનો અભિપ્રાય એ છે કે ઉપરોક્ત નવ પદમાં ઘોષ–ઉચ્ચારણ, વ્યંજન–ક, ખ, આદિ વર્ણ પ્રયોગ તો ભિન્ન ભિન્ન છે પરંતુ તેનો અર્થ એક જ છે કે ભિન્ન ભિન્ન છે ?

એકાર્થક બે રીતે થઈ શકે છે, એક જ વિષયને પ્રતિપાદન કરતા શબ્દોને એકાર્થક કહેવાય છે અને

જે પદોનો અર્થ–તાત્પર્ય એક હોય તેને પણ એકાર્થક કહેવાય છે. પ્રથમ ચાર પદ ઉત્પાદ પર્યાયની અપેક્ષાએ એક છે.

પ્રથમના ચારે પદ ઘાતિ કર્મોનો નાશ કરીને કેવળજ્ઞાનને પ્રગટ કરે છે. કેવળજ્ઞાનની ઉત્પત્તિ પક્ષની અપેક્ષાએ તે ચારે પદ એકાર્થક છે. ચારે પદની પ્રવૃત્તિ ક્રમયુક્ત હોવા છતાં પણ એક જ અંતઃમુહૂર્તમાં પ્રવૃત્ત થાય છે. તેમાં 'ચલમાણે ચલિએ' તે પદ કર્મને ઉદયમાં આવવા માટે ચલિત કરે છે. કર્મનો ઉદય બે પ્રકારે થાય, સ્થિતિ પૂર્ણ થતાં અને સ્થિતિ પૂર્ણ થયા પહેલાં પ્રયત્ન વિશેષથી ખેંચીને ઉદીરણા દ્વારા ઉદયમાં લાવવા તે. આ બંને પ્રકારે ઉદયમાં આવેલા કર્મોનો અનુભવ કરવો તેને વેદન કહેવાય અને જે કર્મનું વેદન થઈ જાય, તે કર્મ નષ્ટ થઈ જાય છે અર્થાત્ આત્મપ્રદેશોથી પૃથક્ થઈ જાય છે. તેને જ કર્મનું પ્રહીણ થવું કહેવાય છે. આ ચારે પદ ઘાતિકર્મોનો નાશ કરી કેવળજ્ઞાન પ્રગટ કરે છે. તેથી ઉત્પત્તિ પક્ષની અપેક્ષાએ ચારે પદ એકાર્થક છે.

કોઈ આચાર્યના અભિપ્રાયે આ ચારે પદો સ્થિતિબંધ આદિ વિશેષતાથી રહિત હોવાથી અર્થાત્ સામાન્ય રીતે કર્મને આશ્રિત હોવાથી એકાર્થક છે.

અંતિમ પાંચ પદ વિગતપદની અપેક્ષાએ ભિન્નાર્થક છે.

**छिज्जमाणे छिण्णे :–** આ પદ સ્થિતિઘાતની અપેક્ષાએ છે. કેવળજ્ઞાનની પ્રાપ્તિ પછી કેવળી ભગવાન યોગનિરોધની સન્મુખ થાય ત્યારે વેદનીય, નામ, ગોત્ર કર્મની દીર્ઘકાળની સ્થિતિને અપવર્તનાકરણ દ્વારા હ્રસ્વકાળની બનાવે છે. કર્મોના આ સ્થિતિઘાતને છેદન કહે છે.

**भिज्जमाणे भिण्णे :–** અપવર્તના કરણ દ્વારા કર્મોના રસને હીન કરવો તેને ભેદન કહે છે. કર્મોની સ્થિતિના ઘાત સાથે રસનો પણ ઘાત થાય છે. કર્મોની સ્થિતિ અને રસનો ઘાત એક સાથે જ થાય છે. તેમ છતાં સ્થિતિ અને રસના ખંડ ભિન્ન ભિન્ન હોય છે. સ્થિતિના ખંડથી રસના ખંડ અનંતગુણા છે, તેથી છેદન અને ભેદન બે ક્રિયા ભિન્ન છે.

**डज्जमाणे दड्ढे :–** આ પદ પ્રદેશબંધના ઘાતની અપેક્ષાએ છે. અનંતાનંત કર્મપ્રદેશોને અકર્મરૂપમાં પરિણત કરવા, તેને કર્મનો દાહ અર્થાત્ બાળવું કહેવાય. ૧૪ મા ગુણસ્થાને અસંખ્ય સમયની ગુણશ્રેણીની રચના દ્વારા કર્મપ્રદેશોનો ક્ષય કરાય છે. તે ગુણ શ્રેણીમાં પ્રથમ સમયથી અંતિમ સમય પર્યંત ક્રમથી અસંખ્યાત ગુણની વૃદ્ધિએ કર્મ પુદ્ગલનો દાહ થાય છે. આ પ્રકારનો દાહ શૈલેશી અવસ્થામાં શુકલધ્યાનનો ચોથો ભેદ સમુચ્છિન્ન ક્રિયા અપ્રતિપાતી નામક ધ્યાનાગ્નિ દ્વારા થાય છે.

**मिज्जमाणे मडे :–** આ પદથી આયુષ્ય કર્મના ક્ષયનું નિરૂપણ કર્યું છે. પ્રત્યેક સંસારી જીવને જન્મ–મરણ થાય છે. તેમાં અહીં અંતિમ મરણનું ગ્રહણ કર્યું છે. જે મોક્ષ પ્રાપ્તિ પહેલા થાય છે.

**णिज्जरिज्जमाणे णिज्जिण्णे :–** સમસ્ત કર્મોને અકર્મ રૂપમાં પરિણત કરવા, તેને નિર્જરા કહે છે. આ સ્થિતિ સંસારી જીવે કદાપિ પ્રાપ્ત કરી નથી, સમસ્ત કર્મોની નિર્જરા તે આત્માની અપૂર્વ સ્થિતિ છે.

તેથી તે અન્ય પદથી ભિન્ન છે.

આ રીતે અંતિમ પાંચે પદ વિગત–નાશ પક્ષની અપેક્ષાએ ભિન્નાર્થક છે. પ્રથમ ચાર પદથી કેવળજ્ઞાનની ઉત્પત્તિ અને અંતિમ પાંચ પદથી સમસ્ત કર્મના ક્ષયરૂપ મોક્ષની પ્રાપ્તિ થાય છે.

## ચોવીસ દંડકોના જીવોની સ્થિતિ આદિ :–

**૯ णेरइयाणं भंते ! केवइयं कालं ठिई पण्णत्ता ? गोयमा ! जहण्णेणं दस वाससहस्साइं, उक्कोसेणं तेत्तीसं सागरोवमाइं ठिई पण्णत्ता ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! નૈરયિકોની સ્થિતિ કેટલા કાલની છે ?

ઉત્તર– હે ગૌતમ ! જઘન્ય [ઓછામાં ઓછી] ૧૦,૦૦૦ વર્ષ અને ઉત્કૃષ્ટ [વધુમાં વધુ] ૩૩ સાગરોપમની કહી છે.

**૧૦ णेरइया णं भंते ! केवइकालस्स आणमंति वा पाणमंति वा ऊससंति वा णीससंति वा ? जहा उस्सासपए ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! નારકીના જીવો કેટલા કાલે [સમયે] શ્વાસ લે છે અને કેટલા સમયે શ્વાસ છોડે છે ? કેટલા કાલે ઉચ્છ્વાસ લે છે અને નિઃશ્વાસ છોડે છે ?

ઉત્તર– હે ગૌતમ ! પ્રજ્ઞાપના સૂત્રના સાતમા ઉચ્છ્વાસ પદ અનુસાર સમજવું.

**૧૧ णेरइया णं भंते ! आहारट्ठी ? जहा पण्णवणाए पढमए आहारुद्देसए तहा भाणियव्वं ।**

**ठिई उस्सासाऽऽहारे, किं वाऽऽहारेंति सव्वओ वावि ।**
**कइभागं सव्वावि व, कीस व भुज्जो परिणमंति ॥**

**ભાવાર્થ :–** હે ભગવન્ નારકી જીવો આહારર્થી છે ? અહીં પ્રજ્ઞાપના સૂત્રના આહાર પદના પ્રથમ ઉદ્દેશકની જેમ વર્ણન કરવું જોઈએ.

**ગાથાર્થ–** નારકીના જીવોની સ્થિતિ, ઉચ્છ્વાસ તથા આહાર સંબંધી કથન કરવું જોઈએ. શું તે આહાર કરે છે ? તે સમસ્ત પ્રદેશોથી આહાર કરે છે ? તે કેટલામો ભાગ આહાર કરે છે ? અથવા સર્વ આહારક દ્રવ્યોનો આહાર કરે છે ? અને તે આહારક દ્રવ્યોને વારંવાર કેવા રૂપે પરિણમાવે છે ?

**૧૨ णेरइयाणं भंते ! पुव्वाहारिया पोग्गला परिणया ? आहारिया आहारिज्ज**

**माणा पोग्गला परिणया ? अणाहारिया आहारिज्जिस्समाणा पोग्गला परिणया ? अणाहारिया अणाहारिज्जिस्समाणा पोग्गला परिणया?**

**गोयमा ! णेरइयाणं पुव्वाहारिया पोग्गला परिणया । आहारिया आहारिज्जमाणा पोग्गला परिणया, परिणमंति य । अणाहारिया आहारिज्जिस्समाणा पोग्गला णो परिणया, परिणमिस्संति । अणाहारिया अणाहारिज्जिस्समाणा पोग्गला णो परिणया णो परिणमिस्संति ।**

**શબ્દાર્થ :–** **पुव्वाहारिया** = પહેલા આહાર કરેલા **परिणया** = પરિણત થયા છે **आहारिज्जमाणा** = આહાર કરતા **अणाहारिया** = આહાર નહીં કરેલા **आहारिज्जस्समाणा** = ભવિષ્યમાં આહારરૂપે ગ્રહણ થાય તેવા **अणाहारिज्जिस्समाणा** = ભવિષ્યમાં પણ આહારરૂપે ગ્રહણ ન થઈ શકે તેવા, **पोग्गला** = પુદ્‌ગલ.

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્‌ ! (૧) નૈરયિકો દ્વારા પહેલા આહાર કરેલા પુદ્‌ગલ પરિણત થાય છે ? (૨) આહારરૂપે ગ્રહણ કરાતા પુદ્‌ગલો પરિણત થાય છે ? (૩) અનાહારિત–આહાર રૂપે ગ્રહણ નહીં કરાયેલા આહ્રિષ્યમાણ–પરંતુ ભવિષ્યમાં ગ્રહણ થઈ શકે તેવા પુદ્‌ગલો પરિણત થાય છે ? (૪) અનાહારિત અને અનાહ્રિષ્યમાણ–ભવિષ્યમાં ગ્રહણ ન થઈ શકે તેવા પુદ્‌ગલો પરિણત થાય છે ?

ઉત્તર– હે ગૌતમ ! (૧) નૈરયિકો દ્વારા પહેલા આહારરૂપે ગ્રહણ કરાયેલા પુદ્‌ગલો પરિણત થયા છે, થાય છે. (૨) આહારરૂપે ગ્રહણ કરાતા પુદ્‌ગલો પરિણત થયા છે અને થાય છે (૩) અનાહારિત–પૂર્વે ગ્રહણ કર્યા નથી પરંતુ ભવિષ્યમાં ગ્રહણ થશે તેવા પુદ્‌ગલો પરિણત થતા નથી પરંતુ ભવિષ્યમાં પરિણત થશે (૪) અનાહારિત અને અનાહ્રિષ્યમાણ (આહારરૂપે ગ્રહણ ન થતા) પુદ્‌ગલો પરિણત થયા નથી અને થશે નહીં.

**૧૩ णेरइयाणं भंते ! पुव्वाहारिया पोग्गला चिया ? पुच्छा ।**

**जहा परिणया तहा चिया वि, एवं उवचिया, उदीरिया, वेइया, णिज्जिण्णा।**

**परिणया चिया य उवचिया, उदीरिया वेइया य णिज्जिण्णा ।**
**एक्केकम्मि पदम्मि, चउव्विहा पोग्गला होंति ॥**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્‌ ! નારકી જીવો દ્વારા આહારિત–પહેલા આહાર રૂપે ગ્રહણ કરાયેલા પુદ્‌ગલ ચયને પ્રાપ્ત થાય છે ? વગેરે સર્વ પૃચ્છા કરવી.

ઉત્તર– હે ગૌતમ ! પૂર્વ સૂત્રમાં જે રીતે પરિણત થવાના ચાર વિકલ્પ કહ્યા છે, તે જ રીતે ચય, ઉપચય, ઉદીરણા, વેદના અને નિર્જરાના ચાર ચાર વિકલ્પ જાણવા.

**ગાથાર્થ–** પરિણત, ચિત, ઉપચિત, ઉદીરિત, વેદિત અને નિર્જીર્ણ, પુદ્‌ગલના ચાર ચાર વિકલ્પ

જાણવા. આ પ્રત્યેક પદમાં ચાર પ્રકારના પુદ્ગલ વિષયક પ્રશ્નોત્તર છે.

**૧૪ णेरइयाणं भंते ! कइविहा पोग्गला भिज्जंति ?**

**गोयमा ! कम्मदव्ववग्गणमहिकिच्च दुविहा पोग्गला भिज्जंति, तं जहा- अणू चेव बायरा चेव ।**

**भावार्थ :–**પ્રશ્ન– હે ભગવન્ ! નૈરયિકો દ્વારા કેટલા પ્રકારના પુદ્ગલો ભેદાય છે ?

ઉત્તર– હે ગૌતમ ! કર્મ દ્રવ્ય વર્ગણાની અપેક્ષાએ બે પ્રકારના પુદ્ગલો ભેદાય છે. અણુ–સૂક્ષ્મ અને સ્થૂલ–બાદર.

**૧૫ णेरइयाणं भंते ! कइविहा पोग्गला चिज्जंति ?**

**गोयमा ! आहार दव्ववग्गणमहिकिच्च दुविहा पोग्गला चिज्जंति, तं जहा- अणू चेव बायरा चेव । एवं उवचिज्जंति ।**

**भावार्थ :–** પ્રશ્ન– હે ભગવન્ ! નૈરયિકો કેટલા પ્રકારના પુદ્ગલોનો ચય કરે છે ?

ઉત્તર– હે ગૌતમ ! આહાર દ્રવ્યવર્ગણાની અપેક્ષાએ બે પ્રકારના પુદ્ગલોનો ચય કરે છે, અણુ અને બાદર. આ જ પ્રકારે ઉપચય સમજવું.

**૧૬ णेरइयाणं भंते ! कइविहा पोग्गला उदीरेंति ?**

**गोयमा ! कम्मदव्ववग्गणमहिकिच्च दुविहे पोग्गले उदीरेंति, तं जहा- अणू चेव बायरा चेव । सेसा वि एवं चेव भाणियव्वा- वेदेंति णिज्जरेंति ।**

**उव्वट्टिंसु उव्वट्टेंति उव्वट्टिस्संति । संकामिंसु , संकामेंति संकामिस्संति। णिहत्तिंसु णिहत्तेंति णिहत्तिस्संति । णिकायिंति णिकायिंसु णिकायिस्संति।**

**भेदिय चिया उवचिया, उदीरिया वेइया य णिज्जिण्णा ।**
**उववट्टण संकामण, णिहत्तण णिकायणे तिविहकालो ॥**

**શબ્દાર્થ :–** **भिज्जंति** = ભેદાય છે **कम्मदव्ववग्गणं** = કર્મ દ્રવ્ય વર્ગણાની **अहिकिच्च** = અપેક્ષાથી **चिज्जंति** = ચય કરે છે **उवचिज्जंति** = ઉપચય કરે છે **उदीरेंति** = ઉદીરણા કરે છે **वेदेंति** = વેદે છે, **णिज्जरेंति** = નિર્જરા કરે છે **उव्वट्टिंसु** = ઉદ્વર્તના–અપવર્તના કરી **उव्वट्टेंति** = ઉદ્વર્તન–અપવર્તન કરે છે **उवट्टिस्संति** = ઉદ્વર્તન–અપવર્તન કરશે **संकामेंति** = સંક્રમણ કરે છે **णिहत्तेंति** = નિધત્ત કરે છે, **णिकायिंति** = નિકાચિત કરે છે **तिविहकालो** = ત્રિવિધકાલ–ભૂત, વર્તમાન અને ભવિષ્યકાળ.

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! નૈરયિકો કેટલા પ્રકારના પુદ્ગલોની ઉદીરણા કરે છે ?

ઉત્તર– હે ગૌતમ ! કર્મ વર્ગણાની અપેક્ષાએ બે પ્રકારના પુદ્ગલોની ઉદીરણા કરે છે. અણુ અને બાદર. શેષ પદ પણ આ જ પ્રકારે સમજવા જોઈએ. ઉદ્વર્તના–અપવર્તના કરી હતી, કરે છે અને કરશે. સંક્રમણ કર્યું, સંક્રમણ કરે છે અને સંક્રમણ કરશે. નિધત્ત કર્યું, નિધત્ત કરે છે અને નિધત્ત કરશે. નિકાચિત્ કર્યા, નિકાચિત કરે છે અને નિકાચિત્ કરશે. આ સર્વ પદોમાં કર્મ દ્રવ્ય વર્ગણાની અપેક્ષાએ અણુ અને બાદર પુદ્ગલોનું કથન કરવું જોઈએ.

ગાથાર્થ– ભેદાયા, ચયને પ્રાપ્ત થયા, ઉપચયને પ્રાપ્ત થાય, ઉદીરાયા, વેદાયા, નિર્જરા કરાઈ આ રીતે અપવર્તન, સંક્રમણ, નિધત્તન અને નિકાચન [આ પાછલા ચાર] પદોમાં પણ ત્રણ કાલથી કથન કરવું જોઈએ.

**૧૭ णेरइया णं भंते ! जे पोग्गले तेयाकम्मत्ताए गेण्हंति, ते किं तीयकालसमए गेण्हंति, पडुप्पण्णकालसमए गेण्हंति, अणागयकालसमए गेण्हंति ?**

**गोयमा ! णो तीयकालसमए गेण्हंति, पडुप्पण्णकालसमए गेण्हंति, णो अणागयकालसमए गेण्हंति ।**

**ભાવાર્થ :–**પ્રશ્ન– હે ભગવન્ ! નારક જીવ જે પુદ્ગલોને તૈજસ અને કાર્મણ રૂપમાં ગ્રહણ કરે છે તે શું અતીતકાલમાં ગ્રહણ કરે છે ? પ્રત્યુત્પન્ન (વર્તમાન) કાલમાં ગ્રહણ કરે છે ? અથવા અનાગત [ભવિષ્ય] કાલમાં ગ્રહણ કરે છે ?

ઉત્તર– હે ગૌતમ ! અતીત કાલમાં કે અનાગત કાલમાં ગ્રહણ કરતા નથી. વર્તમાન કાલમાં ગ્રહણ કરે છે.

**૧૮ णेरइया णं भंते ! जे पोग्गले तेयाकम्मत्ताए गहिए उदीरेंति, ते किं तीयकाल-समयगहिए पोग्गले उदीरेंति ? पडुप्पण्णकालसमयघेप्पमाणे पोग्गले उदीरेंति ? गहणसमयपुरक्खडे पोग्गले उदीरेंति ?**

**गोयमा ! तीयकालसमयगहिए पोग्गले उदीरेंति, णो पडुप्पण्णकाल-समयघेप्पमाणे पोग्गले उदीरेंति, णो गहणसमयपुरक्खडे पोग्गले उदीरेंति। एवं वेदेंति, णिज्जरेंति ।**

**શબ્દાર્થ :–** **तेयाकम्मत्तए** = તૈજસ–કાર્મણ રૂપે **गेण्हंति** = ગ્રહણ કરે છે **तीयकालसमए** = અતીત કાળ માં **पडुपण्णकालसमए** = પ્રત્યુત્પન્ન–વર્તમાનકાળમાં **अणागयकालसमए** = અનાગત–ભવિષ્ય કાળમાં **गहणसमयपुरक्खडे** = આગામી કાળમાં–ગ્રહણ કરાતા **तीयकालसमयगहिए** = અતીત કાળમાં

ગ્રહણ કરેલા **पडुपण्णकालसमयघेप्पमाणे** = વર્તમાનકાળમાં ગ્રહણ કરાતા.

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! નારક જીવ તૈજસ–કાર્મણરૂપમાં ગ્રહણ કરેલા જે પુદ્‌ગલોની ઉદીરણા કરે છે તે શું અતીતકાલમાં ગૃહીત પુદ્‌ગલોની ઉદીરણા કરે છે ? કે વર્તમાનકાલમાં ગ્રહણ કરાતા પુદ્‌ગલોની ઉદીરણા કરે છે ? અથવા જેનો ઉદયકાળ ભવિષ્યમાં આવવાનો છે તેવા ભવિષ્યકાલ વિષયક પુદ્‌ગલોની ઉદીરણા કરે છે ?

ઉત્તર– હે ગૌતમ ! તે અતીતકાલમાં ગૃહિત પુદ્‌ગલોની ઉદીરણા કરે છે પરંતુ વર્તમાનકાલમાં ગ્રહણ કરાતા અને ભવિષ્યમાં ગ્રહણ થશે તેવા પુદ્‌ગલોની ઉદીરણા કરતા નથી. જે રીતે ઉદીરણાનું કથન કર્યું તે જ રીતે વેદના અને નિર્જરાનું કથન કરવું જોઈએ.

**૧૯ णेरइया णं भंते ! जीवाओ किं चलियं कम्मं बंधंति ? अचलियं कम्मं बंधंति ?**

**गोयमा ! णो चलियं कम्मं बंधंति, अचलियं कम्मं बंधंति ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! શું નારક જીવ જીવપ્રદેશોથી ચલિત [જે જીવ પ્રદેશમાં અવગાઢ નથી તેવા] કર્મોને બાંધે છે કે અચલિત [જે જીવ પ્રદેશમાં સ્થિત] કર્મોને બાંધે છે ?

ઉત્તર– હે ગૌતમ ! તે ચલિત કર્મોને બાંધતા નથી, પરંતુ અચલિત કર્મોને બાંધે છે.

**૨૦ णेरइया णं भंते ! जीवाओ किं चलियं कम्मं उदीरेंति ? अचलियं कम्मं उदीरेंति ?**

**गोयमा ! णो चलियं कम्मं उदीरेंति, अचलियं कम्मं उदीरेंति । एवं वेदेंति, उवट्टेंति, संकामेंति, णिहत्तेंति, णिकायिंति । सव्वेसु अचलियं, णो चलियं ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! શું નારક જીવ ચલિત કર્મની ઉદીરણા કરે છે કે અચલિત કર્મોની ઉદીરણા કરે છે ?

ઉત્તર– હે ગૌતમ ! ચલિત કર્મોની ઉદીરણા કરતા નથી, અચલિત કર્મોની ઉદીરણા કરે છે. તે જ રીતે [અચલિત કર્મોનું] વેદન, અપવર્તન, સંક્રમણ, નિધત્ત અને નિકાચિત કરે છે, આ સર્વ પદોમાં અચલિત કહેવું જોઈએ. ચલિત નહીં.

**૨૧ णेरइया णं भंते ! जीवाओ किं चलियं कम्मं णिज्जरेंति ? अचलियं कम्मं णिज्जरेंति ?**

**गोयमा ! चलियं कम्मं णिज्जरेंति, णो अचलियं कम्मं णिज्जरेंति। गाहा–**

**बंधोदय वेदोयट्ट, संकमे तह णिहत्तण णिकाये ।**
**अचलियं कम्मं तु भवे, चलियं जीवाओ णिज्जरए ॥**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! શું નારક જીવ આત્મપ્રદેશોથી ચલિત કર્મોની નિર્જરા કરે છે કે અચલિત કર્મોની નિર્જરા કરે છે ?

ઉત્તર– હે ગૌતમ ! નારક જીવ આત્મપ્રદેશોથી ચલિત કર્મોની નિર્જરા કરે છે, અચલિત કર્મોની નિર્જરા કરતા નથી.

**ગાથાર્થ–** બંધ ઉદય, વેદન, અપવર્તન, સંક્રમણ, નિધત્તન અને નિકાચનના વિષયમાં અચલિત કર્મ અને નિર્જરાના વિષયમાં ચલિત કર્મ સમજવું જોઈએ.

## વિવેચન :–

**નારકોની સ્થિતિ આદિના સંબંધમા પ્રશ્નોત્તર :–** શાસ્ત્રકારે આ સૂત્રોમાં નારકોની સ્થિતિ આદિ સંબંધિત ૮ પ્રશ્નોત્તર પ્રસ્તુત કર્યા છે, ક્રમશઃ તે આ પ્રકારે છે– (૧) સ્થિતિ (૨) શ્વાસોચ્છ્વાસ સમય (૩) આહાર (૪) આહારિત–અનાહારિત પુદ્‌ગલ પરિણમન (૫) તેના જ ચય, ઉપચય, ઉદીરણા, વેદન અને નિર્જરા વિષયક વિચાર (૬) આહાર દ્રવ્ય વર્ગણાના અને કર્મદ્રવ્યવર્ગણાના પુદ્‌ગલોનું ભેદન, ચય, ઉપચય, ઉદીરણા, વેદના, નિર્જરા, અપવર્તન, સંક્રમણ, નિધત્તન અને નિકાચન સંબંધિત વિચાર (૭) તૈજસ–કાર્મણના રૂપમાં ગૃહીત પુદ્‌ગલોનું ગ્રહણ, ગૃહીતની ઉદીરણા, વેદના અને નિર્જરાની અપેક્ષાએ ત્રિકાલ વિષયક વિચાર (૮) ચલિત–અચલિત કર્મ સંબંધી બંધ, ઉદીરણા, વેદન, અપવર્તન, સંક્રમણ, નિધત્તન, નિકાચન અને નિર્જરાની અપેક્ષાએ વિચાર કર્યો છે.

**સ્થિતિ :–** આત્મરૂપી દીપકમાં આયુકર્મ પુદ્‌ગલ રૂપી તેલના વિદ્યમાન રહેવાની સમય મર્યાદાને સ્થિતિ કહે છે. અહીં સ્થિતિ શબ્દ આયુષ્ય કર્મની સ્થિતિનો વાચક છે. નારકીની સ્થિતિ જઘન્ય ૧0000 વર્ષ અને ઉત્કૃષ્ટ ૩૩ સાગરોપમની છે. સાતે નરકની સ્થિતિ પ્રજ્ઞાપના સૂત્રાનુસાર જાણવી.

**આણમન–પ્રાણમન તથા ઉચ્છ્વાસ–નિઃશ્વાસ :–** આણમન–પ્રાણમન તથા ઉચ્છ્વાસ–નિઃશ્વાસનો અર્થ સમાન લાગવા છતાં તેમાં ભિન્નતા છે. તેમાં આભ્યંતર શ્વાસોચ્છ્વાસને આણમન–પ્રાણમન અને બાહ્ય શ્વાસોચ્છ્વાસને ઉસસંતિ–નિસસંતિ કહે છે.

**નારકોનો આહાર :–** નારકોનો આહાર બે પ્રકારનો હોય છે. અનાભોગ નિર્વર્તિત–અબુદ્ધિપૂર્વકનો આહાર અને આભોગનિર્વર્તિત–બુદ્ધિપૂર્વકનો આહાર. અનાભોગ આહાર તો પ્રતિક્ષણ–સતત થાય છે અને આભોગ નિર્વર્તિત આહાર અસંખ્યાત સમયના અંતર્મુહૂર્તે થાય છે. તે સિવાય શ્રી પ્રજ્ઞાપના સૂત્રમાં નારકોના આહાર વિષયક દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવ, દિશા, સમય આદિની અપેક્ષાએ પણ વિચારણા કરી છે.

**પરિણત, ચિત, ઉપચિત આદિ :–** આહારરૂપે ગ્રહણ કરેલા પુદ્‌ગલો શરીર સાથે એકમેક થઈ શરીર

રૂપે પરિવર્તિત થઈ જાય તે પરિણત કહેવાય છે. શરીર રૂપે પરિણત થયેલા પુદ્‌ગલો શરીર સાથે એક મેક થઈ શરીર સાથે પુષ્ટ થાય તે ચય[ચિત] કહેવાય છે. જેનો ચય થયો છે તેમાં અન્ય અન્ય પુદ્‌ગલોનું એકત્રિત થવું તે ઉપચય[ઉપચિત], કહેવાય છે.

**આહાર :–** આહાર શબ્દ અહીં ગ્રહણ અને ઉપભોગ તે બંને અર્થોમાં પ્રયુક્ત છે. પ્રસ્તુતમાં પ્રત્યેક પદના આહાર સંબંધિત ચાર ચાર પ્રશ્ન છે. (૧) આહારિત (૨) આહારિત–આહ્રીયમાણ (૩) અનાહારિત–આહારિષ્યમાણ એવં (૪) અનાહારિત–અનાહારિષ્યમાણ.

આ ચાર પ્રશ્નોના ૬૩ ભંગ થઈ શકે છે. અસંયોગી છ ભંગ– (૧) આહૃત (૨) આહ્રીયમાણ (૩) આહરિષ્યમાણ (૪) અનાહૃત (૫) અનાહ્રીયમાણ (૬) અનાહ્રીષ્યમાણ. આ છ પદના આધારે જ દ્વિકસંયોગી–૧૫ ભંગ, ત્રિકસંયોગી–૨૦ ભંગ, ચતુઃસંયોગી–૧૫ ભંગ, પંચસંયોગી–૬ ભંગ, ષટ્‌સંયોગી એક ભંગ થાય છે. કુલ ૬૩ ભંગ થાય છે. પ્રત્યેક ભંગના એક એક પ્રશ્ન થઈ શકે છે.

**પુદ્‌ગલોનું ભેદન :–** અપવર્તનાકરણ અને ઉદ્‌વર્તનાકરણ (અધ્યવસાય વિશેષ)થી તીવ્ર, મંદ, મધ્યમ રસવાળા પુદ્‌ગલોને અન્ય રૂપમાં પરિણત–[પરિવર્તિત] કરવા. જેમ કે તીવ્રને મંદ રસવાળા અને મંદને તીવ્ર બનાવવા તેને ભેદન કહે છે.

**પુદ્‌ગલોનો ચય ઉપચય :–** અહીં આહારથી શરીરનું પુષ્ટ થવું તે ચય અને વિશેષ પુષ્ટ થવું તે ઉપચય છે. આ કથન આહાર દ્રવ્ય વર્ગણાની અપેક્ષાએ જાણવું જોઈએ. [આહાર સંબંધી ચય ઉપચયનું વર્ણન તેરમા સૂત્રમાં છે. પછી ચૌદમા, પંદરમા સૂત્રમાં કર્મ સંબંધી ભેદન આદિનું કથન છે. તેથી પંદરમા સૂત્રમાં કર્મસંબંધી ચયનો પ્રસંગ છે. છતાં સૂત્રમાં આહારની અપેક્ષાએ કથન છે તે પાઠ વિચારણીય છે.]

**અપવર્તન :–** અધ્યવસાય વિશેષથી કર્મની સ્થિતિ અને રસને ઘટાડવા.

**ઉદ્‌વર્તન :–** અધ્યવસાય વિશેષથી કર્મની સ્થિતિ અને રસને વધારવા.

**સંક્રમણ :–** અધ્યવસાય વિશેષથી કર્મની ઉત્તર પ્રકૃતિઓનું એકબીજામાં પરિવર્તન કરવું. સંક્રમણ–મૂલપ્રકૃતિમાં થતું નથી. ઉત્તર પ્રકૃતિઓમાં થાય છે પણ આયુષ્યકર્મની ઉત્તરપ્રકૃતિઓમાં થતું નથી. તેમ જ દર્શનમોહ અને ચારિત્રમોહનું પણ પરસ્પર સંક્રમણ થતું નથી.

**નિધત્ત :–** ભિન્ન ભિન્ન કર્મ પુદ્‌ગલોને એકત્રિત કરી, ધારણ કરવા. કર્મોની નિધત્ત અવસ્થામાં ઉદ્‌વર્તના અને અપવર્તના આ બે કરણોથી જ પરિવર્તન થઈ શકે છે. આ બે કરણો સિવાય સંક્રમણાદિ અન્ય કોઈ પણ કરણથી જેમાં પરિવર્તન ન થઈ શકે, તે પ્રકારની કર્મની અવસ્થાને નિધત્ત કહે છે.

**નિકાચન :–** નિધત્ત કરેલા કર્મોનું એવું સુદઢ થઈ જવું કે જેમાં તે કર્મદલિકો એકબીજાથી પૃથક્ ન થઈ શકે. જેમાં કોઈ પણ કરણ કિંચિત્ પણ પરિવર્તન ન કરી શકે. અર્થાત્ કર્મ જે રૂપમાં બાંધ્યા છે તે જ રૂપમાં ભોગવવા પડે તે નિકાચિત કર્મ કહેવાય છે.

**ચલિત અચલિત :–** જે આકાશ પ્રદેશમાં જીવ પ્રદેશ સ્થિત છે, તે જ આકાશપ્રદેશમાં કર્મદલિકો સ્થિત ન હોય તેવાં કર્મોને ચલિત અને તેથી વિપરીત કર્મને અચલિત કહે છે. બંધ , ઉદીરણા, વેદન આદિ અચલિત કર્મોનું થાય છે. નિર્જરા ચલિત કર્મોની થાય છે.

**ભવનપતિ દેવોની સ્થિતિ આદિ :–**

**૨૨ असुरकुमाराणं भंते ! केवइयं कालं ठिई पण्णत्ता ?**

**गोयमा ! जहण्णेणं दस वाससहस्साइं उक्कोसेणं साइरेगं सागरोवमं।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! અસુરકુમારોની સ્થિતિ કેટલા કાલની છે ?

ઉત્તર– હે ગૌતમ ! જઘન્ય દસ હજાર વર્ષની અને ઉત્કૃષ્ટ એક સાગરોપમથી કંઈક અધિક હોય છે.

**૨૩ असुरकुमारा णं भंते ! केवइयकालस्स आणमंति वा पाणमंति वा?**

**गोयमा ! जहण्णेणं सत्तण्हं थोवाणं, उक्कासेणं साइरेगस्स पक्खस्स आणमंति वा पाणमंति वा ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! અસુરકુમાર કેટલા સમયે શ્વાસ લે અને નિઃશ્વાસ છોડે છે ?

ઉત્તર– હે ગૌતમ ! જઘન્ય–સાત સ્તોક અને ઉત્કૃષ્ટ એક પક્ષથી [પખવાડિયા] કંઈક અધિક સમયે શ્વાસ લે અને મૂકે છે.

**૨૪ असुरकुमारा णं भंते ! आहारट्ठी ? हंता, आहारट्ठी ।**

**असुरकुमाराणं भंते ! केवइकालस्स आहारट्ठे समुप्पज्जइ ?**

**गोयमा ! असुरकुमाराणं दुविहे आहारे पण्णत्ते, तं जहा– आभोगणिव्वत्तिए य अणाभोगाणिव्वत्तिए य । तत्थ णं जे से अणाभोगणिव्वत्तिए से अणुसमयं अविरहिए आहारट्ठे समुप्पज्जइ, तत्थ णं जे से आभोगणिव्वत्तिए से जहण्णेणं चउत्थभत्तस्स, उक्कोसेणं साइरेगस्स वाससहस्सस्स आहारट्ठे समुप्पज्जइ ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! શું અસુરકુમાર આહારના અભિલાષી છે ?

ઉત્તર– હા, ગૌતમ ! તે આહારના અભિલાષી હોય છે.

પ્રશ્ન– હે ભગવન્ ! અસુરકુમારને કેટલા સમયે આહારની ઈચ્છા ઉત્પન્ન થાય છે ?

ઉત્તર– હે ગૌતમ ! અસુરકુમારોનો આહાર બે પ્રકારનો છે. આભોગનિર્વર્તિત અને અનાભોગ નિર્વર્તિત. આ બંનેમાંથી અનાભોગ નિર્વર્તિત [અબુદ્ધિ પૂર્વકનો] આહાર વિરહ રહિત–પ્રતિ સમય થાય છે. પરંતુ આભોગ નિર્વર્તિત આહારની અભિલાષા જઘન્ય ચતુર્થ ભક્ત અર્થાત્ એક અહોરાત્રે અને ઉત્કૃષ્ટ એક હજાર વર્ષથી કંઈક અધિક સમયે થાય છે.

**૨૫ असुरकुमारा णं भंते ! किं आहारं आहारेंति ?**

**गोयमा ! दव्वओ अणंतपएसियाइं दव्वाइं, खित्तकालभाव पण्णवणागमेणं, सेसं जहा णेरइयाणं** *जाव* **।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! અસુરકુમાર ક્યા પુદ્ગલોનો આહાર કરે છે ?

ઉત્તર– હે ગૌતમ ! દ્રવ્યથી અનંત પ્રદેશી દ્રવ્યોનો આહાર કરે છે. ક્ષેત્ર કાલ અને ભાવની અપેક્ષાએ પ્રજ્ઞાપના સૂત્ર અનુસાર વર્ણન જાણવું જોઈએ. શેષ કથન નૈરયિકોના પ્રકરણ અનુસાર જાણવું જોઈએ.

**૨૬ ते णं तेसिं पोग्गला कीसत्ताए भुज्जो भुज्जो परिणमंति ?**

**गोयमा ! सोइंदियत्ताए जाव फासिंदियत्ताए, सुरूवत्ताए, सुवण्णत्ताए, इट्ठत्ताए इच्छियत्ताए, भिज्जियत्ताए, उड्ढत्ताए, णो अहत्ताए, सुहत्ताए, णो दुहत्ताए, भुज्जो भुज्जो परिणमंति ।**

**શબ્દાર્થ :–** **सुरूवत्ताए** = સુંદર રૂપે **सुवण्णत्ताए** = સુવર્ણરૂપે **इट्ठत्ताए** = ઈષ્ટરૂપે **इच्छियत्ताए** = ઈચ્છિત રૂપે **भिज्जियत्ताए** = મનોહરરૂપે **उड्ढत्ताए** = ઉર્ધ્વતા રૂપે **अहत्ताए** = નિમ્નતારૂપે (ગુરુતારૂપે)

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! અસુરકુમાર દ્વારા ગ્રહણ કરાયેલા આહારના પુદ્ગલો વારંવાર કેવા રૂપે પરિણમે છે ?

ઉત્તર– હે ગૌતમ ! શ્રોતેન્દ્રિયથી સ્પર્શેન્દ્રિય પર્યંતની પાંચ ઈન્દ્રિય રૂપે, સુંદરરૂપે, સુવર્ણ રૂપે, ઈષ્ટ રૂપે, ઈચ્છિત રૂપે, મનોહર(અભિલષિત) રૂપે, ઉર્ધ્વરૂપે (લઘુતારૂપે) પરિણત થાય છે. નિમ્નતા રૂપે (ગુરુતા રૂપે) નહીં. સુખરૂપમાં પરિણત થાય છે પરંતુ દુઃખ રૂપમાં પરિણત થતા નથી.

**૨૭ असुरकुमाराणं पुव्वाहारिया पोग्गला परिणया ?**

**असुरकुमाराभिलावे णं जहा णेरइयाणं** *जाव* **णो अचलियं कम्मं णिज्जरेंति।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! શું અસુરકુમારો દ્વારા આહૃત–પહેલા ગ્રહણ કરાયેલા પુદ્ગલ પરિણત થાય છે ?

ઉત્તર– હે ગૌતમ ! અસુરકુમારના સર્વ આલાપક નારકોની જેમ જાણવા જોઈએ. અચલિત

કર્મોની નિર્જરા કરે છે ત્યાં સુધી કથન કરવું જોઈએ.

**નાગકુમાર :–**

**૨૮ णागकुमारा णं भंते ! केवइयं कालं ठिई पण्णत्ता ?**

**गोयमा ! जहण्णेणं दसवाससहस्साइं, उक्कोसेणं देसूणाइं दो पलिओवमाइं।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! નાગકુમાર દેવોની સ્થિતિ કેટલા કાલની કહી છે ?

ઉત્તર– હે ગૌતમ ! જઘન્ય દસ હજાર વર્ષ અને ઉત્કૃષ્ટ દેશોન–કંઈક ન્યૂન બે પલ્યોપમની છે.

**૨૯ णागकुमारा णं भंते ! केवइयकालस्स आणमंति वा पाणमंति वा, ऊससंति वा णीससंति वा ?**

**गोयमा ! जहण्णेणं सत्तण्हं थोवाणं, उक्कोसेणं मुहुत्तपुहुत्तस्स आणमंति वा पाणमंति वा ऊससंति वा णीससंति वा ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! નાગકુમાર દેવ કેટલા સમયે આભ્યંતર અને બાહ્ય શ્વાસ લે અને મૂકે ?

ઉત્તર– હે ગૌતમ ! જઘન્યતઃ સાત સ્તોક અને ઉત્કૃષ્ટતઃ અનેક મુહૂર્તે શ્વાસોચ્છ્વાસ લે છે અને મૂકે છે.

**૩૦ णागकुमारा णं भंते ! आहारट्ठी ? हंता, आहारट्ठी ।**

**णागकुमारा णं भंते ! केवइयकालस्स आहारट्ठे समुप्पज्जइ ?**

**गोयमा ! णागकुमाराणं दुविहे आहारे पण्णत्ते, तं जहा– आभोगणिव्वत्तिए य, अणाभोगणिव्वत्तिए य तत्थ णं जे से अणाभोगणिव्वत्तिए से अणुसमयं अविरहहिए आहारट्ठे समुप्पज्जइ । तत्थ णं जे से आभोगणिव्वत्तिए से जहण्णेणं चउत्थभत्तस्स, उक्कोसेणं दिवसपुहुत्तस्स आहारट्ठे समुप्पज्जइ। सेसं जहा असुरकुमाराणं *जाव* चलियं कम्मं णिज्जरेंति, णो अचलियं कम्मं णिज्जरेंति । एवं सुवण्णकुमाराणं वि जाव थणियकुमाराणं ति ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! શું નાગકુમાર દેવ આહારાર્થી હોય છે ?

ઉત્તર– હા, ગૌતમ આહારાર્થી હોય છે.

પ્રશ્ન– હે ભગવન્ ! નાગકુમાર દેવોને કેટલા સમય પછી આહારની અભિલાષા ઉત્પન્ન થાય છે ?

ઉત્તર– ગૌતમ ! નાગકુમાર દેવોનો આહાર બે પ્રકારનો છે. આભોગ–નિર્વર્તિત અને અનાભોગ–નિર્વર્તિત. તેમાં અનાભોગનિર્વર્તિત આહાર પ્રતિસમય–વિરહરહિત હોય છે અને આભોગનિર્વર્તિત આહારની અભિલાષા જઘન્ય ચતુર્થભક્ત–એક અહોરાત્રે અને ઉત્કૃષ્ટ દિવસ પૃથક્ત્વ–અનેક દિવસે ઉત્પન્ન થાય છે. શેષ ચલિત કર્મની નિર્જરા કરે છે, અચલિત કર્મોની નિર્જરા કરતા નથી, ત્યાં સુધીનું સંપૂર્ણ વર્ણન અસુરકુમાર દેવોની જેમ સમજવું જોઈએ.

સુવર્ણકુમાર દેવોથી સ્તનિતકુમાર દેવો સુધીના સર્વ ભવનપતિ દેવોની સ્થિતિથી કર્મ નિર્જરા સુધીના સર્વ આલાપકોનું કથન પૂર્વવત્ કરવું.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રોમાં દશ ભવનપતિ દેવોની સ્થિતિ આદિના સંબંધમાં નારકોની જેમ ક્રમશઃ પ્રશ્નોત્તર અંકિત છે.

**સ્થિતિ :–** ભવનપતિની સ્થિતિ જઘન્ય ૧૦,૦૦૦ વર્ષ, ઉત્કૃષ્ટ કંઈક અધિક એક સાગરોપમની અને નવનિકાયના દેવોની સ્થિતિ જઘન્ય ૧૦,૦૦૦ વર્ષ, ઉત્કૃષ્ટ કંઈક ન્યૂન બે પલ્યોપમની છે. મૂળ પાઠમાં નાગકુમાર દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ કંઈક ન્યૂન બે પલ્યોપમની કહી છે. તે ઉત્તરદિશાના નાગકુમારોની અપેક્ષાએ સમજવી જોઈએ. દક્ષિણ દિશાવર્તી નાગકુમારોની ઉત્કૃષ્ટ સ્થિતિ દોઢ પલ્યોપમની છે.

**શ્વાસોશ્વાસ કાલમાન :–** અસુરકુમાર જઘન્ય સાત સ્તોક, ઉત્કૃષ્ટ એક પક્ષ, નવનિકાયનાદેવ જઘન્ય સાત સ્તોક, ઉત્કૃષ્ટ મુહૂર્ત પૃથક્ત્વે શ્વાસ લે છે અને છોડે છે.

**આહાર :–** અસુરકુમાર જઘન્ય ચતુર્થભક્ત–એક અહોરાત્રે, ઉત્કૃષ્ટ કંઈક અધિક ૧૦૦૦ વર્ષે, નવનિકાયના દેવો જઘન્ય ચતુર્થભક્ત–એક અહોરાત્રે, ઉત્કૃષ્ટ દિવસ પૃથક્ત્વે–અનેક દિવસે આહાર કરે છે. તેણે ગ્રહણ કરેલો આહાર પંચેન્દ્રિયપણે અને સુરૂપે, ઈચ્છિત અને મનોહર રૂપે પરિણમે છે. શેષ કથન નૈરયિકોની સમાન જાણવું.

**पुहुत्त–पृथक्त्व :–** પરંપરાથી પૃથક્ત્વ શબ્દ બે થી નવ સંખ્યાનો વાચક છે. **द्विप्रभृतिरानवभ्यः संख्या विशेषः पृथकत्वमुच्यते** । *[પૂ. ઘાસીલાલજી મ.સા.]* પરંતુ પ્રાચીન ટીકા અને અભિધાન રાજેન્દ્ર કોષમાં પુહુત્ત = પૃથુત્વ શબ્દનો અર્થ "અનેક" કર્યો છે. **पुहुत्त सद्दो बहुवाची** । – ટીકા. શ્રી ભગવતી સૂત્ર, જીવાભિગમ સૂત્ર, પ્રજ્ઞાપના સૂત્ર આદિ અનેક આગમોમાં '**पुहुत्त**' શબ્દપ્રયોગ અનેક સ્થાને થયો છે. તેમાં જ્યાં તેનો બે થી નવ અર્થ સુસંગત ન થતો હોય ત્યાં તેનો 'અનેક' અર્થ સ્વીકાર્ય છે. અનેક શબ્દમાં બે થી નવનો અને તેથી અધિક સંખ્યાનો પણ સમાવેશ થઈ જાય છે.

**સ્થાવર જીવની સ્થિતિ આદિ :–**

**૩૧** **पुढवीकाइयाणं भंते ! केवइयं कालं ठिई पण्णत्ता ?**

**गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं बावीसं वाससहस्साइं।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! પૃથ્વીકાયિક જીવોની સ્થિતિ કેટલા કાલની છે ?

ઉત્તર– ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ બાવીસ હજાર વર્ષની છે.

**૩૨** **पुढवीकाइया णं भंते ! केवइकालस्स आणमंति वा पाणमंति वा ऊससंति वा णीससंति वा ? गोयमा ! वेमायाए आणमंति वा ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! પૃથ્વીકાયિક જીવ કેટલા સમયે શ્વાસ–નિઃશ્વાસ લે છે અને છોડે છે ?

ઉત્તર– ગૌતમ ! તે જીવો વિમાત્રાથી શ્વાસોચ્છ્વાસ લે છે અર્થાત્ તેઓના શ્વાસોચ્છ્વાસનો સમય નિશ્ચિત નથી.

**૩૩** **पुढवीकाइया णं भंते ! आहारट्ठी? हंता, आहारट्ठी ।**

**पुढवीकाइयाणं केवइकालस्स आहारट्ठे समुप्पज्जइ ? गोयमा ! अणुसमयं अविरहिए आहारट्ठे समुप्पज्जइ ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! પૃથ્વીકાયિક જીવો આહારના અભિલાષી છે ?

ઉત્તર– હા, ગૌતમ, તે જીવો આહારના અભિલાષી હોય છે.

પ્રશ્ન– હે ભગવન્ ! પૃથ્વીકાયિક જીવોને કેટલા સમયે આહારની ઈચ્છા ઉત્પન્ન થાય છે ?

ઉત્તર– ગૌતમ ! તે જીવોને પ્રતિ સમય વિરહરહિત–નિરંતર આહારની ઈચ્છા ઉત્પન્ન થાય છે.

**૩૪** **पुढवीकाइया किं आहारं आहारेंति ?**

**गोयमा ! दव्वओ जहा णेरइयाणं जाव णिव्वाघाएणं छद्दिसिं, वाघायं पडुच्च सिय तिदिसिं, सिय चउद्दिसिं, सिय पंचदिसिं, वण्णओ काल-णील-पीय-लोहिय- हालिद्द-सुक्किलाणं, गंधओ सुब्भिगंधाइं २ । रसओ तित्ताइं ५ । फासओ कक्खडाइं ८, सेसं तहेव ।**

**શબ્દાર્થ :– णिव्वाघाएणं** = નિર્વ્યાઘાત અપેક્ષાએ અર્થાત્ વ્યાઘાત ન હોય તો, **छद्दिसिं** = છ દિશાઓમાંથી

**वाघायं पडुच्च** = વ્યાઘાત અપેક્ષાએ, **सिय** = કદાચિત્, **फासिंदिय** = સ્પર્શેન્દ્રિય રૂપે **वेमायत्ताए** = સમયની મર્યાદા વિના, વિવિધ પ્રકારે **उस्सासो वेमायाए** = ઉચ્છ્વાસ પણ વિમાત્રા– વિવિધ પ્રકારે જાણવો.

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! પૃથ્વીકાયિક જીવ કેવા પ્રકારનો આહાર કરે છે ?

ઉત્તર– હે ગૌતમ ! તે દ્રવ્યથી અનંત પ્રદેશી દ્રવ્યોનો આહાર કરે છે. ઈત્યાદિ આહાર વિષયક સર્વ બાબત નૈરયિકોની સમાન જાણવી જોઈએ. પૃથ્વીકાયિક જીવ વ્યાઘાત ન હોય તો છ દિશાના પુદ્ગલોનો આહાર કરે છે. વ્યાઘાત હોય તો કદાચિત્ ત્રણ દિશામાંથી, કદાચિત્ ચાર દિશામાંથી, કદાચિત્ પાંચદિશામાંથી આહાર યોગ્ય પુદ્ગલો ગ્રહણ કરે છે.

વર્ણની અપેક્ષાએ કાળો, નીલો, લાલ, હારિદ્ર–પીળો તથા શ્વેત વર્ણના દ્રવ્યોનો આહાર કરે છે. ગંધની અપેક્ષાએ સુરભિગંધ અને દુરભિગંધ, બંને ગંધવાળા; રસની અપેક્ષાએ તિક્ત–તીખો આદિ પાંચે રસ વાળા; સ્પર્શની અપેક્ષાએ કર્કશ આદિ આઠ સ્પર્શવાળા દ્રવ્યોનો આહાર કરે છે. શેષ વર્ણન પૂર્વવત્ સમજવું.

**૩૫ कइभागं आहारेंति, कइभागं फासाइंति ?**

**गोयमा ! असंखिज्जभागं आहारेंति, अणंतभागं फासाइंति** *जाव* ।

**ભાવાર્થ :–** પ્રશ્ન– પૃથ્વીકાયના જીવ કેટલા ભાગનો આહાર કરે અને કેટલા ભાગનો સ્પર્શ કરે છે ?

ઉત્તર– હે ગૌતમ ! અસંખ્યાત ભાગનો આહાર કરે છે અને અનંતમા ભાગનો સ્પર્શ કરે છે અર્થાત્ સ્પર્શપણે અનુભવે છે.

**૩૬ तेसिं पोग्गला कीसत्ताए भुज्जो भुज्जो परिणमंति ?**

**गोयमा ! फासिंदिय वेमायत्ताए भुज्जो भुज्जो परिणमंति, सेसं जहा णेरइयाणं,** *जाव* **णो अचलियं कम्मं णिज्जरंति, एवं** *जाव* **वणस्सइकाइयाणं, णवरं ठिई वण्णेयव्वा जा जस्स । उस्सासो वेमायाए ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! તેના આહાર કરેલા પુદ્ગલ કયા રૂપે વારંવાર પરિણમે છે ?

ઉત્તર– હે ગૌતમ ! સ્પર્શેન્દ્રિય રૂપે વિમાત્રાથી અર્થાત્ ઈષ્ટ–અનિષ્ટ આદિ વિવિધ પ્રકારે વારંવાર પરિણમે છે. શેષ કથન નારકીની સમાન સમજવું જોઈએ ***યાવત્*** ચલિત કર્મોની નિર્જરા કરે છે. અચલિત કર્મોની નિર્જરા કરતા નથી. આ રીતે વનસ્પતિકાય પર્યંતના જીવોના વિષયમાં સમજવું જોઈએ પરંતુ વિશેષતા એ છે કે આ સર્વની સ્થિતિ ભિન્ન ભિન્ન છે. જેની જેટલી સ્થિતિ હોય તેટલી કહેવી જોઈએ અને આ સર્વનો ઉચ્છ્વાસ વિમાત્રાથી જાણવો જોઈએ.

**વિવેચન :–**

આ સૂત્રોમાં પૃથ્વીકાયિકાદિ પાંચ સ્થાવર જીવોની સ્થિતિ આદિનું વર્ણન કર્યું છે. પ્રત્યેક જીવોની

જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્તની છે. પૃથ્વીકાયિક જીવોની ઉત્કૃષ્ટ સ્થિતિ ૨૨ હજાર વર્ષની છે. અપકાયની– ૭૦૦૦ વર્ષની, તેઉકાયની–૩ અહોરાત્રની, વાઉકાયની–૩૦૦૦ વર્ષની, વનસ્પતિકાયની –૧૦,૦૦૦ વર્ષની સ્થિતિ છે.

**વિમાત્રા આહાર, વિમાત્રા શ્વાસોચ્છ્વાસ :–** પૃથ્વીકાયિક આદિ પાંચે સ્થાવર જીવોમાં આહારની સમયમર્યાદા(માત્રા) નિયત નથી. તે જ પ્રમાણે તેના શ્વાસની સમયમર્યાદા(માત્રા)પણ નિયત નથી અર્થાત્ તે એકેન્દ્રિય જીવોનો આહારેચ્છા હોતો કાલ નથી કારણ કે તેઓ નિરંતર રોમોથી આહાર કરે છે. તેને માટે **'अणुसमयं अविरहियं'** શબ્દપ્રયોગ છે. બેઈન્દ્રિય આદિ ત્રસ જીવોની આહારેચ્છાની કાલમર્યાદા તેમજ ઔદારિકના દશે દંડકમાં યુગલિકો સિવાય સર્વ જીવોની આહાર મર્યાદા નિશ્ચિત કહેવા યોગ્ય હોતી નથી. તે માટે આગમકારોએ **वेमायाए** શબ્દનો પ્રયોગ કર્યો છે. જેનો અર્થ છે વિભિન્ન સમય મર્યાદાથી તે જીવ આહાર કરે છે.

**વ્યાઘાત–નિર્વ્યાઘાત :–** લોકાંતે જ્યાં લોક અને અલોકની સીમા ભેગી થાય છે ત્યાં વ્યાઘાતનો સંભવ છે, કારણ કે અલોકમાં આહાર યોગ્ય પુદ્ગલ નથી. જે જીવો લોકના અંત ભાગમાં સ્થિત છે તે જીવો ત્રણ, ચાર કે પાંચ દિશામાંથી આહારના પુદ્ગલ ગ્રહણ કરે છે તે વ્યાઘાત આહાર કહેવાય છે અને જે જીવો લોકના મધ્યમાં સ્થિત હોય તે નિયમા છ દિશામાંથી આહારના પુદ્ગલ ગ્રહણ કરે છે તે નિર્વ્યાઘાત આહાર કહેવાય છે.

**એકેન્દ્રિય જીવોનો આહાર તથા શ્વાસ :–** પૃથ્વીકાયિકાદિ એકેન્દ્રિય સ્થાવર જીવોને એક માત્ર સ્પર્શેન્દ્રિય જ હોય છે. તે જીવોને જીભ કે નાક હોતા નથી. તેથી તે જીવો શરીરના રોમો દ્વારા જ આહારના પુદ્ગલ ગ્રહણ કરે છે અને રોમો દ્વારા જ શ્વાસ લે છે અને મૂકે છે. આ રીતે એકેન્દ્રિયનો શ્વાસ અને આહાર સ્પર્શેન્દ્રિય દ્વારા હોય છે. ઈ

## વિકલેન્દ્રિયની સ્થિતિ આદિ :-

**૩૭ बेइंदियाणं ठिई भाणियव्वा, उस्साओ वेमायाए ।**

**ભાવાર્થ :–**બેઈન્દ્રિય જીવોની સ્થિતિ પ્રજ્ઞાપનાનુસાર જાણવી. તેનો શ્વાસોચ્છ્વાસ વિમાત્રાથી–અનિયત જાણવો જોઈએ.

**૩૮ बेइंदियाणं आहारे पुच्छा ?**

**अणाभोग णिव्वत्तिए तहेव, तत्थ णं जे से आभोगणिव्वत्तिए से णं असंखेज्ज- समइए, अंतोमुहुत्तिए वेमायाए आहारट्ठे समुप्पज्जइ, सेसं तहेव** *जाव* **अणंतभागं आसायंति ।**

**ભાવાર્થ :–**બેઈન્દ્રિય જીવોના આહારના વિષયમાં પ્રશ્નો કરવા.

પ્રશ્ન– હે ભગવન્ ! બેઈન્દ્રિય જીવોને કેટલા સમયે આહારની અભિલાષા થાય છે ?

ઉત્તર– અનાભોગ નિર્વર્તિત આહાર નિરંતર થાય છે. આભોગ નિર્વર્તિત આહારની અભિલાષા વિમાત્રાથી અસંખ્યાત સમયના અંતમુહૂર્તે થાય છે. શેષ સર્વ વર્ણન પૂર્વવત્ જાણવું. અનંતમા ભાગનું આસ્વાદન કરે છે. ત્યાં સુધી કથન કરવું જોઈએ.

**૩૯ बेइंदिया णं भंते ! जे पोग्गले आहारत्ताए गिण्हंति, ते किं सव्वे आहारंति, णो सव्वे आहारंति ?**

**गोयमा ! बेइंदियाणं दुविहे आहारे पण्णत्ते, तं जहा– लोमाहारे पक्खेवाहारे । जे पोग्गले लोमाहारत्ताए गिण्हंति ते सव्वे अपरिसेसिए आहारेंति, जे पक्खेवाहारत्ताए गिण्हंति तेसिं णं पोग्गलाणं संखेज्जइभागं आहारेंति, अणेगाइं च णं भागसहस्साइं अणासाइज्जमाणाइं अफासाइज्जमाणाइं विद्धंसं आगच्छंति ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! બેઈન્દ્રિય જીવ જે પુદ્‌ગલોને આહારરૂપે ગ્રહણ કરે છે તે સર્વ પુદ્‌ગલોનો આહાર કરે છે કે સર્વ પુદ્‌ગલોનો આહાર ગ્રહણ કરતા નથી ?

ઉત્તર– હે ગૌતમ ! બેઈન્દ્રિયાદિ જીવોનો આહાર બે પ્રકારનો છે. જેમ કે, રોમાહાર–રોમ દ્વારા ખેંચાતો આહાર અને પ્રક્ષેપાહાર–કવલ રૂપે મુખમાં પ્રક્ષેપ કરીને થતો આહાર. જે પુદ્‌ગલોને રોમ દ્વારા ગ્રહણ કરે છે તે સર્વનો સંપૂર્ણ રૂપે આહાર કરે છે અને જે પુદ્‌ગલોને પ્રક્ષેપાહાર રૂપે ગ્રહણ કરે છે, તે પુદ્‌ગલોમાંથી સંખ્યાતમો ભાગ ગ્રહણ કરે છે અને અનેક હજાર ભાગ આસ્વાદ કર્યા વિના, સ્પર્શ કર્યા વિના નષ્ટ થઈ જાય છે.

**૪૦ एएसि णं भंते ! पोग्गलाणं अणासाइज्जमाणाणं अफासाइज्जमाणाणं कयरे कयरेहिंतो अप्पा वा बहुवा वा तुल्ला वा विसेसाहिया वा ?**

**गोयमा ! सव्वत्थोवा पोग्गला अणासाइज्जमाणा, अफासाइज्जमाणा अणंत- गुणा ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! આ આસ્વાદ કર્યા વિનાના અને સ્પર્શ કર્યા વિનાના પુદ્‌ગલોમાંથી કયા પુદ્‌ગલો, કયા પુદ્‌ગલોથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ?

ઉત્તર– હે ગૌતમ ! આસ્વાદ નહિ કરેલા પુદ્‌ગલો સર્વથી થોડા છે. તેથી સ્પર્શ નહિ કરેલા પુદ્‌ગલ અનંતગુણા છે.

**૪૧ बेइंदिया णं भंते ! जे पोग्गले आहारत्ताए गिण्हंति, ते णं तेसिं**

**पोग्गला कीसत्ताए भुज्जो भुज्जो परिणमंति ?**

**गोयमा ! जिब्भिंदिय-फासिंदिय वेमायत्ताए भुज्जो भुज्जो परिणमंति ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! બેઈન્દ્રિય જીવ જે પુદ્‍ગલોને આહાર રૂપે ગ્રહણ કરે છે તે પુદ્‍ગલ તેને કેવા રૂપે વારંવાર પરિણમે છે ?

ઉત્તર– હે ગૌતમ ! તે પુદ્‍ગલ અનિયત માત્રાએ(વિવિધતાપૂર્વક) જિહ્‌વેન્દ્રિય રૂપે અને સ્પર્શેન્દ્રિય રૂપે વારંવાર પરિણમે છે.

**૪૨ बेइंदियाणं भंते ! पुव्वाहारिया पोग्गला परिणया ? तहेव** *जाव* **णो अचलियं कम्मं णिज्जरेंति ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! શું બેઈન્દ્રિય જીવોએ પહેલા આહાર રૂપે ગ્રહણ કરેલા પુદ્‍ગલો પરિણત થાય છે ?

ઉત્તર– ચલિત કર્મોની નિર્જરા કરે છે ત્યાં સુધીનું સંપૂર્ણ વક્તવ્ય પૂર્વવત્ સમજવું.

**૪૩ तेइंदिय–चउरिंदियाणं तहेव । णाणत्तं ठिईए जाव णेगाइं च णं भागसहस्साइं अणाघाइज्जमाणाइं अणासाइज्जमाणाइं अफासाइज्जमाणाइं विद्धंसं आगच्छंति।**

**एएसिं णं भंते ! पोग्गलाणं अणाघाइज्जमाणाणं अणासाइज्जमाणाणं अफासाइज्जमाणाणं अप्पाबहुं पुच्छा ।**

**गोयमा ! सव्वत्थोवा पोग्गला अणाघाइज्जमाणा, अणासाइज्जमाणा अणंतगुणा, अफासाइज्जमाणा अणंतगुणा ।**

**ભાવાર્થ :–** તેઈન્દ્રિય અને ચતુરિન્દ્રિય જીવોની સ્થિતિમાં અંતર છે. શેષ સંપૂર્ણ વર્ણન પૂર્વવત્ જાણવું ***યાવત્*** અનેક હજાર ભાગ સૂંઘ્યા વિના, ચાખ્યા વિના અને સ્પર્શ્યા વિના નષ્ટ થઈ જાય છે.

પ્રશ્ન– હે ભગવન્ ! આ નહિ સૂંઘેલા, નહિ ચાખેલા, નહિ સ્પર્શેલા પુદ્‍ગલોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય અથવા વિશેષાધિક છે ? તેમ પ્રશ્ન કરવો.

ઉત્તર– હે ગૌતમ ! નહિ સૂંઘેલા પુદ્‍ગલ સર્વથી થોડા છે. તેથી નહિ ચાખેલા–આસ્વાદેલા પુદ્‍ગલ અનંતગુણા અને તેથી નહિ સ્પર્શેલા પુદ્‍ગલ અનંતગુણા છે.

**૪૪ तेइंदियाणं–घाणिंदिय जिब्भिंदिय फासिंदियवेमायाए भुज्जो भुज्जो परि– णमंति । चउरिंदियाणं-चक्खिदिय घाणिंदिय जिब्भिंदिय फासिंदियत्ताए भुज्जो**

**भुज्जो परिणमंति ।**

**ભાવાર્થ :–** તેઈન્દ્રિય જીવો દ્વારા ગ્રહણ કરેલો આહાર ઘ્રાણેન્દ્રિય, જીહ્વેન્દ્રિય અને સ્પર્શેન્દ્રિય રૂપે વારંવાર પરિણત થાય છે. ચૌરેન્દ્રિય જીવો દ્વારા ગ્રહણ કરેલો આહાર ચક્ષુરિન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, જિહ્વેન્દ્રિય અને સ્પર્શેન્દ્રિય રૂપે વારંવાર પરિણત થાય છે.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રોમાં બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચતુરિન્દ્રિય જીવોની સ્થિતિ આદિનું વર્ણન છે.

**સ્થિતિ :–** અહીં સ્થિતિનું કથન સંક્ષેપમાં થયું છે. પ્રજ્ઞાપના સૂત્રમાં સ્પષ્ટ પાઠ છે તે અનુસાર જઘન્ય સ્થિતિ અંતઃમુહૂર્તની છે અને ઉત્કૃષ્ટ સ્થિતિ બેઈન્દ્રિયની બાર વર્ષની, તેઈન્દ્રિયની ૪૯ અહોરાત્રની, ચૌરેન્દ્રિયની છ માસની છે.

**શ્વાસોચ્છ્વાસ :–** વિમાત્રા–અનિયતકાલે થાય છે.

**અસંખ્યાત સમયનું અંતર્મુહૂર્ત :–** એક અંતર્મુહૂર્તમાં અસંખ્યાત સમય છે તેથી તેના અસંખ્યાત ભેદ છે. વિકલેન્દ્રિય જીવોને આભોગનિર્વર્તિત આહારની અભિલાષા અસંખ્યાત સમયના અંતર્મુહૂર્ત પછી થાય છે.

**રોમાહાર :–** સ્વતઃ[ઓઘતઃ] રોમ દ્વારા જે પુદ્ગલ પ્રવિષ્ટ થઈ જાય તેને રોમાહાર કહે છે.

**પ્રક્ષેપાહાર :–** કવલ આદિ દ્વારા મુખમાં પ્રક્ષેપ કરીને થતા આહારને પ્રક્ષેપાહાર કહે છે. શરીરના અન્ય વિભાગ દ્વારા પ્રક્ષિપ્ત કરાતા પુદ્ગલને પણ પ્રક્ષેપાહાર કહે છે. જેમ કે ઈંજેકશન વગેરે.

## પંચેન્દ્રિય તિર્યંચની સ્થિતિ આદિ :–

**૪૫ पंचिंदिय तिरिक्खजोणियाणं ठिई भणिऊणं उस्सासो वेमायाए । आहारो अणाभोगणिव्वत्तिओ अणुसमयं अविरहिओ । आभोगणिव्वत्तिओ जहण्णेणं अंतोमुहुत्तस्स, उक्कोसेणं छट्ठभत्तस्स । सेसं जहा चउरिंदियाणं *जाव* णो अचलियं कम्मं णिज्जरेंति ।**

**ભાવાર્થ :–** પંચેન્દ્રિય તિર્યંચ યોનિક જીવોની સ્થિતિનું કથન કરીને તેનો ઉચ્છ્વાસ વિમાત્રાથી અનિયતકાલે થાય છે તેમ કથન કરવું જોઈએ. તેનો અનાભોગ નિર્વર્તિત આહાર વિરહરહિત– નિરંતર થાય છે. આભોગનિર્વર્તિત આહાર જઘન્ય અંતઃમુહૂર્ત અને ઉત્કૃષ્ટ ષષ્ઠભક્ત અર્થાત્ બે દિવસ વ્યતીત થયા પછી થાય છે. તે સંબંધમાં શેષ વક્તવ્ય અચલિત કર્મોની નિર્જરા થતી નથી, ત્યાં સુધી ચૌરેન્દ્રિય જીવોના વક્તવ્યની સમાન જાણવું જોઈએ.

## મનુષ્ય સ્થિતિ આદિ :–

**૪૬** **एवं मणुस्साणं वि, णवरं आभोगणिव्वत्तिए जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं अट्ठमभत्तस्स, सोइंदिय** *जाव* **फासिंदिय वेमायत्ताए भुज्जो भुज्जो परिणमंति, सेसं जहा चउरिंदियाणं तहेव** *जाव* **णिज्जरेंति ।**

**ભાવાર્થ :–** મનુષ્યોના સંબંધમાં પણ એમ જ જાણવું જોઈએ. વિશેષતા એ છે કે તેનો આભોગ નિર્વર્તિત આહાર જઘન્ય અંતઃમુહૂર્ત અને ઉત્કૃષ્ટ અષ્ટમ ભક્ત– અર્થાત્ ત્રણ દિવસ વ્યતીત થયા પછી થાય છે. પંચેન્દ્રિય જીવો દ્વારા ગૃહીત આહાર શ્રોતેન્દ્રિય, ચક્ષુરિન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, રસનેન્દ્રિય અને સ્પર્શેન્દ્રિય આ પાંચ ઈન્દ્રિયો રૂપે વિમાત્રાથી વારંવાર પરિણત થાય છે. શેષ સંપૂર્ણ વર્ણન ચૌરેન્દ્રિયની સમાન, અચલિત કર્મોની નિર્જરા થતી નથી ત્યાં સુધી સમજવું.

## વિવેચન :–

પ્રસ્તુત બે સૂત્રોમાં તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્યની સ્થિતિ આદિ વિષયક વિચારણા છે.

**સ્થિતિ :–** તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્યની સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ ત્રણ પલ્યોપમની છે.

**શ્વાસોચ્છ્વાસ :–** વિમાત્રા–અનિયત કાલે થાય છે.

**આહારેચ્છા :–** તિર્યંચ પંચેન્દ્રિયને જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ ષષ્ઠભક્ત–બે દિવસે [દેવકુરુ ઉત્તરકુરુ ક્ષેત્રના યુગલિક તિર્યંચની અપેક્ષાએ] અને મનુષ્યને જઘન્ય અંતર્મુહૂર્ત ઉત્કૃષ્ટ અષ્ટમ ભક્ત–ત્રણ દિવસે (દેવકુરુ–ઉત્તરકુરુ ક્ષેત્રના યુગલિક મનુષ્યની અપેક્ષાએ) આહારની ઈચ્છા થાય છે. તે જીવોએ ગ્રહણ કરેલો આહાર પાંચ ઈન્દ્રિય રૂપે પરિણમે છે. શેષ કથન વિકલેન્દ્રિયની સમાન જાણવું.

## વાણવ્યંતર, જ્યોતિષી, વૈમાનિક દેવોની સ્થિતિ આદિ :–

**૪૭** **वाणमंतराणं ठिईए णाणत्तं, अवसेसं जहा णागकुमाराणं । एवं जोइसियाण वि, णवरं उस्सासो जहण्णेणं मुहुत्तपुहुत्तस्स, उक्कोसेण वि मुहुत्तपुहुत्तस्स । आहारो जहण्णेणं दिवस पुहुत्तस्स, उक्कोसेण वि दिवसपुहुत्तस्स, सेसं तहेव ।**

**वेमाणियाणं ठिई भाणियव्वा ओहिया, उस्सासो जहण्णेणं मुहुत्तपुहुत्तस्स, उक्कोसेणं तेत्तीसाए पक्खाणं, आहारो आभोगणिव्वत्तिओ जहण्णेणं दिवसपुहुत्तस्स, उक्कोसेणं तेत्तीसाए वाससहस्साणं, सेसं तहेव** *जाव* **णो अचलियं कम्मं णिज्जरेंति ।**

**ભાવાર્થ :–** વાણવ્યંતર દેવોની સ્થિતિમાં ભિન્નતા છે. [તે સિવાય] શેષ સમસ્ત વર્ણન નાગકુમારદેવોની જેમ સમજવું જોઈએ.

તે જ રીતે જ્યોતિષ્ક દેવોના સંબંધમાં પણ જાણવું જોઈએ. વિશેષતા એ છે કે, તેનો ઉચ્છ્વાસ જઘન્ય અનેક મુહૂર્ત અને ઉત્કૃષ્ટ પણ અનેક મુહૂર્ત પછી થાય છે. તેનો આહાર જઘન્ય અને ઉત્કૃષ્ટ દિવસ પૃથક્ત્વ અર્થાત્ અનેક દિવસ પશ્ચાત્ થાય છે. શેષ વર્ણન પૂર્વવત્.

વૈમાનિક દેવોની ઔઘિક સ્થિતિનું કથન કરવું. તેનો ઉચ્છ્વાસ જઘન્ય અનેક મુહૂર્ત અને ઉત્કૃષ્ટ ૩૩ પખવાડિયા પશ્ચાત્ થાય છે. તેનો આભોગનિર્વર્તિત આહાર જઘન્ય અનેક દિવસ અને ઉત્કૃષ્ટ ૩૩૦૦૦ વર્ષ પશ્ચાત્ થાય છે. આ રીતે ત્યાં સુધીનું વર્ણન પૂર્વવત્ જાણવું. અચલિત કર્મોની નિર્જરા કરતા નથી.

## વિવેચન :–

**દેવોની સ્થિતિ :–** વાણવ્યંતર દેવોની સ્થિતિ જઘન્ય ૧૦,૦૦૦ વર્ષની, ઉત્કૃષ્ટ એક પલ્યોપમની,

જ્યોતિષ્ક દેવોની સ્થિતિ જઘન્ય પલ્યનો આઠમો ભાગ, ઉત્કૃષ્ટ લાખ વર્ષ અધિક એક પલ્યોપમની.

વૈમાનિક દેવોની ઔઘિક સ્થિતિ [સમસ્ત વૈમાનિક દેવોની સામાન્યતઃ] જઘન્ય એક પલ્યોપમની, ઉત્કૃષ્ટ ૩૩ સાગરોપમની છે. જઘન્ય સ્થિતિ સૌધર્મ દેવલોકની અપેક્ષાએ અને ઉત્કૃષ્ટ સ્થિતિ અનુત્તર વિમાનવાસી દેવોની અપેક્ષાએ છે.

**વૈમાનિક દેવોના શ્વાસોચ્છ્વાસ એવં આહારના પરિમાણનો સિદ્ધાંત :–** વૈમાનિક દેવની જેટલા સાગરોપમની સ્થિતિ હોય તેટલા પક્ષે–પખવાડીયે તેનો શ્વાસોચ્છ્વાસ હોય છે અને તેટલા જ હજાર વર્ષ પશ્ચાત્ તેને આહારની અભિલાષા ઉત્પન્ન થાય છે.

**मुहुत्त पुहत्तस्स :–** અનેક મુહૂર્ત. અહીં 'અનેક' શબ્દથી બેથી અધિક સંખ્યાનું ગ્રહણ થાય છે. પરંતુ બેથી અધિક કેટલી સંખ્યાનું ગ્રહણ થાય છે તે નિશ્ચિત કરી શકાતું નથી. કારણ કે સૂત્રમાં પલ્યોપમના આઠમા ભાગની સ્થિતિવાળા દેવોના શ્વાસોચ્છ્વાસનું કાલમાન અનેક મુહૂર્તનું કહ્યું છે. તે જ રીતે બે પલ્યોપમની સ્થિતિવાળા દેવનું શ્વાસોચ્છ્વાસ કાલમાન પણ અનેક મુહૂર્ત જ કહ્યું છે.

પ્રસ્તુત પ્રકરણમાં પલ્યોપમની સ્થિતિવાળા દેવોનું શ્વાસોચ્છ્વાસ કાલમાન અનેક મુહૂર્ત અને એક સાગરોપમની સ્થિતિવાળા દેવોનું શ્વાસોચ્છ્વાસ કાલમાન એક પક્ષનું કહ્યું છે. અનેક મુહૂર્ત અને એક પક્ષની વચ્ચેનું કાલમાન સૂત્રમાં કહ્યું નથી. તેથી અનેક મુહૂર્તમાં બે મુહૂર્તથી નવ કે દસ, વીસ, ચાલીસ આદિ બેથી અધિક ગમે તેટલા મુહૂર્તનું ગ્રહણ થઈ શકે છે. કારણ કે એક પલ્યોપમની સ્થિતિવાળા દેવો માટે કથિત અનેક મુહૂર્ત અને ૫૫ પલ્યોપમની સ્થિતિવાળી દેવીઓના અનેક મુહૂર્તમાં દસ, વીસ આદિ મુહૂર્તનું અંતર થઈ શકે છે. તેથી સ્પષ્ટ થાય છે કે અનેક(**पुहुत्त**)શબ્દથી બેથી અધિક ગમે તે સંખ્યા ગ્રહણ

થઈ શકે છે.

**વિવિધ દષ્ટિકોણથી આરંભી અનારંભી વિચાર :–**

**૪૮** **जीवा णं भंते! किं आयारंभा, परारंभा, तदुभयारंभा, अणारंभा ?**

**गोयमा ! अत्थेगइया जीवा आयरंभा वि परारंभा वि तदुभयारंभा वि णो अणारंभा । अत्थेगइया जीवा णो आयारंभा, णो परारंभा, णो तदुभयारंभा, अणारंभा ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! શું જીવ આત્મારંભી છે, પરારંભી છે, તદુભયારંભી છે અથવા અનારંભીછે ?

ઉત્તર– હે ગૌતમ ! કેટલાક જીવો આત્મારંભી પણ છે, પરારંભી પણ છે અને ઉભયારંભી પણ છે. પરંતુ અનારંભી નથી. કેટલાક જીવ આત્મારંભી નથી, પરારંભી નથી, ઉભયારંભી નથી પરંતુ અનારંભી છે.

**૪૯** **से केणट्ठेणं भंते ! एवं वुच्चइ– अत्थेगइया जीवा आयरंभा वि एवं पडिउच्चारेयव्वं ?**

**गोयमा ! जीवा दुविहा पण्णत्ता, तं जहा– संसार समावण्णगा य, असंसारसमावण्णगा य । तत्थ णं जे ते असंसार समावण्णगा ते णं सिद्धा । सिद्धाणं णो आयारंभा, णो परारंभा, णो तदुभयारंभा, अणारंभा य तत्थणं जे ते संसारसमावण्णगा ते दुविहा पण्णत्ता तं जहा– संजया य असंजया य । तत्थ णं जे ते संजया ते दुविहा पण्णत्ता तं जहा– पमत्तसंजया य अप्पमत्तसंजया य । तत्थ णं जे ते अप्पमत्तसंजया ते णं णो आयारंभा, णो परारंभा, णो तदुभयारंभा, अणारंभा । तत्थ णं जे ते पमत्तसंजया ते सुहं जोगं पडुच्च णो आयारंभा, णो परारंभा, णो तदुभयारंभा, अणारंभा, असुहं जोगं पडुच्च आयारंभा वि परारंभा वि, तदुभयारंभा वि, णो अणारंभा । तत्थ णं जे ते असंजया ते अविरइं पडुच्च आयारंभा वि, परारंभा वि, तदुभयारंभा वि, णो अणारंभा । से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ– अत्थेगइया जीवा *जाव* अणारंभा ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! તેનું શું કારણ છે કે જીવ આત્મારંભી પણ છે ? ઈત્યાદિ પૂર્વોક્ત ઉત્તરનું પુનઃ ઉચ્ચારણ કરવું જોઈએ.

ઉત્તર– હે ગૌતમ ! જીવ બે પ્રકારના છે. સંસાર સમાપન્નક અને અસંસાર સમાપન્નક. તેમાંથી જે

જીવ અસંસાર સમાપન્નક છે તે સિદ્ધ[મુક્ત] છે. સિદ્ધ ભગવાન આત્મારંભી નથી, પરારંભી નથી અને ઉભયારંભી નથી પરંતુ અનારંભી છે. જે સંસાર સમાપન્નક જીવ છે, તે બે પ્રકારના છે. સંયત અને અસંયત. જે સંયત છે, તે બે પ્રકારના છે. પ્રમત્ત સંયત અને અપ્રમત્તસંયત. જે અપ્રમત્તસંયત છે, તે આત્મારંભી નથી, પરારંભી નથી, ઉભયારંભી નથી, પરંતુ અનારંભી છે. જે પ્રમત્ત સંયત છે તે શુભયોગની અપેક્ષાએ આત્મારંભી નથી, પરારંભી નથી, ઉભયારંભી નથી. પરંતુ અનારંભી છે. અશુભ યોગની અપેક્ષાએ તે આત્મારંભી પણ છે. પરારંભી પણ છે. ઉભયારંભી પણ છે પરંતુ અનારંભી નથી. જે અસંયત છે તે અવિરતિની અપેક્ષાએ આત્મારંભી છે, પરારંભી છે, ઉભયારંભી છે. પરંતુ અનારંભી નથી. હે ગૌતમ ! તેથી એ પ્રમાણે કહ્યું છે કે કેટલાક જીવ આત્મારંભી છે ***યાવત્*** અનારંભી છે.

## વિવેચન :-

પ્રસ્તુત સૂત્રોમાં સામાન્ય જીવોની અપેક્ષાએ આત્મારંભ, પરારંભ, તદુભયારંભ અને અનારંભની વિચારણા કરી છે.

**આરંભ :–** આરંભ શબ્દનો સામાન્ય અર્થ પ્રવૃત્તિનો પ્રારંભ–તેવો થાય છે. ઉત્તરવર્તી સાહિત્યમાં આ શબ્દનો પ્રયોગ હિંસાના અર્થમાં થતો હતો. અભયદેવસૂરિએ આરંભનો અર્થ– જીવોના ઉપઘાત કરવો, તે પ્રમાણે કર્યો છે. પ્રત્યેક આશ્રવ દ્વારની પ્રવૃત્તિ માટે આ શબ્દ પ્રયોગ થાય છે.

પ્રસ્તુતમાં આરંભ શબ્દ પ્રયોગ અવિરતિ અને અશુભ યોગરૂપ આશ્રવના સંદર્ભમાં થયો છે. **'असुभं जोगं पडुच्च आयारंभा वि'** । **'अविरति पडुच्च आयारंभा वि'** । હિંસાદિ આશ્રવોના બે રૂપ છે. અવિરતિ અને અશુભયોગ– દુષ્પ્રવૃત્તિ. તેથી જ વિરત જીવ પણ અશુભ યોગની અપેક્ષાએ આરંભી છે.

**આત્મારંભી :–** જે જીવ સ્વયં આશ્રવદ્વારમાં પ્રવૃત્ત થાય અથવા આત્મા દ્વારા સ્વયં આરંભ કરે.

**પરારંભી :–** અન્યને આશ્રવદ્વારમાં પ્રવૃત્ત કરનાર અથવા અન્ય દ્વારા આરંભ કરાવનાર.

**તદુભયારંભી :–** આત્મારંભ અને પરારંભ બંનેમાં પ્રવૃત્તિ કરનાર.

**અનારંભી :–** આત્મારંભ, પરારંભ અને ઉભયારંભથી રહિત હોય, ઉપયોગપૂર્વક પ્રતિલેખના આદિ પ્રવૃત્તિ કરનાર સંયતજીવ અનારંભી કહેવાય છે. સર્વ અપ્રમત્ત સંયત અને સિદ્ધ અનારંભી હોય છે.

**શુભયોગ :–** ઉપયોગપૂર્વક– સાવધાનતા પૂર્વકની સંયમાનુકૂળ યોગોની પ્રવૃત્તિ.

## ચોવીસ દંડકમાં આરંભી અનારંભી વિચાર :-

**૫૦ णेरइया णं भंते ! किं आयारंभा, परारंभा, तदुभयारंभा, अणारंभा? गोयमा! णेरइया आयारंभा वि** *जाव* **णो अणारंभा ।**

**से केणट्ठेणं भंते ! एवं वुच्चइ ?**

**गोयमा ! अविरइं पडुच्च, से तेणट्ठेणं** *जाव* **णो अणारंभा, एवं** *जाव* **असुकुमारा वि** *जाव* **पंचिंदियतिरिक्खजोणिया ।**

**मणुस्सा जहा जीवा, णवरं सिद्ध विरहिया भाणियव्वा ।**

**वाणमंतरा** *जाव* **वेमाणिया, जहा णेरइया ।**

**सलेस्सा जहा ओहिया । कण्हलेसस्स णीललेसस्स काउलेसस्स जहा ओहिया जीवा, णवरं पमत्त-अप्पमत्ता ण भाणियव्वा । तेउलेसस्स, पम्हलेसस्स, सुक्कलेसस्स, जहा ओहिया जीवा, णवरं सिद्धा य भाणियव्वा।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! નૈરયિક જીવ શું આત્મારંભી છે, પરારંભી છે, ઉભયારંભી છે કે અનારંભી છે ?

ઉત્તર– હે ગૌતમ ! નૈરયિક જીવ આત્મારંભી છે, પરારંભી છે, ઉભયારંભી છે પરંતુ અનારંભી નથી.

પ્રશ્ન– હે ભગવન્ ! તેનું શું કારણ છે ?

ઉત્તર– હે ગૌતમ ! અવિરતિની અપેક્ષાએ નૈરયિક જીવ આત્મારંભી, પરારંભી અને ઉભયારંભી છે પરંતુ અનારંભી નથી. અસુરકુમાર દેવોના વિષયમાં નૈરયિકની સમાન જાણવું. આ જ રીતે તિર્યંચ પંચેન્દ્રિય પર્યંતના આલાપક જાણવા.

મનુષ્યનું કથન સામાન્ય જીવની સમાન જાણવું. વિશેષતા એ છે કે મનુષ્યોમાં સિદ્ધોનું કથન ન કરવું.[સામાન્ય જીવમાં તે કથન છે.]

વાણવ્યંતર દેવોથી વૈમાનિક દેવો પર્યંતના જીવોનું કથન નૈરયિકોની સમાન જાણવું.

સલેશી(લેશ્યાયુક્ત) જીવોના વિષયમાં સામાન્ય [ઔધિક] જીવોની જેમ સમજવું. કૃષ્ણલેશ્યા, નીલલેશ્યા અને કાપોતલેશ્યા યુક્ત જીવોના સંબંધમાં સામાન્ય જીવોની જેમ સર્વ કથન કરવું. વિશેષતા એ છે પ્રમત્ત અને અપ્રમત્તસંયત તેવા બે ભેદ ન કરવા [કારણ કે ત્રણ લેશ્યાવાળા સંયત સર્વ પ્રમત્ત જ હોય છે. અપ્રમત્ત સંયતીમાં ત્રણ અશુભલેશ્યા હોતી નથી.] તેજોલેશ્યા, પદ્મલેશ્યા, શુકલલેશ્યા યુક્ત જીવોનું કથન ઔધિક પ્રમાણે જાણવું. વિશેષતા એ છે કે સિદ્ધના વિષયનું કથન ન કરવું. [કારણ કે સિદ્ધોમાં શુભ કે અશુભ લેશ્યા નથી]

**વિવેચન :–**

ઉપરોક્ત સૂત્રોમાં ૨૪ દંડકોના જીવો અને સલેશી જીવોની અપેક્ષાએ આત્મારંભ આદિનું નિરૂપણ

છે. મનુષ્યને છોડીને શેષ ૨૩ દંડકના જીવો, સામાન્ય જીવોની સમાન આત્મારંભી, પરારંભી અને તદુભયારંભી સમાન છે. મનુષ્યમાં જે અપ્રમત્ત સંયત છે તે અનારંભી છે; પ્રમત્ત સંયત પણ શુભ યોગની અપેક્ષાએ અનારંભી છે, અશુભ યોગની અપેક્ષાએ આત્મારંભી, પરારંભી અને ઉભયારંભી છે. જે અસંયત છે તે અવિરતિની અપેક્ષાએ આત્મારંભી, પરારંભી અને ઉભયારંભી છે.

**લેશ્યા :–** યોગોની ચંચલતાથી સમયે સમયે આત્મામાં ઉત્પન્ન થતાં પરિણામને લેશ્યા કહે છે, તે ભાવ લેશ્યા છે. તેના નિમિત્તે જે લેશ્યાવર્ગણાના પુદ્‌ગલગ્રહણ કરાય તે દ્રવ્ય લેશ્યા છે.

**પ્રમત્ત સંયતમાં લેશ્યા :–** ટીકાકારના કથનાનુસાર પ્રમત્ત સંયતમાં ત્રણ અશુભ લેશ્યા નથી પરંતુ આ કથન સંગત પ્રતીત થતું નથી કારણ કે ચારિત્રની પ્રાપ્તિ સમયે અવશ્ય શુભ લેશ્યા અને સાતમું ગુણસ્થાન હોય છે. પરંતુ ત્યાર પછી જીવ છટ્ઠે ગુણસ્થાને આવે છે, ત્યારે છ લેશ્યામાંથી કોઈ પણ લેશ્યા હોય શકે છે. સિદ્ધાંત અનુસાર ચારિત્રમાં છટ્ઠા ગુણસ્થાનમાં છ લેશ્યા છે. – *[ભગવતી સૂત્ર શતક–૮/૨, પ્રજ્ઞાપના સૂત્ર પદ–૧૭/૩].* કૃષ્ણાદિ લેશ્યામાં મનઃપર્યવજ્ઞાનનું કથન છે. મનઃપર્યવજ્ઞાન અપ્રમત્ત સંયતને જ થાય છે. તેથી તેની પ્રાપ્તિ સમયે શુભ લેશ્યા હોય છે. પરંતુ જ્યારે અપ્રમત્તાવસ્થાને છોડીને પ્રમત્તાવસ્થાને પ્રાપ્ત કરે છે ત્યારે અશુભ લેશ્યા આવી શકે છે. શ્રી ભદ્રબાહુ રચિત આવશ્યક નિર્યુક્તિમાં પણ કહ્યું છે કે **पुव्वपडिवण्णओ पुण अण्णयरीए उ लेस्साए** આ રીતે પ્રમત્ત સંયતમાં છ લેશ્યામાંથી કોઈ પણ લેશ્યા હોય છે.

### ભવની અપેક્ષાએ જ્ઞાનાદિની પ્રરૂપણા :–

**૫૧ इहभविए भंते ! णाणे, परभविए णाणे, तदुभयभविए णाणे ?**

**गोयमा ! इहभविए वि णाणे, परभविए वि णाणे, तदुभयभविए वि णाणे। दंसणं पि एवमेव ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! શું જ્ઞાન ઈહભવિક છે ? પરભવિક છે ? કે તદુભયભવિક છે ?

ઉત્તર– હે ગૌતમ ! જ્ઞાન ઈહભવિક પણ છે, પરભવિક પણ છે અને તદુભયભવિક પણ છે. આ રીતે દર્શનના વિષયમાં પણ જાણી લેવું.

**૫૨ इहभविए भंते ! चरित्ते, परभविए चरित्ते, तदुभयभविए चरित्ते ?**

**गोयमा ! इहभविए चरित्ते, णो परभविए चरित्ते, णो तदुभयभविए चरित्ते। एवं तवे, संजमे ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! શું ચારિત્ર ઈહભવિક છે, પરભવિક છે, કે તદુભયભવિક છે ?

ઉત્તર– હે ગૌતમ ! ચારિત્ર ઈહભવિક છે, પરંતુ પરભવિક અને તદુભયભવિક નથી. આ રીતે તપ અને સંયમના વિષયમાં પણ જાણી લેવું જોઈએ.

**વિવેચન :–**

જૈન દર્શન આસ્તિક દર્શન છે. તે આત્માના પુનર્જન્મનો સ્વીકાર કરે છે. આત્મા જ્યારે પુનર્જન્મ ધારણ કરે છે ત્યારે શું આ ભવમાંથી કાંઈ સાથે લઈને જાય છે કે એકલો આત્મા જ જાય છે ? વગેરે અનેક પ્રશ્નોની વિચારણા જૈનદર્શને કરી છે. પ્રસ્તુત સૂત્રોમાં જ્ઞાનાદિ ગુણોને, ચારિત્રાદિ અનુષ્ઠાનોને આત્મા પુનર્જન્મમાં સાથે લઈ જઈ શકે છે કે નહીં ? તદ્‌વિષયક પ્રશ્નોત્તર છે.

જ્ઞાન અને દર્શન ઉપયોગ સ્વરૂપ છે, જીવના ગુણ સ્વરૂપ છે. તે બંને જીવની પ્રત્યેક અવસ્થામાં સાથે જ રહે છે. જ્યારે ચારિત્ર, સંયમ અને તપ આ જીવનપર્યંત જ રહે છે. કારણ કે ચારિત્રાદિ યૌગિક પ્રવૃત્તિ છે, તેનું આરાધન શરીરથી થાય છે અને આ શરીર જીવનપર્યંત જ આત્માની સાથે રહે છે, પરલોકમાં સાથે જતું નથી. તેથી ચારિત્ર આદિ ઈહભવિક જ છે. સંયમાદિની પ્રતિજ્ઞા જીવનપર્યંતની જ ગ્રહણ થાય છે. તે આ જીવન સમાપ્ત થતા પૂર્ણ થાય છે. મોક્ષમાં ચારિત્રનું કોઈ પ્રયોજન નથી. દેવ ગતિમાં સંયમાદિનો સંભવ નથી.

ઉભયભવિકનો સમાવેશ પરભવિકમાં જ થઈ જાય છે. તથાપિ તેને પૃથક્ ગ્રહણ કરવાનો આશય એ છે કે જ્ઞાન અને દર્શન પરભવિક છે અને ઉભયભવિક પણ છે અર્થાત્ પરભવથી પછીના ભવમાં– ભવાંતરમાં પણ સાથે જાય છે.

**અસંવૃત–સંવૃત અણગાર :–**

**૫૩ असंवुडे णं भंते ! अणगारे किं सिज्जइ बुज्झइ मुच्चइ परिणिव्वाइ सव्वदुक्खाणं अंतं करेइ ? गोयमा ! णो इणट्ठे समट्ठे ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! અસંવૃત્ત અણગાર શું સિદ્ધ થાય છે, બુદ્ધ થાય છે, મુક્ત થાય છે, નિર્વાણને પ્રાપ્ત કરે છે તથા સમસ્ત દુઃખોનો અંત કરે છે ?

ઉત્તર– હે ગૌતમ ! આ અર્થ સમર્થ નથી, શક્ય નથી.

**૫૪ से केणट्ठेणं भंते ! *जाव* णो अंतं करेइ ?**

**गोयमा ! असंवुडे अणणारे आउयवज्जाओ सत्तकम्मपगडीओ सिढिलबंधण बद्धाओ घणियबंधणबद्धाओ पकरेइ, हस्सकालठिइयाओ दीहकालठिइयाओ पकरेइ, मंदाणुभावाओ तिव्वाणुभावाओ पकरेइ, अप्पपएसगाओ बहुप्पएसगाओ पकरेइं, आउयं च णं कम्मं सिय बंधइ सिय णो**

**बंधइ, अस्सायावेयणिज्जं च णं कम्मं भुज्जो भुज्जो उवचिणइ, अणाईयं च णं अणवदग्गं दीहमद्धं चाउरंतसंसारकंतारं अणुपरियट्टइ, से तेणट्ठेणं गोयमा! असंवुडे अणगारे णो सिज्झइ** *जाव* **णो अंतं करेइ ।**

**શબ્દાર્થ :– सिढिलबंधणबद्धाओ** = શિથિલ બંધનથી બાંધેલી, **घणियबंधणबद्धाओ** = ગાઢ રૂપે બાંધે છે, **हस्सकालठिइयाओ** = અલ્પકાલીન સ્થિતિને, **दीहकालठिइयाओ** = દીર્ઘકાલીન સ્થિતિ, **मंदाणुभावाओ** = મંદ અનુભાગવાળી, **तिव्वाणुभावाओ** = તીવ્ર અનુભાગવાળી, **अप्पपए सगाओ** = અલ્પ પ્રદેશવાળી, **बहुप्पएसगाओ** = બહુ પ્રદેશવાળી, **उवचिणइ** = ઉપાર્જન કરે છે, **दीहमद्धं** = દીર્ઘ માર્ગવાળા, **चाउरंत संसारकंतारं** = ચાર ગતિવાળા સંસારરૂપ અરણ્યમાં, **अणुपरियट्टइ** = વારંવાર પર્યટન–પરિભ્રમણ કરે છે.

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! તેનું શું કારણ છે કે અસંવૃત્ત અણગાર સિદ્ધ થતા નથી ***યાવત્*** સર્વ દુઃખોનો અંત કરતા નથી?

ઉત્તર– હે ગૌતમ ! અસંવૃત્ત અણગાર આયુષ્યકર્મને છોડીને શેષ સાત કર્મપ્રકૃત્તિઓના શિથિલબંધનને ગાઢબંધનથી બદ્ધ કરે છે, અલ્પકાલીન કર્મસ્થિતિને દીર્ઘકાલીન કરે છે, મંદ અનુભાગને તીવ્ર કરે છે, અલ્પપ્રદેશને બહુ પ્રદેશયુક્ત કરે છે અને આયુષ્યકર્મ કદાચિત્ બાંધે છે, કદાચિત્ બાંધતા નથી. અશાતાવેદનીય કર્મને વારંવાર ઉપાર્જન કરે છે તથા અનાદિ, અનવદગ્ર–અનંત, દીર્ઘમાર્ગયુક્ત ચતુર્ગતિરૂપ સંસાર રૂપી અરણ્યમાં વારંવાર પર્યટન–પરિભ્રમણ કરે છે. હે ગૌતમ ! અસંવૃત્ત અણગાર પૂર્વોક્ત કારણોથી સિદ્ધ થતા નથી ***યાવત્*** સમસ્ત દુઃખોનો અંત કરતા નથી.

**૫૫ संवुडे णं भंते ! अणगारे सिज्झइ** *जाव* **सव्वदुक्खाणं अंतं करेइ?**

**हंता, सिज्झइ** *जाव* **अंतं करेइ ।**

**से केणट्ठेणं भंते !** *जाव* **अंतं करेइ ?**

**गोयमा ! संवुडे अणगारे आउयवज्जाओ सत्तकम्मप्पगडीओ घणियबंधण- बद्धाओ सिढिलबंधणबद्धाओ पकरेइ, दीहकालट्ठिइयाओ हस्सकालट्ठिइयाओ पकरेइ, तिव्वाणुभावाओ मंदाणुभावाओ पकरेइ, बहुप्पए सगाओ अप्पपएसगाओ पकरेइ, आउयं च णं कम्मं ण बंधइ, असायावेयणिज्जं च णं कम्मं णो भुज्जो भुज्जो उवचिणाइ, अणाईयं च णं अणवदग्गं दीहमद्धं चाउरंतसंसारकंतारं वीईवयइ । से तेणट्ठेणं गोयमा! एवं वुच्चइ- संवुडे अणगारे सिज्जइ** *जाव* **अंतं करेइ ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! સંવૃત્ત અણગાર સિદ્ધ થાય છે તેમજ સર્વ દુઃખોનો અંત કરે છે ?

ઉત્તર– હા ગૌતમ ! તે સિદ્ધ થાય છે તેમજ સર્વ દુઃખોનો અંત કરે છે.

પ્રશ્ન– હે ભગવન્ ! તેનું શું કારણ છે કે તે સિદ્ધ થાય છે, તેમજ સર્વ દુઃખોનો અંત કરે છે ?

ઉત્તર– હે ગૌતમ ! સંવૃત્ત અણગાર આયુષ્યકર્મને છોડી શેષ સાત કર્મ પ્રકૃતિના ગાઢ બંધનને શિથિલ કરે છે, દીર્ઘકાલીન સ્થિતિને અલ્પકાલીન કરે છે, તીવ્ર અનુભાગને મંદ કરે છે, બહુ પ્રદેશને અલ્પપ્રદેશ કરે છે અને આયુષ્યકર્મને બાંધતા નથી, અશાતા વેદનીય કર્મનો વારંવાર ઉપચય કરતા નથી. તે અનાદિ–અનંત દીર્ઘમાર્ગવાળા ચાતુર્ગતિરૂપ સંસાર–અરણ્યનું ઉલ્લંઘન કરી જાય છે. હે ગૌતમ ! તેથી સંવૃત્ત અણગાર પૂર્વોક્ત કારણોથી સિદ્ધ થાય છે તેમજ સર્વ દુઃખોનો અંત કરે છે. તેમ કહેવાય છે.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રમાં અસંવૃત્ત અને સંવૃત્ત અણગારના સિદ્ધ થવાના અને ન થવાના સંબંધમાં યુક્તિસહિત વિચાર પ્રસ્તુત કર્યો છે.

**અસંવૃત્ત અણગાર :–** જે સાધુએ અણગાર થઈને હિંસાદિ આશ્રવદ્વારોને પૂર્ણ રીતે રોક્યા નથી, બંધ કર્યા નથી તે.

**સંવૃત્ત અણગાર :–** આશ્રવદ્વારોનો પૂર્ણ નિરોધ કરીને, સંવરની સાધના કરનાર મુનિ સંવૃત્ત અણગાર છે. તે છઠ્ઠા– પ્રમત્ત સંયત ગુણસ્થાનથી ચૌદમાં–અયોગી કેવલી ગુણસ્થાન પર્યંત હોય છે. સંવૃત્ત અણગારના બે પ્રકાર છે. ચરમ શરીરી અને અચરમશરીરી. જેનો આ અંતિમ ભવ છે, હવે અન્ય ભવ કે શરીર ધારણ કરવાના નથી તે ચરમશરીરી અને જેને અન્ય ભવ કરવાનો છે અને બીજું શરીર ધારણ કરવાનું છે તે અચરમશરીરી છે. પ્રસ્તુત સૂત્રમાં ચરમ શરીરીની અપેક્ષાએ કથન કર્યું છે. અચરમશરીરી પરંપરાએ સિદ્ધ થાય છે.

**બંનેમાં અંતર :–** પરંપરાએ તો શુક્લપાક્ષિક પણ મોક્ષ પ્રાપ્ત કરે જ છે. તેમ છતાં સંવૃત્ત અને અસંવૃત્ત અણગાર એવો જે ભેદ કર્યો છે તેનું રહસ્ય એ છે કે અચરમશરીરી સંવૃત્ત અણગાર તે જ ભવમાં મોક્ષે ન જાય તો પણ સાત–આઠ ભવમાં અવશ્ય મોક્ષમાં જશે. આ રીતે તેની પરંપરાની સીમા સાત–આઠ ભવોની જ છે. અર્ધપુદ્ગલ પરાવર્તનની જે પરંપરા અન્યત્ર કહી છે તે વિરાધકની અપેક્ષાએ છે. તેની ચારિત્ર આરાધના જઘન્ય હોય તેમ છતાં પણ અવિરાધક અચરમ શરીરી સંવૃત્ત અણગાર અવશ્ય સાત આઠ ભવમાં મોક્ષ પ્રાપ્ત કરે છે.

**'सिज्झइ'**– તે કૃતકૃત્ય થાય છે. તેનાં સમસ્ત કાર્ય સિદ્ધ–પૂર્ણ થાય છે.

**बुज्झइ**– તે લોકાલોકના સર્વપદાર્થોના જ્ઞાતા થાય છે, જ્ઞાન સ્વરૂપ થઈ જાય છે.

**मुच्चइ**– તે સમસ્ત કર્મોથી મુક્ત થાય છે.

**परिणिव्वाइ**– તે સમસ્ત કર્મજનિત વિકારોનો નાશ થવાથી શાંત થઈ જાય છે.

**सव्वदुक्खाण**– તેના સમસ્ત શારીરિક તથા માનસિક અથવા જન્મ–મરણના દુઃખ નષ્ટ થઈ જાય છે.

**અસંવૃત્ત અણગાર– ચારે પ્રકારના બંધનો પરિવર્ધક :–** કર્મબંધના ચાર પ્રકાર છે પ્રકૃતિબંધ, સ્થિતિબંધ, અનુભાગબંધ અને પ્રદેશબંધ. તેમા પ્રકૃતિબંધ અને પ્રદેશબંધ યોગજન્ય છે. સ્થિતિબંધ અને અનુભાગબંધ કષાયજન્ય છે. અસંવૃત્ત અણગારના યોગ અશુભ હોય છે અને કષાય તીવ્ર હોય છે તેથી તે ચારે પ્રકારના બંધમાં વૃદ્ધિ કરે છે અને સંસારમાં પરિભ્રમણ કરે છે. જ્યારે સંવૃત્ત અણગાર ચારે પ્રકારના બંધનો નાશ કરીને સિદ્ધ થાય છે.

**अणाइयं :–** તે પ્રાકૃત શબ્દના વૃત્તિકારે સંસ્કૃત ચાર રૂપાંતર કરી તેના પૃથક્ પૃથક્ અર્થ સૂચિત કર્યા છે.

**(૧) अनादिकं :–** જેની આદિ ન હોય તે. સંસાર અનાદિ છે.

**(૨) अज्ञातिकं :–** જેમાં કોઈ સ્વજન ન રહે તે. સંસારમાં કોઈ કોઈનું સ્વજન નથી.

**(૩) ऋणातीतं :–** ઋણ–દુઃખ. સંસાર અતિશય દુઃખદાયી છે.

**(૪) अणातीतं :– अण** = પાપ. સંસાર અતિશય પાપયુક્ત છે.

**अणवदग्गं :–** અગ્ર–અંત. જેનો અંત ન હોય તે અનંત. સંસાર અનંત છે.

**अनवगताग्रम् :–** જેનો **अग्र** = પરિમાણ, **अनवगत** = જ્ઞાત ન હોય તે અર્થાત્ જેનું પરિમાણ–મર્યાદા જ્ઞાત ન હોય તે.

**दीहमद्धं :–** **'अद्धं'** શબ્દના બે રૂપ છે. **'अध्व'** અને **'अद्ध'**। **अध्व**–જેનો માર્ગ દીર્ઘ હોય તે. **अद्ध** = જેનો કાળ દીર્ઘ–લાંબો હોય તે.

## અસંયત જીવની ગતિ અને વાણવ્યંતર દેવલોક :–

**૫૬ जीवे णं भंते ! असंजए अविरइए अप्पडिहयपच्चक्खायपावकम्मे इओ चुए पेच्चा देवे सिया ?**

**गोयमा ! अत्थेगइए देवे सिया, अत्थेगइए णो देवे सिया ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! અસંયત, અવિરત તથા જેણે પાપકર્મનું હનન એવં ત્યાગ કર્યો નથી તે જીવ અહીંથી મરીને શું પરલોકમાં દેવ થાય છે ?

ઉત્તર– હે ગૌતમ ! કોઈ જીવ દેવ થાય છે અને કોઈ જીવ દેવ થતા નથી.

**૫૭ से केणट्ठेणं भंते !** *जाव* **इओ चुए पेच्चा अत्थेगइए देवे सिया, अत्थेगइए णो देवे सिया ?**

**गोयमा ! जे इमे जीवा गामागर-णगरणिगमरायहाणी-खेडकब्बडमडंब-**

**दोणमुहपट्टणासम-सण्णिवेसेसु अकामतण्हाए अकामछुहाए अकामबंभचेरवासेणं अकामसीताातव- दंसमसग अकामअण्हाणग-सेयजल्लमलपंकपरिदाहेणं अप्पतरं वा भुज्जतरं वा कालं अप्पाणं परिकिलेस्संति, अप्पाणं परिकिलेस्सित्ता कालमासे कालं किच्चा अण्णयरेसु वाणमंतरेसु देवलोगेसु देवत्ताए उववत्तारो भवंति ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! તેનું શું કારણ છે કે અહીંથી મરીને કોઈ જીવ દેવ થાય છે અને કોઈ જીવ દેવ થતા નથી ?

ઉત્તર– હે ગૌતમ ! જે જીવ ગામ, આકર–ખાણ, નગર, નિગમ–વ્યાપારિક કેન્દ્ર, રાજધાની, ખેટ–જેની ચારે બાજુ ધૂળથી બનાવેલો કિલ્લો હોય તે, કર્બટ–કુનગર, મડંબ–ચારે તરફ અઢી કોસ પર્યંત વસતિ રહિત સ્થાન, દ્રોણમુખ–જલમાર્ગ અને સ્થલમાર્ગથી યુક્ત સ્થાન, પટ્ટણ–જ્યાં દેશાંતરથી આવેલો માલ ઉતરતો હોય, આશ્રમ–તાપસ આદિનું સ્થાન અને સન્નિવેશમાં અકામ–ઈચ્છા વિના, તૃષા, ક્ષુધા, બ્રહ્મચર્યના પાલનથી; ઈચ્છા વિના શીત, આતપ, ડાંસ મચ્છરના દુઃખ સહન કરે છે; અકામ અસ્નાન, પ્રસ્વેદ, જલ્લ–ધૂળ ચોંટવી, મેલ તથા પંકથી ઉત્પન્ન થતા પરિદાહથી અલ્પ સમય માટે કે અધિક સમય માટે સહન કરે છે; તે આત્મા મૃત્યુના સમયે મરીને વાણવ્યંતર દેવોના કોઈ દેવલોકમાં દેવ રૂપે ઉત્પન્ન થાય છે.

**૫૮ केरिसा णं भंते ! तेसिं वाणमंतराणं देवाणं देवलोया पण्णत्ता ?**

**गोयमा ! से जहाणामए इह मणुस्सलोगम्मि असोगवणे इ वा सत्तवण्णवणे इ वा, चंपयवणे इ वा, चूयवणे इ वा, तिलगवणे इ वा लाउवणे इ वा, णिग्गोहवणे इ वा, छत्तोहवणे इ वा, असणवणे इ वा सणवणे इ वा, अयसिवणे इ वा, कुसुंभवणे इ वा, सिद्धत्थवणे इ वा बंधुजीवगवणे इ वा, णिच्चं कुसुमिय माइय-लवइय-थवइय-गुलुइय- गोच्छिय-जमलिय-जुवलिय-विणमिय-पणमिय सुविभत्तपिंडिमंजरि- वर्डेसगधरे सिरीए अईव अईव उवसोभेमाणे उवसोभेमाणे चिट्ठइ,एवामेव तेसिं वाणमंतराणं देवाणं देवलोगा जहण्णेणं दसवाससहस्सट्ठिइए हिं उक्कोसेणं पलिओवमट्ठिइएहिं बहूहिं वाणमंतरेहिं देवेहिं तद्देवीहि य आइण्णा विकिण्णा उवत्थडा संथडा फुडा अवगाढगाढा सिरीए अईव उवसोभेमाणा उवसोभेमाणा चिट्ठंति । एरिसगा णं गोयमा ! तेसिं च वाणमंतराणं देवाणं देवलोया पण्णत्ता । से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ– जीवेणं असंजए *जाव* देवे सिया ।**

**सेवं भंते ! सेवं भंते ! त्ति भगवं गोयमे समणं भगवं महावीरं वंदइ णमंसइ, वंदित्ता णमंसित्ता संजमेणं तवसा अप्पाणं भावेमाणे विहरइ ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! તે વાણવ્યંતર દેવોના દેવલોક કેવા પ્રકારના હોય છે ?

ઉત્તર– હે ગૌતમ ! જેમ આ મનુષ્ય લોકમાં અશોકવન, સપ્તપર્ણવન, ચંપકવન, આમ્રવન, તિલક વૃક્ષોનું વન, તુંબડાના વેલાઓનું વન, વટવૃક્ષોનું વન, છત્રૌઘવન, અશન વૃક્ષોનું વન, શણવૃક્ષોનું વન, અલસીના વૃક્ષોનું વન, કુસુંભ વન, સિદ્ધત્થ વન, બંધુજીવક વન; નિત્ય કુસુમિત, મયૂરિત[પુષ્પ વિશેષથી યુક્ત], લવકિત–કૂંપળો યુક્ત, પુષ્પગુચ્છયુક્ત, લતા સમૂહ યુક્ત, પત્રગુચ્છયુક્ત, યમલ–સમાન શ્રેણીના વૃક્ષયુક્ત, યુગલવૃક્ષ યુક્ત, ફળ–ફૂલના ભારથી નમેલા, ફળ–ફૂલના ભારથી ઝૂકવાની પ્રારંભિક અવસ્થાયુક્ત, ભિન્ન ભિન્ન લૂંબીઓ અને મંજરીઓ રૂપ મુકુટોને ધારણ કરતા, આવા અનેક વિશેષણ યુક્ત વન શોભાથી અત્યંત ઉપશોભિત થાય છે; તેમ વાણવ્યંતર દેવના દેવલોક સુશોભિત હોય છે. તે દેવલોક જઘન્ય દશ હજાર વર્ષની અને ઉત્કૃષ્ટ એક પલ્યોપમની સ્થિતિવાળા અનેક વાણવ્યંતર દેવો અને તેની દેવીઓથી આકીર્ણ–વ્યાપ્ત, વ્યાકીર્ણ– વિશેષ વ્યાપ્ત, પરસ્પર આચ્છાદિત, પરસ્પર સંશ્લેષથી આચ્છાદિત, પ્રકાશિત, અત્યંત અવગાઢિત હોય છે. હે ગૌતમ ! વાણવ્યંતર દેવોના દેવલોક આ પ્રકારના પ્રરૂપ્યા છે. પૂર્વોક્ત કારણથી એમ કહેવાય છે કે અસંયત જીવ મરીને કોઈ દેવ થાય છે અને કોઈ જીવ દેવ થતા નથી.

હે ભગવન્ ! આભાવ આ જ પ્રકારે છે. હે ભગવન્ ! આ ભાવ આ જ પ્રકારે છે. એમ કહી શ્રી ગૌતમ સ્વામીએ શ્રમણ ભગવાન મહાવીરને વંદન, નમસ્કાર કર્યા. વંદન નમસ્કાર કરીને સંયમ અને તપથી આત્માને ભાવિત કરતા વિચરવા લાગ્યા.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રમાં અસંયત જીવોને પ્રાપ્ત થતી દેવગતિ તથા દેવલોકમાં પણ વાણવ્યંતર જાતિના દેવમાં જન્મ, તેનું કારણ એવં વાણવ્યંતર દેવોના આવાસ સ્થાનનું વિસ્તૃત વર્ણન છે.

**असंजय अविरय :– असंयत** = અસાધુ અથવા સંયમરહિત, **अविरत** = પ્રાણાતિપાત આદિ પાપોથી અવિરત અર્થાત્ વ્રતરહિત તથા તપ આદિના વિષયમાં જે વિશેષ રત નથી તે. **अप्रतिहत प्रत्याख्यात पापकर्मा** = (૧) જેણે ભૂતકાલીન પાપોની નિંદા, ગર્હા આદિ કરીને પાપને નષ્ટ કર્યા નથી તથા ભવિષ્યકાલીન પાપોના પ્રત્યાખ્યાન[ત્યાગ] કર્યા નથી તે. (૨) જેણે મરણ પહેલા તપ આદિ દ્વારા પાપકર્મનો નાશ ન કર્યો હોય, મૃત્યુ સમયે પણ જેણે આશ્રવ નિરોધ કરીને પાપકર્મના પ્રત્યાખ્યાન ન કર્યા હોય તે. (૩) જેણે સમ્યગ્દર્શન પ્રાપ્ત કરીને પૂર્વકૃત પાપકર્મનો નાશ ન કર્યો હોય તથા સર્વવિરતિપણુ આદિ અંગીકાર કરીને જ્ઞાનાવરણીય આદિ અશુભ કર્મોનો નિરોધ ન કર્યો હોય તે.

**अकाम :–** આ શબ્દ અહીં ઈચ્છાના અભાવનો દ્યોતક છે. કર્મ નિર્જરાની અભિલાષા વિના જે કષ્ટ સહન કરાય, તેનાથી થતી નિર્જરા અકામ નિર્જરા છે. અનિચ્છાએ અથવા ઉદ્દેશ્ય વિના, ક્ષુધા, તૃષા આદિ કષ્ટ સહન કરવા તે અકામ નિર્જરા છે. મોક્ષ પ્રાપ્તિની કામનાથી, સ્વેચ્છાપૂર્વક, લક્ષ્યપૂર્વક અને જ્ઞાન

સહિતની જે નિર્જરા થાય છે તે સકામનિર્જરા છે.

**બંનેની દેવગતિમાં અંતર :–** સકામનિર્જરા કરનારા કેટલાક જ્ઞાની પુરુષો દેવલોકમાં જાય છે અને અકામનિર્જરા કરનારા કેટલાક અજ્ઞાનીજનો પણ દેવલોકમાં જાય છે. પરંતુ બંનેમાં અંતર છે. અકામનિર્જરા કરનાર વાણવ્યંતરાદિ દેવ થાય છે. જ્યારે સકામનિર્જરા કરનાર સાધક વૈમાનિક દેવોની ઉત્તમોત્તમ સ્થિતિ પ્રાપ્ત કરીને મોક્ષની પણ આરાધના કરી શકે છે.

**वाणमंतरा :–** વનમાં રહેનારા, વનમાં વિચરણ કરનારા વાણવ્યંતર જાતિના ભૂત, પિશાચ, યક્ષ, રાક્ષસ આદિ કેટલાક દેવો તિરછા લોકના વન, જંગલ, શૂન્યાગાર આદિમાં ફરતા રહે છે, ક્રીડા કરતા રહે છે અને નિવાસ પણ કરે છે. તે દષ્ટિકોણથી તે દેવોને વાણવ્યંતર કહેવાય છે.

તે વાણવ્યંતર દેવોનો જન્મ તો યથાસ્થાને દેવ શય્યામાં જ થાય છે. પછી તે કુતૂહલવશ મનુષ્ય લોકમાં ઉક્ત પ્રવૃત્તિઓ કરે છે.

**सेवं भंते ! सेवं भंते ! :–** પ્રસ્તુત ઉદ્દેશકના પ્રારંભમાં શ્રી ગૌતમ સ્વામીએ પ્રશ્ન પૂછતાં પહેલાં વંદનાદિ વિનય પ્રદર્શિત કર્યો છે. તેમજ ઉત્તર શ્રવણ પશ્ચાત્ આ અંતિમ સૂત્રથી શ્રમણ ભગવાન મહાવીર સ્વામી પ્રતિ કૃતજ્ઞતા, વિનય અને બહુમાન પ્રદર્શિત કરતાં કહ્યું છે કે હે ભગવન્ ! આપનું કથન યથાર્થ છે, તથ્ય– સત્ય રૂપ છે. તેને માટે **सेवं भंते ! सेवं भंते !** આ શાસ્ત્રીય ભાષાના શબ્દો છે. જે દરેક ઉદ્દેશકના અંતે અને ક્યારેક ઉદ્દેશકની વચ્ચે વચ્ચે પણ પ્રયુક્ત થયા છે.

**॥ શતક ૧/૧ સંપૂર્ણ ॥**

# શતક–૧ : ઉદ્દેશક–ર

## સંક્ષિપ્ત સાર

★ આ ઉદ્દેશકમાં મુખ્યતયા કર્મનો સિદ્ધાંત, ૨૪ દંડકના જીવોમાં સમાહારાદિ ૧૦ પ્રશ્નો, જીવનો સંસાર સંસ્થાનકાલ, અસંયતભવ્યદ્રવ્યદેવાદિની ગતિ અને અસંજ્ઞીનું આયુષ્ય વગેરે વિષયોનું પ્રતિપાદન છે.

★ જૈનદર્શનનો મુખ્ય સિદ્ધાંત સ્વકર્તૃક કર્મફળભોગનો છે અર્થાત્ જે વ્યક્તિ કર્મ બાંધે છે તેનું ફળ તેને જ ભોગવવું પડે છે. તેમાં કોઈ અદશ્ય શક્તિ, દૈવી ચમત્કાર કે ઈશ્વરકૃપા કાંઈ જ કરી શકતા નથી. બાંધેલું કર્મ જ્યારે ઉદયમાં આવે છે ત્યારે જ તેનું ફળ ભોગવાય છે. જ્યાં સુધી કર્મ ઉદયમાં ન આવે ત્યાં સુધી તેનું ફળ અનુભવાતું નથી. તે જ રીતે આયુષ્ય કર્મમાં પણ સમજવું.

★ ૨૪ દંડકના જીવોમાં અને સલેશી જીવોમાં આહાર, શરીર, ઉચ્છ્વાસ–નિઃશ્વાસ, કર્મ, વર્ણ, લેશ્યા, વેદના, ક્રિયા, આયુષ્ય વગેરે પ્રત્યેક વિષયમાં, પ્રત્યેક જીવોમાં તરતમતા હોય છે.

★ જીવના સંસાર પરિભ્રમણકાળને અથવા સંસારમાં રહેવારૂપ કાળને સંસાર સંચિટ્ઠણ કાલ–સંસાર સંસ્થાનકાલ કહે છે. ચાર ગતિની અપેક્ષાએ તેના ચાર પ્રકાર છે. જીવના અનંતકાલના પરિભ્રમણમાં (૧) સર્વથી અલ્પ મનુષ્યગતિનો કાલ (૨) તેથી નરકગતિનો કાલ અસંખ્યાતગુણો (૩) તેથી દેવગતિનો કાલ અસંખ્યાતગુણો (૪) તેથી તિર્યંચગતિનો કાલ અનંતગુણો છે.

★ આ સંસારકાળની અન્ય ત્રણ પ્રકારે વિચારણા કરવામાં આવી છે– (૧) શૂન્યકાળ (૨) અશૂન્યકાળ (૩) મિશ્રકાળ.

★ **અશૂન્યકાળ :–** જેટલા સમય સુધી નિરંતર તે ગતિમાં એક પણ જીવનું અન્ય ગતિમાંથી ગમનાગમન થાય નહીં તે ગતિના જીવોની સંખ્યા નિયત જ રહે તે કાળને અશૂન્યકાળ કહેવાય છે.

★ **શૂન્યકાળ :–** કોઈ નિયત સમયે અમુક નિયત જીવો જે ગતિમાં છે તે સર્વ જીવો ત્યાંથી નીકળી જાય અને જ્યાં સુધી તે ગતિમાં તેમાંનો એક પણ જીવ પાછો ન આવે, તે કાળને શૂન્યકાળ કહે છે.

★ **મિશ્રકાલ :–** કોઈ ચોક્કસ સમયે અમુક નિયત જીવો જે ગતિમાં છે, તેમાંથી કેટલાક જીવો તે ગતિમાંથી નીકળે, કેટલાય નવા આવે. નિયત જીવોમાંથી એક જીવ પણ શેષ રહે અને અન્ય જીવોનું ગમનાગમન ચાલુ હોય, તેને મિશ્રકાલ કહે છે અથવા જે કાલ શૂન્ય પણ નથી, અશૂન્ય પણ નથી પરંતુ જેનું સ્વતંત્ર મિશ્ર સ્વરૂપ છે તેને મિશ્રકાલ કહે છે.

★ શૂન્યકાળ તિર્યંચ ગતિમાં હોતો નથી, શેષ ત્રણ ગતિમાં હોય છે. અશૂન્ય અને મિશ્રકાળ ચારે ગતિમાં હોય છે.

★ **અલ્પબહુત્વ :–** (૧) સર્વથી અલ્પ અશૂન્યકાલ છે. જન્મ મરણનો વિરહ અર્થાત્ અન્ય ગતિમાંથી ગમનાગમનનો અભાવ અલ્પ સમયપર્યંત જ રહેવાથી. (૨) તેથી મિશ્રકાલ અનંતગુણો છે. (૩) તેથી શૂન્યકાલ અનંતગુણો છે. કારણ કે નિયત સમયના નિયત જીવોમાંથી કેટલાક જીવો મોક્ષને પ્રાપ્ત કરે છે અને શેષ રહેલા જીવો વનસ્પતિમાં અનંતાનંત કાલ વ્યતીત કરે છે. તેથી તે અનંતગુણો થાય છે.

★ તિર્યંચગતિમાં શૂન્યકાલ નથી. કારણ કે વનસ્પતિકાયિક જીવો અનંત છે, તે સર્વ જીવો તે સ્થાનમાંથી કદાપિ નીકળતા નથી. તેમજ અન્ય ત્રણ ગતિમાં જીવને દીર્ઘકાલ પર્યંત રહેવાનું હોતું નથી.

★ અંત ક્રિયા, અસંયતિ ભવ્ય દ્રવ્યદેવ આદિ ૧૪ બોલોનું દેવોત્પાત વર્ણન અને અસંજ્ઞી આયુ સંબંધી વર્ણન પ્રજ્ઞાપના સૂત્ર ૫૬–૨૦ અનુસાર છે.

★ પ્રશ્નોનું સમાધાન મેળવ્યા પછી શિષ્યે ગુરુ પ્રત્યે શ્રદ્ધા અને વિનમ્રતા પ્રગટ કરતાં એમ કહેવું જોઈએ કે હે ભગવન્ ! જે રીતે આપે ફરમાવ્યું છે તે સત્ય છે, વાસ્તવિક છે, તે મને સમજાઈ ગયું છે.

❖❖❖❖❖

# શતક–૧ : ઉદ્દેશક–ર

## દુઃખ

**સ્વકૃત દુઃખ અને આયુષ્ય વેદન :–**

**१ रायगिहे णयरे समोसरणं, परिसा णिग्गया** *जाव* **एवं वयासी– जीवे णं भंते ! सयकडं दुक्खं वेएइ ? गोयमा ! अत्थेगइयं वेएइ,अत्थेगइयं णो वेएइ ।**

**से केणट्ठेणं भंते ! एवं वुच्चइ– अत्थेगइयं वेएइ, अत्थेगइयं णो वेएइ ? गोयमा ! उदिण्णं वेएइ अणुदिण्णं णो वेएइ, से तेणट्ठेणं एवं वुच्चइ– अत्थेगइयं वेएइ, अत्थेगइयं णो वेएइ । एवं चउव्वीसदंडएणं** *जाव* **वेमाणिए ।**

**ભાવાર્થ :–** રાજગૃહ નગરમાં ભગવાનનું સમવસરણ થયું. પરિષદ તેમનાં દર્શન, વંદન, ધર્મ શ્રવણાર્થે નીકળી. પરિષદ પાછી ગઈ ત્યાર પછી શ્રી ગૌતમ સ્વામીએ વિનયપૂર્વક બંને હાથ જોડી, પર્યુપાસના કરતાં આ પ્રમાણે કહ્યું–

પ્રશ્ન– હે ભગવન્ ! શું જીવ સ્વયંકૃત દુઃખ[કર્મ]ને ભોગવે છે ?

ઉત્તર– હે ગૌતમ ! કેટલાક કર્મ ભોગવાય છે, કેટલાક કર્મ ભોગવાતા નથી.

પ્રશ્ન– હે ભગવન્ ! તેનું શું કારણ છે કે કેટલાક કર્મ ભોગવાય છે અને કેટલાક ભોગવાતા નથી ?

ઉત્તર– હે ગૌતમ ! જીવ ઉદીર્ણ–ઉદયમાં આવેલા દુઃખ અને દુઃખહેતુક કર્મને ભોગવે છે અને અનુદીર્ણ દુઃખહેતુક કર્મને ભોગવતા નથી. તેથી એ પ્રમાણે કહ્યું છે કે કેટલાક કર્મ ભોગવાય છે અને કેટલાક કર્મ ભોગવાતા નથી.

**२ जीवा णं भंते ! सयंकडं दुक्खं वेदेंति ? गोयमा ! अत्थेगइयं वेदेंति, अत्थेगइयं णो वेदेंति ।**

**से केणट्ठेणं भंते ! एवं वुच्चइ ? गोयमा ! उदिण्णं वेदेंति णो अणुदिण्णं वेदेंति । से तेणट्ठेणं एवं** *जाव* **वेमाणिया ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! શું અનેક જીવ સ્વયંકૃત દુઃખ–દુઃખહેતુક કર્મને ભોગવે છે ?

ઉત્તર– હે ગૌતમ ! કેટલાક દુઃખ કર્મ ભોગવાય છે. કેટલાક ભોગવાતા નથી.

પ્રશ્ન– હે ભગવન્ ! તેનું શું કારણ છે ?

ઉત્તર– હે ગૌતમ ! ઉદીર્ણ કર્મ ભોગવાય છે. અનુદીર્ણકર્મ ભોગવાતા નથી. તેથી એ પ્રમાણે કહ્યું છે કે કેટલાક કર્મ ભોગવાય છે, કેટલાક ભોગવાતા નથી. આ જ પ્રમાણે નૈરયિકથી વૈમાનિક પર્યંતના ચોવીસ દંડકોના સંબંધમાં પ્રશ્નોત્તર સમજવા જોઈએ.

**३ जीवे णं भंते ! सयंकडं आउयं वेएइ ?**

**गोयमा ! अत्थेगइयं वेदेइ, अत्थेगइयं णो वेएइ । जहा दुक्खेणं दो दंडगा तहा आउएणं वि दो दंडगा एगत्तपुहत्तिया, एगत्तेणं** *जाव* **वेमाणिया, पुहुत्तेण वि तहेव ।**

**શબ્દાર્થ :– एगत्तेण** = એકવચનથી, **पुहत्तेण–पृथक्त्वेन** = બહુવચનથી.

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! જીવ સ્વયંકૃત આયુષ્ય ભોગવે છે ?

હે ગૌતમ ! કેટલાક ભોગવે છે, કેટલાક ભોગવતા નથી. જેમ દુઃખકર્મના વિષયમાં બે દંડક કહ્યા છે તે જ પ્રમાણે આયુષ્યકર્મના સંબંધમાં પણ એકવચન અને બહુવચનની અપેક્ષાએ બે દંડકનું કથન કરવું. તેમ જ ૨૪ દંડક સંબંધિત એકવચનાન્ત અને બહુવચનાન્ત પ્રશ્નોત્તરનું કથન કરવું જોઈએ.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રોમાં સ્વયંકૃત દુઃખ કર્મ એવં આયુષ્ય કર્મના વેદનના સંબંધમાં એકવચન અને બહુવચનની અપેક્ષાએ મહત્ત્વપૂર્ણ પ્રશ્નોત્તર અંકિત છે.

**સ્વકૃત કર્મફલભોગ સિદ્ધાંત :–** શ્રી ગૌતમસ્વામીના પૂર્વોક્ત પ્રશ્ન પૂછવામાં પાંચ ભ્રાંત માન્યતાઓનું નિરાકરણ ગર્ભિત છે. તત્કાલીન યુગમાં આ પ્રકારની મિથ્યા માન્યતાઓ પ્રચલિત હતી કે (૧) કર્મ અન્ય કરે અને તેનું ફળ અન્ય વ્યક્તિ ભોગવી શકે છે (૨) ઈશ્વર અથવા કોઈ અદશ્ય શક્તિની કૃપા પ્રાપ્ત થઈ જાય તો સ્વકૃત દુઃખજનક અશુભ કર્મફળ ભોગવવું પડતું નથી (૩) પરમાધામી દેવો, નરકપાલ આદિ 'પર' ના નિમિત્તે નારકાદિ જીવોને દુઃખ ભોગવવું પડે છે (૪) વસ્ત્ર, ભોજનાદિ પર વસ્તુઓ અથવા વ્યક્તિઓના નિમિત્તથી મનુષ્યોને સુખ દુઃખ મળે છે (૫) અન્ય પ્રાણીને આયુષ્ય દઈ શકાય છે અને લઈ શકાય છે.

ઉપરોક્ત પાંચે માન્યતાઓ યુક્તિસંગત નથી. કોઈ દ્વારા કરાયેલા કર્મોનું ફળ જો અન્ય ભોગવે,

તો કરેલાં કર્મ ફળ આપ્યા વિના નાશ પામી જશે અને નહિ કરેલાં કર્મ ભોગવવા પડશે. આમ કૃતનાશ અને અકૃતાગમનો દોષ આવશે. તેથી લોકોત્તર વ્યવહારની જેમ લૌકિક વ્યવહારમાં અસ્તવ્યસ્તતા ઉત્પન્ન થશે. યજ્ઞદત્તના ભોજન, નિદ્રાસેવન, ઔષધસેવન આદિ કર્મથી બ્રહ્મદત્તની ક્ષુધા, નિદ્રા અને વ્યાધિનું ક્રમશઃ નિવારણ થશે પરંતુ તે અસંભવ છે. પરવસ્તુ અથવા પરવ્યક્તિ સુખ–દુઃખમાં માત્ર નિમિત્ત બની શકે છે પણ તે સુખ–દુઃખ ભોગવી શકે નહીં, સુખ–દુઃખ આપી શકે નહીં. પ્રાણી સ્વયં સ્વકૃતકર્મના ફલ સ્વરૂપ સુખ કે દુઃખને ભોગવે છે. આયુષ્યકર્મનું ફળ પણ પરસ્પર એકબીજા ભોગવી શકતા નથી. તેથી સ્વકૃત કર્મફળનું સ્વયં વેદનરૂપ સિદ્ધાંત અબાધિત છે.

શાતા–અશાતાવેદનીય આદિ કે આયુષ્યકર્મનું ફળ કદાચિત્ વર્તમાનમાં દષ્ટિગોચર ન થાય, તો તેનું કારણ એ છે કે તે કર્મ ઉદયમાં આવ્યાં નથી, અનુદય–અવસ્થામાં છે. જ્યારે તે કર્મ ઉદયાવસ્થાને પ્રાપ્ત કરશે ત્યારે ફળ આપશે. ૨૪ દંડકોના જીવોને અનુભાગથી અથવા પ્રદેશથી સ્વકૃત કર્મનું ફળ અવશ્ય ભોગવવું પડે છે.

આયુષ્યકર્મ આઠ કર્મની અંતર્ગત હોવા છતાં શાસ્ત્રકારે તેના વિષયમાં અલગ પ્રશ્ન કર્યો છે, તેનું કારણ એ છે કે નરક, તિર્યંચ આદિના વ્યવહારમાં આયુષ્યની મુખ્યતા છે. તેથી આયુષ્યના સંબંધમાં પણ એકવચન અને બહુવચનની અપેક્ષાએ પ્રશ્ન કર્યા છે. તેના ઉત્તરમાં પણ ભગવાને કહ્યું છે કે જીવ સ્વકૃત આયુષ્યનું જ વેદન કરે છે, અન્યકૃત આયુષ્યનું વેદન કરતા નથી. સ્વકૃત આયુષ્ય કર્મનો જ્યારે ઉદય થાય ત્યારે તે ભોગવે છે. જેમ કોઈ મનુષ્યે આગામી ભવના દેવ આયુષ્યનો બંધ કર્યો હોય પરંતુ વર્તમાને તે ઉદયમાં નથી, તેથી તેને ભોગવતા નથી, જ્યારે તે ઉદયમાં આવે ત્યારે તેનું વેદન કરે છે.

આ રીતે ચોવીસે દંડકના જીવોને માટે આયુષ્યના વિષયમાં સમજવું જોઈએ.

## ચોવીસ દંડકોમાં સમાહાર આદિ દસ પ્રશ્ન :–

**૪ णेरइया णं भंते ! सव्वे समाहारा, सव्वे समसरीरा, सव्वे समुस्सास-णीसासा ? गोयमा ! णो इणट्ठे समट्ठे ।**

**से केणट्ठेणं भंते ! एवं वुच्चइ– णेरइया णो सव्वे समाहारा, णो सव्वे समसरीरा, णो सव्वे समुस्सा-सणीसासा?**

**गोयमा ! णेरइया दुविहा पण्णत्ता, तं जहा– महासरीरा य, अप्पसरीरा य। तत्थ णं जे ते महासरीरा ते बहुतराए पोग्गले आहारेंति, बहुतराए पोग्गले परिणामेंति, बहुतराए पोग्गले उस्ससंति, बहुतराए पोग्गले णीससंति; अभिक्खणं आहारेंति, अभिक्खणं परिणामेंति, अभिक्खणं उस्ससंति, अभिक्खणं णीससंति । तत्थ णं जे ते अप्पसरीरा ते णं अप्पतराए पोग्गले**

**आहारेंति, अप्पतराए पोग्गले परिणामेंति, अप्पतराए पोग्गले उस्ससंति, अप्पतराए पोग्गले णीससंति; आहच्च आहारेंति, आहच्च परिणामेंति, आहच्च उस्ससंति, आहच्च णीससंति; से तेणट्ठेणं गोयमा! एवं वुच्चइ– णेरइया णो सव्वे समाहारा, णो सव्वे समसरीरा, णो सव्वे समुस्सास– णीसासा ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! શું સર્વ નારકો સમાન આહારવાળા, સમાન શરીરવાળા તથા સમાન ઉચ્છ્‌વાસ નિઃશ્વાસવાળા હોય છે ?

ઉત્તર– હે ગૌતમ ! આ અર્થ(વાત) શક્ય નથી.

પ્રશ્ન– હે ભગવન્ ! તેનું શું કારણ છે કે સર્વ નારકો સમાન આહારવાળા, સમાન શરીરવાળા, સમાન ઉચ્છ્‌વાસ–નિશ્વાસવાળા નથી ?

ઉત્તર– હે ગૌતમ ! નૈરયિક જીવ બે પ્રકારના છે. મહાશરીરી અને અલ્પશરીરી–નાના શરીર–વાળા. જે મહાશરીરી છે તે ઘણા પુદ્‌ગલોનો આહાર કરે છે, ઘણા પુદ્‌ગલોને પરિણમાવે છે, ઘણા પુદ્‌ગલોને ઉચ્છ્‌વાસ રૂપમાં ગ્રહણ કરે છે, ઘણા પુદ્‌ગલોને નિઃશ્વાસ રૂપમાં છોડે છે તથા તે વારંવાર આહાર કરે છે, વારંવાર તેને પરિણમાવે છે, વારંવાર ઉચ્છ્‌વાસ–નિઃશ્વાસ લે છે. જે અલ્પશરીરી નારક છે, તે અલ્પ પુદ્‌ગલોનો આહાર કરે છે, અલ્પ પુદ્‌ગલોનું પરિણમન કરે છે, અલ્પ પુદ્‌ગલોને ઉચ્છ્‌વાસ રૂપમાં ગ્રહણ કરે છે, અલ્પ પુદ્‌ગલોને નિઃશ્વાસરૂપમાં છોડે છે. તે કદાચિત્ આહાર કરે છે, કદાચિત્ તેને પરિણમાવે છે, કદાચિત્ ઉચ્છ્‌વાસ નિઃશ્વાસ લે છે. હે ગૌતમ ! તેથી એ પ્રમાણે કહ્યું છે કે સર્વ નારકો સમાન આહાર–વાળા, સમાન શરીરવાળા, સમાન ઉચ્છ્‌વાસ–નિઃશ્વાસવાળા હોતા નથી.

**૫ णेरइया णं भंते ! सव्वे समकम्मा ? गोयमा ! णो इणट्ठे समट्ठे ।**

**से केणट्ठेणं भंते ! एवं वुच्चइ ? गोयमा ! णेरइया दुविहा पण्णत्ता, तं जहा– पुव्वोववण्णगा य, पच्छोववण्णगा य । तत्थ णं जे ते पुववोववण्णगा ते णं अप्पकम्मतरागा, तत्थ णं जे ते पच्छोववण्णगा ते णं महाकम्मतरागा, से तेणट्ठेणं गोयमा** *जाव* **णो समकम्मा ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! શું સર્વ નારકો સમાન કર્મવાળા છે ?

ઉત્તર– હે ગૌતમ ! એ વાત શક્ય નથી.

પ્રશ્ન– હે ભગવન્ ! તેનું શું કારણ છે ?

ઉત્તર– હે ગૌતમ ! નૈરયિકો બે પ્રકારના છે. પૂર્વોપપન્નક–પહેલા ઉત્પન્ન થયેલા અને પશ્ચાદુ–પપન્નક–પાછળથી ઉત્પન્ન થયેલા. તેમાંથી જે પૂર્વોપપન્નક છે તે અલ્પકર્મવાળા છે અને જે પશ્ચાદુપપન્નક

છે તે મહાકર્મવાળા છે. હે ગૌતમ ! તેથી એ પ્રમાણે કહ્યું છે કે સર્વ નારકો સમાન કર્મવાળા નથી.

**૬ णेरइया णं भंते ! सव्वे समवण्णा ? गोयमा ! णो इणट्ठे समट्ठे ।**

**से केणट्ठेणं भंते ! एवं वुच्चइ ? गोयमा ! जे ते पुव्वोववण्णगा ते णं विसुद्धवण्णतरागा, तत्थ णं जे ते पच्छोववण्णगा ते णं अविसुद्ध- वण्णतरागा, से तेणट्ठेणं एवं वुच्चइ ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! શું સર્વ નારકો સમાન વર્ણવાળા છે ?

ઉત્તર– હે ગૌતમ ! તે વાત શક્ય નથી.

પ્રશ્ન– હે ભગવન્ ! તેનું શું કારણ છે ?

ઉત્તર– ગૌતમ ! પૂર્વોક્ત કથનની જેમ નૈરયિકો બે પ્રકારના છે. પૂર્વોપપન્નક અને પશ્ચાદુપપન્નક. તેમાંથી જે પૂર્વોપપન્નક છે તે વિશુદ્ધ વર્ણવાળા અને પશ્ચાદુપપન્નક છે તે અવિશુદ્ધવર્ણવાળા છે. હે ગૌતમ ! તેથી એ પ્રમાણે કહ્યું છે.

**૭ णेरइया णं भंते ! सव्वे समलेस्सा ? गोयमा ! णो इणट्ठे समट्ठे ।**

**से केणट्ठेणं भंते ! एवं वुच्चइ ? गोयमा ! णेइरया दुविहा पण्णत्ता, तं जहा– पुव्वोववण्णगा य, पच्छोववण्णगा य; तत्थ णं जे ते पुव्वोववण्णगा ते णं विसुद्धलेस्सतरागा, तत्थ णं जे ते पच्छोववण्णगा ते णं अविसुद्धलेस्सतरागा । से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! શું સર્વ નારકો સમાન લેશ્યાવાળા છે ?

ઉત્તર– હે ગૌતમ ! તે કથન શક્ય નથી.

પ્રશ્ન– હે ભગવન્ ! તેનું શું કારણ છે ?

ઉત્તર– હે ગૌતમ ! નૈરયિકો બે પ્રકારના છે. પૂર્વોપપન્નક અને પશ્ચાદુપપન્નક. તેમાંથી જે પૂર્વોપપન્નક છે તે વિશુદ્ધલેશ્યાવાળા છે અને જે પશ્ચાદુપપન્નક છે તે અવિશુદ્ધલેશ્યાવાળા છે. હે ગૌતમ ! તેથી એ પ્રમાણે કહ્યું છે કે સર્વ નારકો સમાન લેશ્યાવાળા નથી.

**૮ णेरइया णं भंते ! सव्वे समवेयणा ? गोयमा ! णो इणट्ठे समट्ठे ।**

**से केणट्ठेणं भंते ! एवं वुच्चइ ? गोयमा ! णेरइया दुविहा पण्णत्ता, तं जहा– सण्णिभूया य, असण्णिभूया य; तत्थ णं जे ते सण्णिभूया ते णं**

**महावेयणा, तत्थ णं जे ते असण्णिभूया ते णं अप्पवेयणतरागा । से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! શું સર્વ નારકો સમાન વેદનવાળા છે ?

ઉત્તર– હે ગૌતમ ! તે કથન શક્ય નથી.

પ્રશ્ન– હે ભગવન્ ! તેનું શું કારણ છે ?

ઉત્તર– હે ગૌતમ ! નૈરયિકો બે પ્રકારના છે. સંજ્ઞીભૂત અને અસંજ્ઞીભૂત. તેમાંથી જે સંજ્ઞીભૂત છે, તે મહાવેદનાવાળા છે અને અસંજ્ઞીભૂત છે, તે અલ્પવેદનાવાળા[અપેક્ષાકૃત] છે. હે ગૌતમ ! તેથી એ પ્રમાણે કહ્યું છે કે સર્વ નારકો સમાન વેદનાવાળા નથી.

**९ णेरइया णं भंते ! सव्वे समकिरिया ? गोयमा ! णो इणट्ठे समट्ठे।**

**से केणट्ठेणं भंते ! एवं वुच्चइ ?**

**गोयमा ! णेरइया तिविहा पण्णत्ता, तं जहा– समदिट्ठी, मिच्छदिट्ठी, सम्मामिच्छदिट्ठी; तत्थ णं जे ते सम्मदिट्ठी तेसिं णं चत्तारि किरियाओ पण्णत्ता, तं जहा– आरंभिया, परिग्गहिया, मायावत्तिया, अप्पच्चक्खाणकिरिया । तत्थ णं जे ते मिच्छदिट्ठी तेसिं णं पंच किरियाओ कज्जंति, तं जहा– आरंभिया** *जाव* **मिच्छादंसवत्तिया । एवं सम्मामिच्छादिट्ठीणं पि । से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! સર્વ નારકો સમાન ક્રિયાવાળા છે ?

ઉત્તર– હે ગૌતમ ! તે વાત શક્ય નથી.

પ્રશ્ન– હે ભગવન્ ! તેનું શું કારણ છે ?

ઉત્તર– હે ગૌતમ ! નારકો ત્રણ પ્રકારના છે, યથા–સમ્યગ્દષ્ટિ, મિથ્યાદષ્ટિ, સમ્યગ્–મિથ્યાદષ્ટિ [મિશ્ર દષ્ટિ]. તેમાંથી જે સમ્યગ્ દષ્ટિ છે તેને ચાર ક્રિયા હોય છે. જેમ કે આરંભિકી, પારિગ્રહિકી, માયા પ્રત્યયા અને અપ્રત્યાખ્યાનક્રિયા. જે મિથ્યાદષ્ટિ છે તેને પાંચ ક્રિયા હોય છે. ઉક્ત ચાર ઉપરાંત મિથ્યાદર્શન પ્રત્યયા. મિશ્રદષ્ટિને પણ પાંચ ક્રિયા હોય છે. હે ગૌતમ ! તેથી એ પ્રમાણે કહ્યું છે કે સર્વ નારકો સમાન ક્રિયાવાળા નથી.

**१० णेरइया णं भंते ! सव्वे समाउया, सव्वे समोववण्णगा ? गोयमा? णो इणट्ठे समट्ठे ।**

**से केणट्ठेणं भंते ! एवं वुच्चइ ?**

**गोयमा ! णेरइया चउव्विहा पण्णत्ता तं जहा– अत्थेगइया समाउया समोववण्णगा, अत्थेगइया समाउया विसमोववण्णगा, अत्थेगइया विसमाउया समोववण्णगा, अत्थेगइया विसमाउया विसमोववण्णगा; से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! શું સર્વ નારકો સમાન આયુષ્યવાળા અને સમોપપન્નક–એક સાથે ઉત્પન્ન થયેલા છે ?

ઉત્તર– હે ગૌતમ ! તે કથન શક્ય નથી ?

પ્રશ્ન– હે ભગવન્ ! તેનું શું કારણ છે ?

ઉત્તર– હે ગૌતમ ! નારક જીવ ચાર પ્રકારના કહ્યા છે. તે આ પ્રમાણે–

(૧) સમાયુષ્ક–સમોપપન્નક[સમાન આયુવાળા અને એક સાથે ઉત્પન્ન થયેલા]

(૨) સમાયુષ્ક–વિષમોપપન્નક[સમાન આયુવાળા અને આગળ પાછળ ઉત્પન્ન થયેલા]

(૩) વિષમાયુષ્ક–સમોપપન્નક[વિષમ આયુષ્યવાળા અને એક સાથે ઉત્પન્ન થયેલા]

(૪) વિષમાયુષ્ક–વિષમોપપન્નક[વિષમ આયુષ્યવાળા અને આગળ પાછળ ઉત્પન્ન થયેલા]

હે ગૌતમ ! તેથી આ પ્રમાણે કહ્યું છે કે સર્વ નારકો સમાન આયુષ્યવાળા અને એક સાથે ઉત્પન્ન થયેલા નથી.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રોમાં નિમ્નોક્ત દસ દ્વારથી નૈરયિકોની વિચારણા કરી છે. (૧) સમાહાર (૨) સમશરીર (૩) સમ ઉચ્છ્વાસ–નિઃશ્વાસ (૪) સમકર્મ (૫) સમવર્ણ (૬) સમલેશ્યા (૭) સમવેદના (૮) સમક્રિયા (૯) સમાયુષ્ક (૧૦) સમોપન્નક.

**આહાર, શરીર, શ્વાસોચ્છ્વાસ :–** તેમાં પ્રથમ ત્રણ પ્રશ્નોનો એક વર્ગ છે. આહાર, શરીર અને શ્વાસોચ્છ્વાસ. તે ત્રણે જીવનના અનિવાર્ય અંગ છે. આહારનો સંબંધ શરીર સાથે છે. સર્વ જીવોનું શરીર સમાન નથી. પ્રાયઃ જેનું શરીર મોટું તેનો આહાર વધુ અને જેનું શરીર નાનું તેનો આહાર અલ્પ હોય છે. જેમ હાથી કરતા સસલાનો આહાર અલ્પ હોય છે, તેમ પ્રથમ નરકના નારકી કરતા સાતમી નરકના નારકીનું શરીર મોટું છે. તેથી તેની આહારની માત્રા પણ અધિક હોય છે અને તેનો શ્વાસોચ્છ્વાસ પણ નિરંતર ધમણની પેઠે થાય છે. તેમાં તે અધિક પુદ્ગલો ગ્રહણ કરે છે અને છોડે છે.

**કર્મ, વર્ણ, લેશ્યા :–** આ ત્રણે જીવનના આંતરિક પક્ષથી સંબંધિત છે. સર્વ જીવોના પૂર્વકૃત કર્મો અનુસાર તેના કર્મ, વર્ણ અને લેશ્યામાં ભિન્નતા હોય છે. પૂર્વોપપન્નક– પહેલાં ઉત્પન્ન થયેલા નૈરયિકનું આયુષ્ય તથા અશુભકર્મોનું વેદન થઈ ગયું હોય છે તેથી તે અલ્પકર્મી અને પશ્ચાદુપપન્નક–પાછળથી ઉત્પન્ન થયેલા નૈરયિકોને ઘણા અશુભકર્મો ભોગવવાના શેષ હોય છે તેથી તે મહાકર્મી છે. વર્ણ અને લેશ્યા માટે પણ તે જ નિયમ છે. પૂર્વોપપન્નક–નૈરયિકના કર્મ અલ્પ હોવાથી તેનો વર્ણ અને લેશ્યા વિશુદ્ધ થઈ જાય છે અને પશ્ચાદુપપન્નક નૈરયિકના કર્મ અધિક હોવાથી તેનો વર્ણ અને લેશ્યા અવિશુદ્ધ હોય છે.

**વેદના :–** પ્રસ્તુત પ્રસંગમાં વેદના શબ્દથી શાતા અને અશાતા બંને પ્રકારની વેદનાનું ગ્રહણ કર્યું છે. નૈરયિકોને પ્રાયઃ અશાતા વેદના જ હોય છે.

અહીં નારકીના બે ભેદ કર્યા છે– સંજ્ઞીભૂત અને અસંજ્ઞીભૂત. **સંજ્ઞીભૂતના ચાર અર્થ થાય છે–**

(૧) સમ્યગ્દર્શની જીવને સંજ્ઞી કહે છે. મિથ્યાત્વીને અસંજ્ઞી કહે છે.

(૨) વર્તમાનમાં જે નારકી સંજ્ઞી છે તે સંજ્ઞીભૂત અને જે અસંજ્ઞી છે તે અસંજ્ઞીભૂત.

(૩) જે નારકી પૂર્વભવમાં સંજ્ઞીપંચેન્દ્રિય હોય તે સંજ્ઞીભૂત અને જે પૂર્વભવમાં અસંજ્ઞીપંચેન્દ્રિય હોય તે અસંજ્ઞીભૂત કહેવાય છે.

(૪) સંજ્ઞીભૂતનો અર્થ પર્યાપ્તક અને અસંજ્ઞીભૂતનો અર્થ અપર્યાપ્તક થાય છે.

ઉક્ત સર્વ અર્થની અપેક્ષાએ વિચારતાં સ્પષ્ટ થાય છે કે સંજ્ઞીભૂત નારકને તીવ્રવેદના અને અસંજ્ઞીભૂતને અલ્પવેદના હોય છે. સમ્યગ્દર્શની જીવને પૂર્વકૃત પાપના પશ્ચાતાપથી માનસિક વેદના અધિક હોય છે. સંજ્ઞીભૂતનો અર્થ સંજ્ઞી પંચેન્દ્રિય લઈએ તોપણ તે તીવ્ર અશુભ પરિણામથી સાતમી નરક સુધી જઈ મહાવેદના ભોગવે છે જ્યારે અસંજ્ઞીપંચેન્દ્રિય પ્રથમ નરક સુધી જ જાય છે. તેથી તેને અલ્પવેદના હોય છે. સંજ્ઞીભૂતનો અર્થ પર્યાપ્ત લઈએ તોપણ પર્યાપ્ત જીવને મહાવેદના અને અપર્યાપ્તાને અલ્પવેદના હોય છે.

**ક્રિયા :–** કર્મબંધનની હેતુભૂત પ્રવૃત્તિને ક્રિયા કહે છે. અહીં તેના પાંચ ભેદ ગ્રહણ કર્યા છે.

(૧) આરંભિકી– છકાય જીવના આરંભ–સમારંભજન્ય ક્રિયા.

(૨) પારિગ્રહિકી– મૂર્ચ્છા–આસક્તિભાવજન્ય ક્રિયા.

(૩) માયા પ્રત્યયિકી– માયા, કપટ અને ઉપલક્ષણથી ક્રોધ, માન, માયા અને લોભજન્ય ક્રિયા.

(૪) અપ્રત્યાખ્યાનિકી– અવિરતિભાવજન્ય ક્રિયા.

(૫) મિથ્યાદર્શનપ્રત્યયિકી–મિથ્યાત્વજન્ય ક્રિયા.

નારકીના ત્રણ ભેદ છે. સમ્યગ્દષ્ટિ, મિથ્યાદષ્ટિ અને મિશ્રદષ્ટિ. તેમાં સમ્યગ્દષ્ટિ નૈરયિકોને

પ્રથમની ચાર ક્રિયા અને મિથ્યાદષ્ટિ અને મિશ્રદષ્ટિ જીવોને પાંચે ક્રિયા લાગે છે.

**સમાયુષ્ક–સમોત્પન્નક :–** જે જીવોનું આયુષ્ય સમાન હોય તે સમાયુષ્ક કહેવાય છે અને જે જીવ એકી સાથે જનમ્યા હોય તે સમોત્પન્નક કહેવાય છે. સર્વ નારકો સમાન આયુષ્યવાળા હોતા નથી કે એક સાથે ઉત્પન્ન થતા નથી. તેના ચાર ભંગ થાય છે જે સૂત્રપાઠથી સ્પષ્ટ છે.

## અસુરકુમારમાં સમાહારાદિ :–

**११ असुरकुमारा णं भंते ! सव्वे समाहारा, समसरीरा ?**

**जहा णेरइया तहा भाणियव्वा, णवरं–कम्मवण्णलेस्साओ परिवण्णेयव्वाओ पुव्वोववण्णगा महाकम्मतरागा, अविसुद्धवण्णतरागा, अविसुद्धलेसतरागा। पच्छोववण्णगा पसत्था । सेसं तहेव । एवं *जाव* थणियकुमाराणं ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! શું સર્વ અસુરકુમાર સમાન આહારવાળા, સમાન શરીરવાળા છે ? ઈત્યાદિ સર્વ પ્રશ્ન પૂર્વવત્ કરવા.

ઉત્તર– હે ગૌતમ ! અસુરકુમારોના સંબંધમાં સંપૂર્ણ વર્ણન નૈરયિકોની સમાન જાણવું. વિશેષતા એ છે કે અસુરકુમારના કર્મ, વર્ણ અને લેશ્યામાં નૈરયિકોથી વિપરીત કથન કરવું અર્થાત્ પૂર્વોપપન્નક [પૂર્વોત્પન્ન] અસુરકુમાર મહાકર્મવાળા, અવિશુદ્ધ વર્ણવાળા અને અશુદ્ધ લેશ્યા વાળા હોય છે. જ્યારે પશ્ચાદુપપન્નક[પછી ઉત્પન્ન થયેલા] પ્રશસ્ત છે. શેષ પૂર્વવત્ તે જ રીતે નાગકુમારોથી સ્તનિતકુમારો સુધી સમજવું જોઈએ.

## વિવેચન :–

**આહાર, શરીર, શ્વાસોચ્છ્વાસ :–** અસુરકુમારના શરીરની અવગાહના જઘન્ય અંગુલનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટ સાત હાથની, ઉત્તરવૈક્રિય શરીરની અવગાહના જઘન્ય અંગુલનો સંખ્યાતમો ભાગ ઉત્કૃષ્ટ લાખ યોજનની છે. સાત હાથથી ન્યૂન અવગાહના ઉત્પત્તિના અંતર્મુહૂર્તમાં જ હોય છે. નારકોની જેમ દેવોમાં પણ નાના–મોટા શરીરની ભિન્નતાના આધારે તેના આહાર અને શ્વાસોચ્છ્વાસમાં તરતમતા રહે છે. મહાશરીરીનો અધિક આહાર અને અલ્પશરીરીનો અલ્પ આહાર હોય છે. દેવોમાં અધિક પુદ્ગલોનું ગ્રહણ તેમના મનોભક્ષણ રૂપ આહારની અપેક્ષાએ સમજવું જોઈએ.

**કર્મ, વર્ણ, લેશ્યા :–** અસુરકુમાર દેવોના કર્મ, વર્ણ, લેશ્યાના વિષયમાં નૈરયિકોથી વિપરીત નિયમ હોય છે. પૂર્વોત્પન્ન દેવ, મહાકર્મી, અવિશુદ્ધ વર્ણ અને અવિશુદ્ધ લેશ્યાવાળા હોય છે. દેવો ભોગવૃત્તિના કારણે તેમજ કેટલાક દેવો નારકીજીવોને ત્રાસ આપવાના કારણે અધિક કર્મબંધ કરે છે. દેવોને કર્મબંધના નિમિત્ત અધિક છે. નિર્જરાના નિમિત્ત અલ્પ છે. તેથી પૂર્વોત્પન્ન દેવો મહાકર્મી છે. તેમજ પૂર્વોત્પન્ન જે દેવે તિર્યંચનું આયુષ્ય બાંધ્યુ હોય તે પણ મહાકર્મી હોય છે. વર્ણ અને લેશ્યાનો સંબંધ કર્મ સાથે છે. જે મહાકર્મી હોય તે

અવિશુદ્ધ વર્ણ અને અવિશુદ્ધ લેશ્યાવાળા હોય છે. આ રીતે પૂર્વોત્પન્ન દેવો મહાકર્મી, અવિશુદ્ધ વર્ણ અને અવિશુદ્ધ લેશ્યાવાળા હોય છે અને પશ્ચાદુપપન્નક દેવો અપેક્ષાએ અલ્પકર્મી, વિશુદ્ધ વર્ણ અને વિશુદ્ધ લેશ્યાવાળા હોય છે. શેષ કથન નૈરયિકોની સમાન સમજવું જોઈએ.

**પાંચ સ્થાવર અને ત્રણ વિકલેન્દ્રિયમાં સમાહારાદિ :–**

**૧૨ पुढविक्काइयाणं आहार-कम्मवण्ण-लेस्सा जहा णेरइयाणं ।**

**ભાવાર્થ :–**પૃથ્વીકાયિક જીવોના આહાર, કર્મ, વર્ણ અને લેશ્યા નૈરયિકોની સમાન જાણવી.

**૧૩ पुढविक्काइया णं भंते ! सव्वे समवेयणा ? हंता, समवेयणा ।**

**से केणट्ठेणं भंते ! समवेयणा ? गोयमा ! पुढविक्काइया सव्वे असण्णी असण्णिभूयं अणिदाए वेयणं वेदेंति, से तेणट्ठेणं गोयमा ! सव्वे समवेयणा।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! શું સર્વ પૃથ્વીકાયિક જીવ સમાન વેદનાવાળા છે ?

ઉત્તર– હા, ગૌતમ ! તે સમાન વેદનાવાળા છે.

પ્રશ્ન– હે ભગવન્ ! તેનું શું કારણ છે કે સર્વ પૃથ્વીકાયિક જીવ સમાન વેદનાવાળા છે ?

ઉત્તર– ગૌતમ ! સર્વ પૃથ્વીકાયિક જીવ અસંજ્ઞી છે અને અસંજ્ઞીભૂત જીવ અનિદા–અવ્યક્ત રૂપે એક સમાન વેદના વેદે છે. હે ગૌતમ ! તેથી એ પ્રમાણે કહ્યું છે કે સર્વ પૃથ્વીકાયિક જીવ સમાન વેદના– વાળા છે.

**૧૪ पुढविक्काइया णं भंते ! सव्वे समकिरिया ? हंता, समकिरिया।**

**से केणट्ठेणं भंते ! समकिरिया ?**

**गोयमा ! पुढविक्काइया सव्वे माई मिच्छादिट्ठी ताणं णेयइयाओ पंचकिरियाओ कज्जंति, तं जहा– आरंभिया जाव मिच्छादंसणवत्तिया । से तेणट्ठेणं गोयमा ! समकिरिया। पुढवीकाइयाणं समाउया, समोववण्णगा जहा णेरइया तहा भाणियव्वा।**

**जहा पुढविक्काइया तहा जाव चउरिंदिया ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! સર્વ પૃથ્વીકાયિક જીવ સમાન ક્રિયાવાળા હોય છે ?

ઉત્તર– હે ગૌતમ ! તે સર્વ સમાન ક્રિયાવાળા હોય છે.

પ્રશ્ન– હે ભગવન્ ! તેનું શું કારણ છે ?

ઉત્તર– હે ગૌતમ ! સર્વ પૃથ્વીકાયિક જીવ માયી અને મિથ્યાદષ્ટિ છે. તેઓને નિયમા આરંભિકીથી મિથ્યાદર્શન પ્રત્યયા સુધીની પાંચ ક્રિયા હોય છે. હે ગૌતમ ! તેથી એ પ્રમાણે કહ્યું છે કે સર્વ પૃથ્વીકાયિક જીવ સમાનક્રિયાવાળા હોય છે. જેમ નારક જીવોમાં સમાયુષ્ક અને સમોપપન્નક આદિ ચાર ભંગ કહ્યા છે તે જ પ્રમાણે પૃથ્વીકાયિક જીવોમાં પણ કથન કરવું જોઈએ.

જે પ્રમાણે પૃથ્વીકાયિક જીવોના આહારાદિના સંબંધમાં નિરૂપણ કર્યું, તે પ્રમાણે અપકાય, તૈજસકાય, વાયુકાય, વનસ્પતિકાય, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય અને ચતુરિન્દ્રિય પર્યંતના જીવોના સંબંધમાં સમજી લેવું જોઈએ.

## વિવેચન :–

પૃથ્વીકાયાદિ ચાર સ્થાવરની અવગાહના અંગુલનો અસંખ્યાતમો ભાગ છે. અંગુલના અસંખ્યાતમા ભાગમાં પણ અસંખ્ય ભેદ છે. શ્રી પ્રજ્ઞાપના સૂત્રમાં કહ્યું છે કે પૃથ્વીકાયિક જીવ, પૃથ્વીકાયિક જીવની અવગાહનાની અપેક્ષાએ ચતુઃસ્થાનપતિત છે. યથા– અસંખ્યાતભાગહીન, સંખ્યાત ભાગહીન, સંખ્યાત ગુણહીન, અસંખ્યાત ગુણહીન. આ જ રીતે વૃદ્ધિના ચાર સ્થાન છે. તાત્પર્ય એ છે કે સર્વ પૃથ્વીકાયિક જીવોની અવગાહના અંગુલના અસંખ્યાતમા ભાગની હોવા છતાં તેમાં તરતમતા છે. તેથી જ કોઈ અલ્પશરીરી, કોઈ મહાશરીરી હોય છે. તેના આધારે જ તેના આહાર અને શ્વાસોચ્છ્વાસમાં તરતમતા છે.

**વેદના**– પાંચ સ્થાવર અને ત્રણ વિકલેન્દ્રિય જીવો અસંજ્ઞી અને મિથ્યાત્વી છે. તેથી તે ઉન્મત્તપુરુષની જેમ બેભાનપણે કષ્ટ ભોગવે છે. તે જીવો મનરહિત હોવાથી પોતાની વેદનાના કારણ વગેરે સમજી કે વિચારી શકતા નથી. તેની વેદનાને શાસ્ત્રકારે અનિદા–અનાભોગપણે, અવ્યક્ત રૂપે વેદાતી વેદના કહી છે.

**ક્રિયા** :– તે સર્વ જીવો મિથ્યાત્વી હોવાથી સમાન ક્રિયાવાળા હોય છે.

## પંચેન્દ્રિય તિર્યંચમાં સમાહારાદિ :–

**૧૫ पंचिंदियतिरिक्खजोणिया जहा णेरइया, णाणत्तं किरियासु ।**

**पंचिंदियतिरिक्खजोणिया णं भंते ! सव्वे समकिरिया ? गोयमा ! णो इणट्ठे समट्ठे ।**

**से केणट्ठेणं भंते ! एवं वुच्चइ ?**

**गोयमा ! पंचिंदियतिरिक्खजोणिया तिविहा पण्णत्ता तं जहा– सम्मदिट्ठी, मिच्छादिट्ठी, सम्मामिच्छादिट्ठी । तत्थ णं जे ते सम्मदिट्ठी ते दुविहा पण्णत्ता,**

**तं जहा– असंजया य, संजयासंजया य, तत्थ णं जे ते संजयासंजया तेसि णं तिण्णि किरियाओ कज्जंति, तं जहा– आरंभिया, परिग्गहिया, मायावत्तिया; असंजयाणं चत्तारि, मिच्छादिट्ठीणं पंच, सम्मामिच्छादिट्ठीणं पंच ।**

**ભાવાર્થ :–** પંચેન્દ્રિય તિર્યંચ યોનિક જીવોના આહારાદિનું કથન પણ નૈરયિકોની સમાન છે. કેવલ ક્રિયામાં ભિન્નતા છે.

પ્રશ્ન– હે ભગવન્ ! શું સર્વ પંચેન્દ્રિય તિર્યંચ યોનિક જીવો સમાન ક્રિયાવાળા છે ?

ઉત્તર– હે ગૌતમ ! તે કથન શક્ય નથી.

પ્રશ્ન– હે ભગવન્ ! તેનું શું કારણ છે ?

ઉત્તર– હે ગૌતમ ! પંચેન્દ્રિય તિર્યંચ યોનિક જીવ ત્રણ પ્રકારના છે. સમ્યગ્દષ્ટિ, મિથ્યાદષ્ટિ અને સમ્યગ્મિથ્યાદષ્ટિ [મિશ્ર દષ્ટિ]. જે સમ્યગ્ દષ્ટિ છે તે બે પ્રકારના છે. અસંયત અને સંયતાસંયત. જે સંયતાસંયત છે તેને ત્રણ ક્રિયા– આરંભિકી, પારિગ્રહિકી, માયા પ્રત્યયા; જે અસંયત છે તેને ચાર ક્રિયા– અપ્રત્યાખ્યાની ક્રિયા સહિત ચાર ક્રિયા અને જે મિથ્યા દષ્ટિ તથા સમ્યગ્મિથ્યાદષ્ટિ છે તેને પાંચ ક્રિયા હોય છે.

## વિવેચન :–

તિર્યંચ પંચેન્દ્રિય જીવોમાં સમારાહાદિનું કથન નૈરયિકોની સમાન છે, ક્રિયામાં ભિન્નતા છે. જે સૂત્રપાઠથી સ્પષ્ટ છે.

## મનુષ્યમાં સમાહારાદિ :–

**१६ मणुस्सा जहा णेरइया, णाणत्तं– जे महासरीरा ते बहुतराए पोग्गले आहारेंति, ते आहच्च आहारेंति । जे अप्पसरीरा ते अप्पतराए पोग्गले आहरेंति, अभिक्खणं आहारेंति । सेसं जहा णेरइयाणं** *जाव* **वेयणा ।**

**ભાવાર્થ :–** મનુષ્યોના આહારાદિ સંબંધિત નિરૂપણ નૈરયિકોની સમાન જાણવું, ભિન્નતા એ છે કે જે મહાશરીરી છે તે ઘણા પુદ્ગલોનો આહાર કરે છે અને કદાચિત્ આહાર કરે છે. જે અલ્પશરીરી છે તે અલ્પતર પુદ્ગલોનો આહાર કરે છે અને વારંવાર આહાર કરે છે. વેદના પર્યંતનું શેષ વર્ણન નારકોની સમાન જાણવું.

**१७ मणुस्सा णं भंते ! सव्वे समकिरिया ? गोयमा ! णो इणट्ठे समट्ठे ।**

**से केणट्ठेणं ?**

**गोयमा ! मणुस्सा तिविहा पण्णत्ता, तं जहा– सम्मदिट्ठी, मिच्छादिट्ठी, सम्मामिच्छादिट्ठी; तत्थ णं जे ते सम्मदिट्ठी ते तिविहा पण्णत्ता, तं जहा– संजया, असंजया, संजयाऽसंजया । तत्थ णं जे ते संजया ते दुविहा पण्णत्ता, तं जहा– सरागसंजया य, वीयरागसंजया य । तत्थ णं जे ते वीयरागसंजया ते णं अकिरिया। तत्थ णं जे ते सरागसंजया ते दुविहा पण्णत्ता तं जहा– पमत्तसंजया य, अप्पमत्तसंजया य । तत्थ णं जे ते अप्पमत्तसंजया तेसि णं एगा मायावत्तिया किरिया कज्जइ। तत्थणं जे ते पमत्तसंजया तेसि णं दो किरियाओ कज्जंति, तं जहा– आरंभिया य, मायावत्तिया य । तत्थ णं जे ते संजयाऽसंजया तेसि णं आइल्लाओ तिण्णि किरियाओ कज्जंति– आरंभिया, परिग्गहिया, मायावत्तिया, असंजयाण चत्तारि किरियाओ कज्जंति– आरंभिया, परिग्गहिया, मायावत्तिया, अप्पच्चक्खाण– पच्चया । मिच्छादिट्ठीणं पंच- आरंभिया, परिग्गहिया, मायावत्तिया, अप्पच्चक्खाणपच्चया, मिच्छा- दंसणवत्तिया । सम्मामिच्छादिट्ठीणं पंच ।**

**भावार्थ :–** પ્રશ્ન– હે ભગવન્ ! સર્વ મનુષ્યો સમાન ક્રિયાવાળા હોય છે ?

ઉત્તર– હે ગૌતમ ! તે કથન શક્ય નથી.

પ્રશ્ન– હે ભગવન્ ! તેનું શું કારણ છે ?

ઉત્તર– હે ગૌતમ ! મનુષ્યના ત્રણ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– સમ્યગ્દૃષ્ટિ, મિથ્યાદષ્ટિ અને સમ્યગ્મિથ્યાદષ્ટિ.

જે સમ્યગ્દષ્ટિ છે તેના ત્રણ પ્રકાર છે. સંયત, સંયતાસંયત અને અસંયત. જે સંયત છે તેના બે પ્રકાર છે. સરાગસંયત અને વીતરાગ સંયત. જે વીતરાગ સંયત છે તે ક્રિયા રહિત છે. જે સરાગ સંયત છે, તેના બે પ્રકાર છે– પ્રમત્ત સંયત અને અપ્રમત્ત સંયત.

જે અપ્રમત્ત સંયત છે, તેને માયા પ્રત્યયા એક ક્રિયા છે.

જે પ્રમત્ત સંયત છે, તેને આરંભિકી અને માયાપ્રત્યયા, આ બે ક્રિયા છે.

જે સંયતાસંયત છે, તેને આરંભિકી, પારિગ્રહિકી, માયાપ્રત્યયા, આ ત્રણ ક્રિયા છે.

જે અસંયત છે, તેને આરંભિકી, પારિગ્રહિકી, માયા પ્રત્યયા, અપ્રત્યાખ્યાની, ચાર ક્રિયા છે.

જે મિથ્યાદષ્ટિ છે, તેને પાંચ ક્રિયા છે.

જે મિશ્રદષ્ટિ છે, તેને પણ પાંચ ક્રિયા હોય છે.

## વિવેચન :-

મનુષ્યમાં સમાહારાદિનું કથન નૈરયિકોની સમાન જાણવું. આહારના વિષયમાં મનુષ્ય માટે પૂર્વવત્ એકાંત નથી.

**અલ્પાહારી મહાહારી :–** દેવકુરુ–ઉત્તરકુરુ ક્ષેત્રના મનુષ્યનું શરીર ત્રણ ગાઉનું હોય છે. તે મહાશરીરી છે અને ઘણા પુદ્‌ગલોનો આહાર કરે છે. તેમ છતાં તે ત્રણ દિવસે અને ક્ષેત્રકાલ પ્રમાણે અત્યંત સારભૂત પુદ્‌ગલોનો આહાર કરે છે. તેઓનો આહાર પોતાના શરીર પ્રમાણે હોય છે પરંતુ બોર કે આંબળા જેટલો જ આહાર કરતા હોય તેમ નથી.

અલ્પશરીરી મનુષ્ય અલ્પ અને વારંવાર આહાર કરે છે. જેમ કે બાળક. તેના આહારમાં નિઃસાર પુદ્‌ગલો અધિક હોય છે તેથી તેને વારંવાર આહાર કરવો પડે છે. આ રીતે મહાશરીરીને અધિક આહાર અને અલ્પશરીરીને અલ્પ આહાર હોય છે.

**ક્રિયા : વીતરાગ સંયત :–** જેના કષાય સર્વથા ઉપશાંત અથવા ક્ષીણ થઈ ગયા હોય તેને વીતરાગ સંયત કહે છે. તે જીવોને ત્રણે યોગની પ્રવૃત્તિ હોવા છતાં, કષાયનો અભાવ હોવાથી, તેને પૂર્વોક્ત પાંચ ક્રિયા નથી.

**સરાગસંયત :–** જેને સંજ્વલન કષાયનો ઉદય છે, તેવા ચારિત્રવાન જીવોને સરાગસંયત કહે છે. તેમાં અપ્રમત્તસંયતને કષાયજન્ય એક માયાવત્તિયા ક્રિયા અને પ્રમત્ત સંયતને આરંભિયા અને માયાવત્તિયા બે ક્રિયા હોય છે. **सर्व प्रमत्तयोग आरम्भः** । સર્વ પ્રમત્ત યોગ આરંભરૂપ છે. તેથી સર્વ પાપથી વિરત હોવા છતાં પ્રમત્ત સંયતને આરંભિયા ક્રિયા હોય છે.

**સંયતાસંયત :–** શ્રાવકને ત્રણ ક્રિયા હોય છે. કારણ કે તે એક દેશથી પાપથી વિરામ પામ્યા છે. તે ઉપરાંત તેના આત્મપરિણામો વિરતિના જ છે. તેથી તેને અપ્રત્યાખ્યાની ક્રિયા હોતી નથી.

**અસંયત :–** જે પાપક્રિયાથી નિવૃત્ત થયા નથી તેને અસંયત કહે છે. તે સમકિતી હોવાથી મિથ્યાદર્શન–પ્રત્યયિકી ક્રિયાને છોડીને શેષ ચાર ક્રિયા તેને હોય છે.

**મિથ્યાત્વી :–** તે જીવોને પાંચે ક્રિયા હોય છે– (૧) આરંભિકી (૨) પારિગ્રહિકી (૩) માયા પ્રત્યયા (૪) અપ્રત્યાખ્યાની (૫) મિથ્યાદર્શન પ્રત્યયિકી ક્રિયા.

## વાણવ્યંતર–જ્યોતિષી અને વૈમાનિક દેવોમાં સમાહારાદિ :-

**૧૮ वाणमंतर-जोइस-वेमाणिया जहा असुरकुमारा, णवरं वेयणाए णाणत्तं-मायिमिच्छादिट्ठी उववण्णगा य अप्पवेयणतरा, अमायिसम्मदिट्ठी उववण्णगा य महावेयणतरागा भाणियव्वा जोइसवेमाणिया ।**

**ભાવાર્થ :–** વાણવ્યંતર, જ્યોતિષી અને વૈમાનિકના આહારાદિના સંબંધમાં સંપૂર્ણ વર્ણન અસુરકુમારની સમાન જાણવું. પરંતુ વેદનામાં ભિન્નતા છે. જ્યોતિષી અને વૈમાનિકોમાં જે માયી મિથ્યાદષ્ટિરૂપે ઉત્પન્ન થાય છે તે અલ્પવેદનાવાળા અને અમાયી સમ્યગ્દષ્ટિરૂપે જે ઉત્પન્ન થાય છે તે મહાવેદનાવાળા હોય છે.

**વિવેચન :–**

જ્યોતિષી અને વૈમાનિક દેવોમાં અસંજ્ઞી જીવો ઉત્પન્ન થતા નથી. તેથી તેમાં માયી મિથ્યાદષ્ટિ અને અમાયી સમ્યગ્દષ્ટિ તે બે ભેદ કર્યા છે. તેમાં માયી મિથ્યાદષ્ટિને અલ્પવેદના અને અમાયી સમ્યગ્દષ્ટિને મહાવેદના હોય છે. શેષ કથન અસુરકુમારની જેમ જાણવું.

**સલેશી આદિમાં સમાહારાદિ દશ પ્રશ્ન :–**

**૧૯** **सलेस्सा णं भंते ! णेरइया सव्वे समाहारगा ?**

**ओहियाणं, सलेस्साणं, सुक्कलेस्साणं; एएसि णं तिण्हं एक्को गमो । कण्हलेस्साणं, णीललेस्साणं पि एक्को गमो– णवरं वेयणाए मायिमिच्छदिट्ठी उववण्णगा य, अमायिसम्मदिट्ठीउववण्णगा य भाणियव्वा । मणुस्सा किरियासु सराग-वीयराग-पमत्ता-ऽपमत्ता ण भाणियव्वा, काउलेस्साण वि एसेव गमो-णवरं-णेरइए जहा ओहिओ दंडओ तहा भाणियव्वा, तेउलेस्सा, पम्हलेस्सा जस्स अत्थि जहा ओहिओ दंडओ तहा भाणियव्वा । णवरं मणुस्सा सरागा, वीयरागा ण भाणियव्वा ।**

**दुक्खाउए उदिण्णे, आहारे कम्मवण्णलेस्सा य,**
**समवेयण समकिरिया, समाउए चेव बोधव्वा ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! શું લેશ્યાયુક્ત સર્વ નૈરયિકો સમાન આહારવાળા હોય છે ?

ઉત્તર– હે ગૌતમ ! ઔઘિક[સામાન્ય જીવો], સલેશી અને શુક્લલેશી જીવો, આ ત્રણેનો એક સરખો આલાપક છે. કૃષ્ણલેશી અને નીલલેશીનું વર્ણન પણ ઔઘિકની સમાન કરવું. પરંતુ તેની વેદનામાં ભિન્નતા છે. માયી મિથ્યાદષ્ટિ–ઉપપન્નક અને અમાયી સમ્યગ્દષ્ટિ ઉપપન્નકનું કથન કરવું જોઈએ તથા કૃષ્ણલેશી અને નીલલેશી મનુષ્યોમાં સરાગસંયત, વીતરાગસંયત, પ્રમત્તસંયત, અપ્રમત્તસંયત આદિ ભેદ ન કહેવા તથા કાપોતલેશી નૈરયિકોમાં ઔઘિક દંડકની સમાન કથન કરવું. તેજોલેશી અને પદ્મલેશી જીવોમાં પણ ઔઘિક દંડકનીસમાન કથન કરવું. વિશેષતા એ છે કે તે મનુષ્યોમાં સરાગ અને વીતરાગનો ભેદ ન કરવો કારણ કે તેજોલેશી અને પદ્મલેશી મનુષ્ય સરાગી જ હોય છે.

**ગાથાર્થ–** દુઃખ[કર્મ] અને આયુષ્ય ઉદીર્ણ હોય તો વેદાય છે. આહાર, કર્મ, વર્ણ, લેશ્યા, વેદના,

ક્રિયા અને આયુષ્ય આ સર્વની સમાનતાના સંબંધમાં પૂર્વવત્ સમજવું જોઈએ.

**૨૦ कइ णं भंते ! लेस्साओ पण्णत्ताओ ?**

**गोयमा ! छ लेस्साओ पण्णत्ताओ, तं जहा– कण्णलेस्सा** *जाव* **सुक्कलेस्सा। लेस्साणं बिईओ उद्देसो भाणियव्वो** *जाव* **इड्ढी ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! લેશ્યાના કેટલા પ્રકાર છે ?

ઉત્તર– હે ગૌતમ ! લેશ્યાના છ પ્રકાર છે. કૃષ્ણ, નીલ, કાપોત, તેજો, પદ્મ અને શુકલ. અહીં પ્રજ્ઞાપના સૂત્રના લેશ્યાપદ[૧૭ મા પદ]ના દ્વિતીય ઉદ્દેશકનું ઋદ્ધિની વકતવ્યતા પર્યંત કથન કરવું જોઈએ.

**વિવેચન :–**

**લેશ્યાની અપેક્ષાએ ચોવીસ દંડકોમાં સમાહારાદિ વિચારણા :–** ઓગણીસમા સૂત્રમાં છ લેશ્યાના છ દંડક[આલાપક] અને સલેશીનો એક દંડક, આ પ્રમાણે સાત દંડકોથી વિચારણા કરી છે. વીસમા સૂત્રમાં લેશ્યાઓના નામની પ્રરૂપણા કરીને તત્ સંબંધિત સંપૂર્ણ તાત્ત્વિક જ્ઞાન પ્રજ્ઞાપના સૂત્રના લેશ્યાપદના દ્વિતીય ઉદ્દેશક અનુસાર સમજવાનો નિર્દેશ કર્યો છે.

યદ્યપિ કૃષ્ણલેશ્યા સામાન્યરૂપે એક છે તથાપિ તેના અવાંતર ભેદ અનેક છે કારણ કે કોઈ કૃષ્ણલેશ્યા અપેક્ષાકૃત વિશુદ્ધ હોય તો કોઈ અવિશુદ્ધ. પાંચમાં ગુણસ્થાનવર્તી જીવોની કૃષ્ણલેશ્યા કરતાં પ્રથમ ગુણસ્થાનવર્તી જીવની કૃષ્ણલેશ્યા અવિશુદ્ધ છે. કોઈક જીવની કૃષ્ણલેશ્યાથી નરકગતિ પ્રાપ્ત થાય છે. કોઈક જીવની કૃષ્ણ લેશ્યાથી ભવનપતિ આદિ દેવોમાં ઉત્પત્તિ થાય. અતઃ કૃષ્ણ લેશ્યામાં તરતમતાથી અનેક ભેદ છે, તેથી તેના આહાર આદિ સમાન નથી. આ જ રીતે સર્વ લેશ્યાવાળા જીવોના વિષયમાં સમજવું જોઈએ. ૨૪ દંડકના જીવોમાં જે જીવોને જે લેશ્યા હોય તે પ્રમાણે તેનું કથન કરવું જોઈએ.

મનુષ્યોમાં કૃષ્ણ અને નીલ લેશ્યામાં વીતરાગ સંયત નથી પરંતુ સરાગ સંયત હોય છે. તેમજ તે જીવ અપ્રમત્ત સંયત હોતા નથી પરંતુ પ્રમત્ત સંયત જ હોય છે.

**સંસાર સંસ્થાન કાલ :–**

**૨૧ जीवस्स णं भंते ! तीतद्धाए आदिट्ठस्स कइविहे संसारसंचिट्ठणकाले पण्णत्ते ?**

**गोयमा ! चउव्विहे संसारसंचिट्ठणकाले पण्णत्ते, तं जहा– णेरइयसंसार– संचिट्ठणकाले, तिरिक्ख-मणुस्स-देव-संसारसंचिट्ठणकाले य।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! સંપૂર્ણ અતીતકાલની અપેક્ષાએ જીવનો સંસાર સંસ્થાનકાલ કેટલા

પ્રકારનો કહ્યો છે ?

ઉત્તર– હે ગૌતમ ! સંસાર સંસ્થાનકાલ ચાર પ્રકારનો છે. તે આ પ્રમાણે છે– નૈરયિક સંસાર–સંસ્થાનકાલ, તિર્યંચ સંસાર સંસ્થાનકાલ, મનુષ્ય સંસાર સંસ્થાનકાલ અને દેવ સંસાર સંસ્થાનકાલ.

**૨૨ णेरइयसंसारसंचिट्ठणकाले णं भंते ! कइविहे पण्णत्ते ?**

**गोयमा ! तिविहे पण्णत्ते, तं जहा– सुण्णकाले, असुण्णकाले, मिस्सकाले।**

**तिरिक्खजोणियसंसार पुच्छा ?**

**गोयमा ! दुविहे पण्णत्ते, तं जहा– असुण्णकाले, मिस्सकाले य ।**

**मणुस्साण य देवाण य जहा णेरइयाणं ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! નૈરયિક સંસાર સંસ્થાનકાલના કેટલા પ્રકાર છે ?

ઉત્તર– હે ગૌતમ ! તેના ત્રણ પ્રકાર છે, તે આ પ્રમાણે– શૂન્યકાલ, અશૂન્યકાલ અને મિશ્રકાલ.

પ્રશ્ન– હે ભગવન્ ! તિર્યંચ સંસાર સંસ્થાન કાલના કેટલા પ્રકાર છે ?

ઉત્તર– હે ગૌતમ ! તેના બે પ્રકાર છે, તે આ પ્રમાણે છે– અશૂન્યકાલ અને મિશ્રકાલ.

મનુષ્યો અને દેવોના સંસાર સંસ્થાનકાલનું કથન નારકોની સમાન ત્રણ–ત્રણ પ્રકારનું સમજવું જોઈએ.

**૨૩ एयस्स णं भंते ! णेरइयस्स संसारसंचिट्ठणकालस्स सुण्णकालस्स, असुण्ण-कालस्स, मीसकालस्स य कयरे कयरेहिंतो अप्पे वा बहुए वा तुल्ले वा विसेसाहिए वा ?**

**गोयमा ! सव्वत्थोवे असुण्णकाले, मिस्सकाले अणंतगुणे, सुण्णकाले अणंतगुणे । तिरिक्खजोणियाणं सव्वत्थोवे असुण्णकाले, मिस्सकाले अणंतगुणे। मणुस्स देवाण य जहा णेरइयाणं।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! નારકોના સંસાર સંસ્થાનકાલના જે ત્રણ ભેદ છે; શૂન્યકાલ, અશૂન્યકાલ અને મિશ્રકાલ. તેમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ?

ઉત્તર– હે ગૌતમ ! સર્વથી થોડો અશૂન્યકાલ, તેથી મિશ્રકાલ અનંતગુણો છે અને તેથી શૂન્યકાલ અનંતગુણો છે.

તિર્યંચ સંસાર સંસ્થાનકાલના બે ભેદોમાં સર્વથી થોડો અશૂન્યકાલ અને તેથી મિશ્રકાલ અનંતગુણો

છે.

મનુષ્યો અને દેવોના સંસાર સંસ્થાનકાલની ન્યૂનાધિકતા–અલ્પબહુત્વ નારકોના સંસાર સંસ્થાન કાલની ન્યૂનાધિકતા–અલ્પબહુત્વની સમાન સમજવો જોઈએ.

**૨૪ एयस्स णं भंते ! णेरइयसंसारसंचिट्ठणकालस्स** *जाव* **देवसंसार-संचिट्ठणकालस्स जाव विसेसाहिए वा ?**

**गोयमा ! सव्वत्थोवे मणुस्ससंसार संचिट्ठणकाले, णेरइयसंसारसंचिट्ठणकाले असंखेज्जगुणे, देवसंसारसंचिट्ठणकाले असंखेज्जगुणे, तिरिक्खजोणियसंसार- संचिट्ठणकाले अणंतगुणे।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! નૈરયિક, તિર્યંચ, મનુષ્ય અને દેવ તે ચારે સંસારસંસ્થાનકાલમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ?

ઉત્તર– હે ગૌતમ ! સર્વથી થોડો મનુષ્ય સંસાર સંસ્થાનકાલ છે. તેથી નૈરયિક સંસાર સંસ્થાનકાલ અસંખ્યાતગુણો છે. તેથી દેવ સંસાર સંસ્થાનકાલ અસંખ્યાત ગુણો છે અને તેથી તિર્યંચ સંસાર સંસ્થાનકાલ અનંતગુણો છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં નારક, તિર્યંચ, મનુષ્ય અને દેવ; તે ચારે પ્રકારના જીવોનો સંસાર સંસ્થાનકાલ, તેના ભેદ–પ્રભેદ અને અલ્પબહુત્વનું નિરૂપણ કર્યું છે.

**પ્રસ્તુત પ્રશ્નોનું રહસ્ય :–** આ પ્રશ્નની પાછળ એક દાર્શનિક વિચારધારા છે. પ્રભુ મહાવીરના સમયે એક માન્યતા પ્રચલિત હતી કે જે જીવ જેવો છે, તે જન્માંતરમાં પણ તેવો જ થાય છે. આ માન્યતાને જન્માંતર સાદશ્યવાદ કહે છે. ગણધરવાદ પ્રમાણે આર્ય સુધર્મા સ્વામી પૂર્વાવસ્થામાં ઉપરોક્ત સિદ્ધાંતના સમર્થક હતા. તેનું સૂત્ર હતુ કે **पुरुषो मृतो सन् पुरुषत्वमेवाश्नुते पशवः पशुत्वम्** મનુષ્ય સદા મનુષ્ય જ રહે છે, પશુ સદા પશુ જ રહે છે. કોઈ પણ જીવની ગતિ કે જાતિ જન્માંતરમાં પરિવર્તિત થતી નથી.

પરંતુ અનેકાંત દષ્ટિએ વિચાર કરીએ તો સ્પષ્ટ થાય છે કે અપરિવર્તનશીલતા કદાચિત્ અમુક કાલ સુધી ટકી શકે, જેમકે મનુષ્ય સાતથીઆઠ ભવ સુધી મનુષ્ય રહી શકે પરંતુ તે સિદ્ધાંત સાર્વત્રિક અને સાર્વકાલિક સંભવિત નથી. યથા– દેવ કે નારક મરીને દેવ કે નારક થતા નથી. આ રીતે આ ભ્રાંત માન્યતાનું નિરાકરણ કરવા માટે ગૌતમ સ્વામીએ આ પ્રશ્ન પૂછ્યો છે કે, આ જીવ અનાદિકાલથી એક યોનિમાંથી બીજી યોનિમાં પરિભ્રમણ કરે છે, તો અતીતકાલમાં જીવે કેટલા પ્રકારના સંસારમાં પરિભ્રમણ કર્યું છે ?

**ચાર ગતિ રૂપ સંસાર સંસ્થાનકાલ ન સ્વીકારીએ તો ? :–** જો ભવાંતરમાં જીવની ગતિ અને યોનિ

પરિવર્તિત ન થાય તો તેના દ્વારા કરાયેલા પ્રકૃષ્ટ પુણ્ય અને પ્રકૃષ્ટ પાપ નિરર્થક જશે. શુભકર્મ કરવા છતાં પણ પશુ, પશુ જ રહે. કરોડો પાપ કર્મ કરવા છતાં પણ મનુષ્ય મનુષ્ય જ રહે, તો તેના પુણ્ય અને પાપકર્મનું ફળ નિષ્ફળ જશે. તેમ જ મુક્તિની પ્રાપ્તિ અસંભવિત બની જશે. ફલતઃ મુક્તિ માટે થતા તપ, જપ, ધ્યાનાદિ અનુષ્ઠાન પણ નિરર્થક બની જશે. તેથી જ ભગવાને કહ્યું છે કે જીવ ચાર પ્રકારના સંસારમાં પરિભ્રમણ કરી રહ્યો છે. ક્યારેક નારક, ક્યારેક તિર્યંચ, ક્યારેક મનુષ્ય અને ક્યારેક દેવયોનિમાં આ જીવે સમય વ્યતીત કર્યો છે.

**સંસાર સંસ્થાનકાલ :–** સંસારનો અર્થ છે– એક ભવ[જન્મ] થી બીજા ભવમાં સંસરણ–ગમનરૂપ ક્રિયા. તેની સંસ્થાન–સ્થિર રહેવા રૂપ ક્રિયા. તેનો કાલ[અવધિ] તે સંસાર સંસ્થાનકાલ છે અર્થાત્ આ જીવ અતીતકાલમાં ક્યાં ક્યાં, કઈ કઈ ગતિમાં, કેટલા કાલ સુધી સ્થિત રહ્યો ? તેનો સરવાળો તે સંસાર સંસ્થિતકાલ–સંસ્થાનકાલ કહેવાય છે. ગૌતમ સ્વામીના પ્રશ્નનો આ જ આશય છે.

**ત્રિવિધ સંસાર સંસ્થાનકાલ :–** સંસાર સંસ્થાનકાલના ત્રણ પ્રકાર છે. શૂન્યકાલ, અશૂન્યકાલ અને મિશ્રકાલ.

**અશૂન્યકાલ :–** આદિષ્ટ[વિવક્ષિત] સમયના નારકોમાંથી એક પણ નારક જ્યાં સુધી મરીને નીકળે નહિ અને કોઈ નવો નારકી જન્મ ધારણ કરે નહીં અર્થાત્ વર્તમાને સાતે નરકમાં જેટલા જીવ વિદ્યમાન છે તેમાંથી કોઈ પણ જીવ મરે નહિ કે કોઈ નવો જીવ જન્મે પણ નહિ. જેટલા સમય સુધી તેની જીવ સંખ્યા નિશ્ચિત રહે તે સમયને નરકની અપેક્ષાએ અશૂન્યકાલ કહે છે. આ રીતે ચારે ગતિમાં સમજવું. અસત્ કલ્પનાએ વર્તમાને સાતે નરકમાં ૭૦૦ નારકી વિદ્યમાન છે. એક કલાક પર્યંત તે સાતસોમાંથી કોઈ મરે નહિ અને કોઈ નવો જીવ જન્મે પણ નહિ. નારકોની સંખ્યા ૭૦૦ જ રહે, તો તે એક કલાકના સમયને નરકની અપેક્ષાએ અશૂન્યકાલ કહે છે. આ રીતે અશૂન્યકાલ બાર બાર મુહૂર્તનો છે. કારણ કે ચારે ગતિનો જન્મમરણનો વિરહકાલ પણ બાર બાર મુહૂર્તનો છે અને વિરહકાલ જેટલો જ અશૂન્યકાલ હોય છે.

**आइट्ठ समइयाणं, णेरइयाणं न जाव इक्को वि ।**
**उवट्टइ अण्णो वा, उववज्जइ सो असुण्णो उ ॥**

**उवट्टे एक्कम्मि वि ता, मीसो धरइ जाव एक्को वि ।**
**णिल्लेविएहिं सव्वेहिं, वट्टमाणेहिं सुण्णो उ ॥**

**મિશ્રકાલ :–** વર્તમાને નિયત કરેલા નારકોમાંથી જ્યારે એક નારકીનો નીકળવાનો પ્રારંભ થાય ત્યારથી લઈને, જ્યાં સુધી તે નરકમાં નિયત કરેલા નારકોમાંથી એક પણ નારક શેષ રહે, ત્યાં સુધીના સમયને નરકની અપેક્ષાએ મિશ્રકાલ કહે છે. [અસત્ કલ્પનાએ વર્તમાને નરકમાં ૭૦૦ નારકી છે તેમાંથી ક્રમશઃ ૧, ૨, ૩ ***યાવત્*** ૫૦૦ જીવો નરકમાંથી નીકળીને મનુષ્ય, તિર્યંચ આદિ ગતિમાં પરિભ્રમણ કરે છે. ત્યાર પછી શેષ ૨૦૦ રહ્યા છે. તેમાંથી ૧૦૦ નીકળી ગયા. પહેલા ૫૦૦ નીકળ્યા હતા તેમાંથી ૪૦૦ જીવોએ પુનઃ તે જ અવસ્થામાં જન્મ ધારણ કર્યો. આમ તે ૭૦૦ નારકોનું તે જ સ્થાનમાં ગમનાગમન ચાલુ રહે.

જ્યાં સુધી તે ૭૦૦ માંથી એક પણ નારક તે સ્થાનમાં વિદ્યમાન હોય ત્યાં સુધીના કાલને નરકની અપેક્ષાએ મિશ્રકાલ કહે છે.

**શૂન્યકાલ :–** વર્તમાને નિયત કરેલા નારકોમાંથી સમસ્ત નારકો તે સ્થાનમાંથી નીકળી જાય. એક પણ નારક શેષ ન રહે તેવો કાલ જ્યાં સુધી રહે ત્યાં સુધીના કાલને શૂન્યકાલ કહે છે.

અસત્ કલ્પનાએ વર્તમાને નિયત કરેલા ૭૦૦ નારકોમાંથી ક્રમશઃ નીકળતા, ચારે ગતિમાં ગમનાગમન કરતા જ્યારે નિયત સ્થાનમાંથી નિયત કરેલા ૭૦૦ નારકીઓ નીકળી જાય તેમાંથી એક પણ નારક ન રહે તે ૭૦૦થી રહિત અવસ્થા જેટલા સમય સુધી રહે તે કાલને શૂન્યકાલ કહે છે.

તિર્યંચયોનિમાં શૂન્યકાલ નથી કારણ કે તિર્યંચયોનિમાં વનસ્પતિકાયિક જીવો અનંત છે, તે સર્વ જીવો તે સ્થાનમાંથી કદાપિ નીકળતા નથી. શેષ ત્રણ ગતિમાં ત્રણ પ્રકારના સંસાર સંસ્થાનકાલ છે.

**નરકગતિની અપેક્ષાએ અલ્પબહુત્વ :–** સર્વથી થોડો અશૂન્યકાલ છે. કારણ કે અશૂન્ય કાલ– વિરહકાલની અપેક્ષાએ ૧૨ મુહૂર્તનો હોય છે. તેથી મિશ્રકાલ અનંતગુણો છે. કારણ કે મિશ્રકાલમાં અસત્કલ્પનાએ નિયત કરેલા ૭૦૦નો નિર્લેપ થતાં અર્થાત્ તેનો અભાવ થતાં અનંતકાલ વ્યતીત થઈ જાય છે. વિવક્ષિત નારકોનું બહુધા વનસ્પતિમાં જ અનંતાનંતકાલ અવસ્થાન છે. આમ તેના ભવાંતરમાં ગમનની અપેક્ષાએ અનંતકાલ સંભવે છે અને તે અશૂન્યકાલથી અનંતગુણો છે.

તેથી શૂન્યકાલ અનંતગુણો છે. તે પણ તિર્યંચગતિના વનસ્પતિમાં ગયેલા જીવોની અપેક્ષાએ છે અર્થાત્ કલ્પિત ૭૦૦ નારકોમાંથી કેટલાક તો મોક્ષ ચાલ્યા જાય અને શેષ સર્વ નારક અનંતકાલ માટે વનસ્પતિમાં ચાલ્યા જાય, તે ૭૦૦માંથી નરકમાં એક પણ જીવ ન રહે તેવો શૂન્યકાલ અનંતગુણો છે અને સહુથી મોટો છે. નારકીની જેમ મનુષ્ય અને દેવનો સંસાર સંસ્થાનકાલ ત્રણ પ્રકારનો છે. તેનું અલ્પબહુત્વ પણ નારકીની સમાન જ છે.

**તિર્યંચગતિની અપેક્ષાએ અલ્પબહુત્વ :–** તિર્યંચ ગતિનો સંસાર સંસ્થાનકાલ બે પ્રકારનો છે તેથી તેમાં બે બોલનું અલ્પબહુત્વ છે. (૧) અશૂન્યકાળ (૨) મિશ્રકાળ. બંનેમાં અશૂન્યકાલ અલ્પ છે. કારણ કે તે બાર મુહૂર્તનો જ છે. તેથી મિશ્રકાલ અનંતગણો છે. મિશ્રકાલનું સ્વરૂપ પૂર્વવત્ સમજવું.

**અંતક્રિયા :–**

**૨૫ जीवे णं भंते ! अंतकिरियं करेज्जा ?**

**गोयमा ! अत्थेगइए करेज्जा, अत्थेगइए णो करेज्जा । अंतकिरियापयं णेयव्वं ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! જીવ શું અંતક્રિયા કરે છે ?

ઉત્તર– હે ગૌતમ ! કોઈ જીવ અંતક્રિયા–મોક્ષપ્રાપ્તિ કરે છે, કોઈ જીવ અંતક્રિયા કરતા નથી. અહીં પ્રજ્ઞાપના સૂત્રનું અંતક્રિયાપદ [ર૦મું પદ] જાણવું જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં અંતક્રિયા સંબંધિત પ્રશ્નો અંકિત છે.

**અંતક્રિયા :–** જે ક્રિયા પછી અન્ય ક્રિયા કરવી ન પડે તે અથવા કર્મોનો સર્વથા અંત કરનારી ક્રિયા અંતક્રિયા છે. સમસ્ત કર્મનાશક, મોક્ષપ્રાપ્તિની ક્રિયા જ અંત ક્રિયા છે. નિષ્કર્ષ એ છે કે ભવ્ય જીવ જ મનુષ્યભવ પ્રાપ્ત કરીને અંતક્રિયા કરે છે.

**અસંયતભવ્ય દ્રવ્યદેવ આદિનો ઉપપાત :–**

**૨૬** **अह भंते ! असंजयभवियदव्वदेवाणं, अविराहियसंजमाणं, विराहियसंजमाणं, अविराहियसंजमासंजमाणं, विराहियसंजमासंजमाणं, असण्णीणं, तावसाणं, कंदप्पियाणं चरगपरिव्वायगाणं, किव्विसियाणं, तेरिच्छियाणं, आजीवियाणं, आभिओगियाणं सलिंगीणं दंसणवावण्णगाणं, एएसि णं देवलोगेसु उववज्जमाणाणं कस्स कहिं उववाए पण्णत्ते ?**

**गोयमा ! असंजयभवियदव्वदेवाणं जहण्णेणं भवणवासीसु, उक्कोसेणं उवरिम गेविज्जएसु । अविराहियसंजमाणं जहण्णेणं सोहम्मे कप्पे, उक्कोसेणं सव्वट्ठसिद्धे विमाणे । विराहिय संजमाणं जहण्णेणं भवणवासीसु, उक्कोसेणं सोहम्मे कप्पे। अविराहियसंजमासंजमाणं जहण्णेणं सोहम्मे कप्पे, उक्कोसेणं अच्चुए कप्पे । विराहियसंजमासंजमाणं जहण्णेणं भवणवासीसु, उक्कोसेणं जोइसिएसु । असण्णीणं जहण्णेणं भवणवासीसु, उक्कोसेणं वाणमंतरेसु । अवसेसा सव्वे जहण्णेणं भवणवासीसु, उक्कोसेणं वोच्छामि– तावसाणं जोइसिएसु, कंदप्पियाणं सोहम्मे कप्पे, चरगपरिव्वायगाणं बंभलोए कप्पे, किव्विसियाणं लंतगे कप्पे, तेरिच्छियाणं सहस्सारे कप्पे, आजीवियाणं अच्चुए कप्पे, आभिओगियाणं अच्चुए कप्पे, सलिंगीणं दंसणवावण्णगाणं उवरिमगेविज्जएसु ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! (૧) અસંયત ભવ્ય દ્રવ્ય દેવ (૨) અવિરાધક સંયમી (૩) વિરાધક સંયમી (૪) અવિરાધક સંયમાસંયમી (૫) વિરાધક સંયમાસંયમી (૬) અસંજ્ઞી (૭) તાપસ (૮) કાંદર્પિક (૯) ચરક પરિવ્રાજક (૧૦) કિલ્વિષિક (૧૧) તિર્યંચ (૧૨) આજીવિક (૧૩) આભિયોગિક (૧૪)

સલિંગી–વેષધારી, દર્શનભ્રષ્ટ. આ સર્વ જીવો જો દેવલોકમાં જાય તો તેની ઉત્પત્તિ ક્યાં થાય છે ?

ઉત્તર– હે ગૌતમ ! અસંયત ભવ્યદ્રવ્ય દેવાદિ જીવોનો ઉપપાત(ઉત્પત્તિ) ક્રમશઃ આ પ્રમાણે છે.

| ક્રમ | જીવનામ | જઘન્યતઃ | ઉત્કૃષ્ટતઃ |
|---|---|---|---|
| (૧) | અસંયત ભવ્યદ્રવ્ય દેવ | ભવનપતિમાં | ઉપરના ગ્રૈવેયકમાં |
| (૨) | અવિરાધક (આરાધક)સંયમી | સૌધર્મકલ્પમાં | સર્વાર્થસિદ્ધ મહાવિમાનમાં |
| (૩) | વિરાધક સંયમી | ભવનપતિમાં | સૌધર્મ કલ્પમાં |
| (૪) | અવિરાધક (આરાધક)સંયમાસંયમી | સૌધર્મ કલ્પમાં | અચ્યુત દેવલોકમાં |
| (૫) | વિરાધક સંયમા સંયમી | ભવનપતિમાં | જ્યોતિષી દેવમાં |
| (૬) | અસંજ્ઞી જીવ | ભવનપતિમાં | વાણવ્યંતરમાં |
| (૭) | તાપસો | ભવનપતિમાં | જ્યોતિષી દેવમાં |
| (૮) | કાન્દર્પિકો | ભવનપતિમાં | સૌધર્મકલ્પમાં |
| (૯) | ચરક પરિવ્રાજક | ભવનપતિમાં | બ્રહ્મલોક કલ્પમાં |
| (૧૦) | કિલ્વિષિકો | ભવનપતિમાં | લાન્તક કલ્પમાં |
| (૧૧) | તિર્યંચો | ભવનપતિમાં | સહસ્રાર કલ્પમાં |
| (૧૨) | આજીવિકો | ભવનપતિમાં | અચ્યુત કલ્પમાં |
| (૧૩) | આભિયોગિક | ભવનપતિમાં | અચ્યુત કલ્પમાં |
| (૧૪) | દર્શનભ્રષ્ટ સલિંગી | ભવનપતિમાં | ઉપરના ગ્રૈવેયકમાં |

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રમાં વિવિધ પ્રકારના આરાધક–વિરાધક સાધકોનું તથા અન્ય જીવોની દેવલોકમાં ઉત્પત્તિ સંબંધિત ચૌદ પ્રશ્નોત્તર છે. તેના અર્થ આ પ્રમાણે છે.

**અસંયત ભવ્ય દ્રવ્યદેવ :–** જે ચારિત્રના પરિણામથી શૂન્ય છે તેને અસંયત કહે છે અને ભવિષ્યમાં જે દેવ થવાના છે તે ભવ્ય દ્રવ્ય દેવ કહેવાય છે અર્થાત્ ચારિત્રના પરિણામ રહિત દેવ થવા યોગ્ય જીવને અસંયત ભવ્ય દ્રવ્ય દેવ કહે છે. તેમાં એકથી ચાર ગુણસ્થાનવર્તી મનુષ્ય કે તિર્યંચનો સમાવેશ થાય છે. ભવનપતિથી બાર દેવલોક પર્યંત ઉત્પન્ન થનારા જીવોમાં વિવિધ પ્રકારના દ્રવ્ય અને ભાવથી અસંયત–સંસારી જીવોનો સમાવેશ થાય છે અને નવ ગ્રૈવેયકમાં ઉત્પન્ન થનારા જીવોમાં દ્રવ્યથી સંયત અને ભાવથી અસંયત ભવ્ય કે અભવ્ય દ્રવ્યલિંગી સાધુનો સમાવેશ થાય છે. આ રીતે આ બોલ ઘણો વિશાળ છે. છઠ્ઠાથી ચૌદમા પ્રશ્ન પર્યંતના સર્વ જીવોનો આ બોલમાં સમાવેશ થઈ જાય છે. તેમ છતાં તે જીવો વિષયક વિશેષ

સ્પષ્ટીકરણ માટે પ્રત્યેકના ભિન્ન ભિન્ન પ્રશ્નોત્તર છે. સંક્ષેપમાં આત્મશુદ્ધિના લક્ષ્ય વિના, બાહ્ય ક્રિયાકાંડના પાલનથી, અકામ નિર્જરા કરી જે જીવોએ દેવભવમાં ગમન યોગ્ય યોગ્યતા પ્રાપ્ત કરી છે, તેને અસંયત ભવ્ય દેવ કહે છે.

**અવિરાધક સંયમી :–** જિનાજ્ઞા અનુસાર સંયમની આરાધના કરનાર અને સમ્યક્ત્વભાવમાં પરભવનું આયુષ્ય બાંધનાર શ્રમણ અવિરાધક કે આરાધક સંયમી કહેવાય છે.

**વિરાધક સંયમી :–** મહાવ્રતો ગ્રહણ કરી, તેનું સમ્યક્ પ્રકારે પાલન ન કરનાર અને મિથ્યાત્વભાવમાં જ આયુષ્યને બાંધનાર શ્રમણ વિરાધક સંયમી કહેવાય છે.

**અવિરાધક સંયમાસંયમી :–** દેશવિરતિપણાને–શ્રાવકપણાને સ્વીકારી જીવનપર્યંત અખંડપણે તેનું પાલન કરનાર અને સમકિતમાં આયુષ્ય બાંધનાર આરાધક–અવિરાધક સંયમાસંયમી કહેવાય છે.

**વિરાધક સંયમાસંયમી :–** દેશવિરતિપણાને સ્વીકારીને સમ્યક્ પ્રકારે તેનું પાલન ન કરનાર અને મિથ્યાત્વમાં આયુષ્યને બાંધનાર વિરાધક સંયમાસંયમી કહેવાય છે.

**અસંજ્ઞી :–** જેને મનોલબ્ધિ ન હોય તેવા અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય જીવ અકામ નિર્જરા કરીને દેવગતિમાં વ્યંતર સુધી જઈ શકે છે.

**તાપસ :–** વૃક્ષના પાન આદિનો આહાર કરીને ઉદર નિર્વાહ કરનાર બાલતપસ્વી. તે દેવગતિમાં જ્યોતિષી સુધી જાય છે.

**કાંદર્પિક :–** જે સાધુ હાસ્યશીલ હોય. ચારિત્રવેશમાં રહીને વિદૂષકની જેમ અનેક ચેષ્ટાઓ કરે તે કાંદર્પિક સાધુ કહેવાય. તે પહેલા દેવલોક સુધી જાય છે.

**ચરક પરિવ્રાજક :–** ગેરુ રંગના અને ભગવા રંગના વસ્ત્ર પહેરીને ભિક્ષા દ્વારા આજીવિકા કરનારા ત્રિદંડી, કુચ્છોટક આદિ અથવા કપિલઋષિના શિષ્ય. અંબડ પરિવ્રાજક વગેરે. તે પાંચમા દેવલોક સુધી જાય છે.

**કિલ્વિષિક :–** જે સાધુ વ્યવહારથી ચારિત્રવાન હોવા છતાં જ્ઞાની, કેવલી, ધર્માચાર્ય અને સર્વ સાધુઓના અવર્ણવાદ બોલે અને પાપમય ભાવનાયુક્ત હોય તે કિલ્વિષિક છે. તે છઠ્ઠા દેવલોક સુધી જાય છે.

**તિર્યંચ :–** દેશવિરતિ– શ્રાવકવ્રતનું પાલન કરનારા ઘોડા, ગાય આદિ. જેમ નંદમણિયારનો જીવ દેડકાના ભવમાં હતો ત્યારે શ્રાવકવ્રતી હતો. તે સિવાય શુભ પરિણામોમાં આયુષ્યનો બંધ કરનારા અવ્રતી સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયજીવ પણ ઉત્કૃષ્ટ આઠમા દેવલોક સુધી જાય છે.

**આજીવિક :–** (૧) એક વિશેષ પ્રકારના પાખંડી (૨) નગ્ન રહેનાર ગોશાલકના શિષ્ય (૩) લબ્ધિ પ્રયોગથી અજ્ઞાની લોકો દ્વારા ખ્યાતિ, પૂજા–પ્રતિષ્ઠા પ્રાપ્ત કરવા તપ અને ચારિત્રનું આચરણ કરનાર

(૪) અવિવેકી લોકોમાં ચમત્કાર બતાવી આજીવિકા ચલાવનાર. આ સર્વે તપ અને ચારિત્રના પ્રભાવે ઉત્કૃષ્ટ બારમાં દેવલોક સુધી જાય છે.

**આભિયોગિક :–** બીજાને વશ કરવા વિદ્યા–મંત્ર ચૂર્ણ આદિના પ્રયોગને આભિયોગ કહે છે. જે સાધુ વ્યવહારથી સંયમનું પાલન કરતા હોવા છતાં પણ મંત્ર, તંત્ર, યંત્ર, ભૂતિકર્મ, પ્રશ્નાપ્રશ્ન, નિમિત્ત, ચૂર્ણ આદિના પ્રયોગથી અન્યને આકર્ષિત કરે, વશીભૂત કરે તેને આભિયોગિક કહે છે. તે તપના પ્રભાવે ઉત્કૃષ્ટ બારમા દેવલોક સુધી જાય છે.

**દર્શન રહિત સ્વલિંગી :–** શુદ્ધ સમકિતનો જેનામાં અભાવ છે, સાધ્વાચાર અને સ્વલિંગનો જેનામાં સદ્ભાવ છે. તેવા ભવી કે અભવી જીવ સ્વલિંગી દર્શન વ્યાપન્નક(દર્શન–શ્રદ્ધા રહિત) કહેવાય છે. તે વ્યવહારથી ક્રિયાના વિરાધક હોય તો જઘન્ય ભવનપતિમાં જાય છે અને વ્યવહારથી ક્રિયાના આરાધક હોય તો ઉત્કૃષ્ટ નવગ્રૈવેયક સુધી જાય છે.

## અસંજ્ઞી આયુષ્ય :–

**૨૭ कइविहे णं भंते ! असण्णिआउए पण्णत्ते ?**

**गोयमा ! चउव्विहे असण्णिआउए पण्णत्ते, तं जहा– णेरइयअसण्णि आउए तिरिक्ख–मणुस्स–देवअसण्णिआउए ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! અસંજ્ઞીનું આયુષ્ય કેટલા પ્રકારનું કહ્યું છે ?

ઉત્તર– હે ગૌતમ ! અસંજ્ઞીનું આયુષ્ય ચાર પ્રકારનું કહ્યું છે, તે આ પ્રમાણે છે– નૈરયિક અસંજ્ઞી–આયુષ્ય, તિર્યંચ અસંજ્ઞી આયુષ્ય, મનુષ્ય, અસંજ્ઞી આયુષ્ય અને દેવ અસંજ્ઞી આયુષ્ય.

**૨૮ असण्णी णं भंते ! जीवे किं णेरइयाउयं पकरेइ, तिरिक्ख-मणु- देवाउयं पकरेइ ?**

**हंता, गोयमा ! णेरइयाउयं पि पकरेइ, तिरिक्ख-मणुस्स- देवाउयं पि पकरेइ। णेरइयाउयं पकरेमाणे जहण्णेणं दस वाससहस्साइं, उक्कोसेणं पलिओवमस्स असंखेज्जइभागं पकरेइ । तिरिक्खजोणियाउयं पकरेमाणे जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं पलिओवमस्स असंखेज्जइभागं पकरेइ। मणुस्साउए वि एवं चेव, देवाउयं जहा णेरइयाउए ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! અસંજ્ઞી જીવ શું નરકનું આયુષ્ય ઉપાર્જન કરે છે ? તિર્યંચયોનિકનું આયુષ્ય ઉપાર્જન કરે છે ? મનુષ્યનું આયુષ્ય ઉપાર્જન કરે છે ? કે દેવનું આયુષ્ય ઉપાર્જન કરે છે ?

ઉત્તર– હે ગૌતમ ! અસંજ્ઞી જીવ નરકનું, તિર્યંચ યોનિકનું, મનુષ્યનું અને દેવનું આયુષ્ય પણ ઉપાર્જન કરે છે.

નરકનું આયુષ્ય ઉપાર્જન કરે તો જઘન્ય દસ હજાર વર્ષનું અને ઉત્કૃષ્ટ પલ્યોપમના અસંખ્યાતમા ભાગનું, તિર્યંચયોનિનું આયુષ્ય ઉપાર્જન કરે તો જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ પલ્યોપમના અસંખ્યાતમા ભાગનું, મનુષ્યનું આયુષ્ય પણ તે જ પ્રમાણે અને દેવનું આયુષ્ય ઉપાર્જન કરે તો નૈરયિકના આયુષ્ય પ્રમાણે ઉપાર્જન કરે છે.

**૨૯ एयस्स णं भंते ! णेरइयअसण्णिआउयस्स, तिरिक्ख- मणुस्स- देवअसण्णि आउयस्स कयरे कयरेहिंतो** *जाव* **विसेसाहिए वा ?**

**गोयमा! सव्वत्थोवे देवअसण्णिआउए, मणुस्सअसण्णिआउए असंखेज्जगुणे, तिरिक्खजोणिय असण्णिआउए असंखेज्जगुणे, णेरइय– असण्णिआउए असंखेज्जगुणे ॥सेवं भंते ! सेवं भंते ! ॥**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! નારક અસંજ્ઞી આયુષ્ય, તિર્યંચ અસંજ્ઞી આયુષ્ય, મનુષ્ય–અસંજ્ઞી આયુષ્ય અને દેવ અસંજ્ઞી આયુષ્યમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ?

ઉત્તર– હે ગૌતમ ! સર્વથી અલ્પ દેવ અસંજ્ઞી આયુષ્ય, તેથી મનુષ્ય અસંજ્ઞી આયુષ્ય અસંખ્યાતગણુ, તેથી તિર્યંચ અસંજ્ઞી આયુષ્ય અસંખ્યાતગણુ અને તેથી નારક અસંજ્ઞી આયુષ્ય અસંખ્યાતગણુ છે.

હે ભગવન્ ! આ ભાવ આ જ પ્રકારે છે, હે ભગવન્ ! આ ભાવ આ જ પ્રકારે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત ત્રણ સૂત્રો માં અસંજ્ઞી જીવના આયુષ્યના પ્રકાર તેની સ્થિતિ અને અલ્પબહુત્વનું નિરૂપણ કર્યું છે.

**અસંજ્ઞી આયુષ્ય :–** વર્તમાન ભવમાં જે જીવ વિશિષ્ટ સંજ્ઞાથી તેમજ મનોલબ્ધિથીરહિત છે તેને અસંજ્ઞી કહે છે. તે જીવ પરલોકને યોગ્ય જે આયુષ્ય બાંધે તેને અસંજ્ઞી આયુષ્ય કહે છે.

**અસંજ્ઞી જીવો દ્વારા આયુષ્યનું ઉપાર્જન અથવા વેદન :–** અસંજ્ઞીને મનોલબ્ધિ વિકસિત ન હોવાથી તેને સારા–ખરાબનો વિવેક નથી. પરંતુ તેના આંતરિક અધ્યવસાયથી તે ચારે ગતિનું આયુષ્ય બાંધી શકે છે. અસંજ્ઞીએ બાંધેલા આયુષ્યને અસંજ્ઞી આયુષ્ય કહે છે. અસંજ્ઞી જીવ નરકાયુનો કે દેવાયુનો બંધ કરે તો જઘન્ય ૧૦,૦૦૦ વર્ષ અને ઉત્કૃષ્ટ પલ્યોપમના અસંખ્યાતમા ભાગનું આયુષ્ય બાંધે છે. તેઓ નરકાયુનો બંધ કરે તો પ્રથમ નરકનો બંધ કરે છે, દેવાયુનો બંધ કરે તો ભવનપતિ કે વાણવ્યંતર જાતિની દેવગતિનો

બંધ કરે છે.

તિર્યંચાયુ અને મનુષ્યાયુમાં જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ પલ્યોપમના અસંખ્યાતમા ભાગનો બંધ કરે છે. ઉત્કૃષ્ટ આયુષ્ય બંધ યુગલિક તિર્યંચાયુ અને યુગલિક મનુષ્યાયુની અપેક્ષાએ સમજવો જોઈએ.

**અલ્પબહુત્વ :–** ચારે ગતિનું ઉત્કૃષ્ટ અસંજ્ઞી આયુષ્ય પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ છે. તેમ છતાં અલ્પબહુત્વમાં સર્વથી થોડું અસંજ્ઞી દેવાયુ કહ્યું છે. વ્યાખ્યાકારે તેનું સ્પષ્ટીકરણ કરતાં કહ્યું છે કે અસંજ્ઞી દેવાયુ જઘન્ય ૧૦,૦૦૦ વર્ષ અને ઉત્કૃષ્ટ ક્રોડપૂર્વનું જ છે. તેથી તે સર્વથી અલ્પ છે. ક્રોડપૂર્વ પણ પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ જ છે.

પલ્યોપમના અસંખ્યાતમા ભાગના અસંખ્યાત ભેદ છે. તેથી મનુષ્ય, તિર્યંચ અને નારકોનું અસંજ્ઞી આયુષ્ય ક્રમથી અસંખ્યગુણું છે. તે દરેક પણ પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ છે.

**॥ શતક ૧/૨ સંપૂર્ણ ॥**

# શતક–૧ : ઉદ્દેશક–૩

## સંક્ષિપ્ત સાર

આ ઉદ્દેશકમાં મુખ્યતયા કાંક્ષામોહનીય કર્મનું જ વિસ્તૃત વિવેચન છે. કાંક્ષામોહનીય કર્મ બંધના કારણો, તેની બંધ પ્રક્રિયા, તેનો ચય, ઉપચય આદિ, તેના વેદનના પ્રકાર, વેદનના ભિન્ન ભિન્ન નિમિત્તો, ૨૪ દંડકના જીવોમાં વિશેષતયા શ્રમણનિર્ગ્રંથોમાં તેના અસ્તિત્વનું અને તેના ક્ષયના ઉપાયનું કથન કર્યું છે.

★ **કાંક્ષા મોહનીય–** કાંક્ષા એટલે અન્ય દર્શનની અભિલાષા. તે સમકિતનો અતિચાર છે પરંતુ અહીં કાંક્ષામોહનીય શબ્દપ્રયોગ મિથ્યાત્વમોહનીયના પર્યાય અર્થમાં પ્રયુક્ત છે.

★ કાંક્ષા મોહનીય કર્મનો બંધ સર્વથી સર્વ થાય છે અર્થાત્ સમસ્ત આત્મપ્રદેશથી એક સમયમાં ગ્રહણ કરવા યોગ્ય સમસ્ત કર્મદલિકોને જીવ એક સાથે ગ્રહણ કરે છે અને તેનો બંધ પણ સમસ્ત આત્મપ્રદેશોમાં થાય છે. આત્મા એક અખંડ દ્રવ્ય છે. તેથી તેની કોઈ પણ ક્રિયા સર્વાત્મપ્રદેશથી, સર્વાત્મપ્રદેશમાં જ થાય છે.

★ બંધની પ્રક્રિયા જીવના ઉત્થાન, બલ, કર્મ, વીર્ય અને પુરુષાકાર પરાક્રમ રૂપ પ્રયત્નથી થાય છે. બંધની જેમ ચય, ઉપચય, ઉદીરણા, વેદના, નિર્જરા આદિ પણ જીવના ઉત્થાનાદિ દ્વારા સર્વાત્મપ્રદેશથી થાય છે. બંધ આદિ પ્રત્યેકના ત્રૈકાલિક આલાપક થાય છે.

★ જીવ અનુદીર્ણ–ઉદીરણાભવિક કર્મની ઉદીરણા કરે છે. અનુદીર્ણ કર્મોનો ઉપશમ કરે છે. ઉદીર્ણ કર્મનું વેદન કરે છે અને ઉદયાન્તર પશ્ચાત્કૃત કર્મની નિર્જરા કરે છે. તે જીવના ઉત્થાનાદિ દ્વારા કરે છે.

★ કાંક્ષામોહનીય કર્મનો બંધ પ્રમાદ અને યોગથી થાય છે. પ્રમાદ યોગથી ઉત્પન્ન થાય, યોગ વીર્યથી, વીર્ય શરીરથી અને શરીર જીવથી અને જીવ ઉત્થાનાદિ દ્વારા આ સર્વ ક્રિયા કરે છે. તેથી જીવના ઉત્થાનાદિની સહજ સિદ્ધિ થઈ જાય છે.

★ કાંક્ષામોહનીય કર્મનું વેદન શંકા, કાંક્ષા, વિચિકિત્સા, ભેદ સમાપન્નતા અને કલુષિતતા તે પાંચ પ્રકારે થાય છે.

★ ૨૪ દંડકોના જીવોને કાંક્ષામોહનીય કર્મનો બંધાદિ ત્રૈકાલિક હોય છે. શ્રમણ નિર્ગ્રંથો શ્રદ્ધાવાન હોવા છતાં ૧૩ પ્રકારના નિમિત્તથી ચંચળ બની જાય તો કાંક્ષામોહનીય કર્મનું વેદન કરે છે.

જ્ઞાનાંતર, દર્શનાંતર, ચારિત્રાંતર, લિંગાંતર, પ્રવચનાંતર, પ્રાવાચનિકાંતર, કલ્પાંતર, માર્ગાંતર, મતાંતર, ભંગાંતર, નયાંતર, નિયમાંતર, પ્રમાણાંતર. ઉપરોક્ત નિમિત્તથી તેનું ક્ષાયોપશમિક સમ્યક્ત્વ

મલિન બને છે.

પાંચ સ્થાવર અને ત્રણ વિકલેન્દ્રિય જીવો– જે અવિકસિત કે અલ્પવિકસિત ચેતનાવાળા છે, તે જીવો અવ્યક્તપણે અને પંચેન્દ્રિય જીવો વ્યક્તપણે કાંક્ષામોહનીય કર્મોનું વેદન કરે છે.

★ કાંક્ષામોહનીય કર્મના નાશનો સચોટ ઉપાય છે શ્રદ્ધા. જે પદાર્થો કે વિષયો, તર્કગમ્ય, બુદ્ધિગમ્ય, ઈન્દ્રિયગમ્ય કે છદ્મસ્થગમ્ય ન હોય તેવા વિષયમાં **तमेव सच्चं णिसंकं जं जिणेहिं पवेइयं ।** જિનેશ્વરે જે પ્રરૂપ્યું છે તે જ સત્ય છે. આ પ્રકારની દઢ શ્રદ્ધા રાખવાથી કાંક્ષામોહનીય કર્મનો નાશ થાય છે અને દઢ શ્રદ્ધાપૂર્વક આરાધના કરનાર જીવ આરાધક બને છે. સાધક કોઈપણ નિમિત્ત સમયે શ્રદ્ધાને દઢ ન રાખે તો ક્રમશઃ તે સમ્યગ્‌દર્શનનું વમન કરી, મિથ્યાત્વી બની જાય છે.

★ પદાર્થોનું અસ્તિત્વ અને નાસ્તિત્વ પોતાના સ્વભાવમાં જ રહે છે અને પોતાના સ્વભાવમાં જ પરિણમે છે. પદાર્થોનું અસ્તિત્વ = સત્તા અને નાસ્તિત્વ–અસત્‌પણું સ્વાભાવિક જ હોય છે અથવા અસ્તિત્વ = ઉત્પાદ પર્યાય અને નાસ્તિત્વ = વિનાશ પર્યાય. તે સ્વાભાવિક અને પ્રાયોગિક બંને પ્રકારે હોય છે. જેમ મેઘધનુષ્ય, વાદળા આદિનું અસ્તિત્વ અને તેમાં થતું પરિવર્તન સ્વાભાવિક છે. જ્યારે માટીમાંથી ઘટનો ઉત્પાદ અને ઘટનો નાશ તે પ્રાયોગિક છે.

★ અસ્તિત્વ અને નાસ્તિત્વ પોતાના સ્વરૂપમાં જ ગમનીય–પ્રરૂપણા કરવા યોગ્ય છે. વીતરાગ સર્વજ્ઞ જે પદાર્થને વર્તમાને જે રીતે જાણે છે, તે જ રીતે સર્વત્ર અને સર્વદા જાણે છે, ક્ષેત્ર–કાલના ભેદથી કેવળીના જ્ઞાનમાં પરિવર્તન થતું નથી. તેમનું જ્ઞાન અને પ્રરૂપણા સર્વથા સમાન જ હોય છે.

આ રીતે સાધકની શ્રદ્ધાને દઢત્તમ બનાવતો આ ઉદ્દેશક પૂર્ણ થાય છે.

❖❖❖❖❖

# શતક–૧ : ઉદ્દેશક–૩

## કાંક્ષામોહનીય

**કાંક્ષામોહનીય કર્મ નિરૂપણ :–**

**१ जीवा णं भंते ! कंखामोहणिज्जे कम्मे कडे ? हंता, कडे ।**

**से भंते! किं देसेणं देसे कडे, देसेणं सव्वे कडे, सव्वेणं देसे कडे, सव्वेणं सव्वे कडे ?**

**गोयमा ! णो देसेणं देसे कडे, णो देसेणं सव्वे कडे, णो सव्वेणं देसे कडे, सव्वेणं सव्वे कडे ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! શું જીવોનું કાંક્ષામોહનીય કર્મ જીવ કૃત છે ?

ઉત્તર– હા ગૌતમ ! તે જીવ કૃત છે.

પ્રશ્ન– હે ભગવન્ ! શું તે દેશથી દેશકૃત છે ? દેશથી સર્વકૃત છે ? સર્વથી દેશકૃત છે ? કે સર્વથી સર્વકૃત છે ?

ઉત્તર– હે ગૌતમ ! તે દેશથી દેશકૃત નથી. દેશથી સર્વકૃત નથી. સર્વથી દેશકૃત નથી પરંતુ સર્વથી સર્વકૃત છે.

**२ णेरइयाणं भंते ! कंखामोहणिज्जे कम्मे कडे ?**

**हंता, कडे** *जाव* **सव्वेणं सव्वे कडे, एवं** *जाव* **वेमाणियाणं दंडओ भाणियव्वो ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! શું નૈરયિકોનું કાંક્ષા મોહનીય કર્મ જીવ કૃત છે ?

ઉત્તર– હા, ગૌતમ ! તે જીવ કૃત છે. તે સર્વથી સર્વકૃત છે. તે જ પ્રમાણે વૈમાનિક પર્યંતના ૨૪ દંડકોમાં આલાપક કહેવા જોઈએ.

**३ जीवा णं भंते ! कंखामोहणिज्ज कम्मं करिंसु ? हंता, करिंसु ।**

**तं भंते ! किं देसेणं देसं करिंसु पुच्छा ?**

**एएणं अभिलावेणं दंडओ भाणियव्वो जाव वेमाणियाणं । एवं करेंति, एत्थ वि दंडओ जाव वेमाणियाणं । एवं करिस्संति एत्थ वि दंडओ जाव वेमाणियाणं एवं चिए, चिणिंसु, चिणंति, चिणिस्संति; उवचिए, उवचिणिंसु, उवचिणंति, उवचिणिस्संति; उदीरेंसु, उदीरेंति, उदीरिस्संति; वेदेंसु, वेदेंति, वेदिस्संति; णिज्जरेंसु, णिज्जरेंति, णिज्जरिस्संति। गाहा–**

**कडचिया उवचिया, उदीरिया वेइया य णिज्जिण्णा ।**
**आदितिए चउभेदा, तियभेया पच्छिमा तिण्णि ॥**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! શું જીવોએ કાંક્ષા મોહનીય કર્મ ઉપાર્જન કર્યું છે ?

ઉત્તર– હા ગૌતમ ! કર્યું છે.

પ્રશ્ન– હે ભગવન્ ! તે દેશથી દેશકૃત છે ? ઈત્યાદિ પૂર્વોક્ત પ્રશ્ન વૈમાનિકના દંડક પર્યંત કરવા જોઈએ

ઉત્તર– આ જ અભિલાપથી વૈમાનિક પર્યંતના ૨૪ દંડકમાં કથન કરવું જોઈએ. તે જ પ્રમાણે કર્યું, કરે છે, કરશે. આ આલાપક પણ વૈમાનિક પર્યંતના ૨૪ દંડકમાં કહેવા. તે જ પ્રમાણે ચય કર્યું, ચય કરે છે અને ચય કરશે; ઉપચિત કર્યું, ઉપચિત કરે છે, ઉપચિત કરશે; ઉદીરણા કરી; ઉદીરણા કરે છે, ઉદીરણા કરશે; વેદન કર્યું, વેદન કરે છે, વેદન કરશે; નિર્જરા કરી, નિર્જરા કરે છે, નિર્જરા કરશે. આ સર્વ પદોનું કથન ૨૪ દંડકોમાં પૂર્વવત્ કરવું જોઈએ.

**ગાથાર્થ–** કૃત, ચિત, ઉપચિત, ઉદીર્ણ, વેદિત, નિર્જીર્ણ વગેરે અભિલાપોનું કથન કરવાનું છે. તેમાંથી કૃત, ચિત અને ઉપચિતમાં, સામાન્ય ક્રિયા, ભૂતકાલની ક્રિયા, વર્તમાનકાલની ક્રિયા અને ભવિષ્યકાલની ક્રિયા તેમ ચાર ક્રિયાનું કથન છે. અંતિમ ત્રણ પદમાં ત્રણકાલની ક્રિયાનું જ કથન છે, સામાન્ય ક્રિયાનું કથન નથી.

## વિવેચન :–

પ્રસ્તુત ત્રણ સૂત્રમાં કાંક્ષા મોહનીય કર્મના સંબંધમાં વિભિન્ન દષ્ટિકોણથી વિચારણા કરી છે. પ્રશ્નોત્તરનો ક્રમ આ પ્રમાણે છે.

(૧) શું કાંક્ષા મોહનીય કર્મ જીવો દ્વારા કૃત છે ?
(૨) જો કૃત હોય તો દેશથી દેશકૃત, દેશથી સર્વકૃત, સર્વથી દેશકૃત છે કે સર્વથી સર્વકૃત છે ?
(૩) ૨૪ દંડકોના જીવો દ્વારા કૃત છે ? કૃત છે તો દેશથી દેશકૃત છે ? ઈત્યાદિ
(૪) શું જીવોએ કાંક્ષા મોહનીય કર્મનું ઉપાર્જન કર્યું છે ?

(૫) ૨૪ દંડકના જીવોએ કાંક્ષા મોહનીય કર્મ ઉપાર્જન કર્યું છે ? તે સર્વથી સર્વકૃત છે ? આ જ પ્રમાણે કરે છે ? અને કરશે ?

(૬) કૃતના ત્રૈકાલિક આલાપકોની જેમ જ ચિત, ઉપચિત, ઉદીર્ણ, વેદિત અને નિર્જીર્ણ પદના કાંક્ષામોહનીય સંબંધી ત્રૈકાલિક આલાપક કહેવા જોઈએ.

**કાંક્ષા :–** કાંક્ષાનો અર્થ છે અભિલાષા– આકાંક્ષા. સમકિતના પાંચ અતિચારમાં આ બીજો અતિચાર છે. તેનો અર્થ છે સ્વમતમાં ચિત્તની ચંચળતા અને પરમતની અભિલાષા. સમકિતના પાંચ અતિચારોમાં મિથ્યાત્વાભિમુખ થવામાં 'કાંક્ષા' મુખ્ય દ્વાર છે. કારણ કે શંકા અથવા અન્યમતના પરિચય આદિથી જ્યારે જીવ સ્વમતની શ્રદ્ધાથી ચલિત થાય અને પરમતની શ્રદ્ધામાં ખેંચાય કે તેની આકાંક્ષાવાળો થાય ત્યારે તેને મિથ્યાત્વનો ઉદય થાય છે.

કાંક્ષા દ્વારા આત્મ–પરિણામોમાં મિથ્યાત્વ મોહનો ભાવ જાગૃત થાય છે તેથી પ્રસ્તુતમાં 'કાંક્ષા' ની સાથે મોહનીય શબ્દ જોડી મિથ્યાત્વ મોહનીયને કાંક્ષામોહનીય કર્મ કહ્યું છે.

**કાંક્ષા મોહનીય કર્મનું ગ્રહણ કઈ રીતે થાય ? :–** કોઈ પણ કાર્ય ચાર પ્રકારે થાય છે જેમ કે–

(૧) દેશથી દેશ– પોતાના શરીરના એક દેશ–ભાગથી[હાથથી] વસ્ત્રના એક દેશ [છેડા]ને ઢાંકવું.
(૨) દેશથી સર્વ– શરીરના એક દેશથી સંપૂર્ણ વસ્ત્રને ઢાંકવું
(૩) સર્વથી દેશ– સંપૂર્ણ શરીરથી વસ્ત્રના એક દેશને ઢાંકવું.
(૪) સર્વથી સર્વ– સંપૂર્ણ શરીરથી સંપૂર્ણ વસ્ત્રને ઢાંકવું.

કર્મ ગ્રહણના પ્રસંગમાં પણ આ ચાર વિકલ્પ છે. સમસ્ત આત્મ પ્રદેશને સર્વ અને તેના એક ભાગને દેશ કહેવાય, તે જ રીતે એક સમયમાં ગ્રહણ કરાતા કર્મદલિકોના જથ્થાને સર્વ અને તેના એક ભાગને દેશ કહેવાય છે. કર્મ ગ્રહણના પ્રસંગમાં ચોથો વિકલ્પ સંગત છે. આત્મા સર્વ આત્મપ્રદેશોથી એક સમયમાં ગ્રહણ કરાતા સમસ્ત કર્મદલિકોને ગ્રહણ કરે છે. કર્મ ગ્રહણની જેમ આત્મા પોતાની પ્રત્યેક ક્રિયા સર્વ આત્મ પ્રદેશથી જ કરે છે કારણ કે આત્મા એક અખંડ દ્રવ્ય છે. તેથી પૂર્વના ત્રણ વિકલ્પ દેશથી દેશ, દેશથી સર્વ કે સર્વથી દેશ ઘટી શકતા નથી.

આત્માની કર્મબંધની ક્રિયા કર્મબંધના કારણોના આધારે ત્રૈકાલિક થયા જ કરે છે. તે જ રીતે ચય, ઉપચય, ઉદીરણા, વેદના અને નિર્જરા સંબંધી પણ ત્રણ ત્રણ આલાપક થાય છે.

**ચય :–** સંકલેશમય પરિણામોથી પૂર્વોપાર્જિત કર્મોના પ્રદેશ અને અનુભાગમાં વૃદ્ધિ કરવી તે 'ચય' છે.

**ઉપચય :–** તેમાં વારંવાર વૃદ્ધિ કરવી તે ઉપચય છે.

કોઈક આચાર્યના મતે કર્મ પુદ્‌ગલોનું ગ્રહણ કરવું તે ચય અને અબાધાકાલ પૂર્ણ થયા પછી કર્મ પુદ્‌ગલોના વેદન માટે નિષેચન(કર્મ પુદ્‌ગલોનું વર્ગીકરણ) કરવું, ઉદયાવલિકામાં સ્થાપિત કરવા તેને

ઉપચય કહેવાય છે. ઉદીરણા, વેદના અને નિર્જરાનું સ્વરૂપ પહેલા સમજાવ્યું છે. ઉદીરણા આદિમાં ત્રણ પ્રકારના કાલનું ગ્રહણ કર્યું છે, કારણ કે ઉદીરણા આદિ ચિરકાલ પર્યંત રહેતી નથી. તેથી તેમાં સામાન્યકાલ વિષયક પ્રશ્ન નથી.

## કાંક્ષામોહનીય કર્મવેદન :–

**૪ जीवा णं भंते ! कंखामोहणिज्जं कम्मं वेदेंति ? हंता गोयमा ! वेदेंति।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! શું જીવ કાંક્ષામોહનીય કર્મનું વેદન કરે છે ?

ઉત્તર– હા, ગૌતમ ! વેદન કરે છે.

**૫ कहण्णं भंते ! जीवा कंखामोहणिज्जं कम्मं वेदेंति ?**

**गोयमा ! तेहिं तेहिं कारणेहिं संकिया, कंखिया वितिगिच्छिया, भेदसमावण्णा, कलुससमावण्णा, एवं खलु जीवा कंखामोहणिज्जं कम्मं वेदेंति ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! જીવ કાંક્ષામોહનીય કર્મને કઈ રીતે વેદે છે ?

ઉત્તર– હે ગૌતમ ! તે તે કારણોથી શંકાયુક્ત, કાંક્ષાયુક્ત, વિચિકિત્સાયુક્ત, ભેદ સમાપન્ન એવં કલુષસમાપન્ન થઈને જીવ કાંક્ષામોહનીય એટલે મિથ્યાત્વ મોહનીય કર્મનું વેદન કરે છે.

## વિવેચન :–

પ્રસ્તુતમાં કાંક્ષામોહનીય કર્મના વેદનનું સ્વરૂપ સ્પષ્ટ કર્યું છે. વિવિધ કારણોથી કે નિમિત્તોથી જ્યારે જીવ શંકિત, કાંક્ષિત આદિ થાય ત્યારે તે કાંક્ષામોહનીય–મિથ્યાત્વમોહનીયનું વેદન કરે છે. તે શંકા આદિનું સ્વરૂપ આ પ્રમાણે છે–

**(૧) શંકા :–** વીતરાગ સર્વજ્ઞ પ્રભુએ પોતાના અનંત–જ્ઞાન દર્શનમાં જે તત્ત્વોને જે પ્રકારે જોયા છે, તે જ પ્રકારે નિરૂપિત કર્યા છે. તે તત્ત્વો પર અથવા તેમાંથી કોઈ એક પર શંકા કરવી, કોણ જાણે આ યથાર્થ હશે કે નહિ ? આ પ્રકારનો સંદેહ કરવો તે શંકા છે.

**(૨) કાંક્ષા :–** એક દેશ અથવા સર્વદેશથી અન્ય દર્શનને ગ્રહણ કરવાની ઈચ્છા કરવી તે કાંક્ષા છે.

**(૩) વિચિકિત્સા :–** તપ, જપ, બ્રહ્મચર્ય આદિના ફળવિષયક સંશય કરવો તે વિચિકિત્સા છે.

**(૪) ભેદ સમાપન્નતા :–** બુદ્ધિમાં દ્વૈધીભાવ[બુદ્ધિભેદ] ઉત્પન્ન થવો અથવા અનધ્યવસાય–અનિશ્ચિતતાને પણ ભેદ સમાપન્નતા કહે છે અથવા શંકા, કાંક્ષા આદિ ઉત્પન્ન થવાથી બુદ્ધિમાં જે વિભ્રમ થાય તે પણ ભેદ સમાપન્નતા છે.

**(૫) કલુષ સમાપન્નતા :–** જિનેશ્વર ભગવાને જે વસ્તુ જે રીતે પ્રતિપાદિત કરી છે, તેનો તે રૂપમાં નિશ્ચય ન કરવો, વિપરીત બુદ્ધિ રાખવી અથવા વિપરીત રૂપે સમજવું તે કલુષ સમાપન્નતા છે.

આ પાંચે પ્રકારની આત્મપરિણતિ દ્વારા જીવ કાંક્ષા મોહનીય એટલે કે મિથ્યાત્વ મોહનીયનું વેદન કરે છે. આ પ્રકારની આત્મપરિણતિ થવામાં અનેક નિમિત્ત કારણો છે. શાસ્ત્રકારે સૂત્ર ૨૧ માં તેર કારણો દર્શાવ્યા છે.

## દઢશ્રદ્ધાથી આરાધના :–

**૬** **से णूणं भंते ! तमेव सच्चं णीसंकं जं जिणेहिं पवेइयं ।**

**हंता गोयमा ! तमेव सच्चं णीसंकं जं जिणेहिं पवेइयं ।**

**से णूणं भंते ! एवं मणं धारेमाणे एवं पकरेमाणे एवं चिट्ठेमाणे, एवं संवरेमाणे आणाए आराहए भवइ ?**

**हंता गोयमा ! एवं मणं धारेमाणे** *जाव* **आराहए भवइ ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! શું જિનેશ્વરોએ નિરૂપિત કર્યું છે તે જ સત્ય છે ? અને તે જ નિઃશંક છે ?

ઉત્તર– હા ગૌતમ ! તે જ સત્ય છે અને તે જ નિઃશંક છે, જે જિનેશ્વરો દ્વારા પ્રરૂપિત છે.

પ્રશ્ન– હે ભગવન્ ! એ[તે જ સત્ય છે, તે જ નિઃશંક છે, જે જિનેશ્વરો દ્વારા નિરૂપિત છે] પ્રમાણે મનમાં ધારણા કરતા, તે જ પ્રમાણે આચરણ કરતા, તે જ પ્રમાણે કથન કરતાં, તે જ પ્રમાણે સંવર કરતાં જીવ શું આજ્ઞાના આરાધક થાય છે ?

ઉત્તર– હા, ગૌતમ ! તે જ પ્રમાણે મનમાં ધારણા–નિશ્ચય આદિ કરતા જીવ આજ્ઞાના આરાધક થાય છે.

## વિવેચન :–

આ સૂત્રમાં કાંક્ષા મોહનીય–કર્મમુક્તિનો ઉપાય દર્શાવ્યો છે અર્થાત્ છદ્મસ્થતાના કારણે કદાચિત્ સાધકને કાંક્ષા મોહનીય કર્મનો ઉદય થઈ જાય, તો તેનાથી મુક્ત કઈ રીતે થવું ? શાસ્ત્રકારે તેનો ઉપાય પ્રદર્શિત કર્યો છે.

તેનો સરળ અને સચોટ ઉપાય છે શ્રદ્ધા. તેના માટેનું સૂત્ર છે કે **तमेव सच्चं णीसंकं जं जिणेहिं पवेइयं** । જે જિનેશ્વરે પ્રરૂપ્યું છે, તે જ સત્ય છે, જગતના કેટલાક પદાર્થો અતીન્દ્રિય હોય, અમૂર્ત હોય, કે અહેતુગમ્ય હોય, તેવા પદાર્થોને તર્ક કે બુદ્ધિથી ન સમજતાં શ્રદ્ધાથી સ્વીકારવાના હોય છે. સાધક આ

સૂત્રના આલંબને શ્રદ્ધાને પુષ્ટ કરે છે અને કાંક્ષા મોહથી મુક્ત થાય છે.

**जिणेहिं :–** 'જિનેશ્વર' કોઈ વ્યક્તિ વિશેષનું નામ નથી. તે એક પદવી છે. તે ગુણવાચક શબ્દ છે. જેણે પ્રકૃષ્ટ સાધના દ્વારા અનાદિકાલીન રાગદ્વેષ, અજ્ઞાન, કષાય આદિ સમસ્ત આત્મિક વિકારો અથવા મિથ્યા ભાષણના કારણો પર વિજય પ્રાપ્ત કર્યો છે, તે મહાપુરુષને જિનેશ્વર કહેવાય છે. આવા વીતરાગ સર્વજ્ઞ પુરુષોનાં વચનોમાં કોઈ પણ પ્રકારના સંદેહને અવકાશ નથી.

**અસ્તિત્વ–નાસ્તિત્વ પરિણમન :–**

**૭ से णूणं भंते ! अत्थित्तं अत्थित्ते परिणमइ, णत्थित्तं णत्थित्ते परिणमइ ? हंता गोयमा ! *जाव* परिणमइ ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! શું અસ્તિત્વ અસ્તિત્વમાં પરિણત થાય છે અને નાસ્તિત્વ નાસ્તિત્વમાં પરિણત થાય છે ?

ઉત્તર– હા, ગૌતમ ! અસ્તિત્વ અસ્તિત્વમાં પરિણત થાય છે અને નાસ્તિત્વ નાસ્તિત્વમાં પરિણત થાય છે.

**૮ जं णं भंते ! अत्थित्तं अत्थित्ते परिणमइ, णत्थित्तं णत्थित्ते परिणमइ; तं किं पयोगसा, वीससा ? गोयमा ! पयोगसा वि तं, वीससा वि तं ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! અસ્તિત્વ અસ્તિત્વમાં પરિણત થાય છે અને નાસ્તિત્વ નાસ્તિત્વમાં પરિણત થાય છે, તો શું તે પ્રયોગ–જીવના વ્યાપારથી પરિણત થાય છે કે સ્વભાવ–વિસ્રસાથી પરિણત થાય છે ?

ઉત્તર– ગૌતમ ! તે પ્રયોગથી પણ પરિણત થાય છે અને સ્વભાવથી પણ પરિણત થાય છે.

**૯ जहा ते भंते ! अत्थित्तं अत्थित्ते परिणमइ, तहा ते णत्थित्तं णत्थित्ते परिणमइ ? जहा ते णत्थित्तं णत्थित्ते परिणमइ, तहा ते अत्थित्तं अत्थित्ते परिणमइ ?**

**हंता गोयमा ! जहा मे अत्थित्तं अत्थित्ते परिणमइ, तहा मे णत्थित्तं णत्थित्ते परिणमइ । जहा मे णत्थित्तं णत्थित्ते परिणमइ, तहा मे अत्थित्तं अत्थित्ते परिणमइ ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! જે રીતે અસ્તિત્વ, અસ્તિત્વમાં પરિણત થાય છે તે જ રીતે નાસ્તિત્વ, નાસ્તિત્વમાં પરિણત થાય છે ? અને જે રીતે નાસ્તિત્વ, નાસ્તિત્વમાં પરિણત થાય છે તે જ રીતે અસ્તિત્વ, અસ્તિત્વમાં પરિણત થાય છે ?

ઉત્તર– હા ગૌતમ, મારા જ્ઞાનમાં જે રીતે અસ્તિત્વ; અસ્તિત્વમાં પરિણત થાય છે, તે જ રીતે

નાસ્તિત્વ; નાસ્તિત્વમાં પરિણત થાય છે અને જે રીતે નાસ્તિત્વ; નાસ્તિત્વમાં પરિણત થાય છે તે જ રીતે અસ્તિત્વ; અસ્તિત્વમાં પરિણત થાય છે.

**१० से णूणं भंते ! अत्थित्तं अत्थित्ते गमणिज्जं ?**

**जहा परिणमइ दो आलावगा, तहा गमणिज्जेण वि दो आलावगा भाणियव्वा** *जाव* **तहा मे अत्थित्तं अत्थित्ते गमणिज्जं ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! શું અસ્તિત્વ, અસ્તિત્વમાં ગમનીય છે ?

ઉત્તર– હા, ગૌતમ ! જે રીતે 'પરિણત થાય છે' તે પદના આલાપક કહ્યા છે. તે જ રીતે 'ગમનીય' પદની સાથે પણ બે આલાપક ત્યાં સુધી કહેવા જોઈએ કે મારા મતે અસ્તિત્વ; અસ્તિત્વમાં ગમનીય– પ્રરૂપણા કરવા યોગ્ય છે.

**११ जहा ते भंते ! एत्थं गमणिज्जं, तहा ते इहं गमणिज्जं, जहा ते इहं गमणिज्जं, तहा ते एत्थं गमणिज्जं ?**

**हंता गोयमा ! जहा मे एत्थं गमणिज्जं** *जाव* **तहा मे एत्थं गमणिज्जं ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! જેમ આપના મતમાં (જ્ઞાનમાં)અહીં વસ્તુ સ્વાત્મામાં ગમનીય છે તેમ ત્યાં [પરાત્મામાં] પણ વસ્તુ ગમનીય છે ? જેમ પરાત્મામાં ગમનીય છે તેમ સ્વાત્મામાં પણ ગમનીય છે ?

ઉત્તર– હા ગૌતમ ! જેમ મારા મતમાં (જ્ઞાનમાં)વસ્તુ સ્વાત્મામાં ગમનીય છે, તે જ રીતે પરાત્મામાં પણ વસ્તુ ગમનીય છે અને જેમ પરાત્મામાં ગમનીય છે, તેમ સ્વાત્મામાં ગમનીય છે અથવા જે રીતે જ્યાં આ સમયે પ્રરૂપણા કરું છું તે રીતે આ લોકમાં અન્યત્ર અન્ય સમયે પણ પ્રરૂપણા કરું છું.

**વિવેચન :–**

**અસ્તિત્વ–નાસ્તિત્વ :–** અસ્તિત્વનો અર્થ છે સત્–સત્તા, હોવાપણું. અસ્તિત્વ તે પ્રત્યેક વસ્તુનો સામાન્ય ગુણધર્મ છે, અસ્તિત્વ તે વસ્તુનું સ્વરૂપ છે અને તે સ્વાભાવિક જ હોય છે. જેમ કે જીવનું જીવપણું સ્વાભાવિક છે. પરંતુ વસ્તુનું ઉત્પાદથી પ્રાપ્ત અસ્તિત્વ સ્વાભાવિક પણ હોય અને પ્રાયોગિક પણ હોય છે. કેટલીક પર્યાયો જીવના પ્રયત્ન વિના સ્વભાવથી જ ઉત્પન્ન થતી હોય છે, જેમ કે આકાશમાં મેઘધનુષ્ય ઉત્પન્ન થાય. મેઘધનુષ્ય જે અસ્તિત્વને પ્રાપ્ત કરે, તે સ્વાભાવિક હોય છે અને માટીમાંથી ઘટ બનાવવામાં આવે, ઘટ ઉત્પન્ન થાય અને અસ્તિત્વને પ્રાપ્ત કરે; તે ઘટનું અસ્તિત્વ પ્રાયોગિક છે. કુંભાર આદિના પ્રયોગથી ઘટ પર્યાય ઉત્પન્ન થઈ છે.

આ રીતે વસ્તુનું ગુણાત્મક અસ્તિત્વ સ્વાભાવિક છે અને વસ્તુનું ઉત્પાદજન્ય અસ્તિત્વ સ્વાભાવિક

પણ હોય અને પ્રાયોગિક પણ હોય છે.

નાસ્તિત્વનો અર્થ છે અસત્, અવિદ્યમાનતા, અત્યંતાભાવ. નાસ્તિત્વ એ પણ દ્રવ્યનો–વસ્તુનો ધર્મ છે, ગુણ છે. નાસ્તિત્વ પણ વસ્તુનું સ્વરૂપ છે અને તે સ્વાભાવિક હોય છે. જેમ કે ઘટનું પટ, પેન, પુસ્તકાદિ રૂપ ન હોવું, તે સ્વાભાવિક છે. તેમજ જીવમાં અજીવનું નાસ્તિત્વ પણ સ્વાભાવિક છે.

વસ્તુની પર્યાયના નાશથી પણ વસ્તુ નાસ્તિત્વને પ્રાપ્ત કરે છે. આ રીતે વ્યય પ્રાપ્ત નાસ્તિત્વ સ્વાભાવિક પણ હોય છે અને પ્રાયોગિક પણ હોય. સફેદ વાદળું કાળું બની જાય ત્યારે સફેદ વાદળનો નાશ થાય છે. આ સફેદ પર્યાયના નાશથી પ્રાપ્ત મેઘનું નાસ્તિત્વ સ્વાભાવિક કહેવાય છે. માટીનો પિંડ કુંભારના પ્રયોગથી નાશ પામે અને ઘટ ઉત્પન્ન થાય ત્યારે માટીપિંડનું નાસ્તિત્વ પ્રાયોગિક કહેવાય.

વસ્તુનું ગુણાત્મક નાસ્તિત્વ સ્વાભાવિક છે અને વ્યયજન્ય નાસ્તિત્વ સ્વાભાવિક પણ હોય અને પ્રાયોગિક પણ હોય છે.

અસ્તિત્વ અને નાસ્તિત્વ બંને ધર્મો પોતાના સ્વરૂપમાં જ પરિણમન પામે છે.

**અસ્તિત્વ અને નાસ્તિત્વ બંને ધર્મોનું સહ અસ્તિત્વ :–** પ્રત્યેક પદાર્થ અનંત ધર્માત્મક છે. પરસ્પર વિરોધી પ્રતીત થતા અનંત ધર્મો અપેક્ષાભેદથી એક જ પદાર્થમાં રહી શકે છે.

જે રીતે ઘટમાં સ્વરૂપની અપેક્ષાએ અર્થાત્ સ્વદ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવની અપેક્ષાએ અસ્તિત્વ ધર્મ છે. તે જ રીતે, તે જ સમયે ઘટમાં પર દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવની અપેક્ષાએ નાસ્તિત્વ ધર્મ છે. ઘટ તે પટ રૂપે નથી. ઘટની ઘટરૂપે સિદ્ધિ ત્યારે જ થાય, જ્યારે તેમાં ઘટ સિવાયના અન્ય સમસ્ત પદાર્થની અપેક્ષાએ નાસ્તિત્વ સિદ્ધ થાય. ઘટ તે પટરૂપે નથી. તેથી ઘટ–ઘટરૂપે છે. આ રીતે પદાર્થમાં અસ્તિત્વ અને નાસ્તિત્વ બંને ધર્મો સાથે રહે છે અને નાસ્તિત્વ ધર્મથી જ અસ્તિત્વ ધર્મની સિદ્ધિ થાય છે.

**પદાર્થનું પરિણમન :–** ભારતીય દર્શનમાં ઈશ્વરવાદ અને અનીશ્વરવાદ, આ બે ધારણાઓ પ્રચલિત છે. ઈશ્વરવાદી પદાર્થના અસ્તિત્વ, નાસ્તિત્વ, ઉત્પાદ્, વ્યય આદિને ઈશ્વરજન્ય માને છે. જૈનદર્શન પદાર્થના અસ્તિત્વ આદિ કોઈ પણ ધર્મ સાથે ઈશ્વરનો સંબંધ સ્વીકારતું નથી. જૈન દર્શન અનુસાર પદાર્થનું પરિણમન પ્રાણીના પ્રયત્નથી અથવા પ્રાણીના પ્રયત્ન વિના સ્વાભાવિક પણ થાય છે. તે માટે વાદળા અને ઘટના દષ્ટાંતથી ઉપર સમજાવ્યું છે.

જે પરિણમન પ્રાણીના પ્રયત્નથી થાય તેને પ્રાયોગિક કહેવાય છે અને પ્રયત્ન વિના થાય તેને સ્વાભાવિક કહેવાય છે. પરંતુ કોઈ પણ પ્રકારના પરિણમનમાં ઈશ્વરનો સંબંધ નથી હોતો. જે રીતે ઉત્પાદરૂપ પર્યાય પ્રાયોગિક અને સ્વાભાવિક બંને પ્રકારે છે. તે જ રીતે વિનાશરૂપ પર્યાય પણ બંને પ્રકારની છે. પાણીને બરફ રૂપે જમાવવું તે પ્રાયોગિક છે પરંતુ સમય વ્યતીત થતાં તે જ બરફનું ઓગળીને પાણી રૂપે પરિણત થવું તે સ્વાભાવિક છે.

**ગમનીયરૂપ પ્રશ્નનો આશય :–** ગમનીયનો અર્થ છે– પ્રરૂપણા કરવા યોગ્ય **एत्थ** અને **इहं** સબંધી

પ્રશ્નાત્મક સૂત્રની વૃત્તિકારે ત્રણ વ્યાખ્યા કરી છે.

(૧) **एत्थं** નો અર્થ સ્વશિષ્ય અને ઈહં નો અર્થ ગૃહસ્થ અને પરપાસંડી. આ સૂત્રનું તાત્પર્ય એ છે કે વસ્તુની પ્રરૂપણા આપ પોતાના અને પરાયાના ભેદ રાખ્યા વિના સ્વ–પરજનો માટે સમાનરૂપે કરો છો ?

(૨) **एत्थ** = સ્વાત્મા અને **इहं**= પરાત્મા. તેનો આશય એ છે કે આપને પોતાનામાં– સ્વાત્મામાં જેમ સુખપ્રિયતા આદિ ધર્મો ગમનીય છે તે જ રીતે શું પરાત્મામાં પણ ગમનીય છે–અભીષ્ટ છે ?

(૩) **एत्थ** અને **इहं** બંને સમાનાર્થક શબ્દ છે. બંનેનો અર્થ છે પ્રત્યક્ષગમ્ય, પ્રત્યક્ષાધિકરણતા. તેનો આશય એ છે કે આપને આપની સેવામાં રહેલા શ્રમણાદિ પ્રત્યક્ષગમ્ય છે, તે જ રીતે ગૃહસ્થાદિ પણ પ્રત્યક્ષગમ્ય છે ? સાર એ છે કે વીતરાગ ભગવાન જે રીતે જ્યાં આ સમયે જાણે છે તે જ રીતે અન્યત્ર કોઈ પણ સમયે જાણે છે અને પ્રરૂપણા કરે છે. ક્ષેત્ર, કાલ કે વ્યક્તિના પરિવર્તનથી તેઓના જ્ઞાનમાં કે પ્રરૂપણામાં પરિવર્તન થતું નથી.

ભગવાને તેનો ઉત્તર આપ્યો કે સ્વશિષ્ય હોય કે ગૃહસ્થાદિ હોય પરંતુ પ્રરૂપણા સર્વને માટે સમાન જ હોય છે.

### કાંક્ષામોહનીય કર્મબંધના કારણો :–

**૧૨ जीवा णं भंते ! कंखामोहणिज्जं कम्मं बंधंति ? हंता गोयमा ! बंधंति ।**

**कहण्णं भंते ! जीवा कंखामोहणिज्जं कम्मं बंधंति ? गोयमा ! पमादपच्चया, जोगणिमित्तं च ।**

**से णं भंते ! पमाए किंपवहे ? गोयमा ! जोगप्पवहे ।**

**से णं भंते ! जोए किंपवहे ? गोयमा ! वीरियप्पवहे ।**

**से णं भंते ! वीरिए किंपवहे? गोयमा ! सरीरप्पवहे ।**

**से णं भंते ! सरीरे किंपवहे ? गोयमा ! जीवप्पवहे । एवं सति अत्थि उट्ठाणेइ वा, कम्मेइ वा, बलेइ वा, वीरिएइ वा, पुरिसक्कारपरिक्कमेइ वा ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! શું જીવ કાંક્ષા મોહનીય કર્મ બાંધે છે ? ઉત્તર– હા ગૌતમ ! બાંધે છે.

પ્રશ્ન– હે ભગવન્ ! જીવ કાંક્ષા મોહનીય કર્મ કેવી રીતે બાંધે છે ?

ઉત્તર– હે ગૌતમ ! જીવ પ્રમાદના કારણે અને યોગના નિમિત્તથી કાંક્ષા મોહનીય કર્મ બાંધે છે.

પ્રશ્ન– હે ભગવન્ ! પ્રમાદ શાથી ઉત્પન્ન થાય છે ? ઉત્તર– હે ગૌતમ ! પ્રમાદ યોગથી ઉત્પન્ન થાય છે.

પ્રશ્ન– હે ભગવન્ ! યોગ શાથી ઉત્પન્ન થાય છે ? ઉત્તર– હે ગૌતમ ! યોગ વીર્યથી ઉત્પન્ન થાય છે.

પ્રશ્ન– હે ભગવન્ વીર્ય શાથી ઉત્પન્ન થાય છે ? ઉત્તર– હે ગૌતમ ! વીર્ય શરીરથી ઉત્પન્ન થાય છે.

પ્રશ્ન– હે ભગવન્ ! શરીર શાથી ઉત્પન્ન થાય છે ?

ઉત્તર– હે ગૌતમ ! શરીર જીવથી ઉત્પન્ન થાય છે અને તેમ થવામાં જીવના ઉત્થાન, કર્મ, બલ, વીર્ય અને પુરુષાકાર પરાક્રમ છે.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રમાં જીવની સ્વતંત્રતા અને કર્મ સિદ્ધાંતનું પ્રતિપાદન કર્યું છે. જીવ પોતાના પરાક્રમથી કર્મબંધ કરે છે. કર્મબંધને નિયતિ સાથે સંબંધ નથી. એકાંત નિયતિવાદના નિષેધથી જીવના જ ઉત્થાન બલ, કર્મ, વીર્ય અને પુરુષકાર પરાક્રમનું પ્રતિપાદન થઈ જાય છે. જૈન દર્શન પુરુષાર્થ પ્રધાન છે. કર્મબંધ જેમ જીવકૃત છે. તે જ રીતે ઉદય, ઉદીરણા, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષય આદિ પ્રત્યેક ક્રિયા પણ જીવ–કૃત છે તે સહજ સિદ્ધ થઈ જાય છે.

**કર્મબંધનું કારણ :–** કર્મબંધના મુખ્ય પાંચ કારણ છે. મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય અને યોગ. અહીં પ્રમાદ અને યોગને જ કારણ કહ્યા છે. તેનો આશય એ છે કે મિથ્યાત્વ, અવ્રત અને કષાયનો અંતર્ભાવ પ્રમાદમાં થઈ જાય છે.

**પ્રમાદ :–** આત્માને જે અત્યંત વિમોહિત કરે છે તે પ્રમાદ છે અથવા આત્મભાવનું વિસ્મરણ તે પ્રમાદ છે. વ્યાખ્યા ગ્રંથોમાં તેના પાંચ અને આઠ પ્રકાર કહ્યા છે, તે આ પ્રમાણે છે– (૧) મદ્ય, (૨) વિષય, (૩) કષાય, (૪) નિદ્રા (૫) વિકથા. અથવા (૧) અજ્ઞાન, (૨) સંશય, (૩) મિથ્યાજ્ઞાન, (૪) રાગ, (૫) દ્વેષ, (૬) મતિભ્રંશ, (૭) ધર્મ પ્રત્યે અનાદર, (૮) યોગોનું દુષ્પ્રણિધાન–દુષ્ટપ્રવૃત્તિ.

**યોગ :–** મન, વચન અને કાયાનો વ્યાપાર વિશેષ. પ્રમાદ અને યોગના નિમિત્તથી કર્મબંધ થાય છે.

**શરીરનો કર્તા કોણ ? :–** પ્રસ્તુતમાં શરીરનો કર્તા જીવ કહ્યો છે. તેમાં નામ કર્મ યુક્ત જીવનું ગ્રહણ કર્યું છે. તેથી સિદ્ધ, ઈશ્વર કે નિયતિ આદિના કર્તૃત્વનું નિરાકરણ થઈ જાય છે.

**ઉત્થાનાદિનું સ્વરૂપ :–** (૧) **ઉત્થાન–** ઉર્ધ્વીભવન–ઊભા થવા રૂપ ક્રિયા ઉત્થાન છે. (૨) **કર્મ–** જીવની ચેષ્ટા વિશેષ કર્મ છે અથવા ઉત્ક્ષેપણ–ઉપર ફેંકવું, પ્રક્ષેપણ–ચારે બાજુ ફેંકવું તથા ભ્રમણરૂપ

ક્રિયા તે કર્મ છે. **બલ–** શારીરિક સામર્થ્ય બલ છે. **વીર્ય–** જીવના ઉત્સાહ અથવા જીવથી ઉત્પન્ન થતી શક્તિને વીર્ય કહે છે. વીર્ય બે પ્રકારનું છે. સકરણવીર્ય અને અકરણવીર્ય.

**સકરણવીર્ય :–** લેશ્યા યુક્ત તથા મન, વચન, કાયારૂપ યોગવાળા જીવનો પરિસ્પંદાત્મક– (ચેષ્ટા યુક્ત) જે વ્યાપાર તે સકરણવીર્ય છે.

**અકરણવીર્ય :–** લેશ્યા રહિત સર્વજ્ઞ અયોગી કેવળી ભગવાનનો જે અપરિસ્પંદાત્મક, અસ્ખલિત, આત્મ પરિણામ તે અકરણવીર્ય છે. પ્રસ્તુતમાં શરીરનું જનક અકરણવીર્ય નથી પરંતુ સકરણવીર્ય જ છે.

**પુરુષાકાર પરાક્રમ :–** પુરુષત્વનું જે અભિમાન તે પુરુષાકાર અને ઈષ્ટફલ સાધક પુરુષાર્થ તે પરાક્રમ છે અથવા પુરુષના પ્રયત્નને પુરુષાકાર અને શત્રુને પરાજિત કરવા તે પરાક્રમ છે.

## કાંક્ષામોહનીયની ઉદીરણા, ઉપશમ આદિ :-

**१३ से णूणं भंते ! अप्पणा चेव उदीरेइ, अप्पणा चेव गरहइ, अप्पणा चेव संवरइ ? हंता गोयमा ! अप्पणा चेव उदीरेइ, एवं तं चेव उच्चारेयव्वं।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! શું જીવ સ્વયં તેની[કાંક્ષા મોહનીય કર્મની] ઉદીરણા કરે છે ? સ્વયં તેની ગર્હા કરે છે ? સ્વયં તેનો સંવર કરે છે ?

ઉત્તર– હા, ગૌતમ ! જીવ સ્વયં તેની ઉદીરણા, ગર્હા અને સંવર કરે છે.

**१४ जं णं तं भंते ! अप्पणा चेव उदीरेइ, अप्पणा चेव गरहइ, अप्पणा चेव संवरेइ तं किं उदिण्णं उदीरेइ, अणुदिण्णं उदीरेइ, अणुदिण्णं उदीरणाभवियं कम्मं उदीरेइ, उदयाणंतरपच्छाकडं कम्मं उदीरेइ ?**

**गोयमा! णो उदिण्णं उदीरेइ, णो अणुदिण्णं उदीरेइ, अणुदिण्णं उदीरणाभवियं कम्मं उदीरेइ, णो उदयाणंतर पच्छाकडं कम्मं उदीरेइ ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! જીવ સ્વયં તેની ઉદીરણા કરે છે, ગર્હા કરે છે અને સંવર કરે છે તો શું ઉદીર્ણ[ઉદયમાં આવેલા]ની ઉદીરણા કરે છે ? અનુદીર્ણ [ઉદયમાં નહિ આવેલા]ની ઉદીરણા કરે છે ? કે અનુદીર્ણ–ઉદીરણા ભવિક [ઉદયમાં નહિ આવેલા પરંતુ ઉદીરણાને યોગ્ય] કર્મની ઉદીરણા કરે છે ? અથવા ઉદયાન્તર પશ્ચાતકૃત કર્મની ઉદીરણા કરે છે ?

ઉત્તર– હે ગૌતમ ! ઉદીર્ણની ઉદીરણા કરતા નથી. અનુદીર્ણની ઉદીરણા કરતા નથી. ઉદયાન્તર પશ્ચાતકૃત કર્મની પણ ઉદીરણા કરતા નથી પરંતુ અનુદીર્ણ–ઉદીરણા ભવિક કર્મની ઉદીરણા કરે છે.

**१५ जं णं भंते ! अणुदिण्णं उदीरणाभवियं कम्मं उदीरेइ, तं किं उट्ठाणेणं, कम्मेणं, बलेणं, वीरिएणं, पुरिसक्कारपरक्कमेणं अणुदिण्णं उदीरणाभवियं कम्मं उदीरेइ, उदाहु तं अणुट्ठाणेणं, अकम्मेणं, अबलेणं, अवीरिएणं, अपुरिसक्कार-परक्कमेणं अणुदिण्णं उदीरणाभवियं कम्मं उदीरेइ ?**

**गोयमा ! तं उट्ठाणेण वि, कम्मेण वि, बलेण वि, वीरिएण वि, पुरिसक्कार परक्कमेण वि अणुदिण्णं उदीरणाभवियं कम्मं उदीरेइ । णो तं अणुट्ठाणेणं, अकम्मेणं, अबलेणं, अवीरिएणं, अपुरिसक्कारपरक्कमेणं अणुदिण्णं उदीरणाभवियं कम्मं उदीरेइ । एवं सति अत्थि उट्ठाणेइ वा, कम्मेइ वा, बलेइ वा, वीरिएइ वा पुरिसक्कारपरक्कमेइ वा ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! જીવ અનુદીર્ણ–ઉદીરણાભવિક કર્મની ઉદીરણા કરે છે તો શું તે ઉત્થાન, કર્મ, બલ, વીર્ય અને પુરુષાકાર પરાક્રમથી ઉદીરણા કરે છે કે અનુત્થાન, અકર્મ, અબલ, અવીર્ય અને અપુરુષાકાર પરાક્રમથી ઉદીરણા કરે છે ?

ઉત્તર– હે ગૌતમ ! તે જીવ અનુદીર્ણ–ઉદીરણા ભવિક કર્મની ઉદીરણા ઉત્થાન કર્મ, બલ, વીર્ય અને પુરુષાકાર પરાક્રમથી કરે છે. અનુત્થાન, અકર્મ, અબલ, અવીર્ય અને અપુરુષાકાર પરાક્રમથી કરતા નથી. તેથી જીવને ઉત્થાન છે, કર્મ છે, બલ છે, વીર્ય છે, પુરુષાકાર પરાક્રમ છે.

**१६ से णूणं भंते ! अप्पणा चेव उवसामेइ, अप्पणा चेव गरहइ, अप्पणा चेव संवरेइ ?**

**हंता गोयमा ! एत्थ वि तहेव भाणियव्वं । णवरं अणुदिण्णं उवसामेइ; सेसा पडिसेहेयव्वा तिण्णि ।**

**जं णं भंते ! अणुदिण्णं उवसामेइ, तं किं उट्ठाणेणं ?** *जाव* **पुरिसक्कार–परक्कमेइ वा ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! શું જીવ પોતાના આત્માથી જ [કાંક્ષા મોહનીય કર્મનો] ઉપશમ કરે છે ? પોતાના આત્માથી જ ગર્હા કરે છે ? પોતાના આત્માથી જ સંવર કરે છે ?

ઉત્તર– હા, ગૌતમ ! અહીં પણ સૂત્ર ૧૪ પ્રમાણે કથન કરવું જોઈએ. વિશેષતા એ છે કે અનુદીર્ણ [ઉદયમાં નહિં આવેલા] કર્મનો ઉપશમ કરે છે. શેષ ત્રણ વિકલ્પોનો નિષેધ કરવો જોઈએ.

પ્રશ્ન– હે ભગવન્ ! જીવ અનુદીર્ણ કર્મનો ઉપશમ કરે છે તો શું ઉત્થાનથી તેમજ પુરુષાકાર

પરાક્રમથી કરે છે કે અનુત્થાનથી તેમજ અપુરુષાકાર પરાક્રમથી ઉપશમ કરે છે ?

ઉત્તર– હે ગૌતમ ! પૂર્વવત્ જાણવું ***યાવત્*** પુરુષાકાર પરાક્રમથી ઉપશમ કરે છે.

**૧૭ से णूणं भंते ! अप्पणा चेव वेदेइ, अप्पणा चेव गरहइ ?**

**एत्थ वि सच्चेव परिवाडी, णवरं–उदिण्णं वेएइ, णो अणुदिण्णं वेएइ, एवं** *जाव* **पुरिसक्कारपरक्कमेइ वा ?**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! જીવ શું પોતાના આત્માથી જ તેનું વેદન કરે છે ? અને ગર્હા કરે છે ?

ઉત્તર– હે ગૌતમ ! અહીં પણ પૂર્વવત્ સર્વ આલાપકો સમજવા જોઈએ. વિશેષતા એ છે કે, ઉદીર્ણ–ઉદયમાં આવેલાં કર્મોનું વેદન કરે છે. અનુદીર્ણનું વેદન કરતો નથી. એ જ પ્રમાણે પુરુષાકાર પરાક્રમથી વેદન કરે છે, અનુત્થાનાદિથી નહિ. ત્યાં સુધી કથન કરવું જોઈએ.

**૧૮ से णूणं भंते ! अप्पणा चेव णिज्जरेइ, अप्पणा चेव गरहइ ?**

**एत्थ वि सच्चेव परिवाडी, णवरं–उदयाणंतर पच्छाकडं कम्मं णिज्जरेइ, एवं** *जाव* **पुरिसक्कार परक्कमेइ वा ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! શું જીવ પોતાના આત્માથી જ તેની નિર્જરા કરે છે અને ગર્હા કરે છે?

ઉત્તર– હે ગૌતમ ! અહીં પણ સમસ્ત આલાપક પૂર્વવત્ સમજવા. વિશેષતા એ છે કે, ઉદયાન્તર પશ્ચાત્કૃત કર્મની નિર્જરા કરે છે. એ જ પ્રમાણે પુરુષાકાર પરાક્રમથી નિર્જરા અને ગર્હા કરે છે તેથી ઉત્થાન, કર્મ, બલ, વીર્ય અને પુરુષાકાર પરાક્રમ છે.

## વિવેચન :–

ઉપરોક્ત સૂત્રોમાં આત્મકર્તૃત્વ અથવા પુરુષાર્થવાદના સિદ્ધાંતોનું જ પ્રતિપાદન છે. કર્મોની ઉદીરણા, ગર્હા, સંવર, ઉપશમ, વેદના અને નિર્જરા, આ સર્વ ક્રિયા જીવ પોતાના ઉત્થાનાદિથી જ કરે છે.

**ઉદીરણા :–** અપરિપક્વ કર્મને સમય પહેલાં, પ્રયત્ન વિશેષથી પરિપક્વ કરવા, તેને ઉદય યોગ્ય બનાવવા તે ઉદીરણા છે. કેવા પ્રકારના કર્મોની ઉદીરણા થાય છે ? તે માટે શાસ્ત્રકારે ચાર વિકલ્પ પ્રગટ કર્યા છે.

**(૧) ઉદીર્ણકર્મ :–** ઉદયમાં આવી ગયેલા કર્મ. તેની ઉદીરણા થતી નથી.

**(૨) અનુદીર્ણકર્મ :–** ઉદયમાં નહીં આવેલું કર્મ. વૃત્તિકારે તેના બે અર્થ કર્યા છે. (૧) ચિરકાલ પછી જે ઉદયમાં આવવાના છે, તેવા કર્મો (૨) ભવિષ્યમાં જેની ઉદીરણા થવાની નથી તેવા કર્મો. તે પણ ઉદીરણાને

અયોગ્ય છે.

**(૩) અનુદીર્ણ ઉદીરણાભવિક કર્મ :–** ઉદયમાં નહીં આવેલા પરંતુ ઉદીરણાને યોગ્ય છે તેવા કર્મો અર્થાત્ જેનો અબાધાકાલ પૂર્ણ થઈ ગયો છે પરંતુ ઉદયાવલિકામાં પ્રવેશ ન થયો હોય તેવા કર્મો ઉદીરણાને યોગ્ય છે અને તેવા કર્મોની ઉદીરણા થાય છે.

**(૪) ઉદયાન્તર પશ્ચાત્કૃત :–** ઉદય પછીના સમયે તેને ઉદયાન્તર પશ્ચાતકૃત કહે છે.

ચાર વિકલ્પોમાંથી ઉદીરણાને માટે ત્રીજો વિકલ્પ અર્થાત્ જીવ સ્વયં ઉત્થાનાદિ દ્વારા પોતાના પુરુષાર્થથી જ અનુદીર્ણ–ઉદીરણાભવિક કર્મોની ઉદીરણા કરે છે. ગર્હા અને સંવર તેના સાધન છે.

**ગર્હા :–** અતીતકાલીન પાપકર્મોની અને તેના સાધનોની વિચારણા કરીને આત્મનિંદા કરવી, તેમાં પાપ પ્રતિ નિર્વેદભાવ જાગૃત થાય છે. તે પ્રાયશ્ચિત્તની પૂર્વભૂમિકા છે અને ઉદીરણામાં સહાયક છે.

**સંવર :–** વર્તમાનકાલીન પાપાશ્રવોને રોકવા, તેના પ્રત્યાખ્યાન કરવા તે સંવર છે.

કર્મોનો ઉપશમ, વેદન અને નિર્જરા પણ જીવ સ્વયં ઉત્થાનાદિથી જ કરે છે. તેમાં પણ શાસ્ત્રકારે પૂર્વોક્ત ચાર વિકલ્પથી પ્રશ્ન કર્યા છે. તેનો નિષ્કર્ષ એ છે કે (૧) ઉદીર્ણ કર્મ– ઉદયમાં આવેલા કર્મોનું વેદન થાય છે.(૨) અનુદીર્ણ કર્મ– ઉદયમાં નહીં આવેલા કર્મોનો ઉપશમ થાય છે. (૩) અનુદીર્ણ–ઉદીરણાભવિક કર્મની–ઉદીરણા થાય છે. (૪) ઉદયાન્તર પશ્ચાત્કૃત [ઉદય પશ્ચાત્] કર્મની નિર્જરા થાય છે. કહ્યું છે કે

**तइएण उदीरेंति, उवसामेंति य पुणो वि बीएणं ।**
**वेइंति णिज्जरंति य, पढमचउत्थेहिं सव्वेवि ॥**

ચાર ભાંગામાંથી ત્રીજા ભાંગે ઉદીરણા, બીજા ભાંગે ઉપશમ, પહેલા ભાંગે વેદન અને ચોથા ભાંગે નિર્જરા થાય છે. સર્વ જીવો માટે તે જ નિયમ છે.

### કાંક્ષામોહનીય ચોવીસ દંડકોમાં :-

**૧૯ णेरइया णं भंते ! कंखामोहणिज्जं कम्मं वेदेंति ? जहा ओहिआ जीवा तहा णेरइया** *जाव* **थणियकुमारा ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! શું નૈરયિક જીવ કાંક્ષામોહનીય કર્મનું વેદન કરે છે ?

ઉત્તર– હા, ગૌતમ ! વેદન કરે છે. સામાન્ય(ઔઘિક) જીવોના સંબંધમાં જે રીતે આલાપક કહ્યા છે તે જ રીતે નૈરયિકોથી લઈ સ્તનિતકુમારો(દસ ભવનપતિદેવો) પર્યંત સમજવું.

**૨૦ पुढविक्काइया णं भंते ! कंखामोहणिज्जं कम्मं वेदेंति ? हंता, वेदेंति ।**

**कहण्णं भंते ! पुढविक्काइया कंखामोहणिज्जं कम्मं वेदेंति ?**

**गोयमा ! तेसि णं जीवाणं णो एवं तक्का इ वा, सण्णा इ वा, पण्णा इ वा, मणे इ वा, वई त्ति वा अम्हे णं कंखामोहणिज्जं कम्मं वेएमो, वेदेंति पुण ते । से णूणं भंते ! तमेव सच्चं, णीसंकं जं जिणेहिं पवेइयं ?**

**सेसं तं चेव जाव पुरिसक्कारपरक्कमेइ वा; एवं जाव चउरिंदियाणं। पंचिंदियतिरिक्खजोणिया** *जाव* **वेमाणिया जहा ओहिया जीवा ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! શું પૃથ્વીકાયિક જીવ કાંક્ષામોહનીય કર્મનું વેદન કરે છે ?

ઉત્તર– હા, ગૌતમ ! તે વેદન કરે છે.

પ્રશ્ન– હે ભગવન્ ! પૃથ્વીકાયિક જીવ કઈ રીતે કાંક્ષા મોહનીય કર્મનું વેદન કરે છે ?

ઉત્તર– હે ગૌતમ ! તે જીવોને ' અમે કાંક્ષા મોહનીય કર્મનું વેદન કરીએ છીએ ' આ પ્રકારનો તર્ક, સંજ્ઞા, પ્રજ્ઞા, મન અથવા વચન નથી પરંતુ તે તેનું અવશ્ય વેદન કરે છે.

પ્રશ્ન– હે ભગવન્ ! શું તે જ સત્ય છે અને નિઃશંક છે જે જિન ભગવંતો દ્વારા પ્રરૂપિત છે ?

ઉત્તર– હા, ગૌતમ ! પૂર્વવત્ જાણવું અર્થાત્ જિનેન્દ્રો દ્વારા જે પ્રરૂપિત છે તે જ સત્ય છે અને નિઃશંક છે, આ રીતે પુરુષાકાર પરાક્રમથી નિર્જરા થાય છે. ત્યાં સુધી કથન કરવું જોઈએ. આ જ રીતે ચૌરેન્દ્રિય જીવો પર્યંત જાણવું. જે રીતે સામાન્ય જીવોનું કથન કર્યું, તે જ રીતે પંચેન્દ્રિય તિર્યંચયોનિક જીવોથી વૈમાનિક પર્યંતના જીવોમાં જાણવું.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં પૃથ્વીકાયિક આદિ એકેન્દ્રિય જીવોને પણ કાંક્ષામોહનીય કર્મનુંવેદન થાય છે તે સ્પષ્ટ કર્યું છે.

પંચેન્દ્રિય જીવો તો વસ્તુ તત્ત્વમાં શંકા, કાંક્ષા આદિ પાંચ પ્રકારે વેદન કરે છે. પરંતુ પૃથ્વીકાયાદિ જીવોની ચેતના અત્યંત અવિકસિત છે, તેને મનોલબ્ધિ નથી, કોઈ તર્ક–વિર્તક નથી, આ રીતે બૌદ્ધિક, માનસિક કે વાચિક કોઈ પણ પ્રકારનો વિકાસ નથી, તેવા જીવો પણ કાંક્ષા મોહનીય(મિથ્યાત્વ મોહનીય) કર્મનું વેદન કરે છે. તે જીવો જાણતા નથી કે 'હું કાંક્ષામોહનીય કર્મનું વેદન કરું છું' છતાં તે વેદન કરે છે. કર્મનું વેદન બે પ્રકારે થાય છે, વ્યક્તવેદન અને અવ્યક્તવેદન. અવિકસિત ચેતનાવાળા જીવો અવ્યક્તરૂપે કર્મોનું વેદન કરે છે. તેથી જ તેના સંદર્ભમાં **तमेव सच्चं णिसंकं जं जिणेहिं पवेइयं ।** સૂત્ર આપ્યું છે. આવા તર્ક અગોચર, શ્રદ્ધાગમ્ય તત્ત્વ આગમ પ્રમાણથી માન્ય કરવા જોઈએ. વિકસિત ચેતનાવાળા જીવો વ્યક્ત રૂપે

કર્મોનું વેદન કરે છે.

**તર્ક :–** આ પ્રકારે થશે કે નહીં ? આ પ્રકારના વિચાર વિમર્શ અથવા ઉહાપોહને તર્ક કહે છે.

**સંજ્ઞા :–** તેના અનેક અર્થ થાય છે. તે મતિજ્ઞાનનો પર્યાયવાચી શબ્દ છે. પ્રત્યભિજ્ઞાનને પણ સંજ્ઞા કહે છે. વૃત્તિકારે તેનો અર્થ અર્થાવગ્રહ કર્યો છે.

**પ્રજ્ઞા :–** વિશિષ્ટ જ્ઞાન અથવા બુદ્ધિ.

### કાંક્ષામોહનીય કર્મ શ્રમણ–નિર્ગ્રંથોમાં :–

**૨૧ अत्थि णं भंते ! समणा वि णिग्गंथा कंखामोहणिज्जं कम्मं वेदेंति? हंता अत्थि ।**

**कहण्णं भंते ! समणा णिग्गंथा कंखामोहणिज्जं कम्मं वेदेंति ?**

**गोयमा ! तेहिं तेहिं कारणेहिं–णाणंतरेहिं, दंसणंतरेहिं, चरित्तंतरेहिं, लिंगंत- रेहिं, पवयणंतरेहिं, पावयणंतरेहिं, कप्पंतरेहिं, मग्गंतरेहिं, मयंतरेहिं, भंगंतरेहिं, णयंतरेहिं, णियमंतरेहिं, पमाणंतरेहिं संकिया, कंखिया, वितिगिच्छिया, भेयसमा- वण्णा, कलुससमावण्णा; एवं खलु समणा णिग्गंथा कंखामोहणिज्जं कम्मं वेदेंति ।**

**से णूणं भंते ! तमेव सच्चं, णिसंकं जं जिणेहिं पवेइयं ?**

**हंता, गोयमा ! तमेव सच्चं, णीसंकं, एवं** *जाव* **पुरिसक्कारपरक्कमेइ वा। ॥ सेवं भंते ! सेवं भंते ॥**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! શું શ્રમણ નિગ્રંથો કાંક્ષામોહનીય કર્મનું વેદન કરે છે ?

ઉત્તર– હા, ગૌતમ ! તે વેદન કરે છે.

પ્રશ્ન– હે ભગવન્ ! શ્રમણ નિગ્રંથો કાંક્ષામોહનીય કર્મનું વેદન કઈ રીતે કરે છે ?

ઉત્તર– હે ગૌતમ ! તથા પ્રકારના કારણોથી વેદન કરે છે, જેમ કે– જ્ઞાનાંતર, દર્શનાંતર, ચારિત્રાંતર, લિંગાંતર, પ્રવચનાંતર, પ્રાવચનિકાંતર, કલ્પાંતર, માર્ગાંતર, મતાંતર, ભંગાંતર, નયાંતર, નિયમાંતર અને પ્રમાણાંતર દ્વારા શંકિત, કાંક્ષિત, વિચિકિત્સક, ભેદ સમાપન્ન અને કલુષ સમાપન્ન થઈને શ્રમણ નિર્ગ્રંથો કાંક્ષામોહનીય કર્મનું વેદન કરે છે.

પ્રશ્ન– હે ભગવન્ ! શું તે જ સત્ય છે અને નિઃશંક છે જે જિનેશ્વર ભગવંતો દ્વારા પ્રરૂપિત છે ?

ઉત્તર– હા, ગૌતમ ! તે જ સત્ય છે અને નિઃશંક છે જે જિનેશ્વર ભગવંતો દ્વારા પ્રરૂપિત છે.

અહીંથી શરૂ કરીને પુરુષાકાર પરાક્રમથી નિર્જરા થાય છે ત્યાં સુધીના આલાપકનું કથન કરવું.

હે ભગવન્ ! આ ભાવ આ જ પ્રકારે છે, હે ભગવન્ ! આ ભાવ આ જ પ્રકારે છે.

## વિવેચન :-

પ્રસ્તુત સૂત્રમાં શ્રમણ નિર્ગ્રંથ કાંક્ષા મોહનીય કર્મનું વેદન કેવી રીતે કરે છે ? તેનું વિશ્લેષણ છે.

**શ્રમણ નિર્ગ્રંથોને કાંક્ષામોહનીય કર્મનું વેદન :–** પ્રસ્તુત સૂત્રમાં નિર્ગ્રંથ શબ્દ વ્યવચ્છેદક છે. 'શ્રમણ' શબ્દ પ્રયોગ જૈન, બૌદ્ધ અને આજીવિક સંપ્રદાયના શ્રમણો માટે પણ થાય છે. તેનો વ્યવચ્છેદ કરવા માટે નિર્ગ્રંથ શબ્દ પ્રયોગ છે. તેથી અહીં જૈન શ્રમણોનું જ ગ્રહણ કર્યું છે.

જૈન શ્રમણ–નિર્ગ્રંથો શંકા, કાંક્ષા આદિ દ્વારા કાંક્ષામોહ–મિથ્યાત્વ મોહનું વેદન કરે છે. એક જ વિષયમાં અનેક પ્રકારે નિરૂપણ, અનેક વિકલ્પો, વિતર્કો થવાથી કાંક્ષા આદિ ઉત્પન્ન થાય છે. અહીં શંકા, કાંક્ષા આદિ ઉત્પન્ન થવાના તેર નિમિત્તો કહ્યા છે. તે ભિન્ન ભિન્ન નિમિત્તોથી શ્રમણ નિર્ગ્રંથ કાંક્ષા મોહનીય કર્મનું વેદન કરે છે. તે નિમિત્તોનું સ્વરૂપ આ પ્રમાણે છે–

**(૧) જ્ઞાનાન્તર :–** જ્ઞાનની વિભિન્નતાઓ. એક જ્ઞાનથી બીજા જ્ઞાનને જ્ઞાનાન્તર કહે છે. જિનેશ્વરે જ્ઞાનના પાંચ ભેદ શા માટે કહ્યાં હશે ? અવધિ અને મનઃપર્યવજ્ઞાન પૃથક્ પૃથક્ શા માટે ? બંને રૂપી પદાર્થને જાણે છે. બંને વિકલ અને અતીન્દ્રિય છે. બંને ક્ષાયોપશમિક છે. તો તેમાં ભેદ શા માટે ? આ પ્રકારનો સંદેહ થવો. વિષય, ક્ષેત્ર, સ્વામી આદિ અનેક અપેક્ષાએ બંને જ્ઞાનમાં અંતર હોવા છતાં તે ન સમજતાં શંકા ઉત્પન્ન થાય અને શંકાનું નિવારણ ન થતાં કાંક્ષા, વિચિકિત્સા અને કલુષતા આદિ ઉત્પન્ન થાય છે.

**(૨) દર્શનાન્તર :–** દર્શનની વિભિન્નતાઓ. દર્શનનો અર્થ છે સમ્યગ્દર્શન–સમ્યકત્વ. સમ્યકત્વ એ આત્માનો શુદ્ધ ગુણ છે. તેનું સ્વરૂપ આ પ્રમાણે છે– (૧) દેવગુરુ ધર્મની શુદ્ધ શ્રદ્ધા (૨) જીવાદિ પદાર્થોનું જ્ઞાન અને શ્રદ્ધા (૩) જિનાગમ–જિનવાણીની દઢ આસ્થા.

તેના ભેદ પ્રભેદ છે– વ્યવહાર સમકિતના ૬૭ બોલ, સમકિત પ્રાપ્તિની દસ અવસ્થાઓ અર્થાત્ નિઃસર્ગ આદિ દસ રુચિ, નિશ્ચય સમકિત, વ્યવહાર સમકિત વગેરે. સમ્યગ્દર્શનના વિષયો સંબંધી ભેદ પ્રભેદોમાં પ્રચલિત મતમતાંતર કે વિભિન્ન પ્રરૂપણ જોઈને કોઈ શંકિત, કાંક્ષિત વગેરે થાય અને સમાધાન ન મેળવી શકે તો તે દર્શન નિમિત્તક કાંક્ષામોહનું વેદન કરે છે.

અથવા ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક, વેદક અને શાસ્વાદન આ પાંચ પ્રકારની સમકિતના લક્ષણ વગેરેના વિષયમાં શંકિત થવું. જેમ કે ઔપશમિક અને ક્ષાયોપશમિક બંને સમ્યક્ત્વોનું લક્ષણ લગભગ સમાન છે. તો તે બંનેને પૃથક્ પૃથક્ કહેવાનું પ્રયોજન શું ? આ પ્રકારે શંકા ઉત્પન્ન થાય છે. તેનું સમાધાન આ પ્રમાણે છે– ક્ષાયોપશમિક સમ્યક્ત્વમાં સમ્યક્ત્વ મોહનીયનો પ્રદેશાનુભવની અપેક્ષાએ ઉદય હોય

છે, જ્યારે ઔપશમિક સમ્યક્ત્વમાં પ્રદેશાનુભવ પણ નથી. આ કારણે બંનેમાં ભિન્નતા છે. આ પ્રકારે સમાધાન ન થતાં તે જીવ શંકાદિ દોષોથી દૂષિત થાય છે.

સામાન્ય બોધને દર્શન કહેવાય છે, તે ઈન્દ્રિય અને મનથી થાય છે. તો ચક્ષુદર્શન અને અચક્ષુદર્શન આ પ્રકારના ભેદના સ્થાને ઈન્દ્રિયદર્શન અને મનોદર્શન આ પ્રકારે ભેદ શા માટે ન કહ્યા ? અથવા ઈન્દ્રિયજન્ય અને અનિન્દ્રિયજન્ય બે ભેદ થઈ શકે અથવા શ્રોત દર્શન, રસનાદર્શન, મનોદર્શન આદિ છ ભેદ પણ થઈ શકે. ચક્ષુદર્શન અને અચક્ષુદર્શન એ પ્રમાણે બે ભેદ કરવાનું શું પ્રયોજન ? આ પ્રકારની શંકા ઉત્પન્ન થાય.

**સમાધાન :–**ચક્ષુદર્શન અને અચક્ષુદર્શન તે બે ભેદ કરવાના મુખ્ય બે કારણ છે. (૧) ચક્ષુદર્શન વિશેષરૂપથી કથન કરવા માટે અને અચક્ષુદર્શન સામાન્યથી કથન કરવા માટે છે (૨) ચક્ષુરિન્દ્રિય અપ્રાપ્યકારી છે. શેષ ચાર ઈન્દ્રિય પ્રાપ્યકારી છે. જોકે મન પણ અપ્રાપ્યકારી છે તેમ છતાં મન સર્વ ઈન્દ્રિયોને અનુસરે છે. તે ચાર પ્રાપ્યકારી ઈન્દ્રિયોની સાથે પણ રહે છે અને એક અપ્રાપ્યકારી ઈન્દ્રિય સાથે પણ રહે છે. પ્રાપ્યકારી ઈન્દ્રિયોની અધિકતા હોવાથી મનની ગણના પ્રાપ્યકારી ઈન્દ્રિયો સાથે કરી છે. તેથી ચક્ષુ ઈન્દ્રિયથી થતાં પ્રત્યક્ષ દર્શનને ચક્ષુદર્શન અને શેષ ઈન્દ્રિય અને મનથી ઉત્પન્ન થતાં પ્રત્યક્ષ અને અપ્રત્યક્ષ બંને પ્રકારના દર્શનને અચક્ષુદર્શન કહે છે.

આ પ્રકારે સમાધાન ન થતાં જીવ શંકાદિ દોષોથી ગ્રસ્ત થાય છે અને કાંક્ષામોહનીયનું વેદન કરે છે.

**(૩) ચારિત્રાન્તર :–** ચારિત્રની વિભિન્નતાઓ. ચારિત્ર વિષયક શંકા થવી. જેમ સામાયિક ચારિત્ર સર્વ સાવદ્ય વિરતિરૂપ છે. છેદોપસ્થાપનીય ચારિત્ર પણ મહાવ્રતરૂપ હોવાથી સાવદ્ય વિરતિરૂપ છે. આમ બંનેમાં સમાનતા પ્રતીત થવા છતાં ભેદ શા માટે ? તેનું સમાધાન એ છે કે ચારિત્રના આ બે ભેદ ન કરીએ તો સામાયિક ચારિત્ર ગ્રહણ કરનારના મનમાં કંઈક ભૂલ થતાં જ ગ્લાનિ ઉત્પન્ન થાય કે હું ચારિત્રથી ભ્રષ્ટ થયો. કારણ કે તેની દષ્ટિમાં એક સામાયિક ચારિત્ર જ છે. તેથી પ્રથમ સામાયિક ચારિત્રનો સ્વીકાર કર્યા પછી બીજી વાર મહાવ્રતારોપણ રૂપ છેદોપસ્થાપનીય ચારિત્ર ગ્રહણ કરાય છે. સામાયિક સંબંધી કંઈક ભૂલ થાય તો તેનાં મહાવ્રત ખંડિત થતાં નથી. તેથી જ પ્રથમ અને અંતિમ તીર્થંકરોના ક્રમશઃ ઋજુ, જડ અને વક્રજડ સાધુઓને માટે બંને પ્રકારનાં ચારિત્ર ગ્રહણનું વિધાન સ્પષ્ટ છે. આ પ્રકારના સ્પષ્ટ વિભાજન ન સમજતાં તે જીવ કાંક્ષામોહનીય કર્મનું વેદન કરે છે.

**(૪) લિંગાન્તર :–** લિંગની વિભિન્નતાઓ. વેષના વિષયમાં શંકા ઉત્પન્ન થવી. મધ્યમાં બાવીસ તીર્થંકરોના સાધુઓને માટે વસ્ત્રના રંગ અને પરિમાણનો કોઈ નિયમ નથી. તો પ્રથમ અને અંતિમ તીર્થંકરના સાધુઓ માટે શ્વેત અને પ્રમાણોપેત વસ્ત્ર રાખવાનો નિયમ શા માટે ? આ પ્રકારની શંકા કરીને જીવ કાંક્ષા મોહનીય કર્મનું વેદન કરે છે. તેનું સમાધાન પણ એ જ છે કે પ્રથમ તીર્થંકરના સાધુ ઋજુ જડ, અંતિમ તીર્થંકરના સાધુ વક્રજડ છે. જ્યારે મધ્યમ બાવીસ તીર્થંકરના સાધુ ઋજુ પ્રાજ્ઞ છે. આ રીતે સ્વભાવભેદના કારણે તીર્થંકરોની આજ્ઞામાં ભિન્નતા છે. મૌલિક સિદ્ધાંતમાં કોઈ ભેદ નથી.

**(૫) પ્રવચનાન્તર :–** સિદ્ધાંતની ભિન્નતાઓ. પ્રવચન વિષયક શંકા કરવી, જેમ પ્રથમ અને અંતિમ તીર્થંકરોએ પંચ મહાવ્રતરૂપ ધર્મ અને મધ્યના બાવીસ તીર્થંકરોએ ચાર મહાવ્રતરૂપ ધર્મનું પ્રતિપાદન કર્યું છે. તીર્થંકરોનાં પ્રવચનમાં ભેદ શા માટે ? આ પ્રકારે શંકિત થવું તે કાંક્ષામોહનીયકર્મના વેદનનું કારણ છે. તેનું સમાધાન એ છે કે મધ્યના બાવીસ તીર્થંકરોએ સ્ત્રીને પરિગ્રહ રૂપ સ્વીકારી છે. તેથી ચોથા મહાવ્રતનો સમાવેશ પાંચમા મહાવ્રતમાં કરીને ચાર મહાવ્રતની પ્રરૂપણા કરી છે. તાત્ત્વિક ભેદ નથી.

**(૬) પ્રાવચનિકાન્તર :–** પ્રવચનકર્તાઓની ભિન્નતાઓ. પ્રાવચનિકનો અર્થ છે પ્રવચનોના જ્ઞાતા અથવા અધ્યેતા, બહુશ્રુત સાધક. બે પ્રાવચનિકોનાં આચરણમાં ભેદ જોઈને શંકા ઉત્પન્ન થાય છે. પરંતુ તેનું સમાધાન આ પ્રમાણે થઈ શકે છે કે ચારિત્ર મોહનીય કર્મના ક્ષયોપશમની તરતમતાના કારણે પ્રાવચનિકોની પ્રવૃત્તિમાં ભેદ દેખાય છે. વાસ્તવમાં આગમજ્ઞાન પ્રમાણ છે.

**(૭) કલ્પાન્તર :–** કલ્પની વિભિન્નતા. જિનકલ્પ અને સ્થવિરકલ્પોમાં મુનિઓના આચાર–ભેદ જોઈને શંકિત થવું. જિનકલ્પ જ કર્મક્ષયનું કારણ હોય તો સ્થવિરકલ્પનો ઉપદેશ શા માટે ? આ પ્રકારની શંકા પણ કાંક્ષામોહનીયનું કારણ બને છે. તીર્થંકરે જ બંને કલ્પનું પ્રતિપાદન કર્યું છે અને અવસ્થા ભેદથી બંને કલ્પ કર્મક્ષયનું કારણ બની શકે છે. તેથી તેમાં શંકા કરવી યોગ્ય નથી.

**(૮) માર્ગાન્તર :–** સમાચારીની ભિન્નતા. માર્ગનો અર્થ છે 'પરંપરાથી ચાલી આવતી સમાચારી' ભિન્ન ભિન્ન આચાર્યોની ભિન્ન ભિન્ન સમાચારીને જોઈને શંકા થવી કે આ સર્વમાંથી શું યોગ્ય છે ? આ પ્રકારે કાંક્ષામોહનીયનું વેદન થાય છે.

તેનું સમાધાન એ છે કે સમાચારીમાં ભિન્નતા હોવા છતાં જે શાસ્ત્ર વિરુદ્ધ ન હોય, જે નિષ્પાપ હોય અને સાથે જ બહુજન દ્વારા આચરિત હોય તેને પ્રમાણભૂત ગણી શકાય છે.

**(૯) મતાન્તર :–** ભિન્ન ભિન્ન આચાર્યોના વિભિન્ન અભિપ્રાયને જોઈને શંકા કરવી. જેમકે સિદ્ધસેન દિવાકરના અભિપ્રાયે કેવળીને જ્ઞાન અને દર્શનનો ઉપયોગ એક સાથે જ હોય છે. કારણ કે કેવળી ભગવાને જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય કર્મનો સર્વથા ક્ષય કર્યો છે. જો ઉપયોગને ક્રમિક માનીએ તો બંને કર્મનો ક્ષય નિરર્થક થાય છે. તેથી કેવળીને બંને ઉપયોગ સાથે હોય છે.

શ્રી જિનભદ્ર ગણિ ક્ષમાશ્રમણનું કથન છે કે કેવળી ભગવાનને બંને ઉપયોગ ક્રમિક છે. પ્રથમ સમયે દર્શનોપયોગ, બીજા સમયે જ્ઞાનોપયોગ હોય છે. કારણ કે જીવનો તથાપ્રકારનો સ્વભાવ છે. જ્યારે વસ્તુનું સામાન્ય દર્શન કરે છે ત્યારે વિશેષ બોધ રૂપ જ્ઞાન થતું નથી અને જ્યારે વસ્તુનું વિશેષ બોધરૂપ જ્ઞાન થાય છે, ત્યારે સામાન્ય બોધરૂપ દર્શન થતું નથી. તેથી બંને ઉપયોગ ક્રમિક હોય છે. આ રીતના મતાન્તરને જોઈને શ્રમણોને કાંક્ષા મોહનીય કર્મના ઉદયે શંકા થાય છે પરંતુ તે સમયે આગમજ્ઞાન અથવા બહુશ્રુતના વચનને પ્રમાણભૂત માનવા જોઈએ. પ્રજ્ઞાપના સૂત્રાનુસાર બંને ઉપયોગ ક્રમિક હોય છે. આચાર્યોના કેટલાક મતભેદ સાંપ્રદાયિક પ્રદ્વેષના કારણે અને છદ્મસ્થતાના કારણે પણ હોય શકે છે.

**(૧૦) ભંગાન્તર :–** દ્રવ્યના સાંયોગિક ભંગને જોઈને શંકા કરવી. જેમકે હિંસાના સંબંધમાં ચાર ભંગ

કહ્યા છે. યથા– (૧) દ્રવ્યથી હિંસા, ભાવથી નહીં. (૨) દ્રવ્યથી હિંસા નહીં, ભાવથી હિંસા. (૩) દ્રવ્ય અને ભાવથી હિંસા નહીં. (૪) દ્રવ્ય અને ભાવથી હિંસા.

આ ચાર ભંગને જોઈને કાંક્ષા મોહનીય કર્મના ઉદયે જીવને શંકા થાય કે પ્રથમ ભંગમાં હિંસાનું લક્ષણ ઘટિત થતું નથી. કહ્યું છે કે ઈર્યા સમિતિ પૂર્વક ચાલનાર સાધુથી કદાચ કોઈ જીવની હિંસા થઈ જાય તો તેને હિંસાનો ભાવ ન હોવાથી હિંસાનો દોષ લાગતો નથી. આ રીતે ભાવશૂન્ય દ્રવ્યહિંસાને હિંસા કહી શકાય નહીં. હિંસાનું લક્ષણ પ્રથમ ભંગમાં ઘટિત થતું નથી અને શાસ્ત્રમાં તેને હિંસા કહી છે તે કઈ રીતે ?

આ પ્રકારની શંકાનું સમાધાન એ છે કે હિંસાના બે પ્રકાર છે, દ્રવ્યહિંસા અને ભાવહિંસા. પ્રાણીના પ્રાણનો ઘાત થવો તે દ્રવ્યહિંસા છે. તે લક્ષણાનુસાર પ્રથમ ભંગમાં પણ હિંસાનું લક્ષણ જણાય છે. આગમના પ્રત્યેક કથન સાપેક્ષ છે. અપેક્ષાઓને સમજવાથી શંકાનું સમાધાન થઈ શકે છે.

**(૧૧) નયાન્તર :–** એક જ વસ્તુમાં વિભિન્ન નયની અપેક્ષાએ બે વિરુદ્ધ ધર્મોનું કથન જોઈને શંકા થવી. જેમકે દ્રવ્યાર્થિક નયથી આત્મા નિત્ય છે, પર્યાયાર્થિક નયથી આત્મા અનિત્ય છે. એક જ વસ્તુમાં નિત્ય અને અનિત્ય બે વિરોધી ધર્મો એક સાથે કઈ રીતે સંભવે ?

તેનું સમાધાન એ છે કે વસ્તુ અનંત ધર્માત્મક છે. પ્રત્યેક નય વસ્તુના એક જ ધર્મને પ્રાધાન્ય આપી વસ્તુનુ કથન કરે છે. જ્યારે તે એક ધર્મનું પ્રતિપાદન કરે ત્યારે તે વસ્તુમાં અન્ય ધર્મ વિદ્યમાન છે. તેથી તેમાં કોઈ વિરોધ નથી. વ્યવહારમાં પણ એક જ વ્યક્તિ પોતાના પિતાની અપેક્ષાએ પુત્ર અને પુત્રની અપેક્ષાએ પિતા છે. આ રીતે અપેક્ષા ભેદથી વસ્તુમાં વિરુદ્ધ ધર્મ રહી શકે છે. તેમાં શંકા કરવી તે યોગ્ય નથી.

**(૧૨) નિયમાન્તર :–** સાધુ જીવનમાં સર્વ સાવદ્ય યોગના પ્રત્યાખ્યાન કર્યા પછી વિભિન્ન નિયમો શા માટે ? આ પ્રકારે શંકા થાય છે, તે પણ કાંક્ષામોહનીય કર્મનું વેદન છે. તેનું સમાધાન એ છે કે પોરસી, બે પોરસી આદિ વિભિન્ન નિયમો પ્રમાદનો નાશ કરવા અને અપ્રમાદ ગુણની વૃદ્ધિ કરવા માટે છે. સાવદ્ય યોગના ત્યાગથી પાપવૃત્તિરૂપ અવગુણનો ત્યાગ થાય છે અને અન્ય નિયમો ગુણ ગ્રહણ માટે છે. તેથી વિભિન્ન નિયમોનું પાલન સાધકો માટે અનિવાર્ય છે.

**(૧૩) પ્રમાણાન્તર :–** શાસ્ત્રમાં પ્રમાણના ચાર ભેદ કહ્યા છે. પ્રત્યક્ષ, અનુમાન, આગમ અને ઉપમાન. તેમાં શંકા થાય છે કે પ્રત્યક્ષ પણ પ્રમાણ છે અને આગમ પણ પ્રમાણ છે. તે બંનેમાં ક્યારેક વિરોધ પ્રતીત થાય છે. જેમ કે આગમમાં કહ્યું છે કે સૂર્ય સમતલ ભૂમિથી ૮૦૦ યોજન ઉપર સુમેરુ પર્વતને ફરતાં પરિભ્રમણ કરે છે. પરંતુ સૂર્ય પૃથ્વીમાંથી ઉદિત થતો પ્રત્યક્ષ પ્રતીત થાય છે. તે બંનેમાં કયા પ્રમાણને સ્વીકારવું ? આ પ્રમાણે શંકા થાય છે.

તેનું સમાધાન એ છે કે સૂર્ય પૃથ્વીમાંથી ઉદિત થાય છે તે પ્રત્યક્ષ દેખાવા છતાં સત્ય નથી,ભ્રાંત છે. કારણ કે અત્યંત દૂર રહેલી વસ્તુ આપણને નાની દેખાય છે. સૂર્ય આપણાથી ઘણો દૂર છે તેથી આપણને

ભ્રાંતિ થઈ શકે છે. વાસ્તવમાં આગમ પ્રમાણ સત્ય છે.

ઉપરોક્ત કારણોમાંથી કોઈ પણ કારણે શ્રમણ નિર્ગ્રંથને કાંક્ષામોહનીય કર્મનું વેદન થાય છે. સૂત્રકારે ૨૪ દંડકના જીવોમાં કાંક્ષામોહનીય કર્મના વેદન માટે પૃચ્છા કરી છે. તેથી સ્પષ્ટ થાય છે કે આ શબ્દપ્રયોગ મિથ્યાત્વ મોહનીય માટે થયો છે. ક્યારેક શ્રમણ નિર્ગ્રંથો પણ શંકાદિમાં ફસાઈ જાય અને તેનું સમાધાન ન કરી શકે તો તેને પણ મિથ્યાત્વ મોહનીયનો ઉદય થઈ જાય છે. કર્માધીન જીવોનાં પરિણામોની વિચિત્રતાથી તેના ગુણસ્થાનમાં પણ પરિવર્તન થાય છે. તેથી જ સૂત્રકારે **तमेव सच्चं...** જિનવચન પર દૃઢતમ શ્રદ્ધા રાખવાનું સૂચન કર્યું છે.

વૃત્તિકારે પણ કાંક્ષામોહનીયનો સમાવેશ મિથ્યાત્વ મોહનીય કર્મમાં કર્યો છે. તે આ સૂત્રમાં પ્રયુક્ત ભેદ સમાપન્ન અને કલુષ સમાપન્ન શબ્દોની ઉત્કૃષ્ટતાની અપેક્ષાએ છે.

જ્યારે કાંક્ષા મોહનીય કર્મના વેદનમાં વિભિન્ન વિચારધારાઓ પ્રતિ એક પ્રકારની આકાંક્ષા હોય છે, તેમાં જિન–પ્રરૂપિત તત્ત્વમાં અશ્રદ્ધા ન હોય પરંતુ વિભિન્ન વિચારધારામાં ચિત્ત ચંચળ બની જાય ત્યારે સમકિત મોહના ઉદયની અપેક્ષાએ પણ તેને કાંક્ષામોહનીયનું વેદન કહી શકાય છે. ક્ષાયોપશમિક સમકિતમાં ચલ, મલ અને અગાઢ દોષ અને અતિચારો શક્ય છે. તેથી સમકિત દૂષિત બને, મલિન બને, પણ સમ્યક્ત્વનો સર્વથા નાશ થતો નથી.

તેથી સામાન્ય અપેક્ષાએ કાંક્ષા મોહનીય કર્મનો સમાવેશ મોહનીય કર્મની ઉત્તર પ્રકૃતિ દર્શન મોહનીયના એક ભેદ સમ્યક્ત્વ મોહનીયમાં થઈ શકે છે અને ઉત્કૃષ્ટતાની અપેક્ષાએ મિથ્યાત્વ મોહનીયમાં તેનો સમાવેશ થાય છે. પ્રસ્તુતમાં મિથ્યાત્વ મોહનીયની પ્રમુખતાએ કાંક્ષામોહનીયનું કથન છે, જે સૂત્રોક્ત ચોવીસે દંડકમાં ઘટિત થાય છે.

**॥ શતક–૧/3 સંપૂર્ણ ॥**

# શતક–૧ : ઉદ્દેશક–૪

## સંક્ષિપ્ત સાર

★ આ ઉદ્દેશકમાં કર્મપ્રકૃતિ, જીવનું ઉપસ્થાન, અપક્રમણ, કર્મફળ ભોગનો સિદ્ધાંત તેમજ કેવળ જ્ઞાનીની મહત્તા અને કેવળી મુક્તિનું પ્રતિપાદન છે.

★ કર્મ પ્રકૃતિના ભેદ અને તેના વિપાક(ફળ) આદિનું વર્ણન પ્રજ્ઞાપના પદ ૨૩ના પ્રથમ ઉદ્દેશક અનુસર સમજવું.

★ ઉપસ્થાન = ઉપર ઉઠવું. ઉર્ધ્વગમન કરવું અથવા ઉર્ધ્વલોક સંબંધી પ્રાપ્તિ ક્રિયા અને અવક્રમણ = નીચે આવવું અથવા પતન. આ બંને ક્રિયા અર્થાત્ ઉત્થાન અને પતન કરનાર ક્રિયા જીવના વીર્યથી જ થાય છે. મોહનીય કર્મના ઉદયમાં જીવ ઉપસ્થાન–પરલોક સંબંધી ક્રિયા કરે અર્થાત્ પરલોકમાં જાય છે [અથવા બાલપંડિતવીર્યથી] થાય છે. મોહનીયકર્મની ઉપશાંત અવસ્થામાં જીવ ઉપસ્થાન–ઉત્થાન કરે તો તે પંડિત વીર્યથી થાય છે. મોહનીય કર્મની ઉપશાંત અવસ્થામાં જીવ સંયમથી અપક્રમણ–પતન કરે તો તે બાલપંડિતવીર્યથી કરે છે. જીવને જિનધર્મ પર શ્રદ્ધા અને રુચિ તેના ઉત્થાનનું કારણ અને અશ્રદ્ધા અને અરુચિ તેના પતનનું કારણ છે.

★ કરેલા કર્મો ભોગવ્યા વિના મુક્તિ નથી. તે સિદ્ધાંત અબાધિત છે. તેમ છતાં કર્મફળ બે રીતે ભોગવાય છે– અનુભાગથી અને પ્રદેશથી. પ્રત્યેક કર્મ અનુભાગથી–વિપાકથી તેના ફળનું વેદન કરાવે તેવો એકાંત નિયમ નથી. અનેક પ્રકારના પુરુષાર્થથી તેના વિપાકમાં પરિવર્તન થઈ શકે છે પરંતુ પ્રત્યેક કર્મ પ્રદેશથી અવશ્ય ઉદયમાં આવે જ છે. ક્યુ કર્મ કઈ રીતે, કઈ વેદનાથી ભોગવાશે તે અરિહંત ભગવાનને જ્ઞાનમાં જણાય છે.

★ જીવ, પરમાણુ અને સ્કંધ આ ત્રૈકાલિક શાશ્વત પદાર્થ છે. લોકમાં તેનો અભાવ થતો નથી.

★ જીવ સર્વજ્ઞ સર્વદર્શી બનીને જ સિદ્ધ થાય છે. ભલે અવધિજ્ઞાની હોય, પરમાવધિજ્ઞાની હોય, મનઃપર્યવજ્ઞાની અથવા ચૈદ પૂર્વધર હોય પરંતુ છદ્મસ્થ કોઈ સિદ્ધ થતા નથી. તાત્પર્ય એ છે કે છદ્મસ્થ અવસ્થામાં જ કોઈની મુક્તિ થતી નથી પરંતુ પરંપરાથી કેવળી બની (સર્વજ્ઞ–સર્વદર્શી બની) મુક્ત થઈ શકે છે. આ ત્રૈકાલિક સિદ્ધાંત છે.

★ સર્વજ્ઞ સર્વદર્શી કેવલી ભગવાન **અલમસ્તુ** કહેવાય છે. જેમણે મેળવવા યોગ્ય સર્વ જ્ઞાનાદિ ગુણ મેળવી લીધા છે અને તેમને માટે પ્રાપ્ત કરવા યોગ્ય કાંઈ પણ અવશેષ રહ્યું નથી, તે પરિપૂર્ણ જ્ઞાની **અલમસ્તુ** સંજ્ઞક છે.

❖❖❖❖❖

# શતક–૧ : ઉદ્દેશક–૪

## કર્મપ્રકૃતિ

**કર્મ પ્રકૃતિનો બંધ, ઉદય આદિ વિચાર :–**

**૧** **कइ णं भंते ! कम्मप्पगडीओ पण्णत्ताओ ?**

**गोयमा ! अट्ठ कम्मप्पगडीओ पण्णत्ताओ । कम्मप्पगडीए पढमो उद्देसो णेयव्वो** *जाव* **अणुभागो समत्तो । गाहा–**

**कइ पयडी कह बंधइ, कइहिं च ठाणेहिं बंधइ पयडी ।**
**कइ वेदेइ य पयडी, अणुभागो कइविहो कस्स ॥**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! કર્મ પ્રકૃતિઓ કેટલી કહી છે ?

ઉત્તર– હે ગૌતમ ! કર્મ પ્રકૃતિઓ આઠ કહી છે. અહીં પ્રજ્ઞાપના સૂત્ર પદ–૨૩, પ્રથમ ઉદ્દેશક પ્રમાણે 'કર્મપ્રકૃતિ'થી અનુભાગ પર્યંત કથન કરવું જોઈએ.

ગાથાર્થ– કર્મપ્રકૃતિ કેટલી છે ? જીવ કર્મ કઈ રીતે બાંધે છે ? કર્મ પ્રકૃતિ કેટલા સ્થાનથી બાંધે છે ? કેટલી પ્રકૃતિઓનું વેદન કરે છે ? કઈ પ્રકૃતિનો કેટલો પ્રકારનો અનુભાગ–રસ છે ? ઈત્યાદિ વર્ણન પ્રજ્ઞાપના સૂત્રમાં છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં પ્રજ્ઞાપના સૂત્રનો સંદર્ભ આપી, કર્મ પ્રકૃતિ સંબંધી સમસ્ત તત્ત્વજ્ઞાનનો નિર્દેશ કર્યો છે. કર્મ અને આત્માના સંબંધમાં નિમ્નોક્ત શંકાઓ ઉત્પન્ન થાય છે–

(૧) કર્મ અને આત્માનો સંયોગ કેમ થાય ? કારણ કે કર્મ જડ છે. તેને જ્ઞાન નથી તેથી તે આત્મા સાથે એકમેક કઈ રીતે થઈ શકે ? (૨) કર્મ રૂપી છે, આત્મા અરૂપી છે, અરૂપી સાથે રૂપીનો સંબંધ કઈ રીતે થાય ?

**સમાધાન :–** કર્મ અને જીવનો સંબંધ અનાદિકાલીન છે. પ્રત્યેક કર્મના બંધની આદિ છે પરંતુ પ્રવાહરૂપે અનાદિકાલીન છે. કર્મ જડ હોવા છતાં જીવના રાગાદિ વિભાગોના નિમિત્તથી આત્મા સાથે તેનો બંધ થાય

છે. આત્મા અનાદિકાલથી જ, અમૂર્ત હોવા છતાં કર્મ સંયોગથી જ મૂર્ત છે. વાસ્તવમાં સંસારી આત્મા (કર્મયુક્ત આત્મા) રૂપી કહેવાય છે. તેને જ કર્મબંધ થાય છે. તેથી આત્મા અને કર્મનો સંબંધ, અરૂપીનો રૂપી સાથેનો સંબંધ નથી પરંતુ રૂપીનો રૂપી સાથે સંબંધી આ દષ્ટિકોણથી જ સંસારી આત્મા કર્મોનો કર્તા છે. જીવની ક્રિયા વિના કર્મબંધ થતો નથી. કોઈપણ એક કર્મનો સંયોગ અનાદિકાલથી નથી અને અનંતકાલ રહેવાનો નથી. આઠ મૂલ કર્મ પ્રકૃતિઓનો બંધ પ્રવાહતઃ અનાદિકાલથી આવી રહ્યો છે. રાગ અને દ્વેષ તે બે કારણથી કર્મબંધ થાય છે. કર્મોની ઉત્તર પ્રકૃતિઓ કેટલા પ્રકારે બંધાય અને કેટલા પ્રકારે ભોગવાય, આ સંપૂર્ણ વર્ણન પ્રજ્ઞાપના સૂત્રથી જાણવું જોઈએ.

## જીવનું ઉપસ્થાન અને અપક્રમણ :–

**२** **जीवे णं भंते ! मोहणिज्जेणं कडेणं कम्मेणं उदिण्णेणं उवट्ठाएज्जा? हंता, उवट्ठाएज्जा ।**

**से भंते ! किं वीरियत्ताए उवट्ठाएज्जा, अवीरियत्ताए उवट्ठाएज्जा ? गोयमा ! वीरियत्ताए उवट्ठाएज्जा, णो अवीरियत्ताए उवट्ठाएज्जा।**

**जइ वीरियत्ताए उवट्ठाएज्जा, किं बालवीरियत्ताए उवट्ठाएज्जा, पंडिय-वीरियत्ताए उवट्ठाएज्जा, बालपंडियवीरियत्ताए उवट्ठाएज्जा ?**

**गोयमा! बालवीरियत्ताए उवट्ठाएज्जा, णो पंडियवीरयत्ताए उवट्ठाएज्जा, णो बालपंडियवीरियत्ताए उवट्ठाएज्जा ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! પૂર્વકૃત મોહનીય કર્મ જ્યારે ઉદીર્ણ–ઉદયમાં આવ્યું હોય ત્યારે જીવ ઉપસ્થાન–પરલોકની ક્રિયા–(ઊર્ધ્વગમન) ઉપર ઊઠવાની ક્રિયા કરે છે ?

ઉત્તર– હા, ગૌતમ ! ઉપસ્થાન કરે છે અર્થાત્ મિથ્યાત્વ મોહના ઉદયે પણ જીવ ઊર્ધ્વગમન દેવગતિમાં ગમન કરે છે.

પ્રશ્ન– હે ભગવન્ ! શું જીવ સવીર્યથી ઉપસ્થાન કરે છે ? કે અવીર્યથી ?

ઉત્તર– હે ગૌતમ ! જીવ સવીર્યથી ઉપસ્થાન કરે છે, અવીર્યથી કરતો નથી.

પ્રશ્ન– હે ભગવન્ ! જીવ સવીર્યથી ઉપસ્થાન કરે છે, તો શું બાલવીર્યથી કરે છે ? પંડિત વીર્યથી કરે છે ? કે બાલ પંડિત વીર્યથી કરે છે ?

ઉત્તર– હે ગૌતમ ! મિથ્યાત્વ મોહનીયના ઉદયે તે બાલવીર્યથી ઉપસ્થાન કરે છે. પંડિતવીર્ય કે બાલપંડિત વીર્યથી ઉપસ્થાન કરતો નથી.

**३ जीवे णं भंते ! मोहणिज्जेणं कडेणं कम्मेणं उदिण्णेणं अवक्कमेज्जा? हंता, अवक्कमेज्जा ।**

**से भंते ! जाव बालपंडियवीरियत्ताए अवक्कमेज्जा ?**

**गोयमा! बालवीरियत्ताए अवक्कमेज्जा, णो पंडियवीरियत्ताए अवक्क-मेज्जा, सिय बालपंडियवीरियत्ताए अवक्कमेज्जा ।**

**ભાવાર્થ :–**પ્રશ્ન– હે ભગવન્ ! કૃત મોહનીય કર્મ જ્યારે ઉદયમાં આવે છે ત્યારે શું જીવનું અપક્રમણ– પતન થાય છે ? અર્થાત્ ઉત્તમ ગુણસ્થાનની હીન ગુણસ્થાનમાં જાય છે ?

ઉત્તર– હા ગૌતમ, અપક્રમણ કરે છે.

પ્રશ્ન– હે ભગવન્ ! મોહનીય કર્મના ઉદયે તે બાલવીર્યથી પંડિતવીર્યથી કે બાલપંડિતવીર્યથી અપક્રમણ કરે છે ?

ઉત્તર– હે ગૌતમ ! તે મોહનીય કર્મના ઉદયે બાલવીર્યથી અપક્રમણ કરે છે. પંડિત વીર્યથી અપક્રમણ કરતો નથી. કદાચિત્ બાલપંડિત વીર્યથી અપક્રમણ કરે છે.

**४ जहा उदिण्णेणं दो आलावगा तहा उवसंतेण वि दो आलावगा भाणियव्वा; णवरं–उवट्ठाएज्जा पंडियवीरियत्ताए, अवक्कमेज्जा, बालपंडियवीरियत्ताए ।**

**ભાવાર્થ :–**જેમ ઉદીર્ણ પદ સાથે બે આલાપક કહ્યા તે જ રીતે 'ઉપશાંત' પદની સાથે પણ બે આલાપક કહેવા જોઈએ. વિશેષતા એ છે કે જીવ મોહનીય કર્મના ઉપશાંત થવા પર પંડિતવીર્યથી ઉપસ્થાન(ઉત્થાન) કરે છે અને બાલ પંડિત વીર્યથી અપક્રમણ કરે છે.

**५ से भंते ! किं आयाए अवक्कमइ, अणायाए अवक्कमइ ? गोयमा ! आयाए अवक्कमइ, णो अणायाए अवक्कमइ ।**

**ભાવાર્થ :–**પ્રશ્ન– હે ભગવન્ ! શું જીવ આત્માથી (સ્વતઃ) અપક્રમણ કરે છે કે અનાત્માથી (પરતઃ) અપક્રમણ કરે છે ?

ઉત્તર– હે ગૌતમ ! તે આત્માથી અપક્રમણ કરે છે, અનાત્માથી નહિ.

**६ मोहणिज्जं कम्मं वेएमाणे से कहमेयं भंते ! एवं ?**

**गोयमा ! पुव्विं से एयं एवं रोयइ, इयाणिं से एयं एवं णो रोयइ; एवं खलु एयं एवं ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! મોહનીય કર્મનું વેદન કરતો જીવ આ પ્રકારે અપક્રમણ શા માટે કરે છે?

ઉત્તર– હે ગૌતમ ! પહેલા તેને આ પ્રકારે [જિન–કથિન તત્ત્વ પર] રુચિ હતી, હવે પછી (મોહકર્મના ઉદયે) તે પ્રકારની રુચિ રહેતી નથી. તેથી તે અપક્રમણ કરે છે.

## વિવેચન :–

આ સૂત્રોમાં મોહનીય કર્મના ઉદયમાં અને મોહનીય કર્મની ઉપશમ–ઉપશાંત દશામાં જીવનું ઉપસ્થાન અને અવક્રમણ કેવી રીતે થાય છે તે દર્શાવ્યું છે.

**ઉપસ્થાનનો અર્થ :–** ઉપસ્થાન એટલે ઉપર ઊઠવું, ઉપરના સ્થાન પ્રાપ્ત કરવા. મિથ્યાત્વ મોહનીયના ઉદયમાં જીવ આધ્યાત્મિક ક્ષેત્રે પ્રગતિ કરી શકતો નથી. મિથ્યાત્વના ઉદયમાં ઉપર ઊઠવાપણું શક્ય જ નથી. મિથ્યાત્વી જીવ આત્મિક વિકાસ ભલે ન કરી શકે પરંતુ ભૌતિક રીતે, પુણ્ય યોગે દેવલોક વગેરેના સુખ મેળવવા રૂપ વિકાસ સાધી શકે છે. પરલોકમાં નવગ્રૈવેયક પર્યંતની વૈમાનિક દેવ ગતિની પણ પ્રાપ્તિ કરી શકે છે. તેથી અહીં ઉપસ્થાન શબ્દથી પરલોક સંબંધી ક્રિયા–મૃત્યુ સમયની ક્રિયા તેવો અર્થ ગ્રહણ કરવામાં આવે છે અર્થાત્ પરલોકમાં દેવાદિગતિ પ્રાપ્ત કરવા યોગ્ય અનુષ્ઠાન, સંયમક્રિયા કે બાલતપ વગેરે ઉપસ્થાન શબ્દથી સૂચિત છે.

**અપક્રમણનો અર્થ :–** અપક્રમણ એટલે નીચે ઊતરવું. ઉત્તમ ગુણસ્થાનથી હીનતૂર ગુણસ્થાને આવવું. ચારિત્રની પ્રધાનતાની અપેક્ષાએ છઠ્ઠું અને છઠ્ઠાથી ઉપરના ગુણસ્થાન ઉત્તમ કહેવાય છે અને પ્રથમ ગુણસ્થાનક હીનતર કહેવાય છે. અવક્રમણ શબ્દ ઉપસ્થાનથી વિરોધી ધરાવે છે.

જીવ આ ઉપસ્થાન–ઉર્ધ્વગમન ક્રિયા અને અપક્રમણ–પતનકારક ક્રિયા, પોતાના વીર્ય–શક્તિ દ્વારા કરે છે. તે ક્રિયાનો કર્તા જીવ છે અને જે વીર્ય દ્વારા ક્રિયા કરે છે, તે વીર્યના ત્રણ પ્રકાર છે.

**ત્રિવિધ વીર્ય :– (૧) બાલવીર્ય–** મિથ્યાત્વ મોહનીય અને અનંતાનુબંધીના ઉદયવર્તી અથવા અપ્રત્યાખ્યાનાવરણીય કષાય ચારિત્ર મોહનીયના ઉદયવર્તી જીવોનું અર્થાત્ એકથી ચાર ગુણસ્થાનવર્તી મિથ્યાત્વી, અવિરત સમ્યગ્દૃષ્ટિ જીવોનું વીર્ય, બાલવીર્ય કહેવાય છે. **(૨) પંડિતવીર્ય–** ૬ થી ૧૪ ગુણસ્થાન– વાળા સર્વવિરતિ સાધુનું વીર્ય પંડિતવીર્ય કહેવાય છે. **(૩) બાલ–પંડિતવીર્ય–** પ્રત્યાખ્યાનાવરણીય કષાય ચરિત્ર મોહનીયના ઉદયવર્તી જીવ અર્થાત્ પાંચમાં ગુણસ્થાનવર્તી શ્રાવકોનું વીર્ય, બાલપંડિતવીર્ય કહેવાય છે.

**મોહનીય કર્મના ઉદયમાં ઉપસ્થાન ક્રિયા સંબંધી વીર્ય :–** મિથ્યાત્વ મોહનીય કર્મના ઉદયમાં ઉપસ્થાન બાલવીર્યથી થાય છે. મિથ્યાત્વ મોહનીયના ઉદયવાળા જીવોને એક બાલવીર્ય હોય છે તેથી ઉપસ્થાન પણ એક બાલવીર્યથી થાય છે અર્થાત્ તે જીવ, પરલોક પ્રાપ્ત થાય તેવો પુણ્ય બંધ કરાવતા અનુષ્ઠાનો બાલવીર્ય દ્વારા કરે છે.

**મોહનીયકર્મ દ્વારા ગ્રહણ થતી વિવિધ પ્રકૃતિઓ :–** મોહનીય કર્મની મુખ્ય બે પ્રકૃતિઓ, દર્શન મોહનીય અને ચારિત્ર મોહનીય છે અને તે બંનેની ઉત્તર પ્રકૃતિઓ ૨૮ છે. મોહનીય કર્મ શબ્દ દ્વારા આ સર્વ પ્રકૃતિનું ગ્રહણ થઈ જાય પરંતુ પ્રસંગાનુસાર આ સૂત્રોમાં 'મોહનીય કર્મ' શબ્દથી ક્યાંક મિથ્યાત્વ મોહનીય, ક્યાંક ચારિત્ર મોહનીય અને ક્યાંક સંપૂર્ણ મોહનીય કર્મનું ગ્રહણ કરવું અપેક્ષિત છે. જેમ કે સૂત્રકારે મોહનીય કર્મના ઉદયમાં બાલવીર્યથી ઉપસ્થાન કહ્યું છે. મિથ્યાત્વ મોહનીયના ઉદયમાં જીવને બાલવીર્ય હોય છે પરંતુ ચારિત્ર મોહનીયની પ્રત્યાખ્યાનાવરણ વગેરે પ્રકૃતિના ઉદયમાં બાલવીર્ય નથી. તેથી જ્યાં બાલવીર્યથી ઉત્થાન કહ્યું છે ત્યાં મોહનીય કર્મ શબ્દથી મિથ્યાત્વ મોહનીય અર્થ ગ્રહણ કરવો આવશ્યક છે.

**મોહનીયના ઉદયમાં અવક્રમણ ક્રિયા :–** મોહનીય કર્મના ઉદયમાં પંડિતવીર્યવાળા શ્રમણનું બાલવીર્યથી અને બાલપંડિતવીર્યથી અવક્રમણ થાય છે.

છટ્ઠા ગુણસ્થાનવર્તી જીવને જે સમયે મિથ્યાત્વ મોહનીયનો ઉદય થાય તે સમયે તેનું વીર્ય બાલવીર્ય થઈ જાય અને તે જ સમયે જીવ પ્રથમ ગુણસ્થાનને પ્રાપ્ત થાય. તેથી આ અપક્રમણ **चलमाणे चलिए** ના સિદ્ધાંતાનુસાર બાલવીર્યથી થયું કહેવાય.

છટ્ઠા ગુણસ્થાનવર્તી જીવને જે સમયે પ્રત્યાખ્યાનાવરણીય કષાય ચારિત્ર મોહનો ઉદય થાય તે સમયે તેનું પંડિતવીર્ય બાલપંડિતવીર્ય બની જાય અને જીવ પાંચમા ગુણસ્થાનને પ્રાપ્ત થાય. તેથી આ અવક્રમણ બાલપંડિત વીર્યથી થયું કહેવાય છે.

જીવ છટ્ઠા ગુણસ્થાનેથી પ્રથમ ગુણસ્થાને આવે કે પાંચમે આવે, આ બંને અવક્રમણ છે. છટ્ઠા ગુણસ્થાને પંડિતવીર્ય છે. છટ્ઠેથી પ્રથમ ગુણસ્થાને આવે ત્યારે બાલવીર્ય કહેવાય અને તે જ સમયમાં અવક્રમણ કથાય. ક્રિયા, કાળ અને નિષ્ઠાકાલ બંને એક સમયમાં હોય છે. તેથી બાલવીર્યથી જ અવક્રમણ કહેવાય. બાલપંડિત વીર્યથી અવક્રમણમાં પણ તેમજ સમજવું.

વૃત્તિકારે આ પ્રમાણે પાઠાંતર દર્શાવ્યું છે– **बालवीरियत्ताए णो पंडियवीरियत्ताए, णो बालपंडिय वीरियत्ताए** અર્થાત્ મોહનીયના ઉદયમાં અવક્રમણ બાલવીર્યથી થાય છે, પંડિતવીર્ય અને બાલપંડિત–વીર્યથી થતું નથી. આ પાઠમાં મોહનીય કર્મના ઉદયમાં મિથ્યાત્વ મોહનીયને જ ગ્રહણ કર્યું છે, ચારિત્ર મોહનીયને નહીં.

**મોહનીયકર્મની ઉપશમ દશામાં ઉપસ્થાન :–** મોહનીય કર્મને ઉદયમાં ન આવવા દેવું, તેના ઉદયને અટકાવી દેવો તે ઉપશમ કહેવાય છે. સંપૂર્ણ મોહનીય કર્મની ઉપશમ દશામાં પંડિત વીર્ય જ હોય છે. અગિયારમા ગુણસ્થાન કે મોહનીયકર્મ સંપૂર્ણરૂપે ઉપશાંત હોય છે. આ ગુણસ્થાને જો આયુષ્ય પૂર્ણ થાય તો પરલોકમાં જવા રૂપ ઉપસ્થાન થાય છે. આ ઉપસ્થાન પંડિતવીર્યથી જ થયું કહેવાય.

**મોહનીય કર્મની ઉપશમ દશામાં અવક્રમણ :–** મોહનીય કર્મની ઉપશમ દશામાં અવક્રમણ બાલ પંડિતવીર્યથી જ થાય છે.

છઠ્ઠા ગુણસ્થાનથી અગિયારમા ગુણસ્થાન સુધી સંયમની અવસ્થાઓ છે, તે અવસ્થામાં રહેવાને અહીં અપક્રમણ કહ્યું નથી. કારણ કે સર્વ ગુણસ્થાનોમાં પંડિતવીર્ય છે અને પંડિત વીર્યથી અપક્રમણ થતું નથી. તેથી સૂત્રમાં મોહકર્મની ઉપશમ અવસ્થામાં અર્થાત્ અપ્રત્યાખ્યાનાવરણીય કર્મની ઉપશાંત અવસ્થાની બાલ પંડિતવીર્યથી અપક્રમણ કહ્યું છે, તે પાંચમા ગુણસ્થાનની અપેક્ષાએ અપક્રમણ છે.

**પ્રસ્તુત સૂત્રોનો તાત્પર્યાર્થ :–** સૂત્ર ન. ૨–૩–૪ નો સંક્ષિપ્ત આશય આ પ્રમાણે છે.

(૧) મિથ્યાત્વ મોહનીયના ઉદયમાં બાલવીર્યથી ઉપસ્થાન (૨) મિથ્યાત્વ મોહનીયના ઉદયમાં બાલવીર્યથી કે બાલવીર્ય રૂપે અપક્રમણ, પ્રત્યાખ્યાનાવરણીય ચારિત્ર મોહના ઉદયમાં બાલપંડિત વીર્યથી કે બાલપંડિતવીર્ય રૂપે અપક્રમણ (૩) મોહનીય કર્મની ઉપશમ દશામાં પંડિતવીર્યથી ઉપસ્થાન (૪) અપ્રત્યાખ્યાનાવરણીય કષાય ચારિત્ર મોહનીયની ઉપશમદશામાં બાલપંડિતવીર્યથી કે બાલપંડિતવીર્ય રૂપે અપક્રમણ થાય છે.

**आयाए :–** આ અપક્રમણ પણ સ્વયં આત્મા દ્વારા જ થાય છે. અન્ય દ્વારા નહિ. અપક્રમણ થયા પહેલાં આ જીવને જીવાદિ નવ તત્ત્વો પર શ્રદ્ધા હતી. "ધર્મનું મૂલ અહિંસા છે, જિન–કથિત વચન સર્વથા સત્ય છે," આ પ્રકારે ધર્મ પ્રતિ તેને રુચિ હતી પરંતુ મિથ્યાત્વમોહનીય કર્મના ઉદયને વશ થતાં તેની શ્રદ્ધા વિપરીત થાય છે અને પૂર્વે રુચિકર લાગતી બાબતો હવે અરુચિકર લાગે છે તેથી તે સમ્યગ્દૃષ્ટિ મટીને મિથ્યાત્વી થાય છે.

સારાંશ એ છે કે મિથ્યાત્વ મોહનીય કર્મનો ઉદય તે જીવની અરુચિ અને અશ્રદ્ધાનું કારણ બને છે. તેથી જીનું અપક્રમણ આત્મતઃ = સ્વતઃ (સ્વયંથી) થાય છે.

## કર્મ ક્ષયથી જ મોક્ષ :–

**૭ से णूणं भंते ! णेरइयस्स वा तिरिक्खजोणियस्स वा मणूसस्स वा देवस्स वा जे कडे पावे कम्मे, णत्थि तस्स अवेयइत्ता मोक्खो ?**

**हंता, गोयमा ! णेरइयस्स वा, तिरिक्ख-मणुदेवस्स वा जे कडे पावे कम्मे, णत्थि तस्स अवेइयत्ता मोक्खो ।**

**से केणट्ठेणं भंते ! एवं वुच्चइ णेरइयस्स वा *जाव* मोक्खो ?**

**एवं खलु मए गोयमा ! दुविहे कम्मे पण्णत्ते, तं जहा– पएसकम्मे य अणुभागकम्मे य, तत्थ णं जं तं पएसकम्मं तं णियमा वेएइ, तत्थ णं जं तं अणुभागकम्मं तं अत्थेगइयं वेएइ, अत्थेगइयं णो वेएइ ।**

**णायमेयं अरहया, सुयमेयं अरहया, विण्णायमेयं अरहया– इमं कम्मं**

**अयं जीवे अब्भोवगमियाए वेयणाए वेदेस्सइ, इमं कम्मं अयं जीवे उवक्कमियाए वेयणाए वेइस्सइ । अहाकम्मं, अहाणिगरणं जहा जहा तं भगवया दिट्ठं तहा तहा तं विप्परिणमिस्स्ईति । से तेणट्ठेणं गोयमा ! णेरइयस्स वा** *जाव* **मोक्खो ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! શું નારક, તિર્યંચયોનિક, મનુષ્ય અને દેવે જે પાપકર્મ કર્યા છે તેને ભોગવ્યા વિના તેનો મોક્ષ (છુટકારો) થતો નથી ?

ઉત્તર– હા, ગૌતમ ! નારક, તિર્યંત યોનિક, મનુષ્ય અને દેવે જે પાપકર્મ કર્યાં છે, તેને ભોગવ્યા વિના મોક્ષ થતો નથી.

પ્રશ્ન– હે ભગવન્ ! તેનું શું કારણ છે કે નારક વગેરેએ જે પાપકર્મ કર્યા છે, તે ભોગવ્યા વિના મોક્ષ થતો નથી ?

ઉત્તર– હે ગૌતમ ! મેં બે પ્રકારના કર્મ કહ્યાં છે અર્થાત્ કર્મના બે પ્રકાર છે– પ્રદેશકર્મ અને અનુભાગકર્મ. તેમાંથી જે પ્રદેશકર્મ છે તે નિયમા ભોગવાય છે અને જે અનુભાગ કર્મ છે તેમાંથી કેટલાક કર્મનું વેદન થાય છે, કેટલાકનું વેદન થતું નથી.

હે ગૌતમ ! તે વિષય અરિહંતોને જ્ઞાત હોય છે, સ્મૃત હોય છે અને વિજ્ઞાત હોય છે કે આ જીવ આ કર્મને આભ્યુપગમિક વેદનાથી ભોગવશે, આ જીવ આ કર્મને ઔપક્રમિક વેદનાથી ભોગવશે.

જીવે બાંધેલા કર્માનુસાર, નિકરણો–દેશકાળની મર્યાદા અનુસાર અને જે જે પ્રકારે સર્વજ્ઞે જોયું છે, તે તે પ્રકારે જ તે કર્મો વિપરિણામ પામશે. તેથી એ પ્રમાણે કહ્યું છે કે નારક વગેરેનો કર્મો ભોગવ્યા વિના મોક્ષ–છૂટકારો નથી.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રોમાં કર્મસિદ્ધાંતના મહત્ત્વના પ્રશ્નોની વિચારણા કરી છે. કર્મના સિદ્ધાંતનો એક સામાન્ય નિયમ છે કે કરેલા કર્મો ભોગવ્યા વિના છુટકારો નથી પરંતુ આ નિયમ સાર્વત્રિક અથવા નિરપેક્ષ હોય તો ધર્મ પુરુષાર્થથી કર્મનો બંધ કરે છે અને પોતાના જ પુરુષાર્થથી મુક્ત પણ થઈ શકે છે. કર્મમાં પરિવર્તન પણ કરી શકે છે.

તેથી જ ઉપરોક્ત સૂત્રમાં જણાવ્યું છે કે કર્મના બે પ્રકાર છે, પ્રદેશ કર્મ અને અનુભાગ કર્મ. પ્રદેશ કર્મ અવશ્ય ભોગવવા જ પડે છે, જ્યારે અનુભાગ કર્મમાં સાધક પોતાના પુરુષાર્થથી પરિવર્તન પણ કરી શકે છે અને તેનો નાશ પણ કરી શકે છે. તેના ત્રણ કારણ છે.

(૧) જે કર્મ મંદ પરિણામથી બાંધ્યા હોય (૨) જે કર્મના ઉદય માટે બાહ્ય–સંયોગ અનુકૂળ ન

હોય યથા– અનુત્તર વિમાનમાં સ્ત્રીવેદ (૩) વિશિષ્ટ તપ– સંયમની સાધનાથી કર્મ નષ્ટ થાય છે. **भवकोडि संचयं कम्मं तवसा णिज्जरिज्जइ ।** આ ત્રણ કારણે જીવ અનુભાગ કર્મોને ભોગવતા નથી અથવા તેમાં પરિવર્તન કરે છે.

**પ્રદેશ કર્મ :–** આત્મપ્રદેશો સાથે એક મેક થયેલો કર્મ પુદ્ગલોનો જથ્થો.

**અનુભાગ કર્મ :–** કર્મોનો અનુભવમાં આવતો તીવ્ર–મંદાદિ રસ, અર્થાત્ સુખ દુઃખ શાતા–અશાતાનું વેદન.

કૃત કર્મમાંથી કેટલાંક કર્મો અનુભાગ પૂર્વક વેદાય છે, કેટલાક અનુભાગપૂર્વક વેદાતા નથી. પ્રદેશ રૂપે તો સર્વ કર્મ વેદાય જ છે. જેમ કે દેવગતિમાં નપુંસક વેદનો અબાધાકાળ પૂર્ણ થતાં તે ઉદયમાં આવે છે પરંતુ તે વિપાકથી ઉદયમાં આવી શકતું નથી, તે કર્મ પ્રદેશોદયથી જ ઉદયમાં આવી આત્માથી છૂટું પડી જાય છે.

અનુભાગ કર્મનું વેદન બે પ્રકારે કરે છે.

**(૧) ઔપક્રમિકી વેદના :–** આબાધાકાલ પૂર્ણ થતાં જે કર્મ સ્વયં ઉદયમાં આવે અથવા ઉદીરણા દ્વારા ઉદયમાં આવે છે. તેનું વેદન અજ્ઞાનપૂર્વક અથવા અનિચ્છાએ થાય છે. તે ઔપક્રમિકી વેદના છે. આ પ્રકારનું વેદન સર્વ જીવોને હોય છે.

**(૨) આભ્યુપગમિકી વેદના :–** સ્વેચ્છાથી જ્ઞાનપૂર્વક કર્મફલને ભોગવવા. યથા– સ્વેચ્છાથી સંયમનો સ્વીકાર કરીને બાવીસ પરીષહોને સહન કરવા, વિવિધ પ્રકારે તપ કરવો, લોચ કરવો ઈત્યાદિ આભ્યુપગમિકી વેદના છે. આ પ્રકારનું વેદન પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્યને જ હોય છે.

**अहानिगरणं** :– નિકરણ એટલે કારણ. કર્મ વિપરિણામ પામે અર્થાત્ કર્મફળ આપે તેના જે દેશ, કાળ વગેરે કારણો છે તે નિકરણ કહેવાય છે. દેશ–કાળ વગેરેની મર્યાદા અનુસાર કર્મ વિપરિણામ પામે છે.

**णायमेयं...सुयमेयं अरहया** :– જીવ કઈ વેદનાથી ક્યું કર્મ વેદશે તે અરિહંતોને જ્ઞાત છે, સ્મૃત છે. અરિહંત ભગવાન સર્વજ્ઞ છે, તેથી લોકાલોકના ભાવો તેને પ્રત્યક્ષ જ છે. તેમને કોઈપણ વિષયમાં સ્મૃતિ કે ચિંતનની આવશ્યકતા નથી. સૂત્રમાં પ્રયુક્ત 'સ્મૃત' પદ ચિંતન અર્થમાં નથી. અરિહંતના જ્ઞાન સાથે સ્મરણનું અવ્યભિચારપણે સાદશ્ય છે, તે દર્શાવવા આ પદ પ્રયુક્ત થયું છે. – *[ભગવતી ટીકાનુવાદ પૃ. ૧૩૬]*

**जहा जहा तं भगवया दिट्ठं** :– દેશ, કાળ આદિ મર્યાદા અનુસાર જે કર્મ. જે રૂપે ભોગવવાનું ભગવાને જાણ્યું હોય તે કર્મ, તે રૂપે પરિણત થાય છે.

આ કથન નિયતિને પણ સ્વીકારે છે. આ રીતે જૈનદર્શનના પ્રત્યેક સિદ્ધાંત અનેકાંતિક સિદ્ધ થાય છે. તેમજ પ્રત્યેક કાર્યની સિદ્ધિ માટે જૈનદર્શન કાળ, સ્વભાવ, નિયતિ, પૂર્વકૃત કર્મ અને પુરુષાર્થ પાંચ સમવાયનો સ્વીકાર કરે છે. કર્મમાં થનારું પરિવર્તન કે ક્ષય વગેરે નિયત છે. તેમ છતાં પરિવર્તન કે નાશ

કરવો તે નિયતિને આધીન નથી, તે પુરુષાર્થને આધીન છે. આ રીતે આ સૂત્રમાં પુરુષાર્થ અને નિયતિનો સમન્વય છે અર્થાત્ પુરુષાર્થથી કેટલાક કર્મમાં પરિવર્તન થાય છે અને તે પરિવર્તન અને પુરુષાર્થ સર્વજ્ઞના જ્ઞાનમાં જણાય છે.

## પુદ્ગલસ્કંધ અને જીવની ત્રૈકાલિક શાશ્વતતા :–

**૮ एस णं भंते ! पोग्गले अतीतं अणंतं, सासयं समयं भुवीति वत्तव्वं सिया ?**

**हंता गोयमा ! एस णं पोग्गले अतीतं अणंतं सासयं समयं भुवीति वत्तव्वं सिया ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! શું આ પુદ્ગલ–પરમાણુ અનંત, અતીત શાશ્વતકાલમાં હતા. તે પ્રમાણે કહી શકાય ?

ઉત્તર– હા, ગૌતમ ! આ પુદ્ગલ–પરમાણુ, અનંત, અતીત શાશ્વતકાલમાં હતા તે પ્રમાણે કહી શકાય.

**૯ एस णं भंते ! पोग्गले पडुप्पणं सासयं समयं भवईति वत्तव्वं सिया?**

**हंता गोयमा ! तं चेव उच्चारेयव्वं ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! શું આ પુદ્ગલ–પરમાણુ વર્તમાન કાલમાં શાશ્વત છે તે પ્રમાણે કહી શકાય ?

ઉત્તર– હા, ગૌતમ ! એ પ્રમાણે કહી શકાય.

**૧૦ एस णं भंते ! पोग्गले अणागयं अणंतं सासयं समयं भविस्सईति वत्तव्वं सिया ? हंता गोयमा ! तं चेव उच्चारेयव्वं । एवं खंधेण वि तिण्णि आलावगा। एव जीवेण वि तिण्णि आलावगा भाणियव्वा ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! શું આ પુદ્ગલ–પરમાણુ અનંત, ભવિષ્યકાલમાં શાશ્વત રહેશે, તે પ્રમાણે કહી શકાય ?

ઉત્તર– હા, ગૌતમ ! એ પ્રમાણે કહી શકાય.

આ જ પ્રમાણે સ્કંધની સાથે પણ ત્રિકાલ સંબંધી ત્રણ આલાપકનું કથન કરવું જોઈએ.

આ જ પ્રમાણે જીવની સાથે પણ ત્રણ આલાપકનું કથન કરવું જોઈએ.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રોમાં પુદ્ગલ અને જીવની ત્રૈકાલિકતાનું પ્રતિપાદન કર્યું છે. સૂત્રમાં પ્રયુક્ત **'पोग्गले'** શબ્દ પરમાણુ પુદ્ગલ માટે પ્રયુક્ત છે કારણ કે સૂત્રકારે સ્કંધ વિષયક પ્રશ્ન પાછળથી કર્યો છે. આ ત્રૈકાલિકતા અનંત અતીત અને અનંત અનાગતકાલ સાથે સંબંધિત છે, 'તે પ્રાતઃકાલે હતો. મધ્યાહ્ને છે અને સાંજે હશે.' આ પણ ત્રૈકાલિકતા છે. પરંતુ અહીં તે વિવક્ષિત નથી. તેથી અહીં અતીત અને અનાગતકાલ સાથે અનંત શબ્દનો પ્રયોગ છે. દ્રવ્ય ત્રૈકાલિક શાશ્વત છે. તેની પર્યાય અલ્પકાલિક અથવા દીર્ઘકાલિક પણ પ્રતીત થઈ શકે છે પરંતુ અનંતકાલિક નથી. તેથી જ દ્રવ્ય નિરપેક્ષ સત્ય છે અને પર્યાય સાપેક્ષ સત્ય છે. સત્–સત્ય તે જ છે, જે ત્રૈકાલિક શાશ્વત છે.

અસ્તિકાય પ્રકરણમાં પાંચે અસ્તિકાયની ત્રૈકાલિકનું નિરૂપણ છે. પ્રસ્તુત સૂત્રમાં કેવળ જીવ અને પુદ્ગલ દ્રવ્યની ત્રૈકાલિકતાનું કથન છે. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય તે ત્રણે દ્રવ્યો સત્ છે. પરંતુ જીવ અને પુદ્ગલ દ્રવ્યોનો સૃષ્ટિગત પરિવર્તન સાથે સીધો સંબંધ છે. આ બે દ્રવ્ય સૃષ્ટિના મૂળ ઘટક મનાય છે. તેથી પ્રસ્તુતમાં બે દ્રવ્યનું કથન છે.

અથવા જીવ અને પુદ્ગલ આ બે જ દ્રવ્યને માનવાની કોઈ પ્રાચીન પરંપરા વિશેષ પ્રચલિત હશે તેથી પ્રસ્તુતમાં બે દ્રવ્યનું કથન કર્યું હોય તે પણ સંભવિત છે.

**વર્તમાનકાલ શાશ્વત :–** વર્તમાનકાલ પ્રતિક્ષણ ભૂતકાલમાં અને ભવિષ્યકાલ પ્રતિક્ષણ વર્તમાનમાં પરિણત થઈ રહ્યો છે તેમ છતાં સામાન્યરૂપે, એક સમયરૂપે વર્તમાનકાલ સદૈવ વિદ્યમાન છે. તેથી તેને શાશ્વત કહ્યો છે.

## છદ્મસ્થ મનુષ્યની મુક્તિ–નિષેધ :–

**११ छउमत्थे णं भंते ! मणुस्से अतीतं अणंतं सासयं समयं केवलेणं संजमेणं, केवलेणं संवरेणं, केवलेणं बंभचेरवासेणं, केवलाहिं पवयणमाईहिं सिज्झिंसु बुज्झिंसु** *जाव* **सव्वदुक्खाणं अंतं करिंसु ? गोयमा ! णो इणट्ठे समट्ठे ।**

**से केणट्ठेणं भंते ! एवं वुच्चइ तं चेव** *जाव* **अंतं करेंसु ?**

**गोयमा! जे केइ अंतकरा अंतिमसरीरिया वा सव्वदुक्खाणं अंतं करेंसु वा, करेंति वा, करिस्संति वा सव्वे ते उप्पण्णणाण–दंसणधरा, अरहा, जिणा, केवली, भवित्ता, तओ पच्छा सिज्झंति, बुज्झंति, मुच्चंति, परिणिव्वायंति, सव्वदुक्खाणं अंतं करेंसु वा, करेंति वा, करिस्संति वा; से तेणट्ठेणं गोयमा !** *जाव* **सव्वदुक्खाणं अंतं करेंसु ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! શું અનંત અતીત, શાશ્વતકાલમાં છદ્મસ્થ મનુષ્યે કેવળ સંયમથી, કેવળ સંવરથી, કેવળ બ્રહ્મચર્યવાસથી અને કેવળ [અષ્ટ] પ્રવચન માતાના પાલનથી સિદ્ધ, બુદ્ધ, મુક્ત, પરિનિવૃત્ત થઈ સમસ્ત દુઃખોનો અંત કર્યો છે ?

ઉત્તર– હે ગૌતમ ! તે અર્થ સમર્થ નથી.

પ્રશ્ન– હે ભગવન્ ! તેનું શું કારણ છે કે પૂર્વોક્ત છદ્મસ્થ મનુષ્યોએ સમસ્ત દુઃખોનો અંત કર્યો નથી ?

ઉત્તર– હે ગૌતમ ! જે કોઈ મનુષ્યો કર્મોનો અંત કરનારા, ચરમશરીરી થયા છે અથવા સમસ્ત દુઃખોનો અંત કર્યો છે, અંત કરે છે કે અંત કરશે; તે સર્વ ઉત્પન્ન જ્ઞાનદર્શનધારી [કેવલજ્ઞાની–કેવલદર્શની], અર્હત્, જિન અને કેવલી થઈને પશ્ચાત્ સિદ્ધ થયા છે, બુદ્ધ થયા છે, મુક્ત થયા છે, પરિનિર્વાણને પ્રાપ્ત થાય છે અને તેઓએ સમસ્ત દુઃખોનો અંત કર્યો હતો, કરે છે અને કરશે. હે ગૌતમ ! તેથી આ પ્રમાણે કહ્યું છે કે કેવળી ભગવાન જ સમસ્ત દુઃખોનો અંત કરે છે.

**१२ पडुप्पण्णे वि एवं चेव, णवरं सिज्झंति भाणियव्वं । अणागए वि एवं चेव, णवरं सिज्झिस्संति भाणियव्वं ।**

**जहा छउमत्थो तहा आहोहिओ वि, तहा परमोहिओ वि; तिण्णि तिण्णि आलावगा भाणियव्वा ।**

**ભાવાર્થ :–** વર્તમાનકાલ પણ આ જ પ્રમાણે જાણવું જોઈએ. વિશેષતા એ છે કે 'સિદ્ધ થાય છે' તેમ કથન કરવું.

ભવિષ્યકાલમાં પણ આ જ પ્રમાણે જાણવું જોઈએ. વિશેષતા એ છે કે 'સિદ્ધ થશે' તેમ કથન કરવું.

જે પ્રમાણે છદ્મસ્થના વિષયમાં કથન કર્યું તે જ પ્રમાણે આધોવધિક, પરમાવધિના વિષયમાં પણ જાણવું જોઈએ. તેમાં પણ ત્રણ ત્રણ આલાપકનું કથન કરવું જોઈએ.

## કેવલીની મુક્તિ :–

**१३ केवली णं भंते ! मणुसे अतीतं, अणंतं, सासयं समयं *जाव* अंतं करेंसु ?**

**हंता, सिज्झिंसु *जाव* अंतं करेंसु, एते तिण्णि आलावगा भाणियव्वा जहा छउमत्थस्स, णवरं– सिज्झिंसु सिज्झंति सिज्झिस्संति ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! અતીત, અનંત, શાશ્વતકાલમાં કેવલી મનુષ્યે સમસ્ત દુઃખનો અંત કર્યો છે ?

ઉત્તર– હા, ગૌતમ ! તે સિદ્ધ થયા, બુદ્ધ થયા, મુક્ત થયા છે, સમસ્ત દુઃખોનો અંત કર્યો છે. છદ્મસ્થની જેમ અહીં પણ ત્રિકાલ સંબંધી ત્રણ આલાપકનું કથન કરવું જોઈએ. વિશેષતા એ કે તે સિદ્ધ થયા છે, થાય છે અને થશે એમ કહેવું.

**૧૪ से णूणं भंते ! अतीतं अणंतं सासयं समयं; पडुप्पण्णं वा सासयं समयं; अणागयं अणंतं वा सासयं समयं जे केइ अंतकरा वा, अंतिमसरीरिया वा, सव्वदुक्खाणं अंतं करेंसु वा, करेंति वा, करिस्संति वा; सव्वे ते उप्पण्णणाण- दंसणधरा अरहा जिणा केवली भवित्ता तओ पच्छा सिज्झंति** *जाव* **अंतं करिस्संति वा ?**

**हंता गोयमा ! अतीतं अणंतं सासयं** *जाव* **अंतं करिस्संति वा ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! અનંત શાશ્વત અતીતકાળમાં, શાશ્વત વર્તમાનકાલમાં અને અનંત શાશ્વત ભવિષ્યકાલમાં જે અંતકરોએ અથવા ચરમ શરીરી પુરુષોએ સમસ્ત દુઃખોનો અંત કર્યો છે, કરે છે, અથવા કરશે, શું તે સર્વ ઉત્પન્ન જ્ઞાન–દર્શનધારી, અર્હત્, જિન અને કેવલી થઈને તત્ પશ્ચાત્ સિદ્ધ, બુદ્ધ, મુક્ત થયા છે, ત્યાંથી સમસ્ત દુઃખોનો અંત કરશે ? ત્યાં સુધીના પ્રશ્ન કરવા જોઈએ.

ઉત્તર– હા, ગૌતમ ! અનંત અતીત, શાશ્વતકાલમાં તે સર્વ દુઃખોનો અંત કરશે.

**૧૫ से णूणं भंते ! उप्पण्णणाण–दंसणधरे अरहा जिणे केवली अलमत्थु त्ति वत्तव्वं सिया ?**

**हंता गोयमा ! उप्पण्णणाण–दंसणधरे अरहा जिणे केवली अलमत्थु त्ति वत्तव्वं सिया ॥ सेवं भंते ! सेवं भंते ॥**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! તે ઉત્પન્ન જ્ઞાન–દર્શનધારી, અર્હત્, જિન અને કેવલી 'અલમસ્તુ' અર્થાત્ પૂર્ણ છે, તે પ્રમાણે કહી શકાય ?

ઉત્તર– હા, ગૌતમ ! તે ઉત્પન્ન જ્ઞાન–દર્શનધારી, અર્હત્, જિન અને કેવલી અલમસ્તુ અર્થાત્ પૂર્ણ છે. તે પ્રમાણે કહી શકાય.

હે ભગવન્ ! આ ભાવ આ જ પ્રકારે છે, હે ભગવન્ ! આ ભાવ આ જ પ્રકારે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં મોક્ષગમન માટેની યોગ્યતાની વિચારણા કરી છે. મનુષ્યના બે પ્રકાર છે. છદ્મસ્થ અને કેવળી. છદ્મ–આવરણ. જેને જ્ઞાન પરનું આવરણ વિદ્યમાન છે તેને છદ્મસ્થ કહેવાય છે અને જેને

જ્ઞાન પરનું આવરણ ક્ષીણ થઈ ગયું છે, તેને કેવળી કહે છે. છદ્મસ્થની મુક્તિ થતી નથી. કેવળી જ મુક્ત થઈ શકે છે. આ પ્રભુ મહાવીરનો સિદ્ધાંત છે.

સાંખ્ય દર્શન અને બૌદ્ધ દર્શનમાં મુક્તિને માટે જ્ઞાનની આવશ્યકતાનો કોઈ નિયમ નથી. જેના રાગદ્વેષ, કલેશાદિ અથવા આશ્રવ ક્ષીણ થઈ ગયા હોય, તે વ્યક્તિ કેવળી થયા વિના પણ મુક્ત થઈ શકે છે. આ પ્રકારની દાર્શનિક માન્યતાના સંદર્ભમાં ઉપરોક્ત પ્રશ્ન અને ઉત્તર મહત્ત્વપૂર્ણ છે.

રાગ દ્વેષાદિ આશ્રવનો ક્ષય થવાથી વ્યક્તિ વીતરાગ બની શકે છે, પરંતુ મુક્ત થઈ શકતા નથી, સંયમ, સંવર, બ્રહ્મચર્યવાસ કે અષ્ટ પ્રવચનમાતાની આરાધના તે મોક્ષનું પરંપરાકારણ જરૂર છે. પરંતુ સાક્ષાત્ કારણ નથી. કોઈપણ જીવ કેવળી થયા વિના મુક્ત થઈ શકતા નથી. સામાન્ય જ્ઞાની તો મુક્ત ન થાય પરંતુ પરમાવધિજ્ઞાની પણ મુક્ત થઈ શકતા નથી.

**કેવલ :–** વૃત્તિકારે 'કેવલ' શબ્દના ચાર અર્થ કહ્યા છે. સહાય નિરપેક્ષ, શુદ્ધ, પરિપૂર્ણ અને અસાધારણ. વિશેષાવશ્યક ભાષ્યમાં તેનો 'અનંત' અર્થ પણ કર્યો છે. આ સર્વ અર્થની અપેક્ષાએ કેવલજ્ઞાનનું સ્વરૂપ સમજી શકાય છે.

**કેવળજ્ઞાન :–** (૧) જે જ્ઞાન સહાયનિરપેક્ષ છે અર્થાત્ ઈન્દ્રિય, મન કે અન્ય કોઈપણ પરિસ્થિતિની અપેક્ષા વિના, સ્વયં જ ત્રૈકાલિક ભાવોને જાણે તે કેવળજ્ઞાન. (૨) જે શુદ્ધ છે તે કેવળજ્ઞાન. તેમાં કોઈપણ દોષની સંભાવના નથી. (૩) જે પરિપૂર્ણ છે તે કેવળજ્ઞાન. (૪) જે અસાધારણ છે તે કેવળજ્ઞાન. તેના જેવું અન્ય જ્ઞાન નથી. (૫) જે અનંત છે તે કેવળજ્ઞાન.

**સંયમ :–** ઈન્દ્રિય–નિગ્રહ અથવા ૧૭ પ્રકારનો સંયમ.

**બ્રહ્મચર્યવાસ :–** તેનો એક અર્થ છે ગુરુકુલવાસ અથવા પ્રવ્રજિત જીવનમાં રહેવું. શ્રી ઠાણાંગ સૂત્રના બીજા સ્થાનમાં મુનિ ધર્મના સ્વીકાર પછી બ્રહ્મચર્યવાસનું કથન છે. તેથી તેનો અર્થ મુનિ જીવનની સાધના થયા છે. દશ પ્રકારના યતિધર્મમાં પણ તેનો ઉલ્લેખ છે.

આ સર્વ પ્રકારે વિચારતાં તેનો અર્થ કામભોગથી વિરત થઈને, કામોદ્દીપક વસ્તુઓ તથા દશ્યોનો ત્યાગ કરીને, ગુરુની આજ્ઞાનું પાલન કરવું, તેને બ્રહ્મચર્યવાસ કહે છે. વિશેષમાં બ્રહ્મમાં–આત્મામાં વસવું તે અબ્રહ્મચર્યવાસ. વ્યવહાર ભાષામાં બ્રહ્મચર્યતા પાલન સહન આત્મભાવમાં રમણતા કરવી. તે બ્રહ્મચર્ય વાસ.

**પ્રવચન માતા :–** પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિને અષ્ટ પ્રવચન માતા કહે છે.

**અંતકર :–** જન્મ–મરણની પરંપરાનો અંત કરનાર.

**અંતિમ શરીરી–ચરમ શરીરી :–** જેનું વર્તમાન શરીર જ અંતિમ શરીર છે, વર્તમાન શરીર છોડ્યા પછી

જે બીજું શરીર પ્રાપ્ત કરવાના નથી તે ચરમ શરીરી છે.

**ઉત્પન્ન જ્ઞાનદર્શનધર :–** ઉત્પન્નનો અર્થ ઉત્પન્ન થયેલું–આત્મસમુત્થ. જેણે પોતાના પુરુષાર્થથી કર્મનો ક્ષય કરીને, જ્ઞાન ઉત્પન્ન કર્યું છે, પ્રગટ કર્યું છે તેને ઉત્પન્નજ્ઞાન દર્શનધર કહે છે. આ વિશેષણથી 'અનાદિ મુક્તાત્મા' માનનારની માન્યતાનું નિરાકરણ થઈ જાય છે.

**અર્હત્ :–** જે ઈન્દ્રાદિ દેવો દ્વારા પૂજનીય છે.

**જિન :–** રાગ દ્વેષાદિ વિકારો પણ જેણે વિજય પ્રાપ્ત કર્યો છે, તેને જિન કહે છે. ઠાણાંગ સૂત્રમાં અવધિજ્ઞાની મનઃપર્યવજ્ઞાની અને કેવળજ્ઞાની ત્રણને જિન કહ્યા છે. તેમાંથી પ્રથમ બે પ્રકારના જિનનો અહીં વ્યવચ્છેદ કરવા માટે કેવળી શબ્દ પ્રયોગ છે. તેમ જ છદ્મસ્થ મનુષ્યોની જેમ જ અવધિજ્ઞાની વિષયક ભિન્ન પ્રશ્નોત્તર પણ છે. તેથી પ્રસ્તુત પ્રસંગમાં કેવળી જિનનું જ ગ્રહણ કર્યું છે.

**આધોવધિ :–** પરિમિત ક્ષેત્ર વિષયક અવધિજ્ઞાનને અથવા પરમાવધિજ્ઞાનથી ન્યૂન અવધિજ્ઞાનને આધોવધિ કહે છે.

**પરમાવધિ :–** ઉત્કૃષ્ટ અવધિજ્ઞાન, સમસ્ત રૂપી દ્રવ્યોને વિષય કરે છે અને અલોકમાં પણ લોક જેટલા અસંખ્ય ખંડ હોય તો તેને જાણવાની શક્તિ ધરાવે, તે પરમાવધિજ્ઞાન છે. તે જ્ઞાન અપ્રતિપાત છે અર્થાત્ ભવ પર્યંત સાથે જ રહે છે. ધારણા પરંપરાથી અપ્રતિપાતિનો અર્થ એક કરાય છે કે તે પરમાવધિ જ્ઞાનીનો તે જ ભવમાં મોક્ષ નિશ્ચિત છે. પરંતુ પ્રસ્તુત સૂત્રાનુસાર તે કેવળી થઈને જ મોક્ષે જાય છે.

**અલમસ્તુ :–** પૂર્ણ. જેણે પ્રાપ્ત કરવા યોગ્ય સર્વ જ્ઞાનાદિ ગુણ પ્રાપ્ત કરી લીધા હોય, જેને હવે કંઈ જ પ્રાપ્ત કરવાનું શેષ રહ્યું ન હોય તે અલમસ્તુ અર્થાત્ પરિપૂર્ણ કહેવાય છે.

## ॥ શતક–૧/૪ સંપૂર્ણ ॥

# શતક–૧ : ઉદ્દેશક–૫

## સંક્ષિપ્ત સાર

★ આ ઉદ્દેશકમાં ચોવીસ દંડકના જીવોના આવાસ અને ૨૪ દંડકના જીવોમાં ૧૦ દ્વારથી વિચારણા કરી, તેમાં ક્રોધોપયુક્ત આદિ ભંગસંખ્યાનું નિદર્શન છે.

★ **૨૪ દંડકના આવાસ :–** સાત નરકમાં ક્રમથી આ પ્રમાણે નરકાવાસ છે– (૧) ત્રીસ લાખ (૨) પચ્ચીસ લાખ (૩) પંદર લાખ (૪) દસ લાખ (૫) ત્રણ લાખ (૬) એક લાખમાં પાંચ ઓછા (૭) સાતમી નરકમાં પાંચ નરકાવાસ છે.

★ ભવનપતિ દેવોના આવાસ આ પ્રમાણે છે– (૧) દક્ષિણમાં–અસુરકુમાર–૩૪ લાખ, (૨) નાગકુમાર–૪૪ લાખ, (૩) સુવર્ણકુમાર–૩૮ લાખ, (૪) વાયુકુમાર–૫૦ લાખ, શેષ સર્વના ૪૦–૪૦ લાખ ભવનાવાસ છે. (૧) ઉત્તરમાં–અસુરકુમાર–૩૦ લાખ, (૨) નાગકુમાર–૪૦ લાખ, (૩) સુવર્ણકુમાર–૩૪લાખ, (૪) વાયુકુમાર–૪૬ લાખ, શેષ સર્વના ૩૬–૩૬ લાખ ભવનાવાસ છે.

★ પાંચ સ્થાવર, ત્રણ વિકલેન્દ્રિય, તિર્યંચ, મનુષ્યના આવાસ, વ્યંતરના નગરાવાસ અને જ્યોતિષીનાં વિમાનાવાસ અસંખ્ય અસંખ્ય છે. .

★ વૈમાનિક દેવલોકમાં ક્રમથી આ પ્રમાણે વિમાન સંખ્યા છે– (૧) બત્રીસ લાખ (૨) અઠ્યાવીસ લાખ (૩) બાર લાખ (૪) આઠ લાખ (૫) ચાર લાખ (૬) પચાસ હજાર (૭) ચાલીસ હજાર (૮) છ હજાર (૯–૧૦) ચાર સો (૧૧–૧૨) ત્રણસો, નવ ગ્રૈવેયકમાં ત્રણ ત્રિકમાં ક્રમશઃ ૧૧૧, ૧૦૭ અને ૧૦૦ વિમાન છે. પાંચ અનુત્તર વિમાનમાં પાંચ વિમાન છે.

★ ૨૪ દંડકોમાં (૧) સ્થિતિ (૨) અવગાહના (૩) શરીર (૪) સંઘયણ (૫) સંસ્થાન (૬) લેશ્યા (૭) દષ્ટિ (૮) જ્ઞાન (૯) યોગ (૧૦) ઉપયોગ. કેટલા હોય તે જીવાભિગમ સૂત્રની પ્રથમ પ્રતિપત્તિથી જાણવાં.

★ **સ્થિતિ સ્થાન :–** ચોવીસે દંડકમાં અસંખ્ય સ્થિતિ સ્થાન છે અર્થાત્ નારક, દેવમાં ૧૦,૦૦૦ વર્ષ અને એક સમય અધિક દશ હજાર વર્ષ અને બે સમય અધિક તેમ સંખ્યાત–અસંખ્યાત સમય અધિકના સ્થિતિ સ્થાન છે અને ઉત્કૃષ્ટ ૩૩ સાગરોપમ છે. મનુષ્ય, તિર્યંચમાં અંતર્મુહૂર્ત પછી સમયાધિક સર્વ સ્થિતિઓ સમજવી અને ઉત્કૃષ્ટ પોત–પોતાની સ્થિતિ અનુસાર જાણવી.

★ જઘન્ય સ્થિતિના નૈરયિક શાશ્વત મળે છે. એક સમયાધિકથી સંખ્યાત સમયાધિક સુધીના નૈરયિક

ક્યારેક હોય છે, ક્યારેક નથી હોતા અર્થાત્ અશાશ્વત છે. અસંખ્ય સમયાધિકથી ઉત્કૃષ્ટ સ્થિતિ સુધીના નૈરયિક શાશ્વત મળે છે. ચાર કષાય ક્રોધી, માની આદિની અપેક્ષાએ શાશ્વત સ્થિતિ સ્થાનમાં એક ક્રોધ કષાય શાશ્વત અને ત્રણ કષાય અશાશ્વત હોવાથી ૨૭ ભંગ થાય છે અને અશાશ્વત સ્થિતિ સ્થાનમાં ચારે કષાય અશાશ્વત હોવાથી ૮૦ ભંગ બને છે.

★ સાત નરક, ૧૦ ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી, વૈમાનિક, વિકલેન્દ્રિય, તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્ય તે સર્વમાં જઘન્ય સ્થિતિ પછીના સંખ્યાત સમયાધિક સુધીના સ્થિતિ સ્થાન અશાશ્વત છે. તેથી તેમાં ૮૦ ભંગ થાય છે. દેવતામાં ચાર કષાયોના ભંગ નારકીની જેમ છે પરંતુ ભંગ કથન ક્રોધના સ્થાને લોભની પ્રમુખતાથી છે. ઔદારિક દંડકોમાં અશાશ્વત સ્થિતિ સ્થાનોમાં ૮૦ ભંગ અને શેષ બધા સ્થિતિ સ્થાનોમાં અભંગ(એક ભંગ) જ થાય છે.

★ પાંચ સ્થાવરમાં જઘન્યથી ઉત્કૃષ્ટ સુધીના સર્વ સ્થિતિ સ્થાન શાશ્વત છે. તેથી તે ચાર કષાયોની અપેક્ષાએ અભંગ(એક ભંગ) જ છે.

★ મનુષ્યમાં સર્વ જઘન્ય સ્થિતિ સ્થાન પણ અશાશ્વત છે. તેથી તેમાં પણ ૮૦ ભંગ થાય છે.

★ આ રીતે નારક અને દેવોમાં શાશ્વત બોલમાં ૨૭ ભંગ, અશાશ્વત બોલમાં ૮૦ ભંગ થાય છે. ઔદારિકના દશ દંડકમાં શાશ્વત બોલમાં અભંગક અને અશાશ્વત બોલમાં ૮૦ ભંગ થાય છે.

★ **અવગાહના સ્થાન :–** સર્વ દંડકોમાં અસંખ્ય અવગાહના સ્થાન છે. જેમાં જઘન્યથી લઈને સંખ્યાત પ્રદેશાધિક સુધીના અવગાહના સ્થાન અશાશ્વત છે. શેષ અવગાહના સ્થાન શાશ્વત છે. પાંચ સ્થાવરમાં સર્વ અવગાહના સ્થાન શાશ્વત છે.

★ નારકી, દેવતામાં શાશ્વત અવગાહના સ્થાનોમાં ૨૭ ભંગ થાય છે. પાંચ સ્થાવરમાં અવગાહના સ્થાનોમાં (શાશ્વત હોવાના કારણે)અભંગ છે. શેષ ઔદારિક દંડકોમાં અશાશ્વત અવગાહના સ્થાનોમાં ૮૦ ભંગ છે અને શાશ્વત સ્થાનોમાં અભંગ છે.

★ **શરીર :–** ૨૪ દંડકમાં જેને જેટલા શરીર છે તે સર્વ શાશ્વત છે. કેવળ મનુષ્યમાં આહારક શરીર અશાશ્વત છે. નારકી દેવતાના પ્રત્યેક શરીરમાં કષાયના ૨૭ ભંગ હોય છે. ઔદારિક દંડકોમાં પ્રત્યેક શરીરમાં અભંગ(એક ભંગ) જ થાય છે. મનુષ્યના આહારક શરીરમાં ૮૦ ભંગ થાય છે.

★ **સંહનન :–** જે દંડકમાં જેટલા જેટલા સંઘયણ છે તે બધા શાશ્વત છે, તેથી નારકી અને દેવતામાં કષાયની અપેક્ષાએ ૨૭ ભંગ. શેષ સર્વમાં અભંગ થાય છે.

★ **સંસ્થાન :–** જે દંડકમાં જેટલા સંસ્થાન છે તે સર્વ શાશ્વત છે. તેથી નારકી, દેવતામાં કષાયની અપેક્ષાએ ૨૭ ભંગ અને શેષ સર્વમાં અભંગ થાય છે.

★ **લેશ્યા :–** જે દંડકમાં જેટલી લેશ્યા છે, તેનું કથન કરવું. તેમાં પૃથ્વી, પાણી વનસ્પતિમાં તેજોલેશ્યા

અશાશ્વત છે. શેષ બધી લેશ્યાઓ શાશ્વત છે. પૃથ્વી, પાણી વનસ્પતિની અશાશ્વત લેશ્યામાં ૮૦ ભંગ કષાયોના છે. તેના સિવાય વૈક્રિય દંડકોમાં ૨૭ અને ઔદારિક દંડકોમાં અભંગ(એક ભંગ) છે.

★ **દૃષ્ટિ :–** જે દંડકોમાં જેટલી દૃષ્ટિ છે તેનું કથન કરવું. તેમાં મિશ્રદૃષ્ટિ સર્વત્ર(૧૬ દંડકમાં) અશાશ્વત છે અને ત્રણ વિકલેન્દ્રિયમાં સમ્યગ્દૃષ્ટિ અશાશ્વત છે. અશાશ્વતોમાં ૮૦ ભંગ થાય છે. શેષ દૃષ્ટિના વૈક્રિય દંડકમાં ચાર કષાયોનાં ૨૭ ભંગ થાય છે અને ઔદારિક દંડકોમાં અભંગ થાય છે.

★ **જ્ઞાન–અજ્ઞાન :–** જે દંડકમાં જેટલા જ્ઞાન–અજ્ઞાન છે તેમાં વિકલેન્દ્રિયમાં બે જ્ઞાન અશાશ્વત છે. શેષ દંડકોમાં જ્ઞાન અને અજ્ઞાન શાશ્વત છે. મનુષ્યમાં પાંચે ય જ્ઞાન શાશ્વત છે. અશાશ્વત જ્ઞાનમાં ચાર કષાયના ૮૦ ભંગ અને શાશ્વત જ્ઞાનમાં પહેલાની જેમ વૈક્રિય દંડકોમાં ૨૭ ભંગ અને ઔદારિક દંડકોમાં અભંગ છે.

★ **યોગ–ઉપયોગ :–** ત્રણ યોગ અને બે ઉપયોગમાંથી જ્યાં જેટલા છે તે બધા શાશ્વત છે. તેથી વૈક્રિય દંડકોમાં ચાર કષાયના ૨૭ ભંગ અને ઔદારિક દંડકોમાં "અભંગ" છે.

❖❖❖❖❖

# શતક–૧ : ઉદ્દેશક–૫

## આવાસ

**નરકાવાસ સંખ્યા :–**

**१** **कइ णं भंते ! पुढवीओ पण्णत्ताओ ?**

**गोयमा ! सत्त पुढवीओ पण्णत्ताओ, तं जहा– रयणप्पभा** *जाव* **तमतमा ।**

**इमीसे णं भंते ! रयणप्पभाए पुढवीए कइ णिरयावाससयसहस्सा पण्णत्ता?**

**गोयमा ! तीसं णिरयावाससयसहस्सा पण्णत्ता ।**

**तीसा य पण्णवीसा, पण्णरस दसेव य सयसहस्सा ।**
**तिण्णेगं पंचूणं, पंचेव अणुत्तरा णिरया ॥**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! અધોલોકમાં કેટલી પૃથ્વીઓ નરકભૂમિઓ કહી છે ?

ઉત્તર– ગોયમા ! સાત પૃથ્વીઓ છે, તે આ પ્રમાણે છે– રત્નપ્રભાથી તમસ્તમઃપ્રભા પર્યંતની.

પ્રશ્ન– હે ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વીમાં કેટલા લાખ નરકાવાસ [નૈરયિકના આવાસ] કહ્યા છે ?

ઉત્તર– હે ગૌતમ ! આ રત્નપ્રભા પૃથ્વીમાં ત્રીસ લાખ નરકાવાસ કહ્યા છે. સાતે નરકના નરકાવાસોની સંખ્યા ગાથાનુસાર આ પ્રમાણે છે– પ્રથમ નરકમાં ૩૦ લાખ નરકાવાસ, બીજી નરકમાં ૨૫ લાખ, ત્રીજી નરકમાં ૧૫ લાખ, ચોથી નરકમાં ૧૦ લાખ, પાંચમી નરકમાં ૩ લાખ, છઠ્ઠી નરકમાં પાંચ ન્યૂન એક લાખ અને સાતમી નરકમાં પાંચ નરકાવાસ છે. સાતે નરકના કુલ ૮૪ લાખ નરકાવાસ છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં સાત નરકના નામનું કથન છે. વાસ્તવમાં તે સાત તેના ગોત્ર છે પરંતુ નામ રૂપે પ્રયુક્ત થયા છે. સાતે નરકના સૂત્ર કથિત નામ ગુણનિષ્પન્ન છે. જેમ કે– (૧) રત્નપ્રભા પૃથ્વીમાં નરકાવાસોને છોડી સર્વત્ર પ્રાયઃ ઈન્દ્રનીલ વગેરે રત્નની પ્રભા પડે છે. તેથી તેને રત્નપ્રભા કહે છે (૨) શર્કરા–કાંકરાની પ્રધાનતા જ્યાં છે, તેને શર્કરાપ્રભા કહે છે. (૩) વાલુકા–રેતીની પ્રધાનતા જ્યાં છે, તેને વાલુકાપ્રભા કહે છે. (૪) પંક–કીચડની પ્રધાનતા જ્યાં છે, તેને પંકપ્રભા કહે છે. (૫) ધૂમ–ધૂમાડાની

પ્રધાનતા જ્યાં છે, તેને ધૂમપ્રભા કહે છે. (૬) તમઃ–અંધકારની પ્રધાનતા છે, તેને તમઃપ્રભા કહે છે. (૭) તમસ્તમા–અત્યંત ગાઢતમ અંધકાર જ્યાં હોય, તેને તમસ્તમાપ્રભા કહે છે.

નારકોના રહેવાના સ્થાનને નરકાવાસ કહે છે. દરેક નરકના પાથડા–પ્રસ્તરમાં નરકાવાસ હોય છે. તે નરકવાસોની સંખ્યા સૂત્રાનુસાર જાણવી.

## અસુરકુમારોના આવાસ :–

**૨** केवइया णं भंते ! असुरकुमारावाससयसहस्सा पण्णत्ता ? एवं–

चउसट्ठी असुराणं, चउरासीई य होइ णागाणं ।
बावत्तरिं सुवण्णाणं, वाउकुमाराण छण्णउई ॥
दीव-दिसा-उदहीणं, विज्जुकुमारिंद थणियमग्गीणं ।
छण्हं पि जुयलयाणं, छावत्तरिमो सयसहस्सा ॥

**ભાવાર્થ :–** પ્રશ્ન– ભગવન્ ! અસુરકુમારના કેટલા લાખ આવાસો છે ?

ઉત્તર– હે ગૌતમ ! તે આ પ્રમાણે છે– અસુરકુમારના ૬૪ લાખ, નાગકુમારના ૮૪ લાખ, સુવર્ણકુમારના ૭૨ લાખ, વાયુકુમારના ૯૬ લાખ અને દ્વીપકુમારથી સ્તનિત કુમાર સુધી અંતિમ છમાં પ્રત્યેકના ૭૬ લાખ આવાસ છે.

## વિવેચન :–

ભવનપતિના આવાસ પ્રથમ નરકમાં છે. પ્રથમ નરકમાં ૧૩ પાથડાની વચ્ચે ૧૨ આંતરા છે. તેમાં ઉપરના બે આંતરાને છોડીને શેષ દસ આંતરામાં દસ ભવપતિના ભવન છે. ભવનપતિ દેવ મેરુ પર્વતથી દક્ષિણ અને ઉત્તર દિશામાં રહે છે. તેથી તે બંને દિશામાં તેના આવાસ છે. આવાસની સંખ્યા સૂત્રાનુસાર જાણવી. ૭,૭૨,૦૦૦૦૦ (સાત કરોડ બોંતેર લાખ) ભવનપતિના કુલ ભવન છે.

**ભવનપતિ દેવોના આવાસ**

| | કુલઆવાસ | દક્ષિણ દિશામાં | ઉત્તર દિશામાં |
|---|---|---|---|
| અસુરકુમારના | ૬૪ લાખ | ૩૪ લાખ | ૩૦ લાખ |
| નાગકુમારના | ૮૪ લાખ | ૪૪ લાખ | ૪૦ લાખ |
| સુવર્ણકુમારના | ૭૨ લાખ | ૩૮ લાખ | ૩૪ લાખ |
| વાયુકુમારના | ૯૬ લાખ | ૫૦ લાખ | ૪૬ લાખ |
| દ્વીપકુમારથી સ્તનિતકુમાર સુધી પ્રત્યેકના | ૭૬ લાખ | ૪૦ લાખ | ૩૬ લાખ |
| | **૭,૭૨,૦૦,૦૦૦** | | |

## પૃથ્વીકાયથી જ્યોતિષી સુધીના આવાસ :–

**૩** **केवइया णं भंते ! पुढविक्काइयावास सयसहस्सा पण्णत्ता ?**

**गोयमा ! असंखेज्जा पुढविक्काइयावास सयसहस्सा पण्णत्ता जाव असंखिज्जा जोइसियविमाणावास सयसहस्सा पण्णत्ता ।**

**ભાવાર્થ :–**પ્રશ્ન– હે ભગવન્ ! પૃથ્વીકાયિક જીવોના કેટલા લાખ આવાસ કહ્યા છે. ?

ઉત્તર– હે ગૌતમ ! પૃથ્વીકાયિક જીવોના અસંખ્યાત લાખ આવાસ કહ્યા છે. તે જ પ્રમાણે જ્યોતિષી દેવો પર્યંત અસંખ્યાત લાખ વિમાનવાસ કહ્યા છે.

## વિવેચન :–

પૃથ્વીકાય, અપ્કાય, તેજસ્કાય, વાયુકાય, વનસ્પતિકાય, ત્રણ વિકલેન્દ્રિય, તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્યોના અસંખ્યાત લાખ આવાસ છે. **વાણવ્યંતર–** રત્નપ્રભા પૃથ્વીની ઉપરની ૧૦૦૦ યોજનની ભૂમિમાં વાણવ્યંતર દેવો રહે છે. તે મધ્યલોકમાં છે. તેના પણ અસંખ્યાત લાખ આવાસ(નગર) છે. જ્યોતિષી દેવો– સમતલ પૃથ્વીથી ઉપર ૭૮૦ યોજનથી ૯૦૦ યોજન પર્યંત અર્થાત્ ૧૧૦ યોજનમાં જ્યોતિષી દેવોના વિમાનો છે. તે પણ મધ્યલોકમાં છે. તેના પણ અસંખ્યાત લાખ આવાસ (વિમાન) છે.

## વૈમાનિક દેવોની વિમાન સંખ્યા :–

**૪** **सोहम्मे णं भंते ! कप्पे केवइया विमाणावससयहस्सा पण्णत्ता ? एवं–**

**बत्तीसट्ठावीसा, बारस अट्ठ चउरो सयसहस्सा,**
**पण्ण चत्तालीसा, छच्च सहस्सा सहस्सारे ।**

**आणय पाणयकप्पे, चत्तारि समया आरणच्चुए तिण्णि,**
**सत्त विमाणसयाइं, चउसु वि एएसु कप्पेसु ।**

**एक्कारसुत्तरं हेट्ठिमेसु, सत्तुत्तरं सयं च मज्झिमए,**
**सयमेगं उवरिमए, पंचेव अणुत्तरविमाणा ।**

**ભાવાર્થ :–**પ્રશ્ન– હે ભગવન્ ! સૌધર્મ કલ્પમાં કેટલા વિમાનવાસ કહ્યા છે ?

ઉત્તર– હે ગૌતમ !

સૌધર્મકલ્પમાં ૩૨ લાખ, ઈશાનકલ્પમાં ૨૮ લાખ, સનત્કુમારકલ્પમાં ૧૨ લાખ, માહેન્દ્રકલ્પમાં

૮ લાખ, બ્રહ્મલોકકલ્પમાં ૪ લાખ, લાન્તકકલ્પમાં ૫૦ હજાર, મહાશુક્રકલ્પમાં ૪૦ હજાર, સહસ્રાર કલ્પમાં ૬ હજાર, આણત–પ્રાણતકલ્પમાં ૪૦૦, આરણ–અચ્યુતકલ્પમાં ૩૦૦, અધસ્તન ગ્રૈવેયકત્રિકમાં ૧૧૧, મધ્યમ ગ્રૈવેયકત્રિકમાં ૧૦૭, ઉપરિસ્તન ગ્રૈવેયકત્રિકમાં ૧૦૦, અણુત્તર વિમાનમાં ૫, સર્વ મળીને કુલ ૮૪,૯૭,૦૨૩ (ચોર્યાસી લાખ, સત્તાણુ હજાર, ત્રેવીસ) વૈમાનિક દેવોના વિમાનાવાસ છે.

**વિવેચન :–**

ઉધ્વ લોકમાં બાર દેવલોક, નવ ગ્રૈવેયક, પાંચ અનુત્તર વિમાન છે. તેમાં એક એક દેવલોકના વિમાનની સંખ્યા સૂત્રપાઠથી સ્પષ્ટ છે. તેમાં વૈમાનિક જાતિના દેવો રહે છે.

**ચોવીસ દંડક પર દસ દ્વાર :–**

**૫ पुढवी ट्ठिइ ओगाहण, सरीर संघयणमेव संठाणे ।**
**लेस्सा दिट्ठी णाणे, जोगुवओगे य दस ट्ठाणा ।**

**ભાવાર્થ :–** પૃથ્વી[નરકભૂમિ] આદિ આવાસોમાં સ્થિત જીવોની (૧) સ્થિતિ (૨) અવગાહના (૩) શરીર (૪) સંહનન (૫) સંસ્થાન (૬) લેશ્યા (૭) દષ્ટિ (૮) જ્ઞાન (૯) યોગ (૧૦) ઉપયોગ. આ દશ સ્થાનો પર વિચારણા કરી છે.

**રત્નપ્રભા નરકમાં સ્થિતિ દ્વાર અને ભંગ સંખ્યા :–**

**૬ इमीसे णं भंते ! रयणप्पभाए पुढवीए तीसाए णिरयावाससयसहस्सेसु एगमेगंसि णिरयावासंसि णेरइयाणं केवइया ठिइट्ठाणा पण्णत्ता ?**

**गोयमा! असंखेज्जा ठिइट्ठाणा पण्णत्ता, तं जहा– जहण्णिया ठिई, समयाहिया जहण्णिया ठिई, दुसमयाहिया** *जाव* **असंखेज्जसमयाहिया जहण्णिया ठिई । तप्पाउग्गुक्कोसिया ठिई ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વીના ત્રીસ લાખ નરકાવાસોમાં એક એક નરકાવાસમાં રહેતા નારક જીવોના કેટલા સ્થિતિ સ્થાન કહ્યા છે ? અર્થાત્ એક–એક નરકાવાસના નારકોની સ્થિતિ કેટલા પ્રકારની છે ?

ઉત્તર– હે ગૌતમ, તેના સ્થિતિ અસંખ્ય છે, તે આ પ્રમાણે છે– જઘન્ય સ્થિતિ દશ હજાર વર્ષની છે. એક સમય અધિક જઘન્ય સ્થિતિ, બે સમય અધિક જઘન્ય સ્થિતિ, અસંખ્યાત સમય અધિક જઘન્ય સ્થિતિ તેમજ ઉત્કૃષ્ટ સ્થિતિ પર્યંત અસંખ્ય સ્થિતિ સ્થાન થાય છે.

**૭ इमीसे णं भंते ! रयणप्पभाए पुढवीए तीसाए णिरयावाससयसहस्सेसु**

**एगमेगंसि णिरयावासंसि जहण्णियाए ठिईए वट्टमाणा णेरइया किं कोहोवउत्ता, माणोवउत्ता, मायोवउत्ता, लोभोवउत्ता ?**

**गोयमा ! सव्वे वि ताव होज्जा कोहोवउत्ता ॥१॥**

**अहवा कोहोवउत्ता य, माणोवउत्ते य । अहवा कोहोवउत्ता य, माणोवउत्ता य । अहवा कोहोवउत्ता य मायोवउत्ते य । अहवा कोहोवउत्ता य, मायोवउत्ता य। अहवा कोहोवउत्ता य, लोभोवउत्ते य । अहवा कोहोवउत्ता य, लोभोवउत्ता ॥६॥**

**अहवा कोहोवउत्ता य, माणोवउत्ते य, मायोवउत्ते य । कोहोवउत्ता य, माणोवउत्ते य, मायोवउत्ता य । कोहोवउत्ता य, माणोवउत्ता य, मायोवउत्ते य । कोहोवउत्ता य, माणोवउत्ता य, मायोवउत्ता य ॥४॥**

**एवं कोहमाणलोभेण वि चउभंगा ॥८॥ एवं कोहमायालोभेण वि चउभंगा। एवं १२।**

**पच्छा माणेण, मायाए, लोभेण य कोहो भइयव्वो। ते कोहं अमुंचंता अट्ठ भंगा । एवं सत्तावीसं भंगा णेयव्वा ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વીના ત્રીસ લાખ નરકાવાસોમાંથી એક એક નરકાવાસમાં જઘન્ય સ્થિતિમાં વર્તમાન નારક શું ક્રોધોપયુક્ત છે, માનોપયુક્ત છે, માયોપયુક્ત છે અથવા લોભોપયુક્ત છે ?

ઉત્તર– હે ગૌતમ ! ક્યારેક તે સર્વ ક્રોધોપયુક્ત હોય છે. (આ અસંયોગીનો એક ભંગ છે.)

**દ્વિક સંયોગીના ૬ ભંગ :–** (૧) અનેક ક્રોધી, એક માની (૨) અનેક ક્રોધી, અનેક માની (૩) અનેક ક્રોધી, એક માયી (૪) અનેક ક્રોધી, અનેક માયી (૫) અનેક ક્રોધી, એક લોભી (૬) અનેક ક્રોધી, અનેક લોભી.

**ત્રિક સંયોગીના બાર ભંગ :–** (૧) અનેક ક્રોધી, એક માની, એક માયી (૨) અનેક ક્રોધી, એક માની, અનેક માયી (૩) અનેક ક્રોધી, અનેક માની, એક માયી (૪) અનેક ક્રોધી, અનેક માની, અનેક માયી (ક્રોધ–માન– માયાના ચાર ભંગ).

(૫) અનેક ક્રોધી, એક માની, એક લોભી (૬) અનેક ક્રોધી, એક માની, અનેક લોભી (૭) અનેક ક્રોધી, અનેક માની, એક લોભી (૮) અનેક ક્રોધી, અનેક માની, અનેક લોભી(ક્રોધ–માન–લોભના ચાર ભંગ).

(૯) અનેક ક્રોધી, એક માયી, એક લોભી (૧૦) અનેક ક્રોધી, એક માયી, અનેક લોભી (૧૧) અનેક ક્રોધી, અનેક માયી, એક લોભી (૧૨) અનેક ક્રોધી, અનેક માયી, અનેક લોભી (ક્રોધ–માયા–લોભના ચાર ચાર ભંગ).

**ચતુઃસંયોગીના આઠ ભંગ :–** ત્યાર પછી ક્રોધ સાથે માન, માયા, લોભની ભજના કરવી જોઈએ. ક્રોધને છોડ્યા વિના (ક્રોધ સાથે) ચતુઃસંયોગીના આઠ ભંગ કહવા. જોઈએ–

(૧) અનેક ક્રોધી, એક માની, એક માયી, એક લોભી (૨) અનેક ક્રોધી, એક માની, એક માયી, અનેક લોભી (૩) અનેક ક્રોધી, એક માની, અનેક માયી, એક લોભી (૪) અનેક ક્રોધી, એક માની, અનેક માયી, અનેક લોભી (૫) અનેક ક્રોધી, અનેક માની, એક માયી, એક લોભી (૬) અનેક ક્રોધી, અનેક માની, એક માયી, અનેક લોભી (૭) અનેક ક્રોધી, અનેક માની, અનેક માયી, એક લોભી (૮) અનેક ક્રોધી, અનેક માની, અનેક માયી, અનેક લોભી. આ રીતે ક્રોધને નહીં છોડતા કુલ ૨૭ ભંગ થાય છે. [૧+૬+૧૨+૮ = ૨૭]

**૮ इमीसे णं भंते ! रयणप्पभाए पुढवीए तीसाए णिरयावाससयसहस्सेसु एगमेगंसि णिरयावासंसि समयाहियाए जहण्णट्ठिईए वट्टमाणा णेरइया किं कोहोवउत्ता, माणोवउत्ता, मायोवउत्ता, लोभोवउत्ता ?**

**गोयमा ! कोहोवउत्ते य, माणोवउत्ते य, मायोवउत्ते य, लोभोवउत्ते य । कोहोवउत्ता य, माणोवउत्ता य, मायोवउत्ता य, लोभोवउत्ता य ॥८॥**

**अहवा कोहोवउत्ते य, माणोवउत्ते य । अहवा कोहोवउत्ते य, माणोवउत्ता य। एवं असीइ भंगा णेयव्वा । एवं जाव संखेज्जसमाहियाए ठिईए । असंखेज्ज–समयाहियाए ठिईए, तप्पाउग्गुक्कोसियाए ठिईए सत्तावीसं भंगा भाणियव्वा ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વીના ત્રીસ લાખ નરકાવાસોમાં એક સમય અધિક જઘન્ય સ્થિતિમાં વર્તમાન નારક શું ક્રોધોપયુક્ત, માનોપયુક્ત, માયોપયુક્ત કે લોભોપયુક્ત છે ?

ઉત્તર– હે ગૌતમ ! (૧) એક ક્રોધી, (૨) એક માની, (૩) એક માયી (૪) એક લોભી (૫) અનેક ક્રોધી (૬) અનેક માની (૭) અનેક માયી (૮) અનેક લોભી(આ અસંયોગી આઠ ભંગ).

અથવા એક ક્રોધી, એક માની; એક ક્રોધી, અનેક માની વગેરે (દ્વિક સંયોગી આદિ) ૮૦ ભંગ જાણવા. આ જ પ્રમાણે સંખ્યાત સમય અધિક જઘન્ય સ્થિતિ સુધી ૮૦ ભંગ જાણવા. અસંખ્યાત સમય અધિક જઘન્ય સ્થિતિથી લઈ તેને યોગ્ય (પ્રથમ નરકની) ઉત્કૃષ્ટ સ્થિતિ સ્થાન પર્યંત ૨૭ ભંગ જાણવા.

## વિવેચન :–

પ્રસ્તુત ત્રણ સૂત્રમાં સંગ્રહણી ગાથાનુસાર રત્નપ્રભા પૃથ્વીના નારકોના જઘન્ય, મધ્યમ અને

ઉત્કૃષ્ટ સ્થિતિ સ્થાનોની અપેક્ષાએ ક્રોધોપયુક્તાદિ વિવિધ વિકલ્પ પ્રસ્તુત કર્યા છે.

**સ્થિતિ સ્થાનો :–** પ્રત્યેક નરકાવાસમાં રહેતા નારકોના સ્થિતિ સ્થાન ભિન્ન ભિન્ન છે. કોઈ નારકની જઘન્ય, કોઈ નારકની મધ્યમ અનેક કોઈ નારકની ઉત્કૃષ્ટ સ્થિતિ હોય છે. રત્નપ્રા પૃથ્વીના પ્રથમ પ્રતરમાં નારકોની જઘન્ય સ્થિતિ દશ હજાર વર્ષ અનેક ઉત્કૃષ્ટ સ્થિતિ ૯૦ હજાર વર્ષની છે. જઘન્ય અને ઉત્કૃષ્ટની વચ્ચેની સ્થિતિ મધ્યમ છે. મધ્યમ સ્થિતિ, જઘન્ય અને ઉત્કૃષ્ટની જેમ એક પ્રકારની નથી. જઘન્ય સ્થિતિથી એક સમય અધિક, બે, ત્રણ સમય અધિકથી સંખ્યાત કે અસંખ્યાત સમયની અધિક સ્થિતિ પણ મધ્યમસ્થિતિ છે. આમ મધ્યમ સ્થિતિના અનેક વિકલ્પ થાય છે. આ પ્રમાણે સ્થિતિસ્થાનો અસંખ્યાત છે.

સમય :– કાલનો સૂક્ષ્મતમ અંશ, જે નિરંશ હોય, જેનો અન્ય અંશ સંભવ નથી, તેને જૈન સિદ્ધાંતાનુસાર 'સમય' કહે છે.

**૨૭–ભંગ :–** મૂળપાઠ અને ભાવાર્થથી સ્પષ્ટ છે.

**૮૦–ભંગ :–** એક સમયાધિક જઘન્ય સ્થિતિવાળા નારકોમાં એંસી ભંગ આ પ્રમાણે થાય છે. અસંયોગીના આઠ ભંગ, [ચાર ભંગ એક વચન આશ્રી અને ચાર ભંગ બહુવચન આશ્રી] દ્વિ સંયોગીના ૨૪ ભંગ, ત્રિક સંયોગીના ૩૨ ભંગ, ચતુઃસંયોગીના ૧૬ ભંગ, કુલ ૮+૨૪+૩૨+૧૬ = ૮૦ એંસી ભંગ થાય છે.

**અસંયોગીના આઠ ભંગ :–**

(૧) એક ક્રોધી (૨) એક માની (૩) એક માયી (૪) એક લોભી
(૫) અનેક ક્રોધી (૬) અનેક માની (૭) અનેક માયી (૮) અનેક લોભી.

**દ્વિક સંયોગી ૨૪ ભંગ :–**

| | | |
|---|---|---|
| (૧) એક ક્રોધી, એક માની | (૨) એક ક્રોધી, અનેક માની | (૩) અનેક ક્રોધી, એક માની |
| (૪) અનેક ક્રોધી, અનેક માની | (૫) એક ક્રોધી, એક માયી | (૬) એક ક્રોધી, અનેક માયી |
| (૭) અનેક ક્રોધી, અનેક લોભી | (૮) અનેક ક્રોધી, અનેક માનયી | (૯) એક ક્રોધી, એક લોભી |
| (૧૦) એક ક્રોધી, અનેક લોભી | (૧૧) અનેક ક્રોધી, એક લોભી | (૧૨) અનેક ક્રોધી, અનેક લોભી |
| (૧૩) એક માની, એક માયી | (૧૪) એક માની, અનેક માયી | (૧૫) અનેક માયી, એક માયી |
| (૧૬) અનેક માની, અનેક માયી | (૧૭) એક માની, એક લોભી | (૧૮) એક માની, અનેક લોભી |
| (૧૯) અનેક માની, એક લોભી | (૨૦) અનેક માની, અનેક લોભી | (૨૧) એક માયી, એક લોભી |
| (૨૨) એક માયી, અનેક લોભી | (૨૩) અનેક માયી, એક લોભી | (૨૪) અનેક માયી, અનેક લોભી. |

**ત્રિકસંયોગી–૩૨ ભંગ :–**

(૧) એક ક્રોધી, એક માની, એક માયી (૨) એક ક્રોધી, એક માની, અનેક માયી

(૩) એક ક્રોધી, અનેક માની, એક માયી (૪) એક ક્રોધી, અનેક માની, અનેક માયી
(૫) અનેક ક્રોધી, એક માની, એક માયી (૬) અનેક ક્રોધી, એક માની, અનેક માયી
(૭) અનેક ક્રોધી, અનેક માની, એક માયી (૮) અનેક ક્રોધી, અનેક માની, અનેક માયી.

આ રીતે ક્રોધ–માન–માયાના સંયોગથી આઠ ભંગ બને છે. તે જ રીતે ક્રોધ–માન–લોભના સંયોગથી ૮ ભંગ, ક્રોધ–માયા–લોભના સંયોગથી–૮ ભંગ, માન–માયા–લોભના સંયોગથી–૮ ભંગ કુલ ત્રિક સંયોગીના ૩૨ ભંગ બને છે.

**ચતુઃસંયોગીના ૧૬ ભંગ :–**

(૧) એક ક્રોધી, એક માની, એક માયી, એક લોભી
(૨) એક ક્રોધી, એક માની, એક માયી, અનેક લોભી
(૩) એક ક્રોધી, એક માની, અનેક માયી, એક લોભી
(૪) એક ક્રોધી, એક માની, અનેક માયી, અનેક લોભી
(૫) એક ક્રોધી, અનેક માની, એક માયી, એક લોભી
(૬) એક ક્રોધી, અનેક માની, એક માયી, અનેક લોભી
(૭) એક ક્રોધી, અનેક માની, અનેક માયી, એક લોભી
(૮) એક ક્રોધી, અનેક માની, અનેક માયી, અનેક લોભી.

આ રીતે ક્રોધને એક વચનમાં રાખી ૮ ભંગ થયા તે જ રીતે ક્રોધને બહુવચનમાં રાખીને પણ આઠ ભંગ થાય છે. તેથી ચતુઃસંયોગીના ૧૬ ભંગ થાય છે.

**નારકોમાં ક્યાં કેટલા ભંગ :–** પ્રત્યેક નરક જઘન્ય સ્થિતિવાળા નારકો હંમેશા હોય જ છે. તેમાં અનેક નૈરયિક ક્રોધોપયુક્ત હોય જ છે. [કારણ કે નૈરયિકોમાં ક્રોધ કષાય વિશેષ છે.] તેથી તેમાં મૂલ પાઠોક્ત ૨૭ ભંગ ક્રોધ બહુવચનાન્ત યુક્ત થાય છે.

જઘન્ય સ્થિતિથી એક સમય અધિકથી લઈને સંખ્યાત સમય અધિક સુધી મધ્યમ સ્થિતિવાળા નારકોમાં પૂર્વોક્ત એંસી ભંગ થાય છે. કારણ કે તે બોલ અશાશ્વત છે અર્થાત્ આ સ્થિતિવાળા નારકો કદાચિત્ હોય, કદાચિત્ ન પણ હોય.

અસંખ્યાત સમય અધિક સ્થિતિથી ઉત્કૃષ્ટ સ્થિતિ પર્યંતના નારકોમાં પૂર્વોક્ત ક્રોધ બહુવચનાંતના ૨૭ ભંગ થાય છે. આ સ્થિતિવાળા નારકો સદા શાશ્વત હોય છે.

આ રીતે નારક અને દેવોમાં જે જે સ્થાનોમાં સત્તાની અપેક્ષાએ વિરહ ન હોય ત્યાં ૨૭ ભંગ, જે સ્થાનોમાં વિરહ હોય ત્યાં ૮૦ ભંગ થાય છે. ઔદારિકના દશ દંડકોમાં જે બોલ નિરંતર પ્રાપ્ત થાય છે. ત્યાં અભંગ અને નિરંતર પ્રાપ્ત ન હોય ત્યાં ૮૦ ભંગ થાય છે.

**અવગાહના દ્વાર અને ભંગ સંખ્યા :–**

**९ इमीसे णं भंते ! रयणप्पभाए पुढवीए तीसाए णिरयावाससयसहस्सेसु एगमेगंसि णिरयावासंसि णेरइयाणं केवइया ओगाहणाठाणा पण्णत्ता ?**

**गोयमा ! असंखेज्जा ओगाहणाठाणा पण्णत्ता, तं जहा– जहण्णिया ओगाहणा, पएसाहिया जहण्णिया ओगाहणा, दुप्पएसाहिया जहण्णिया ओगाहणा जाव असंखिज्ज पएसाहिया जहण्णिया ओगाहणा । तप्पाउग्गुक्कोसिया ओगाहणा।**

**ભાવાર્થ:–** પ્રશ્ન– હે ભગવન્! આ રત્નપ્રભા પૃથ્વીના ત્રીસ લાખ નરકાવાસોમાં એક, એક નરકાવાસમાં રહેતા નારકોના અવગાહના સ્થાન કેટલાં છે ?

ઉત્તર– હે ગૌતમ ! તેના અવગાહના સ્થાન અસંખ્ય છે. તે આ પ્રમાણે છે. જઘન્ય અવગાહના અંગુલનો અસંખ્યાતમો ભાગ. એક પ્રદેશ અધિક જઘન્ય અવગાહના, દ્વિપ્રદેશાધિક જઘન્ય અવગાહના તેમજ અસંખ્ય પ્રદેશાધિક જઘન્ય અવગહના અને તદ્યોગ્ય ઉત્કૃષ્ટ અવગાહના. [જે નરકાવાસને યોગ્ય જે ઉત્કૃષ્ટ અવગાહના હોય તે].

**१० इमीसे णं भंते ! रयणप्पभाए पुढवीए तीसाए णिरयावाससयसहस्सेसु एगमेगंसि णिरयावासंसि जहण्णियाए ओगाहणाए वट्टमाणा णेरइया किं कोहोवउत्ता पुच्छा ?**

**गोयमा ! असीइभंगा भाणियव्वा *जाव* संखिज्जपएसाहिया जहण्णिया ओगाहणा असंखेज्जपएसाहियाए जहण्णियाए ओगाहणाए वट्टमाणाणं, तप्पउग्गुक्को– सियाए ओगाहणाए वट्टमाणाणं णेरइयाणं दोसु वि सत्ताविसं भंगा ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વીના ત્રીસ લાખ નરકાવાસમાંથી એક એક નરકાવાસમાં જઘન્ય અવગાહનાયુક્ત નારકો શું ક્રોધોપયુક્ત છે, માનોપયુક્ત છે, માયોપયુક્ત છે અથવા લોભોપયુક્ત છે ?

ઉત્તર– હે ગૌતમ ! જઘન્ય અવગાહના યુક્ત નારકોમાં એંસી ભંગ, જઘન્ય અવગાહનાથી એક પ્રદેશાધિક તેમજ સંખ્યાત પ્રદેશ અધિક નારકોમાં પણ એંસી ભંગ થાય છે. જઘન્ય અવગાહનાથી અસંખ્યાત પ્રદેશ અધિક નારકો અને તદ્સ્થાન યોગ્ય ઉત્કૃષ્ટ અવગાહના યુક્ત નારકોમાં ૨૭ ભંગ થાય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત બે સૂત્રમાં નારકોના અવગાહના સ્થાન તથા ક્રોધાદિની અપેક્ષાએ ભંગ સંખ્યાનું નિરૂપણ

કર્યું છે.

**અવગાહના સ્થાન :–** (૧) જીવ જેમાં સ્થિત થાય છે, અવગાહના કરીને રહે છે, તે અવગાહના છે અર્થાત્ જે જીવનું જેટલું લાંબુ પહોળુ શરીર હોય તે તેની અવગાહના છે (૨) જીવ જે ક્ષેત્રમાં, જેટલા આકાશ પ્રદેશોને રોકીને રહે છે, તેના તે આધારભૂત ક્ષેત્રને પણ અવગાહના કહે છે. તે અવગાહનાના જે સ્થાન– પ્રદેશોની વૃદ્ધિ રૂપે વિભાગ થાય તે અવગાહના સ્થાન કહેવાય છે. સર્વ નારકોની જઘન્ય અવગાહના અંગુલનો અસંખ્યાતમો ભાગ છે અને ઉત્કૃષ્ટ અવગાહના આ પ્રમાણે છે–

(૧) રત્નપ્રભા નરકની ૭ ધનુષ્ય, ૩ હાથ, ૬ અંગુલ,

(૨) શર્કરા પ્રભાની ૧૫ ધનુષ્ય, ૨ હાથ, ૧૨ અંગુલ

(૩) વાલુકા પ્રભાની ૩૧ ધનુષ્ય, ૧ હાથ,

(૪) પંક પ્રભાની ૬૨ ધનુષ્ય, ૨ હાથ,

(૫) ધૂમ પ્રભાની ૧૨૫ ધનુષ્ય,

(૬) તમઃપ્રભાની ૨૫૦ ધનુષ્ય,

(૭) તમસ્તમઃ પ્રભાની ૫૦૦ ધનુષ્યની છે.

**જઘન્ય સ્થિતિ અને જઘન્ય અવગાહનાના ભંગોમાં અંતર શા માટે ? :–** રત્નપ્રભા નારકીમાં જઘન્ય સ્થિતિ ૧૦,૦૦૦ વર્ષની છે. તે સ્થિતિવાળા જીવ સ્વભાવથી સદા શાશ્વત હોય છે. તેથી જઘન્ય સ્થિતિમાં ૨૭ ભંગ કહ્યા છે. નારકીમાં જઘન્ય અવગાહના અંગુલના અસંખ્યાતમા ભાગની હોય છે. તે અવગાહના નારકીના જન્મ સમયે હોય છે. અંતમુહૂર્ત પછી નારકીની પરિપૂર્ણ અવગાહના થઈ જાય છે. માટે જઘન્ય અવગાહનાવાળા સદા શાશ્વત રહેતા નથી. વિરહકાલમાં તેનો અભાવ હોય છે. તેથી તેમાં ૮૦ ભંગ કહ્યા છે.

એક પ્રદેશાધિક તેમજ સંખ્યાત પ્રદેશાધિક અવગાહનાવાળા નારકી જીવ પણ અશાશ્વત છે. તેમાં પણ ૮૦ ભંગ થાય છે. અસંખ્યાત પ્રદેશાધિક અવગાહનાવાળા નારકી બે પ્રકારના છે– અપર્યાપ્તા અને પર્યાપ્તા. તેમાં અપર્યાપ્તામાં ૮૦ ભંગ હોય અને પર્યાપ્તામાં ૨૭ ભંગ હોય પરંતુ તે બંને મળીને અસંખ્યાત પ્રદેશાધિકનો બોલ એક જ હોવાથી તે બોલને શાશ્વત કહેવાય. તેથી તેમાં ૨૭ ભંગ કહ્યા છે.

અર્થાત્ જે સ્થાનમાં એકથી અધિક જીવો હંમેશાં પ્રાપ્ત થતા તે સ્થાનમાં ૨૭ ભંગ અને જે સ્થાનમાં જીવો હંમેશાં પ્રાપ્ત ન પણ થતા હોય, કદાચિત્ તેમાં વિરહની સંભાવના હોય તે સ્થાનમાં ૮૦ ભંગ થાય છે.

**શરીર દ્વાર અને ભંગ સંખ્યા :–**

**११** **इमीसे णं भंते ! रयणप्पभाए** *जाव* **एगमेगंसि णिरयावासंसि णेरइयाणं**

**कइ सरीरया पण्णत्ता ?**

**गोयमा ! तिण्णि सरीरया पण्णत्ता । तं जहा– वेउव्विए, तेयए, कम्मए ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વીના ત્રીસ લાખ નરકાવાસોમાંથી એક એક નરકાવાસમાં રહેતા નારક જીવોને કેટલા શરીર હોય છે ?

ઉત્તર– હે ગૌતમ ! તેને ત્રણ શરીર હોય છે, તે આ પ્રમાણે છે– વૈક્રિય, તૈજસ અને કાર્મણ.

**૧૨ इमीसे णं भंते ! रयणप्पभाए जाव वेउव्वियसरीरे वट्टमाणा णेरइया किं कोहोवउत्ता, पुच्छा ?**

**गोयमा ! सत्तावीसं भंगा भाणियव्वा । एएणं गमेणं तिण्णि सरीरा भाणियव्वा।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વીના ત્રીસ લાખ નરકાવાસોમાંથી એક એક નરકાવાસમાં રહેતા વૈક્રિય શરીરી નારક શું ક્રોધોપયુક્ત છે ? [માનોપયુક્ત, માયોપયુક્ત અથવા લોભોપયુક્ત છે ?]

ઉત્તર– હે ગૌતમ ! તેના ક્રોધોપયુક્ત આદિ ૨૭ ભંગનું કથન કરવું જોઈએ. એ જ પ્રમાણે ત્રણે શરીરના સંબંધમાં ૨૭–૨૭ ભંગનું કથન કરવું.

**વિવેચન :–**

નારકોને વૈક્રિય તેજસ અને કાર્મણ ત્રણ શરીર હોય છે. ત્રણે શરીર શાશ્વત હોય છે. તેથી ત્રણેમાં એક સરખા ૨૭ ભંગના આલાપકનું કથન કર્યું છે.

નારકો બે પ્રકારના હોય છે. વિગ્રહ ગતિવાળા અને અવિગ્રહગતિવાળા. વિગ્રહગતિવાળા નારકોના તૈજસ કાર્મણ શરીર અશાશ્વત હોય છે. પરંતુ આ પ્રકરણમાં વિગ્રહગતિ કે અવિગ્રહગતિવાળા નારકોની વિવક્ષા કર્યા વિના રત્નપ્રભાના નારકો વિષયક સમુચ્ચય પ્રશ્નોત્તર છે. તે જ રીતે નારક કે દેવ વિષયક પ્રશ્નોત્તરમાં સમુચ્ચય કથન હોવાથી કોઈપણ સ્થાનમાં વિગ્રહ ગતિની અપેક્ષાએ તૈજસ કાર્મણ શરીરમાં ૮૦ ભંગનું કથન કર્યું નથી. ૨૭ ભંગ જ કહ્યા છે. કારણ કે સમુચ્ચય પૃચ્છામાં તે બંને શરીરી શાશ્વત હોય છે.

**एएणं गमेणं तिण्णि सरीया भाणियव्वा** :– વૈક્રિય શરીરમાં ભંગનું કથન કર્યા પછી ત્રણે શરીરમાં તે પ્રમાણે ૨૭ ભંગ હોય છે, તેવું કથન સૂત્રકારે કર્યું છે. તેમાં તે ત્રણે શરીરની સામ્યતા–સમાનતા દર્શાવી છે. માટે અવશેષ બે શરીરનો ઉલ્લેખ ન કરતાં ત્રણે શરીરનો ઉલ્લેખ કરી કહ્યું છે કે ત્રણેનો એક જ ગમક (આલાપક) છે અર્થાત્ ત્રણે શરીરના ભંગ અને ભંગ કથન વિધિ એક સરખી છે. વૈક્રિય શરીરનું વિસ્તૃત વર્ણન હોય તો તે સમાન બે શરીરનો અતિદેશ કરાય પરંતુ અહીં વૈક્રિય શરીરનું પણ સંક્ષિપ્ત અને અતિ

દેશપૂર્વક વર્ણન છે. તેની સમાન તૈજસ કાર્મણ શરીરનું વર્ણન છે. માટે ત્રણે શરીરનો એક જ ગમક ાય છે. તેથી **एएणं गमेणं तिण्णि सरीरया भाणियव्वा** એવું કથન સૂત્રમાં કર્યું છે.

**સંઘયણ દ્વાર અને ભંગ સંખ્યા :–**

**१३ इमीसे णं भंते ! रयणप्पभाए पुढवीए** *जाव* **णेरइयाणं सरीरया किंसंघयणी पण्णत्ता ?**

**गोयमा ! छण्हं संघयणाणं असंघयणी, णेवट्ठी, णेवच्छिरा, णेव ण्हारूणि। जे पोग्गला अणिट्ठा अकंता अप्पिया असुहा अमणुण्णा अमणामा एतेसिं सरीरसंघायत्ताए परिणमंति ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વીના ત્રીસ લાખ નરકાવાસોમાંથી પ્રત્યેક નરકાવાસમાં રહેતા નારકોમાં શરીરનું કયું સંહનન–સંઘયણ હોય છે ?

ઉત્તર– હે ગૌતમ ! તેનું શરીર સંહનન રહિત છે. તેને છ સંહનનમાંથી એક પણ સંહનન નથી. તેના શરીરમાં અસ્થિ, શિરા અને સ્નાયુ નથી. જે પુદ્‌ગલ અનિષ્ટ, અકાંત, અપ્રિય, અશુભ, અમનોજ્ઞ અને અમનોહર છે, તે પુદ્‌ગલો નારકોના શરીર–સંઘાતરૂપમાં પરિણત થાય છે.

**१४ इमीसे णं भंते ! रयणप्पभाए पुढवीए** *जाव* **छण्हं संघयणाणं असंघयणे वट्टमाणा णेरइया किं कोहोवउत्ता पुच्छा ?**

**गोयमा ! सत्तावीसं भंगा ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વીના પ્રત્યેક નરકાવાસમાં રહેતા, છ સંહનનથી રહિત–અસંહનની નૈરયિકો શું ક્રોધ વગેરેથી ઉપયુક્ત છે ?

ઉત્તર– હે ગૌતમ ! તેમાં ક્રોધાદિ સંબંધી ૨૭ ભંગનું કથન કરવું જોઈએ.

**વિવેચન :–**

**સંઘયણ :–** અસ્થિઓની વિશિષ્ટ રચનાને સંહનન કહે છે. અસ્થિઓ કેવળ ઔદારિક શરીરમાં જ હોય છે. નારકોને ઔદારિક શરીર નથી. તેનું વૈક્રિય શરીર સંહનન રહિત છે.

**સંસ્થાન દ્વાર અને ભંગ સંખ્યા :–**

**१५ इमीसे णं भंते ! रयणप्पभाए** *जाव* **सरीरया किंसंठिया पण्णत्ता ?**

**गोयमा ! दुविहा सरीरा पण्णत्ता, तं जहा– भवधारणिज्जा य, उत्तरवेउव्विया य । तत्थणं जे ते भवधारणिज्जा ते हुंड संठाणसंठिया पण्णत्ता । तत्थणं जे ते उत्तरवेउव्विया ते वि हुंडसंठिया पण्णत्ता ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વીના નારકોમાં શરીરનું ક્યું સંસ્થાન હોય છે ?

ઉત્તર– હે ગૌતમ ! તે નારકોનું શરીર બે પ્રકારનું કહ્યું છે, તે આ પ્રમાણે છે– ભવધારણીય અને ઉત્તરવૈક્રિય. તેમાંથી જે ભવધારણીય શરીર છે, તે હુંડક સંસ્થાન સંપન્ન હોય છે અને જે ઉત્તર વૈક્રિય શરીર છે તે પણ હુંડક સંસ્થાન સંપન્ન જ હોય છે.

**१६ इमीसे णं भंते ! रयणप्पभाए पुढवीए** *जाव* **हुंडसंठाणे वट्टमाणा णेरइया किं कोहोवउत्ता ?**

**गोयमा ! सत्तावीसं भंगा ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વીમાં હુંડ સંસ્થાનમાં વર્તમાન નારક શું ક્રોધોપયુક્ત છે ઈત્યાદિ ?

ઉત્તર– હે ગૌતમ ! તેમાં ક્રોધાદિ સંબંધી ૨૭ ભંગ કહેવા જોઈએ.

**વિવેચન :–**

**શરીર :–** જેમાં આત્મા રહે છે તે શરીર અથવા **शीर्यते इति शरीरः** । ક્ષણે ક્ષણે જેનો નાશ થાય તેને શરીર કહે છે. નારક જીવોને ત્રણ શરીર હોય છે. વૈક્રિય, તૈજસ અને કાર્મણ. તેમાં વૈક્રિય શરીરના પણ બે પ્રકાર છે. ભવધારણીય અને ઉત્તર વૈક્રિય. **ભવધારણીય–** જન્મથી જ જે શરીર હોય તે ભવધારણીય શરીર છે. **ઉત્તર વૈક્રિય–** જન્મ પછી કોઈ વિશિષ્ટ પ્રયોજનથી પોતાની વૈક્રિય શક્તિથી જે શરીર બનાવાય તેને ઉત્તર વૈક્રિય શરીર કહે છે.

નારકોમાં બંને પ્રકારના શરીરનું હુંડ સંસ્થાન હોય છે. પ્રશ્ન એ છે કે નારક જીવ ઉત્તર વૈક્રિય શરીરનું સંસ્થાન પણ હુંડ શા માટે બનાવે ? સુંદર કેમ બનાવતા નથી ? તેનામાં શક્તિની મંદતા છે તેથી સુંદર આકાર બનાવવાની ઈચ્છા હોવા છતાં બનતું નથી. તે બેડોળ શરીર જ બનાવી શકે છે. સંઘયણ અને સંસ્થાન બંનેમાં ક્રોધોપયુક્ત આદિ ૨૭ ભંગ હોય છે.

**લેશ્યા દ્વાર અને ભંગ દ્વાર :–**

**१७ इमीसे णं भंते ! रयणप्पभाए पुढवीए णेरइयाणं कइ लेस्साओ पण्णत्ता ।**

**गोयमा ! एगा काउलेस्सा पण्णत्ता ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! રત્નપ્રભા પૃથ્વીના નૈરયિકોમાં કેટલી લેશ્યાઓ છે ?

ઉત્તર– હે ગૌતમ ! તેમાં એક કાપોતલેશ્યા જ છે.

**૧૮** **इमीसे णं भंते ! रयणप्पभाए** *जाव* **काउलेस्साए वट्टमाणा किं कोहोवउत्ता पुच्छा ?**

**गोयमा ! सत्तावीसं भंगा ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વીમાં રહેતા કાપોતલેશી નારકજીવો શું ક્રોધોપયુક્ત છે, વગેરે પ્રશ્ન કરવા.

ઉત્તર– હે ગૌતમ ! તેમાં ૨૭ ભંગનું કથન કરવું જોઈએ.

**વિવેચન :–**

પ્રથમ નરકમાં એક કાપોત લેશ્યા જ હોય છે અને કાપોતલેશી જીવો પ્રથમ નરકમાં શાશ્વત હોય છે. તેથી તેમાં ૨૭ ભંગ થાય છે.

**દષ્ટિ દ્વાર અને ભંગ સંખ્યા :–**

**૧૯** **इमीसे णं भंते ! रयणप्पभाए पुढवीए** *जाव* **किं सम्मदिट्ठी, मिच्छादिट्ठी, सम्मामिच्छादिट्ठी ?**

**गोयमा ! तिण्ण वि ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! રત્નપ્રભા પૃથ્વીમાં વસનારા નારકીઓ શું સમ્યગ્દષ્ટિ છે ? મિથ્યાદષ્ટિ છે ? કે સમ્યગ્મિથ્યાદષ્ટિ છે ?

ઉત્તર– હે ગૌતમ ! કોઈ સમ્યગ્દષ્ટિ, કોઈ મિથ્યાદષ્ટિ અને કોઈ સમ્યગ્મિથ્યાદષ્ટિ, એમ ત્રણે દષ્ટિ હોય છે.

**૨૦** **इमीसे णं भंते !** *जाव* **सम्मदंसणे वट्टमाणा णेरइया किं कोहोवउत्ता पुच्छा ?**

**सत्तावीसं भंगा । एवं मिच्छादंसणे वि । सम्मामिच्छादंसणे असीए भंगा।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! રત્નપ્રભા પૃથ્વીમાં વસતા સમ્યગ્દષ્ટિ નારક જીવ શું ક્રોધાદિથી ઉપયુક્ત હોય છે ?

ઉત્તર– હે ગૌતમ ! તેના ક્રોધોપયુક્ત આદિ ૨૭ ભંગ કહેવા જોઈએ. તે જ પ્રમાણે મિથ્યાદષ્ટિના

પણ ક્રોધોપયુક્ત આદિ ૨૭ ભંગ કહેવા જોઈએ. સમ્યગ્મિથ્યાદષ્ટિના ૮૦ ભંગ કહેવા જોઈએ.

**વિવેચન :–**

નારકોમાં સમ્યગ્દષ્ટિ અને મિથ્યાદષ્ટિ શાશ્વત હોય છે, તેથી તેમાં પૂર્વવત્ ૨૭ ભંગ થાય છે પરંતુ મિશ્રદષ્ટિ જીવ ક્યારેક હોય અને ક્યારેક હોતા નથી. તે અશાશ્વત છે. તેથી મિશ્રદષ્ટિ નારકોમાં ક્રોધાદિના ૮૦ ભંગ પ્રાપ્ત થાય છે.

**જ્ઞાનદ્વાર અને ભંગ સંખ્યા :–**

**૨૧ इमीसे णं भंते ! *जाव* किं णाणी, अण्णाणी ?**

**गोयमा ! णाणी वि अण्णाणी वि; तिण्णि णाणाइं णियमा, तिण्णि अण्णाणाइं भयणाए ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વીના નારકો શું જ્ઞાની છે કે અજ્ઞાની છે ?

ઉત્તર– હે ગૌતમ ! તેમાં જ્ઞાની પણ છે અજ્ઞાની પણ છે. જે જ્ઞાની છે, તેને નિયતપૂર્વક ત્રણ જ્ઞાન હોય છે અને જે અજ્ઞાની છે તેમાં ત્રણ અજ્ઞાન ભજના–વિકલ્પથી હોય છે.

**૨૨ इमीसे णं भंते ! रयणप्पभाए पुढवीए *जाव* आभिणिबोहियणाणे वट्टमाणा णेरइया किं कोहोवउत्ता पुच्छा ?**

**सत्तावीसं भंगा । एवं तिण्णि णाणाइं, तिण्णि अण्णाणाइं भाणियव्वाइं ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વીમાં વસતા આભિનિબોધિકજ્ઞાની [મતિજ્ઞાની] નારકી જીવ શું ક્રોધોપયુક્ત વગેરે હોય છે ?

ઉત્તર– હે ગૌતમ ! તે આભિનિબોધિક જ્ઞાની નારકોમાં ક્રોધોપયુક્ત આદિ ૨૭ ભંગ કહેવા જોઈએ તે જ પ્રમાણે ત્રણે જ્ઞાનવાળા અને ત્રણે અજ્ઞાનવાળા નારકોમાં ક્રોધોપયુક્ત આદિ ૨૭ ભંગ કહેવા જોઈએ.

**વિવેચન :–**

**ત્રણ જ્ઞાન અને ત્રણ અજ્ઞાનમાં ૨૭ ભંગ :–** ત્રણ જ્ઞાનમાં ૨૭ ભંગ હોય છે. જે જીવ સમ્યક્ત્વ સહિત નરકમાં ઉત્પન્ન થાય છે. તેને જન્મથી જ ત્રણ જ્ઞાન હોય છે. જે મિથ્યાત્વી જીવ નરકમાં ઉત્પન્ન થાય તેને જન્મથી જ ત્રણ અજ્ઞાન હોય છે પરંતુ અસંજ્ઞી પંચેન્દ્રિય મરીને પ્રથમ નરકમાં ઉત્પન્ન થાય, ત્યારે તેની અપર્યાપ્તઅવસ્થામાં તેને બે અજ્ઞાન જ હોય છે. પર્યાપ્ત થયા પછી તેને વિભંગજ્ઞાન થાય છે. આ રીતે નરકમાં બે અથવા ત્રણ અજ્ઞાન હોય છે. તેથી નરકમાં સમ્યક્ત્વી જીવોને ત્રણ જ્ઞાન નિયમા હોય છે અને

મિથ્યાત્વી જીવોએ ત્રણ અજ્ઞાનની ભજના હોય છે અર્થાત્ કેટલાકને બે અજ્ઞાન હોય અને કેટલાકને ત્રણ અજ્ઞાન હોય પરંતુ સંપૂર્ણ નરક રત્નપ્રભાની અપેક્ષાએ ત્રણ જ્ઞાન અને ત્રણે અજ્ઞાન શાશ્વત છે માટે ૨૭ ભંગ હોય છે, ૮૦ ભંગ થતા નથી.

**યોગ–ઉપયોગ દ્વાર અને ભંગ સંખ્યા :–**

**૨૩ इमीसे णं भंते ! रयणप्पभाए पुढवीए *जाव* किं मणजोगी, वइजोगी, कायजोगी? गोयमा ! तिण्णि वि ।**

**इमीसे णं भंते ! रयणप्पभाए पुढवीए *जाव* मणजोए वट्टमाणा णेरइया किं कोहोवउत्ता पुच्छा ?**

**गोयमा ! सत्तावीसं भंगा । एवं वइजोए, एवं कायजोए ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વીમાં રહેતા નારકો શું મનયોગી છે ? વચનયોગી છે ? કે કાયયોગી છે ?

ઉત્તર– હે ગૌતમ ! તે પ્રત્યેક જીવોને ત્રણે યોગ હોય છે.

પ્રશ્ન– હે ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વીમાં રહેતા મનોયોગી નારકો શું ક્રોધાદિથી ઉપયુક્ત છે ?

ઉત્તર– હે ગૌતમ ! તેના ક્રોધોપયુક્ત આદિ ૨૭ ભંગ કહેવા જોઈએ. આ પ્રકારે વચનયોગી અને કાયયોગીમાં પણ ૨૭ ભંગ કહેવા જોઈએ.

**૨૪ इमीसे णं भंते ! रयणप्पभाए पुढवीए *जाव* णेरइया किं सागरोवउत्ता, अणागारोवउत्ता ? गोयमा ! सागरोवउत्ता वि, अणागारोवउत्ता वि ।**

**इमीसे णं भंते ! रयणप्पभाए पुढवीए जाव सागारोवओगे वट्टमाणा णेरइया किं कोहोवउत्ता पुच्छा ?**

**सत्तावीसं भंगा । एवं अणागारोवउत्ता वि सत्तावीसं भंगा ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વીના નારક જીવ શું સાકારોપયોગથી યુક્ત છે કે અનાકારોપયોગી યુક્ત છે ?

ઉત્તર– હે ગૌતમ ! તે સાકારોપયોગ યુક્ત પણ છે અને અનાકારોપયોગ યુક્ત પણ છે.

પ્રશ્ન– હે ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વીના સાકારોપયોગ યુક્ત નારક જીવ શું ક્રોધાદિથી ઉપયુક્ત છે ?

ઉત્તર– હે ગૌતમ ! સાકાર ઉપયોગ યુક્ત નારકીમાં ક્રોધોપયુક્ત ઈત્યાદિ ૨૭ ભંગનું કથન કરવું જોઈએ. એ જ પ્રમાણે અનાકારોપયોગ યુક્તમાં પણ ૨૭ ભંગનું કથન કરવું જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં નારકોમાં ત્રણ યોગ અને બે ઉપયોગનું નિરૂપણ કરીને, બંને પ્રકારના નારકોમાં ક્રોધોપયુક્ત આદિ ૨૭ ભંગનું કથન કર્યું છે.

**યોગ :–** યોગ એટલે આત્મશક્તિનો પ્રયોગ. તે મન, વચન અને કાયાના માધ્યમથી થાય છે. તેથી તે ત્રણેની પ્રવૃત્તિ, પ્રસારણ અથવા પ્રયોગને યોગ કહે છે. યદ્યપિ યોગના પંદર ભેદમાંથી કાર્મણ કાયયોગમાં ૮૦ ભંગ પ્રાપ્ત થાય છે. પરંતુ અહીં સામાન્ય કાયયોગની વિવક્ષાથી ૨૭ ભંગ સમજવા જોઈએ.

**ઉપયોગ :–** જાણવું અથવા જોવું. વસ્તુના સામાન્યને જાણવું તે અનાકારોપયોગ અને વિશેષ ધર્મને જાણવું તે સકારોપયોગ છે. દર્શનને અનકારોપયોગ અને જ્ઞાનને સાકારોપયોગ કહી શકાય છે.

**શેષ છ નરક–પૃથ્વીમાં દશ દ્વાર :–**

**૨૫** **एवं सत्त वि पुढवीओ णेयव्वाओ, णाणत्तं लेसासु ।**

**काऊ य दोसु, तइयाए मीसिया, णीलिया चउत्थीए ।**

**पंचमीयाए मीसा, कण्हा तत्तो परमकण्हा ॥**

**ભાવાર્થ :–** રત્નપ્રભા પૃથ્વીના વિષયમાં દશ દ્વારોનું વર્ણન કર્યું છે. તે જ પ્રમાણે સાતે પૃથ્વીઓ–નરક ભૂમિઓના વિષયમાં જાણી લેવું જોઈએ. પરંતુ લેશ્યાઓમાં વિશેષતા છે તે આ પ્રમાણે છે–

**ગાથાર્થ–** પ્રથમ અને દ્વિતીય નરકમાં કાપોતલેશ્યા, તૃતીય નરકમાં કાપોત અને નીલ બે લેશ્યા, ચોથી નરકમાં નીલ લેશ્યા, પાંચમી નરકમાં નીલ અને કૃષ્ણ બે લેશ્યા, છટ્ઠી નરકમાં કૃષ્ણ લેશ્યા અને સાતમી નરકમાં પરમ કૃષ્ણ લેશ્યા હોય છે.

**ભવનપતિમાં દશ દ્વાર અને ભંગ સંખ્યા :–**

**૨૬** **चउसट्ठीए णं भंते ! असुरकुमारावास सयसहस्सेसु एगमेगंसि असुरकुमारा–वासंसि असुरकुमाराणं केवइया ठिइट्ठाणा पण्णत्ता ?**

**गोयमा! असंखेज्जा ठिइट्ठाणा पण्णत्ता । जहण्णिया ठिई, एवं जहा णेरइया तहा, णवरं पडिलोमा भंगा भाणियव्वा । सव्वे वि ताव होज्ज लोभोवउत्ता। अहवा लोभोवउत्ता य, मायोवउत्ते य, अहवा लोभोवउत्ता य, मायोवउत्ता य ।**

**एएणं गमेणं णेयव्वं** *जाव* **थणियकुमाराणं, णवरं णाणत्तं जाणियव्वं।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! ૬૪ લાખ અસુરકુમારાવાસોમાંથી એક એક અસુરકુમારાવાસમાં રહેતા અસુરકુમારોનાં કેટલા સ્થિતિ સ્થાન કહ્યા છે ?

ઉત્તર– હે ગૌતમ ! તેના સ્થિતિ સ્થાન અસંખ્યાત છે. જેમ કે– જઘન્ય સ્થિતિ, એક સમય, અધિક જઘન્ય સ્થિતિ ઈત્યાદિ સર્વ વર્ણન નૈરયિકોની સમાન જાણવું જોઈએ. વિશેષતા એ છે કે તેમાં ભંગનું કથન પ્રતિલોમ–ઉલટા ક્રમથી કરવું જોઈએ. જેમ કે–

[નારક જીવોમાં ક્રોધનું બાહુલ્ય હોય છે. પરંતુ દેવોમાં લોભનું બાહુલ્ય છે. તેથી પ્રત્યેક ભંગ લોભ બહુવચનાન્તના જ જાણવા.] સર્વ અસુરકુમાર લોભયુક્ત છે અથવા (૧) અનેક લોભી– એ માયી (૨) અનેક લોભી– અનેક માયી, આ રીતે ભંગ કરવા. આ જ પ્રમાણે સ્તનિતકુમાર પર્યંત સમજવું. નારક જીવો કરતા દેવોનાં સંસ્થાન, લેશ્યા આદિમાં ભિન્નતા જાણવી. ભવનપતિ દેવોમાં સમચતુરસ્ર સંસ્થાન અને પ્રથમની ચાર લેશ્યા હોય છે.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રમાં શાસ્ત્રકારે ભવનપતિ દેવોમાં સ્થિતિ આદિ દ્વારોનું નિરૂપણ કરીને, તત્ સંબંધિત ભંગોનું કથન કર્યું છે.

**દેવોમાં ભંગ સંખ્યા :–** નારકોમાં ક્રોધની બહુલતા હોય છે અને દેવોમાં લોભની અધિકતા છે. તેથી નારકોમાં ૨૭ ભંગ ક્રોધ, માન, માયા, લોભ એ ક્રમથી કર્યા છે, દેવોમાં તેથી વિપરીત ક્રમ છે. લોભ, માયા, માન અને ક્રોધ.

**દેવોમાં પ્રાપ્ત થતા ૨૭ ભંગ :–**

(૧) **અસંયોગીનો એક ભંગ**–સર્વ જીવો લોભી

**દ્વિક સંયોગીના છ ભંગ :–**

(૧) લોભી અનેક, માયી એક (૨) લોભી અનેક, માયી અનેક (૩) લોભી અનેક માની એક
(૪) લોભી અનેક માની અનેક (૫) લોભી અનેક ક્રોધી એક (૬) લોભી અનેક ક્રોધી અનેક

**ત્રિક સંયોગીના ૧૨ ભંગ :–**

(૧) લોભી અનેક, માયી એક, માની એક. (૨) લોભી અનેક, માયી એક, માની અનેક

(૩) લોભી અનેક, માયી અનેક, માની એક. (૪) લોભી અનેક, માયી અનેક, માની અનેક.

(૫) લોભી અનેક, માયી એક, ક્રોધી એક. (૬) લોભી અનેક, માયી એક, ક્રોધી અનેક.
(૭) લોભી અનેક, માયી અનેક, ક્રોધી એક. (૮) લોભી અનેક, માયી અનેક, ક્રોધી અનેક.

(૯) લોભી અનેક, માની એક, ક્રોધી એક.
(૧૦) લોભી અનેક, માની એક, ક્રોધી અનેક.
(૧૧) લોભી અનેક, માની અનેક, ક્રોધી એક.
(૧૨) લોભી અનેક, માની અનેક, ક્રોધી અનેક.

**ચતુઃ સંયોગીના આઠ ભંગ :–**

૧ લોભી અનેક, માયી એક, માની એક, ક્રોધી એક.
૨ લોભી અનેક, માયી એક, માની એક, ક્રોધી અનેક.
૩ લોભી અનેક, માયી એક માની અનેક, ક્રોધી એક.
૪ લોભી અનેક, માયી એક, માની અનેક, ક્રોધી અનેક.
૫ લોભી અનેક, માયી અનેક, માની એક, ક્રોધી એક.
૬ લોભી અનેક, માયી અનેક, માની એક, ક્રોધી અનેક.
૭ લોભી અનેક, માયી અનેક, માની અનેક, ક્રોધી એક.
૮ લોભી અનેક, માયી અનેક, માની અનેક, ક્રોધી અનેક.

આ રીતે અસંયોગીનો ૧ ભંગ + દ્વિક સંયોગીના ૬ ભંગ + ત્રિક સંયોગીના ૧૨ ભંગ + ચતુઃ સંયોગીના ૮ ભંગ = કુલ ૨૭ ભંગ થાય છે.

દેવોમાં લોભનું બાહુલ્ય હોવાથી 'લોભ' કષાય પ્રત્યેક ભંગમાં બહુવચનમાં રાખવો જોઈએ.

**અન્ય દ્વારોમાં વિશેષતા :–** અસુરકુમાર આદિ સંહનન રહિત છે. પરંતુ તેના શરીર સંઘાતરૂપે જે પુદ્ગલો પરિણમે છે તે ઈષ્ટ અને સુંદર હોય છે. તેના ભવધારણીય શરીરનું સંસ્થાન સમચતુરસ્ર હોય છે અને ઉત્તર વૈક્રિય શરીર છ માંથી કોઈ પણ એક સંસ્થાનમાં પરિણત થઈ શકે છે તથા તેઓને કૃષ્ણ, નીલ, કાપોત અને તેજોલેશ્યા હોય છે.

## એકેન્દ્રિયોમાં દશ દ્વાર અને ભંગસંખ્યા :–

**૨૭ असंखेज्जेसु णं भंते ! पुढविकाइयावाससयसहस्सेसु एगमेगंसि पुढविकाइयावासंसि पुढविकाइयाणं केवइया ठिइट्ठाणा पण्णत्ता ?**

**गोयमा ! असंखेज्जा ठिइट्ठाणा पण्णत्ता, तं जहा– जहण्णिया ठिई** *जाव* **तप्पाउग्गुक्कोसिया ठिई ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! પૃથ્વીકાયિક જીવોના અસંખ્યાત લાખ આવાસોમાંથી એક એક આવાસમાં રહેતા પૃથ્વીકાયિક જીવોના કેટલા સ્થિતિસ્થાન છે ?

ઉત્તર– હે ગૌતમ ! તેના અસંખ્ય સ્થિતિ સ્થાન છે. તે આ પ્રમાણે છે– જઘન્ય સ્થિતિ (અંતમુર્હૂત) એક સમય અધિક જઘન્ય સ્થિતિ, બે સમય અધિક જઘન્ય સ્થિતિ ઈત્યાદિ તદ્સ્થાન યોગ્ય ઉત્કૃષ્ટ સ્થિતિ.

**૨૮** **असंखेज्जेसु णं भंते ! पुढविकाइयावास सयसहस्सेसु एगमेगंसि पुढवि-काइयावासंसि जहण्णियाए ठिईए वट्टमाणा पुढविकाइया किं कोहोवउत्ता, माणोवउत्ता, मायोवउत्ता, लोभोवउत्ता ?**

**गोयमा ! कोहोवउत्ता वि, माणोवउत्ता वि, मायोवउत्ता वि, लोभोवउत्ता वि। एवं पुढविकाइयाणं सव्वेसु वि ठाणेसु अभंगयं । णवरं तेउलेस्साए असीइभंगा,**

**एवं आउक्काइया वि । तेउक्काइया, वाउक्काइयाणं सव्वेसु वि ठाणेसु अभंगयं । वणस्सकाइया जहा पुढविक्काइया ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! પૃથ્વીકાયિક જીવોના અસંખ્યાત લાખ આવાસોમાંથી એક એક આવાસમાં રહેતા જઘન્ય સ્થિતિવાળા પૃથ્વીકાયિક શું ક્રોધોપયુક્ત છે, માનોપયુક્ત છે, માયોપયુક્ત છે કે લોભોપયુક્ત છે ?

ઉત્તર– હે ગૌતમ ! તે ક્રોધોપયુક્ત પણ છે, માનોપયુક્ત પણ છે, માયોપયુક્ત પણ છે અને લોભોપયુક્ત પણ છે. આ પ્રકારે પૃથ્વીકાયિકોનાં સર્વ સ્થાનોમાં અભંગક છે. વિશેષતા એ છે કે તેમાં તેજોલેશ્યામાં ૮૦ ભંગનું કથન કરવું જોઈએ.

એ જ પ્રમાણે અપકાયના સંબંધમાં જાણવું જોઈએ. તેજસ્કાય અને વાયુકાયનાં સર્વ સ્થાનોમાં અભંગ છે. વનસ્પતિકાયિક જીવોના સંબંધમાં પૃથ્વીકાયિકોની સમાન જાણવું

**વિવેચન :–**

પાંચ સ્થાવર જીવોનો વિરહકાલ નથી. પ્રત્યેક સ્થાનમાં તે જીવો અસંખ્ય અને અનંત જ ઉત્પન્ન થાય છે. આ કારણે તેમાં એક, અનેક આદિ વિકલ્પો નથી, તેથી તેને અભંગક કહ્યા છે. પૃથ્વી, પાણી અને વનસ્પતિમાં તેજોલેશી દેવ ઉત્પન્ન થાય છે, તે અપેક્ષાએ તેજોલેશ્યા હોય છે. તે જીવો અત્યંત અલ્પ અને અલ્પકાલિક હોય છે. ક્યારેક તેવા જીવોનો વિરહ પણ હોય છે, તેથી તેજોલેશી જીવ અશાશ્વત હોય છે. તેથી તેમાં ૮૦ ભંગ હોય છે, શેષ સર્વ સ્થાનમાં અભંગક છે. તેજસ્કાય અને વાયુકાયમાં દેવ ઉત્પન્ન થતા નથી તેથી તેમાં તેજોલેશ્યા નથી. વાયુકાયને ચાર શરીર છે. ઔદારિક, વૈક્રિય, તૈજસ અને કાર્મણ. શેષ ચાર સ્થાવરને ત્રણ શરીર છે. તે જીવો હુંડ સંસ્થાની, એકાંત મિથ્યાત્વી, અજ્ઞાની હોય છે. તે સર્વ સ્થાનમાં અભંગક હોય છે.

**વિકલેન્દ્રિયોમાં દશદ્વાર અને ભંગસંખ્યા :–**

**૨૯** **बेइंदिय–तेइंदिय–चउरिंदियाणं जेहिं ठाणेहिं णेरइयाणं असीइभंगा तेहिं ठाणेहिं असीइं चेव । णवरं अब्भहिया सम्मत्ते, आभिणिबोहियणाणे, सुयणाणे य; एएहिं**

**असीइभंगा । जेहिं ठाणेहिं णेरइयाणं सत्तावीसं भंगा, तेसु ठाणेसु सव्वेसु अभंगयं ।**

**ભાવાર્થ** :–જે સ્થાનોમાં નૈરયિક જીવોના ૮૦ ભંગ કહ્યા છે. તે સ્થાનોમાં બેઈન્દ્રિય, તેઈન્દ્રિય અને ચતુરિન્દ્રિય જીવોના ૮૦ ભંગ હોય છે. વિશેષતા એ છે કે સમ્યગ્દષ્ટિ, આભિનિબોધિકજ્ઞાન અને શ્રુતજ્ઞાન– આ ત્રણ સ્થાનમાં બેઈન્દ્રિય આદિ જીવોને ૮૦ ભંગ હોય છે તથા જે સ્થાનોમાં નારક જીવોના ૨૭ ભંગ કહ્યા છે, તે સર્વ સ્થાનો અહીં અભંગક છે.

**વિવેચન :–**

**વિકલેન્દ્રિય જીવોમાં નારકોથી ભિન્નત્વ :–** નારકોમાં જે જે સ્થાનમાં ૨૭ ભંગ કહ્યા છે, તે તે સ્થાનોમાં વિકલેન્દ્રિયમાં અભંગક કહેવા અને જ્યાં નારકમાં ૮૦ ભંગ કહ્યા છે ત્યાં ૮૦ ભંગ કહેવા પરંતુ વિશેષતા એ છે કે વિકલેન્દ્રિયને મિશ્ર દષ્ટિ નથી. તેથી તત્સંબંધી ભંગનું કથન ન કરવું. તેમજ સમ્યગ્ દષ્ટિ અને આભિનિબોધિક જ્ઞાન તથા શ્રુતજ્ઞાનમાં પણ ૮૦ ભંગ કહેવા કારણ કે તે ત્રણે સ્થાન ત્યાં અશાશ્વત છે અર્થાત્ અપર્યાપ્તમાં સાસ્વાદન સમકિતની અપેક્ષાએ તે ત્રણે બોલ ક્યારેક જ હોય છે. તેથી ૮૦ ભંગ થાય છે.

**તિર્યંચ પંચેન્દ્રિયોમાં દશ દ્વાર અને ભંગસંખ્યા :–**

**૩૦ पंचिंदियतिरिक्खजोणिया जहा णेरइया तहा भाणियव्वा । णवरं– जेहिं सत्तावीसं भंगा तेहिं अभंगयं कायव्वं । जत्थ असीइ तत्थ असीइं चेव ।**

**ભાવાર્થ** :– જે પ્રમાણે નૈરયિકના વિષયમાં કહ્યું છે, તે જ પ્રમાણે પંચેન્દ્રિય તિર્યંચયોનિક જીવોના વિષયમાં પણ કથન કરવું જોઈએ. વિશેષતા એ છે કે જે જે સ્થાનોમાં નારક જીવોના ૨૭ ભંગ કહ્યા છે, તે તે સ્થાનો અહીં અભંગક કહેવા જોઈએ અને જે સ્થાનોમાં નારકોમાં ૮૦ ભંગ કહ્યા છે તે સ્થાનોમાં પંચેન્દ્રિય તિર્યંચ યોનિક જીવોના પણ ૮૦ ભંગ જાણવા જોઈએ.

**વિવેચન :–**

આ સૂત્રમાં તિર્યંચ પંચેન્દ્રિયના સંબંધમાં, ભંગસંખ્યા બેઈન્દ્રિયની સમાન છે, તે પ્રમાણે કથન કર્યું છે અર્થાત્ નારકી કરતાં બેઈન્દ્રિય જીવોમાં ભંગ સંબંધી જે ભિન્નતા કહી છે, તે જ ભિન્નતા અહીં તિર્યંચ પંચેન્દ્રિયના સંબંધમાં પણ જાણવી. તેમાં આહારકને છોડીને ચાર શરીર, વજ્રઋષભનારાચ આદિ છ સંઘયણ, છ સંસ્થાન, છ લેશ્યાઓ અને ત્રણ દષ્ટિ હોય છે, તે સર્વ અભંગક છે. મિશ્રદષ્ટિમાં ૮૦ ભંગ કહેવા.

**મનુષ્યોમાં દશ દ્વાર અને ભંગસંખ્યા :–**

**૩૧ एवं मणुस्साणं वि जेहिं ठाणेहिं णेरइयाणं असीइभंगा तेहिं ठाणेहिं**

**असीइभंगा भाणियव्वा । जेसु ठाणेसु सत्तावीसा, तेसु अभंगयं । णवरं मणुस्साणं अब्भहियं जहण्णियठिइए, आहारए य असीति भंगा ।**

**ભાવાર્થ :–** નારક જીવોમાં જે જે સ્થાનોમાં ૮૦ ભંગ કહ્યા છે, તે તે સ્થાનોમાં મનુષ્યોમાં પણ ૮૦ ભંગ થાય છે. નારક જીવોના જે જે સ્થાનોમાં ૨૭ ભંગ કહ્યા છે, તેમાં મનુષ્યો અભંગક જાણવા. વિશેષતા એ છે કે મનુષ્યોની જઘન્ય સ્થિતિમાં અને આહારક શરીરમાં ૮૦ ભંગ થાય છે.

**વિવેચન :–**

આ સૂત્રમાં મનુષ્યોના વર્ણનમાં નારકીનો અતિદેશ કર્યો છે. નારકીમાં જઘન્ય સ્થિતિ શાશ્વત છે પરંતુ મનુષ્યમાં જઘન્ય સ્થિતિ સંમૂર્ચ્છિમ મનુષ્યની અપેક્ષાએ અશાશ્વત છે. તેમાં અને એક સમય અધિક જઘન્ય સ્થિતિથી સંખ્યાત સમય અધિક જઘન્ય સ્થિતિમાં, એક પ્રદેશાધિક જઘન્ય અવગાહનાથી સંખ્યાત પ્રદેશ અધિક જઘન્ય અવગાહનામાં અને મિશ્ર દષ્ટિમાં નારકોની સમાન ૮૦ ભંગ જ થાય છે. જ્યાં નારકોના ૨૭ ભંગ કહ્યા છે, ત્યાં મનુષ્યોમાં અભંગક છે. કારણ કે સર્વ કષાયયુક્ત મનુષ્યો એક સાથે અનેક પ્રાપ્ત થાય છે. મનુષ્યોમાં પાંચ શરીર, સંઘયણ–૬, સંસ્થાન–૬, લેશ્યા–૬, દષ્ટિ–૩, જ્ઞાન–૫, અજ્ઞાન–૩, હોય છે. તે સર્વ સ્થાનોમાં અભંગક કહેવું જોઈએ. કેવળજ્ઞાનમાં કષાય નથી માટે ભંગ કહ્યા નથી.

**દેવોમાં દશ દ્વાર અને ભંગ સંખ્યા :–**

**૩૨ वाणमंतर-जोइस-वेमाणिया जहा भवणवासी । णवरं णाणत्तं जाणियव्वं– जं जस्स *जाव* अणुत्तरा ॥ सेवं भंते ! सेवं भंते ॥**

**ભાવાર્થ :–** વાણવ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિક દેવોનું કથન ભવનપતિ દેવોની સમાન સમજવું જોઈએ. વિશેષતા એ છે કે જ્યાં જેમાં ભિન્નતા છે, તે જાણી લેવી જોઈએ ***યાવત્*** અનુત્તરવિમાન પર્યંત કથન કરવું જોઈએ.

હે ભગવન્ ! આ ભાવ આ જ પ્રકારે છે, ભગવન્ ! આ ભાવ આ જ પ્રકારે છે.

**વિવેચન :–**

આ સૂત્રમાં ભવનપતિ દેવોની જેમ શેષ દેવોનું કથન કર્યું છે. વિશેષતા એ છે કે જ્યોતિષી દેવમાં એક તેજોલેશ્યા અને વૈમાનિકોમાં તેજો, પદ્મ, અને શુક્લ તે ત્રણ શુક્લલેશ્યા હોય છે. જ્યોતિષી અને વૈમાનિકોમા નિયમતઃ ત્રણ જ્ઞાન, ત્રણ અજ્ઞાન હોય છે. અસંજ્ઞી જીવ જ્યોતિષી કે વૈમાનિક દેવોમાં ઉત્પન્ન થતા નથી. તેથી તેમાં અપર્યાપ્ત અવસ્થામાં પણ વિભંગજ્ઞાન હોય છે.

## ૨૪ દંડકોના જીવોમાં સ્થિતિ આદિ દ્વારોમાં ભંગ દર્શક યંત્ર

| દ્વાર | નરક | ભવન-વ્યંતર | જ્યોતિષી | વૈમાનિક | પૃ. પાણી વન. | તેઉ. વાઉ | વિકલેંદ્રિય. | તિર્યંચ પંચે. | મનુષ્ય |
|---|---|---|---|---|---|---|---|---|---|
| **(૧) સ્થિતિ** | | | | | | | | | |
| જઘન્ય સ્થિતિ | ૨૭ ભંગ | ૨૭ ભંગ | ૨૭ | ૨૭ | અભંગ | અભંગ | અભંગ | અભંગ | ૮૦ |
| એક સમય અધિક યાવત્ સંખ્યાત સમય અધિક | ૮૦ ભંગ | ૮૦ ભંગ | ૮૦ | ૮૦ | અભંગ | અભંગ | ૮૦ | ૮૦ | ૮૦ |
| અસંખ્યાત સમયાધિક યાવત્ ઉત્કૃષ્ટ સ્થિતિ | ૨૭ ભંગ | ૨૭ ભંગ | ૨૭ | ૨૭ | અભંગ | અભંગ | અભંગ | અભંગ | અભંગ |
| **(૨) અવગાહના** | | | | | | | | | |
| જઘન્યથી સંખ્યાત પ્રદેશાધિક | ૮૦ | ૮૦ | ૮૦ | ૮૦ | અભંગ | અભંગ | ૮૦ | ૮૦ | ૮૦ |
| અસંખ્યાત પ્રદેશાધિક યાવત્ ઉત્કૃષ્ટ | ૨૭ | ૨૭ | ૨૭ | ૨૭ | અભંગ | અભંગ | અભંગ | અભંગ | અભંગ |
| **(૩) શરીર** | ૨૭ | ૨૭ | ૨૭ | ૨૭ | અભંગ | અભંગ | અભંગ | અભંગ | અભંગ આહારક ૮૦ ભંગ |
| **(૪) સંઘયણ** | × | × | × | | અભંગ | અભંગ | અભંગ | અભંગ | અભંગ |
| **(૫) સંસ્થાન** | ૨૭ | ૨૭ | ૨૭ | ૨૭ | અભંગ | અભંગ | અભંગ | અભંગ | અભંગ |
| **(૬) લેશ્યા** | ૨૭ | ૨૭ | ૨૭ | ૨૭ | અભંગ | અભંગ તેજો–૮૦ | અભંગ | અભંગ | અભંગ |
| **(૭) દષ્ટિ** | | | | | | | | | |
| સમક્તિ, મિથ્યા | ૨૭ | ૨૭ | ૨૭ | ૨૭ | મિથ્યા–અભંગ | મિથ્યા–અભંગ | મિથ્યા–અભંગ | ૨–અભંગ | ૨–અભંગ |
| મિશ્ર | ૮૦ | ૮૦ | ૮૦ | ૮૦ | × | × | સમકિત–૮૦ | મિશ્ર–૮૦ | મિશ્ર–૮૦ |
| **(૮) જ્ઞાનાજ્ઞાન** | ૩જ્ઞા ૨૭ ૩ અજ્ઞા. | ૨૭ | ૨૭ | ૨૭ | અભંગ | અભંગ | બે અજ્ઞાન અભંગ બે જ્ઞાન ૮૦ | અભંગ | અભંગ |
| **(૯) યોગ** | ૨૭ | ૨૭ | ૨૭ | ૨૭ | અભંગ | અભંગ | અભંગ | અભંગ | અભંગ |
| **(૧૦) ઉપયોગ** | ૨૭ | ૨૭ | ૨૭ | ૨૭ | અભંગ | અભંગ | અભંગ | અભંગ | અભંગ |

૨૪ દંડકોના જીવો સ્થિતિ, અવગાહના આદિ ઋદ્ધિ જીવાભિગમ સૂત્ર પ્રથમ પ્રતિપત્તિઅનુસાર જાણવી અને પ્રત્યેક સ્થાનમાં તેની ઋદ્ધિ અનુસાર ભંગ સંખ્યા સમજવી.

**॥ શતક–૧/૫ સંપૂર્ણ ॥**

# શતક–૧ : ઉદ્દેશક–૬

## સંક્ષિપ્ત સાર

આ ઉદ્દેશકમાં સૂર્યના ઉદય–અસ્ત સમયની વિવિધ વિચારણા, લોકાન્ત સ્પર્શના, ક્રિયા, રોહા અણગારના પ્રશ્નો, અષ્ટવિધ લોકસંસ્થિતિ અને સ્નેહકાય વગેરે વિવિધ વિષયોનું પ્રતિપાદન છે.

★ ઉદય અને અસ્ત સમયે સૂર્ય એક સમાન દૂરથી દષ્ટિગોચર થાય છે અને તે સમાન ક્ષેત્રને પ્રકાશિત કરે છે. સૂર્યના કિરણો તે તે ક્ષેત્રને સર્વ દિશાથી સ્પર્શ કરી તાપિત અને પ્રકાશિત કરે છે.

★ લોક અલોકને, અલોક લોકને, દ્વીપ સમુદ્રને, સમુદ્ર દ્વીપને, જહાજ પાણીને, પાણી જહાજને, વસ્ત્ર તેના છિદ્રને, છિદ્ર વસ્ત્રને આદિ સર્વ પરસ્પર છ દિશાએથી સ્પર્શ કરે છે.

★ ૧૮ પાપસ્થાન રૂપ ક્રિયા ૨૪ દંડકના જીવો દ્વારા કરાય છે. તે આત્મકૃત છે, પરકૃત નથી. તે અનુક્રમથી સ્પૃષ્ટ થાય છે.

★ રોહા અણગારે જગતની ઉત્પત્તિ વિષયક મહત્ત્વના પ્રશ્નો પૂછ્યા છે. રોહાએ લોક–અલોક, જીવ–અજીવ, ભવ્ય–અભવ્ય, નરક–પૃથ્વી આદિ, ઘનોદધિ આદિ, અવકાશાન્તર આદિમાં પૂર્વ–પશ્ચાદ્ભાવ વિષયક પ્રશ્નો પૂછ્યા છે. પ્રભુએ કૂકડી અને ઈંડાના દષ્ટાંતના માધ્યમથી આ પરસ્પર વિરોધી યુગલોને અનાદિ સિદ્ધ ભાવો કહયા છે. તેમાં પૂર્વ–પશ્ચાદ્ભાવ નથી.

★ લોક સંસ્થિતિ આઠ પ્રકારની છે. (૧) આકાશના આધારે વાયુ (૨) વાયુના આધારે પાણી (૩) પાણીના આધારે પૃથ્વી (૪) પૃથ્વીના આધારે ત્રસ–સ્થાવર જીવ (૫) અજીવ જીવ પ્રતિષ્ઠિત છે. [શરીરાદિ] (૬) જીવ કર્માધીન–કર્મ પ્રતિષ્ઠિત છે (૭) અજીવને જીવે સંગૃહીત કર્યા છે (૮) જીવને કર્મે સંગૃહીત કર્યા છે.

શાસ્ત્રકારે ઉપરોક્ત વિષયને બે દષ્ટાંતથી સ્પષ્ટ કર્યા છે– (૧) મશકમાં હવા અને પાણી વિશિષ્ટ પ્રકારે ભરવામાં આવે તો હવાના આધારે પાણી રહે છે. (૨) વાયુથી ફૂલાવેલી મશક કમ્મરે બાંધીને કોઈ વ્યક્તિ પાણીમાં પડે, તો તે પાણીની ઉપર તરે છે, ડૂબતી નથી. તે જ રીતે આકાશ, હવા, પાણી, પૃથ્વી, જીવો ક્રમશઃ એકબીજાના આધારે રહેલા છે.

★ જેમ તળાવમાં છિદ્રવાળી નાવને મૂકતા તે પાણી સાથે એકમેક પ્રતીત થાય છે, તે જ રીતે જીવ અને પુદ્ગલ પરસ્પર એકમેક થઈ ગયા છે. આ સંબંધ જીવ અને પુદ્ગલ બંનેની સ્નિગ્ધતાથી થાય છે.

★ **સૂક્ષ્મ સ્નેહકાય–** તે અત્યંત સૂક્ષ્મ, સ્નિગ્ધ, શીત જલમય છે. તે નિરંતર, ઊંચે, નીચે અને

તિરછે વરસી રહી છે. તે અત્યંત સૂક્ષ્મ હોવાથી ઓસબિંદુ, ઝાકળ આદિની જેમ બુંદ રૂપે એકત્રિત થતી નથી. પરંતુ તત્કાળ નાશ પામે છે. વરસાદના દિવસોમાં જે ભેજવાળી હવા હોય છે, તેનાથી પણ અત્યંત સૂક્ષ્મ સ્નેહકાય હોય છે. તેથી તેને સૂક્ષ્મ સ્નેહકાય કહી છે. જે ૨૪ કલાક અને બારે માસ નિરંતર વરસે છે.

❖❖❖❖❖

# શતક–૧ : ઉદ્દેશક–૬

## યાવન્ત

**સૂર્યના ઉદયાસ્ત સમયની વિવિધ વિચારણા :–**

**१ जावइयाओ य णं भंते ! उवासंतराओ उदयंते सूरिए चक्खुप्फासं हव्व- मागच्छइ, अत्थमंते वि य णं सूरिए तावइयाओ चेव उवासंतराओ चक्खुप्फासं हव्वमागच्छइ ?**

**हंता गोयमा ! जावइयाओ णं उवासंतराओ उदयंते सूरिए चक्खुप्फासं हव्वमागच्छइ अत्थमंते वि सूरिए *जाव* हव्वमागच्छइ।**

**શબ્દાર્થ :–** **जाइयाओ** = જેટલા, **उवसंतराओ** = આકાશાંતરથી, અવકાશાન્તરથી, **उदयंते** = ઉદય થતો, **चक्खुप्फासं** = ચક્ષુ:સ્પર્શ–નજરે દેખાવું, દષ્ટિગોચર થવું, **अत्थमंते** = અસ્ત થતો, **हव्वं** = શીઘ્ર, આ શબ્દનો પ્રયોગ **'खलु'** શબ્દની જેમ વાક્યાલંકાર માટે થાય છે.

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! જેટલા અવકાશાન્તરથી અર્થાત્ જેટલે દૂરથી ઉદય થતો સૂર્ય આંખોથી જોઈ શકાય છે તેટલા જ દૂરથી શું અસ્ત થતો સૂર્ય પણ દષ્ટિગોચર થાય છે ?

ઉત્તર– હા, ગૌતમ ! જેટલે દૂરથી ઉદય થતો સૂર્ય દષ્ટિગોચર થાય છે તેટલા જ દૂરથી અસ્ત થતો સૂર્ય પણ દષ્ટિગોચર થાય છે.

**२ जावइया णं भंते ! खित्तं उदयंते सूरिए आयवेणं सव्वओ समंता ओभासइ उज्जोएइ तवेइ पभासेइ; अत्थमंते वि य णं सूरिए तावइयं चेव खित्तं आयवेणं सव्वओ समंता ओभासेइ उज्जोएइ तवेइ पभासेइ ?**

**हंता गोयमा ! जावइयं णं खेत्तं *जाव* पभासेइ ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! ઉદય થતો સૂર્ય પોતાના આતપ–તાપથી જેટલા ક્ષેત્રને ચારે તરફથી, (સર્વ દિશા અને વિદિશાને) પ્રકાશિત કરે છે, ઉદ્યોતિત કરે છે, તપાવે છે અને વિશેષ તપાવે છે, શું તેટલા જ ક્ષેત્રને અસ્ત થતો સૂર્ય પણ પોતાના તાપથી સર્વ દિશા અને વિદિશાઓને પ્રકાશિત કરે છે, ઉદ્યોતિત કરે

છે, તપાવે છે અને વિશેષ તપાવે છે ?

ઉત્તર– હા, ગૌતમ ! ઉદય થતો સૂર્ય જેટલા ક્ષેત્રને પ્રકાશિત કરે છે, તેમજ અત્યંત તપાવે છે તેટલા જ ક્ષેત્રને અસ્ત થતો સૂર્ય પણ પ્રકાશિત કરે છે, તેમજ અત્યંત તપાવે છે.

**३ तं भंते ! किं पुट्ठं ओभासेइ, अपुट्ठं ओभासेइ ? *जाव* छद्दिसिं ओभासेइ । एवं उज्जोवेइ, तवेइ, पभासेइ *जाव* णियमा छद्दिसिं ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! સૂર્ય જે ક્ષેત્રને પ્રકાશિત કરે છે તે ક્ષેત્ર શું સૂર્યથી સ્પૃષ્ટ–સ્પર્શ કરાયેલું છે ? કે અસ્પૃષ્ટ છે ?

ઉત્તર– હે ગૌતમ ! તે ક્ષેત્ર સૂર્યથી(સૂર્યના કિરણોથી) સ્પૃષ્ટ હોય છે અને તે ક્ષેત્રને છ દિશાઓમાં પ્રકાશિત કરે છે. આ જ પ્રમાણે ઉદ્યોતિત કરે છે, તપાવે છે, વિશેષ તપાવે છે, નિયમપૂર્વક છ દિશાઓમાં અત્યંત તપાવે છે. ત્યાં સુધીનું કથન કરવું જોઈએ.

**४ से णूणं भंते ! सव्वं ति सव्वावंति फुसमाणकाल समयंसि जावइयं खेत्तं फुसइ, तावइयं 'फुसमाणे पुट्ठे' त्ति वत्तव्वं सिया ?**

**हंता गोयमा ! सव्वं ति जाव वत्तव्वं सिया ।**

**तं भंते ! किं पुट्ठं फुसइ अपुट्ठं फुसइ ? *जाव* णियमा छद्दिसिं ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! સમસ્ત દિશાઓમાં, સર્વરૂપે (સર્વાત્મના) સ્પૃશ્યમાન કાલમાં જેટલા ક્ષેત્રનો સૂર્ય સ્પર્શ કરે છે તેટલા ક્ષેત્રને સ્પૃષ્ટ કહી શકાય છે ?

ઉત્તર– હા, ગૌતમ ! તે 'સ્પૃશ્યમાન સ્પૃષ્ટ' એ પ્રમાણે કહી શકાય છે.

પ્રશ્ન– હે ભગવન્ ! સૂર્ય સ્પૃષ્ટ ક્ષેત્રને સ્પર્શ કરે છે કે અસ્પૃષ્ટ ક્ષેત્રને સ્પર્શ કરે છે ?

ઉત્તર– હે ગૌતમ ! સૂર્ય સ્પૃષ્ટ ક્ષેત્રને સ્પર્શે છે, તેમજ નિયમા છ દિશાઓનો સ્પર્શ કરે છે. ત્યાં સુધીનું કથન કરવું જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત ચાર સૂત્રમાં સૂર્ય દ્વારા થતો ક્ષેત્ર સ્પર્શ તથા તાપ દ્વારા ઉક્ત ક્ષેત્રને પ્રકાશિત, પ્રતાપિત એવં સ્પૃષ્ટ કરવાના વિષયમાં પ્રશ્નોત્તર છે.

**સૂર્ય કેટલે દૂરથી દેખાય છે ? :–** મૂળપાઠમાં તેનો કોઈ સ્પષ્ટ નિર્દેશ નથી. પરંતુ ઉદય અને અસ્ત સમયે તે એક સરખો દૂર હોય છે અને ચક્ષુગોચર થાય છે. ઉદય અને અસ્ત સમયે એક સમાન ક્ષેત્રને

પ્રકાશિત કરે છે. વૃત્તિકારે કહ્યું છે કર્ક સંક્રાતિમાં સૂર્ય સર્વાભ્યંતર [સર્વ મંડલોમાં મધ્ય] મંડલમાં પ્રવેશ કરે છે. તે સમયે ભરતક્ષેત્રમાં વસતા લોકોને સાધિક ૪૭,૨૬૩ (સુડતાલીસ હજાર, બસ્સો ત્રેસઠ)યોજન દૂરથી દેખાય છે. મંડલના પરિવર્તન સાથે આ અંતર પરિવર્તિત થાય છે. તેનું દૂરથી દેખાવાનું કારણ એ છે કે ચક્ષુ અપ્રાપ્યકારી ઈન્દ્રિય છે. તે પોતાના વિષયને–રૂપને સ્પર્શ્યા વિના જ જોઈ શકે છે. અન્ય ઈન્દ્રિયો પ્રાપ્યકારી છે તે પ્રત્યેક ઈન્દ્રિયો પોતાના વિષય સાથે સંબંધ કરીને જ વિષયને ગ્રહણ કરે છે. અહીં **चक्खुफासं**– ચક્ષુઃ સ્પર્શ શબ્દ આપ્યો છે. તેનો અર્થ 'આંખોથી સ્પર્શ થવો નહિ પરંતુ આંખોથી દેખાવું' તે પ્રમાણે થાય છે. કોઈ પણ રૂપ આંખને સ્પર્શે તો તેને આંખ જોઈ શકતી જ નથી. જેમ કે આંખમાં આંજેલુ કાજલ.

**हव्वमागच्छइ :–** **हव्वं** શબ્દનો અર્થ 'શીઘ્ર' થાય છે પરંતુ આગમમાં **हव्वं** શબ્દ અને **खलु** શબ્દનો પ્રયોગ પ્રાયઃ વાક્યાલંકાર રૂપે થાય છે. જેમ કે **एवं खलु जंबू** . માટે દરેક સ્થળે **हव्वं** નો શીઘ્ર અર્થ કે **खलु** નો નિશ્ચય અર્થ કરવો ઉપયુક્ત નથી. તેથી પ્રસંગાનુસાર અર્થ કરવો જોઈએ. અહીં **चक्खुफासं हव्वमागच्छइ** નો અર્થ થાય કે દષ્ટિગોચર થાય છે. તેમજ **एवं खलु जंबू** નો અર્થ થાય છે– હે જંબૂ અથવા આ રીતે હે જંબૂ !

**ओभासेइ આદિ પદોના અર્થ :–** વૃત્તિકારે આ ચારે ક્રિયાપદોની વ્યાખ્યા પ્રકાશની ચાર અવસ્થાઓના રૂપમાં કરી છે.

**ओभासइ :–** થોડું પ્રકાશિત થવું. ઉદયાસ્ત સમયનો લાલિમાયુક્ત પ્રકાશ અવભાસ કહેવાય છે.

**उज्जोएइ :–** ઉદ્યોતિત થવું. જે પ્રકાશમાં સ્થૂલ વસ્તુ પ્રતીત થાય છે.

**तवेइ :–** તપે છે. ઠંડીને દૂર કરે છે. તે તાપમાં નાના મોટા સર્વ પદાર્થો સ્પષ્ટ દેખાય છે.

**पभासेइ :–** અત્યંત તપે છે. જે તાપમાં અત્યંત નાની નાની વસ્તુ પણ દેખાય છે.

**સૂર્ય દ્વારા ક્ષેત્રનો અવભાસાદિ :–** સૂર્ય જે ક્ષેત્રને અવભાસાદિ કરે છે, તે ક્ષેત્રનો સ્પર્શ–અવગાહના કરીને અવભાસિત કરે છે. અનંતરાવગાઢને અવભાસાદિ કરે છે, પરમ્પરાવગાઢને નહિ. તે અણુ, બાદર, ઉપર, નીચે, તિરછું, આદિ, મધ્ય અને અંત, સર્વ ક્ષેત્રને સ્વવિષયમાં, ક્રમપૂર્વક, છ દિશાઓમાં અવભાસિતાદિ કરે છે. તેથી તે સ્પૃષ્ટ–ક્ષેત્રસ્પર્શી કહેવાય છે. સૂર્યના પ્રકાશથી વર્તમાનમાં સ્પૃશ્યમાન ક્ષેત્ર સ્પૃષ્ટ કહેવાય છે. અહીં 'ક્રિયમાણ કૃત' નો સિદ્ધાંત પ્રતીત થાય છે. તેથી જ કહ્યું છે કે અસ્પૃષ્ટ ક્ષેત્રનો સ્પર્શ થતો નથી, સ્પૃષ્ટ ક્ષેત્રનો જ સ્પર્શ કરાય છે.

## લોકાન્ત અલોકાન્તાદિ સ્પર્શના :–

**૫** **लोयंते भंते ! अलोयंतं फुसइ, अलोयंते वि लोयंतं फुसइ ? हंता गोयमा! लोयंते अलोयंतं फुसइ, अलोयंते वि लोयतं फुसइ ।**

**तं भंते ! किं पुट्ठं फुसइ, अपुट्ठं फुसइ ?** *जाव* **णियमा छद्दिसिं फुसइ ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! શું લોકનો અંત, અલોકના અંતને સ્પર્શ કરે છે ? શું અલોકનો અંત, લોકના અંતને સ્પર્શ કરે છે ?

ઉત્તર– હે, ગૌતમ ! લોકનો અંત અલોકના અંતને સ્પર્શ કરે છે અને અલોકનો અંત લોકના અંતને સ્પર્શ કરે છે.

પ્રશ્ન– હે ભગવન્ ! તે જે [લોકાન્ત અલોકાન્તને અને અલોકાન્ત લોકાન્તને] સ્પર્શ કરે છે, તે શું સ્પૃષ્ટ છે કે અસ્પૃષ્ટ છે ?

ઉત્તર– હે ગૌતમ ! નિયમા છ દિશાઓમાં સ્પૃષ્ટ હોય છે

**૬ दीवंते भंते ! सागरंतं फुसइ, सागरंते वि दीवंतं फुसइ ?**

**हंता** *जाव* **णियमा छद्दिसिं फुसइ ।**

**एवं एएणं अभिलावेणं– उदगंते पोयंतं फुसइ, छिद्दंते दूसंतं, छायंते आयवंतं** *जाव* **णियमा छद्दिसिं फुसइ।**

**શબ્દાર્થ :– दीवंते** = દ્વીપાન્ત, **उदगंते** = ઉદકાન્ત, જલનો અંતિમ ભાગ, **पोयंते** = પોતાન્ત, જહાજનો અંતિમ ભાગ, **छिद्दंते** = છિદ્રાન્ત, છેદનો અંતિમ ભાગ, **दूसंतं** = વસ્ત્રનો અંત, **छायंते** = છાયાનો અંત, **आयवंतं** = આતપનો અંત.

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! શું દ્વીપનો અંત સમુદ્રના અંતને સ્પર્શ કરે છે ? અને સમુદ્રનો અંત દ્વીપના અંતને સ્પર્શ કરે છે ?

ઉત્તર– હા, ગૌતમ તેમજ નિયમા છ દિશાઓમાં સ્પર્શ કરે છે.

પ્રશ્ન– હે ભગવન્ ! શું આ જ પ્રકારના અભિલાપથી પાણીનો કિનારો પોત–નૌકાને અને નૌકાનો કિનારો પાણીને સ્પર્શ કરે છે ? શું છેદનો કિનારો વસ્ત્રને અને વસ્ત્રનો કિનારો છેદને સ્પર્શ કરે છે ? શું છાયાનો અંત આતપ–તાપને અને આતપનો અંત છાયાને સ્પર્શ કરે છે ?

ઉત્તર– હા, ગૌતમ ! તેમજ નિયમા છ દિશાઓમાં સ્પર્શ કરે છે.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રોમાં લોકાન્ત અલોકાન્ત આદિની સ્પર્શનાનું નિરૂપણ છે.

**લોક–અલોક :–** જ્યાં ધર્માસ્તિકાય આદિ છ દ્રવ્ય સ્થિત છે, તે લોક અને જ્યાં કેવળ આકાશદ્રવ્ય જ છે તે અલોક અથવા લોકની બહારના ક્ષેત્રને અલોક કહે છે.

અહીં પ્રશ્ન એ છે કે દ્વીપ અને સમુદ્રોનો અંત પરસ્પર છ દિશામાં કેવી રીતે સ્પર્શે ? સર્વદ્વીપ અને સમુદ્રની ઊંડાઈ ૧૦૦૦ યોજનની છે. તેથી દ્વીપ અને સમુદ્રોનો અંત પરસ્પર નીચે, ઉપર અને ચારે દિશામાં સ્પર્શ કરે છે. આ રીતે છ દિશાની સ્પર્શના થઈ શકે છે. વસ્ત્ર વગેરેની જાડાઈ હોય છે તેની અપેક્ષા ઉપર નીચેની દિશા ઘટિત થઈ જાય છે.

**અઢાર પાપ સંબંધી ક્રિયા–વિચાર :–**

**૭** **अत्थि णं भंते ! जीवाणं पाणाइवाय किरिया कज्जइ ? हंता, अत्थि ।**

**सा भंते ! किं पुट्ठा कज्जइ, अपुट्ठा कज्जइ ?** *जाव* **णिव्वाघाएणं छद्दिसिं, वाघायं पडुच्च सिय तिदिसिं, सिय चउदिसिं, सिय पंचदिसिं।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! શું જીવો દ્વારા પ્રાણાતિપાત ક્રિયા કરાય છે ?

ઉત્તર– હા, ગૌતમ ! કરાય છે.

પ્રશ્ન– હે ભગવન્ ! જે ક્રિયા કરાય છે, તે શું સ્પૃષ્ટ છે કે અસ્પૃષ્ટ ?

ઉત્તર– હે ગૌતમ ! તે સ્પૃષ્ટ છે, તેમજ વ્યાઘાત ન હોય તો છ દિશાને અને વ્યાઘાત હોય તો કદાચિત્ ત્રણ, કદાચિત્ ચાર, કદાચિત્ પાંચ દિશાને સ્પર્શે છે. ત્યાં સુધીનું કથન કરવું જોઈએ.

**૮** **सा भंते ! किं कडा कज्जइ, अकडा कज्जइ ? गोयमा ! कडा कज्जइ, णो अकडा कज्जइ ।**

**सा भंते ! किं अत्तकडा कज्जइ, परकडा कज्जइ, पदुभयकडा कज्जइ ? गोयमा ! अत्तकडा कज्जइ, णो परकडा कज्जइ, णो तदुभयकडा कज्जइ ।**

**सा भंते ! किं आणुपुव्विं कडा कज्जइ, अणाणुपुव्विं कडा कज्जइ ?**

**गोयमा ! आणुपुव्विं कडा कज्जइ, णो अणाणुपुव्विं कडा कज्जइ। जा य कडा, जा य कज्जइ, जा य कज्जिस्सइ, सव्वा सा आणुपुव्विकडा, णो अणाणुपुव्विकडा त्ति वत्तव्वं सिया ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! જે ક્રિયા કરાય છે, શું તે કૃત છે કે અકૃત છે ?

ઉત્તર– હે ગૌતમ ! તે ક્રિયા કૃત છે, અકૃત નહિ.

પ્રશ્ન– હે ભગવન્ ! જે ક્રિયા કરાય છે, શું તે આત્મકૃત છે, પરકૃત છે કે ઉભયકૃત છે ?

ઉત્તર– હે ગૌતમ ! તે ક્રિયા આત્મકૃત છે, પરકૃત કે ઉભયકૃત નથી.

પ્રશ્ન– હે ભગવન્ ! જે ક્રિયા આત્મકૃત કરાય છે, તે શું આનુપૂર્વી–અનુક્રમથી કરાય છે કે અનાનુપૂર્વી–ક્રમ વિના કરાય છે ?

ઉત્તર– હે ગૌતમ ! તે ક્રિયા અનુક્રમથી કરાય છે, ક્રમ વિના કરાતી નથી. જે ક્રિયા કરી છે, જે ક્રિયા કરાય છે અને જે ક્રિયા કરાશે, તે સર્વ ક્રિયા અનુક્રમપૂર્વક કૃત છે, અનુક્રમ વિના કૃત નથી. એ પ્રમાણે કથન કરવું જોઈએ.

**९ अत्थि णं भंते ! णेरइयाणं पाणाइयाकिरिया कज्जइ ? हंता, अत्थि । सा भंते ! किं पुट्ठा कज्जइ, अपुट्ठा कज्जइ ?** *जाव* **णियमा छद्दिसिं कज्जइ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! શું નૈરયિકો દ્વારા પ્રાણાતિપાત ક્રિયા કરાય છે ?

ઉત્તર– હા, ગૌતમ ! કરાય છે.

પ્રશ્ન– હે ભગવન્ ! નૈરયિકો દ્વારા જે ક્રિયા કરાય છે, તે શું સ્પૃષ્ટ કરાય છે કે અસ્પૃષ્ટ કરાય છે ?

ઉત્તર– હે ગૌતમ ! તે સ્પૃષ્ટ કરાય છે, તેમજ નિયમા છ દિશાઓમાં કરાય છે, ત્યાં સુધીનું કથન કરવું જોઈએ.

**१० सा भंते ! किं कडा कज्जइ, अकडा कज्जइ ? तं चेव** *जाव* **णो अणाणुपुव्विकडा त्ति वत्तव्वं सिया । जहा णेरइया तहा एगिंदियवज्जा भाणियव्वा** *जाव* **वेमाणिया । एगिंदिया जहा जीवा तहा भाणियव्वा ।**

**जहा पाणाइवाए तहा मुसावाए, तहा अदिण्णादाणे, मेहुणे, परिग्गहे, कोहे** *जाव* **मिच्छादंसणसल्ले । एवं एए अट्ठारस चउवीसं दंडगा भाणियव्वा ॥ सेवं भंते ! सेवं भंते ॥**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! નૈરયિકો દ્વારા જે ક્રિયા કરાય છે તે શું કૃત છે કે અકૃત છે ?

ઉત્તર– હે ગૌતમ ! પૂર્વવત્ જાણવું. તેમજ તે અનુક્રમપૂર્વક કૃત છે. અનનુક્રમપૂર્વક કૃત નથી, એ પ્રમાણે કથન કરવું જોઈએ.

એકેન્દ્રિયને છોડીને વૈમાનિક પર્યંતના પ્રત્યેક દંડકોમાં નૈરયિકોની સમાન કથન કરવું જોઈએ.

એકેન્દ્રિયોના વિષયમાં ઔઘિક[સામાન્ય] જીવોની સમાન કથન કરવું જોઈએ.

પ્રાણાતિપાત ક્રિયાની સમાન મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન, પરિગ્રહ, ક્રોધથી મિથ્યાદર્શન શલ્ય પર્યંતના ૧૮ પાપસ્થાનોના વિષયમાં ચોવીસ દંડકનું કથન કરવું જોઈએ.

હે ભગવન્ ! આ ભાવ આ જ પ્રકારે છે, હે ભગવન! આ ભાવ આ જ પ્રકારે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં સામાન્ય જીવો, તથા ૨૪ દંડકોમાં પ્રાણાતિપાતથી મિથ્યાદર્શન શલ્ય પર્યંતની ક્રિયાના સંબંધમાં વિવિધ દષ્ટિકોણથી પ્રશ્નોત્તરોનું નિરૂપણ છે.

**ક્રિયા :– क्रियते इति क्रिया–कर्म ।** જે કરાય છે તે ક્રિયા છે. ક્રિયાને કર્મ કહે છે અથવા કર્મ બંધની હેતુભૂત ચેષ્ટાને ક્રિયા કહે છે. તેના પ્રાણાતિપાતાદિ ૧૮ પ્રકાર છે. ક્રિયાની સાથે ત્રણ પરિણમન જોડાયેલા છે. કેમ કે ક્રિયા ત્રૈકાલિક છે. પ્રાણાતિપાતનો અતીતકાલીન સંસ્કાર પ્રાણાતિપાત પાપસ્થાન કહેવાય છે. વર્તમાનમાં થનારી પ્રાણાતિપાતની પ્રવૃત્તિને પ્રાણાતિપાત ક્રિયા કહેવાય અને તે ક્રિયાથી થનારો કર્મબંધ પ્રાણાતિપાતની પરિણતિ કહેવાય છે.

પ્રસ્તુતમાં પ્રાણાતિપાત ક્રિયા વિષયક પ્રશ્નોત્તર છે. તેમાં સૌથી પ્રથમ પ્રશ્ન છે, તે ક્રિયા સ્પૃષ્ટ છે કે અસ્પૃષ્ટ ? ઉત્તર– તે ક્રિયા સ્પૃષ્ટ છે. સ્પૃષ્ટ એટલે તે ક્રિયા પ્રાણાતિપાત કરનાર સાથે એકાત્મ થઈને થાય છે. સમુચ્ચય રીતે ક્રિયા છ દિશામાં સ્પૃષ્ટ થઈને થાય છે પરંતુ પાંચ સ્થાવરના જીવો લોકાંતે અથવા લોકના નિષ્કુટમાં રહેલા હોય તેને અલોકનો વ્યાઘાત હોય છે, તે ત્રણ, ચાર કે પાંચ દિશાને સ્પર્શે છે. ત્રસ જીવોને અવશ્ય છ દિશાની ક્રિયા લાગે છે. ***યાવત્*** પદથી પૂર્વોક્ત અવગાઢ–અનંતરાવગાઢ આદિ પદોનું ગ્રહણ થાય છે. તે ક્રિયા આત્મકૃત છે અર્થાત્ તે ઈશ્વરાદિ કૃત નથી. તેમજ પ્રત્યેક ક્રિયા અનુક્રમથી જ થાય છે. ક્રિયામાં પૂર્વાપરના ક્રમની વ્યવસ્થા હોવાથી ક્રિયા આનુપૂર્વીથી થાય છે. પૂર્વ–પશ્ચાત્‌નો ક્રમ આનુપૂર્વીમાં જ હોય છે.

## રોહા અણગાર

રોહા અણગાર પ્રભુ મહાવીરના વિનીત શિષ્ય હતા. જેઓ સાધકને યોગ્ય સર્વ ગુણસંપન્ન હતા. સંયમ અને તપથી આત્માને ભાવિત કરતા હતા. એકદા તેમના અંતરમાં લોક–અલોક, જીવ–અજીવ, સિદ્ધિ–અસિદ્ધિ, કૂકડી–ઈંડું વગેરે અનેક પદાર્થોમાં પૂર્વ–પશ્ચાદ્‌ભાવ વિષયક શંકા થઈ. તેમણે પ્રભુ સમક્ષ વિનમ્રભાવે જિજ્ઞાસા પ્રગટ કરી. પ્રભુએ પોતાના જ્ઞાનથી પ્રત્યુત્તર આપ્યો કે લોક–અલોક, કૂકડી–ઈંડું આદિ પ્રત્યેક અનાદિકાલીન શાશ્વત ભાવો છે, તેમાં પૂર્વ–પશ્ચાદ્‌ભાવ નથી. પહેલાં કૂકડીમાંથી ઈંડું થયું કે ઈંડામાંથી કૂકડી થઈ, તેમ કહી શકાતું નથી.

રોહા અણગારની શંકાનું સમાધાન થઈ ગયું અને તરત જ પોતાના આત્મભાવમાં લીન બની ગયા.

**રોહા અણગારના પ્રશ્નો :–**

**૧૧ तेणं कालेणं, तेणं समएणं समणस्स भगवओ महावीरस्स अंतेवासी रोहे**

**णामं अणगारे पगइभद्दए, पगइमउए, पगइविणीए, पगइउवसंते, पगइपयणुकोह-माण-माया-लोभे, मिउमद्दवसंपण्णे, अलीणे, भद्दए, विणीए समणस्स भगवओ महावीरस्स अदूरसामंते उड्ढंजाणु, अहोसिरे, झाणकोट्ठोवगए संजेमणं, तवसा अप्पाणं भावेमाणे विरहइ । तए णं से रोहे अणगारे जायसड्ढे** *जाव* **पज्जुवासमाणे एवं वयासी–**

**ભાવાર્થ :–** તે કાલે, તે સમયે શ્રમણ ભગવાન મહાવીર સ્વામીના અંતેવાસી (શિષ્ય) રોહા નામક અણગાર હતા. તે પ્રકૃતિથી ભદ્ર, પ્રકૃતિથી મુદુ(કોમલ), પ્રકૃતિથી વિનીત, પ્રકૃતિથી ઉપશાંત, અલ્પ ક્રોધ, માન, માયા અને લોભવાળા, અત્યંત નિરહંકારતા–મૃદુતા સંપન્ન, ગુરુ સમાશ્રિત[ગુરુ ભક્તિમાં લીન] અથવા ગુપ્તેન્દ્રિય, ભદ્રિક–માયાકપટ રહિત, વિનયમૂર્તિ હતા. તે શ્રમણ ભગવાન મહાવીરની ન અતિ દૂર, ન અતિ નજીક, ઉર્ધ્વજાનુ–ઘૂંટણ ઉપર કરીને અને અધોશિર–નીચેની તરફ મસ્તક ઝૂકાવીને, ધ્યાનરૂપી કોષ્ઠાગારમાં પ્રવિષ્ટ, સંયમ અને તપથી આત્માને ભાવિત કરતા વિચરતા હતા. તત્ પશ્ચાત્ તે રોહા અણગાર જાતશ્રદ્ધાવાન આદિ વિશેષણ યુક્ત બની, શ્રમણ ભગવાન મહાવીરની પર્યુપાસના કરતા તેમણે આ પ્રમાણે કહ્યું–

## વિવેચન :–

રોહા નામના અણગાર પ્રભુ મહાવીરના વિનીત શિષ્ય હતા. તત્કાલીન ભિન્ન ભિન્ન દાર્શનિક વિચારધારાઓને લઈને, તેના અંતરમાં પણ અનેક મૂળભૂત પ્રશ્નો ઉપસ્થિત થયા.

કોઈ પણ મનુષ્ય જ્યારે ચિંતનનો પ્રારંભ કરે છે, ત્યારે તેના અંતરમાં મૂળભૂત તત્ત્વ વિષયક જિજ્ઞાસા ઉત્પન્ન થાય છે. આ સૃષ્ટિનું સર્જન કોણે કર્યું ? તેનો નાશ ક્યારે થશે ? આ સૃષ્ટિ પર પહેલું કોણ આવ્યું હશે ? વગેરે પ્રશ્નો સહજ રીતે થાય છે. ભિન્ન ભિન્ન દર્શનોમાં તેનું સમાધાન ભિન્ન ભિન્ન રીતે થયું છે. ઉપનિષદ્‌માં પણ તદ્‌વિષયક વિભિન્ન વિચારધારા છે.

(૧) જગતનું મૂળ તત્ત્વ અસત્ છે. અસત્‌માંથી સત્‌ની ઉત્પત્તિ થઈ છે.

(૨) જગતનું મૂળ તત્ત્વ સત્ છે સત્‌માંથી જ સૃષ્ટિનું સર્જન થયું છે.

(૩) જગતનું મૂળ તત્ત્વ અચેતન છે.

(૪) જગતનું મૂળ તત્ત્વ ચેતન–આત્મા છે.

બ્રહ્માદ્વૈતવાદીના મતે સંપૂર્ણ જગત બ્રહ્મસ્વરૂપ છે અને આપણે સહુ તેના પ્રતિબિંબ છીએ. પ્રાચીન પરંપરા અનુસાર સૃષ્ટિના સર્જનહાર બ્રહ્મા, પાલનકર્તા વિષ્ણુ અને સંહારકર્તા મહેશ–(શંકર) મનાય છે. બૃહદ્‌આરણ્યક અનુસાર જગતનો મૂળ સ્રોત જલતત્ત્વ છે.

આ પ્રકારની વિભિન્ન વિચારધારાઓમાં સત્ય તત્ત્વને સમજવા માટે રોહા અણગારના પ્રશ્નો અત્યંત મહત્વના છે.

**રોહા અણગારના પ્રશ્નો :–**

**૧૨ पुव्विं भंते ! लोए, पच्छा अलोए; पुव्विं अलोए, पच्छा लोए ?**

**रोहा ! लोए य अलोए य, पुव्विं पेते, पच्छा पेते, दो वि एए सासया भावा, अणाणुपुव्वी एसा रोहा !**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! પહેલા લોક છે અને પછી અલોક છે ? કે પહેલા અલોક છે અને પછી લોક છે ?

ઉત્તર– હે રોહા, લોક અને અલોક, પહેલાં પણ છે અને પછી પણ છે. આ બંને શાશ્વત–ભાવ છે. હે રોહા ! આ ભાવો આનુપૂર્વી રહિત છે અર્થાત્ તેમાં પૂર્વ–પશ્ચાતનો ક્રમ નથી.

**૧૩ पुव्विं भंते ! जीवा, पच्छा अजीवा; पुव्विं अजीवा पच्छा जीवा?**

**जहेव लोए य, अलोय य; तहेव जीवा य, अजीवा य ।**

**एवं भवसिद्धिया य, अभवसिद्धिया य; सिद्धि असिद्धि; सिद्धा, असिद्धा ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! પહેલાં જીવ અને પછી અજીવ છે કે પહેલાં અજીવ અને પછી જીવ છે ?

ઉત્તર– હે રોહા ! જે પ્રમાણે લોક અને અલોકના વિષયમાં કહ્યું, એ જ પ્રમાણે જીવ અને અજીવના વિષયમાં પણ જાણવું જોઈએ.

આ જ પ્રમાણે ભવસિદ્ધિક અને અભવસિદ્ધિક, સિદ્ધિ અને અસિદ્ધિ તથા સિદ્ધ અને સંસારીના વિષયમાં જાણવું જોઈએ.

**૧૪ पुव्विं भंते ! अंडए, पच्छा कुक्कुडी; पुव्विं कुक्कुडी, पच्छा अंडए ?**

**रोहा ! से णं अंडए कओ ? भयवं ! कुक्कुडीओ । सा णं कुक्कडी कओ? भंते ! अंडयाओ ।**

**एवामेव रोहा ! से य अंडए, सा य कुक्कुडी, पुव्विं पेते, पच्छा पेते, दो वि एए सासया भावा, अणाणुपुव्वी एसा रोहा ! ।**

**ભાવાર્થ :–**પ્રશ્ન– હે ભગવન્ ! પહેલાં ઈંડુ અને પછી કૂકડી છે ? કે પહેલાં કૂકડી અને પછી ઈંડુ છે ?

ઉત્તર– હે રોહા ! તે ઈંડુ ક્યાંથી આવ્યું ? **રોહા–** હે ભગવન્ ! તે કૂકડીમાંથી આવ્યું, **ભગવાન–** હે રોહા ! તે કૂકડી ક્યાંથી આવી ?**રોહા–** હે ભગવન્ ! તે ઈંડામાંથી આવી. **ભગવાન–** હે રોહા ! આ જ

પ્રમાણે કૂકડી અને ઈંડુ પહેલાં પણ છે અને પછી પણ છે. બંને શાશ્વતભાવ છે. હે રોહા ! તે ભાવ આનુપૂર્વી રહિત છે અર્થાત્ તેમાં પૂર્વ–પશ્ચાત્‌નો ક્રમ નથી.

**૧૫** **पुव्विं भंते ! लोयंते, पच्छा अलोयंते; पुव्विं अलोयंते, पच्छा लोयंते ?**

**रोहा ! लोयंते य अलोयंते य पुव्विं पेते, पच्छापेते, दो वि एए सासयाभावा अणाणुपुव्वी एसा रोहा ! ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! પહેલાં લોકાન્ત છે અને પછી અલોકાન્ત છે ? અથવા પહેલાં અલોકાન્ત છે અને પછી લોકાન્ત છે ?

ઉત્તર– હે રોહા ! લોકાન્ત અને અલોકાન્ત, આ બંને પહેલાં પણ છે અને પછી પણ છે, બંને શાશ્વત ભાવ છે. હે રોહા ! તેમાં કોઈ પૂર્વ પશ્ચાત્‌નો ક્રમ નથી.

**૧૬** **पुव्विं भंते ! लोयंते, पच्छा सत्तमे उवासंतरे ? पुच्छा ।**

**रोहा ! लोयंते य, सत्तमे उवासंतरे य पुव्विं पेते, पच्छा पेते, दो वि एए सासयाभावा, अणाणुपुव्वी एसा रोहा !**

**एवं लोयंते य सत्तमे य तणुवाए, एवं घवणाए, घणोदही, सत्तमा पुढवी ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! પહેલાં લોકાન્ત છે અને પછી સાતમું અવકાશાન્તર છે ? પહેલાં સાતમું અવકાશાન્તર છે અને પછી લોકાન્ત છે ?

ઉત્તર– હે રોહા ! લોકાન્ત અને સપ્તમ અવકાશાન્તર, આ બંને પહેલાં પણ છે અને પછી પણ છે. હે રોહા ! આ પ્રકારે આ બંનેમાં પૂર્વ–પશ્ચાત્‌નો ક્રમ નથી.

આ પ્રકારે લોકાન્ત અને સપ્તમ તનુવાત, આ પ્રકારે ઘનવાત, ઘનોદધિ અને સાતમી પૃથ્વી માટે સમજવું જોઈએ.

**૧૭** **एवं लोयंते एक्केक्कणं संजोएयव्वे इमेहिं ठाणेहिं, तं जहा–**

**उवास-वाय-घणउदहि, पुढवी दीवा य सागरा वासा ।**
**णेरइयाई अत्थिय, समया कम्माइं लेस्साओ ॥१॥**

**दिट्ठी दंसण णाणा, सण्णा सरीरा य जोग उवओगे ।**
**दव्वपएसा पज्जव, अद्धा किं पुव्विं लोयंते ॥२॥**

**ભાવાર્થ :–**આ જ પ્રકારે નિમ્નલિખિત સ્થાનોમાં પ્રત્યેકની સાથે લોકાન્તને જોડવું જોઈએ. યથા–

અવકાશાન્તર, ઘનવાત, ઘનોદધિ, પૃથ્વી, દ્વીપ, સાગર, વર્ષ(ક્ષેત્ર), નારક આદિ જીવ[૨૪ દંડકના જીવ], અસ્તિકાય, સમય, કર્મ, લેશ્યા, દષ્ટિ, દર્શન, જ્ઞાન, સંજ્ઞા, શરીર, યોગ, ઉપયોગ, દ્રવ્ય, પ્રદેશ, પર્યાય અને કાલ [અદ્ધા], તે પહેલાં છે અને લોકાન્ત પછી છે ? કે લોકાન્ત પહેલાં છે અને કાલપર્યંતના તે સર્વ ભાવો પછી છે ? ઉત્તર પૂર્વવત્ સમજવો કે બંને ભાવ શાશ્વત છે, તેમાં કોઈ અનુક્રમ નથી.

**૧૮** **पुव्विं भंते ! लोयंते, पच्छा अतीतद्धा ?**

**एवं अतीतद्धा, अणागयद्धा, सव्वद्धा य लोयंतेण सह भाणियव्वा** *जाव* **अणाणुपुव्वी एसा रोहा !**

**जहा लोयंतेणं संजोइया सव्वे ठाणा एते, एवं अलोयंतेण वि संजोएयव्वा सव्वे।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! પહેલાં લોકાંત છે અને પછી અતીતકાલ છે ?

ઉત્તર– હે રોહા ! ઉપરોક્ત રીતે અતીતકાલ, અનાગતકાલ અને સર્વદ્ધાકાલ આ ત્રણે લોકાંત સાથે કહેવા જોઈએ. હે રોહા ! તેમાં પણ પૂર્વ પશ્ચાત્‌નો કોઈ ક્રમ કે સંબંધ નથી.

જે રીતે લોકાન્તની સાથે પૂર્વોક્ત સર્વ સ્થાનોનો સંયોગ કર્યો, તે જ રીતે અલોકાન્તની સાથે સર્વ સ્થાનોને જોડવા જોઈએ.

**૧૯** **पुव्विं भंते ! सत्तमे उवासंतरे, पच्छा सत्तमे तणुवाए ? एवं सत्तमं उवासंतरं सव्वेहिं समं संजोएयव्वं** *जाव* **सव्वद्धाए ।**

**पुव्विं भंते ! सत्तमे तणुवाए, पच्छा सत्तमे घणवाए ? एयं पि तहेव णेयव्वं,** *जाव* **सव्वद्धा ।**

**एवं उवरिल्लं एक्केक्कं संजोयंतेणं जो जो हिट्ठिल्लो, तं तं छड्डुंतेणं णेयव्वं** *जाव* **अईय-अणागयद्धा, पच्छा सव्वद्धा** *जाव* **अणाणुपुव्वी एसा रोहा ! सेवं भंते ! सेवं भंते ! त्ति जाव विहरइ ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! પહેલાં સપ્તમ અવકાશાન્તર છે અને પછી સપ્તમ તનુવાત છે ?

ઉત્તર– હે રોહા ! આ જ પ્રમાણે સપ્તમ અવકાશાન્તરનો સર્વાદ્ધા કાલપર્યંતના પૂર્વોક્ત સર્વ સ્થાનો સાથે સંયોગ કરવો જોઈએ.

પ્રશ્ન– હે ભગવન્ ! પહેલાં સપ્તમ તનુવાત છે અને પછી સપ્તમ ઘનવાત છે ?

ઉત્તર– હે રોહા ! આ તનુવાત પણ પૂર્વવત્ છે. સર્વાદ્ધા સુધી આ જ પ્રમાણે જાણવું જોઈએ.

આ પ્રમાણે ઉપરના એક એક સ્થાનનો સંયોગ કરતાં અને નીચેનાં જે જે સ્થાન છે તેને છોડતાં પૂર્વવત્ સમજવું જોઈએ. તેમજ અતીતકાલ, અનાગતકાલ અને પછી સર્વાદ્ધા [સર્વકાલ] સુધીના પ્રત્યેક સ્થાનમાં હે રોહા ! કોઈ પૂર્વાપરનો ક્રમ નથી.

હે ભગવન્ ! આ ભાવ આ જ પ્રકારે છે, હે ભગવન્ ! આ ભાવ આ જ પ્રકારે છે. એમ કહી રોહા–અણગાર તપ–સંયમથી આત્માને ભાવિત કરતાં વિચરવા લાગ્યા.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રોમાં લોક–અલોક, જીવ–અજીવ, ભવસિદ્ધિક–અભવસિદ્ધિક, સિદ્ધિ–અસિદ્ધિ, સિદ્ધ– સંસારી, લોકાન્ત–અલોકાન્ત, લોકાન્ત–સાતમું અવકાશાંતર, લોકાન્ત–સપ્તમ તનુવાત, આ રીતે લોકાન્ત સાથે ઘનવાત, ઘનોદધિ, સાત પૃથ્વી, દ્વીપ, સાગર, ભરત આદિ સાત ક્ષેત્રો,, નારકી આદિ ૨૪ દંડકના જીવ, અસ્તિકાય, સમય, કર્મ, લેશ્યા, દષ્ટિ, દર્શન, જ્ઞાન, સંજ્ઞા, શરીર, યોગ, ઉપયોગ, દ્રવ્ય, પ્રદેશ અને પર્યાય આદિમાં પૂર્વાપરના ક્રમ વિષયક પ્રશ્નોત્તર છે.

ભગવાને કહ્યું કે પૂર્વોક્ત સર્વ ભાવોમાં પૂર્વાપરનો ક્રમ સંભવિત નથી. કારણ કે આ સર્વ ભાવો શાશ્વત અને અનાદિકાલીન છે. તે ઈશ્વરકૃત કે કોઈ વ્યક્તિકૃત નથી.

**લોક–અલોકવાદ :–** અલોકનો અર્થ છે કેવળ આકાશ અને લોકનો અર્થ છે ચેતન અને અચેતન તત્ત્વથી સંયુક્ત આકાશ. જૈન દર્શનાનુસાર લોક અને અલોકનું આ વિભાજન નૈસર્ગિક છે, અનાદિકાલીન છે. તે ઈશ્વરકૃત નથી. પ્રાયઃ સર્વ દાર્શનિકોએ લોકને સ્વીકાર્યો છે પરંતુ કોઈ પણ દાર્શનિકે અલોકનો સ્વીકાર કર્યો નથી. અલોકની પ્રરૂપણા તે જૈનદર્શનની મૌલિકતા છે. જૈન દર્શન કોઈ પણ પદાર્થની સિદ્ધિ માટે તેના પ્રતિપક્ષી પદાર્થને પણ અવશ્ય સ્વીકારે છે. **લોકની સિદ્ધિ માટે અલોકનો સ્વીકાર અનિવાર્ય છે.** લોક, લોકસ્વરૂપે છે કારણ કે તે અલોકરૂપે નથી. સમસ્ત જગત આવા વિરોધી યુગલોથી યુક્ત છે અને અનેકાંતવાદથી તે સિદ્ધ થાય છે. લોક અને અલોકમાં પૂર્વાપરનો ક્રમ નથી, તે શાશ્વત ભાવ છે. જે વસ્તુ કૃત હોય, તેમાં પૂર્વાપરનો સંબંધ સંભવિત છે પરંતુ જે અનાદિ સિદ્ધ છે, તેમાં આ ક્રમ સંભવિત નથી.

**દષ્ટાંત દ્વારા સિદ્ધિ :–** અનાદિ સિદ્ધ વસ્તુઓમાં ક્રમ નથી, પૂર્વ પશ્ચાદ્ભાવ નથી. સૂત્રમાં તે કૂકડી અને ઈંડાના દષ્ટાંતથી સિદ્ધ કર્યું છે. રોહા અણગારે કૂકડી પહેલાં કે ઈંડુ પહેલાં, તેમ જ્યારે પૂછ્યું, ત્યારે શિષ્યની શંકાના સ્પષ્ટીકરણ માટે ભગવાને તેને પ્રતિ પ્રશ્ન કર્યો કે ઈંડુ ક્યાંથી આવ્યું ? કૂકડી ક્યાંથી આવી ? શિષ્યના ઉત્તર દ્વારા જ ભગવાને તેની શંકાઓનું સમાધાન કર્યું છે. ઈંડાથી કૂકડી અને કૂકડીથી ઈંડુ પ્રાપ્ત થાય છે, તે બંને શાશ્વત છે. બંને અનાદિકાળથી છે. પહેલાં ઈંડુ અને પછી કૂકડી તેવો પૂર્વ પશ્ચાદ્ભાવ નથી. તેમ લોક વગેરે શાશ્વત ભાવોમાં પૂર્વ પશ્ચાદ્ભાવ નથી.

તે પ્રશ્નગત જીવ–અજીવ, ભવ્ય–અભવ્ય, સિદ્ધિ–અસિદ્ધિ વગેરે પ્રત્યેક વિરોધી યુગલો શાશ્વત છે, અનાદિ સિદ્ધ છે.

**અષ્ટવિધ લોકસંસ્થિતિ :–**

**૨૦** **भंते ! त्ति भगवं गोयमे समणं भगवं महावीरं *जाव* एवं वयासी– कइविहा णं भंते ! लोयट्ठिई पण्णत्ता ?**

**गोयमा ! अट्ठविहा लोयट्ठिई पण्णत्ता । तं जहा– आगासपइट्ठिए वाए । वायपइट्ठिए उदही । उदही पइट्ठिया पुढवी । पुढविपइट्ठिया तसा थावरा पाणा। अजीवा जीवपइट्ठिया। जीवा कम्मपइट्ठिया । अजीवा जीवसंगहिया । जीवा कम्मसंगहिया ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! આ પ્રમાણે સંબોધન કરીને ગૌતમ સ્વામીએ શ્રમણ ભગવાન મહાવીરને વંદન નમસ્કાર આદિ કરીને, વિનયપૂર્વક આ પ્રમાણે પૂછ્યું, હે ભગવન્ ! લોકની સ્થિતિ (સંસ્થિતિ) કેટલા પ્રકારની કહી છે ?

ઉત્તર– હે ગૌતમ ! લોકની સ્થિતિ (સંસ્થિતિ) આઠ પ્રકારની કહી છે. તે આ પ્રમાણે છે– આકાશના આધારે વાયુ[તનુવાત–ઘનવાત ] રહેલો છે. વાયુના આધારે ઘનોદધિ–પાણી છે. ઘનોદધિના આધારે પૃથ્વી છે. પૃથ્વીના આધારે ત્રસ અને સ્થાવર જીવ છે. જીવના આધારે અજીવ છે. [સકર્મક] જીવો કર્મના આધારે છે. અજીવો જીવ દ્વારા સંગૃહીત છે અને જીવો કર્મ દ્વારા સંગૃહીત છે.

**૨૧** **से केणट्ठेणं भंते एवं वुच्चइ– अट्ठविहा लोयठिई पण्णत्ता, तं जहा– आगासपइठिए वाए *जाव* जीवा कम्मसंगहिया ?**

**गोयमा ! से जहाणामए केइ पुरिसे वत्थिमाडोवेइ, वत्थिमाडोवेत्ता उप्पि सितं बंधइ, बंधइत्ता मज्झेणं गंठिं बंधइ बंधइत्ता उवरिल्लं गंठिं मुयइ, मुइत्ता उवरिल्लं देसं वामेइ, उवरिल्लं देसं वामेत्ता; उवरिल्लं देसं आउकायस्स पूरेइ, पूरिता उप्पिसितं बंधइ, बंधिता मज्झिल्लगंठिं मुयइ ।**

**से णूणं गोयमा ! से आउकाए तस्स वाउकायस्स उप्पि उवरिमतले चिट्ठइ ? हंता, चिट्ठइ । से तेणट्ठेणं गोयमा ! जाव जीवा कम्मसंगहिया।**

**से जहा वा केइ पुरिसे वत्थि आडोवेइ, आडोवित्ता कडीए बंधइ, बंधित्ता अत्थाहमतारमपोरसियंसि उदगंसि ओगाहेज्जा । से णूणं गोयमा! से पुरिसे तस्स वाउकायस्स उवरिमतले चिट्ठइ ? हंता, चिट्ठइ ।**

**एवामेव गोयमा ! (एवं वा) अट्ठविहा लोयट्ठिई पण्णत्ता *जाव* जीवा**

**कम्म– संगहिया।**

**શબ્દાર્થ :–लोयट्ठिइ** = લોકસ્થિતિ, **वत्थिं** = ચામડાની મશક, **आडोवेइ** = વાયુથી ફૂલાવે, **उप्पिं** = ઉપરનો ભાગ, **मुयइ** = છોડે છે, **वामेइ** = ખોલે છે, **कडीए** = કટિપ્રદેશમાં–કમરમાં, **अत्थाहमतारमपोरसियंसि** = અથાહ, દુસ્તર અને પુરુષ પરિમાણથી અધિક, **उदगंसि** = પાણીમાં.

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! તેનું શું કારણ છે કે લોકની સ્થિતિ આઠ પ્રકારની છે. જેમ કે આકાશ પ્રતિષ્ઠિત વાયુ છે તેમજ જીવકર્મ સંગૃહીત છે ?

ઉત્તર– હે ગૌતમ ! જેમ કોઈ પુરુષ ચામડાની મશકને વાયુથી(હવા ભરીને) ફૂલાવે. પછી તે મશકનું મુખ બાંધી દે. તત્પશ્ચાત્ મશકની મધ્યભાગમાં ગાંઠ બાંધે. પછી મશકનું મુખ ખોલીને તેની અંદરની હવા બહાર કાઢે. તદન્તર તે મશકના ઉપરના(ખાલી) ભાગમાં પાણી ભરે અને તે મશકનું મુખ બંધ કરે, તત્પશ્ચાત્ મશકની વચ્ચેની ગાંઠને છોડી દે. તો હે ગૌતમ ! શું તે મશકમાં ભરેલું પાણી તે હવાની ઉપર, ઉપરના ભાગમાં રહે છે ?

ગૌતમ– હા, ભગવન્ ! રહે છે.

**ભગવાન–** હે ગૌતમ ! તેથી એમ કહેવાય છે કે આકાશ પ્રતિષ્ઠિત વાયુ છે, તેમજ કર્મોનો જીવોએ સંગ્રહ કર્યો છે.

અથવા હે ગૌતમ ! કોઈ પુરુષ તે ચામડાની મશકને વાયુ ભરીને, ફૂલાવીને, પોતાની કમર પર બાંધે. પછી તે પુરુષ અથાહ, દુસ્તર અને પુરુષ પરિમાણથી પણ અધિક પાણીમાં પ્રવેશ કરે, તો હે ગૌતમ ! તે પુરુષ પાણીની ઉપરની સપાટી પર રહે છે ?

ગૌતમ– હા, ભગવન્ ! રહે છે.

**ભગવાન–** હે ગૌતમ ! આ જ પ્રમાણે કર્મોએ જીવોને સંગૃહીત કર્યા છે. ત્યાં સુધી લોકની સ્થિતિ (સંસ્થિતિ–અનાદિ રચના)આઠ પ્રકારની કહી છે.

## વિવેચન :–

**लोयठिइ :–** લોકની અનાદિ નૈસર્ગિક રચનાને, સંસ્થિતિને અહીં સ્થિતિ શબ્દથી કહેલ છે. તેના સંબંધમાં શ્રી ગૌતમ સ્વામી દ્વારા પૂછાયેલા પ્રશ્નોના ઉત્તર પ્રભુએ બે દષ્ટાંતો દ્વારા આપ્યા છે. (૧) મશકમાં હવા ભરી અર્ધભાગમાં ઉપર પાણી ભરે, તો તે પાણી હવાના આધારે ઉપર રહે છે તેમ, લોકમાં આકાશના આધારે તનવાત, ઘનવાત વગેરે રહે છે. તેના આધારે પાણી અને પૃથ્વી રહે છે. (૨) વાયુથી ફૂલાવેલી મશક કમ્મરે બાંધી કોઈ વ્યક્તિ પાણીમાં પડે, તો તે મશકના આધારે વ્યક્તિ પાણીની ઉપર રહે છે, તેમ આકાશ, હવા, પાણી, પૃથ્વી જીવ અને અજીવ તથા સંગૃહીત કર્મો ક્રમશઃ એકબીજાના આધારે રહે છે.

**લોકસ્થિતિના પ્રશ્ન અને તેનું યથાર્થ સમાધાન :–** કોઈ મતાવલમ્બી પૃથ્વીને શેષનાગ પર અને શેષનાગ કાચબા પર, અથવા શેષનાગની ફેણ ઉપર રહેલી માને છે. કોઈ માન્યતા અનુસાર પૃથ્વી ગાયના શિંગ ઉપર રહેલી છે. કોઈ દાર્શનિકો પૃથ્વીને સત્ય પર આધારિત માને છે. આ સર્વ માન્યતાથી લોકસ્થિતિની સમસ્યાનું સમાધાન થતું નથી, તેથી શ્રી ગૌતમ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો અને ભગવાને તેનું પ્રત્યક્ષ પ્રમાણ સિદ્ધ સમાધાન આપ્યું.

સર્વ પ્રથમ આકાશ સ્વપ્રતિષ્ઠિત છે. તેના આધારે તનુવાત–પાતળી હવા, તેના આધારે ઘનવાત– જાડી(ઘનીભૂત થયેલી હવા), તેના આધારે ઘનોદધિ– જામેલું (ઘન થયેલું) પાણી, તેના આધારે આ પ્રત્યક્ષ દેખાતી પૃથ્વી રહેલી છે, પૃથ્વી પર ત્રસ–સ્થાવર જીવો રહેલા છે. આ નિયમ અપેક્ષાથી છે અર્થાત્ દેવલોક અને સિદ્ધશિલા માટે આ નિયમ લાગુ પડતો નથી.

**અજીવ જીવપ્રતિષ્ઠિત છે :–** વૃત્તિકારે અજીવનો અર્થ 'શરીર' કર્યો છે. તેનું તાત્પર્ય એ છે કે અજીવ સૃષ્ટિની જે કાંઈ વિવિધતા પ્રતીત થાય છે, દશ્ય જગત જે દષ્ટિગોચર થાય છે તે જીવકૃત છે. તે જીવ સહિતના શરીરો અથવા જીવ મુક્ત શરીરો જ છે. તેથી અજીવ જીવ પ્રતિષ્ઠિત છે તે પ્રમાણે કથન છે.

**કર્મ પ્રતિષ્ઠિત જીવ :–** જીવની જે વિવિધતા છે, તેના જે પરિવર્તનો છે, વિવિધ રૂપો છે તે સર્વ કર્મ નિષ્પન્ન છે. તેથી કર્મ પ્રતિષ્ઠિત જીવ છે, તે કથન છે.

**જીવ સંગૃહીત અજીવ :–** અજીવ જીવ દ્વારા સંગૃહીત છે. તેમાં કથંચિત્ એકાત્મક સંબંધ સ્થાપિત થાય છે, તેથી તેમાં પરિર્વતન થઈ શકે છે.

**કર્મ સંગૃહીત જીવ :–** કર્મનો જીવ સાથે સંયોગ સંબંધ છે, તેથી તેના દ્વારા જીવમાં પરિવર્તન થાય છે. વૃત્તિકારે 'પ્રતિષ્ઠિત' ની વ્યાખ્યા આધાર–આધેય ભાવની સાથે અને 'સંગૃહીત'ની વ્યાખ્યા સંગ્રાહ્ય –સંગ્રાહક ભાવ સાથે કરી છે.

## જીવ અને પુદ્ગલોનો સંબંધ :–

**૨૨ अत्थि णं भंते ! जीवा य पोग्गला य अण्णमण्णबद्धा अण्णमण्णपुट्ठा अण्णमण्णओगाढा अण्णमण्णसिणेहपडिबद्धा अण्णमण्णघडत्ताए चिट्ठंति? हंता, अत्थि ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! શું જીવ અને પુદ્ગલ પરસ્પર સંબદ્ધ છે ? પરસ્પર એકબીજાથી સ્પૃષ્ટ છે ? અન્યોન્ય અવગાઢ–પરસ્પર ગાઢ સંબંધ ધરાવે છે ? પરસ્પર સ્નિગ્ધતાથી પ્રતિબદ્ધ છે ? અથવા એકીભૂત–પરસ્પર ઘટ્ટિત થઈને રહે છે ?

ઉત્તર– હા, ગૌતમ ! જીવ અને પુદ્ગલ પરસ્પર આ જ પ્રકારે રહે છે.

**२३ से केणट्ठेणं भंते ! *जाव* चिट्ठंति ?**

**गोयमा ! से जहाणामए हरए सिया– पुण्णे, पुण्णप्पमाणे वोलट्टमाणे वोसट्टमाणे समभरघडत्ताए चिट्ठइ। अहे णं [अहण्णं] केइ पुरिसे तंसि हरयंसि एगं महं णावं सयासवं सयछिद्दं ओगाहेज्जा । से णूणं गोयमा! सा णावा तेहिं आसवदारेहिं आपूरमाणी, आपूरमाणी पुण्णा, पुण्णप्पमाणा, वोलट्टमाणा, वोसट्टमाणा, समभरघडत्ताए चिट्ठइ ? हंता, चिट्ठइ । से तेणट्ठेणं गोयमा ! अत्थिणं जीवा य पोग्गला य *जाव* चिट्ठंति ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! તેનું શું કારણ છે કે જીવ અને પુદ્ગલ આ પ્રકારે રહે છે ?

ઉત્તર– હે ગૌતમ ! જેમ કોઈ તળાવ હોય તે પાણીથી પૂર્ણ હોય, પાણીથી છલોછલ ભર્યું હોય, પાણીથી છલકાતું હોય, તેનું પાણી બહાર વહેતું હોય, તેમજ તે પાણીથી ભરેલા ઘડાની સમાન હોય. તે તળાવમાં કોઈ પુરુષ સો નાના છિદ્રવાળી અને સો મોટા છિદ્રવાળી એક નૌકા રાખે. તો હે ગૌતમ ! તે નૌકા, તે તે છિદ્રો દ્વારા પાણીથી ભરાતી, અત્યંત ભરાતી, જલથી પરિપૂર્ણ, પાણીથી છલોછલ ભરાતી, પાણીથી છલકાતી, શું ભરેલા ઘડાની સમાન થઈ જાય છે ?

**ગૌતમ**– હા, ભગવન્ ! તે થઈ જાય છે ?

**ભગવાન**– હે ગૌતમ ! તે જ રીતે એમ કહેવાય છે કે જીવ અને પુદ્ગલ પરસ્પર બદ્ધ તેમજ પરસ્પર ઘટ્ટિત થઈને રહેલા છે.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રમાં જીવ અને પુદ્ગલોનો પરસ્પરનો ગાઢ સંબંધ દષ્ટાંત દ્વારા સમજાવ્યો છે.

જીવ અને પુદ્ગલ દ્રવ્ય ભિન્ન છે. જીવ ચેતન છે, પુદ્ગલ અચેતન છે. ચેતન કદાપિ અચેતન થતું નથી અને અચેતન કદાપિ ચેતન થતું નથી. તે બંનેમાં અત્યંતાભાવ છે. બંને દ્રવ્યમાં ત્રૈકાલિક સ્વતંત્રતા હોવા છતાં તે બંનેનો સંબંધ થઈ શકે ? આ પ્રકારના વિચારથી શ્રી ગૌતમ સ્વામીએ ઉપરોક્ત પ્રશ્ન પૂછ્યો છે કે જીવ અને પુદ્ગલ પરસ્પર બદ્ધ, સ્પૃષ્ટ, અવગાઢ, સ્નેહ પ્રતિબદ્ધ અને એકીભૂત થઈને રહે છે ? ભગવાને કહ્યું, 'હા' તે પ્રમાણે રહે છે.

જીવ અને પુદ્ગલના સંબંધ અને વિસંબંધના આધારે જ જીવના બે પ્રકાર થયા છે–સંસારી જીવ અને સિદ્ધ જીવ. જે જીવ પુદ્ગલ સાથે એકમેક છે, તે સંસારી અને જે જીવ પુદ્ગલથી સર્વથા મુક્ત છે, તેને સિદ્ધ જીવ કહેવાય છે.

સંસારી જીવ અને પુદ્ગલ દૂધ અને પાણીની જેમ એકમેક થઈ ગયા છે. સૂત્રકારે જીવ અને

પુદ્ગલ(કર્મ)ની એકરૂપતા ભિન્ન–ભિન્ન શબ્દો દ્વારા દર્શાવી છે–

(૧) **अण्णमण्णबद्धा** :– જીવ અને પુદ્ગલ પરસ્પર બદ્ધ છે. એક ક્ષેત્રાવગાઢ–એક આકાશ પ્રદેશ પર સાથે રહેવું, તેને અહીં બદ્ધ અવસ્થા કહી છે.

(૨) **अण्णमण्ण पुट्ठा** :– જીવ અને પુદ્ગલ પરસ્પર સ્પૃષ્ટ છે. પ્રથમ એક બીજાને સ્પૃષ્ટ થાય અને પછી જ ગાઢ બંધથી સંબદ્ધ થાય છે.

(૩) **अण्णमण्णमोगाढा** :– લોઢાના ગોળાને તપાવવામાં આવે, ત્યારે અગ્નિ ચારેબાજુથી તેમાં પ્રવેશી જાય છે અને લોઢાનો ગોળો અને અગ્નિ એકમેક બની જાય છે, તેમ આત્મા અને કર્મ પરમાણુ લોલીભૂત થઈ એકમેક થાય છે, તે જ તેની અવગાઢતા છે.

(૪) **अण्णमण्णसिणेह पडिबद्धा** :– જીવ–પુદ્ગલ પરસ્પર સ્નેહ પ્રતિબદ્ધ છે. સ્નેહ એટલે રાગાદિ રૂપ ચીકાશ. જેમ તેલયુક્ત વસ્તુ પર ધૂળ–રજ ચીટકી જાય છે, તેમ રાગદ્વેષની ચીકાશથી કર્મો આત્મપ્રદેશ સાથે ચોંટી જાય છે અર્થાત્ તીવ્રબંધ થાય છે.

(૫) **अण्णमण्णघडत्ताए** :– પરસ્પર સમુદાય રૂપે રહેવું. જીવ પ્રદેશ અને કર્મ પુદ્ગલોનો બંધ થાય ત્યારે તેઓ બંને એક સમુદાય રૂપ બની જાય છે.

આ રીતે જીવ અને પુદ્ગલોનો પ્રગાઢ સંબંધ છે. તેમ છતાં બંનેનું તાત્ત્વિક સ્વરૂપ સર્વથા ભિન્ન છે.

**જીવ અને પુદ્ગલના સંબંધમાં નિમિત્ત કોણ ? :–** પ્રસ્તુત સૂત્રાનુસાર આ સંબંધ કેવળ જીવથી કે કેવળ પુદ્ગલથી થતો નથી. બંને તરફથી થાય છે. તે સૂચિત કરવા શાસ્ત્રકારે 'સ્નેહ પ્રતિબદ્ધ' શબ્દ પ્રયોગ કર્યો છે. જીવમાં સ્નેહ–રાગ દ્વેષ આદિ વિભાવોની સ્નિગ્ધતા છે અને પુદ્ગલમાં સ્નેહથી આકર્ષિત થવાની યોગ્યતા છે, આ રીતે ઉભયાત્મક સ્નેહના કારણે પરસ્પર સંબંધ થાયછે. નૌકામાં છિદ્ર છે. બહાર છલોછલ પાણીથી ભરેલું તળાવ છે. પાણી સહજ રીતે નૌકામાં પ્રવેશ પામે છે. તે જ રીતે જીવ અને પુદ્ગલનો સંબંધ થાય છે.

**જીવપ્રદેશ અને કર્મપુદ્ગલની એકમેકતા સૂચક દષ્ટાંત :–** સૂત્રકારે પાણી અને છિદ્રવાળી નૌકાના દષ્ટાંતે જીવ–પુદ્ગલની એકમેકતા સ્પષ્ટ કરી છે. પાણીથી છલકાતા સરોવરમાં છિદ્રવાળી નાવ ઉતારતા તે પાણીથી પૂર્ણરૂપે ભરાઈ જાય છે અને પાણીમાં ડૂબી જાય છે. તે ડૂબેલી નૌકા અને પાણી જે રીતે એકરૂપ થઈ જાય તે જ રીતે જીવપ્રદેશમાં પુદ્ગલ એકરૂપ થઈને રહે છે. જેમ પાણી અને નૌકાનું અસ્તિત્વ અલગ રહે છે તેમ જીવ અને પુદ્ગલનું અસ્તિત્વ પણ ભિન્ન રહે છે.

## સૂક્ષ્મ સ્નેહકાય :–

**૨૪ अत्थि णं भंते ! सया समियं सुहुमे सिणेहकाये पवडइ ? हंता अत्थि । से भंते ! किं उड्ढे पवडइ, अहे पवडइ, तिरिए पवडइ ? गोयमा! उड्ढे**

**वि पवडइ, अहे वि पवडइ, तिरिए वि पवडइ ।**

**जहा से भंते ! बायरे आउयाए अण्णमण्णसमाउत्ते चिरं पि, दीहकालं चिट्ठइ, तहा णं से वि ?**

**णो इणट्ठे समट्ठे । से णं खिप्पामेव विद्धंसमागच्छइ ॥ सेवं भंते ! सेवं भंते ! ॥**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! શું સૂક્ષ્મ સ્નેહકાય [એક પ્રકારનું સૂક્ષ્મ જલ] સદા પરિમિત [સપરિમાણ] પડે છે ?

ઉત્તર– હા, ગૌતમ ! પડે છે.

પ્રશ્ન– હે ભગવન્ ! તે સૂક્ષ્મ સ્નેહકાય ઉપર પડે છે, નીચે પડે છે કે તિરછી પડે છે ?

ઉત્તર– હે ગૌતમ ! તે ઉપર[ઊર્ધ્વલોકમાં વૃત વૈતાઢયાદિમાં] પણ પડે છે. નીચે [અધોલોક ગ્રામોમાં] પણ પડે છે અને તિરછી[તિર્યગ્ લોકમાં] પણ પડે છે.

પ્રશ્ન– હે ભગવન્ ! **શું સૂક્ષ્મ સ્નેહકાય બાદર અપકાયની જેમ** પરસ્પર સમાયુક્ત થઈને દીર્ઘકાલ પર્યંત રહે છે ?

ઉત્તર– હે ગૌતમ ! તે અર્થ સમર્થ નથી. કારણ કે તે [સૂક્ષ્મ સ્નેહકાય]તરત જ વિધ્વસ્ત–નાશ પામે છે. માટે **બાદર અપકાયની જેમ** જલસમૂહ રૂપે કે બુંદ રૂપે તેનું અસ્તિત્વ રહેતું નથી.

હે ભગવન્ ! આ ભાવ આ જ પ્રકારે છે, હે ભગવન્ ! આ ભાવ આ જ પ્રકારે છે.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રમાં સ્નેહકાય સંબંધિત ત્રણ પ્રશ્નોત્તર છે.

**સ્નેહકાયનું સ્વરૂપ :–** તે જલનો એક પ્રકાર છે. પ્રસ્તુત સૂત્રમાં 'સ્નેહ' ની સાથે 'સૂક્ષ્મ' વિશેષણનો પ્રયોગ છે, તેથી તે ઓસ આદિ કરતા પણ સૂક્ષ્મજલ રૂપ છે. તે એક પ્રકારના અત્યંત સૂક્ષ્મ, સ્નિગ્ધ, શીત પુદ્ગલ, જે જલની જ સૂક્ષ્મ–સૂક્ષ્મતર પર્યાયના રૂપમાં નિરંતર વરસે છે. પરંતુ ઓસ આદિની જેમ એકત્રિત થઈને બુંદરૂપે સંગઠિત થઈને રહી શકતી નથી, તે સ્વતઃ તત્કાલ જ નષ્ટ થઈ જાય છે.વૃત્તિકાર અભયદેવ સૂરિએ સ્નેહકાયની વ્યાખ્યા કરી નથી. બૃહત્કલ્પ ભાષ્યની વૃત્તિમાં સ્નેહનો અર્થ હિમ, ઓસ, બરફ આદિ કર્યો છે. તે અહીં પ્રાસંગિક નથી.

**સ્નેહકાયના ક્ષેત્ર અને કાલ :–** તે ઉર્ધ્વલોકમાં વૃત વૈતાઢય પર્વતાદિમાં, અધોલોકમાં– અધોલોકવર્તી ગામોમાં અને તિરછા લોકમાં સર્વત્ર વરસી રહી છે. સૂત્રાનુસાર તે નિરંતર વરસે છે.

બૃહદ્કલ્પ ભાષ્યમાં સ્નિગ્ધ અને રૂક્ષકાલ અનુસાર, તેના વરસવાનો સમય આ પ્રમાણે બતાવ્યો છે– શિશિરકાલમાં દિનના પ્રથમ અને અંતિમ પ્રહરમાં અધિક માત્રામાં વરસે છે. ગ્રીષ્મકાલમાં દિનના પ્રથમ અને અંતિમ અર્ધ પ્રહરમાં અધિક માત્રામાં વરસે છે. શેષ સમયમાં તે અલ્પમાત્રામાં વરસે છે. અભયદેવ સૂરિનો પણ આ જ અભિપ્રાય છે. પરંતુ આ અભિપ્રાયને આગમનો કોઈ આધાર નથી અને પ્રસ્તુત સૂત્રના **सया समियं** થી તે વિરુદ્ધ જાય છે અર્થાત્ સૂત્રાનુસાર તો સદા સીમિત જ વરસે છે.

તેનું સ્વરૂપ વાયુકાયથી પણ અત્યંત સૂક્ષ્મ છે, તેથી તેને વાયુકાયરૂપ શસ્ત્રની અસર થતી નથી. તે ધુમ્મસની જેમ મકાન વગેરે ઢાંકેલા સ્થાનમાં આવી જતી નથી.

સ્નેહકાય વિષયક અનેક પ્રશ્નો જિજ્ઞાસુઓના મનમાં ઉત્પન્ન થાય છે જેમ કે– સ્નેહકાય ક્યાં ઉત્પન્ન થાય છે ? તે પુદ્ગલ દ્રવ્યથી નિષ્પન્ન થાય છે કે અપકાયના જીવો તેમાં ઉત્પન્ન થાય છે ? તે પુદ્ગલનું પરિણામ છે કે જીવનું પરિણામ છે ? તે સચેત છે કે અચેત ? સૂત્રમાં બતાવ્યું છે કે તે નીચે પડતાં જ નાશ પામે, તો તેના જીવો પણ તત્કાલ મરી જાય છે ? તે જીવો ક્યારે જન્મે છે અને ક્યારે મરે છે ? તે જીવોનું આયુષ્ય કેટલું ? વગેરે અનેક પ્રશ્નો ઉદ્ભવે છે.

**સમાધાન–** આ દરેક પ્રશ્નો મહત્ત્વના છે પણ તેનું સમાધાન મૂળપાઠ કે વ્યાખ્યાથી થઈ શકતું નથી. પ્રસ્તુત સૂત્ર સિવાય અન્ય કોઈપણ સૂત્રમાં સૂક્ષ્મ સ્નેહકાયનું વર્ણન ઉપલબ્ધ નથી. દશાશ્રુતસ્કંધમાં સાતમી દશામાં પ્રતિમાધારી સાધુને સૂર્યાસ્ત પછી વિહારના નિષેધ માટે ખુલ્લા આકાશવાળા સ્થળને જલરૂપે અને ઢાંકેલી જગ્યાને સ્થલ રૂપે સૂચિત કર્યું છે. તેના આધારે આ સૂક્ષ્મ સ્નેહકાયને સચિત્ત જલરૂપ માનવાની પરંપરા છે. તે અપકાયના જીવો આકાશમાં ઉત્પન્ન થાય છે. ઉપર, નીચે આદિ સર્વત્ર વરસે છે. ઉપરથી પડતાં જ તે જીવો મરી જાય છે. તેનું આયુષ્ય અત્યંત અલ્પ હોય છે. કારણ કે અપકાયના જીવો એક મુહૂર્તમાં [૩૨,૦૦૦]અનેક હજારો ભવ કરી શકે છે.

## ।। શતક–૧/૬ સંપૂર્ણ ।।

# શતક–૧ : ઉદ્દેશક–૭

## સંક્ષિપ્ત સાર

★ આ ઉદ્દેશકમાં જીવની ઉત્પત્તિ અને ઉદ્વર્તના, તે સમયે આહાર ગ્રહણની પદ્ધતિ, ૨૪ દંડકના જીવોમાં વિગ્રહ ગતિ અને અવિગ્રહ ગતિની અપેક્ષાએ ભંગ સંખ્યા, ચ્યવન પામતા દેવોની માનસિક સ્થિતિ અને ગર્ભસ્થ જીવ વિષયક વિચારણા કરી છે.

★ જીવ જ્યાં જન્મ લે છે અથવા જ્યાંથી મૃત્યુ પામે છે તે સર્વ આત્મપ્રદેશોથી જન્મે છે અને મૃત્યુ પામે છે. તે સ્થાનની પ્રારંભિક ગ્રહણ કરવા યોગ્ય સર્વ અવગાહનાને ગ્રહણ કરે છે.

★ પરિણમનની અપેક્ષાએ જીવ સર્વ આત્મપ્રદેશોથી આહાર કરે છે અર્થાત્ ઓજાહાર, રોમાહાર અને કવલાહાર, આ ત્રણે આહારનું પરિણમન સર્વ આત્મપ્રદેશોથી થાય છે. ઓજાહાર અને રોમાહારમાં ગ્રહણ કરેલ આહાર પુદ્ગલોનું સંપૂર્ણ પરિણમન થાય છે. કવલાહારમાં ગ્રહણ કરેલ આહારનો સંખ્યાતમો ભાગ પરિણમન થાય છે અને અનેક સંખ્યાત ભાગ શરીરમાં પરિણત ન થતાં મલ આદિ રૂપે નીકળી જાય છે. શરીરમાં પરિણમન થયેલા આહારને આગમમાં વાસ્તવિક આહાર કહ્યો છે. તે સિવાયના આહાર–પુદ્ગલોનું માત્ર ગ્રહણ અને નિસ્સરણ જ હોય છે.

★ કોઈપણ જીવ કેટલાક આત્મપ્રદેશોથી અથવા અર્ધા આત્મપ્રદેશોથી જન્મ કે મૃત્યુ પામતા નથી અને આહાર પણ કરતા નથી.

★ ૨૪ દંડકમાં એક જીવની અપેક્ષાએ તે ક્યારેક વિગ્રહ ગતિવાળો અને ક્યારેક અવિગ્રહ ગતિ–વાળો પણ હોય છે. અનેક જીવોની અપેક્ષાએ એકેન્દ્રિયમાં બંને અવસ્થામાં હંમેશાં અનેક જીવો હોય છે. શેષ ૧૯ દંડકમાં વિગ્રહ ગતિવાળા જીવ હંમેશાં નહીં મળવાથી ત્રણ ભંગ થાય છે. (૧) સર્વ જીવ અવિગ્રહ ગતિવાળા હોય, (૨) અનેક અવિગ્રહ ગતિવાળા અને એક જીવ વિગ્રહ ગતિવાળો હોય, (૩) અનેક અવિગ્રહ ગતિવાળા અને અનેક જીવ વિગ્રહ ગતિવાળા હોય છે.

★ મહર્દ્ધિક દેવ મૃત્યુ સમય નજીક જાણીને, મનુષ્ય અને તિર્યંચના અશુચિમય જન્મ, જીવન અને આહારને અવધિ(જ્ઞાન)થી જોઈને, તે એકવાર ઘૃણા, લજ્જા અને દુઃખથી ત્રાસી જાય છે અને આહાર પણ છોડી દે છે. ત્યાર પછી આહાર કરીને મૃત્યુ પામે છે અને તિર્યંચ અથવા મનુષ્યમાં ઉત્પન્ન થઈ, ત્યાંનો આહાર તેમને કરવો જ પડે છે.

★ જીવ જ્યારે એક ગતિમાંથી અન્ય ગતિમાં જન્મ ધારણ કરે છે, ત્યારે સ્થૂલ શરીર અને દ્રવ્યેન્દ્રિયને છોડીને જાય છે, સૂક્ષ્મ શરીર અને ભાવેન્દ્રિયને સાથે લઈને જાય છે. તેથી તે અપેક્ષાએ સઈન્દ્રિય, સશરીરી

જન્મે છે અને અન્ય અપેક્ષાએ અશરીરી અને અનિંદ્રિય જન્મે છે.

★ ગર્ભમાં જન્મ ધારણ કરનાર જીવ સર્વ પ્રથમ માતા પિતાના રજ અને વીર્યથી મિશ્રિત પુદ્ગલનો આહાર કરે છે. ત્યાર પછી માતા દ્વારા કરેલ આહારનો એક અંશ સ્નેહના રૂપમાં ગ્રહણ કરી, તેનો આહાર કરે છે.

★ માતાના શરીરથી સંબંધિત એક રસહરણી નાડી પુત્રના શરીરને સ્પર્શેલી હોય છે અને પુત્રના નાભિ સ્થાનમાં એક રસહરણી નાડી હોય છે, જે માતાના શરીર સાથે સ્પર્શેલી રહે છે. આ બંને નાડીઓ દ્વારા પુત્રના શરીરમાં આહારનો પ્રવેશ અને પરિણમન થાય છે તથા ચય ઉપચય થઈને શરીરની વૃદ્ધિ થાય છે.

★ આ રસહરણીથી પ્રાપ્ત થયેલ આહાર ઓજરૂપ છે, તેનું સંપૂર્ણ પરિણમન થાય છે, તેથી તેના આહારમાંથી મલ આદિ બનતા નથી. માટે ગર્ભગત જીવને મલ, મૂત્ર, કફ, નાકનો મેલ, વમન, પિત્ત આદિ વિકાર થતા નથી પરંતુ અવશેષ પુદ્ગલ તેના હાડકાં, મજ્જા, રોમ, કેશ, નખ આદિ શરીરાવયવ રૂપે પરિણત થઈ જાય છે.

★ શરીરમાં માંસ, લોહી અને મસ્તક માતાના અંગ છે તથા હાડકાં, મજ્જા અને દાઢી, મૂછ પિતાના અંગ છે. માતાપિતાની પરંપરાથી પ્રાપ્ત થયેલા આ અંગ જીવનપર્યંત રહે છે.

★ ગર્ભગત કોઈ જીવને વિશેષ જ્ઞાનના નિમિત્તથી પૂર્વના વૈરના પ્રભાવે સેના સાથે યુદ્ધનાં પરિણામો થાય અને તે પરિણામોમાં તે જીવ કાળધર્મ પામે તો તે પ્રથમ નરકમાં જઈ શકે છે. કોઈક ગર્ભસ્થ જીવ શુભ અધ્યવસાયો અને ધર્મભાવનાથી ઓતપ્રોત થઈને મૃત્યુ પામે તો બીજા દેવલોક સુધી પણ જઈ શકે છે. આ રીતે ગર્ભગત જીવમાં શુભ અને અશુભ બંને પ્રકારના આત્મપરિણામ હોય છે.

★ ગર્ભગત જીવ પગ આગળ કરીને અથવા મસ્તકને આગળ કરીને સીધો ગર્ભથી બહાર આવે ત્યારે સુખપૂર્વક જન્મે છે પરંતુ તિરછો(ત્રાંસો) બહાર આવે તો કષ્ટપૂર્વક જન્મે છે કે મરી જાય છે. તે જીવને શુભ નામકર્મનો ઉદય હોય તો શુભ વર્ણાદિ પ્રાપ્ત કરે છે અને અશુભ નામકર્મનો ઉદય હોય તો અશુભ અને અમનોજ્ઞ વર્ણાદિ અને સ્વર આદિ પ્રાપ્ત કરે છે.

❖❖❖❖❖

# શતક–૧ : ઉદ્દેશક–૭

## નૈરયિક

**જીવોની ઉત્પત્તિ, મરણ અને આહાર પ્રરૂપણ :–**

**१ णेरइए णं भंते ! णेरइएसु उववज्जमाणे किं देसेणं देसं उववज्जइ, देसेणं सव्वं उववज्जइ, सव्वेणं देसं उववज्जइ, सव्वेणं सव्वं उववज्जइ?**

**गोयमा ! णो देसेणं देसं उववज्जइ, णो देसेणं सव्वं उववज्जइ; णो सव्वेणं देसं उववज्जइ, सव्वेणं सव्वं उववज्जइ । जहा णेरइए, एवं *जाव* वेमाणिए ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! નૈરયિકોમાં ઉત્પન્ન થતો નારક જીવ એક ભાગથી એક ભાગને આશ્રિત કરીને ઉત્પન્ન થાય છે કે એક ભાગથી સર્વભાગને આશ્રિત કરીને ઉત્પન્ન થાય છે કે સર્વભાગથી એક ભાગને આશ્રિત કરીને ઉત્પન્ન થાય છે કે સર્વભાગથી સર્વભાગને આશ્રિત કરીને ઉત્પન્ન થાય છે ?

ઉત્તર– હે ગૌતમ ! નારક જીવ એક ભાગથી એક ભાગને આશ્રિત કરીને ઉત્પન્ન થતો નથી, એક ભાગથી સર્વ ભાગને આશ્રિત કરીને ઉત્પન્ન થતો નથી, સર્વભાગથી એકભાગને આશ્રિત કરીને ઉત્પન્ન થતો નથી પરંતુ સર્વભાગથી સર્વ ભાગને આશ્રિત કરીને ઉત્પન્ન થાય છે.

નારકોની સમાન વૈમાનિકો પર્યંત આ જ પ્રમાણે સમજવું.

**२ णेरइए णं भंते ! णेरइएसु उववज्जमाणे किं देसेणं देसं आहारेइ, देसेणं सव्वं आहारेइ, सव्वेणं देसं आहारेइ, सव्वेणं सव्वं आहारेइ ?**

**गोयमा ! णो देसेणं देसं आहारेइ, णो देसेणं सव्वं आहारेइ, सव्वेणं वा देसं आहारेइ, सव्वेणं वा सव्वं आहारेइ । एवं *जाव* वेमाणिए।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! નૈરયિકોમાં ઉત્પન્ન થતો નારક જીવ શું એક ભાગથી એક ભાગને આશ્રિત કરીને આહાર કરે છે ? એક ભાગથી સર્વ ભાગને આશ્રિત કરીને આહાર કરે છે ? સર્વ ભાગથી એક ભાગને આશ્રિત કરીને આહાર કરે છે ? કે સર્વભાગથી સર્વ ભાગને આશ્રિત કરીને આહાર કરે છે ?

ઉત્તર– હે ગૌતમ ! એક ભાગથી એક ભાગને આશ્રિત કરીને આહાર કરતા નથી. એકભાગથી

સર્વભાગને આશ્રિત કરીને આહાર કરતા નથી. પરંતુ સર્વભાગથી એક ભાગને આશ્રિત કરીને આહાર કરે છે અથવા સર્વભાગથી સર્વભાગને આશ્રિત કરીને આહાર કરે છે.

નારકોની સમાન વૈમાનિકો પર્યંત આ જ પ્રમાણે સમજવું.

**૩ णेरइए णं भंते ! णेरएहिंतो उव्वट्टमाणे किं देसेणं देसं उव्वट्टइ, पुच्छा ? जहा उववज्जमाणे तहेव उव्वट्टमाणे वि दंडगो भाणियव्वो ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! નૈરયિકોમાંથી ઉદ્વર્તમાન = નીકળતો નારક જીવ શું એક ભાગથી એક ભાગને આશ્રિત કરીને નીકળે છે ? ઈત્યાદિ પૂર્વવત્ પ્રશ્ન કરવા જોઈએ.

ઉત્તર– હે ગૌતમ ! જે રીતે ઉત્પન્ન થતા નૈરયિકના વિષયમાં કહ્યું તે જ પ્રમાણે ઉદ્વર્તમાન– નીકળતા નૈરયિક આદિ[૨૪ દંડક]ના વિષયમાં સમજવું જોઈએ.

**૪ णेरइए णं भंते ! णेरएहिंतो उव्वट्टमाणे किं देसेणं देसं आहारेइ पुच्छा ?**

**तहेव *जाव* सव्वेणं वा देसं आहारेइ, सव्वेणं वा सव्वं आहारेइ। एवं *जाव* वेमाणिए ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! નૈરયિકોમાંથી ઉદ્વર્તમાન નૈરયિક શું એક ભાગથી, એક ભાગને આશ્રિત કરીને આહાર કરે છે ? ઈત્યાદિ પ્રશ્ન પૂર્વવત્ કરવા જોઈએ.

ઉત્તર– હે ગૌતમ ! પૂર્વસૂત્રની સમાન જાણવું જોઈએ કે સર્વભાગથી એક ભાગને આશ્રિત કરીને આહાર કરે છે. અથવા સર્વભાગથી સર્વભાગને આશ્રિત કરીને આહાર કરે છે.

આ જ પ્રમાણે વૈમાનિકો પર્યંત જાણવું.

**૫ णेरइए णं भंते ! णेरइएसु उववण्णे किं देसेणं देसं उववण्णे ?**

**एसो वि तहेव जाव सव्वेणं सव्वं उववण्णे । जहा उववज्जमाणे उव्वट्टमाणे य चत्तारि दंडगा, तहा उववण्णेणं, उव्वट्टेण वि चत्तारि दंडगा भाणियव्वा– सव्वेणं सव्वं उववण्णे, सव्वेणं वा देसं आहारेइ, सव्वेणं वा सव्वं आहारेइ । एएणं अभिलावेणं उववण्णे वि, उव्वट्टेणं वि णेयव्वं ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! નારકોમાં ઉત્પન્ન નૈરયિક શું એક ભાગથી, એક ભાગને આશ્રિત કરીને ઉત્પન્ન થયો છે ? ઈત્યાદિ પ્રશ્ન પૂર્વવત્ કરવા જોઈએ.

ઉત્તર– હે ગૌતમ ! આ આલાપક પણ પૂર્વવત્ જાણવો અર્થાત્ સર્વભાગથી સર્વભાગને આશ્રિત

કરીને ઉત્પન્ન થયા છે.

જેમ ઉત્પદ્યમાન(ઉત્પન્ન થતાં)અને ઉદ્વર્તમાન(મરીને નીકળતા)જીવોના વિષયમાં ચાર દંડક (ભંગ) કહ્યા તે જ રીતે ઉત્પન્ન થયેલા અને નીકળેલા જીવોના વિષયમાં પણ ચાર ભંગ કહેવા જોઈએ. તેમાં સર્વભાગથી સર્વભાગને આશ્રિત કરીને ઉત્પન્ન થયા છે તથા સર્વભાગથી એકભાગને આશ્રિત કરીને આહાર કરે છે અથવા સર્વભાગથી સર્વભાગને આશ્રિત કરીને આહાર કરે છે. આ રીતે ઉત્પન્ન અને ઉદ્વૃત્તના વિષયમાં સંપૂર્ણ આલાપક સમજી લેવો જોઈએ.

**६ णेरइए णं भंते ! णेरइएसु उववज्जमाणे किं अद्धेण अद्धं उववज्जइ, अद्धेणं सव्वं उववज्जइ, सव्वेणं अद्धं उववज्जइ, सव्वेणं सव्वं उववज्जइ?**

**जहा पढमिल्लेणं अट्ठ दंडगा तहा अद्धेण वि अट्ठ दंडगा भाणियव्वा। णवरं जहिं देसेणं देसं उववज्जइ, तहिं अद्धेणं अद्धं उववज्जइ इति भाणियव्वं । एयं णाणत्तं एते सव्वे वि सोलस दंडगा भाणियव्वा ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! નૈરયિકોમાં ઉત્પન્ન થતો નારક જીવ શું અર્દ્ધભાગથી અર્દ્ધભાગને આશ્રિત કરીને ઉત્પન્ન થાય છે કે અર્દ્ધભાગથી સર્વભાગને આશ્રિત કરીને ઉત્પન્ન થાય છે ? અથવા સર્વભાગથી અર્દ્ધભાગને આશ્રિત કરીને ઉત્પન્ન થાય છે કે સર્વભાગથી સર્વભાગને આશ્રિત કરીને ઉત્પન્ન થાય છે ?

ઉત્તર– હે ગૌતમ ! જેમ પૂર્વે આઠ દંડક–આલાપક કહ્યા તે જ રીતે 'અર્દ્ધ' ની સાથે પણ આઠ દંડક કહેવા જોઈએ, વિશેષતા એ છે કે જ્યાં એકભાગથી એકભાગને આશ્રિત કરીને ઉત્પન્ન થાય છે, એવો પાઠ છે ત્યાં 'અર્દ્ધ ભાગથી અર્દ્ધભાગને આશ્રિત કરીને ઉત્પન્ન થાય છે.' એ પ્રમાણે પાઠનું ઉચ્ચારણ કરવું જોઈએ. આ રીતે ઉચ્ચારણ કરતાં કુલ સોળ દંડક–આલાપક થાય છે.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રોમાં નારકાદિ જીવોની ઉત્પત્તિ, ઉદ્વર્તન એવં આહારના વિષયમાં એકદેશ–સર્વદેશ, અથવા અર્દ્ધ–સર્વ વિષયક પ્રશ્નોત્તર છે.

**પ્રસ્તુત પ્રશ્નોત્તરના સોળ દંડક–આલાપક :–** દેશ અને સર્વ પદ દ્વારા ઉત્પાદ આદિના આઠ દંડક આ પ્રકારે થાય છે. (૧) ઉત્પદ્યમાન– ઉત્પન્ન થતા (૨) ઉત્પન્ન થતા આહાર કરે છે (૩) ઉદ્વર્તમાન– નીકળતા (૪) નીકળતા આહાર કરે છે (૫) ઉત્પન્ન થયેલા (૬) ઉત્પન્ન થયેલા આહાર કરે છે (૭) ઉદ્વૃત્ત–નીકળેલા (૮) નીકળેલા આહાર કરે છે.

આ જ રીતે અર્દ્ધ અને સર્વ પદ સાથે પણ જીવના ઉત્પાદાદિના વિષયમાં પૂર્વોક્ત આઠ દંડક– વિકલ્પ થાય છે. કુલ સોળ દંડક–આલાપક થાય છે.

**ઉપપદ્યમાન અને ઉપપન્ન :–** જીવ પૂર્વના જીવનને સમાપ્ત કરીને નવા જન્મ સ્થાનમાં જાય છે, ઉત્પત્તિના પ્રથમ સમયે આહાર ગ્રહણ કરે અને આહાર, શરીર અને ઈન્દ્રિય પર્યાપ્તિનો પ્રારંભ કરે છે. એક સમયમાં આહાર પર્યાપ્તિથી પર્યાપ્ત થઈ જાય છે. ત્યાર પછી શરીર અને ઈન્દ્રિય પર્યાપ્તિનું નિર્માણ ન થાય ત્યાં સુધીની અવસ્થા ઉપપદ્યમાન અવસ્થા છે અને આહાર, શરીર અને ઈન્દ્રિય પર્યાપ્તિથી પર્યાપ્ત અવસ્થા ઉપપન્ન અવસ્થા છે. ઉપપન્ન અવસ્થા પ્રાપ્ત કર્યા પછી જ અર્થાત્ ત્રણ પર્યાપ્તિઓ પૂર્ણ થયા પછીજ જીવનું મૃત્યુ થઈ શકે છે. આ રીતે ઉપપદ્યમાન અને ઉપપન્નમાં ભેદ છે.

**ઉદ્‌વર્તમાન અને ઉદ્‌વૃત્ત :–** મૃત્યુ પૂર્વે અંતર્મુહૂર્તની અવસ્થા ઉદ્‌વર્તમાન અવસ્થા છે. મૃત્યુ સમયની અવસ્થાને ઉદ્‌વૃત્ત કહે છે. મૃત્યુનો સમય તે જ જન્મનો સમય છે. તેથી ઉપપદ્યમાન અવસ્થા અને ઉદ્‌વૃત્ત અવસ્થાનું કાલમાન એક જ છે. કારણ કે પૂર્વ ભવનું આયુષ્ય સમાપ્ત થયા પછીનો સમય ઉપપદ્યમાન અને ઉદ્‌વૃત્ત કહેવાય છે.

**નારકીનું ઉપપાત સંબંધી દેશ અને સર્વનું તાત્પર્ય :–** જીવ જ્યારે નરકાદિમાં ઉત્પન્ન થાય છે. (૧) ત્યારે શું તે જીવ પોતાના પૂર્વભવના એક દેશથી નારકના એકદેશ અવયવરૂપે ઉત્પન્ન થાય છે ? અર્થાત્ ઉત્પન્ન થનાર જીવનો એક ભાગ જ નારકના એક ભાગના રૂપમાં ઉત્પન્ન થાય છે ? (૨) પૂર્વભવના એક દેશથી સંપૂર્ણપણે નારકરૂપે ઉત્પન્ન થાય છે, (૩) સંપૂર્ણ જીવ નારકના એક ભાગના રૂપમાં ઉત્પન્ન થાય છે ? (૪) સંપૂર્ણ જીવ સંપૂર્ણપણે નારકરૂપમાં ઉત્પન્ન થાય છે ? આ જ રીતે અન્ય વિકલ્પોનો આશય પણ સમજી લેવો.

ભગવાને તેના ઉત્તરમાં ચોથા વિકલ્પનો સ્વીકાર કર્યો છે અર્થાત્ જીવ પોતાના સર્વભાગથી સર્વભાગને આશ્રિત કરીને ઉત્પન્ન થાય છે. તેનું કારણ એ છે કે, જ્યારે ઉપાદાન પૂર્ણ હોય છે ત્યારે વસ્તુ પણ પૂર્ણ ઉત્પન્ન થાય છે તેમજ ઉપાદાન તો તે જ કહેવાય જે સંપૂર્ણ પણે કાર્યના રૂપમાં પરિણત થાય. જીવનો પૂર્વભવ [મનુષ્યાદિ] ઉપાદાન કારણ છે તે પૂર્ણપણે નારકાદિરૂપે પરિણત થાય છે. તેથી સર્વથી સર્વ ઉત્પન્ન થાય છે તેમ કહેવાય છે. પરંતુ ટીકાકાર અંતિમ બે ભંગને સ્વીકારે છે. **एतेषु पाश्चात्यभङ्गौ ग्राह्यौ, यतः सर्वेण सर्वात्मप्रदेशव्यापारेणेलिकागतौ यत्रोत्पत्तव्यं तस्य देशे उत्पद्यते, तद्देशेनोत्पत्ति–स्थानदेशस्यैव व्याप्तत्वात् । कन्दुकगतौ वा सर्वेण सर्वत्रोत्पद्यते विमुच्येव पूर्वस्थानमिति, एतच्च टीकाकार व्याख्यानं वाचनान्तरविषयमिति ॥** જીવ જ્યારે ઈલિકાગતિથી ઉત્પત્તિ સ્થાનમાં જાય ત્યારે સર્વ પ્રદેશથી ઉત્પત્તિ સ્થાનના એક દેશમાં ઉત્પન્ન થાય માટે **'सव्वेणं देसं'** સર્વથી દેશ–ત્રીજો ભંગ, અને કંદુક ગતિથી ઉત્પન્ન થાય ત્યારે **सव्वेणं सव्वं** સર્વથી સર્વ, તે ચોથો ભંગ ઘટિત થાય છે. ઉત્પત્તિના કથનની સમાન જ ઉદ્‌વર્તનાનું કથન કરવું અર્થાત્ સર્વથી સર્વ ઉદ્વર્તે છે.

**નારકાદિનો આહાર :–** તેમાં ત્રીજા અને ચોથા વિકલ્પનો સ્વીકાર કર્યો છે અર્થાત્ સર્વભાગથી એક દેશાશ્રિત આહાર કરે છે અને સર્વભાગથી સર્વાશ્રિત આહાર કરે છે.

જીવ જે સમયે ઉત્પન્ન થાય છે, તે સમયે અર્થાત્ ઉત્પત્તિના પ્રથમ સમયે પોતાના સર્વ આત્મ પ્રદેશોથી સર્વ પુદ્‌ગલનો આહાર કરે છે. જેમ અત્યંત તપ્ત તેલની કડાઈમાં પૂડલો નાંખતા, તે લેવા યોગ્ય

તેલના સર્વ પુદ્‌ગલોને ગ્રહણ કરે છે, ખેંચે છે. પછી તે જ પૂડલો તેલના કેટલાક પુદ્‌ગલોને ખેંચે છે, કેટલાકને ખેંચતો નથી. તેમ ઉત્પત્તિ સમય પશ્ચાત્ જીવ સર્વ આત્મપ્રદેશોથી કેટલાક આહાર્ય [આહારને યોગ્ય] પુદ્‌ગલને ગ્રહણ કરે છે અને કેટલાકને ગ્રહણ કરતો નથી. તેથી કહ્યું છે કે જીવ સર્વભાગથી એકભાગનો આહાર કરે છે.

ઉદ્‌વર્તના–નરકમાંથી આયુષ્ય સમાપ્ત કરી નીકળતો જીવ પણ ઉપપાતની જેમ સર્વથી સર્વ રૂપે અન્યગતિમાં ઉત્પન્ન થાય છે અને ત્યાં સર્વથી દેશ અને સર્વથી સર્વ રૂપે આહાર કરે છે.

**णेरइए णेरइएसु उववज्जमाणे :–** યદ્યપિ નારકી મરીને નરકમાં ઉત્પન્ન થતો નથી. મનુષ્ય અને તિર્યંચ જ મરીને નરકમાં ઉત્પન્ન થાય છે. પરંતુ અહી નિશ્ચયનયની દષ્ટિએ **'चलमाणे चलिए'** ના સિદ્ધાંતાનુસાર કથન કર્યું છે. જે જીવે તિર્યંચગતિનું કે મનુષ્યનું આયુષ્ય સમાપ્ત કર્યું હોય અને જેને નરકાયુનો ઉદય થઈ ગયો હોય, તેવો વિગ્રહ ગતિનો જીવ અથવા નરકગતિની અભિમુખ બનેલો જીવ નારકી જ કહેવાય છે. તે પ્રકારના જીવની અપેક્ષાએ આ કથન છે.

**દેશ અને અર્દ્ધમાં અંતર :–** દેશભાગ એટલે વસ્તુનો પા, અર્ધો, પોણોભાગ ઈત્યાદિ, અર્થાત્ પૂર્ણ વસ્તુનો એક ભાગ. જ્યારે **'अद्ध'** એટલે વસ્તુનો બરાબર અર્ધો જ ભાગ ગ્રહણ થાયછે. દેશભાગમાં અનેક વિકલ્પો સંભવિત છે. જ્યારે અર્દ્ધભાગમાં એક જ વિકલ્પ છે. જેમ જીવ દેશ ભાગથી ઉત્પન્ન થતો નથી, તેમજ અર્દ્ધ ભાગથી પણ ઉત્પન્ન થતો નથી.

## વિગ્રહગતિ–અવિગ્રહગતિ :–

**૭ जीवे णं भंते ! किं विग्गहगइसमावण्णए, अविग्गहगइसमावण्णए ?**

**गोयमा ! सिय विग्गहगइसमावण्णए, सिय अविग्गहगइसमा-वण्णए । एवं** *जाव* **वेमाणिए ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! શું જીવ વિગ્રહગતિ સમાપન્ન–વિગ્રહગતિને પ્રાપ્ત(વાટે વહેતા)છે ? અથવા અવિગ્રહ ગતિને પ્રાપ્ત(સ્થાનાસ્થિત) છે ?

ઉત્તર– હે ગૌતમ ! કદાચિત્[જીવ] તે વિગ્રહગતિને પ્રાપ્ત છે, કદાચિત્ અવિગ્રહગતિને પ્રાપ્ત છે.

આ જ પ્રમાણે વૈમાનિક પર્યંત જાણવું જોઈએ.

**૮ जीवा णं भंते ! किं विग्गहगइसमावण्णगा, अविग्गहगइसमावण्णगा?**

**गोयमा ! विग्गहगइसमावण्णगा वि, अविग्गहगइमावण्णगा वि ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! શું અનેક જીવો વિગ્રહગતિને પ્રાપ્ત થાય છે ? અથવા અવિગ્રહગતિને

પ્રાપ્ત થાય છે ?

ઉત્તર– હે ગૌતમ ! અનેક જીવો વિગ્રહગતિને પ્રાપ્ત થાય છે અથવા અનેક જીવો અવિગ્રહગતિને પ્રાપ્ત થાય છે.

**९ णेरइया णं भंते ! किं विग्गहगइसमावण्णगा, अविग्गहगइसमावण्णगा ?**

**गोयमा ! सव्वे वि ताव होज्जा अविग्गहगइसमावण्णगा । अहवा अविग्गहगइ समावण्णगा य, विग्गहगइसमावण्णगे य । अहवा अविग्गहगइ समावण्णगा य, विग्गहगइसमावण्णगा य । एवं जीव एगिंदियवज्जो तियभंगो।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! શું નૈરયિક વિગ્રહગતિને પ્રાપ્ત છે ? અથવા અવિગ્રહગતિને પ્રાપ્ત છે ?

ઉત્તર– હે ગૌતમ ! કદાચિત્ (૧) તે સર્વ જીવો અવિગ્રહગતિને પ્રાપ્ત છે. અથવા (૨) અનેક જીવ અવિગ્રહ ગતિને પ્રાપ્ત છે અને એક જીવ વિગ્રહગતિને પ્રાપ્ત છે. અથવા (૩) અનેક જીવ અવિગ્રહગતિને પ્રાપ્ત છે અને અનેક જીવ વિગ્રહગતિને પ્રાપ્ત છે.

આ રીતે જીવ સામાન્ય અને એકેન્દ્રિયોને છોડીને સર્વત્ર ત્રણ ત્રણ ભંગનું કથન કરવું જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં એક જીવ, અનેક જીવ, એવં નૈરયિકથી વૈમાનિક પર્યંતના ૨૪ દંડકોની અપેક્ષાએ વિગ્રહગતિ અને અવિગ્રહગતિ સંબંધિત પ્રશ્નોત્તર છે. તેમાં વિગ્રહ ગતિનો અર્થ છે વાટે વહેતા જીવ અને અવિગ્રહ ગતિનો અર્થ છે કોઈપણ ગતિમાં સ્થાન સ્થિત જીવ.

**અન્ય રીતે વિગ્રહગતિ :–** (૧) વિગ્રહનો અર્થ વક્ર અથવા વળાંક. જીવ જ્યારે એક ગતિનું આયુષ્ય સમાપ્ત કરી, શરીર છોડી, અન્ય ગતિમાં નવું શરીર ધારણ કરવા માટે જાય છે, ત્યારે જો તેનું ઉત્પત્તિ સ્થાન વળાંક લઈને જ પહોંચી શકાય તેવું હોય, તો જીવ એક, બે કે કદાચિત્ ત્રણ વળાંક લઈને ઉત્પત્તિ સ્થાનમાં પહોંચે છે. (૨) વાટે વહેતો જીવ આકાશ શ્રેણી અનુસાર ગતિ કરે છે. લોકમાં આકાશશ્રેણીઓ તાણા–વાણાની જેમ છે. જીવનું ઉત્પત્તિસ્થાન જો સમશ્રેણી પર ન હોય, તો જીવ વળાંક લઈ ઉત્પત્તિસ્થાને પહોંચે છે. તેની આ વળાંકવાળી ગતિ અથવા વક્રગતિને વિગ્રહગતિ કહે છે.

**અવિગ્રહગતિ :–** અવિગ્રહગતિ–વળાંક વિનાની ગતિ. જે જીવનું ઉત્પત્તિસ્થાન અત્યંત સરલ–સીધું સમ શ્રેણી પર હોય, તો તે જીવને વળાંક લેવો પડતો નથી. તે જીવ સીધો જ ઉત્પત્તિ સ્થાનમાં પહોંચી જાય છે. તેને અવિગ્રહગતિ અથવા ઋજુગતિ કહે છે.

પ્રસ્તુતમાં વિગ્રહગતિ સમાપન્નનો અર્થ વાટે વહેતી અવસ્થા અને અવિગ્રહગતિ સમાપન્નનો

અર્થ કોઈ પણ ગતિમાં સ્થિત અવસ્થા. આ એક જ અર્થ અહીં અપેક્ષિત છે.

**અનેક જીવોની અપેક્ષાએ :–** જીવ અનંત છે. તેથી પ્રતિસમય અનેક જીવ વિગ્રહગતિ–સમાપન્ન પણ હોય છે અને અનેક જીવ વિગ્રહગતિના અભાવવાળા (સ્થાનસ્થિત)પણ હોય છે. એકેન્દ્રિય જીવોમાં પણ અનેક જીવ વિગ્રહગતિ પ્રાપ્ત અને અનેક જીવ અવિગ્રહગતિ પ્રાપ્ત હોય છે.

**નારકોની અપેક્ષાએ ત્રણ ભંગ :–** સામાન્ય જીવોની અપેક્ષાએ નારકોની સંખ્યા અલ્પ છે. તેમજ તેના વિરહકાલના સમયે એક પણ જીવ વિગ્રહગતિમાં હોતો નથી. તેથી તેના ત્રણ ભંગ આ પ્રમાણે થાય છે–

(૧) સર્વ જીવ અવિગ્રહ ગતિ સમાપન્ન હોય. વિગ્રહ ગતિમાં કોઈ ન હોય (૨) કદાચિત્ એક જ જીવ વિગ્રહગતિ સમાપન્ન અને અનેક જીવ અવિગ્રહગતિ સમાપન્ન હોય (૩) કદાચિત્ અનેક જીવ વિગ્રહગતિ સમાપન્ન અને અનેક જીવ અવિગ્રહગતિ સમાપન્ન હોય. નૈરયિકોની જેમ સર્વ દંડકોમાં (એકેન્દ્રિયને છોડીને) ત્રણ ત્રણ ભંગ થાય છે.

## દેવનું ચ્યવન અને ગ્લાનિભાવ :–

**૧૦ देवे णं भंते ! महिड्ढीए, महज्जुईए, महब्बले महायसे महासोक्खे महाणुभावे अविउक्कंतियं चयमाणे किंचिकालं हिरिवत्तियं, दुगंछावत्तियं, परीसहवत्तियं आहारं णो आहारेइ । अहे णं (तओ पच्छा) आहारे आहारिज्जमाणे आहारिए, परिणामिज्ज–माणे परिणामिए पहीणे य आउए भवइ । जत्थ उववज्जइ तं आउयं पडिसंवेदेइ, तं जहा– तिरिक्खजोणियाउयं वा, मणुस्साउयं वा । [से कहमेयं भंते ! एवं ?**

**हंता गोयमा! देवे णं महड्ढीए** *जाव* **मणुस्साउयं वा ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્! મહાઋદ્ધિવાન, મહાદ્યુતિવાન, મહાબલવાન, મહાયશસ્વી, મહાસૌખ્ય–સુખસંપન્ન, મહાનુભાવ–અચિંત્ય શક્તિવાળા દેવ, મરણકાલે ચ્યવન પૂર્વે કેટલોક સમય લજ્જાથી, ઘૃણાથી, (અરતિરૂપ) પરીષહથી આહાર કરતા નથી. ત્યાર પછી આહાર ગ્રહણ કરે છે, ગ્રહણ કરાતો તે આહાર ગ્રહણ થાય છે. પરિણત થતો તે આહાર પરિણત થાય છે, અંતે તે દેવનું આયુષ્ય પૂર્ણ થાય છે. પછી તે જ્યાં ઉત્પન્ન થવાનો છે, ત્યાંના આયુષ્યનું વેદન કરે છે. તે આ પ્રમાણે છે– તિર્યંચનું આયુષ્ય અથવા મનુષ્યનું આયુષ્ય. [હે ભગવન્ ! શું એ કથન સત્ય છે ?]

ઉત્તર– હા ગૌતમ ! મહાઋદ્ધિવાન આદિ વિશેષણ સંપન્ન તે દેવ ચ્યવન પછી તિર્યંચ કે મનુષ્યના આયુષ્યનું વેદન કરે છે.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રમાં દેવના સાત વિશેષણ આપ્યા છે.

**(૧) મહર્દ્ધિક :–** વિમાન અને પરિવાર આદિ ઋદ્ધિ સંપન્ન

**(૨) મહાદ્યુતિવાન :–** મહાન દીપ્તિમાન

**(૩) મહાબલ :–** શારીરિક બલ સંપન્ન

**(૪) મહાયશ :–** યશસ્વી, જેની ખ્યાતિ ત્રણે લોકમાં થઈ હોય તેવા

**(૫) महासोक्खे :–** મહાન સુખસુવિધા સંપન્ન.

**(૬) મહાનુભાવ :–** અનુભાવનો અર્થ છે સામર્થ્ય– જેનામાં શાપ અને અનુગ્રહનું તેમજ વિવિધ રૂપોના નિર્માણનું અચિંત્ય સામર્થ્ય હોય તે.

**(૭) અવ્યુત્ક્રાન્તિક ચ્યવમાન :–** વ્યુત્ક્રાન્તિનો અર્થ ચ્યુતિ અથવા મરણ અને અવ્યુત્ક્રાંતિનો અર્થ છે– જે મૃત્યુને પ્રાપ્ત નથી પરંતુ **च्यवमान** = અલ્પ સમયમાં મૃત્યુને પ્રાપ્ત થનાર છે. તેના માટે 'અવ્યુત્ક્રાન્તિક ચ્યવમાન' શબ્દ પ્રયોગ છે.

મૃત્યુ સમય નજીક જાણી મહર્દ્ધિક દેવોનું મન પોતાના ભાવિને જોઈને ગ્લાન થઈ જાય છે. આત્મગ્લાનિથી પીડિત થઈને તે કેટલોક સમય આહાર પણ છોડી દે છે. તેની ગ્લાનિના ત્રણ કારણો છે. ભવિષ્યમાં મનુષ્ય કે તિર્યંચ યોનિમાં, માતાના ગર્ભમાં જન્મ ધારણ કરવો પડશે. (૧) તે સ્ત્રીના ગર્ભાશયને જોઈને લજ્જિત થાય છે (૨) દેવસ્થાનની અપેક્ષાએ તે હીન, અશુચિમય અને અપવિત્ર હોવાથી તેને ઘૃણા થાય છે (૩) અરતિરૂપ પરીષહથી બેચેની થાય છે. આ ત્રણ કારણે તે કેટલોક સમય આહાર છોડી દે છે ત્યાર પછી આહાર ગ્રહણ કરે છે, તે પરિણત થાય છે. તેની ચ્યવમાન અવસ્થા પૂર્ણ થયા પછી, દેવાયુ ક્ષીણ થયા પછી તે દેવ, મનુષ્ય કે તિર્યંચનું આયુષ્ય ભોગવે છે.

## ગર્ભમાં ઉત્પત્તિ, આહાર, નિહાર પ્રરૂપણા :–

**૧૧ जीवे णं भंते ! गब्भं वक्कममाणे किं सइंदिए वक्कमइ, अणिंदिए वक्कमइ ?**

**गोयमा ! सिय सइंदिए वक्कमइ, सिय अणिंदिए वक्कमइ।**

**से केणट्ठेणं भंते ! एवं वुच्चइ ?**

**गोयमा ! दव्विंदियाइं पडुच्च अणिंदिए वक्कमइ, भाविंदियाइं पडुच्च सइंदिए वक्कमइ । से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! ગર્ભમાં ઉત્પન્ન થતો જીવ, શું ઈન્દ્રિય સહિત ઉત્પન્ન થાય છે ? અથવા ઈન્દ્રિયરહિત ઉત્પન્ન થાય છે ?

ઉત્તર– હે ગૌતમ ! એક અપેક્ષાએ જીવ ઈન્દ્રિય સહિત ઉત્પન્ન થાય છે અને અન્ય અપેક્ષાએ ઈન્દ્રિય રહિત ઉત્પન્ન થાય છે.

પ્રશ્ન– હે ભગવન્ ! તેનું શું કારણ છે ?

ઉત્તર– હે ગૌતમ ! દ્રવ્યેન્દ્રિયની અપેક્ષાએ જીવ ઈન્દ્રિયરહિત ઉત્પન્ન થાય છે અને ભાવેન્દ્રિયની અપેક્ષાએ ઈન્દ્રિયસહિત ઉત્પન્ન થાય છે. હે ગૌતમ ! તેથી આ પ્રમાણે કહ્યું છે.

**१२ जीवे णं भंते ! गब्भं वक्कममाणे किं ससरीरी वक्कमइ, असरीरी वक्कमइ? गोयमा ! सिय ससरीरी वक्कमइ, सिय असरीरी वक्कमइ।**

**से केणट्ठेणं भंते ! एवं वुच्चइ ?**

**गोयमा ! ओरालिय-वेउव्विय-आहारयाइं पडुच्च असरीरी वक्कमइ। तेया-कम्माइं पडुच्च ससरीरी वक्कमइ, से तेणट्ठेणं गोयमा! एवं वुच्चइ ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! ગર્ભમાં ઉત્પન્ન થતો જીવ શું શરીરસહિત ઉત્પન્ન થાય છે કે શરીર રહિત ઉત્પન્ન થાય છે ?

ઉત્તર– હે ગૌતમ ! એક અપેક્ષાએ જીવ શરીર સહિત ઉત્પન્ન થાય છે અને અન્ય અપેક્ષાએ શરીર રહિત ઉત્પન્ન થાય છે.

પ્રશ્ન– હે ભગવન્ ! તેનું શું કારણ છે ?

ઉત્તર– હે ગૌતમ ! ઔદારિક, વૈક્રિય અને આહારક શરીરની અપેક્ષાએ જીવ શરીર રહિત ઉત્પન્ન થાય છે અને તૈજસ–કાર્મણ શરીરની અપેક્ષાએ શરીર સહિત ઉત્પન્ન થાય છે. હે ગૌતમ ! તેથી આ પ્રમાણે કહ્યું છે.

**१३ जीवे णं भंते ! गब्भं वक्कममाणे तप्पढमयाए किं आहारं आहारेइ? गोयमा ! माउओयं पिउसुक्कं तं तदुभयसंसिट्ठं कलुसं किव्विसं तप्पढमयाए आहारं आहारेइ ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! જીવ ગર્ભમાં ઉત્પન્ન થતાં જ, સર્વપ્રથમ શું આહાર કરે છે ?

ઉત્તર– હે ગૌતમ ! જીવ ગર્ભમાં ઉત્પન્ન થતાં જ, સર્વ પ્રથમ પરસ્પર એક બીજામાં મળેલું માતાના શોણિત–રૂધિર અને પિતાનું શુક્ર[વીર્ય] જે કલુષ છે અને કિલ્વિષ છે, તેવા પુદ્ગલોનો આહાર કરે છે.

**१४ जीवे णं भंते ! गब्भगए समाणे किं आहारं आहारेइ ?**

**गोयमा ! जं से माया णाणाविहाओ रसविगईओ आहारं आहारेइ, तदेक्कदेसेणं ओयं आहारेइ ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! ગર્ભમાં રહેલો જીવ શું આહાર કરે છે ?

ઉત્તર– હે ગૌતમ ! ગર્ભમાં રહેલો જીવ માતાએ ગ્રહણ કરેલી વિવિધ પ્રકારની રસવિકૃતિઓના (સ્વાદિષ્ટ પૌષ્ટિક)આહારના અંશ રૂપ ઓજનો આહાર કરે છે.

**૧૫ जीवस्स णं भंते ! गब्भगयस्स समाणस्स अत्थि उच्चारे इ वा पासवणे इ वा खेले इ वा सिंघाणे इ वा वंते इ वा पित्ते इ वा ? णो इणट्ठे समट्ठे ।**

**से केणट्ठेणं भंते ! एवं वुच्चइ ?**

**गोयमा ! जीवे णं गब्भगए समाणे जं आहारेइ तं चिणाइ, तं जहा– सोइंदियत्ताए जाव फासिंदियत्ताए, अट्ठि-अट्ठिमिंजकेसमंसु-रोम-णहत्ताए, से तेणट्ठेणं गोयमा ! जीवस्स णं गब्भगयस्स समाणस्स णत्थि उच्चारे इ वा** *जाव* **पित्ते इ वा ?**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! શું ગર્ભમાં રહેલા જીવને મલ, મૂત્ર, કફ, નાકનો મલ– શ્લેષ્મ, વમન, પિત હોય છે ?

ઉત્તર– હે ગૌતમ ! તે કાંઈપણ શક્ય નથી, ગર્ભગત જીવને આ સર્વ–મલ આદિ હોતા નથી.

પ્રશ્ન– હે ભગવન્ ! તેનું શું કારણ છે ?

ઉત્તર– હે ગૌતમ ! ગર્ભગત જીવ જે આહાર કરે છે, જે આહારનો ચય કરે છે, તે આહારને શ્રોતેન્દ્રિયથી સ્પર્શેન્દ્રિય પર્યંતની પાંચ ઈન્દ્રિય રૂપે તથા અસ્થિ, મજ્જા, કેશ, દાઢી–મૂછ, રોમ અને નખોનાં રૂપમાં પરિણત કરે છે. હે ગૌતમ ! તેથી ગર્ભગત જીવને મલ, મૂત્ર આદિ હોતા નથી.

**૧૬ जीवे णं भंते ! गब्भगए समाणे पभू मुहेणं कावलियं आहारं आहारित्तए ? गोयमा ! णो इणट्ठे समट्ठे ।**

**से केणट्ठेणं भंते ! एवं वुच्चइ?**

**गोयमा ! जीवे णं गब्भगए समाणे सव्वओ आहारेइ, सव्वओ परिणामेइ, सव्वओ उस्ससइ, सव्वओ णिस्ससइ; अभिक्खणं आहारेइ, अभिक्खणं परिणामेइ, अभिक्खणं उस्ससइ, अभिक्खणं णिस्ससइ, आहच्च आहारेइ,**

**आहच्च परिणामेइ, आहच्च उस्ससइ, आहच्च णीससइ ।**

**माउजीवरसहरणी, पुत्तजीवरसहरणी, माउजीवपडिबद्धा पुत्तजीवंफुडा तम्हा आहारेइ, तम्हा परिणामेइ ।**

**अवरा वि य णं पुत्तजीवपडिबद्धा माउजीवंफुडा तम्हा चिणाइ, तम्हा उवचिणाइ; से तेणट्ठेणं गोयमा !** *जाव* **णो पभू मुहेणं कावलियं आहारं आहारित्तए।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! ગર્ભગત જીવ મુખથી કવલાહાર કરી શકે છે ?

ઉત્તર– હે ગૌતમ ! તે શક્ય નથી.

પ્રશ્ન– હે ભગવન્ ! તેનું શું કારણ છે ?

ઉત્તર– હે ગૌતમ ! ગર્ભગત જીવ સર્વ આત્મપ્રદેશોથી(સંપૂર્ણ શરીરથી) આહાર કરે છે. સર્વ આત્મપ્રદેશોથી(સંપૂર્ણ શરીરથી)પરિણમાવે છે. સર્વાત્મપ્રદેશથી ઉચ્છ્વાસ લે છે, સર્વાત્મપ્રદેશથી નિઃશ્વાસ મૂકે છે, વારંવાર આહાર લે છે, વારંવાર પરિણમાવે છે, વારંવાર ઉચ્છ્વાસ લે છે, વારંવાર નિઃશ્વાસ મૂકે છે, કદાચિત્ આહાર લે છે, કદાચિત પરિણમાવે છે, કદાચિત્ ઉચ્છ્વાસ લે છે, કદાચિત્ નિઃશ્વાસ મૂકે છે તથા પુત્રના જીવને રસ પહોંચાડનારી અને માતાના રસ લેવામાં કારણભૂત જે માતૃજીવ–રસહરણી નામની નાડી છે; તે માતાના જીવની સાથે સંબદ્ધ છે અને પુત્રના જીવની સાથે સ્પૃષ્ટ–જોડાયેલી છે, તે નાડી દ્વારા ગર્ભગત જીવ આહાર ગ્રહણ કરે છે, આહાર પરિણમાવે છે તથા એક નાડી પુત્રના જીવ સાથે સંબદ્ધ અને માતાના જીવ સાથે સ્પૃષ્ટ–જોડાયેલી છે, તે નાડી દ્વારા ગર્ભગત જીવ આહારનો ચય કરે છે અને ઉપચય કરે છે. હે ગૌતમ ! તેથી ગર્ભગત જીવ મુખ દ્વારા કવલાહાર કરતો નથી.

**વિવેચન :–**

જૈન દર્શન કર્મ અને પુનર્જન્મના સિદ્ધાંતનો સ્વીકાર કરે છે. કર્મ અનુસાર પુનર્જન્મ થાય છે. જીવ જ્યારે એક જન્મ(આયુષ્ય) પૂર્ણ કરીને પુનર્જન્મ ધારણ કરે છે, ત્યારે જીવ શું આ જન્મની ઋદ્ધિને સાથે લઈને જાય છે ? તેના નવા શરીરનું નિર્માણ કેવી રીતે થાય છે ? તેની પુષ્ટિ કેવી રીતે થાય છે ? ઈત્યાદિ પ્રશ્નોના સમાધાન માટે શ્રી ગૌતમે ગર્ભગત જીવો વિષયક મહત્વના પ્રશ્ન પૂછ્યા છે.

**પુનર્જન્મમાં શું સાથે લઈને જાય છે ? :–** મૃત્યુ સમયે જીવ સ્થૂલ શરીર અને સ્થૂલ ઈન્દ્રિયો વગેરેને છોડી દે છે પરંતુ તેના આત્મા સાથે એકમેક થયેલા કર્મો, તેના સંસ્કારો તેમજ સૂક્ષ્મ શરીરને, કર્મોના ક્ષયોપશમ રૂપ ભાવેન્દ્રિયને સાથે લઈ જાય છે.

(૧) શ્રી ગૌતમનો પ્રથમ પ્રશ્ન છે કે ગર્ભગત જીવ ઈન્દ્રિય સહિત ઉત્પન્ન થાય છે કે ઈન્દ્રિય રહિત ? પ્રભુએ તેનો પ્રત્યુત્તર સાપેક્ષવાદથી આપ્યો છે. દ્રવ્યેન્દ્રિય [પૌદ્ગલિક રચના વિશેષ]ની અપેક્ષાએ ઈન્દ્રિય રહિત

જાય છે પરંતુ ભાવેન્દ્રિય [આત્માની લબ્ધિ–શક્તિ વિશેષ અથવા કર્મોના ક્ષયોપશમ રૂપ]ની અપેક્ષાએ ઈન્દ્રિય સહિત જાય છે.

(૨) સ્થૂલ શરીર [ઔદારિક, વૈક્રિય કે આહારક]ની અપેક્ષાએ શરીર રહિત જાય છે પરંતુ સૂક્ષ્મ શરીર [તૈજસ–કાર્મણ]ની અપેક્ષાએ શરીર સહિત જાય છે.

**ગર્ભગત જીવના આહારાદિ :–** ગર્ભમાં ઉત્પન્ન થતાં પ્રથમ સમયે માતાના રૂધિર અને પિતાના વીર્યના સમ્મિશ્રણને આહારરૂપે ગ્રહણ કરે છે. તત્પશ્ચાત્ માતાએ ગ્રહણ કરેલા રસવિકારોનો એક ભાગ ઓજ રૂપે ગ્રહણ કરે છે. ગર્ભસ્થ જીવને મલ–મૂત્રાદિ હોતા નથી કારણ કે તે જીવ જે આહાર ગ્રહણ કરે છે તેને શ્રોતેન્દ્રિયાદિ રૂપે પરિણમાવે છે. તે સર્વાત્મરૂપે આહાર ગ્રહણ કરે છે. રસહરણી નાડી [નાભિકા નાલ] દ્વારા ગર્ભગત જીવ માતાના શરીરમાંથી રસ ગ્રહણ કરે છે. માતાની રસહરણી દ્વારા જે આહાર થાય તેને પ્રક્ષેપાહાર કહી શકાય છે. તે નાડી માતાના જીવ સાથે પ્રતિબદ્ધ અને સંતાનના જીવ સાથે સ્પૃષ્ટ હોય છે અને બીજી પુત્રજીવરસહરણી દ્વારા ગર્ભસ્થ જીવ આહારનો ચય–ઉપચય કરે છે. તેથી ગર્ભસ્થ જીવ પરિપુષ્ટિને પ્રાપ્ત કરે છે. તે નાડી સંતાનના જીવ સાથે પ્રતિબદ્ધ અને માતાના જીવ સાથે સ્પૃષ્ટ હોય છે.

**ગર્ભગત જીવના અંગોપાંગ :–**

**૧૭ कइ णं भंते ! माइयंगा पण्णत्ता ?**

**गोयमा ! तओ माइयंगा पण्णत्ता, तं जहा– मंसे, सोणिए, मत्थुलंगे।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! [જીવના શરીરમાં] માતાના કેટલાં અંગ હોય છે ?

ઉત્તર– હે ગૌતમ ! માતાના ત્રણ અંગ હોય છે, તે આ પ્રમાણે છે. (૧) માંસ (૨) શોણિત અને (૩) મગજ.

**૧૮ कइ णं भंते ! पिइयंगा पण्णत्ता ?**

**गोयमा ! तओ पिइयंगा पण्णत्ता, तं जहा– अट्ठिं, अट्ठिमिंजा, केसमंसुरोम- णहे ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! [જીવના શરીરમાં] પિતાના કેટલાં અંગ હોય છે ?

ઉત્તર– હે ગૌતમ ! પિતાના ત્રણ અંગ હોય છે, તે આ પ્રમાણે છે. (૧) અસ્થિ (૨) મજ્જા [હાડકાની મધ્યનો ભાગ] (૩) કેશ, દાઢી–મૂછ, રોમ તથા નખ.

**૧૯ अम्मापिइए णं भंते ! सरीरए केवइयं कालं संचिट्ठइ ?**

**गोयमा ! जावइयं से कालं भवधारणिज्जे सरीरए अव्वावण्णे भवइ एवइयं**

**कालं संचिट्ठइ । अहे णं समए-समए वोक्कसिज्जमाणे-वोक्कसिज्जमाणे चरमकालसमयंसि वोच्छिण्णे भवइ ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! માતા અને પિતાના અંગ સંતાનના શરીરમાં કેટલો કાળ રહે છે ?

ઉત્તર– હે ગૌતમ ! સંતાનનું 'ભવધારણીય' શરીર જેટલો કાળ રહે, તેટલો કાળ તે અંગ રહે છે. અને 'ભવધારણીય' શરીર સમયે સમયે ક્ષીણ થતાં, અંતિમ સમયે નાશ પામે છે, ત્યારે માતા–પિતાના તે અંગ પણ નષ્ટ થઈ જાય છે.

**વિવેચન :–**

**माइयंगा :–** જે અંગોમાં માતાના આર્તવનો ભાગ અધિક હોય છે, તે કોમલ અંગ–માંસ, રક્ત અને મગજ; તે ત્રણ અંગ માતાના કહેવાય છે.

**पिइयंगा :–**જે અંગોમાં પિતાના વીર્યનો ભાગ અધિક હોય તે ત્રણ કઠોર અંગ–અસ્થિ, મજ્જા અને કેશ, રોમ તથા નખાદિ પિતાના કહેવાય છે. શેષ સર્વ અંગ માતા અને પિતા બંનેના કહેવાય છે. સંતાનના ભવધારણીય શરીરના અંત પર્યંત માતા–પિતાના તે અંગ શરીરમાં રહે છે.

**मत्थुलंगे :–मस्तकांग** = મસ્તકનું એક અંગ, એક અવયવ–ભેજું, દિમાગ, મગજ, આદિ મસ્તિષ્ક કહેવાય છે.

**ગર્ભગત જીવની ગતિ :–**

**૨૦ जीवे णं भंते ! गब्भगए समाणे णेरइएसु उववज्जेज्जा ?**

**गोयमा! अत्थेगइए उववज्जेज्जा, अत्थेगइए णो उववज्जेज्जा ।**

**से केणट्ठेणं भंते! एवं वुच्चइ ?**

**गोयमा ! से णं सण्णी पंचिंदिए सव्वाहिं पज्जत्तीहिं पज्जत्तए वीरिय–लद्धीए वेउव्वियलद्धीए पराणीयं आगयं सोच्चा णिसम्म पएसे णिच्छुभइ, णिच्छुभित्ता वेउव्वियसमुग्घाएणं समोहणइ, समोहणित्ता चाउरंगिणिं सेण्णं विउव्वइ, चाउरंगिणिं सेण्णं विउव्वित्ता चाउरंगिणीए सेणाए पराणीएणं सद्धिं संगामं संगामेइ ।**

**से णं जीवे अत्थकामए रज्जकामए भोगकामए कामकामए; अत्थकंखि रज्ज– कंखिए भोगकंखिए कामकंखिए; अत्थपिवासए रज्जपिवासए भोगपिवासए काम– पिवासए; तच्चित्ते तम्मणे तल्लेसे तदज्झवसिए तत्तिव्वज्झवसाणे तदट्ठोवउत्ते**

**तदप्पिय करणे तब्भावणाभाविए, एयंसि णं अंतरंसि कालं करेज्ज णेरइएसु उववज्जइ। से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ– अत्थेगइए उववज्जेज्जा, अत्थेगइए णो उववज्जेज्जा।**

**શબ્દાર્થ :– तदज्झवसिए** = તેમાં જ અધ્યવસાય રાખનાર, **तत्तिव्वज्झवसाणे** = તેમાં જ તીવ્ર અધ્યવસાન, પ્રયત્ન કરનાર, **तदट्ठोवउत्ते** = તે અર્થમાં જ ઉપયુક્ત સાવધાનતા રાખનાર, **तप्पियकरणे** = તદર્પિતકરણ = જેના ઈન્દ્રિયરૂપ કરણ અથવા કૃત, કારિત, અનુમોદન રૂપ કરણ તેમાં જ લાગેલા છે તેવા.

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! ગર્ભગત જીવ શું નરકમાં ઉત્પન્ન થાય છે ?

ઉત્તર– હે ગૌતમ ! કોઈક જીવ નરકમાં ઉત્પન્ન થાય છે અને કોઈક નરકમાં ઉત્પન્ન થતા નથી.

પ્રશ્ન– હે ભગવન્ ! તેનું શું કારણ છે ?

ઉત્તર– હે ગૌતમ ! ગર્ભગત, સંજ્ઞી પંચેન્દ્રિય અને સમસ્ત પર્યાપ્તિઓથી પર્યાપ્ત જીવ, વીર્ય લબ્ધિ દ્વારા, વૈક્રિયલબ્ધિ દ્વારા, શત્રુસેનાનું આગમન સાંભળીને, અવધારણ કરીને, પોતાના આત્મપ્રદેશોને ગર્ભથી બહાર કાઢે છે, બહાર કાઢીને વૈક્રિય સમુદ્ઘાત કરે છે. વૈક્રિય સમુદ્ઘાતથી સમવહત થઈને, ચતુરંગિણી સેનાની વિક્રિયા કરે છે, ચતુરંગિણી સેનાની વિક્રિયા કરીને, તે સેનાથી શત્રુસેના સાથે યુદ્ધ કરે છે. તે અર્થ– ધનનો કામી, રાજ્યનો કામી, ભોગનો કામી, કામનો કામી, અર્થાકાંક્ષી, રાજ્યાકાંક્ષી, ભોગાકાંક્ષી, કામાકાંક્ષી [અર્થાદિનો લોલુપ] તથા અર્થપિપાસુ, રાજ્યપિપાસુ, ભોગપિપાસુ, કામપિપાસુ, તેમાં જ ચિત્તયુક્ત, તેમાં જ મનયુક્ત, તેમાં જ આત્મપરિણામ યુક્ત, તેમાં જ અધ્યવસિત, તેમાં જ પ્રયત્નશીલ, તેમાં જ સાવધાનતા યુક્ત, તેને માટે જ ક્રિયા કરનાર, તે જ ભાવનાઓથી ભાવિત [તે જ સંસ્કારોથી ઓતપ્રોત] એવો તે જીવ, જો તે સમયે મૃત્યુને પ્રાપ્ત થાય, તો તે નરકમાં ઉત્પન્ન થાય છે. હે ગૌતમ ! તેથી એ પ્રમાણે કહ્યું છે કે કેટલાક જીવો નરકમાં ઉત્પન્ન થાય છે અને કેટલાક ઉત્પન્ન થતા નથી.

**૨૧ जीवे णं भंते ! गब्भगए समाणे देवलोगेसु उववज्जेज्जा ? गोयमा! अत्थेगइए उववज्जेजा, अत्थेगइए णो उववज्जेज्जा ।**

**से केणट्ठेणं भंते ! एवं वुच्चइ ?**

**गोयमा ! से णं सण्णी पंचिंदिए सव्वाहिं पज्जत्तीहिं पज्जत्तए तहारूवस्स समणस्स वा माहणस्स वा अंतिए एगमवि आरियं धम्मियं सुवयणं सोच्चा णिसम्म तओ भवइ संवेगजायसड्ढे, तिव्वधम्माणुरागरत्ते ।**

**से णं जीवे धम्माकामए पुण्णकामए सग्गकामए मोक्खकामए; धम्मकंखिए पुण्णकंखिए सग्गकंखिए मोक्खकंखिए; धम्मपिवासए पुण्णपिवासए सग्गमोक्ख–**

**पिवासए; तच्चित्ते तम्मणे तल्लेसे तदज्झवसिए तत्तिव्वज्झवसाणे तदट्ठोवउत्ते तदप्पियकरणे तब्भावणाभाविए एयंसि णं अंतरंसि कालं करेज्ज देवलोगेसु उववज्जइ । से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ– अत्थेगइए उववज्जेज्जा, अत्थेगइए णो उववज्जेज्जा।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! ગર્ભસ્થ જીવ શું દેવલોકમાં જાય છે ?

ઉત્તર– હે ગૌતમ ! કેટલાક જીવ દેવલોકમાં ઉત્પન્ન થાય છે, કેટલાક જીવ, દેવલોકમાં ઉત્પન્ન થતા નથી.

પ્રશ્ન– હે ભગવન્ ! તેનું શું કારણ છે ?

ઉત્તર– હે ગૌતમ ! ગર્ભગત, સંજ્ઞી પંચેન્દ્રિય, સર્વ પર્યાપ્તિઓથી પર્યાપ્ત જીવ, તથારૂપના શ્રમણ અથવા બ્રાહ્મણ પાસેથી એક પણ આર્ય અને ધાર્મિક સુવચન સાંભળીને, અવધારણ કરીને, શીઘ્ર સંવેગથી ધર્મશ્રદ્ધાળુ બનીને, ધર્મમાં તીવ્ર અનુરાગથી રક્ત બનીને, અનુરંજિત બનીને, તે ધર્મના કામી, પુણ્યના કામી, સ્વર્ગના કામી, મોક્ષના કામી; ધર્માકાંક્ષી, પુણ્યકાંક્ષી, સ્વર્ગાકાંક્ષી, મોક્ષાકાંક્ષી તથા ધર્મ પિપાસુ, પુણ્યપિપાસુ, સ્વર્ગ પિપાસુ, મોક્ષ પિપાસુ, તેમાં જ અધ્યવસિત, તેમાં જ તીવ્ર પ્રયત્નશીલ, તેમાં જ સાવધાનતા યુક્ત, તેને માટે જ સમર્પિત થઈને ક્રિયા કરનાર, તે જ ભાવનાથી ભાવિત, [તે જ સંસ્કારોથી સંસ્કારિત] જીવ જો તે જ સમયે મૃત્યુને પ્રાપ્ત કરે, તો તે દેવલોકમાં ઉત્પન્ન થાય છે. હે ગૌતમ! તેથી એ પ્રમાણે કહ્યું છે કે કેટલાક જીવ દેવલોકમાં ઉત્પન્ન થાય છે અને કેટલાક ઉત્પન્ન થતા નથી.

## વિવેચન :–

**ગર્ભગત જીવની ગતિ :–** ગર્ભગત જીવ ગર્ભમાં જ કાલધર્મ પામે તો નરક અને દેવલોક બંને ગતિમાં જઈ શકે છે. તે જીવ નિયમતઃ સંજ્ઞી પંચેન્દ્રિય હોય છે.

ગર્ભગત જીવ ગર્ભમાં જ સર્વ પર્યાપ્તિઓથી પર્યાપ્ત થઈ ગયો હોય છે. તેમ જ પૂર્વના શુભ–અશુભ સંસ્કાર તેની સાથે જ હોય છે. તેથી જેવા પ્રકારના નિમિત્તો મળે, તે પ્રકારની વિચારધારા અને કાર્ય કરી શકે છે. પૂર્વના શત્રુનું આગમન સાંભળીને તેની વૈરવૃત્તિ જાગૃત થાય તો તે વૈક્રિય સમુદ્‌ઘાત કરી, ચતુરંગિણી સેનાની વિકુર્વણા કરી, યુદ્ધ પણ કરી શકે છે અને ધનની, રાજ્યની, કામભોગની તીવ્રતમ આસક્તિમાં મૂઢ બની જાય અને તે જ સમયે તે મૃત્યુ પામે તો નરકમાં જઈ શકે છે.

તે જ રીતે શુભ સંસ્કારથી સંપન્ન જીવને શુભ નિમિત્તોનો સંયોગ મળે, કોઈ શ્રમણોના સંયોગે ધાર્મિક વચનનું શ્રવણ કરે, તેના અંતરમાં સંવેગભાવ જાગૃત થાય અને તે જ ભાવમાં તલ્લીન બની, તે જીવ મૃત્યુ પામે તો દેવલોકમાં પણ જઈ શકે છે.

પ્રસ્તુત સૂત્રમાં ગર્ભસ્થ મનુષ્ય પોતાના શુભાશુભ પરિણામથી દેવલોક કે નરકમાં જઈ શકે છે, તે

કથન કર્યું છે. વીતરાગ વિજ્ઞાન સૂક્ષ્માતિસૂક્ષ્મ ભાવોનું કથન કરે છે. અંતર્મુહૂર્તની સ્થિતિવાળા તિર્યંચ પંચેન્દ્રિય પણ શુભાશુભ આત્મપરિણામોથી આઠ દેવલોક કે સાત નરક સુધી જઈ શકે છે.

**ગર્ભસ્થ જીવની સ્થિતિ :–**

**૨૨ जीवे णं भंते ! गब्भगए समाणे उत्ताणए वा, पासिल्लए वा, अंबखुज्जए वा; अच्छेज्ज वा चिट्ठेज्ज वा णिसीएज्ज वा तुयट्टेज्ज वा; माउए सुयमाणीए सुवइ, जागरमाणीए जागरइ, सुहियाए सुहिए भवइ, दुहियाए दुहिए भवइ ?**

**हंता गोयमा ! जीवे णं गब्भगए समाणे** *जाव* **दुहियाए दुहिए भवइ। अहेणं पसवणकालसमयंसि सीसेण वा, पाएहिं वा आगच्छइ, सम्मं आगच्छइ । तिरियं आगच्छइ, विणिहायं आवज्जइ।**

**वण्णवज्झाणि य से कम्माइं बद्धाइं पुट्ठाइं णिहत्ताइं कडाइं पट्ठवियाइं अभिणिविट्ठाइं अभिसमण्णागयाइं उदिण्णाइं णो उवसंताइं भवंति । तओ भवइ दुरूवे दुवण्णे दुग्गंधे दुरसे दुफासे अणिट्ठे अकंते अप्पिएअसुभे अमणुण्णे अमणामे हीणस्सरे दीणस्सरे अणिट्ठस्सरे अकंतस्सरे अप्पियस्सरे असुभस्सरे अमणुण्णस्सरे अमणामस्सरे अणाएज्जवयणे पच्चायाए या वि भवइ ।**

**वण्णवज्झाणि य से कम्माइं णो बद्धाइं पसत्थं णेयव्वं जाव आदेज्जवयणे पच्चायाए या वि भवइ ॥ सेवं भंते ! सेवं भंते ॥**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! તે ગર્ભગત જીવ શું ચત્તો– સૂતેલો હોય, કે પડખાભેર હોય કે કેરીની જેમ કુબ્જ હોય, કે ઊભો હોય, બેઠો હોય, સૂતેલો હોય તથા માતા જ્યારે સૂતી હોય ત્યારે સૂતો હોય, માતા જ્યારે જાગતી હોય ત્યારે જાગતો હોય, માતાના સુખી થવા પર સુખી થાય છે, માતાના દુઃખી થવા પર દુઃખી થાય છે ?

ઉત્તર– હા, ગૌતમ ! ગર્ભગત જીવની પ્રશ્નગત દરેક સ્થિતિ માતાની સર્વ સ્થિતિ પ્રમાણે હોય છે તેમજ માતા દુઃખિત હોય, ત્યારે તે દુઃખી થાય છે.

તત્પશ્ચાત્ પ્રસવકાલે જો તે ગર્ભગત જીવ મસ્તક દ્વારા અથવા પગ દ્વારા(ગર્ભથી) બહાર આવે તો સમ્યક્ પ્રકારે આવે છે અને જો તે આડો થઈને બહાર આવે તો મરી જાય છે. ગર્ભમાંથી બહાર આવ્યા પછી તે જીવે જો પૂર્વ ભવમાં અશુભકર્મ બાંધ્યા હોય, સ્પૃષ્ટ કર્યા હોય, નિધત્ત હોય, કૃત હોય, પ્રસ્થાપિત હોય, અભિનિવિષ્ટ હોય, અભિસમન્વાગત હોય, ઉદીર્ણ હોય, ઉપશાંત ન હોય તો તે જીવ દુષ્ટરૂપ, દુષ્ટવર્ણ, દુર્ગંધવાળો, દુષ્ટરસવાળો, દુષ્ટસ્પર્શવાળો, અનિષ્ટ, અકાન્ત, અપ્રિય, અશુભ, અમનોજ્ઞ, અમનામ

[જેનું સ્મરણ પણ ન ગમે], હીન સ્વરવાળો, દીનસ્વરવાળો, અનિષ્ટ, અકાન્ત, અપ્રિય, અશુભ, અમનોજ્ઞ અને અમનામ સ્વરવાળો તથા અનાદેય વચનવાળો થાય છે અને જો તે જીવે અશુભ કર્મ બાંધેલા ન હોય તો તેનું સર્વ પ્રશસ્ત જાણવું તેમજ તે આદેયવચનવાળો થાય છે. ત્યાં સુધી કથન કરવું.

હે ભગવન્ ! આ ભાવ આ જ પ્રકારે છે, હે ભગવન્ ! આ ભાવ આ જ પ્રકારે છે.

**વિવેચન :–**

આ સૂત્રમાં ગર્ભસ્થ જીવની અવસ્થાઓનું સ્પષ્ટીકરણ કરતાં કહ્યું છે કે તેની બેસવા, સુવાની સમસ્ત પ્રવૃત્તિ માતાની પ્રવૃત્તિને અનુરૂપ જ હોય છે. તેમજ માતા સુખીઃદુખી થાય તો તે પણ સુખી દુઃખી થાય છે. તે જીવ પૂર્વકૃત કર્માનુસાર સુરૂપ, કુરૂપ, નિરોગી–સરોગી થાય છે. ગર્ભસ્થ બાળકના કર્મ સંયોગાનુસાર જ પ્રસૂતિ–જન્મ સુખપૂર્વક કે દુઃખપૂર્વક થાય છે. આ સૂત્રનું તાત્પર્ય એ છે કે ગર્ભસ્થ જીવની પ્રવૃત્તિનો સંબંધ માતાની પ્રવૃત્તિ સાથે હોય છે અને અન્ય સર્વ સંયોગો તેના કર્માનુસાર હોય છે.

**।। શતક–૧/૭ સંપૂર્ણ ।।**

# શતક–૧ : ઉદ્દેશક–૮

## સંક્ષિપ્ત સાર

★ આ ઉદ્દેશકમાં બાલ, પંડિત આદિના આયુષ્ય બંધ, મૃગવધક આદિ ભિન્ન–ભિન્ન જીવોની લાગતી ક્રિયા, સમાન બે વ્યક્તિમાં થતાં જય–પરાજયનું કારણ અને તેના અનુસંધાનમાં વીર્ય વિષયક વિચારણા કરી છે.

★ એકાંત બાલ(ચાર ગુણસ્થાનવાળા જીવ) ચારે ગતિનું આયુષ્ય બાંધે છે. એકાંત પંડિત(છટ્ઠાદિ ગુણસ્થાનવર્તી જીવ) આયુષ્ય બાંધે તો વૈમાનિક દેવગતિનું અને ન બાંધે તો મોક્ષમાં જાય છે. બાલપંડિત (પાંચમા ગુણસ્થાનવર્તી જીવ)વૈમાનિક દેવગતિનું જ આયુષ્ય બાંધે છે. જે જીવ જે ગતિનું આયુષ્ય બાંધે છે, તે ગતિમાં જ જાય છે. આયુષ્ય બાંધ્યા વિના જીવ જતો નથી.

★ છદ્મસ્થ જીવ કોઈ પણ પ્રવૃત્તિ કરે તેને ત્રણ ક્રિયા અવશ્ય લાગે જ છે. કારણ કે સકષાયી જીવોની કાયા કંઈક અંશે સાવદ્ય યોગમાં પ્રવૃત્ત હોય જ છે, તેથી કાયિકી ક્રિયા લાગે છે. તે પાપકારી સાધનોનો પણ ઉપયોગ કરે છે તેથી આધિકરણીકી ક્રિયા અને તે જીવ સકષાયી હોવાથી પ્રાદ્વેષિકી ક્રિયા લાગે છે. હવે જો તેની પ્રવૃત્તિથી અન્ય જીવોને પરિતાપ થાય તો, ચોથી ક્રિયા પારિતાપનિકી અને અન્ય જીવોનો પ્રાણવધ થાય તો, પાંચમી પ્રાણાતિપાતિકી ક્રિયા લાગે છે. આ રીતે સકષાયી જીવોને કોઈ પણ પ્રવૃત્તિ કરતા ત્રણ, ચાર અથવા પાંચ ક્રિયા લાગે છે.

★ કોઈ જીવને મારવા માટે બાણ છોડે તો ત્રણ ક્રિયા, બાણ તેને લાગે તો ચાર ક્રિયા અને તે જીવ મરી જાય તો પાંચ ક્રિયા થાય છે.

કોઈ જીવને મારવાના સંકલ્પથી ધનુષની પણછ ખેંચી, કોઈ મનુષ્ય ઊભો હોય તે સમયે કોઈ બીજી વ્યક્તિ આવી, તલવારનો ઘા કરી, તેને મારી નાખે. તેથી ખેંચેલું બાણ નિશાન પર લાગે અને તે જીવ મરી જાય, ત્યારે તલવારથી મનુષ્યને મારનારને પણ તેની પાંચ ક્રિયા લાગે છે. બાણથી મરનાર જીવના નિમિત્તથી ધનુષવાળા મનુષ્યને પણ પાંચ ક્રિયા લાગે છે.

★ કોઈપણ પ્રહારના નિમિત્તથી કોઈ જીવ જો છ મહિનાની અંદર મરે તો પ્રહાર કરનારને પ્રાણાતિપાતિકી ક્રિયા લાગે છે; છ મહિના પછી જો તે જીવનું મૃત્યુ થાય તો તે પ્રહાર નિમિત્ત ગણી શકાતો નથી. આ કથન વ્યવહાર સાપેક્ષ છે.

★ તલવાર, બરછી આદિથી સામસામે મારનાર વ્યક્તિ તીવ્ર વૈરથી સ્પૃષ્ટ થાય છે અને મારનારના તે કાર્યનું ફળ તેને શીઘ્ર નજીકના ભવિષ્યમાં મળે છે.

★ શારીરિક અનેક યોગ્યતાઓથી અને સાધનોથી સમાન બે પુરુષો વચ્ચેના યુદ્ધમાં એકનો જય અને એકનો પરાજય થાય છે. તેમાં વીર્યાન્તરાય કર્મના ઉદય, અનુદયનું મુખ્ય કારણ હોય છે. વીર્યવાન–વિશેષ પરાક્રમી વ્યક્તિ જીતી જાય છે. અલ્પ પરાક્રમવાળી વ્યક્તિ હારી જાય છે.

★ વીર્ય બે પ્રકારના છે– (૧) લબ્ધિ વીર્ય (૨) કરણ વીર્ય. આત્માને શરીર ક્ષમતા–સામર્થ્યની ઉપલબ્ધિ તે લબ્ધિવીર્ય છે. તે લબ્ધિવીર્યનો ઉપયોગ થાય અને તે ક્રિયાત્મક બને તેને કરણવીર્ય કહેવાય છે.

ચોવીસ દંડકના જીવ લબ્ધિવીર્યથી સવીર્ય છે અને કરણવીર્યથી સવીર્ય–અવીર્ય બંને હોય છે. મનુષ્ય શૈલેશી અવસ્થામાં લબ્ધિવીર્યથી સવીર્ય અને કરણવીર્યથી અવીર્ય હોય છે. સિદ્ધ બંને અપેક્ષાથી અવીર્ય હોય છે. કેમ કે તેમને શરીર જ નથી અને બંને વીર્ય શરીર સાપેક્ષ છે. આત્મ સામર્થ્યથી તે સંપન્ન હોય છે.

❖❖❖❖❖

# શતક–૧ : ઉદ્દેશક–૮

## બાલ

**બાલ, પંડિત આદિના આયુષ્યબંધ :–**

**१ एगंतबाले णं भंते ! मणुस्से किं णेरइयाउयं पकरेइ, तिरिक्खाउयं पकरेइ, मणुस्साउयं पकरेइ, देवाउयं पकरेइ ? णेरइयाउयं किच्चा णेरइएसु उववज्जइ, तिरियाउयं किच्चा तिरिएसु उववज्जइ, मणुस्साउयं किच्चा मणुस्सेसु उववज्जइ, देवाउयं किच्चा देवलोगेसु उववज्जइ ?**

**गोयमा ! एगंतबाले णं मणुस्से णेरइयाउयं पि पकरेइ, तिरियाउयं पि पकरेइ, मणुस्साउयं पि पकरेइ, देवाउयं पि पकरेइ । णेरइयाउयं किच्चा णेरइएसु उववज्जइ, तिरियाउयं किच्चा तिरिएसु उवज्जइ, मणुस्साउयं किच्चा मणुस्सेसु उववज्जइ, देवाउयं किच्चा देवलोगेसु उववज्जइ ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! શું એકાંત બાલ [મિથ્યાદષ્ટિ] મનુષ્ય નરકનું આયુષ્ય બાંધે છે, તિર્યંચનું આયુષ્ય બાંધે છે, મનુષ્યનું આયુષ્ય બાંધે છે કે દેવનું આયુષ્ય બાંધે છે ? તથા નરકાયુષ્ય બાંધીને નૈરયિકનું ઉત્પન્ન થાય છે ? તિર્યંચનું આયુષ્ય બાંધીને તિર્યંચમાં ઉત્પન્ન થાય છે ? મનુષ્યનું આયુષ્ય બાંધીને મનુષ્યમાં ઉત્પન્ન થાય છે ? અથવા દેવનું આયુષ્ય બાંધીને દેવલોકમાં ઉત્પન્ન થાય છે ?

ઉત્તર– હે ગૌતમ ! એકાંત બાલ મનુષ્ય નરકનું આયુષ્ય પણ બાંધે છે, તિર્યંચનું આયુષ્ય પણ બાંધે છે, મનુષ્યનું આયુષ્ય પણ બાંધે છે અને દેવનું આયુષ્ય પણ બાંધે છે તથા નરકાયુ બાંધીને નૈરયિકમાં ઉત્પન્ન થાય છે; તિર્યંચાયુ બાંધીને તિર્યંચમાં ઉત્પન્ન થાય છે; મનુષ્યાયુ બાંધીને મનુષ્યમાં ઉત્પન્ન થાય છે અને દેવાયુ બાંધીને દેવોમાં પણ ઉત્પન્ન થાય છે.

**२ एगंतपंडिए णं भंते ! मणुस्से किं णेरइयाउयं पकरेइ जाव देवाउयं किच्चा देवलोएसु उववज्जइ ?**

**गोयमा ! एगंतपंडिए णं मणूसे आउयं सिय पकरेइ, सिय णो पकरेइ; जइ पकरेइ णो णेरइयाउयं पकरेइ, णो तिरियाउयं पकरेइ, णो मणुस्साउयं**

**पकरेइ, देवाउयं पि पकरेइ । णो णेरइयाउयं किच्चा णेरइएसु उववज्जइ, णो तिरियाउयं किच्चा तिरिएसु उववज्जइ, णो मणुस्साउयं किच्चा मणुस्सेसु उववज्जइ, देवाउयं किच्चा देवेसु उववज्जइ ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! એકાંત પંડિત મનુષ્ય શું નરકાયુ બાંધે છે ? તેમજ શું દેવાયુ બાંધે છે ? અને તે જ રીતે શું દેવાયુ બાંધીને દેવલોકમાં ઉત્પન્ન થાય છે ? ત્યાં સુધીનો પૂર્વ સૂત્રોક્ત પાઠ ગ્રહણ કરવો.

ઉત્તર– હે ગૌતમ ! એકાંત પંડિત મનુષ્ય કદાચિત્ આયુષ્ય બાંધે છે, કદાચિત્ આયુષ્ય બાંધતા નથી. જો બાંધે તો નરકાયુ, તિર્યંચાયુ અને મનુષ્યાયુનો બંધ કરતા નથી. દેવાયુ જ બાંધે છે. નરકાયુનો બંધ ન કરવાથી તે નરકમાં ઉત્પન્ન થતા નથી. તિર્યંચાયુનો બંધ ન કરવાથી તે તિર્યંચમાં ઉત્પન્ન થતાં નથી. મનુષ્યાયુનો બંધ ન કરવાથી તે મનુષ્યમાં ઉત્પન્ન થતા નથી. પરંતુ દેવાયુનો બંધ કરીને દેવલોકમાં ઉત્પન્ન થાય છે.

**३ से केणट्ठेणं भंते ! जाव देवाउयं किच्चा देवेसु उववज्जइ ?**

**गोयमा ! एगंतपंडियस्स णं मणूसस्स केवलमेवं दो गईओ पण्णायंति, तं जहा– अंतकिरिया चेव, कप्पोववत्तिया चेव । से तेणट्ठेणं गोयमा !** *जाव* **देवाउयं किच्चा देवेसु उववज्जइ ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! તેનું શું કારણ છે કે તે (ત્રણ ગતિને આયુબંધ ન કરતાં માત્ર) દેવાયુનો બંધ કરીને દેવલોકમાં ઉત્પન્ન થાય છે ?

ઉત્તર– હે ગૌતમ ! એકાંત પંડિત મનુષ્યની માત્ર બે ગતિ જ કહી છે. તે આ પ્રમાણે છે– અન્તક્રિયા (મોક્ષગતિ) અને કલ્પોપપત્તિકા(વૈમાનિક દેવગતિ), હે ગૌતમ ! તેથી એકાંત પંડિત મનુષ્ય દેવાયુનો બંધ કરીને દેવલોકમાં ઉત્પન્ન થાય છે.

**४ बालपंडिए णं भंते ! मणुस्से किं णेरइयाउयं पकरेइ जाव देवाउयं किच्चा देवेसु उववज्जइ ?**

**गोयमा ! णो णेरइयाउयं पकरेइ** *जाव* **देवाउयं किच्चा देवेसु उववज्जइ ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! શું બાલપંડિત મનુષ્ય નરકાયુ વગેરે આયુષ્ય બાંધે છે ? તેમજ દેવાયુનો બંધ કરીને દેવલોકમાં ઉત્પન્ન થાય છે ?

ઉત્તર– હે ગૌતમ ! તે નરકાયુ, તિર્યંચાયુ કે મનુષ્યાયુનો બંધ કરતા નથી, દેવાયુનો બંધ કરીને દેવલોકમાં ઉત્પન્ન થાય છે.

**૫** **से केणट्ठेणं भंते !** *जाव* **देवाउयं किच्चा देवेसु उववज्जइ ?**

**गोयमा ! बालपंडिए णं मणुस्से तहारूवस्स समणस्स वा, माहणस्स वा अंतिए एगमपि आरियं धम्मियं सुवयणं सोच्चा, णिसम्म देसं उवरमई, देसं णो उवरमइ; देसं पच्चक्खाइ, देसं णो पच्चक्खाइ । से तेणट्ठेणं देसोवरम-देसपच्चक्खाणेणं णो णेरइयाउयं पकरेइ** *जाव* **देवाउयं किच्चा देवेसु उववज्जइ। से तेणट्ठेणं गोयमा !** *जाव* **देवेसु उववज्जइ ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! તેનું શું કારણ છે કે બાલપંડિત મનુષ્ય દેવાયુનો બંધ કરીને દેવલોકમાં ઉત્પન્ન થાય છે ?

ઉત્તર– હે ગૌતમ ! બાલપંડિત મનુષ્ય તથારૂપના શ્રમણ–માહણ પાસે એક પણ આર્ય તથા ધાર્મિક સદ્‌વચનનું શ્રવણ કરીને, અવધારણ કરીને એકદેશથી વિરત થાય છે અને એક દેશથી વિરત થતા નથી; એક દેશથી પ્રત્યાખ્યાન કરે છે અને એક દેશથી પ્રત્યાખ્યાન કરતા નથી. હે ગૌતમ ! દેશવિરતિ અને દેશ પ્રત્યાખ્યાનના કારણે તે નરકાયુ, તિર્યંચાયુ અને મનુષ્યાયુનો બંધ કરતા નથી પરંતુ દેવાયુનો બંધ કરીને દેવલોકમાં ઉત્પન્ન થાય છે. હે ગૌતમ ! તેથી પૂર્વોક્ત કથન કર્યું છે કે તે દેવલોકમાં ઉત્પન્ન થાય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત ત્રણ સૂત્રોમાં ક્રમશઃ એકાંત બાલ, એકાંત પંડિત અને બાલ–પંડિત મનુષ્યના આયુષ્ય બંધનો વિચાર કર્યો છે.

**એકાંત બાલ :–** મિથ્યાદષ્ટિ અને અવિરત સમ્યગ્દૃષ્ટિ એકાંત બાલ છે. એકથી ચાર ગુણસ્થાનવર્તી જીવો બાલ કહેવાય છે. અહીં 'બાલ'ની સાથે પ્રયુક્ત એકાંત વિશેષણ મિશ્રદષ્ટિના નિષેધ માટે છે. મિશ્રદષ્ટિમાં આયુષ્યનો બંધ થતો નથી.

**એકાંત બાલ મનુષ્યોને ચારે ગતિના આયુષ્યનો બંધ શા માટે ? :–** એકાંત બાલત્વ સમાન હોવા છતા પણ બાલજીવો એક જ ગતિના આયુષ્યનો બંધ ન કરતાં, ચારે ગતિનું આયુષ્ય શા માટે બાંધે છે ? તેનું કારણ બાલ જીવોની પ્રકૃત્તિની વૈવિધ્યતા છે. કોઈ એકાંત બાલ જીવ મહારંભી, મહાપરિગ્રહી, અસત્ય માર્ગોપદેશક તથા પાપાચારી હોય, તે નરકાયુનો અથવા તિર્યંચાયુનો બંધ કરે છે. કોઈ એકાંત બાલજીવ અલ્પકષાયી, અકામનિર્જરા તથા બાલતપથી યુક્ત હોય; તે મનુષ્યાયુ અથવા દેવાયુનો બંધ કરે છે અને અવિરત સમ્યગ્ દષ્ટિ મનુષ્ય દેવાયુ જ બાંધે છે.

**એકાંત પંડિત :–** વસ્તુતત્ત્વના યથાર્થ સ્વરૂપને જાણીને તદ્‌નુસાર જે આચરણ કરે છે તે પંડિત છે. તે મહાવ્રતી સાધુ હોય છે. છટ્ઠાથી ચૌદમા ગુણસ્થાનવર્તી જીવો 'પંડિત' કહેવાય છે. તેમાં છટ્ઠા–સાતમાં

ગુણસ્થાનકે આયુષ્યનો બંધ થાય છે. તેમાં પણ સાતમા ગુણસ્થાનકે આયુષ્ય બંધનો પ્રારંભ થતો નથી. છટ્ઠે ગુણસ્થાનકે આયુષ્ય બંધનો પ્રારંભ કર્યો હોય તેવા જીવ સાતમે ગુણસ્થાનકે આયુષ્ય બંધની પૂર્ણાહુતિ કરે છે. અહીં 'પંડિત' ની સાથે પ્રયુક્ત 'એકાંત' વિશેષણ, સ્વરૂપ વિશેષણ છે. પાંચમા ગુણસ્થાનમાં એક દેશથી બાલત્વ અને એકથી પંડિતત્વ છે. જ્યારે એકથી ચાર ગુણસ્થાનમાં એકાંત બાલત્વ અને છટ્ઠાથી ચૌદમાં ગુણસ્થાનમાં એકાંત પંડિત્વ છે. તે સૂચિત કરવા 'એકાંત' વિશેષણનો પ્રયોગ કર્યો છે.

**એકાંત પંડિતની ગતિ :–** જેણે અનંતાનુબંધી ચતુષ્ક અને દર્શનત્રિક આ સાત કર્મ પ્રકૃતિનો ક્ષય કર્યો હોય અર્થાત્ ક્ષાયિક સમકિત પ્રાપ્ત કર્યું હોય તથા જે તદ્ભવ મોક્ષગામી હોય, તે આયુષ્યનો બંધ કરતા નથી. તેની એક મોક્ષગતિ થાય છે. જેણે આ સાત પ્રકૃતિનો ક્ષય થયા પૂર્વે જ આયુષ્ય બાંધ્યું હોય અર્થાત્ ક્ષાયોપશમિક સમકિતમાં આયુષ્ય બાંધ્યું હોય તો, તે અવશ્ય વૈમાનિક દેવાયુનો જ બંધ કરે છે. તેથી એકાંત પંડિત મનુષ્યની ક્રમશઃ બે જ ગતિઓ કહી છે– (૧) અંતક્રિયા–મોક્ષ ગતિ (૨) કલ્પોપપત્તિકા [વૈમાનિક દેવગતિ].

**બાલપંડિત :–** જે વસ્તુતત્ત્વના યથાર્થ સ્વરૂપને જાણે છે, પરંતુ આંશિક રૂપે આચરણ કરે છે, તે બાલપંડિત છે અને તે શ્રાવક હોય છે. બાલપંડિતમાં એક પાંચમું જ ગુણસ્થાન છે. ત્યાં આયુબંધ થાય છે માટે તેની અહીં વિચારણા કરી છે.

**બાલ પંડિતની ગતિ :–** બાલપંડિત અર્થાત્ શ્રાવકો સમ્યક્ત્વ અને આંશિક ત્યાગનો પ્રભાવે ત્રણ ગતિનું આયુષ્ય બાંધતા નથી. તે માત્ર વૈમાનિક દેવનું જ આયુષ્ય બાંધે છે.

## મૃગઘાતક આદિને લાગતી ક્રિયા :–

**૬ पुरिसे णं भंते ! कच्छंसि वा दहंसि वा उदगंसि वा दवियंसि वा वलयंसि वा णूमंसि वा गहणंसि वा गहणविदुग्गंसि वा पव्वयंसि वा पव्वयविदुग्गंसि वा वणंसि वा वणविदुग्गंसि वा मियवित्तीए मियसंकप्पे मियपणिहाणे मियवहाए गंता 'एते मिए' त्ति काउं अण्णयरस्स मियस्स वहाए कूडपासं उद्दाइ, तओ णं भंते ! से पुरिसे कइकिरिए पण्णत्ते ?**

**गोयमा ! जावं च णं से पुरिसे कच्छंसि वा *जाव* कूडपासं उद्दाइ, तावं च णं से पुरिसे सिय तिकिरिए, सिय चउकिरिए, सिय पंचकिरिए।**

**ભાવાર્થ :–**પ્રશ્ન– હે ભગવન્ ! કોઈ પુરુષ કચ્છ–નદીથી ઘેરાયેલા ઝાડીવાળા સ્થાનમાં, દ્રહમાં, જળાશયમાં, ઘાસાદિથી ઘેરાયેલા સ્થાનમાં, વલય–ગોળાકાર નદીના જળથી કુટિલ સ્થાનમાં, અંધકારયુક્ત સ્થાનમાં, ગહન–વૃક્ષ, લતા આદિના ઝૂંડથી સઘન વનમાં, મૃગથી આજીવિકા ચલાવનાર, મૃગને મારવાનો સંકલ્પ કરનાર, મૃગોના શિકારમાં તલ્લીન, મૃગના વધ માટે નીકળી 'આ મૃગ છે' એમ વિચારી, મૃગને

મારવા માટે કૂટપાશ રચે છે અર્થાત્ ખાડો બનાવીને જાળ ફેલાવે, તો હે ભગવન્ ! તે પુરુષ કેટલી ક્રિયા વાળો થાય ? અર્થાત્ તે પુરુષને કેટલી ક્રિયા લાગે છે ?

ઉત્તર– હે ગૌતમ ! તે પુરુષ કચ્છ વગેરે સ્થાનોમાં જાળ ફેલાવે તો કદાચિત્ ત્રણ ક્રિયાવાળો કદાચિત્ ચાર ક્રિયાવાળો અને કદાચિત્ પાંચ ક્રિયાવાળો થાય છે.

**૭ से केणट्ठेणं भंते ! एवं वुच्चइ– सिय तिकिरिए, सिय चउकिरिए, सिय पंचकिरिए ।**

**गोयमा ! जे भविए उद्दवणयाए, णो बंधणयाए, णो मारणयाए, तावं च णं से पुरिसे काइयाए, अहिगरणियाए, पाउसियाए; तिहिं करियाहिं पुट्ठे ।**

**जे भविए उद्दवणयाए वि, बंधणयाए वि, णो मारणयाए, तावं च णं से पुरिसे काइयाए, अहिगरणियाए, पाउसियाए, पारितावणियाए चउहिं किरियाहिं पुट्ठे ।**

**जे भविए उद्दवणयाए वि, बंधणयाए वि, मारणयाए वि, तावं च णं से पुरिसे काइयाए, अहिगरणियाए, पाउसियाए** *जाव* **पाणाइवायकिरियाए; पंचहिं किरियाहिं पुट्ठे । से तेणट्ठेणं गोयमा !** *जाव* **पंचकिरिए ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! તેનું શું કારણ છે કે પુરુષને કદાચિત્ ત્રણ, કદાચિત્ ચાર અને કદાચિત્ પાંચ ક્રિયા લાગે છે ?

ઉત્તર– હે ગૌતમ ! મૃગઘાતક તે પુરુષ જ્યાં સુધી જાળને ધારણ કરે છે પણ મૃગને બાંધતો નથી તથા મૃગને મારતો નથી, ત્યાં સુધી તે પુરુષને કાયિકી, આધિકરણિકી અને પ્રાદ્વેષિકી તે ત્રણ ક્રિયા લાગે છે. [ત્રણ ક્રિયાઓથી સ્પૃષ્ટ થાય છે.] જ્યાં સુધી જાળને ધારણ કરે છે, મૃગને બાંધે છે પરંતુ મારતો નથી ત્યાં સુધી તે પુરુષ કાયિકી, આધિકરણિકી, પ્રાદ્વેષિકી અને પારિતાપનિકી તે ચાર ક્રિયાઓથી સ્પૃષ્ટ થાય છે. જ્યારે જાળને ધારણ કરે છે, મૃગને બાંધે છે અને મારે છે ત્યારે તે પુરુષ કાયિકી, આધિકરણિકી, પ્રાદ્વેષિકી, પારિતાપનિકી અને પ્રાણાતિપાતિકી આ પાંચે ક્રિયાઓથી સ્પૃષ્ટ થાય છે. હે ગૌતમ ! તેથી તે પુરુષ કદાચિત્ ત્રણ ક્રિયાઓવાળો, કદાચિત્ ચાર ક્રિયાઓવાળો અને કદાચિત્ પાંચ ક્રિયાઓવાળો થાય છે. તે પ્રમાણે કહ્યું છે.

**૮ पुरिसे णं भंते ! कच्छंसि वा जाव वणविदुग्गंसि वा तणाइं ऊसविय ऊसविय अगणिकायं णिसिरइ । तावं च णं से भंते ! पुरिसे कइकिरिए ?**

**गोयमा ! सिय तिकिरिए, सिय चउकिरिए, सिय पंचकिरिए ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! કચ્છ વગેરે સ્થાનો તેમજ અનેક વૃક્ષોના કારણે દુર્ગમ–વનમાં કોઈ પુરુષ લીલું ઘાસ ભેગું કરીને, તેમાં અગ્નિ મૂકે તો તે પુરુષ કેટલી ક્રિયાવાળો થાય છે ? અર્થાત્ તેને કેટલી ક્રિયા લાગે છે ?

ઉત્તર– હે ગૌતમ ! તે પુરુષ કદાચિત્ ત્રણ ક્રિયાવાળો, કદાચિત્ ચાર ક્રિયાવાળો અને કદાચિત્ પાંચ ક્રિયાવાળો હોય છે.

**९ से केणट्ठेणं भंते ! एवं वुच्चइ ?**

**गोयमा ! जे भविए उस्सवणयाए तिहिं । उस्सवणयाए वि, णिसिरणयाए वि, णो दहणयाए चउहिं । जे भविए उस्सवणयाए वि, णिसिरणयाए वि, दहणयाए वि, तावं च णं से पुरिसे काइयाए** *जाव* **पंचहिं किरियाहिं पुट्ठे । से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ** *जाव* **सिय पंच किरिए ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! તેનું શું કારણ છે ?

ઉત્તર– હે ગૌતમ ! જ્યાં સુધી તે પુરુષ ઘાસને ભેગું કરે છે, ત્યાં સુધી તે ત્રણ ક્રિયાઓથી સ્પૃષ્ટ થાય છે. જ્યારે તે તરણાને ભેગા કરીને, અગ્નિ મૂકે પરંતુ તે ઘાસ બળતું નથી ત્યાં સુધી તે ચાર ક્રિયાઓથી સ્પૃષ્ટ થાય છે. જ્યારે તે તરણાને ભેગા કરી, અગ્નિ મૂકે અને તે ઘાસ બળે ત્યારે તે પુરુષ કાયિકી આદિ પાંચ ક્રિયાઓથી સ્પૃષ્ટ થાય છે. હે ગૌતમ ! તેથી તે પુરુષ કદાચિત્ ત્રણ, કદાચિત્ ચાર અને કદાચિત્ પાંચ ક્રિયાવાળો થાય છે. તે પ્રમાણે કહ્યું છે.

**१० पुरिसे णं भंते ! कच्छंसि वा जाव वणविदुग्गंसि वा मियवित्तीए मियसंकप्पे मियपणिहाणे मियवहाए गंता 'एए मिय' त्ति काउं अण्णयरस्स मियस्स वहाए उसुं णिसिरइ, तओ णं भंते ! से पुरिसे कइकिरिए ?**

**गोयमा ! सिय तिकिरिए, सिय चउकिरिए, सिय पंचकिरिए ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! કોઈ પુરુષ કચ્છ આદિ વનવિદુર્ગ પર્યંતના કોઈપણ સ્થાનમાં મૃગોથી આજીવિકા ચલાવનાર, મૃગોના શિકારમાં તન્મય, મૃગવધને માટે જઈને 'આ મૃગ છે' તેવો વિચાર કરી, કોઈ એક મૃગને મારવા માટે બાણ ફેંકે, તો તે પુરુષ કેટલી ક્રિયાવાળો થાય છે ?

ઉત્તર– હે ગૌતમ ! તે પુરુષ કદાચિત્ ત્રણ ક્રિયાવાળો કદાચિત્ ચાર ક્રિયાવાળો અને કદાચિત્ પાંચ ક્રિયાવાળો થાય છે.

**११ से केणट्ठेणं भंते ! एवं वुच्चइ ?**

गोयमा ! जे भविए णिसिरणयाए, णो विद्धंसणयाए, णो मारणयाए; तिहिं । जे भविए णिसिरणयाए वि, विद्धंसणयाए वि, णो मारणयाए; चउहिं । जे भविए णिसिरणयाए वि, विद्धंसणयाए वि, मारणयाए वि, तावं च णं से पुरिसे जाव पंचहिं किरियाहिं पुट्ठे । से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ– सिय तिकिरिए, सिय चउकिरिए, सिय पंचकिरिए ।

**ભાવાર્થ :–**પ્રશ્ન– હે ભગવન્ ! તેનું શું કારણ છે ?

ઉત્તર– હે ગૌતમ ! જ્યાં સુધી તે પુરુષ બાણ ફેંકે પરંતુ મૃગને વીંધતો નથી તથા મૃગને મારતો નથી, ત્યાં સુધી તે પુરુષને ત્રણ ક્રિયા; બાણ ફેંકે, મૃગને વીંધે પરંતુ મૃગને મારતો નથી ત્યાં સુધી ચાર ક્રિયા અને જ્યારે તે બાણ ફેંકે, મૃગને વીંધે અને મૃગને મારે (મૃગ મરી જાય) ત્યારે તે પુરુષને પાંચ ક્રિયા લાગે છે. હે ગૌતમ ! તેથી એ પ્રમાણે કહ્યું છે કે તે પુરુષને કદાચિત્ ચાર અને કદાચિત્ પાંચ ક્રિયા લાગે છે.

**१२** पुरिसे णं भंते ! कच्छंसि वा जाव अण्णयरस्स मियस्स वहाए आययकण्णाययं उसुं आयामेत्ता चिट्ठेज्जा, अण्णे य से (अण्णयरे) पुरिसे मग्गओ आगम्म सयपाणिणा, असिणा सीसं छिंदेज्जा, से य उसू ताए चेव पुव्वायामणयाए तं मियं विंधेज्जा, से णं भंते ! पुरिसे किं मियवेरेणं पुट्ठे, पुरिसवेरेणं पुट्ठे ?

गोयमा ! जे मियं मारेइ, से मियवेरेणं पुट्ठे; जे पुरिसं मारेइ, से पुरिसवेरेणं पुट्ठे ।

**શબ્દાર્થ :–आययकण्णाययं** = પ્રત્યનપૂર્વક કાન સુધી ખેંચેલી ધનુષ્યની પણછ પર **पुव्वायामणयाए** = પૂર્વના ખેંચાણથી, **आयामेत्ता** = ખેંચીને.

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! કચ્છ આદિ કોઈ પણ સ્થાનમાં કોઈ મૃગના વધ માટે પ્રયત્નપૂર્વક કાન સુધી ધનુષ્યની પણછ ખેંચીને ઊભેલા પુરુષના મસ્તકને, પાછળથી આવીને અન્ય કોઈ પુરુષ પોતાના હાથથી તલવાર કાપી નાંખે અને તે બાણ પૂર્વના ખેંચાણથી ઊછળીને તે મૃગને વીંધી નાંખે, તો હે ભગવન્! તે તલવારથી મારનાર પુરુષ શું મૃગના વેરથી સ્પૃષ્ટ થાય છે કે [ઉક્ત] પુરુષના વેરથી સ્પૃષ્ટ છે ?

ઉત્તર– હે ગૌતમ ! જે પુરુષ મૃગને મારે છે, તે મૃગના વેરથી સ્પૃષ્ટ થાય છે અને જે પુરુષ પુરુષને મારે છે, તે પુરુષના વેરથી સ્પૃષ્ટ થાય છે.

**१३** से केणट्ठेणं भंते ! एवं वुच्चइ *जाव* से पुरिसवेरेणं पुट्ठे ?

**से णूणं गोयमा ! कज्जमाणे कडे, संधिज्जमाणे संधित्ते, णिवत्तिज्जमाणे णिव्वत्तिए, णिसरिज्जमाणे णिसिट्ठे त्ति वत्तव्वं सिया ? हंता, भगवं ! कज्जमाणं कडे जाव णिसिट्ठे त्ति वत्तव्वं सिया ।**

**से तेणट्ठेणं गोयमा ! जे मियं मारेइ, से मियवेरेणं पुट्ठे; जे पुरिसं मारेइ, से पुरिसवेरेणं पुट्ठे । अंतो छण्हं मासाणं मरइ, काइयाए *जाव* पंचहिं किरियाहिं पुट्ठे; बाहिं छण्हं मासाणं मरइ, काइयाए *जाव* पारियावणियाए चउहिं किरियाहिं पुट्ठे ।**

**શબ્દાર્થ :– णिवत्तिज्जमाणे** = નિર્વિર્તિત કરતાં, તૈયાર, **णिव्वत्तिए** = તૈયાર કર્યું, **णिसरिज्जमाणे** = ફેંકાતા, **णिसिट्ठे** = ફેંકાયું.

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! તેનું શું કારણ છે કે મૃગને મારનાર મૃગના વેરથી અને પુરુષને મારનાર તે પુરુષના વેરથી સ્પૃષ્ટ થાય છે ?

ઉત્તર– હે ગૌતમ ! શું તે નિશ્ચિત છે કે ક્રિયમાણકૃત છે અર્થાત્ કરાતું તે કરાયું ? જે અનુસંધાન કરાતાં અનુસંધાન કર્યું ? તૈયાર કરાતા તૈયાર કર્યું કહેવાય છે ? તેમજ જે ફેંકાઈ રહ્યું છે તે ફેંકાયું એ પ્રમાણે કહેવાય છે ?

**ગૌતમ–** હા ભગવન્ ! કરાતું તે કર્યું, તેમજ ફેંકાઈ રહ્યું હોય તે ફેંકાયું, એ પ્રમાણે કહેવાય છે.

**ભગવાન–** હે ગૌતમ ! તેથી જ જે મૃગને મારે છે તે મૃગના વેરથી સ્પૃષ્ટ થાય છે અને જે પુરુષને મારે છે તે પુરુષના વેરથી સ્પૃષ્ટ કહેવાય છે. જો મરનાર વ્યક્તિ છ મહિનાની અંદર મરે તો તે મારનાર વ્યક્તિ કાયિકી આદિ પાંચ ક્રિયાઓથી સ્પૃષ્ટ કહેવાય અને જો મરનાર છ માસ પછી મરે તો તે મારનાર પુરુષ, કાયિકીથી પારિતાપનિકી સુધીની ચાર ક્રિયાઓથી સ્પૃષ્ટ થાય છે.

**१४ पुरिसे णं भंते ! पुरिसं सत्तीए समभिधंसेज्जा, सयपाणिणा वा से असिणा सीसं छिंदेज्जा, तओ णं भंते ! से पुरिसे कइकिरिए ?**

**गोयमा ! जावं च णं से पुरिसे तं पुरिसं सत्तीए समभिधंसेइ, सयपाणिणा वा से असिणा सीसं छिंदइ, तावं च णं से पुरिसे काइयाए अहिगरणियाए जाव पाणाइवायकिरियाए पंचहिं किरियाहिं पुट्ठे; आसण्णवहएण य अणवकंखणवत्तीए णं पुरिसवेरेणं पुट्ठे ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! કોઈ પુરુષ, અન્ય પુરુષને ભાલા વડે મારે અથવા પોતાના હાથથી તલવાર દ્વારા તે પુરુષનું મસ્તક કાપી નાખે, તો તે પુરુષ કેટલી ક્રિયાવાળો થાય છે ?

ઉત્તર– હે ગૌતમ ! જ્યારે તે પુરુષ અન્યને ભાલા દ્વારા મારે છે અથવા પોતાના હાથથી તલવાર દ્વારા તે પુરુષનું મસ્તક કાપી નાંખે છે ત્યારે તે પુરુષ કાયિકી, આધિકરણિકીથી પ્રાણાતિપાતિકી પર્યંતની પાંચ ક્રિયાથી સ્પૃષ્ટ થાય છે અને તે આસન્નવધક–અત્યંત નજીકથી સામ સામે મારવાના કારણે, પ્રાણીના પ્રાણની પરવાહ ન કરવાની વૃત્તિથી, પુરુષના વેરથી સ્પૃષ્ટ થાય છે અર્થાત્ તે પુરુષ સાથે વેરાનુબંધ થાય છે.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રોમાં હિંસાત્મક પ્રવૃત્તિ પર વિસ્તારથી વિશ્લેષણ કર્યું છે. જૈનદર્શનમાં કેવળ પ્રાણીવધ કરવો તે જ હિંસા નથી. પરંતુ તેની પૂર્વ તૈયારી રૂપે કાયિક ચેષ્ટા, શસ્ત્રાદિ ભેગા કરવા, જીવ વધ પહેલા જીવોને પીડા કે પરિતાપ આપવો વગેરે જે પૂર્વપ્રવૃત્તિ થાય તેને પણ હિંસા જ કહેવાય છે.

**પાંચ ક્રિયા :–** પ્રસ્તુત પ્રકરણમાં હિંસાત્મક પ્રવૃત્તિરૂપ ક્રિયાના પાંચ પ્રકાર કહ્યા છે–

(૧) કાયિકી ક્રિયા–પ્રાણીવધને માટે થતી કાયિક ચેષ્ટા.

(૨) આધિકરણિકી ક્રિયા–શસ્ત્ર પ્રયોગ કરવો કે શસ્ત્ર–સરંજામ ભેગા કરવા.

(૩) પ્રાદ્વેષિકી ક્રિયા– મનમાં તે પ્રાણી પ્રતિ દ્વેષનો ભાવ થવો.

(૪) પારિતાપનિકી ક્રિયા– તે પ્રાણીને શારીરિક કે માનસિક પરિતાપ પહોંચાડવો.

(૫) પ્રાણાતિપાતિકી ક્રિયા– પ્રાણીના પ્રાણનો ઘાત કરવો, તેને પ્રાણાતિપાતિકી ક્રિયા કહે છે.

**હિંસાનું સ્વરૂપ :–** મૃગાદિને મારવાના સંકલ્પથી કોઈ કૂટપાશ ગ્રહણ કરે, તેણે મૃગને પકડ્યું નથી, મૃગાદિને માર્યું નથી તોપણ તે હિંસક જ કહેવાય છે. હિંસા એક પરંપરાબદ્ધ પ્રવૃત્તિ છે. માનસિક દ્વેષ, કાયિક ચેષ્ટા અને શસ્ત્રપ્રયોગ તે સર્વ હિંસાની જ શૃંખલા છે. પરિતાપ અને પ્રાણીવધ ન પણ થયો હોય, તેમ છતાં હિંસા માટે કેવળ કાયિક ચેષ્ટા કરનાર કે માનસિક સંકલ્પ કરનાર પણ હિંસક જ કહેવાય છે, અહિંસક કહેવાતો નથી. તેને લાગતી ક્રિયામાં ભિન્નતા છે.

**કોને કેટલી ક્રિયા ? :–** કોઈ પણ સકષાયી જીવોને ઓછામાં ઓછી ત્રણ ક્રિયા લાગે છે કારણ કે તેની કાયા સાવદ્યયોગમાં પ્રવૃત્ત હોય છે, તેથી કાયિકી ક્રિયા. તેણે પાપકારી સાધનો થોડે ઘણે અંશે ભેગા કર્યા છે તેથી આધિકરણિકી ક્રિયા. તેનામાં વીતરાગભાવ ન હોવાથી રાગદ્વેષ આદિ ભાવ હોય છે, તેથી પ્રાદ્વેષિકી ક્રિયા લાગે છે.

કેવળ કાયિક ચેષ્ટા કરનારને ત્રણ ક્રિયા, પ્રાણીને પરિતાપ પહોંચાડનારને ચાર ક્રિયા અને પ્રાણીવધ કરનારને પાંચ ક્રિયા લાગે છે.

બીજો મહત્ત્વનો પ્રશ્ન એ છે કે એક પુરુષ મૃગના વધ માટે બાણ ફેંકવાની સંપૂર્ણ તૈયારી સાથે ઊભો છે. તે સ્થિતિમાં કોઈ અન્ય પુરુષ આવીને તે પુરુષને મારી નાંખે, તો મરતા પુરુષના હાથમાંથી

બાણ છૂટે અને મૃગ મરી જાય છે. આ પરિસ્થિતિમાં મૃગવધક કોણ ? ધનુર્ધર મરનાર પુરુષ કે પુરુષ ઘાતક અન્ય પુરુષ ? શાસ્ત્રકારે તેનું સમાધાન કર્યું છે કે જે પુરુષે ધનુર્ધરનો ઘાત કર્યો, તેનો સંકલ્પ મૃગને મારવાનો ન હતો, તેથી તેને મૃગવધક કહી શકાય નહીં. પરંતુ ધનુર્ધર મૃગવધક કહેવાય છે. કારણ કે ધનુર્ધરના બાણ સાથે મૃગવધનો સંકલ્પ જોડાયેલો હતો, તે પુરુષ બાણને ફેંકવાની સંપૂર્ણ તૈયારીમાં હતો, તેથી 'ક્રિયમાણ કૃત' સિદ્ધાંતને આધારે 'નિસૃજ્યમાણ નિસૃષ્ટ'ના દૃષ્ટિકોણથી ધનુર્ધર મૃગવધક છે તેમ સિદ્ધ થાય છે.

**अंतो छण्हं मासाणं मरइ** *जाव* **पंचहिं किरियाहिं पुट्ठे :–** કોઈ પ્રહારના નિમિત્તે ક્યારેક પ્રાણીનું મૃત્યુ તરત જ થાય છે અને ક્યારેક તે પ્રાણીનું મૃત્યુ અમુક સમય પછી થાય છે. જો તેનું મૃત્યુ છ મહિનાની અંદર થાય તોપણ તેના વૈરથી સ્પૃષ્ટ થાય છે અને તેને પ્રાણાતિપાતિકી ક્રિયા પણ લાગે છે પરંતુ જો તે પ્રાણી છ મહીના પછી મરે તો તે પ્રહાર તેના મૃત્યુમાં નિમિત્ત કહી શકાતો નથી. તે સ્થિતિમાં તેને ચાર ક્રિયા લાગે છે. પ્રાણાતિપાતિકી ક્રિયાની છ મહિનાની અવધિનું કથન વ્યવહાર સાપેક્ષ છે. બાણ નિમિત્તે તે જીવ છ મહિનામાં મરે તો બાણ ફેંકનારને પાંચ ક્રિયા લાગે અને છ મહિના પછી મરે તો ચાર ક્રિયા લાગે.

**આસન્નવધક :–** આસન્ન એટલે નજીકથી, વધક એટલે મારનાર અર્થાત્ ભાલા, બરછી, તલવાર, છરી વડે પોતાના હાથે અત્યંત નજીક જઈ, પરસ્પર સામસામે આવીને જે કોઈનો ઘાત કરે છે તે આસન્નવધક કહેવાય છે. તે પુરુષને હિંસાના પાપથી પ્રાણાતિપાતિકી ક્રિયા તો થાય પરંતુ નજીકની વધવૃત્તિના કારણે તે પુરુષને વૈરાનુબંધ પણ થાય છે. તેથી મરનાર પુરુષ કાલાંતરમાં તેને મારનાર નીવડે છે.

**અનવકાંક્ષણ વૃત્તિ :–** અન્યના પ્રાણની પરવાહ ન કરનારની તીવ્ર માનસવૃત્તિને અનવકાંક્ષણ વૃત્તિ કહે છે. તેવી વૃત્તિથી પણ વૈરાનુબંધ થાય છે. આ સૂત્રમાં શાસ્ત્રકારે પાંચ ક્રિયાનું કથન કર્યા પછી વૈરાનુબંધના બે કારણ કહ્યા છે. ભાલા કે તલવારથી પ્રહાર કરનારમાં તે બંને લક્ષણ હોય છે– (૧) નજીકથી મારવું (૨) અન્યના પ્રાણોની ઉપેક્ષા કરવી.

### જય–પરાજયનું કારણ :–

**૧૫ दो भंते ! पुरिसा सरिसया सरिसत्तया सरिसव्वया सरिसभंड– मत्तोवगरणा अण्णमण्णेणं सद्धिं संगामं संगामेंति, तत्थ णं एगे पुरिसे पराइणइ, एगे पुरिसे पराइज्जइ; से कहमेयं भंते ! एवं ?**

**गोयमा ! सवीरिए पराइणइ, अवीरिए पराइज्जइ ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! એક સમાન, સમાન ત્વચાવાળા, સમાન વયસ્ક, સમાનદ્રવ્ય અને ઉપકરણ [શસ્ત્રાદિ સાધન] વાળા બે પુરુષ, પરસ્પર સંગ્રામ કરે, તેમાંથી એક પુરુષ જીતે છે અને એક પુરુષ હારે છે. હે ભગવન્ ! તેનું શું કારણ છે ?

ઉત્તર– હે ગૌતમ ! જે પુરુષ સવીર્ય[વીર્યવાન–શક્તિશાળી] હોય છે, તે જીતે છે અને જે અલ્પ–

વીર્ય–અલ્પ શક્તિવાળા હોય છે તે હારે છે.

**૧૬** **से केणट्ठेणं भंते ! जाव पराइज्जइ ?**

**गोयमा ! जस्स णं वीरियवज्झाइं कम्माइं णो बद्धाइं, णो पुट्ठाइं जाव णो अभिसमण्णागयाइं, णो उदिण्णाइं; उवसंताइं भवंति से णं पराइणइ । जस्स णं वीरियवज्झाइं कम्माइं बद्धाइं जाव उदिण्णाइं, णो उवसंताइं भवंति; स णं पुरिसे पराइज्जइ, से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ– सविरिए पराइणइ, अविरिए पराइज्जइ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! તેનું શું કારણ છે કે વીર્યવાન પુરુષ જીતે છે અને અલ્પ વીર્યપુરુષ હારે છે ?

ઉત્તર– હે ગૌતમ ! જેણે વીર્ય વિઘાતક કર્મો બાંધ્યાં નથી, સ્પર્શ્યા નથી,(નિધત્ત કે નિકાચિત કર્યા નથી), પ્રાપ્ત કર્યા નથી, તેવા તે કર્મો ઉદયમાં આવ્યાં નથી પરંતુ ઉપશાંત છે, તે પુરુષ જીતે છે. જેણે વીર્યવિઘાતક કર્મો બાંધ્યા છે, સ્પર્શ કર્યા છે, નિધત્ત અને નિકાચિત કર્યા છે તેવા તે કર્મો ઉદયમાં આવ્યા છે પરંતુ ઉપશાંત નથી, તે પુરુષ પરાજિત થાય છે. હે ગૌતમ ! તેથી એમ કહેવાય છે કે સવીર્ય પુરુષ વિજયી થાય છે અને અલ્પવીર્યવાળા પુરુષ પરાજિત થાય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં બે પુરુષોની શરીર, વય, ત્વચા તથા શસ્ત્રાદિ સાધનોમાં સદશતા હોવા છતાં પણ એકનો જય અને એકનો પરાજય થવાનું કારણ બતાવ્યું છે.

**વીર્યવાન અને અલ્પવીર્ય :–** વસ્તુતઃ વીર્ય એટલે આત્મિક શક્તિ, મનોબલ, ઉત્સાહ, સાહસ અને પ્રચંડ પરાક્રમ ઈત્યાદિ. જેમાં આ પ્રકારનું પ્રચંડ વીર્ય હોય, જે વીર્ય વિઘાતક કર્મરહિત હોય તે યુદ્ધમાં જયને પામે છે અને તેથી વિપરીત જેનું પરાક્રમ મંદ હોય અને જે વીર્યવિઘાતક કર્મ યુક્ત હોય તો તે પરાજયને પામે છે.

**વીર્ય વિચાર :–**

**૧૭** **जीवा णं भंते ! किं सवीरिया, अवीरिया ? गोयमा ! सवीरिया वि, अवीरिया वि ।**

**से केणट्ठेणं भंते ! एवं वुच्चइ ?**

**गोयमा ! जीवा दुविहा पण्णत्ता, तं जहा– संसारसमावण्णगा य, असंसार समावण्णगा य । तत्थ णं जे ते असंसारसमावण्णगा ते णं सिद्धा,**

**सिद्धा णं अवीरिया।**

**तत्थ णं जे ते संसारसमावण्णगा ते दुविहा पण्णत्ता, तं जहा– सेलेसि पडिववण्णगा य, असेलेसिपडिवण्णगा य; तत्थ णं जे ते सेलेसि– पडिवण्णगा ते णं लद्धिवीरिएणं सवीरिया, करणवीरिएणं अवीरिया। तत्थ णं जे ते असेलेसिपडि– वण्णगा ते णं लद्धिवीरिएणं सवीरिया, करणवीरिएणं सविरिया वि अवीरिया वि । से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ– जीवा दुविहा पण्णत्ता, तं जहा– सवीरिया वि, अवीरिया वि ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! શું જીવ સવીર્ય છે અથવા અવીર્ય છે ?

ઉત્તર– હે ગૌતમ ! જીવ સવીર્ય પણ છે અને અવીર્ય પણ છે.

પ્રશ્ન– હે ભગવન્ ! તેનું શું કારણ છે ?

ઉત્તર– હે ગૌતમ ! જીવના બે પ્રકાર છે. સંસાર સમાપન્નક–સંસારી અને અસંસાર સમાપન્નક– સિદ્ધ. તેમાંથી જે અસંસાર સમાપન્નક છે, તે સિદ્ધ જીવ છે, તે અવીર્ય છે. જે જીવ સંસાર સમાપન્નક છે, તેના બે પ્રકાર છે, યથા– શૈલેશી પ્રતિપન્ન અને અશૈલેશી પ્રતિપન્ન. જે શૈલેશી પ્રતિપન્ન છે, તે લબ્ધિ વીર્યની અપેક્ષાએ સવીર્ય છે અને કરણવીર્યની અપેક્ષાએ અવીર્ય છે. જે અશૈલેશી પ્રતિપન્ન છે તે લબ્ધિવીર્યની અપેક્ષાએ સવીર્ય છે અને કરણવીર્યની અપેક્ષાએ સવીર્ય પણ છે અને અવીર્ય પણ છે. હે ગૌતમ ! તેથી આ પ્રમાણે કહ્યું છે કે જીવ સવીર્ય પણ છે અને અવીર્ય પણ છે.

**१८ णेरइया णं भंते ! किं सवीरिया, अवीरिया ?**

**गोयमा ! णेरइया लद्धिवीरिएणं सवीरिया, करणवीरिएणं सवीरिया वि, अवीरिया वि ।**

**से केणट्ठेणं भंते ! एवं वुच्चइ ?**

**गोयमा ! जेसि णं णेरइयाणं अत्थि उट्ठाणे, कम्मे, बले, वीरिए, पुरिसक्कार– परक्कमे; ते णं णेरइया लद्धिवीरिएण वि सवीरिया, करणवीरिए ण वि सवीरिया। जेसि णं णेरइयाणं णत्थि उट्ठाणे *जाव* णत्थि परक्कमे; ते णं णेरइया लद्धिवीरिए णं सवीरिया, करणवीरिएणं अवीरिया । से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! શું નારક જીવ સવીર્ય છે કે અવીર્ય ?

ઉત્તર– હે ગૌતમ ! નારક જીવ લબ્ધિવીર્યની અપેક્ષાએ સવીર્ય છે અને કરણવીર્યની અપેક્ષાએ

સવીર્ય પણ છે અને અવીર્ય પણ છે.

પ્રશ્ન– હે ભગવન્ ! તેનું શું કારણ છે ?

ઉત્તર– હે ગૌતમ ! જે નૈરયિકોમાં ઉત્થાન, કર્મ, બલ, વીર્ય અને પુરુષાકાર પરાક્રમ છે, તે નારકી લબ્ધિવીર્ય અને કરણવીર્ય બંનેથી સવીર્ય છે અને જે નારકી ઉત્થાન, કર્મ, બલ, વીર્ય, પુરુષાકાર, પરાક્રમથી રહિત છે, તે લબ્ધિવીર્યથી તો સવીર્ય છે પરંતુ કરણવીર્યથી અવીર્ય છે. હે ગૌતમ ! તેથી પૂર્વોક્ત કથન કર્યું છે.

**१९ जहा णेरइया, एवं** *जाव* **पंचदियतिरिक्खजोणिया । मणुसा जहा ओहिया जीवा, णवरं सिद्धवज्जा भाणियव्वा । वाणमंतरजोइसवेमाणिया जहा णेरइया ॥ सेवं भंते ! सेवं भंते ॥**

**ભાવાર્થ :–** જે રીતે નૈરયિકોના વિષયમાં કથન કર્યું, તે જ રીતે પંચેન્દ્રિય તિર્યંચયોનિક પર્યંતના જીવોને માટે સમજવું જોઈએ. મનુષ્યના વિષયમાં સામાન્ય જીવોની સમાન સમજવું. વિશેષતા એ છે કે સિદ્ધોનું કથન ન કરવું જોઈએ.

વાણવ્યંતર જ્યોતિષી અને વૈમાનિક દેવોના વિષયમાં નૈરયિકોની સમાન સમજવું.

હે ભગવન્ ! આ ભાવ આ જ પ્રકારે છે, હે ભગવન! આ ભાવ આ જ પ્રકારે છે.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રોમાં સમુચ્ચય જીવ અને ૨૪ દંડકના જીવોમાં વીર્યની વિચારણા કરી છે. આ વિચારણા શારીરિક વીર્યની અપેક્ષાએ છે. કારણ કે પ્રથમ સૂત્રમાં સમુચ્ચય જીવની પૃચ્છા છે. તેમાં સૂત્રકારે સંસારી અને સિદ્ધ એવા જીવના બે ભેદ કરી, સિદ્ધોને અવીર્ય કહ્યા છે. ત્યાર પછી સંસારી જીવો માટે લબ્ધિ અને કરણવીર્યની અપેક્ષાએ કથન કર્યું છે.

**લબ્ધિવીર્ય** = સામર્થ્ય(ક્ષમતા)રૂપ વીર્ય અને **કરણવીર્ય** = સામર્થ્યરૂપ વીર્ય જ્યારે ઉત્થાન, બલ, કર્મ આદિ દ્વારા ક્રિયાત્મક બને ત્યારે તેને કરણવીર્ય કહે છે. સિદ્ધોમાં આ બંને પ્રકારના શારીરિક વીર્ય ન હોવાથી **'सिद्धाणं अवीरिया'** તે પ્રમાણે કથન છે.

સંસારી જીવોમાં અપર્યાપ્તા અવસ્થામાં ઉત્થાનાદિ ન હોવાથી, સામર્થ્ય હોવા છતાં વીર્ય ક્રિયાત્મક થતું નથી. તેથી લબ્ધિવીર્યથી સવીર્ય અને કરણવીર્યથી અવીર્ય હોય છે, તેમ ટીકાકારે સ્પષ્ટ કર્યું છે. તે જ રીતે શૈલીશી અવસ્થામાં પણ વીર્યનો પ્રયોગ નથી. કારણ કે શૈલેશી અવસ્થામાં કેવળી ભગવાન મન, વચન અને કાયાના યોગોનું રૂંધન કરે છે અને અયોગી બને છે. તેથી ત્યાં પણ લબ્ધિની અપેક્ષાએ સવીર્ય અને કરણવીર્યની અપેક્ષાએ અવીર્ય હોય છે.

આ રીતે નારકાદિ ૨૩ દંડકના જીવોમાં પર્યાપ્તાવસ્થામાં લબ્ધિ અને કરણવીર્યથી સવીર્ય અને અપર્યાપ્તાવસ્થામાં લબ્ધિવીર્યથી સવીર્ય અને કરણવીર્યથી અવીર્ય હોય છે. એક મનુષ્યના દંડકમાં અપર્યાપ્તાવસ્થામાં અને શૈલેશી અવસ્થામાં લબ્ધિવીર્યથી સવીર્ય અને કરણવીર્યથી અવીર્ય હોય છે. શેષ અવસ્થામાં બંને પ્રકારના વીર્યથી સવીર્ય હોય છે.

॥ શતક ૧/૮ સંપૂર્ણ ॥

# શતક–૧ : ઉદ્દેશક–૯

## સંક્ષિપ્ત સાર

આ ઉદ્દેશકમાં જીવને હળવા અને ભારે થવાના કારણો, લોકમાં ગુરુલઘુ, અગુરુલઘુ આદિ દ્રવ્યો, શ્રમણ નિર્ગ્રંથોની પ્રશસ્તતા, આયુષ્યવેદન સંબંધી અન્યતીર્થિકોની માન્યતાનું નિરાકરણ, કાલાસ્યવેસિપુત્ર અણગારના પ્રશ્નોત્તર, અપ્રત્યાખ્યાન ક્રિયા, સદોષ અને નિર્દોષ આહાર ભોગવવાનું પરિણામ અને સ્થિર–અસ્થિર આદિ ભાવોનું નિરૂપણ છે.

★ અઢાર પાપસ્થાનના સેવનથી જીવ કર્મથી ભારે બને છે અને સંસારભ્રમણ વધારે છે તથા અઢાર પાપસ્થાનના ત્યાગથી જીવ હળવો બને છે અને સંસાર ભ્રમણને સીમિત કરે છે.

★ **અગુરુલઘુ દ્રવ્ય–** આકાશ, આકાશાંતર, કાર્મણ શરીર, કર્મ, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, જીવ, ભાવલેશ્યા, દૃષ્ટિ, દર્શન, જ્ઞાન, અજ્ઞાન, સંજ્ઞા, મનોયોગ, વચનયોગ, સાકારોપયોગ, અનાકારોપયોગ, ત્રણ કાલ, સર્વદ્ધાકાલ આદિ અરૂપી દ્રવ્યો અને ચઉસ્પર્શી પુદ્ગલ દ્રવ્ય અગુરુલઘુ છે.

★ **ગુરુલઘુદ્રવ્ય** – તનવાત, ઘનવાત, પૃથ્વી, દ્વીપ, સમુદ્ર, ઔદારિક આદિ ચાર શરીર, દ્રવ્યલેશ્યા અને કાયયોગ આદિ અષ્ટસ્પર્શી પુદ્ગલદ્રવ્ય ગુરુલઘુ છે. આ રીતે ધર્માસ્તિકાયાદિ પાંચ દ્રવ્ય અરૂપી છે, તે અગુરુલઘુ છે. રૂપી પુદ્ગલ દ્રવ્યમાં કેટલાક ગુરુલઘુ અને કેટલાક અગુરુલઘુ છે. ૨૪ દંડકના જીવ કાર્મણશરીર અને આત્માની અપેક્ષાએ અગુરુલઘુ અને શેષ ચાર શરીરની અપેક્ષાએ ગુરુલઘુ છે.

★ શ્રમણ નિર્ગ્રંથોને પોતાની લક્ષ્ય સિદ્ધિ માટે અને આત્મશુદ્ધિ માટે લઘુતા, અલ્પેચ્છા, અમૂર્ચ્છા અને અપ્રતિબદ્ધતા આદિ ગુણોની વૃદ્ધિ કરવી અને ક્રોધાદિ દોષનો ત્યાગ કરવો જરૂરી છે. કાંક્ષાપ્રદોષ–રાગદ્વેષાત્મક વૃત્તિનો નાશ થાય ત્યારે જ જીવ મુક્ત થાય છે.

★ કોઈપણ જીવ એક ભવમાં એક જ આયુષ્યનું વેદન કરી શકે છે અને તે આયુષ્યનું વેદન કરતાં આગામી એક ભવના આયુષ્યનો બંધ કરી શકે છે.

★ કાલાસ્યવેસિપુત્ર અણગાર અને પ્રભુ મહાવીરના સ્થવિર ભગવંતોનો સંવાદ થયો. તેમાં કાલાસ્યવેસિએ આક્ષેપાત્મક ઢંગથી પ્રશ્ન પૂછ્યા કે સામાયિક, પ્રત્યાખ્યાન, સંયમ, સંવર, વિવેક અને વ્યુત્સર્ગને કે તેના પરમાર્થને આપ જાણતા નથી. સ્થવિરોએ કહ્યું અમે તે સર્વ ભાવોને જાણીએ છીએ. ત્યારે તેણે કહ્યું કે જો આપ જાણતા હો તો કહો સામયિક આદિ શું છે અને તેનું પ્રયોજન શું છે ?

પ્રશ્નકર્તાનો આશય, નિશ્ચય દષ્ટિનો છે તેમ સમજીને સ્થવિર ભગવંતોએ નિશ્ચયદષ્ટિએ, ગંભીરતા

પૂર્વક પ્રત્યુત્તર આપ્યા કે આત્મા જ સામાયિક, પ્રત્યાખ્યાન આદિ છે અને આત્મશુદ્ધિ જ તેનું પ્રયોજન છે. દોષનો નાશ કરવા માટે કષાય ભાવની ગર્હા સંયમ છે.

આ પ્રકારના સમાધાનથી કાલાસ્યવેસિપુત્ર અણગારના હૃદયનું પરિવર્તન થયું, તેણે પંચ મહાવ્રતરૂપ ધર્મનો સ્વીકાર કર્યો. તપ સંયમની સાધનાથી સિદ્ધ થયા.

★ રાજા કે રંક, હાથી કે કંથવો કોઈ પણ અવિરત જીવને અપ્રત્યાખ્યાન ક્રિયા એક સમાન લાગે છે. વર્તમાન સાધન સંપન્નતા અને પ્રવૃત્તિનો પ્રભાવ અવ્રતની ક્રિયા પર પડતો નથી. કારણ કે તે ક્રિયા પ્રવૃત્તિથી નહીં પરંતુ વ્રતના અભાવે થાય છે. જે જીવ અવ્રત અવસ્થાનો ત્યાગ કરી દેશવિરતિ કે સર્વવિરતિ ધારણ કરે, કોઈ પણ વ્રત પ્રત્યાખ્યાન ધારણ કરે તો તેને અપ્રત્યાખ્યાન(અવ્રતની) ક્રિયા અટકી જાય છે.

★ આધાકર્મ આદિ દોષ યુક્ત આહારનું સેવન કરનાર સાધુ સંસાર ભ્રમણને વધારે છે અને નિર્દોષ આહારનું સેવન કરનાર સાધુ સંસારને સીમિત કરે છે, ક્રમશઃ તે સંસાર સાગર તરી જાય છે.

★ દઢ મનોબલી સાધકનું ચિત સંયમ ભાવમાં સ્થિર હોય છે. તે દોષસેવન રૂપ અસ્થિરતાનું સેવન કરતા નથી પરંતુ અસ્થિર ચિતવૃત્તિવાળા દોષ સેવન કે વ્રતભંગ કરે છે અને ભવભ્રમણ વધારે છે. બાલ અને પંડિતનો આત્મા શાશ્વત છે અને તેનું બાલત્વ અને પંડિતત્વ અશાશ્વત છે. તેથી બાલભાવનો ત્યાગ કરી પંડિતભાવનું સેવન કરવું જોઈએ.

આ રીતે ઉદ્દેશકમાં મુખ્યતયા સંસાર ભ્રમણના કારણો અને તેની મુક્તિના ઉપાયોનું નિદર્શન છે.

❖❖❖❖❖

# શતક–૧ : ઉદ્દેશક–૯

## ગુરુત્વ

**જીવોના હળવા–ભારે થવાનું કારણ :–**

**१ कहं णं भंते ! जीवा गरुयत्तं हव्वमागच्छंति ?**

**गोयमा ! पाणाइवाएणं मुसावाएणं अदिण्णादाणेणं मेहुणेणं परिग्गहेणं कोह- माण-माया-लोभ-पेज्ज-दोस-कलह-अब्भक्खाण-पेसुण्ण-अरइरइ-परपरिवाय-मायामोस-मिच्छादंसणसल्लेणं; एवं खलु गोयमा ! जीवा गरुयत्तं हव्वमागच्छंति।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! જીવ કેવી રીતે ગુરુત્વ[ભારેપણા]ને પ્રાપ્ત થાય છે ?

ઉત્તર– હે ગૌતમ ! પ્રાણાતિપાતથી, મૃષાવાદથી, અદત્તાદાનથી, મૈથુનથી, પરિગ્રહથી, ક્રોધથી, માનથી, માયાથી, લોભથી, રાગથી, દ્વેષથી, કલહથી, અભ્યાખ્યાનથી, પૈશુન્યથી, રતિ–અરતિથી, પર પરિવાદ–પરનિંદાથી, માયા મૃષાથી અને મિથ્યાદર્શન શલ્યથી– [આ અઢાર પાપસ્થાનના સેવનથી] જીવ ભારેપણાને–ગુરુત્વને પ્રાપ્ત થાય છે.

**२ कहं णं भंते ! जीवा लहुयत्तं हव्वमागच्छंति ?**

**गोयमा ! पाणाइवायवेरमणेणं** *जाव* **मिच्छादंसणसल्लवेरमणेणं, एवं खलु गोयमा! जीवा लहुयत्तं हव्वमागच्छंति ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! જીવ કેવી રીતે લઘુત્વ[લઘુતા–હળવાપણા]ને પ્રાપ્ત થાય છે ?

ઉત્તર– હે ગૌતમ ! પ્રાણાતિપાતથી તેમજ મિથ્યાદર્શનશલ્ય પર્યંતના પાપસ્થાનથી વિરત થવાથી જીવ લઘુત્વને પ્રાપ્ત થાય છે.

**३ एवं संसारं आउलीकरेंति, एवं परित्तीकरेंति, एवं दीहीकरेंति, एवं हस्सीकरेंति, एवं अणुपरियट्टंति, एवं वीईवीयंति । पसत्था चत्तारि । अप्पसत्था चत्तारि ।**

**શબ્દાર્થ :–** आउलीकरेंति = સંસારને વધારે છે, परित्तीकरेंति = સંસારને પરિત્ત–સીમિત કરે છે,

**दीहीकरेंति** = કર્મની સ્થિતિને દીર્ઘકાલની કરે છે, **हस्सीकरेंति** = હ્રસ્વ–અલ્પકાલની કરે છે, **अणुपरियट्टंति** = સંસારમાં વારંવાર પરિભ્રમણ કરે છે, **वीइवयंति** = સંસારનું ઉલ્લંઘન કરી જાય છે.

**ભાવાર્થ :–** આ રીતે જીવ પ્રાણાતિપાત આદિ પાપોના સેવનથી સંસારને વધારે છે, દીર્ઘકાલીન કરે છે, વારંવાર ભવભ્રમણ કરે છે. પ્રાણાતિપાત આદિ પાપોથી નિવૃત્ત થવાથી સંસારને પરિમિત–પરિત્ત કરે છે, અલ્પકાલીન કરે છે; સંસારનું ઉલ્લંઘન કરી જાય છે. તેમાંથી લઘુત્વ, સંસારનું પરિત્તીકરણ, હ્રસ્વીકરણ અને વ્યતિક્રમણ તે ચાર પ્રશસ્ત છે અને ગુરુત્વ, સંસારનું વૃદ્ધિકરણ, દીર્ઘીકરણ, પુનઃ પુનઃ ભવભ્રમણ, તે ચાર અપ્રશસ્ત છે.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રમાં અઢાર પાપના સેવન અને તેના ત્યાગનું પ્રશસ્ત અપ્રશસ્ત ફળ દર્શાવ્યું છે.

**(૧) પાપસેવનથી ચાર પ્રકારનું અપ્રશસ્ત ફળ :–** (૧) જીવ ભારેકર્મી બને છે. (૨) સંસાર વધારે છે. (૩) કર્મોની સ્થિતિ વધારે છે. (૪) સંસારમાં ભ્રમણ કરે છે.

**(૨) પાપ ત્યાગથી ચાર પ્રકારનુ પ્રશસ્ત ફળ :–** (૧) જીવ હળુકર્મી બને છે. (૨) સંસાર સીમિત કરે છે. (૩) કર્મોની સ્થિતિ ઘટાડે છે (૪) સંસારને પાર કરે છે, મુક્ત થાય છે.

## પદાર્થોની ગુરુતા લઘુતા :–

**૪ सत्तमे णं भंते! उवासंतरे किं गरुए, लहुए, गरुयलहुए, अगरुयलहुए?**

**गोयमा ! णो गरुए, णो लहुए, णो गरुयलहुए, अगरुयलहुए ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! શું સાતમું અવકાશાન્તર ગુરુ છે, લઘુ છે, ગુરુલઘુ છે કે અગુરુલઘુ છે?

ઉત્તર– હે ગૌતમ ! તે ગુરુ નથી, લઘુ નથી, ગુરુલઘુ નથી પરંતુ અગુરુલઘુ છે.

**૫ सत्तमे णं भंते ! तणुवाए किं गरुए, लहुए, गरुयलहुए, अगरुयलहुए?**

**गोयमा ! णो गरुए, णो लहुए, गरुयलहुए, णो अगरुयलहुए । एव सत्तमे घणवाए, सत्तमे घणोदही, सत्तमा पुढवी, उवासंतराइं सव्वाइं जहा सत्तमे उवासंतरे, जहा तणुवाए, (गरुयलहुए) एवं ओवास वाय घणउदहि, पुढवी दीवा य सायरा वासा ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! શું સપ્તમ તનુવાત ગુરુ છે, લઘુ છે, ગુરુ લઘુ છે, કે અગુરુલઘુ છે ?

ઉત્તર– હે ગૌતમ ! તે ગુરુ નથી, લઘુ નથી, અગુરુલઘુ નથી પરંતુ ગુરુલઘુ છે આ રીતે સપ્તમ

ઘનવાત, સપ્તમ ઘનોદધિ અને સપ્તમ પૃથ્વીના વિષયમાં સમજવું જોઈએ. જેમ સાતમા અવકાશાન્તરના વિષયમાં કહ્યું, તેમ જ સર્વ અવકાશાંતરના વિષયમાં સમજવું જોઈએ.

જે રીતે તનુવાતના વિષયમાં કહ્યું, તે જ રીતે સર્વ ઘનવાત, ઘનોદધિ, પૃથ્વી, દ્વીપ, સમુદ્ર અને ક્ષેત્રોના વિષયમાં જાણવું જોઈએ.

**૬ णेरइया णं भंते ! किं गरुया जाव अगरुयलहुया ?**

**गोयमा ! णो गरुया, णो लहुया, गरुयलहुया वि, अगरुयलहुया वि ।**

**से केणट्ठेणं ? भंते ! एवं वुच्चइ ।**

**गोयमा ! विउव्विय-तेयाइं पडुच्च णो गरुया, णो लहुया, गरुयलहुया; णो अगरुयलहुया । जीवं च, कम्मं च पडुच्च णो गरुया, णो लहुया, णो गरुयलहुया, अगरुयलहुया । से तेणट्ठेणं । एवं** *जाव* **वेमाणिया । णवरं-णाणत्तं जाणियव्वं सरीरेहिं ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! નારક જીવ ગુરુ છે, લઘુ છે, ગુરુલઘુ છે અથવા અગુરુલઘુ છે ?

ઉત્તર– હે ગૌતમ ! નારક જીવ ગુરુ નથી, લઘુ નથી, પરંતુ ગુરુલઘુ અને અગુરુલઘુ છે.

પ્રશ્ન– હે ભગવન્ ! તેનું શું કારણ છે ?

ઉત્તર– હે ગૌતમ ! વૈક્રિય અને તૈજસ શરીરની અપેક્ષાએ નારકજીવ ગુરુ નથી, લઘુ નથી, અગુરુલઘુ નથી પરંતુ ગુરુ–લઘુ છે. જીવ અને કાર્મણ શરીરની અપેક્ષાએ નારક જીવ ગુરુ નથી, લઘુ નથી, ગુરુલઘુ નથી પરંતુ અગુરુલઘુ છે. હે ગૌતમ ! તેથી પૂર્વોક્ત કથન કર્યું છે.

તે જ રીતે વૈમાનિકો પર્યંતના સર્વ દંડકમાં જાણવું જોઈએ, પરંતુ વિશેષતા એ છે કે શરીરોમાં ભિન્નતા કહેવી જોઈએ અર્થાત્ જે દંડકમાં જેટલા શરીર છે તે કહેવા.

**૭ धम्मत्थिकाए** *जाव* **जीवत्थिकाए चउत्थपएणं ।**

**ભાવાર્થ :–** ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, જીવાસ્તિકાય સુધીના દ્રવ્યોને ચોથા પદથી અર્થાત્ અગુરુલઘુ જાણવા જોઈએ.

**૮ पोग्गलत्थिकाए णं भंते ! किं गरुए, लहुए, गरुयलहुए, अगरुयलहुए?**

**गोयमा ! णो गरुए, णो लहुए, गरुयलहुए वि, अगरुयलहुए वि।**

**से केणट्ठेणं भंते ! एवं वुच्चइ ?**

**गोयमा ! गरुयलहुयदव्वाइं पडुच्च णो गरुए, णो लहुए, गरुय- लहुए, णो अगरुयलहुए । अगरुयलहुयदव्वाइं पडुच्च णो गरुए, णो लहुए, णो गरुयलहुए, अगरुयलहुए ।**

**भावार्थ :–** પ્રશ્ન– હે ભગવન્ ! પુદ્‌ગલાસ્તિકાય શું ગુરુ છે, લઘુ છે, ગુરુ–લઘુ છે કે અગુરુલઘુ છે ?

ઉત્તર– હે ગૌતમ ! પુદ્‌ગલાસ્તિકાય ગુરુ નથી, લઘુ નથી, પરંતુ ગુરુલઘુ પણ છે અને અગુરુલઘુ પણ છે.

પ્રશ્ન– હે ભગવન્ ! તેનું શું કારણ છે ?

ઉત્તર– હે ગૌતમ ! ગુરુલઘુ દ્રવ્યોની અપેક્ષાએ પુદ્‌ગલાસ્તિકાય ગુરુ નથી, લઘુ નથી, અગુરુલઘુ નથી પરંતુ ગુરુલઘુ છે. અગુરુલઘુ દ્રવ્યોની અપેક્ષાએ પુદ્‌ગલાસ્તિકાય ગુરુ નથી, લઘુ નથી, ગુરુલઘુ નથી પરંતુ અગુરુલઘુ છે.

**९ समया, कम्माणि य चउत्थपएणं ।**

**भावार्थ :–** સમય અને કર્મો[કાર્મણ શરીર]ને ચોથા પદથી જાણવા જોઈએ અર્થાત્ સમય અને કાર્મણ શરીર અગુરુલઘુ છે.

**१० कण्हलेस्सा णं भंते ! किं गरुया** *जाव* **अगरुयलहुया ?**

**गोयमा ! णो गरुया, णो लहुया, गरुयलहुया वि, अगरुयलहुया वि।**

**से केणट्ठेणं भंते! एवं वुच्चइ ?**

**गोयमा ! दव्वलेस्सं पडुच्च तइयपएणं, भावलेस्सं पडुच्च चउत्थ- पएणं, एवं** *जाव* **सुक्कलेस्सा ।**

**भावार्थ :–** પ્રશ્ન– હે ભગવન્ ! કૃષ્ણ લેશ્યા શું ગુરુ છે, લઘુ છે, ગુરુલઘુ છે કે અગુરુલઘુ છે ?

ઉત્તર– હે ગૌતમ ! કૃષ્ણ લેશ્યા ગુરુ નથી, લઘુ નથી પરંતુ ગુરુલઘુ છે અને અગુરુલઘુ પણ છે.

પ્રશ્ન– હે ભગવન્ ! તેનું શું કારણ છે ?

ઉત્તર– હે ગૌતમ ! દ્રવ્યલેશ્યાની અપેક્ષાએ તૃતીય પદથી જાણવા અર્થાત્ ગુરુલઘુ છે અને ભાવલેશ્યાની અપેક્ષાએ ચતુર્થપદથી જાણવા અર્થાત્ અગુરુલઘુ છે. તે જ રીતે શુકલલેશ્યા સુધી જાણવું.

**११ दिट्ठी-दंसण-णाण-अण्णाण-सण्णाओ चउत्थपएणं णेयव्वाओ ।**

**ભાવાર્થ :–** દષ્ટિ, દર્શન, જ્ઞાન, અજ્ઞાન અને સંજ્ઞાને પણ અગુરુલઘુ જાણવા.

**१२ हेट्ठिल्ला चत्तारि सरीरा णेयव्वा तइएणं पएणं । कम्मया चउत्थएणं पएणं ।**

**ભાવાર્થ :–** પ્રારંભના ચાર શરીરો– ઔદારિક, વૈક્રિય, આહારક અને તૈજસ શરીરને ગુરુલઘુ અને કાર્મણ શરીરને અગુરુલઘુ જાણવા.

**१३ मणजोगो, वइजोगो, चउत्थएणं पएणं, कायजोगो तइएणं पएणं ।**

**ભાવાર્થ :–** મનોયોગ અને વચનયોગને અગુરુલઘુ અને કાયયોગને ગુરુલઘુ જાણવા.

**१४ सागारोवओगो, अणागारोवओगो चउत्थपएणं ।**

**ભાવાર્થ :–** સાકારોપયોગ અને અનાકારોપયોગને અગુરુલઘુ જાણવા.

**१५ सव्वदव्वा सव्वपएसा, सव्वपज्जवा जहा पोगल्लत्थिकाओ ।**

**ભાવાર્થ :–** સર્વ દ્રવ્ય, સર્વ પ્રદેશ અને સર્વ પર્યાયને પુદ્‌ગલાસ્તિકાયની સમાન સમજવા.

**१६ तीयद्धा; अणागयद्धा, सव्वद्धा चउत्थेणं पएणं ।**

**ભાવાર્થ :–** અતીતકાલ, અનાગત [ભવિષ્ય]કાલ અને સર્વકાલને અગુરુલઘુ સમજવા.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં પદાર્થોની ગુરુતા અને લઘુતા વિષયક વિચારણા કરી છે. પુદ્‌ગલ દ્રવ્ય સિવાયના સર્વ દ્રવ્ય અગુરુલઘુ જ છે. પુદ્‌ગલ દ્રવ્ય ગુરુ પણ છે અને લઘુ પણ છે. પ્રસ્તુતમાં વ્યવહાર– નયની અપેક્ષાએ ગુરુ, લઘુ, ગુરુલઘુ અને અગુરુલઘુ તે ચાર વિકલ્પથી પ્રશ્નો પૂછ્યા છે. પરંતુ તેના ઉત્તર બે વિકલ્પથી આપ્યા છે. કોઈ પણ પદાર્થ એકાંતે ગુરુ કે એકાંતે લઘુ નથી તેથી અંતિમ બે જ વિકલ્પ માન્ય છે અર્થાત્ પદાર્થ ગુરુલઘુ અથવા અગુરુલઘુ હોય છે.

**ગુરુ લઘુ આદિ શબ્દોની વ્યાખ્યા :–** (૧) ગુરુ = જે વસ્તુ ભારે હોય, જે પાણીમાં ડૂબી જાય તે ગુરુ. જેમ કે પથ્થર. (૨) લઘુ = હળવું. જે વસ્તુ હળવી હોય, પાણીમાં ડૂબે નહીં પણ તરે છે તે લઘુ. જેમ કે લાકડી. (૩) ગુરુલઘુ = અષ્ટ સ્પર્શવાળા રૂપી પદાર્થ ગુરુલઘુ કહેવાય છે. જેમ કે બાદર દેખાતા સચિત્ત અચિત્ત પદાર્થ. (૪) અગુરુલઘુ = જે ગુરુ પણ નથી અને લઘુ પણ નથી તે. સર્વ અરૂપી દ્રવ્યો અગુરુલઘુ છે. જેમ કે આકાશ. તેમજ કાર્મણ વર્ગણાના પુદ્‌ગલાદિ તથા જે પુદ્‌ગલો ચતુઃસ્પર્શી છે, તે અગુરુલઘુ છે. અગુરુલઘુ અને ગુરુલઘુ પદાર્થોને પ્રદર્શિત કરતી ગાથા આ પ્રમાણે છે–

णिच्छयओ सव्वगुरुं सव्वलहुं वा ण विज्जए दव्वं ।
ववहारओ उ जुज्जइ बायरखंधेसु ण अण्णेसु ॥१॥

अगरुलहु चउफासा अरूविदव्वा य होंति णायव्वा ।
सेसाओ अट्ठफासा गुरुलहुया णिच्छयणयस्स ॥२॥

નિશ્ચયનયથી એકાંત ગુરુ અથવા એકાંત લઘુ દ્રવ્ય નથી. વ્યવહારનયથી બાદર સ્કંધોમાં [ભારેપણું કે હળવાપણું] છે, અન્ય સ્કંધમાં નથી. ચતુઃસ્પર્શી અને અરૂપી દ્રવ્યો અગુરુલઘુ છે અને શેષ અષ્ટસ્પર્શી દ્રવ્યો ગુરુલઘુ છે. ગુરુલઘુ અને અગુરુલઘુ પદાર્થોને સૂચિત કરતુ કોષ્ટક નીચે પ્રમાણે છે–

**સૂત્રોક્ત અગુરુલઘુ–ગુરુલઘુ પદાર્થોનું વિભાજન**

| અગુરુલઘુ | | | ગુરુલઘુ |
|---|---|---|---|
| **જીવ** | **અરૂપીઅજીવ** | ***રૂપી અજીવ ચઉસ્પર્શી*** | ***રૂપી અજીવ અષ્ટસ્પર્શી*** |
| જીવાસ્તિકાય | સાતઅવકાશાન્તર | મનોયોગ | તનુવાત |
| સાકારોપયોગ | ધર્માસ્તિકાય | વચનયોગ | ઘનવાત |
| અનાકારોપયોગ | અધર્માસ્તિકાય | કાર્મણશરીર | ઘનોદધિ |
| દષ્ટિ | સમય | પુદ્ગલાસ્તિ કાયનો | સાતપૃથ્વી |
| દર્શન | અતીતકાલ | સૂક્ષ્મસ્કંધ | દ્વીપ,સમુદ્ર,ક્ષેત્ર |
| જ્ઞાન–અજ્ઞાન સંજ્ઞા | અનાગતકાલ | | ઔદારિક શરીર વૈક્રિય શરીર |
| ભાવલેશ્યા | | | આહારક શરીર |
| | | | તૈજસ શરીર |
| | | | દ્રવ્યલેશ્યા પુદ્ગલાસ્તિકાયનો |
| | | | બાદરસ્કંધ |

**અવકાશાન્તર :–** ચૌદ રાજુ પરિમાણ પુરુષાકાર લોકમાં નીચેની તરફ સાત પૃથ્વીઓ[નરક] છે.

પ્રથમ પૃથ્વીની નીચે ઘનોદધિ, તેની નીચે ઘનવાત, તેની નીચે તનુવાત છે અને તેની નીચે આકાશ છે. તેને જ અવકાશાન્તર કહે છે. તે અવકાશાન્તર આકાશરૂપ હોવાથી અગુરુલઘુ છે.

**શ્રમણ નિગ્રંથો માટે પ્રશસ્ત ગુણ :-**

**૧૭ से णूणं भंते ! लाघवियं अप्पिच्छा अमुच्छा अगेही अपडिबद्धया समणाणं णिग्गंथाणं पसत्थं ?**

**हंता गोयमा ! लाघवियं** *जाव* **पसत्थं ।**

**ભાવાર્થ :-** પ્રશ્ન– હે ભગવન્ ! શું લાઘવ, અલ્પ ઈચ્છા, અમૂર્ચ્છા, અનાસક્તિ[અગૃદ્ધિ]અને અપ્રતિબદ્ધતા, શ્રમણ નિર્ગ્રંથોને માટે પ્રશસ્ત છે ?

ઉત્તર– હા, ગૌતમ ! લાઘવથી અપ્રતિબદ્ધતા પર્યંતના ગુણો પ્રશસ્ત છે.

**૧૮ से णूणं भंते ! अकोहत्तं अमाणत्तं अमायत्तं अलोभत्तं समणाणं णिग्गंथाणं पसत्थं ?**

**हंता गोयमा ! अकोहत्तं अमाणत्तं** *जाव* **पसत्थं ।**

**ભાવાર્થ :-** પ્રશ્ન– હે ભગવન્ ! શું ક્રોધ રહિતતા, માન રહિતતા, માયા રહિતતા અને લોભરહિતતા શ્રમણ નિર્ગ્રંથોને માટે પ્રશસ્ત છે ?

ઉત્તર– હા, ગૌતમ ! ક્રોધ રહિતતાથી લોભ રહિતતા પર્યંતના સર્વ ગુણો શ્રમણ નિર્ગ્રંથો માટે પ્રશસ્ત છે.

**વિવેચન :-**

આ ઉદ્દેશકના પ્રારંભના સૂત્રોમાં જીવ કર્મોથી હળવો અને ભારે કઈ રીતે થાય છે ? તે વિષયને સમજાવ્યો છે. ત્યાર પછીના સૂત્રોમાં દ્રવ્યોની લઘુતા–ગુરુતાનું કે અગુરુલઘુ–ગુરુલઘુપણાનું વર્ણન છે. પ્રસ્તુત સૂત્રમાં તે જ ભાવો ક્રમશઃ આગળ વધી રહ્યા છે. ભાવની અપેક્ષાએ જીવની લઘુતા અને પ્રશસ્તતા શેમાં છે ? તે માટે આવશ્યક ગુણોનું સૂત્રકારે દર્શન કરાવ્યું છે.

**ભાવલઘુતા–** અલ્પેચ્છા, અમૂર્ચ્છા, અનાશક્તિ અને અપ્રતિબદ્ધતા તેમજ ચારે કષાયથીરહિત થવું વગેરે ગુણોથી ભાવલઘુતા પ્રગટ થાય છે અને તે જ શ્રમણ નિર્ગ્રંથો માટે પ્રશસ્ત છે. કારણ કે તેમાં જ તેનો આધ્યાત્મિક વિકાસ છે.

**લાઘવ :–** શાસ્ત્રમર્યાદાથી અલ્પ ઉપધિ રાખવી.

**અલ્પેચ્છા :–** આહારાદિની અલ્પ અભિલાષા રાખવી.

**અમૂર્ચ્છા :–** પોતાની પાસે રાખેલી ઉપધિમાં મમત્વભાવ [સંરક્ષણાનુબંધભાવ] ન રાખવો.

**અગૃદ્ધિ :–** આસક્તિનો અભાવ અર્થાત્ ભોજનાદિના પરિભોગ કાલમાં અનાસક્તિ રાખવી.

**અપ્રતિબદ્ધતા :–** સ્વજનાદિ અથવા દ્રવ્ય–ક્ષેત્રાદિમાં સ્નેહ અથવા રાગનું બંધન ન રાખવું.

## કાંક્ષાપ્રદોષ ક્ષયથી મુક્તિ :–

**૧૯ से णूणं भंते ! कंखपदोसे णं खीणे समणे णिग्गंथे अंतकरे भवइ, अंतिमसरीरिए वा ?**

**बहुमोहे वि य णं पुव्विं विहरित्ता, अह पच्छा संवुडे कालं करेइ, तओ पच्छा सिज्झइ, बुज्झइ, मुच्चइ परिणिव्वाइं सव्वदुक्खाणं अंतं करेइ ?**

**हंता गोयमा ! कंखपदोसे खीणे** *जाव* **अंतं करेइ ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! શું કાંક્ષા પ્રદોષ–મોહકર્મ ક્ષીણ થાય તો શ્રમણ નિર્ગ્રંથ અંતકર અથવા અંતિમ [ચરમ] શરીરી બને છે ? અથવા પૂર્વાવસ્થામાં અત્યંત મોહ યુક્ત થઈને વિચરણ કરી, પછી સંવૃત્ત [સંવરયુક્ત] થઈને અર્થાત્ તે મોહકર્મનો ક્ષય કરીને, મૃત્યુ પ્રાપ્ત કરે, તો શું તત્ પશ્ચાત્ તે સિદ્ધ, બુદ્ધ, મુક્ત થાય છે, પરમ નિર્વાણને પ્રાપ્ત થાય છે, સર્વ દુઃખોનો અંત કરે છે ?

ઉત્તર– હા, ગૌતમ ! કાંક્ષા પ્રદોષ–મોહકર્મ નષ્ટ થઈ ગયા પછી ક્રમશઃ જીવ સર્વ દુઃખોનો અંત કરે છે.

## વિવેચન :–

પૂર્વ સૂત્રોમાં શ્રમણ નિર્ગ્રંથોને અનાસક્ત અને અકષાયી થવાની પ્રેરણા કરી છે, તે ગુણો ધારણ કરવાથી કાંક્ષાપ્રદોષ–મોહકર્મનો શીઘ્ર નાશ થાય છે. માટે પ્રસ્તુત સૂત્રોમાં મોહકર્મના ક્ષયથી મુક્તિની વિચારણા કરી છે.

**कंखपदोसे :–** શતક–૧/૩ માં કાંક્ષામોહનીય શબ્દ દર્શન–મોહનીયકર્મની અપેક્ષાએ પ્રયુક્ત થયો છે તેમ અહીં પણ કાંક્ષાપ્રદ્વેષ શબ્દ મોહકર્મ માટે પ્રયુક્ત છે. તેમ છતાં આ શબ્દના વિવિધ અર્થો કરવામાં આવ્યા છે.

(૧) જૈન ધર્મ સિવાયના અન્ય મતનો આગ્રહ અથવા આસક્તિને કાંક્ષા પ્રદોષ કહે છે. (૨) કાંક્ષાનો અર્થ રાગ અને પ્રદોષનો અર્થ દ્વેષ થાય છે. તેથી તેનું બીજુ નામ કાંક્ષાપ્રદ્વેષ પણ છે. (૩) પોતાના વિચારોથી વિરુદ્ધ વાતો પર દ્વેષ થવો તે કાંક્ષા–પ્રદ્વેષ છે.

મોહનીય કર્મનો ક્રમશઃ નાશ થતાં જ જીવનો આધ્યાત્મિક વિકાસ થાય છે. સાધકની સમગ્ર સાધનાનો સાર કષાય ત્યાગ છે. સાધક વીતરાગદશા પ્રાપ્ત કરે પછી જ કેવળી બને છે અને કેવળી બન્યા

પછી જ તે મુક્ત થાય છે. સંક્ષેપમાં કાંક્ષાપ્રદોષ–રાગદ્વેષાત્મક વૃત્તિ એટલે મોહકર્મનો નાશ થાય પછી જ સર્વ કર્મોનો અંત થાય છે.

**આયુષ્યબંધ સંબંધી પ્રરૂપણા :–**

**૨૦ अण्णउत्थिया णं भंते ! एवं आइक्खंति, एवं भासंति, एवं पण्णवेंति एवं परूवेंति– एवं खलु एगे जीवे एगेणं समएणं दो आउयाइं पकरेइ, तं जहा– इहभवियाउयं च, परभवियाउयं च ।**

**जं समयं इहभवियाउयं पकरेइ, तं समयं परभवियाउयं पकरेइ; जं समयं परभवियाउयं पकरेइ, तं समयं इहभवियाउयं पकरेइ; इहभवियाउयस्स पकरणयाए परभवियाउयं पकरेइ, परभवियाउयस्स पकरणयाए इहभवियाउय पकरेइ; एवं खलु एगे जीवे एगेणं समएणं दो आउयाइं पकरेइ, तं जहा– इहभवियाउयं च, परभवियाउयं च । से कहमेयं भंते ! एवं ?**

**गोयमा ! जं णं ते अण्णउत्थिया एवमाइक्खंति जाव परभवियाउयं च । जे ते एवमाहंसु मिच्छा ते एवमाहिंसु । अहं पुण गोयमा ! एवं आइक्खामि जाव परूवेमि– एवं खलु एगे जीवे एगेणं समएणं एगं आउयं पकरेइ, तं जहा– इह-भवियाउयं वा, परभवियाउयं वा ।**

**जं समयं इहभवियाउयं पकरेइ, णो तं समयं परभवियाउयं पकरेइ; जं समयं परभवियाउयस्स पकरेइ णो तं समयं इहभवियाउयं पकरेइ; इहभवियाउयस्स पकरणयाए णो परभवियाउयं पकरेइ, परभवियाउयस्स पकरणयाए णो इहभवियाउयं पकरेइ; एवं खलु एगं जीवे एगेणं समएणं एगं आउयं पकरेइ, तं जहा इहभवियाउयं वा, परभवियाउयं वा ॥ सेवं भंते ! सेवं भंते ॥**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! અન્યતીર્થિક આ પ્રમાણે કહે છે, વિશેષરૂપથી કહે છે, બતાવે છે અને પ્રરૂપણા કરે છે કે એક જીવ એક સમયમાં બે આયુષ્યને વેદે છે, તે આ પ્રમાણે છે– આ ભવનું આયુષ્ય અને પરભવનું આયુષ્ય. જે સમયે જીવ આ ભવના આયુષ્યનું વેદન કરે છે, તે સમયે પરભવના આયુષ્યનું પણ વેદન કરે છે. જે સમયે પરભવના આયુષ્યનું વેદન કરે છે, તે સમયે આ ભવના આયુષ્યનું પણ વેદન કરે છે. આ ભવના આયુષ્યનું વેદન કરતાં, પરભવના આયુષ્યનું વેદન કરે છે અને પરભવના આયુષ્યનું વેદન કરતાં, આ ભવના આયુષ્યનું પણ વેદન કરે છે. આ રીતે એક જીવ એક સમયમાં બે આયુષ્યનું વેદન કરે છે. આ ભવનું આયુષ્ય અને પરભવનું આયુષ્ય. હે ભગવન્ ! શું તે કથન બરાબર છે ?

ઉત્તર– હે ગૌતમ ! અન્યતીર્થિક જે આ પ્રમાણે કહે છે કે એક જીવ એક સમયમાં બે આયુષ્યનું વેદન કરે છે. યથા– આ ભવનું આયુષ્ય અને પરભવનું આયુષ્ય. તેઓનું આ કથન મિથ્યા છે. હે ગૌતમ! હું આ પ્રમાણે કહું છું ***યાવત્*** પ્રરૂપણા કરું છું કે એક જીવ એક સમયમાં એક આયુષ્યનું વેદન કરે છે. આ ભવનું(મનુષ્યભવ)આયુષ્ય અથવા પરભવનું આયુષ્ય જે સમયે આ ભવના આયુષ્યનું વેદન કરે છે, તે સમયે પરભવના આયુષ્યનું વેદન કરતા નથી. જે સમયે પરભવના આયુષ્યનું વેદન કરે છે, તે સમયે આ ભવના આયુષ્યનું વેદન કરતા નથી. આ ભવના આયુષ્યનું વેદન કરતાં પરભવના આયુષ્યનું અને પરભવના આયુષ્યનું વેદન કરતાં આ ભવના આયુષ્યનું વેદન કરતા નથી. આ પ્રકારે એક જીવ એક સમયમાં એક આયુષ્યનું વેદન કરે છે– આ ભવનું આયુષ્યનું અથવા પરભવનું આયુષ્યનું.

હે ભગવન્ ! આ ભાવ આ જ પ્રકારે છે, હે ભગવન્ ! આ ભાવ આ જ પ્રકારે છે.

## વિવેચન :–

આ સૂત્રમાં આયુષ્ય વેદન સંબંધી સ્વમત તથા અન્યમતની પ્રરૂપણાનું પ્રતિપાદન છે.

**અન્યતીર્થિક પ્રરૂપણા :–** એક સમયમાં એક જીવ બે આયુષ્યનું વેદન કરે છે. આ ભવનું આયુષ્ય અને પરભવનું આયુષ્ય.

**સ્વમત પ્રરૂપણા :–** એકસમયમાં એક જ આયુષ્યનું વેદન થાય છે. જ્યારે આ(મનુષ્ય) ભવના આયુષ્યનું વેદન થાય, ત્યારે પરભવ(અન્યગતિ)ના આયુષ્યનું વેદન થતું નથી અને જ્યારે પરભવ(અન્યગતિ)ના આયુષ્યનું વેદન થાય, ત્યારે આ ભવ(મનુષ્ય)ના આયુષ્યનું વેદન થતું નથી.

તાત્પર્ય એ છે કે જે ગતિનું આયુષ્ય બાંધીને જીવ જ્યાં જાય છે તે ભવમાં તે એક જ આયુષ્યને જીવનપર્યંત ભોગવે છે. તેમજ પ્રત્યેક ભવનું આયુષ્ય ભોગવતાં એક જ આગામી ભવનું આયુષ્ય બાંધે છે. આયુષ્ય બંધ અનુસાર તેનો જન્મ થાય અને પૂર્વબદ્ધ એક જ આયુષ્ય ભોગવાય છે. આ રીતની પરંપરા ચાલે છે.

**पकरेइ :–** સૂત્રમાં **वेदेइ** કે **बंधेइ** ક્રિયાપદનો પ્રયોગ નથી. **पकरेइ** ક્રિયાપદનો પ્રયોગ છે. સૂત્રકારે આપેલા ઉત્તરથી સ્પષ્ટ થાય છે કે **पकरेइ** ક્રિયાપદ બંધ અથવા વેદન બંને અર્થમાં પ્રયુક્ત છે. તેમજ આ ભવનો અર્થ મનુષ્યભવ અને પરભવનો અર્થ અન્યગતિનો ભવ સમજવો જોઈએ.

જો આ ભવનો અર્થ 'વર્તમાનભવ' અને પરભવનો અર્થ 'આગામી ભવ' કરીએ તો સ્વમત પ્રરૂપણાનો ઉત્તર ઘટિત થાય નહીં. કારણ કે વર્તમાન ભવમાં જીવ વર્તમાન ભવના આયુષ્યને ભોગવે છે અને આગામી ભવનું આયુષ્ય બાંધે છે. પરંતુ સૂત્રકારે કહ્યું છે કે "આ ભવ કે પરભવ કોઈ પણ એક જ આયુષ્ય કરે છે." તેથી આ ભવનો અર્થ મનુષ્યભવ અને પરભવનો અર્થ અન્યગતિના ભવ, તે પ્રમાણે થાય છે.

# કાલાસ્યવેષિ પુત્ર અણગાર

પ્રભુ પાર્શ્વનાથની પરંપરામાં કાલાસ્યવેષિ પુત્ર નામક અણગાર વિચરણ કરતાં હતા. એકવાર તેઓએ પ્રભુ મહાવીરના સ્થવિરો પાસે આવી, આક્ષેપાત્મક પ્રશ્નો પૂછી, પોતાની જિજ્ઞાસા પ્રગટ કરી. સામાયિક, પચ્ચક્ખાણ, સંયમ, સંવર, વિવેક અને વ્યુત્સર્ગ શું છે ?

સ્થવિરોએ નિશ્ચયનયથી પ્રત્યુત્તર આપ્યો– સામાયિક, પચ્ચક્ખાણ આદિ આત્મા રૂપ છે અને આત્મા જ તેનું ફળ છે. સામાયિક આદિ ભાવો આત્માના ગુણને પ્રગટ કરે છે. ગુણ ગુણીમાં (આત્મામાં) જ રહે છે. ગુણ અને ગુણીમાં કથંચિત્ અભેદ છે. આત્મગુણોની પ્રાપ્તિ માટે જ સામાયિક આદિ કરાય છે. તેથી તેનું ફળ પણ આત્મા જ છે.

**પ્રતિપ્રશ્ન–** આત્માના ભાવો આત્મરૂપ હોય તો ક્રોધાદિની ગર્હા શા માટે ?

**સમાધાન–** ક્રોધાદિ આત્માના જ ભાવ હોવા છતાં તે વિભાવ છે. તેની નિંદા, ગર્હા આદિથી વિભાવનો– દોષનો નાશ થાય અને સ્વભાવભૂત ક્ષમાદિ આદિ આત્મગુણો પ્રગટ થાય છે.

સ્થવિરોના ઉત્તરથી કાલાસ્યવેષી પુત્ર અણગારની શંકાનુ સમાધાન થયું. તેમણે સ્થવિરો પ્રતિ કૃતજ્ઞતા પ્રગટ કરી, ચાતુર્યામ ધર્મનો ત્યાગ કરી, પંચમહાવ્રત રૂપ ધર્મનો સ્વીકાર કર્યો અને અનેક વર્ષની સંયમ પર્યાયનું પાલન કરી, સર્વ કર્મ ક્ષય કરી, તેઓ મોક્ષને પ્રાપ્ત થયા.

## કાલાસ્યવેષિ પુત્ર અણગારના પ્રશ્નોત્તર :–

**૨૧ तेणं काले णं, ते णं समए णं पासावच्चिज्जे कालासवेसियपुत्ते णामं अणगारे जेणेण थेरा भगवंतो तेणेव उवागच्छइ, उवागच्छित्ता थेरे भगवंते एवं वयासी–**

**थेरा सामाइयं ण याणंति थेरा सामाइयस्स अट्ठं ण याणंति; थेरा पच्चक्खाणं ण याणंति, थेरा पच्चक्खाणस्स अट्ठं ण याणंति; थेरा संजमं ण याणंति, थेरा संजमस्स अट्ठं ण याणंति; थेरा संवरं ण याणंति, थेरा संवरस्स अट्ठं ण याणंति; थेरा विवेगं ण याणंति, थेरा विवेगस्स अट्ठं ण याणंति; थेरा विउस्सग्गं ण याणंति, थेरा विउस्सग्गस्स अट्ठं ण याणंति !**

**ભાવાર્થ :–** તે કાલે–ભગવાન પાર્શ્વનાથના નિર્વાણ પછી લગભગ ૨૫૦ વર્ષે અને તે સમયે–ભગવાન મહાવીરના શાસનકાલમાં ભગવાન પાર્શ્વનાથની પરંપરાના શિષ્યાનુશિષ્ય કાલાસ્યવેષી પુત્ર નામક અણગાર હતા. તે ભગવાન મહાવીરના સ્થવિર ભગવંત[શ્રુતવૃદ્ધ શિષ્ય]બિરાજમાન હતા, ત્યાં ગયા.

તેની પાસે આવીને તેણે સ્થવિર ભગવંતોને આ પ્રમાણે કહ્યું,– "હે સ્થવિરો ! આપ સામાયિકને જાણતા નથી, સામાયિકના અર્થને જાણતા નથી, આપ પ્રત્યાખ્યાનને જાણતા નથી, પ્રત્યાખ્યાનના અર્થને જાણતા નથી, આપ સંયમને જાણતા નથી, સંયમના અર્થને જાણતા નથી, સંવરને જાણતા નથી, સંવરના અર્થને જાણતા નથી, હે સ્થવિરો ! આપ વિવેકને જાણતા નથી, વિવેકના અર્થને જાણતા નથી, આપ વ્યુત્સર્ગને જાણતા નથી, વ્યુત્સર્ગના અર્થને જાણતા નથી."

**૨૨ तए णं ते थेरा भगवंतो कालासवेसियपुत्तं अणगारं एवं वयासी– जाणामो णं अज्जो ! सामाइयं जाणामो णं अज्जो ! सामाइयस्स अट्ठं** *जाव* **जाणामो णं अज्जो ! विउस्सग्गस्स अट्ठं ।**

**ભાવાર્થ :–** તે સ્થવિર ભગવન્તોએ કાલાસ્યવેષિપુત્ર અણગારને આ પ્રમાણે કહ્યું, 'હે આર્ય ! અમે સામાયિકને જાણીએ છીએ, સામાયિકના અર્થને જાણીએ છીએ. તેમજ વ્યુત્સર્ગ પર્યંતના પદોને અને તેના અર્થને પણ જાણીએ છીએ.

**૨૩ तए णं से कालासवेसियपुत्ते अणगारे ते थेरे भगवंते एवं वयासी– जइ णं अज्जो ! तुब्भे जाणह सामाइयं, जाणह सामाइयस्स अट्ठं** *जाव* **जाणह विउस्सग्गस्स अट्ठं । किं भे अज्जो ! सामाइए ? किं भे अज्जो ! सामाइयस्स अट्ठे ?** *जाव* **किं भे अज्जो विउस्सग्गस्स अट्ठे ?**

**तए णं ते थेरा भगवंतो कालासवेसियपुत्तं अणगारं एवं वयासी– आया णे अज्जो ! सामाइए, आया णे अज्जो ! सामाइयस्सअट्ठे** *जाव* **विउस्सग्गस्स अट्ठे ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– તત્પશ્ચાત્ કાલ્યાસ્યવેષિ પુત્ર અણગારે તે સ્થવિર ભગવંતોને આ પ્રમાણે કહ્યું, હે આર્યો ! જો આપ સામાયિકને અને સામાયિકના અર્થથી લઈ વ્યુત્સર્ગ અને વ્યુત્સર્ગના અર્થને જાણો છો, તો હે આર્યો ! [આપના મતાનુસાર] સામાયિક શું છે ? અને સામાયિકનો અર્થ શું છે ? તેમજ વ્યુત્સર્ગ પર્યંતના પદો શું છે ? અને વ્યુત્સર્ગ પર્યંતના પદોનો અર્થ શું છે ?

ઉત્તર– ત્યારે તે સ્થવિર ભગવંતોએ કાલાસ્યવેષિ પુત્ર અણગારને આ પ્રમાણે કહ્યું કે હે આર્ય ! આપણો આત્મા જ સામાયિક છે અને આપણો આત્મા જ સામાયિકનો અર્થ છે તેમજ આપણો આત્મા જ વ્યુત્સર્ગ આદિ છે અને આપણો આત્મા જ વ્યુત્સર્ગ આદિનો અર્થ છે.

**૨૪ तए णं से कालासवेसियपुत्ते अणगारे थेरे भगवंते एवं वयासी– जइ भे अज्जो ! आया सामाइए, आया सामाइयस्स अट्ठे, एवं** *जाव* **आया विउस्सग्गस्स अट्ठे, अवहट्टु कोह-माया-लोभे किमट्ठं अज्जो ! गरहह ?**

**कालासवेसियापुत्त । संजमट्ठयाइए ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– ત્યારે કાલાસ્યવેષિ પુત્ર અણગારે, સ્થવિર ભગવંતોને આ પ્રમાણે પૂછ્યું, હે આર્યો ! જો આત્મા જ સામાયિક છે અને આત્મા જ સામાયિકનો અર્થ છે, એ જ રીતે આત્મા જ વ્યુત્સર્ગ છે અને આત્મા જ વ્યુત્સર્ગનો અર્થ છે, તો આપ ક્રોધ, માન, માયા અને લોભનો પરિત્યાગ કરીને ક્રોધાદિની નિંદા કેમ કરો છો ?

ઉત્તર– હે કાલાસ્યવેષિ પુત્ર ! અમે સંયમને માટે ક્રોધ આદિનો ત્યાગ કરીને તેની ગર્હા કરીએ છીએ.

**૨૫ से भंते ! किं गरहा संजमे ? अगरहा संजमे ?**

**कालासवेसियपुत्त! गरहा संजमे, णो अगरहा संजमे । गरहा वि य णं सव्वं दोसं पविणेइ, सव्वं बालियं परिण्णाए । एवं खु णे आया संजमे उवहिए भवइ, एवं खु णे आया संजमे उवचिए भवइ, एवं खु णे आया संजमे उवट्ठिए भवइ ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! શું ગર્હા(કરવી) સંયમ છે કે અર્ગહા(કરવી) સંયમ છે ?

ઉત્તર– હે કાલાસ્યવેષિ પુત્ર ! ગર્હા(પાપોની નિંદા) સંયમ છે, અર્ગહા સંયમ નથી. ગર્હા સર્વ દોષોને દૂર કરે છે અને આત્મા સમસ્ત બાલભાવનું (મિથ્યાત્વાદિને જાણીને ગર્હા દ્વારા તેનું) નિવારણ કરે છે. આ રીતે આમારો આત્મા સંયમથી યુક્ત થાય છે, સંયમમાં પુષ્ટ થાય છે અને એ જ રીતે આત્મા સંયમમાં ઉપસ્થિત–સ્થિર થાય છે.

### કાલાસ્યવેષિ પુત્ર અણગારનું હૃદય પરિવર્તન :–

**૨૬ एत्थ णं से कालसवेसियपुत्ते अणगारे संबुद्धे थेरे भगवंते वंदइ णमंसइ, वंदित्ता णमंसित्ता एवं वयासी– एएसि णं भंते ! पयाणं पुव्विं अण्णाणयाए असवणयाए अबोहियाए अणभिगमेणं अदिट्ठाणं अस्सुयाणं अमुयाणं अविण्णायाणं अव्वोगडाणं अव्वोच्छिण्णाणं अणिज्जूढाणं अणुवधारियाणं एयमट्ठं णो सद्दहिए, णो पत्तइए, णो रोइए ।**

**इयाणिं भंते ! एएसिं पयाणं जाणयाए, सवणयाए, बोहीए, अभिगमेणं दिट्ठाणं, सुयाणं, मुयाणं, विण्णायाणं, वोगडाणं, वोच्छिण्णाणं, णिज्जूढाणं, उवधारियाणं, एयमट्ठं सद्दहामि, पत्तियामि, रोएमि । एवमेयं से जहेयं तुब्भे वदह ।**

**तए णं ते थेरा भगवंतो कालासवेसियपुत्तं अणगारं एवं वयासी– सद्दहाहि अज्जो ! पत्तियाहि अज्जो ! रोएहि अज्जो ! से जहेयं अम्हे वदामो ।**

**ભાવાર્થ :–**[સ્થવિર ભગવંતોનો ઉત્તર સાંભળીને] તે કાલાસ્યવેષિ પુત્ર અણગાર બોધને પ્રાપ્ત થયા અને તેણે સ્થવિર ભગવંતોને વંદના કરી, નમસ્કાર કર્યા, વંદન–નમસ્કાર કરીને આ પ્રમાણે કહ્યું, હે ભગવન્! આ[પૂર્વોક્ત] પદોને પૂર્વે જાણ્યા ન હોવાથી, પૂર્વે સાંભળ્યા ન હોવાથી, બોધ થયો ન હોવાથી, અભિગમ[જ્ઞાન] થયું ન હોવાથી, અદષ્ટ હોવાથી, અવિચારિત હોવાથી, ન સાંભળેલ હોવાથી, અવિજ્ઞાત હોવાથી, અપ્રગટ, અનિર્ણિત, અનુદ્ધૃત અને અનવધારિત આ વિષયમાં મને શ્રદ્ધા ન હતી, પ્રતીતિ ન હતી, રુચિ ન હતી.

પરંતુ હે ભગવન્ ! હવે આ પદોને જાણી લેવાથી, સાંભળી લેવાથી, બોધ થવાથી, અભિગમ થવાથી, દષ્ટ થવાથી, ચિંતન કરવાથી, શ્રુત થવાથી, વિશેષરૂપે જાણવાથી,[આપ દ્વારા] કથિત થવાથી, નિર્ણિત થવાથી, ઉદ્ધૃત થવાથી અને આ પદોનું અવધારણ થવાથી આ વિષય પર હું શ્રદ્ધા કરું છું, પ્રતીતિ કરું છું, રુચિ કરું છું. હે ભગવન્! આપ જે કહો છો તે યથાર્થ છે, તે આ જ પ્રમાણે છે.

ત્યારે સ્થવિર ભગવંતોએ કાલ્યસ્યવેષિ પુત્ર અણગારને આ પ્રમાણે કહ્યું, "હે આર્ય ! અમે જેમ કહીએ છીએ તેમજ શ્રદ્ધા કરો, હે આર્ય ! તેની પ્રતીતિ કરો, હે આર્ય ! તેમાં જ રુચિ કરો."

**૨૭ तए णं से कालासवेसियपुत्ते अणगारे थेरे भगवंते वंदइ णमंसइ, वंदित्ता णमंसित्ता एवं वयासी– इच्छामि णं भंते ! तुब्भं अंतिए चाउज्जामाओ धम्माओ पंचमहव्वइयं सपडिक्कमणं धम्मं उवसंपज्जित्ताणं विहरित्तए । अहासुहं देवाणुप्पिया ! मा पडिबंधं ।**

**ભાવાર્થ :–** તત્પશ્ચાત્ કાલાસ્યવેષિપુત્ર અણગારે તે સ્થવિર ભગવંતોને વંદના કરી, નમસ્કાર કર્યા અને આ પ્રમાણે કહ્યું, "હે ભગવન્ ! પહેલા મેં [ભગવાન પાર્શ્વનાથ પાસે] ચાતુર્યામ ધર્મનો સ્વીકાર કર્યો છે. હવે હું આપની પાસે પ્રતિક્રમણ સહિત પંચમહાવ્રતરૂપ ધર્મ સ્વીકારીને, વિચરણ કરવાની ઈચ્છા રાખું છું"

સ્થવિર– "હે દેવાનુપ્રિય ! જેમ સુખ ઊપજે તેમ કરો. પરંતુ (આ શુભકાર્યમાં) વિલંબ (પ્રતિબંધ) ન કરો."

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રોમાં પાર્શ્વનાથ પ્રભુની પરંપરાના શ્રી કાલાસ્યવેષિપુત્ર અણગારના પ્રશ્નો અને પ્રભુ મહાવીરની પરંપરાના સ્થવિર ભગવંતોના ઉત્તરો છે. તેમાં છ પદ વિશેષ વિચારણીય છે. (૧) સામાયિક

(૨) પ્રત્યાખ્યાન (૩) સંયમ (૪) સંવર (૫) વિવેક અને (૬) વ્યુત્સર્ગ. પ્રશ્નોત્તરના માધ્યમથી આ છ પદનું રહસ્ય અહીં પ્રગટ થયું છે.

**છ પ્રશ્નોનું રહસ્ય :–** પ્રશ્નકર્તા ભગવાન પાર્શ્વનાથની પરંપરાના, સામાયિક ચારિત્રના ધારક, સર્વવિરતિ શ્રમણ હતા. જે સ્વયં સામાયિક, પ્રત્યાખ્યાન આદિની આરાધના કરી રહ્યા હતા. તેમ છતાં જ્યારે તેઓ સામાયિક આદિ વિષયક પ્રશ્નો પૂછ્યા ત્યારે સ્થવિર ભગવંતોએ ધીર, ગંભીર બનીને દીર્ઘ દષ્ટિથી વિચાર કરીને પ્રશ્નકર્તાની પાત્રતા જોઈને સાધના માર્ગના અંગભૂત છ પદના અર્થ અને તેના પરમાર્થને નિશ્ચય–નયથી સમજાવ્યા છે.

સાધક જ્યારે સાધનાનો પ્રારંભ કરે છે ત્યારે સહુ પ્રથમ સર્વ સાવદ્યયોગના પ્રત્યાખ્યાન કરી સામાયિકમાં સ્થિત થાય છે, સાવદ્યયોગના પ્રત્યાખ્યાનથી પાંચે ઈન્દ્રિયનો સંયમ થાય તેમજ આશ્રવદ્વાર બંધ થઈ જાય અને સંવરની આરાધના થાય છે. આત્મસંવૃત્ત બનેલો સાધક જડ અને ચૈતન્યનો, સ્વભાવ અને વિભાવનો વિવેક કરી જડ ભાવ અથવા વિભાવનો વ્યુત્સર્ગ–ત્યાગ કરી સ્વભાવમાં સ્થિર થતો જાય છે. ક્રમશઃ પરિપકવતા પ્રાપ્ત કરતાં સંપૂર્ણ રીતે સ્વભાવમાં સ્થિર થઈ જાય તે જ તેની સાધનાની પૂર્ણતા અથવા સાધ્યની સિદ્ધિ છે. આ રીતે છ પદ દ્વારા સંપૂર્ણ સાધના માર્ગ સમજાય છે.

સ્થવિર ભગવંતોએ છએ પ્રશ્નોનો એક જ ઉત્તર આપ્યો છે. આત્મા જ સામાયિક છે અને આત્મા જ તેનો અર્થ પ્રયોજન છે. સામાયિક એટલે સમભાવ. તે આત્મગુણ છે. સાકરની મીઠાશની જેમ આત્માનો ગુણ આત્માથી અભિન્ન છે. તેથી જ સામાયિક તે આત્મા છે. તે આત્મગુણોની શુદ્ધિ કરવી તે જ તેનું પ્રયોજન છે.

આ રીતે પ્રત્યાખ્યાનાદિ શેષ પાંચે પદ આત્મગુણને પ્રગટ કરે છે. તેથી તે આત્મસ્વરૂપ જ છે. સામાયિક આદિ છ પદના વ્યવહારની અપેક્ષાએ આ પ્રમાણે અર્થ થાય છે.

**સામાયિક–** શત્રુ મિત્ર પર સમભાવ તે સામાયિક અથવા સર્વ સાવદ્યયોગથી વિરતિ તે સામાયિક છે અને નવીન કર્મબંધને રોકવા અને સંચિત કર્મોનો નાશ કરવો તે તેનું પ્રયોજન છે.

**પ્રત્યાખ્યાન–** અનાગત સાવદ્યયોગનો પરિત્યાગ તે પ્રત્યાખ્યાન છે. આશ્રવને રોકવો, તે તેનું પ્રયોજન છે.

**સંયમ–** પૃથ્વીકાયાદિ જીવોની યતના કરવી વગેરે સત્તર પ્રકારનો સંયમ છે અથવા ઈન્દ્રિય અને મનનો નિગ્રહ કરવો તે સંયમ છે.

**સંવર–** આશ્રવનો નિરોધ તે સંવર. સંયમ અને સંવરનું પ્રયોજન આશ્રવનો નિરોધ કરવો તે છે.

**વિવેક–** વિશિષ્ટ બોધ અથવા હેય અને ઉપાદેય તત્ત્વનું પૃથક્કરણ કરવું તે વિવેક છે.

**વ્યુત્સર્ગ–** હેયનો ત્યાગ કરવો તે વ્યુત્સર્ગ છે. વિવેક અને વ્યુત્સર્ગથી પણ સમ્યગ્ બોધ પ્રાપ્ત થાય.

ક્રમશઃ દોષનો ત્યાગ કરીને અસંગદશા પ્રગટ થાય છે.

**ગર્હા :–** ક્રોધાદિ વિભાવ રૂપ દોષ આત્મામાં હોવા છતાં તેની નિંદા, ગર્હા કરવાથી તે દોષનો નાશ થાય, ક્ષમાદિ આત્મગુણો પ્રગટ થાય છે. ગર્હાથી સંયમની પુષ્ટિ થાય છે. જ્યારે સામાયિક આદિ આત્મગત બની જાય, પરિપક્વ થઈ જાય, ત્યારે આત્મા જ સામાયિક સ્વરૂપ છે, તેમ કહી શકાય. પરંતુ જ્યાં સુધી સામાયિકાદિ અભ્યાસની અવસ્થામાં હોય, તે સ્થિતિમાં ગર્હા દ્વારા તે અભ્યાસને પરિપક્વ કરવો જરૂરી છે. કાયા દ્વારા પાપકર્મનું આચરણ ન કરવું તે પણ ગર્હાનો એક પ્રકાર છે, પ્રત્યાખ્યાનનો પણ તે જ ઉદ્દેશ્ય છે. આ રીતે ગર્હા સંયમ સાધનાનું એક મહત્વપૂર્ણ અંગ છે. તેથી જ અહીં કહ્યું છે કે ગર્હાથી સંયમ પ્રાપ્ત થાય છે, ઉપચિત–પુષ્ટ થાય છે અને ઉપસ્થિત–ચિરસ્થાયી બને છે.

આ રીતે પૂર્વોક્ત પ્રશ્નોના સચોટ ઉત્તરો સાંભળી કાલાસ્યવેષિપુત્ર અણગારને પૂર્ણ સંતોષ થયો. હૃદય પરિવર્તન થતાં જ આક્ષેપયુક્ત પ્રશ્નકર્તા કાલાસ્યવેષિ અણગાર સ્થવિર ભગવંતોનું શિષ્યત્વ સ્વીકારવા કટિબદ્ધ બન્યા.

### પંચમહાવ્રતરૂપ ધર્મ સ્વીકાર :–

**૨૮ तए णं से कालसवेसियपुत्ते अणगारे थेरे भगवंते वंदइ णमंसइ, वंदित्ता णमंसित्ता चाउज्जामाओ धम्माओ पंचमहव्वइयं सपडिक्कमणं धम्मं उवसंपज्जित्ताणं विहरइ ।**

**ભાવાર્થ :–** તત્પશ્ચાત્ કાલાસ્યવેષિ પુત્ર અણગારે સ્થવિર ભગવંતોને વંદના કરી, નમસ્કાર કર્યા, વંદન નમસ્કાર કરીને,ચાતુર્યામ ધર્મના સ્થાને પ્રતિક્રમણસહિત પંચમહાવ્રતરૂપ ધર્મનો સ્વીકાર કર્યો અને વિચરણ કરવા લાગ્યા.

**૨૯ तए णं से कालासवेसियपुत्ते अणगारे बहूणि वासाणि सामण्णपरियागं पाउणइ, पाउणित्ता जस्सट्ठाए कीरइ णग्गभावे मुंडभावे अण्हाणयं अदंतधुवणयं अछत्तयं अणोवाहणयं भूमिसेज्जा फलहसेज्जा कट्ठसेज्जा केसलोओ बंभचेरवासो परघरप्पवेसो लद्धावलद्धी उच्चावया गामकंटगा बावीसं परीसहोवसग्गा अहियासिज्जंति, तं अट्ठं आराहेइ, आराहित्ता चरिमेहिं उस्सासणीसासेहिं सिद्धे बुद्धे मुत्ते परिणिव्वुडे सव्वदुक्खप्पहीणे।**

**ભાવાર્થ :–** તદનંતર કાલાસ્યવેષિ પુત્ર અણગારે અનેક વર્ષો સુધી શ્રમણ પર્યાયનું પાલન કર્યું. નગ્નભાવ, મુંડભાવ, અસ્નાન, અદન્તધોવન, છત્રવર્જન, પગરખા વર્જન, ભૂમિશયન, ફલક–[પાટિયા] પર શયન, કાષ્ટશયન, કેશલોચ, બ્રહ્મચર્યવાસ, ભિક્ષાને માટે ગૃહસ્થોના ઘરોમાં પ્રવેશ, લાભ અને અલાભમાં

સમભાવ, ઈન્દ્રિયો માટે કંટક સમાન અનુકૂળ અને પ્રતિકૂળ શબ્દાદિ સહન કરવા અર્થાત્ અનુકૂળતા અને પ્રતિકૂળતાને સહન કરવી. તેમજ બાવીસ પરીષહને સહન કરી, જે પ્રયોજનની સિદ્ધિ માટે આ સર્વ સાધનાનો સ્વીકાર કર્યો હતો તે અભીષ્ટ પ્રયોજનની સમ્યક્રૂપે આરાધના કરી અને અંતિમ ઉચ્છ્વાસ–નિઃશ્વાસ દ્વારા સિદ્ધ, બુદ્ધ, મુક્ત થયા અને સમસ્ત દુઃખોનો અંત કર્યો.

## વિવેચન :–

કાલાસ્યવેષિપુત્ર અણગારે જે શ્રદ્ધાથી અને લક્ષ્યથી સંયમ સ્વીકાર કર્યો, તે જ શ્રદ્ધાને અંત સમય સુધી ટકાવી રાખી, લક્ષ્યને પૂર્ણ કર્યું, અંત સમયે સર્વ કર્મનો ક્ષય કરી સિદ્ધ થયા.

**નિષ્કર્ષ**– કાલાસ્યવેષિપુત્ર અણગાર અને સ્થવિર ભગવંતોના પ્રશ્નોત્તરથી તત્કાલીન સમાજની ધાર્મિક પરિસ્થિતિનું દર્શન થાય છે.

ભગવાન મહાવીરની શાસન સ્થાપના પછી પણ પાર્શ્વનાથની પરંપરાના શ્રમણો સહજપણે પ્રભુ મહાવીરના શાસનમાં પ્રવેશતા ન હતા. અનેક શ્રમણો પ્રભુ મહાવીરની સાથે અથવા તેની પરંપરાના શ્રમણો સાથે ચર્ચા–વિચારણા કરી સંતોષકારક સમાધાન મેળવીને પ્રભુના શાસનમાં પ્રવેશતા હતા. તેનું મુખ્ય એક કારણ હતું કે પ્રભુ મહાવીરના સમકાલમાં જ મંખલીપુત્ર ગોશાલક પોતાને ચોવીસમા તીર્થંકર તરીકે જાહેર કરતો હતો. નિમિત્તજ્ઞાન, અનેક પ્રકારના ચમત્કાર વગેરે પ્રયોગો દ્વારા અનેક લોકોને ભ્રાંતિમાં ફસાવતો હતો. લોકો દ્વિધામાં પડી જતા. તેથી ચોક્કસ ચકાસણી કરીને પાર્શ્વનાથની પરંપરાના શ્રમણો પ્રભુ મહાવીરના શાસનમાં પ્રવેશ કરતાં હતા. પરંતુ પ્રભુ પાર્શ્વનાથની પરંપરાના શ્રમણો ઋજુપ્રાજ્ઞ હતા. તેથી જ કાલાસ્યવેષિ પુત્ર અણગારે પ્રભુ મહાવીરના શ્રમણોની ચકાસણી કરવા આક્ષેપ પૂર્વક પ્રશ્ન પૂછ્યા હતા તેમ છતાં સંતોષપ્રદ સમાધાન થયું કે તરત જ સત્યને સ્વીકારી લીધું અને સિદ્ધિને પ્રાપ્ત કરી.

## અપ્રત્યાખ્યાન ક્રિયાની સમાનતા :–

**૩૦ भंते ! त्ति भगवं गोयमे ! समणं भगवं महावीरं वंदइ णमंसइ, वंदित्ता णमंसित्ता एवं वयासी– से णूणं भंते ! सेट्ठियस्स य तणुयस्स य किवणस्स य खत्तियस्स य समं चेव अपच्चक्खाणकिरिया कज्जइ ।**

**हंता गोयमा ! सेट्ठियस्स य *जाव* समं चेव अपच्चक्खाणकिरिया कज्जइ।**

**से केणट्ठेणं भंते ! एवं वुच्चइ ?**

**गोयमा ! अविरइं पडुच्च । से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ– सेट्ठियस्स य, तणुयस्स य *जाव* कज्जइ ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! એ પ્રમાણે સંબોધન કરીને ભગવાન ગૌતમે શ્રમણ ભગવાન મહાવીર

સ્વામીને વંદન–નમસ્કાર કર્યા, વંદન–નમસ્કાર કરીને આ પ્રમાણે કહ્યું– હે ભગવન્ ! શું શ્રેષ્ઠી શ્રીમંત અને દરિદ્રને, કૃપણ અને ક્ષત્રિય[રાજા]ને અપ્રત્યાખ્યાન ક્રિયા અર્થાત્ અપ્રત્યાખ્યાન જન્ય કર્મબંધ સમાન હોય છે ?

ઉત્તર– હા, ગૌતમ ! શ્રેષ્ઠીથી ક્ષત્રિય પર્યંત સર્વને અપ્રત્યાખ્યાન ક્રિયા સમાન જ હોય છે અર્થાત્ અપ્રત્યાખ્યાનજન્ય કર્મબંધ સમાન છે.

પ્રશ્ન– હે ભગવન્ ! તેનું શું કારણ છે ?

ઉત્તર– હે ગૌતમ ! અવિરતિ ભાવની સમાનતાના કારણે એમ કહેવાય છે કે શ્રેષ્ઠી અને દરિદ્ર, કૃપણ અને રાજા, આ સર્વને અપ્રત્યાખ્યાન ક્રિયા સમાનરૂપે લાગે છે.

**વિવેચન :–**

**अविरइं पडुच्च :–** પ્રસ્તુત સૂત્રમાં અપ્રત્યાખ્યાન ક્રિયા અને તે ક્રિયાજન્ય કર્મબંધના મુખ્ય કારણને પ્રદર્શિત કર્યું છે. આ ક્રિયા અને તદ્જન્ય કર્મબંધનો આધાર અવિરતિના સંસ્કાર કે પરિણામ ઉપર છે, બાહ્ય સાધન સંપન્નતા કે દેશ, વેષના આધારે નથી. રાજા, રંક આદિમાં બાહ્ય પરિસ્થિતિની અસમાનતા હોવા છતાં અવિરતિ ભાવની સમાનતા છે. તેથી તે સર્વને અપ્રત્યાખ્યાન ક્રિયા અને તદ્જન્ય કર્મબંધ સમાન રૂપે થાય છે.

**अपच्चक्खाण किरिया :–**જીવ શ્રદ્ધાપૂર્વક વ્રત–પ્રત્યાખ્યાન ધારણ ન કરે, ત્યાં સુધી અપ્રત્યાખ્યાન ક્રિયા લાગે છે. જ્યારે જીવ એક પણ વ્રત કે નિયમ ધારણ કરે, ત્યારે તે વ્રતી બની જાય છે. ત્યાર પછી અપ્રત્યાખ્યાન ક્રિયા લાગતી નથી. દેશવિરતિ શ્રાવક પોતાની શક્તિ પ્રમાણે એક પણ વ્રત ગ્રહણ કરે પરંતુ તેના અંતરમાં અવ્રતના પરિણામ રહેતા નથી. તેથી જ દેશવિરતિ કે સર્વવિરતિને અપ્રત્યાખ્યાન ક્રિયા લાગતી નથી. તેથી પ્રસ્તુત ક્રિયાથી અને તદ્જન્ય કર્મબંધથી દૂર રહેવા પ્રત્યેક જીવે વ્રત–પ્રત્યાખ્યાન ગ્રહણ કરવા જોઈએ.

**સદોષ અને નિર્દોષ આહારસેવનનું ફળ :–**

**૩૧ आहाकम्मं णं भुंजमाणे समणे णिग्गंथे किं बंधइ, किं पकरेइ, किं चिणाइ, किं उवचिणाइ ?**

**गोयमा ! आहाकम्मं णं भुंजमाणे समणे णिग्गंथे आउयवज्जाओ सत्त कम्म- पगडीओ सिढिल बंधणबद्धाओ घणियबंधणबद्धाओ पकरेइ जाव अणुपरियट्टइ।**

**से केणट्ठेणं भंते ! *जाव* अणुपरियट्टइ ?**

**गोयमा ! आहाकम्मं णं भुंजमाणे आयाए धम्मं अइक्कमइ, आयाए**

**धम्मं अइक्कममाणे पुढविक्काइयं णावकंखइ जाव तसकायं णावकंखइ; जेसिं पि य णं जीवाणं सरीराइं आहारं आहारेइ, ते वि जीवे णावकंखइ । से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ– आहाकम्मं णं भुंजमाणे समणे णिग्गंथे आउयवज्जाओ सत्तकम्मपगडीओ जाव अणुपरियट्टइ ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! આધાકર્મ દોષયુક્ત આહારાદિનો ઉપભોગ કરતા શ્રમણ નિર્ગ્રંથ શું બાંધે છે ? શું કરે છે ? શેનો ચય કરે છે અને શેનો ઉપચય કરે છે ?

ઉત્તર– હે ગૌતમ ! આધાકર્મદોષયુક્ત આહારાદિનો ઉપભોગ કરતા, શ્રમણ નિર્ગ્રંથ આયુષ્યકર્મને છોડીને, શેષ સાત કર્મોની શિથિલબંધને બાંધેલી કર્મપ્રકૃતિઓને દઢબંધનથી બાંધે છે. (કર્મોની હ્રસ્વકાલની સ્થિતિને દીર્ઘકાલની કરે છે, મંદ અનુભાગને તીવ્ર કરે છે, અલ્પપ્રદેશી કર્મોને બહુપ્રદેશી કરે છે) તેમજ સંસારમાં વારંવાર પર્યટન કરે છે.

પ્રશ્ન– હે ભગવન્ ! તેનું શું કારણ છે કે તે સંસારમાં વારંવાર પર્યટન કરે છે ?

ઉત્તર– હે ગૌતમ ! આધાકર્મી આહારાદિનો ઉપભોગ કરતા શ્રમણ નિર્ગ્રંથ પોતાના આત્મધર્મનું (સંયમધર્મનું)અતિક્રમણ કરે છે. આત્મધર્મનું અતિક્રમણ કરતા[સાધક], પૃથ્વીકાયથી ત્રસકાય પર્યંતના જે જીવોની હિંસા થાય તેની ઉપેક્ષા કરે છે અને જે જીવોનાં શરીરનો તે આહાર કરે છે, તે જીવોના જીવનને પણ ઈચ્છતા નથી. હે ગૌતમ ! તેથી એ પ્રમાણે કહ્યું છે કે આધાકર્મ દોષયુક્ત આહાર ભોગવતા શ્રમણ આયુષ્યકર્મને છોડીને, સાત કર્મોની શિથિલબદ્ધ પ્રકૃતિઓને ગાઢબંધનથી બદ્ધ કરે છે, તેમજ સંસારમાં વારંવાર પરિભ્રમણ કરે છે.

**૩૨ फासु-एसणिज्जं भंते ! भुंजमाणे समणे णिग्गंथे किं बंधइ जाव किं उव- चिणाइ ?**

**गोयमा ! फासु-एसणिज्जं णं भुंजमाणे समणे णिग्गंथे आउयवज्जाओ सत्तकम्मपयडीओ घणियबंधणबद्धाओ सिढिलबंधणबद्धाओ पकरेइ, एवं जहा संवुडेणं जाव संसार कंतारं वीईवयइ ।**

**से केणट्ठेणं भंते ! जाव वीईवयइ ?**

**गोयमा ! फासु–एसणिज्जं भुंजमाणे समणे णिग्गंथे आयाए धम्मं णो अइक्कमइ, आयाए धम्मं अणइक्कममाणे पुढविकाइयं अवकंखइ जाव तसकायं अवकंखइ; जेसिं पि य णं जीवाणं सरीराइं आहारं आहारेइ, ते वि जीवे अवकंखइ । से तेणट्ठेणं गोयमा ! जाव संसार कंतारं वीईवयइ ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! પ્રાસુક અને એષણીય આહારાદિનો ઉપભોગ કરનાર શ્રમણ નિર્ગ્રંથ શું બાંધે છે ? તેમજ શેનો ઉપચય કરે છે ?

ઉત્તર– હે ગૌતમ ! પ્રાસુક અને એષણીય આહારાદિ ભોગવનાર શ્રમણ નિર્ગ્રંથ, આયુષ્યકર્મને છોડીને, સાત કર્મની દઢ બંધનથી બદ્ધ પ્રકૃતિઓને શિથિલ કરે છે વગેરે સંવૃત્ત અણગારની સમાન સમજવું જોઈએ, તેમજ તે સંસારને પાર કરી જાય છે.

પ્રશ્ન– હે ભગવન્ ! તેનું શું કારણ છે ? કે તે સંસારને પાર કરી જાય છે ?

ઉત્તર– હે ગૌતમ ! પ્રાસુક અને એષણીય આહારાદિનો ઉપભોગ કરનાર શ્રમણ નિર્ગ્રંથ પોતાના આત્મધર્મનું ઉલ્લંઘન કરતા નથી. પોતાના આત્મધર્મનું ઉલ્લંઘન ન કરતા, તે શ્રમણ નિર્ગ્રંથ પૃથ્વીકાયથી ત્રસકાય પર્યંતના જીવોનાં જીવનને ઈચ્છે છે અને જે જીવોનાં શરીરનો તે આહાર કરે છે, તેનું જીવન પણ તે ઈચ્છે છે. હે ગૌતમ ! તે કારણથી તે સંસારને પાર કરી જાય છે.

## વિવેચન :–

પ્રસ્તુત બે સૂત્રોમાં ક્રમશઃ આધાકર્મદોષયુક્ત અને પ્રાસુક એષણીય આહારાદિના ઉપભોગનું ફળ બતાવ્યું છે.

**फासुएसणिज्जं :–**પ્રાસુક = અચિત્ત–નિર્જીવ, એષણીય = આહારાદિ સંબંધિત દોષોથી રહિત.

**आहाकम्मं** (આધાકર્મ)**:– आधया साधु प्रणिधानेन यत् सचेतनमचेतनं क्रियते, अचेतनं वा पच्यते, चीयते वा गृहादिकम् व्यूयते वा वस्त्रादिकं, तद् आधाकर्म ।** સાધુના નિમિત્તે ગૃહસ્થ સચેત વસ્તુને અચેત કરે અર્થાત્ સજીવ વસ્તુને નિર્જીવ બનાવે, અચિત્ત વસ્તુને રાંધે, ઘર–મકાન આદિ બંધાવે, વસ્ત્રાદિ વણાવે તેને આધાકર્મ કહે છે.

આધાકર્મ આદિ દોષયુક્ત આહાર સેવનનું ફળ સંસારપરિભ્રમણ અને પ્રાસુક તેમજ એષણીય આહારના ઉપભોગનું ફળ સંસારસાગરને તરી જવો તે છે. આધાકર્મ દોષયુક્ત આહારનું સેવન કરનાર સાધકના અંતરમાં જીવો પ્રત્યેની અનુકંપાનો ભાવ ધીરે ધીરે દૂર થતો જાય છે. તેથી છકાયની દયારૂપ સંયમધર્મ–આત્મધર્મનો જ ઘાત થાય છે અને નિર્દોષ આહાર સેવન કરનાર સાધક જીવદયા રૂપ સંયમધર્મ અને આત્મધર્મનું પાલન કરે છે. દોષ સેવનથી સંયમની વિરાધના થાય છે અને દોષના ત્યાગથી સંયમની આરાધના થાય છે. આરાધના કરનાર સંસાર અટવીને પાર કરી જાય છે અને વિરાધના કરનાર સંસાર અટવીમાં ભ્રમણ કરે છે.

અન્ય સૂત્રોમાં આધાકર્મી આહારાદિના સેવનથી થતાં કર્મબંધનમાં વિકલ્પ કહ્યો છે. કોઈ શ્રમણ પરિસ્થિતિવશ, આધાકર્મી આહારનું સેવન કરે અને શુદ્ધ ભાવથી તેની આલોચનાદિ કરી લે, તો તે ગાઢ કર્મ બંધ કરતો નથી. પરંતુ જે શ્રમણ પ્રમાદવશ, સંયમભાવની શિથિલતાથી દોષયુક્ત આહારનું સેવન

કરે અને તેની આલોચનાદિ પણ ન કરે, તો તે ગાઢ કર્મબંધ કરે છે અને ભવભ્રમણ વધારે છે.

પ્રસ્તુત સૂત્રમાં આ સિદ્ધાંત સ્પષ્ટ કર્યો છે.

**बंधइ** :– આ પદ પ્રકૃતિબંધની અપેક્ષાએ અથવા સ્પૃષ્ટ બંધની અપેક્ષાએ છે.

**पकरेइ** :– આ પદ સ્થિતિબંધની અપેક્ષાએ અથવા બદ્ધ અવસ્થાની અપેક્ષાએ છે.

**चिणाइ** :– આ પદ અનુભાગબંધની અપેક્ષાએ અથવા નિધત્ત અવસ્થાની અપેક્ષાએ છે.

**उवचिणाइ** :– આ પદ પ્રદેશબંધની અપેક્ષાએ અથવા નિકાચિત અવસ્થાની અપેક્ષાએ છે.

સ્પૃષ્ટ, બદ્ધ, નિધત્ત અને નિકાચિત કર્મબંધની આ ચાર અવસ્થાને સમજાવવા માટે સોયના પુંજનું દષ્ટાંત છે.

**સ્પૃષ્ટ :–** એક સાથે બીજી એમ ઉપરા ઉપર અનેક સોયને ભેગી રાખી હોય તો તે પૂંજ ધક્કો લાગતાં જ વિખેરાઈ જાય છે. એ જ રીતે જે કર્મ અલ્પ પ્રયત્નથી જ નિર્જીર્ણ થાય તે 'સ્પૃષ્ટ કર્મ બંધ' છે.

**બદ્ધ :–** તે જ સોયના પૂંજને કોઈ દોરાથી બાંધી દે, તો તેને ધક્કો લાગતા જ તે વિખેરાતી નથી. તેને છોડવા વિશેષ પ્રકારનો પ્રયત્ન કરવો પડે છે. તે જ રીતે જે કર્મ થોડા વિશેષ પ્રકારના પ્રયત્નથી દૂર થાય તે 'બદ્ધ કર્મબંધ' છે.

**નિધત્ત :–** તે જ સોયના પૂંજને કોઈ લોખંડના તારથી અત્યંત કસીને બાંધે, તો તે સોય કોઈ વિશિષ્ટતર પ્રયત્નથી જ છૂટી પડે છે. તે જ રીતે જે કર્મ વિશિષ્ટ પ્રયત્નથી જ નિર્જીણ થાય તે 'નિધત્ત' કર્મબંધ' છે.

**નિકાચિત :–** તે જ સોયના પૂંજને ગરમ કરીને ઘનીભૂત કરે, તો તે સોય પરસ્પર એકમેક થઈ જાય છે પછીતેનું વિખેરાવું શક્ય નથી. તે જ રીતે જે કર્મ કોઈ પણ પ્રકારના પ્રયત્નથી પરિવર્તિત થતાં નથી. જે પ્રકારે બાંધ્યાં છે તે પ્રકારે ભોગવ્યા પછી જ છૂટે છે તેને નિકાચિત બંધ કહે છે.

## અસ્થિર આત્મામાં પરિવર્તન :–

**૩૩ से णूणं भंते ! अथिरे पलोट्टइ, णो थिरे पलोट्टइ; अथिरे भज्जइ, णो थिरे भज्जइ; सासए बालए, बालियत्तं असासयं; सासए पंडिए, पंडियत्तं असासयं ?**

**हंता गोयमा ! अथिरे पलोट्टइ जाव पंडियत्तं असासयं ॥ सेवं भंते ! सेवं भंते ! ॥**

**શબ્દાર્થ :– अथिरे** = સંયમમાં અસ્થિર આત્મા, **थिरे** = સ્થિર આત્મા, **पलोट्टइ** = પરિવર્તિત થાય છે, પરિભ્રમણ કરે છે, **भज्जइ** = વ્રત ભંગ કરે છે, **बालए** = બાલ જીવ, **बालत्तं** = બાલત્વ, બાહ્યભાવ, **पंडिए** = સાધક, **पंडियत्तं** = પંડિતપણું, પંડિતભાવ.

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! શું અસ્થિર–સંયમમાં અસ્થિર આત્મા(પૂર્વોક્ત આધાકર્મ આહાર સેવનથી)સંસાર ભ્રમણ કરે છે ? પરંતુ સંયમમાં સ્થિર આત્મા વ્રત ભંગ કરતા નથી ? બાલભાવ અને પંડિતભાવ અશાશ્વત છે અર્થાત્ પરિવર્તનશીલ છે પરંતુ આ ભાવોને ધારણ કરનાર બાલ અને પંડિત આત્મા શાશ્વત છે ?

ઉત્તર– હા ગૌતમ ! અસ્થિર આત્મા સંસારભ્રમણ કરે છે, ત્યાંથી પૂર્વવત્ બાલ અને પંડિત ભાવ અશાશ્વત છે, બાલ અને પંડિત આત્મા શાશ્વત છે. ત્યાં સુધી કથન કરવું જોઈએ.

હે ભગવન્ ! આ ભાવ આ જ પ્રકારે છે, હે ભગવન્ ! આ ભાવ આ જ પ્રકારે છે.

**વિવેચન :–**

આધાકર્મ દોષ સેવનથી સંસાર ભ્રમણ થાય છે, પૂર્વસૂત્રના તે જ વિષયને આ સૂત્રમાં વિશેષ સ્પષ્ટ કર્યો છે.

**अथिरे पलोट्टइ :–** દઢ મનોબળી સાધકનું ચિત્ત સંયમભાવમાં સ્થિર હોય છે, તે દોષ સેવનરૂપ અસ્થિરતા કે વ્રત ભંગ કરતા નથી. અસ્થિર આત્મા જ દોષ સેવન કરી વ્રત ભંગ કરે છે. તેથી જ કહ્યું છે કે અસ્થિર આત્મા સંસારભ્રમણ કરે છે અને સ્થિર આત્મા સંસાર ભ્રમણ કરતા નથી.

**बालियत्तं असासयं, पंडियत्तं असासयं :–** આત્મા શાશ્વત છે અર્થાત્ બાલ અને પંડિત જીવ શાશ્વત છે. બાલભાવ અને પંડિતભાવ અશાશ્વત છે. તેમાં કર્મજન્ય જે જે ભાવો ઉત્પન્ન થાય છે તે તે પરિવર્તનશીલ છે. તેથી તે અશાશ્વત છે. અહીં પ્રશ્ન થાય કે સર્વ આત્મા સમાન છે, નિત્ય છે. તેમાં આ પરિવર્તન શા માટે ? તેના સમાધાનમાં કહ્યું છે કે આત્મા દ્રવ્યની અપેક્ષાએ શાશ્વત છે તેથી બાલઆત્મા અને પંડિતઆત્મા તો શાશ્વત છે પરંતુ તેની પર્યાયો પંડિતત્વ = પંડિતભાવ, સંયમભાવ એ શાશ્વત નથી. તેમજ બાલભાવ પણ શાશ્વત નથી. જીવના તે ભાવોમાં મોહકર્મના ઉદય કે ક્ષયથી અને અન્ય નિમિત્તોથી પરિવર્તન થતું રહે છે. તેથી અસ્થિર આત્માઓમાં ભાવોનું પરિવર્તન થાય છે. તે આધાકર્મી આદિ દોષ સેવન કરી સંસાર પરિભ્રમણ કરે છે, આ **अथिरे पलोट्टइ** નો તાત્પર્યાર્થ છે.

જીવનો પંડિતભાવ કે બાલભાવ શાશ્વત નથી, તેમ સમજી જે સાધક પોતાના આત્માને પંડિતભાવમાં સ્થિર કરી સંયમ અને વ્રતનો ભંગ ન કરતાં તેમાં સ્થિર રહી આરાધના કરે, તે સંસારભ્રમણ કરતા નથી પરંતુ સંસાર સાગરને તરી જાય છે. આ **णो थिरे पलोट्टइ** નો તાત્પર્યાર્થ છે.

આ રીતે સૂત્રકારે સ્થિર અને અસ્થિર ચિતવૃત્તિવાળા સાધકની દશાનું દર્શન કરાવી સાધકને ચિત્તવૃત્તિને સ્થિર બનાવવાની પવિત્ર પ્રેરણા આપી છે.

**।। શતક ૧/૯ સંપૂર્ણ ।।**

# શતક–૧ : ઉદ્દેશક–૧૦

## સંક્ષિપ્ત સાર

આ ઉદ્દેશકમાં અન્યતીર્થિકોની અનેક માન્યતા, તેનું નિરાકરણ, સાંપરાયિક અને ઐર્યાપથિક ક્રિયા અને ૨૪ દંડકના જીવોના વિરહકાલનું પ્રજ્ઞાપના સૂત્રના અતિદેશપૂર્વક કથન છે.

★ **અન્યતીર્થિક માન્યતાઓ :–** (૧) ચલાયમાન કર્મ અચલિત છે તેમજ નિર્જીર્યમાણ કર્મ અનિર્જીર્ણ છે. (૨) બે પરમાણુનો સંબંધ થતો નથી. કેમ કે તેમાં સ્નિગ્ધતા હોતી નથી. પરંતુ ત્રણ પરમાણુમાં સંબંધ થાય છે. (૩) ત્રણ પ્રદેશી સ્કંધના દોઢ દોઢ પરમાણુરૂપ બે ટુકડા થઈ શકે છે. (૪) પાંચ પરમાણુ એકત્ર થઈને દુઃખરૂપ થાય છે. તે દુઃખ શાશ્વત રહે છે. (૫) ભાષા બોલતા પહેલા અને પછી ભાષા હોય છે. બોલતા સમયે અભાષા હોય છે. (૬) ક્રિયા પણ પહેલા અને પછી દુઃખકર હોય છે. કરતા સમયે તે દુઃખરૂપ નથી, તે પણ કર્યા વિના દુઃખકર હોય છે, કરવાથી નહિ. (૭) કર્યા વિના,સ્પર્શ્યા વિના જ જીવ દુઃખ વેદના વેદે છે. (૮) સાંપરાયિક અને ઐર્યાપથિક બંને ક્રિયા એક સાથે લાગે છે.

★ **સ્વમત પ્રરૂપણ :–** પૂર્વોક્ત સર્વ માન્યતા મિથ્યા છે, સત્યથી વિપરીત છે. ચલાયમાન ચલિત છે, બે પરમાણુમાં સ્નિગ્ધતા હોય છે. તેમાં બંધ પણ થાય છે. ત્રણ પરમાણુના દોઢ દોઢ પરમાણુ રૂપ વિભાગ ક્યારે ય થતા નથી. કોઈપણ દુઃખ શાશ્વત નથી, કોઈપણ સ્કંધના દુઃખ–સુખ આપવાના સ્વભાવ પરિવર્તિત થતા રહે છે. બોલવા સમયે જ ભાષા ભાષારૂપ કહેવાય છે. ક્રિયા કરવા સમયે લાગે છે. કર્યા વિના લાગતી નથી. કરેલા કર્મનું ફળ સ્પર્શ કરીને જીવ વેદના વેદે છે.

★ સાંપરાયિક ક્રિયા જ્યારે અને જ્યાં સુધી લાગે છે, ત્યારે અને ત્યાં સુધી ઈર્યાપથિકી ક્રિયા લાગતી નથી. ૧૦ ગુણસ્થાન સુધી સાંપરાયિક ક્રિયા અને ૧૧–૧૨–૧૩મા ગુણસ્થાનમાં ઐર્યાપથિક ક્રિયા લાગે છે. તેથી તે બંને ક્રિયા એક સાથે ક્યારે ય હોતી નથી.

★ ચોવીસ દંડકનો ઉત્પાત વિરહ પ્રજ્ઞાપના સૂત્રના છઠ્ઠા પદમાં કહેવામાં આવેલ છે.

❖❖❖❖❖

# શતક–૧ : ઉદ્દેશક–૧૦

## ચલના

**અન્યતીર્થિકોના મિથ્યા મંતવ્યોનું નિરાકરણ :–**

**१** अण्णउत्थिया णं भंते ! एवं आइक्खंति जाव एवं परूवेंति– एवं खलु चलमाणे अचलिए जाव णिज्जरिज्जमाणे अणिज्जिण्णे ॥१॥

दो परमाणुपोग्गला एगयओ ण साहणंति । कम्हा, दो परमाणु- पोग्गला एगयओ ण साहणंति ? दोण्हं परमाणुपोग्गलाणं णत्थि सिणेहकाए, तम्हा दो परमाणुपोग्गला एगयओ ण साहणंति ॥२॥

तिण्णि परमाणुपोग्गला एगयओ साहणंति । कम्हा तिण्णि परमाणु पोग्गला एगयओ साहणंति ? तिण्हं परमाणुपोग्गलाणं अत्थि सिणेहकाए, तम्हा तिण्णि परमाणुपोग्गला एगयओ साहणंति । ते भिज्जमाणा दुहा वि, तिविहा वि कज्जंति । दुहा कज्जमाणा एगयओ दिवड्ढे परमाणुपोग्गले भवइ, एगयओ वि दिवड्ढे परमाणुपोग्गले भवइ । तिहा कज्जमाणा तिण्णि परमाणुपोग्गला भवंति। एवं जाव चत्तारि ॥३॥

पंच परमाणुपोग्गला एगयओ साहणंति, साहणित्ता दुक्खत्ताए कज्जंति । दुक्खे वि य णं से सासए सया समियं उवचिज्जइ य, उवचिज्जइ य ॥४॥

पुव्विं भासा भासा, भासिज्जमाणी भासा अभासा, भासासमय- विइक्कंतं च णं भासिया भासा भासा ॥५॥

जा सा पुव्विं भासा भासा, भासिज्जमाणी भासा अभासा, भासासमय विइक्कंतं च णं भासिया भासा भासा; सा किं भासओ भासा, अभासओ भासा? अभासओ णं सा भासा, णो खलु सा भासओ भासा ॥६॥

पुव्विं किरिया दुक्खा, कज्जमाणी किरिया अदुक्खा, किरियासमय विइक्कंतं

**च णं कडा किरिया दुक्खा ॥७॥**

**जा सा पुव्विं किरिया दुक्खा, कज्जमाणी किरिया अदुक्खा, किरियासमयविइक्कंतं च णं कडा किरिया दुक्खा; सा किं करणओ दुक्खा, अकरणओ दुक्खा ? अकरणओ णं सा दुक्खा, णो खलु सा करणओ दुक्खा; सेवं वत्तव्वं सिया ॥८॥**

**अकिच्चं दुक्खं, अफुसं दुक्खं, अकज्जमाणकडं दुक्खं; अकट्टु अकट्टु पाण-भूय-जीव-सत्ता वेयणं वेएंति; इति वत्तव्वं सिया ॥९॥**

**से कहमेयं भंते ! एवं ?**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! અન્યતીર્થિક આ પ્રમાણે કહે છે, આ પ્રમાણે પ્રરૂપણા કરે છે કે, જે ચલાયમાન છે તે ચલિત નથી અર્થાત્ અચલિત છે તેમજ જે નિર્જીર્ણ થઈ રહ્યું છે તે નિર્જીર્ણ નથી. ॥૧॥

[તે અન્યતીર્થિકો કહે છે]બે પરમાણુ પુદ્ગલ એક સ્કંધરૂપે પરિણત થતા નથી. તેનું કારણ એ છે કે, બે પરમાણુ પુદ્ગલમાં સ્નિગ્ધતા નથી. તેથી બે પરમાણુ પુદ્ગલ એક સ્કંધરૂપે પરિણત થતા નથી. ॥૨॥

ત્રણ પરમાણુ પુદ્ગલ એક સ્કંધરૂપે પરિણમન પામે છે. કયા કારણથી ત્રણ પરમાણુ એક સ્કંધ રૂપે પરિણમે છે ? ત્રણ પરમાણુ પુદ્ગલમાં સ્નિગ્ધતા હોવાથી સ્કંધરૂપે પરિણમન પામે છે. જો ત્રણ પરમાણુ પુદ્ગલનું ભેદન–ભાગ થાય, તો તેના બે ભાગ પણ થઈ શકે છે અને ત્રણ ભાગ પણ થઈ શકે છે. જો ત્રણ પરમાણુ પુદ્ગલના બે ભાગ થાય, તો બંને ભાગમાં દોઢ દોઢ પરમાણુ રહે છે અને જો ત્રિપ્રદેશી સ્કંધના ત્રણ ભાગ કરીએ તો ત્રણ પરમાણુ પૃથક્ પૃથક્ થઈ જાય છે. આ રીતે ચાર પરમાણુ પુદ્ગલના વિષયમાં સમજવું જોઈએ. ॥૩॥

પાંચ પરમાણુ પુદ્ગલ એક સ્કંધરૂપે પરિણમન પામે છે અને તે દુઃખરૂપે [કર્મરૂપે]પરિણત થાય છે. આ દુઃખ [કર્મ] પણ શાશ્વત છે અને સદા સમ્યક્ પ્રકારે ઉપચયને પ્રાપ્ત થાય છે અને અપચયને પ્રાપ્ત થાય છે. ॥૪॥

બોલતા પહેલાની જે ભાષા[ભાષાના પુદ્ગલ] છે, તે ભાષા છે. બોલતા સમયની ભાષા અભાષા છે અને બોલવાનો સમય વ્યતીત થઈ ગયા પછીની ભાષા, ભાષા છે. ॥૫॥

આ જે બોલતા પહેલાની ભાષા, ભાષા છે અને બોલતા સમયની ભાષા અભાષા છે તથા બોલવાના સમય પછીની ભાષા ભાષા છે, તો શું તે ભાષા બોલતા પુરુષની ભાષા છે કે ન બોલતા પુરુષની ભાષા છે ? ન બોલતા પુરુષની જ તે ભાષા છે, બોલતા પુરુષની તે ભાષા નથી. ॥૬॥

કર્યા પહેલાની જે ક્રિયા છે તે દુઃખરૂપ(કર્મરૂપ) છે. વર્તમાનમાં જે ક્રિયા કરાય છે તે દુઃખરૂપ

નથી અને ક્રિયા થઈ ગયા પછીની કૃતક્રિયા પણ દુઃખરૂપ છે. ।।૭।।

જે પૂર્વની ક્રિયા છે તે દુઃખરૂપ છે. જે ક્રિયા કરાય છે તે દુઃખરૂપ નથી અને કર્યા પછીની ક્રિયા દુઃખનું કારણ છે. તો શું ક્રિયા કરવી તે દુઃખનું કારણ છે કે ક્રિયા ન કરવી તે દુઃખનું કારણ છે ? ન કરવી તે દુઃખનું કારણ છે. કરવી તે દુઃખનું કારણ નથી. એ પ્રમાણે કહેવું જોઈએ. ।।૮।।

અકૃત્ય દુઃખ છે, અસ્પૃશ્ય દુઃખ છે અને અક્રિયમાણ દુઃખ છે. તેને ન કરીને પ્રાણ, ભૂત, જીવ અને સત્ત્વ વેદના ભોગવે છે. એ પ્રમાણે કહેવું જોઈએ. ।।૯।।

શ્રી ગૌતમ સ્વામી પૂછે છે– હે ભગવન્ ! શું અન્યતીર્થિકોનું આ પ્રકારનું મંતવ્ય સત્ય છે ?

**२** **गोयमा ! जं णं ते अण्णउत्थिया एवमाइक्खंति जाव वेदणं वेदेंति त्ति वत्तव्वं सिया । जे ते एवं आहंसु, मिच्छा ते एवं आहंसु । अहं पुण गोयमा ! एवमाइक्खामि जाव एवं अलु चलमाणे चलिए जाव णिज्जरिज्जमाणे णिज्जण्णे ॥१॥**

**दो परमाणुपोग्गला एगयओ साहणंति । कम्हा दो परमाणुपोग्गला एगयओ साहणंति ? दोण्हं परमाणुपोग्गलाणं अत्थि सिणेहकाए, तम्हा दो परमाणुपोग्गला एगयओ साहणंति । ते भिज्जमाणा दुहा कज्जंति । दुहा कज्जमाणा एगयओ परमाणुपोग्गले, एगयओ परमाणुपोग्गल भवंति ॥२॥**

**तिण्णि परमाणुपोग्गला एगयओ साहणंति । कम्हा तिण्णि परमाणुपोग्गला एगयओ साहणंति ? तिण्हं परमाणुपोग्गलाणं अत्थि सिणेहकाए, तम्हा तिण्णि परमाणुपोग्गला एगयओ साहणंति । ते भिज्जमाणा दुहा वि तिहा वि कज्जंति दुहा कज्जमाणा एगयओ परमाणु पोग्गले, एगयओ दुपएसिए खंधे भवइ । तिहा कज्जमाणा तिण्णि परमाणुपोग्गला भवंति । एवं जाव चत्तारि ॥३॥**

**पंच परमाणुपोग्गला एगयओ साहणंति । एगयओ साहणित्ता खंधत्ताए कज्जंति । खंधे वि य णं से असासए सया समियं उवचिज्जइ य अवचिज्जइ य ॥४॥**

**पुव्विं भासा अभासा, भासिज्जमाणी भासा भासा, भासासमय– विइक्कंतं च णं भासिया भासा अभासा ॥५॥**

**जा सा पुव्विं भासा अभासा, भासिज्जमाणी भासा भासा, भासासमयविइ–**

**क्कंतं च णं भासिया भासा अभासा; सा किं भासओ भासा ? अभासओ भासा? भासओ णं भासा । णो खलु सा अभासओ भासा ॥६॥**

**पुव्विं किरिया अदुक्खा, एवं जहा भासा तहा भाणियव्वा किरिया वि ॥७॥ जाव करणओ णं सा दुक्खा णो खलु सा अकरणओ दुक्खा। सेवं वत्तव्वं सिया ॥८॥**

**किच्चं दुक्खं, फुसं दुक्खं, कज्जमाणकडं दुक्खं; कट्टु कट्टु पाण-भूय-जीव-सत्ता वेयणं वेदेंति, इति वत्तव्वं सिया ॥९॥**

**ભાવાર્થ :–** ઉત્તર– હે ગૌતમ ! અન્યતીર્થિકોનું વેદના ભોગવે છે ત્યાં સુધીનું સર્વ વક્તવ્ય મિથ્યા છે, હું આ પ્રમાણે કહું છું કે 'જે કર્મ ચલાયમાન થઈ રહ્યું, તે ચલિત કહેવાય છે અને જે કર્મ નિર્જરી રહ્યું છે, તે નિર્જીર્ણ કહેવાય છે. ॥૧॥

બે પરમાણુ પુદ્ગલ સ્કંધ રૂપે પરિણમન પામે છે. તેનું શું કારણ છે ? બંને પરમાણુમાં સ્નિગ્ધતા છે. તેથી બે પરમાણુ એક સ્કંધ રૂપે પરિણમે છે. તે બે પરમાણુ પુદ્ગલના બે ભાગ થઈ શકે છે. જો તેના બે ભાગ થાય તો એક તરફ એક પરમાણુ અને બીજી તરફ એક પરમાણુ રહે છે. ॥૨॥

ત્રણ પરમાણુ પુદ્ગલ એક સ્કંધરૂપે પરિણમન પામે છે, તેનું શું કારણ છે ? તે પરમાણુ પુદ્ગલમાં સ્નિગ્ધતા છે, તેથી ત્રણ પરમાણુ પુદ્ગલ એક સ્કંધ રૂપે પરિણમે છે. તે ત્રણ પરમાણુ પુદ્ગલોના બે ભાગ પણ થઈ શકે છે અને ત્રણ ભાગ પણ થઈ શકે છે. બે ભાગ થાય તો એક તરફ એક પરમાણુ અને બીજી તરફ બે પ્રદેશવાળો એક દ્વયણુક સ્કંધ થાય છે. ત્રણ ભાગ થાય તો ત્રણ પરમાણુ થઈ જાય છે. તે જ રીતે ચાર પરમાણુ પુદ્ગલ વગેરેમાં પણ સમજવું જોઈએ. [પરંતુ ત્રણ પરમાણુનો દોઢ–દોઢ તેવા ભાગ થઈ શકતા નથી.] ॥૩॥

પાંચ પરમાણુ પુદ્ગલ પરસ્પર જોડાઈ જાય છે અને પરસ્પર ચીપકીને એક સ્કંધ રૂપે બની જાય છે. તે સ્કંધ અશાશ્વત છે અને સદા ઉપચય તથા અપચયને પ્રાપ્ત થાય છે અર્થાત્ તે વધે–ઘટે પણ છે. ॥૪॥

બોલતા પહેલાંની ભાષા, અભાષા છે, બોલતા સમયની ભાષા, ભાષા છે અને બોલ્યા પછીની ભાષા, પણ અભાષા છે. ॥૫॥

પ્રશ્ન– બોલતા પહેલાંની ભાષા, અભાષા છે, બોલતા સમયની ભાષા, ભાષા છે અને બોલ્યા પછીની ભાષા પણ અભાષા છે, તો શું બોલનાર પુરુષની ભાષા છે, કે નહિ બોલનાર પુરુષની ભાષા છે ?

ઉત્તર– તે બોલનાર પુરુષની જ ભાષા છે, નહિ બોલનાર પુરુષની ભાષા નથી. ॥૬॥

કરતાં પહેલા ક્રિયા દુઃખનું કારણ હોતી નથી વગેરે ભાષાની સમાન સમજવું જોઈએ. ॥૭॥

ક્રિયા કરવાથી દુઃખનું કારણ બને છે, ન કરવાથી દુઃખનું કારણ બનતી નથી. એ પ્રમાણે કથન કરવું જોઈએ. ॥૮॥

કૃત્ય દુઃખ છે, સ્પૃશ્ય દુઃખ છે, ક્રિયમાણ કૃત દુઃખ છે. તેને કરી–કરીને પ્રાણ, ભૂત, જીવ અને સત્ત્વ વેદના ભોગવે છે. એ પ્રમાણે કહેવું જોઈએ. ॥૯॥

## વિવેચન :-

પ્રસ્તુત સૂત્રમાં અન્યતીર્થિકોની કેટલીક વિપરીત માન્યતાઓનું ભગવાન મહાવીરે નિરાકરણ કરીને, સ્વસિદ્ધાંતને પ્રસ્તુત કર્યો છે.

(૧) ચલાયમાન કર્મો તે જ ક્ષણમાં ચલિત ન થાય, તો દ્વિતીયાદિ સમયોમાં પણ અચલિત રહેશે. અને પછી કોઈ પણ સમયમાં તે કર્મ ચલિત થશે નહિ. તેથી ચલાયમાન ચલિત છે.

(૨) બે પરમાણુ સૂક્ષ્મ અને સ્નિગ્ધતા રહિત હોવાથી પરસ્પર ચીપકીને સ્કંધરૂપે પરિણમન પામતા નથી, તે કથન પણ અયુક્ત છે, કારણ કે પ્રત્યેક પરમાણુમાં સ્નિગ્ધતા, રૂક્ષતા આદિ ગુણ હોય છે. તેથી બે પરમાણુ પણ પરસ્પર જોડાઈને દ્વિપ્રદેશી સ્કંધરૂપે પરિણમે છે તેમ માનવું યુક્તિયુક્ત છે.

(૩) ત્રણ પરમાણુ પુદ્‌ગલના બે વિભાગ–દોઢ દોઢ પરમાણુ રૂપે માનવું, તે પણ યથાર્થ નથી, કારણ કે પરમાણુના બે વિભાગ થતાં નથી અને જો બે ભાગ થાય છે તો તે પરમાણુ નથી.

(૪) પરસ્પર મળેલા–સ્કંધરૂપે પરિણત થયેલા પાંચ પરમાણુ પુદ્‌ગલ કર્મરૂપ[દુઃખરૂપ] હોય છે. આ કથન પણ અસંગત છે, કારણ કે કર્મ અનંત પરમાણુરૂપ હોવાથી અનંતપ્રદેશી, અનંત સ્કંધરૂપ છે અને પાંચ પરમાણુ તો માત્ર સ્કંધરૂપ જ છે. દુઃખ સ્વતઃ સ્વભાવથી જ ઉત્પન્ન થતું નથી. પરંતુ ઉત્પન્ન કરવાથી થાય છે, ઉત્પન્ન કર્યા વિના થતું નથી. માટે પાંચ પરમાણુ પુદ્‌ગલ સ્વતઃ દુઃખરૂપ બની જતા નથી.

(૫) કર્મ[દુઃખ]ને શાશ્વત માનવું તે પણ ઠીક નથી. કારણ કે કર્મને જો શાશ્વત માનીએ તો કર્મનો ક્ષયોપશમ, ક્ષય આદિ ન થવાથી જ્ઞાનાદિની હાનિ, વૃદ્ધિ થશે નહિ પરંતુ જ્ઞાનાદિની હાનિ–વૃદ્ધિ લોકમાં પ્રત્યક્ષસિદ્ધ છે. તેથી કર્મ[દુઃખ] શાશ્વત નથી.

(૬) તેમજ કર્મ[દુઃખ] ચયને પ્રાપ્ત થાય છે, કર્મ નષ્ટ થાય છે, આ કથન પણ કર્મને શાશ્વત માનવા પર ઘટિત થશે નહીં.

(૭) ભાષાના કારણભૂત હોવાથી બોલતા પહેલાની ભાષા, ભાષા છે, આ કથન અયુક્ત છે. તેમજ બોલતા સમયની ભાષાને અભાષા કહેવાનો અર્થ એ થાય કે, વર્તમાનકાલ વ્યવહારનું અંગ નથી. આ કથન પણ મિથ્યા છે. કારણ કે વિદ્યમાનરૂપ વર્તમાનકાલ જ વ્યવહારનું અંગ છે. ભૂતકાલ નષ્ટ થઈ ગયેલો હોવાથી અને ભવિષ્ય અસદ્‌રૂપ હોવાથી અવિદ્યમાનરૂપ છે, તેથી તે બંને કાલ વ્યવહારના અંગ નથી.

(૮) બોલતા પહેલાની ભાષાને ભાષા માનીને પણ તેને, ન બોલતા પુરુષની ભાષા માનીએ તો તે અત્યંત

વિરુદ્ધ છે. કારણ કે, અભાષકની ભાષાને જ ભાષા માનીએ તો સિદ્ધ ભગવાનને અથવા જડ પદાર્થને ભાષાની પ્રાપ્તિ થશે અને જે ભાષક છે તેની ભાષા માની શકાશે નહીં.

(૯) કરાતી ક્રિયા દુઃખરૂપ (કર્મબંધ રૂપ)ન બતાવતા પૂર્વની ક્રિયા અથવા પછીની ક્રિયાને દુઃખરૂપ (કર્મબંધ રૂપ) બતાવવી તે પણ અનુભવ વિરુદ્ધ છે. કારણ કે કરતા સમયની જ ક્રિયા સુખરૂપ અથવા દુઃખરૂપ (શુભાશુભ કર્મબંધ રૂપ)હોય છે. કરતા પહેલાં કે પછી ક્રિયા સુખરૂપ કે દુઃખરૂપ શુભાશુભ કર્મબંધ રૂપ હોતી નથી.

આ રીતે અન્યતીર્થિકોના સિદ્ધાંતો યુક્તિસંગત નથી.

## ઐર્યાપથિકી અને સાંપરાયિકી ક્રિયા :–

**૩** **अण्णउत्थिया णं भंते ! एवमाइक्खंति जाव एवं खलु एगे जीवे एएगेणं समएणं दो किरियाओ पकरेइ । तं जहा– इरियावहियं च, संपराइयं च । जं समयं इरियावहियं पकरेइ तं समयं संपराइयं पकरेइ, जं समयं संपराइयं पकरेइ, तं समयं इरियावहियं पकरेइ । इरियावहियाए पकरणयाए संपराइयं पकरेइ, संपराइयाए पकरणयाए इरियावहियं पकरेइ। एवं खलु एगे जीवे एगेणं समएणं दो किरियाओ पकरेइ । तं जहा– इरियावहियं च, संपराइयं च । से कहमेयं भंते ! एवं ?**

**गोयमा ! जं णं ते अण्णउत्थिया एवमाइक्खंति, तं चेव जाव जे ते एवं आहंसु, मिच्छा ते एवं आहंसु । अहं पुण गोयमा ! एवं आइक्खामि जाव एवं खलु एगे जीवे एगेणं समएणं एक्कं किरियं पकरेइ एवं अण्णउत्थियवत्तव्वं ससमयवत्तव्वयाए णेयव्वं जाव इरियावहियं वा, संपराइयं वा ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! અન્યતીર્થિક આ પ્રમાણે કહે છે, તેમજ પ્રરૂપણા કરે છે કે, એક જીવ એક સમયમાં બે ક્રિયા કરે છે, તે આ પ્રકારે છે– ઈર્યાપથિકી અને સાંપરાયિકી. જે સમયે [જીવ] ઈર્યાપથિકી ક્રિયા કરે છે, તે સમયે સાંપરાયકી ક્રિયા કરે છે અને જે સમયે સાંપરાયિકી ક્રિયા કરે છે, તે સમયે ઈર્યાપથિકી ક્રિયા કરે છે. ઈર્યાપથિકી ક્રિયા કરવાથી સાંપરાયિક ક્રિયા થાય છે અને સાંપરાયિક ક્રિયા કરવાથી ઈર્યાપથિકી ક્રિયા થાય છે. આ રીતે એક જીવ એક સમયમાં બે ક્રિયા કરે છે. આ [કથન] કેવી રીતે હોઈ શકે ?

ઉત્તર– હે ગૌતમ ! જે અન્યતીર્થિક આ પ્રમાણે કહે છે, તેઓનું તે કથન મિથ્યા છે. હે ગૌતમ ! હું આ પ્રમાણે કહું છું કે એક જીવ એક સમયમાં એક ક્રિયા કરે છે. અહીં પ્રશ્નગત અન્યતીર્થિક વક્તવ્યતાનુસાર સ્વસમયની એક સમયમાં એક ક્રિયાની વક્તવ્યતાનું કથન કરવું જોઈએ. જેમ કે ઈર્યાપથિક ક્રિયા અથવા

સાંપરાયિકી ક્રિયા ત્યાં સુધી કથન કરવું.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રમાં ઐર્યાપથિકી અને સાંપરાયિકી, આ બંને ક્રિયાઓ એક સમયમાં હોય છે કે નહિ, તેની ચર્ચા અન્યતીર્થિકોનો પૂર્વપક્ષ આપીને પ્રસ્તુત કરી છે.

**ઐર્યાપથિક :–** જે ક્રિયામાં કેવળ યોગ જ નિમિત્ત હોય, તેવી કષાયરહિત–વીતરાગી પુરુષની ક્રિયા.

**સાંપરાયિકી :–** જે ક્રિયામાં યોગ નિમિત્ત હોવા છતાં પણ કષાયની પ્રધાનતા હોય, એવી સકષાયી જીવની ક્રિયા. સાંપરાયિક ક્રિયા સંસાર પરિભ્રમણનું કારણ છે. ૨૫ ક્રિયાઓમાંથી ૨૪ ક્રિયાઓ સાંપરાયિકી છે અને એક જ ઐર્યાપથિકી છે.

**એક જીવ દ્વારા એક સમયમાં બે ક્રિયાઓ શક્ય નથી :–** જીવ જ્યારે કષાયયુક્ત હોય છે ત્યારે કષાયરહિત હોતો નથી અને જ્યારે કષાયરહિત હોય છે ત્યારે સકષાયી હોય તે સંભવિત નથી. દશમાં ગુણસ્થાન સુધી સકષાયદશા છે. તેથી ઉપરના ગુણસ્થાનમાં અકષાય–અવસ્થા છે. ઐર્યાપથિકી ક્રિયા અકષાયવસ્થાની છે અને સાંપરાયિકી ક્રિયા કષાય–અવસ્થાની છે. તેથી એક જ જીવમાં, એક સમયે આ બંને ક્રિયાઓ શક્ય નથી.

**૪** **णिरयगई णं भंते ! केवइयं कालं विरहिया उववाएणं पण्णत्ता ?**

**गोयमा ! जहण्णेणं एक्कं समयं, उक्कोसेणं बारस मुहुत्ता । एवं वक्कंतीपयं भाणियव्वं णिरवसेसं ॥ सेवं भंते ! सेवं भंते ! ॥**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! નરકગતિ, કેટલો સમય ઉપપાતથી વિરહિત હોય છે ?

ઉત્તર– હે ગૌતમ ! જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ બાર મુહૂર્ત સુધી નરકગતિ ઉપપાતથી રહિત હોય છે. આ રીતે અહીં [પ્રજ્ઞાપના સૂત્રનું] વ્યુત્ક્રાંતિ પદ સંપૂર્ણ કહેવું જોઈએ.

હે ભગવન્ ! આ ભાવ આ જ પ્રકારે છે, હે ભગવન્ ! આ ભાવ આ જ પ્રકારે છે.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રમાં પ્રજ્ઞાપના સૂત્રના છટ્ઠા વ્યુત્ક્રાંતિપદનો અતિદેશ કરીને નરકાદિ ગતિઓમાં જીવોના ઉત્પાદ–વિરહકાલની પ્રરૂપણા કરી છે. વિશેષ માટે જુઓ– પ્રજ્ઞાપના સૂત્ર પદ–૬નું વિવેચન.

**बारस मुहुत्ता :–** આ સૂત્રમાં સમુચ્ચય નરકગતિનો ઉત્પત્તિનો વિરહકાલ કહ્યો છે. જેનું તાત્પર્ય એ છે કે ઉત્કૃષ્ટ બાર મુહૂર્ત સુધી એક પણ જીવ નરકમાં ઉત્પન્ન ન થાય. તેને જ નરકગતિનો ઉત્કૃષ્ટ ઉત્પત્તિનો

વિરહકાલ કહેવાય છે. તેમજ ચારે ય ગતિનો સંપૂર્ણ ગતિની અપેક્ષા ઉત્કૃષ્ટ બાર મુહૂર્તનો વિરહકાલ છે. આ વિરહકાલ બીજી ગતિની અપેક્ષા જ હોય છે. તેથી તિર્યંચ, મનુષ્ય સ્વગતિમાં જન્મ મરણ કરે તો આ બાર મુહૂર્તના વિરહમાં તેની ગણતરી થતી નથી.

**॥ શતક ૧/૧૦ સંપૂર્ણ ॥**

**શતક–૧ સંપૂર્ણ**

# શતક – ૨

## પરિચય

આ શતકમાં દશ ઉદ્દેશક છે. તેમાં વિષય વર્ણન આ પ્રમાણે છે.

**ઉદ્દેશક–૧ :–** ઉપપાત વિરહ, જીવોના શ્વાસોશ્વાસ,મડાઈ અણગાર અને આર્ય સ્કંદકનું વિસ્તૃત જીવન ચરિત્ર અંકિત છે.

**ઉદ્દેશક–૨ :–** સાત સમુદ્‌ઘાતનું અતિદેશાત્મક વર્ણન છે.

**ઉદ્દેશક–૩ :–** સાત પૃથ્વીનું અતિદેશાત્મક નિરૂપણ છે.

**ઉદ્દેશક–૪ :–** પાંચ ઈન્દ્રિયોનું અતિદેશાત્મક પ્રતિપાદન છે.

**ઉદ્દેશક–૫ :–** દેવોની પરિચારણા વિષયક અન્યતીર્થિક પ્રરૂપણાનું નિરાકરણ, ગર્ભવિચાર, કામભોગ સેવનમાં થતો અસંયમ, તુંગિયા નગરીના શ્રાવકોના પ્રશ્નોત્તર, રાજગૃહનગરમાં ગરમ પાણીના કુંડ આદિ વિષયોનું નિરૂપણ છે.

**ઉદ્દેશક–૬ :–** ભાષા વિષયક અતિદેશાત્મક વિચારણા છે.

**ઉદ્દેશક–૭ :–** દેવોના પ્રકાર વગેરેનું અતિદેશાત્મક વર્ણન છે.

**ઉદ્દેશક–૮ :–** ચમરેન્દ્રની ચમરચંચા રાજધાની વિષયક નિરૂપણ છે.

**ઉદ્દેશક–૯ :–** સમયક્ષેત્રનું અતિદેશાત્મક પ્રતિપાદન છે.

**ઉદ્દેશક–૧૦ :–** પંચાસ્તિકાયનું સ્વરૂપ, જીવનું સ્વરૂપ, આકાશના ભેદ, ધર્માસ્તિકાય આદિની સ્પર્શના વગેરે વિષયોનું નિરૂપણ છે.

❖❖❖❖❖

# શતક–૨ : ઉદ્દેશક–૧

## સંક્ષિપ્ત સાર

આ ઉદ્દેશકમાં પાંચ સ્થાવર જીવોના શ્વાસોચ્છ્વાસ, મડાઈ અણગારની મુક્તિ અને અમુક્તિ તેમજ સ્કંદક અણગારનું વિસ્તૃત જીવનચરિત્ર અંકિત છે.

★ જે રીતે ત્રસ જીવ આભ્યંતર અને બાહ્ય શ્વાસોચ્છ્વાસ લે છે અને મૂકે છે, તે જ રીતે પાંચે સ્થાવરના જીવોની પણ શ્વાસોચ્છ્વાસની ક્રિયા નિરંતર ચાલુ જ છે. તે જીવો દ્રવ્યથી અનંતપ્રદેશી, ક્ષેત્રથી અસંખ્યાત પ્રદેશાવગાઢ, કાલથી કોઈ પણ સ્થિતિના પુદ્ગલો અને ભાવથી અનંત વર્ણ, ગંધ, રસ, સ્પર્શ યુક્ત શ્વાસોચ્છ્વાસ વર્ગણાના પુદ્ગલો ગ્રહણ કરે છે. જો વ્યાઘાત ન હોય તો છ દિશાના અને વ્યાઘાત હોય તો ત્રણ, ચાર કે પાંચ દિશામાંથી પુદ્ગલોને ગ્રહણ કરે છે.

★ વાયુકાયના જીવો પણ શ્વાસોચ્છ્વાસ વર્ગણાના પુદ્ગલો ગ્રહણ કરે છે. તે પુદ્ગલો અચિત્ત હોય છે. વાયુકાયના જીવો સ્વકાયશસ્ત્ર અથવા પરકાયશસ્ત્ર સાથે સ્પૃષ્ટ થઈને મરે છે, સ્પૃષ્ટ થયા વિના મરતા નથી. જીવ જ્યારે એક ભવમાંથી બીજા ભવમાં જાય છે ત્યારે તૈજસ–કાર્મણ આદિ સૂક્ષ્મ શરીરની અપેક્ષાએ શરીર સહિત અને ઔદારિકાદિ સ્થૂલ શરીરની અપેક્ષાએ શરીર રહિત જાય છે. વાયુકાયને ચાર શરીર હોય છે. ઔદારિક, વૈક્રિય, તૈજસ અને કાર્મણ. વાયુકાય મરીને વાયુકાયમાં અસંખ્યાત કાળ પર્યંત જન્મ મરણ કરે છે.

★ **મડાઈ અણગાર–** અચિત્તભોજી અણગાર પણ જ્યાં સુધી ભવપ્રપંચનો નિરોધ ન કરે ત્યાં સુધી તેનું પ્રાણ, ભૂત, જીવ, સત્વ, વિજ્ઞ અને વેદ શબ્દથી કથન કરાય છે. જ્યારે તે ભવપ્રપંચનો સર્વથા નાશ કરે ત્યારે જ તે મુક્ત થાય છે. જ્યારે તે મુક્ત થાય છે ત્યારે તેને સિદ્ધ, બુદ્ધ, મુક્ત, પરિનિવૃત્ત કે અંતકૃત કહેવાય છે.

શ્રાવસ્તી નગરીમાં ગર્દભાલી પરિવ્રાજકના શિષ્ય, ગૌતમ સ્વામીના પૂર્વમિત્ર સ્કંદક પરિવ્રાજક હતા. જેઓ પિંગલ શ્રાવકના પાંચ પ્રશ્નોના ઉત્તર આપી શક્યા નહીં. પાંચ પ્રશ્ન– (૧) લોક સાંત છે કે અનંત (૨) જીવ સાંત છે કે અનંત (૩) સિદ્ધ સાંત છે કે અનંત (૪ત્ર) સિદ્ધિ સાંત છે કે અનંત (૫) કયા મરણથી મરતા જીવ સંસારને વધારે છે અને કયા મરણથી મરતા જીવ સંસારને ઘટાડે છે.

પ્રશ્નોના સમાધાનના લક્ષે સ્કંદક અણગારને પ્રભુ મહાવીરનો સમાગમ થયો. પ્રભુની સર્વજ્ઞતાથી તેઓ પ્રભાવિત થયા અને પ્રશ્નોનું સમાધાન પ્રાપ્ત કરી પ્રભુ સમીપે સંયમ સ્વીકાર કર્યો. તપ સંયમની સાધના કરી અંતે સંથારાપૂર્વક કાળધર્મ પામી સ્કંધક અણગાર બારમા દેવલોકમાં ઉત્પન્ન થયા. ત્યાંનું આયુષ્ય પૂર્ણ કરી તે મહાવિદેહ ક્ષેત્રમાંથી સિદ્ધ થશે.

❖❖❖❖❖

# શતક–૨ : ઉદ્દેશક–૧

## ઉશ્વાસ–સ્કંદક

**દશ ઉદ્દેશકોનાં નામ :–**

**૧ ऊसास खंदए वि य, समुग्घाय पुढविंदिय अण्णउत्थि भासा य ।**
**देवा य चमरचंचा, समयक्खित्तऽत्थिकाय बीयसए ॥**

**ભાવાર્થ :–** દ્વિતીય શતકના દશ ઉદ્દેશક છે, તેના નામ ક્રમશઃ આ પ્રમાણે છે– (૧) શ્વાસોચ્છ્‌વાસ અને સ્કંદક અણગાર (૨) સમુદ્‌ઘાત (૩) પૃથ્વી (૪) ઈન્દ્રિયો (૫) અન્યતીર્થિક (૬) ભાષા (૭) દેવ (૮) ચમર ચંચા રાજધાની (૯) સમયક્ષેત્ર (૧૦) અસ્તિકાય.

**વિવેચન :–**

ગાથામાં દર્શાવેલ આ નામો તેના મુખ્ય વિષય કે આદ્ય વિષયની અપેક્ષાએ છે, તે આ પ્રમાણે છે–

**ऊसास खंदए :–** પ્રથમ ઉદ્દેશકનો આદ્યવિષય એકેન્દ્રિયાદિના શ્વાસોચ્છ્‌વાસ અને મુખ્ય વિષય સ્કન્દક અણગારનું જીવનચરિત્ર હોવાથી તેનું નામ 'ઉશ્વાસ સ્કંદક' છે.

**समुग्घाय :–** દ્વિતીય ઉદ્દેશકમાં સાત સમુદ્‌ઘાત વિષયક સંક્ષિપ્ત અતિદેશપૂર્વક વર્ણન હોવાથી તેનું નામ 'સમુદ્‌ઘાત' છે.

**पुढवी :–** ત્રીજા ઉદ્દેશકમાં સાત નરક પૃથ્વીઓનાં નામ, સંસ્થાન આદિ સમસ્ત જીવોની ઉત્પત્તિની સંભાવના સંબંધી અતિદેશપૂર્વક સંક્ષિપ્ત વર્ણન હોવાથી તેનું નામ 'પૃથ્વી' છે.

**इन्दिय :–** ચોથા ઉદ્દેશકમાં ઈન્દ્રિયોનાં નામ, વિષય, વિકાર, સંસ્થાન, બાહુલ્ય, વિસ્તાર, પરિમાણ, વિષયગ્રહણની ક્ષમતા આદિનું અતિદેશપૂર્વક સંક્ષિપ્ત વર્ણન હોવાથી તેનું નામ 'ઈન્દ્રિય' છે.

**अण्णउत्थिय :–**પાંચમા ઉદ્દેશકમાં દેવની પરિચારણા સંબંધી અન્યતીર્થિકોની માન્યતાનું નિરાકરણ હોવાથી તેનું નામ 'અન્યતીર્થિક' છે.

**भाषा :–** છટ્ઠા ઉદ્દેશકમાં ભાષા સંબંધી અતિદેશપૂર્વક સંક્ષિપ્ત વર્ણન હોવાથી તેનું નામ 'ભાષા' છે.

**देवा :–** સાતમા ઉદ્દેશકમાં દેવોના પ્રકાર, સ્થાન ઉપપાત, પ્રતિષ્ઠાન બાહલ્ય, ઉચ્ચત્વ, સંસ્થાન ઈત્યાદિ દેવ સંબંધી અતિદેશપૂર્વક સંક્ષિપ્ત વર્ણન હોવાથી તેનું નામ 'દેવ' છે.

**चमरचंचा :–** આઠમાં ઉદ્દેશકમાં ચમરેન્દ્ર [અસુરેન્દ્ર]ની રાજધાની ચમરચંચા આદિનું વર્ણન હોવાથી તેનું નામ 'ચમરચંચા' છે.

**समयक्खित्त :–**નવમાં ઉદ્દેશકમાં અઢી દ્વીપ અને બે સમુદ્રના રૂપમાં પ્રસિદ્ધ સમયક્ષેત્ર સંબંધી અતિદેશપૂર્વક સંક્ષિપ્ત વર્ણન હોવાથી તેનું નામ 'સમયક્ષેત્ર' છે.

**अत्थिकाय :–** દશમાં ઉદ્દેશકમાં પંચાસ્તિકાય, તેના નામ, તેના વર્ણગંધાદિ, તેની શાશ્વતતા–અશાશ્વતતા, દ્રવ્ય–ક્ષેત્ર, કાલ, ભાવ, ગુણરૂપ પ્રકારો આદિનું સાંગોપાંગ નિરૂપણ હોવાથી તેનું નામ 'અસ્તિકાય' છે.

## એકેન્દ્રિયાદિ જીવોમાં શ્વાસોચ્છ્‌વાસ :–

**२ तेणं कालेणं तेणं समएणं रायगिहे णामं णयरे होत्था, वण्णओ । सामी समोसढे । परिसा णिग्गया । धम्मो कहिओ । परिसा पडिगया।**

**ભાવાર્થ :–** તે કાલે, તે સમયે રાજગૃહ નામનું નગર હતું. નગરીનું વર્ણન ઔપપાતિક સૂત્રાનુસાર જાણી લેવું જોઈએ. એકદા ભગવાન મહાવીર સ્વામી ત્યાં પધાર્યા. તેમનો ધર્મોપદેશ સાંભળવા પરિષદ નીકળી. ભગવાને ધર્મોપદેશ આપ્યો. ધર્મોપદેશ સાંભળીને પરિષદ પાછી ગઈ.

**३ तेणं कालेणं तेणं समएणं जेट्ठे अंतेवासी जाव पज्जुवासमाणे एवं वयासी– जे इमे भंते ! बेइंदिया तेइंदिया चउरिंदिया पंचिंदिया जीवा, एएसि णं आणामं वा पाणामं वा उस्सासं वा णीसासं वा जाणामो पासामो । जे इमे पुढविकाइया जाव वणप्फइकाइया एगिंदिया जीवा एएसि णं आणामं वा पाणामं वा उस्सासं वा णीसासं वा ण याणामो ण पासामो । एए णं भंते ! जीवा आणमंति वा पाणमंति वा उस्ससंति वा णीससंति वा ?**

**हंता गोयमा ! एए वि णं जीवा आणमंति वा पाणमंति वा उस्ससंति वा णीस्ससंति वा ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– તે કાલે, તે સમયે શ્રમણ ભગવાન મહાવીર સ્વામીના જ્યેષ્ઠ અંતેવાસી[શિષ્ય] શ્રી ઈન્દ્રભૂતિ ગૌતમ અણગારે ભગવાનની પર્યુપાસના કરતા આ પ્રમાણે કહ્યું–

હે ભગવન્ ! જે બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચતુરિન્દ્રિય અને પંચેન્દ્રિય જીવ છે, તેના આભ્યંતર અને બાહ્ય ઉચ્છ્‌વાસ તેમજ નિઃશ્વાસને અમે જાણીએ છીએ અને જોઈએ છીએ પરંતુ જે આ પૃથ્વીકાયથી

વનસ્પતિકાય પર્યંતના એકેન્દ્રિય જીવ છે, તેના આભ્યંતર અને બાહ્ય ઉચ્છ્‌વાસ અને નિઃશ્વાસને અમે જાણતા નથી અને જોતા નથી. હે ભગવાન ! શું પૃથ્વીકાયાદિ એકેન્દ્રિય જીવ આભ્યંતર અને બાહ્ય ઉચ્છ્‌વાસ લે છે તથા આભ્યંતર અને બાહ્ય નિઃશ્વાસ છોડે છે ?

ઉત્તર– હા, ગૌતમ ! આ પૃથ્વીકાયાદિ એકેન્દ્રિય જીવ પણ આભ્યંતર અને બાહ્ય ઉચ્છ્‌વાસ લે છે અને આભ્યંતર અને બાહ્ય નિઃશ્વાસ છોડે છે.

**૪ किण्णं भंते ! एए जीवा आणमंति वा जाव णीससंति वा ?**

**गोयमा ! दव्वओ णं अणंतपएसियाइं दव्वाइं, खेत्तओ असंखेज्ज-पएसोगाढाइं, कालओ अण्णयर ठिईयाइं, भावओ वण्णमंताइं गंधमंताइं रसमंताइं फासमंताइं आणमंति वा जाव णीससंति वा ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! પૃથ્વીકાયાદિ એકેન્દ્રિય જીવ, કયા પ્રકારના દ્રવ્યોને બાહ્ય અને આભ્યંતર ઉચ્છ્‌વાસના રૂપમાં ગ્રહણ કરે છે તથા નિઃશ્વાસના રૂપમાં છોડે છે ?

ઉત્તર– હે ગૌતમ ! દ્રવ્યની અપેક્ષાએ અનંત પ્રદેશી દ્રવ્યોને, ક્ષેત્રની અપેક્ષાએ અસંખ્યાત પ્રદેશમાં રહેલા દ્રવ્યોને, કાલની અપેક્ષાએ કોઈ પણ પ્રકારની સ્થિતિવાળા [એક સમયની, બે સમયની સ્થિતિ– વાળા ઈત્યાદિ] દ્રવ્યોને, તથા ભાવની અપેક્ષાએ વર્ણયુક્ત, ગંધયુક્ત રસયુક્ત અને સ્પર્શયુક્ત દ્રવ્યોને બાહ્ય અને આભ્યંતર ઉચ્છ્‌વાસનાં રૂપમાં ગ્રહણ કરે છે તથા નિઃશ્વાસના રૂપમાં છોડે છે.

**૫ जाइं भावओ वण्णमंताइं आणमंति वा जाव णीससंति वा ताइं किं एगवण्णाइं जाव किं पंचवण्णाइं आणमंति वा जाव णीससंति वा ?**

**एवं आहारगमो णेयव्वो जाव पंचदिसिं ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! તે પૃથ્વીકાયાદિ એકેન્દ્રિય જીવ ભાવની અપેક્ષાએ જે દ્રવ્યોને બાહ્ય અને આભ્યંતર શ્વાસોચ્છ્‌વાસનાં રૂપમાં ગ્રહણ કરે છે અને છોડે છે, શું તે દ્રવ્ય એક વર્ણયુક્ત હોય છે ?

ઉત્તર– હે ગૌતમ ! જે રીતે પ્રજ્ઞાપના સૂત્રના ૨૮ માં આહારપદનું કથન કર્યું છે, તે રીતે સંપૂર્ણ વર્ણન બે, ત્રણ, ચાર, પાંચ દિશાઓમાંથી શ્વાસોચ્છ્‌વાસના પુદ્‌ગલોનું ગ્રહણ કરે છે ત્યાં સુધી સમજવું જોઈએ.

**૬ किण्णं भंते ! णेरइया आणमंति वा जाव णिससंति वा ?**

**ते चेव जाव णियमा छद्दिसिं आणमंति वा जाव णीससंति वा ।**

**जीव, एगिंदिया वाघाया य णिव्वाघाया य भाणियव्वा । सेसा णियमा**

**छद्दिसिं ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! નૈરયિક કેવા પ્રકારના પુદ્‌ગલોને બાહ્ય અને આભ્યંતર શ્વાસોચ્છ્‌વાસના રૂપમાં ગ્રહણ કરે છે ?

ઉત્તર– હે ગૌતમ ! આ વિષયમાં પૂર્વ કથનાનુસાર જાણવું જોઈએ અને તે નિશ્ચિત રૂપે છ દિશાના પુદ્‌ગલોને બાહ્ય અને આભ્યંતર શ્વાસોચ્છ્‌વાસનાં રૂપમાં ગ્રહણ કરે છે અને છોડે છે.

જીવ સામાન્ય અને એકેન્દ્રિયો જો વ્યાઘાત ન હોય તો, સર્વ દિશાઓમાંથી બાહ્ય અને આભ્યંતર શ્વાસોચ્છ્‌વાસને માટે પુદ્‌ગલ ગ્રહણ કરે છે અને જો વ્યાઘાત હોય તો, કદાચિત્ ત્રણ દિશામાંથી, કદાચિત્ ચાર દિશામાંથી, કદાચિત્ પાંચ દિશામાંથી શ્વાસોચ્છ્‌વાસના પુદ્‌ગલોને ગ્રહણ કરે છે. શેષ સર્વ જીવ નિયમા છ દિશામાંથી શ્વાસોચ્છ્‌વાસના પુદ્‌ગલને ગ્રહણ કરે છે.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રોમાં એકેન્દ્રિય જીવો, નારકો આદિના શ્વાસોચ્છ્‌વાસના સંબંધમાં શંકા–સમાધાન પ્રસ્તુત કર્યા છે.

**आणमंति पाणमंति उस्ससंति णीससंति :–** વૃત્તિકારે **आण–पाणं** અને **ऊस–णीस** આ બે – બે શબ્દોને એકાર્થક માન્યા છે. પરંતુ આચાર્ય મલયગિરિએ પ્રજ્ઞાપના વૃત્તિમાં અન્ય આચાર્યનો મત આપીને તેમાં ભેદ બતાવ્યો છે. **आणमंति** અને **पाणमंति** આ બંને અન્તઃસ્ફૂરિત થતી ઉચ્છ્‌વાસ–નિશ્વાસ ક્રિયાના અર્થમાં પ્રયુક્ત થયા છે અર્થાત્ આભ્યંતર શ્વાસોચ્છ્‌વાસને આણપ્રાણ કહે છે. **ऊस्ससंति–णीससंति** આ બંને બાહ્ય–સ્ફૂરિત ઉચ્છ્‌વાસ–નિશ્વાસની ક્રિયાના અર્થમાં છે અર્થાત્ બાહ્ય શ્વાસોચ્છ્‌વાસને ઉચ્છ્‌વાસ નિઃશ્વાસ કહે છે.

**એકેન્દ્રિય જીવોના શ્વાસોચ્છ્‌વાસ સંબંધી શંકા શા માટે ? :–** પૃથ્વીકાયાદિ સ્થાવર જીવોના શ્વાસોચ્છ્‌વાસ મનુષ્યાદિની જેમ દષ્ટિગોચર થતા નથી અને તે જીવોને નાક અને મુખ પણ હોતા નથી. તેથી અહીં તદ્‌વિષયક જિજ્ઞાસા પ્રગટ કરી છે.

તેનું સમાધાન કરતા સૂત્રમાં કહ્યું છે કે પૃથ્વીકાયાદિ સ્થાવર જીવો પણ બાહ્ય અને આભ્યંતર શ્વાસ લે છે અને છોડે છે. તાત્પર્ય એ છે કે તે એકેન્દ્રિય જીવો શરીરના રોમરાયથી શ્વાસ લે છે.

**किण्णं (कस्य) :–** કયા પુદ્‌ગલોનો શ્વાસોચ્છ્‌વાસ લે છે અર્થાત્ એકેન્દ્રિય જીવનો શ્વાસોચ્છ્‌વાસ કેવો હોય છે ? તેના સમાધાનમાં દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવથી શ્વાસોચ્છ્‌વાસ યોગ્ય બાદર પુદ્‌ગલોનું સ્વરૂપ સ્પષ્ટ કર્યું છે અને પ્રજ્ઞાપના સૂત્રના ૨૮ મા પદના આહાર સંબંધી વર્ણનની સમાન સમજવાનું સૂચન કર્યું છે. તાત્પર્ય એ છે કે દરેક જીવ વર્ણ આદિ વીસ બોલયુક્ત અષ્ટ સ્પર્શી પુદ્‌ગલોનો શ્વાસોચ્છ્‌વાસ લે છે.

**વ્યાઘાત–અવ્યાઘાત :–** એકેન્દ્રિય જીવ લોકના અંત ભાગમાં પણ હોય છે, ત્યાં તેને અલોક દ્વારા

વ્યાઘાત થાય છે. તેથી તે ત્રણ, ચાર અથવા પાંચ દિશામાંથી શ્વાસોચ્છ્વાસ યોગ્ય પુદ્ગલ ગ્રહણ કરે છે પરંતુ વ્યાઘાત રહિત જીવ(નૈરયિકાદિ સર્વ ત્રસ જીવો) ત્રસનાડીની અંદર જ હોય છે, તેને વ્યાઘાત ન હોવાથી તે છ દિશાઓમાંથી શ્વાસોચ્છ્વાસ યોગ્ય પુદ્ગલ ગ્રહણ કરી શકે છે. લોકના અંતે રહેલા જીવોને એક, બે કે ત્રણ દિશામાં અલોક હોય તો તે જીવ અલોકની દિશામાંથી શ્વાસોચ્છ્વાસ કે આહાર આદિના પુદ્ગલ ગ્રહણ કરતા નથી કારણ કે અલોકમાં કોઈ પુદ્ગલ હોતા નથી, માત્ર આકાશ જ હોય છે.

**વાયુકાયનો શ્વાસોચ્છ્વાસ :–**

**૭ वाउकाए णं भंते ! वाउकाए चेव आणमंति वा जाव णीससंति वा?**

**हंता गोयमा ! वाउकाए णं जाव णीससंति वा ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! શું વાયુકાય, વાયુકાયને જ બાહ્ય અને આભ્યંતર ઉચ્છ્વાસ અને નિઃશ્વાસનાં રૂપમાં ગ્રહણ કરે છે અને છોડે છે ?

ઉત્તર– હા, ગૌતમ ! વાયુકાય, વાયુકાયને જ બાહ્ય અને આભ્યંતર ઉચ્છ્વાસ અને નિઃશ્વાસના રૂપમાં ગ્રહણ કરે છે અને છોડે છે.

**૮ वाउकाए णं भंते ! वाउकाए चेव अणेगसयसहस्स खुत्तो उद्दाइत्ता, उद्दाइत्ता तत्थेव भुज्जो भुज्जो पच्चायाइ ?**

**हंता गोयमा ! जाव पच्चायाइ?**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! શું વાયુકાય, વાયુકાયમાં જ અનેક લાખ વાર મરીને પુનઃ પુનઃ વાયુકાયમાં જ ઉત્પન્ન થાય છે ?

ઉત્તર– હા, ગૌતમ ! વાયુકાય, વાયુકાયમાં જ અનેક લાખ વાર મરીને પુનઃ પુનઃ ત્યાં જ ઉત્પન્ન થાય છે.

**૯ से भंते ! किं पुट्ठे उद्दाइ, अपुट्ठे उद्दाइ ?**

**गोयमा ! पुट्ठे उद्दाइ, णो अपुट्ठे उद्दाइ ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! શું વાયુકાય સ્વકાયશસ્ત્રથી અથવા પરકાયશસ્ત્રથી સ્પૃષ્ટ થઈને મરે છે અથવા અસ્પૃષ્ટ–તેની સાથે ટકરાયા વિના જ મરણ પામે છે ?

ઉત્તર– હે ગૌતમ ! વાયુકાય[સ્વકાય અથવા પરકાયના શસ્ત્રથી], સ્પૃષ્ટ થઈને જ મરે છે. પરંતુ સ્પૃષ્ટ થયા વિના મરણ પામતા નથી.

**૧૦ से भंते ! किं ससरीरी णिक्खमइ, असरीरी णिक्खमइ ?**

**गोयमा! सिय ससरीरी णिक्खमइ, सिय असरीरी णिक्खमइ ।**

**से केणट्ठेणं भंते ! एवं वुच्चइ– सिय ससरीरी णिक्खमइ, सिय असरीरी णिक्खमइ ?**

**गोयमा ! वाउकायस्स णं चत्तारि सरीरया पण्णत्ता, तं जहा– ओरालिए, वेउव्विए, तेयए, कम्मए । ओरालियवेउव्वियाइं विप्पजहाय तेययकम्मएहिं णिक्खमइ, से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ– सिय ससरीरी, सिय असरीरी णिक्खमइ ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! વાયુકાય મરે છે, ત્યારે શરીર સહિત નીકળે છે કે શરીર રહિત ?

ઉત્તર– હે ગૌતમ ! તે કોઈ અપેક્ષાએ શરીર સહિત નીકળે છે અને કોઈ અપેક્ષાએ શરીર રહિત નીકળે છે.

પ્રશ્ન– હે ભગવન્ ! તેનું શું કારણ છે કે, વાયુકાયનો જીવ કોઈ અપેક્ષાએ શરીર સહિત નીકળે છે અને કોઈ અપેક્ષાએ શરીર રહિત નીકળે છે ?

ઉત્તર– હે ગૌતમ ! વાયુકાયને ચાર શરીર છે, તે આ પ્રમાણે છે– (૧) ઔદારિક (૨) વૈક્રિય (૩) તૈજસ (૪) કાર્મણ. તેમાંથી તે ઔદારિક અને વૈક્રિય શરીરને છોડીને પરલોકમાં જાય છે, આ અપેક્ષાએ તે શરીર રહિત જાય છે અને તૈજસ તથા કાર્મણ શરીરને સાથે લઈને જાય છે, આ અપેક્ષાએ તે શરીર સહિત [સશરીરી] જાય છે. હે ગૌતમ ! તેથી એમ કહેવાય છે કે, વાયુકાય (મરીને અન્યભવમાં) કોઈ અપેક્ષાએ સશરીરી જાય છે અને કોઈ અપેક્ષાએ અશરીરી જાય છે.

## વિવેચન :–

પ્રસ્તુત બે સૂત્રોમાં વાયુકાયના શ્વાસોચ્છ્વાસ આદિ સંબંધિત જિજ્ઞાસાઓનું સમાધાન કર્યું છે.

**વાયુકાયનો શ્વાસોચ્છ્વાસ :–** પ્રત્યેક પ્રાણી વાયુ–હવાનો શ્વાસોચ્છ્વાસ લે છે. આ સ્થૂલ દષ્ટિ છે અને શ્વાસોચ્છ્વાસ વર્ગણાના પુદ્ગલોને શ્વાસોચ્છ્વાસ રૂપે લે છે આ પારમાર્થિક દષ્ટિ છે. પ્રસ્તુત સૂત્રમાં સ્થૂલ દષ્ટિથી કથન છે. કારણ કે વ્યવહારથી કહેવાય છે કે સર્વ જીવો વાયુના–શ્વાસોચ્છ્વાસના આધારે જીવે છે. વિશેષ દષ્ટિએ તે વાયુને વૈજ્ઞાનિકો ઑક્સિજન કહે છે તેને બીજા શબ્દોમાં પ્રાણવાયુ પણ કહેવાય છે. જૈન સિદ્ધાંત તેને શ્વાસોચ્છ્વાસ વર્ગણા કહે છે. આ વાયુ અચિત્ત વાયુ છે. તાત્પર્ય એ છે કે વાયુકાય આદિ ૨૪ દંડકના પ્રત્યેક જીવો શ્વાસોચ્છ્વાસ વર્ગણાને શ્વાસોચ્છ્વાસ રૂપે ગ્રહણ કરે છે.

**વાયુકાયના શ્વાસોચ્છ્વાસ–સંબંધી શંકા–સમાધાન :–** આ સૂત્રોમાં સર્વ પ્રથમ એકેન્દ્રિય જીવોના શ્વાસોચ્છ્વાસની પૃચ્છા કરી ત્યાર પછી નારકી આદિ ચોવીસ દંડકના જીવોના શ્વાસોચ્છ્વાસ વિષયક પૃચ્છા છે, ત્યાર પછી ફરીથી વાયુકાય જીવોના શ્વાસોચ્છ્વાસની પૃચ્છા કરી છે. તેનું તાત્પર્ય એ છે કે

સામાન્ય રીતે શ્વાસોચ્છ્વાસ વાયુરૂપ હોય છે. તેથી વાયુકાયથી અતિરિક્ત પૃથ્વી, જલ, તેજ અને વનસ્પતિ તો વાયુકાયને શ્વાસોચ્છ્વાસ રૂપે ગ્રહણ કરે છે, પરંતુ વાયુકાય, સ્વયં વાયુરૂપ છે તો તેને શ્વાસોચ્છ્વાસના રૂપમાં શું બીજા વાયુની આવશ્યક્તા રહે છે ? આવી જિજ્ઞાસા અને કુતૂહલથી વાયુકાય માટે પુનઃ સ્વતંત્ર પ્રશ્ન કર્યો છે.

તેનું સમાધાન એ છે કે 'વાયુકાય વાયુકાયનો શ્વાસ લે છે.' પરંતુ શ્વાસરૂપમાં ગ્રહણ કરાતો વાયુ અચિત્ત છે અર્થાત્ તે શ્વાસોચ્છ્વાસ યોગ્ય પૌદ્ગલિક વર્ગણા છે. એક વાયુકાયના જીવ બીજા વાયુના જીવને શ્વાસરૂપે ગ્રહણ કરતા નથી. 'વાયુકાય' શબ્દનો પ્રયોગ બે અર્થમાં થાય છે. (૧) પાંચ સ્થાવરમાં ચોથી કાય, વાયુરૂપ જીવોનો સમૂહ (૨) ઉચ્છ્વાસ–નિઃશ્વાસરૂપ, શ્વાસોચ્છ્વાસ વર્ગણારૂપ અચિત્ત વાયુ.

**વાયુકાય આદિની કાયસ્થિતિ :–** પૃથ્વીકાય, અપકાય, તૈજસકાય અને વાયુકાય તે ચારની કાયસ્થિતિ અસંખ્ય ઉત્સર્પિણી અને અવસર્પિણી કાલ પ્રમાણ છે તથા વનસ્પતિકાયની કાયસ્થિતિ અનંત ઉત્સર્પિણી અને અવસર્પિણી કાલ પ્રમાણ છે.

**વાયુકાયનું મરણ સ્પૃષ્ટ થઈને જ થાય :–** વાયુકાય સ્વકાયશસ્ત્રથી અથવા પરકાય શસ્ત્રથી સ્પૃષ્ટ થઈને [ટકરાઈને] મરણ પામે છે, અસ્પૃષ્ટ થઈને નહિ. આ સૂત્ર સોપક્રમી–નિમિત્ત મળતાં આયુષ્ય તૂટે તેવા આયુષ્યવાળા જીવોની અપેક્ષાએ છે.

## મડાઈ નિર્ગ્રંથોના ભવભ્રમણ અને ભવાન્તકરણ :–

**૧૧ मडाई णं भंते ! णियंठे णो णिरुद्धभवे, णो णिरुद्धभवपवंचे, णो पहीणसंसारे, णो पहीणसंसारवेयणिज्जे, णो वोच्छिण्णसंसारे, णो वोच्छिण्णसंसारवेयणिज्जे, णो णिट्ठियट्ठे णो णिट्ठियट्ठकरणिज्जे पुणरवि इत्थत्थं हव्वमागच्छइ ?**

**हंता गोयमा ! मडाई णं णियंठे *जाव* पुणरवि इत्थत्थं हव्वमागच्छइ ।**

**શબ્દાર્થ :– मडाई** = અચિત્તભોજી, મૃતભોજી, સચિત્ત ત્યાગી, **पुणरवि इत्थत्थं** = ફરીથી આ જ ભવમાં, ફરી મનુષ્ય રૂપે.

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! જેણે સંસારનો નિરોધ કર્યો નથી, સંસારના પ્રપંચોનો નિરોધ કર્યો નથી, જેનો સંસાર ક્ષીણ થયો નથી, જેનું સંસાર–વેદનીય કર્મ ક્ષીણ થયું નથી, જેનો સંસાર વ્યુચ્છિન્ન (નાશ) થયો નથી, જેનું સંસાર–વેદનીય કર્મ વ્યુચ્છિન્ન થયું નથી, જે નિષ્ઠિતાર્થ [સિદ્ધપ્રયોજન–કૃતાર્થ] થયા નથી, જેનું કાર્ય સમાપ્ત થયું નથી, એવા અચિત્તભોજી (નિર્દોષ આહાર કરનાર) અણગાર પુનઃ આ તિર્યંચ, મનુષ્ય આદિ ભવો પ્રાપ્ત કરે છે ?

ઉત્તર– હા, ગૌતમ ! પૂર્વોક્ત સ્વરૂપવાળા અચિત્તભોજી નિર્ગ્રંથ પુનઃ આ તિર્યંચ, મનુષ્યાદિ

ભવોને પ્રાપ્ત કરે છે.

**१२ से णं भंते ! किं ति वत्तव्वं सिया ?**

**गोयमा ! पाणे त्ति वत्तव्वं सिया । भूए त्ति वत्तव्वं सिया । जीवे त्ति वत्तव्वं सिया । सत्ते त्ति वत्तव्वं सिया । विण्णू त्ति वत्तव्वं सिया । वेए त्ति वत्तव्वं सिया । पाणे भूए जीवे सत्ते विण्णू वेए त्ति वत्तव्वं सिया।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! પૂર્વોક્ત નિર્ગ્રંથના જીવને કયા શબ્દથી વર્ણવી શકાય ?

ઉત્તર– હે ગૌતમ ! તેને 'પ્રાણ' શબ્દથી, 'ભૂત' શબ્દથી, 'જીવ' શબ્દથી, 'સત્વ' શબ્દથી, 'વિજ્ઞ' શબ્દથી, 'વેદ' શબ્દથી અને કદાચિત્ 'પ્રાણ, ભૂત, જીવ, સત્વ, વિજ્ઞ, અને વેદ શબ્દથી વર્ણવી શકાય.

**१३ से केणट्ठेणं भंते ! पाणे त्ति वत्तव्वं सिया जाव वेए त्ति वत्तव्वं सिया ?**

**गोयमा ! जम्हा आणमइ वा, पाणमइ वा, उस्ससइ वा, णीससइ वा तम्हा पाणे त्ति वत्तव्वं सिया । जम्हा भूए, भवइ, भविस्सइ य तम्हा भूए त्ति वत्तव्वं सिया । जम्हा जीवे जीवइ, जीवत्तं आउयं च कम्मं उवजीवइ तम्हा जीवे त्ति वत्तव्वं सिया । जम्हा सत्ते सुभासुभेहिं कम्मेहिं तम्हा सत्ते त्ति वत्तव्वं सिया । जम्हा तित्त-कडु-कसायंबिल-महुरे रसे जाणइ तम्हा विण्णू त्ति वत्तव्वं सिया । वेदेइ य सुह-दुक्खं तम्हा वेए त्ति वत्तव्वं सिया । से तेणट्ठेणं गोयमा ! पाणे त्ति वत्तव्वं सिया जाव वेएत्ति वत्तव्वं सिया ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! તેને પ્રાણ, ભૂત આદિ 'વેદ' પર્યંતના શબ્દોથી વર્ણવવાનું શું કારણ છે ?

ઉત્તર– હે ગૌતમ ! પૂર્વોક્ત નિર્ગ્રંથનો જીવ, બાહ્ય અને આભ્યંતર ઉચ્છ્વાસ લે છે અને નિઃશ્વાસ છોડે છે, તેથી તે 'પ્રાણ' કહેવાય છે. તે ભૂતકાળમાં હતા, વર્તમાનમાં છે અને ભવિષ્યમાં રહેશે, તે અસ્તિત્વ સ્વભાવવાળા છે, તેથી તેને ભૂત કહે છે. તે જીવ હોવાથી જીવે છે, જીવત્વ અને આયુષ્યકર્મનો અનુભવ કરે છે, તેથી તે જીવ કહેવાય છે. તે શુભાશુભ કર્મોથી સમ્બદ્ધ છે, તેથી તે સત્વ કહેવાય છે. તે તીખો, કડવો, કષાયેલો, ખાટો, મીઠો, આ રસોનો વેત્તા[જ્ઞાતા] છે, તેથી તે વિજ્ઞ કહેવાય છે. તે સુખ દુઃખનું વેદન[અનુભવ] કરે છે તેથી તે 'વેદ'(વેદક)કહેવાય છે. હે ગૌતમ ! તેથી પૂર્વોક્ત નિર્ગ્રંથના જીવને 'પ્રાણ'થી વેદક પર્યંતના શબ્દોથી કથન કરી શકાય છે.

**१४ मडाई णं भंते ! णियंठे णिरुद्धभवे णिरुद्धभवपवंचे जाव णिट्ठियट्ठकरणिज्जे**

**णो पुणरवि इत्थत्थं हव्वमागच्छइ ?**

**हंता गोयमा ! मडाई णं णियंठे जाव णो पुणरवि इत्थत्थं हव्वमागच्छइ ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! જેણે સંસારનો નિરોધ કર્યો છે, જેણે સંસારના પ્રપંચોનો નિરોધ કર્યો છે, તેમજ જેણે પોતાના કાર્યો સિદ્ધ કર્યા છે એવા પ્રાસુક ભોજી અણગાર શું પુનઃ મનુષ્યાદિ ચાર ગતિ વાળા સંસારને પ્રાપ્ત કરતા નથી ?

ઉત્તર– હા, ગૌતમ ! પૂર્વોક્ત સ્વરૂપવાળા નિર્ગ્રંથ અણગાર પુનઃ મનુષ્યાદિ ચાર ગતિવાળા સંસારને પ્રાપ્ત કરતા નથી.

**૧૫ से णं भंते ! किं वत्तव्वं सिया ?**

**गोयमा ! सिद्धे त्ति वत्तव्वं सिया। बुद्धे त्ति वत्तव्वं सिया । मुत्ते त्ति वत्तव्वं सिया । पारगए त्ति वत्तव्वं सिया । परंपरगए त्ति वत्तव्वं सिया । सिद्धे बुद्धे मुत्ते परिणिव्वुडे अंतकडे सव्वदुक्खप्पहीणे त्ति वत्तव्वं सिया ॥सेवं भंते ! सेवं भंते ॥**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! ચારગતિવાળા સંસારને પ્રાપ્ત નહીં કરનાર નિર્ગ્રંથને કયા નામે ઓળખી શકાય ?

ઉત્તર– હે ગૌતમ ! પૂર્વોક્ત સ્વરૂપવાળા નિર્ગ્રંથને 'સિદ્ધ', 'બુદ્ધ', 'મુક્ત', 'પારગત' [સંસારને પાર પામેલા], 'પરંપરાગત' [અનુક્રમે સંસારને પાર પામેલા] કહી શકાય છે. તેને સિદ્ધ, બુદ્ધ, મુક્ત, પરિનિર્વૃત્ત, અન્તકૃત અને સર્વદુઃખ પ્રહીણ (રહિત)કહી શકાય છે.

હે ભગવન્ ! આ ભાવ આ જ પ્રકારે છે, હે ભગવન્ ! આ ભાવ આ જ પ્રકારે છે.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રમાં મુક્તિને માટે અનિવાર્ય સાધનાનો અને લક્ષણોનો ઉલ્લેખ કર્યો છે, તેમાં અણગાર માટે મડાઈ વિશેષણનો પ્રયોગ છે.

**મડાઈ :–** આ વિશેષણના અનેક અર્થ થાય છે– (૧) મૃતભોજી, અચિત્તભોજી, પ્રાસુકભોજી (૨) મૃતયાચી = અચિત્ત પદાર્થની યાચના કરનાર (૩) **મૃત + आदि =** આદિ એટલે સંસારની આદિ કરનાર વિષય કષાય જેના મૃત તુલ્ય થઈ ગયા છે તે મૃતાદિ. આ રીતે મડાઈ વિશેષણથી અણગારની ગુણસંપન્નતા પ્રગટ કરી છે. તેનો સામાન્ય અર્થ છે–પ્રાસુકભોજી અણગાર.

સૂત્રમાં સ્પષ્ટતા પૂર્વક કહ્યું છે કે અણગાર અચિત્તભોજી હોવા છતાં જ્યાં સુધી તેના ભવપ્રપંચનો–

ભવભ્રમણના કારણરૂપ કર્મોનો નિરોધ ન થાય, નાશ ન થાય, ત્યાં સુધી તેની મુક્તિ થતી નથી. તે **णिरुद्धभवे** આદિ પદોના અર્થ આ પ્રમાણે છે–

**णिरुद्धभवे :–** જેણે પોતાના આગામી જન્મનો નિરોધ કર્યો છે, જે ચરમ ભવને પ્રાપ્ત થયા છે.

**णिरुद्धभवपवंचे :–** જેણે સંસારના પ્રપંચને–વિસ્તારને રોકી દીધો છે તે.

**पहीण संसारे :–** જેનો ચતુર્ગતિભ્રમણરૂપ સંસાર ક્ષીણ થયો છે તે.

**पहीण संसार वेयणिज्जे :–** જેનું સંસાર વેદનીય કર્મ ક્ષીણ થયું છે તે.

**वोच्छिण्ण संसारे :–** જેનો ચતુર્ગતિક સંસાર વ્યવચ્છિન્ન થઈ ગયો છે તે.

**इत्थत्थं :–** આ અર્થને–અર્થાત્ અનેક વાર તિર્યંચ, મનુષ્ય, દેવ અને નરકગતિ સમાપન્નરૂપ ભાવને. **इत्थत्तं** પાઠાન્તર પણ પ્રાપ્ત થાય છે. તેનો અર્થ છે મનુષ્યત્વ આદિ.

## સ્કંદક પરિવ્રાજક

શ્રાવસ્તી નગરીમાં ગર્દભાલ પરિવ્રાજકના શિષ્ય સ્કંદક પરિવ્રાજક હતા. જે વેદ–વેદાંતમાં પારંગત હતા. ત્યાં પ્રભુ મહાવીરના શ્રાવક પિંગલ નિર્ગ્રંથ રહેતા હતા. પિંગલ નિર્ગ્રંથે સ્કંદકને આક્ષેપપૂર્વક પાંચ પ્રશ્નો પૂછ્યા. લોક સાન્ત છે કે અનંત ? તે જ રીતે જીવ, સિદ્ધિ અને સિદ્ધ સાન્ત છે કે અનંત ? કયા મરણથી મરતા જીવ સંસાર વધારે છે અને ઘટાડે છે ? સ્કંદક તેના ઉત્તર આપી શક્યા નહીં. પ્રશ્નના સમાધાનના લક્ષે પરિવ્રાજકના વેષમાં જ તે પ્રભુ પાસે જવા નીકળ્યા. ગૌતમે પણ પ્રભુ પાસેથી તેનું ભાવિ જાણી લીધું. જ્યારે સ્કંદક પધાર્યા ત્યારે તે ભવિષ્યમાં પ્રભુના શિષ્ય બનવાના છે તે સંબંધે ગૌતમે તેનું ભવ્ય સ્વાગત કર્યું. પ્રભુના જ્ઞાનાતિશયને પ્રગટ કરવા સ્કંદકના પૂછ્યા વિના જ તેના આગમનનું કારણ જણાવ્યું. સ્કંદકે પ્રભુની સર્વજ્ઞતાને જાણી, પ્રભુ પાસે સમાધાન પામી, ત્યાં જ પ્રભુ પાસે દીક્ષિત થયા.

ત્યાર પછી ૧૧ અંગનું અધ્યયન, ૧૨ ભિક્ષુની પ્રતિમા અને ગુણરત્ન સંવત્સર તપની આરાધના કરી, ૧૨ વર્ષની સંયમ પર્યાયનું પાલન કરી અને વિપુલગિરિ પર્વત પર જઈને, એક માસનો પાદપોપગમન સંથારો કર્યો. કાલધર્મ પામી બારમા દેવલોકે ઉત્પન્ન થયા. ત્યાંથી મહાવિદેહ ક્ષેત્રમાંથી સિદ્ધ થશે.

### પિંગલ નિર્ગ્રંથ અને સ્કંદક પરિવ્રાજક :–

**૧૬ तेणं कालेणं तेणं समएणं समणे भगवं महावीरे रायगिहाओ णयराओ गुण–सिलाओ चेइयाओ पडिणिक्खमइ, पडिणिक्खमित्ता बहिया जणवयविहारं विहरइ ।**

**ભાવાર્થ :–** તે કાલે, તે સમયે શ્રમણ ભગવાન મહાવીરસ્વામી રાજગૃહ નગરના ગુણશીલ ઉદ્યાનમાંથી નીકળ્યા અને બહારના જનપદોમાં વિહાર કરવા લાગ્યા.

**૧૭ तेणं कालेणं तेणं समएणं कयंगला णामं णयरी होत्था, वण्णओ ।**

**तीसे णं कयंगलाए णयरीए बहिया उत्तरपुरत्थिमे दिसिभाए छत्तपलासए णामं चेइए होत्था, वण्णओ । तए णं समणे भगवं महावीरे उप्पण्णणाणदंसणधरे जाव समोसरणं परिसा णिग्गच्छइ ।**

**ભાવાર્થ :–** તે કાલે તે સમયે કૃતંગલા નામની નગરી હતી. તે કૃતંગલા નગરીની બહાર ઉત્તર પૂર્વ દિશા ભાગ[ઈશાનકોણ] માં છત્રપલાશક નામનું ચૈત્ય હતું. નગરી અને ઉદ્યાનનું વર્ણન ઔપપાતિક સૂત્રાનુસાર જાણવું. ત્યાં કોઈ એક સમયે ઉત્પન્ન કેવલજ્ઞાન–કેવલદર્શનના ધારક શ્રમણ ભગવાન મહાવીર સ્વામી પધાર્યા. ભગવાનનું સમવસરણ થયું. પરિષદ ધર્મોપદેશ સાંભળવા નીકળી.

**૧૮ तीसे णं कयंगलाए णयरीए अदूरसामंते सावत्थी णामं णयरी होत्था। वण्णओ । तत्थ णं सावत्थीए णयरीए गद्दभालस्स अंतेवासी खंदए णामं कच्चायणसगोत्ते परिव्वायगे परिवसइ । रिउव्वेद-जजुव्वेद- सामवेद अहव्वणवेद इतिहास-पंचमाणं, णिघंटुछट्ठाणं; चउण्हं वेदाणं संगोवंगाणं सरहस्साणं, सारए वारए धारए पारए सडंगवी सट्ठितंतविसारए संखाणे सिक्खाकप्पे वागरणे छंदे णिरुत्ते जोइसामयणे; अण्णेसु य बहूसु बंभणएसु परिव्वायएसु य णयेसु सुपरिणिट्ठिए यावि होत्था ।**

**શબ્દાર્થ :– कच्चायणसगोत्ते** = કાત્યાયન ગોત્રી, **सरहस्साणं** = રહસ્ય સહિત, **सडंगवी** = છ અંગના જ્ઞાતા, **संखाणे** = ગણિતશાસ્ત્રમાં.

**ભાવાર્થ :–** તે કૃતંગલા નગરીની સમીપે શ્રાવસ્તી નગરી હતી. તેનું વર્ણન ઔપપાતિક સૂત્રાનુસાર જાણવું. તે શ્રાવસ્તી નગરીમાં ગર્દભાલ નામના પરિવ્રાજકના શિષ્ય કાત્યાયનગોત્રીય સ્કંદક નામના પરિવ્રાજક–તાપસ રહેતા હતા. તે ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ આ ચાર વેદ, પાંચમાં ઈતિહાસ– પુરાણ, છઠ્ઠા નિઘંટુ નામના કોશના તથા સાંગોપાંગ વેદોના રહસ્યના સારક–સ્મારક–સ્મરણ કરાવનાર– ભૂલેલા પાઠને યાદ કરાવનાર–પાઠક, વારક–અશુદ્ધ ઉચ્ચારણ કરનારને રોકનાર, ધારક–ભણેલા વેદાદિને નહિ ભૂલનાર–ધારણ કરનાર, પારક–વેદાદિ શાસ્ત્રોના પારગામી, વેદના છ અંગો– શિક્ષા, કલ્પ, વ્યાકરણ, નિરુક્ત, છંદશાસ્ત્ર અને જ્યોતિષશાસ્ત્રના વેત્તા હતા. તે ષષ્ઠિતંત્ર–સાંખ્ય શાસ્ત્રમાં વિશારદ હતા. તે ગણિતશાસ્ત્ર, શિક્ષાકલ્પ–આચારશાસ્ત્ર, વ્યાકરણ શાસ્ત્ર, છંદશાસ્ત્ર, નિરુક્ત–વ્યુત્પત્તિ શાસ્ત્ર અને જ્યોતિષ શાસ્ત્ર, આ સર્વ શાસ્ત્રોમાં તથા અન્ય અનેક બ્રાહ્મણ અને પરિવ્રાજક સંબંધી નીતિ અને દર્શનશાસ્ત્રોમાં પણ અત્યંત નિષ્ણાત હતા.

**૧૯ तत्थ णं सावत्थीए णयरीए पिंगलए णामं णियंठे वेसालियसावए परिवसए । तए णं से पिंगलए णामं णियंठे वेसालियसावए अण्णया कयाइं जेणेव खंदए**

**कच्चायणसगोत्ते तेणेव उवागच्छइ, उवागच्छित्ता खंदगं कच्चायणसगोत्तं इणमक्खेवं पुच्छे– मागहा ! किं सअंते लोए, अणंते लोए ? सअंते जीवे, अणंते जीवे ? सअंता सिद्धि, अणंता सिद्धी? सअंते सिद्धे अणंते सिद्धे ? केण वा मरणेणं मरमाणे जीवे वड्ढइ वा, हायइ वा ? एतावताव आयक्खाहि । वुच्चमाणे एवं।**

**શબ્દાર્થ :– आयक्खाहि** = કહો, **इणमक्खेवं** = આક્ષેપપૂર્વક, **परिवसइ** = નિવાસ કરતા હતા.

**ભાવાર્થ :–** તે શ્રાવસ્તી નગરીમાં વૈશાલિક શ્રાવક– [ભગવાન્ મહાવીરનાં વચનોને સાંભળવામાં રસિક] પિંગલ નામના નિર્ગ્રંથ રહેતા હતા. એકદા તે વૈશાલિક શ્રાવક પિંગલ નિર્ગ્રંથ, જ્યાં કાત્યાયનગોત્રીય સ્કંદક પરિવ્રાજક હતા, ત્યાં તેની પાસે આવ્યા અને આક્ષેપપૂર્વક– કાત્યાયનગોત્રીય સ્કંદકને પૂછ્યું– હે માગધ ! [મગધ દેશમાં જન્મેલા] (૧) લોક સાન્ત–અંત સહિત છે કે અનંત–અંત રહિત છે ? (૨) જીવ સાન્ત છે કે અનંત છે ? (૩) સિદ્ધિ સાંત છે કે અનંત છે ? (૪) સિદ્ધ સાન્ત છે કે અનંત છે ? (૫) કયા મરણથી મરતો જીવ સંસારને વધારે છે ? અને કયા મરણથી મરતો જીવ સંસારને ઘટાડે છે ? આ પ્રશ્નોના તો ઉત્તર આપો. તેના ઉત્તર પ્રાપ્ત થયા પછી અન્ય પ્રશ્ન પૂછશું.

**२० तए णं से खंदए कच्चायणसगोत्ते पिंगलएणं णियंठेणं वेसालियसावएणं इणमक्खेवं पुच्छिए समाणे संकिए, कंखिए, वितिगिच्छिए, भेदसमावण्णे, कलुससमावण्णे णो संचाएइ पिंगलयस्स णियंठस्स, वेसालियसावयस्स किंचि वि पमोक्खमक्खाइउं, तुसिणीए संचिट्ठइ ।**

**ભાવાર્થ :–** આ રીતે તે કાત્યાયનગોત્રીય સ્કંદક પરિવ્રાજકને વૈશાલિક શ્રાવક પિંગલ નિર્ગ્રંથે આક્ષેપપૂર્વક પૂર્વોક્ત પ્રશ્ન પૂછ્યા, ત્યારે સ્કંદક પરિવ્રાજક શંકાગ્રસ્ત થયા. [આ પ્રશ્નોના ઉત્તર આ પ્રમાણે જ હશે કે અન્ય હશે તેમ શંકિત થયા.] [આ પ્રશ્નોના ઉત્તર કેવી રીતે આપું ?] મને આ પ્રશ્નોના ઉત્તર કેવી રીતે આવડશે ? આ પ્રકારની કાંક્ષા ઉત્પન્ન થઈ. તેના મનમાં વિચિકિત્સા ઉત્પન્ન થઈ કે હું જે ઉત્તર આપીશ તેનાથી પ્રશ્નકર્તાને સંતોષ થશે કે નહિ ? તેની બુદ્ધિમાં ભેદ ઉત્પન્ન થયો કે હું શું કરું ? તેના મનમાં કાલુષ્ય–(ક્ષોભ) ઉત્પન્ન થયો કે હું આ વિષયમાં કાંઈ જ જાણતો નથી. તેથી તે તાપસ, વૈશાલિક શ્રાવક પિંગલનિર્ગ્રંથના પ્રશ્નોનો કંઈ પણ ઉત્તર આપી શક્યા નહીં અને મૌન રહ્યા.

**२१ तए णं से पिंगलाए णियंठे वेसालियसावए, खंदयं कच्चायणसगोत्तं दोच्चं पि तच्चं पि इणमक्खेवं पुच्छे– मागहा ! किं सअंते लोए जाव केण वा मरणेणं मरमाणे जीवे वड्ढइ वा, हायइ वा ? एतावं ताव आइक्खाहि । वुच्चमाणे एवं ।**

**ભાવાર્થ :–** તત્પશ્ચાત્ તે વૈશાલિક શ્રાવક પિંગલ નિર્ગ્રંથે, કાત્યાયનગોત્રીય સ્કંદક પરિવ્રાજકને બે વાર, ત્રણ વાર તે જ પ્રશ્નો આક્ષેપપૂર્વક પૂછ્યા, હે માગધ ! લોક સાન્ત છે કે અનંત ? કેવા પ્રકારના

મરણથી મરતો જીવ સંસાર વધારે છે અને ઘટાડે છે ? વગેરે પ્રશ્નોના ઉત્તર આપો પછી બીજા પ્રશ્ન પૂછશું.

**૨૨ तए णं से खंदए कच्चायणसगोत्ते पिंगलएणं णियंठेणं वेसालीसा- वएणं दोच्चं पि तच्चं पि इणमक्खेवं पुच्छिए समाणे संकिए कंखिए वितिगिच्छिए भेदसमावण्णे कलुसमावण्णे णो संचाएइ पिंगलस्स णियंठस्स वेसालियसावयस्स किंचि वि पमोक्खमक्खाइउं, तुसिणीए संचिट्ठइ ।**

**ભાવાર્થ :–** જ્યારે વૈશાલિક શ્રાવક પિંગલ નિર્ગ્રંથે, કાત્યાયનગોત્રીય સ્કંદક પરિવ્રાજકને બે–ત્રણ વાર તે જ પ્રશ્નો પૂછ્યા, ત્યારે તે પુનઃ પૂર્વવત્ શંકિત, કાંક્ષિત, વિચિકિત્સાગ્રસ્ત, ભેદસમાપન્ન, તથા કાલુષ્ય [શોક]ને પ્રાપ્ત થયા. પરંતુ વૈશાલિક શ્રાવક પિંગલ નિર્ગ્રંથના પ્રશ્નોના કાંઈ પણ ઉત્તર ન આપી શક્યા અને મૌન રહ્યા.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રોમાં મુખ્યતયા સ્કંદક સંન્યાસીનો પરિચય અને વૈશાલિક શ્રાવક પિંગલ નિર્ગ્રંથે, સ્કંદક પરિવ્રાજકને પૂછેલા પાંચ પ્રશ્નો અને તે પ્રશ્નોના ઉત્તર ન આપી શકવાથી સ્કંદક પરિવ્રાજકની થયેલી માનસિક સ્થિતિનું ચિત્રણ છે.

આ વિષયના પ્રતિપાદનની પાર્શ્વભૂમિમાં નગરીનું, પ્રભુના સમોસરણનું, ધર્મદેશનાનું તેમજ સ્કંદક પરિવ્રાજકનું વર્ણન કર્યું છે.

**સ્કંદક પરિવ્રાજક પરિચય :–** સ્કંદક ચાર વેદ, ઈતિહાસ અને નિઘંટુકોષના તેમજ વેદના છ અંગ–શિક્ષા, કલ્પ, વ્યાકરણ, નિરુક્ત, છંદશાસ્ત્ર અને જ્યોતિષશાસ્ત્રના જ્ઞાતા હતા. છ અંગના ગ્રંથોને સમજાવવા માટે જે વિસ્તૃત ગ્રંથો છે તેને વેદના ઉપાંગ કહે છે. સ્કંદક વેદના અંગ અને ઉપાંગ તેમજ ષષ્ઠીતંત્ર કાપિલીય શાસ્ત્રથી સુપરિચિત હતા.

વેદના છ અંગના અર્થ આ પ્રમાણે છે–

(૧) **શિક્ષા–** અક્ષરોના સ્વરૂપ સમજાવતાં શાસ્ત્રને શિક્ષા કહે છે.

(૨) **કલ્પ–** પરિવ્રાજકોના આચારને સ્પષ્ટ કરતા શાસ્ત્રને કલ્પ કહે છે.

(૩) **વ્યાકરણ–** શબ્દશાસ્ત્રને વ્યાકરણ કહે છે.

(૪) **છંદ–** કવિતાના સ્વરૂપ સમજાવતાં પિંગલ આદિ ગ્રંથોને છંદ કહે છે.

(૫) **નિરુક્ત–** શબ્દની વ્યુત્પત્તિ સમજાવતાં શાસ્ત્રને નિરુક્ત કહે છે.

(૬) **જ્યોતિષ–** ગ્રહ આદિની અસર તેમજ નિમિત્ત બતાવતાં શાસ્ત્રને જ્યોતિષ કહે છે.

સ્કંદક પરિવ્રાજક ઉપરોક્ત સર્વમાં તથા બ્રાહ્મણ અને પરિવ્રાજક સંબંધી દર્શનશાસ્ત્રમાં નિપુણ

હતા.

**પિંગલ નિર્ગ્રંથ :–** પિંગલ નામના નિર્ગ્રંથ માટે અહીં બે વિશેષણનો પ્રયોગ થયો છે વૈશાલિક અને શ્રાવક. આગમ સાહિત્યમાં નિર્ગ્રંથ શબ્દ મુનિ માટે અને શ્રાવક શબ્દ ગૃહસ્થને માટે વપરાય છે. અહીં એક જ વ્યક્તિ માટે એક સાથે બંને વિશેષણોનો પ્રયોગ શંકા ઉપસ્થિત કરે છે. વૃત્તિકારે વૈશાલિક શ્રાવકનો અર્થ આ પ્રમાણે કર્યો છે, વિશાલા = મહાવીરના માતા વિશાલા નગરીમાં જન્મેલ હોવાથી ત્રિશલાનું બીજું નામ વિશાલા હતું.વિશાલાના પુત્ર તે વૈશાલિક અર્થાત્ મહાવીર સ્વામી અને શ્રાવક = શ્રવણના ઈચ્છુક. આ રીતે મહાવીરના વચન સાંભળનારને વૈશાલિક શ્રાવક કહે છે. તેથી મહાવીરના વચન સાંભળનાર પિંગલ નામના નિર્ગ્રંથ શ્રાવક રહેતા હતા. અહીં મૂળપાઠમાં "પિંગલ" શબ્દને નામ રૂપે દર્શાવ્યો છે અને નિર્ગ્રંથ શબ્દનો ગોત્ર રૂપે પ્રયોગ થયો હોય તેમ સમજાય છે. જેમ કે **पिंगलए णामं णियंठे वेसालिय सावए परिवसइ**–પિંગલ નામના નિર્ગ્રંથ(ગોત્રવાળા)ભગવાન મહાવીરના શ્રાવક રહેતા હતા. અહીં **परिवसइ** ક્રિયાનો પ્રયોગ છે. તેથી સ્પષ્ટ થઈ જાય છે કે પિંગલ શ્રાવક હતા. કારણ કે શ્રમણ માટે **परिवसइ** ક્રિયાનો પ્રયોગ થતો નથી. પરંતુ **विहरइ** પ્રયોગ થાય છે.

પિંગલ નિર્ગ્રંથે પૂછેલા પાંચ પ્રશ્નો– લોક સાન્ત કે અનંત વગેરેનો ભાવાર્થ સૂત્રપાઠથી સુગમ્ય છે. તે પાંચે પ્રશ્નો દર્શનશાસ્ત્રમાં ચર્ચિત પ્રશ્નો હોવાથી મહત્વના છે. સ્કંદક પરિવ્રાજક તેના ઉત્તર આપી શક્યા નહીં તેથી તેઓ મૌન રહ્યા.

## સ્કંદક પરિવ્રાજકનું પ્રભુ સમીપે ગમન :–

**૨૩ तए णं सावत्थीए णयरीए सिंघाडग जाव पहेसु महया जणसद्दे इ वा, जणवूहे इ वा, जाव परिसा णिग्गच्छइ । तए णं तस्स खंदयस्स कच्चायणसगोत्तस्स बहुजणस्स अंतिए एयमट्ठं सोच्चा णिसम्म इमेयारूवे अज्झत्थिए चिंतिए पत्थिए मणोगए संकप्पे समुप्पज्जित्था– एवं खलु समणे भगवं महावीरे कयंगलाए णयरीए बहिया छत्तपलासए चेइए संजमेणं तवसा अप्पाणं भावेमाणे विहरइ । तं गच्छामि णं समणं भगवं महावीरं वंदामि णमंसामि । सेयं खलु मे समणं भगवं महावीरं वंदित्ता णमंसित्ता सक्कारित्ता सम्माणित्ता कल्लाणं मंगलं देवयं चेइयं पज्जुवासित्ता, इमाइं च णं एयारूवाइं अट्ठाइं हेऊइं पसिणाइं कारणाइं वागरणाइं पुच्छित्तए त्ति कट्टु एवं संपेहेइ, संपेहित्ता जेणेव परिव्वायगावसहे तेणेव उवागच्छइ, उवागच्छित्ता तिदंड च कुंडियं च कंचणियं च करोडियं च भिसियं च केसरियं च छण्णालयं च अंकुसयं च पवित्तयं च गणेत्तियं च छत्तयं च उवाहणाओ य पाउयाओ य धाउरत्ताओ य गेण्हइ, गेण्हित्ता परिव्वायावसहाओ पडिणिक्खमइ,**

**पडिणिक्खमित्ता तिदंडकुंडिय- कंचणियकरोडिय-भिसियकेसरियछण्णालय अंकुसय-पवित्तय-गणेत्तिय- हत्थगए, छत्तोवाहणसंजुत्ते, धाउरत्तवत्थपरिहिए सावत्थीए णयरीए मज्झंमज्झेणं णिग्गच्छइ, णिग्गच्छित्ता जेणेव कयंगला णयरी, जेणेव छत्तपलासए चेइए, जेणेव समणे भगवं महावीरे, तेणेव पहारेत्थ गमणाए ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– તે કાલે, તે સમયે શ્રાવસ્તી નગરીમાં જ્યાં ત્રણ માર્ગ, ચાર માર્ગ અને અનેક માર્ગ મળતા હતા, ત્યાં તથા મહાપથોમાં મહાન કોલાહલની સાથે જનતાની ભારે ભીડ વ્યૂહકારે ચાલી રહી હતી, લોકો આ પ્રકારે વાતો કરી રહ્યા હતા કે શ્રમણ ભગવાન મહાવીર સ્વામી કૃતંગલા નગરીની બહાર છત્રપલાશક નામના ઉદ્યાનમાં પધાર્યા છે વગેરે. પરિષદ ભગવાન મહાવીરને વંદન કરવા માટે નીકળી.

તે સમયે અનેક લોકોના મુખેથી ભગવાન મહાવીરના પદાર્પણની વાત સાંભળીને અને તેને અવધારણ કરીને, તે કાત્યાયનગોત્રીય સ્કંદક તાપસના મનમાં આ પ્રકારનો અધ્યવસાય, ચિંતન, અભિલાષા અને સંકલ્પ ઉત્પન્ન થયો કે શ્રમણ ભગવાન મહાવીર કૃતંગલા નગરીની બહાર છત્રપલાશક નામના ઉદ્યાનમાં તપ–સંયમથી પોતાના આત્માને ભાવિત કરતાં વિચરે છે, બિરાજમાન છે, તો હું તેની પાસે જાઉં, તેને વંદન નમસ્કાર કરું. મારા માટે તે જ શ્રેયસ્કર છે કે શ્રમણ ભગવાન મહાવીરને વંદન–નમસ્કાર કરીને, તેમનો સત્કાર–સન્માન કરીને, કલ્યાણરૂપ, મંગલરૂપ, દેવરૂપ અને જ્ઞાનરૂપ ભગવાન મહાવીર સ્વામીની પર્યુપાસના કરું અને તેમને આ પ્રકારના અર્થો, હેતુઓ, પ્રશ્નો, કારણો અને વ્યાકરણો [વ્યાખ્યાઓ] આદિ પૂછું. આ પ્રમાણે વિચાર કર્યો, આ પ્રકારે વિચાર કરીને તે સ્કંદક પરિવ્રાજક, જ્યાં પરિવ્રાજકોનો મઠ હતો, ત્યાં આવ્યા. ત્યાં આવીને ત્રિદંડ, કમંડળ, રૂદ્રાક્ષની માળા [કાંચનિકા], કરોટિકા [એક પ્રકારનું માટીનું વાસણ], આસન, કેસરિકા [વાસણ સાફ કરવાનું કપડું], છન્નાલય–ષટનાલક ત્રિકાષ્ઠિકા, અંકુશક–વૃક્ષો પરથી પાંદડાને ભેગા કરવા માટેનું અંકુશના આકારનું સાધન, અંગૂઠી અને ગણેત્રિકા (કાંડામાં પહેરવાનું ઉપકરણ), છત્ર, પગરખાં–પાદુકાઓ, ગૈરિક વગેરે ધાતુઓ વડે રંગેલા વસ્ત્રો આદિ ગ્રહણ કર્યા.. આ તાપસના ઉપકરણોને લઈને પરિવ્રાજકોના મઠમાંથી નીકળ્યા; નીકળીને ત્રિદંડ, કુંડી, રૂદ્રાક્ષની માળા, કરોટિકા, ભૃશિકા–આસન વિશેષ, કેશરિકા, ત્રિદંડી, અંકુશ, અંગૂઠી અને ગણેત્રિકા વગેરે સર્વ ઉપકરણો લઈને, છત્ર અને પાદુકાથી યુક્ત થઈને તથા ગેરૂ–ભગવા રંગના વસ્ત્ર પહેરીને શ્રાવસ્તી નગરીની મધ્યમાંથી નીકળ્યા, નીકળીને જ્યાં કૃતંગલા નગરી, જ્યાં છત્રપલાશક ચૈત્ય અને જ્યાં શ્રમણ ભગવાન મહાવીર સ્વામી હતા તે તરફ પ્રસ્થાન કર્યું.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રમાં શંકાગ્રસ્ત સ્કંદક પરિવ્રાજકે પ્રભુ મહાવીરના પદાર્પણને સાંભળ્યું, ત્યાર પછી તેના અંતરમાં કેવા ભાવો જાગૃત થયા અને તે ભાવોને કેવી રીતે ક્રિયાત્મક રૂપ આપ્યું, તે વિષયનું પ્રતિપાદન છે.

પ્રભુ મહાવીરનું આગમન સાંભળીને સ્કંદક પરિવ્રાજકની જે માનસિક સ્થિતિ થઈ તેને પ્રગટ

કરવા શાસ્ત્રકારે **अज्झत्थिए, चिंतिए, पत्थिए, मणोगए संकप्पे** આ શબ્દોનો પ્રયોગ કર્યો છે.

**अज्झत्थिए** = આધ્યાત્મિક, ચિંતિત– સ્મૃત્યાત્મક, **पत्थिए** = અભિલાષાત્મક, **मणोगए** = મનમાં વિદ્યમાન, વચનથી અપ્રકાશિત, **संकप्पे** = સંકલ્પ, આધ્યાત્મિક ભાવથી સંકલ્પ સુધીનો આ એક વાક્ય ગુચ્છક છે. તેમાં સંકલ્પની ક્રિયા નિર્દિષ્ટ છે. સ્કંદક પરિવ્રાજકે જનસમૂહ પાસેથી પ્રભુના પદાર્પણને સાંભળ્યું, ત્યારે તેના મનમાં એક આંતરિક સ્પંદન થયું, તેણે સ્મૃતિનું રૂપ લીધું, સ્મૃતિએ ઈચ્છાને જાગૃત કરી, ઈચ્છા મનના સ્તર પર પ્રગટ થઈ ગઈ અને અંતે સંકલ્પ અભિવ્યક્ત થયો.

સ્કંદકને પ્રભુ પ્રતિ ભક્તિ સહ વિશ્વાસ ઉત્પન્ન થયો કે મારી જિજ્ઞાસાની તૃપ્તિ પ્રભુ મહાવીર સમીપે થશે. તેથી તેણે પ્રભુ સમીપે જવાનો સંકલ્પ કર્યો.

તે સંકલ્પને ક્રિયાત્મક બનાવવા પરિવ્રાજકના મઠમાં જઈને પોતાના ઉપકરણોને સાથે લઈને પ્રભુની તરફ પ્રસ્થાન કર્યું. શ્રમણો કે પરિવ્રાજકો પોતાના સ્થાનમાં ગમે તે રીતે રહેતા હોય પરંતુ જ્યારે સ્થાનની બહાર જાય છે, ત્યારે લોકમાં પ્રતીતી કરાવવા, પોતાની વેશભૂષાની મર્યાદા અનુસાર સર્વ ઉપકરણો સાથે લઈને, વ્યવસ્થિત રીતે જ જાય છે. જૈન શ્રમણોની પણ આ પ્રકારની જ સમાચારી હોય છે. તેથી જ સ્કંદક સંન્યાસી સર્વ ઉપકરણો સાથે લઈને પ્રભુ પાસે ગયા છે.

## સ્કંદક પરિવ્રાજકના આગમનનું કથન :-

**૨૪ गोयमा ! इति समणे भगवं महावीरे भगवं गोयमं एवं वयासी– दच्छिसि णं गोयमा ! पुव्वसंगइयं । कं णं भंते ? खंदयं णाम । से काहे वा, कहं वा, केवच्चिरेण वा ? एवं खलु गोयमा ! तेणं कालेणं तेणं समएणं सावत्थी णामं णयरी होत्था, वण्णओ । तत्थ णं सावत्थीए णयरीए गद्दभालस्स अंतेवासी खंदए णामं कच्चायणसगोत्ते परिव्वायए परिवसइ । तं चेव जाव जेणेव ममं अंतिए, तेणेव पहारेत्थ गमणाए । से अदूरागते बहुसंपते अद्धाणपडिवण्णे अंतरा पहे वट्टइ । अज्जेव णं दच्छिसि गोयमा !**

**भंते ! त्ति भगवं गोयमे समणं भगवं महावीरं वंदइ, णमंसइ, वंदित्ता, णमंसित्ता एवं वयासी– पहू णं भंते ! खंदए कच्चायणसगोत्ते देवाणुप्पियाणं अंतिए मुंडे भवित्ता णं, आगराओ अणगारियं पव्वइत्तए ? हंता, पभु ।**

**ભાવાર્થ :–** હે ગૌતમ ! આ પ્રમાણે શ્રમણ ભગવાન મહાવીરે પોતાના જ્યેષ્ઠ શિષ્ય શ્રી ઈન્દ્રભૂતિ અણગારને સંબોધિત કરીને કહ્યું, હે ગૌતમ ! આજે તું તારા પૂર્વના સાથીને જોઈશ.

ગૌતમ– હે ભગવન્ ! હું આજે કોને જોઈશ ?

ભગવાન – હે ગૌતમ ! તું સ્કંદક નામના તાપસને જોઈશ.

ગૌતમ– ભગવન્ ! હું તેને કયારે, કઈ રીતે અને કેટલા સમય પછી જોઈશ ?

ભગવાન– હે ગૌતમ ! તે કાલે, તે સમયે શ્રાવસ્તી નામની નગરી હતી. જેનુ વર્ણન પૂર્વવત્ જાણી લેવું જોઈએ. તે શ્રાવસ્તી નગરીમાં ગર્દભાલ નામના પરિવ્રાજકના શિષ્ય કાત્યાયન ગોત્રીય સ્કંદક નામના પરિવ્રાજક રહેતા હતા. તે સંબંધિત સંપૂર્ણ વૃતાન્ત પૂર્વવત્ જાણવો. તે સ્કંદક પરિવ્રાજકે જ્યાં હું છું, ત્યાં મારી પાસે આવવાનો સંકલ્પ કર્યો છે. તે તેના સ્થાનેથી પ્રસ્થાન કરીને મારી પાસે આવી રહ્યા છે. વર્તમાને તે માર્ગમાં ચાલી રહ્યા છે. તે મધ્યના માર્ગમાં છે. હે ગૌતમ ! તું આજે જ તેને જોઈશ.'

પુનઃ હે ભગવન્ ! આ પ્રમાણે ભગવાન ગૌતમે શ્રમણ ભગવાન મહાવીરને સંબોધન કરીને, વંદન–નમસ્કાર કરીને આ પ્રમાણે પૂછ્યું– હે ભગવન્ ! શું તે કાત્યાયન ગોત્રીય સ્કંદક પરિવ્રાજક આપ દેવાનુપ્રિય પાસે મુંડિત થઈ, આગાર–ઘરને છોડીને અણગાર ધર્મમાં પ્રવ્રજિત થવામાં સમર્થ છે ? અર્થાત્ પ્રવ્રજિત થશે ?

હા, ગૌતમ ! તે મારી પાસે અણગાર ધર્મમાં પ્રવ્રજિત થવામાં સમર્થ છે અર્થાત્ પ્રવ્રજિત થશે.

**૨૫ जावं य णं समणे भगवं महावीरे भगवओ गोयमस्स एयमट्ठं परिकहेइ, तावं च णं से खंदए कच्चायणसगोत्ते तं देसं हव्वं आगए ।**

**ભાવાર્થ :–** જ્યારે શ્રમણ ભગવાન મહાવીર સ્વામી, ભગવાન ગૌતમ સ્વામીને [પૂર્વોક્ત] વાત કહી રહ્યા હતા, ત્યાં જ તે કાત્યાયન ગોત્રીય સ્કંદક પરિવ્રાજક તે સ્થાનમાં [ભગવાન મહાવીરની પાસે] શીઘ્ર આવી પહોંચ્યા.

### ગૌતમસ્વામી દ્વારા સ્કંદકનું સ્વાગત :–

**૨૬ तए णं भगवं गोयमे खंदयं कच्चायणसगोत्तं अदूरागयं जाणित्ता खिप्पामेव अब्भुट्ठेइ, अब्भुट्ठित्ता खिप्पामेव पच्चुवगच्छइ, जेणेव खंदए कच्चायणसगोत्ते तेणेव उवागच्छइ, उवागच्छिता खंदयं कच्चायणसगोत्तं एवं वयासी– (अहो णं) हे खंदया! सागयं खंदया ! सुसागयं खंदया! अणुरागयं खंदया ! सागयमणुरागयं खंदया। से णूणं तुमं खंदया ! सावत्थीए णयरीए पिंगलएणं णियंठेणं वेसालियसावएणं इणमक्खेण पुच्छिए– मागहा ! किं सअंते लोए, अणंते लोए ? तं चेव जेणेव इहं, तेणेव हव्वमागए, से णूणं खंदया ! अट्ठे समट्ठे ? हंता, अत्थि ।**

**तए णं से खंदए कच्चायणसगोत्ते भगवं गोयमं एवं वयासी– से केस**

**णं गोयमा ! तहारूवे णाणी वा, तवस्सी वा ? जेणं तव एस अट्ठे मम ताव रहस्सकडे हव्वं अक्खाए, जओ णं तुमं जाणासि ?**

**तए णं से भगवं गोयमे खंदयं कच्चायणसगोत्तं एवं वयासी– एवं खलु खंदया ! मम धम्मायरिए धम्मोवएसए समणे भगवं महावीरे उप्पण्णणाणदंसणधरे, अरहा जिणे केवली तीय-पडुप्पण्ण-मणागय- वियाणए सव्वण्णू सव्वदरिसी जेणं मम एस अट्ठे तव ताव रहस्सकडे हव्वमक्खाए, जओ णं अहं जाणामि खंदया ! तए णं से खंदए कच्चायणसगोत्ते भगवं गोयमं एवं वयासी– गच्छामो णं गोयमा ! तव धम्मायरियं धम्मोवएसयं समणं भगवं महावीरं वंदामो, णमंसामो जाव पज्जुवासामो । अहासुहं देवाणुप्पिया ! मा पडिबंधं । तएणं से भगवं गोयमे खंदएणं कच्चायणसगोत्तेण सद्धिं जेणेव समणे भगवं महावीरे तेणेव पहारेत्थ गमणाए ।**

**ભાવાર્થ :–** તત્પશ્ચાત્ ભગવાન ગૌતમ કાત્યાયન ગોત્રીય સ્કંદક પરિવ્રાજકને નજીક આવેલા જાણીને, શીઘ્ર પોતાના આસન પરથી ઊઠ્યા, ઊઠીને તેની સામે ગયા અને જ્યાં કાત્યાયન ગોત્રીય સ્કંદક પરિવ્રાજક હતા, ત્યાં આવ્યા. સ્કદંકની સમીપે આવીને, તેણે આ પ્રમાણે કહ્યું, 'હે સ્કંદક ! આપનું સ્વાગત છે, સ્કંદક ! આપનું સુસ્વાગત છે, સ્કંદક ! આપનું આગમન અનુરૂપ [યથોચિત સમયે થયું ]છે. હે સ્કંદક ! પધારો, આપ ભલે પધારો. [આ રીતે ગૌતમસ્વામીએ સ્કંદકનું સન્માન કર્યું] ત્યાર પછી ગૌતમ સ્વામીએ સ્કંદકને કહ્યું, "સ્કંદક ! શ્રાવસ્તી નગરીમાં વૈશાલિક શ્રાવક પિંગલ નિર્ગ્રંથે આપને આ પ્રમાણે આક્ષેપ પૂર્વક પૂછ્યું હતું કે, હે માગધ ! લોક સાન્ત છે કે અનંત ? ઈત્યાદિ પૂર્વવત્ સંપૂર્ણ કથન કરવું. પાંચ પ્રશ્નો પૂછ્યાં હતા. જેના ઉત્તર તમે ન આપી શક્યા. તમારા મનમાં શંકા, કાંક્ષા આદિ ઉત્પન્ન થઈ. તેના પ્રશ્નોથી નિરૂત્તર થઈને, તેના ઉત્તર પૂછવા માટે અહીં ભગવાનની સમીપે આવ્યા છો. હે સ્કંદક ! કહો, આ વાત સત્ય છે ?

સ્કંદકે કહ્યું, 'હા, ગૌતમ ! આ વાત સત્ય છે. તત્પશ્ચાત્ કાત્યાયન ગોત્રીય સ્કંદક પરિવ્રાજકે ભગવાન ગૌતમને આ પ્રમાણે પૂછ્યું, " હે ગૌતમ ! [મને કહો કે] કોણ એવા જ્ઞાની અને તપસ્વી પુરુષ છે કે જેણે મારા મનની ગુપ્ત વાત આપને કહી દીધી. જેથી આપ મારા મનની ગુપ્ત વાતને જાણી ગયા ? ત્યારે ભગવાન ગૌતમે કાત્યાયન ગોત્રીય સ્કંદક પરિવ્રાજકને આ પ્રમાણે કહ્યું, હે સ્કંદક ! મારા ધર્મગુરુ, ધર્મોપદેશક, શ્રમણ ભગવાન મહાવીર, ઉત્પન્ન જ્ઞાન–દર્શનના ધારક, અર્હત્ છે, જિન છે, કેવળી છે, ભૂત, ભવિષ્ય અને વર્તમાનકાલના જ્ઞાતા છે, સર્વજ્ઞ–સર્વદર્શી છે, તેઓએ તમારા મનમાં રહેલી ગુપ્ત વાત મને કહી દીધી છે, હે સ્કંદક ! જેથી હું તમારા મનની ગુપ્ત વાતને જાણું છું.

તત્પશ્ચાત્ કાત્યાયન ગોત્રીય સ્કંદક પરિવ્રાજકે ભગવાન ગૌતમને આ પ્રમાણે કહ્યું, "હે ગૌતમ !

[ચાલો] આપણે આપના ધર્માચાર્ય, ધર્મોપદેશક શ્રમણ ભગવાન મહાવીર સ્વામીની સમીપે જઈએ, તેમને વંદન–નમસ્કાર કરીએ તેમજ તેમની પર્યુપાસના કરીએ."

ગૌતમસ્વામી– "હે દેવાનુપ્રિય ! જેમ સુખ ઊપજે તેમ કરો ! આ શુભકાર્યમાં વિલંબ ન કરો." તદનન્તર ભગવાન ગૌતમ સ્વામી, કાત્યાયનગોત્રીય સ્કંદક પરિવ્રાજકની સાથે જ્યાં શ્રમણ ભગવાન મહાવીર સ્વામી બિરાજમાન હતા, ત્યાં જવા માટે ચાલ્યા.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં શાસ્ત્રકારે પ્રભુ મહાવીર દ્વારા ગૌતમ સ્વામીને અપાયેલા સ્કંદક પરિવ્રાજકના આગમનનો, તેમજ સ્કંદકના ભાવિનો સંકેત કર્યો છે.

સ્કંદક પરિવ્રાજક શ્રી ગૌતમના પૂર્વ પરિચિત છે, તેમજ તે કયા લક્ષે અહીં આવી રહ્યા છે ? અહીં આવ્યા પછી પ્રભુના સમાગમે તેનામાં કેવા પ્રકારનું પરિવર્તન થશે ? વગેરે સર્વ વૃતાંત પ્રભુએ ગૌતમ સ્વામીને જણાવ્યો.

જ્યારે સ્કંદક પરિવ્રાજક પધાર્યા ત્યારે શ્રી ગૌતમે તેનું ભવ્ય સ્વાગત કર્યું. પ્રશ્ન એ થાય છે કે જૈનમુનિઓ પોતાના નિયમાનુસાર અસંયતિનું સ્વાગત કરી શકતા નથી. તો ગૌતમે શા માટે સ્વાગત કર્યું ? તેનો ઉત્તર એ છે કે સ્કંદક વર્તમાને અસંયતિ હતા તેમ છતાં પ્રભુએ જણાવ્યું હતું કે તે ભવિષ્યમાં સંયમ સ્વીકાર કરશે. ભાવિ નયની અપેક્ષાએ ગૌતમ સ્વામીએ સ્કંદક પરિવ્રાજકનું સ્વાગત કર્યું અથવા સ્કંદક પરિવ્રાજકના આગમનથી અને પ્રભુ સાથેના વાર્તાલાપથી પ્રભુના જ્ઞાનાતિશયની મહત્તા પ્રગટ થશે, પ્રભુ પ્રત્યેની શ્રદ્ધા, ભક્તિ અને બહુમાનનો ભાવ જાગૃત થશે, આ વિવિધ પ્રકારની વિચારણાથી ગૌતમ સ્વામીએ સ્કંદકનું સ્વાગત કર્યું હોય તેમ પ્રતીત થાય છે. શેષ કથન સૂત્રપાઠથી સ્પષ્ટ છે.

## સ્કંદક પરિવ્રાજકનું પ્રભુ મહાવીર સમીપે ગમન :–

**૨૭ तेणं कालेणं तेणं समएणं समणे भगवं महावीरे वियट्टभोई यावि होत्था । तए णं समणस्स भगवओ महावीरस्स वियट्टभोइस्स सरीरयं ओरालं सिंगारं कल्लाणं सिवं धण्णं मंगल्लं अणलंकिय विभूसियं लक्खणवंजण-गुणोववेयं सिरीए अईव अईव उवसोभेमाणं चिट्ठइ ।**

**ભાવાર્થ :–** તે કાલે, તે સમયે શ્રમણ ભગવાન મહાવીર વ્યાવૃત્તભોજી[પ્રતિદિન આહાર કરનારા] હતા. વ્યાવૃત્તભોજી શ્રમણ ભગવાન મહાવીર સ્વામીનું શરીર ઉદાર[પ્રધાન], શ્રૃંગારરૂપ, અતિશયશોભા સંપન્ન, કલ્યાણરૂપ, ધન્યરૂપ, મંગલરૂપ, અલંકાર વિના પણ સુશોભિત, ઉત્તમ લક્ષણો, વ્યંજનો અને ગુણોથી યુક્ત તથા શારીરિક શોભાથી અત્યંત શોભાયમાન હતું.

**૨૮ तए णं से खंदए कच्चायणसगोत्ते समणस्स भगवओ महावीरस्स वियट्टभोइस्स सरीरयं ओरालं जाव अईव अईव उवसोभेमाणं पासइ, पासिता हट्ठतुट्ठचितमाणंदिए णंदिए पीइमणे परमसोमणसिए हरिसवस-विसप्पमाणहियए जेणेव समणे भगवं महावीरे तेणेव उवागच्छइ, उवागच्छित्ता समणं भगवं महावीरं तिक्खुत्तो आयाहिणं पयाहिणं करेइ जाव पज्जुवासइ ।**

**ભાવાર્થ :–** તત્પશ્ચાત્ વ્યાવૃત્તભોજી શ્રમણ ભગવાન મહાવીરના ઉદાર તેમજ શોભાથી અત્યંત શોભાયમાન શરીરને જોઈને, કાત્યાયન ગોત્રીય સ્કંદક પરિવ્રાજકને અત્યંત હર્ષ થયો, સંતોષ થયો અને તેનું ચિત્ત આનંદિત થયું.

આ રીતે સંતુષ્ટ, આનંદિત અને હર્ષિત થતાં, સ્કંદક પરિવ્રાજક જ્યાં શ્રમણ ભગવાન મહાવીર સ્વામી હતા ત્યાં આવ્યા. ત્યાં જઈને શ્રમણ ભગવાન મહાવીર સ્વામીને જમણી તરફથી આરંભીને ત્રણ વાર પ્રદક્ષિણા કરી, વંદન, નમસ્કારાદિ કરીને પર્યુપાસના કરવા લાગ્યા.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રમાં પ્રભુના શરીરને માટે **लक्खण वंजण गुणोववेयं** વિશેષણનો પ્રયોગ છે. શરીરમાં જે તલ–મસ આદિ હોય તેને વ્યંજન કહેવાય છે અથવા જન્મથી જ જે સ્વાભાવિક હોય તેને 'લક્ષણ' અને પાછળથી જે ચિહ્ન થાય તેને 'વ્યંજન' કહેવાય છે અને સૌભાગ્ય આદિ 'ગુણ' કહેવાય છે અથવા લક્ષણ અને વ્યંજન રૂપ ગુણથી જે યુક્ત હોય તેને 'લક્ષણવ્યંજનગુણોપપેત' કહેવાય છે. પ્રભુની શારીરિક પ્રતિભા જોઈ સ્કંદકને હર્ષ અને સંતોષ થયો.

**वियट्टभोई :–** તેના ત્રણ અર્થ થાય છે. (૧) **विकटभोजी**–અચિત્તભોજી (૨) **व्यावृत्तभोजी– व्यावृत्ते व्यावृत्ते सूर्ये भुङ्क्ते इत्येवंशीलो व्यावृत्तभोजी प्रतिदिन भोजी इत्यर्थः ।** [ભગવતી, અ. વૃત્તિ પત્રાંક ૧૧૮] પુનઃ પુનઃ સૂર્યના આવવા પર અર્થાત્ સૂર્યોદય થવા પર આહાર કરનાર = પ્રતિદિન આહાર કરનાર. [જ્યારે સ્કંદક પરિવ્રાજકે પ્રભુને જોયા ત્યારે પ્રભુ નિત્યભોજી હતા. અર્થાત્ કોઈ તપસ્યા ન હતી.](૩) **व्यावृत्तभोजी** = વ્યાવૃત્ત–નિવૃત્ત, અનેષણીય આહારથી નિવૃત્ત અને એષણીય આહારના ભોક્તા.

## પ્રભુ મહાવીર દ્વારા સ્કંદકના પ્રશ્નોનું સમાધાન :–

**૨૯ खंदया ! त्ति समणे भगवं महावीरे खंदयं कच्चायणसगोत्तं एवं वयासी– से णूणं तुमं खंदया ! सावत्थीए णयरीए पिंगलएणं णियंठेणं वेसालिय– सावए णं इणमक्खेवं पुच्छिए– मागहा ! किं सअंते लोए, अणंते लोए ? एवं तं चेव**

*जाव* **जेणेव ममं अंतिए तेणेव हव्वं आगए । से णूणं खंदया! अयमट्ठे समट्ठे ? हंता, अत्थि ।**

**ભાવાર્થ :–** તત્પશ્ચાત્ હે સ્કંદક ! આ પ્રમાણે સંબોધિત કરીને શ્રમણ ભગવાન મહાવીરે કાત્યાયન ગોત્રીય સ્કંદક પરિવ્રાજકને આ પ્રમાણે કહ્યું, હે સ્કંદક ! શ્રાવસ્તી નગરીમાં વૈશાલિક શ્રાવક પિંગલ નિર્ગ્રંથે તમોને આ પ્રમાણે આક્ષેપ પૂર્વક પૂછ્યું હતું કે, હે માગધ ! લોક સાન્ત છે કે અનંત છે ? ઈત્યાદિ પાંચ પ્રશ્ન પૂછ્યા હતા, તમે તેના ઉત્તર ન આપી શક્યા, ઈત્યાદિ વર્ણન પૂર્વવત્ જાણવું. તે પ્રશ્નોથી વ્યાકુળ થઈને તે પાંચ પ્રશ્નોના ઉત્તર જાણવા માટે તમે મારી પાસે આવ્યા છો. હે સ્કંદક ! શું આ વાત સત્ય છે ? સ્કંદકે કહ્યું–હા ભગવન્ ! આ વાત સત્ય છે.

**૩૦ जे वि य ते खंदया ! अयमेयारूवे अज्झत्थिए चिंतिए पत्थिए मणोगए संकप्पे समुप्पज्जित्था– किं सअंते लोए अणंते लोए ? तस्स वि य णं अयमट्ठे– एवं खलु मए खंदया ! चउव्विहे लोए पण्णत्ते, तं जहा– दव्वओ खेत्तओ कालओ भावओ । दव्वओ णं एगे लोए सअंते, खेत्तओ णं लोए असंखेज्जाओ जोयण– कोडाकोडीओ आयामविक्खंभेणं, असंखेज्जाओ जोयणकोडाकोडीओ परिक्खेवेणं पण्णत्ता, अत्थि पुण से अंते । कालओ णं लोए ण कयाइ ण आसी, ण कयाइ ण भवइ, ण कयाइ ण भविस्सइ, भविंसु य भवइ य भविस्सइ य । धुवे णियए सासए अक्खए अव्वए अवट्ठिए णिच्चे, णत्थि पुण से अंते । भावओ णं लोए अणंत वण्णपज्जवा अणंता गंध-रस-फासपज्जवा, अणंता संठाणपज्जवा, अणंता गुरुय– लहुयपज्जवा अणंता अगरुयलहुयपज्जवा, णत्थि पुण से अंते । से त्तं खंदया ! दव्वाओ लोए सअंते, खेत्तओ लोए सअंते, कालओ लोए अणंते, भावओ लोए अणंते ।**

**ભાવાર્થ :–** હે સ્કંદક ! તમારા મનમાં જે આ પ્રકારે અધ્યવસાય, ચિંતન, અભિલાષા અને સંકલ્પ ઉત્પન્ન થયો હતો કે લોક સાન્ત છે કે અનંત ? તેનો અર્થ[ઉત્તર] આ પ્રમાણે છે. હે સ્કંદક ! મેં ચાર પ્રકારનો લોક કહ્યો છે. તે આ પ્રમાણે છે દ્રવ્યલોક, ક્ષેત્રલોક, કાલલોક અને ભાવલોક.

તે ચારેમાંથી (૧) દ્રવ્યથી–લોક એક છે અને અંત સહિત છે. (૨) ક્ષેત્રથી–લોક અસંખ્ય ક્રોડાક્રોડી યોજનનો લાંબો–પહોળો છે. અસંખ્ય ક્રોડાક્રોડી યોજનની પરિધિવાળો છે. તે અંત સહિત છે. (૩) કાલથી–એવો કોઈ કાલ નથી કે જેમાં લોક ન હતો, એવો કોઈ કાલ છે નહિ કે જેમાં લોક ન હોય અને એવો કોઈ કાલ હશે નહિ કે જેમાં લોક હશે નહિ. લોક સદાને માટે હતો, સદાને માટે છે અને સદાને માટે રહેશે. લોક ધ્રુવ, નિયત, શાશ્વત, અક્ષય, અવ્યય, અવસ્થિત અને નિત્ય છે, તેનો અંત નથી. (૪) ભાવથી– લોક અનંત વર્ણપર્યાય, ગંધપર્યાય, રસપર્યાય અને સ્પર્શપર્યાયરૂપ છે. તે જ રીતે અનંત સંસ્થાન પર્યાયરૂપ,

અનંત ગુરુલઘુપર્યાયરૂપ, અનંત અગુરુલઘુપર્યાયરૂપ છે. તેથી તેનો અંત નથી.

હે સ્કંદક ! આ રીતે દ્રવ્યલોક અંત સહિત છે, ક્ષેત્રલોક અંત સહિત છે. કાલલોક અંત રહિત છે અને ભાવલોક પણ અંત રહિત છે. તેથી લોક અંત સહિત પણ છે અને અંતરહિત પણ છે.

**૩૧ जे वि य ते खंदया ! *जाव* किं सअंते जीवे, अणंते जीवे ? तस्स वि य णं अयमट्ठे– एवं खलु *जाव* दव्वओ णं एगे जीवे सअंते । खेत्तओ णं जीवे असंखेज्ज पएसिए, असंखेज्जपएसोगाढे, अत्थि पुण से अंते । कालओ णं जीवे ण कयाइ ण आसी *जाव* णिच्चे, णत्थि पुण से अंते । भावओ णं जीवे अणंता णाणपज्जवा, अणंता दंसणपज्जवा, अणंता चारित्तपज्जवा, अणंता अगरुलहुयपज्जवा, णत्थि पुण से अंते । से तं खंदया ! दव्वाओ जीवे सअंते, खेत्तओ जीवे सअंते, कालओ जीवे अणंते, भावओ जीवे अणंते ।**

**ભાવાર્થ :–** હે સ્કંદક ! તમારા મનમાં આ સંકલ્પ ઊઠ્યો હતો કે, જીવ સાન્ત છે કે અનંત ? તેનો પણ અર્થ [સ્પષ્ટીકરણ] આ પ્રમાણે છે.

(૧) દ્રવ્યથી– એક જીવ અંતસહિત છે. (૨) ક્ષેત્રથી– જીવ અસંખ્ય પ્રદેશાત્મક છે અને અસંખ્ય પ્રદેશોમાં અવગાહના કરીને રહ્યો છે. તેથી તે અંત સહિત છે. (૩) કાલથી– એવો કોઈ કાલ નથી જેમાં જીવ ન હતો, નથી અને રહેશે નહીં. તેથી જીવ નિત્ય છે, અંત રહિત છે. (૪) ભાવથી– જીવ અનંત જ્ઞાનપર્યાયરૂપ, અનંત દર્શન પર્યાયરૂપ, અનંત ચારિત્ર પર્યાયરૂપ, અનંત અગુરુલઘુપર્યાયરૂપ છે. તેથી તેનો અંત નથી.

આ રીતે હે સ્કંદક ! દ્રવ્યથી અને ક્ષેત્રથી જીવ અંત સહિત છે, કાલથી અને ભાવથી જીવ અંતરહિત છે. તેથી હે સ્કંદક ! જીવ અંતસહિત પણ છે અને અંતરહિત પણ છે.

**૩૨ जे वि य ते खंदया ! इमेयारूवे चिंतिए *जाव* किं सअंता सिद्धि, अणंता सिद्धी ? तस्स वि य णं अयमट्ठे– एवं खलु मए खंदया ! चउव्विहा सिद्धी पण्णत्ता । तं जहा– दव्वओ, खेत्तओ, कालओ, भावओ। दव्वओ णं एगा सिद्धी सअंता । खेत्तओ णं सिद्धी पणयालीसं जोयणसय-सहस्साइं आयामविक्खंभेणं एगा जोयणकोडी बायालीसं च जोयणसय-सहस्साइं तीसं च जोयणसहस्साइं दोण्णि य अउणापण्ण जोयणसए किंचि विसेसाहिए परिक्खेवेणं, अत्थि पुण से अंते । कालओ णं सिद्धी ण कयाइ ण आसी जाव णिच्चे अत्थि पुण से अंते । भावओ य जहा लोयस्स तहा भाणियव्वा । से तं खंदया ! दव्वओ सिद्धी**

**सअंता, खेत्तओ सिद्धी सअंता, कालओ सिद्धी अणंता, भावओ सिद्धी अणंता ।**

**ભાવાર્થ :–** હે સ્કંદક ! તમારા મનમાં આ પ્રકારે વિકલ્પ ઊઠ્યો હતો કે સિદ્ધિ [સિદ્ધ શિલા] સાંત છે કે અનંત છે ? તેનો પણ અર્થ [સમાધાન] આ પ્રમાણે છે– હે સ્કંદક ! મેં ચાર પ્રકારની સિદ્ધિ કહી છે, તે આ પ્રમાણે છે– દ્રવ્યસિદ્ધિ, ક્ષેત્રસિદ્ધિ, કાલસિદ્ધિ અને ભાવસિદ્ધિ.

(૧) દ્રવ્યથી– સિદ્ધિ એક છે અને અંત સહિત છે. (૨) ક્ષેત્રથી– સિદ્ધિ ૪૫ લાખ યોજનની લાંબી પહોળી છે તથા ૧,૪૨,૩૦,૨૪૯[એક કરોડ, બેતાળીસ લાખ, ત્રીસ હજાર, બસ્સો ઓગણપચાસ] યોજનથી કંઈક અધિક તેની પરિધિ છે. તેથી તે અંત સહિત છે. (૩) કાલથી– એવો કાલ નથી કે જેમાં સિદ્ધિ ન હતી. એવો કોઈ કાલ નથી કે જેમાં સિદ્ધિ નથી, એવો કોઈ કાલ હશે નહિ કે જેમાં સિદ્ધિ હશે નહિ, તેથી તે નિત્ય અને અંતરહિત છે. (૪) ભાવથી– જેમ ભાવલોકના સંબંધમાં કહ્યું હતું, તે જ રીતે ભાવથી સિદ્ધિ અંતરહિત છે અર્થાત્ તે અનંત વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, ગુરુલઘુ, અગુરુલઘુ પર્યાયરૂપ છે તથા અંતરહિત છે.

આ રીતે હે સ્કંદક ! દ્રવ્યસિદ્ધિ અને ક્ષેત્રસિદ્ધિ અંતસહિત છે તથા કાલસિદ્ધિ અને ભાવસિદ્ધિ અંત રહિત છે. હે સ્કંદક ! તેથી સિદ્ધિ અંત સહિત પણ છે અને અંત રહિત પણ છે.

**૩૩ जे वि य ते खंदया !** *जाव* **किं सअंते सिद्धे, अणंते सिद्धे ? तं चेव** *जाव* **दव्वओ णं एगे सिद्धे सअंते । खेत्तओ णं सिद्धे असंखेज्जपएसिए, असंखेज्जपएसोगाढे अत्थि पुण से अंते । कालओ णं सिद्धे सादिए अपज्जवसिए, णत्थि पुण से अंते । भावओ णं सिद्धे अणंता णाणपज्जवा, अणंता दंसणपज्जवा, अणंता अगुरुयलहुयपज्जवा, णत्थि पुण से अंते । से तं खंदया ! दव्वओ णं सिद्धे सअंते, खेत्तओ णं सिद्धे सअंते, कालओ णं सिद्धे अणंते, भावओ णं सिद्धे अणंते ।**

**ભાવાર્થ :–** હે સ્કંદક ! પછી તમારા મનમાં આ વિકલ્પ ઉત્પન્ન થયો હતો કે સિદ્ધ અંતસહિત છે કે અંતરહિત ? તેનો અર્થ [સમાધાન] પણ આ પ્રમાણે છે– (૧) દ્રવ્યથી– એક સિદ્ધ અંતસહિત છે. (૨) ક્ષેત્રથી– સિદ્ધ અસંખ્યપ્રદેશાત્મક તથા અસંખ્ય આકાશપ્રદેશને અવગાહીને રહેલા છે. તેથી અંતસહિત છે. (૩) કાલથી– [કોઈ પણ એક] સિદ્ધ આદિ સહિત અને અંત રહિત છે. (૪) ભાવથી– સિદ્ધ અનંત જ્ઞાન પર્યાયરૂપ, અનંત દર્શન પર્યાયરૂપ અને અનંત અગુરુલઘુ પર્યાયરૂપ છે. તેથી અંતરહિત છે. આ રીતે હે સ્કંદક ! દ્રવ્યથી અને ક્ષેત્રથી સિદ્ધ અંતસહિત છે. કાલથી અને ભાવથી સિદ્ધ અંતરહિત છે. તેથી સિદ્ધ અંત સહિત પણ છે અને અંતરહિત પણ છે.

**૩૪ जे वि य ते खंदया ! इमेयारूवे अज्झत्थिए चिंतिए** *जाव* **समुप्पज्जित्था**

**केण वा मरणेणं मरमाणे जीवे वड्ढइ वा हायइ वा ? तस्स वि य णं अयमट्ठे एवं खलु खंदया ! मए दुविहे मरणे पण्णत्ते, तं जहा– बालमरणे य पंडियमरणे य ।**

**ભાવાર્થ :–** હે સ્કંદક ! તમારા મનમાં આ પ્રકારનો અધ્યવસાય, ચિંતન, સંકલ્પ ઉત્પન્ન થયો હતો કે કયા મરણથી મરતા, જીવ સંસારને વધારે છે અને કયા મરણથી મરતા, જીવ સંસારને ઘટાડે છે ? તેનો પણ અર્થ–ઉત્તર આ પ્રમાણે છે. હે સ્કંદક ! મેં બે પ્રકારના મરણ કહ્યાં છે, તે આ પ્રમાણે– બાલમરણ અને પંડિતમરણ.

**૩૫ से किं तं बालमरणे ? बालमरणे दुवालसविहे पण्णत्ते । तं जहा– वलयमरणे, वसट्टमरणे, अंतोसल्लमरणे, तब्भवमरणे, गिरिपडणे, तरुपडणे, जलप्पवेसे, जलणप्पवेसे, विसभक्खणे, सत्थोवाडणे, वेहाणसे, गिद्धपुट्ठे। इच्चेएणं खंदया ! दुवालसविहेणं बालमरणेणं मरमाणे जीवे अणंतेहिं णेरइय-भवग्गहणेहिं अप्पाणं संजोएइ, तिरिय-मणुय-देव जाव अणाइयं च णं अणवदग्गं चाउरंतं संसारकंतारं अणुपरियट्टइ । से त्तं मरमाणे वड्ढइ। से तं बालमरणे ।**

**ભાવાર્થ :–** તે બાલમરણ શું છે ? બાલમરણના બાર પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) વલય મરણ– ગળું મરડીને મરવું. (૨) વશાર્ત મરણ– તરફડતા તરફડતા મરવું, વિષયોને વશ થઈને, રિબાઈને મરવું. (૩) અન્તઃશલ્યમરણ– શરીરમાં કોઈ તીક્ષ્ણ શસ્ત્ર ઘુસાડીને મરવું અથવા સન્માર્ગથી ભ્રષ્ટ થઈને મરવું. (૪) તદ્‌ભવમરણ–મરીને પુનઃ તે જ ભવમાં જન્મ લેવા માટે મરવું, (૫) ગિરિપતન (૬) તરુપતન (૭) જલ પ્રવેશ–પાણીમાં ડૂબીને મરવું (૮) જ્વલનપ્રવેશ–અગ્નિમાં બળીને મરવું (૯) વિષભક્ષણ (૧૦) શસ્ત્રાવપાટન–શસ્ત્રઘાતથી મરવું (૧૧) વૈહાનસ મરણ–ગળામાં ફાંસી ખાઈને અથવા વૃક્ષ આદિ પર લટકીને મરવું. (૧૨) ગૃદ્ધ સ્પૃષ્ટમરણ–ગીધ આદિ પક્ષીઓને શરીરાવયોનું માંસ ખવડાવીને મરવું.

હે સ્કંદક ! આ બાર પ્રકારનાં બાલમરણથી મરતો જીવ અનંતવાર નારકભવોને પ્રાપ્ત કરે છે, તથા અનંત તિર્યંચ, મનુષ્ય અને દેવ ભવોને પ્રાપ્ત કરે છે. આ અનાદિ અનંત ચાતુર્ગતિક સંસારરૂપ કાંતાર[વન]માં વારંવાર પરિભ્રમણ કરે છે. આ રીતે બાર પ્રકારના બાલમરણથી મરતો જીવ પોતાના સંસારને વધારે છે. આ બાલમરણનું સ્વરૂપ છે.

**૩૬ से किं तं पंडियमरणे ? पंडियमरणे दुविहे पण्णत्ते, तं जहा– पाओवगमणे य, भत्तपच्चक्खाणे य ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– પંડિતમરણ શું છે ?

ઉત્તર– પંડિતમરણના બે પ્રકાર છે, તે આ પ્રમાણે છે– પાદપોપગમન અને ભક્તપ્રત્યાખ્યાન.

**૩૭ से किं तं पाओवगमणे ? पाओवगमणे दुविहे पण्णत्ते, तं जहा– णीहारिमे य, अणीहारिमे य । णियमा अप्पडिकम्मे । से तं पाओवगमणे।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– પાદપોપગમન[મરણ] શું છે ?

ઉત્તર– પાદપોપગમન મરણના બે પ્રકાર છે, તે આ પ્રમાણે છે– નિર્હારિમ(જેની અંત્યેષ્ટિ ક્રિયા કરાય) અને અનિર્હારિમ(જેની અંત્યેષ્ટિ ક્રિયા ન કરાય). આ બંને પ્રકારના પાદપોપગમન મરણ નિયમા અપ્રતિકર્મ હોય છે. આ પાદપોપગમન મરણનું સ્વરૂપ છે.

**૩૮ से किं तं भत्तपच्चक्खाणे ? भत्तपच्चक्खाणे दुविहे पण्णत्ते, तं जहा– णीहारिमे य, अणीहारिमे य । णियमा सपडिकम्मे, से तं भत्तपच्चक्खाणे ।**

**इच्चेएणं खंदया ! दुविहेणं पंडियमरणेणं मरमाणे जीवे अणंतहिं णेरइयाभवग्गहणेहिं अप्पाणं विसंजोएइ** *जाव* **वीईवयइ । से तं मरमाणे हायइ । से तं पंडियमरणे ।**

**इच्चेएणं खंदया ! दुविहेणं मरणेणं मरमाणे जीवे वड्ढइ वा, हायइ वा ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– ભક્ત પ્રત્યાખ્યાન [મરણ] શું છે ?

ઉત્તર– ભક્ત પ્રત્યાખ્યાન મરણના બે પ્રકાર છે, તે આ પ્રમાણે છે– નીહારિમ અને અનીહારિમ. આ બંને પ્રકારના ભક્ત પ્રત્યાખ્યાન નિયમા સપ્રતિકર્મ હોય છે. આ ભક્ત પ્રત્યાખ્યાનનું સ્વરૂપ છે.

હે સ્કંદક ! આ બંને પ્રકારનાં પંડિત મરણથી મરતો જીવ, આત્માનું નારકાદિ અનંતભવો સાથે અનુસંધાન કરતો નથી. તે સંસારરૂપ અટવીનું ઉલ્લંઘન કરી જાય છે. આ રીતે બંને પ્રકારનાં પંડિતમરણથી મરતો જીવ સંસારને ઘટાડે છે, આ પંડિતમરણનું સ્વરૂપ છે.

હે સ્કંદક ! આ બે પ્રકાર [બાલમરણ અને પંડિતમરણ]ના મરણથી મરતો જીવ સંસારને (ક્રમશઃ) વધારે છે અને ઘટાડે છે.

## વિવેચન :–

ઉપરોક્ત સૂત્રોમાં સ્કંદક સંન્યાસીના પાંચે પ્રશ્નોના ઉત્તરો છે, જેમાં અનેકાંત દષ્ટિકોણ પ્રતીત થાય છે.

**(૧) લોક સાંત પણ છે અને અનંત પણ છે :–** દ્રવ્યથી એક અને ક્ષેત્રથી અસંખ્ય પ્રદેશાત્મક હોવાથી સાંત છે અને કાળથી તેનું ત્રૈકાલિક અસ્તિત્વ હોવાથી અને ભાવથી તેની વર્ણાદિ અનંત પર્યાયો હોવાથી અનંત છે. લોક જીવ અને અજીવ દ્રવ્યોથી યુક્ત છે. પ્રસ્તુત સૂત્રમાં **लोक्यते इति लोकः** જે દેખાય છે

તે લોક. તે વ્યુત્પત્તિ અનુસાર 'લોક' શબ્દનો અર્થ પુદ્ગલ દ્રવ્ય થાય. પુદ્ગલ એક દ્રવ્ય જ રૂપી છે અને તે દેખાય છે. તેથી જ ભાવલોકમાં પુદ્ગલની વર્ણાદિ પર્યાયનું કથન કર્યું છે.

**(૨) જીવ સાંત છે અને અનંત પણ છે :–** પૂર્વવત્ દ્રવ્ય અને ક્ષેત્રથી સાંત તથા કાલ અને ભાવથી અનંત છે. અહીં ભાવથી જીવમાં જ્ઞાનાદિ અનંત પર્યાય છે.

**(૩) સિદ્ધિ સાંત છે અને અનંતપણ છે :–** અહીં સિદ્ધિનો અર્થ સિદ્ધાલય કર્યો છે. તે ઈષદ્પ્રાગ્ભારા નામની આઠમી પૃથ્વી છે, તે પણ દ્રવ્ય અને ક્ષેત્રથી સાંત અને કાલ અને ભાવથી અનંત છે.

**(૪) સિદ્ધ સાંત છે અને અનંત પણ છે :–** દ્રવ્યની અપેક્ષાએ સિદ્ધ એક છે. આ સિદ્ધાંત મુક્તાત્માના સ્વતંત્ર અસ્તિત્વનો પ્રતિપાદક છે. અનંત જીવ સિદ્ધ થઈ ગયા છે, તે અપેક્ષાએ સિદ્ધ અનંત છે. પરંતુ અહીં એક સિદ્ધની વિવક્ષા છે.

અન્ય દાર્શનિકોની જે માન્યતા છે કે પ્રત્યેક આત્મા ઈશ્વરનો અંશ છે અને જ્યારે તે સિદ્ધ કે મુક્ત થાય ત્યારે ઈશ્વરમાં વિલય પામે છે. જૈન દર્શનાનુસાર પ્રત્યેક સિદ્ધાત્મા સ્વતંત્ર અસ્તિત્વ ધરાવે છે. આ કથનથી ઉપરોક્ત માન્યતાનું નિરાકરણ થઈ જાય છે. આત્મ–સ્વાતંત્ર્યની અપેક્ષાએ જ પ્રભુએ કહ્યું છે કે દ્રવ્યથી સિદ્ધ એક છે. ક્ષેત્રથી અસંખ્યપ્રદેશાત્મક હોવાથી સાંત છે. કાલથી તે અનંત છે. કારણ કે સિદ્ધ પર્યાયનો ક્યારે ય નાશ થતો નથી. સાધારણતઃ અનાદિ વસ્તુ અનંત હોય છે. પરંતુ સિદ્ધ પર્યાય અનાદિ નથી. કારણ કે જીવ સ્વપુરુષાર્થથી અને સર્વ કર્મથી મુક્ત થાય ત્યારે સિદ્ધત્વને પ્રાપ્ત કરે છે, ત્યારે તેની આદિ–પ્રારંભ થાય છે, પરંતુ પ્રાપ્ત થયા પછી તે જીવ પુનઃ કર્મબદ્ધ થતો નથી. તેથી સિદ્ધ અનંત છે. ભાવથી અનંત જ્ઞાનાદિ પર્યાયોની અપેક્ષાએ અનંત છે.

(૫) બાલમરણથી મૃત્યુ પામતા જીવ સંસારને વધારે છે અને પંડિત મરણથી મરતા જીવ સંસારનો અંત કરી શકે છે.

પ્રભુએ બંને પ્રકારના મરણ અને તેના પરિણામની અનેકાંત દૃષ્ટિકોણથી સમીક્ષા કરી છે. કોઈ પણ જીવ જીવન જીવવામાં સ્વતંત્ર છે. તે જ રીતે મૃત્યુને માટે પણ તેની સ્વતંત્રતા છે. આ સ્વતંત્રતાનો સદુપયોગ અને દુરુપયોગ બંને થઈ શકે છે. બાલમરણ તે સ્વતંત્રતાનો દુરુપયોગ છે. કષાયાદિના આવેશથી વ્યક્તિ કોઈ પણ પ્રકારે આત્મહત્યા કરે, તે બાલમરણ છે. તેના બાર પ્રકારનું કથન મૂળ પાઠમાં કર્યું છે. આ મરણમાં કષાયની તીવ્ર પરંપરા હોવાથી વ્યક્તિ જન્મમરણની પરંપરાને વધારે છે.

**गिद्ध पुट्ठ मरण :–** ગૃદ્ધ સ્પૃષ્ટ મરણ. અહીં સ્પૃષ્ટ શબ્દ ગીધ પક્ષીના ચાંચથી ખાવાના અર્થમાં પ્રયુક્ત છે. 'સ્પૃષ્ટ' શબ્દના પ્રાકૃતમાં ત્રણ શબ્દો થાય છે– **पिट्ठ, पुट्ठ, पट्ठ** તેથી પ્રતોમાં ત્રણે પ્રકારના પાઠ મળે છે. આગમમાં સ્પૃષ્ટ શબ્દ માટે **पुट्ठो** શબ્દ બહુ પ્રચલિત છે. તેથી પ્રસ્તુતમાં **गिद्ध पुट्ठ** પાઠ રાખ્યો છે. આ બાલમરણનું તાત્પર્ય છે કે કસાયાવેશથી શરીરાવયવો પર રાતા રંગનો કોઈપણ પદાર્થ લગાવી ગીધ આદિ પક્ષીઓને શરીર ખવડાવીને મરવું.

**તદ્ભવમરણ :–** 'કાશી કરવત લેવી.' લોકોકિત છે કે કોઈ વ્યક્તિને મનુષ્યમાંથી મનુષ્ય જન્મ જ પ્રાપ્ત કરવો હોય તો કાશી જઈને સંકલ્પ પૂર્વક કરવતથી સ્વયં આત્મઘાત કરે તેને પુનઃ મનુષ્યજન્મ પ્રાપ્ત થાય છે. આ પ્રકારના મરણમાં બાલચેષ્ટા હોવાથી તેને બાલમરણ કહે છે.

પંડિતમરણ કે સમાધિમરણમાં કોઈ પણ પ્રકારનો આવેશ નથી. પૂર્ણ શાંત અને સ્વસ્થતા છે. જ્યાં સુધી શરીર આત્મગુણોની વૃદ્ધિમાં સહાયક હોય, ત્યાં સુધી તે જીવન–વહન કરે છે અને જ્યારે તે કાર્યક્ષમ ન રહે, ત્યારે સાધક સ્વેચ્છાથી શરીરનો ત્યાગ કરે, તેને પંડિતમરણ કહે છે. આ પ્રકારની સાધના તેની સ્વતંત્રતાનો સદુપયોગ છે અને સંસારના અંતનો અમોઘ ઉપાય છે. આવા પંડિત મરણના બે પ્રકાર છે.

**(૧) પાદપોપગમન :–** પાદપ–વૃક્ષ. ચારે પ્રકારના આહારનો જીવન પર્યંત ત્યાગ કરીને, વૃક્ષની જેમ નિશ્ચેષ્ટ અર્થાત્ સર્વ પ્રકારની યૌગિક ચેષ્ટાઓથી રહિત બનીને, મૃત્યુ પર્યંત આત્મભાવમાં લીન બની જવું તેને પાદપોગમન કહે છે. તેમાં શરીર સંસ્કાર, સેવા–શુશ્રૂષા આદિ કોઈ પણ પ્રતિકર્મ નથી. તેથી તેને અપ્રતિકર્મ કહે છે.

**(૨) ભક્ત પ્રત્યાખ્યાન :–** જીવન પર્યંત ત્રણ અથવા ચારે આહારનો ત્યાગ કરીને, આત્મભાવમાં રહેવું તે ભક્ત પ્રત્યાખ્યાન છે. તેમાં શારીરિક હલન–ચલન, આવશ્યક્તાનુસાર સેવા–શુશ્રૂષા આદિની છૂટ હોય છે. તેથી તેને સપ્રતિકર્મ કહે છે. પંડિતમરણમાં ઈંગિત મરણનો પણ ઉલ્લેખ છે. પરંતુ તેનો સમાવેશ ભક્ત પ્રત્યાખ્યાનમાં થઈ જાય છે.

બંને પ્રકારના મરણના નીહારિમ અને અનીહારિમ તેવા બે ભેદ થાય છે.

**णीहारिम :–** જેના શરીરનું નીહરણ(અગ્નિસંસ્કાર) થાય તે નીહારિમ અર્થાત્ સાધક જે સ્થાનમાં–(ઉપાશ્રયમાં) મરણ પામે–શરીર છોડે, તે સ્થાનથી અન્યત્ર લઈ જઈને જેના મૃત શરીરની અંતિમવિધિ કરાય છે તેને નીહારિમ કહે છે.

**अणीहारिम :–** જેના શરીરનું નીહરણ(અગ્નિસંસ્કાર) ન થાય અર્થાત્ સાધક જે સ્થાનમાં(જંગલ આદિમાં) શરીર છોડે, તે જ સ્થાનમાં તેના મૃતદેહને છોડી દેવાય. જેના મૃતદેહની કોઈ અંતિમ વિધિ કરવામાં આવતી નથી તેને અનીહારિમ કહે છે.

## સ્કંદકનું નિર્ગ્રંથધર્માચરણ :–

**૩૯ एत्थ णं खंदए कच्चायणसगोत्ते संबुद्धे समणं भगवं महावीरं वंदइ णमंसइ, वंदित्ता णमंसित्ता एवं वयासी– इच्छामि णं भंते ! तुज्झं अंतिए केवलिपण्णत्तं धम्मं णिसामित्तए । अहासुहं देवाणुप्पिया ! मा पडिबंधं।**

**ભાવાર્થ :–** કાત્યાયનગોત્રીય સ્કંદક પરિવ્રાજકને સંબોધ પ્રાપ્ત થયો. તેણે શ્રમણ ભગવાન મહાવીરને

વંદન નમસ્કાર કર્યા, વંદન–નમસ્કાર કરીને આ પ્રમાણે કહ્યું– હે ભગવન્ ! હું આપની પાસે કેવલિપ્રરૂપિત ધર્મ સાંભળવા ઈચ્છું છું. હે દેવાનુપ્રિય ! જેમ તમને સુખ ઊપજે તેમ કરો, શુભકાર્યમાં વિલંબ ન કરો.

**૪૦ तए णं समणे भगवं महावीरे खंदयस्स कच्चायणसगोत्तस्स, तीसे य महइमहालियाए परिसाए धम्मं परिकहेइ । धम्मकहा भाणियव्वा ।**

**ભાવાર્થ :–** તત્પશ્ચાત્ શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ કાત્યાયન ગોત્રીય સ્કંદક પરિવ્રાજકને અને તે અત્યંત વિશાળ પરિષદને ધર્મકથા કહી. [અહીં ધર્મકથાનું વર્ણન ઔપપાતિક સૂત્રાનુસાર કરવું જોઈએ.]

**૪૧ तए णं से खंदए कच्चायणसगोत्ते समणस्स भगवओ महावीरस्स अंतिए धम्मं सोच्चा णिसम्म हट्ठतुट्ठे जाव हियए उट्ठाए उट्ठेइ, उट्ठित्ता समणं भगवं महावीरं तिक्खुत्तो आयाहिणं पयाहिणं करेइ, करित्ता वंदइ णमंसइ, वंदित्ता णमंसित्ता एवं वयासी– सद्दहामि णं भंते ! णिग्गंथं पावयणं, पत्तियामि णं भंते ! णिग्गंथं पावयणं, रोएमि णं भंते ! णिग्गंथं पावयणं, अब्भुट्ठेमि णं भंते ! णिग्गंथं पावयणं; एवमेयं भंते ! तहमेयं भंते! अवितहमेयं भंते ! असंदिद्धमेयं भंते ! इच्छियमेयं भंते ! पडिच्छियमेयं भंते ! इच्छिय पडिच्छियमेयं भंते ! से जहेयं तुब्भे वयह त्ति कट्टु समणं भगवं महावीरं वंदइ णमंसइ, वंदित्ता णमंसित्ता उत्तरपुरत्थिमं दिसीभागं अवक्कममइ, अवक्कमित्ता तिदंडं च कुंडियं च जाव धाउरत्ताओ य एगंते एडेइ, एडित्ता जेणेव समणे भगवं महावीरे तेणेव उवागच्छइ, उवागच्छित्ता समणं भगवं महावीरं तिक्खुत्तो आयाहिणं पयाहिणं करेइ, करित्ता** *जाव* **णमंसित्ता एवं वयासी–**

**ભાવાર્થ :–** તત્પશ્ચાત્ તે કાત્યાયન ગોત્રીય સ્કંદક પરિવ્રાજકે શ્રમણ ભગવાન મહાવીરના શ્રીમુખેથી ધર્મકથા સાંભળી; સાંભળીને, હૃદયમાં અવધારણ કરીને, અત્યંત હર્ષિત થયા, સંતુષ્ટ થયા, તેનું હૃદય હર્ષથી વિકસિત થયું. તદંતર પોતાની ઉત્થાન શકિતથી ઊઠયા, ઊભા થઈને અને શ્રમણ ભગવાન મહાવીરની જમણી બાજુથી ત્રણવાર પ્રદક્ષિણા કરીને, વંદન નમસ્કાર કર્યા, વંદન નમસ્કાર કરીને, સ્કંદક પરિવ્રાજકે આ પ્રમાણે કહ્યું, "હે ભગવન્ ! હું નિર્ગ્રંથ પ્રવચન પર શ્રદ્ધા રાખું છું. હું નિર્ગ્રંથ પ્રવચન પ્રત્યે પ્રીતિ ધરાવું છું. નિર્ગ્રંથ પ્રવચનમાં મને રુચિ છે, હે ભગવન્ ! હું નિર્ગ્રંથ પ્રવચનમાં પ્રવ્રજિત થવા માટે અભ્યુદ્યત થાઉં છું અર્થાત્ નિર્ગ્રંથ પ્રવચનનો સ્વીકાર કરું છું. હે ભગવન્ ! આ નિર્ગ્રંથ પ્રવચન આ જ પ્રકારે છે, આ જ તથ્ય છે, આ સત્ય છે, આ અસંદિગ્ધ છે, ભગવન્ ! આ જ મને ઈષ્ટ છે, પ્રતીષ્ટ છે, ઈષ્ટ–પ્રતીષ્ટ છે. હે ભગવન્ ! જેમ આપ ફરમાવો છો તેમ જ છે." એમ કહી, સ્કંદક પરિવ્રાજકે શ્રમણ ભગવાન મહાવીરને વંદન–નમસ્કાર કર્યા. એ પ્રમાણે કરીને તે ઉત્તર પૂર્વ દિગ્ભાગ [ઈશાનકોણ]માં

ગયા. ત્યાં જઈને, ત્રિદંડ, કમંડળ, ગેરુરંગના વસ્ત્રાદિ, પરિવ્રાજકના ઉપકરણનો એકાંતમાં ત્યાગ કર્યો. ત્યાર પછી જ્યાં શ્રમણ ભગવાન મહાવીર સ્વામી બિરાજમાન હતા ત્યાં આવ્યા. ત્યાં આવીને, શ્રમણ ભગવાન મહાવીરને ત્રણવાર પ્રદક્ષિણા કરી. નમસ્કાર કરીને આ પ્રકારે કહ્યું.

**૪૨ आलित्ते णं भंते ! लोए, पलित्ते णं भंते ! लोए, आलित्तपलित्ते णं भंते ! लोए जराए मरणेण य ।**

**से जहाणामए केइ गाहावई अगारंसि झियायमाणंसि, जे से तत्थ भंडे भवइ, अप्पभारे मोल्लगुरुए तं गहाय आयाए एगंतमंतं अवक्कमइ। एस मे णित्थारिए समाणे पच्छा पुरा य हियाए सुहाए खमाए णिस्सेयसाए आणुगामियत्ताए भविस्सइ ।**

**एवामेव देवाणुप्पिया ! मज्झ वि आया एगे भंडे इट्ठे कंते पिए मणुण्णे मणामे थेज्जे वेस्सासिए संमए अणुमए बहुमए भंडकरंडगसमाणे, मा णं सीयं मा णं उण्हं मा णं खुहा मा णं पिवासा, मा णं चोरा, मा णं वाला, मा णं दंसा, मा णं मसगा, मा णं वाइय-पित्तिय-संभिय(कप्फिय) सण्णिवाइय विविहा रोगायंका परीसहोवसग्गा फुसंतु त्ति कट्टु एस मे णित्थारिए समाणे परलोयस्स हियाए सुहाए खमाए णीसेसाए आणुगामियत्ताए भविस्सइ । तं इच्छामि णं देवाणुप्पिया! सयमेव पव्वावियं, सयमेव मुंडावियं, सयमेव सेहावियं, सयमेव सिक्खावियं सयमेव आयार-गोयरं विणय वेणइय चरण-करण-जाया-मायावत्तियं धम्ममा-इक्खिउं ।**

**ભાવાર્થ :–** હે ભગવન્ ! જરા અને મૃત્યુરૂપી અગ્નિથી આ લોક–સંસાર આદીપ્ત–પ્રદીપ્ત છે; [બળી રહ્યો છે], તે એકદમ બળી રહ્યો છે, વિશેષ બળી રહ્યો છે. જેમ કોઈ ગૃહસ્થના ઘરમાં આગ લાગે અને ઘર બળી રહ્યું હોય, ત્યારે તે બળતા ઘરમાંથી બહુમૂલ્ય અને અલ્પભારવાળા સામાનને પહેલાં બહાર કાઢે છે અને તેને લઈને તે એકાંતમાં જાય છે. તે વિચારે છે કે અગ્નિથી બચાવીને, બહાર કાઢેલો આ સામાન ભવિષ્યમાં, આગળ–પાછળ, મારા માટે હિતરૂપ, સુખરૂપ, ક્ષેમકુશલરૂપ, કલ્યાણરૂપ અને અનુગામીરૂપ [મારી સાથે રહેનાર] થશે. હે દેવાનુપ્રિય ! તે જ રીતે માનવદેહ ધારણ કરેલો મારો આત્મા પણ એક ભાંડ સમાન છે. તે મને ઈષ્ટ, કાંત, પ્રિય, સુંદર, મનોજ્ઞ, મનોરમ, સ્થિરતારૂપ, વિશ્વાસપાત્ર, સમ્મત, અનુમત, બહુમત અને રત્નોના [અથવા આભૂષણોના] પટારા–કરંડિયા સમાન છે. તેથી તેને ઠંડી ન લાગે, ગરમી ન લાગે, તે ભૂખ–પ્યાસથી પીડિત ન થાય, તેને ચોર, સિંહ અને સર્પ હાનિ ન પહોંચાડે, તેને ડાંસ અને મચ્છર ન સતાવે, તથા વાત, પિત્ત, કફ, સન્નિપાત આદિ વિવિધ રોગ અને આંતક [પ્રાણઘાતક રોગ], પરીષહ અને ઉપસર્ગ સ્પર્શ ન કરે, તે રીતે હું તેની યથાર્થ રીતે રક્ષા કરું છું. પૂર્વોક્ત વિઘ્નરહિત થયેલો મારો આત્મા મને પરલોકમાં હિતરૂપ, સુખરૂપ, કુશલરૂપ, કલ્યાણરૂપ અને

અનુગામીરૂપ થશે. હે ભગવન્ ! તેથી હું આપની પાસે પ્રવ્રજિત થઈને, સ્વયં મુંડિત થવા ઈચ્છું છું. મારી ઈચ્છા છે કે આપ સ્વયં જ મને પ્રવ્રજિત કરો, મુંડિત કરો, આપ સ્વયં મને પ્રતિલેખનાદિ ક્રિયા શિખવો. સૂત્ર અને અર્થનું જ્ઞાન પ્રદાન કરો. હું ઈચ્છું છું કે, આપ મને જ્ઞાનાદિ આચાર, ગોચર [ભિક્ષાચરી], વિનય, વિનયનું ફળ, ચારિત્ર [વ્રતાદિ] અને પિંડ વિશુદ્ધિ આદિ કરણ તથા સંયમયાત્રા અને સંયમયાત્રાના નિર્વાહક આહારાદિની માત્રાના ગ્રહણરૂપ ધર્મ કહો.

**૪૩ तए णं समणे भगवं महावीरे खंदयं कच्चायणसगोत्तं सयमेव पव्वावेइ जाव धम्ममाइक्खइ– एवं देवाणुप्पिया ! गंतव्वं, एवं चिट्ठियव्वं, एवं णिसीइयव्वं, एवं तुयट्टियव्वं, एवं भुंजियव्वं एवं भासियव्वं, एवं उट्ठाए उट्ठाय पाणेहिं भूएहिं जीवेहिं सत्तेहिं संजमेणं संजमियव्वं, अस्सिं च णं अट्ठे णो किंचि वि पमाइयव्वं।**

**तए णं से खंदए कच्चायणसगोत्ते समणस्स भगवओ महावीरस्स इमं एयारूवं धम्मियं उवएसं सम्मं संपडिवज्जइ, तमाणाए तह गच्छइ, तह चिट्ठइ, तह णिसीयइ, तह तुयट्टइ, तह भुंजइ, तह भासइ, तह उट्ठाए उट्ठाय पाणेहिं भूएहिं जीवेहिं सत्तेहिं संजेमणं संजमेइ, अस्सिं च णं अट्ठे णो पमायइ ।**

**ભાવાર્થ :–** ત્યારપછી શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ સ્વયમેવ કાત્યાયનગોત્રી સ્કંદક પરિવ્રાજકને પ્રવ્રજિત કર્યા તેમજ મુંડિત આદિ કરીને સ્વયમેવ ધર્મની શિક્ષા આપી. હે દેવાનુપ્રિય ! આ રીતે ચાલવું જોઈએ, આ રીતે ઊભું રહેવું જોઈએ, આ રીતે બેસવું જોઈએ, આ રીતે શયન કરવું જોઈએ, આ રીતે આહાર કરવો જોઈએ, આ રીતે બોલવું જોઈએ. આ રીતે સાવધાનતાપૂર્વક પ્રાણ, ભૂત, જીવ, સત્ત્વના વિષયમાં સંયમપૂર્વક વર્તન કરવું જોઈએ. આ વિષયમાં જરા પણ પ્રમાદ ન કરવો જોઈએ.

તત્પશ્ચાત્ કાત્યાયનગોત્રીય સ્કંદક મુનિએ શ્રમણભગવાન મહાવીરના પૂર્વોક્ત ધાર્મિક ઉપદેશનો સમ્યક્ પ્રકારે સ્વીકાર કર્યો અને જે પ્રકારે ભગવાન મહાવીરની આજ્ઞા હતી, તદનુસાર શ્રી સ્કંદક મુનિ ચાલવા લાગ્યા, તે જ રીતે ઊભા રહેવા લાગ્યા, તે જ રીતે બેસવા લાગ્યા, શયન કરવા લાગ્યા, ભોજન કરવા લાગ્યા, બોલવાની ક્રિયા કરવા લાગ્યા તથા તે જ પ્રમાણે પ્રાણ, ભૂત, જીવ અને સત્વો પ્રતિ સંયમપૂર્વક વર્તન કરવા લાગ્યા. આ વિષયમાં કિંચિત્ માત્ર પણ પ્રમાદ કરતા નહીં.

**૪૪ तए णं से खंदए कच्चायणसगोत्ते, अणगारे जाए, इरियासमिए भासासमिए एसणासमिए आयणभंडमत्त-णिक्खेवणासमिए, उच्चार-पासवण–खेल– जल्ल– सिंघाण परिट्ठावणियासमिए, मणसमिए, वयसमिए कायसमिए, मणगुत्ते वयगुत्ते कायगुत्ते, गुत्ते गुत्तिंदिए गुत्तबंभयारी, चाई लज्जू धण्णे खंतिखमे जिइंदिए सोहिए अणियाणे अप्पुस्सुए अबहिल्लेसे सुसामण्णरए**

**दंते, इणमेव णिग्गंथं पावयणं पुरओ काउं विहरइ ।**

**ભાવાર્થ :–** હવે તે કાત્યાયનગોત્રીય સ્કંદક, અણગાર બની ગયા, તે ઈર્યાસમિતિ, ભાષા સમિતિ, એષણા સમિતિ, આદાનભંડ માત્ર નિક્ષેપણા સમિતિ, ઉચ્ચાર–પ્રસવણ–ખેલ–જલ્લ–સિંઘાણ પરિષ્ઠાપનિકા સમિતિ, અને મનસમિતિ, વચનસમિતિ અને કાયસમિતિ આ આઠ સમિતિઓનું સમ્યક્રૂપે સાવધાનતાપૂર્વક પાલન કરવા લાગ્યા. મનોગુપ્તિ, વચનગુપ્તિ અને કાયગુપ્તિથી ગુપ્ત રહેવા લાગ્યા. અર્થાત્ મન, વચન અને કાયાને વશમાં રાખવા લાગ્યા. ગુપ્ત–તે સર્વને વશમાં રાખનાર, ઈન્દ્રિયોને ગુપ્ત [વશમાં] રાખનાર, ગુપ્તબ્રહ્મચારી, ત્યાગી, લજ્જાવાન, ધન્ય [પુણ્યવાન અથવા ધર્મ ધનવાન], ક્ષમાવાન, જિતેન્દ્રિય, વ્રત આદિના શોધક–શુદ્ધિપૂર્વક આચરણ કરનાર, નિદાન રહિત, આકાંક્ષારહિત, ઉત્સુકતા રહિત, ચિત્તને સંયમભાવની બહાર ન રાખનાર, સાધુવ્રતોમાં રત–લીન, દાન્ત, સ્કંદક મુનિ આ નિર્ગ્રંથ પ્રવચનને સન્મુખ રાખીને વિચરણ કરવા લાગ્યા અર્થાત્ નિર્ગ્રંથ પ્રવચનાનુસાર સર્વ ક્રિયાઓ કરવા લાગ્યા.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં સ્કંદક પરિવ્રાજકનું પ્રભુ સમીપે ધર્મશ્રવણ, ધર્મશ્રદ્ધા, વૈરાગ્યભાવની જાગૃતિ, સંયમદાન માટે પ્રભુને વિનંતિ, પ્રભુ તરફથી સંયમદાન તેમજ જ્ઞાનદાન અને અંતે સ્કંદક અણગારની સંયમ સાધનાનું નિરૂપણ છે.

પૂર્વોક્ત વર્ણન પરથી કેટલીક વાતોની સ્પષ્ટતા થાય છે. તે સમયે એક સંપ્રદાયથી અન્ય સંપ્રદાયમાં દીક્ષિત થવાની પરંપરા બહુ જટિલ ન હતી. વિચાર પરિવર્તન થયા પછી કોઈ પણ વ્યક્તિ ગમે ત્યાં, ગમે ત્યારે દીક્ષિત થઈ શકતા હતા. તેમાં કોઈ વિવાદનો વિષય ન હતો. સ્કંદક પરિવ્રાજકને નિર્ગ્રંથ પ્રવચન પર શ્રદ્ધા થઈ, તેણે પ્રભુને સંયમદાન માટે વિનંતિ કરી અને તરતજ પ્રભુએ તેને પોતાના સંઘમાં પ્રવ્રજિત કર્યા.

પ્રવ્રજિત કરવાની સાથે પ્રભુએ તેને મુંડિત કર્યા આદિ ચાર બોલનો ઉલ્લેખ શાસ્ત્રકારે કર્યો છે. વૃત્તિકારે આ ચારે પદનો ક્રમ બતાવ્યો છે. તે અનુસાર **पव्वावियं** = પ્રવ્રાજન–મુનિવેશ આપવો, **मुंडावियं** = મુંડાપન–કેશલુંચન કરવુ, **सेहावियं** = શૈક્ષાપિત– દિનચર્યા સંબંધિત દશ સમાચારી આદિનું જ્ઞાન આપવું, **सिक्खावियं** = શિક્ષાપિત–અધ્યયન કરાવવું. સૂત્રમાં આ ચારે પદ એક સાથે પ્રયુક્ત છે. **आयारगोयरं** = આચાર [જ્ઞાનાદિ પાંચ આચાર] અને ગૌચરી– ભિક્ષાટન વિષયક જ્ઞાન, **विणय** = અનુશાસન અથવા વિનમ્રતા, **वेणइयं** = વિનયનું ફળ, **जायामायावत्तियं** = સંયમયાત્રા અને આહારની માત્રાનો વ્યવહાર–વૃત્તિ, **चरण** = તે વ્રતાદિનો સૂચક છે. તે ચરણસિત્તરી નામથી પ્રસિદ્ધ છે, **करण** = પિંડવિશુદ્ધિ. તે કરણસિત્તરી નામથી પ્રસિદ્ધ છે.

શૈક્ષ– નવદીક્ષિત સાધુને મુનિજીવનની સાધના માટે આ ક્રમથી જ્ઞાન આપવામાં આવે છે.

**મુનિ જીવન :–** સૂત્રમાં વર્ણિત સ્કંદક અણગારની મુનિ જીવનની સાધના પરથી જૈનમુનિની એક જીવંત પ્રતિમા ઉપસ્થિત થાય છે. મુનિજીવનના બાહ્ય અને આંતરિક બંને સ્વરૂપ પ્રગટ થાય છે. ચાલવું, બેસવું આદિ છ ક્રિયાઓ જીવન યાત્રાની સામાન્ય પ્રવૃત્તિ છે. પરંતુ તે જ પ્રવૃત્તિ સંયમપૂર્વક–જતનાપૂર્વક થાય ત્યારે તેને સમિતિ કહેવાય છે.

સાધનાક્ષેત્રમાં પ્રવૃત્તિ અને નિવૃત્તિ બંનેનો સમન્વય અપેક્ષિત છે. પ્રવૃત્તિ વિના જીવન–યાત્રા થતી નથી અને નિવૃત્તિ વિના પ્રવૃત્તિમાં ઉત્પન્ન થયેલી સમસ્યાનું સમાધાન થતું નથી. તેથી જ મુનિ જીવનમાં સમિતિ અને ગુપ્તિ બંનેનું મહત્વ છે. સમિતિ–સમ્યક્ પ્રવૃત્તિને અને ગુપ્તિ–નિવૃત્તિને સૂચિત કરે છે. મુનિ ઈર્યા આદિ પાંચ સમિતિ તેમજ મન, વચન અને કાયાની સમિતિથી યુક્ત હોય અને ત્રણે યોગનો નિગ્રહ કરીને, મન ગુપ્ત, વચનગુપ્ત અને કાયગુપ્ત હોય છે. તે ઉપરાંત મુનિ જીવનને પવિત્ર અને વિશુદ્ધ બનાવનાર અન્ય આવશ્યક ગુણોને પણ અહીં પ્રગટ કર્યા છે. યથા–ગુપ્તબ્રહ્મચારી, ત્યાગી, અધર્મના કાર્યમાં લજ્જાવાન, ક્ષમાપ્રધાન, જિતેન્દ્રિય, અનિદાની, આકાંક્ષા કે ઉત્સુકતા રહિત, સંયમમાં રત, આદિ ગુણોનું પ્રગટીકરણ તે જ મુનિ જીવનની સાધના છે. તેમજ અંતિમ પદ છે કે **इणमेव णिगंथं पावयणं पुरओ काउं विहरइ ।** આ નિર્ગ્રંથ પ્રવચનને જીવન સમક્ષ રાખીને અર્થાત્ નિર્ગ્રંથ પ્રવચનાનુસાર તે સમગ્ર જીવનને વહન કરેછે. અહીં સંપૂર્ણ શ્રદ્ધા સાથે પૂર્ણ સમર્પણ ભાવ પ્રગટ થયો છે.

આ રીતે જૈનમુનિ કેવા હોય ? તેનો જીવન વ્યવહાર કેવો હોય ? તેનું સર્વાંગીણ ચિત્ર અહીં પ્રગટ થયું છે.

## સ્કંદક અણગારની તપારાધના :–

**૪૫ तए णं समणं भगवं महावीरे कयंगलाओ णयरीओ छत्त पलासयाओ चेइयाओ पडिणिक्खमइ, पडिणिक्खमित्ता बहिया जणवयविहारं विहरइ।**

**ભાવાર્થ :–** તત્પશ્ચાત્ શ્રમણ ભગવાન મહાવીર સ્વામી કૃતંગલા નગરીના છત્રપલાશક ઉદ્યાનમાંથી નીકળ્યા અને બહારનાં અન્ય જનપદોમાં વિચરણ કરવા લાગ્યા.

**૪૬ तए णं से खंदए अणगारे समणस्स भगवओ महावीरस्स तहारूवाणं थेराणं अंतिए सामाइयमाइयाइं एक्कारस अंगाइं अहिज्जइ, अहिज्जित्ता जेणेव समणे भगवं महावीरे तेणेव उवागच्छइ, उवागच्छित्ता समणं भगवं महावीरं वंदइ णमंसइ, वंदित्ता णमंसित्ता एवं वयासी– इच्छामि णं भंते! तुब्भेहिं अब्भणुण्णाए समाणे मासियं भिक्खुपडिमं उवसंपज्जित्ता णं विहरित्तए । अहासुहं देवाणुप्पिया! मा पडिबंधं ।**

**तए णं से खंदए अणगारे समणेणं भगवया महावीरेणं अब्भणुण्णाए समाणे इट्ठे जाव णमंसित्ता मासियं भिक्खुपडिमं उवसंपज्जिताणं विहरइ।**

**ભાવાર્થ :–** તત્પશ્ચાત્ સ્કંદક અણગારે શ્રમણ ભગવાન મહાવીરના તથારૂપના સ્થવિરો પાસે સામાયિક આદિ ૧૧ અંગોનું અધ્યયન કર્યું. શાસ્ત્રાધ્યયન કર્યા પછી તેમણે શ્રમણ ભગવાન મહાવીર પાસે આવીને વંદન– નમસ્કાર કરીને, આ પ્રમાણે કહ્યું, હે ભગવન્ ! આપની આજ્ઞા હોય તો હું માસિકી ભિક્ષુપ્રતિમા અંગીકાર કરીને વિચરણ કરવાની ઈચ્છા રાખું છું.

**ભગવાન–** "હે દેવાનુપ્રિય ! જેમ તમને સુખ ઊપજે તેમ કરો, શુભ કાર્યમાં વિલંબ ન કરો."

તત્પશ્ચાત્ સ્કંદક અણગાર, શ્રમણ ભગવાન મહાવીરની આજ્ઞા પ્રાપ્ત કરીને, અત્યંત હર્ષિત થયા અને ભગવાન મહાવીરને નમસ્કાર કરીને, માસિકી ભિક્ષુપ્રતિમા અંગીકાર કરીને વિચરણ કરવા લાગ્યા.

**૪૭ तए णं से खंदए अणगारे मासियं भिक्खुपडिमं अहासुत्तं अहाकप्पं अहामग्गं अहातच्चं अहासम्मं काएण फासेइ पालेइ सोहेइ तीरेइ पूरेइ किट्टेइ अणुपालेइ, आणाए आहाहेइ, सम्मं काएंण फासित्ता जाव आराहेत्ता जेणेव समणे भगवं महावीरे तेणेव उवागच्छइ, उवागच्छित्ता समणं भगवं महावीरं वंदित्ता णमंसित्ता एवं वयासी– इच्छामि णं भंते ! तुब्भेहिं अब्भणुण्णाए समाणे दोमासियं भिक्खुपडिमं उवसंपज्जित्ता णं विहरित्तए, अहासुहं देवाणुप्पिया ! मा पडिबंधं, तं चेव ।**

**एवं तेमासियं, चाउम्मासियं, पंचमासियं, छम्मासियं, सत्तमासियं, पढमं सत्तराइंदियं, दोच्चं सत्तराइंदियं, तच्चं सत्तराइंदियं, अहोराइंदियं, एगराइयं ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી, સ્કંદક અણગારે માસિકી ભિક્ષુપ્રતિમાનો સૂત્રાનુસાર, કલ્પ–આચાર અનુસાર, માર્ગાનુસાર, યથાતથ્ય[સત્યતાપૂર્વક]સમ્યક્ પ્રકારે કાયાથી સ્પર્શ કર્યો, પાલન કર્યું, શુદ્ધતાપૂર્વકનું આચરણ કર્યું, પાર કરી, સમાપ્ત કરી, પૂર્ણકરી, તેનું કીર્તન કર્યું, તેનું અનુપાલન કર્યું અને આજ્ઞાનુસાર તેની આરાધના કરી. ઉક્ત પ્રતિમાને કાયાથી સમ્યક્ રીતે સ્પર્શ કરીને, આજ્ઞાપૂર્વક આરાધના કરીને, જ્યાં શ્રમણ ભગવાન મહાવીર બિરાજમાન હતા, ત્યાં આવ્યા. શ્રમણ ભગવાન મહાવીરને વંદન–નમસ્કાર કરીને આ પ્રમાણે કહ્યું, હે ભગવન્ ! આપની આજ્ઞા હોય તો હું દ્વિમાસિકી ભિક્ષુપ્રતિમા સ્વીકાર કરીને, વિચરણ કરવાની ઈચ્છા રાખું છું.

**ભગવાન–** "હે દેવાનુપ્રિય ! આપને જેમ સુખ ઊપજે તેમ કરો. શુભ કાર્યમાં વિલંબ ન કરો."

તત્પશ્ચાત્ સ્કંદક અણગારે દ્વિમાસિકી ભિક્ષુ પ્રતિમાનો સ્વીકાર કર્યો અને તેનું સમ્યક્ આરાધન કર્યું.

આ રીતે ત્રૈમાસિકી, ચાતુર્માસિકી, પંચમાસિકી, છમાસિકી અને સપ્તમાસિકી ભિક્ષુ પ્રતિમાની યથાવત્ આરાધના કરી. તત્પશ્ચાત્ પ્રથમ સપ્ત રાત્રિ–દિવસની, દ્વિતીય સપ્ત રાત્રિ–દિવસની અને

તૃતીય સપ્ત રાત્રિ દિવસની, પછી એક અહોરાત્રિની તથા એક રાત્રિની, આ રીતે બાર ભિક્ષુપ્રતિમાનું સૂત્રાનુસાર, કલ્પનાનુસાર, માર્ગાનુસાર આજ્ઞાપૂર્વક સમ્યક્ આરાધન કર્યુ.

**૪૮ तए णं से खंदए अणगारे एगराइयं भिक्खुपडिमं अहासुत्तं जाव आराहेत्ता जेणेव समणे भगवं महावीरे तेणेव उवागच्छइ, उवागच्छित्ता समणं भगवं महावीरं वंदित्ता णमंसित्ता एवं वयासी– इच्छामि णं भंते ! तुब्भेहिं अब्भणुण्णाए समाणे गुणरयणसंवरच्छरं तवोकम्मं उवसंपज्जित्ता णं विहरित्तए । आहासुहं देवाणुप्पिया । मा पडिबंधं ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી સ્કંદક અણગાર અંતિમ ભિક્ષુપ્રતિમાનું યથાસૂત્ર, આજ્ઞાપૂર્વક સમ્યક્ આરાધન કરી, જ્યાં શ્રમણ ભગવાન મહાવીર બિરાજમાન હતા, ત્યાં આવ્યા, આવીને શ્રમણ ભગવાન મહાવીરને વંદન–નમસ્કાર કરીને, આ પ્રમાણે કહ્યું– હે ભગવન્ ! આપની આજ્ઞા હોય તો હું "ગુણરત્ન સંવત્સર" નામનું તપ અંગીકાર કરીને, વિચરણ કરવાની ઈચ્છા રાખું છું.

ભગવાને કહ્યું– "જેમ તમને સુખ ઊપજે તેમ કરો. ધર્મકાર્યમાં વિલંબ ન કરો."

**૪૯ तए णं से खंदए अणगारे समणेणं भगवया महावीरेणं अब्भणुण्णाए समाणे जाव णमंसित्ता गुणरयणसंवच्छरं तवोकम्मं उवसंपज्जित्ता णं विहरइ । तं जहा– पढमं मासं चउत्थंचउत्थेणं अणिक्खित्तेणं तवोकम्मेणं दिया ठाणुक्कुडुए सूराभिमुहे आयावणभूमीए आयावेमाणे, रत्तिं वीरासणेणं अवाउडेण य । एवं दोच्चं मासं छट्ठंछट्ठेणं अणिक्खित्तेणं दिया ठाणुक्कुडुए सूराभिमुहे आयावणभूमीए आयावेमाणे, रत्तिं वीरासणेणं अवाउडेण य । एवं तच्चं मासं अट्ठमंअट्ठमेणं, चउत्थं मासं दसमंदसमेणं, पंचमं मासं बारसमंबारसमेणं, छट्ठं मासं चउद्दसमंचउद्दसमेणं, सत्तमं मासं सोलसमंसोलसमेणं, अट्ठमं मासं अट्ठारसमंअट्ठारसमेणं, णवमं मासं वीसइमं– विसइमेणं, दसमं मासं बावीसइमंबावीसइमेणं, एक्कारसमं मासं चउवीसइमं– चउवीसइमेणं, बारसमं मासं छव्वीसइमंछव्वीसइमेणं, तेरसमं मासं अट्ठावीसइमं अट्ठावीसइमेणं, चउद्दसमं मासं तीसइमं तीसइमेणं, पण्णरसमं मासं बत्तीसइमं बत्तीसइमेणं, सोलसं मासं चोत्तीसइमं चोत्तीसइमेणं अणिक्खित्तेणं तवोकम्मेणं दिया ठाणुक्कुडुए सूराभिमुहे आयवणभूमीए आयावेमाणे, रत्तिं वीरासणेणं अवा–उडेणं ।**

**ભાવાર્થ :–** તત્પશ્ચાત્ શ્રમણ ભગવાનની આજ્ઞા પ્રાપ્ત કરીને, વંદન–નમસ્કાર કરીને સ્કંદક અણગાર

ગુણરત્ન સંવત્સર નામના તપશ્ચરણનો સ્વીકાર કરીને, વિચરવા લાગ્યા. ગુણરત્ન સંવત્સર તપની વિધિ આ પ્રમાણે છે–

પહેલા મહિનામાં નિરંતર ચતુર્થભક્ત તપકર્મ ઉપવાસ કરવા. દિવસે સૂર્ય સન્મુખ દષ્ટિ રાખી, આતાપના ભૂમિમાં ઉત્કટુક આસને સ્થિત થઈને, સૂર્યની આતાપના લેવી અને રાત્રિએ અપાવૃત્ત–નિર્વસ્ત્ર થઈ, વીરાસને સ્થિત થઈને, ઠંડી સહન કરવી. બીજા મહિનામાં નિરંતર છઠના પારણે છઠ કરવા. દિવસે ઉત્કટુક–ઉભડક આસને બેસી સૂર્યની સન્મુખ મુખ રાખીને, સૂર્યની આતાપના લેવી, રાત્રિએ નિર્વસ્ત્ર થઈને, વીરાસને બેસીને, ઠંડી સહન કરવી. ત્રીજા માસે ઉપર્યુક્ત વિધિ અનુસાર નિરંતર અટ્ઠમના પારણે અટ્ઠમ કરવા. આ જ વિધિ અનુસાર ચોથા મહિને ચાર ઉપવાસના પારણે ચાર ઉપવાસ , પાંચમા મહિને પાંચ ઉપવાસના પારણે પાંચ ઉપવાસ, છટ્ઠા મહિને નિરંતર છ ઉપવાસના પારણે છ ઉપવાસ, સાતમા મહિને સાત ઉપવાસના પારણે સાત ઉપવાસ, આઠમા મહિને આઠ ઉપવાસના પારણે આઠ ઉપવાસ, નવમા મહિને નવ–નવ ઉપવાસ, દશમા મહિને દશ–દશ ઉપવાસ, અગિયારમા મહિને અગિયાર–અગિયાર ઉપવાસ, બારમા મહિને બાર–બાર ઉપવાસ, તેરમા મહિને તેર–તેર ઉપવાસ, ચૌદમા મહિને ચૌદ–ચૌદ ઉપવાસ, પંદરમા મહિને પંદર–પંદર ઉપવાસ, સોળમા મહિને નિરંતર સોળ સોળ ઉપવાસ કરવા. આ સર્વ તપસ્યામાં દિવસે ઉત્કટુકાસને સ્થિત થઈને, સૂર્ય સન્મુખ મુખ કરીને, આતાપના ભૂમિમાં આતાપના લેવી. રાત્રીના સમયે વસ્ત્રરહિત થઈને, વીરાસનમાં બેસીને, ઠંડી સહન કરવી.

**૫૦ तए णं से खंदए अणगारे गुणरयणसंवच्छरं तवोकम्मं अहासुत्तं अहाकप्पं जाव आराहेत्ता जेणेव समणे भगवं महावीरे, तेणेव उवागच्छइ, उवागच्छित्ता समणं भगवं महावीरं वंदइ णमंसइ, वंदित्ता णमंसित्ता बहूहिं चउत्थ-छट्ठ-अट्ठम-दसम-दुवालसेहिं, मासद्धमासखमणेहिं विचित्तेहिं तवोकम्मेहिं अप्पाणं भावेमाणे विहरइ ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી સ્કંદક અણગારે [ઉપરોક્ત વિધિ અનુસાર] ગુણરત્નસંવત્સર નામના તપશ્ચરણની સૂત્રાનુસાર, કલ્પાનુસાર આદિ પૂર્વવત્ આરાધના કરી. તત્પશ્ચાત્ જ્યાં શ્રમણ ભગવાન મહાવીર બિરાજમાન હતા, ત્યાં તે આવ્યા અને શ્રમણ ભગવાન મહાવીરને વંદન–નમસ્કાર કર્યા. પછી તે અનેક ઉપવાસ, છઠ, અટ્ઠમ, ચાર ઉપવાસ, પાંચ ઉપવાસ, માસખમણ, અર્દ્ધમાસખમણ ઈત્યાદિ વિવિધ પ્રકારના તપથી આત્માને ભાવિત કરતાં વિચરવા લાગ્યા.

**૫૧ तए णं से खंदए अणगारे तेणं उरालेणं, विउलेणं पयत्तेणं पग्गहिएणं कल्लाणेणं सिवेणं धण्णेणं मंगल्लेणं सस्सिरीएणं उदग्गेणं उदत्तेणं उत्तमेणं उदारेणं महाणुभागेणं तवोकम्मेणं सुक्के लुक्खे णिम्मंसे अट्ठि-चम्मावणद्धे किडिकिडिया–**

**भूए किसे धमणिसंत्तए जाए यावि होत्था । जीवंजीवेण गच्छइ, जीवंजीवेण चिट्ठइ, भासं भासित्ता वि गिलाइ, भासं भासमाणे गिलाइ, भां भासिस्सामीति गिलाइ। से जहाणामए कट्ठसगडिया इ वा पत्तसगडिया इ वा पत्ततिल-भंडगसगडिया इ वा एरंडकट्ठसगडिया इ वा इंगालसगडिया इ वा उण्हे दिण्णा सुक्का समाणी ससद्दं गच्छइ, ससद्दं चिट्ठइ, एवामेव खंदए वि अणगारे ससद्दं गच्छइ, ससद्दं चिट्ठइ, उवचिए तवेणं, अवचिए मंससोणिएणं, हुयासणे विव भासरासिपडिच्छण्णे तवेणं तेएणं, तवतेयसिरीए अईव अईव उवसोभेमाणे चिट्ठइ ।**

**ભાવાર્થ :–** તત્પશ્ચાત્ તે ઉદાર, વિપુલ, પ્રયત્ન પૂર્વક પ્રગૃહીત, કલ્યાણરૂપ, શિવરૂપ, ધન્યરૂપ, મંગલરૂપ, શ્રીયુક્ત[શોભાસ્પદ], ઉત્તમ, ઉદગ્ર–ઉત્તરોત્તર વૃદ્ધિ યુક્ત, ઉદાત્ત–ઉજ્જવલ, સુંદર, ઉદાર અને મહાપ્રભાવશાળી તપકર્મથી તેનું શરીર શુષ્ક થઈ ગયું, રૂક્ષ થઈ ગયું, માંસ રહિત થઈ ગયું. તેના શરીરમાં માત્ર હાડકા અને ચામડા જ રહ્યા હતા. ચાલતા સમયે તેમના હાડકાં ખડખડ અવાજ કરતાં હતાં, તે કૃશ અને દુર્બલ થઈ ગયા હતા, તેની નસો સ્પષ્ટ જણાતી હતી. હવે તે કેવલ આત્મબળથી ચાલતા હતા, આત્મબળથી ઊભા રહેતા હતા તથા તે એટલા દુર્બળ થઈ ગયા હતા કે ભાષા બોલ્યા પછી, ભાષા બોલતાં બોલતાં પણ અને ભાષા બોલીશ એવા વિચારથી ગ્લાનિને પ્રાપ્ત થતા હતા.[તેને બોલવામાં પણ કષ્ટ થતું હતું.] જેમ કોઈ સૂકા લાકડાથી ભરેલી ગાડી હોય, પાંદડાથી ભરેલી ગાડી હોય, તલ અને અન્ય સૂકા સામાનથી ભરેલી ગાડી હોય, એરંડાના લાકડાથી ભરેલી ગાડી હોય કે કોલસાથી ભરેલી ગાડી હોય, સર્વ ગાડીઓ[ગાડીમાં ભરેલી સામગ્રી] તાપથી સારી રીતે સુકાઈ ગઈ હોય અને પછી તેને ચલાવે તો તે ખડખડ અવાજ કરતી ચાલે છે, ઊભી રહે છે. તે જ રીતે જ્યારે સ્કંદક અણગાર ચાલે, ઊભા રહે, ત્યારે ખડખડ અવાજ થતો હતો. યદ્યપિ તે શરીરથી દુર્બલ થઈ ગયા હતા તથાપિ તપથી પુષ્ટ હતા. તેનું માંસ અને રક્ત ક્ષીણ[અત્યંત અલ્પ] થઈ ગયું હતું પરંતુ રાખથી ઢાંકેલી અગ્નિની જેમ તે તપ અને તેજથી તથા તપ–તેજની શોભાથી અતીવ–અતીવ સુશોભિત થઈ રહ્યા હતા.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રોમાં નિર્ગ્રંથ દીક્ષા પછી સ્કંદક અણગાર દ્વારા જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપની આરાધના કેવી રીતે કરવામાં આવી હતી, તેનું સાંગોપાંગ વિવરણ પ્રસ્તુત કર્યું છે.

**બાર ભિક્ષુ પ્રતિમા :–** વૃત્તિકારે 'પ્રતિમા' શબ્દનો અર્થ 'અભિગ્રહ' કર્યો છે. પ્રતિમાનું વિસ્તૃત વર્ણન, તેનું કાલમાન, તપસ્યા, સ્થાન, આસન વગેરે દશાશ્રુત સ્કંધથી જાણી લેવું જોઈએ.

બાર પ્રતિમાના કાલમાન વિષયક ટીકાકારે સ્પષ્ટતા કરી છે કે **दो मासिया ति मासिया** આ પાઠથી દ્વિતીય એક માસિકી, તૃતીયા એક માસિકી. આ પ્રકારે અર્થ કરવો જોઈએ. કારણ કે આ પ્રતિમાઓનું પાલન નિરંતર શીત અને ગ્રીષ્મ કાલના આઠ માસમાં જ કરાય છે. ચાતુર્માસમાં પ્રતિમાનું પાલન થતું

નથી અથવા પૂર્વની પ્રતિમાઓના એક, બે માસ પણ ત્યાર પછીની પ્રતિમામાં સમ્મિલત થઈ જાય છે. તેથી દ્વિમાસિકી, ત્રિમાસિકી તે પ્રકારે કથન કરાય છે અથવા પ્રત્યેક પ્રતિમાનો સમય એક માસનો જ છે પરંતુ પ્રત્યેક પ્રતિમામાં આહારની દત્તિઓની વૃદ્ધિના કારણે ક્રમશઃ દ્વિમાસિકી, ત્રિમાસિકી આ પ્રકારે કથન કરાય છે.

**અહોરાત્રિ :–** અગિયારમી પ્રતિમા અહોરાત્ર–આઠ પ્રહરની છે અને બારમી પ્રતિમા એકરાત્રિ–ચાર પ્રહરની છે. અગિયારમી અને બારમી પ્રતિમાની આરાધના છઠ અને અઠ્ઠમતપ પૂર્વક કરાય છે. આ રીતે તેનું તપ ક્રમશઃ બે દિવસ અને ત્રણ દિવસનું છે. પરંતુ તેમાં કાયોત્સર્ગ ક્રમશઃ અહોરાત્ર અને એક રાત્રિ પર્યંત જ કરવાનો હોય છે. આ કાયોત્સર્ગના કાલમાનની મુખ્યતાએ તેના નામ અહોરાત્રિની અને એકરાત્રિની છે તે સાર્થક છે.

**ભિક્ષુ પ્રતિમાના આરાધકની યોગ્યતા :–** સુદઢ સંઘયણ સંપન્ન, ધૃતિસંપન્ન, શક્તિસંપન્ન, વિશિષ્ટ શ્રુતજ્ઞાનના ધારક જ પ્રતિમાનું આરાધન કરી શકે છે.

**જ્ઞાન સંપદા :–** જઘન્ય નવમાં પૂર્વની ત્રીજી આચાર વસ્તુ અને ઉત્કૃષ્ટ કંઈક ન્યૂન દશપૂર્વનું શ્રુતજ્ઞાન હોવું આવશ્યક છે.

વૃત્તિકારે પ્રશ્ન કર્યો છે કે સ્કંદક અણગાર તો કેવળ અગિયાર અંગના અધ્યેતા હતા. તો તેણે પ્રતિમાની આરાધના કેવી રીતે કરી ? તેનું સમાધાન એ છે સ્કંદક અણગારે પ્રભુની આજ્ઞાથી પ્રતિમાની આરાધના કરી હતી. કેવળજ્ઞાનીની ઉપસ્થિતિ–અનુમતિમાં શ્રુતનો નિયમ લાગુ પડતો નથી.

**પ્રતિમાના આરાધકનો જીવન વ્યવહાર :–** તે શરીર સંસ્કારનો અને દેહાસક્તિનો ત્યાગ કરીને, અનુકૂળ અને પ્રતિકૂળ ઉપસર્ગોને સમભાવથી સહન કરે છે. પરિચિત સ્થાનમાં એક રાત્રિ અને અપરિચિત સ્થાનમાં બે રાત્રિ રહે છે. તેથી વધુ રહે નહીં.

**ભાષા :–** તે ચાર પ્રકારની ભાષા બોલી શકે છે– યાચની, પૃચ્છની, અનુજ્ઞાપની–સ્થાનાદિની આજ્ઞા લેવા માટેની અને પૃષ્ટ વ્યાકરણી–પ્રશ્નોના ઉત્તર આપવા માટેની.

**સ્થાન :–** તે ઉપાશ્રય સિવાય મુખ્યતયા ત્રણ સ્થાનમાં નિવાસ કરે છે. (૧) આરામગૃહ–જેની ચારે તરફ બગીચા હોય (૨) વિકટગૃહ–જે ચારે તરફ ખુલ્લું પરંતુ ઉપરથી આચ્છાદિત હોય (૩) વૃક્ષમૂલગૃહ.

**સંસ્તારક :–** તે ત્રણ પ્રકારના સંસ્તારક ગ્રહણ કરી શકે છે, પૃથ્વીશિલા, કાષ્ઠશિલા અને દર્ભનો સંસ્તારક. અધિકતર સમય સ્વાધ્યાય અને ધ્યાનમાં જ વ્યતીત કરે છે. તે શરીરની સુખાકારી માટે સ્થાનાંતર કરતા નથી.

**ગૌચરીની વિધિ :–** તે પ્રાયઃ અજ્ઞાતકુલમાંથી અને આચારાંગ અને દશવૈકાલિક સૂત્રમાં નિર્દિષ્ટ વિધિ અનુસાર એષણીય અને નિર્દોષ ભિક્ષા ગ્રહણ કરે છે. દિવસના આદિ, મધ્ય કે અંતિમ ભાગમાં ગમે તે એક ભાગમાં ભિક્ષા ગ્રહણ કરી શકે છે.

પ્રતિમાની આરાધના માટે શાસ્ત્રકારે **अहासुत्तं, अहाकप्पं** આદિ પાંચ પદનો પ્રયોગ કર્યો

છે. 'સૂત્ર' શબ્દ વિધિસૂત્રનો સૂચક છે, 'કલ્પ'–મર્યાદા અથવા વ્યવસ્થાનો, 'માર્ગ'–પદ્ધતિના અનુસરણનો, 'તત્ત્વ'–પ્રતિમાના વાસ્તવિક સ્વરૂપનો અને 'સામ્ય' શબ્દ સમભાવનો સૂચક છે. આ રીતે **अहासुत्तं**–સૂત્ર નિર્દિષ્ટ વિધિ અનુસાર. **अहाकप्पं**–કલ્પ–મર્યાદા અનુસાર. **अहामग्गं**–માર્ગ, જ્ઞાન, દર્શનાદિ રૂપ મોક્ષમાર્ગની મર્યાદા અનુસાર અથવા ક્ષાયોપશમિક ભાવ અનુસાર. **अहातच्चं**–યથાતથ્ય–પ્રતિમાના વાસ્તવિક સ્વરૂપ અનુસાર. **अहासम्मं**–સમભાવપૂર્વક.

તેમજ પ્રતિમાની આરાધનાની પૂર્ણતા માટે શાસ્ત્રકારે **'फासेइ'** આદિ પદનો પ્રયોગ કર્યો છે.

**काएणं फासेइ**– કેવળ મનોરથ માત્ર નહીં પરંતુ ઉચિત સમયે વિધિપૂર્વક શરીર દ્વારા પ્રવૃત્તિ કરી.

**पालेइ**– વારંવાર ઉપયોગપૂર્વક–સાવધાનતાપૂર્વક તેનું પાલન કર્યું.

**सोहेइ**– શોભિત–પારણાના દિવસે ગુરુ આજ્ઞાનુસાર આહાર ગ્રહણ કરીને વ્રતને શોભિત કર્યું અથવા શોધિત–સ્વીકૃત વ્રતમાં દોષનું સેવન ન કરીને વ્રતને શોધિત કર્યું.

**तीरेइ**– વ્રતની કાલમર્યાદાને પૂરી કરી.

**पूरेइ**– વ્રતને પરિપૂર્ણ કર્યું.

**किट्टेइ**– કીર્તન–વ્રતના અમુક અમુક અનુષ્ઠાનો મેં પૂર્ણ કર્યા છે તે પ્રકારે વ્રતનો મહિમા પ્રગટ કર્યો.

**अणुपालेइ**– વ્રત પૂર્ણ થયા પછી પણ તેની અનુમોદના–પ્રશંસા કરી.

આ રીતે સ્કંદક અણગારે આજ્ઞાનુસાર વિધિપૂર્વક પ્રતિમાની આરાધના કરી.

**ગુણરત્ન સંવત્સર તપ :–** જે તપમાં ગુણરૂપી રત્નો સહિત સંપૂર્ણ વર્ષ વ્યતીત થાય તે ગુણરત્ન સંવત્સર તપ છે. અથવા જે તપ કરવાથી ૧૬ માસ પર્યંત એકજ પ્રકારની નિર્જરારૂપ વિશેષગુણની રચના થાય તે ગુણરત્ન સંવત્સર તપ છે. આ તપશ્ચર્યામાં ૧૬ મહિના થાય છે. જેમાં ૪૦૭ દિવસ ઉપવાસના અને ૭૩ દિવસ પારણાના હોય છે. શેષ સર્વ વિધિ મૂલપાઠમાં સ્પષ્ટ છે.

ઉદાર, વિપુલ, પ્રદત્ત, પ્રગૃહીત તપના વિશેષણોની વ્યાખ્યા આ પ્રમાણે છે– **उदार** = લૌકિક આશાથી રહિત હોવાથી ઉદાર. **विपुल** = દીર્ઘકાલ પર્યંત ચાલતું રહેવાથી વિપુલ. **प्रदत्त** = પ્રમાદ છોડીને, અપ્રમત્તતાપૂર્વક આચરિત હોવાથી પ્રદત્ત અથવા પાઠાંતર **पयत्तेणं** = પ્રયત્નપૂર્વક આચરિત. **प्रगृहीत** = બહુમાનપૂર્વક આચરિત હોવાથી પ્રગૃહીત. **उत्तम** = ઉત્તમ પુરુષદ્વારા સેવિત અથવા ઉત્ +તમ = અજ્ઞાનથી ઉપર ઊઠેલા સાધકનું તપ ઉત્તમ કહેવાય છે.

## સ્કંદક અણગારની સંલેખના–ભાવના :–

**૫૨ तेणं कालेणं तेणं समएणं रायगिहे णयरे समोसरणं जाव परिसा पडिगया।**

**ભાવાર્થ :–** તે કાલે તે સમયે શ્રમણ ભગવાન મહાવીર રાજગૃહનગરમાં પધાર્યા. સમવસરણની રચના થઈ વગેરે વર્ણન પૂર્વવત્ જાણવું તેમજ પરિષદ ભગવાનનો ધર્મોપદેશ સાંભળીને પાછી ફરી.

**૫૩** **तए णं तस्स खंदयस्स अणगारस्स अण्णया कयाइं पुव्वरत्तावरत्त– कालसमयंसि धम्मजागरियं जागरमाणस्स इमेयारूवे अज्झत्थिए चिंतिए जाव समुप्पज्जित्था एवं खलु अहं इमेणं एयारूवेण ओरालेणं जाव किसे धमणिसंतए जाए, जीवंजीवेण गच्छामि, जीवंजीवेण चिट्ठामि जाव गिलामि जाव एवामेव अहं पि ससद्दं गच्छामि, ससद्दं चिट्ठामि, तं अत्थि ता मे उट्ठाणे कम्मे बले वीरिए पुरिसक्कारपरक्कमे; तं जावता मे अत्थि उट्ठाणे कम्मे बले वीरिए पुरिसक्कार– परक्कमे, जाव य मे धम्मायरिए धम्मोवदेसए समणे भगवं महावीरे जिणे सुहत्थी विहरइ, तावता मे सेयं कल्लं पाउप्पभायाए रयणीए फुल्लुप्पल– कमलकोमलु– म्मिलियम्मि अहापंडुरे पभाए रत्तासोयप्पगासे किंसुयसुयमुह- गुंजद्धरागसरिसे, कमलागरसंडबोहए उट्ठियम्मि सूरे सहस्सरस्सिम्मि दिणयरे तेयसा जलंते, समणं भगवं महावीरं वंदित्ता, णमंसित्ता जाव पज्जुवासित्ता, समणेणं भगवया महावीरेणं अब्भणुण्णाए समाणे सयमेव पंच महव्वयाणि आरोवेत्ता, समणा य समणीओ य खामेत्ता, तहारूवेहिं थेरेहिं कडाईहिं सद्धिं विपुलं पव्वयं सणियं सणियं दुरुहित्ता, मेहघणसण्णिगासं, देवसण्णिवायं पुढवीसिलापट्टयं पडिलेहित्ता, दब्भसंथारगं संथरित्ता, दब्भसंथारोवगयस्स, संलेहणा- झूसणाझूसियस्स, भत्तपाणपडिया– इक्खियस्स पाओवगयस्स कालं अणवकंखमाणस्स विहरित्तए त्ति कट्टु एवं संपेहेइ संपहित्ता कल्लं पाउप्पभायाए रयणीए जाव जलंते जेणेव समणे भगवं महावीरे तेणेव उवागच्छइ जाव पज्जुवासइ ।**

**શબ્દાર્થ :– फुलुप्पलकमलकोमलुम्मिलियम्मि** = કોમળ કમળોના વિકસિત થવા પર, **अहापंडुरे पभाए** = निर्मल પ્રભાત થવા પર, **रत्तासोयप्पगासे** = લાલરંગના અશોક સમાન, **किंसुय** = કેસૂડાના ફૂલ સમાન, **सुयमुह** = પોપટની ચાંચ, **गुंजद्धरागसरिसे** = ચણોઠીના અર્ધ લાલભાગ સમાન, **कमलागरसंडबोहए** = કમલવનને વિકસિત કરનાર, **कडाई** = સેવા કરવામાં સમર્થ સાધુ, **मेहघणसण्णिगासं** = ઘનઘોર મેઘ સમાન કાળી, **देवसण्णिवायं** = દેવોના અવતરણ સ્થાન જેવી.

**ભાવાર્થ :–** ત્યાર પછી કોઈ એક દિવસે રાત્રિના પાછલા પ્રહરે ધર્મજાગરણ કરતા સ્કંદક અણગારના મનમાં આ પ્રકારનો અધ્યવસાય, સંકલ્પાદિ ઉત્પન્ન થયા, કે હું આ[પૂર્વોક્ત] પ્રકારના ઉદાર આદિ વિશેષણ યુક્ત મહાપ્રભાવશાળી તપકર્મ દ્વારા શુષ્ક, રૂક્ષ, કૃશ થઈ ગયો છું. મારું શારીરિક બળ ક્ષીણ થઈ ગયું છે, કેવલ આત્મબળથી ચાલું છું, ઊભો રહું છુ, ત્યાં સુધી કે બોલ્યા પછી, બોલતા સમયે અને બોલતાં પહેલાં પણ મને ગ્લાનિ–ખિન્નતાનો અનુભવ થાય છે. પૂર્વોક્ત ગાડીઓની જેમ ચાલતાં અને ઊભા રહેતાં મારા હાડકાનો ખડખડ અવાજ આવે છે. છતાં પણ હજુ સુધી મારામાં ઉત્થાન, કર્મ, બલ, વીર્ય,

પુરુષાકાર પરાક્રમ છે, તો જ્યાં સુધી મારામાં ઉત્થાન, કર્મ, બલ, વીર્ય, પુરુષાકાર પરાક્રમ છે અને જ્યાં સુધી મારા ધર્મગુરુ, ધર્માચાર્ય, ધર્મોપદેશક તીર્થંકર શ્રમણ ભગવાન મહાવીર, સુહસ્તી [ગંધહસ્તી]ની જેમ [અથવા ભવ્યજીવો માટે કલ્યાણાર્થી થઈને] વિચરણ કરે છે, ત્યાં સુધી મારા માટે શ્રેયસ્કર છે કે રાત્રિ વ્યતીત થવા પર, કાલે પ્રાતઃકાલે, કોમલ ઉત્પલકમલને વિકસિત કરનાર, ક્રમશઃ પાંડુરપ્રભાથી રક્ત, અશોક સમાન પ્રકાશમાન, કિંશુકના પુષ્પ, પોપટની ચાંચ, ચણોઠીના અર્ધભાગ જેવો લાલ, કમલવનોને વિકસિત કરનાર સહસ્રરશ્મિ તથા તેજથી જાજવલ્યમાન દિનકર સૂર્યના ઉદય થવા પર હું શ્રમણ ભગવાન મહાવીરને વંદન–નમસ્કાર કરીને, પર્યુપાસના કરીને, શ્રમણ ભગવાન મહાવીરની આજ્ઞા પ્રાપ્ત કરીને, સ્વયમેવ પંચ મહાવ્રતોનું આરોપણ કરીને, શ્રમણ–શ્રમણીઓ સાથે ક્ષમાપના કરીને, તથારૂપના સમર્થ સ્થવિર(કડાઈ) સાધુઓની સાથે વિપુલગિરિ પર ધીમે ધીમે ચઢીને, મેઘસમૂહ સમાન કૃષ્ણવર્ણયુક્ત દેવોના અવતરણ સ્થાનરૂપ પૃથ્વીશિલાપટ્ટની પ્રતિલેખના કરીને, તેના પર દર્ભનો સંસ્તારક બિછાવીને, દર્ભના સંસ્તારક પર બેસીને, આત્માને સંલેખના તથા ઝૂષણાથી યુક્ત કરીને, આહાર–પાણીનો સર્વથા ત્યાગ કરીને, પાદપોપગમન સંથારો કરીને, મૃત્યુની આકાંક્ષા નહિ કરતાં વિચરણ કરું. આ રીતે વિચાર કરીને, પ્રાતઃકાલે સૂર્યોદય થયો ત્યારે સ્કંદક અણગાર જ્યાં પ્રભુ મહાવીર હતા ત્યાં આવ્યાં, આવીને વંદન આદિ કરીને પર્યુપાસના કરવા લાગ્યા.

**૫૪ खंदया ! इ समणे भगवं महावीरे खंदयं अणगारं एवं वयासी– से णूणं तव खंदया ! पुव्वरत्तावरत्तकालसमयंसि जाव जागरमाणस्स इमेयारूवे अज्झत्थिए जाव समुप्पज्जित्था– एवं खलु अहं इमेणं एयारूवेणं तवेणं ओरालेणं, विउलेणं तं चेव जाव कालं अणवकंखमाणस्स विहरित्तए त्ति कट्टु एवं संपेहेसि, संपेहित्ता कल्लं पाउप्पभायाए जाव जलंते जेणेव ममं अंतिए तेणेव हव्वमागए । से णूणं खंदया ! अट्ठे समट्ठे? हंता अत्थि । अहासुहं देवाणुप्पिया ! मा पडिबंधं ।**

**ભાવાર્થ :–** તત્પશ્ચાત્ 'હે સ્કંદક' ! આ પ્રમાણે સંબોધિત કરીને શ્રમણ ભગવાન મહાવીરે સ્કંદક અણગારને આ પ્રમાણે કહ્યું– હે સ્કંદક ! રાત્રિના પાછલા પ્રહરમાં ધર્મજાગરણ કરતાં તમને આ પ્રકારનો અધ્યવસાય, સંકલ્પ ઉત્પન્ન થયો છે કે આ ઉદાર વગેરે વિશેષણ યુક્ત મહાપ્રભાવશાળી તપશ્ચરણથી મારું શરીર હવે કૃશ થયું છે વગેરે સંપૂર્ણ વર્ણન પૂર્વવત્ કરવું તેમજ સંલેખના–સંથારો કરીને, મૃત્યુની આકાંક્ષા ન કરતાં પાદપોપગમન અનશન કરું. આ પ્રમાણે વિચાર કરીને, પ્રાતઃકાલે સૂર્યોદય થવા પર તમે મારી પાસે આવ્યા છો. હે સ્કંદક! આ વાત સત્ય છે ? સ્કંદક અણગારે કહ્યું– હા, ભગવન્ ! તે સત્ય છે.

**ભગવાન–** હે દેવાનુપ્રિય ! જેમ તમને સુખ ઊપજે તેમ કરો, વિલંબ ન કરો.

### સ્કંદક અણગાર દ્વારા અનશન સ્વીકાર :–

**૫૫ तए णं से खंदए अणगारे समणेणं भगवया महावीरेणं अब्भणुण्णाए समाणे**

**हट्ठतुट्ठ जाव हियए उट्ठाए उट्ठेइ समणं भगवं महावीरं तिक्खुत्तो आयाहिणपयाहिणं करेइ जाव णमंसित्ता सयमेव पंच महव्वयाइं आरुहेइ, आरुहित्ता समणा य समणीओ य खामेइ । तहारूवेहिं थेरेहिं कडाईहिं सद्धिं विपुलं पव्वयं सणियं सणियं दुरुहेइ दुरुहित्ता मेहघणसण्णिगासं देवसण्णिवायं पुढविसिलापट्टयं पडिलेहेइ, पडिलेहित्ता उच्चारपासवणभूमिं पडिलेहेइ, पडिलेहित्ता दब्भसंथारगं संथरइ, संथरित्ता पुरत्थाभिमुहे संपलियंक णिसण्णे करयलपरिग्गहियं दसणहं सिरसावत्तं मत्थए अंजलिं कट्टु एवं वयासी– णमोत्थु णं अरिहंताणं भगवंताणं जाव संपत्ताणं । णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स जाव संपाविउकामस्स। वंदामि णं भगवंतं तत्थगयं इहगए, पासउ मे भगवं तत्थगए इहगयं ति कट्टु वंदइ णमंसइ, वंदित्ता णमंसित्ता एवं वयासी– पुव्विं पि मए समणस्स भगवओ महावीरस्स अंतिए सव्वे पाणाइवाए पच्चक्खाए जावज्जीवाए जाव मिच्छादंसणसल्ले पच्चक्खाए जावज्जीवाए । इयाणिं पि य णं समणस्स भगवओ महावीरस्स अंतिए सव्वं पाणाइवायं पच्चक्खामि जावज्जीवाए जाव सव्वं मिच्छादंसणसल्लं पच्चक्खामि जावज्जीवाए । एवं सव्वं असणं पाणं खाइमं साइमं चउव्विहं पि आहारं पच्चक्खामि जावज्जीवाए; जं पि य इमं सरीरं इट्ठं कंतं पियं जाव फुसंतु त्ति कट्टु एयं पि णं चरिमेहिं उस्सासणीसासेहिं वोसिरामि त्ति कट्टु संलेहणाझूसणाझूसिए भत्तपाण पडियाइक्खिए पाओवगए कालं अणवकंखमाणे विहरइ ।**

**भावार्थ :–** ત્યાર પછી શ્રી સ્કંદક અણગાર શ્રમણ ભગવાન મહાવીરની આજ્ઞા પ્રાપ્ત થવા પર અત્યંત હર્ષિત અને સંતુષ્ટ થયા; તેમજ પ્રફુલ્લિત હૃદયવાળા થયા. ત્યાર પછી તેઓ પોતાની ઉત્થાન શક્તિથી ઊઠ્યા, ઊભા થઈને, શ્રમણ ભગવાન મહાવીરને ત્રણ વાર જમણી તરફથી પ્રદક્ષિણા કરી અને વંદન–નમસ્કાર કરી, સ્વયંમેવ પાંચ મહાવ્રતોનું આરોપણ કર્યું. શ્રમણ–શ્રમણીઓની સાથે ક્ષમાયાચના કરી અને તથારૂપના સમર્થ સ્થવિરોની સાથે ધીમે ધીમે વિપુલગિરિ ઉપર ચઢ્યા. ત્યાં મેઘસમૂહ સમાન કાળા, દેવોના અવતરણસ્થાનરૂપ પૃથ્વીશિલાપટ્ટની પ્રતિલેખના કરી તથા ઉચ્ચાર–પ્રસ્રવણાદિ પરિષ્ઠાપન ભૂમિની પ્રતિલેખના કરી. એ પ્રમાણે કરીને, તે પૃથ્વીશિલા ઉપર દર્ભનો સંસ્તારક બિછાવ્યો, બિછાવીને, પૂર્વદિશા તરફ મુખ રાખીને, પર્યંકાસને સ્થિત થઈને, દશે નખ સહિત બંને હાથને જોડીને, મસ્તક પર રાખીને અર્થાત્ અંજલિબદ્ધ કરીને આ પ્રમાણે કહ્યું– નમોત્થુણંના પાઠમાં કથિત વિશેષણ યુક્ત, મોક્ષને પ્રાપ્ત થયેલા સિદ્ધ ભગવંતોને નમસ્કાર હો તથા અવિચલ, શાશ્વત સ્થાનને પ્રાપ્ત કરવાની ઈચ્છાવાળા શ્રમણ ભગવાન મહાવીર સ્વામીને નમસ્કાર હો. [આ રીતે **णमोत्थुण**ના પાઠનું બે વાર ઉચ્ચારણ કર્યું]. ત્યાં રહેલા ભગવાન મહાવીર સ્વામીને અહીં સ્થિત થયેલો હું વંદન કરું છું. "ત્યાં બિરાજમાન ભગવાન

મહાવીર સ્વામી, અહીં રહેલા મને જુઓ છો." આ પ્રમાણે કહી, ભગવાન મહાવીરને વંદન–નમસ્કાર કર્યા, વંદન નમસ્કાર કરીને આ પ્રમાણે બોલ્યા– "મેં પહેલાં પણ શ્રમણ ભગવાન મહાવીર પાસે યાવજ્જીવન માટે સર્વ પ્રાણાતિપાતથી મિથ્યાદર્શનશલ્ય પર્યંતના અઢાર પાપોનો ત્યાગ કર્યો હતો. આ સમયે પણ હું શ્રમણ ભગવાન મહાવીરની પાસે યાવજ્જીવન માટે સર્વ પ્રાણાતિપાતથી મિથ્યાદર્શન શલ્ય પર્યંતનાં અઢ ાર પાપનો ત્યાગ કરું છું, યાવજ્જીવન માટે અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ તે ચારે આહારનો ત્યાગ કરું છું તથા આ મારું શરીર, જે મને ઈષ્ટ, કાંત, પ્રિય છે, જેની મેં બાધા–પીડા, રોગ, આંતક, પરીષહ ઉપસર્ગો આદિથી રક્ષા કરી છે, એવા શરીરનો પણ અંતિમ શ્વાસોચ્છ્વાસ સાથે વ્યુત્સર્ગ [મમત્વ–વિસર્જન] કરું છું." એમ કહી સંલેખના–સંથારો કરીને, ભક્ત–પાનનો સર્વથા ત્યાગ કરીને પાદપોપગમન અનશન કરીને, મૃત્યુની આકાંક્ષા નહિ કરતાં વિચરવા લાગ્યા.

### સ્કંદક અણગારનું સમાધિમરણ :–

**૫૬** **तए णं से खंदए अणगारे समणस्स भगवओ महावीरस्स तहारूवाणं थेराणं अंतिए सामाईयामाइयाइं एक्कारस अंगाइं अहिज्जित्ता बहुपडिपुण्णाइं दुवालसवासाइं सामण्णपरियागं पाउणित्ता, मासियाए संलेहणाए अत्ताणं झूसित्ता सट्ठिं भत्ताए अणसणाए छेदेत्ता आलोइय– पडिक्कंते समाहिपत्ते आणुपुव्वीए कालगए ।**

**ભાવાર્થ :–** તે સ્કંદક અણગારે, શ્રમણ ભગવાન મહાવીર સ્વામીના તથારૂપના સ્થવિરો પાસે અગિયાર અંગનું અધ્યયન કર્યું. બાર વર્ષની શ્રમણ પર્યાયનું પાલન કરીને, એક માસની સંલેખનાથી પોતાના આત્માને સંલેખિત[સેવિત–યુક્ત] કરી, સાઠ ભક્તના ત્યાગરૂપ અનશન કરી, આલોચના, પ્રતિક્રમણ કરી, સમાધિ પ્રાપ્ત કરીને, ક્રમશઃ કાલધર્મને [મરણને] પ્રાપ્ત થયા.

**૫૭** **तए णं ते थेरा भगवंतो खंदयं अणगारं कालगयं जाणित्ता परिणिव्वाणवत्तियं काउसग्गं करेंति, करित्ता पत्त–चीवराणि गिण्हंति, गेण्हित्ता विपुलाओ पव्वयाओ सणियं सणियं पच्चोसक्कंति, पच्चोसक्कित्ता जेणेव समणे भगवं महावीरे तेणेव उवागच्छंति उवागच्छित्ता, समणं भगवं महावीरं वंदंति णमंसंति, वंदित्ता णमंसित्ता एवं वयासी– एवं खलु देवाणुप्पियाणं अंतेवासी खंदए णामं अणगारे पगइभद्दए पगइविणीए पगइउवसंते पगईपयणुकोह–माण–माया–लोभे मिउमद्दवसंपण्णे अल्लीणे भद्दए विणीए। से णं देवाणुप्पिएहिं अब्भणुण्णाए समाणे सयमेव पंच महव्वयाणि आरोवित्ता, समणा य समणीओ य खामेत्ता, अम्हेहिं सद्धिं विपुलं पव्वयं तं चेव णिरवसेसं जाव आणुपुव्वीए कालगए । इमे य से आयारभंडए ।**

**ભાવાર્થ :–** તત્પશ્ચાત્ તે સ્થવિર ભગવંતોએ સ્કંદક અણગારને કાલધર્મને પ્રાપ્ત થયેલા જાણીને, તેના

પરિનિર્વાણ [સમાધિમરણ] સંબંધી કાયોત્સર્ગ કર્યો. પછી તેનાં વસ્ત્ર પાત્રાદિ ઉપકરણો લઈને, તેઓ વિપુલગિરિ ઉપરથી ધીમે ધીમે નીચે ઊતર્યા, ઊતરીને જ્યાં શ્રમણ ભગવાન મહાવીર બિરાજમાન હતા, ત્યાં આવ્યા, આવીને ભગવાનને વંદન–નમસ્કાર કર્યા. વંદન–નમસ્કાર કરીને, તે સ્થવિર મુનિઓએ આ પ્રમાણે કહ્યું– હે ભગવન્ ! આપ દેવાનુપ્રિયના શિષ્ય સ્કંદક અણગાર, જે પ્રકૃતિથી ભદ્ર, પ્રકૃતિથી વિનીત, સ્વભાવથી ઉપશાંત, અલ્પ ક્રોધ–માન–માયા–લોભવાળા, કોમલતા અને નમ્રતાથી યુક્ત, ઈન્દ્રિયોને વશમાં રાખનાર, ભદ્ર અને વિનીત હતા. તે આપની આજ્ઞા લઈને સ્વયંમેવ પંચમહાવ્રતોનું આરોપણ કરીને, સાધુ સાધ્વીઓને ખમાવીને, અમારી સાથે વિપુલગિરિ ઉપર ગયા હતા. તેનું સંપૂર્ણ વર્ણન પૂર્વવત્ કરવું. તે પાદપોપગમન સંથારો કરીને, કાલધર્મને પ્રાપ્ત થયા છે. આ તેમના ધર્મોપકરણ છે.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રોમાં સ્કંદકમુનિની અંતિમ આરાધના અને તેના સમાધિમરણ પર્યંતનું વર્ણન કર્યું છે. તેનો વિષયાનુક્રમ આ પ્રમાણે છે–

ધર્મ જાગરણ કરતા સ્કંદકમુનિના મનમાં સંલેખનાપૂર્વક પાદપોપગમન સંથારો કરવાની ભાવના થઈ, ભગવાન પાસે સંથારો કરવાની અનુજ્ઞા પ્રાપ્ત કરી. તેમણે સર્વ સાધુ સાધ્વીઓની ક્ષમાયાચના કરીને, યોગ્ય સ્થવિરોની સાથે વિપુલાચલ પર આરોહણ કર્યું. એક પૃથ્વીશિલા પટ્ટ પર દર્ભ સંસ્તારક બિછાવીને, ત્યાં વિધિપૂર્વક, સંલેખનાપૂર્વક યાવજ્જીવન અનશન ગ્રહણ કર્યું. એક માસની સંલેખના–સંથારાની આરાધના કરીને તેઓ સમાધિપૂર્વક કાલધર્મને પ્રાપ્ત થયા. તત્પશ્ચાત્ તેના સહવર્તી સ્થવિરોએ તેનાં અવશિષ્ટ ઉપકરણો લઈને, ભગવાનને સ્કંદક અણગારના સમાધિમરણની જાણ કરી.

**અનશનવિધિ :–** પ્રસ્તુત સૂત્રપાઠમાં સ્કંદક અણગારના અનશન સ્વીકારના વર્ણનના માધ્યમથી અનશન– વિધિ સ્પષ્ટ થાય છે. તેના ચાર અંગ છે.

(૧) **મહાવ્રત આરોપણા :–** સાધકે સહુ પ્રથમ પ્રાયશ્ચિતપૂર્વક મહાવ્રતોનું પુનરુચ્ચારણ કરવું.

(૨) **ક્ષમાપના :–** જે સાધુ– સાધ્વીઓ સાથે જીવન વ્યતીત કર્યું છે, તેના પ્રતિ કોઈ દુર્વ્યવહાર થયો હોય, મનથી કલુષિત પરિણામ કર્યા હોય, તેની ક્ષમાયાચના કરવી.

(૩) અનશનની વિધિ કરાવનાર કડાઈ(સમર્થ–સક્ષમ) સ્થવિરોની સાથે અનશનભૂમિ પર જવું.

(૪) અનશન ભૂમિનું અને સ્થંડિલ ભૂમિનું પ્રતિલેખન કરીને, યોગ્ય સ્થાને સંસ્તારક બિછાવીને, તેના પર પૂર્વાભિમુખ સ્થિત થઈને અંજલિબદ્ધ કરીને, અનશનનો સ્વીકાર કરવો. તેમાં અઢાર પાપસ્થાનક, ચારે પ્રકારના આહાર અને પોતાના શરીરના મમત્વનો યાવજ્જીવન પર્યંત નવકોટિએ ત્યાગ કરવાનો હોય છે. આ રીતે પૂર્વોક્ત ૨૩ બોલનો ત્યાગ કરીને, મૃત્યુપર્યંત આત્મભાવમાં સ્થિર રહેવાનું હોય છે. [અનશનનું વિસ્તૃત વર્ણન શ્રી આચારાંગ સૂત્ર અધ્યયન–૮માં છે.]

**संलेहणाझूसणा झूसियस्स** = જેમાં કષાયો તથા શરીરને કૃશ કરાય છે તે સંલેખના તપ છે. તેની ઝૂષણા =

સેવનાથી જુષ્ટ–સેવિત અર્થાત્ જેણે સંલેખનાતપ સેવનથી કર્મ ક્ષપિત[ઝૂષિત] કર્યાં છે.

## સ્કંદક અણગારની ગતિ :–

**૫૮ भंते ! त्ति भगवं गोयमे समणं भगवं महावीरं वंदइ णमंसइ, वंदित्ता णमंसित्ता एवं वयासी– एवं खलु देवाणुप्पियाणं अंतेवासी खंदए णामं अणगारे कालमासे कालं किच्चा कहिं गए कहिं उववण्णे ? गोयमा! इ, समणे भगवं महावीरे भगवं गोयमं एवं वयासी– एवं खलु गोयमा ! मम अंतेवासी खंदए णामं अणगारे पगइभद्दए जाव से णं मए अब्भुणुण्णाए समाणे सयमेव पंच महव्वयाइं आरुहेत्ता, तं चेव सव्वं अविसेसियं णेयव्वं जाव आलोइयपडिक्कंते समाहिपत्ते कालमासे कालं किच्चा अच्चुए कप्पे देवत्ताए उववण्णे । तत्थ णं अत्थेगइयाणं देवाणं बावीसं सागरोवमाइं ठिई पण्णत्ता, तस्स णं खंदयस्स वि देवस्स बावीसं सागरोवमाइं ठिई पण्णत्ता ।**

**ભાવાર્થ :–** તત્પશ્ચાત્ ભગવાન ગૌતમ સ્વામીએ શ્રમણ ભગવાન મહાવીર સ્વામીને વંદન–નમસ્કાર કરીને, આ પ્રમાણે પૂછ્યું, હે ભગવન્ ! આપના શિષ્ય સ્કંદક અણગાર કાલના અવસરે કાલધર્મને પ્રાપ્ત કરીને, ક્યાં ગયા અને ક્યાં ઉત્પન્ન થયા ?

હે ગૌતમ ! એ પ્રમાણે ભગવાન ગૌતમને સંબોધિત કરીને શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ કહ્યું કે, "હે ગૌતમ ! મારા શિષ્ય સ્કંદક અણગાર, પ્રકૃતિથી ભદ્ર, આદિ ગુણ સંપન્ન તેમજ વિનીત શિષ્ય, મારી આજ્ઞા પ્રાપ્ત કરીને, સ્વયંમેવ પંચમહાવ્રતોનું આરોપણ કરીને, તેમજ આલોચના અને પ્રતિક્રમણ આદિ કરીને, સમાધિને પ્રાપ્ત થઈને, કાલના અવસરે કાલધર્મ પામીને, અચ્યુતકલ્પ–બારમા દેવલોકમાં દેવરૂપે ઉત્પન્ન થયા. ત્યાં કેટલાક દેવોની સ્થિતિ બાવીસ સાગરોપમની છે, તદનુસાર સ્કંદક દેવની સ્થિતિ પણ બાવીસ સાગરોપમની છે.

**૫૯ से णं भंते ! खंदए देवे ताओ देवलोगाओ आउक्खएणं भवक्खएणं ठिइक्खएणं अणंतरं चयं चइत्ता कहिं गच्छिहिइ, कहिं उववज्जिहिइ?**

**गोयमा ! महाविदेहे वासे सिज्झिहिइ बुज्झिहिइ मुच्चिहिइ परिणिव्वाहिइ सव्वदुक्खाणं अंतं करेहिइ । [खंदओ सम्मत्तो] ॥**

**ભાવાર્થ :–** તત્પશ્ચાત્ શ્રી ગૌતમસ્વામીએ પૂછ્યું– હે ભગવન્ ! સ્કંદક દેવ ત્યાંના આયુષ્યનો ક્ષય, ભવનો ક્ષય અને સ્થિતિનો ક્ષય થવા પર તે દેવલોકમાંથી ક્યાં જશે અને ક્યાં ઉત્પન્ન થશે ?

હે ગૌતમ ! સ્કંદક દેવ ત્યાનું આયુષ્ય, ભવ અને સ્થિતિનો ક્ષય થવા પર મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ ધારણ કરીને, સિદ્ધ થશે, બુદ્ધ થશે, મુક્ત થશે, પરિનિર્વાણને પ્રાપ્ત કરશે અને સર્વ દુઃખોનો અંત કરશે.

શ્રી સ્કંદકનું જીવન વૃત્તાંત પૂર્ણ થયું.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રદ્વયમાં સમાધિમરણને પ્રાપ્ત સ્કંદકમુનિની ભાવિ ગતિના સંબંધમાં શ્રી ગૌતમ સ્વામીએ પ્રભુ મહાવીરને પ્રશ્ન પૂછ્યા અને પ્રભુએ તેના ઉત્તર આપ્યા છે. ભગવાને સમાધિમરણને પ્રાપ્ત સ્કંદક મુનિની ગતિ (ઉત્પતિ) અચ્યુતકલ્પ દેવલોકમાં બતાવી છે અને ત્યાંથી મહાવિદેહક્ષેત્રમાં જન્મ લઈને, સિદ્ધિ–મુક્તિગમનનું કથન કર્યું છે.

**આયુષ્ય ક્ષય, ભવક્ષય અને સ્થિતિક્ષય :–** શ્રી ઠાણાંગ સૂત્રમાં આયુબંધના છ પ્રકાર કહ્યા છે. ગતિનામ નિધત્તાયુ, જાતિનામનિધત્તાયુ, સ્થિતિનામ નિધત્તાયુ, અવગાહના નામ નિધત્તાયુ, પ્રદેશ નામ નિધત્તાયુ, અને અનુભાગ નામ નિધત્તાયુ.

**આયુષ્યક્ષય :–** પ્રદેશાયુનો ક્ષય. આયુષ્ય કર્મના દલિકોનો ક્ષય થવો.

**ભવક્ષય :–** ગતિ અને જાતિના અનુબંધનો ક્ષય થવો.

**સ્થિતિક્ષય :–** આયુષ્યકર્મની કાલ મર્યાદા અર્થાત્ સ્થિતિનો ક્ષય થવો.

આયુષ્યના પ્રદેશોની સમાપ્તિ સાથે જ આ સર્વ સમાપ્ત થઈ જાય છે.

**શંકા–** દ્વાદશાંગી શાસ્ત્રોની રચના ગણધર ભગવંત શાસનનાં પ્રારંભમાં જ કરે છે તો તે પછી ભગવાન મહાવીરના શાસનકાળમાં થયેલ સ્કંદક અણગારનું વર્ણન અહીં ભગવતી સૂત્રમાં કઈ રીતે હોઈ શકે ?

**સમાધાન–** ભગવાન મહાવીરના નિર્વાણ પછી પાંચમા ગણધર સુધર્મા સ્વામીએ ભગવાન મહાવીરના શાસનના આરાધકોનું જીવન કેટલાક શાસ્ત્રોમાં યોગ્ય સ્થળે આવરી લીધું હોય કે સંપાદિત કર્યું હોય, તેમ સંભવિત છે. જેમ કે ઉપાસકદશાંગ સૂત્રમાં વર્ણિત આનંદાદિ દશે શ્રાવક ભગવાન મહાવીરના શાસનમાં થયા હતા અને જેઓએ અગિયાર અંગનું અધ્યયન પણ કર્યું હતું. તેમજ ઉત્તરાધ્યયન સૂત્ર, આચારાંગ સૂત્ર, સૂત્રકૃતાંગ સૂત્ર, ઠાણાંગ સૂત્ર, સમવાયાંગ સૂત્ર, જ્ઞાતા સૂત્ર, અંતગડ સૂત્ર, અનુત્તરોપપાતિક સૂત્ર, વિપાક સૂત્ર આદિ ઘણાં શાસ્ત્રોમાં આ પ્રકારનું વર્ણન ઉપલબ્ધ છે. તે બધાનું સમાધાન ઉપરોક્ત પ્રકારે થઈ શકે છે.

**શંકા–** બીજો પ્રશ્ન એ છે કે સુધર્મા સ્વામી પછીની પણ ઘટનાઓનો ઉલ્લેખ કોઈ સ્થળે શાસ્ત્રોમાં છે તે કઈ રીતે હોઈ શકે ?

**સમાધાન–** વીર નિર્વાણના એક હજાર વર્ષ પછી આચાર્ય દેવર્ધિગણિ ક્ષમાશ્રમણની નેશ્રામાં ઉપલબ્ધ

શાસ્ત્રોનું લેખન તથા સંપાદન થયું. તે વખતે પણ કેટલીક ઘટનાઓનો સમાવેશ સૂત્રોમાં યોગ્ય સ્થળે, યોગ્ય રીતે થયો છે. તે કારણે સુધર્મા સ્વામી પછીની ઘટનાઓનો ઉલ્લેખ અંગ શાસ્ત્રોમાં છે અને નંદી સૂત્રમાં તો અનેક મહાપુરુષોની સ્તુતિ પણ છે.

**॥ શતક ૨/૧ સંપૂર્ણ ॥**

# શતક–૨ : ઉદ્દેશક–૨

## સમુદ્ઘાત

**સમુદ્ઘાત વર્ણન :–**

**१ कइ णं भंते ! समुग्घाया पण्णत्ता ?**

**गोयमा ! सत्त समुग्घाया पण्णत्ता, तं जहा– वेयणा समुग्घाए जाव केवली समुग्घाए । एवं समुग्घायपदं छाउमत्थियसमुग्घायवज्जं णेयव्वं ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! સમુદ્ઘાત કેટલાં કહ્યાં છે ?

ઉત્તર– હે ગૌતમ ! સમુદ્ઘાતના સાત પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) વેદના સમુદ્ઘાત (૨) કષાય સમુદ્ઘાત (૩) મારણાંતિક સમુદ્ઘાત (૪) વૈક્રિય સમુદ્ઘાત (૫) તૈજસ સમુદ્ઘાત (૬) આહારક સમુદ્ઘાત (૭) કેવલી સમુદ્ઘાત.

અહીં પ્રજ્ઞાપના સૂત્રના ૩૬માં સમુદ્ઘાત પદનું કથન કરવું જોઈએ પરંતુ તેમાં પ્રતિપાદિત છદ્મસ્થ સમુદ્ઘાતનું વર્ણન અહીં ન કરવું જોઈએ અર્થાત્ છાદ્મસ્થિક સમુદ્ઘાત વર્ણનથી પૂર્વનું વર્ણન અહીં જાણવું.

**વિવેચન :–**

પ્રસ્તુત ઉદ્દેશકમાં એક જ સૂત્રમાં સમુદ્ઘાતનું સંક્ષિપ્ત નિરૂપણ છે અને સંપૂર્ણ વકતવ્ય માટે પ્રજ્ઞાપના સૂત્ર–૩૬મા પદ અનુસાર જાણવાનો નિર્દેશ કર્યો છે.

**સમુદ્ઘાત :–** (૧) વિશેષ પરિસ્થિતિમાં પોતાના આત્મપ્રદેશોનું બહાર પ્રક્ષેપણ કરવું તે ક્રિયાને સમુદ્ઘાત કહે છે અથવા (૨) સમ = એકી સાથે, ઉદ્ = ઉત્કૃષ્ટ પણે, ઘાત = કર્મોનો ઘાત. જે ક્રિયામાં એકી સાથે ઉત્કૃષ્ટપણે કર્મોનો ઘાત–નિર્જરા થાય તે ક્રિયાને સમુદ્ઘાત કહે છે.

**આત્મા સમુદ્ઘાત શા માટે કરે છે ? :–** જેમ કોઈ પક્ષીની પાંખો પર અત્યંત ધૂળ છવાઈ ગઈ હોય ત્યારે તે પક્ષી પોતાની પાંખ ફેલાવી [ફફડાવી]ને તેના પર છવાયેલી ધૂળને ખંખેરી નાંખે છે તેમ આત્મા પણ બદ્ધ કર્મના અણુઓને ખંખેરવા માટે સમુદ્ઘાત નામની ક્રિયા કરે છે. આત્મા અસંખ્ય પ્રદેશી હોવા છતાં પણ નામકર્મના ઉદયથી પ્રાપ્ત થયેલું તેનું શરીર પરિમિત હોય છે. આત્મપ્રદેશોમાં સંકોચ–વિસ્તારનો ગુણ હોવાથી આત્મપ્રદેશો પોતાને મળેલા શરીર અનુસાર વ્યાપ્ત થઈ શકે છે. તેમ છતાં

કેટલીકવાર, કેટલાક કારણોથી આત્મા પોતાના પ્રદેશોને શરીરની બહાર ફેલાવે છે અને પાછા સંકોચી લે છે. આ ક્રિયાને જ જૈન પરિભાષામાં સમુદ્‌ઘાત કહે છે. સમુદ્‌ઘાત સાત છે, તેનું સ્વરૂપ આ પ્રમાણે છે–

**(૧) વેદના સમુદ્‌ઘાત :–** વેદનાના નિમિત્તે જે સમુદ્‌ઘાત થાય તેને વેદનાસમુદ્‌ઘાત કહે છે. તે અશાતાવેદનીય કર્મજન્ય છે. તાત્પર્ય એ છે કે જ્યારે જીવ વેદનાથી અત્યંત પીડિત થાય ત્યારે તે અનંતાનંત [અશાતા વેદનીય] કર્મ સ્કંધોથી વ્યાપ્ત પોતાના આત્મપ્રદેશોને શરીરની બહારના ભાગમાં ફેલાવે છે, તે મુખ, ઉદર આદિ પોલાણને તથા કાન અને ખંભાની વચ્ચેના અંતરાલોને ભરી દઈને, લંબાઈ અને પહોળાઈમાં શરીર પરિમિત ક્ષેત્રમાં વ્યાપ્ત થાય છે. જીવ એક અંતર્મુહૂર્ત પર્યંત આ અવસ્થામાં રહે છે. તે અંતર્મુહૂર્તમાં અશાતાવેદનીય કર્મના પ્રચુર પુદ્‌ગલોને ઉદીરણાથી ખેંચીને ઉદયાવલિકામાં લાવીને વેદે છે, આ રીતે કર્મપુદ્‌ગલોને આત્મપ્રદેશો પરથી ખંખેરી નાંખે છે, નિર્જરા કરે છે. આ ક્રિયાનું નામ વેદના સમુદ્‌ઘાત છે.

**(૨) કષાય સમુદ્‌ઘાત :–** ક્રોધાદિ કષાયના કારણે થતા સમુદ્‌ઘાતને કષાય સમુદ્‌ઘાત કહે છે. તે મોહનીય કર્મને આશ્રિત છે અથવા તીવ્ર કષાયના ઉદયમાં જીવ જ્યારે ક્રોધાદિયુક્ત બને છે ત્યારે પોતાના આત્મપ્રદેશોને બહાર ફેલાવીને, મુખ, ઉદર આદિ શરીરગત પોલાણ, કાન અને ખંભાની વચ્ચેના ભાગને આત્મપ્રદેશોથી ભરી દઈને, શરીરપ્રમાણ લાંબા–પહોળાં ક્ષેત્રમાં વ્યાપ્ત થઈને અંતર્મુહૂર્ત પર્યંત સ્થિત રહે છે. તેટલા સમયમાં પ્રચુર કષાય મોહનીય કર્મના પુદ્‌ગલોને પોતાના આત્મપ્રદેશો પરથી ખંખેરી નાંખે છે, નિર્જરા કરે છે, આ ક્રિયા કષાય સમુદ્‌ઘાત છે.

**(૩) મારણાંતિક સમુદ્‌ઘાત :–** મૃત્યુ સમયે, આયુષ્યકર્મને આશ્રિત જે સમુદ્‌ઘાત થાય તેને મારણાન્તિક સમુદ્‌ઘાત કહે છે. આયુષ્યકર્મ ભોગવતાં ભોગવતાં જ્યારે અંતર્મુહૂર્ત પ્રમાણ શેષ રહે ત્યારે જીવ પોતાના આત્મપ્રદેશોને બહાર કાઢે અને મુખ, ઉદર વગેરે પોલાણ તથા કાન અને ખંભાની વચ્ચેના આકાશપ્રદેશો પર તે આત્મપ્રદેશને ફેલાવી પહોળાઈ અને જાડાઈમાં શરીર પ્રમાણ અને લંબાઈમાં જઘન્ય અંગુલનો અસંખ્યાત્મો ભાગ અને ઉત્કૃષ્ટ એક જ દિશામાં ઉત્પત્તિ સ્થાન સુધી અસંખ્યાત યોજનમાં વ્યાપ્ત થઈને, અંતર્મુહૂર્ત સુધી તે જ અવસ્થામાં સ્થિત રહે છે. તે સમયે આયુષ્ય કર્મના પ્રચુર–પુદ્‌ગલોને પોતાના આત્મપ્રદેશો પરથી ખંખેરીને, આયુષ્યકર્મની નિર્જરા કરે છે. આ ક્રિયાને મારણાન્તિક સમુદ્‌ઘાત કહે છે.

**(૪) વૈક્રિય સમુદ્‌ઘાત :–** વિક્રિયા–શરીર બનાવવાના પ્રારંભ સમયે વૈક્રિયશરીરનામ કર્મને આશ્રિત જે સમુદ્‌ઘાત થાય તેને વૈક્રિય સમુદ્‌ઘાત કહે છે. વૈક્રિય લબ્ધિ સંપન્ન જીવ પોતાના જીર્ણ શરીરને પુષ્ટ અને સુંદર બનાવવા માટે અથવા વિવિધ રૂપોની વિકુર્વણા કરવા માટે પોતાના આત્મપ્રદેશોને એક દંડના આકારે બહાર કાઢે છે. તે દંડની પહોળાઈ અને જાડાઈ શરીર પ્રમાણ અને લંબાઈ સંખ્યાત યોજનની હોય છે. તે અંતઃમુહૂર્ત પર્યંત સ્થિત રહે છે. તેટલા સમયમાં પૂર્વબદ્ધ વૈક્રિયશરીર નામકર્મના સ્થૂલ પુદ્‌ગલોને ઉદયમાં લાવી, આત્મપ્રદેશો પરથી ખંખેરી નાંખે છે અને અન્ય નવા વૈક્રિય શરીર બનાવવા યોગ્ય સૂક્ષ્મ પુદ્‌ગલોને ગ્રહણ કરે છે. આ વૈક્રિય સમુદ્‌ઘાત છે.

**(૫) તૈજસ સમુદ્‌ઘાત :–** તેજોલબ્ધિના પ્રયોગ સમયે તેજોલબ્ધિ સંપન્ન પુરુષ પોતાના આત્મપ્રદેશોનું શરીરની બહાર પ્રક્ષેપણ કરે છે. તેને તૈજસ સમુદ્‌ઘાત કહે છે. તે પહોળાઈ અને જાડાઈમાં શરીર પ્રમાણ અને લંબાઈમાં સંખ્યાત યોજન પ્રમાણ દંડનું નિર્માણ કરે છે. તે પુરુષ તૈજસ શરીર નામકર્મના પુદ્‌ગલોનું

પરિશાટન કરે છે અને તદ્યોગ્ય અન્ય પુદ્ગલોને ગ્રહણ કરીને, તેજોલેશ્યાનો પ્રયોગ કરે છે. તેનો ઉદ્દેશ્ય અનુગ્રહ અને નિગ્રહ બંને પ્રકારે છે. અનુગ્રહને માટે શીત તેજોલેશ્યા અને નિગ્રહ માટે ઉષ્ણ તેજોલેશ્યાનો પ્રયોગ થાય છે. આધુનિક વિજ્ઞાન પરમાણુ શક્તિનો ઉપયોગ નિર્માણ અને ધ્વંસ બંને માટે કરે છે. તે જ રીતે તેજોલબ્ધિનો પ્રયોગ પણ નિર્માણ અને ધ્વંસ બંને માટે થાય છે.

**(૬) આહારક સમુદ્‌ઘાત :–** ચૌદ પૂર્વધારી સાધુ આહારક શરીર બનાવે છે. આહારક લબ્ધિના પ્રયોગ સમયે થતાં સમુદ્‌ઘાતને આહારક સમુદ્‌ઘાત કહે છે. આહારક લબ્ધિધારી સાધુ આહારક શરીર બનાવવાની ઈચ્છા કરીને, પહોળાઈ અને જાડાઈમાં શરીર પ્રમાણ અને લંબાઈમાં સંખ્યાત યોજન પ્રમાણ આત્મપ્રદેશોને દંડાકારે શરીરમાંથી બહાર કાઢે છે અને આત્મપ્રદેશો પર રહેલા પૂર્વ બદ્ધ આહારક શરીર નામકર્મના પુદ્ગલોને ખંખેરે છે. [નિર્જરા કરે છે] અને આહારક શરીર બનાવવા યોગ્ય પુદ્ગલોને ગ્રહણ કરે છે તે આહારક સમુદ્‌ઘાત છે.

**(૭) કેવલી સમુદ્‌ઘાત :–** અંતર્મુહૂર્તમાં જ મોક્ષ પ્રાપ્ત કરનારા કેવલી ભગવાન જે સમુદ્‌ઘાતકરે તેને કેવલીસમુદ્‌ઘાત કહે છે. તે વેદનીય, નામ અને ગોત્ર કર્મને વિષય કરે છે અર્થાત્ વેદનીય, નામ, ગોત્ર આ ત્રણ કર્મોની સ્થિતિને આયુષ્ય કર્મની સમાન કરવા માટે આ સમુદ્‌ઘાત થાય છે. જેમાં કેવલ આઠ સમય જ થાય છે.

પ્રથમ સમયમાં કેવલી ભગવાન આત્મપ્રદેશોના દંડની રચના કરે છે. તે દંડ પહોળાઈ અને જાડાઈમાં શરીર પ્રમાણ અને લંબાઈમાં ઊર્ધ્વલોકાંતથી અધોલોકાંત પર્યંતનો વિસ્તૃત હોય છે. બીજે સમયે તે દંડને પૂર્વ–પશ્ચિમ(અથવા ઉત્તર–દક્ષિણ)માં ફેલાવે છે. જેથી તે દંડ લોકપર્યંત ફેલાયેલા બે કપાટનો આકાર ધારણ કરે છે. ત્રીજા સમયે તે પૂર્વ–પશ્ચિમ દિશામાં લોકાંત પર્યંત ફેલાયેલા આત્મપ્રદેશોને ઉત્તર દક્ષિણ દિશામાં લોકાંતપર્યંત ફેલાવીને તે જગ્યાને પૂરિત કરે છે. ત્યારે તે જ કપાટ, પૂરિત મંથનનો આકાર ધારણ કરે છે. આમ કરવાથી લોકનો અધિકાંશ ભાગ આત્મપ્રદેશોથી વ્યાપ્ત થઈ જાય છે. પરંતુ માત્ર લોકાંતના ખૂણાના પ્રદેશ ખાલી રહે છે. ચોથા સમયે તેને પણ પૂર્ણ કરી સમસ્ત લોકાકાશને આત્મપ્રદેશોથી વ્યાપ્ત કરે છે. કારણ કે લોકાકાશના અને જીવના પ્રદેશ તુલ્ય છે. પાંચમા, છઠ્ઠા, સાતમા અને આઠમા સમયે વિપરીત ક્રમથી આત્મપ્રદેશોનો સંકોચ કરે છે અને શરીરસ્થ થઈ જાય છે.

**छाउमत्थिय समुग्घायवज्जं :–** પ્રજ્ઞાપના પદ ૨૬માં સાત સમુદ્‌ઘાત સંબંધી વર્ણન પછી ચાર કષાય સમુદ્‌ઘાતનું વર્ણન છે. ત્યાર પછી છ છાદ્મસ્થિક સમુદ્‌ઘાતનું વર્ણન છે અને ત્યાર પછી સમુદ્‌ઘાત, યોગ નિરોધ તથા સિદ્ધ ભગવાન સંબંધી વર્ણન છે.

અહીં છાદ્મસ્થિક સમુદ્‌ઘાતના વર્ણન પહેલાંના વર્ણન સુધીનો અતિદેશ છે. તેથી સાત સમુદ્‌ઘાતનું વિસ્તૃત વર્ણન અહીં સમજવું જોઈએ. શેષ વર્ણનનો અહીં શાસ્ત્રકારને અપેક્ષિત પ્રસંગ નથી એમ સમજવું.

## ॥ શતક ૨/૨ સંપૂર્ણ ॥

# શતક–૨ : ઉદ્દેશક–૩

## પૃથ્વી

**નરક પૃથ્વી વર્ણન :–**

**૧ कइ णं भंते ! पुढवीओ पण्णत्ताओ ? जीवाभिगमे णेरइयाणं जो बिइओ उद्दसो सो णेयव्वो जाव किं सव्वे पाणा उववण्णपुव्वा ? हंता गोयमा ! असइं अदुवा अणंतखुत्तो ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! પૃથ્વીઓ કેટલી કહી છે ?

ઉત્તર– હે ગૌતમ ! જીવાભિગમ સૂત્રમાં નૈરયિકોનો બીજો ઉદ્દેશક કહ્યો છે. તેમાં પૃથ્વી–નરકભૂમિ સંબંધિત, તેના ભેદ, સંસ્થાન, જાડાઈ આદિનું તથા અન્ય જે વર્ણન છે, તે સર્વનું અહીં કથન કરવું.

પ્રશ્ન– હે ભગવન્ ! શું સર્વ જીવ નરક પૃથ્વીમાં ઉત્પન્નપૂર્વ છે ? અર્થાત્ સર્વ જીવ પહેલા રત્નપ્રભાદિ પૃથ્વીઓમાં ઉત્પન્ન થયા છે ?

ઉત્તર– હા, ગૌતમ ! સર્વ જીવ રત્નપ્રભાદિ નરક પૃથ્વીઓમાં અનેક વાર અથવા અનંતવાર પહેલાં ઉત્પન્ન થયા છે.

**વિવેચન :–**

પ્રસ્તુત ઉદ્દેશકમાં જીવાભિગમ સૂત્રોક્ત નરક પૃથ્વીઓ સંબંધી સમસ્ત વર્ણનનો નિર્દેશ કર્યો છે.

જીવાભિગમસૂત્રના દ્વિતીય ઉદ્દેશકમાં પૃથ્વીઓનાં વર્ણન સંબંધી સંગ્રહ ગાથા છે, તે આ પ્રમાણે છે–

**पुढवी ओगाहित्ता णिरया, संठाणमेव बाहल्लं।**
**विक्खंभ–परिक्खेवो, वण्णो गंधो य फासो य॥**

આ ગાથામાં વર્ણિત આઠ દ્વારનું સ્પષ્ટીકરણ આ પ્રમાણે છે–

**(૧) પુઢવી :–** પૃથ્વીઓ સાત છે. રત્નપ્રભા આદિ

**(૨) ओगाहित्ता णिरया :–** નરકાવાસ ક્યાં છે અને કેટલા છે ? રત્નપ્રભા પૃથ્વીની જાડાઈ ૧૮૦૦૦૦ યોજન છે. તેમાંથી એક હજાર યોજન ઉપર અને એક હજાર યોજન નીચે છોડીને મધ્યમાં ૧૭૮૦૦૦ યોજનમાં ૩૦ લાખ નરકાવાસ છે.

પ્રથમ છ નરકમાં ઉપર અને નીચે એક એક હજાર યોજન છોડીને મધ્ય ભાગમાં અસંખ્ય નરકાવાસ છે. અને સાતમી નરકમાં ઉપર અને નીચે સાડા બાવન હજાર યોજન છોડીને મધ્યના ભાગમાં ફક્ત પાંચ જ નરકાવાસ છે.

**(૩) સંસ્થાન :–** જે નારકોના આવાસ આવલિકા પ્રવિષ્ટ–પંક્તિબંધ છે તે આવાસ ગોળ, ત્રિકોણ અને ચતુષ્કોણ હોય છે. શેષ નરકાવાસો અનેક આકારવાળા હોય છે.

**(૪) બાહલ્ય (જાડાઈ) :–** પ્રત્યેક નરકાવાસ ૩૦૦૦ યોજનની જાડાઈના છે.તેમાં નીચેના હજાર યોજન નિબિડ–ઠોસ છે. મધ્યના હજાર યોજન શુષિર–પોલાણ યુક્ત છે. ઉપરના હજાર યોજન સંકુચિત છે.

**(૫) વિષ્કંભ પરિક્ષેપ [લંબાઈ–પહોળાઈ–પરિધિ]:–** કેટલાક નરકાવાસો સંખ્યાત યોજન અને કેટલાક નરકાવાસો અસંખ્યાત યોજન વિસ્તૃત છે.

**(૬) વર્ણ :–** નારકોનો વર્ણ ભયંકર, અત્યંત ભયંકર, રોમાંચ ઊભા કરી દે તેવો કાળો હોય છે.

**(૭) ગંધ :–** ત્યાં સર્પાદિના મૃત કલેવરથી અનંત ગુણી અધિક દુર્ગંધ હોય છે.

**(૮) સ્પર્શ :–** ત્યાં ક્ષુરધારા, ખડ્ગધારા આદિથી અનંત ગુણો તીક્ષ્ણ કષ્ટદાયક સ્પર્શ હોય છે.

વિશેષ વર્ણન જીવાભિગમ સૂત્રથી જાણવું જોઈએ.

**॥ શતક ૨/૩ સંપૂર્ણ ॥**

# શતક–૨ : ઉદ્દેશક–૪

## ઈન્દ્રિય

**ઈન્દ્રિયોનું વર્ણન :–**

**૧** **कइ णं भंते ! इंदिया पण्णत्ता ?**

**गोयमा ! पंच इंदिया पण्णत्ता, तं जहा– सोइंदिए चक्खिदिए घाणिंदिए, रसिंदिए, फासिंदिए एवं पढमिल्लो इंदियउद्देसओ णेयव्वो** *जाव* **अलोगो ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! ઈન્દ્રિયો કેટલી કહી છે ?

ઉત્તર– હે ગૌતમ ! ઈન્દ્રિયો પાંચ કહી છે, તે આ પ્રકારે છે.

શ્રોતેન્દ્રિય, ચક્ષુરિન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, રસનેન્દ્રિય અને સ્પર્શેન્દ્રિય. અહીં પ્રજ્ઞાપનાસૂત્રના ૧૫માં 'ઈન્દ્રિયપદ'ના પ્રથમ ઉદ્દેશક પ્રમાણે ઈન્દ્રિયોનું સંસ્થાન, જાડાઈ, પહોળાઈ આદિ અલોક પર્યંતના દ્વારોનું સમગ્ર વર્ણન સમજવું.

**વિવેચન :–**

પ્રસ્તુત ઉદ્દેશકના આ સૂત્રમાં ઈન્દ્રિયો સંબંધિત સમગ્ર વર્ણન માટે પ્રજ્ઞાપનાસૂત્રના ૧૫માં ઈન્દ્રિય પદના પ્રથમ ઉદ્દેશકનો નિર્દેશ કર્યો છે. ત્યાં નિર્દિષ્ટ ઈન્દ્રિયો સંબંધિત ૨૪ દ્વારોની ગાથા આ પ્રમાણે છે–

**संठाणं बाहल्लं पोहत्तं, कइपएस ओगाढे ।**
**अप्पाबहु पुट्ठ–पविट्ठ, विसय अणगार आहारे ॥**

**अद्दाय असी य मणी, उडुपाणे तेल फाणिय वसा य ।**
**कंबल थूणा थिग्गल, दीवोदहि लोगालोगे ॥**

અર્થ :– (૧) ઈન્દ્રિયોનો આકાર (૨) ઈન્દ્રિયોની જાડાઈ–બાહલ્ય (૩) વિસ્તાર–લંબાઈ (૪) કેટલા પ્રદેશોની (૫) અવગાહિત પ્રદેશો (૬) તેનું અલ્પબહુત્વ (૭) સ્પૃષ્ટ (૮) પ્રવિષ્ટ (૯) વિષય (૧૦) અણગારદ્વાર (૧૧) આહારદ્વાર (૧૨) આદર્શદ્વાર (૧૩) અસિદ્વાર (૧૪) મણિદ્વાર (૧૫) ઉદપાન

[દુગ્ધપાન] દ્વાર (૧૬) તૈલદ્વાર (૧૭) ફાણિતદ્વાર (૧૮) વસાદ્વાર (૧૯) કમ્બલદ્વાર (૨૦) સ્થૂણાદ્વાર (૨૧) થિગ્ગલદ્વાર (૨૨) દ્વીપ–સમુદ્ર (૨૩) લોકદ્વાર (૨૪) અલોકદ્વાર. પર્યંત ૨૪ દ્વારોના માધ્યમથી ઈન્દ્રિયો સંબંધિ પ્રરૂપણા કરી છે.

**(૧) સંસ્થાન–** તેમાં પ્રત્યેક ઈન્દ્રિયના આકારનું કથન છે, શ્રોતેન્દ્રિયનું સંસ્થાન કદમ્બ પુષ્પ સમાન, ચક્ષુરિન્દ્રિયનું મસૂરની દાળ સમાન, ઘ્રાણેન્દ્રિયનું અતિમુક્તકના ફૂલ સમાન, રસેન્દ્રિયનું ક્ષુરપા–અસ્ત્રાની ધાર સમાન અને સ્પર્શેન્દ્રિયનું સંસ્થાન વિવિધ પ્રકારનું છે.

**(૨) બાહલ્ય–** પાંચે ઈન્દ્રિયોની જાડાઈ અંગુલના અસંખ્યાતમા ભાગની છે.

**(૩) વિસ્તાર–લંબાઈ–** શ્રોતેન્દ્રિય, ચક્ષુરિન્દ્રિય અને ઘ્રાણેન્દ્રિયની લંબાઈ અંગુલના અસંખ્યાતમા ભાગની, રસેન્દ્રિયની આત્માંગુલથી અનેક અંગુલ, સ્પર્શેન્દ્રિયની લંબાઈ શરીર પ્રમાણ છે.

**(૪) પ્રદેશ–** પાંચે ઈન્દ્રિયો અનંત પ્રદેશાત્મક છે.

**(૫) અવગાહિત પ્રદેશ–** પાંચે ઈન્દ્રિયો અસંખ્યાત પ્રદેશ અવગાહિત છે.

**(૬) અવગાહના અલ્પબહુત્વ–** સર્વથી થોડી ચક્ષુરિન્દ્રિયની તેથી શ્રોતેન્દ્રિયની સંખ્યાતગુણી, તેથી ઘ્રાણેન્દ્રિયની સંખ્યાત ગુણી, તેથી રસેન્દ્રિયની અસંખ્યાતગુણી, તેથી સ્પર્શેન્દ્રિયથી અવગાહના સંખ્યાતગુણી છે.

**(૭–૮) સ્પૃષ્ટ–પ્રવિષ્ટ–** ઈન્દ્રિયો પોતાના વિષયને કઈ રીતે ગ્રહણ કરે છે ? ચક્ષુરિન્દ્રિય અપ્રાપ્યકારી છે. તે અસ્પૃષ્ટ અને અપ્રવિષ્ટરૂપને જુએ છે. શેષ ચાર ઈન્દ્રિય પ્રાપ્યકારી છે. તે સ્પૃષ્ટ અને પ્રવિષ્ટ વિષયને જ ગ્રહણ કરે છે.

**(૯) વિષય–** ચારે ઈન્દ્રિયનો જઘન્ય વિષય અંગુલનો અસંખ્યાતમો ભાગ અને ચક્ષુરિન્દ્રિયનો અંગુલનો સંખ્યાતમો ભાગ છે. ઉત્કૃષ્ટ વિષય શ્રોતેન્દ્રિયનો બાર યોજન, ચક્ષુરિન્દ્રિયનો સાધિક લાખ યોજન, શેષ ત્રણ ઈન્દ્રિયનો નવ યોજન છે અર્થાત્ તેટલા દૂર રહેલા પોત–પોતાના વિષયને ગ્રહણ કરે છે.

આ સંબંધમાં શેષ દ્વારનું વિવેચન વિસ્તાર ભયથી પ્રસ્તુત આગમમાં આપ્યું નથી. પ્રજ્ઞાપનાસૂત્રના ૧૫મા ઈન્દ્રિયપદના પ્રથમ ઉદ્દેશક અનુસાર જાણવું જોઈએ.

**॥ શતક ૨/૪ સંપૂર્ણ ॥**

# શતક–ર : ઉદ્દેશક–પ

## સંક્ષિપ્ત સાર

આ ઉદ્દેશકમાં દેવોની પરિચારણા, ગર્ભની કાલમર્યાદા, મૈથુન સેવનના દોષ તેમજ તુંગિયા નગરીના શ્રાવકોના પ્રશ્નોત્તરનું અને અંતે ગરમ પાણીના ઝરણાનું પ્રતિપાદન છે.

★ દેવગતિમાં દેવોની પરિચારણા વિવિધ પ્રકારની હોય છે. સ્વાભાવિક રૂપે તે પોતાની દેવીઓ સાથે પરિચારણા કરે છે. વિશેષ રૂપે પોતાની દેવીઓ દ્વારા વૈક્રિયકૃત હજારો દેવીઓ સાથે પરિચારણા કરે. ક્યારેક કોઈક વિકૃત બુદ્ધિવાળા દેવ અન્યની દેવીઓ સાથે પણ પરિચારણા કરે છે અને કોઈ નિદાનકૃત દેવ સ્વયં જ દેવીઓના રૂપની વિકુર્વણા કરીને તે વૈક્રિયકૃત રૂપ સાથે પણ પરિચારણા કરે છે.

★ ઉપરોક્ત સર્વ પ્રકારે પરિચારણા કરનાર દેવ એક પુરુષવેદનું જ વેદન કરે છે. એક સમયમાં એક જીવને બે વેદનો ઉદય હોતો નથી. કદાચ સ્વયં દેવીનું રૂપ બનાવે અને પરિચારણા કરે તોપણ તેને પુરુષવેદનો ઉદય હોય છે. કારણ કે પુરુષવેદની ઉપશાંતિ માટે જ તે દેવીનું રૂપ બનાવે છે.

★ અન્યતીર્થિકો અન્ય સર્વ પ્રકારની પરિચારણાનો નિષેધ કરીને સ્વયં દ્વારા વિકૂર્વિત દેવીની સાથે જ પરિચારણાનું કથન કરે છે અને તેઓ એક સમયમાં બે વેદનું વેદન કહે છે. પરંતુ તેઓની માન્યતા ભ્રાંત છે.

★ **ઉદકગર્ભ–** [વાદળ રૂપે અપ્કાય જીવોનું રહેવું] જઘન્ય એક સમય ઉત્કૃષ્ટ છ મહિના. તિર્યંચગર્ભ– જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ આઠ વર્ષ. મનુષ્ય ગર્ભ જઘન્ય અંતમુહૂર્ત, ઉત્કૃષ્ટ બાર વર્ષ પર્યંત રહી શકે છે.

★ એક જીવ ગર્ભમાં જ મૃત્યુ પામી પુનઃ તે ગર્ભમાં ઉત્પન્ન થાય તો ગર્ભની કાયસ્થિતિ ઉત્કૃષ્ટ ર૪ વર્ષની છે. ગર્ભમાં ફરી જન્મ ધારણ કરનાર નવું શરીર બનાવે છે. પહેલાનું મૃત શરીર ગમે તે રીતે વિશીર્ણ થઈ જાય છે.

મનુષ્યાણી અને તિર્યંચાણી સંબંધી યોનિગત બીજ–વીર્ય જઘન્ય અંતર્મુહૂર્ત ઉત્કૃષ્ટ બાર મુહૂર્ત પર્યંત યોનિભૂત રહે છે અર્થાત્ બાર મુહૂર્ત પર્યંત તેમાં સંતાનોત્પાદક શક્તિ હોય છે.

★ એક જીવ એક ભવમાં જઘન્ય એક, બે, ત્રણ ઉત્કૃટ અનેક સો વ્યક્તિઓનો પુત્ર થઈ શકે છે. એક જીવ એક ભવમાં ઉત્કૃષ્ટ અનેક લાખ પુત્રોને જન્મ આપી શકે છે અર્થાત્ તે લાખો જીવોના પિતા બની શકે છે.

★ મૈથુન સેવન તે અધર્મનું મૂળ છે. એક પ્રકારનો અસંયમ અને આત્માનો વિકારભાવ છે.

★ તુંગિયાનગરીના શ્રાવકો પુણ્યવાન, યશવાન, દીપ્તિમાન, દઢ શ્રદ્ધાવાન હતા. ભૌતિક ઋદ્ધિસંપન્ન હતા. તેમજ શ્રાવકના સર્વગુણ સંપન્ન હતા. **तमेव सच्चं णिसंकं जं जिणेहिं पवेइयं** । જિનેશ્વરનું વચન નિઃશંકપણે સત્ય જ છે, તેવી તેમની દઢ શ્રદ્ધા હતી. તેઓ નવ તત્ત્વના જ્ઞાતા અને અપૂર્વ જિજ્ઞાસાના ધારક હતા. પ્રભુ પાર્શ્વનાથની પરંપરાના સ્થવિરો સમક્ષ જઈ વિનમ્રભાવે પોતાની જિજ્ઞાસા પ્રગટ કરી, સત્ય તત્ત્વને પામી ગયા.[જેની વિસ્તૃત માહિતી તે પ્રસંગના પ્રારંભમાં આપી છે.]

તેના અનુસંધાનમાં શ્રી ગૌતમ સ્વામીએ પ્રભુ મહાવીરને શ્રમણોની પર્યુપાસનાના ફળ વિષયક પ્રશ્નો પૂછ્યા છે. પ્રભુએ શ્રમણની પર્યુપાસનાથી આત્માનો ક્રમિક વિકાસ બતાવી સિદ્ધિ પર્યંતના ફળને સમજાવ્યું છે. શ્રમણ પર્યુપાસનાથી ક્રમશઃ ધર્મશ્રવણ, જ્ઞાન, વિજ્ઞાન, પ્રત્યાખ્યાન, સંયમ, અનાશ્રવપણુ, તપ, કર્મક્ષય, અક્રિયપણું અને સિદ્ધિ પ્રાપ્ત થાય છે.

★ રાજગૃહ નગરની બહાર વૈભારગિરિ પર્વતની નજીક 'મહાતપોપતીર પ્રભવ' નામનું એક ઝરણું છે, જે ૫૦૦ ધનુષ્ય લાંબુ પહોળું છે. તેમાં અનેક ઉષ્ણયોનિક જીવ અને પુદ્‌ગલ આવીને ઉત્પન્ન થાય છે અને નીકળે છે. હંમેશાં તેમાંથી ગરમ પાણી પ્રવાહિત થાય છે. અન્યતીર્થિકો જેને અનેક યોજન લાંબુ હ્રદ–કુંડ કહે છે.

❖❖❖❖❖

# શતક–૨ : ઉદ્દેશક–૫

## પરિચારણા

**દેવલોકમાં પરિચારણા વિષયક અન્યમત–સ્વમત :–**

**१** अण्णउत्थिया णं भंते ! एवं आइक्खंति भासंति पण्णवेंति परूवेंति, तं जहा– एवं खलु णियंठे कालगए समाणे देवब्भूएणं अप्पाणेणं से णं तत्थ णो अण्णे देवे, णो अण्णेसिं देवाणं देवीओ अभिजुंजिय अभिजुंजिय परियारेइ; णो अप्पणिच्चियाओ देवीओ अभिजुंजिय, अभिजुंजिय परियारेइ; अप्पणामेव अप्पाणं विउव्विय विउव्विय परियारेइ ।

एगे वि य णं जीवे एगेणं समएणं दो वेयं वेएइ, तं जहा– इत्थिवेयं च पुरिसवेयं च । जं समयं इत्थिवेयं वेएइ तं समयं पुरिसवेयं वेएइ । जं समयं पुरिसवेयं वेएइ तं समयं इत्थिवेयं वेएइ । इत्थिवेयस्स वेयणाए पुरिसवेयं वेएइ, पुरिसवेयस्स वेयाए इत्थिवेयं वेएइ । एवं खलु एगे वि य णं जीवे एगेणं समए णं दो वेदे वेदेइ, तं जहा– इत्थिवेयं च पुरिसवेयं च । से कहमेयं भंते ! एवं ?

गोयमा ! जं णं ते अण्णउत्थिया एवं आइक्खंति जाव इत्थिवेयं च पुरिसवेयं च । जे ते एवं आहंसु मिच्छं ते एवं आहंसु । अहं पुण गोयमा ! एवमाइक्खामि भासामि पण्णवेमि परूवेमि– एवं खलु णियंठे कालगए समाणे अण्णयरेसु देवलोएसु देवत्ताए उववत्तारो भवंति, महड्ढीएसु जाव महाणुभागेसु, दूरगइसु चिरट्ठिईएसु । से णं तत्थ देवे भवइ महड्ढीए जाव दस दिसाओ उज्जोवेमाणे पभासेमाणे जाव पडिरूवे ।

से णं तत्थ अण्णे देवे, अण्णेसिं देवाणं देवीओ अभिजुंजिय, अभिजुंजिय णो परियारेइ, अप्पणिच्चियाओ देवीओ अभिजुंजिय अभिजुंजिय परियारेइ; णो अप्पणामेव अप्पाणं विउव्वियं विउव्विय परियारेइ ।

**एगे वि य णं जीवे एगेणं समएणं एगं वेयं वेएइ, तं जहा– इत्थिवेयं वा पुरिसवेयं वा । जं समयं इत्थिवेयं वेएइ, णो तं समयं पुरिसवेयं वेएइ । जं समयं पुरिसवेयं वेएइ, णो तं समयं इत्थिवेयं वेएइ । इत्थिवेयस्स उदएणं णो पुरिसवेयं वेएइ, पुरिसवेयस्स उदएणं णो इत्थिवेयं वेएइ, एवं खलु एगे जीवे एगेणं समएणं एगं वेयं वेएइ, तं जहा– इत्थिवेयं वा पुरिसवेयं वा ।**

**इत्थि, इत्थिवेएणं उदिण्णेणं पुरिसं पत्थेइ । पुरिसो, पुरिसवेएणं उदिण्णेणं इत्थि पत्थेइ । दो वि ते अण्णमण्णं पत्थेंति, तं जहा– इत्थि वा पुरिसं, पुरिसे वा इत्थिं ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! અન્યતીર્થિક આ પ્રમાણે કહે છે, ભાષણ કરે છે, બતાવે છે અને પ્રરૂપણા કરે છે કે કોઈ પણ નિર્ગ્રંથ મરીને દેવ થાય છે, તે દેવ ત્યાં અન્ય દેવોની દેવીઓ સાથે, તેને આલિંગન કરીને, પરિચારણા[મૈથુન સેવન] કરતા નથી તથા પોતાની દેવીને આલિંગન કરીને તેની સાથે પણ પરિચારણા કરતા નથી, પરંતુ તે દેવ વૈક્રિયલબ્ધિથી સ્વયં પોતાના જ બે રૂપ બનાવે છે. [જેમાં એકરૂપ દેવનું અને એક દેવીનું હોય છે] તે બે રૂપ બનાવીને, તે વૈક્રિયકૃત દેવી સાથે પરિચારણા કરે છે.

આ રીતે એક જીવ એક સમયમાં બે વેદનો અનુભવ કરે છે. યથા–સ્ત્રીવેદ અને પુરુષવેદ. જ્યારે સ્ત્રીવેદને વેદે છે ત્યારે પુરુષવેદને પણ વેદે છે અને જ્યારે પુરુષ વેદને વેદે છે ત્યારે સ્ત્રી વેદને પણ વેદે છે. સ્ત્રી વેદના ઉદયમાં પુરુષ વેદને વેદે છે અને પુરુષ વેદના ઉદયમાં સ્ત્રી વેદને વેદે છે. આ રીતે એક જ જીવ એક સમયમાં બે વેદને વેદે છે, સ્ત્રીવેદ અને પુરુષવેદ. હે ભગવન્ ! શું આ કથન આ રીતે હોઈ શકે ? અર્થાત્ શું અન્યતીર્થિકોનું કથન સત્ય છે ?

ઉત્તર– હે ગૌતમ ! તે અન્યતીર્થિકો, જે આ પ્રમાણે કહે છે તેમજ પ્રરૂપણા કરે છે કે એક જીવ એક સમયમાં સ્ત્રીવેદ અને પુરુષવેદ બે વેદનો અનુભવ કરે છે. તેનું તે કથન મિથ્યા છે. હે ગૌતમ ! હું આ પ્રમાણે કહું છું, ભાષણ કરું છું, બતાવું છું, પ્રરૂપણા કરું છું કે કોઈ એક નિર્ગ્રંથ મરીને, કોઈ મહર્દ્ધિક આદિ વિશેષણ યુક્ત તેમજ મહાપ્રભાવયુક્ત, દૂરગમનની શક્તિસંપન્ન, દીર્ઘકાલની સ્થિતિ સંપન્ન, દેવલોકના કોઈ એક સ્થાનમાં દેવરૂપે ઉત્પન્ન થાય છે. તેવા દેવલોકમાં તે મહાન ૠદ્ધિ વગેરેથી યુક્ત તેમજ દશે– દિશાઓમાં ઉદ્યોત કરતા, વિશિષ્ટ કાંતિથી શોભાયમાન, તેમજ અત્યંત રૂપવાન દેવ થાય છે.

તે દેવ ત્યાં અન્ય દેવોની દેવીઓ સાથે, તેને ગ્રહણ કરીને પરિચારણા કરતા નથી અને પોતાની દેવીઓને ગ્રહણ કરીને તેની સાથે પરિચારણા કરે છે. પરંતુ સ્વયં વૈક્રિયલબ્ધિથી પોતાના જ બે રૂપ બનાવીને પરિચારણા કરતા નથી.

એક જીવ એક સમયમાં એક જ વેદનો અનુભવ કરે છે; સ્ત્રીવેદ કે પુરુષવેદમાંથી એકનો જ અનુભવ કરે છે. જ્યારે સ્ત્રીવેદને(વેદે) અનુભવે છે ત્યારે પુરુષવેદને અનુભવતા નથી અને જ્યારે પુરુષવેદને

અનુભવે છે ત્યારે સ્ત્રીવેદને અનુભવતા નથી. સ્ત્રીવેદના ઉદયમાં પુરુષવેદનો અનુભવ કરતા નથી અને પુરુષવેદના ઉદયમાં સ્ત્રીવેદનો અનુભવ કરતા નથી. તેથી એક જીવ એક સમયમાં સ્ત્રીવેદ કે પુરુષવેદ, આ બંને વેદમાંથી એક જ વેદને વેદે છે, અનુભવે છે.

જ્યારે સ્ત્રીવેદનો ઉદય થાય ત્યારે સ્ત્રી, પુરુષની અભિલાષા કરે છે અને જ્યારે પુરુષવેદનો ઉદય થાય ત્યારે પુરુષ, સ્ત્રીની અભિલાષા કરે છે. પોત–પોતાના વેદના ઉદયથી પુરુષ અને સ્ત્રી પરસ્પર એકબીજાની ઈચ્છા કરે છે. તે આ પ્રમાણે છે– સ્ત્રી, પુરુષની અને પુરુષ, સ્ત્રીની અભિલાષા કરે છે.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રમાં અન્યતીર્થિકોના બે મતનું નિરૂપણ છે. (૧) દેવો દ્વારા પોતાના જ વૈક્રિયકૃત રૂપ સાથે પરિચારણા કરવી. (૨) એક સમયમાં સ્ત્રીવેદ અને પુરુષવેદ તે બે વેદનો અનુભવ કરવો. આ બંને પ્રકારની પ્રરૂપણા નિર્ગ્રંથના નામે આક્ષેપ દર્શાવતી છે પરંતુ તે સંગત નથી.

**સિદ્ધાંતાનુકૂલ મત :–** કોઈપણ નિર્ગ્રંથ કાલ કરીને મહર્દ્ધિક દેવ થાય છે. તે દેવ અન્ય દેવની દેવીઓ સાથે પરિચારણા કરતા નથી, પોતાની દેવીઓ સાથે પરિચારણા કરે છે. પરંતુ વૈક્રિયલબ્ધિથી પોતાનાં જ બે રૂપો બનાવીને પરિચારણા કરતા નથી. કારણ કે પૂર્વભવમાં નિર્ગ્રંથ ધર્મની આરાધના કરનારને આ પ્રકારની પરિચારણા કરવાની વૃત્તિ હોતી નથી. નિદાન કરીને દેવ થનાર જીવ સૂત્રોક્ત ત્રણે ય પ્રકારની વૃત્તિવાળા હોય છે અર્થાત્ ત્રણે પ્રકારની પરિચારણા કરે છે. સિદ્ધાંતતઃ એક જીવ એક સમયમાં એક જ વેદનો અનુભવ કરી શકે છે. એક સાથે બે વેદનો નહિ. પરસ્પર નિરપેક્ષ–વિરુદ્ધ વસ્તુઓ એક જ સમયે એક જ સ્થાનમાં રહી શકતી નથી, જેમ પ્રકાશ અને અંધકાર. તે જ રીતે સ્ત્રીવેદ અને પુરુષવેદ પરસ્પર વિરોધી છે. તેથી તે બંને એક સમયમાં એક સાથે વેદી–અનુભવી શકાતા નથી. પ્રસ્તુત સૂત્રમાં આ સિદ્ધાંતને સારી રીતે પુષ્ટ કર્યો છે.

## ગર્ભ વિચાર :–

**२ उदगगब्भे णं भंते ! उदगगब्भे त्ति कालओ केवच्चिरं होइ ?**

**गोयमा ! जहण्णेणं एक्कं समयं उक्कोसेणं छम्मासा ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! ઉદકગર્ભ [પાણીનો ગર્ભ] કેટલો સમય ઉદકગર્ભ રૂપે રહે છે ?

ઉત્તર– હે ગૌતમ ! જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ છ માસ પર્યંત ઉદકગર્ભ, ઉદકગર્ભ રૂપે રહે છે.

**३ तिरिक्खजोणियगब्भे णं भंते ! तिरिक्खजोणियगब्भे त्ति कालओ केवच्चिरं होइ ?**

**गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं अट्ठसंवच्छराइं।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! તિર્યગ્યોનિક ગર્ભ કેટલો સમય તિર્યગ્યોનિક ગર્ભરૂપે રહે છે ?

ઉત્તર– હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ આઠ વર્ષ સુધી તિર્યગ્યોનિક ગર્ભ, તિર્યગ્યોનિક ગર્ભરૂપે રહી શકે છે.

**४ मणुस्सीगब्भे णं भंते ! मणुस्सीगब्भे त्ति कालओ केवच्चिरं होइ ?**

**गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं उक्कोसेणं बारस संवच्छराइं ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! માનુષીગર્ભ કેટલો સમય માનુષીગર્ભ રૂપે રહે છે ?

ઉત્તર– હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ બાર વર્ષ સુધી માનુષીગર્ભ, માનુષીગર્ભરૂપે રહી શકે છે.

**५ कायभवत्थे णं भंते ! कायभवत्थे त्ति कालओ केवच्चिरं होइ ?**

**गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं चउव्वीसं संवच्छराइं।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! કાય ભવસ્થ કેટલો સમય કાયભવસ્થ રૂપે રહે છે ?

ઉત્તર– હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ ચોવીસ વર્ષ સુધી કાયભવસ્થ, તે જ ગર્ભસ્થાનમાં બે જન્મ મરણ કરતાં કાયભવસ્થ રૂપે રહે છે.

**६ मणुस्स-पंचेंदियतिरिक्खजोणियबीए णं भंते ! जोणियब्भूए केवइयं कालं संचिट्ठइ ?**

**गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं बारस मुहुत्ता ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! માનુષી અને પંચેન્દ્રિય તિર્યંચાણી સંબંધી યોનિગત બીજ [વીર્ય] કેટલો સમય યોનિભૂતરૂપે રહે છે ?

ઉત્તર– હે ગૌતમ ! તે જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ બાર મુહૂર્ત સુધી 'યોનિભૂત' રૂપે રહે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં ઉદકગર્ભ, તિર્યગ્યોનિક ગર્ભ, માનુષીગર્ભ, કાયભવસ્થ અને યોનિભૂત બીજની સમયમર્યાદાનું નિરૂપણ કર્યું છે.

**ઉદકગર્ભ :–** કાલાંતરમાં પાણી વરસાવવાના કારણભૂત પુદ્‌ગલ પરિણામને–મેઘ(વાદળા)ને 'ઉદકગર્ભ'

કહે છે. તેની સ્થિતિ ઓછામાં ઓછી એક સમયની, વધુમાં વધુ છ માસની છે. ઓછામાં ઓછા એક સમયમાં જ તે વરસી જાય છે અને વધુમાં વધુ છ માસ પછી વરસે છે. માગશર અને પોષ માસમાં સંધ્યાકાળે આકાશમાં જે રતાશ દેખાય છે તથા ચંદ્રમાની કોર જે મેઘોથી અંકિત કુંડલાકાર જલચક્રરૂપે દેખાય છે, તેમજ માગશર માસમાં વધુ ઠંડી પડતી નથી અને પોષ માસમાં જે અતિશય ઠંડી પડે છે. તે બધા ઉદકગર્ભના ચિહ્ન છે.

**તિર્યંચ–મનુષ્યગર્ભ :–** તિર્યંગ્યોનિક ગર્ભસ્થ જીવ જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ આઠ વર્ષ અને ગર્ભસ્થ મનુષ્ય જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ બાર વર્ષ પર્યંત રહી શકે છે.

**કાયભવસ્થ :–** માતાના ઉદરમાં રહેલા ગર્ભનું જે શરીર છે તેને કાય કહે છે. તે કાયરૂપ શરીરમાં જ જે ભવ[જન્મ] થાય તેને કાયભવસ્થ કહે છે અર્થાત્ કોઈ જીવ માતાના ઉદરમાં ગર્ભરૂપે આવીને, તે શરીરમાં બાર વર્ષ રહીને મરી જાય અને ફરી તે જ માતાના શરીરમાં નવા શુક્ર– શોણિતથી ઉત્પન્ન થઈને બાર વર્ષ રહે. આ રીતે એક જીવ બે ભવ કરીને ઉત્કૃષ્ટ ૨૪ વર્ષ સુધી 'કાયભવસ્થ' રૂપે રહી શકે છે.

ગર્ભજ જીવ શુક્ર–શોણિતથી જ ઉત્પન્ન થાય છે, તેથી કાયભવસ્થ જીવ પણ તે જ રીતે ઉત્પન્ન થાય છે, તે બીજીવાર ઉત્પન્ન થનારો જીવ પોતાના મૃત શરીરમાં ઉત્પન્ન થતો નથી. તેને નવુ શુક્ર–શોણિત ગ્રહણ કરીને નવુ શરીર બનાવવું પડે છે. તેથી 'કાયભવસ્થ'નો અર્થ છે 'તે જ માતાના ગર્ભ સ્થાનમાં બીજો ભવ કરવો.'

**યોનિભૂત બીજની કાલસ્થિતિ :–** મનુષ્ય અથવા તિર્યંચ પંચેન્દ્રિયનું, મનુષ્ય સ્ત્રી અથવા તિર્યંચાણીની યોનિમાં ગયેલું વીર્ય બાર મુહૂર્ત પર્યંત યોનિભૂત રહે છે અર્થાત્ તે વીર્યમાં બાર મુહૂર્ત પર્યંત સંતાનોત્પાદક શક્તિ રહે છે.

## એક ભવમાં માતા પિતા, પુત્રની સંખ્યા :–

**૭ एगजीवे णं भंते ! एगभवग्गहणेणं केवइयाणं पुत्तत्ताए हव्वमागच्छइ?**

**गोयमा ! जहण्णेणं इक्कस्स वा दोण्हं वा तिण्हं वा उक्कोसेणं सयपुहुत्तस्स जीवाणं पुत्तत्ताए हव्वमागच्छइ ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! એક જીવ, એક ભવની અપેક્ષાએ કેટલા જીવોનો પુત્ર થઈ શકે છે ?

ઉત્તર– હે ગૌતમ ! એક જીવ, એક ભવમાં જઘન્ય એક જીવનો, બે જીવનો અથવા ત્રણ જીવનો અને ઉત્કૃષ્ટ અનેક સો જીવોનો પુત્ર થઈ શકે છે.

**૮ एगजीवस्स णं भंते ! एगभवग्गहणेणं केवइया जीवा पुत्तत्ताए हव्वमागच्छंति?**

**गोयमा ! जहण्णेणं एक्को वा दो वा तिण्णि वा उक्कोसेणं सयसहस्सपुहुत्तं**

**जीवा णं पुत्तत्ताए हव्वमागच्छंति ।**

**से केणट्ठेणं भंते ! एवं वुच्चइ जाव हव्वमागच्छंति ?**

**गोयमा ! इत्थीए पुरिसस्स य कम्मकडाए जोणीए मेहुणवत्तिए णामं संजोए समुप्पज्जइ । ते दुहओ सिणेहं संचिणंति, संचिणित्ता तत्थ णं जहण्णेणं एक्को वा दो वा तिण्णि वा उक्कोसेणं सयसहस्सपुहुत्तं जीवा णं पुत्तताए हव्वमागच्छंति, से तेणट्ठेणं गोयमा !** *जाव* **हव्वमागच्छंति ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! એક જીવના, એક ભવમાં કેટલા જીવ પુત્રરૂપે ઉત્પન્ન થાય છે ?

ઉત્તર– હે ગૌતમ ! જઘન્ય એક, બે અથવા ત્રણ જીવ અને ઉત્કૃષ્ટ અનેક લાખ(લાખો) જીવ પુત્ર રૂપે ઉત્પન્ન થઈ શકે છે.

પ્રશ્ન– હે ભગવન્ ! તેનું શું કારણ છે કે ઉત્કૃષ્ટ લાખો જીવો પુત્રરૂપે ઉત્પન્ન થાય છે ?

ઉત્તર– હે ગૌતમ ! પુરુષ દ્વારા કર્મકૃત સ્ત્રી યોનિમાં જ્યારે મૈથુન વૃત્તિક નામક સંયોગ નિષ્પન્ન થાય છે, ત્યારે તે બંનેના સ્નેહ [પુરુષનું વીર્ય અને સ્ત્રીનું રક્ત–રજ]નો સંચય થાય છે અને પછી તેમાં જઘન્ય એક, બે અથવા ત્રણ અને ઉત્કૃષ્ટ અનેક લાખ (લાખો) જીવ પુત્રરૂપે ઉત્પન્ન થઈ શકે છે. હે ગૌતમ ! તેથી પૂર્વોક્ત કથન કર્યું છે.

**વિવેચન :–**

પ્રસ્તુત બે સૂત્રોમાં ક્રમશઃ એક જીવ(મનુષ્ય કે તિર્યંચ)એક જન્મમાં કેટલા જીવોનો પુત્ર થઈ શકે છે અને એક જીવના એક જન્મમાં કેટલા પુત્ર [સંતાન] થઈ શકે છે ? અને તેનું શું કારણ છે ? તે વિષયને સ્પષ્ટ કર્યો છે.

**એક જીવ શતપૃથક્ત્વ જીવોનો પુત્ર કેવી રીતે ? :–** મનુષ્ય અથવા તિર્યંચનું વીર્ય બાર મુહૂર્ત પર્યંત સંતાનોત્પાદક શક્તિ ધરાવે છે. નદી વગેરેમાં જલક્રીડા કરતી સ્ત્રી અથવા જલચર સ્ત્રીની યોનિમાં સેંકડો વ્યક્તિના વીર્ય પ્રવેશની શક્યતા રહે છે. તે વીર્ય પિંડમાં ઉત્પન્ન થયેલો એક જીવ તે સર્વનો પુત્ર કહેવાય છે. આ રીતે એક જીવ એક જ ભવમાં અનેક સો જીવોનો પુત્ર કહેવાય છે અર્થાત્ એક જીવના એક ભવમાં ઉત્કૃષ્ટ અનેક સો પિતા હોઈ શકે છે.

**એક જીવના એકજ ભવમાં શત સહસ્રપૃથક્ત્વ પુત્ર કેવી રીતે ? :–** મત્સ્યાદિ જ્યારે મૈથુન સેવન કરે છે ત્યારે એકવારના સંયોગથી તેના અનેક લાખ (લાખો)જીવ પુત્રરૂપે ઉત્પન્ન થાય છે અને જન્મ લે છે. એક ભવમાં એક જીવના લાખો પુત્ર થવાનું આ જ પ્રમાણ છે, યદ્યપિ મનુષ્ય સ્ત્રીની યોનિમાં પણ અનેક જીવ ઉત્પન્ન થાય છે પરંતુ જેટલા ઉત્પન્ન થાય છે તે બધા જ નિષ્પન્ન થતા નથી અર્થાત્ જન્મ લેતા

નથી. કોઈ વિશેષ પ્રકારની માછલી કરોડો ઈંડા મૂકે છે તેનો સમાવેશ પણ લાખોમાં થઈ જાય છે.

**મૈથુન સેવનથી થતો અસંયમ :–**

**૧** **मेहुणेणं भंते ! सेवमाणस्स केरिसिए असंजमे कज्जइ ?**

**गोयमा ! से जहा णामए केइ पुरिसे रूयणालियं वा बूरणालियं वा तत्तेणं कणएणं समविद्धंसेज्जा, एरिसएणं गोयमा ! मेहुणं सेवमाणस्स असंजमे कज्जइ। ॥ सेवं भंते ! सेवं भंते ! ॥**

**શબ્દાર્થ :–** **रूयणालियं** = રૂની નાલિકા, **बूरणालियं** = બૂર– એક પ્રકારની વનસ્પતિની નાલિકા, **तत्तेणं** = ગરમ–તપ્ત, **कणएणं** = સળી, **समविद्धंसेज्जा** = વિધ્વંસ થઈ જાય છે.

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! મૈથુન સેવન કરતા જીવને કયા પ્રકારે અસંયમ થાય છે ?

ઉત્તર– જેમ કોઈ પુરુષ તપ્ત સુવર્ણની [અથવા લોખંડની] સળી વડે રૂથી કે બૂરથી ભરેલી વાંસની નળીને બાળી નાંખે[વિધ્વસ્ત કરી નાંખે], હે ગૌતમ ! એ જ રીતે મૈથુન સેવન કરતા જીવને અસંયમ થાય છે.

હે ભગવન્ ! આ ભાવ આ જ પ્રકારે છે, હે ભગવન્ ! આ ભાવ આ જ પ્રકારે છે.

**વિવેચન :–**

મૈથુન સેવન સ્વયં એક પ્રકારનો અસંયમ છે. અઢાર પાપમાં તે ચોથું પાપ છે. તે આત્માના વિકારભાવોની વિડંબના રૂપ છે. તેથી ઘણા પ્રમાદ અને દોષોનું સર્જન થાય છે. દશવૈકાલિક સૂત્રમાં મૈથુન સંસર્ગને અધર્મનું મૂળ અને દોષોનો ભંડાર કહ્યો છે. યથા–**मूलमेयमहम्मस्स महादोससमुस्सयं ।** મૈથુન સેવન કરતા પુરુષના મેહન[લિંગ] દ્વારા સ્ત્રીની યોનિમાં રહેલા પંચેન્દ્રિય જીવોનો વિનાશ થાય છે. જેને સમજાવવા માટે મૂળપાઠમાં ઉદાહરણ આપ્યું છે. જે સૂત્ર પાઠથી સ્પષ્ટ છે. તેથી એ પણ સિદ્ધ થાય છે કે મૈથુન સેવનથી હિંસા અને કુશીલ રૂપ બે પાપનો દોષ થાય છે.

## તુંગિયા નગરીના શ્રમણોપાસક

તુંગિયા નગરીમાં અનેક આદર્શ શ્રમણોપાસકો રહેતા હતા. તેઓ પુણ્ય યોગે ૠદ્ધિસંપન્ન અને દેદીપ્યમાન હતા. તેઓ મકાન, શયન, ભવન, વાહન, આહાર, પાણી, ધન, ધાન્ય, સુવર્ણ, રજતથી સંપન્ન હતા. તેઓ સંપત્તિના આદાન–પ્રદાનનો વ્યવસાય કરતા હતા. તેમના ઘરમાં જમ્યા પછી પ્રચુર ભોજન શેષ વધતું હતું, તે દીન દુઃખી અને યાચકોને અપાતું હતું. તેમના ઘેર દાસ–દાસી, પશુ આદિ પણ પ્રચુર માત્રામાં હતા.

આ રીતે બાહ્ય રિદ્ધિ સિદ્ધિ સંપન્ન હતા. તેમજ તેઓ ધર્મશ્રદ્ધાથી યુક્ત હતા, નવ તત્ત્વના જ્ઞાતા, હેય–ઉપાદેયના વિવેકમાં કુશળ, ધર્મતત્ત્વમાં નિઃશંક હતા. તેઓ પોતાના કોઈ પણ કાર્યમાં દેવાદિ અન્ય કોઈની સહાયતાથી સર્વથા નિરપેક્ષ હતા. એક નિર્ગ્રંથ પ્રવચન જ સત્ય છે, સાર્થક છે, અન્ય સર્વ પ્રપંચો નિરર્થક છે. આ તેનો અંતરનાદ હતો.

તેમના ઘરનું દ્વાર સદાય અભંગ રહેતું હતું. સાધુ–સંતો તેમજ યાચકોને ઉદારતાથી દાન દઈને તેઓ લાભ લેતા. બ્રહ્મચર્ય અને સદાચારથી સંપન્ન હોવાના કારણે અન્યત્ર તેઓનો પ્રવેશ નિર્બાધ રૂપે થતો હતો. આ રીતે તેઓ ધર્મને પ્રાધાન્ય આપી ગૃહસ્થ જીવનના પ્રત્યેક વ્યવહાર કરી રહ્યા હતા.

એકદા પાર્શ્વનાથ પ્રભુની પરંપરાના સ્થવિરો સમક્ષ તેમણે પોતાની જિજ્ઞાસા પ્રસ્તુત કરી. સંયમ અને તપનું ફળ શું છે ? સ્થવિરોએ જવાબ આપ્યો કે સંયમનું ફળ અનાશ્રવતા અને તપનું ફળ વ્યવદાન–કર્મનો ક્ષય છે. સરાગસંયમ, સરાગતપ, કર્મિતા–કર્મો શેષ રહે તો અને સંગિતા–આસક્તિના ભાવથી, જીવ દેવલોકમાં ઉત્પન્ન થાય છે.

આ રીતે તેમનામાં સત્ય સમજવાની અને સત્યનું આચરણ કરવાની તમન્ના હતી.

## તુંગિયા નગરીના શ્રમણોપાસકોનું જીવન :-

**१०** **तए णं समणे भगवं महावीरे रायगिहाओ णयराओ, गुणसिलाओ चेइयाओ पडिणिक्खमइ, पडिणिक्खमित्ता बहिया जणवयविहारं विहरइ।**

**ભાવાર્થ :–** તત્પશ્ચાત્ [એકદા] શ્રમણ ભગવાન મહાવીર રાજગૃહ નગરના ગુણશીલ ઉદ્યાનમાંથી નીકળીને, બહારના જનપદોમાં વિહાર કરવા લાગ્યા.

**११** **तेणं कालेणं तेणं समएणं तुंगिया णामं णयरी होत्था, वण्णओ । तीसे णं तुंगियाए णयरीए बहिया उत्तरपुरत्थिमे दिसीभागे पुप्फवइए णामं चेइए होत्था, वण्णओ । तत्थ णं तुंगियाए णयरीए बहवे समणोवासया परिवसंति–अड्ढा दित्ता वित्थिण्णविपुलभवण–सयणासण–जाण– वाहणाइण्णा, बहुधण– बहुजायरूवरयया, आयोगपयोगसंपउत्ता, विच्छड्डियविउल– भत्तपाणा, बहुदासीदास– गोमहिसगवेलयप्प– भूया, बहुजणस्स अपरिभूया।**

**अभिगयजीवाजीवा, उवलद्धपुण्ण–पावा आसव–संवर– णिज्जर–किरियाहि– करण–बंध–मोक्खकुसला, असहेज्ज–देवासुरणाग सुवण्णजक्ख–रक्खस– किण्णर– किंपुरुस–गरुल–गंधव्व– महोरगाईएहिं देवगणेहिं णिग्गंथाओ पावयणाओ अणतिक्कमणिज्जा, णिग्गंथे पावयणे**

**णिस्संकिया णिक्कंखिया णिव्वितिगिच्छा, लद्धट्ठा गहियट्ठा पुच्छियट्ठा अभिगयट्ठा विणिच्छियट्ठा अट्ठिमिंजपेमाणुरागरत्ता; अयमाउसो ! णिग्गंथे पावयणे अट्ठे, अयं परमट्ठे, सेसे अणट्ठे, ऊसियफलिहा अवंगुयदुवारा चियत्तंते- उरघरप्पवेसा बहूहिं सीलव्व- यगुणवेरमण- पच्चक्खाणपोसहोववासेहिं, चाउद्दसट्ठ- मुद्दिट्ठपुण्ण- मासिणीसु पडिपुण्णं पोसहं सम्मं अणुपालेमाणा, समणे णिग्गंथे फासु-एसणिज्जेणं असणपाण-खाइम साइमेणं वत्थपडिग्गह-कंबल-पायपुंछणेणं पीढ-फलगसेज्जासंथारएणं ओसह भेसज्जेणं पडिलाभेमाणा अहापडिग्गहिए हिं तवो- कम्मेहिं अप्पाणं भावेमाणा विहरंति ।**

**ભાવાર્થ :–** તે કાલે તે સમયે તુંગિયા [તુંગિકા] નામની નગરી હતી. તે તુંગિયાનગરીની બહાર ઉત્તર–પૂર્વ દિશાભાગ [ઈશાનકોણ]માં પુષ્પવતિક નામનું ચૈત્ય–ઉદ્યાન હતું. નગરી અને ઉદ્યાનનું વર્ણન ઔપપાતિક સૂત્રાનુસાર સમજી લેવું જોઈએ.

તે તુંગિયા નગરીમાં અનેક શ્રમણોપાસકો રહેતા હતા. તેઓ સંપત્તિશાળી, પ્રભાવશાળી હતા. તેમના વિસ્તીર્ણ, વિપુલ–અનેક ભવન હતાં. તે ભવનો, શયનો, શયન સામગ્રી, આસનો, યાનો–રથ, ગાડી આદિ તથા વાહનો–બળદ, ઘોડા આદિથી સંપન્ન હતા. તેઓની પાસે પ્રચુર ધન હતું, અત્યધિક સોના–ચાંદીના ભંડારો હતા. તેઓ આયોગ–વ્યાજવટાવ અને પ્રયોગ–અન્ય કલાઓના વ્યવસાય કરવામાં કુશલ હતા. તેઓને ત્યાં વિપુલ માત્રામાં ભોજનપાણી તૈયાર થતા હતા અને તે અનેક લોકોને અપાતા હતા. તેઓને ત્યાં અનેક દાસ–દાસીઓ હતા, ઘણી ગાય, ભેંસ, ઘેટા, બકરી આદિ હતાં. તેઓ જીવ–અજીવના સ્વરૂપને સમ્યક્ પ્રકારે જાણતા હતા. તેમણે પુણ્ય અને પાપતત્ત્વને ઉપલબ્ધ કર્યા હતા અર્થાત્ આચરણમાં તેનું ધ્યાન રાખતા હતા. આશ્રવ, સંવર, નિર્જરા, ક્રિયા, અધિકરણ, બંધ અને મોક્ષના વિષયમાં તેઓ કુશલ હતા, તેમાંથી હેય, જ્ઞેય અને ઉપાદેયને સમ્યક્ પ્રકારે જાણતા હતા. તેઓ પ્રવચનમાં એટલા દઢ હતા કે દેવ, અસુર, નાગ, સુપર્ણ, યક્ષ, રાક્ષસ, કિન્નર, કિંપુરુષ, ગરુડ, ગંધર્વ, મહોરગ, આદિ દેવગણો તેમને વિચલિત કરવામાં સમર્થ ન હતા. તેઓ નિર્ગ્રંથ પ્રવચન પ્રતિ નિઃશંકિત, નિષ્કાંક્ષિત તથા વિચિકિત્સારહિત–ફલની આશંકા રહિત હતા. તેમણે શાસ્ત્રોના અર્થોને સમ્યક્ પ્રકારે ઉપલબ્ધ કર્યા હતા, શાસ્ત્રોના અર્થોને દત્તચિત્ત થઈને ગ્રહણ કર્યા હતા. શાસ્ત્રોના અર્થોમાં જ્યાં સંદેહ હોય ત્યાં પૂછીને તેમણે નિર્ણય કર્યો હતો. તેમની અસ્થિ–મજ્જાઓ નિર્ગ્રંથ પ્રવચનના પ્રેમાનુરાગથી રંગાયેલી હતી. તેઓ કહેતા હતા કે "હે આયુષ્યમાન્! આ નિર્ગ્રંથ પ્રવચન જ અર્થ (સાર્થક) છે, આ જ પરમાર્થ છે. શેષ સર્વ અનર્થ(નિરર્થક) છે." તેમનાં અંતઃકરણ સ્ફટિક સમાન નિર્મલ અને શુદ્ધ હતાં અથવા તેઓ એટલા ઉદાર હતા કે તેમનાં ઘરના દરવાજા પાછળની અર્ગલા હંમેશાં ઊંચી જ રહેતી હતી. તેમના ઘર યાચકોને માટે સદા ખુલ્લા હતાં. તેમનો અંતઃપુર તથા પરગૃહમાં પ્રવેશ (અતિ ધાર્મિક હોવાથી) લોકપ્રતીતિકર હતો. તેઓ શીલવ્રત (શિક્ષાવ્રત), ગુણવ્રત, વિરમણવ્રત (અણુવ્રત), પ્રત્યાખ્યાન–ત્યાગ–નિયમ, પૌષધોપવાસ આદિનું સમ્યક્ પ્રકારે આચરણ કરતા હતા તથા ચતુર્દશી, અષ્ટમી, અમાસ અને પૂનમ, આ પર્વતિથિઓમાં

[મહિનામાં છ] પરિપૂર્ણ પૌષધનું સમ્યક્ પ્રકારે અનુપાલન–આચરણ કરતા હતા. તેઓ શ્રમણ–નિર્ગ્રંથોને પ્રાસુક – અચિત્ત અને એષણીય–એષણાના દોષોથી રહિત અશન, પાન, ખાદિમ, સ્વાદિમ[મુખવાસ], વસ્ત્ર, પાત્ર, કંબલ, રજોહરણ, પીઢ–બાજોઠ, ફલક–લાકડાનું પાટિયું, શય્યા–શરીર પ્રમાણ હોય તે અથવા મકાન, સંસ્તારક–અઢી હાથનું આસન વિશેષ, ઔષધ અને ભેષજ–અનેક દ્રવ્યોમાંથી બનાવેલી દવા આદિથી પ્રતિલાભિત કરતા હતા અને યથાપ્રતિગૃહિત–પોતાની શક્તિ અનુસાર ગ્રહણ કરેલાં તપઃકર્મોથી પોતાના આત્માને ભાવિત કરતા વિચરતા [જીવન–યાપન કરતા] હતા.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રમાં તુંગિયા નગરીના શ્રમણોપાસકોનું વર્ણન છે. શ્રમણની ઉપાસના કરનારને શ્રમણોપાસક કહે છે. તેનો પર્યાયવાચી શબ્દ શ્રાવક છે.

આ વર્ણનમાં શ્રમણોપાસકોની સામાજિક અને ધાર્મિક બંને અવસ્થાઓનું વર્ણન છે. સાધન સંપન્નતા, દાનશીલતા, શત્રુઓ દ્વારા અપરિભવનીયતા વગેરે શબ્દો તેમની સામાજિક ઉચ્ચતમ સ્થિતિને પ્રદર્શિત કરે છે, જ્યારે તત્ત્વજ્ઞાન, આત્મનિર્ભરતા, દઢતમ ધર્મશ્રદ્ધા, વ્રતોની આરાધના અને તપસ્યા તેમના ધાર્મિક જીવનને પ્રગટ કરે છે. ભૌતિક જીવન સાથે ધાર્મિક જીવનનો સુમેળ થવો તે શ્રાવક જીવનની પોતાની આગવી વિશેષતા છે.

**वित्थिण्ण विउल भवण–सयणासण जाण वाहणाइण्णे :–** જેના ઘર વિશાળ અને ઊંચા હતાં તથા જેને ત્યાં શયન, આસન, યાન, વાહન પ્રચુર હતા.

**विच्छड्डिय विउलभत्तपाणा :–** ત્રણ પ્રકારે અર્થ થાય છે– (૧) તેમને ત્યાં અધિક માત્રામાં ભોજન પાણી યાચકો માટે રખાતા હતા. (૨) જેને ત્યાં અનેક લોકો ભોજન કરતા હતા તેથી ઘણું જ ભોજન પાણી વધતું હતું. (૩) જેને ત્યાં વિવિધ પ્રકારના પ્રચુર ભોજન–પાણી થતા હતા.

**असहेज्ज :–** બે પ્રકારે અર્થ થાય છે– (૧) આપત્તિમાં પણ દેવગણોની સહાયતાથી નિરપેક્ષ હતા અર્થાત્ 'સ્વકૃતકર્મ સ્વયંને જ ભોગવવાં પડશે' આ તત્ત્વમાં જ દઢતમ શ્રદ્ધા હોવાથી અદીનવૃત્તિવાળા હતા. (૨) પરપાસંડીઓ દ્વારા આક્ષેપાદિ થાય ત્યારે સમ્યક્ત્વની રક્ષા માટે અન્યની સહાયતા લેતા નહિ. કારણ કે તેઓ સ્વયં આક્ષેપનિવારણમાં સમર્થ હતા.

**अट्ठिमिंज्जपेमाणुरागरत्ता :–** તેમની અસ્થિ–મજ્જા સર્વજ્ઞ પ્રવચનરૂપી કસુંબીના રંગથી રંગાયેલી હતી, **ऊसियफलिहा** = અત્યંત ઉદારતાથી, અતિશય દાન દેવાના કારણે, ઘરમાં ભિક્ષુકોના નિરાબાધ પ્રવેશ માટે, શ્રાવકો દરવાજાની અર્ગલા દૂર કરી રાખતા હતા. દરવાજાના નીચેના ભાગમાં અર્ગલા હોય છે તેને નીચે કરવાથી ભૂમિમાં ફસાઈ જાય છે, ત્યારે દરવાજો બહારથી ખોલી શકાય નહીં પરંતુ તે શ્રાવકોના ઘરની અર્ગલા ઊંચી જ રહેતી હતી.

**चियत्तंतेउर घरप्पवेसा :–** ત્રણ પ્રકારે અર્થ થાય છે– (૧) જેનાં અંતઃપુરમાં કે ઘરમાં કોઈ સત્પુરુષ

પ્રવેશે તો તેમને અપ્રીતિ થતી ન હતી. કારણ કે તેમને ઈર્ષ્યા ન હતી (૨) જેમણે અન્યના અંતઃપુર કે ઘરમાં પ્રવેશ કરવાનું છોડી દીધું હતું. (૩) જેના ઘરમાં કે અંતઃપુરમાં તેઓ પ્રવેશ કરે તો તેમને પ્રસન્નતા થતી હતી.

**પર્વતિથિઓનું મહત્ત્વ :–** તે શ્રમણોપાસકો અષ્ટમી, ચૌદસ અને અમાસ અને પૂનમના દિવસે પ્રતિપૂર્ણ પૌષધ વ્રતની આરાધના કરતા હતા. પ્રતિપૂર્ણ પૌષધોપવાસ એટલે સર્વ પાપ પ્રવૃત્તિઓ–સાવદ્ય યોગનો ત્યાગ કરી, ચૌવિહારા ઉપવાસ કરીને, અહોરાત્ર ધર્માારાધનામાં લીન રહેવું. કવચિત્ આહાર યુક્ત પોષધ પણ કરી શકાય છે. આ પર્વતિથિઓનું મહત્વ ધાર્મિક દષ્ટિએ તો છે જ પરંતુ જ્યોતિષ શાસ્ત્ર, શરીરશાસ્ત્ર અને વિજ્ઞાનની દષ્ટિએ પણ મહત્ત્વ છે. શાસ્ત્રમાં ઉક્ત ચાર તિથિઓનું વિધાન અનેક સ્થળે જોવા મળે છે. તેના આધારે પરંપરામાં દર ત્રીજા દિવસે ધર્મરાધના, ધર્માચરણ, ત્યાગ–પ્રત્યાખ્યાન થાય તે માટે બીજ, પાંચમ, અગિયારસ આદિ તિથિઓને મેળવી કુલ બાર તિથિઓનું મહત્ત્વ દર્શાવવામાં આવે છે. આ મહત્ત્વ સાધુ–સાધ્વી, શ્રાવક–શ્રાવિકા સર્વને પ્રેરણા રૂપ છે.

### ભગવાન પાર્શ્વનાથના સ્થવિર ભગવંત :–

**૧૨ तेणं कालेणं तेणं समएणं पासावच्चिज्जा थेरा भगवंतो जाइसंपण्णा कुलसंपण्णा बलसंपण्णा रूवसंपण्णा विणयसंपण्णा णाणसंपण्णा दंसणसंपण्णा चरित्तसंपण्णा लज्जासंपण्णा लाघवसंपण्णा ओयंसी तेयंसी वच्चंसी जसंसी जियकोहा जियमाणा जियमाया जियलोहा जियणिद्दा जिइंदिया जियपरीसहा जीवियसास– मरणभय विप्पमुक्का जाव कुत्तिया- वणभूया, बहुस्सुया बहुपरिवारा, पंचहिं अणगार– सएहिं सद्धिं संपरिवुडा अहाणुपुव्विं चरमाणा गामाणुगामं दूइज्जमाणा सुहंसुहेणं विहरमाणा जेणेव तुंगिया णगरी जेणेव पुप्फवईए चेइए तेणेव उवागच्छंति, उवा– गच्छित्ता अहापडिरूवं उग्गहं उग्गिण्हित्ताणं संजमेणं तवसा अप्पाणं भावेमाणा विहरंति ।**

**ભાવાર્થ :–** તે કાલે, તે સમયે પાર્શ્વાપત્યીય સ્થવિર ભગવંતો[ભગવાન પાર્શ્વનાથના શિષ્યાનુશિષ્ય] પાંચસો અણગારોની સાથે યથાક્રમથી વિચરતાં, ગ્રામાનુગ્રામ જતાં, સુખપૂર્વક વિહાર કરતાં, જ્યાં તુંગિયા નગરી હતી, જ્યાં [ઈશાનકોણમાં] પુષ્પવતિક નામનું ઉદ્યાન હતું ત્યાં પધાર્યા. ત્યાં પધારીને, યથારૂપ અવગ્રહ–પોતાને અનુકૂળ મર્યાદિત સ્થાનની યાચના કરી, આજ્ઞા લઈને, સંયમ અને તપથી આત્માને ભાવિત કરતા ત્યાં વિચરવા લાગ્યા.

તે સ્થવિરો જાતિ સંપન્ન, કુલ સંપન્ન, બલ સંપન્ન, રૂપ સંપન્ન, વિનય સંપન્ન, જ્ઞાન સંપન્ન, દર્શન સંપન્ન, ચારિત્ર સંપન્ન, લજ્જા સંપન્ન, લાઘવ સંપન્ન, ઓજસ્વી, તેજસ્વી, વર્ચસ્વી–વિશિષ્ટ પ્રભાવ યુક્ત અને યશસ્વી હતા. તેઓએ ક્રોધ, માન, માયા, લોભ, નિદ્રા, ઈન્દ્રિયો અને પરીષહોને જીતી લીધા હતા. તે

જીવનની આશા અને મૃત્યુના ભયથી વિમુક્ત વગેરે ગુણસંપન્ન હતા, તે કુત્રિકાપણ–ત્રણે લોકની આવશ્યક સર્વ વસ્તુઓ જ્યાં મળે તેવા સ્થાનભૂત હતા અર્થાત્ તે સમસ્ત ગુણોની ઉપલબ્ધિ યુક્ત હતા. તે બહુશ્રુત અને વિશાળ પરિવાર યુક્ત હતા.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રમાં અનેક શ્રમણગુણસંપન્ન, પાર્શ્વનાથ ભગવાનના શિષ્યાનુશિષ્ય, શ્રુતવૃદ્ધ સ્થવિરોનું વર્ણન કર્યું છે. તેના પરથી જૈન મુનિઓના બહુમુખી વ્યક્તિત્વનો પરિચય થાય છે.

કુત્રિકા, એક વિશિષ્ટ દુકાનનું નામ છે. આગમ સાહિત્યમાં તેનો અનેક વાર ઉલ્લેખ થયો છે. 'કુત્તિય'ના સંસ્કૃત બે રૂપ થાય છે, કુત્રિક અને કુત્રિજ. કૃત્રિક– કુ = પૃથ્વી, ત્રિક = ત્રણ, આપણ = દુકાન. જે દુકાનમાં સ્વર્ગલોક, મનુષ્યલોક અને પાતાલલોક આ ત્રણે લોકની પ્રાપ્ય વસ્તુઓ પ્રાપ્ત થાય તેને કુત્રિકાપણ કહે છે– તે દેવાધિષ્ઠિત હોય છે.

સ્થવિર ભગવંતો સમુચિત અર્થ–સંપાદનની લબ્ધિથી યુક્ત અથવા સકલ ગુણોથી યુક્ત હતા તેથી તેને કુત્રિકાપણભૂત કહ્યા છે.

## શ્રમણોપાસકોનું દર્શનાર્થે ગમન :–

**૧૩** **तए णं तुंगियाए णयरीए सिंघाडग-तिअ-चउक्क-चच्चर महापहपहेसु, जाव एगदिसाभिमुहा णिज्जायंति ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી તુંગિયા નગરીના શ્રૃંગાટક–સિંઘોડાના આકારવાળા ત્રિકોણ માર્ગમાં, ત્રિક– ત્રણ રસ્તા ભેગા થાય તેવા માર્ગમાં, ચતુષ્ક પથો–ચાર રસ્તા ભેગા થાય તેવા માર્ગમાં તથા અનેક માર્ગ ભેગા થતા હોય તેવા માર્ગોમાં, રાજમાર્ગોમાં અને સામાન્ય માર્ગોમાં [સર્વત્ર તે સ્થવિર ભગવાનના પદાર્પણની] વાત ફેલાઈ ગઈ. જનતા એક જ દિશામાં તેમને વંદન કરવા માટે નીકળી.

**૧૪** **तए णं ते समणोवासया इमीसे कहाए लद्धट्ठा समाणा हट्ठ-तुट्ठा जाव सद्दावेंति, सद्दावित्ता एवं वयासी– एवं खलु देवाणुप्पिया ! पासावच्चिज्जा थेरा भगवंतो जाइसंपण्णा जाव अहापडिरूवं उग्गहं उग्गिण्हित्ता णं संजमेणं तवसा अप्पाणं भावेमाणा विहरंति ।**

**तं महाफलं खलु देवाणुप्पिया ! तहारूवाणं थेराणं भगवंताणं णामगोयस्स वि सवणयाए, किमंग पुण अभिगमण-वंदण-णमंसण- पडिपुच्छण– पज्जुवासणयाए जाव गहणयाए ? तं गच्छामो णं देवाणुप्पिया! थेरे भगवंते**

**वंदामो णमंसामो जाव पज्जुवासामो, एयं णे इहभवे वा परभवे वा जाव आणुगामियत्ताए भविस्सइ त्ति कट्टु अण्णमण्णस्स अंतिए एयमट्ठं पडिसुणेंति । जेणेव सयाइं सयाइं गिहाइं तेणेव उवागच्छंति, उवागच्छित्ता ण्हाया जाव अलंकियसरीरा सएहिंतो सएहिंतो गेहेहिंतो पडिणिक्खमंति, पडिणिक्खमित्ता एगयओ मेलायंति ।**

**मेलायित्ता पायविहारचारेणं तुंगियाए णयरीए मज्झंमज्झेणं णिग्गच्छंति, णिग्गच्छित्ता जेणेव पुप्फवईए चेइए तेणेव उवागच्छंति, उवागच्छित्ता थेरे भगवंते पंचविहेणं अभिगमेणं अभिगच्छंति, तं जहा– सचित्ताणं दव्वाणं विउसरणयाए, अचित्ताणं दव्वाणं विउसरणयाए, एगसाडिएणं उत्तरासंग- करणेणं, चक्खुप्फासं अंजलिप्पग्गहेणं, मणसो एगत्तीकरणेणं; जेणेव थेरा भगवंतो तेणेव उवागच्छंति, उवागच्छित्ता तिक्खुत्तो आयाहिण- पयाहिणं करेंति, करित्ता जाव तिविहाए पज्जुवासणाए पज्जुवासंति ।**

**भावार्थ :–** જ્યારે આ વાત તુંગિયા નગરીના શ્રમણોપાસકોને જ્ઞાત થઈ, ત્યારે તેઓ અત્યંત હર્ષિત અને સંતુષ્ટ થયા અને પરસ્પર કહેવા લાગ્યા કે "હે દેવાનુપ્રિયો ! ભગવાન પાર્શ્વનાથના શિષ્યાનુશિષ્ય સ્થવિર ભગવાન, જે જાતિ સંપન્ન આદિ વિશેષણોથી વિશિષ્ટ છે, તે અહીં પધાર્યા છે અને યથાપ્રતિરૂપ અવગ્રહ ગ્રહણ કરીને સંયમ અને તપથી પોતાના આત્માને ભાવિત કરતા વિચરે છે.

હે દેવાનુપ્રિયો ! તથારૂપના સ્થવિર ભગવંતોના નામ–ગોત્રના શ્રવણમાત્રથી પણ મહાન ફળ પ્રાપ્ત થાય છે તો પછી, તેની સામે જવું, વંદન–નમસ્કાર કરવા, તેમને કુશલતા–સુખશાતા પૂછવી અને તેમની પર્યુપાસના–સેવા કરવી, તેમજ તેમને પ્રશ્ન પૂછીને અર્થ ગ્રહણ કરવા ઈત્યાદિના ફળનું તો કહેવું જ શું ? અર્થાત્ અવશ્ય કલ્યાણરૂપ ફળ પ્રાપ્ત થાય છે. તેથી હે દેવાનુપ્રિયો ! આપણે સહુ તે સ્થવિર ભગવાનની પાસે જઈએ, તેમને વંદન–નમસ્કાર કરીને, વિધિપૂર્વક તેમની પર્યુપાસના–સેવા–કરીએ, તે આપણા માટે આ ભવ અને પરભવમાં હિતરૂપ થશે. પરંપરાથી પરલોકમાં કલ્યાણરૂપ થશે.

આ રીતે પરસ્પર વાતચીત કરીને તેઓએ પરસ્પર વાતનો સ્વીકાર કર્યો, સ્વીકાર કરીને, સર્વ શ્રમણોપાસકો પોત પોતાના ઘેર ગયા, ઘેર જઈને સ્નાન કર્યું, શરીરને વિભૂષિત કર્યું. ત્યાર પછી તેઓ પોત–પોતાના ઘેરથી નીકળ્યા અને એક જગ્યાએ સહુ ભેગા થયા. તેઓ ભેગા થઈને પગપાળા જ તુંગિયા નગરીની મધ્યથી નીકળ્યા અને જ્યાં પુષ્પવતિક ઉદ્યાન હતું ત્યાં ગયા, જઈને સ્થવિર ભગવંતોની પાસે પાંચ પ્રકારના અભિગમ ધારણ કર્યા. તે પાંચ અભિગમ આ પ્રકારે છે.

(૧) સચિત્ત દ્રવ્યો–ફલ, તાંબુલ આદિનો ત્યાગ કરવો.

(૨) અચિત્ત દ્રવ્યો –પગરખા, શસ્ત્ર વગેરેનો ત્યાગ કરવો.

(૩) એક શાટિક ઉત્તરાસંગ કરવું. ઉત્તરીય વસ્ત્રને મુખ પર રાખવું.

(૪) સ્થવિર ભગવંતોને જોતાં જ બંને હાથ જોડવા–હાથને અંજલિબદ્ધ કરવા.

(૫) મનને એકાગ્ર કરવું.

આ રીતે પાંચ પ્રકારના અભિગમને ધારણ કરીને, તે શ્રમણોપાસકો જ્યાં સ્થવિર ભગવંતો હતા ત્યાં ગયા, જઈને, તેઓએ જમણી તરફથી ત્રણ પ્રદક્ષિણા કરી, વંદન નમસ્કાર કર્યા, વંદન–નમસ્કાર કરીને સત્કાર અને સન્માનપૂર્વક કાયિક, વાચિક અને માનસિક તે ત્રણે પ્રકારે પર્યુપાસના–સેવા કરવા લાગ્યા.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રમાં શ્રમણોપાસકો સ્થવિરોની સેવામાં ગયા અને જઈને વંદન, નમન, પ્રવચન શ્રવણ તેમજ વિનય ભક્તિથી પર્યુપાસના કરી ત્યાં સુધીનું વર્ણન છે.

આ વર્ણનમાં મુનિના દર્શન માટે જતાં શ્રાવકોના પાંચ અભિગમ સૂચિત કર્યા છે. તે અત્યંત મહત્વના છે.

**પાંચ અભિગમ :–** દર્શન માટે જતાં શ્રાવકોની આવશ્યક વિધિ અથવા શિષ્ટાચારને અભિગમ કહે છે. વ્યક્તિ જે સ્થાનમાં જે લક્ષે જાય, તે સ્થાનને યોગ્ય તેને વેષ પરિધાન, ભાવશુદ્ધિ, તેમજ ચિત્તની એકાગ્રતા વગેરે અનિવાર્ય છે. તે ભાવો જળવાય રહે તે માટે શાસ્ત્રમાં પાંચ પ્રકારના અભિગમનું વિધાન છે. તે મૂળ પાઠ અને ભાવાર્થમાં સ્પષ્ટ છે.

**अचित्ताणं दव्वाणं विउस्सरणाए :–** આ બીજા અભિગમના પાઠમાં **विउस्सरणाए**ની જગ્યાએ **अविउस्सरणाए** પાઠ જોવા મળે છે. ટીકાકારે તેનો અર્થ વસ્ત્ર, અંગૂઠી વગેરેનો ત્યાગ કરવો તેવો કર્યો છે પરંતુ અન્ય સૂત્રસ્થળોને જોતા છત્ર, ચામર, પગરખા, શસ્ત્ર વગેરેનો ત્યાગ કરવો તે શ્રાવકનો અભિગમ છે. તેથી ચામર, છત્ર વગેરે રાજસી અહંકાર પરક અચિત્ત વસ્તુને ત્યાગી, વિનમ્રતાપૂર્વક અને પગરખા વગેરે ત્યાગી, વિવેકપૂર્વક શ્રાવક મુનિરાજ પાસે જાય છે તે સૂચવવા **अचित्ताणं दव्वाणं विउस्सरणाए** પાઠ વધુ ઉચિત છે.

**ઉત્તરાસંગ :–** અખંડ એક વસ્ત્ર, ખેસ ધારણ કરવો, મુખ સામે વસ્ત્ર, દુપટ્ટો, મુખવસ્ત્રિકા વગેરે રાખવા.

ઉત્તમાંગ–મસ્તકની સમીપે રહેતુ ઉપકરણ તે ઉત્તમાંગ કહેવાય છે. વ્યવહારમાં તેના માટે ઉત્તરાસન શબ્દનો પ્રયોગ કરે છે પરંતુ તે યથાર્થ ભાવને સૂચિત કરતો નથી. આગમ અનુસાર ઉત્તરાસંગ શબ્દપ્રયોગ યથાર્થ છે.

**પર્યુપાસના :–** ત્રણે યોગથી ઉપાસના કરવી. **કાયાથી–** પંચાંગ નમાવીને નમસ્કાર કરવા અને ગુરુ સમક્ષ હાથ જોડીને વિનયપૂર્વક ઊભા રહેવું, બેસવું. **વચનથી–** ગુરુ ભગવંતો જે જે ઉપદેશ ફરમાવે તેનો

'તહત' કહીને સ્વીકાર કરવો. **મનથી–** મનને અન્યત્ર જતાં રોકી, એકાગ્ર બની, ધર્મના રંગમાં રંગાઈને સંવેગભાવ ઉત્પન્ન કરવો.

શ્રાવકો આ પાંચ પ્રકારના અભિગમ સહિત સ્થવિર મુનિઓના દર્શનાર્થે ગયા, જઈને વંદન, નમસ્કાર આદિ કરીને, શ્રદ્ધાપૂર્વક ત્રિકરણ યોગની શુદ્ધિથી પર્યુપાસના કરવા લાગ્યા.

**ધર્મોપદેશ અને પ્રશ્નોત્તર :–**

**૧૫ तए णं थेरा भगवंतो तेसिं समणोवासयाणं तीसे य महइमहालियाए परिसाए चाउज्जामं धम्मं परिकहंति । जहा केसिसामिस्स जाव समणोवासियत्ताए आणाए आराहए भवंति जाव धम्मो कहिओ ।**

**ભાવાર્થ :–** તત્પશ્ચાત્ તે સ્થવિર ભગવંતોએ તે શ્રમણોપાસકોને તથા તે મોટી પરિષદ [ધર્મસભા]ને કેશી શ્રમણની જેમ ચાતુર્યામ ધર્મનો ઉપદેશ આપ્યો, અંતે આગારધર્મનો ઉપદેશ આપતાં કહ્યું કે શ્રમણોપાસક પોતાની શ્રમણોપાસકતા દ્વારા જિનાજ્ઞાના આરાધક થાય છે. આ રીતે ધર્મકથા પૂર્ણ થઈ.

**૧૬ तए णं ते समणोवासया थेराणं भगवंताणं अंतिए धम्मं सोच्चा णिसम्म हट्ठतुट्ठ जाव हियया तिक्खुत्तो आयाहिणपयाहिणं करेंति जाव तिविहाए पज्जुवासणाए पज्जुवासंति, पज्जुवासित्ता एवं वयासी–**

**संजमे णं भंते ! किं फले ? तवे णं भंते ! किं फले ?**

**तए णं ते थेरा भगवंतो ते समणोवासए एवं वयासी– संजमे णं अज्जो ! अणण्हयफले, तवे वोदाणफले ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી તે શ્રમણોપાસક સ્થવિર ભગવંતોનો ધર્મોપદેશ સાંભળીને અને હૃદયંગમ કરીને, અત્યંત હર્ષિત અને સંતુષ્ટ થયા. તેમનું હૃદય ખીલી ઊઠ્યું. તેઓએ સ્થવિર ભગવંતોને જમણી તરફથી ત્રણ વાર પ્રદક્ષિણા કરી, વંદન–નમસ્કાર કરીને, ત્રણ પ્રકારે[પૂર્વોક્ત] પર્યુપાસના કરી, આ પ્રમાણે પૂછ્યું,

પ્રશ્ન– હે ભગવન્ ! સંયમનું શું ફળ છે ? હે ભગવન્ ! તપનું શું ફળ છે ?

ઉત્તર– તે સ્થવિર ભગવંતોએ શ્રમણોપાસકોને આ પ્રમાણે કહ્યું, હે આર્યો ! સંયમનું ફલ અનાશ્રવતા[આશ્રવ રહિતતા–સંવર સંપન્નતા] છે અને તપનું ફલ વ્યવદાન–કર્મોનો વિશેષરૂપે નાશ કરવો, તે છે અથવા કર્મપંકથી મલિન આત્માને શુદ્ધ કરવો તે છે.

**૧૭ तए णं ते समणोवासया थेरे भगवंते एवं वयासी– जइ णं भंते ! संजमे**

अणण्हयफले तवे वोदाणफले, किंपत्तियं णं भंते ! देवा देवलोएसु उववज्जंति ?

तत्थ णं कालियपुत्ते णामं थेरे ते समणोवासए एवं वयासी– पुव्वतवेणं अज्जो ! देवा देवलोएसु उववज्जंति ।

तत्थ णं मेहिले णामं थेरे ते समणोवासए एवं वयासी– पुव्वसंजमेणं अज्जो ! देवा देवलोएसु उववज्जंति ।

तत्थ णं आणंदरक्खिए णामं थेरे ते समणोवासए एवं वयासी– कम्मियाए अज्जो ! देवा देवलोएसु उववज्जंति।

तत्थ णं कासवे णामं थेरे ते समणोवासए एवं वयासी– संगियाए अज्जो! देवा देवलोएसु उववज्जंति; पुव्वतवेणं पुव्वसंजमेण कम्मियाए संगियाए अज्जो! देवा देवलोएसु उववज्जंति । सच्चे णं एस अट्ठे णो चेव णं आयभाववत्तव्वयाए।

**ભાવાર્થ :–** તત્પશ્ચાત્ તે શ્રમણોપાસકોએ સ્થવિર ભગવંતોને પુનઃ આ પ્રમાણે પૂછ્યું,

પ્રશ્ન– હે ભગવન્ ! જો સંયમનું ફલ અનાશ્રવતા અને તપનું ફલ વ્યવદાન છે; તો દેવ, દેવલોકમાં કયા કારણથી ઉત્પન્ન થાય છે ?

ઉત્તર– તે સ્થવિરોમાંથી એક કાલિકાપુત્ર નામના સ્થવિરે તે શ્રમણોપાસકોને પ્રત્યુત્તર આપતા આ પ્રમાણે કહ્યું, "હે આર્યો ! પૂર્વતપના કારણે દેવ, દેવલોકમાં ઉત્પન્ન થાય છે."

તેમાંથી મેહિલ નામના સ્થવિરે તે શ્રમણોપાસકોને આ પ્રમાણે કહ્યું, "હે આર્યો ! પૂર્વ સંયમના કારણે દેવ, દેવલોકમાં ઉત્પન્ન થાય છે." ત્યાર પછી આનંદરક્ષિત નામના સ્થવિરે તે શ્રમણોપાસકોને આ પ્રમાણે કહ્યું, હે આર્યો ! કર્મિતાના [કર્મોની વિદ્યમાનતા અથવા કર્મો શેષ રહેવા પર]કારણે દેવતા, દેવલોકમાં ઉત્પન્ન થાય છે" તેમાંથી કાશ્યપ નામના સ્થવિરે તે શ્રમણોપાસકોને આ પ્રમાણે કહ્યું, "હે આર્યો ! સંગિતાના [સરાગ અવસ્થાના]કારણે દેવ, દેવલોકમાં ઉત્પન્ન થાય છે." આ રીતે "હે આર્યો ! [વાસ્તવમાં] પૂર્વ રાગભાવ યુક્ત તપથી, પૂર્વ સરાગ સંયમથી, કર્મિતા–કર્મક્ષય ન થવાથી, સંગિતા–સરાગ અવસ્થાના કારણે, દેવતા દેવલોકમાં ઉત્પન્ન થાય છે. આ અર્થ સત્ય છે તેથી કહ્યું છે. અમે અમારા અહંભાવ કે અમારા પોતાના અભિપ્રાયથી કથન કર્યું નથી."

**१८** तए णं ते समणोवासया थेरेहिं भगवंतेहिं इमाइं एयारूवाइं वागरणाइं वागरिया समाणा हट्ठ-तुट्ठा थेरे भगवंते वंदंति णमंसंति, वंदित्ता णमंसित्ता पसिणाइं पुच्छंति, पसिणाइं पुच्छित्ता अट्ठाइं उवादियंति, उवादिएत्ता उट्ठाए उट्ठेंति, उट्ठित्ता थेरे भगवंते तिक्खुत्तो वंदंति णमंसंति, वंदित्ता णमंसित्ता थेराणं भगवंताणं

**अंतियाओ पुप्फवईयाओ चेइयाओ पडिणिक्खमंति, पडिणिक्खमित्ता जामेव दिसिं पाउब्भूया तामेव दिसिं पडिगया ।**

**तए णं ते थेरा अण्णया कयाइं तुंगियाओ णयरीओ पुप्फवइयाओ चेइयाओ पडिणिग्गच्छंति, बहिया जणवयविहारं विहरंति ।**

**ભાવાર્થ :–** તત્પશ્ચાત્ તે શ્રમણોપાસકો, સ્થવિર ભગવંતો દ્વારા અપાયેલા ઉત્તરોને સાંભળીને, અત્યંત હર્ષિત થયા, સંતુષ્ટ થયા અને સ્થવિર ભગવંતોને વંદન નમસ્કાર કર્યા, વંદન નમસ્કાર કરીને, અન્ય પ્રશ્નો પૂછ્યા, પ્રશ્ન પૂછીને પુનઃ સ્થવિર ભગવંતો દ્વારા અપાયેલા ઉત્તરોથી અર્થને ગ્રહણ કર્યા. તત્ પશ્ચાત્ ત્યાંથી ઊઠ્યા. પુનઃ ત્રણ વાર વંદન–નમસ્કાર કર્યા. પછી સ્થવિર ભગવંતોની પાસેથી અને પુષ્પવતિકા ઉદ્યાનમાંથી નીકળીને જે દિશામાંથી આવ્યા હતા, તે જ દિશામાં[પોત–પોતાના સ્થાન પર] પાછા ગયા.

ત્યાર પછી તે સ્થવિર ભગવંત પણ કોઈ એક દિવસ તુંગિયા નગરીના તે પુષ્પવતિકા ઉદ્યાનમાંથી નીકળ્યા અને બહાર[અન્ય] જનપદમાં વિચરણ કરવા લાગ્યા.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રોમાં તુંગિયા નગરીના શ્રમણોપાસકો દ્વારા સ્થવિરોનો ધર્મોપદેશ સાંભળીને સવિનય પૂછાયેલા પ્રશ્નો તથા સ્થવિરો દ્વારા વિભિન્ન અપેક્ષાથી અપાયેલા ઉત્તરોનું નિરૂપણ છે.

**દેવોત્પત્તિનું કારણ :–** સંયમ અને તપનું ફળ તો ક્રમશઃ અનાશ્રવત્વ અને કર્મોનો નાશ છે. તેમ સ્થવિરોએ કહ્યું. તો પ્રશ્ન એ છે કે કયા કારણોથી સંયમીને દેવગતિ પ્રાપ્ત થાય છે ? તેનું સમાધાન કરવા ભિન્નભિન્ન સ્થવિર મુનિઓએ ભિન્નભિન્ન અપેક્ષાએ ઉત્તર આપ્યા.

તેઓએ દેવોત્પત્તિના ચાર કારણ કહ્યા– (૧) પૂર્વસંયમ– વીતરાગદશાની પ્રાપ્તિ પહેલાનો સંયમ અર્થાત્ સરાગસંયમ. (૨) પૂર્વ તપ– વીતરાગદશાની પ્રાપ્તિપહેલાનું તપ–સરાગતપ. (૩) કર્મિતા– શુભકર્મોનો પુંજ શેષ રહે ત્યારે. (૪) સંગિતા– સરાગ અવસ્થાના કારણે. તાત્પર્ય એ છે કે સંયમ કે તપના ભાવ કોઈપણ કર્મબંધનું કારણ બનતા નથી. પરંતુ તેમાં રહેલો રાગનો અંશ કર્મબંધનું કારણ બને છે અને (તેમાં પણ) શુભકર્મ દેવગતિનું કારણ બને છે. કહ્યું છે કે–

**पुव्वतव संजमा होंति, रागिणो पच्छिमा अरागस्स ।**
**रागो संगो वुत्तो, संगा कम्मं भवो तेणं ॥**

**અર્થ :–** સરાગી જીવના તપ અને સંયમને પૂર્વ તપ અને પૂર્વ સંયમ કહેવાય છે અને વીતરાગી જીવના તપ અને સંયમને પશ્ચિમતપ અને પશ્ચિમ સંયમ કહેવાય છે, રાગથી સંગ થાય છે, સંગથી કર્મબંધ અને કર્મબંધથી સંયમીને દેવભવ પ્રાપ્ત થાય છે.

**वोदाण :–** વ્યવદાન = વિ+અવ+દાન, દાપ્ ધાતુ કાપવા અર્થમાં અને દૈપ ધાતુ શોધન કરવાના અર્થમાં

છે. તેથી વ્યવદાન એટલે કર્મોને કાપવા અથવા કર્મકૃત મલિનતાને દૂર કરી, આત્મશુદ્ધિ કરવી.

**રાજગૃહીમાં ગૌતમસ્વામીનું ભિક્ષાર્થ ગમન :–**

**१९ तेणं कालेणं तेणं समएणं रायगिहे णामं णयरे जाव परिसा पडिगया।**

**तेणं कालेणं तेणं समएणं समणस्स भगवओ महावीरस्स जेट्ठे अंतेवासी इंदभूई णामं अणगारे जाव संखित्तविउलतेयलेस्से छट्ठंछट्ठेणं अणिक्खित्तेणं तवोकम्मेणं संजमेणं तवसा अप्पाणं भावेमाणे विरहइ ।**

**ભાવાર્થ :–** તે કાલે, તે સમયે રાજગૃહ નામનું નગર હતું. ત્યાં શ્રમણ ભગવાન મહાવીર સ્વામી પધાર્યા. પરિષદ વંદન કરવા ગઈ, ધર્મોપદેશ સાંભળીને પરિષદ પાછી ગઈ.

તે કાલે, તે સમયે શ્રમણ ભગવાન મહાવીરના જ્યેષ્ઠ અંતેવાસી [શિષ્ય] ઈન્દ્રભૂતિ નામના અણગાર હતા, તે પૂર્વોક્ત અનેક ગુણોથી સંપન્ન હતા. તેમણે વિપુલ તેજોલેશ્યાને પોતાના શરીરમાં જ સંક્ષિપ્ત કરી રાખી હતી. તે નિરંતર છઠ છઠના તપશ્ચરણથી તથા સંયમ અને તપથી પોતાના આત્માને ભાવિત કરતા વિચરતા હતા.

**२० तए णं से भगवं गोयमे छट्ठक्खमणपारगगंसि पढमाए पोरिसीए सज्झायं करेइ, बीयाए पोरिसीए झाणं झियायइ, तइयाए पोरिसीए अतुरियमचवलमसंभंते मुहपोत्तियं पडिलेहेइ, पडिलेहित्ता भायणाइं वत्थाइं पडिलेहेइ, पडिलेहित्ता भायणाइं पमज्जइ, पमज्जित्ता भायणाइं उग्गहेइ उग्गहित्ता, जेणेव समणे भगवं महावीरे तेणेव उवागच्छइ, उवागच्छित्ता समणं भगवं महावीरं वंदइ णमंसइ, वंदित्ता णमंसित्ता एवं वयासी– इच्छामि णं भंते ! तुब्भेहिं अब्भणुण्णाए छट्ठक्खमण–पारणगंसि रायगिहे णगरे उच्चणीयमज्झिमाइं कुलाइं घरसमुदाणस्स भिक्खायरियाए अडित्तए, अहासुहं देवाणुप्पिया ! मा पडिबंधं ।**

**ભાવાર્થ :–** તત્પશ્ચાત્ છઠના પારણાના દિવસે ભગવાન [ઈન્દ્રભૂતિ] ગૌતમસ્વામીએ પ્રથમ પ્રહરમાં સ્વાધ્યાય કર્યો, દ્વિતીય પ્રહરમાં ધ્યાન કર્યું અને તૃતીય પ્રહરમાં શારીરિક શીઘ્રતાથી રહિત, માનસિક ચપલાથી રહિત, આકુળતાથી રહિત થઈને, મુખવસ્ત્રિકાની પ્રતિલેખના કરી; પછી પાત્રો અને વસ્ત્રોની પ્રતિલેખના કરી; પાત્રાનું પ્રમાર્જન કર્યું અને તે પાત્રાને લઈને જ્યાં શ્રમણ ભગવાન મહાવીર સ્વામી બિરાજમાન હતા, ત્યાં આવ્યા, ત્યાં આવીને વંદન નમસ્કાર કર્યા અને પછી આ પ્રમાણે નિવેદન કર્યું– હે ભગવન્ ! આજે મારે છઠ તપના પારણાનો દિવસ છે, તેથી આપની આજ્ઞા પ્રાપ્ત કરીને રાજગૃહ નગરમાં ઉચ્ચ–નિમ્ન અને મધ્યમ કુળોના ગૃહ સમુદાયમાં ભિક્ષાચરીની વિધિ અનુસાર ભિક્ષા લેવા

જવાની ઈચ્છા રાખું છું. ભગવાને કહ્યું, હે દેવાનુપ્રિય ! જેમ આપને સુખ ઊપજે તેમ કરો પરંતુ વિલંબ ન કરો.

**૨૧ तए णं भगवं गोयमे समणेणं भगवया महावीरेणं अब्भणुण्णाए समाणे समणस्स भगवओ महवीरस्स अंतियाओ गुणसिलाओ चेइयाओ पडिणिक्खमइ, पडिणिक्खमित्ता अतुरियमचवलमसंभंते जुगंतरपलोयणाए दिट्ठीए पुरओ रियं सोहमाणे सोहमाणे जेणेव रायगिहे णयरे उवागच्छइ, उवागच्छित्ता रायगिहे णयरे उच्च-णीय-मज्झियाइं कुलाइं घरसमुदाणस्स भिक्खायरियं अडइ ।**

**શબ્દાર્થ :– घरसमुदाणस्स** = ગૃહ સમુદાન– અર્થાત્ અનેક ઘરોની ભિક્ષા લેવાને માટે, **भिक्खायरियाए** = ભિક્ષાચર્યાની વિધિ પૂર્વક, **जुगंतर** = યુગાન્તર–ધુંસર પરિમાણ, **पलोयणाए** = જોતા, **अडइ** = પર્યટન કરવા લાગ્યા.

**ભાવાર્થ :–** ત્યાર પછી ભગવાનની આજ્ઞા પ્રાપ્ત કરીને ભગવાન ગૌતમ સ્વામી, શ્રમણ ભગવાન મહાવીર પાસેથી ગુણશીલ ઉદ્યાનમાંથી બહાર નીકળ્યા. અત્વરિત, ચપલતા રહિત અને સંભ્રાંતતા રહિત થઈને, યુગાન્તર [ધૂંસર પ્રમાણ–સાડાત્રણ હાથ] પ્રમાણ દૂરની ભૂમિનું અવલોકન કરતાં, પોતાની દૃષ્ટિથી આગળ–આગળના ગમન–માર્ગનું શોધન કરતાં, [અર્થાત્ ઈર્યા સમિતિપૂર્વક ચાલતા] જ્યાં રાજગૃહ નગર હતું, ત્યાં આવ્યા. ત્યાં આવીને ઉચ્ચ, નિમ્ન(સામાન્ય) અને મધ્યમ કુલોના ગૃહ સમુદાયમાં ભિક્ષાચરી માટે પર્યટન કરવા લાગ્યા.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રોમાં ભગવાન મહાવીરનું રાજગૃહમાં પદાર્પણ, ગૌતમસ્વામીનું છઠ છઠનું તપશ્ચરણ, પારણાના દિવસે સાધુચર્યાથી નિવૃત્ત થઈને, ભગવાનની આજ્ઞા અનુસાર વિધિપૂર્વક ભિક્ષાટન વગેરે વિષયોનું સુંદર વર્ણન કર્યું છે. આ વર્ણનથી નિર્ગ્રંથ મુનિઓની અપ્રમત્તતાપૂર્વકની દિનચર્યાની ઝાંખી થાય છે.

અહીં મૂળપાઠમાં **भायणाइं** બહુવચનાંત શબ્દપ્રયોગ છે. તેથી સ્થવિરકલ્પી સાધુને એકથી અધિક અર્થાત્ ત્રણ પાત્ર રાખવા તે શાસ્ત્ર સંમત છે.

ગ્રંથકાર અને કોઈક ટીકાકાર સ્થવિરકલ્પી સાધુને એક જ પાત્ર રાખવાનું કથન કરે છે અને માત્રક રૂપ પાત્ર રાખવાનું વિધાન પણ પાછળથી આચાર્યોએ કર્યું છે, તેમ કહે છે તે યોગ્ય નથી.

ઉપરોક્ત પાઠમાં **भत्तपाणं पडिदंसेइ** પાઠ છે. ગૌતમ સ્વામીએ આહાર–પાણી ભગવાનને બતાવ્યા. જો એક જ પાત્ર હોય તો આહાર–પાણી બંને સાથે કઈ રીતે લઈ શકાય ? તેથી સિદ્ધ થાય છે કે સાધુ એકથી અધિક પાત્ર રાખતા હતા.

તેમજ શ્રી દશવૈકાલિક સૂત્ર, અધ્યયન–૪ ત્રસકાયની યતનામાં મૂળપાઠમાં **'उडगंसि'** શબ્દ આવે છે, જેનો અર્થ છે–માત્રક રૂપ પાત્ર. તેથી માત્રક રૂપ પાત્ર રાખવાનું વિધાન પણ શાસ્ત્રમાં સ્પષ્ટ જ છે.

**સ્થવિરોના ઉત્તરની ભગવાન પાસે સમીક્ષા :–**

**૨૨ तए णं से भगवं गोयमे रायगिहे णयरे जाव अडमाणे बहुजणसद्दं णिसामेइ एवं खलु देवाणुप्पिया ! तुंगियाए णयरीए बहिया पुप्फवईए चेइए पासावच्चिज्जा थेरा भगवंतो समणोवासएहिं इमाइं एयारूवाइं वागरणाइं पुच्छिया– संजमे णं भंते ! किंफले तवे णं किंफले ? तए णं ते थेरा भगवंतो ते समणोवासए एवं वयासी– संजमे णं अज्जो ! अणण्हयफले, तवे वोदाणफले । तं चेव जाव पुव्वतवेणं पुव्वसंजमेणं कम्मियाए संगियाए अज्जो ! देवा देवलोएसु उववज्जंति । सच्चे णं एसमट्ठे णो चेव णं आयभाववत्तव्वयाए । से कहमेयं मण्णे एवं ?**

**ભાવાર્થ :–** તે સમયે રાજગૃહ નગરમાં ભિક્ષાટન કરતા ભગવાન ગૌતમે અનેક લોકોના મુખેથી આ પ્રકારના ઉદ્‌ગાર સાંભળ્યા– "હે દેવાનુપ્રિય ! તુંગિયા નગરીની બહાર પુષ્પવતિક નામના ઉદ્યાનમાં ભગવાન પાર્શ્વનાથના શિષ્યાનુશિષ્ય સ્થવિર ભગવાન પધાર્યા હતા. તેમને [ભગવાન મહાવીરના] શ્રમણોપાસકોએ આ પ્રમાણે પ્રશ્નો પૂછ્યા હતા કે, 'હે ભગવન્ ! સંયમનું શું ફળ છે ? હે ભગવન્ ! તપનું શું ફળ છે ?' ત્યારે સ્થવિર ભગવંતોએ શ્રમણોપાસકોને આ પ્રમાણે કહ્યું હતું કે, 'હે આર્યો ! સંયમનું ફળ અનાશ્રવત્વ છે અને તપનું ફળ કર્મોનો ક્ષય છે.' તેમજ હે આર્યો ! પૂર્વ તપથી, પૂર્વ સંયમથી, કર્મિતાથી અને સંગિતાથી દેવતા દેવલોકમાં ઉત્પન્ન થાય છે. આ વાત સત્ય છે તેથી અમે કહી છે. અમે અમારા અહંભાવથી આ વાત કહી નથી વગેરે.' તો શું તે કથન સત્ય છે ?

**૨૩ तए णं भगवं गोयमे इमीसे कहाए लद्धट्ठे समाणे जायसड्ढे जाव समुप्पण्ण– कोउहल्ले अहापज्जत्तं समुदाणं गेण्हइ, गेण्हित्ता रायगिहाओ णयराओ पडिणिक्खमइ, अतुरियं जाव सोहमाणे जेणेव गुणसिलएचेइए जेणेव समणे भगवं महावीरे तेणेव उवागच्छइ, उवागच्छित्ता समणस्स भगवओ महावीरस्स अदूरसामंते गमणागमणाए पडिक्कमइ, एसणमणेसणं आलोएइ, आलोइत्ता भत्तपाणं पडिदंसेइ, पडिदंसित्ता समणं भगवं महावीरं जाव एवं वयासी– एवं खलु भंते ! अहं तुब्भेहिं अब्भणुण्णाए समाणे रायगिहे णयरे उच्च-णीय-मज्झिमाणि कुलाणि घरसमुदाणस्स भिक्खायरियाए अडमाणे बहुजणसद्दं णिसामेमि– एवं खलु देवाणुप्पिया ! तुंगियाए णयरीए बहिया पुप्फवईए चेइए पासावच्चिज्जा थेरा भगवंतो समणोवासएहिं**

**इमाइं एयारूवाइं वागरणाइं पुच्छिया– संजमे णं भंते ! किं फले, तवे किं फले ? तं चेव जाव सच्चे णं एसमट्ठे, णो चेव णं आयभाववत्तव्वयाए ।**

**ભાવાર્થ** :–તત્પશ્ચાત્ શ્રમણ ભગવાન ગૌતમે, આ પ્રકારની વાત સાંભળી તો તેને [તે વાતની જિજ્ઞાસા] શ્રદ્ધા આદિ ઉત્પન્ન થયા અને તેના મનમાં કુતૂહલ પણ જાગ્યું, તેથી ભિક્ષાવિધિથી આવશ્યક્તાનુસાર ભિક્ષા લઈને, રાજગૃહ નગરમાંથી બહાર નીકળ્યા અને અત્વરિતગતિપૂર્વક, ઈર્યા શોધન કરતાં, જ્યાં ગુણશીલક ઉદ્યાન હતું, જ્યાં શ્રમણ ભગવાન મહાવીર બિરાજમાન હતા, તેમની સમીપે આવ્યા. તેમની નિકટ ઉપસ્થિત થઈને, ગમનાગમન સંબંધી પ્રતિક્રમણ કર્યું. એષણાદોષોની આલોચના કરી. પછી પ્રાપ્ત આહાર–પાણી ભગવાનને બતાવ્યા, તત્પશ્ચાત્ શ્રી ગૌતમ સ્વામીએ શ્રમણ ભગવાન મહાવીર સ્વામીને આ પ્રમાણે નિવેદન કર્યું– "હે ભગવન્ ! હું આપની આજ્ઞા પ્રાપ્ત કરીને રાજગૃહ નગરમાં ઉચ્ચ, નિમ્ન અને મધ્યમ કુલોમાં ભિક્ષાચર્યાની વિધિ અનુસાર ભિક્ષાટન કરી રહ્યો હતો. તે સમયે અનેક લોકોના મુખેથી આ પ્રકારના ઉદ્ગાર સાંભળ્યા કે તુંગિયા નગરીની બહાર પુષ્પવતિકા નામના ઉદ્યાનમાં ભગવાન પાર્શ્વનાથની પરંપરાના સ્થવિર ભગવાન પધાર્યા હતા, તેમને ત્યાંના શ્રમણોપાસકે આ પ્રકારના પ્રશ્નો પૂછ્યા હતા કે, હે ભગવન્ ! સંયમનું શું ફળ છે ? અને તપનું શું ફળ છે ?" સંપૂર્ણ વર્ણન ત્યાં સુધી જાણવું કે આ વાત સત્ય છે તેથી કહી છે. પરંતુ અમે અહંભાવને વશ થઈને કરી નથી.

**૨૪ तं पभू णं भंते ! ते थेरा भगवंतो तेसिं समणोवासयाणं इमाइं एयारूवाइं वागरणाइं वागरेत्तए, उदाहु अप्पभू ?**

**समिया णं भंते ! ते थेरा भगवंतो तेसिं समणोवासयाणं इमाइ एयारूवाइं वागरणाइं वागरित्तए, उदाहु असमिया ?**

**आउज्जिया णं भंते ! ते थेरा भगवंतो तेसिं समणो- वासयाणं इमाइं एयारूवाइं वागरणाइं वागरेत्तए, उदाहु अणाउज्जिया?**

**पलिउज्जिया णं भंते ! ते थेरा भगवंतो तेसिं समणोवासयाणं इमाइं एयारूवाइं वागरणाइं वागरेत्तए, उदाहु अपलिउज्जिया ?**

**पुव्वतवेणं अज्जो ! देवा देवलोएसु उववज्जंति । पुव्वसंजमेणं, कम्मियाए संगियाए अज्जो ! देवा देवलोएसु उववज्जंति, सच्चे णं एसमट्ठे, णो चेव णं आयभाववत्तव्वयाए ।**

**पभू णं गोयमा ! ते थेरा भगवंतो तेसिं समणोवासयाणं इमाइं एयारूवाइं वागरणाइं वागरेत्तए, णो चेव णं अप्पभू । तह चेव णेयव्वं अविसेसियं जाव सच्चे णं एसमट्ठे णो चेव णं आयभाववत्तव्वयाए।**

**શબ્દાર્થ :– समिया** = સમ્યક્, સમ્યક્ પ્રકારે જ્ઞાત, શાસ્ત્રજ્ઞાનમાં શ્રમ કર્યો છે જેણે તેવા અભ્યસ્ત, **आउज्जिय** = આયોગિક–ઉપયોગવાન્, **पलिउज्जिय** = પ્રાયોગિક અથવા પરિયોગિક = પરિજ્ઞાની = સર્વતોમુખી જ્ઞાનવાન, **अप्पभू** = અસમર્થ, **उदाहु** = અથવા.

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! શું તે સ્થવિર ભગવંતો શ્રમણોપાસકોએ પૂછેલા પ્રશ્નોના આ પ્રકારના ઉત્તર આપવામાં સમર્થ છે અથવા અસમર્થ છે ?

હે ભગવન્ ! શું તે સ્થવિર ભગવંતો, શ્રમણોપાસકોએ પૂછેલા પ્રશ્નોના આ પ્રકારના ઉત્તર આપવામાં સમર્થ છે કે અસમર્થ છે ?

હે ભગવન્ ! શું તે સ્થવિર ભંગવંતો, શ્રમણોપાસકોએ પૂછેલા પ્રશ્નોના આ પ્રકારના ઉત્તર આપવામાં સમ્યક્રૂપે અભ્યસ્ત છે કે અનભ્યસ્ત છે ?

હે ભગવન્ ! શું તે સ્થવિર ભગવંતો, શ્રમણોપાસકોએ પૂછેલા પ્રશ્નોના આ પ્રકારના ઉત્તર આપવામાં ઉપયોગયુક્ત છે કે ઉપયોગયુક્ત નથી ?

હે ભગવન્ ! શું તે સ્થવિર ભગવંતો, શ્રમણોપાસકોએ પૂછેલા પ્રશ્નોના આ પ્રકારના ઉત્તર આપવામાં વિશિષ્ટ જ્ઞાનવાન છે કે વિશિષ્ટ જ્ઞાનવાન નથી ? યથા– હે આર્યો ! પૂર્વતપથી દેવતા દેવલોકમાં ઉત્પન્ન થાય છે તથા પૂર્વ સંયમથી, કર્મિતાથી અને સંગિતાથી દેવતા દેવલોકમાં ઉત્પન્ન થાય છે. આ વાત સત્ય છે, તેથી અમે કહીએ છીએ પરંતુ અમારા અહંભાવથી અમે કહેતા નથી.

**અન્વયાર્થ–** હે ભગવન્ ! તે સ્થવિર ભગવંતોએ આ પ્રમાણે પ્રત્યુત્તર આપ્યો કે, હે આર્યો ! પૂર્વ તપથી દેવતા દેવલોકમાં ઉત્પન્ન થાય છે, પૂર્વસંયમથી, કર્મિતાથી અને સંગિતાથી દેવતા દેવલોકમાં ઉત્પન્ન થાય છે. આ અર્થ સત્ય છે તેથી અમે કહ્યો છે પરંતુ અમારા અહંભાવથી અમે કહેતા નથી. તો હે ભગવન્ ! શ્રમણોપાસકોએ પૂછેલા પ્રશ્નોના આ પ્રમાણે ઉત્તર આપવામાં સ્થવિર ભગવંતો સમર્થ છે કે અસમર્થ ? સમ્યગ્ રૂપે અભ્યસ્ત છે કે અનભ્યસ્ત ? ઉપયોગયુક્ત છે કે અનુપયુક્ત છે ? તેઓ વિશિષ્ટજ્ઞાની છે કે વિશિષ્ટ જ્ઞાની નથી ?

ઉત્તર– હે ગૌતમ ! તે સ્થવિર ભગવંતો તે શ્રમણોપાસકોને આ પ્રકારના ઉત્તર આપવામાં સમર્થ છે, અસમર્થ નથી. શેષ પૂર્વવત્ જાણવું કે તે સમ્યક્રૂપે જ્ઞાન સંપન્ન છે અથવા અભ્યસ્ત છે. અસંપન્ન તથા અનભ્યસ્ત નથી. તે વિશિષ્ટ જ્ઞાની છે(સર્વતોમુખી જ્ઞાની છે), સામાન્ય જ્ઞાની નથી. તે ઉપયોગ યુક્ત છે, ઉપયોગ રહિત નથી. આ વાત સત્ય છે તેથી તે સ્થવિરોએ કહી છે પરંતુ પોતાના અહંભાવને વશ થઈને કહી નથી.

**૨૫ अहं पि णं गोयमा ! एवमाइक्खामि भासेमि पण्णवेमि परूवेमि- पुव्वतवेणं देवा देवलोएसु उववज्जंति, पुव्वसंजमेणं देवा देवलोएसु उववज्जंति, कम्मियाए**

**देवा देवलोएसु उववज्जंति, संगियाए देवा देव- लोएसु उववज्जंति, पुव्वतवेणं, पुव्वसंजमेणं, कम्मियाए, संगियाए अज्जो! देवा देवलोएसु उववज्जंति, सच्चे णं एसमट्ठे णो चेव णं आयभाववत्तव्वयाए ।**

**ભાવાર્થ :–** હે ગૌતમ! હું પણ આ જ પ્રકારે કહું છું, ભાષણ કરું છું, પ્રજ્ઞાપન–બતાવું છું, પ્રરૂપણા કરું છું કે પૂર્વ તપના કારણે દેવતા દેવલોકમાં ઉત્પન્ન થાય છે, પૂર્વ સંયમના કારણે દેવતા દેવલોકમાં ઉત્પન્ન થાય છે. કર્મશેષ રહેવા પર દેવતા દેવલોકમાં ઉત્પન્ન થાય છે, સરાગ અવસ્થાના કારણે દેવતા, દેવલોકમાં ઉત્પન્ન થાય છે. હે આર્યો ! પૂર્વતપથી, પૂર્વ સંયમથી, કર્માવશેષથી અને સરાગતાથી દેવતા દેવલોકમાં ઉત્પન્ન થાય છે. આ વાત સત્ય છે તેથી તેઓએ કહી છે, પરંતુ પોતાનો અહંકાર પ્રદર્શિત કરવા માટે કહી નથી.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં શ્રી ગૌતમસ્વામીએ રાજગૃહમાં ભિક્ષાટન કરતા સમયે, ભગવાન પાર્શ્વ પરંપરાના સ્થવિરોની જ્ઞાનશક્તિના સંબંધમાં જે સાંભળ્યું હતું, તે સંબંધમા જિજ્ઞાસાવશ શ્રમણ ભગવાન મહાવીરને વિવિધ દષ્ટિકોણથી પ્રશ્નો પૂછીને સમાધાન પ્રાપ્ત કર્યું, તેનું સાંગોપાંગ નિરૂપણ અહીં છે.

**શ્રમણ પર્યુપાસનાનું ફળ :–**

**૨૬ तहारूवं णं भंते ! समणं वा माहणं वा पज्जुवासमाणस्स किं फला पज्जुवासणा ? गोयमा ! सवणफला ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! તથારૂપ [જેવો વેશ છે, તદનુરૂપ ગુણવાળા]ના શ્રમણ અથવા માહણની પર્યુપાસના કરનાર મનુષ્યને, તેની પર્યુપાસનાનું શું ફળ પ્રાપ્ત થાય છે ?

ઉત્તર– હે ગૌતમ ! તથારૂપના શ્રમણ–માહણના પર્યુપાસકને તેની પર્યુપાસનાનું શ્રવણ–સત્–શાસ્ત્ર–શ્રવણરૂપ ફળ પ્રાપ્ત થાય છે.

**૨૭ से णं भंते ! सवणे किंफले ? णाणफले ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! તે શ્રવણનું શું ફળ છે ?

ઉત્તર– હે ગૌતમ ! શ્રવણનું ફળ જ્ઞાન છે અર્થાત્ શાસ્ત્રશ્રવણથી જ્ઞાનલાભ થાય છે.

**૨૮ से णं भंते ! णाणे किंफले ? विण्णाणफले ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! તે જ્ઞાનનું શું ફળ છે ?

ઉત્તર– હે ગૌતમ ! જ્ઞાનનું ફળ વિજ્ઞાન છે. જ્ઞાનથી હેય અને ઉપાદેય તત્ત્વના વિવેકની પ્રાપ્તિ થાય છે.

**२९ से णं भंते ! विण्णाणे किंफले ? पच्चक्खाणफले ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! તે વિજ્ઞાનનું શું ફળ છે ?

ઉત્તર– હે ગૌતમ ! વિજ્ઞાનનું ફળ પ્રત્યાખ્યાન છે. હેય પદાર્થોનો ત્યાગ છે.

**३० से णं भंते ! पच्चक्खाणे किंफले ? संजमफले ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! પ્રત્યાખ્યાનનું શું ફળ છે ?

ઉત્તર– હે ગૌતમ ! પ્રત્યાખ્યાનનું ફળ સંયમ–સર્વ સાવદ્ય ત્યાગરૂપ સંયમ અથવા પૃથ્વીકાયાદિનો ૧૭ પ્રકારનો સંયમ છે.

**३१ से णं भंते ! संजमे किंफले ? अणण्हयफले ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! સંયમનું ફળ શું છે ?

ઉત્તર– હે ગૌતમ ! સંયમનું ફળ અનાશ્રવત્વ છે. નવા કર્મોનો બંધ ન થવો.

**३२ से णं भंते ! अणण्हए किं फले ? तवफले ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! અનાશ્રવનું ફળ શું છે ?

ઉત્તર– હે ગૌતમ ! અનાશ્રવનું ફળ તપ છે.

**३३ से णं भंते ! तवे किं फले ? वोदाणफले ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! તપનું ફળ શું છે ?

ઉત્તર– હે ગૌતમ ! તપનું ફળ વ્યવદાન છે અર્થાત્ કર્મનાશ છે.

**३४ से णं भंते ! वोदाणे किं फले ? अकिरियाफले ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! વ્યવદાનનું શું ફળ છે ?

ઉત્તર– હે ગૌતમ ! વ્યવદાનનું ફળ અક્રિયાપણુ છે.

**३५ से णं भंते ! अकिरिया किं फला ? सिद्धिपज्जवसाणफला पण्णत्ता**

**गोयमा !**

**सवणे णाणे य विण्णाणे, पच्चक्खाणे य संजमे ।**
**अणण्हए तवे चेव, वोदाणे अकिरिया सिद्धि ॥**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! અક્રિયાપણાનું ફળ શું છે ?

ઉત્તર– હે ગૌતમ ! અક્રિયાપણાનું ફળ સિદ્ધિ છે.

**ગાથાર્થ :–** (૧) પર્યુપાસનાનું ફળ શ્રવણ (૨) શ્રવણનું ફળ જ્ઞાન (૩) જ્ઞાનનું ફળ વિજ્ઞાન (૪) વિજ્ઞાનનું ફળ પ્રત્યાખ્યાન (૫) પ્રત્યાખ્યાનનું ફળ સંયમ (૬) સંયમનું ફળ અનાશ્રવપણું (૭) અનાશ્રવપણાનું ફળ તપ (૮) તપનું ફળ વ્યવદાન (૯) વ્યવદાનનું ફળ અક્રિયાપણું (૧૦) અક્રિયાપણાનું ફળ સિદ્ધિ–મોક્ષ છે.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રમાં શ્રમણ માહણની પર્યુપાસનાથી થતી અધ્યાત્મ–વિકાસની દશ ભૂમિકાનો ઉલ્લેખ છે. સત્સાહિત્યમાં 'સત્સંગ' શબ્દ પ્રચલિત છે. સત્સંગથી થતી ઉર્ધ્વારોહણની પ્રક્રિયાનું એક સુંદર ચિત્ર અહીં ઉપલબ્ધ થાય છે.

**શ્રમણ :–** તેના ત્રણ અર્થ થાય છે. શ્રમણ–જે આત્મગુણોના પ્રગટીકરણ માટે શ્રમ કરે છે, સમન– પ્રાણીમાત્ર પર સમભાવ રાખે, તેને આત્મવત્ સ્વીકારે તે, શમન– જે વિષય કષાયને ઉપશાંત કરે તે.

**માહણ :– स्वयं हनन निवृत्तत्वात् परं प्रति मा हन, मा हन वदति इत्येवं शीलः यस्य स माहणः** જે સ્વયં કોઈ પણ જીવનું હનન કરે નહીં અને અન્યને પણ મા–હણ, હણો નહી, મારો નહીં, આ પ્રકારનો અહિંસાનો ઉપદેશ આપે છે. આ પ્રકારનું જેનું આચરણ છે તે માહણ કહેવાય છે. ઉપલક્ષણથી મૂલગુણોના પાલકને માહણ કહે છે અથવા વ્રતધારી શ્રાવકને પણ માહણ કહેવાય છે.

**સત્સંગથી અધ્યાત્મ વિકાસની દશ ભૂમિકા :–** (૧) શ્રવણ– ધર્મ અથવા અધ્યાત્મ સાહિત્યનું શ્રવણ. (૨) જ્ઞાન– શ્રુતજ્ઞાન. (૩) વિજ્ઞાન– હેય–ઉપાદેયના વિવેકરૂપ વિશિષ્ટ જ્ઞાન. (૪) પ્રત્યાખ્યાન– હેયનો ત્યાગ–છોડવા લાયક વસ્તુનો ત્યાગ. (૫) સંયમ– ઈન્દ્રિય અને મનનો સંયમ. (૬) અનાશ્રવ– નવા કર્મોનો નિરોધ. (૭) તપ– વિશિષ્ટ પ્રકારની શુભ પ્રવૃત્તિ અથવા બાર પ્રકારે તપ. (૮) વ્યવદાન– જૂના કર્મોની નિર્જરા અથવા આત્મદોષોની શુદ્ધિ. (૯) અક્રિયા– મન, વચન અને કાયાની પ્રવૃત્તિનો નિરોધ. (૧૦) સિદ્ધિ– મોક્ષ.

દશ ક્રમિક અવસ્થાઓને પ્રાપ્ત કરતા આત્મા અંતિમ લક્ષ્યને સિદ્ધ કરે છે. આ રીતે શ્રમણ સેવાનું અનંતર ફળ ધર્મ શ્રવણ અને પરંપર ફળ મોક્ષ છે.

**ગરમ પાણીના કુંડ :–**

**३६** अण्णउत्थिया णं भंते ! एवमाइक्खंति भासंति पण्णवेंति परूवेंति- एवं खलु रायगिहस्स णयरस्स बहिया वेभारस्स पव्वयस्स अहे एत्थ णं महं एगे हरए अघे पण्णत्ते, अणेगाइं जोयणाइं आयामविक्खंभेणं, णाणादुमसंडमंडिउद्देसे, सस्सिरीए जाव पडिरूवे । तत्थ णं बहवे उराला बलाहया संसेयंति संमुच्छंति वासंति, तव्वइरित्ते य णं सया समियं उसिणे उसिणे आउकाए अभिणिस्सवइ । से कहमेयं भंते ! एवं ?

गोयमा ! जं णं ते अण्णउत्थिया एवमाइक्खंति जाव जे ते एवं परूवेंति मिच्छं ते एवमाइक्खंति जाव सव्वं णेयव्वं । अहं पुण गोयमा! एवं आइक्खामि भासेमि पण्णवेमि परूवेमि– एवं खलु रायगिहस्स णयरस्स बहिया वेभारपव्वयस्स अदूरसामंते एत्थ णं महातवोवतीरप्पभवे णामं पासवणे पण्णत्ते, पंच धणुसयाइं आयामविक्खंभेणं णाणादुमसंडमंडिउद्देसे सस्सिरीए पासादीए दरिसणिज्जे अभिरूवे पडिरूवे। तत्थ णं बहवे उसिणजोणिया जीवा य, पोग्गला य उदगत्ताए वक्कमंति, विउक्कमंति, चयंति, उववज्जंति । तव्वइरित्ते वि य णं सया समियं उसिणे उसिणे आउक्काए अभिणिस्सवइ, एस णं गोयमा ! महातवोवतीरप्पभवे पासवण, एस णं गोयमा महातवोवतीरप्पभवस्स पासवणस्स अट्ठे पण्णत्ते ॥ सेवं भंते ! सेवं भंते ॥

**શબ્દાર્થ :–** **हरए** = હ્રદ–દ્રહ, **बलाहया** = બલાહક–મેઘ, **संसेयंति** = સંસ્વેદિત–ઉત્પન્ન થાય છે. **उसिणे** = ગરમ, **पासवणे** = પ્રશ્રવણ–ઝરણું, **उसिणजोणिया** = ઉષ્ણયોનિક, **वक्कमंति** = ઉત્પન્ન થાય છે, **विउक्कमंति** = વિનષ્ટ થાય છે. **तव्वइरित्ते** = તદ્ વ્યતિરિક્ત–તદુપરાંત.

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! અન્યતીર્થિક આ પ્રમાણે કહે છે, ભાષણ કરે છે, બતાવે છે, પ્રરૂપણા કરે છે કે 'રાજગૃહ નગરની બહાર વૈભારગિરિની નીચે "અઘ" નામનો એક મહાન પાણીનો કુંડ[હ્રદ] છે, તેની લંબાઈ પહોળાઈ અનેક યોજન છે. તેનો આગળનો ભાગ અનેક પ્રકારના વૃક્ષસમૂહથી સુશોભિત છે, તે સુંદર, શ્રી યુક્ત, પ્રતિરૂપ–દર્શકોની આંખોને સંતુષ્ટ કરનારો છે. તે હ્રદમાં અનેક ઉદાર મેઘ સંસ્વેદિત–ઉત્પન્ન થાય છે. કેટલાક ઉત્પન્ન થઈને નાશ થાય છે અને નાશ પામીને ફરી કેટલાક ઉત્પન્ન થઈ વરસતા રહે છે. તે જળાશય સંપૂર્ણ ભરાઈ જાય ત્યારે તેમાંથી સદા પરિમિત[સમિત] ગરમ–ગરમ પાણી ઝરતું રહે છે.' હે ભગવન્ ! અન્યતીર્થિકોનું આ પ્રકારનું કથન બરાબર છે ? શું આ કથન સત્ય છે ?

ઉત્તર– હે ગૌતમ ! અન્યતીર્થિક જે આ પ્રમાણે કહે છે, ભાષણ કરે છે બતાવે છે અને પ્રરૂપણા કરે છે કે રાજગૃહ નગરની બહાર એક મહાન પાણીનો કુંડ છે. પ્રશ્નોક્ત કથન ત્યાં સુધી કરવું કે ગરમ–ગરમ પાણી વહે છે. તેઓનું આ કથન મિથ્યા છે. પરંતુ હે ગૌતમ ! હું આ પ્રમાણે કહું છું, ભાષણ કરું છું, બતાવું છું અને પ્રરૂપણા કરું છું કે રાજગૃહ નગરની બહાર વૈભારગિરિની નિકટ એક 'મહાતપોપતીર–પ્રભવ' નામનું ઝરણું છે. તેની લંબાઈ, પહોળાઈ પાંચસો ધનુષ છે. તેનો આગળનો ભાગ અનેક પ્રકારના વૃક્ષોથી સુશોભિત છે, સુંદર છે, પ્રસન્નતાજનક છે, દર્શનીય છે, રમણીય છે અને પ્રતિરૂપ છે, [દર્શકોના નેત્રોને સંતુષ્ટ કરનાર છે] તે ઝરણામાં અનેક ઉષ્ણ–યોનિવાળા જીવો અને પુદ્‌ગલ જલરૂપે ઉત્પન્ન થાય છે, નષ્ટ થાય છે, ચ્યુત થાય છે અને ઉપચય [વૃદ્ધિ]ને પ્રાપ્ત થાય છે. તે સિવાય તે ઝરણામાંથી હંમેશાં પરિમિત ગરમ–ગરમ પાણી ઝરતું રહે છે. હે ગૌતમ ! તે મહાતપોપતીર–પ્રભવ નામનું ઝરણું છે અને હે ગૌતમ! તે જ મહાતપોપતીર–પ્રભવ નામના ઝરણાનું તાત્પર્ય છે.

હે ભગવન્ ! આ ભાવ આ જ પ્રકારે છે, હે ભગવન્ ! આ ભાવ આ જ પ્રકારે છે.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રમાં રાજગૃહના વૈભારગિરિની નિકટ આવેલા ઉષ્ણજલના સ્રોતના સંબંધમાં અન્યતીર્થિકોના મંતવ્યને મિથ્યા કહીને ભગવાને યથાર્થ મંતવ્યનું પ્રરૂપણ કર્યું છે.

**हरए अघे (अप्पे) :–** **'अघ'** નામક દ્રહ. અન્યમત અનુસાર વૈભારગિરિની નિકટ **'अघ'** નામક દ્રહ–કુંડ છે. પરંતુ પ્રભુ કથનાનુસાર તે "મહાતપોપતીર પ્રભવ" નામનું ઝરણું છે. અહીં મૂળપાઠમાં **'अघे'**ના સ્થાને **'अप्पे'** શબ્દ પણ મળે છે, તે અશુદ્ધ છે. ટીકાકારે **'हरए अघे'** શબ્દનો **'अघ'**નામક દ્રહ, એવો અર્થ કર્યો છે.

**जीवा य पोग्गला य उदगत्ताए वइक्कमंति :–** જીવ અને પુદ્‌ગલ બંને જલરૂપે ઉત્પન્ન થાય છે. પુદ્‌ગલનું પાણીરૂપે પરિણમન થાય છે. આ પાઠથી સિદ્ધ થાય છે કે જલ સચિત્ત અને અચિત્ત બંને પ્રકારનું હોય છે. અહીં દર્શાવ્યુ છે કે ગરમ પાણીના કુંડમાં ઉષ્ણયોનિક જીવો હોય છે, જે જીવ ગરમ પાણીમાં જન્મે છે અને જીવે છે. તે જલ સચિત્ત છે.

॥ શતક ૨/૫ સંપૂર્ણ ॥

# શતક–ર : ઉદ્દેશક–૬

## ભાષા

**ભાષાનું વર્ણન :–**

**१ से णूणं भंते ! मण्णामि त्ति ओहारिणी भासा ? एवं भासापदं भाणियव्वं ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! શું ભાષા, પદાર્થનું અવધારણ–જ્ઞાન કરાવનારી છે, એમ માનવું જોઈએ ?

ઉત્તર– હે ગૌતમ ! અહીં પ્રજ્ઞાપના સૂત્રના અગિયારમાં ભાષા પદનું સમગ્ર વર્ણન જાણવું.

**વિવેચન :–**

પ્રસ્તુત છઠ્ઠા ઉદ્દેશકમાં એક જ સૂત્ર દ્વારા પ્રજ્ઞાપના–સૂત્રના ભાષાપદમાં વર્ણિત સમગ્ર વર્ણનનો નિર્દેશ કર્યો છે.

જેના દ્વારા પોતાનો અભિપ્રાય પ્રગટ થાય છે, તે ભાષા છે. એકેન્દ્રિય સિવાયના પ્રત્યેક જીવોમાં ભાષા વિદ્યમાન છે. ભાષા, ભાષાવર્ગણાના પુદ્ગલોમાંથી ઉત્પન્ન થાય છે. તેથી તે મૂર્તિક છે. નૈયાયિકો વગેરે અન્ય દાર્શનિકો શબ્દને આકાશનો ગુણ માને છે. આકાશનો ગુણ હોવાથી તે અમૂર્ત છે. જ્યારે જૈન સિદ્ધાંતકારો તેને પુદ્ગલની પર્યાય માને છે. પુદ્ગલના અનેક ભેદ છે. શાસ્ત્રકારોએ તેને આઠ વિભાગમાં વિભાજિત કર્યા છે. (૧) ઔદારિકવર્ગણા (ર) વૈક્રિયવર્ગણા (૩) આહારક વર્ગણા (૪) તૈજસ વર્ગણા (૫) ભાષા વર્ગણા (૬) શ્વાસોચ્છ્વાસવર્ગણા (૭) મનોવર્ગણા (૮)કાર્મણવર્ગણા. એક જાતિના પુદ્ગલ સમૂહને વર્ગણા કહે છે.

ભાષા વર્ગણાના પુદ્ગલનું ભાષા રૂપે પરિણમન કઈ રીતે થાય છે ? કોણ કરે છે ? તથા તેના ભેદ–પ્રભેદ વગેરે વિષયોનું વર્ણન પ્રજ્ઞાપના સૂત્રના અગિયારમાં પદમાં કર્યું છે. તેનો સંક્ષિપ્ત સાર આ પ્રમાણે છે–

**(૧) ભાષાના ભેદ :–** મુખ્ય ચાર ભેદ છે– (૧) સત્યા (ર) અસત્યા (૩) સત્યામૃષા (મિશ્ર–સત્ય અને અસત્ય બંને ભાવથી યુક્ત ભાષા) (૪) અસત્યામૃષા [વ્યવહાર ભાષા–આમંત્રણી આજ્ઞાપની આદિ સત્ય–અસત્યથી ભિન્ન ભાષા]

**(૨) ભાષાનું મૂળ કારણ :–** જીવ છે.

**(૩) ભાષાની ઉત્પત્તિ :–** ઔદારિક, વૈક્રિય અને આહારક તે ત્રણ સ્થૂલ શરીરથી થાય છે.

**(૪) ભાષાનું સંસ્થાન :–** વજના આકારનું હોય છે.

**(૫) ભાષાના પુદ્ગલ :–** લોકના અંત સુધી જાય છે.

**(૬) ભાષારૂપે ગ્રહણ કરાતા પુદ્ગલો :–** દ્રવ્યથી અનંત પ્રદેશી સ્કંધ, ક્ષેત્રથી અસંખ્યાત આકાશપ્રદેશોને અવગાહિત થઈને રહેલા સ્કંધ, કાલથી એક, બે, ત્રણ સમય આદિ અસંખ્યાત સમયની સ્થિતિવાળા પુદ્ગલ સ્કંધ અને ભાવથી– પાંચ વર્ણ, બે ગંધ, પાંચ રસ અને આઠ સ્પર્શમાંથી ચાર સ્પર્શ [સ્નિગ્ધ, રૂક્ષ, શીત અને ઉષ્ણ]વાળા પુદ્ગલ સ્કંધ તથા નિયમતઃ છએ દિશામાં રહેલા ભાષાવર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરી શકે છે.

**(૭) સાન્તર–નિરન્તર :–** ભાષા વર્ગણાના પુદ્ગલો નિરંતર ગ્રહણ થાય છે અને સાંતર છોડાય છે. સાંતરનો અર્થ અટકી–અટકીને નહિ પરંતુ સાંતરનો વાસ્તવિક અર્થ એ છે કે, પ્રથમ સમયમાં ગૃહીત પુદ્ગલો દ્વિતીય સમયે છોડાય, દ્વિતીય સમયના ગૃહીત પુદ્ગલો તૃતીય સમયે છોડાય ઈત્યાદિ. પ્રથમ સમયમાં કેવલ ગ્રહણ થાય છે અને અંતિમ સમયમાં કેવલ [ત્યાગ] છોડાય છે. મધ્યના સમયોમાં નિરંતર ગ્રહણ અને ત્યાગ બંને ક્રિયા થાય છે.

**(૮) ભાષાની સ્થિતિ :–** જઘન્ય એક સમયની, ઉત્કૃષ્ટ અસંખ્યાત સમયની.

**(૯) ભાષાનું અંતર :–** જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ અનંતકાલનું.

**(૧૦) ભાષાના પુદ્ગલોનો ગ્રહણ અને ત્યાગ :–** કાયયોગથી ગ્રહણ થાય અને વચનયોગથી તેનો ત્યાગ થાય.

**ગ્રહણકાલ :–** જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ અસંખ્ય સમય.

**ત્યાગકાલ :–** જઘન્ય બે સમય અને ઉત્કૃષ્ટ અસંખ્યાત સમયનો અંતર્મુહૂર્ત.

**(૧૧) ચાર પ્રકારની ભાષાનું નિમિત્ત :–**

**સત્યભાષા :–** જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય કર્મના ક્ષયોપશમ કે ક્ષયના નિમિત્તથી સત્યભાષા બોલાય છે.

**અસત્ય ભાષા :–** જ્ઞાનાવરણીય અને દર્શનવરણીય કર્મનો ક્ષયોપશમ અને મોહનીય કર્મના ઉદયથી અસત્યા ભાષા બોલાય છે.

**સત્યામૃષા–મિશ્રભાષા :–** જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય કર્મનો ક્ષયોપશમ અને મોહનીય કર્મના

ઉદયથી મિશ્રભાષા બોલાય છે.

**અસત્યામૃષા–વ્યવહારભાષા :–** જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય કર્મના ક્ષયોપશમ કે ક્ષયના નિમિત્તથી વ્યવહાર ભાષા બોલાય છે.

**(૧૨) ભાષક અને અભાષક :–** અપર્યાપ્તક જીવ, એકેન્દ્રિય જીવો, સિદ્ધનાજીવો, શૈલેશી પ્રતિપન્ન જીવ અભાષક છે. શેષ જીવો ભાષક છે.

**(૧૩) અલ્પબહુત્વ :–** સર્વથી થોડા સત્યભાષક, તેથી મિશ્રભાષક અસંખ્યાત ગુણા, તેથી અસત્યભાષક અસંખ્યાત ગુણા, તેથી વ્યવહાર ભાષક અસંખ્યાત ગુણા, તેથી અભાષાક જીવ અનંતગુણા છે.

**॥ શતક ૨/૬ સંપૂર્ણ ॥**

# શતક–૨ : ઉદ્દેશક–૭

## દેવ

**દેવોના પ્રકાર, સ્થાન, ઉપપાત, સંસ્થાન આદિ :–**

**१ कइविहा णं भंते ! देवा पण्णत्ता ?**

**गोयमा ! चउव्विहा देवा पण्णत्ता, तं जहा– भवणवइ, वाणमंतर, जोइस, वेमाणिया ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! દેવના કેટલા પ્રકાર છે ?

ઉત્તર– હે ગૌતમ ! દેવના ચાર પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) ભવનપતિ, (૨) વાણવ્યંતર, (૩) જ્યોતિષ્ક (૪) વૈમાનિક.

**२ कहि णं भंते ! भवणवासीणं देवाणं ठाणा पण्णत्ता ?**

**गोयमा ! इमीसे रयणप्पभाए पुढवीए, एवं जहा ठाणपदे देवाणं वत्तव्वया सा भाणियव्वा– उववाएणं लोयस्स असंखेज्जइभागे एवं सव्वे भाणियव्वं जाव सिद्धगंडिया समत्ता ।**

**कप्पाण पइट्ठाणं, बाहल्लुच्चत्तमेव संठाणं ।**
**जीवाभिगमे जो वेमाणियउद्देसो, सो भाणियव्वो सव्वो ॥**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! ભવનવાસી દેવોના સ્થાન ક્યાં છે ?

ઉત્તર– હે ગૌતમ ! ભવનવાસી દેવોના સ્થાન આ રત્નપ્રભા પૃથ્વીમાં નીચે છે. ઈત્યાદિ દેવોની સંપૂર્ણ વકતવ્યતા પ્રજ્ઞાપના સૂત્રના બીજા સ્થાનપદ અનુસાર જાણવી જોઈએ. પરંતુ વિશેષતા એ છે કે અહીં ભવનવાસી દેવોના ભવન કહેવાં જોઈએ. તેનો ઉપપાત લોકના અસંખ્યાતમા ભાગમાં થાય છે. આ રીતે સમગ્ર વર્ણન સિદ્ધ–સિદ્ધગંડિકા પર્યંત કરવું જોઈએ.

**ગાથાર્થ–** વૈમાનિક દેવલોકના આધાર, લંબાઈ, પહોળાઈ, ઊંચાઈ તથા સંસ્થાન વગેરે જીવાભિગમ

સૂત્રના વૈમાનિક ઉદ્દેશક પ્રમાણે સર્વ વર્ણન જાણવું.

## વિવેચન :–

દેવોના ચાર પ્રકાર છે. તેના સ્થાન પ્રજ્ઞાપના સૂત્રાનુસાર આ પ્રમાણે છે.

**ભવનપતિના આવાસ :–** રત્નપ્રભા પૃથ્વીના મધ્યના ૧,૭૮,૦૦૦ (એક લાખ, અઠ્યોતેર હજાર) યોજનની પોલાણમાં ૧૩ પાથડા અને ૧૨ આંતરા છે. તેમાંથી ઉપરના બે આંતરાને છોડીને દશ આંતરામાં ૭,૭૨,૦૦૦,૦૦ (સાત કરોડ, બોંતેર લાખ)ભવનપતિના ભવન છે. તેના સ્થાન લોકના અસંખ્યાતમા ભાગમાં છે.

**વ્યંતર–જ્યોતિષીદેવોના આવાસ :–** અસંખ્ય વાણવ્યંતર દેવોના નગર અને જ્યોતિષી દેવોના વિમાન મધ્યલોકમાં છે.

**વૈમાનિક દેવોના આવાસ :–** ઉર્ધ્વલોકમાં બાર દેવલોક, નવ લોકાંતિક, ત્રણ કિલ્વીષી, નવ ગ્રૈવેયક, પાંચ અનુત્તર વિમાન છે. તેમાં સર્વ મળીને ૮૪,૯૭,૦૨૩(ચોર્યાસી લાખ, સત્તાણુ હજાર, ત્રેવીસ) વૈમાનિક દેવોના વિમાન છે. તેમાં પહેલા અને બીજા દેવલોકનો આધાર ઘનોદધિ, ત્રીજા, ચોથા, પાંચમા દેવલોકનો આધાર ઘનવાયુ, છઠ્ઠા, સાતમા, આઠમા દેવલોકનો આધાર ઘનોદધિ તથા ઘનવાયુ બંને છે. ત્યાર પછીના સર્વ વિમાન આકાશના આધારે સ્થિત છે.

આ જ રીતે વિમાનોના પ્રમાણ, રંગ, કાંતિ, ગંધ આદિનું સર્વ વર્ણન પ્રજ્ઞાપના સૂત્ર અને જીવાભિગમ સૂત્રથી જાણી લેવું જોઈએ.

## ।। શતક ૨/૭ સંપૂર્ણ ।।

# શતક–ર : ઉદ્દેશક–૮

## સંક્ષિપ્ત સાર

આ ઉદ્દેશકમાં ચમરેન્દ્રની રાજધાની વિષયક વર્ણન છે. મેરુ પર્વતથી દક્ષિણમાં અસંખ્ય દ્વીપ સમુદ્ર પછી અરુણોદય સમુદ્ર છે. તેની અંદર ૪૨,૦૦૦ યોજન ગયા પછી તિગિચ્છકૂટ નામનો ચમરેન્દ્રનો ઉત્પાત પર્વત છે. તેનાથી દક્ષિણ દિશામાં ૬૫૫,૩૫,૫૦,૦૦૦ [છસો પંચાવન કરોડ, પાંત્રીસ લાખ પચાસ હજાર યોજન]યોજન સમુદ્રમાં ગયા પછી ચમરચંચા રાજધાનીમાં જવાનો માર્ગ છે. તે માર્ગથી ૪૦,૦૦૦ યોજન નીચે જવા પર ચમરચંચા રાજધાની આવે છે. તે રાજધાની એક લાખ યોજન લાંબી પહોળી છે, ૧૫૦ યોજન ઊંચો અને ૫૦ યોજન પહોળો કોટ છે. તેમાં ૨૦૦૦ દ્વાર છે. જે ૨૫૦ યોજન ઊંચા અને ૧૨૫ યોજન પહોળા છે. તે રાજધાનીમાં સુધર્માસભા છે. તેમાં રાજભવન ક્ષેત્ર ૧૬,૦૦૦ યોજન લાંબુ પહોળું અને ગોળાકાર છે. ત્રણ ગુણી સાધિક તેની ગોળાઈ છે. તેનું વર્ણન સૂર્યાભ દેવની સમાન છે.

★ **ઉત્પાત પર્વત :–** ૧,૭૨૧ યોજન ઊંચો છે. તે પદ્મવર વેદિકા અને વનખંડથી ઘેરાયેલો છે. તેના શિખર પર પ્રાસાદાવતંસક–મહેલ છે. તેમાં સપરિવાર ચમરેન્દ્રને બેસવા માટે સિંહાસન અને ભદ્રાસન છે. ચમરેન્દ્ર જ્યારે અધોલોકથી તિરછા લોકમાં આવે ત્યારે ઉત્પાતપર્વત પર એક વિશ્રાંતિ કરે છે. ત્યાં ઉત્તર વૈક્રિયથી નાનુ વિમાન વગેરે બનાવવું હોય તે બનાવે છે.

આ રીતે ચમરેન્દ્ર પૂર્વના પુણ્ય યોગે દિવ્ય ઋદ્ધિ ભોગવે છે.

❖❖❖❖❖

# શતક–૨ : ઉદ્દેશક–૮

## સભા

**ચમરેન્દ્રની ચમરચંચા રાજધાની :–**

**१** कहिं णं भंते ! चमरस्स असुरिंदस्स असुरकुमाररण्णो सभा सुहम्मा पण्णत्ता ?

गोयमा ! जंबूदीवे दीवे मंदरस्स पव्वयस्स दाहिणेणं तिरियमसंखेज्जदीव– समुद्दे वीईवइत्ता अरुणवरस्स दीवस्स बाहिरिल्लाओ वेइयंताओ अरुणोदयं समुद्दं बायालीसं जोयणसयसहस्साइं ओगाहित्ता, एत्थ णं चमरस्स असुरिंदस्स असुरकुमार– रण्णो तिगिच्छकूडे णामं उप्पायपव्वए पण्णत्ते । सत्तरस एक्कवीसे जोयणसए उड्ढं उच्चत्तेणं, चत्तारितीसे जोयणसए कोसं च उव्वहेणं मूले दसबावीसे जोयणसए विक्खंभेणं, मज्झे चत्तारि चउवीसे जोयणसए विक्खंभेणं उवरिं सत्ततेवीसे जोयणसए विक्खंभेणं, मूले तिण्णि जोयणसहस्साइं, दोण्णि य बत्तीसुत्तरे जोयणसए किंचि विसेसूणे परिक्खेवेणं, मज्झे एगं जोयणसहस्सं तिण्णि य इगयाले जोयणसए किंचि विसेसूणे परिक्खेवेणं, उवरिं दोण्णि य जोयणसहस्साइं, दोण्णि य छलसीए जोयणसए किंचि विसेसाहिए परिक्खेवेणं; मूले वित्थडे मज्झे संखित्ते उप्पिं विसाले, मज्झे वरवइर-विग्गहिए महामउंदसंठाणसंठिए सव्वरयणामए अच्छे जाव पडिरूवे। से णं एगाए पउमवरवेइयाए, एगेणं वणसंडेण य सव्वओ समंता संपरिक्खित्ते। पउमवरवेइयाए, वणसंडस्स य वण्णओ ।

**શબ્દાર્થ :–** **रण्णो** = રાજા, **वीइवइत्ता** = ઉલ્લંઘન કરીને, **ओगाहित्ता** = અવગાહના કરીને, **विक्खंभेणं** = વિષ્કંભ, **परिक्खेवेणं** = પરિક્ષેપ–ઘેરાયેલો, **उड्ढं उच्चतेणं** = ઉપરની તરફની ઊંચાઈ, **विसेसूणे** = વિશેષ ન્યૂન, **वित्थडे** = વિસ્તૃત, **संखित्ते** = સંક્ષિપ્ત, **उप्पिं विसाले** = ઉપરથી વિશાળ, **वरवइरविग्गहिए** = ઉત્તમ વજ્ર જેવા આકારવાળા, **महामउंदसंठाणसंठिए** = મોટા મુકુંદ [એક પ્રકારના વાજિંત્ર]ની જેમ, **पासायवडिंसए** = પ્રાસાદાવતંસક–મહેલ, **उप्पायपव्वए** = ઉત્પાત પર્વત–ત્રિરછા લોકમાં જવા માટે ચમરેન્દ્ર આ પર્વત પર આવીને ઉત્પતન–ઊડે છે, તેથી તેનું નામ ઉત્પાત પર્વત છે.

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! અસુરકુમારના ઈન્દ્ર અસુર રાજ ચમરની સુધર્મા સભા ક્યાં છે ?

ઉત્તર– હે ગૌતમ ! જંબૂદ્વીપ નામના દ્વીપની મધ્યમાં, મેરુ પર્વતથી દક્ષિણ દિશામાં, તિરછા અસંખ્ય દ્વીપ અને સમુદ્રનું ઉલ્લંઘન કર્યા પછી અરુણવર નામનો દ્વીપ આવે છે, તે દ્વીપની વેદિકાના બહારના ભાગથી આગળ વધતાં અરુણોદય નામનો સમુદ્ર આવે છે. તે અરુણોદય સમુદ્રમાં ૪૨ લાખ યોજન ગયા પછી તે સ્થાનમાં અસુરકુમારના ઈન્દ્ર, અસુર રાજ ચમરનો તિગિચ્છ કૂટ નામનો ઉત્પાત પર્વત છે. તેની ઊંચાઈ ૧૭૨૧ યોજન છે. તેનો ઉદ્‌વેધ [જમીનમાં ઊંડાઈ] ૪૩૦ યોજન અને એક કોસ છે. તે પર્વતનું માપ, ગોસ્તુભ નામના આવાસ પર્વતના માપની સમાન જાણવું. વિશેષતા એ છે કે ગોસ્તુપ પર્વતના ઉપરના ભાગનું જે માપ છે તે માપ અહીં મધ્યના ભાગનું સમજવું જોઈએ (અર્થાત્ તિગિચ્છકૂટ પર્વતનો વિષ્કંભ મૂળમાં ૧૦૨૨ યોજન, મધ્યમાં ૪૨૪ યોજન અને ઉપરનો વિષ્કંભ ૭૨૩ યોજન છે. તેનો પરિક્ષેપ–પરિઘ મૂળમાં ૩૨૩૨ યોજનથી કંઈક ન્યૂન, મધ્યમાં ૧,૩૪૧ યોજનથી કંઈક ન્યૂન અને ઉપરનો પરિક્ષેપ ૨,૨૮૬ યોજનથી કંઈક અધિક છે. તે મૂળમાં વિસ્તૃત છે. મધ્યમાં સંકીર્ણ છે. અને ઉપરમાં વિસ્તૃત છે. તેની મધ્યનો ભાગ ઉત્તમ વજ્ર જેવો છે. તેનું સંસ્થાન મહામુકુંદ સમાન છે. સંપૂર્ણ પર્વત રત્નમય છે, સુંદર છે તેમજ પ્રતિરૂપ છે. આ પર્વત એક પદ્મવર વેદિકાથી અને એક વનખંડથી ચારે તરફ ઘેરાયેલો છે. અહીં વેદિકા અને વનખંડનું વર્ણન કરવું જોઈએ.

**૨ तस्स णं तिगिच्छकुडस्स उप्पायपव्वयस्स उप्पिं बहुसमरमणिज्जे भूमिभागे पण्णत्ते, वण्णओ । तस्स णं बहुसमरमणिज्जस्स भूमिभागस्स बहुमज्झदेसभागे एत्थ णं महं एगे पासायवडिंसए पण्णत्ते– अड्ढाइज्जाइं जोयणसयाइं उड्ढं उच्चत्तेणं, पणवीसं जोयणसयाइं विक्खंभेणं । पासायवण्णओ। उल्लोयभूमिवण्णओ । अट्ठजोयणाइं मणिपेढिया, चमरस्स सीहासणं सपरिवारं भाणियव्वं । तस्स णं तिगिच्छकूडस्स दाहिणेणं छक्कोडिसए पणवण्णं च कोडीओ पणतीसं च सयसहस्साइं पण्णासं च सहस्साइं अरुणोदए समुद्दे तिरियं वीईवइत्ता अहे रयणप्पभाए पुढवीए चत्तालीसं जोयणसहस्साइं ओगाहित्ता, एत्थ णं चमरस्स असुरिंदस्स असुरकुमाररण्णो चमरचंचा णामं रायहाणी पण्णत्ता ।**

**एगं जोयणसयसहस्सं आयाम-विक्खंभेणं जंबूदीवप्पमाणा । पागारो दिवड्ढं जोयणसयं उड्ढं उच्चत्तेणं, मूले पण्णासं जोयणाइं विक्खंभेणं, उवरिं अद्धतेरसजोयणाइं विक्खंभेणं । कविसीसगा अद्धजोयणा आयामेणं कोसं विक्खंभेणं देसूणं अद्धजोयणं उड्ढं उच्चत्तेणं । एगमेगाए बाहाए पंच पंच दारसया अड्ढाइज्जाइं जोयणसयाइं उड्ढं उच्चत्तेणं, अद्धं विक्खंभेणं । उवयारियलेणं सोलसजोयण सहस्साइं आयाम– विक्खंभेणं, पण्णासं जोयणसहस्साइं पंच य**

**सत्ताणउ य जोयणसए किंचि विसेसूणे परिक्खेवेणं सव्वप्पमाणं वेमाणियप्पमाणस्स अद्धं णेयव्वं ।** [सभा सुहम्मा, उत्तर पुरत्थिमेणं जिणधरं, ततोववायसभा, हरओ, अभिसेय, अलंकारो जहा विजयस्स ।]

[उववाओ संकप्पो, अभिसेय विभूसणा य ववसाओ ।

अच्चणिय सिद्धायण गमो, वि य चमर परिवार इड्ढत्तं ॥]

**ભાવાર્થ :–** તે તિગિચ્છકૂટ નામના ઉત્પાત પર્વતનો ઉપરનો ભૂ–ભાગ અત્યંત સપાટ અને રમણીય છે. તેનું વર્ણન જાણવું. તે અત્યંત સમ–સપાટ અને રમણીય ઉપરી ભૂમિભાગની બરોબર મધ્યભાગમાં એક મહાન પ્રાસાદાવતંસક[શ્રેષ્ઠ મહેલ] છે. તેની ઊંચાઈ ૨૫૦ યોજન અને તેનો વિષ્કંભ ૧૨૫ યોજન છે. અહીં તે પ્રાસાદનું વર્ણન કરવું જોઈએ તથા પ્રાસાદની ઉપરની ભૂમિ–અટ્ટાલિકાનું વર્ણન કરવું જોઈએ. પ્રાસાદમાં આઠ યોજનની મણિપીઠિકા છે. ત્યાં ચમરેન્દ્રના સિંહાસનનું તથા પરિવારનું વર્ણન કરવું જોઈએ.

તે તિગિચ્છકૂટની દક્ષિણ દિશા તરફ અરુણોદય સમુદ્રમાં ૬૫૫,૩૫,૫૦,૦૦૦ યોજન [છસો પંચાવન કરોડ, પાંત્રીસ લાખ પચાસ હજાર યોજન] તિરછા ગયા પછી નીચે રત્નપ્રભા પૃથ્વીના ૪૦,૦૦૦ યોજન ભાગ નીચે ઉતરતા, ત્યાં અસુરકુમારના ઈન્દ્ર–રાજા ચમરની ચમરચંચા નામની રાજધાની છે. તે રાજધાનીની લંબાઈ અને પહોળાઈ એક લાખ યોજન છે. તે રાજધાની જંબૂદ્વીપ પ્રમાણ છે. તેનો પ્રાકાર [કોટ] ૧૫૦ યોજન ઊંચો છે. તેનો વિષ્કંભ મૂળમાં ૫૦ યોજન અને ઉપરના ભાગમાં સાડાબાર યોજન છે. તેના કાંગરાની લંબાઈ અર્ધો યોજન, પહોળાઈ એક કોસ અને ઊંચાઈ અર્ધા યોજનથી કંઈક ન્યૂન છે. તેની એક એક ભૂજામાં [પ્રત્યેક બાજુએ] ૫૦૦–૫૦૦ દરવાજા છે. તેની ઊંચાઈ ૨૫૦ યોજન છે. તેની પહોળાઈ ઊંચાઈ કરતાં અર્ધી અર્થાત્ ૧૨૫ યોજનની છે. ઉપકારિકાલયણ(રાજભવન ક્ષેત્ર)ની લંબાઈ–પહોળાઈ ૧૬,૦૦૦ યોજનની અને તેનો પરિક્ષેપ ૫૦,૫૯૭ (પચાસ હજાર, પાંચસો સત્તાણુ)યોજનથી કંઈક ન્યૂન છે. અહીં સમગ્ર પ્રમાણ વૈમાનિકોના પ્રમાણથી અર્ધુ સમજવું જોઈએ.

[ઉત્તર–પૂર્વમાં સુધર્મા સભા, તત્પશ્ચાત્ ઉપપાત સભા, હૃદ, અભિષેક સભા અને અલંકાર સભા ઈત્યાદિ આ સર્વ વર્ણન વિજય વિમાનની સમાન જાણવું જોઈએ.

**ગાથાર્થ–** ઉપપાત[તત્કાલ ઉત્પન્ન દેવનો] સંકલ્પ, અભિષેક, વિભૂષા, વ્યવસાય, અર્ચનિકા, સંબંધી ગમક તથા ચમરેન્દ્રનો પરિવાર અને તેની ઋદ્ધિ સંપન્નતા આદિ વર્ણન અહીં સમજવું.]

***નોંધ–*** *કોષ્ટકાંતર્વતી પાઠ અનેક પ્રતોમાં નથી. વિશ્વભારતી લાડનૂં પ્રકાશિત પ્રતમાં મૂળ અને ટિપ્પણમાં પણ આ પાઠ નથી. મહાવીર જૈન વિદ્યાલય મુંબઈથી પ્રકાશિત પ્રતમાં આ પાઠ કોષ્ટકમાં આપી ટિપ્પણ લખેલ છે કે એક પ્રત સિવાય બીજી કોઈ પ્રતમાં આ પાઠ નથી.*

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રો દ્વારા ઉત્પાત પર્વત અને સમુદ્રના અવગાહન પછી અધોલોકમાં આવતી ચમરેન્દ્રની રાજધાની ચમરચંચાનું વિસ્તૃત વર્ણન છે.

**પદ્મવરવેદિકા :–** શ્રેષ્ઠ પદ્મવર વેદિકાની ઊંચાઈ અર્ધો યોજન, વિષ્કંભ પાંચસો ધનુષ્ય છે. તે સર્વરત્નમયી છે. તેનો પરિક્ષેપ તિગિચ્છકૂટની ઉપરના ભાગના પરિક્ષેપની સમાન છે. પદ્મવરવેદિકા એટલે પાળી.

**વનખંડ :–** વનખંડનો ચક્રવાલ વિષ્કંભ બે યોજનમાં કંઈક ન્યૂન છે. તેનો પરિક્ષેપ પદ્મવરવેદિકાના પરિક્ષેપની સમાન છે. તે કૃષ્ણવર્ણયુક્ત અને કૃષ્ણવર્ણની કાંતિવાળો છે.

**ઉત્પાત પર્વતનો ઉપરનો ભાગ :–** અત્યંત સમ–સપાટ અને રમણીય છે. તેનો ભૂમિભાગ મુરજ મુખ, મૃદંગ મુખ અથવા સરોવરના તલભાગની સમાન છે અથવા આદર્શમંડલ, કરતલ અથવા ચંદ્રમંડલની સમાન છે.

**પ્રાસાદાવતંસક :–** તે પ્રાસાદોમાં સર્વ શ્રેષ્ઠ પ્રાસાદ વાદળોની જેમ ઊંચો અને પોતાની જ ચમકના કારણે હસતો પ્રતીત થાય છે. તે કાંતિથી શ્વેત અને પ્રભાસિત છે. મણિ, સુવર્ણ અને રત્નોની કારીગરીથી સુશોભિત છે. તેનો ઉપરીભાગ પણ સુંદર છે. તેના પર હાથી, ઘોડા, બળદ આદિનાં ચિત્રો છે.

**ચમરેન્દ્રનું સિંહાસન :–** પ્રાસાદની મધ્યમાં સિંહાસન છે. તે સિંહાસનની પશ્ચિમોત્તરમાં [વાયવ્ય કોણમાં], ઉત્તર દિશામાં તથા ઉત્તર પૂર્વ [ઈશાનકોણ] માં ચમરેન્દ્રના ૬૪,૦૦૦ સામાનિક દેવોનાં ૬૪,૦૦૦ ભદ્રાસન છે. પૂર્વમાં પાંચ પટ્ટરાણીઓનાં પાંચ ભદ્રાસન સપરિવાર છે.

દક્ષિણ પૂર્વમાં[અગ્નિકોણમાં] આભ્યંતર પરિષદના ૨૪,૦૦૦ દેવોનાં ૨૪,૦૦૦, દક્ષિણમાં મધ્યમ પરિષદના ૨૮,૦૦૦ દેવોના ૨૮,૦૦૦ અને દક્ષિણ પશ્ચિમ[નૈઋત્યકોણ] માં બાહ્ય પરિષદના ૩૨,૦૦૦ દેવોનાં ૩૨,૦૦૦ ભદ્રાસન છે. પશ્ચિમમાં સાત સેનાધિપતિઓનાં સાત અને ચારે દિશાઓમાં આત્મરક્ષક દેવોનાં ૬૪–૬૪ હજાર ભદ્રાસન છે.

**(૧) ઉપપાત સભા :–** જ્યાં દેવ શય્યામાં ચમરેન્દ્રનો જન્મ થાય છે. પછી તે ઉત્પન્ન થયેલા ઈન્દ્રને આ સંકલ્પ ઉત્પન્ન થાય છે કે મારે પહેલા કે પછી શું કાર્ય કરવાનું છે ? મારો જીતાચાર શું છે ?

**(૨) અભિષેક સભા :–** સામાનિક દેવો દ્વારા નવા ઉત્પન્ન થયેલા દેવોનો મહાન ઋદ્ધિથી અભિષેક સભામાં અભિષેક કરાય છે.

**(૩) અલંકાર સભા :–** તેમાં દેવોને વસ્ત્રાભૂષણોથી અલંકૃત કરાય છે.

**(૪) વ્યવસાય સભા :–** તેમાં પુસ્તકનું વાંચન કરાય છે. તેના દ્વારા પોતાનો જીતવ્યવહાર તે દેવ સમજી જાય છે.

**અસુરકુમાર દેવોનો માર્ગ :–** આ સૂત્રમાં અસુરકુમાર દેવોના આવાગમન માર્ગનો નિર્દેશ મળે છે. નીચાલોકથી તિરછાલોકમાં તેઓ નિશ્ચિત માર્ગથી અવર–જવર કરે છે. તે માર્ગ અરુણવર સમુદ્રમાં છે. તે સમુદ્રકાંઠાથી છસો પંચાવન કરોડ, પાંત્રીસ લાખ પચાસહજાર + ૪૨,૦૦૦ + ૧,૦૨૨ = ૬૫૫,૩૫, ૯૩, ૦૨૨ (છસો પંચાવન કરોડ, પાંત્રીસ લાખ, ત્રાણુહજાર, બાવીસ) યોજન દૂર છે.

**।। શતક ૨/૮ સંપૂર્ણ ।।**

# શતક–૨ : ઉદ્દેશક–૯

## સમયક્ષેત્ર

**સમયક્ષેત્રનું સંક્ષિપ્ત વર્ણન :–**

**१** किमिदं भंते ! समयखेत्ते त्ति पुवच्चइ ?

**गोयमा ! अड्डाइज्जा दीवा दो य समुद्दा एस णं एवइए समयखेत्तेत्ति पवुच्चइ, तत्थ णं अयं जंबुद्दीवे दीवे सव्वदीवसमुद्दाणं सव्वब्भंतरं, एवं जीवाभिगमवत्तव्वया णेयव्वा जाव अब्भिंतरं पुक्खरद्धं जोइसविहूणं ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! કયા ક્ષેત્રને સમયક્ષેત્ર કહે છે ?

ઉત્તર– હે ગૌતમ ! અઢી દ્વીપ અને બે સમુદ્ર, એટલા ક્ષેત્રને 'સમયક્ષેત્ર' કહે છે. તેમાં જંબૂદ્વીપ નામનો દ્વીપ, સમસ્ત દ્વીપો અને સમુદ્રની મધ્યમાં છે. આ રીતે જીવાભિગમ સૂત્રમાં કથિત સંપૂર્ણ વર્ણન આભ્યંતર પુષ્કરાર્ધદ્વીપ પર્યંત કહેવું જોઈએ પરંતુ જ્યોતિષ્કોનું વર્ણન છોડી દેવું જોઈએ.

**વિવેચન :–**

આ સૂત્રમાં સમયક્ષેત્રનું સ્વરૂપ, પરિમાણ આદિનું વર્ણન જીવાભિગમસૂત્રના નિર્દેશપૂર્વક કર્યું છે.

**સમયક્ષેત્રનું સ્વરૂપ :–** સમય– અર્થાત્ કાલથી ઉપલક્ષિત ક્ષેત્રને સમયક્ષેત્ર કહે છે. સૂર્યની ગતિના આધારે જાણી શકાય તેવા દિવસ, પક્ષ, માસ, ઋતુ, અયન, સંવત્સર આદિરૂપ કાલ મનુષ્યક્ષેત્રમાં જ છે. ત્યાર પછીના ક્ષેત્રોમાં નથી. કારણ કે તે ક્ષેત્રોમાં સૂર્ય, ચંદ્ર ગતિમાન નથી, સ્થિર છે. જ્યાં સૂર્યની ગતિ છે, ત્યાં સુધી જ કાલનો વ્યવહાર થાય છે, તેથી જ કાલથી ઉપલક્ષિત ક્ષેત્રને સમયક્ષેત્ર કહે છે.

જીવાભિગમ સૂત્રમાં મનુષ્યક્ષેત્રના સ્વરૂપને પ્રદર્શિત કરતી એક ગાથા આપી છે.

**अरिहंत–समय–बायर विज्जू थणिया बलाहगा अगणी ।**
**आगर णिहि णई उवराग णिगमे वुड्डिवयणं च ॥**

**અર્થ :–** જે ક્ષેત્રમાં અરિહંત, ચક્રવર્તી, બલદેવ, વાસુદેવ, પ્રતિવાસુદેવ, સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા

તથા મનુષ્યો છે. જ્યાં સમય–આવલિકા આદિ કાલ છે. સ્થૂલ વિદ્યુત છે, મેઘગર્જના છે, મેઘ વરસે છે, બાદર અગ્નિ છે; આકર[ખાણ], નિધિ, નદી, ઉપરાગ[ચંદ્ર–સૂર્યગ્રહણ] છે; ચંદ્ર, સૂર્ય, તારા આદિનું અતિગમન[ઉત્તરાયણ] અને નિર્ગમન[દક્ષિણાયન] છે તથા રાત્રિ અને દિવસ વધે, ઘટે છે ઈત્યાદિ ભાવો છે ત્યાં સુધીના ક્ષેત્રને સમયક્ષેત્ર અથવા મનુષ્યક્ષેત્ર કહે છે.

**સમયક્ષેત્રનું પરિમાણ [માપ] :–** સમયક્ષેત્ર ૪૫ લાખ યોજન પ્રમાણ છે. તેમાં સહુની વચ્ચે એક લાખ યોજનનો જંબૂદ્વીપ છે તેને ફરતો બે લાખ યોજનનો લવણ સમુદ્ર છે. તેને ફરતો ચાર લાખ યોજનનો ધાતકી ખંડ દ્વીપ છે, તેને ફરતો આઠ લાખ યોજનનો કાલોદધિ સમુદ્ર છે. તેને ફરતો ૧૬ લાખ યોજનનો પુષ્કર દ્વીપ છે. તે પુષ્કરદ્વીપની મધ્યમાં અર્થાત્ આઠ લાખ યોજન પછી મનુષ્યક્ષેત્રની મર્યાદા–સીમા કરનાર માનુષોત્તર પર્વત છે આ રીતે

| જંબુદ્વીપ | લવણસમુદ્ર | ઘાતકી ખંડ | કાલોદધિ સમુદ્ર | પુષ્કરાર્દ્ધ દ્વીપ |
|---|---|---|---|---|
| ૧ લાખ યો. | ૨+૨ લાખ યો. | ૪+૪ લાખ યો. | ૮+૮ લાખ યો. | ૮+૮ લાખ યો. |

આ રીતે કુલ ૪૫ લાખ યોજન થાય છે. આ ક્ષેત્રને સમયક્ષેત્ર, મનુષ્યક્ષેત્ર અથવા અઢીદ્વીપક્ષેત્ર કહે છે. તેનું વિશેષ વર્ણન જીવાભિગમ સૂત્રમાંથી જાણવું.

॥ શતક ૨/૯ સંપૂર્ણ ॥

# શતક–ર : ઉદ્દેશક–૧૦

## સંક્ષિપ્ત સાર

આ ઉદ્દેશકમાં પંચાસ્તિકાયનું દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવ અને ગુણની અપેક્ષાએ નિરૂપણ અને ધર્માસ્તિકાયાદિની લોક સ્પર્શના વિષયક વર્ણન છે.

★ **ધર્માસ્તિકાય–** જીવ અને પુદ્ગલ દ્રવ્યને ગતિ ક્રિયામાં સહાયક બને તે ધર્માસ્તિકાય છે. તે અસંખ્યાત પ્રદેશોના પિંડરૂપ એક દ્રવ્ય છે. તેથી સંપૂર્ણ સ્કંધને જ ધર્માસ્તિકાય કહેવાય છે. તેમાંથી એકાદ પ્રદેશ ન્યૂન સ્કંધને પણ ધર્માસ્તિકાય કહી શકાય નહીં. તે ધર્માસ્તિકાય દ્રવ્યથી એક દ્રવ્ય રૂપ, ક્ષેત્રથી લોકપ્રમાણ, કાલથી અનાદિ અનંત, ભાવથી અરૂપી અને ગુણથી ચલન સહાયક છે.

★ **અધર્માસ્તિકાય–** તેનું સ્વરૂપ દ્રવ્ય, ક્ષેત્ર અને કાળથી ધર્માસ્તિકાયની સમાન છે. તે ગુણથી જીવ અને પુદ્ગલને સ્થિતિ સહાયક છે.

★ **આકાશાસ્તિકાય–** તેનું સ્વરૂપ દ્રવ્યથી અને કાળથી ધર્માસ્તિકાયની સમાન જાણવું. તે ક્ષેત્રથી લોકાલોક પ્રમાણ અને ગુણથી સર્વ દ્રવ્યને અવગાહના પ્રદાન કરે છે. આકાશના બે ભેદ છે. લોકાકાશ અને અલોકાકાશ. જેટલા ક્ષેત્રમાં ધર્માસ્તિકાયાદિ દ્રવ્યો સ્થિત હોય તેને લોકાકાશ અને તે સિવાયના આકાશને અલોકાકાશ કહે છે.

લોકાકાશમાં સર્વ જીવો, જીવ દેશ અને જીવ પ્રદેશ તેમજ અરૂપી અજીવના સ્કંધ, દેશ, પ્રદેશ તથા રૂપી અજીવના સ્કંધ, દેશ, પ્રદેશ અને પરમાણુ હોય છે. અલોકાકાશમાં અગુરુલઘુગુણયુક્ત આકાશ દ્રવ્ય સિવાય અન્ય જીવ કે અજીવ દ્રવ્ય હોતા નથી.

★ **જીવાસ્તિકાય–** દ્રવ્યથી અનંતદ્રવ્ય, ક્ષેત્રથી લોકપ્રમાણ[સંપૂર્ણ લોક અનંતજીવોથી વ્યાપ્ત છે.] એક જીવની અપેક્ષાએ લોકપ્રમાણ અસંખ્યાત પ્રદેશી, કાલથી અનાદિ અનંત, ભાવથી અરૂપી, ગુણથી ઉપયોગ ગુણયુક્ત છે. જીવ ઉત્થાન, કર્મ, બલ, વીર્ય, પુરુષાકાર પરાક્રમથી અથવા મતિજ્ઞાનાદિ ૧૨ ઉપયોગના માધ્યમથી પોતાના આત્મભાવને અર્થાત્ જીવત્વને પ્રગટ કરે છે.

★ **પુદ્ગલાસ્તિકાય–** દ્રવ્યથી અનંત, ક્ષેત્રથી લોકપ્રમાણ, કાળથી શાશ્વત, ભાવથી વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ યુક્ત–રૂપી, ગુણથી ગ્રહણ–ધારણ ગુણ છે અર્થાત્ તેને ગ્રહણ અને ધારણ કરી શકાય છે.

★ **ધર્માસ્તિકાયની લોકસ્પર્શના–** ધર્માસ્તિકાય લોકપ્રમાણ એક અખંડ દ્રવ્ય છે. અધોલોક ધર્માસ્તિકાયના કંઈક અધિક અર્ધા ભાગને, ઉર્ધ્વલોક કંઈક ન્યૂન અર્ધાભાગને, તિરછાલોક અસંખ્યાતમા ભાગને સ્પર્શે છે. નરક, પૃથ્વી, દ્વીપ, સમુદ્ર, દેવલોક, ઘનોદધિ આદિ ધર્માસ્તિકાયના અસંખ્યાતમા ભાગ માત્ર છે. સાતે નરકના પ્રત્યેક અવકાશાન્તર ધર્માસ્તિકાયના સંખ્યાતમા ભાગ પ્રમાણ છે.

❖❖❖❖❖

# શતક–ર : ઉદ્દેશક–૧૦

## અસ્તિકાય

**અસ્તિકાય : સ્વરૂપ અને પ્રકાર :–**

**१ कइ णं भंते ! अत्थिकाया पण्णत्ता ?**

**गोयमा ! पंच अत्थिकाया पण्णत्ता, तं जहा– धम्मत्थिकाए, अधम्मत्थिकाए आगासत्थिकाए, जीवत्थिकाए, पोग्गलत्थिकाए ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! અસ્તિકાય કેટલા છે ?

ઉત્તર– હે ગૌતમ ! અસ્તિકાય પાંચ છે, તે આ પ્રમાણે છે– ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, જીવાસ્તિકાય અને પુદ્ગલાસ્તિકાય.

**२ धम्मत्थिकाए णं भंते! कइवण्णे, कइगंधे, कइरसे, कइफासे ?**

**गोयमा! अवण्णे, अगंधे, अरसे, अफासे, अरूवी, अजीवे, सासए, अवट्ठिए लोगदव्वे।**

**से समासओ पंचविहे पण्णत्ते, तं जहा– दव्वओ, खेत्तओ, कालओ, भावओ, गुणओ । दव्वओ णं धम्मत्थिकाए एगे दव्वे, खेत्तओ णं लोगप्पमाणमेत्ते, कालओ ण कयाइ ण आसि, ण कयाइ णत्थि जाव णिच्चे, भावओ अवण्णे अगंधे अरसे अफासे, गुणओ गमणगुणे ।**

**ભાવાર્થ :–**પ્રશ્ન– હે ભગવન્ ! ધર્માસ્તિકાયમાં કેટલા વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ છે ?

ઉત્તર– હે ગૌતમ ! ધર્માસ્તિકાય વર્ણ રહિત, ગંધ રહિત, રસ રહિત અને સ્પર્શ રહિત છે. ધર્માસ્તિકાય અરૂપી છે, અજીવ છે, શાશ્વત છે, અવસ્થિત છે, લોક પ્રમાણ દ્રવ્ય છે.

સંક્ષેપમાં પાંચ પ્રકારે ધર્માસ્તિકાયનું કથન કરાય છે, યથા– (૧) દ્રવ્યથી, (૨) ક્ષેત્રથી, (૩) કાળથી, (૪) ભાવથી, (૫) ગુણથી.

**(૧) દ્રવ્યથી ધર્માસ્તિકાય**– એક દ્રવ્ય છે. **(૨) ક્ષેત્રથી ધર્માસ્તિકાય**– લોક પ્રમાણ છે. **(૩) કાલથી ધર્માસ્તિકાય**– ક્યારે ય ન હતું તેમ નથી, ક્યારે ય ન હોય તેમ નથી ક્યારે ય નહિ હોય, તેમ પણ નથી અર્થાત્ તે હતું, છે અને હશે. તે નિત્ય છે. **(૪) ભાવથી ધર્માસ્તિકાય**– વર્ણ રહિત, ગંધ રહિત, રસ રહિત અને સ્પર્શ રહિત છે. **(૫) ગુણથી ધર્માસ્તિકાય**– ગતિસહાય ગુણ ધરાવે છે અર્થાત્ ગતિશીલ જીવો અને પુદ્ગલોના ગમનમાં સહાયક–નિમિત્ત બને છે.

**૩ अहम्मत्थिकाए वि एगं, णवरं गुणओ ठाणगुणे ।**

**ભાવાર્થ :–** જે રીતે ધર્માસ્તિકાયનું કથન કર્યું, તે જ રીતે અધર્માસ્તિકાયના વિષયમાં પણ કથન કરવું જોઈએ. વિશેષતા એ છે કે અધર્માસ્તિકાય ગુણની અપેક્ષાએ સ્થિતિ સહાયક છે અર્થાત્ જીવ અને પુદ્ગલની સ્થિતિમાં સહાયક બને છે.

**૪ आगासत्थिकाए वि एगं चेव, णवरं खेत्तओ णं आगासत्थिकाए लोयालोयप्पमाणमेत्ते, अणंते चेव** *जाव* **गुणओ अवगाहणागुणे ।**

**ભાવાર્થ :–** આકાશાસ્તિકાયના વિષયમાં પણ તે જ પ્રમાણે કથન કરવું જોઈએ, વિશેષતા એ છે કે આકાશાસ્તિકાય ક્ષેત્રની અપેક્ષાએ લોકાલોક પ્રમાણ [અનંત] છે અને ગુણની અપેક્ષાએ અવગાહના પ્રદાન કરવાના ગુણવાળો છે.

**૫ जीवत्थिकाए णं भंते ! कइवण्णे, कइगंधे, कइरसे, कइफासे ?**

**गोयमा ! अवण्णे जाव अरूवी, जीवे सासए, अवट्ठिए लोगदव्वे। से समासओ पंचविहे पण्णत्ते तं जहा– दव्वओ जाव गुणओ । दव्वओ णं जीवत्थिकाए अणंताइं जीवदव्वाइं, खेत्तओ लोगप्पमाणमेत्ते, कालओ ण कयाइ ण आसी जाव णिच्चे, भावओ पुण अवण्णे अगंधे अरसे अफासे, गुणओ उवओगगुणे।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! જીવાસ્તિકાયમાં કેટલા વર્ણ, ગંધ, રસ અને કેટલા સ્પર્શ છે ?

ઉત્તર– હે ગૌતમ ! જીવાસ્તિકાય વર્ણ, ગંધ રસ અને સ્પર્શ રહિત છે. તે અરૂપી છે. તે જીવ [આત્મા] છે. શાશ્વત, અવસ્થિત, લોકપ્રમાણ દ્રવ્ય[અસંખ્યાત આત્મપ્રદેશોની અપેક્ષાએ અથવા સર્વ આત્માઓની અપેક્ષાએ]છે. સંક્ષેપથી જીવાસ્તિકાયનું કથન પાંચ પ્રકારે કરાય છે, યથા– (૧) દ્રવ્યથી, (૨) ક્ષેત્રથી, (૩) કાલથી, (૪) ભાવથી (૫) ગુણથી.

(૧) દ્રવ્યથી જીવાસ્તિકાય અનંત જીવ દ્રવ્ય સ્વરૂપ છે. (૨) ક્ષેત્રથી જીવાસ્તિકાય લોક પ્રમાણ છે. અર્થાત્ અનંત જીવો લોકમાં ભરેલા છે. (૩) કાળથી જીવાસ્તિકાય ક્યારે ય ન હતો તેમ નથી તેમજ તે નિત્ય છે. (૪) ભાવથી જીવાસ્તિકાય વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ રહિત છે. (૫) ગુણથી જીવાસ્તિકાય

ઉપયોગ ગુણવાન છે.

**૬ पोग्गलत्थिकाए णं भंते ! कइवण्णे, कइगंधरसफासे ?**

**गोयमा ! पंचवण्णे, पंचरसे, दुगंधे, अट्ठफासे, रूवी, अजीवे, सासए, अवट्ठिए, लोगदव्वे । से समासओ पंचविहे पण्णत्ते तं जहा– दव्वओ, खेत्तओ, कालओ, भावओ, गुणओ । दव्वओ णं पोग्गलत्थिकाए अणंताइ दव्वाइं, खेत्तओ लोयप्पमाणमेत्ते, कालओ ण कयाइ ण आसी** *जाव* **णिच्चे, भावओ वण्णमंते गंधरसफासमंते । गुणओ गहणगुणे ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! પુદ્‌ગલાસ્તિકાયમાં કેટલા વર્ણ, ગંધ, રસ અને કેટલા સ્પર્શ છે ?

ઉત્તર– હે ગૌતમ ! પુદ્‌ગલાસ્તિકાયમાં પાંચ વર્ણ, પાંચ રસ, બે ગંધ અને આઠ સ્પર્શ છે. તે રૂપી છે, અજીવ છે, શાશ્વત અને અવસ્થિત, લોક પ્રમાણ છે. સંક્ષેપથી તેનું કથન પાંચ પ્રકારે કરાય છે. યથા– (૧) દ્રવ્યથી, (૨) ક્ષેત્રથી, (૩) કાલથી, (૪) ભાવથી (૫) ગુણથી.

(૧)દ્રવ્યથી પુદ્‌ગલાસ્તિકાય અનંત દ્રવ્યરૂપ છે. (૨) ક્ષેત્રથી પુદ્‌ગલાસ્તિકાય લોક પ્રમાણ છે. (૩) કાલથી પુદ્‌ગલાસ્તિકાય ક્યારે ય ન હતું તેમ નથી, તે નિત્ય છે. (૪) ભાવથી પુદ્‌ગલાસ્તિકાય વર્ણ સહિત, ગંધ સહિત, રસ સહિત અને સ્પર્શ સહિત છે. (૫) ગુણથી પુદ્‌ગલાસ્તિકાય ગ્રહણ ગુણવાળા છે.

## વિવેચન :–

જૈન દર્શન મૂળ બે તત્ત્વને સ્વીકારે છે. જીવ અને અજીવ. પંચાસ્તિકાય તેનો જ વિસ્તાર છે. જીવ અને અજીવને સાંખ્ય આદિ દ્વૈતવાદી દર્શન પણ માને છે, પરંતુ અસ્તિકાયનો સિદ્ધાંત ભગવાન મહાવીરનો સર્વથા મૌલિક સિદ્ધાંત છે. જીવ દ્રવ્યની તુલના સાંખ્ય સમ્મત પુરુષ સાથે અને પુદ્‌ગલની તુલના પ્રકૃતિ સાથે કદાચ કરી શકાય છે અને આકાશને પ્રાયઃ સર્વ દર્શનો સ્વીકારે છે પરંતુ ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય આ બે દ્રવ્યનો ઉલ્લેખ અન્ય કોઈ પણ દર્શનોમાં થયો નથી. તેમજ 'અસ્તિકાય'નો શબ્દપ્રયોગ પણ અન્યત્ર ક્યાં ય નથી. અસ્તિકાય શબ્દ અસ્તિત્વનો વાચક છે.

**અસ્તિકાય :–** 'અસ્તિ' શબ્દ ત્રિકાલસૂચક નિપાત[અવ્યય] છે અને કાય એટલે સમૂહ અર્થાત્ જે પ્રદેશોનો સમૂહ, ત્રિકાલ શાશ્વત છે, તે અસ્તિકાય અથવા અસ્તિ એટલે પ્રદેશ અને કાય એટલે સમૂહ. જે દ્રવ્ય પ્રદેશોના સમૂહરૂપ હોય તેને અસ્તિકાય કહે છે.

**પંચાસ્તિકાયનો અનુક્રમ :–** 'ધર્મ' શબ્દ મંગલ સૂચક હોવાથી દ્રવ્યોમાં સર્વ પ્રથમ ધર્માસ્તિકાય કહ્યું છે. ધર્મથી વિપરીત અધર્મ છે, તેથી ધર્માસ્તિકાય પછી અધર્માસ્તિકાય કહ્યુ છે. તે બંને દ્રવ્યના આધારરૂપ હોવાથી ત્યાર પછી આકાશાસ્તિકાય કહ્યું છે.આકાશાસ્તિકાય સાથે અમૂર્તત્વ અને અનંતત્વનું સામ્ય

હોવાથી આકાશાસ્તિકાય પછી જીવાસ્તિકાયનું કથન છે અને અંતે જીવ દ્રવ્યને ઉપયોગમાં આવતું હોવાના કારણે જીવાસ્તિકાય પછી પુદ્ગલાસ્તિકાયનું કથન કર્યું છે.

**પંચાસ્તિકાયનું સ્વરૂપ :–** તેમાં જીવ દ્રવ્ય સિવાયના ચાર અસ્તિકાય અજીવ છે, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય એક અને અખંડ દ્રવ્યરૂપ છે. શેષ બે દ્રવ્ય અનેક છે. પુદ્ગલ મૂર્ત છે. શેષ અસ્તિકાય અમૂર્ત છે. ધર્માસ્તિકાય અધર્માસ્તિકાય અસંખ્ય પ્રદેશાત્મક છે, આકાશ અનંત પ્રદેશાત્મક છે. એક જીવ અસંખ્ય પ્રદેશાત્મક છે, પુદ્ગલ સંખ્યાત, અસંખ્યાત અને અનંત પ્રદેશાત્મક છે.

**ધર્માસ્તિકાય :–** ગતિ ક્રિયામાં પરિણત જીવ અને પુદ્ગલોને ગતિ ક્રિયામાં જે સહાયક બને તેને ધર્માસ્તિકાય કહે છે. જેમ કે માછલીની ગમન ક્રિયામાં જલ સહાયક બને છે, તે રીતે ધર્માસ્તિકાય ગતિ ક્રિયામાં કેવળ ઉદાસીન નિમિત્ત બને છે, પ્રેરક નિમિત્ત નહીં અર્થાત્ ધર્માસ્તિકાયનું અસ્તિત્વ ગતિમાં માત્ર નિમિત્ત છે. તે કોઈને ગતિ કરવાની પ્રેરણા આપતું નથી. તે એક, અખંડ, અમૂર્ત, અસંખ્ય પ્રદેશાત્મક, અજીવ દ્રવ્ય છે.

**અધર્માસ્તિકાય :–** સ્થિતિ ક્રિયામાં પરિણત થતા જીવ અને પુદ્ગલોને ગતિપૂર્વક સ્થિત થવામાં જે સહાયક બને છે તે અધર્માસ્તિકાય છે. જેમ કે– વિશ્રામને ઈચ્છતા પથિકને ઘટાદાર વૃક્ષ સહાયક બને છે.

**આકાશાસ્તિકાય :–** પ્રત્યેક દ્રવ્યને અવગાહના દાન કરે છે–આધારરૂપ બને છે. જેમ દૂધમાં સાકર, ભીંતમાં ખીલી, બોરના આધારભૂત કૂંડું વગેરે.

**જીવાસ્તિકાય :–** ઉપયોગ ગુણ[ચૈતન્ય અથવા ચિત્–શક્તિ યુક્ત] છે

**પુદ્ગલાસ્તિકાય :–** ગ્રહણ ગુણવાન છે અર્થાત્ તેને ગ્રહણ, ધારણ કરી શકાય છે. ગ્રહણ એટલે પરસ્પર સંબંધ એવો અર્થ પણ થઈ શકે છે. ઔદારિક આદિ અનેક પુદ્ગલો સાથે જીવનો સંબંધ છે. અથવા પ્રાણધારી જીવ ઔદારિક આદિ અનેક જાતના પુદ્ગલોનું ગ્રહણ કર્યા કરે છે.

## ધર્માસ્તિકાયાદિનું સ્વરૂપ :-

**૭ एगे भंते ! धम्मत्थिकायपदेसे धम्मत्थिकाए त्ति वत्तव्वं सिया ?**

**गोयमा ! णो इणट्ठे समट्ठे । एवं दोण्णि वि तिण्णि वि चत्तारि वि पंच छ सत्त अट्ठ णव दस संखेज्जा ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! ધર્માસ્તિકાયના એક પ્રદેશને ધર્માસ્તિકાય કહી શકાય છે ?

ઉત્તર– હે ગૌતમ ! તે અર્થ સમર્થ નથી. અર્થાત્ ધર્માસ્તિકાયના એક પ્રદેશને ધર્માસ્તિકાય કહી શકાય નહીં. આ જ રીતે બે પ્રદેશ, ત્રણ પ્રદેશ, ચાર, પાંચ, છ, સાત, આઠ, નવ, દશ પ્રદેશથી સંખ્યાત

પ્રદેશને પણ ધર્માસ્તિકાય કહેવાય નહીં.

**૮ असंखेज्जा भंते ! धम्मत्थिकायपएसा 'धम्मत्थिकाए' त्ति वत्तव्वं सिया ?**
**गोयमा ! णो इणट्ठे समट्ठे ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! ધર્માસ્તિકાયના અસંખ્યાત પ્રદેશને ધર્માસ્તિકાય કહી શકાય ?

ઉત્તર– હે ગૌતમ ! તે અર્થ સમર્થ નથી. ધર્માસ્તિકાયના અસંખ્યાત પ્રદેશોને પણ ધર્માસ્તિકાય કહી શકાય નહીં.

**૯ एगपएसूणे वि य णं भंते ! धम्मत्थिकाए धम्मत्थिकाए त्ति वत्तव्वं सिया ?**

**णो इणट्ठे समट्ठे ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! એક પ્રદેશ ન્યૂન ધર્માસ્તિકાયને ધર્માસ્તિકાય કહી શકાય છે ?

ઉત્તર– હે ગૌતમ ! તે શક્ય નથી. એક પ્રદેશ ન્યૂન ધર્માસ્તિકાયને પણ ધર્માસ્તિકાય કહી શકાય નહીં.

**१० से केणट्ठेणं भंते ! एवं वुच्चइ– एगे धम्मत्थिकायपएसे णो धम्मत्थिकाए त्ति वत्तव्वं सिया जाव एगपएसूणे वि य णं धम्मत्थिकाए णो धम्मत्थिकाए त्ति वत्तव्वं सिया ?**

**से णूणं गोयमा ! खंडे चक्के ? सकले चक्के ? भगवं ! णो खंडे चक्के, सकले चक्के, एवं छत्ते, चम्मे, दंडे, दूसे, आउहे, मोयए; से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ, एगे धम्मत्थिकाय पएसे णो धम्मत्थिकाए त्ति वत्तव्वं सिया जाव एग पएसूणे वि य णं धम्मत्थिकाए णो धम्मत्थिकाए त्ति वत्तव्वं सिया ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! તેનું શું કારણ છે કે ધર્માસ્તિકાયના એક પ્રદેશને, બે ત્રણ આદિને તેમજ એક પ્રદેશ ન્યૂન ધર્માસ્તિકાયને પણ ધર્માસ્તિકાય કહી શકાતું નથી ?

ઉત્તર– હે ગૌતમ ! ચક્રના ખંડને[ભાગ–ટુકડાને] ચક્ર કહેવાય કે સંપૂર્ણ ચક્રને ચક્ર કહેવાય ? હે ભગવન્ ! ચક્રના ખંડને ચક્ર કહી શકાય નહીં, પરંતુ સંપૂર્ણ ચક્રને જ ચક્ર કહેવાય.

તે જ રીતે છત્ર, ચર્મ, દંડ, વસ્ત્ર, આયુધ–શસ્ત્ર, મોદક આદિ પણ સમગ્ર હોય ત્યારે જ છત્ર આદિ કહેવાય છે. તેના ખંડને છત્ર આદિ કહી શકાય નહીં. હે ગૌતમ! તે જ રીતે ધર્માસ્તિકાયના એક પ્રદેશને, બે, ત્રણ પ્રદેશ આદિ જ્યાં સુધી તેમાં એક પ્રદેશ પણ ન્યૂન હોય ત્યાં સુધી તેને ધર્માસ્તિકાય કહી

શકાય નહીં.

**११** **से किं खाइए णं भंते ! धम्मत्थिकाए त्ति वत्तव्वं सिया ?**

**गोयमा ! असंखेज्जा धम्मत्थिकाए पएसा, ते सव्वे कसिणा पडिपुण्णा णिरवसेसा एगगहणगहिया एस णं गोयमा ! धम्मत्थिकाए त्ति वत्तव्वं सिया, एवं अहम्मत्थिकाए वि, आगासत्थिकाय वि, जीवत्थिकाय, पोग्गलत्थिकाया वि एवं चेव णवरं तिण्णं पि पएसा अणंता भाणियव्वा, सेसं तं चेव ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! તો પછી 'ધર્માસ્તિકાય' કોને કહેવાય ?

ઉત્તર– હે ગૌતમ ! ધર્માસ્તિકાયમાં અસંખ્યાત પ્રદેશો છે. તે પરિપૂર્ણ, નિરવશેષ તથા એકગ્રહણ ગૃહીત અર્થાત્ એક શબ્દથી કહેવા યોગ્ય હોય તે [અસંખ્યાત પ્રદેશાત્મક સંપૂર્ણ દ્રવ્ય]ને ધર્માસ્તિકાય કહી શકાય છે. એ જ રીતે 'અધર્માસ્તિકાય' ના વિષયમાં જાણવું જોઈએ. તે જ રીતે 'આકાશાસ્તિકાય' 'જીવાસ્તિકાય અને પુદ્ગલાસ્તિકાયના વિષયમાં પણ જાણવું. વિશેષતા એ છે કે તે ત્રણ દ્રવ્યોના અનંત પ્રદેશ કહેવા જોઈએ. શેષ પૂર્વવત્.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રોમાં અનેક પ્રશ્નોત્તરોના માધ્યમથી, ધર્માસ્તિકાયના એક પ્રદેશને, બે, ત્રણ આદિ, તેમજ એક પ્રદેશ ન્યૂન ધર્માસ્તિકાયને ધર્માસ્તિકાય ન કહી શકાય, સમગ્ર પ્રદેશાત્મક દ્રવ્યને જ ધર્માસ્તિકાય કહેવાય. તેવો નિશ્ચય પ્રગટ કરી, તેને સમજાવ્યું છે.

**નિશ્ચયનયનું મંતવ્ય :–** પ્રસ્તુતમાં બતાવ્યું છે કે જ્યાં સુધી એક પ્રદેશ પણ ન્યૂન હોય ત્યાં સુધી ધર્માસ્તિકાય આદિ કહી શકાય નહીં. જ્યારે સર્વ પ્રદેશ પરિપૂર્ણ થાય, ત્યારે જ તેને ધર્માસ્તિકાય આદિ કહેવાય છે. જ્યારે વસ્તુ પૂર્ણ હોય ત્યારે જ તે વસ્તુ કહેવાય છે. અપૂર્ણ વસ્તુને વસ્તુ કહેવાતી નથી. આ નિશ્ચય નયનું મંતવ્ય છે.

**વ્યવહારનયનું મંતવ્ય :–** વ્યવહારનયની દષ્ટિથી તો કિંચિત્ અપૂર્ણ વસ્તુ અથવા વિકૃત વસ્તુને પણ વસ્તુ જ કહેવાય છે. જેમ કે મોદકના ટુકડાને મોદક કહેવાય, કૂતરાના કાન કપાઈ ગયેલા હોવા છતાં તેને કૂતરો કહી શકાય છે. વસ્તુનો એક ભાગ વિકૃત થઈ જતાં તે વસ્તુ, અન્ય વસ્તુ બની જતી નથી પરંતુ મૂલ વસ્તુ જ રહે છે. કારણ કે વસ્તુની વિકૃતિ કે ન્યૂનતા મૂળ વસ્તુની ઓળખાણમાં બાધક બનતી નથી.

જીવાસ્તિકાયના અનંત પ્રદેશોનું કથન સમસ્ત જીવોની અપેક્ષાએ સમજવું જોઈએ. એક જીવ દ્રવ્યના અસંખ્યાત પ્રદેશ જ હોય છે. એક પુદ્ગલના સંખ્યાત અસંખ્યાત અથવા અનંત પ્રદેશ હોય છે. સમસ્ત પુદ્ગલાસ્તિકાય દ્રવ્યના અનંતાનંત પ્રદેશ હોય છે.

**પંચાસ્તિકાયનું સ્વરૂપ દર્શક–યંત્ર**

| દ્રવ્યનું નામ | દ્રવ્યથી | ક્ષેત્રથી | કાલથી | ભાવથી | ગુણથી |
|---|---|---|---|---|---|
| ૧. ધર્માસ્તિકાય | એક | લોકપ્રમાણ | શાશ્વત–નિત્ય | અમૂર્ત–અરૂપી | ગતિસહાયક |
| ૨. અધર્માસ્તિકાય | એક | લોકપ્રમાણ | શાશ્વત–નિત્ય | અમૂર્ત–અરૂપી | સ્થિતિસહાયક |
| ૩. આકાશાસ્તિકાય | એક | લોકાલોક પ્રમાણ | શાશ્વત–નિત્ય | અમૂર્ત–અરૂપી | અવગાહન |
| ૪. જીવાસ્તિકાય | અનંત | લોક પ્રમાણ, એક– જીવ શરીર પ્રમાણ | શાશ્વત–નિત્ય | અમૂર્ત–અરૂપી | ઉપયોગવાન |
| ૫. પુદ્ગલાસ્તિકાય | અનંત | સંખ્યાતપ્રદેશી અસંખ્યાત પ્રદેશી અનંત પ્રદેશી સર્વ મળીને અનંતાનંત પ્રદેશ | શાશ્વત–નિત્ય | મૂર્ત–રૂપી | ગ્રહણ ગુણ |

**જીવનું જીવત્વ :–**

**૧૨ जीवे णं भंते ! सउट्ठाणे सकम्मे सबले सवीरिए सपुरिसक्कार- परक्कमे आयभावेणं जीवभावं उवदंसेतीति वत्तव्वं सिया ?**

**हंता गोयमा! जीवे णं जाव उवदंसेतीति वत्तव्वं सिया ।**

**ભાવાર્થ :–**પ્રશ્ન– હે ભગવન્ ! ઉત્થાન, કર્મ, બલ, વીર્ય અને પુરુષાકાર પરાક્રમવાળો જીવ આત્મભાવ [પોતાના ઉત્થાનાદિ પરિણામો] થી જીવભાવ[ચૈતન્ય]ને પ્રદર્શિત કરે છે, પ્રકટ કરે છે, શું એમ કહી શકાય ?

ઉત્તર– હા, ગૌતમ ! ઉત્થાન, કર્મ, બલ, વીર્ય અને પુરુષાકાર પરાક્રમવાળો જીવ આત્મભાવથી જીવત્વને પ્રદર્શિત કરે છે, એમ કહી શકાય.

**૧૩ से केणट्ठेणं भंते ! जाव वत्तव्वं सिया ?**

**गोयमा ! जीवे णं अणंताणं आभिणिबोहियणाण–पज्जवाणं एवं सुयणाण- पज्जवाणं ओहिणाणपज्जवाणं मणपज्जवणाणपज्जवाणं केवलणाणपज्जवाणं मइ– अण्णाणपज्जवाणं सुयअण्णाणपज्जवाणं विभंगणाणपज्जवाणं चक्खुदंसणपज्ज– वाणं अचक्खुदंसणपज्जवाणं ओहिदंसणपज्जवाणं केवलदंसणपज्जवाणं उवओगं गच्छइ, उवओगलक्खणे णं जीवे, से एएणट्ठेणं एवं वुच्चइ गोयमा ! जीवे णं**

**सउट्ठाणे जाव वत्तव्वं सिया ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! તેનું શું કારણ છે, કે તથારૂપ જીવ આત્મભાવથી જીવત્વને પ્રદર્શિત કરે છે, એમ કહી શકાય ?

ઉત્તર– હે ગૌતમ ! જીવ આભિનિબોધિક જ્ઞાનના અનંત પર્યાયો, શ્રુતજ્ઞાનના અનંત પર્યાયો, અવધિજ્ઞાનના અનંત પર્યાયો, મનઃપર્યવજ્ઞાનના અનંત પર્યાયો, કેવળજ્ઞાનના અનંત પર્યાયો; મતિ–અજ્ઞાન, શ્રુતઅજ્ઞાન, વિભંગજ્ઞાનના અનંત પર્યાયો; ચક્ષુદર્શન, અચક્ષુદર્શન, અવધિદર્શન અને કેવળ દર્શનના અનંતપર્યાયોના ઉપયોગને પ્રાપ્ત કરે છે. કારણ કે ઉપયોગ જીવનું લક્ષણ છે. હે ગૌતમ ! તેથી એમ કહેવાય છે કે ઉત્થાન, કર્મ, બલ, વીર્ય અને પુરુષાકાર–પરાક્રમવાળો જીવ, આત્મભાવથી જીવભાવ [ચૈતન્ય સ્વરૂપ]ને પ્રદર્શિત કરે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં જીવનું જીવત્વ–ચૈતન્ય કઈ રીતે પ્રગટ થાય છે, તે વિષયને સ્પષ્ટ કર્યો છે.

પ્રશ્ન એ છે કે જીવ સ્વયં અમૂર્ત છે તો તેનું જીવત્વ કઈ રીતે જાણી શકાય ?

તેનું સમાધાન આ સૂત્રમાં કર્યું છે કે ઉત્થાનાદિ ક્રિયાઓ દ્વારા તેનું જીવત્વ પ્રગટ થાય છે. કારણ કે વિશિષ્ટ ચેતના શક્તિ હોય તો જ ઉત્થાનાદિ ક્રિયાઓ સંભવિત છે. આ રીતે જીવ ઉત્થાનાદિ ક્રિયાઓથી પોતાના જીવત્વને પ્રકાશિત કરે છે.

બીજી રીતે જીવ આભિનિબોધિકજ્ઞાનાદિ બાર ઉપયોગમાંથી કોઈ પણ એક ઉપયોગને અવશ્ય પ્રાપ્ત કરે છે અને ઉપયોગ તે જીવનું લક્ષણ છે. આ વિશેષ લક્ષણ દ્વારા જીવ, પોતાના જીવત્વને પ્રગટ કરે છે.

ઉત્થાનાદિ વિશેષણ સંસારી જીવ માટે જ છે કારણ કે મુક્તજીવોમાં ઉત્થાનાદિ ક્રિયા નથી, કેવળ જ્ઞાન, કેવળદર્શન, બે ઉપયોગ તેઓના જીવત્વને પ્રદર્શિત કરે છે.

**પર્યવ–પર્યાય :–** પ્રજ્ઞાકૃત વિભાગ અથવા પરિચ્છેદને પર્યવ અથવા પર્યાય કહે છે. પ્રત્યેક જ્ઞાન, અજ્ઞાન અને દર્શનના અનંત અનંત પર્યાય હોય છે.

**આકાશાસ્તિકાય સાથે અન્ય દ્રવ્યની સ્પર્શના :–**

**१४ कइविहे णं भंते ! आगासे पण्णत्ते ?**

**गोयमा ! दुविहे आगासे पण्णत्ते, तं जहा– लोयागासे य आलोयागासे य ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! આકાશના કેટલા પ્રકાર છે ?

ઉત્તર– હે ગૌતમ ! આકાશના બે પ્રકાર છે, જેમ કે લોકાકાશ અને અલોકાકાશ.

**१५ लोयागासे णं भंते ! किं जीवा, जीवदेसा, जीवप्पएसा, अजीवा, अजीवदेसा, अजीवप्पएसा ?**

**गोयमा ! जीवा वि जीवदेसा वि जीवप्पएसा वि, अजीवा वि अजीवदेसा वि अजीवप्पएसा वि । जे जीवा ते णियमा एगिंदिया बेइंदिया तेइंदिया चउरिंदिया पंचिंदिया अणिंदिया, जे जीवदेसा ते णियमा एगिंदियदेसा जाव अणिंदियदेसा, जे जीवप्पएसा ते णियमा एगिंदियपएसा जाव अणिंदियपएसा, जे अजीवा ते दुविहा पण्णत्ता, तं जहा– रूवी य अरूवी य, जे रूवी ते चउव्विहा पण्णत्ता, तं जहा– खंधा, खंधदेसा, खंधपएसा, परमाणुपोग्गला । जे अरूवी तं पंचविहा पण्णत्ता, तं जहा– धम्मत्थिकाए, णो धम्मत्थिकायस्स देसे, धम्मत्थिकायस्स पएसा, अधम्मत्थिकाए, णो अधम्मत्थिकायस्स देसे, अधम्मत्थिकायस्स पएसा, अद्धासमए ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! લોકાકાશમાં શું જીવ છે ? જીવના દેશ છે ? જીવના પ્રદેશ છે ? અજીવ છે ? અજીવના દેશ છે ? અજીવના પ્રદેશ છે ?

ઉત્તર– હે ગૌતમ ! લોકાકાશમાં જીવ પણ છે, જીવના દેશ પણ છે, જીવના પ્રદેશ પણ છે; અજીવ પણ છે, અજીવના દેશ પણ છે અને અજીવના પ્રદેશ પણ છે. જે જીવ છે તે નિયમતઃ [નિશ્ચિતરૂપે] એકેન્દ્રિય છે, બેઈન્દ્રિય છે, તેઈન્દ્રિય છે, ચતુરિન્દ્રિય છે, પંચેન્દ્રિય છે અને અનિન્દ્રિય છે. જે જીવના દેશ છે તે નિયમતઃ એકેન્દ્રિયથી અનિન્દ્રિય સુધીના દેશ છે. જે જીવના પ્રદેશ છે તે નિયમતઃ એકેન્દ્રિયથી અનિન્દ્રિય સુધીના પ્રદેશ છે. જે અજીવ છે, તેના બે પ્રકાર છે, જેમ કે રૂપી અને અરૂપી. જે રૂપી છે તેના ચાર પ્રકાર છે– સ્કંધ, સ્કંધદેશ, સ્કંધપ્રદેશ અને પરમાણુપુદ્‌ગલ. જે અરૂપી છે તેના પાંચ ભેદ છે– ધર્માસ્તિકાય છે, ધર્માસ્તિકાયનો દેશ નથી, ધર્માસ્તિકાયના પ્રદેશ છે, અધર્માસ્તિકાય છે, અધર્માસ્તિકાયનો દેશ નથી, અધર્માસ્તિકાયના પ્રદેશ અને અદ્ધા સમય છે.

**१६ अलोयागासे णं भंते ! किं जीवा ? पुच्छा तह चेव ।**

**गोयमा ! णो जीवा जाव णो अजीवप्पएसा, एगे अजीवदव्वदेसे, अगरुयलहुए अणंतेहिं अगरुयलहुयगुणेहिं संजुत्ते सव्वागासे अणंतभागूणे।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! અલોકાકાશમાં શું જીવ છે ? અજીવપ્રદેશ છે ? ઈત્યાદિ પૂર્વવત્ સંપૂર્ણ પૃચ્છા.

ઉત્તર– હે ગૌતમ ! આલોકાકાશમાં જીવ નથી તેમજ અજીવ પ્રદેશ પર્યંતનું કાંઈ નથી. એક

અજીવ દ્રવ્યનો દેશ છે, તે અગુરુલઘુ છે તથા અનંત અગુરુલઘુ ગુણથી સંયુક્ત છે અને તે સર્વાકાશથી અનંતમો ભાગ ન્યૂન છે.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રોમાં આકાશના બે ભેદનું કથન કરીને તેમાં જીવ, અજીવાદિના દેશ, પ્રદેશના અસ્તિત્વનું નિરૂપણ કર્યું છે.

**આકાશના બે ભેદ :–** લોકાકાશ અને અલોકાકાશ. આકાશ એક અખંડ દ્રવ્ય છે, તેમ છતાં જેટલાં આકાશમાં ધર્માસ્તિકાયાદિ અન્ય દ્રવ્યો સ્થિત છે, તેને લોકાકાશ અને શેષ આકાશને અલોકાકાશ કહે છે. લોકાકાશ સીમિત છે જ્યારે અલોકાકાશ અનંત છે.

**લોકાકાશમાં જીવ, અજીવાદિનું અસ્તિત્વ :–** નૈયાયિક, વૈશેષિક આદિ કેટલાક દાર્શનિકો આત્માને વ્યાપક અને નિરવયવ માને છે. જૈન દર્શનાનુસાર આત્મા દેહ પરિમાણ અને સાવયવ છે. આ અપેક્ષાને ધ્યાનમાં રાખીને, જીવના દેશ, પ્રદેશનો પ્રશ્ન ઉપસ્થિત કર્યો છે.

પાંચ અસ્તિકાયમાં એક પુદ્‌ગલ દ્રવ્યમાં જ દેશની સંભાવના છે. પુદ્‌ગલ દ્રવ્યના બે પ્રકાર છે– પરમાણુ અને સ્કંધ. પરમાણુઓ જ્યારે ભેગા થાય છે ત્યારે સ્કંધ બને છે અને સ્કંધનો ભેદ થતાં પરમાણુ બને છે. આ રીતે પુદ્‌ગલ દ્રવ્ય ક્યારેક વિભક્ત અને ક્યારેક અવિભક્ત રહે છે. તેથી તેના દેશની સંભાવના છે. પરંતુ ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય એક અને અખંડ દ્રવ્ય છે. તે સર્વથા અવિભક્ત છે. તે અસંખ્ય પ્રદેશાત્મક હોવા છતાં તેનો એક પ્રદેશ પણ દ્રવ્યથી પૃથક્ થતો નથી. તેથી સૂત્રકારે તેના દેશનો નિષેધ કર્યો છે.

જીવાસ્તિકાયના દેશનું વિધાન સાપેક્ષ દષ્ટિએ કર્યું છે. સંખ્યાની દષ્ટિએ ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય તે ત્રણે એક દ્રવ્ય છે. જીવ અને પુદ્‌ગલ અનંત છે. અનંત જીવોની અપેક્ષાએ એક જીવને જીવોનો દેશ કહી શકાય છે. અથવા સંસારી જીવોને અંગોપાંગ, હાથ પગ આદિ હોય છે. તે અવયવોની અપેક્ષાએ જીવના દેશ કહી શકાય છે.

વૃત્તિકારે સંકોચ–વિસ્તારની અપેક્ષાએ જીવની વ્યાખ્યા કરી છે, તેના મતાનુસાર એક જીવના સ્થાનમાં અનેક જીવોના દેશ હોય શકે છે, તે દષ્ટિએ જીવના દેશનું વિધાન કર્યું છે.

ચૂર્ણિકારના મંતવ્ય અનુસાર અરૂપી દ્રવ્યનું પ્રતિપાદન સમુદાય અથવા એક સ્કંધના રૂપમાં જ કરાય છે. તે સ્કંધ પ્રદેશાત્મક છે, દેશાત્મક નથી. પ્રદેશ અવસ્થિત છે. દેશ અનવસ્થિત હોય છે. તેથી અરૂપી દ્રવ્ય સાથે દેશનો નિર્દેશ કર્યો નથી. અરૂપી દ્રવ્ય સાથે જે દેશ શબ્દનો પ્રયોગ પ્રાપ્ત થાય છે તે વ્યવહાર માટે થાય છે. વ્યવહારના બે પ્રકાર છે.

**(૧) સ્વવિષયક વ્યવહાર :–** જે રીતે ધર્માસ્તિકાય પોતાના દેશથી ઉર્ધ્વલોકમાં વ્યાપ્ત છે.

**(૨) પર દ્રવ્ય સ્પર્શનાદિગત વ્યવહાર :–** જે રીતે ઉર્ધ્વલોકાકાશ ધર્માસ્તિકાયના દેશનો સ્પર્શ કરે છે.

આ રીતે વિચારતા સ્પષ્ટ થાય છે કે લોકાકાશમાં અરૂપી અજીવના પાંચ ભેદ હોય છે. ધર્માસ્તિકાય અને તેના પ્રદેશ, અધર્માસ્તિકાય અને તેના પ્રદેશ અને અદ્ધા સમય કાલ.

**અલોકાકાશમાં :–** અજીવ દ્રવ્યનો દેશ છે. કારણ કે અલોકાકાશ તે આકાશાસ્તિકાયનો એક ભાગ છે. તે દેશરૂપે છે, તેથી તેમાં અજીવ દ્રવ્યનો એક દેશ છે. અને તે પરિપૂર્ણ આકાશ દ્રવ્યથી અનંતમો ભાગ ન્યૂન છે. તે અલોકાકાશ અગુરુલઘુ છે, અનંત અગુરુલઘુ ગુણોથી સંયુક્ત છે.

## ધર્માસ્તિકાયાદિનો વિસ્તાર :–

**૧૭ धम्मत्थिकाए णं भंते ! केमहालए पण्णत्ते ।**

**गोयमा ! लोए लोयमेत्ते लोयप्पमाणे लोयफुडे लोयं चेव फुसित्ता णं चिट्ठइ, एवं अहम्मत्थिकाए लोयागासे जीवत्थिकाए पोग्गलत्थिकाए पंच वि एक्काभिलावा।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! ધર્માસ્તિકાય દ્રવ્ય કેટલું મોટું છે ?

ઉત્તર– હે ગૌતમ ! ધર્માસ્તિકાય લોકરૂપ છે, લોકમાત્ર છે, લોકપ્રમાણ છે, લોક સ્પૃષ્ટ છે અને લોકને જ સ્પર્શીને રહેલું છે. એ જ રીતે અધર્માસ્તિકાય, લોકાકાશ, જીવાસ્તિકાય અને પુદ્‌ગલાસ્તિકાયના સંબંધમાં જાણવું જોઈએ.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રમાં પાંચે દ્રવ્યનું પરિમાણ પ્રગટ કર્યું છે. ધર્માસ્તિકાય–લોકરૂપ, લોકમાત્ર, લોકપ્રમાણ છે. લોકનું જેટલું માપ છે તેટલું જ ધર્માસ્તિકાયનું પ્રમાણ છે. લોકાકાશનો એક પણ પ્રદેશ એવો નથી કે જ્યાં ધર્માસ્તિકાય ન હોય. તલમાં તેલની વ્યાપકતાની જેમ લોકમાં ધર્માસ્તિકાયની વ્યાપકતા છે. ધર્માદિ દ્રવ્યો જ્યાં સ્થિત છે, તે ક્ષેત્રને 'લોક' સંજ્ઞા આપી છે. તેથી જ ધર્માસ્તિકાયને લોકરૂપ અને લોક માત્ર કહ્યું છે. લોકાકાશ અને ધર્માસ્તિકાયના પ્રદેશોમાં સમાનતા બતાવવા તેને લોક પ્રમાણ કહ્યું છે. સર્વ પ્રદેશો લોકાકાશ સાથે સ્પૃષ્ટ છે અને ધર્માસ્તિકાય પોતાના સમસ્ત પ્રદેશો દ્વારા લોકને સ્પર્શે છે. તે જ રીતે ચારે અસ્તિકાય લોક પ્રમાણ છે. અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય પણ તે જ રીતે વ્યાપક છે. જીવ અને પુદ્‌ગલ દ્રવ્ય ધર્માસ્તિકાયની સમાન નથી. કારણ કે તે અનંત દ્રવ્ય રૂપ છે. તેમ છતાં લોકાકાશનો એક પણ પ્રદેશ એવો નથી કે જ્યાં જીવ અને પુદ્‌ગલ ન હોય.

**૧૮ अहोलोए णं भंते ! धम्मत्थिकायस्स केवइयं फुसइ ?**

**गोयमा ! साइरेगं अद्धं फुसइ ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! અધોલોક ધર્માસ્તિકાયના કેટલા ભાગને સ્પર્શે છે ?

ઉત્તર– હે ગૌતમ ! અધોલોક ધર્માસ્તિકાયના અર્ધાથી કંઈક અધિક ભાગને સ્પર્શે છે.

**૧૯ तिरियलोए णं भंते ! पुच्छा ? गोयमा ! असंखेज्जइभागं फुसइ ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! તિર્યગ્લોક ધર્માસ્તિકાયના કેટલા ભાગને સ્પર્શે છે ?

ઉત્તર– હે ગૌતમ ! તિર્યગ્લોક ધર્માસ્તિકાયના અસંખ્યાતમા ભાગને સ્પર્શે છે.

**૨૦ उड्ढलोए णं भंते ! पुच्छा ? गोयमा ! देसूणं अद्धं फुसइ ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! ઉર્ધ્વલોક ધર્માસ્તિકાયના કેટલા ભાગને સ્પર્શે છે ?

ઉત્તર– હે ગૌતમ ! ઉર્ધ્વલોક ધર્માસ્તિકાયના કંઈક ન્યૂન [દેશોન] અર્ધા ભાગને સ્પર્શે છે.

**૨૧ इमा णं भंते ! रयणप्पभापुढवी धम्मत्थिकायस्स किं संखेज्जइभाइं फुसइ, असंखेज्जइभागं फुसइ, संखेज्जे भागे फुसइ, असंखेज्जे भागे फुसइ, सव्वं फुसइ ?**

**गोयमा ! णो संखेज्जइभागं फुसइ, असंखेज्जइभागं फुसइ, णो संखेज्जे, असंखेज्जे, णो सव्वं फुसइ ।**

**ભાવાર્થ :–**પ્રશ્ન– હે ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વી શું ધર્માસ્તિકાયના સંખ્યાતમા ભાગનો સ્પર્શ કરે છે કે અસંખ્યાતમા ભાગનો સ્પર્શ કરે છે અથવા સંખ્યાત ભાગોનો સ્પર્શ કરે છે કે અસંખ્યાત ભાગોનો સ્પર્શ કરે છે કે સમગ્રનો સ્પર્શ કરે છે ?

ઉત્તર– હે ગૌતમ ! રત્નપ્રભા પૃથ્વી, ધર્માસ્તિકાયના સંખ્યાતમા ભાગનો સ્પર્શ કરતી નથી પરંતુ અસંખ્યાતમા ભાગનો સ્પર્શ કરે છે. તે જ રીતે સંખ્યાત ભાગો, અસંખ્યાત ભાગો કે સમગ્ર ધર્માસ્તિકાયનો સ્પર્શ કરતી નથી.

**૨૨ इमीसे णं भंते ! रयणप्पभाए पुढवीए घणोदही, धम्मत्थिकायस्स पुच्छा, किं संखेज्जइभागं फुसइ ?**

**जहा रयणप्पभा तहा घणोदही, घणवाय, तणुवाया वि ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! રત્નપ્રભાનો ઘનોદધિ, ધર્માસ્તિકાયના સંખ્યાતમા ભાગનો સ્પર્શ કરે

છે તેમજ સમસ્ત ધર્માસ્તિકાયનો સ્પર્શ કરે છે ? ઈત્યાદિ પૃચ્છા.

ઉત્તર– હે ગૌતમ ! જે રીતે રત્નપ્રભા પૃથ્વીને માટે કથન કર્યું, તે જ રીતે રત્નપ્રભા પૃથ્વીના ઘનોદધિના વિષયમાં કથન કરવું જોઈએ અને તે જ રીતે ઘનવાત અને તનુવાતના વિષયમાં પણ કથન કરવું જોઈએ.

**૨૩ इमीसे णं भंते ! रयणप्पभाए पुढवीसए उवासंतरे धम्मत्थिकायस्स किं संखेज्जइभागं फुसइ, असंखेज्जइभागं फुसइ जाव सव्वं फुसइ ?**

**गोयमा ! संखेज्जइभागं फुसइ, णो असंखेज्जइभागं फुसइ, णो संखेज्जे, णो असंखेज्जे, णो सव्वं फुसइ । उवासंतराइंसव्वाइं जहा रयणप्पभाए पुढवीए वत्तव्वया भणिया, एवं जाव अहेसत्तमाए । जंबूदीवाइया दीवा, लवणसमुद्दाइया समुद्दा, एवं सोहम्मे कप्पे जाव ईसीपब्भारा पुढवी, एए सव्वे वि असंखेज्जइभागं फुसइ, सेसा पडिसेहियव्वा। एवं अधम्मत्थिकाए, एवं लोयागासे वि ।**

**पुढवोदही घण तणू, कप्पा गेवेज्जणुत्तरा सिद्धी ।**
**संखेज्जइभागं अंतरेसु, सेसा असंखेज्जा ॥**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! રત્નપ્રભા પૃથ્વીનું અવકાશાન્તર શું ધર્માસ્તિકાયના સંખ્યાતમા ભાગનો સ્પર્શ કરે છે, અસંખ્યાતમા ભાગનો સ્પર્શ કરે છે તેમજ સમસ્તનો સ્પર્શ કરે છે ? ઈત્યાદિ પૃચ્છા.

ઉત્તર– હે ગૌતમ ! આ રત્નપ્રભા પૃથ્વીનું અવકાશાન્તર ધર્માસ્તિકાયના સંખ્યાતમા ભાગનો સ્પર્શ કરે છે; અસંખ્યાતમા ભાગ, સંખ્યાત ભાગો, અસંખ્યાત ભાગો તથા સંપૂર્ણ ધર્માસ્તિકાયનો સ્પર્શ કરતું નથી. તે જ રીતે સમસ્ત(સાતે ય) અવકાશાન્તરોના સંબંધમાં જાણવું જોઈએ. જે રીતે રત્નપ્રભા પૃથ્વીના વિષયમાં કહ્યું, તે જ રીતે નીચે સાતમી પૃથ્વી સુધી જાણવું જોઈએ તથા જંબૂદ્વીપ આદિ દ્વીપ, લવણ સમુદ્ર આદિ સમુદ્ર, સૌધર્મ કલ્પથી લઈને ઈષત્ પ્રાગ્ભારા પૃથ્વી, આ સર્વ સ્થાનો ધર્માસ્તિકાયના અસંખ્યાતમા ભાગનો સ્પર્શ કરે છે. શેષ ભાગોની સ્પર્શનાનો નિષેધ કરવો જોઈએ. જે રીતે ધર્માસ્તિકાયની સ્પર્શના કહી છે, તે જ રીતે અધર્માસ્તિકાય અને લોકાકાશાસ્તિકાયની સ્પર્શનાના વિષયમાં પણ કહેવું જોઈએ.

**ગાથાર્થ–** પૃથ્વી, ઘનોદધિ, ઘનવાત, તનુવાત, કલ્પ, ગ્રૈવેયક, અનુત્તર, સિદ્ધિ [ઈષત્ પ્રાગ્ભારા પૃથ્વી] તથા સાત અવકાશાન્તર. આમાંથી અવકાશાન્તર ધર્માસ્તિકાયના સંખ્યાતમા ભાગનો સ્પર્શ કરે છે અને શેષ સર્વ સ્થાનો ધર્માસ્તિકાયના અસંખ્યાતમા ભાગનો સ્પર્શ કરે છે.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રોમાં ધર્માસ્તિકાય આદિ દ્રવ્યોની સ્પર્શના લોકના વિવિધ ભાગોમાં કેટલા પ્રમાણમાં

થાય છે તે વિષયને સ્પષ્ટ કર્યો છે.

સંપૂર્ણ લોક ૧૪ રજ્જુ પરિમાણ છે અને ધર્માસ્તિકાય સંપૂર્ણ લોકમાં વ્યાપ્ત છે. તેથી તે પણ ૧૪ રજ્જૂ પરિમાણ છે.

**અધોલોક :–** સાત રજ્જુથી કંઈક અધિક છે. તેથી તે ધર્માસ્તિકાયના કંઈક અધિક અર્ધ ભાગને સ્પર્શે છે.

**તિર્યગ્લોક :–** તે ૧૮૦૦ યોજન પ્રમાણ છે. તેથી તે ધર્માસ્તિકાયના અસંખ્યાતમા ભાગને સ્પર્શે છે.

**ઉર્ધ્વલોક :–** સાત રજ્જુથી કંઈક ન્યૂન છે, તેથી તે ધર્માસ્તિકાયના કંઈક ન્યૂન અર્ધ ભાગને સ્પર્શે છે.

રત્નપ્રભાદિ પૃથ્વી, ઘનોદધિ, ઘનવાત, તનવાત આદિ સંખ્યાત યોજન પ્રમાણ છે તેથી તે ધર્માસ્તિકાયના અસંખ્યાતમા ભાગને સ્પર્શે છે અને અવકાશાન્તર સર્વત્ર અસંખ્યાત યોજન પ્રમાણ છે, તેથી તે ધર્માસ્તિકાયના સંખ્યાતમા ભાગને સ્પર્શે છે.

અહીં રત્નપ્રભા આદિ પ્રત્યેક પૃથ્વીના વિષયમાં પાંચ પાંચ સૂત્ર થાય છે. [રત્નપ્રભા, તેનો ઘનોદધિ, ઘનવાત, તનુવાત અને અવકાશાન્તર] આ દૃષ્ટિથી સાત પૃથ્વીના ૩૫ સૂત્ર થાય. ૧૨ દેવલોકના વિષયમાં ૧૨ સૂત્ર, નવ ગ્રૈવેયકના વિષયમાં ત્રણત્રિકના ત્રણ સૂત્ર, અનુત્તર વિમાનના વિષયમાં એક અને ઈષત્ પ્રાગ્ભારા પૃથ્વીના વિષયમાં એક સૂત્ર આમ સર્વ મળીને ૩૫ +૧૨ +૩+૧+૧ = ૫૨, સૂત્રો થાય છે. દ્વીપ સમુદ્રોના સ્વતંત્ર સૂત્રોની ગણતરી વ્યાખ્યામાં કરી નથી. મૂળપાઠમાં તે દ્વીપ સમુદ્રોની પૃચ્છાનો પણ નિર્દેશ છે. તેથી તેના પણ સૂત્રો તે રીતે સમજવા. અધર્માસ્તિકાય અને લોકાકાશાસ્તિકાયના વિષયમાં પણ આ રીતે સૂત્રો થાય છે. સૂત્રમાં તેનું અતિદેશ પૂર્વક સંક્ષિપ્ત કથન છે.

**॥ શતક ૨/૧૦ સંપૂર્ણ ॥**

**શતક–૨ સંપૂર્ણ**

# શતક–3

## પરિચય

આ શતકમાં દશ ઉદ્દેશક છે. તેમાં વિવિધ વિષયો છે. તે આ પ્રમાણે છે–

**ઉદ્દેશક–૧ :–** ચમરેન્દ્ર, બલીન્દ્ર, શક્રેન્દ્ર, ઈશાનેન્દ્ર આદિની ૠદ્ધિ અને વૈક્રિયશક્તિ, ઈશાનેન્દ્રના સામાનિક દેવની ૠદ્ધિ, તેનો પૂર્વભવ–કુરુદત્ત અણગાર, ઈશાનેન્દ્રનો પૂર્વભવ–તામલી તાપસનું વિસ્તૃત જીવન, શક્રેન્દ્ર અને ઈશાનેન્દ્રના વિમાનોની ઊંચાઈ, બંને ઈન્દ્રોનો શિષ્ટાચાર, સનતત્કુમારેન્દ્રની યોગ્યતા વગેરે વિષયોનું વર્ણન છે.

**ઉદ્દેશક–૨ :–** અસુરકુમાર દેવોના સ્થાન, તેનું ગમન સામર્થ્ય, ચમરેન્દ્રનું સૌધર્મ દેવલોકમાં ગમન ઉત્પાત, ચમરેન્દ્રનો પૂર્વ ભવ પૂરણ તાપસનું વિસ્તૃત જીવન દર્શન છે.

**ઉદ્દેશક–૩ :–** કાયિકી આદિ પાંચ ક્રિયા, ક્રિયા અને વેદના, જીવની એજનાદિ–કંપનાદિ ક્રિયા, પ્રમત્ત–અપ્રમત્ત સંયતની સ્થિતિ, લવણસમુદ્રમાં ભરતી–ઓટ વગેરે વિષયોનું નિરૂપણ છે.

**ઉદ્દેશક–૪ :–** ભાવિતાત્મા અણગારની વૈક્રિયશક્તિ, વાયુકાયની વૈક્રિયશક્તિ, મેઘનું વિવિધ રૂપે–પરિણમન, ઉત્પન્ન થનારા જીવોની લેશ્યા, અણગારની પર્વત લંઘનની શક્તિ, પ્રમાદી મનુષ્યની વિકુર્વણા વગેરે વિષયોનું કથન છે.

**ઉદ્દેશક–૫ :–** અણગારની વિવિધ પ્રકારની સ્ત્રી આદિ રૂપ બનાવવાની વૈક્રિયશક્તિ અને અણગારના અશ્વાદિ રૂપમાં પ્રવેશ કરવાની આભિયોગિક શક્તિનું કથન છે.

**ઉદ્દેશક–૬ :–** મિથ્યાદષ્ટિ અને સમ્યગ્દષ્ટિની વિકુર્વણા અને ચમરેન્દ્રના આત્મરક્ષક દેવોનું વર્ણન છે.

**ઉદ્દેશક–૭ :–** સોમ, યમ, વરુણ અને વૈશ્રમણ તે ચારે લોકપાલ વિષયક પ્રતિપાદન છે.

**ઉદ્દેશક–૮ :–** ચારે જાતિના દેવોના સર્વ દેવેન્દ્રોના નામનું કથન છે.

**ઉદ્દેશક–૯ :–** પાંચે ઈન્દ્રિયોના વિષયોનું અતિદેશાત્મક વર્ણન છે.

**ઉદ્દેશક–૧૦ :–** ઈન્દ્રોની પરિષદનું અતિદેશાત્મક વર્ણન છે.

❖❖❖❖❖

# શતક–૩ ઉદ્દેશક–૧

## સંક્ષિપ્ત સાર

આ ઉદ્દેશકમાં દેવોની ઋદ્ધિ અને વૈક્રિય શક્તિનું વર્ણન છે. દેવોને મનુષ્યોની અપેક્ષાએ અધિક પુણ્યનો ઉદય હોવાથી તેઓ વિશિષ્ટ ઋદ્ધિના ધારક છે. તેમ જ જન્મજાત વૈક્રિય સામર્થ્ય હોવાથી વિવિધ પ્રકારના વૈક્રિય રૂપો કરી શકે છે. ભવનપતિ આદિ ચારે જાતિના દેવોમાં તેની યોગ્યતા પ્રમાણે ઋદ્ધિ અને વૈક્રિય શક્તિમાં ન્યૂનાધિકતા હોય છે.

★ **અસુરેન્દ્ર–ચમર :–** ૩૪ લાખ ભવનાવાસ, ૬૪,૦૦૦ સામાનિક દેવો, ૩૩ ત્રાયસ્ત્રિંશક દેવ, ચાર લોકપાલ, પાંચ અગ્રમહિષી, ત્રણ પરિષદ, સાત સેના, સાત સેનાધિપતિ, ૨,૫૬,૦૦૦(બે લાખ છપ્પન હજાર) આત્મરક્ષક દેવો પર તેનું આધિપત્ય હોય છે.

ચમરેન્દ્ર પોતાના વૈક્રિયકૃત રૂપોથી સંપૂર્ણ જંબૂદ્વીપને વ્યાપ્ત કરી શકે છે. તે પ્રત્યેક વૈક્રિય રૂપો યુવાન યુવતીના દષ્ટાંતે તેમજ ચક્રની નાભિ સાથે સંલગ્ન આરાના દષ્ટાંતે પૃથક્ પૃથક્ પ્રતીત થાય છે. છતાં તે પ્રત્યેક રૂપ આત્મપ્રદેશોથી સંલગ્ન હોય છે.

સામર્થ્યની અપેક્ષાએ તેઓ અસંખ્ય દ્વીપ સમુદ્રને વ્યાપ્ત કરી શકે છે. પરંતુ કોઈ પણ દેવ પોતાના સંપૂર્ણ સામર્થ્યનો પ્રયોગ કદાપિ કરતા નથી. તેમાં પલ્યોપમની સ્થિતિવાળા દેવો સંખ્યાત દ્વીપ સમુદ્રને અને સાગરોપમની સ્થિતિવાળા દેવો અસંખ્યાત દ્વીપ સમુદ્રને વ્યાપ્ત કરી શકે છે. ચમરેન્દ્રના સામાનિક દેવોની અને ત્રાયસ્ત્રિંશકની ઋદ્ધિ અને વૈક્રિય શક્તિ ઈન્દ્રની સમાન છે.

લોકપાલ દેવની ઋદ્ધિ સામાનિક દેવની સમાન છે અને તે પોતાના વૈક્રિયકૃત રૂપો દ્વારા સંખ્યાત દ્વીપ અને સમુદ્રને વ્યાપ્ત કરવાનું સામર્થ્ય ધરાવે છે.

ચમરેન્દ્રની પાંચ અગ્રમહિષીઓનું આધિપત્ય ૧૦૦૦ સામાનિક દેવીઓ પર અને પોતાની સખી–મહત્તરિકા દેવીઓ પર હોય છે. તેનું વૈક્રિય સામર્થ્ય લોકપાલ દેવોની સમાન છે.

★ **બલીન્દ્ર :–** ૩૦ લાખ ભવનાવાસ, ૬૦,૦૦૦ સામાનિક દેવો અને ૨,૪૦,૦૦૦ (બે લાખ ચાલીસ હજાર) આત્મરક્ષક દેવો પર તેનું આધિપત્ય હોય છે. તે પોતાના વૈક્રિયકૃત રૂપોથી સાધિક જંબૂદ્વીપ જેટલા ક્ષેત્રને વ્યાપ્ત કરી શકે છે, શેષ કથન ચમરેન્દ્રની સમાન છે.

★ **નાગકુમારેન્દ્ર–ધરણેન્દ્ર :–** ૪૪ લાખ ભવનાવાસ, ૬,૦૦૦ સામાનિક દેવો, ૨૪,૦૦૦ આત્મરક્ષક દેવો, ૩૩ ત્રાયસ્ત્રિંશક દેવો, ચાર લોકપાલ અને છ અગ્રમહિષીઓ પર તેનું આધિપત્ય છે. પોતાના

વૈક્રિયકૃત રૂપોથી જંબૂદ્વીપ જેટલા ક્ષેત્રને વ્યાપ્ત કરી શકે છે. સંખ્યાત દ્વીપ સમુદ્રને વ્યાપ્ત કરવાનું તેનું સામર્થ્ય છે. તેના સામાનિક દેવ, ત્રાયસ્ત્રિંશક દેવ, લોકપાલ અને અગ્રમહિષીઓનું સામર્થ્ય પણ ધરણેન્દ્રની સમાન જ છે. નવનિકાયના શેષ ઈન્દ્રોનું કથન પણ ધરણેન્દ્રની સમાન છે.

★ **વ્યંતર–જ્યોતિષી દેવો :–** વ્યંતર અને જ્યોતિષીઓના ઈન્દ્રોનું આધિપત્ય ૪,૦૦૦ સામાનિક દેવ, ૧૬,૦૦૦ આત્મરક્ષક દેવ અને ૪ અગ્રમહિષીઓ પર હોય છે. વ્યંતર અને જ્યોતિષીઓમાં ત્રાયસ્ત્રિંશક અને લોકપાલ જાતિના દેવો નથી. તેઓ સાધિક જંબૂદ્વીપ જેટલા ક્ષેત્રને પોતાના વૈક્રિય કૃત રૂપોથી વ્યાપ્ત કરી શકે છે.

★ **શકેન્દ્ર :–** ૩૨ લાખ વિમાનાવાસ, ૮૪,૦૦૦ સામાનિક દેવો, ૩,૩૬,૦૦૦ (ત્રણ લાખ છત્રીસ હજાર) આત્મરક્ષક દેવો અને આઠ અગ્રમહિષીઓ પર આધિપત્ય ભોગવે છે. તે પોતાના વૈક્રિયકૃત રૂપોથી બે જંબૂદ્વીપ જેટલા ક્ષેત્રને વ્યાપ્ત કરી શકે છે. અસંખ્યાત દ્વીપ સમુદ્રને વ્યાપ્ત કરવાની તેની શક્તિ માત્ર છે.

★ **તિષ્યક અણગાર :–** પ્રભુ મહાવીરના અંતેવાસી શિષ્ય તિષ્યક અણગાર આરાધના પૂર્વક કાલધર્મ પામી શકેન્દ્રના સામાનિક દેવ થયા છે. તેને ૪,૦૦૦ સામાનિક દેવ, ૪ અગ્રમહિષીઓ હોય છે. તેની ઋદ્ધિ ઈન્દ્રની સમાન જ છે.

શકેન્દ્રના ત્રાયસ્ત્રિંશક દેવ, લોકપાલ અને અગ્રમહિષીઓનું કથન ચમરેન્દ્રની સમાન છે. પરંતુ તે વૈક્રિયકૃત રૂપો દ્વારા સંપૂર્ણ બે જંબૂદ્વીપને વ્યાપ્ત કરી શકે છે.

★ **ઈશાનેન્દ્ર :–** ૨૮ લાખ વિમાનાવાસ, ૮૦,૦૦૦ સામાનિક દેવ, ૩,૨૦,૦૦૦ ત્રણ લાખ વીસ હજાર) આત્મરક્ષક દેવો, ૮ અગ્રમહિષી, ૩૩ ત્રાયસ્ત્રિંશક અને ચાર લોકપાલ પર તેનું આધિપત્ય છે. તે સાધિક બે જંબૂદ્વીપને પોતાના વૈક્રિયકૃત રૂપથી વ્યાપ્ત કરી શકે છે.

★ **તામલી તાપસ :–** તામ્રલિપ્તિ નગરીમાં તામલી નામના ગાથાપતિ હતા. જેણે પ્રાણામા પ્રવ્રજ્યા અંગીકાર કરી. ૬૦,૦૦૦ વર્ષની તાપસપયાર્યનું પાલન કરી અંતે ૬૦ દિવસનો સંથારો કરી કાલધર્મ પામ્યા અને ઈશાનેન્દ્ર રૂપે ઉત્પન્ન થયા છે. [વિશેષ માહિતી કથાનકના પ્રારંભે આપેલી છે.]

★ **કુરુદત્તપુત્ર અણગાર :–** પ્રભુ મહાવીરના શિષ્ય કુરુદત્ત પુત્ર અણગાર સંયમ સ્વીકાર કરી, આરાધના પૂર્વક કાલધર્મ પામી, ઈશાનેન્દ્રના સામાનિક દેવ બન્યા છે. તેની ઋદ્ધિ વગેરે ઈન્દ્રની સમાન છે.

★ **સનત્કુમારેન્દ્ર :–** ૧૨ લાખ વિમાનાવાસ, ૭૨,૦૦૦ સામાનિક દેવો અને ૨,૮૮,૦૦૦ (બે લાખ અઠયાસી હજાર) આત્મરક્ષક દેવો પર આધિપત્ય ભોગવે છે. તે પોતાની વૈક્રિય શક્તિથી ચાર જંબૂદ્વીપ જેટલા ક્ષેત્રને વ્યાપ્ત કરી શકે છે.

★ **માહેન્દ્ર :–** આઠ લાખ વિમાનાવાસ, ૭૦,૦૦૦ સામાનિક દેવો અને ૨,૮૦,૦૦૦ (બે લાખ એંશી હજાર) આત્મરક્ષક દેવો પર આધિપત્ય ભોગવે છે. તે વૈક્રિયકૃત રૂપો દ્વારા સાધિક ચાર જંબૂદ્વીપ જેટલા

ક્ષેત્રને વ્યાપ્ત કરી શકે છે.

★ **બ્રહ્મલોકેન્દ્ર :–** ચાર લાખ વિમાનાવાસ, ૬૦,૦૦૦ સામાનિક દેવો અને ૨,૪૦,૦૦૦ (બે લાખ ચાલીસ હજાર) આત્મરક્ષક દેવો પર આધિપત્ય ભોગવે છે. તે વૈક્રિયકૃત રૂપો દ્વારા આઠ જંબૂદ્વીપ જેટલા ક્ષેત્રને વ્યાપ્ત કરી શકે છે.

★ **લાન્તકેન્દ્ર :–** ૫૦,૦૦૦ વિમાનાવાસ, ૫૦,૦૦૦ સામાનિક દેવો અને ૨,૦૦,૦૦૦ (બે લાખ) આત્મરક્ષક દેવો પર આધિપત્ય ભોગવે છે. તે સાધિક આઠ જંબૂદ્વીપ જેટલા ક્ષેત્રને વૈક્રિયકૃત રૂપો દ્વારા ભરી શકે છે.

★ **મહાશુક્રેન્દ્ર :–** ૪૦,૦૦૦ વિમાનાવાસ, ૪૦,૦૦૦ સામાનિક દેવો અને ૧,૬૦,૦૦૦ (એક લાખ સાંઈઠ હજાર) આત્મરક્ષક દેવો પર આધિપત્ય ભોગવે છે. તે સોળ જંબૂદ્વીપ જેટલા ક્ષેત્રને વૈક્રિયકૃત રૂપો દ્વારા ભરી શકે છે.

★ **સહસ્રારેન્દ્ર :–** ૩૦,૦૦૦ વિમાનાવાસ, ૩૦,૦૦૦ સામાનિક દેવો અને ૧,૨૦,૦૦૦ (એક લાખ વીસ હજાર) આત્મરક્ષક દેવો પર આધિપત્ય ભોગવે છે. તે સાધિક સોળ જંબૂદ્વીપ જેટલા ક્ષેત્રને વૈક્રિયકૃત રૂપ દ્વારા ભરી શકે છે.

★ **પ્રાણતેન્દ્ર :–** ૪૦૦ વિમાનાવાસ, ૨૦,૦૦૦ સામાનિક દેવો અને ૮૦,૦૦૦ આત્મરક્ષક દેવો પર આધિપત્ય ભોગવે છે. તે બત્રીસ જંબૂદ્વીપ જેટલા ક્ષેત્રોને વૈક્રિયકૃત રૂપ દ્વારા વ્યાપ્ત કરી શકે છે.

★ **અચ્યુતેન્દ્ર :–** ૩૦૦ વિમાનાવાસ, ૧૦,૦૦૦ સામાનિક દેવો અને ૪૦,૦૦૦ આત્મરક્ષક દેવો પર આધિપત્ય ભોગવે છે. તે સાધિક બત્રીસ જંબૂદ્વીપ જેટલા ક્ષેત્રને વૈક્રિયકૃત રૂપ દ્વારા વ્યાપ્ત કરી શકે છે.

પ્રત્યેક ઈન્દ્રના સામાનિક દેવ અને ત્રાયસ્ત્રિંશક દેવોની વૈક્રિયશક્તિ ઈન્દ્રની સમાન જ છે. અગ્રમહિષી અને લોકપાલની શક્તિ બે જંબૂદ્વીપ જેટલા ક્ષેત્રને વ્યાપ્ત કરવાની છે.

આ રીતે જોતાં સ્પષ્ટ થાય છે કે ઉપર ઉપરના દેવલોકના ઈન્દ્રોની વૈક્રિયશક્તિ, આત્મસામર્થ્ય ક્રમશઃ વધતું જાય છે અને વિમાનાવાસ આદિ બાહ્ય ઋદ્ધિ ઘટતી જાય છે.

શકેન્દ્રના વિમાનથી ઈશાનેન્દ્રના વિમાન કંઈક ઊંચા છે, જેમ હથેળીનો કેટલોક ભાગ ઊંચો અને કેટલોક ભાગ કંઈક નીચો પ્રતીત થાય છે, તે જ રીતે સમભૂમિ પર હોવા છતાં બંનેના વિમાનમાં કંઈક તરતમતા છે.

★ **બે ઈન્દ્રનો શિષ્ટાચાર :–** શક્રેન્દ્ર કરતાં ઈશાનેન્દ્ર મોટા છે. તે બંને વચ્ચે મિત્ર જેવો વ્યવહાર હોય છે. તેથી પરસ્પર એકબીજાના સ્થાનમાં ગમનાગમન, આલાપ–સંલાપ કરી શકે છે. કોઈ પ્રયોજન હોય ત્યારે "હે દક્ષિણાર્ધ લોકાધિપતિ દેવેન્દ્ર દેવરાજ શક્ર !" અથવા "હે ઉત્તરાર્દ્ધ લોકાધિપતિ દેવેન્દ્ર દેવરાજ

ઈશાન ! આ પ્રકારનું સંબોધન કરીને જાય છે. કર્માધીન બંને ઈન્દ્રો વચ્ચે ક્યારેક વિવાદ પણ થાય છે. ત્યારે સનત્કુમારેન્દ્રનું મનથી સ્મરણ કરે. તે ઈન્દ્ર આવીને વિવાદનું સમાધાન કરે છે. તે બંને સ્વીકારે છે.

★ **સનત્કુમારેન્દ્ર :–** આ ત્રીજા દેવલોકના ઈન્દ્ર છે તે ભવ્ય, સમ્યગ્ દૃષ્ટિ, પરિત્ત સંસારી, સુલભબોધિ અને એકાવતારી છે અને તે સાત સાગરોપમની સ્થિતિ પૂર્ણ કરી, મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ ધારણ કરીને સિદ્ધ થશે. તેણે પૂર્વભવમાં ચતુર્વિધ સંઘની કલ્યાણ કામના કરીને તથા પ્રકારની યોગ્યતા પ્રાપ્ત કરી છે.

આ રીતે દેવની ૠદ્ધિ અને વૈક્રિયશક્તિ વિષયક પ્રશ્નોત્તર 'મોકા' નગરીમાં થયા હતા.

❖❖❖❖❖

# શતક–૩ : ઉદ્દેશક–૧

## વિકુર્વણા

**દસ ઉદ્દેશકના નામ :–**

**१ केरिसी विउव्वणा चमर, किरिय जाणित्थि णगरपाला य ।**
**अहिवइ इंदिय परिसा, तइयम्मि सए दस उद्देसा ॥**

**ભાવાર્થ :–**ત્રીજા શતકમાં દશ ઉદ્દેશક છે, તેના નામ ક્રમશઃ આ પ્રમાણે છે– (૧) વિકુર્વણા (૨) ચમર (૩) ક્રિયા (૪) યાન (૫) અણગારન દ્વારા સ્ત્રીરૂપ વિકુર્વણા (૬) નગર (૭) લોકપાલ (૮) અધિપતિ (૯) ઈન્દ્રિય (૧૦) પરિષદ.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથામાં આ શતકના દસ ઉદ્દેશકના નામ છે. જેનું કથન તેનાં આદ્ય અથવા મુખ્ય વિષયના આધારે થયું છે.

(૧) **विउवण्णा :–** પ્રથમ ઉદ્દેશકમાં દેવોની ઋદ્ધિ અને વૈક્રિય સામર્થ્યનું વર્ણન હોવાથી તેનું નામ 'વિકુવર્ણા' છે.

(૨) **चमर :–** બીજા ઉદ્દેશકમાં ચમરેન્દ્રનું વિસ્તૃત વર્ણન હોવાથી તેનું નામ 'ચમર' છે.

(૩) **किरिय :–** ત્રીજા ઉદ્દેશકમાં ક્રિયાના ભેદ–પ્રભેદનું પ્રતિપાદન હોવાથી તેનું નામ ક્રિયા' છે.

(૪) **यान :–** ચોથા ઉદ્દેશકનો આદ્ય વિષય યાનમાં રહેલા દેવને જાણે છે વગેરે હોવાથી તેનું નામ 'યાન' છે.

(૫) **इत्थि :–** પાંચમા ઉદ્દેશકના પ્રારંભમાં અણગાર દ્વારા 'સ્ત્રી' આદિ રૂપ બનાવવાની વૈક્રિય શક્તિનું પ્રતિપાદન હોવાથી તેનું નામ 'સ્ત્રી' છે.

(૬) **णगर :–** છટ્ઠા ઉદ્દેશકમાં સમ્યગ્દષ્ટિ અને મિથ્યાદષ્ટિ દ્વારા નગરીની વિકુર્વણાનું અને તત્સંબંધી જ્ઞાનનું નિરૂપણ હોવાથી તેનું નામ 'નગર' છે.

(૭) **लोगपाल** :– સાતમા ઉદ્દેશકમાં શકેન્દ્રના ચાર લોકપાલ–નગરપાલ સંબંધી વર્ણન હોવાથી તેનું નામ 'લોકપાલ' છે.

(૮) **अहिवइ** :– આઠમા ઉદ્દેશકમાં દેવોના અધિપતિ દેવોનું કથન હોવાથી તેનું નામ 'અધિપતિ' છે.

(૯) **इंदिय** :– નવમા ઉદ્દેશકમાં જીવાભિગમ સૂત્રના અતિદેશ પૂર્વક પાંચ ઈન્દ્રિયના વિષયોનું પ્રતિપાદન હોવાથી તેનું નામ 'ઈન્દ્રિય' છે.

(૧૦) **परिसा** :– દશમા ઉદ્દેશકમાં ઈન્દ્રોની પરિષદનું નિરૂપણ હોવાથી તેનું નામ 'પરિષદ' છે.

### ઉપોદ્‌ઘાત–વિષય પ્રારંભ :–

**२ तेणं कालेणं तेणं समएणं मोया णामं णयरी होत्था, वण्णओ । तीसे णं मोयाए णयरीए बहिया उत्तरपुरत्थिमे दिसिभागे णंदणे णामं चेइए होत्था, वण्णओ। तेणं कालेणं तेणं समएणं सामी समोसढे । परिसा णिग्गच्छइ । पडिगया परिसा।**

**ભાવાર્થ** :– તે કાલે, તે સમયે 'મોકા' નામની નગરી હતી. તે નગરીની બહાર ઉત્તર પૂર્વ દિશાભાગમાં– ઈશાનકોણમાં નંદન નામનું ઉદ્યાન હતું. તે કાલે, તે સમયે શ્રમણ ભગવાન મહાવીર સ્વામી ત્યાં પધાર્યા. પ્રભુનું આગમન સાંભળીને પરિષદ દર્શનાર્થે નીકળી. પ્રભુનો ધર્મોપદેશ સાંભળીને પરિષદ પાછી ગઈ. નગર તથા ઉદ્યાનનું વર્ણન ઉવવાઈ સૂત્રાનુસાર જાણવું.

### ચમરેન્દ્રની ઋદ્ધિ અને વૈક્રિયશક્તિ :–

**३ तेणं कालेणं तेणं समएणं समणस्स भगवओ महावीरस्स दोच्चे अंतेवासी अग्गिभूई णामं अणगारे गोयमगोत्तेणं सत्तुस्सेहे,** *जाव* **पज्जुवासमाणे एवं वयासी– चमरे णं भंते ! असुरिंदे असुरराया के महिड्ढीए, के महज्जुईए, के महाबले, के महायसे, के महासोक्खे, के महाणुभागे, केवइयं च णं पभू विउव्वित्तए ?**

**गोयमा ! चमरे णं असुरिंदे असुरराया महिड्ढीए** *जाव* **महाणुभागे । से णं तत्थ चउत्तीसाए भवणावाससयसहस्साणं, चउसट्ठीए सामाणियसाहस्सीणं, तायत्तीसाए तायत्तीसगाणं** *जाव* **विहरइ । एमहिड्ढीए** *जाव* **एमहाणुभागे । एवइयं च णं पभू विउव्वित्तए, से जहा णामए जुवइं जुवाणे हत्थेणं हत्थे गेण्हेज्जा, चक्कस्स वा णाभी अरगाउत्ता सिआ, एवामेव गोयमा ! चमरे असुरिंदे असुरराया वेउव्विय– समुग्घाएणं समोहण्णइ, समोहणित्ता संखेज्जाइं जोयणाइं दंडं णिस्सरइ,**

**तंजहा– रयणाणं *जाव* रिट्ठाणं अहाबायरे पोग्गले परिसाडेइ, परिसाडेत्ता अहासुहुमे पोग्गले परियाएइ परियाइत्ता दोच्चं पि वेउव्वियसमुग्घाएणं समोहण्णइ समोहणित्ता पभू णं गोयमा ! चमरे असुरिंदे, असुरराया केवलकप्पं जंबूदीवं दीवं बहूहिं असुरकुमारेहिं देवेहिं य देवीहिं य आइण्णं विइकिण्णं उवत्थडं संथडं फुडं अवगाढावगाढं करेत्तए; अदुत्तरं णं गोयमा ! पभू चमरे असुरिंदे असुरराया तिरियमसंखेज्जे दीवसमुद्दे बहूहिं असुरकुमारेहिं देवेहिं, देवीहि य आइण्णे, विइकिण्णे उवत्थडे संथडे फुडे अवगाढावगाढे करेत्तए । एस णं गोयमा ! चमरस्स असुरिंदस्स असुररण्णो अयमेयारूवे विसए, विसयमेत्ते बुइए, णो चेव णं संपत्तीए विउव्विसु वा, विउव्वइ वा, विउव्विस्सइ वा ।**

**શબ્દાર્થ :–साणं साणं** = પોત–પોતાના, **चक्कस्स वा णाभि आरगाउत्ता सिआ** = ચક્રની નાભિમાં આરા સંલગ્ન હોય તે રીતે, **णिस्सरइ** = કાઢે છે, **परिसाडेइ** = ખંખેરે છે, **परियाएइ** = ગ્રહણ કરે છે, **केवलकप्पं** = પરિપૂર્ણ, **अदुत्तरं** = ત્યાર પછી, **संपत्तीए** = સંપ્રાપ્તિ, ક્રિયા રૂપે, **आइण्णे** = આકીર્ણ, **विइकिण्णं** = વિશેષ રૂપે વ્યાપ્ત, **उवत्थडं** = ઉપસ્તીર્ણ–આસપાસ ફેલાયેલું, **संथडं** = સંસ્તીર્ણ–સમ્યક્ પ્રકારે ફેલાયેલું, **फुडं** = સ્પૃષ્ટ, **अवगाढावगाढं** = અત્યંત નક્કર, દઢતા પૂર્વક જકડાયેલા.

**ભાવાર્થ :–** પ્રશ્ન– તે કાલે, તે સમયે શ્રમણ ભગવાન મહાવીરસ્વામીના દ્વિતીય અંતેવાસી, ગૌતમ ગોત્રીય, સાત હાથ ઊંચા વગેરે વિશેષણો યુક્ત અગ્નિભૂતિ અણગારે, [ગણધરે] પર્યુપાસના કરતા આ પ્રમાણે કહ્યું–

હે ભગવન્ ! અસુરેન્દ્ર અસુરરાજ ચમર કેવા મહાઋદ્ધિ સંપન્ન છે ? કેવા મહાકાંતિ યુક્ત છે ? કેવા બલસંપન્ન છે ? કેવા કીર્તિ સંપન્ન છે ? કેવા મહાન સુખ સંપન્ન છે ? કેવા મહાન પ્રભાવ સંપન્ન છે ? તે કેટલી વિકુર્વણા કરી શકે છે ?

ઉત્તર– હે ગૌતમ ! અસુરેન્દ્ર અસુરરાજ ચમર મહાઋદ્ધિ, મહાપ્રભાવ વગેરેથી સંપન્ન છે. તે ૩૪ લાખ ભવનાવાસ, ૬૪,૦૦૦ સામાનિક દેવ અને ૩૩ ત્રાયસ્ત્રિંશક દેવ પર આધિપત્ય કરતા વિચરે છે, આ પ્રકારે ચમર મહાઋદ્ધિ તેમજ મહાપ્રભાવ આદિથી સંપન્ન છે. તેની વૈક્રિયશક્તિ આ પ્રમાણે છે– હે ગૌતમ ! જે રીતે કોઈ યુવા પુરુષ પોતાના હાથથી યુવતી સ્ત્રીનો હાથ દઢતાપૂર્વક પકડી રાખે છે અથવા જે રીતે ગાડીના પૈડાની ધુરી તેના આરા સાથે સંલગ્ન અને સુસમ્બદ્ધ હોય છે, તે જ રીતે અસુરેન્દ્ર અસુરરાજ ચમર વૈક્રિય સમુદ્ઘાત દ્વારા સમવહત થઈને, આત્મ પ્રદેશો બહાર કાઢી, સંખ્યાત યોજનનો લાંબો દંડ બનાવે છે. ત્યાર પછી સોળ પ્રકારના રિષ્ટ આદિ રત્નોના સ્થૂલ પુદ્ગલોને ખંખેરી નાંખે છે અને સૂક્ષ્મ પુદ્ગલોને ગ્રહણ કરે છે. પછી બીજીવાર વૈક્રિય સમુદ્ઘાતથી સમવહત થાય છે. [આ પ્રકારની પ્રક્રિયાથી] હે ગૌતમ ! તે અસુરેન્દ્ર અસુરરાજ ચમર ઉપરોકત બે દષ્ટાંતોની જેમ [સ્વશરીર પ્રતિબદ્ધ અનેક વૈક્રિય

રૂપ] અસુરકુમાર દેવ અને દેવીઓ દ્વારા જંબૂદ્વીપ નામના દ્વીપને પરિપૂર્ણ, આકીર્ણ–વ્યાપ્ત, વ્યતિકીર્ણ, ઉપસ્તીર્ણ, સંસ્તીર્ણ, સ્પૃષ્ટ અને ગાઢાવગાઢ કરવામાં સમર્થ છે. [ઠસોઠસ ભરી શકે છે] હે ગૌતમ ! તે ઉપરાંત તે અસુરેન્દ્ર અસુરરાજ ચમર, અનેક અસુરકુમાર દેવ–દેવીઓ દ્વારા આ તિર્યગ્લોકમાં પણ અસંખ્યાત દ્વીપ–સમુદ્ર સુધીના સ્થળને આકીર્ણ, વ્યતિકીર્ણ, ઉપસ્તીર્ણ, સંસ્તીર્ણ, સ્પૃષ્ટ અને ગાઢાવગાઢ કરી શકે છે અર્થાત્ ચમરેન્દ્ર પોતાની વૈક્રિયશક્તિથી અસંખ્ય દ્વીપ–સમુદ્રોને ભરી શકે છે, તેટલા રૂપોની વિકુર્વણા કરી શકે છે. હે ગૌતમ ! અસુરેન્દ્ર અસુરરાજ ચમરની આ પ્રકારની શક્તિ છે, વિષય છે, વિષય માત્ર છે, પરંતુ ચમરેન્દ્રે સમ્પ્રાપ્તિથી–ક્રિયા રૂપે આટલા રૂપોની વિર્કુવણા કરી નથી, કરતા નથી અને કરશે પણ નહીં.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રમાં ચમરેન્દ્રની ઋદ્ધિ અને વૈક્રિયશક્તિનું દર્શન કરાવ્યું છે.

**ચમરેન્દ્રની ઋદ્ધિ :–** તેના ૩૪ લાખ ભવનાવાસ, ૬૪,૦૦૦ સામાનિક દેવો અને ૩૩ ત્રાયસ્ત્રિંશક દેવો છે.

ત્યાર પછી મૂળપાઠમાં '**जाव**' શબ્દપ્રયોગ છે. તેનાથી આ પ્રમાણેની ઋદ્ધિનું ગ્રહણ થાય છે– ચાર લોકપાલ, પરિવાર સહિત પાંચ અગ્રમહિષી–પટ્ટરાણી, ત્રણ પરિષદ, સાત સેના, સાત સેનાધિપતિ, ૨,૫૬,૦૦૦ (બે લાખ છપ્પન હજાર)આત્મરક્ષક દેવો, આ સર્વ પર ચમરેન્દ્રનું આધિપત્ય છે.

**દેવોના ૧૦ પ્રકાર :–** દેવોમાં પદ, પ્રતિષ્ઠા, સત્તા આદિની અપેક્ષાએ તરતમતા હોય છે. તેથી તેના દસ પ્રકાર છે.

(૧) **ઈન્દ્ર :–** સામાનિક આદિ સર્વ પ્રકારના દેવોના સ્વામી ઈન્દ્ર કહેવાય છે. તે અન્ય દેવોથી વિશિષ્ટ શક્તિ સંપન્ન તેમ જ અણિમાદિ લબ્ધિથી સુશોભિત હોય છે.

(૨) **સામાનિક :–** આજ્ઞા અને ઐશ્વર્ય સિવાય આયુષ્ય, બલ, વીર્ય, પરિવાર, ભોગ–ઉપભોગની સામગ્રીમાં ઈન્દ્રની સમાન હોય, તેને સામાનિક દેવ કહે છે.

(૩) **ત્રાયસ્ત્રિંશ :–** જે દેવ મંત્રી અને પુરોહિતનું કાર્ય કરે છે, તેને ત્રાયસ્ત્રિંશ કહે છે. તેની સંખ્યા ૩૩ જ હોય છે.

(૪) **પારિષદ્ય (પરિષદ):–** ઈન્દ્રના મિત્ર સમાન હોય તેને પારિષદ્ય દેવ કહે છે.

(૫) **આત્મરક્ષક :–** ઈન્દ્રના અંગરક્ષક દેવોને આત્મરક્ષક કહે છે. ઈન્દ્રને કોઈ પણ પ્રકારના અનિષ્ટની શક્યતા નથી, તેમ છતાં કર્તવ્યપાલન કરવા આત્મરક્ષક દેવો હંમેશાં શસ્ત્રસજ્જ બનીને ઈન્દ્રની ચારે તરફ ઊભા રહે છે.

(૬) **લોકપાલ :–** સીમાની રક્ષા કરે તેને લોકપાલ કહે છે.

(૭) **અનીક :–** સૈનિકનું કામ કરે તેને અનીક અને જે સેનાપતિનું કામ કરે તેને અનીકાધિપતિ કહે છે.

(૮) **પ્રકીર્ણક :–** જે દેવ નગરજનોની સમાન હોય તેને પ્રકીર્ણક કહે છે.

(૯) **આભિયોગિક :–** જે દેવ દાસની સમાન હોય તેને આભિયોગિક કહે છે.

(૧૦) **કિલ્વિષી :–** જે દેવ ચાંડાલની સમાન હોય તેને કિલ્વિષી કહે છે.

વ્યંતર અને જ્યોતિષી દેવોમાં લોકપાલ અને ત્રાયસ્ત્રિંશક જાતિના દેવ હોતા નથી. શેષ આઠ પ્રકાર જ હોય છે. વૈમાનિકમાં બાર દેવલોક સુધી આ દશ ભેદ હોય છે. તે પછી સર્વ દેવ અહમિંદ્ર છે.

**ચમરેન્દ્રની વૈક્રિય શક્તિ :–** તે પોતાના[સ્વશરીર પ્રતિબદ્ધ] વૈક્રિયકૃત રૂપો દ્વારા સંપૂર્ણ જંબૂદ્વીપને વ્યાપ્ત કરી શકે છે. તેમજ અસંખ્ય દ્વીપ–સમુદ્ર સુધીના ક્ષેત્રોને વ્યાપ્ત કરવાનું તેનું સામર્થ્ય છે.

**વિક્રિયા–વૈક્રિય શક્તિ :–** જે શક્તિથી એક–અનેક, દશ્ય, અદશ્ય આદિ અનેક રૂપો બનાવી શકાય, તેવી વિવિધ પ્રકારની ક્રિયાને વિક્રિયા અથવા વૈક્રિય શક્તિ કહે છે. નારકી, દેવ, વૈક્રિયલબ્ધિ સંપન્ન મનુષ્યો, તિર્યંચ પંચેન્દ્રિય અને વાયુકાયને આ પ્રકારની લબ્ધિ હોય છે.

**વિકુર્વણા કરવાની પદ્ધતિ :–** ચમરેન્દ્ર ઉત્તર વૈક્રિય શરીર બનાવવા વૈક્રિય સમુદ્ઘાત કરી, આત્મપ્રદેશોને બહાર કાઢી, સંખ્યાત યોજનનો દંડ બનાવે છે. તે દંડ જાડાઈમાં શરીર પરિમાણ અને લંબાઈમાં સંખ્યાત યોજનનો હોય છે. તે કર્કેતન, રિષ્ટ આદિ રત્નોના સ્થૂલ પુદ્ગલો ખંખેરીને, સૂક્ષ્મ અને સારભૂત પુદ્ગલોને ગ્રહણ કરીને, તેમાંથી અસુરકુમાર દેવ–દેવીઓના અનેક રૂપોની વિકુર્વણા કરે છે.

પ્રસ્તુત સૂત્રના મૂળપાઠમાં **रयणाणं जाव रिट्ठाणं अहाबायरे पोग्गले परिसाडेइ** પાઠ છે. ***યાવત્*** શબ્દથી વજ્ર, વૈડુર્ય આદિ અનેક રત્નોના નામનું ગ્રહણ થાય છે. અહીં 'રત્નના પુદ્ગલો' શબ્દથી "રત્ન સમાન સારયુક્ત પુદ્ગલ ગ્રહણ કરે" તેમ અર્થ થાય છે. રત્નોના પુદ્ગલો ઔદારિક શરીરના છે. વૈક્રિય શરીર બનાવવા વૈક્રિય સમુદ્ઘાત દ્વારા વૈક્રિય પુદ્ગલની જ આવશ્યકતા રહે, માટે રત્ન જેવા સારભૂત પુદ્ગલો ગ્રહણ કરે, તેવો અર્થ થાય છે. કેટલાક આચાર્યોના અભિપ્રાયે વૈક્રિય સમુદ્ઘાત દ્વારા ઔદારિક પુદ્ગલોનું ગ્રહણ થાય તેમ છતાં વૈક્રિય સામર્થ્યથી તે વૈક્રિય રૂપે પરિણમન પામે છે.

**અનેક રૂપોની સંલગ્નતા માટે દષ્ટાંત :–** સૂત્રકારે બે દષ્ટાંતના માધ્યમે વિષયને સ્પષ્ટ કર્યો છે. જેમ કોઈ યુવાન પુરુષ યુવતીનો હાથ પકડી તેને બાહુપાશમાં લેવા સમર્થ છે, ચક્રની નાભિ આરાઓને જકડી રાખવામાં સમર્થ છે, તેમ ચમરેન્દ્ર વૈક્રિય શક્તિથી અનેક રૂપો બનાવી, તેના દ્વારા જબૂંદ્વીપને ભરવા સમર્થ છે.

વિકુર્વણા કરી બનાવેલા અનેક રૂપો મૂળરૂપ સાથે સંલગ્ન રહે છે, જેમ યુવાન યુવતી સાથે અને આરા નાભિ સાથે જોડાયેલ હોય તેમ વૈક્રિય શક્તિ દ્વારા બનાવેલ આ વિવિધરૂપો મૂળરૂપ સાથે જોડાયેલ રહે છે; તેનાથી પૃથક્ અસ્તિત્વ ધરાવી શકતા નથી. પૃથક્ દેખાતા તે વિવિધ રૂપો વાસ્તવમાં આત્મપ્રદેશોથી

સંલગ્ન હોય છે.

**વૈક્રિય શક્તિ પ્રયોગ રહિત :–** અહીં ચમરેન્દ્રની અસંખ્ય દ્વીપ સમુદ્ર ભરવાની વૈક્રિય શક્તિનું કથન કર્યું છે, તે કેવળ શક્તિ માત્ર છે, વિષયમાત્ર છે. તે શક્તિનો પ્રયોગ ત્રિકાલમાં થતો નથી.

## સામાનિક દેવોની ઋદ્ધિ અને વૈક્રિય શક્તિ :–

**૪ जइ णं भंते ! चमरे असुरिंदे असुररायाा एमहिड्ढीए *जाव* एवइयं च णं पभू विउव्वित्तए, चमरस्स णं भंते ! असुरिंदस्स असुररण्णो, सामाणिया देवा के एमहिड्ढीया *जाव* केवइयं च णं पभू विउव्वित्तए ?**

**गोयमा ! चमरस्स असुरिंदस्स, असुररण्णो सामाणिया देवा महिड्ढीया *जाव* महाणुभागा । ते णं तत्थ साणं साणं भवणाणं, साणं साणं सामाणियाणं, साणं साणं अग्गमहिसीणं, *जाव* दिव्वाइं भोगभोगाइं भुंजमाणा विहरंति, एमहिड्ढीया *जाव* एवइयं च णं पभू विउव्वित्तए । से जहाणामए जुवइं जुवाणे हत्थेणं हत्थे गेण्हेज्जा, चक्कस्स वा णाभी अरगाउत्ता सिया, एवामेव गोयमा ! चमरस्स असुरिंदस्स, असुररण्णो एगमेगे सामाणियदेवे वेउव्विय समुग्घाएणं समोहण्णइ, समोहणित्ता *जाव* दोच्चं पि वेउव्वियसमुग्घाएणं समोहणइ, समोहणित्ता पभू णं गोयमा ! चमरस्स असुरिंदस्स असुररण्णो एगमेगे सामाणियदेवे केवलकप्पं जंबूदीवं दीवं बहूहिं असुरकुमारेहिं देवेहिं देवीहि य आइण्णं, विइकिण्णं, उवत्थडं, संथडं, फुडं अवगाढावगाढं करेत्तए । अदुत्तरं च णं गोयमा ! पभू चमरस्स असुरिंदस्स असुररण्णो एगमेगे सामाणिय देवे तिरियमसंखेज्जे दीवसमुद्दे बहूहिं असुरकुमारेहिं देवेहिं, देवीहि य आइण्णे, विइकिण्णे, उवत्थडे, संथडे, फुडे, अवगाढावगाढे करेत्तए, एस णं गोयमा ! चमरस्स असुरिंदस्स, असुररण्णो एगमेगस्स सामाणियदेवस्स अयमेयारूवे विसए, विसयमेत्ते बुइए, णो चेव णं सपंत्तीए विउव्विंसु वा, विउव्वइ वा, विउव्विस्सइ वा ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! અસુરેન્દ્ર અસુરરાજ ચમર આ પ્રકારે મહાઋદ્ધિસંપન્ન છે, આ પ્રકારે વિકુર્વણા કરી શકે છે, તો હે ભગવન્ ! અસુરેન્દ્ર અસુરરાજ ચમરના સામાનિક દેવોની મહાઋદ્ધિ આદિ કેવા છે ? તેની વિકુર્વણા શક્તિ કેટલી છે ?

ઉત્તર– હે ગૌતમ ! અસુરેન્દ્ર અસુરરાજ ચમરના સામાનિક દેવ આ પ્રકારે મહાઋદ્ધિ, મહાપ્રભાવ

આદિથી સંપન્ન છે. તે પોતાના ભવનો, સામાનિક દેવો અને પોતાની અગ્રમહિષીઓ–પટ્ટરાણીઓ પર આધિપત્ય કરતા, દિવ્ય ભોગ ભોગવતા વિચરે છે. તેઓ આ પ્રકારની મહાઋદ્ધિ સંપન્ન છે. તેઓની વૈક્રિયશક્તિ આ પ્રમાણે છે– હે ગૌતમ ! અસુરેન્દ્ર અસુરરાજ ચમરના સામાનિક દેવ, વિકુર્વણા કરવા માટે વૈક્રિય સમુદ્‌ઘાતથી સમવહત થાય છે. હે ગૌતમ ! જે રીતે કોઈ યુવા પુરુષ, યુવતીના હાથને દઢતાથી પકડે અને બંને સંલગ્ન પ્રતીત થાય અથવા ગાડાના પૈડાની ધુરીમાં આરા સંલગ્ન, સુસંબદ્ધ હોય, એ રીતે અસુરેન્દ્ર અસુરરાજ ચમરના સામાનિક દેવ, વૈક્રિયશક્તિ દ્વારા અનેક અસુરકુમાર દેવો તથા દેવીઓ બનાવી, આ જંબૂદ્વીપને સંપૂર્ણ આકીર્ણ, વ્યતિકીર્ણ, ઉપસ્તીર્ણ, સંસ્તીર્ણ, સ્પૃષ્ટ અને ગાઢાવગાઢ કરી શકે છે અર્થાત્ ઠસોઠસ ભરી શકે છે.

તે ઉપરાંત હે ગૌતમ ! અસુરેન્દ્ર અસુરરાજ ચમરના સામાનિક દેવો, સમુદ્‌ઘાત કરીને અનેક અસુરકુમાર દેવ–દેવીઓના રૂપો દ્વારા આ તિર્ચ્છા લોકના અસંખ્ય દ્વીપ–સમુદ્રો સુધીના ક્ષેત્રને આકીર્ણ, વ્યતિકીર્ણ, ઉપસ્તીર્ણ, સંસ્તીર્ણ, સ્પૃષ્ટ અને ગાઢાવગાઢ કરી શકે છે, હે ગૌતમ ! અસુરેન્દ્ર અસુરરાજ ચમરના સામાનિક દેવોની આ પ્રકારની શક્તિ છે, વિષય છે, વિષયમાત્ર છે, પરંતુ સંપ્રાપ્તિ દ્વારા દેવોએ તે પ્રમાણે કર્યું નથી, કરતા નથી અને કરશે પણ નહીં. [આ રીતે ચમરેન્દ્ર અને તેના સામાનિક દેવોનું વૈક્રિય સામર્થ્ય સમાન જ છે.]

## ત્રાયસ્ત્રિંશક અને લોકપાલ દેવોની ઋદ્ધિ :-

**૫ जइ णं भंते ! चमरस्स असुरिंदस्स, असुररण्णो सामाणियदेवा एमहिड्ढीया *जाव* एवइयं च णं पभू विउव्वित्तए, चमरस्स णं भंते ! असुरिंदस्स असुररण्णो तायत्तीसया देवा के महिड्ढीया ?**

**तायत्तीसया देवा जहा सामाणिया तहा णेयव्वा । लोयपाला तहेव, णवरं संखेज्जा दीव-समुद्दा भाणियव्वा ।**

**ભાવાર્થ** :– પ્રશ્ન– હે ભગવન્ ! અસુરેન્દ્ર અસુરરાજ ચમરના સામાનિક દેવ આ પ્રકારે મહાઋદ્ધિ સંપન્ન છે આ પ્રકારની વિકુર્વણા કરવામાં સમર્થ છે, તો હે ભગવન્ ! અસુરેન્દ્ર અસુરરાજ ચમરના ત્રાયસ્ત્રિંશક દેવ કેવા મહાઋદ્ધિ સંપન્ન છે ?

ઉત્તર– હે ગૌતમ ! જે રીતે સામાનિક દેવોનું કથન કર્યું છે, તે જ રીતે ત્રાયસ્ત્રિંશક દેવોનું કથન કરવું જોઈએ. લોકપાલ દેવોનું પણ તે જ રીતે કથન કરવું જોઈએ. તેમાં વિશેષતા એ છે કે પોતાના વૈક્રિયકૃત અસુરકુમાર દેવ–દેવીઓના રૂપોથી તે સંખ્યાત દ્વીપ–સમુદ્રોને ભરી શકે છે. આ તેનો વિષય માત્ર છે. તેઓએ ક્યારે ય આ પ્રકારની વિકુર્વણા કરી નથી, કરતા નથી અને કરશે પણ નહીં.

## અગ્રમહિષીઓની ઋદ્ધિ અને વૈક્રિય શક્તિ :-

**૬ जइ णं भंते ! चमरस्स असुरिंदस्स असुररण्णो लोगपाला देवा**

**एमहिड्ढीया** *जाव* **एवइयं च णं पभू विउव्वित्तए, चमरस्स णं भंते ! असुरिंदस्स असुररण्णो अग्गमहिसीओ देवीओ के महिड्ढीयाओ** *जाव* **केवइयं च णं पभू विउव्वित्तए ?**

**गोयमा ! चमरस्स णं असुरिंदस्स असुररण्णो अग्गमहिसीओ देवीओ महिड्ढियाओ** *जाव* **महाणुभागाओ, ताओ णं तत्थ साणं साणं भवणाणं, साणं साणं सामाणियसाहस्सीणं, साणं साणं महत्तरियाणं साणं साणं परिसाणं** *जाव* **एमहिड्ढियाओ । अण्णं जहा लोगपालाणं अपरिसेसं ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! અસુરેન્દ્ર અસુરરાજ ચમરના લોકપાલ દેવ આ પ્રકારે મહાઋદ્ધિ સંપન્ન, અને વૈક્રિય શક્તિસંપન્ન છે, તો અસુરેન્દ્ર અસુરરાજ ચમરની અગ્રમહિષીઓ કેવી મહાઋદ્ધિથી સંપન્ન છે ? તેની વિકુર્વણા શક્તિ કેટલી છે ?

ઉત્તર– હે ગૌતમ ! અસુરેન્દ્ર અસુરરાજ ચમરની અગ્રમહિષીઓ મહાઋદ્ધિ સંપન્ન, મહાપ્રભાવ સંપન્ન છે. તે પોત પોતાના ભવનો પર, એક–એક હજાર સામાનિક દેવો પર પોતાની સખી–મહત્તરિકા દેવીઓ પર, પોત પોતાની પરિષદાઓ પર આધિપત્ય કરતી વિચરે છે. તે અગ્રમહિષીઓ આ પ્રકારની મહાઋદ્ધિ આદિથી સંપન્ન છે, આ વિષયમાં શેષ વર્ણન લોકપાલોની સમાન કહેવું જોઈએ.

**૭ सेवं भंते ! सेवं भंते ! त्ति । भगवं दोच्चे गोयमे समणं भगवं महावीरं वंदइ, णमंसइ, वंदित्ता णमंसित्ता जेणेव तच्चे गोयमे वाउभूई अणगारे तेणेव उवागच्छइ, उवागच्छित्ता तच्चं गोयमं वाउभूइं अणगारं एवं वयासी–**

**एवं खलु गोयमा ! चमरे असुरिंदे असुरराया एमहिड्ढीए, तं चेव एवं सव्वं अपुट्ठवागरणं णेयव्वं अपरिसेसियं** *जाव* **अग्गमहिसीणं वत्तव्वया सम्मत्ता । तए णं से तच्चे गोयमे वाउभूई अणगारे दोच्चस्स गोयमस्स अग्गिभूइस्स अणगारस्स एवमाइक्खमाणस्स भासमाणस्स पण्णवेमाणस्स परूवेमाणस्स एयमट्ठं णो सद्दहइ, णो पत्तियइ, णो रोएइ; एयमट्ठं असद्दहमाणे अपत्तियमाणे अरोएमाणे उट्ठाए उट्ठेइ, उट्ठाए उट्ठित्ता जेणेव समणे भगवं महावीरे तेणेव उवागच्छइ** *जाव* **पज्जुवासमाणे एवं वयासी– एवं खलु भंते ! दोच्चे गोयमे अग्गिभूई अणगारे ममं एवमाइक्खइ भासइ पण्णवेइ परूवेइ– एवं खलु गोयमा ! चमरे असुरिंदे असुरराया एमहिड्ढीए** *जाव* **महाणुभागे । से णं तत्थ चोत्तीसाए भवणावाससयसहस्साणं, एवं तं चेव सव्वं अपरिसेसं भाणियव्वं** *जाव* **अग्गमहिसीणं वत्तव्वया सम्मत्ता । से कहमेयं भंते ! एवं ?**

**गोयमा ! त्ति समणे भगवं महावीरे तच्चं गोयमं वाउभूइं अणगारं एवं वयासी– जं णं गोयमा ! दोच्चे गोयमे अग्गिभूई अणगारे तव एवामाइक्खइ भासइ पण्णवेइ परूवेइ– एवं खलु गोयमा ! चमरे असुरिंदे असुरराया महिड्ढीए एवं तं चेव सव्वं *जाव* अग्गमहिसीओ । सच्चे णं एसमट्ठे । अहं पि णं गोयमा! एवमाइक्खामि भासामि पण्णवेमि परूवेमि– एवं खलु गोयमा ! चमरे असुरिंदे असुरराया महिड्ढीए तं चेव *जाव* अग्गमहिसीओ । सच्चे णं एसमट्ठे ।**

**सेवं भंते ! सेवं भंते ! त्ति तच्चे गोयमे वाउभूई अणगारे समणं भगवं महावीरं वंदइ णमंसइ, वंदित्ता णमंसित्ता जेणेव दोच्चे गोयमे अग्गिभूई अणगारे तेणेव उवागच्छइ, उवागच्छित्ता दोच्चं गोयमं अग्गिभूइं अणगारं वंदइ णमंसइ, वंदित्ता णमंसित्ता एयमट्ठं सम्मं विणएणं भुज्जो भुज्जो खामेइ ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! આ ભાવ આ જ પ્રકારે છે, હે ભગવન્ ! આ ભાવ આ જ પ્રકારે છે, તે પ્રમાણે કહીને દ્વિતીય ગૌતમ અગ્નિભૂતિ અણગાર શ્રમણ ભગવાન મહાવીર સ્વામીને વંદન–નમસ્કાર કરીને જ્યાં તૃતીય ગૌતમ વાયુભૂતિ અણગાર હતા, ત્યાં ગયા. ત્યાં જઈને અગ્નિભૂતિ અણગારે વાયુભૂતિ અણગારને આ પ્રમાણે કહ્યું, હે ગૌતમ ! અસુરેન્દ્ર અસુરરાજ ચમર, આ પ્રકારની મહાૠદ્ધિથી સંપન્ન છે, ઈત્યાદિ ચમરેન્દ્ર, સામાનિક ત્રાયસ્ત્રિંશક, લોકપાલ અને અગ્રમહિષી દેવીઓ સુધીનું સંપૂર્ણ વર્ણન પૂછ્યા વિના જ કહ્યું.

ત્યાર પછી અગ્નિભૂતિ અણગાર દ્વારા કથિત, ભાષિત, પ્રજ્ઞાપિત અને પ્રરૂપિત ઉપર્યુકત કથન પર તૃતીય ગૌતમ વાયુભૂતિ અણગારને શ્રદ્ધા, પ્રતીતિ અને રુચિ થઈ નહીં. તે કથન પર શ્રદ્ધા, પ્રતીતિ અને રુચિ ન થવાથી તૃત્તીય ગૌતમ વાયુભૂતિ અણગાર, પોતાની ઉત્થાન શક્તિ દ્વારા ઊઠ્યા, ઊઠીને શ્રમણ ભગવાન મહાવીર સ્વામીની પાસે આવ્યા. તેની પર્યુપાસના કરતા આ પ્રમાણે કહ્યું– હે ભગવન્! દ્વિતીય ગૌતમ અગ્નિભૂતિ અણગારે મને આ પ્રમાણે કહ્યું, વિશેષરૂપે કહ્યું, દર્શાવ્યું અને પ્રરૂપિત કર્યું કે અસુરેન્દ્ર અસુરરાજ ચમર આ પ્રકારની મહાૠદ્ધિ, મહાપ્રભાવ આદિથી સંપન્ન છે. તે ૩૪ લાખ ભવનાવાસ પર આધિપત્ય કરતા વિચરે છે. અહીં તેની અગ્રમહિષીઓ સુધીનું સંપૂર્ણ વર્ણન કહેવું જોઈએ. હે ભગવન્ ! શું આ કથન તે રીતે જ છે ?

ઉત્તર– 'હે ગૌતમ !' આ પ્રકારે સંબોધિત કરીને શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ ત્રીજા ગૌતમ વાયુભૂતિ અણગારને આ પ્રમાણે કહ્યું, હે ગૌતમ ! દ્વિતીય ગૌતમ અગ્નિભૂતિ અણગારે તમોને જે આ પ્રમાણે કહ્યું, ભાષિત કર્યું, દર્શાવ્યું અને પ્રરૂપિત કર્યું કે હે ગૌતમ ! અસુરેન્દ્ર અસુરરાજ ચમર આ પ્રકારની મહાૠદ્ધિ સંપન્ન છે, ઈત્યાદિ તેની અગ્રમહિષીઓ સુધીનું સંપૂર્ણ વર્ણન સત્ય છે, હે ગૌતમ ! હું પણ આ પ્રમાણે કહું છું, ભાષણ કરું છું, દર્શાવું છું અને પ્રરૂપિત કરું છું કે અસુરેન્દ્ર અસુરરાજ ચમર મહાૠદ્ધિ

સંપન્ન છે ઈત્યાદિ તેની અગ્રમહિષીઓ પર્યંત દ્વિતીય આલાપક સંપૂર્ણ કહેવો જોઈએ. હે ગૌતમ ! તેથી દ્વિતીય ગૌતમ અગ્નિભૂતિ દ્વારા કહેલી વાત સત્ય છે.

હે ભગવન્ ! જે પ્રમાણે આપ કહો છો, તે તે જ પ્રમાણે છે, હે ભગવન્ ! જે પ્રમાણે આપ કહો છો, તે તે જ પ્રમાણે છે, એ પ્રમાણે કહીને તૃતીય ગૌતમ વાયુભૂતિ અણગારે શ્રમણ ભગવાન મહાવીર સ્વામીને વંદન નમસ્કાર કર્યા, વંદન નમસ્કાર કરીને જ્યાં દ્વિતીય ગૌતમ અગ્નિભૂતિ અણગાર હતા ત્યાં આવ્યા, ત્યાં આવીને તેને વંદન નમસ્કાર કર્યા, વંદન નમસ્કાર કરીને, પૂર્વોક્ત કથન માટે અર્થાત્ તેનું કથન માન્ય કર્યું ન હતું તે માટે વારંવાર વિનયપૂર્વક ક્ષમાયાચના કરી.

### બલીન્દ્રની ઋદ્ધિ અને વૈક્રિય શક્તિ :-

**૮ तए णं से तच्चे गोयमे वाउभूई अणगारे दोच्चेणं गोयमेणं अग्गिभूइणामेणं अणगारेणं सद्धिं जेणेव समणे भगवं महावीरे *जाव* पज्जुवासमाणे एवं वयासी– जइ णं भंते ! चमरे असुरिंदे असुरराया एमहिड्ढीए *जाव* एवइयं च णं पभू विउव्वित्तए, बली णं भंते ! वइरोयणिंदे वइरोयणराया के महिड्ढीए *जाव* केवइयं च णं पभू विउव्वित्तए ?**

**गोयमा ! बली णं वइरोयणिंदे वइरोयणराया महिड्ढीए *जाव* महाणुभागे, से णं तत्थ तीसाए भवणावाससयसहस्साणं, सट्ठीए सामाणियसाहस्सीणं, सेसं जहा चमरस्स तहा बलिस्स वि णेयव्वं, णवरं साइरेगं केवलकप्पं जंबूदीवं ति भाणियव्वं, सेसं तं चेव णिरवसेसं णेयव्वं, णवरं णाणत्तं जाणियव्वं भवणेहिं, सामाणिएहिं य ।**

**सेवं भंते ! सेवं भंते ! त्ति तच्चे गोयमे वाउभूई अणगारे समणं भगवं महावीरं वंदइ णमंसइ, वंदित्ता णमंसित्ता णच्चासण्णे णाइदूरे सुस्सूसमाणे णमंसमाणे अभिमुहे विणएणं पंजलिउडे पज्जुवासइ ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– તત્પશ્ચાત્ તૃતીય ગૌતમ વાયુભૂતિ અણગાર, દ્વિતીય ગૌતમ અગ્નિભૂતિ અણગારની સાથે જ્યાં શ્રમણ ભગવાન મહાવીર સ્વામી બિરાજિત હતા, ત્યાં આવ્યા, ત્યાં આવીને તેમને વંદન નમસ્કાર કર્યા, વંદન નમસ્કાર કરીને તેમની પર્યુપાસના કરતા આ પ્રમાણે કહ્યું, હે ભગવન્ ! જો અસુરેન્દ્ર અસુરરાજ ચમર આ પ્રકારે મહાઋદ્ધિ સંપન્ન છે, આ પ્રકારે વિકુર્વણા કરવાની શક્તિ સંપન્ન છે, તો હે ભગવન્ ! વૈરોચનેન્દ્ર વૈરોચનરાજ બલિ કેવી મહાઋદ્ધિ આદિથી સંપન્ન છે ? તે કેટલી વિકુર્વણા કરવા શક્તિસંપન્ન છે ?

ઉત્તર– હે ગૌતમ ! વૈરોચનેન્દ્ર વૈરોચનરાજ બલિ મહાઋદ્ધિ આદિ તેમજ મહાનુભાગથી સંપન્ન

છે. તે ૩૦ લાખ ભવનાવાસ તથા ૬૦,૦૦૦ સામાનિક દેવોના અધિપતિ છે. જે રીતે ચમરેન્દ્રના વિષયમાં વર્ણન કર્યું છે, તે જ રીતે બલિના વિષયમાં પણ જાણવું જોઈએ. વિશેષતા એ છે કે બલિ પોતાની વૈક્રિય શક્તિથી સાધિક જંબૂદ્વીપને અર્થાત્ જંબૂદ્વીપથી કંઈક અધિક ક્ષેત્રને ભરી શકે છે. શેષ વર્ણન પૂર્વવત્ છે. ભવન અને સામાનિક દેવોના વિષયમાં ભિન્નતા છે.

હે ભગવન્ ! આ ભાવ આ જ પ્રકારે છે, હે ભગવન્ ! આ ભાવ આ જ પ્રકારે છે, એમ કહી, તૃતીય ગૌતમ વાયુભૂતિ અણગાર શ્રમણ ભગવાન મહાવીર સ્વામીને વંદન નમસ્કાર કરીને, ન અતિ નજીક ન અતિ દૂર, ભગવાનની સન્મુખ, શુશ્રૂષા અને નમસ્કાર કરતાં વિનયપૂર્વક હાથ જોડીને, પર્યુપાસના કરવા લાગ્યા.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રમાં ઉત્તર દિશાના અસુરકુમારના ઈન્દ્ર બલીન્દ્રની ઋદ્ધિ અને વૈક્રિય શક્તિનું નિરૂપણ છે.

**વૈરોચનેન્દ્ર :–** ટીકાકાર તેના સ્વરૂપની સ્પષ્ટતા કરતા લખે છે કે– **दाक्षिणात्यासुरकुमारेभ्यः सकाशाद् विशिष्टं रोचनं दीपनं येषामस्ति ते वैरोचना औदिच्यासुराः, तेसु मध्ये इन्द्रःपरमेश्वरो वैरोचनेन्द्रः** । દક્ષિણ દિશાના અસુરકુમારોની અપેક્ષાએ જેની કાંતિ વિશિષ્ટ–અધિક છે, તેને વૈરોચન કહે છે. તેના ઈન્દ્રને વૈરોચનેન્દ્ર કહે છે.

તેને ૩૦ લાખ ભવનાવાસ અને ૬૦,૦૦૦ સામાનિક દેવો છે, શેષ ઋદ્ધિ ચમરેન્દ્રની સમાન છે. તેનું વૈક્રિય સામર્થ્ય ચમરેન્દ્ર કરતા કંઈક અધિક છે. તે પોતાના વૈક્રિયકૃત રૂપો દ્વારા જંબૂદ્વીપથી કંઈક અધિક ક્ષેત્રને વ્યાપ્ત કરી શકે છે.

## ધરણેન્દ્ર વગેરેની ઋદ્ધિ અને વૈક્રિય શક્તિ :–

**૧ तएणं से दोच्चे गोयमे अग्गिभूई अणगारे समणं भगवं महावीरं वंदइ णमंसइ, वंदित्ता णमंसित्ता एवं वयासी– जइ णं भंते ! बली वइरोयणिंदे वइरोयणराया एमहिड्ढीए *जाव* एवइयं च णं पभू विउव्वित्तए, धरणे णं भंते ! णागकुमारिंदे, णागकुमारराया के महिड्ढीए *जाव* केवइयं च णं पभू विउव्वित्तए ?**

**गोयमा ! धरणे णं णागकुमारिंदे णागकुमारराया महिड्ढीए *जाव* महाणुभागे । से णं तत्थ चोयालीसाए भवणावाससयसहस्साणं, छण्हं सामाणियसाहस्सीणं, तायत्तीसाए तायत्तीसगाणं, चउण्हं लोगपालाणं, छण्हं अग्गमहिसीणं सपरिवाराणं, तिण्हं परिसाणं, सत्तण्हं अणियाणं, सत्तण्हं अणियाहिवईणं चउव्वीसाए आयरक्खदेव**

**साहस्सीणं, अण्णेसिं च** *जाव* **विहरइ । एवइयं च णं पभू विउव्वित्तए– से जहा णामए जुवइं जुवाणे** *जाव* **पभू केवलकप्पं जंबूदीवं दीवं** *जाव* **तिरियं संखेज्जे दीवसमुद्दे बहूहिं णागकुमारीहिं** *जाव* **णो विउव्विस्संति वा । सामाणिया, तायत्तीसग–लोगपाला, अग्गमहिसीओ य तहेव जहा चमरस्स णवरं संखेज्जे दीव– समुद्दे भाणियव्वे । एवं** *जाव* **थणियकुमारा, वाणमंतरा, जोईसिया वि, णवरं दाहिणिल्ले सव्वे अग्गिभूई पुच्छइ, उत्तरिल्ले सव्वे वाउभूई पुच्छइ ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– ત્યાર પછી દ્વિતીય ગૌતમ અગ્નિભૂતિ અણગારે શ્રમણ ભગવાન મહાવીર સ્વામીને વંદન નમસ્કાર કર્યા, વંદન નમસ્કાર કરીને આ પ્રમાણે કહ્યું, હે ભગવન્ ! જો વૈરોચનેન્દ્ર વૈરોચનરાજ બલિ આ પ્રકારે મહાઋદ્ધિ સંપન્ન છે, વૈક્રિય શક્તિ સંપન્ન છે, તો નાગકુમારેન્દ્ર નાગકુમારરાજ ધરણ કેવા મહાઋદ્ધિ સંપન્ન છે, અને વૈક્રિય શક્તિ સંપન્ન છે ?

ઉત્તર– હે ગૌતમ ! તે નાગકુમારેન્દ્ર નાગકુમારરાજ ધરણ મહાઋદ્ધિ સંપન્ન છે. તે ૪૪ લાખ ભવનાવાસ, ૬,૦૦૦ સામાનિક દેવો, ૩૩ ત્રાયસ્ત્રિંશક દેવો, ચાર લોકપાલ, પરિવાર સહિત છ અગ્રમહિષીઓ, ત્રણ પરિષદ, સાત સેના, સાત સેનાધિપતિ, ૨૪,૦૦૦ આત્મરક્ષક દેવો પર તથા અન્ય દેવો પર આધિપત્ય કરતાં વિચરે છે. તેની વિકુર્વણા શક્તિ પૂર્વવત્ યુવતી યુવાન આદિ દષ્ટાંતે જાણવી. તે પોતાના વૈક્રિયકૃત અનેક નાગકુમાર દેવો તથા દેવીઓથી સંપૂર્ણ જંબૂદ્વીપને ઠસોઠસ ભરવામાં સમર્થ છે તે ઉપરાંત તિરછા સંખ્યાત દ્વીપ–સમુદ્ર જેટલા ક્ષેત્રને વ્યાપ્ત કરવાનું સામર્થ્ય ધરાવે છે પણ તેઓએ ક્યારે ય  તે પ્રકારે કર્યું નથી, કરતા નથી અને કરશે પણ નહીં.

તેના સામાનિક દેવ, ત્રાયસ્ત્રિંશક દેવ, લોકપાલ અને અગ્રમહિષીઓનું વૈક્રિય સામર્થ્ય ચમરેન્દ્રની સમાન છે. વિશેષતા એ છે કે તેની વિકુર્વણા શક્તિ સંખ્યાત દ્વીપ–સમુદ્ર સુધીના ક્ષેત્રને વ્યાપ્ત કરવાની છે. તે જ રીતે સ્તનિતકુમારો સુધી સર્વ ભવનપતિ દેવો, વાણવ્યંતર અને જ્યોતિષી દેવોના વિષયમાં કથન કરવું જોઈએ. વિશેષતા એ છે કે દક્ષિણ દિશાના સર્વ ઈન્દ્રોના વિષયોમાં દ્વિતીય ગૌતમ અગ્નિભૂતિ અણગારે પ્રશ્ન પૂછ્યાં છે અને ઉત્તરદિશાના સર્વ ઈન્દ્રોના વિષયમાં તૃતીય ગૌતમ શ્રી વાયુભૂતિ અણગારે  પ્રશ્ન પૂછ્યા છે.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રમાં ધરણેન્દ્રની ઋદ્ધિ અને વૈક્રિય શક્તિનું વર્ણન કર્યું છે. તે જ રીતે ભવનપતિ દેવોના શેષ ઈન્દ્રોની ઋદ્ધિ આદિનું કથન કરવું જોઈએ. દશ ભવનપતિઓના વીસ ઈન્દ્ર છે. પ્રત્યેક ભવનવાસી દેવોમાં બે નિકાય અર્થાત્ દક્ષિણદિશાના અને ઉત્તરદિશાના અસુરકુમાર, તે રીતે બે ભેદ છે. દરેક દિશાના ઈન્દ્ર જુદા છે. તેથી દશ ભવનપતિઓના વીસ ઈન્દ્ર થાય છે.

**દક્ષિણ દિશાના દશ ઈન્દ્ર :–** ચમર, ધરણ, વેણુદેવ, હરિકાંત, અગ્નિશિખ, પૂર્ણ, જલકાંત, અમિત,

વિલંબ અને ઘોષ.

**ઉત્તર દિશાના દશ ઈન્દ્ર :–** બલિ, ભૂતાનંદ, વેણુદાલિ, હરિસ્સહ, અગ્નિમાણવ, વશિષ્ટ, જલપ્રભ, અમિતવાહન, પ્રભંજન અને મહાઘોષ.

**ભવન સંખ્યા :–** ચમરેન્દ્રના ૩૪ લાખ, બલીન્દ્રના ૩૦ લાખ, ધરણેન્દ્રના ૪૪ લાખ ભવનાવાસ આદિ પૂર્વોક્ત ભવનાવાસની સંખ્યા જાણવી.

**સામાનિક દેવ :–** ચમરેન્દ્રના ૬૪,૦૦૦, બલીન્દ્રના ૬૦,૦૦૦ સામાનિક દેવો છે. શેષ સર્વ ઈન્દ્રના ૬૦૦૦ સામાનિક દેવ છે.

**આત્મરક્ષક દેવ :–** સામાનિક દેવોથી આત્મરક્ષક દેવો ચાર ગુણા અધિક હોય છે.

**અગ્રમહિષીઓ :–** ચમરેન્દ્ર અને બલીન્દ્રને પાંચ–પાંચ અગ્રમહિષી છે. ધરણાદિ શેષ ઈન્દ્રોને છ–છ અગ્રમહિષી છે.

સર્વ ઈન્દ્રના ત્રાયસ્ત્રિંશક દેવ ૩૩ અને લોકપાલ દેવ ૪ હોય છે.

**વ્યંતર દેવના ઈન્દ્ર અને તેની ઋદ્ધિ :–** વ્યંતર દેવોના આઠ પ્રકાર છે. તેમાં પણ પ્રત્યેકના બે બે અર્થાત્ દક્ષિણ અને ઉત્તર દિશાના ઈન્દ્ર છે, તેથી સોળ ઈન્દ્ર થાય છે.

**આઠ જાતિના વ્યંતર દેવ :–** પિશાચ, ભૂત, યક્ષ, રાક્ષસ, કિન્નર, કિંપુરુષ, મહોરગ અને ગંધર્વ.

**૧૬ ઈન્દ્રના નામ :–** કાલ અને મહાકાલ, સુરૂપ અને પ્રતિરૂપ, પૂર્ણભદ્ર અને મણિભદ્ર, ભીમ અને મહાભીમ, કિન્નર અને કિંપુરુષ, સત્પુરુષ અને મહાપુરુષ, અતિકાય અને મહાકાય, ગીતરતિ અને ગીતયશ.

**વ્યંતરેન્દ્રની ઋદ્ધિ :–** વાણવ્યંતર દેવોમાં પ્રત્યેક ઈન્દ્રને ૪૦૦૦ સામાનિક દેવ, તેનાથી ચાર ગુણા અર્થાત્ ૧૬,૦૦૦ આત્મરક્ષક દેવ અને ચાર–ચાર અગ્રમહિષીઓ હોય છે. તેમાં ત્રાયસ્ત્રિંશક અને લોકપાલ દેવો નથી.

**જ્યોતિષી દેવોના ઈન્દ્ર અને તેની ઋદ્ધિ :–** તેના પાંચ પ્રકાર છે. સૂર્ય, ચંદ્ર, ગ્રહ, નક્ષત્ર અને તારા. તેમાં સૂર્ય અને ચંદ્ર ઈન્દ્ર છે. તેમાં પ્રત્યેક ઈન્દ્રને ૪૦૦૦ સામાનિક દેવ, ૧૬,૦૦૦ આત્મરક્ષક દેવ અને ચાર અગ્રમહિષીઓ છે. તેમાં પણ ત્રાયસ્ત્રિંશક અને લોકપાલ દેવ નથી.

**ભવનપતિ, વ્યંતર અને જ્યોતિષીઓનું વૈક્રિય સામર્થ્ય :–** તેમાં ભવનપતિ અને વ્યંતરના દક્ષિણ દિશાના ઈન્દ્રો અને સૂર્યેન્દ્ર, પોતાના વૈક્રિયકૃત રૂપોથી સંપૂર્ણ જંબૂદ્વીપને અને ઉત્તરદિશાના ઈન્દ્રો અને ચંદ્રેન્દ્ર સાધિક જંબૂદ્વીપ જેટલા ક્ષેત્રને ભરવામાં સમર્થ છે.

પલ્યોપમની સ્થિતિવાળા દેવો સંખ્યાતા દ્વીપ–સમુદ્ર જેટલા ક્ષેત્રને અને સાગરોપમની સ્થિતિ–

વાળા દેવો અસંખ્યાતા દ્વીપ–સમુદ્ર જેટલા ક્ષેત્રને પોતાના વૈક્રિયકૃત રૂપોથી વ્યાપ્ત કરવામાં સમર્થ છે. આ તેનો વિષયમાત્ર છે. તેનો પ્રયોગ કરતા નથી.

### ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી દેવોના ઈન્દ્રોની ઋદ્ધિ અને વૈક્રિયશક્તિ

| દેવ | ઈન્દ્ર | આવાસ | સામાનિક દેવો | આત્મરક્ષક દેવ | અગ્ર મહિષી | વૈક્રિયશક્તિ |
|---|---|---|---|---|---|---|
| દક્ષિણ અસુર | ચમરેન્દ્ર | ૩૪ લાખ | ૬૪,૦૦૦ | ૨,૫૬,૦૦૦ | ૫ | જંબૂદ્વીપ |
| ઉત્તર–અસુર | બલીન્દ્ર | ૩૦ લાખ | ૬૦,૦૦૦ | ૨,૪૦,૦૦૦ | ૫ | સાધિક જંબૂદ્વીપ |
| નાગકુમારેન્દ્ર આદિ | ધરણેન્દ્ર | ૪૪ લાખ | ૬૦,૦૦૦ | ૨,૪૦,૦૦૦ | ૫ | [જંબૂદ્વીપ–દક્ષિણ દિશાના ઈન્દ્ર] [સાધિક જંબૂદ્વીપ ઉત્તર દિશાના ઈન્દ્ર] |
| વ્યંતર | ૧૬ ઈન્દ્ર | અસંખ્ય | ૪૦૦૦ | ૧૬,૦૦૦ | ૪ | –––"––– |
| જ્યોતિષી ચંદ્ર સૂર્ય | જ્યોતિષ્કેન્દ્ર | | ૪૦૦૦ | ૧૬,૦૦૦ | ૪ | સૂર્ય–જંબૂદ્વીપ, ચન્દ્ર–સાધિક જંબૂદ્વીપ પ્રમાણ ક્ષેત્રને પોતાના વૈક્રિયકૃત રૂપોથી વ્યાપ્ત કરી શકે છે. |

**શક્રેન્દ્રની ઋદ્ધિ અને વૈક્રિય શક્તિ :–**

**૧૦ भंते ! त्ति भगवं दोच्चे गोयमे अग्गिभूई अणगारे समणं भगवं महावीरं वंदइ णमंसइ, वंदित्ता णमंसित्ता एवं वयासी– जइ णं भंते ! जोइसिंदे, जोइसराया एमहिड्ढीए *जाव* एवइयं च णं पभू विउव्वित्तए, सक्के णं भंते ! देविंदे देवराया केमहिड्ढीए *जाव* केवइयं च णं पभू विउव्वित्तए ?**

**गोयमा ! सक्के णं देविंदे देवराया महिड्ढीए *जाव* महाणुभागे, से णं तत्थ बत्तीसाए विमाणावाससयसहस्साणं, चउरासीए सामाणियसाहस्सीणं *जाव* चउण्हं चउरासीणं आयरक्खसाहस्सीणं अण्णेसिं च *जाव* विहरइ । एमहिड्ढीए *जाव* एवइयं च णं पभू विउव्वित्तए, एवं जहेव चमरस्स तहेव**

**भाणियव्वं, णवरं दो केवलकप्पे जंबूदीवे दीवे, अवसेसं तं चेव । एस णं गोयमा ! सक्कस्स देविंदस्स देवरण्णो इमेयारूवे विसए विसयमेत्ते बुइए, णो चेव णं संपत्तीए विउव्विंसु वा विउव्वइ वा विउव्विस्सइ वा ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! આ પ્રમાણે કહીને દ્વિતીય ગૌતમ અગ્નિભૂતિ અણગારે શ્રમણ ભગવાન મહાવીર સ્વામીને વંદન નમસ્કાર કર્યા, વંદન નમસ્કાર કરીને આ પ્રમાણે કહ્યું– હે ભગવન્ ! જો જ્યોતિષીઓના ઈન્દ્ર, જ્યોતિષરાજની આ પ્રકારની ઋદ્ધિ, વૈક્રિય શક્તિ વગેરે છે તો દેવેન્દ્ર દેવરાજ શક્ર કેવા મહાઋદ્ધિ સંપન્ન અને કેટલી વૈક્રિય શક્તિ સંપન્ન છે ?

ઉત્તર– હે ગૌતમ ! દેવેન્દ્ર દેવરાજ શક્ર મહાઋદ્ધિ, મહાપ્રભાવ આદિથી સંપન્ન છે. તેઓ ૩૨ લાખ વિમાનવાસો, ૮૪,૦૦૦ સામાનિક દેવો, ૩,૩૬૦૦૦ (ત્રણ લાખ છત્રીસ હજાર) આત્મરક્ષક દેવો અને અન્ય અનેક દેવો પર આધિપત્ય કરતા વિચરે છે. શક્રેન્દ્ર આ પ્રકારે મહાઋદ્ધિસંપન્ન છે. તેની વૈક્રિય શક્તિનું કથન ચમરેન્દ્રની સમાન જાણવું. વિશેષતા એ છે કે તે પોતાના વૈક્રિયકૃત રૂપોથી સંપૂર્ણ બે જંબૂદ્વીપ જેટલા ક્ષેત્રને વ્યાપ્ત કરવામાં સમર્થ છે, તિરછા અસંખ્યાત દ્વીપ અને સમુદ્ર જેટલા ક્ષેત્રને વ્યાપ્ત કરવાની શક્તિ છે. આ તેનો વિષય છે, વિષયમાત્ર છે, સમ્પ્રાપ્તિ–ક્રિયાત્મક નથી. આ પ્રકારની વિક્રિયા તેઓએ ક્યારે ય કરી નથી, કરતા નથી અને કરશે પણ નહીં.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં શક્રેન્દ્રની ઋદ્ધિ અને વૈક્રિય શક્તિનું કથન કર્યું છે.

**શક્રેન્દ્રની ઋદ્ધિ :–** તે પ્રથમ સૌધર્મ દેવલોકના ઈન્દ્ર છે. શક્રેન્દ્રના આવાસ, તેના વિમાનોના આકાર, તેના વર્ણ, ગંધાદિ, તેની લેશ્યા, શરીર આદિનું વિસ્તૃત વર્ણન શ્રી પ્રજ્ઞાપના સૂત્રમાં છે. તેની ઋદ્ધિ મૂળપાઠથી જ સ્પષ્ટ છે. ઋદ્ધિમાં **'जाव'** શબ્દથી આઠ અગ્રમહિષીઓ, ચાર લોકપાલ, ત્રણ પરિષદ, સાત સેના, સાત સેનાપતિનું ગ્રહણ કર્યું છે.

**વૈક્રિય શક્તિ :–** અસંખ્યાત દ્વીપ–સમુદ્ર જેટલા ક્ષેત્રને વ્યાપ્ત કરવાની વૈક્રિય શક્તિ હોવા છતાં પોતાના પ્રયોગાત્મક વૈક્રિયકૃત રૂપોથી શક્રેન્દ્ર બે જંબૂદ્વીપ જેટલા ક્ષેત્રને ભરી શકે છે.

## તિષ્યક અણગાર

પ્રભુ મહાવીરના અંતેવાસી શિષ્ય તિષ્યક નામના અણગાર હતા. જે રત્નત્રયની આરાધનાપૂર્વક નિરંતર છઠના પારણે છઠની તપસ્યા કરતા હતા. તે આઠ વર્ષની સંયમ પર્યાયનું પાલન કરી, ૩૦ દિવસનો સંથારો કરી, આરાધનાપૂર્વક કાલધર્મ પામ્યા અને શક્રેન્દ્રના સામાનિક દેવ–તિષ્યક દેવ તરીકે ઉત્પન્ન થયા.

## તિષ્યક દેવની ઋદ્ધિ અને વૈક્રિયશક્તિ :-

**११** जइ णं भंते ! सक्के देविंदे, देवराया एमहिड्ढीए *जाव* एवइयं च णं पभू विउव्वित्तए, एवं खलु देवाणुप्पियाणं अंतेवासी तीसए णामं अणगारे पगइभद्दए *जाव* विणीए, छट्ठंछट्ठेणं अणिक्खित्तेणं तवोकम्मेणं अप्पाणं भावेमाणे बहुपडिपुण्णाइं अट्ठ संवच्छराइं सामण्णपरियागं पाउणित्ता मासियाए संलेहणाए अत्ताणं झूसित्ता, सट्ठिं भत्ताइं अणसणाए छेदित्ता, आलोइयपडिक्कंते, समाहिपत्ते, कालमासे कालं किच्चा सोहम्मे कप्पे सयंसि विमाणंसि, उववायसभाए देवसयणिज्जंसि देवदूसंतरिए अंगुलस्स असंखेज्जइभागमेत्ताए ओगाहणाए सक्कस्स देविंदस्स, देवरण्णो सामाणिय देवत्ताए उववण्णे, तएणं से तीसए देवे अहुणोववण्णमेत्ते समाणे पंचविहाए पज्जत्तीए पज्जत्तिभावं गच्छइ, तं जहा– आहारपज्जत्तीए, सरीर– इंदिय–आण–पाणपज्जत्तीए, भासा–मणपज्जत्तीए । तएणं तं तीसयं देवं पंचविहाए पज्जत्तीए पज्जत्ति भावं गयं समाणं सामाणियपरि– सोववण्णया देवा करयलपरिग्गहियं दसणहं सिरसावत्तं मत्थए अंजलिं कट्टु जएणं विजएणं वद्धाविंति, वद्धावित्ता एवं वयासी– अहो ! णं देवाणुप्पिएहिं दिव्वा देविड्ढी दिव्वा देवज्जुई दिव्वे देवाणुभावे लद्धे पत्ते अभिसमण्णागए; जारिसिया णं देवाणुप्पिएहिं दिव्वा देविड्ढी, दिव्वा देवज्जुई दिव्वे देवाणुभावे लद्धे पत्ते अभिसमण्णागए; तारिसिया णं सक्केणं वि देविंदेण देवरण्णा दिव्वा देविड्ढी *जाव* अभिसमण्णागए । जारिसिया णं सक्केणं देविंदेणं देवरण्णा दिव्वा देविड्ढी *जाव* अभिसमण्णागए; तारिसिया णं देवाणुप्पिएहिं वि दिव्वा देविड्ढी *जाव* अभिसमण्णागए ।

से णं भंते ! तीसए देवे के महिड्ढीए *जाव* केवइयं च णं पभू विउव्वित्तए ?

गोयमा ! तीसए णं देवे महिड्ढीए *जाव* महाणुभागे । से णं तत्थ सयस्स विमाणस्स, चउण्हं सामाणियसाहस्सीणं, चउण्हं अग्गमहिसीणं सपरिवाराणं, तिण्हं परिसाणं, सत्तण्हं अणियाणं, सत्तण्हं अणियाहिवईणं, सोलसण्हं आयरक्खदेव– साहस्सीणं, अण्णेसिं च बहूणं वेमाणियाणं देवाणं, देवीणं य *जाव* विहरइ । एमहिड्ढीए *जाव* एवइयं च णं पभू विउव्वित्तए । से जहा णामए जुवइं जुवाणे हत्थेणं हत्थे गेण्हेज्जा, जहेव सक्कस तहेव *जाव* एस णं गोयमा ! तीसयस्स देवस्स अयमेयारूवे विसए, विसयमेत्ते बुइए, णो

**चेव णं संपत्तीए विउव्विसु वा, विउव्वइ वा, विउव्विस्सइ वा ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! જો દેવેન્દ્ર દેવરાજ શક્ર આ પ્રકારે મહાઋદ્ધિ સંપન્ન છે, તેમજ વૈક્રિય શક્તિથી સંપન્ન છે તો તેઓના તિષ્યક નામના સામાનિક દેવ, જે આપના શિષ્ય 'તિષ્યક' નામના અણગાર હતા, તેઓ પ્રકૃતિથી ભદ્ર, વિનીત વગેરે ગુણયુક્ત, નિરંતર છઠ છઠનાતપ દ્વારા પોતાના આત્માને ભાવિત કરતાં વિચરતા હતા. સંપૂર્ણ આઠ વર્ષની શ્રમણ પર્યાયનું પાલન કરી, માસિક સંલેખના દ્વારા પોતાના આત્માને પ્લાવિત કરી, સાઠ ભક્ત અનશનનું છેદન કરી, આલોચના અને પ્રતિક્રમણ કરી, સમાધિને પ્રાપ્ત થઈ, કાલના સમયે કાલધર્મ પામી, સૌધર્મ દેવલોકમાં પોતાના વિમાનની ઉપપાત સભામાં, દેવદૂષ્યથી ઢંકાયેલી દેવ–શય્યામાં, અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલી અવગાહનાથી દેવેન્દ્ર દેવરાજ શક્રના સામાનિક દેવરૂપે ઉત્પન્ન થયા.

તત્પશ્ચાત્ તત્કાલ ઉત્પન્ન થયેલા તે તિષ્યક દેવ, પાંચ પ્રકારની પર્યાપ્તિઓથી પર્યાપ્તપણાને પ્રાપ્ત થયા. તે પર્યાપ્તિઓ આ પ્રમાણે છે– આહાર, શરીર, ઈન્દ્રિય, શ્વાસોચ્છવાસ અને ભાષામનઃ પર્યાપ્તિ. આ પાંચ પર્યાપ્તિઓથી પર્યાપ્ત થવા પર તિષ્યક દેવના સામાનિક પરિષદના દેવોએ, બંને હાથ જોડીને, દશે આંગળીઓના નખોને ભેગા કરીને, મસ્તક પર અંજલિ કરીને તેમને જય–વિજય શબ્દોથી વધાવ્યા. ત્યાર પછી તેઓએ કહ્યું– અહો, આપ દેવાનુપ્રિયને આ દિવ્ય દેવઋદ્ધિ, દિવ્ય દેવકાંતિ અને દિવ્ય દેવ પ્રભાવ મળ્યા છે, પ્રાપ્ત થયા છે, સમ્મુખ થયા છે. હે દેવાનુપ્રિય ! જેવી દિવ્ય દેવઋદ્ધિ આદિ આપ દેવાનુપ્રિયને પ્રાપ્ત થઈ છે, તેવી જ દિવ્ય દેવઋદ્ધિ આદિ દેવેન્દ્ર દેવરાજ શક્રને પ્રાપ્ત છે. જેવી દિવ્ય દેવઋદ્ધિ દેવેન્દ્ર દેવરાજ શક્રને પ્રાપ્ત થઈ છે, તેવી જ દિવ્ય દેવઋદ્ધિ આદિ આપ દેવાનુપ્રિયને પણ પ્રાપ્ત થઈ છે.

પ્રશ્ન– (ત્યાર પછી અગ્નિભૂતિ અણગારે ભગવાનને પ્રશ્ન કર્યો) હે ભગવન્ ! તે તિષ્યક દેવની ઋદ્ધિ અને વૈક્રિય શક્તિ કેટલી છે ?

ઉત્તર– હે ગૌતમ ! તે તિષ્યક દેવ મહાઋદ્ધિ તેમજ મહાપ્રભાવ આદિથી સંપન્ન છે. તે પોતાના વિમાન ઉપર, ૪૦૦૦ સામાનિક દેવો, પરિવાર સહિત ચાર અગ્રમહિષીઓ, ત્રણ પરિષદ, સાત સેના, સાત સેનાધિપતિ, ૧૬,૦૦૦ આત્મરક્ષક દેવો તથા અન્ય અનેક વૈમાનિક દેવો અને દેવીઓ ઉપર આધિપત્ય કરતા વિચરે છે. તે તિષ્યક દેવ આ પ્રકારે મહાઋદ્ધિ આદિથી તથા વૈક્રિય સામર્થ્ય સંપન્ન છે. યુવાન યુવતીના દષ્ટાંતાનુસાર અને આરાથી યુક્ત નાભિના દષ્ટાંતાનુસાર તેનું વૈક્રિય સામર્થ્ય શક્રેન્દ્રની સમાન છે. હે ગૌતમ ! તિષ્યક દેવની જે વૈક્રિય શક્તિ કહી છે, તે તેનો વિષય છે, વિષયમાત્ર છે, પરંતુ સંપ્રાપ્તિ દ્વારા તેણે ક્યારે ય વિકુર્વણા કરી નથી, કરતા નથી અને કરશે પણ નહીં.

**१२ जइ णं भंते ! तीसए देवे महिड्ढीए** *जाव* **एवइयं च णं पभू विउव्वित्तए, सक्कस्स णं भंते ! देविंदस्स देवरण्णो अवसेसा सामाणिया देवा के महिड्ढीया ?**

**तहेव सव्वं** *जाव* **एस णं गोयमा ! सक्कस्स देविंदस्स देवरण्णो**

**एगमेगस्स सामाणियस्स देवस्स इमेयारूवे विसए विसयमेत्ते बुइए, णो चेव णं संपत्तीए विउव्विंसु वा विउव्वंति वा विउव्विस्संति वा, तायत्तीसा य लोगपाल अग्गमहिसीणं जहेव चमरस्स, णवरं–दो केवलकप्पे जंबूदीवे दीवे, अण्णं तं चेव ॥ सेवं भंते ! सेवं भंते ! ॥**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! તે તિષ્યક દેવ આ પ્રકારે મહાૠદ્ધિ આદિથી અને વૈક્રિય શક્તિથી સંપન્ન છે, તો દેવેન્દ્ર દેવરાજ શક્રના અન્ય સર્વ સામાનિક દેવ કેવી મહાૠદ્ધિ આદિ તથા વૈક્રિય શક્તિથી સંપન્ન છે ?

ઉત્તર– હે ગૌતમ ! જે રીતે તિષ્યક દેવનું કથન કર્યું, તે જ રીતે શક્રેન્દ્રના સર્વ સામાનિક દેવોના વિષયમાં જાણવું જોઈએ, પરંતુ હે ગૌતમ ! તે વૈક્રિય શક્તિ તેનો વિષયમાત્ર છે, સમ્પ્રાપ્તિ દ્વારા તેઓએ ક્યારે ય આ પ્રકારે વિકુર્વણા કરી નથી, કરતા નથી અને કરશે પણ નહી.

શક્રેન્દ્રના ત્રાયસ્ત્રિંશક દેવ, લોકપાલ અને અગ્રમહિષીઓનું કથન ચમરેન્દ્રની સમાન જાણવું જોઈએ. તેમાં વિશેષતા એ છે કે તે પોતાના વૈક્રિયકૃત રૂપોથી સંપૂર્ણ બે જંબૂદ્વીપને ભરવામાં સમર્થ છે. શેષ સંપૂર્ણ વર્ણન ચમરેન્દ્રની સમાન છે.

હે ભગવન્ ! આ ભાવ આ જ પ્રકારે છે, હે ભગવન્ ! આ ભાવ આ જ પ્રકારે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં શક્રેન્દ્રના સામાનિક દેવની ૠદ્ધિ અને વૈક્રિયશક્તિ વિષયક પ્રશ્નોત્તર છે.

અગ્નિભૂતિ અણગારે પોતાના પરિચિત તિષ્યક નામક અણગાર જે સમાધિપૂર્વક કાલધર્મને પામીને શક્રેન્દ્રના સામાનિક દેવરૂપે ઉત્પન્ન થયા છે, તેના વિષયમાં પ્રભુને પ્રશ્ન પૂછ્યો છે. તેના અનુસંધાનમાં પ્રભુએ દેવની ઉત્પત્તિની પ્રક્રિયા સ્પષ્ટ કરી છે.

**દેવ–ઉત્પત્તિની પ્રક્રિયા :–** દેવોના ઉત્પત્તિ સ્થાનને ઉપપાત સભા કહે છે. તે ઉપપાત સભામાં દિવ્ય દેવદૂષ્યથી આચ્છાદિત દેવ શયનીય–શૈય્યામાં અંગુલના અસંખ્યાતમા ભાગની અવગાહના પ્રમાણ ક્ષેત્રમાં, ઉપપાત જન્મથી દેવ ઉત્પન્ન થાય છે. કર્મબદ્ધ તે જીવ આહારાદિના ગ્રહણથી શરીરનું નિર્માણ સ્વયં કરે છે. ક્રમશઃ આહાર, શરીર, ઈન્દ્રિય, શ્વાસોચ્છવાસ અને ભાષા મનઃ પર્યાપ્તિઓથી પૂર્ણ થાય ત્યારે તેને પર્યાપ્ત કહે છે. પર્યાપ્તિઓ છ હોવા છતાં પણ દેવોમાં ભાષા અને મનઃ પર્યાપ્તિ સાથે પૂર્ણ થાય છે તેથી તેમાં પાંચ પર્યાપ્તિઓનું કથન છે.

**लद्धे पत्ते अभिसमण्णागए** ના વિશેષાર્થ– **लद्धे** = લબ્ધ. પૂર્વ જન્મમાં તેનું ઉપાર્જન કર્યું હતું, તેથી લબ્ધ–લાભ પ્રાપ્ત થયો,. **पत्ते** = પ્રાપ્ત થયા, દેવભવની અપેક્ષાએ પ્રાપ્ત થયા છે,

**अभिसमण्णागए** = અભિસમન્વાગત–પ્રાપ્ત થયેલા ભોગાદિ સાધનોને ઉપયોગની અપેક્ષાએ અભિમુખ–સમ્મુખ થયા છે. ભોગ્ય બનાવ્યા છે.

સામાનિક દેવોની ઋદ્ધિ અને વૈક્રિય શક્તિ ઈન્દ્રની સમાન હોય છે. તેના લોકપાલ, ત્રાયસ્ત્રિંશક આદિ દેવોનું કથન ચમરેન્દ્રની સમાન છે અર્થાત્ વૈક્રિયકૃત રૂપોથી સંખ્યાત દ્વીપ–સમુદ્ર જેટલા ક્ષેત્રને વ્યાપ્ત કરવાની શક્તિમાત્ર છે.

## ઈશાનેન્દ્રની ઋદ્ધિ અને વૈક્રિય શક્તિ :–

**१३ भंते ! त्ति भगवं तच्चे गोयमे वाउभूई अणगारे समणं भगवं *जाव* एवं वयासी– जइ णं भंते ! सक्के देविंदे देवराया एवं महिड्ढीए *जाव* एवइयं च णं पभू विउव्वित्तए, ईसाणे णं भंते ! देविंदे देवराया के महिड्ढीए ?**

**एवं तहेव, णवरं साहिए दो केवलकप्पे जंबूदीवे दीवे, अवसेसं तहेव ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– 'હે ભગવન્' ! આ પ્રમાણે સંબોધન કરીને તૃતીય ગણધર ગૌતમ વાયુભૂતિ અણગારે શ્રમણ ભગવાન મહાવીર સ્વામીને વંદન નમસ્કાર કરીને આ પ્રમાણે કહ્યું, હે ભગવન્ ! જો દેવેન્દ્ર દેવરાજ શક્ર આ પ્રકારે મહાઋદ્ધિ આદિથી સંપન્ન છે, વિકુર્વણા કરવામાં સમર્થ છે, તો દેવેન્દ્ર દેવરાજ ઈશાન કેવી ઋદ્ધિથી સંપન્ન છે, કેટલી વિકુર્વણા કરવામાં સમર્થ છે ?

ઉત્તર– હે ગૌતમ ! જે રીતે શક્રેન્દ્રનું કથન કર્યું, તે જ રીતે ઈશાનેન્દ્રનું સંપૂર્ણ વર્ણન કરવું જોઈએ. વિશેષતા એ છે કે તે પોતાના વૈક્રિયકૃત રૂપોથી સંપૂર્ણ બે જંબૂદ્વીપથી કંઈક અધિક ક્ષેત્રને વ્યાપ્ત કરે છે, શેષ વર્ણન પૂર્વવત્ જાણવું જોઈએ.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રમાં ઈશાનેન્દ્રની ઋદ્ધિ આદિનું કથન શક્રેન્દ્રની સમાન કહ્યું છે. શક્રેન્દ્ર અને ઈશાનેન્દ્રમાં અનેક પ્રકારની સામ્યતા હોવાથી શાસ્ત્રકારે તે પ્રમાણે કથન કર્યું છે. પરંતુ તેમાં કેટલીક ભિન્નતા પણ છે. યથા–ઈશાનેન્દ્રને ૨૮ લાખ વિમાન, ૮૦,૦૦૦ સામાનિક દેવ, ૩,૨૦,૦૦૦ (ત્રણ લાખ વીસ હજાર) આત્મરક્ષક દેવો છે. તેમ જ તેની વૈક્રિય શક્તિ પણ શક્રેન્દ્રથી કંઈક અધિક છે તે સાધિક બે જંબૂદ્વીપ જેટલા ક્ષેત્રને પોતાના વૈક્રિયકૃત રૂપોથી વ્યાપ્ત કરે છે.

## કુરુદત્ત અણગાર

પ્રભુ મહાવીરના અંતેવાસી શિષ્ય કુરુદત્તપુત્ર અણગાર હતા. દેહાધ્યાસને તોડવા માટે તે અટ્ઠમના પારણે અટ્ઠમ અને પારણામાં આયંબિલ કરતા હતા. ઉપરાંત સૂર્યની સન્મુખ આતાપના લેતા હતા. આ

રીતે ઉગ્રતપ સાધના પૂર્વક છ માસની ચારિત્ર પર્યાયનું પાલન કરી, અંતે ૧૫ દિવસનું અનશન કરી, સમાધિભાવે કાલધર્મ પામ્યા અને ઈશાનેન્દ્રના સામાનિક દેવ–કુરુદત્ત દેવ તરીકે ઉત્પન્ન થયા.

## કુરુદત્ત દેવની ઋદ્ધિ અને વૈક્રિય શક્તિ :-

**૧૪ जइ णं भंते ! ईसाणे देविंदे देवराया एमहिड्ढीए** *जाव* **एवइयं च णं पभू विउव्वित्तए, एवं खलु देवाणुप्पियाणं अंतेवासी कुरुदत्तपुत्ते अणगारे पगइभद्दए,** *जाव* **विणीए, अट्ठमंअट्ठमेणं अणिक्खित्तेणं पारणए आयंबिलपरिग्गहिएणं तवोकम्मेणं उड्ढं बाहाओ पगिज्झिय पगिज्झिय सूराभिमूहे आयावणभूमिए आयावेमाणे बहुपडिपुण्णे छम्मासे सामण्णपरियागं पाउणित्ता, अद्धमासियाए संलेहणाए अत्ताणं झूसित्ता, तीसं भत्ताइं अणसणाइं छेदित्ता, आलोइयपडिक्कंते, समाहिपत्ते कालमासे कालं किच्चा ईसाणे कप्पे सयंसि विमाणंसि, जा चेव तीसए वत्तव्वया सच्चेव अपरिसेसा कुरुदत्तपुत्ते वि । णवरं साइरेगे दो केवलकप्पे जंबूदीवे दीवे, अवसेसं तं चेव । एवं सामाणिय–तायत्तीसग–लोगपाल–अग्गमहिसीणं** *जाव* **एस णं गोयमा ! ईसाणस्स देविंदस्स देवरण्णो एवं एगमेगाए अग्गमहिसीए देवीए अयमेयारूवे विसए विसयमेत्ते बुइए, णो चेव णं संपत्तीए विउव्विसु वा विउव्वंति वा विउव्विस्संति वा ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! જો દેવેન્દ્ર દેવરાજ ઈશાન આ પ્રકારની મહાઋદ્ધિ આદિથી સંપન્ન છે, આ પ્રકારે વૈક્રિય શક્તિથી સંપન્ન છે, તો પ્રકૃતિથી ભદ્ર, વિનીત આદિ ગુણ સંપન્ન તથા નિરંતર અઠ્ઠમ–અઠ્ઠમની તપસ્યા અને પારણામાં આયંબિલ, આ પ્રકારની કઠિન તપસ્યાથી આત્માને ભાવિત કરતા, બંને હાથ ઊંચા રાખીને, સૂર્યની સન્મુખ મુખ રાખીને આતાપના ભૂમિમાં આતાપના લેતા, આપના અંતેવાસી શિષ્ય કુરુદત્ત પુત્ર નામક અણગાર, પૂર્ણ છ માસની શ્રમણ પર્યાયનું પાલન કરીને, પંદર દિવસની સંલેખનાથી પોતાના આત્માને ઝૂષિત કરીને, ત્રીસ ભક્ત અનશનનું છેદન કરીને, આલોચના અને પ્રતિક્રમણ કરીને, સમાધિપૂર્વક કાલના સમયે કાલધર્મ પામીને, ઈશાન કલ્પમાં પોતાના વિમાનમાં ઈશાનેન્દ્રના સામાનિક દેવરૂપે ઉત્પન્ન થયા છે, ઈત્યાદિ સંપૂર્ણ વર્ણન તિષ્યક દેવની સમાન કુરુદત્ત પુત્ર દેવનું પણ જાણવું. તો હે ભગવન્ ! તે કુરુદત્તપુત્ર દેવ, કેવી મહાઋદ્ધિથી સંપન્ન તેમજ કેટલી વૈક્રિય શક્તિથી સંપન્ન છે ?

ઉત્તર– હે ગૌતમ ! પૂર્વવત્ તિષ્યક દેવની સમાન જાણવું. વિશેષતા એ છે કે કુરુદત્તપુત્ર દેવ, પોતાના વૈક્રિયકૃત રૂપોથી સંપૂર્ણ બે જંબૂદ્વીપથી કંઈક અધિક ક્ષેત્રને વ્યાપ્ત કરવામાં સમર્થ છે. આ રીતે અન્ય સામાનિક દેવ, ત્રાયસ્ત્રિંશક દેવ, લોકપાલ અને અગ્રમહિષીઓના વિષયમાં પણ જાણવું. હે

ગૌતમ ! દેવેન્દ્ર દેવરાજ ઈશાનની અગ્રમહિષીઓની આ વિકુર્વણા શક્તિ છે, તે કેવલ વિષય છે, વિષયમાત્ર છે પરંતુ સમ્પ્રાપ્તિ દ્વારા ક્યારે ય આટલી વિકુર્વણા કરી નથી, કરતા નથી અને કરશે પણ નહીં.

## સનત્કુમારેન્દ્રથી અચ્યુતેન્દ્ર સુધીની ઋદ્ધિ :–

**૧૫ एवं सणंकुमारे वि, णवरं चत्तारि केवलकप्पे जंबूदीवे दीवे, अदुत्तरं च णं तिरियमसंखेज्जे । एवं सामाणिय–तायत्तीस–लोगपाल [अग्गमहिसीणं] असंखेज्जे दीवसमुद्दे सव्वे विउव्वंति । सणंकुमाराओ आरद्धा उवरिल्ला लोगपाला सव्वे वि असंखेज्जे दीव–समुद्दे विउव्वंति । एवं माहिंदे वि णवरं–सातिरेगे चत्तारि केवलकप्पे जंबूदीवे दीवे । एवं बंभलोए वि, णवरं–अट्ठ केवलकप्पे । एवं लंतए वि, णवरं साइरेगे अट्ठ केवलकप्पे । महासुक्के सोलस केवलकप्पे । सहस्सारे साइरेगे सोलस । एवं पाणए वि, णवरं बत्तीसं केवलकप्पे । एवं अच्चुए वि, णवरं साइरेगे बत्तीसं केवलकप्पे जंबूदीवे दीवे, अण्णं तं चेव ॥ सेवं भंते ! सेवं भंते! ॥**

**ભાવાર્થ** :– આ જ રીતે સનત્કુમાર આદિ દેવલોકોના વિષયમાં પણ જાણવું જોઈએ. વિશેષતા એ છે કે સનત્કુમાર દેવલોકના દેવ સંપૂર્ણ ચાર જંબૂદ્વીપ જેટલા ક્ષેત્રને અને તિરછા અસંખ્યાત દ્વીપ–સમુદ્રો જેટલા ક્ષેત્રને પોતાના વૈક્રિયકૃત રૂપોથી વ્યાપ્ત કરવામાં સમર્થ છે, આ જ રીતે સામાનિક દેવ, ત્રાયસ્ત્રિંશક દેવ, લોકપાલ અને અગ્રમહિષીઓ, આ સર્વ અસંખ્યાત દ્વીપ–સમુદ્રો જેટલા ક્ષેત્રને વ્યાપ્ત કરવામાં સમર્થ છે. સનત્કુમારથી ઉપરના સર્વ લોકપાલ અસંખ્ય દ્વીપ સમુદ્રો જેટલા ક્ષેત્રને વ્યાપ્ત કરવામાં સમર્થ છે. આ જ રીતે માહેન્દ્ર નામક ચોથા દેવલોકના વિષયમાં પણ સમજવું જોઈએ. વિશેષતા એ છે કે તે સંપૂર્ણ ચાર જંબૂદ્વીપથી કંઈક અધિક ક્ષેત્રને વ્યાપ્ત કરવામાં સમર્થ છે. તે જ રીતે બ્રહ્મલોક નામક પાંચમા દેવલોકના વિષયમાં પણ જાણવું, વિશેષતા એ છે કે તે સંપૂર્ણ આઠ જંબૂદ્વીપ જેટલા ક્ષેત્રને વ્યાપ્ત કરવામાં સમર્થ છે. આ જ રીતે લાન્તક નામક છટ્ઠા દેવલોકના વિષયમાં જાણવું, વિશેષતા એ છે કે તે સાધિક આઠ જંબૂદ્વીપને વ્યાપ્ત કરવામાં સમર્થ છે. આ જ રીતે સાતમા મહાશુક્ર દેવલોકના વિષયમાં પણ જાણવું જોઈએ, વિશેષતા એ છે કે તે સંપૂર્ણ સોળ જંબૂદ્વીપ જેટલા ક્ષેત્રને વ્યાપ્ત કરવામાં સમર્થ છે. આ જ રીતે આઠમા સહસ્રાર નામક દેવલોકના વિષયમાં પણ જાણવું. વિશેષતા એ છે કે તે સોળ જંબૂદ્વીપથી કંઈક અધિક ક્ષેત્રને વ્યાપ્ત કરવામાં સમર્થ છે. આ જ રીતે પ્રાણત દેવલોકના વિષયમાં પણ જાણવું જોઈએ. વિશેષતા એ છે કે તે બત્રીસ જંબૂદ્વીપ જેટલા ક્ષેત્રને વ્યાપ્ત કરવામાં સમર્થ છે. આ જ રીતે અચ્યુત દેવલોકના વિષયમાં પણ જાણવું. વિશેષતા એ છે કે તે સંપૂર્ણ બત્રીસ જંબૂદ્વીપથી કંઈક અધિક ક્ષેત્રને વ્યાપ્ત કરવામાં સમર્થ છે. શેષ વર્ણન પૂર્વવત્ જાણવું. હે ભગવન્ ! આ ભાવ આ જ પ્રકારે છે, હે ભગવન્ ! આ ભાવ આ જ પ્રકારે છે.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રમાં સનત્કુમારેન્દ્રથી અચ્યુતેન્દ્ર પર્યંતના ઈન્દ્રોની વૈક્રિય શક્તિનો ઉલ્લેખ કર્યો છે.

**'अग्गमहिसीणं'** :– મૂળપાઠમાં સનત્કુમારેન્દ્રની ઋદ્ધિમાં આ **'अग्गमहिसीणं'**શબ્દ છે. પરંતુ બીજા દેવલોકથી ઉપરના દેવલોકમાં દેવીની ઉત્પત્તિ નથી. પ્રથમ દેવલોકની ૧૦ પલ્યોપમની સ્થિતિવાળી અપરિગૃહિતા દેવી ત્યાં જાય છે અને તે ત્રીજા દેવલોકના ઈન્દ્ર માટે ભોગ્યા બને છે. પલ્યોપમની સ્થિતિ વાળી દેવીઓની વૈક્રિય શક્તિ સંખ્યાત દ્વીપ સમુદ્રોને વ્યાપ્ત કરવાની જ હોય છે. પરંતુ મૂળપાઠમાં 'અસંખ્યાત દ્વીપ–સમુદ્ર' જેટલા વિષયનો પ્રસંગ છે, તે ઉચિત નથી. તેથી અહીં પાઠમાં **अग्गमहिसीणं** શબ્દ પ્રમાદાપતિત સંભવિત છે. ત્યાર પછીના પાઠમાં લોકપાલ માટે અસંખ્યાત દ્વીપ–સમુદ્રોનો વિષય કહ્યો છે. તેમાં અગ્રમહિષીઓનું ગ્રહણ કર્યું નથી. આ રીતે વિચારતાં સ્પષ્ટ થાય છે કે **'अग्गमहिसी'** શબ્દ પ્રયોગ **प्रमादापतित**–[લિપિ દોષ] છે. માટે સૂત્રપાઠમાં કૌંસ કર્યો છે.

### વૈમાનિક દેવોના ઈન્દ્રોની ઋદ્ધિ અને વૈક્રિયશક્તિ

| દેવલોક | ઈન્દ્ર | વિમાનાવાસ | સામાનિકદેવો | આત્મરક્ષકદેવો | વૈક્રિય શક્તિ |
|---|---|---|---|---|---|
| સૌધર્મ | શક્રેન્દ્ર | ૩૨ લાખ | ૮૪,૦૦૦ | ૩,૩૬,૦૦૦ | ૨ જંબૂદ્વીપ |
| ઈશાન | ઈશાનેન્દ્ર | ૨૮ લાખ | ૮૦,૦૦૦ | ૩,૨૦,૦૦૦ | સાધિક ૨ |
| સનત્કુમાર | સનત્કુમારેન્દ્ર | ૧૨ લાખ | ૭૨,૦૦૦ | ૨,૮૮,૦૦૦ | ૪ |
| માહેન્દ્ર | માહેન્દ્ર | ૮ લાખ | ૭૦,૦૦૦ | ૨,૮૦,૦૦૦ | સાધિક ૪ |
| બ્રહ્મલોક | બ્રહ્મલોકેન્દ્ર | ૪ લાખ | ૬૦,૦૦૦ | ૨,૪૦,૦૦૦ | ૮ |
| લાન્તક | લાન્તકેન્દ્ર | ૫૦ હજાર | ૫૦,૦૦૦ | ૨,૦૦,૦૦૦ | સાધિક ૮ |
| મહાશુક્ર | મહાશુક્રેન્દ્ર | ૪૦ હજાર | ૪૦,૦૦૦ | ૧,૬૦,૦૦૦ | ૧૬ |
| સહસ્રાર | સહસ્રારેન્દ્ર | ૬ હજાર | ૩૦,૦૦૦ | ૧,૨૦,૦૦૦ | સાધિક ૧૬ |
| આનત<br>પ્રાણત | પ્રાણતેન્દ્ર | ૪૦૦ | ૨૦,૦૦૦ | ૮૦,૦૦૦ | ૩૨ |
| આરણ<br>અચ્યુત | અચ્યુતેન્દ્ર | ૩૦૦ | ૧૦,૦૦૦ | ૪૦,૦૦૦ | સાધિક ૩૨ |

**નોંધ :–** પહેલા બીજા દેવલોકમાં આઠ–આઠ અગ્રમહિષી છે. તે પછીના દેવલોકમાં અગ્રમહિષી નથી.

પ્રસ્તુત પ્રશ્નોત્તરમાં શક્રેન્દ્ર, સનત્કુમારેન્દ્ર આદિ એકાંતરિક પાંચ ઈન્દ્ર વિષયક પ્રશ્નો અગ્નિભૂતિ અણગારે અને ઈશાનેન્દ્ર આદિ શેષ પાંચ ઈન્દ્ર વિષયક પ્રશ્નો વાયુભૂતિ અણગારે પૂછ્યા છે.

## ઈશાનેન્દ્રનું પ્રભુ સમીપે આગમન :–

**१६** **तए णं समणे भगवं महावीरे अण्णया कयाइं मोयाओ णयरीओ णंदणाओ**

**चेइयाओ पडिणिक्खमइ, पडिणिक्खमित्ता बहिया जणवयविहारं विहरइ । तेणं कालेणं तेणं समएणं रायगिहे णामं णयरे होत्था । वण्णओ ।** *जाव* **परिसा पज्जुवासइ । तेणं कालेणं तेणं समएणं ईसाणे देविंदे देवराया, सूलपाणी, वसहवाहणे, उत्तरड्ढलोगाहिवई, अट्ठावीसविमाणावाससयसहस्साहिवई, अरयंबरवत्थधरे, आलइयमालमउडे, णवहेमचारुचित्तचंचलकुंडलविलिहिज्जमाणगंडे** *जाव* **दस दिसाओ उज्जोवेमाणे पभासेमाणे; ईसाणे कप्पे, ईसाणवडिंसए विमाणे, जहेव रायप्पसेणइज्जे** *जाव* **दिव्वं देविड्ढिं** *जाव* **उवदंसित्ता जामेव दिसिं पाउब्भूए तामेव दिसिं पडिगए ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– તત્પશ્ચાત્ ક્યારેક શ્રમણ ભગવાન મહાવીર સ્વામી 'મોકા' નગરીના નંદન નામના ઉદ્યાનમાંથી બહાર નીકળીને જનપદમાં વિચરવા લાગ્યા, તે કાલે, તે સમયે રાજગૃહ નામનું નગર હતું. નગરીનું વર્ણન ચંપાનગરીની જેમ સમજવું. ભગવાન ત્યાં પધાર્યા, પરિષદ ભગવાનની પર્યુપાસના કરવા ગઈ. ત્યાં સુધીનું વર્ણન ગ્રહણ કરવું.

તે કાલે, તે સમયે દેવેન્દ્ર દેવરાજ શૂલપાણિ [હાથમાં શૂલ ધારણ કરનાર], વૃષભના વાહનવાળા, ઉત્તરાર્દ્ધ લોકના અધિપતિ, ૨૮ લાખ વિમાનવાસના સ્વામી, આકાશ સમાન રજ રહિત નિર્મલ વસ્ત્રને ધારણ કરનાર, માળાથી સુશોભિત, મસ્તક પર મુગટ ધારણ કરનાર, સુવર્ણના નવીન, સુંદર, વિચિત્ર અને ચંચલ કુંડલોથી સુશોભિત મુખવાળા વગેરે વિશેષણ યુક્ત દશે દિશાઓને પ્રકાશિત કરતા ઈશાનેન્દ્ર, ઈશાન કલ્પના ઈશાનાવતંસક વિમાનમાં રાયપસેણીય સૂત્રમાં કહ્યાનુસાર, દિવ્ય દેવ ઋદ્ધિનો અનુભવ કરતા હતા. તે [દેવ] ભગવાનના દર્શન કરવા માટે આવ્યા, અને બત્રીસ પ્રકારના નાટક બતાવી જે દિશામાંથી આવ્યા હતા, તે દિશામાં પાછા ગયા.

**१७ भंते ! त्ति, भगवं गोयमे समणं भगवं महावीरं वंदइ णमंसइ, वंदित्ता णमंसित्ता एवं वयासी– अहो णं भंते ! ईसाणे देविंदे देवराया महिड्ढीए** *जाव* **महाणुभागे । ईसाणस्स णं भंते ! सा दिव्वा देविड्ढी कहिं गया ? कहिं अणुपविट्ठा?**

**गोयमा ! सरीरं गया, सरीरं अणुपविट्ठा ।**

**से केणट्ठेणं भंते ! एवं वुच्चइ– सरीरं गया ? सरीरं अणुपविट्ठा ?**

**गोयमा ! से जहाणामए कूडागारसाला सिया दुहओ लित्ता, गुत्ता, गुत्तदुवारा णिवाया णिवायगंभीरा, तीसे णं कूडागारसालाए एवं दिट्ठंतो भाणियव्वो ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી હે ભગવન્ ! આ પ્રકારે સંબોધિત કરીને ગૌતમ સ્વામીએ શ્રમણ ભગવાન મહાવીર સ્વામીને વંદન નમસ્કાર કરીને આ પ્રમાણે પૂછ્યું કે, હે ભગવન્ ! અહો ! દેવેન્દ્ર દેવરાજ ઈશાન આ પ્રકારે મહાઋદ્ધિ સંપન્ન તેમજ મહાભાગ્યશાળી છે. હે ભગવન્ ! ઈશાનેન્દ્રની તે દિવ્ય દેવઋદ્ધિ ક્યાં

ગઈ અને ક્યાં પ્રવિષ્ટ થઈ ?

ઉત્તર– હે ગૌતમ ! તે દિવ્ય દેવ ઋદ્ધિ શરીરમાં ગઈ અને શરીરમાં પ્રવિષ્ટ થઈ ગઈ.

પ્રશ્ન–હે ભગવન્ ! તેનુ શું કારણ છે કે તે દિવ્ય દેવઋદ્ધિ તેના શરીરમાં ગઈ અને તેના શરીરમાં પ્રવિષ્ટ થઈ ?

ઉત્તર– હે ગૌતમ ! જે રીતે કોઈ કૂટાકારશાળા હોય, જે બંને તરફથી લિપ્ત હોય, ગુપ્ત હોય, ગુપ્ત દ્વારવાળી હોય, પવન રહિત હોય, પવનના પ્રદેશથી રહિત અને ગંભીર હોય, તેવી કૂટાકારશાળાનું દષ્ટાંત અહીં કહેવું.

## વિવેચન :-

પ્રસ્તુત સૂત્રમાં ઈશાનેન્દ્રનું પ્રભુ પાસે કેવી રીતે આગમન થયું ? અને પ્રભુ સમીપે આવીને તે દેવે શું કર્યું ? તેનું નિરૂપણ છે.

**ઈશાનેન્દ્રનું પ્રભુ પાસે આગમન :–** અહીં રાજપ્રશ્નીય સૂત્રમાં વર્ણિત સૂર્યાભદેવના અતિદેશ પૂર્વક વર્ણન છે. કોઈ પણ દેવ જ્યારે પ્રભુ પાસે આવે ત્યારે પ્રાયઃ દિવ્ય દેવ ઋદ્ધિનું દર્શન કરાવતા, પોતાના પરિવાર સાથે આવે છે.

ઈશાનેન્દ્રે દેવલોકમાંથી અવધિજ્ઞાનનો ઉપયોગ મૂકીને જોયું કે પ્રભુ રાજગૃહીમાં પધાર્યા છે. ત્યાં સ્વયં આસન પરથી ઊઠી, સાત–આઠ કદમ ચાલીને પ્રભુને ભાવ વંદન કર્યા. ત્યાર પછી આભિયોગિક દેવો દ્વારા અન્ય દેવોને પ્રભુ સમીપે જવાની સૂચના આપી. રાજગૃહી નગરીમાં એક યોજનનું ક્ષેત્ર સાફ કરાવ્યું. સમસ્ત દેવ–દેવીઓથી પરિવૃત્ત થઈને એક લાખ યોજનના વિમાનમાં બેસીને નીકળ્યા. નંદીશ્વર દ્વીપમાં જઈને તે વિમાન મૂકીને, અન્ય નાના વિમાનની વિકુર્વણા કરી, તેમાં બેસીને રાજગૃહીમાં પ્રભુના સમોસરણમાં આવ્યા. જમીનથી ચાર અંગુલ ઉપર વિમાનને સ્થિત કરી, નીચે ઉતરી, ભક્તિભાવ પૂર્વક ત્રણ પ્રદક્ષિણા પૂર્વક પ્રભુને વંદન–નમસ્કાર કર્યા.

પ્રભુનો ધર્મોપદેશ સાંભળીને, ગૌતમાદિ ગણધર તેમજ અન્ય મહાન પરિષદને ૩૨ પ્રકારના નાટક બતાવવાનું નિવેદન કર્યું, પ્રભુના ઉત્તરની અપેક્ષા રાખ્યા વિના જ વૈક્રિય પ્રયોગથી, દિવ્યમંડપ, મણિપીઠિકા અને સિંહાસનની વિકુર્વણા કરી, સિંહાસન પર બેસી, બંને હાથમાંથી ૧૦૮–૧૦૮ દેવકુમાર અને દેવકુમારીઓની વિકુર્વણા કરી, ગીત અને વાદ્યો સાથે ૩૨ પ્રકારના નાટક બતાવીને ક્ષણમાત્રમાં ઋદ્ધિને સંકેલી, પ્રભુને વંદન નમસ્કાર કરીને સ્વસ્થાને ગયા.

**ગણધર ગૌતમની જિજ્ઞાસા અને પ્રભુ દ્વારા સમાધાન :–** ઈશાનેન્દ્ર પરિવાર સહિત આવ્યા. ૩૨ પ્રકારના નાટક બતાવીને અલ્પ સમયમાં ગયા. આ દશ્ય જોઈને ગૌતમે પ્રભુને પૂછ્યું, "હે પ્રભો ! તે દેવની દિવ્ય ઋદ્ધિ ક્યાં ગઈ" ? પ્રભુએ કહ્યું, તે ઋદ્ધિ તેના શરીરમાં જ પુનઃ પ્રવેશ પામી ગઈ. જે રીતે શિખર

બદ્ધ કૂટાગાર શાળા હોય, તેની આસપાસ અનેક મનુષ્યો ઊભા હોય, અચાનક ઘોર વરસાદ વરસતા જ સર્વ મનુષ્યો કૂટાકારશાળામાં પ્રવેશ કરી જાય તે રીતે ઈન્દ્રની દિવ્ય ઋદ્ધિ તેના જ શરીરમાં પ્રવિષ્ટ થઈ ગઈ.

## તામલી તાપસ : ઈશાનેન્દ્રનો પૂર્વભવ

આ જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં તામ્રલિપ્તી નામની નગરી હતી. તેમાં તામલી નામના મૌર્યપુત્ર ગાથાપતિ રહેતા હતા. પૂર્વપુણ્યના યોગે સર્વ અનુકૂળ સંયોગો વચ્ચે જીવન વ્યતીત થઈ રહ્યું હતું. એકદા તેને વિચાર આવ્યો કે પુણ્યનો પ્રયોગ જો પરમાર્થે થાય તો જ જીવનની સફળતા છે. આ વિચારોને ક્રિયાન્વિત કરતાં તેઓ જ્યેષ્ઠ પુત્રને કુટુંબનો ભાર સોંપીને, સ્વજનોની સંમતિપૂર્વક 'પ્રાણામા' પ્રવ્રજ્યા અંગીકાર કરી.

આ પ્રવ્રજ્યામાં રાજા, રંક, પશુ, પક્ષી, દેવ, દાનવ જે કોઈ દષ્ટિગોચર થાય તેને પ્રણામ કરવાની પદ્ધતિ હોય છે, તેથી તેને પ્રાણામા પ્રવ્રજ્યા કહે છે. પ્રવ્રજ્યા સ્વીકારના સમયે જ યાવજ્જીવન છઠના પારણે છઠ અને પારણામાં રાંધેલા ભાત ૨૧ વાર ધોઈને વાપરવા તે પ્રકારનો તેમણે સંકલ્પ કર્યો.

તાપલી તાપસ શુદ્ધ ભાવે સાધના કરી રહ્યા હતા. તે જ સમયે ચમરચંચા રાજધાનીમાં ઈન્દ્રનો વિરહ હતો. ત્યાંના દેવ–દેવીઓએ આવીને તામલી તાપસને પોતાના ઈન્દ્ર બનવાનું નિયાણુ કરવા માટે બહુમાન પૂર્વક વિનંતી કરી. પરંતુ તામલી તાપસ કોઈ પણ પ્રકારની સ્પૃહા વિના આત્મભાવમાં લીન રહ્યા.

૬૦,૦૦૦ વર્ષની તાપસ પર્યાય, બે માસનો સંથારો અને ઘોર બાલતપની આરાધના કરીને તામલી તાપસ ઈશાનેન્દ્ર તરીકે ઉત્પન્ન થયા.

ચમરચંચાના દેવોએ જ્યારે તામલી તાપસને ઈશાનેન્દ્ર તરીકે ઉત્પન્ન થયેલા જોયા ત્યારે તેઓ અત્યંત ક્રોધિત થયા અને તેના મૃતદેહને રસ્સીથી બાંધી, તેના પર થૂંકી ચારે બાજુ ઘસડવા લાગ્યા.

આ સર્વ પ્રક્રિયા ઈશાનેન્દ્રે પોતાના અવધિજ્ઞાનથી જોઈ અને તે પણ અત્યંત ક્રુદ્ધ બન્યા. તેણે તરત જ પોતાની તેજોલબ્ધિના પ્રભાવે ચમરચંચાને તપ્ત કરી નાંખી, તેથીત્યાંના દેવ દેવીઓ આકૂળ–વ્યાકૂળ અને ત્રસ્ત થઈ ગયા. અંતે સહુએ ઈશાનેન્દ્રની ક્ષમાયાચના કરી. ત્યારે ઈશાનેન્દ્રે પોતાની તેજોલબ્ધિને પાછી ખેંચી લીધી અને સહુ યથા સ્થાને શાંતિ અને સમાધિને પામ્યા.

ત્યારથી જ અસુરકુમાર દેવ દેવીઓ ઈશાનેન્દ્રનો આદર–સત્કાર, આજ્ઞાપાલન કરે છે. ઈશાનેન્દ્ર બે સાગરોપમની સ્થિતિ પૂર્ણ કરીને મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ ધારણ કરીને સિદ્ધગતિને પ્રાપ્ત થશે.

### ઈશાનેન્દ્રનો પૂર્વભવ : તામલી તાપસ :–

**१८ ईसाणेणं भंते ! देविंदेणं देवरण्णा सा दिव्वा देविड्ढी दिव्वा देवज्जुई**

**दिव्वे देवाणुभागे किण्णा लद्धे ? किण्णा पत्ते ? किण्णा अभिसमण्णागए ? के वा एस आसी पुव्वभवे ? किंणामए वा ? किंगोत्ते वा ? कयरंसि वा गामंसि वा णगरंसि वा** *जाव* **सण्णिवेसंसि वा ? किं वा सोच्चा ? किं वा दच्चा ? किं वा भोच्चा? किं वा किच्चा ? किं वा समायरित्ता ? कस्स वा तहारूवस्स वा समणस्स वा, माहणस्स वा अंतिए एगमवि आरियं, धम्मियं सुवयणं सोच्चा, णिसम्म ? जं णं ईसाणेणं देविंदेणं देवरण्णा सा दिव्वा देविड्ढी** *जाव* **अभिसमण्णागया ?**

**एवं खलु गोयमा ! तेणं कालेणं, तेणं समएणं इहेव जंबूदीवे दीवे, भारहे वासे, तामलित्ती णामं णयरी होत्था, वण्णओ । तत्थ णं तामलित्तीए णयरीए तामली णामं मोरियपुत्ते गाहावई होत्था– अड्ढे, दित्ते** *जाव* **बहुजणस्स अपरिभूए यावि होत्था । तए णं तस्स मोरियपुत्तस्स तामलिस्स गाहावइस्स अण्णया कयाइं पुव्वरत्तावरत्तकालसमयंसि कुटुंबजागरियं जागरमाणस्स इमेयारूवे अज्झत्थिए** *जाव* **समुप्पज्जित्था– अत्थि ता मे पुरा पोराणाणं सुचिण्णाणं सुपरिक्कंताणं सुभाणं कल्लाणाणं कडाणं कम्माणं कल्लाण–फलवित्तिविसेसे, जेणाहं हिरण्णेणं वड्ढामि, सुवण्णेणं वड्ढामि, धणेणं वड्ढामि, धण्णेणं वड्ढामि, पुत्तेहिं वड्ढामि, पसूहिं वड्ढामि, विपुलधण– कणग– रयण– मणि–मोत्तियं–संख– सिलप्पवाल–रत्तरयण–संतसारसावएज्जेणं अईव अईव अभिवड्ढामि ।**

**શબ્દાર્થ :– सुचिण्णाणं** = ઉત્તમ આચાર પાળીને, **सुपरिक्कंताणं** = શ્રેષ્ઠ પરાક્રમથી, **कल्लाण–फलवित्तिविसेसो** = કલ્યાણકારી ફળ વિશેષ.

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! દેવેન્દ્ર દેવરાજ ઈશાનને આ દિવ્ય દેવઋદ્ધિ, દિવ્ય દેવકાંતિ અને દિવ્ય દેવ પ્રભાવ કઈ રીતે મળ્યો, પ્રાપ્ત થયો, અભિસમન્વાગત–સન્મુખ થયો ? આ ઈશાનેન્દ્ર પૂર્વભવમાં કોણ હતા ? તેનું નામ શું હતું ? તેનું ગોત્ર કયુ હતું ? તે કયા ગામ, નગર, સન્નિવેશ આદિમાં રહેતા હતા ? તેણે શું સાંભળ્યું ? શું આપ્યું ? શું ભોગવ્યું ? શું કર્યું ? શું આચરણ કર્યું ? કયા તથારૂપના શ્રમણ અથવા માહણ પાસેથી એક પણ આર્ય અને ધાર્મિક વચન સાંભળ્યું હતું ? ધારણ કર્યું હતુ ? જેથી દેવેન્દ્ર દેવરાજ ઈશાનને આ દિવ્ય દેવઋદ્ધિ વગેરે મળ્યા છે, પ્રાપ્ત થયા છે અને સમ્મુખ આવ્યા છે ?

ઉત્તર– હે ગૌતમ ! તે કાલે, તે સમયે આ જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં તામ્રલિપ્તી નામની નગરી હતી, તેનું વર્ણન જાણવું. તે તામ્રલિપ્તી નગરીમાં તામલી નામના મૌર્યપુત્ર [મૌર્યવંશમાં ઉત્પન્ન]ગૃહપતિ રહેતા હતા. તે તામલી ગૃહપતિ ધનાઢય અને દીપ્તિવાન વગેરે ગુણોથી યુક્ત હતા. તે અનેક મનુષ્યો દ્વારા અપરાજિત હતા. કોઈ એક સમયે તે મૌર્યપુત્ર તામલી ગૃહપતિને રાત્રિના પાછલા પ્રહરમાં કુટુંબ જાગરણ

કરતાં આ પ્રકારનો વિચાર ઉત્પન્ન થયો કે મારા પૂર્વકૃત સુઆચરિત, સુપરાક્રમયુક્ત, શુભ અને કલ્યાણરૂપ કર્મોના કલ્યાણ ફળ રૂપ પ્રભાવ આ જ સુધી વિદ્યમાન છે, તે પુણ્ય પ્રભાવે મારા ઘરમાં હિરણ્ય–ચાંદી, સુવર્ણ, ધન, ધાન્ય વૃદ્ધિ પામી રહ્યા છે. હું પુત્રો, પશુઓ અને પુષ્કળ ધન, કનક, રત્ન, મણિ, મોતી, શંખ, ચંદ્રકાંત આદિ મણિ, પ્રવાલ આદિ દ્વારા વૃદ્ધિંગત થઈ રહ્યો છું.

## તામલી ગૃહપતિનો પ્રવ્રજ્યા સંકલ્પ :–

**૧૯** **तं किं णं अहं पुरा पोराणाणं, सुच्चिण्णाणं, *जाव* कडाणं कम्माणं एगंतसो खयं उवेहमाणे विहरामि ? तं जाव–ताव अहं हिरण्णेणं वड्ढामि *जाव* अईव अईव अभिवड्ढामि, जावं च णं मे मित्त–णाइ–णियगसंबंधि–परियणो आढाइ, परियाणाइ, सक्कारेइ, सम्माणेइ, कल्लाणं, मंगलं, देवयं, चेइयं विणएणं पज्जुवासइ, तावता मे सेयं कल्लं पाउप्पभायाए रयणीए *जाव* जलंते, सयमेव दारुमयं पडिग्गहं करेत्ता, विउलं असणं पाणं खाइमं साइमं उवक्खडावेत्ता, मित्त–णाइ–णियग–सयण– संबंधि–परियणं आमंतेत्ता, तं मित्त–णाइ–णियग– संबंधिपरियणं विउलेणं असण– पाण–खाइम–साइमेणं, वत्थ–गंध–मल्ला– लंकारेण य सक्कारेत्ता, सम्माणेत्ता तस्सेव मित्त–णाइ–णियग–संबंधि–परियणस्स पुरओ जेट्ठपुत्तं कुडुंबे ठावेत्ता, तं मित्त–णाइ– णियग–संबंधि–परियणं, जेट्ठपुत्तं च आपुच्छित्ता सयमेव दारुमयं पडिग्गहं गहाय मुंडे भवित्ता पाणामाए पव्वज्जाए पव्वइत्तए, पव्वइए वि य णं समाणे इमं एयारूवं अभिग्गहं अभिगिण्हिस्सामि कप्पइ मे जावज्जीवाए छट्ठंछट्ठेणं अणिक्खित्तेणं तवोकम्मेणं उड्ढं बाहाओ पगिज्झिय पगिज्झिय सूराभिमुहस्स आयावणभूमीए आयावेमाणस्स विहरित्तए, छट्ठस्स वि य णं पारणंसि आयावणभूमीओ पच्चोरुहित्ता सयमेव दारुमयं पडिग्गहं गहाय तामलित्तीए णयरीए उच्च–णीय–मज्झिमाइं कुलाइं घरसमुदाणस्स भिक्खायरियाए अडित्ता सुद्धोदणं पडिगाहेत्ता, तं तिसत्तक्खुत्तो उदएणं पक्खालेत्ता तओ पच्छा आहारं आहारित्तए' त्ति कट्टु एवं संपेहेइ ।**

**ભાવાર્થ :–** તે પૂર્વકૃત સુઆચરિત વગેરે પૂર્વના શુભ કર્મોનો નાશ થઈ રહ્યો છે, તેને જોવા છતાં પણ જો હું તેની ઉપેક્ષા કરું અર્થાત્ ભવિષ્યના લાભની ઉપેક્ષા કરું, તે મારા માટે શ્રેયસ્કર નથી. તેથી જ્યાં સુધી હું સોના, ચાંદી આદિ દ્વારા વૃદ્ધિને પ્રાપ્ત થઈ રહ્યો છું; જ્યાં સુધી મારા મિત્ર, જ્ઞાતિજન, કુટુંબીજન, દાસ, દાસી આદિ મારો આદર કરે છે; મને સ્વામી રૂપે સ્વીકારે છે; મારો સત્કાર અને સન્માન કરે છે; મને કલ્યાણરૂપ, મંગલરૂપ, દેવરૂપ, જ્ઞાનરૂપ માનીને વિનયપૂર્વક મારી સેવા કરે છે; ત્યાં સુધીમાં જ મારે મારું કલ્યાણ કરી લેવું જોઈએ, તે મારા માટે શ્રેયસ્કર છે. કાલે પ્રાતઃકાલનો પ્રકાશ થાય, તેમજ જ્વાજલ્યમાન

સૂર્યોદય થયા પછી હું સ્વયં પોતાના હાથે જ કાષ્ઠ પાત્ર બનાવી અને પર્યાપ્ત અશન, પાન, ખાદિમ અને સ્વાદિમરૂપ ચારે પ્રકારનો આહાર તૈયાર કરી; મારા મિત્ર, જ્ઞાતિજન, સ્વજન, સંબંધી અને દાસ–દાસી આદિ સર્વને નિમંત્રિત કરી; તેમને સન્માનપૂર્વક ચારે પ્રકારના આહારથી ભોજન કરાવી; વસ્ત્ર, સુગંધિત પદાર્થ, માળા અને આભૂષણ આદિ દ્વારા તેનો સત્કાર, સન્માન કરી; તે મિત્ર–જ્ઞાતિજનાદિ સમક્ષ મારા જ્યેષ્ઠ પુત્રને કુટુંબમાં સ્થાપિત કરી અર્થાત્ કુટુંબનો ભાર તેને સોંપીને અને તે મિત્ર, જ્ઞાતિજન, સ્વજન, પરિજન અને જયેષ્ઠપુત્રને પૂછીને, હું સ્વયં કાષ્ઠ પાત્ર લઈ, મુંડિત થઈને, 'પ્રાણામા' નામની પ્રવ્રજ્યા અંગીકાર કરીને, અભિગ્રહ ધારણ કરીશ કે "હું યાવજ્જીવન નિરંતર છઠ–છઠની તપસ્યા કરીશ, સૂર્યની સન્મુખ બંને હાથ ઊંચા રાખીને આતાપના ભૂમિમાં આતાપના લઈશ, છઠના પારણાના દિવસે આતાપના ભૂમિમાંથી નીચે ઉતરી; કાષ્ઠપાત્ર હાથમાં લઈ, તામ્રલિપ્તી નગરીમાં ઉચ્ચ, નિમ્ન અને મધ્યમ કુળ માંથી ભિક્ષાવિધિ દ્વારા શુદ્ધ ઓદન અર્થાત્ રાંધેલા ચોખા લાવી, તેને પાણીથી એકવીસ વાર ધોઈ, તેનો આહાર કરીશ. આ રીતે તે તામલી ગૃહપતિએ વિચાર કર્યો.

## પ્રાણામા પ્રવ્રજ્યાનો સ્વીકાર :-

**૨૦ संपेहित्ता, कल्लं पाउप्पभायाए *जाव* जलंते, सयमेव दारुमयं पडिग्गहं करेइ, करित्ता विउलं असण-पाण-खाइम-साइमं उवक्खडावेइ, उवक्खडावित्ता तओ पच्छा ण्हाए *जाव* सुद्धप्पावेसाइं मंगल्लाइं वत्थाइं पवरपरिहिए, अप्प महग्घाभरणालंकियसरीरे, भोयणवेलाए भोयणमंडवंसि सुहासणवरगए । तएणं मित्त-णाइ-णियग-सयण-संबंधि-परिजणेणं-सद्धिं तं विउलं असण-पाण-खाइमं साइमं आसाएमाणे वीसाएमाणे परिभाएमाणे परिभुंजेमाणे विहरइ । जिमियभुत्तुत्तरा- गए वि य णं समाणे आयंते चोक्खे परमसुइब्भूए, तं मित्तं *जाव* परियणं विउलेणं असण-पाण-खाइम- साइम- पुप्फ-वत्थ-गंध-मल्लालंक्कारेण य सक्कारेइ सम्माणेइ, तस्सेव मित्त-णाइ *जाव* परियणस्स पुरओ जेट्ठपुत्तं कुडुंबे ठावेइ, ठावेत्ता ते मित्त-णाइ *जाव* परियणं, जेट्ठं पुत्तं च आपुच्छइ, आपुच्छित्ता मुंडे भवित्ता पाणामाए पव्वज्जाए पव्वइए ।**

**ભાવાર્થ** :–ત્યાર પછી પ્રાતઃકાલે સૂર્યોદય પછી સ્વયં કાષ્ઠ(લાકડાના)પાત્ર બનાવીને, પર્યાપ્ત અશન, પાન, ખાદિમ, સ્વાદિમરૂપ ચારે પ્રકારનો આહાર તૈયાર કરાવ્યો; તૈયાર કરાવી, સ્નાન કરી, શુદ્ધ અને ઉત્તમ માંગલિક વસ્ત્રો પરિધાન કર્યા; અલ્પ ભારવાળા અને મહામૂલ્યવાન આભૂષણોથી શરીરને અલંકૃત કર્યું. ભોજનના સમયે તે તામલી ગૃહપતિ ભોજનખંડમાં આવીને, ઉત્તમ આસન પર સૂખપૂર્વક બેઠા, તત્પશ્ચાત્ મિત્ર, જ્ઞાતિજન, સ્વજન, સગા–સંબંધી અને દાસ–દાસી સાથે તે ચારે પ્રકારના આહારનો સ્વાદ લેતા, વિશેષ સ્વાદ લેતા, પરસ્પર દેતા અર્થાત્ જમાડતા અને સ્વયં જમતા તે તામલી ગૃહપતિ

વિચરવા લાગ્યા. જમ્યા પછી તેણે હાથ ધોયા, મુખ સાફ કર્યું, શુદ્ધ બન્યા. પછી તે મિત્ર આદિ સર્વ સ્વજન, સંબંધીનું વસ્ત્ર, સુગંધિત પદાર્થ અને માળા આદિથી સત્કાર અને સન્માન કર્યું. તે જ મિત્ર, જ્ઞાતિજન આદિ સમક્ષ પોતાના જયેષ્ઠ પુત્રને કુટુંબમાં સ્થાપિત કર્યો. અર્થાત્ કુટુંબનો ભાર તેને સોંપ્યો. પછી તે સર્વ સ્વજનાદિને અને જયેષ્ઠ પુત્રને પૂછીને, તે તામલી ગૃહપતિએ મુંડિત થઈને 'પ્રાણામા' પ્રવ્રજ્યા અંગીકાર કરી.

**તામલી તાપસનો અભિગ્રહ :–**

**૨૧ पव्वइए वि य णं समाणे इमं एयारूवं अभिग्गहं अभिगिण्हइ– कप्पइ मे जावज्जीवाए छट्ठंछट्ठेणं *जाव* आहारित्तए त्ति कट्टु इमं एयारूवं अभिग्गहं अभिगिण्हइ, अभिगिण्हित्ता जावज्जीवाए छट्ठं–छट्ठेणं अणिक्खित्तेणं तवोकम्मेणं उड्ढं बाहाओ पगिज्झिय पगिज्झिय सूराभिमूहे आयावणभूमीए आयावेमाणे विहरइ । छट्ठस्स वि य णं पारणयंसि आयावणभूमीओ पच्चोरुहइ पच्चोरुहित्ता सयमेव दारुमयं पडिग्गहं गहाय तामलित्तीए णयरीए उच्च–णीय–मज्झिमाइं कुलाइं घरसमुदाणस्स भिक्खायरियाए अडइ, अडित्ता सुद्धोयणं पडिग्गाहेइ, पडिग्गाहेत्ता तिसत्तक्खुत्तो उदएणं पक्खालेइ, पक्खालेत्ता तओ पच्छा आहारं आहारेइ ।**

**ભાવાર્થ :–** જ્યારે તામલી ગૃહપતિએ 'પ્રાણામા' પ્રવ્રજ્યા અંગીકાર કરી, તે જ સમયે તેણે આ પ્રકારનો અભિગ્રહ ધારણ કર્યો– કે હું યાવજ્જીવન છઠ–છઠની તપસ્યા કરીશ તથા પૂર્વોક્ત ભિક્ષાવિધિ દ્વારા લાવેલા શુદ્ધ ઓદનને ૨૧ વાર પાણીથી ધોઈને તેનો આહાર કરીશ. આ રીતે અભિગ્રહ ધારણ કરીને, યાવજ્જીવન નિરંતર છઠ–છઠની તપસ્યાપૂર્વક બંને હાથ ઊંચા રાખીને સૂર્યની સન્મુખ આતાપના લેતા તે તામલી તાપસ વિચરવા લાગ્યા. છઠના પારણા દિવસે આતાપના ભૂમિમાંથી સ્વયં નીચે ઉતરીને કાષ્ટ પાત્ર લઈને તામ્રલિપ્તી નગરીમાં ઊંચ–નીચ અને મધ્યમ કુળોમાં ભિક્ષાની વિધિપૂર્વક ભિક્ષાને માટે ફરતા હતા. ભિક્ષામાં કેવળ ઓદન–ચોખા લાવતા હતા અને તેને ૨૧ વાર પાણીથી ધોતા હતા, ત્યાર પછી તેનો આહાર કરતા હતા.

**પ્રાણામા પ્રવ્રજ્યાનું સ્વરૂપ :–**

**૨૨ से केणट्ठेणं भंते ! एवं वुच्चइ पाणामा पव्वज्जा ?**

**गोयमा ! पाणामाए णं पव्वज्जाए पव्वइए समाणे जं जत्थ पासइ– इंदं वा, खंदं वा रुद्दं वा सिवं वा वेसमणं वा अज्जं वा कोट्टकिरियं वा रायं वा *जाव* सत्थवाहं वा काकं वा साणं वा पाणं वा उच्चं पासइ उच्चं पणामं**

**करेइ, णीयं पासइ णीयं पणामं करेइ, जं जहा पासइ, तस्स तहा पणामं करेइ, से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ पाणामा पव्वज्जा ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! તામલી તાપસ દ્વારા ગ્રહણ કરાયેલી પ્રવ્રજ્યાને 'પ્રાણામા' પ્રવ્રજ્યા શા માટે કહે છે ?

ઉત્તર– હે ગૌતમ ! જે વ્યક્તિએ 'પ્રાણામા' પ્રવ્રજ્યા સ્વીકારી હોય, તે જેને જ્યાં જૂએ ત્યાં પ્રણામ કરે છે; તે ઈન્દ્ર, સ્કંદ કાર્તિકેય, રુદ્રાવતાર શંકર, કલ્યાણકારી શિવ, વૈશ્રમણ–કુબેર, આર્યા–શાંત સ્વરૂપી પાર્વતી, મહિષાસુરનું મર્દન કરનારી ચંડિકા હોય; રાજાદિ હોય કે સાર્થવાહ હોય; કાગડા, કૂતરા, ચાંડાળ આદિ કોઈ પણ સામે મળે તે સર્વને પ્રણામ કરે છે. ઊંચી કોટિની વ્યક્તિને જોઈને અતિ વિનયપૂર્વક પ્રણામ કરે છે અને નીચી વ્યક્તિને જોઈને નિમ્ન પ્રકારે પ્રણામ કરે છે અથવા જેને ભૂમિ પર કે આકાશમાં ગમે ત્યાં, જ્યાં જુએ, તેને ત્યાં જ પ્રણામ કરે છે. હે ગૌતમ ! તેથી આ પ્રવ્રજ્યાનું નામ 'પ્રાણામા પ્રવ્રજ્યા' છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં પ્રાણામા પ્રવ્રજ્યાનું સ્વરૂપ પ્રગટ કર્યું છે. જે પ્રવ્રજ્યામાં પ્રત્યેક પ્રાણીને યથાયોગ્ય પ્રણામ કરવાની પ્રણાલિકા હોવાથી તેને પ્રણામા પ્રવ્રજ્યા કહે છે.

પ્રભુ મહાવીરના સમયમાં ૩૬૩ પાખંડીઓના મત પ્રચલિત હતા. તેમાં મુખ્ય ક્રિયાવાદી, અક્રિયાવાદી, વિનયવાદી અને અજ્ઞાનવાદી તે ચાર હતા. પ્રાણામા પ્રવ્રજ્યા વિનયવાદી મતને અનુરૂપ હોય તેમ પ્રતીત થાય છે. વિનયવાદી નાના–મોટા પ્રત્યેક જીવનો યથાયોગ્ય વંદન–નમસ્કારાદિથી વિનય કરે છે. આ પ્રકારની પ્રવ્રજ્યામાં સમ્યગ્જ્ઞાનનો અભાવ હોય છે. તેથી તેની આરાધનાથી અંતિમ લક્ષ્યની સિદ્ધિ થતી નથી.

**પાદપોપગમન અનશનનો સ્વીકાર :–**

**२३ तएणं से तामली मोरियपुत्ते तेणं ओरालेणं विउलेणं पयत्तेणं पग्गहिए णं बालतवोकम्मेणं सुक्के लुक्खे *जाव* धमणिसंतए जाए यावि होत्था । तए णं तस्स तामलिस्स बालतवस्सिस्स अण्णया कयाइं पुव्वरत्तावरत्तकालसमयंसि अणिच्च- जागरियं जागरमाणस्स इमेयारूवे अज्झत्थिए चिंतिए *जाव* समुप्पज्जित्था- एवं खलु अहं इमेणं ओरालेणं विउलेणं *जाव* उदग्गेणं उदत्तेणं उत्तमेणं महाणुभागेणं तवोकम्मेणं सुक्के लुक्खे *जाव* धमणिसंतए जाए, तं अत्थि जा मे उट्ठाणे कम्मे बले वीरिए पुरिसक्कारपरक्कमे तावता**

**मे सेयं, कल्लं** *जाव* **जलंते, तामलित्तीए णगरीए, दिट्ठाभट्ठे य पासंडत्थे य गिहत्थे य पुव्वसंगइए य पच्छासंगइए य परियायसंगइए य आपुच्छित्ता तामलित्तीए णगरीए मज्झंमज्झेणं णिग्गच्छित्ता, पादुगं कुंडियामाइयं उवगरणं, दारुमयं च पडिग्गहं एगंते एडित्ता तामलित्तीए णयरीए उत्तरपुरत्थिमे दिसीभाए णियत्तणियं मंडलं आलिहित्ता संलेहणा झूसणा झूसियस्स भत्त–पाणपडियाइक्खियस्स, पाओवगयस्स कालं अणवकंखमाणस्स विहरित्तए त्ति कट्टु एवं संपेहेइ, संपेहेत्ता कल्लं** *जाव* **जलंते** *जाव* **आपुच्छइ, आपुच्छित्ता** *जाव* **एगंते एडेइ** *जाव* **भत्त–पाण–पडियाइक्खिए पाओवगमणं णिवण्णे।**

**ભાવાર્થ :–** ત્યાર પછી તે મૌર્યપુત્ર તામલી તાપસ તે ઉદાર, વિપુલ, પ્રદત્ત અને પ્રગૃહીત બાલ તપ દ્વારા શુષ્ક થઈ ગયા, રૂક્ષ થઈ ગયા, એટલા દુર્બલ થઈ ગયા કે તેની નાડીઓ બહાર દેખાવા લાગી.

ત્યાર પછી એક દિવસ રાત્રિના પાછલા પ્રહરમાં અનિત્ય જાગરણ કરતા તામલી બાલ તપસ્વીને આ પ્રકારનો આધ્યાત્મિક, ચિંતિત આદિ વિચાર ઉત્પન્ન થયો કે હું આ ઉદાર, વિપુલથી લઈ ઉદગ્ર, ઉદાત્ત, ઉત્તમ અને મહાપ્રભાવશાળી તપકર્મ દ્વારા શુષ્ક અને રૂક્ષ થઈ ગયો છું, મારું શરીર એટલું કૃશ થઈ ગયું છે કે નાડીઓ બહાર દેખાય છે. તેથી જ્યાં સુધી મારામાં ઉત્થાન કર્મ, બલ, વીર્ય અને પુરુષાકાર પરાક્રમ છે, ત્યાં સુધી મારા માટે તે જ શ્રેયસ્કર છે કે કાલે પ્રાતઃકાલે સૂર્યોદય થાય ત્યારે હું તામ્રલિપ્તી નગરીમાં જાઉં, ત્યાં જઈને દષ્ટ ભાષિત [જોઈને જેની સાથે વાતચીત થઈ હોય] પાસંડી જન (સંન્યાસી), ગૃહસ્થ, પૂર્વ પરિચિત [કુમારાવસ્થાના પરિચિત], પશ્ચાત્ પરિચિત [વિવાહ પછીના પરિચિત] અને પર્યાય પરિચિત [તપસ્વી થયા પછીના પરિચયમાં આવેલા] તાપસોને પૂછીને (જાણ કરીને), તામ્રલિપ્તી નગરીની મધ્યમાંથી નીકળીને, પાદુકા તથા કુંડી આદિ ઉપકરણોને અને કાષ્ઠપાત્રો એકાંતમાં મૂકી, તામ્રલિપ્તી નગરીના ઉત્તર–પૂર્વદિશા ભાગમાં અર્થાત્ ઈશાન કોણમાં 'નિવર્તનિક' મંડળ અર્થાત્ ૪૦ ધનુષ્ય પરિમાણ મંડલાકાર ક્ષેત્ર મર્યાદા આલેખી, સંલેખના તપ દ્વારા આત્માને સેવિત કરીને, આહાર પાણીનો સર્વથા ત્યાગ કરીને, પાદપોપગમન સંથારો કરું અને મૃત્યુની આકાંક્ષા નહીં કરતો શાંત ચિત્તથી સ્થિર થાઉં, તે મારા માટે શ્રેયસ્કર છે. આ રીતે વિચાર કરીને પ્રાતઃ કાલે સૂર્યોદય થયો ત્યારે પૂર્વ કથનાનુસાર પૂર્વદષ્ટાદિ સર્વને પૂછી તે તામલી બાલ તપસ્વીએ પોતાના ઉપકરણોને એકાંતમાં મૂકી દીધા અને આહાર પાણીનો ત્યાગ કરી, પાદોપોપગમન અનશનનો સ્વીકાર કર્યો.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રમાં તામલી તાપસના પાદપોપગમન અનશન સ્વીકારનું કથન છે.

**પાદપોપગમન અનશન :–** પાદપ = વૃક્ષ, આ અનશનના ધારક સાધક જીવનપર્યંત ચારે પ્રકારના આહારનો ત્યાગ કરીને પડેલા વૃક્ષની જેમ નિશ્ચેષ્ટ રહી અને આત્મધ્યાનમાં લીન બની જાય છે.

**णियत्तणियं मंडलं :–** નિવર્તનિક મંડલ. શ્રી ઉપાસકદશાંગ સૂત્રમાં આનંદ શ્રમણોપાસકના વ્રત

પ્રત્યાખ્યાન ગ્રહણના વર્ણનમાં નિવર્તનનું માપ બતાવ્યું છે. બે ધનુષ = એક વાંસ અને ૨૦ વાંસ = ૧ નિવર્તન થાય છે. તે અનુસાર ૪૦ ધનુષ્ય = નિવર્તન થાય. તામલી તાપસે સંલેખના માટે ૪૦ ધનુષ્ય લાંબી પહોળી મંડલાકાર જગ્યાને ચિહ્નિત કરી અને તેની મધ્યમાં આસન ગ્રહણ કરીને પાદપોપગમન અનશનનો સ્વીકાર કર્યો.

## બલિચંચાના દેવોનું ઈન્દ્ર પદ માટે નિવેદન :-

**૨૪ तेणं कालेणं तेणं समएणं बलिचंचा रायहाणी अणिंदा अपुरोहिया यावि होत्था । तएणं ते बलिचंचा रायहाणिवत्थव्वया बहवे असुरकुमारा देवा य देवीओ य तामलिं बालतवस्सिं ओहिणा आभोएंति, आभोइत्ता अण्णमण्णं सद्दावेंति, अण्णमण्णं सद्दावेत्ता एवं वयासी– एवं खलु देवाणुप्पिया ! बलिचंचा रायहाणी अणिंदा अपुरोहिया, अम्हे य णं देवाणुप्पिया ! इंदाहीणा इंदाहिट्ठिया इंदाहीणकज्जा, अयं च देवाणुप्पिया ! तामली बालतवस्सी तामलित्तीए णयरीए बहिया उत्तरपुरत्थिमे दिसीभागे णियत्तणियमंडलं आलिहित्ता संलेहणाझूसणा झूसिए भत्तपाणपडिया–इक्खिए पाओवगमणं णिवण्णे । तं सेयं खलु देवाणुप्पिया ! अम्हे तामलिं बाल–तवस्सिं बलिचंचाए रायहाणीए ठिइपकप्पं पकरावेत्तए त्ति कट्टु अण्णमण्णस्स अंतिए एयमट्ठं पडिसुर्णेति, पडिसुणित्ता बलिचंचारायहाणीए मंज्झमज्झेणं णिगच्छंति जेणेव रुयगिंदे उप्पायव्वए तेणेव उवागच्छंति उवागच्छित्ता वेउव्वियसमुग्घाएणं समोहणंति समोहणित्ता *जाव* उत्तरवेउव्वियाइं रूवाइं विउव्वंति, विउव्वित्ता ताए उक्किट्ठाए तुरियाए चवलाए चंडाए जइणाए छेयाए सीहाए सिग्घाए उद्धुयाए दिव्वाए देवगईए तिरियं असंखेज्जाणं दीवसमुद्दाणं मज्झंमज्झेणं वीईवयमाणा–वीईवयमाणा जेणेव जंबूदीवे दीवे जेणेव भारहे वासे जेणेव तामलित्ती णयरी जेणेव तामली मोरियपुत्ते तेणेव उवागच्छंति, उवागच्छित्ता तामलिस्स बालतवस्सिस्स उप्पिं सपक्खिं सपडिदिसिं ठिच्चा दिव्वं देविड्ढिं दिव्वं देवज्जुइं दिव्वं देवाणुभागं दिव्वं बत्तीसविहं णट्टविहिं उवदंसेंति, उवदंसेत्ता तामलिं बालतवस्सिं तिक्खुत्तो आयाहिण–पयाहिणं करेंति, करेत्ता वंदंति णमंसंति, वंदित्ता णमंसित्ता एवं वयासी–**

**શબ્દાર્થ :– ओहिणा आभोएंति** = અવધિજ્ઞાનથી જોયું, **वत्थव्वया** = વસનારા–રહેનારા, **इंदाहिट्ठिया** = ઈન્દ્રાધિષ્ઠિત, **उप्पिं** = ઉપર, **सपक्खिं सपडिदिसिं** = સમક્ષ, સપ્રતિદિશ–બરાબર તે જ દિશામાં, બરોબર સામે, **ठितिपकप्पं पकरावेत्तए** = સ્થિતિ કરાવવી, સંકલ્પ કરાવવો, વચન લેવું **उक्किट्ठा** =

ઉત્કર્ષવતી, **तुरिया** = ત્વરાયુક્ત, **चवला** = શારીરિક ચપળતાથી યુક્ત, **चंडा** = રૌદ્ર સ્વરૂપી, **जइणा** = અન્યની ગતિને જીતનારી, **छेया** = ઉપાયપૂર્વકની પ્રવૃત્તિ હોવાથી નિપુણ, **सीहा** = સિંહની ગતિની સમાન અનાયાસ થનારી, **सिग्घा** = શીઘ્ર ગામિની, **दिव्वा** = દિવ્ય–દેવોની, **उद्धुया** = ગમન સમયે વસ્ત્રાદિને ઉડાડનારી અથવા ઉદ્ધત–સંદર્પ–અભિમાન સહિતની ગતિ, **उवदंसेइ** = દેખાડ્યા.

**ભાવાર્થ :–** તે કાલે, તે સમયે બલિચંચા [ઉત્તર દિશાના અસુરેન્દ્ર અસુરરાજ બલિની રાજધાની] ઈન્દ્ર અને પુરોહિત રહિત હતી. ત્યારે બલિચંચા રાજધાનીમાં રહેનારા અનેક અસુરકુમાર દેવ–દેવીઓએ તે તામલી બાલ તપસ્વીને અવધિજ્ઞાન દ્વારા જોયા, જોઈને તેઓએ પરસ્પર એક બીજાને આમંત્રિત કરીને આ પ્રમાણે કહ્યું, હે દેવાનુપ્રિયો ! આ સમયે બલિચંચા રાજધાની ઈન્દ્ર અને પુરોહિતથી રહિત છે. હે દેવાનુપ્રિયો ! આપણે સહુ ઈન્દ્રાધીન અને ઈન્દ્રાધિષ્ઠિત છીએ અર્થાત્ ઈન્દ્રની અધીનતામાં રહેનારા છીએ. આપણા સર્વ કાર્ય ઈન્દ્રની અધીનતામાં જ થાય છે. "હે દેવાનુપ્રિયો ! આ તામલી બાલ તપસ્વી તામ્રલિપ્તી નગરીની બહાર ઈશાનકોણમાં નિવર્તનિક મંડલની મર્યાદા કરીને સંલેખના દ્વારા પોતાના આત્માને સંયુક્ત કરીને, આહાર પાણીનો ત્યાગ કરીને, પાદપોપગમન સંથારો ગ્રહણ કરીને સ્થિત છે. આપણા માટે તે શ્રેયસ્કર છે કે આપણી આ બલિચંચા રાજધાનીમાં ઈન્દ્રરૂપે ઉત્પન્ન થવા માટે આ તામલી બાલ તપસ્વીને સંકલ્પ કરાવીએ." આ પ્રકારનો વિચાર કરીને, પરસ્પર એક બીજાની વાતને માન્ય કરીને, તે સર્વ અસુરકુમાર દેવો અને દેવીઓ બલિચંચા રાજધાનીની મધ્યમાંથી નીકળીને, રુચકેન્દ્ર ઉત્પાત પર્વત પર આવ્યા. ત્યાં આવીને, વૈક્રિય સમુદ્‌ઘાત દ્વારા સમવહત થઈ, ઉત્તર વૈક્રિય શરીર બનાવવાની પ્રક્રિયા કરી, ઉત્તર વૈક્રિય રૂપ બનાવીને; ઉત્કૃષ્ટ, ત્વરિત, ચપલ, ચંડ, જયવતી, નિપુણ, શ્રમરહિત, સિંહ સદશ, શીઘ્ર, ઉદ્ધત અને દિવ્ય ગતિ દ્વારા તિરછા અસંખ્ય દ્વીપ–સમુદ્રોની મધ્યમાં થઈ, આ જંબૂદ્વીપના ભરતક્ષેત્રની તામ્રલિપ્તી નગરીની બહાર જ્યાં મૌર્યપુત્ર તામલી બાલ તપસ્વી હતા, ત્યાં આવ્યાં. ત્યાં આવીને ઉપર આકાશમાં તામલી બાલ તપસ્વીની બરાબર સામે ઊભા રહ્યા. ઊભા રહીને, દિવ્ય દેવઋદ્ધિ, દિવ્ય દેવકાંતિ, દિવ્ય દેવ પ્રભાવ અને બત્રીસ પ્રકારના દિવ્ય નાટક બતાવ્યા. પછી તામલી બાલ તપસ્વીને ત્રણ વાર પ્રદક્ષિણા કરીને વંદન નમસ્કાર કરી આ પ્રમાણે કહ્યું.

**૨૫ एवं खलु देवाणुप्पिया ! अम्हे बलिचंचारायहाणीवत्थव्वया बहवे असुर–कुमारा देवा य, देवीओ य देवाणुप्पियं वंदामो, णमंसामो *जाव* पज्जुवासामो । अम्हाणं देवाणुप्पिया ! बलिचंचा रायहाणी अणिंदा अपुरोहिया अम्हे वि य णं देवाणुप्पिया ! इंदाहीणा इंदाहिट्ठिया इंदाहीणकज्जा तं तुब्भे णं देवाणुप्पिया ! बलिचंचारायहाणिं आढाह, परियाणह, सुमरह, अट्ठं बंधह, णियाणं पकरेह, ठिइपकप्पं पकरेह । तए णं तुब्भे कालमासे कालं किच्चा बलिचंचारायहाणीए उववज्जिस्सह, तएणं तुब्भे अम्हं इंदा भविस्सह, तएणं तुब्भे अम्हेहिं सद्धिं दिव्वाइं भोगभोगाइं भुंजमाणा विहरिस्सह ।**

**શબ્દાર્થ :– आढाह** = આદર કરો, **अट्ठं बंधह** = અર્થને બાંધો અર્થાત્ દઢ નિશ્ચય કરો, **णियाणं पकरेह** = નિદાન કરો, **ठिइपकप्पं करेह** = સ્થિતિનો સંકલ્પ કરો, દઢ નિર્ણય કરો,

**ભાવાર્થ :–** હે દેવાનુપ્રિય ! અમે બલિચંચા રાજધાનીમાં રહેનારા અનેક અસુરકુમાર દેવ–દેવીઓ આપને વંદન–નમસ્કાર કરીએ છીએ, આપની પર્યુપાસના કરીએ છીએ, હે દેવાનુપ્રિય ! અમારી બલિચંચા રાજધાની ઈન્દ્ર અને પુરોહિતથી રહિત છે, હે દેવાનુપ્રિય ! અમે સહુ ઈન્દ્રાધીન અને ઈન્દ્રાધિષ્ઠિત છીએ. અમારા સર્વ કાર્ય ઈન્દ્રાધીન જ થાય છે, હે દેવાનુપ્રિય ! તેથી આપ બલિચંચા રાજધાનીનો આદર કરો, તેનું સ્વામીપણું સ્વીકારો, મનમાં તેનું જ સ્મરણ કરો, તેના માટે નિશ્ચય કરો, નિયાણુ–સંકલ્પ કરો; બલિચંચા રાજધાનીના સ્વામી બનવાનો દઢ નિર્ણય કરો. હે દેવાનુપ્રિય ! જો આપ અમારા કથનાનુસાર કરશો, તો અહીંથી કાલના સમયે કાલધર્મને પ્રાપ્ત કરીને આપ બલિચંચા રાજધાનીમાં ઉત્પન્ન થશો અને ત્યાં ઉત્પન્ન થઈને અમારા ઈન્દ્ર બનશો તથા અમારી સાથે દિવ્ય ભોગ ભોગવતા આનંદનો અનુભવ કરશો.

## વિવેચન :–

પ્રસ્તુત બે સૂત્રમાં અસુરકુમાર દેવ–દેવીઓ દ્વારા તામલી બાલ તપસ્વીને ચમરચંચા રાજધાનીના ઈન્દ્ર બનવા માટે નિવેદન કરવાનું વર્ણન છે.

તામલી તાપસ સંલેખનાની આરાધના કરી રહ્યા હતા. તે સમયે ઉત્તર દિશાના અસુરકુમાર દેવોની બલિચંચા રાજધાની ઈન્દ્ર રહિત હતી. તેથી તે દેવ–દેવીઓએ તામલી તાપસને આકર્ષીને ઈન્દ્રપદની પ્રાપ્તિ માટે સંકલ્પ કરવાનું નિવેદન કર્યું.

## તામલી તાપસ દ્વારા નિવેદનનો અસ્વીકાર :–

**२६ तएणं से तामली बालतवस्सी तेहिं बलिचंचारायहाणिवत्थव्वेहिं बहूहिं असुरकुमारेहिं देवेहिं, देवीहि य एवं वुत्ते समाणे एयमट्ठं णो आढाइ, णो परियाणेइ, तुसिणीए संचिट्ठइ ।**

**तएणं ते बलिचंचारायहाणिवत्थव्वया बहवे असुरकुमारा देवा य देवीओ तामलिं मोरियपुत्तं दोच्चं पि तच्चंपि तिक्खुत्तो आयाहिणपयाहिणं करेंति** *जाव* **अम्हं च णं देवाणुप्पिया ! बलीचंचारायहाणी अणिंदा** *जाव* **ठिइपकप्पं पकरेह** *जाव* **दोच्चं पि तच्चं पि एवं वुत्ते समाणे** *जाव* **तुसिणीए संचिट्ठइ, तए णं से बलिचंचा रायहाणिवत्थव्वया बहवे असुरकुमारा देवा य देवीओ य तामलिणा बालतवस्सिणा अणाढाइज्जमाणा अपरियाणिज्जमाणा जामेव दिसिं पाउब्भूया तामेव दिसिं पडिगया।**

**ભાવાર્થ :–** જ્યારે બલિચંચા રાજધાનીમાં રહેનારા અનેક અસુરકુમાર દેવ અને દેવીઓએ તે તામલી બાલ તપસ્વીને પૂર્વોક્ત પ્રકારે કહ્યું, ત્યારે તેણે તેના કથનનો આદર ન કર્યો, સ્વીકાર ન કર્યો પરંતુ મૌન રહ્યા. ત્યારે તે બલિચંચા રાજધાનીમાં રહેનારા અનેક અસુરકુમાર દેવ અને દેવીઓએ તે તામલી બાલ તપસ્વીને પુનઃ ત્રણ વાર પ્રદક્ષિણા કરીને બીજી વાર, ત્રીજી વાર આ પ્રમાણે કહ્યું કે હે દેવાનુપ્રિય ! અમારી બલિચંચા રાજધાની ઈન્દ્ર રહિત છે, આપ અમારા સ્વામી બનવાનો સંકલ્પ કરો ઈત્યાદિ, તામલી બાલ તપસ્વીએ તેમની વાતનો કાંઈ પણ ઉત્તર ન આપ્યો અને મૌન રહ્યા. ત્યાર પછી જ્યારે તામલી બાલ તપસ્વી દ્વારા તે બલિચંચા રાજધાનીમાં રહેનારા અનેક દેવ–દેવીઓનો અનાદર થયો અને તેમનું કથન અમાન્ય થયું, ત્યારે તે દેવ અને દેવીઓ જે દિશામાંથી આવ્યા હતા, તે દિશામાં પાછા ગયા.

## તામલી તાપસની ઈશાનેન્દ્ર તરીકે ઉત્પત્તિ :–

**૨૭ तेणं कालेणं तेणं समएणं ईसाणे कप्पे अणिंदे अपुरोहिए या वि होत्था । तए णं से तामली बालतवस्सी बहुपडिपुण्णाइं सट्ठिं वाससहस्साइं परियागं पाउणित्ता, दोमासियाए संलेहणाए अत्ताणं झूसित्ता, सवीसं भत्तसयं अणसणाए छेदित्ता, कालमासे कालं किच्चा ईसाणे कप्पे ईसाणवडिंसए विमाणे उववाय–सभाए देवसयणिज्जंसि देवदूसंतरिए अंगुलस्स असंखेज्जइभागमेत्तीए ओगाहणाए ईसाण देविंदविरहकाल समयंसि ईसाणे देविंदत्ताए उववण्णे । तए णं से ईसाणे देविंदे देवराया अहुणोववण्णे पंचविहाए पज्जत्तीए पज्जत्तीभावं गच्छइ, तं जहा– आहारपज्जत्तीए *जाव* भासा–मणपज्जत्तीए ।**

**ભાવાર્થ :–** તે કાલે, તે સમયે ઈશાન નામક બીજો દેવલોક ઈન્દ્ર અને પુરોહિત રહિત હતો. તે તામલી બાલતપસ્વી પરિપૂર્ણ ૬૦,૦૦૦ વર્ષની તાપસ પર્યાયનું પાલન કરીને, બે માસની સંલેખનાથી આત્માને શુદ્ધ કરીને, ૧૨૦ ભક્ત અનશનનું છેદન કરીને, કાળનો અવસર આવતાં કાલધર્મ પામીને, ઈશાન દેવલોકના ઈશાનાવતંસક વિમાનની ઉપપાત સભાની દિવ્ય વસ્ત્રથી ઢાંકેલી દેવશય્યામાં અંગુલના અસંખ્યાતમા ભાગની અવગાહનાથી, ઈશાન દેવલોકના ઈન્દ્રના વિરહકાલ [અનુપસ્થિતિ]માં ઈશાનેન્દ્ર રૂપે ઉત્પન્ન થયા. તત્કાલ ઉત્પન્ન થયેલા તે દેવેન્દ્ર દેવરાજ ઈશાન આહાર પર્યાપ્તિથી ભાષામનઃ પર્યાપ્તિ સુધીની પાંચ પ્રકારની પર્યાપ્તિઓથી પર્યાપ્ત થયા.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રમાં તામલી તાપસની સુદીર્ઘ તાપસ પર્યાય, તેમ જ દીર્ઘ અનશનકાલનો નિર્દેશ કરીને તેના ફલસ્વરૂપે ઈશાનેન્દ્ર તરીકેની ઉત્પત્તિનું કથન કર્યું છે. બાલતપ દેવાયુ બંધનું કારણ હોવાથી સુદીર્ઘ તપના કારણે તામલી તાપસની દેવલોકમાં ઈન્દ્ર તરીકે ઉત્પત્તિ થઈ પરંતુ મુક્તિની આરાધના ન

થઈ નહીં.

તપસાધનામાં કોઈ પણ પ્રકારનો સંકલ્પ કે નિદાન અનિષ્ટકારક છે. નિદાન રહિત કરેલી તપસાધના જ ઈષ્ટ ફળની સિદ્ધિ કરાવે છે. નિદાન કરવું એટલે ફળની મર્યાદા બાંધી લેવી. નિદાન તપસાધનાનું અવમૂલ્યન કરે છે. જો તામલી તાપસે અસુરકુમાર દેવોની વિનંતિ અનુસાર નિદાન કર્યું હોત તો તેની અસુરકુમારના ઈન્દ્ર તરીકે ઉત્પત્તિ થાત; નિદાન ન કર્યું તેના પરિણામે વૈમાનિક ઈન્દ્ર તરીકે ઉત્પત્તિ થઈ. આ ઘટના જ સાધકોને નિદાન ન કરવાની પ્રેરણા આપે છે.

## અસુરકુમાર દેવો દ્વારા તામલીના મૃતદેહની કદર્થના :-

**૨૮ तएणं ते बलिचंचारायहाणिवत्थव्वया बहवे असुरकुमारा देवा य, देवीओ य तामलिं बालतवस्सिं कालगयं जाणित्ता, ईसाणे य कप्पे देविंदत्ताए उववण्णं पासित्ता आसुरत्ता, कुविया, चंडिक्किया, मिसिमिसेमाणा बलिचंचारायहाणीए मज्झंमज्झेणं णिग्गच्छंति, ताए उक्किट्ठाए *जाव* जेणेव भारहे वासे जेणेव तामलित्ती णयरी जेणेव तामलिस्स बालतवस्सिस्स सरीरए तेणेव उवागच्छंति, उवागच्छित्ता वामे पाए सुंबेण बंधंति, बंधित्ता तिक्खुत्तो मुहे उट्ठुहंति, उट्ठुहित्ता तामलित्तीए णयरीए सिंघाडग–तिग–चउक्क–चच्चर चउम्मुह–महापहेसु आकड्ढ–विकड्ढिं करेमाणा, महया महया सद्देणं उग्घोसेमाणा उग्घोसेमाणा एवं वयासी– केस णं भो! से तामली बालतवस्सी सयंगहियलिंगे पाणामाए पव्वज्जाए पव्वइए ? केस णं से ईसाणे कप्पे ईसाणे देविंदे देवराया ? त्ति कट्टु तामलिस्स बालतवस्सिस्स सरीरयं हीलंति, णिंदंति, खिंसंति, गरिहंति, अवमण्णंति, तज्जंति, तालेंति, परिवहेंति, पव्वहेंति, आकड्ढ–विकड्ढिं करेंति, हीलेत्ता *जाव* आकड्ढ–विकड्ढिं करेत्ता एगंते एडंति, जामेव दिसिं पाउब्भूया तामेव दिसिं पडिगया ।**

**શબ્દાર્થ :–** **आसुरत्ता** = ક્રોધિત થયા, **चंडक्किया** = ભયંકર આકૃતિ બનાવી, **मिसिमिसेमाणा** = દાંત કચકચાવતા, **सुंबेण बंधइ** = દોરીથી બાંધ્યો, **उट्ठुहंति** = થૂંક્યા, **आकड्ढविकड्ढिं करेमाणा** = ઢસડતાં, **उग्घोसेमाणे** = ઉદ્‌ઘોષણા કરતા, **सयंगहियलिंगे** = ગુરુ વિના સ્વયં લિંગ–વેષ ગ્રહણ કરનાર, **अवमण्णंति** = અપમાન કર્યું, **एगंते एडंति** = એકાંતમાં ફેંકી દીધો.

**ભાવાર્થ :–** ત્યાર પછી બલિચંચા રાજધાનીમાં રહેનારા અનેક અસુરકુમાર દેવ અને દેવીઓએ જ્યારે જાણ્યું કે તામલી બાલ તપસ્વી કાલધર્મને પ્રાપ્ત થયા છે અને ઈશાન દેવલોકમાં દેવેન્દ્ર રૂપે ઉત્પન્ન થયા છે, ત્યારે તેઓ ક્રોધિત થયા, કોપિત થયા, તેઓએ ભયંકર રૂપ કર્યું અને દાંત કચકચાવતા બલિચંચા

રાજધાનીની મધ્યમાંથી નીકળી, ત્વરિતાદિ ઉત્કૃષ્ટ દેવગતિ દ્વારા આ જંબૂદ્વીપના ભરતક્ષેત્રની તામ્રલિપ્તી નગરીની બહાર જ્યાં તામલી બાલતપસ્વીનો મૃતદેહ હતો, ત્યાં આવ્યા, આવીને તામલી બાલતપસ્વીના મૃતદેહના ડાબા પગને દોરીથી બાંધ્યો, તેના મુખ પર ત્રણવાર થૂંક્યા, તામ્રલિપ્તી નગરીના સિંઘાડાના આકારના ત્રણ માર્ગોમાં, ચાર માર્ગોમાં, ચોકમાં અને મહામાર્ગોમાં અર્થાત્ તામ્રલિપ્તી નગરીના સર્વ માર્ગો પર તેના મૃતદેહને ઢસડવા લાગ્યા અને મહાધ્વનિથી ઉદ્‌ઘોષણા કરવા લાગ્યા કે, "સ્વયમેવ તપસ્વીનો વેષ પરિધાન કરીને 'પ્રાણામા' પ્રવ્રજ્યા અંગીકાર કરનાર આ તામલી બાલ તપસ્વી અમારી સામે શું વિસાતમાં છે ? તથા ઈશાન દેવલોકમાં ઉત્પન્ન થયેલા દેવેન્દ્ર દેવરાજ ઈશાન પણ અમારી સામે શું વિસાતમાં છે ?" આ રીતે બોલતાં–બોલતાં તે તામલી બાલ તપસ્વીના મૃત શરીરની હીલના, નિંદા, ખિંસના, ગર્હા, અપમાન, તર્જના, તાડના, કદર્થના અને ભર્ત્સના કરવા લાગ્યા અને પોતાની ઈચ્છાનુસાર મૃતદેહને ખૂબ ઢસડી એકાંતમાં ફેંકી દીધો અને જે દિશામાંથી આવ્યા હતા, તે દિશામાં પાછા ગયા.

### વિવેચન :–

પ્રસ્તુત સૂત્રમાં બલિચંચા નિવાસી અસુરકુમાર દેવ–દેવીઓના કોપ અને તેની પ્રતિક્રિયાનું દર્શન છે.

પોતાની ઈચ્છાનુસાર કાર્ય ન થતાં કોઈ પણ ગતિમાં રહેલા જીવો ક્રુદ્ધ થાય છે. પોતાની શક્તિનો કે પરિણામનો વિચાર કર્યા વિના ક્રોધાવેશમાં તે ગમે તેવી પ્રવૃત્તિ કરે છે તેવી રીતે દેવ–દેવીઓએ પણ મૃતદેહની વિડંબના દ્વારા પોતાનો કોપ પ્રગટ કર્યો છે.

### ઈશાનેન્દ્રનો કોપ :–

**૨૯ तएणं ते ईसाणकप्पवासी बहवे वेमाणिया देवा य देवीओ य बलिचंचा–रायहाणिवत्थव्वएहिं बहूहिं असुरकुमारेहिं देवेहिं देवीहि य तामलिस्स बाल तवस्सिस्स सरीरयं हीलिज्जमाणं, णिंदिज्जमाणं *जाव* आकड्ढ–विकड्ढिं कीरमाणं पासंति, पासित्ता आसुरत्ता *जाव* मिसिमिसेमाणा जेणेव ईसाणे देविंदे देवराया तेणेव उवागच्छंति, उवागच्छित्ता करयलपरिग्गहियं दसणहं सिरसावत्तं मत्थए अंजलिं कट्टु जएणं, विजएणं वद्धावेंति, वद्धावित्ता एवं वयासी– एवं खलु देवाणुप्पिया ! बलिचंचा–रायहाणिवत्थव्वया बहवे असुरकुमारा देवा य देवीओ य देवाणुप्पिए कालगए जाणित्ता, ईसाणे कप्पे इंदत्ताए उववण्णे पासित्ता, आसुरत्ता *जाव* एगंते एडेंति, जामेव दिसिं पाउब्भूया तामेव दिसिं पडिगया ।**

**तएणं से ईसाणे देविंदे देवराया तेसिं ईसाणकप्पवासीणं बहूणं वेमाणियाणं देवाण य देवीण य अंतिए एयमट्ठं सोच्चा णिसम्म आसुरत्ते**

*જાવ* **मिसिमिसेमाणे तत्थेव सयणिज्जवरगए तिवलियं भिउडिं णिडाले साहट्टु बलिचंचारायहाणिं अहे सपक्खिं सपडिदिसिं समभिलोएइ । तएणं सा बलिचंचा रायहाणी ईसाणेणं देविंदेणं देवरण्णा अहे सपक्खिं सपडिदिसिं समभिलोइआ समाणी तेणं दिव्वप भावेणं इंगालब्भूया मुम्मुरब्भूया छारियब्भूया तत्तकवेलगब्भूया तत्ता समजोइब्भूया जाया या वि होत्था ।**

**શબ્દાર્થ :– सयणिज्जवरगए** = શય્યામાં રહેલા, **तिवलियं भिउडिं निडाले साहट्टु** = લલાટ પર ત્રણ કરચલી પડે તે રીતે ભ્રકુટી ચઢાવીને, **इंगालब्भूया** = અંગારભૂત–અંગાર સમાન, **मुमुरब्भूया** = અગ્નિના કણ સમાન, **छारियब्भूया** = રાખ સમાન, **तत्तकवेलगब्भूया** = તપ્તકવેલુ સમાન, તપાવેલા નળિયા સમાન, તપેલી રેતી સમાન, **तत्तासमजोईब्भूया** = તપેલી જ્યોતિ સમાન.

**ભાવાર્થ :–** ત્યાર પછી ઈશાન દેવલોકમાં રહેનારા અનેક વૈમાનિક દેવ અને દેવીઓએ આ પ્રકારે જોયું કે બલિચંચા રાજધાનીમાં રહેનારા અનેક અસુરકુમાર દેવ અને દેવીઓ તામલી બાલતપસ્વીના મૃતદેહની હીલના, નિંદા, ખિંસના આદિ કરે છે અને તેના મૃતદેહને પોતાની ઈચ્છાનુસાર ઘસડી રહ્યા છે.

આ રીતે જોઈને તે દેવ અને દેવીઓ અત્યંત ક્રોધિત થયા. ક્રોધથી દાંત કચકચાવતા તેઓએ દેવેન્દ્ર દેવરાજ ઈશાનની પાસે જઈને, બંને હાથના દશે નખ ભેગા કરીને, (હાથ જોડી) મસ્તક પર અંજલિ કરીને, ઈન્દ્રને જય–વિજય શબ્દોથી વધાવ્યા, પછી આ પ્રમાણે કહ્યું– હે દેવાનુપ્રિય ! બલિચંચા રાજધાનીમાં રહેનારા અનેક દેવ અને દેવીઓ આપ દેવાનુપ્રિયને કાલધર્મ પામેલા અને ઈશાન કલ્પમાં ઈન્દ્રરૂપે ઉત્પન્ન થયેલા જાણીને, અત્યંત કોપિત બનીને, આપના મૃતદેહને પોતાની ઈચ્છાનુસાર આમ તેમ ઘસડીને, એકાંતમાં ફેંકીને, તેઓ જે દિશામાંથી આવ્યા તે દિશામાં પાછા ગયા છે. જ્યારે દેવેન્દ્ર ઈશાને ઈશાન કલ્પવાસી અનેક વૈમાનિક દેવ–દેવીઓ પાસેથી આ વૃતાંત સાંભળ્યો ત્યારે તે પણ અત્યંત કોપિત થયા અને ક્રોધથી દાંત કચકચાવતા, દેવશય્યામાં રહેલા, તે ઈશાનેન્દ્ર લલાટમાં ત્રણ સળ–કરચલી કરીને, ભ્રુકુટી ચઢાવીને, બલિચંચા રાજધાની તરફ એકીટસે જોવા લાગ્યા. આ રીતે ક્રોધ પૂર્વક દૃષ્ટિપાત કરવાથી, તેના દિવ્ય પ્રભાવથી બલિચંચા રાજધાની અંગાર, અગ્નિના કણ, રાખ અને તપાવેલા નળિયા સમાન અત્યંત તપ્ત થઈ ગઈ અર્થાત્ સાક્ષાત્ અગ્નિની રાશિ સમાન બળવા લાગી.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રમાં ઈશાનેન્દ્રનો કોપ અને તેની દિવ્ય તેજો લબ્ધિનું દર્શન થાય છે. અસુરકુમાર દેવ–દેવીઓ દ્વારા પોતાના મૃતદેહની અવહેલના થતી જાણીને ઈશાનેન્દ્ર અત્યંત ક્રોધિત થયા, પોતાનું અપમાન કરનાર અસુરકુમાર દેવ–દેવીઓ પર તેમણે દિવ્ય તેજોલબ્ધિનો પ્રયોગ કર્યો, તેથી તરત જ બલિચંચા નગરી બળવા લાગી અને દેવ–દેવીઓ ત્રસ્ત થયા.

**તેજોલબ્ધિ :–** સર્વ દેવો પાસે આ પ્રકારની એક લબ્ધિ હોય છે. જેના પ્રયોગથી સ્વસ્થાને રહીને જ

અસંખ્યાત યોજન દૂરના ક્ષેત્રમાં તેનો પ્રક્ષેપ કરીને ત્યાંના લોકોને ત્રસ્ત કરી શકે છે. ઈશાનેન્દ્રે આ દિવ્ય લબ્ધિ પ્રયોગથી બલિચંચા નગરીને તપ્ત કરી.

### અસુરોની ત્રસ્તતા અને ક્ષમાયાચના :-

**३० तएणं ते बलिचंचारायहाणिवत्थव्वया बहवे असुरकुमारा देवा य देवीओ य तं बलिचंचारायहाणिं इंगालब्भूयं *जाव* समजोइब्भूयं पासंति, पासित्ता भीया तत्था तसिया उव्विग्गा संजायभया सव्वओ समंता आधावेंति परिधावेंति, आधावित्ता परिधावित्ता अण्णमण्णस्स कायं समतुरंगेमाणा चिट्ठंति, तए णं ते बलिचंचारायहा- णिवत्थव्वया बहवे असुरकुमारा देवा य देवीओ य ईसाणं देविंदं देवरायं परिकुव्वियं जाणित्ता ईसाणस्स देविंदस्स देवरण्णो तं दिव्वं देविड्ढिं दिव्वं देवज्जुइं दिव्वं देवाणुभागं दिव्वं तेयलेस्सं असहमाणा सव्वे सपक्खि सपडिदिसिं ठिच्चा करयलपरिग्गहियं दसणहं सिरसावत्तं मत्थए अंजलिं कट्टु जएणं विजएणं वद्धाविंति वद्धावित्ता, एवं वयासी- अहो ! णं देवाणुप्पिएहिं दिव्वा देविड्ढी *जाव* अभि- समण्णागया, तं दिट्ठा णं देवाणुप्पियाणं दिव्वा देविड्ढी *जाव* लद्धा, पत्ता, अभि- समण्णागया, तं खामेमो णं देवाणुप्पिया ! खमंतु णं देवाणुप्पिया ! खंतुमरिहंति णं देवाणुप्पिया ! णाइ भुज्जो भुज्जो एवं करणयाए त्ति कट्टु एयमट्ठं सम्मं विणएणं भुज्जो भुज्जो खामेंति । तएणं से ईसाणे देविंदे देवराया तेहिं बलिचंचा- रायहाणिवत्थव्वेहिं बहूहिं असुरकुमारेहिं देवेहिं देवीहि य एयमट्ठं सम्मं विणएणं भुज्जो भुज्जो खामिए समाणे तं दिव्वं देविड्ढिं *जाव* तेयलेस्सं पडिसाहरइ । तप्पभिइं च णं गोयमा ! ते बलिचंचारायहाणिवत्थव्वया बहवे असुरकुमारा देवा य देवीओ य ईसाणं देविंदं देवरायं आढंति *जाव* पज्जुवासंति, ईसाणस्स देविंदस्स देवरण्णो आणा-उववाय-वयण-णिद्देसे चिट्ठंति, एवं खलु गोयमा ! ईसाणेणं देविंदेणं देवरण्णा सा दिव्वा देविड्ढी *जाव* अभिसमण्णागया ।**

**શબ્દાર્થ :– तत्था** = ત્રસ્ત થયા, દુઃખી થયા, **तसिया** = ત્રાસિત થયા, પીડિત થયા, શુષ્ક થઈ ગયા, **उव्विग्गा** = ઉદ્વિગ્ન થયા, વ્યાકુળ થયા, **आधावेंति-परिधावेंति** = દોડા દોડ કરવા લાગ્યા, **समतुरंगेमाणा** = આલિંગન કરવા લાગ્યા–એક બીજાની ઓથમાં છુપાવા લાગ્યા, **परिकुव्वियं** = કોપાયમાન, **पडिसाहरइ** = પાછી ખેંચી, **तप्पभिइं** = ત્યારથી, **आणा-उववाय-वयण-णिद्देसे** = આજ્ઞા, સેવા, આદેશ અને નિર્દેશમાં.

**ભાવાર્થ :–** બલિચંચા રાજધાનીને અંગારા જેવી અને જ્યોતિ આદિ જેવી તપ્ત થયેલી જાણીને, તે

અસુરકુમાર દેવ અને દેવીઓ અત્યંત ભયભીત થયા, દુઃખિત થયા, ત્રાસિત થયા, ઉદ્વિગ્ન થયા અને ભયભીત બનીને ચારે તરફ દોડવા લાગ્યા, ભાગવા લાગ્યા અને એક બીજાને વળગી પડ્યા. જ્યારે તે અસુરકુમાર દેવ–અને દેવીઓને ખબર પડી કે ઈશાનેન્દ્રના કોપથી અમારી રાજધાની આ રીતે તપ્ત થઈ છે, ત્યારે તે સર્વ દેવ–દેવીઓ ઈશાનેન્દ્રની તે દિવ્ય દેવઋદ્ધિ, દિવ્ય દેવકાંતિ, દિવ્ય દેવપ્રભાવ અને દિવ્ય તેજો લેશ્યાને સહન કરી શક્યા નહીં, તેઓએ દેવેન્દ્ર દેવરાજ ઈશાનની બરાબર સામે ઉપરની તરફ મુખ કરીને બંને હાથના દશે નખો ભેગા થાય તેમ મસ્તક પર અંજલિ કરીને, ઈશાનેન્દ્રને જય–વિજય શબ્દોથી વધાવ્યા અને નિવેદન કર્યું કે "હે દેવાનુપ્રિય ! આપને જે દિવ્ય દેવઋદ્ધિ, દેવપ્રભાવ આદિ મળ્યા છે, પ્રાપ્ત થયા છે, સમ્મુખ થયા છે, તેને અમે જોયા. હે દેવાનુપ્રિય ! અમે અમારી ભૂલને માટે આપની ક્ષમાયાચના કરીએ છીએ, આપ ક્ષમા પ્રદાન કરો. આપ ક્ષમા કરવા સમર્થ છો. અમે ફરી આ પ્રકારની ભૂલ કરશું નહીં. આ રીતે તેઓએ ઈશાનેન્દ્ર પાસે પોતાના અપરાધને માટે વિનયપૂર્વક ક્ષમા માંગી. અસુરકુમાર દેવદેવીઓએ ક્ષમાયાચના કરવાથી ઈશાનેન્દ્રે તે દિવ્ય દેવઋદ્ધિ આદિને તથા પોતાની છોડેલી તેજોલેશ્યાને પાછી ખેંચી લીધી.

હે ગૌતમ ! ત્યારથી બલિચંચા રાજધાનીમાં રહેનારા અસુરકુમાર દેવ અને દેવીઓ, દેવેન્દ્ર દેવરાજ ઈશાનનો આદર વગેરે કરે છે, તેમજ તેની પર્યુપાસના કરે છે અને ત્યારથી તેમની આજ્ઞા, સેવા, આદેશ અને નિર્દેશમાં રહે છે. હે ગૌતમ ! દેવેન્દ્ર દેવરાજ ઈશાને તે દિવ્ય દેવઋદ્ધિ વગેરેને આ રીતે પ્રાપ્ત કરી છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં ઈશાનેન્દ્રના કોપથી ત્રસ્ત અને ભયભીત બનેલા અસુરકુમાર દેવ–દેવીઓની ક્ષમાયાચનાનું નિરૂપણ છે.

ક્ષમાયાચના કરવાથી ઈશાનેન્દ્રનો કોપ શાંત થયો અને તેણે પોતાની તેજોલબ્ધિનું સંહરણ કરી લીધું. તેથી બલિચંચામાં શાંતિ વ્યાપ્ત થઈ ગઈ. ત્યારથી તે ઉપકારને સ્મૃતિમાં રાખી, અસુરકુમાર દેવ–દેવીઓ ઈશાનેન્દ્રનો આદર–સત્કારાદિ કરે છે અને આજ્ઞા–નિર્દેશમાં રહે છે.

**ઈશાનેન્દ્રની સ્થિતિ :–**

**૩૧ ईसाणस्स णं भंते ! देविंदस्स देवरण्णो केवइयं कालं ठिई पण्णत्ता ?**

**गोयमा ! साइरेगाइं दो सागरोवमाइं ठिई पण्णत्ता ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! દેવેન્દ્ર દેવરાજ ઈશાનની સ્થિતિ કેટલી છે ?

ઉત્તર– હે ગૌતમ ! દેવેન્દ્ર દેવરાજ ઈશાનની સ્થિતિ બે સાગરોપમથી કંઈક અધિક છે.

**ઈશાનેન્દ્રનું ભાવિ :–**

**૩૨ ईसाणे णं भंते ! देविंदे देवराया ताओ देवलोगाओ आउक्खएणं**

*जाव* **कहिं गच्छिहिइ, कहिं उववज्जिहिइ ?**

**गोयमा ! महाविदेहे वासे सिज्झिहिइ** *जाव* **अंतं काहिइ ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! દેવેન્દ્ર દેવરાજ ઈશાન, તે દેવલોકનું આયુષ્ય, ભવ અને સ્થિતિને પૂર્ણ કરીને ક્યાં જશે ? ક્યાં ઉત્પન્ન થશે ?

ઉત્તર– હે ગૌતમ ! તે મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ લઈને સિદ્ધ થશે, અને સમસ્ત દુઃખોનો અંત કરશે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં ઈશાનેન્દ્રનું ઉજ્જવળ ભવિષ્ય પ્રગટ કર્યું છે. તામલી તાપસના ભવમાં તે મિથ્યાત્વી હતા. અજ્ઞાન તપની આરાધના કરી શુભકર્મોપાર્જનના ફલ સ્વરૂપ તેને ઈન્દ્ર પદની પ્રાપ્તિ થઈ. તત્પશ્ચાત્ તેને સમ્યગ્ દર્શન પ્રાપ્ત થયું. તેથી મિથ્યાજ્ઞાન સમ્યગ્જ્ઞાનરૂપે પરિણત થઈ ગયું. તેથી તે દેવલોકમાંથી મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ ધારણ કરી સિદ્ધ દશાને પ્રાપ્ત કરશે.

**શક્રેન્દ્ર અને ઈશાનેન્દ્રના વિમાનોની ઊંચાઈ :–**

**૩૩ सक्कस्स णं भंते ! देविंदस्स देवरण्णो विमाणेहिंतो ईसाणस्स देविंदस्स देवरण्णो विमाणा ईसिं उच्चयरा चेव, ईसिं उण्णयतरा चेव ? ईसाणस्स वा देविंदस्स देवरण्णो विमाणेहिंतो सक्कस्स देविंदस्स देवरण्णो विमाणा ईसिं णीययरा चेव, ईसिं णिण्णयरा चेव ?**

**हंता गोयमा ! सक्कस्स तं चेव सव्वं णेयव्वं ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! શું દેવેન્દ્ર દેવરાજ શક્રના વિમાનોથી, દેવેન્દ્ર દેવરાજ ઈશાનના વિમાન કંઈક ઊંચા છે ? કંઈક ઉન્નત છે ? શું દેવેન્દ્ર દેવરાજ ઈશાનના વિમાનોથી દેવેન્દ્ર દેવરાજ શક્રના વિમાન કંઈક નીચા છે ? કંઈક નિમ્ન છે ?

ઉત્તર– હા, ગૌતમ ! એ જ પ્રમાણે છે. અહીં ઉપરનો સંપૂર્ણ સૂત્રપાઠ [ઉત્તરરૂપે] કહેવો અર્થાત્ શક્રેન્દ્રના વિમાનોથી ઈશાનેન્દ્રના વિમાન કંઈક ઊંચા છે, કંઈક ઉન્નત છે અને ઈશાનેન્દ્રના વિમાનોથી શક્રેન્દ્રના વિમાન કંઈક નીચા અને કંઈક નિમ્ન છે.

**૩૪ से केणट्ठेणं भंते ! एवं ?**

**गोयमा ! से जहाणामए करयले सिया देसे उच्चे देसे उण्णए, देसेणीए देसे णिण्णे; से तेणट्ठेणं गोयमा ! सक्कस्स देविंदस्स देवरण्णो** *जाव* **ईसिं**

**णिण्णयरा चेव ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! તેનું શું કારણ છે ?

ઉત્તર– હે ગૌતમ ! જે રીતે હથેળીનો એક ભાગ ઊંચો અને ઉન્નત હોય છે અને એક ભાગ કંઈક નીચો અને નિમ્ન હોય છે, તે જ રીતે શક્રેન્દ્ર અને ઈશાનેન્દ્રના વિમાનોના વિષયમાં જાણવું જોઈએ. હે ગૌતમ ! તેથી પૂર્વોક્ત પ્રકારે કહ્યું છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં શક્રેન્દ્ર અને ઈશાનેન્દ્રના વિમાનની તરતમતા દષ્ટાંતના માધ્યમથી સમજાવી છે.

શક્રેન્દ્ર કરતાં ઈશાનેન્દ્રની ઋદ્ધિ, શક્તિ, સ્થિતિ વગેરે કંઈક અધિક છે, તે જ રીતે તેના વિમાનની ઊંચાઈ અને ઉન્નતતા પણ શક્રેન્દ્રના વિમાનથી કંઈક અધિક છે. હથેળીનો કેટલોક ભાગ ઊંચો અને કેટલો ભાગ નીચો હોય છે, તેમ વિમાનોમાં કંઈક તરતમતા છે.

જો કે સિદ્ધાંતમાં બંને દેવલોકના વિમાનની ઊંચાઈ ૫૦૦ યોજનની જ કહી છે. આ કથન સામાન્યતયા છે. ઈશાનેન્દ્રના વિમાન ચાર–છ અંગુલ ઊંચા હોય છે તે કથન વિશેષની અપેક્ષાએ છે તેથી તેમાં કોઈ વિરોધ નથી.

**ઊંચાઈ–ઉન્નત :–** પ્રમાણની અપેક્ષાએ ઊંચાઈ અને ગુણની અપેક્ષાએ ઉન્નત કહેવાય છે અથવા પ્રાસાદની અપેક્ષાએ ઊંચાઈ અને તેના પીઠ–પૃથ્વીતલની અપેક્ષાએ ઉન્નત છે.

**બંને ઈન્દ્રોનો શિષ્ટાચાર :–**

**૩૫ पभू णं भंते ! सक्के देविंदे देवराया ईसाणस्स देविंदस्स देवरण्णो अंतियं पाउब्भवित्तए ? हंता पभू ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! દેવેન્દ્ર દેવરાજ શક્ર, દેવેન્દ્ર દેવરાજ ઈશાન પાસે જવામાં સમર્થ છે ?

ઉત્તર– હા, ગૌતમ ! શક્રેન્દ્ર, ઈશાનેન્દ્રની પાસે જવામાં સમર્થ છે.

**૩૬ से णं भंते! किं आढायमाणे पभू अणाढायमाणे पभू ? गोयमा ! आढायमाणे पभू, णो अणाढायमाणे पभू ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! જ્યારે શક્રેન્દ્ર, ઈશાનેન્દ્રની પાસે જાય, ત્યારે તે તેનો આદર કરતાં જાય છે, કે અનાદર કરતાં જાય છે ?

ઉત્તર– હે ગૌતમ ! જ્યારે શક્રેન્દ્ર, ઈશાનેન્દ્રની પાસે જાય, ત્યારે તેનો આદર કરતાં જાય છે પરંતુ અનાદર કરતાં જતાં નથી.

**३७ पभू णं भंते ! ईसाणे देविंदे देवराया सक्कस्स देविंदस्स देवरण्णो अंतियं पाउब्भवित्तए ? हंता पभू ।**

**ભાવાર્થ** :–પ્રશ્ન– હે ભગવન્ ! દેવેન્દ્ર દેવરાજ ઈશાન, દેવેન્દ્ર દેવરાજ શક્ર પાસે જવામાં સમર્થ છે ?

ઉત્તર– હા ગૌતમ ! ઈશાનેન્દ્ર, શક્રેન્દ્ર પાસે જવામાં સમર્થ છે.

**३८ से णं भंते! किं आढायमाणे पभू अणाढायमाणे पभू ? गोयमा ! आढायमाणे वि पभू, अणाढायमाणे वि पभू ।**

**ભાવાર્થ** :– પ્રશ્ન– હે ભગવન્ ! જ્યારે ઈશાનેન્દ્ર, શક્રેન્દ્રની પાસે જાય, ત્યારે તે તેનો આદર કરતાં જાય છે કે અનાદર કરતાં જાય છે ?

ઉત્તર– હે ગૌતમ ! જ્યારે ઈશાનેન્દ્ર, શક્રેન્દ્રની પાસે જાય, ત્યારે તે આદર કરતાં પણ જઈ શકે છે અને અનાદર કરતાં પણ જઈ શકે છે.

**३९ पभू णं भंते ! सक्के देविंदे देवराया, ईसाणं देविंदं देवरायं सपक्खिं, सपडिदिसिं समभिलोइत्तए ?**

**जहा पाउब्भवणा तहा दो वि आलावगा णेयव्वा ।**

**ભાવાર્થ** :– પ્રશ્ન– હે ભગવન્ ! શું દેવેન્દ્ર દેવરાજ શક્ર, દેવેન્દ્ર દેવરાજ ઈશાનની બરાબર સામે એકીટસે જોવામાં સમર્થ છે ?

ઉત્તર– હે ગૌતમ ! જેમ પાસે જવાના સંબંધમાં બે આલાપક કહ્યા, તેમ જોવાના સંબંધમાં પણ બે આલાપક કહેવા જોઈએ.

**४० पभू णं भंते ! सक्के देविंदे देवराया, ईसाणेणं देविंदेणं देवरण्णा सद्धिं आलावं वा संलावं वा करेत्तए ? हंता गोयमा ! पभू जहा पाउब्भवो ।**

**ભાવાર્થ** :– પ્રશ્ન– હે ભગવન્ ! શું દેવેન્દ્ર દેવરાજ શક્ર, દેવેન્દ્ર દેવરાજ ઈશાનની સાથે આલાપ– સંલાપ(વાતચીત) કરવામાં સમર્થ છે ?

ઉત્તર– હે ગૌતમ ! તે આલાપ–સંલાપ કરવામાં સમર્થ છે. જેમ પાસે જવાના બે આલાપક કહ્યા, તેમ આલાપ–સંલાપના વિષયમાં પણ બે આલાપક કહેવા જોઈએ.

**४१ अत्थि णं भंते ! तेसिं सक्कीसाणाणं देविंदाणं देवराईणं किच्चाइं करणिज्जाइं समुप्पज्जंति ? हंता अत्थि ।**

**ભાવાર્થ** :– પ્રશ્ન– હે ભગવન્ ! દેવેન્દ્ર દેવરાજ શક્ર અને દેવેન્દ્ર દેવરાજ ઈશાનની વચ્ચે કોઈ કૃત્ય [પ્રયોજન], કરણીય[વિધેય કાર્ય] હોય છે ?

ઉત્તર– હા, ગૌતમ ! હોય છે.

**૪૨ से कहमियाणिं पकरेंति ?**

**गोयमा ! ताहे चेवं णं से सक्के देविंदे देवराया ईसाणस्स देविंदस्स देवरण्णो अंतियं पाउब्भवइ, ईसाणे वा देविंदे देवराया सक्कस्स देविंदस्स देवरण्णो अंतियं पाउब्भवइ– इति भो सक्का देविंदा देवराया दाहिणड्ढलोगा–हिवई ! इति भो ईसाणा देविंदा देवराया उत्तरड्ढ लोगाहिवई ! इति भो ! इति भो ! त्ति ते अण्णमण्णस्स किच्चाइं, करणिज्जाइं पच्चणुब्भवमाणा विहरंति ।**

**ભાવાર્થ** :– પ્રશ્ન– હે ભગવન્ ! જ્યારે તે બંનેને એક બીજાથી કંઈક કૃત્ય કે કરણીય હોય છે, ત્યારે તે બંને કેવા પ્રકારનો વ્યવહાર કરે છે ?

ઉત્તર– હે ગૌતમ ! જ્યારે દેવેન્દ્ર દેવરાજ શક્રને કામ હોય છે, ત્યારે તે દેવેન્દ્ર દેવરાજ ઈશાનની પાસે જાય છે અને જ્યારે દેવેન્દ્ર દેવરાજ ઈશાનને કામ હોય, ત્યારે તે દેવેન્દ્ર દેવરાજ શક્રની પાસે જાય છે. તેઓની પરસ્પર સંબોધન કરવાની રીત આ પ્રમાણે છે– ઈશાનેન્દ્ર કહે છે, "હે દક્ષિણ લોકાર્દ્ધપતિ દેવેન્દ્ર દેવરાજ શક્ર !". શક્રેન્દ્ર કહે છે, "હે ઉત્તર લોકાર્દ્ધપતિ દેવેન્દ્ર દેવરાજ ઈશાન !" [અહીં '**इति**' શબ્દ કાર્યને સૂચિત કરવા માટે છે અને "**भो**" શબ્દ આમંત્રણવાચી છે.] '**इति भो**!' '**इति भो**!' આ પ્રકારે પરસ્પર સંબોધિત કરે છે. આ રીતે સંબોધિત કરીને પરસ્પર તે પોતાનું કાર્ય–પ્રયોજન સ્પષ્ટ કરે છે.

**૪૩ अत्थि णं भंते ! तेसिं सक्कीसाणाणं देविंदाणं देवराईणं विवादा समुप्पज्जंति? हंता अत्थि ।**

**ભાવાર્થ** :– પ્રશ્ન– હે ભગવન્ ! શું દેવેન્દ્ર દેવરાજ શક્ર અને દેવેન્દ્ર દેવરાજ ઈશાન, આ બંનેમાં પરસ્પર વિવાદ થાય છે ?

ઉત્તર– હા ગૌતમ ! તે બંને ઈન્દ્રોની વચ્ચે ક્યારેક વિવાદ પણ થાય છે.

**૪૪ से कहमियाणिं पकरेंति ?**

**गोयमा ! ताहे चेव णं ते सक्कीसाणा देविंदा देवरायाणो सणंकुमारं देविंदं देवरायं मणसीकरेंति । तएणं से सणंकुमारे देविंदे देवराया तेहिं सक्कीसाणेहिं देविंदेहिं देवराईहिं मणसीकए समाणे खिप्पामेव सक्कीसाणाणं**

**देविंदाणं देवराईणं अंतियं पाउब्भवइ, जं से वयइ तस्स आणा उववाय वयण णिद्देसे चिट्ठंति ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! તે બંને ઈન્દ્રો વચ્ચે વિવાદ થાય, ત્યારે તેઓ શું કરે છે ?

ઉત્તર– હે ગૌતમ ! જ્યારે શક્રેન્દ્ર અને ઈશાનેન્દ્ર, તે બંનેની વચ્ચે વિવાદ થાય, ત્યારે તે બંને દેવેન્દ્ર દેવરાજ સનત્કુમારનું મનમાં સ્મરણ કરે છે, તેના સ્મરણ માત્રથી જ સનત્કુમારેન્દ્ર તેની પાસે આવે છે, તે આવીને જે કહે, તેને બંને ઈન્દ્રો માન્ય કરે છે. તે બંને ઈન્દ્રો તેની આજ્ઞા, સેવા, આદેશ અને નિર્દેશમાં રહે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં બંને ઈન્દ્રોના પરસ્પરના વ્યવહારને સૂચિત કર્યો છે.

બંને ઈન્દ્રનો પરસ્પરનો વ્યવહાર નાના–મોટા મિત્રની સમાન કે પાડોશીની સમાન હોય છે, શક્રેન્દ્ર નાના છે; ઈશાનેન્દ્ર સ્થિતિ, શક્તિ, ૠદ્ધિ આદિ દરેક અપેક્ષાએ કંઈક મોટા છે. તેથી શક્રેન્દ્ર, ઈશાનેન્દ્રની યથોચિત માન–મર્યાદા સાચવે છે અને ઈશાનેન્દ્ર પણ મિત્રવત્ જ વ્યવહાર કરે છે, તેમ છતાં ક્યારેક અનાદર કરતાં પણ જઈ શકે છે, બોલી શકે છે. તેઓ બંને પરસ્પર એક બીજાની પાસે જઈ શકે છે, વાતચીત કરી શકે છે, એકબીજાને જોઈ શકે છે. બંને ઈન્દ્ર હોવા છતાં કર્માધીન છે, રાગ દ્વેષથી યુક્ત છે તેથી પરસ્પરમાં વિવાદ પણ થઈ શકે છે. જ્યારે વિવાદ થાય ત્યારે તે બંને ઈન્દ્રો ત્રીજા દેવલોકના ઈન્દ્ર સનત્કુમારેંદ્રનું મનથી સ્મરણ કરે છે. તુરંત સનત્કુમારેન્દ્ર આવીને તેનું સમાધાન કરે છે. તેનો નિર્ણય બંને ઈન્દ્રો સ્વીકારે છે. આ રીતે જોતાં સ્પષ્ટ થાય છે કે દેવલોકના દેવોનો વ્યવહાર પણ આપણી સમાન જ છે.

**સનત્કુમારેન્દ્રની યોગ્યતા :–**

**૪૫ सणंकुमारे णं भंते ! देविंदे देवराया किं भवसिद्धिए ? अभवसिद्धिए ? सम्मदिट्ठी ? मिच्छदिट्ठी ? परित्तसंसारए ? अणंतसंसारए ? सुलभबोहिए ? दुल्लभबोहिए ? आराहए ? विराहए ? चरिमे ? अचरिमे ?**

**गोयमा ! सणंकुमारे णं देविंदे देवराया भवसिद्धिए, णो अभवसिद्धिए । एवं सम्मदिट्ठि, परित्तसंसारए, सुलभबोहिए, आराहए, चरिमे, पसत्थं णेयव्वं ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! દેવેન્દ્ર દેવરાજ સનત્કુમાર ભવસિદ્ધિક છે કે અભવસિદ્ધિક છે ? સમ્યગ્દૃષ્ટિ છે કે મિથ્યાદૃષ્ટિ છે ? પરિત્ત સંસારી છે કે અનંત સંસારી છે ? સુલભ બોધિ છે કે દુર્લભબોધિ છે ? આરાધક છે કે વિરાધક છે ? ચરમ છે કે અચરમ છે ?

ઉત્તર– હે ગૌતમ ! દેવેન્દ્ર દેવરાજ સનત્કુમાર ભવસિદ્ધિક છે, અભવસિદ્ધિક નથી; આ રીતે તે

સમ્યગ્દૃષ્ટિ છે, મિથ્યાદૃષ્ટિ નથી; પરિત્ત સંસારી છે, અનંતસંસારી નથી; સુલભબોધિ છે, દુલર્ભબોધિ નથી; આરાધક છે, વિરાધક નથી; ચરમ છે, અચરમ નથી અર્થાત્ તેના સંબંધમાં સર્વ પ્રશસ્ત પદનું ગ્રહણ કરવું જોઈએ.

**૪૬ से केणट्ठेणं भंते ! एवं ?**

**गोयमा ! सणंकुमारे देविंदे देवराया बहूणं समणाणं, बहूणं समणीणं बहूणं सावयाणं बहूणं सावियाणं हियकामए सुहकामए पत्थकामए आणुकंपिए णिस्सेयसिएहिय-सुह-णिस्सेयसकामए से तेणट्ठेणं गोयमा ! सणंकुमारे णं भवसिद्धिए *जाव* णो अचरिमे ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! તેનું શું કારણ છે ?

ઉત્તર– હે ગૌતમ ! દેવેન્દ્ર દેવરાજ સનત્કુમાર; સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકાઓના હિતકામી; સુખકામી, પથ્યકામી, અનુકંપક, નિઃશ્રેયસ–કલ્યાણકામી છે; હિત, સુખ અને નિઃશ્રેયસના કામી છે. હે ગૌતમ ! તેથી દેવેન્દ્ર દેવરાજ સનત્કુમાર ભવસિદ્ધિક આદિ છે તેમજ ચરમ છે પરંતુ અચરમ નથી.

**સનત્કુમારેન્દ્રની સ્થિતિ અને ગતિ :–**

**૪૭ सणंकुमारस्स णं भंते ! देविंदस्स देवरण्णो केवइयं कालं ठिई पण्णत्ता ? गोयमा ! सत्त सागरोवमाणि ठिई पण्णत्ता ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! દેવેન્દ્ર દેવરાજ સનત્કુમારની સ્થિતિ કેટલી છે ?

ઉત્તર– હે ગૌતમ ! સનત્કુમારેન્દ્રની સ્થિતિ સાત સાગરોપમની છે.

**૪૮ से णं भंते ! ताओ देवलोगाओ आउक्खएणं *जाव* कहिं उववज्जिहिइ ? गोयमा ! महाविदेहे वासे सिज्झिहिइ *जाव* अंतं करेहिइ ॥ सेवं भंते ! सेवं भंते ! ॥**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! તે સનત્કુમારેન્દ્ર તે દેવલોકનું આયુષ્ય પૂર્ણ કરીને ક્યાં જશે ? ક્યાં ઉત્પન્ન થશે ?

ઉત્તર– હે ગૌતમ ! તે ત્યાંથી ચ્યવીને મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ ધારણ કરીને સિદ્ધ થશે તેમજ સર્વ દુઃખોનો અંત કરશે.

હે ભગવન્ ! આ ભાવ આ જ પ્રકારે છે, હે ભગવન્ ! આ ભાવ આ જ પ્રકારે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં ગૌતમ સ્વામીએ અનેક પ્રશ્નો પૂછીને સનત્કુમારેન્દ્રની યોગ્યતાનો નિર્ણય કર્યો છે.

સનત્કુમારેન્દ્ર ચતુર્વિધ સંઘના સુખકામી, હિતકામી અને કલ્યાણકામી છે. તેના પ્રશસ્ત પરિણામો તેની સર્વ પદની પ્રશસ્તતાને પ્રગટ કરે છે. તે ભવ્ય, સમ્યગ્દષ્ટિ, પરિત્તસંસારી, સુલભબોધિ, આરાધક અને ચરમ છે.

**તેનું ભાવિ :–** સાત સાગરોપમની દેવની સ્થિતિ પૂર્ણ કરીને મહાવિદેહક્ષેત્રમાં જન્મ ધારણ કરી, સર્વ કર્મનો ક્ષય કરીને સિદ્ધ દશાને પ્રાપ્ત કરશે.

**પ્રથમ ઉદ્દેશકના કેટલાક વિષયોનો સંગ્રહ :–**

**૪૯** **छट्ठट्ठममासो अद्धमासो, वासाइं अट्ठ छम्मासा ।**
**तीसग-कुरुदत्ताणं, तव भत्तपरिण्णा परियाओ ॥**
**उच्चत्त विमाणाणं, पाउब्भव पेच्छणा य संलावे ।**
**किच्च विवादुप्पत्ती, सणंकुमारे य भवियत्तं ॥ मोया सम्मत्ता ॥**

**ભાવાર્થ :–** તિષ્યક નામના શ્રમણને છઠ–છઠનું તપ અને એક માસનું અનશન હતું. કુરુદત્તપુત્ર શ્રમણને અટ્ઠમ–અટ્ઠમનું તપ અને અર્દ્ધમાસ–પંદર દિવસનું અનશન હતું.

તિષ્યક શ્રમણની દીક્ષા પર્યાય આઠ વર્ષની અને કુરુદત્તપુત્રની દીક્ષાપર્યાય છ માસની હતી. પ્રસ્તુત ઉદ્દેશકમાં ઉપરોક્ત વિષય છે. તે સિવાય અન્ય વિષય પણ છે. તે આ પ્રમાણે છે– વિમાનોની ઊંચાઈ, એક ઈન્દ્રનું અન્ય ઈન્દ્રની પાસે જવું, તેને જોવું, પરસ્પર વાતચીત કરવી, તેનું કાર્ય, વિવાદની ઉત્પત્તિ, તેનું સમાધાન, સનત્કુમારનું ભવ્યસિદ્ધિકપણું ઈત્યાદિ વિષયોનું વર્ણન આ ઉદ્દેશકમાં કર્યું છે. આ રીતે મોકા નગરીમાં થયેલા પ્રશ્નો પૂર્ણ થયા.

**વિવેચન :–**

આ બે ગાથા દ્વારા ઉદ્દેશકના પાછળના કેટલાક વિષયોનો સંગ્રહ કર્યો છે.

**मोया :–** આ ઉદ્દેશકનું નામ વિકુર્વણા છે, છતાં તેનું વૈકલ્પિક બીજું નામ મોકા પણ છે. વિકૃવર્ણા સંબંધી પ્રશ્નોત્તરોનું નિરૂપણ મોકાનગરીમાં થયું હોવાથી અહીં ગાથા પછી આ ઉદ્દેશકની કે વિષયની સમાપ્તિ માટે **मोया समत्ता** શબ્દનો પ્રયોગ થયો છે.

**॥ શતક ૩/૧ સંપૂર્ણ ॥**

# શતક–૩ : ઉદ્દેશક–૨

## સંક્ષિપ્ત સાર

આ ઉદ્દેશકમાં અસુરકુમાર દેવોના સ્થાન, તેમનું ગમન સામર્થ્ય અને પ્રયોજન તેમજ ચમરેન્દ્રનું પ્રથમ દેવલોક ગમન અને તેના પૂર્વભવ પૂરણ તાપસનું વિસ્તૃત જીવન ચરિત્ર અંકિત છે.

★ **સ્થાન :–** અસુર દેવો પ્રથમ નરક પૃથ્વીના ૧૦ આંતરામાં રહે છે. રત્નપ્રભા પૃથ્વી ૧,૮૦,૦૦૦ (એક લાખ એંશી હજાર) યોજન જાડી છે. તેના આદિ અને અંતના ૧૦૦૦ યોજનને છોડીને મધ્યના ૧,૭૮,૦૦૦ (એક લાખ અઠ્યોતેર હજાર) યોજનમાં ૧૩ પાથડા અને ૧૨ આંતરા છે. તેમાં ઉપરના બે આંતરા ખાલી છે. નીચેના દશ આંતરામાં દશ ભવનપતિઓના આવાસ છે.

★ **ગમન સામર્થ્ય–પ્રયોજન :–** અસુરકુમાર જાતિના દેવોનું નીચે સાતમી નરક સુધી જવાનું સામર્થ્ય છે પરંતુ ત્રીજી નરક સુધી જ પૂર્વમિત્ર કે શત્રુને ક્રમશઃ સુખ–દુઃખ આપવા નિમિત્તે જાય છે. તેમને તિરછા અસંખ્ય દ્વીપ સમુદ્ર પર્યંત જવાનું સામર્થ્ય છે પરંતુ તીર્થંકરોના કલ્યાણકોની ઉજવણી માટે ત્રણ દિશામાં નંદીશ્વર દ્વીપ સુધી જ જાય છે. એક દક્ષિણ દિશામાં તો તે રહે જ છે તે દિશામાં અસંખ્ય દ્વીપ સમુદ્ર સુધી જાય છે. ઉપર બાર દેવલોક પર્યંત જવાનું તેઓનું સામર્થ્ય છે. પરંતુ પ્રથમ દેવલોક સુધી જ જાય છે. પ્રથમ દેવલોકના દેવો સાથે તેમને જન્મજાત વૈર હોય છે, તે શક્રેન્દ્રના આત્મ રક્ષક દેવોને ત્રાસ પહોંચાડે છે, તેના રત્નો વગેરે ચોરી જાય છે. તેની દેવીઓને પણ લઈ આવે છે, પોતાના સ્થાને લાવીને દેવીઓની ઈચ્છાથી તેની સાથે પરિચારણા પણ કરે છે તે દેવલોકમાં જ દેવીઓ સાથે પરિચારણા કરી શકતા નથી.

અસુરકુમાર દેવોની ઉપરોક્ત પ્રવૃત્તિથી શક્રેન્દ્ર ક્રુદ્ધ થઈ તેને સજા રૂપે શારીરિક કષ્ટ પહોંચાડે છે.

★ **અવસર્પિણીકાલનું આશ્ચર્ય :–** અસુરકુમાર દેવો ઉપદ્રવ માટે સૌધર્મ દેવલોકમાં જાય તે અનંતકાલે થતી એક આશ્ચર્યજનક ઘટના છે, તેઓ જ્યારે જાય છે ત્યારે અરિહંતાદિનો આશ્રય લઈને જાય છે.

★ ચમરેન્દ્ર અહંકારને વશ થઈ, પોતાની શક્તિનો વિચાર કર્યા વિના, શક્રેન્દ્રના સામર્થ્યને સમજ્યા વિના પ્રભુ મહાવીરનો આશ્રય લઈને સૌધર્મ દેવલોકમાં ગયા, ત્યાં જઈને અશિષ્ટ વ્યવહાર કર્યો પરંતુ

શક્રેન્દ્રની શક્તિ અને સામર્થ્યને સહી શક્યા નહીં, તેથી ત્યાંથી પોતાની જાતના રક્ષણ માટે ભાગ્યા અને પ્રભુના શરણમાં પહોંચી ગયા. પ્રભુના શરણના પ્રભાવે શક્રેન્દ્રે તેને અભયદાન આપ્યું.

★ ચમરેન્દ્ર શક્રેન્દ્રની અને પ્રભુ મહાવીરની ક્ષમાયાચના કરી ત્યાંથી તે સ્વસ્થાને આવ્યા. [ચમરેન્દ્રના પૂર્વભવ–પૂરણ તાપસ વિષયક વિશેષ માહિતી કથાનકના પ્રારંભમાં આપી છે.]

★ આ રીતે 'ચમર' ઉદ્દેશકમાં વિશેષતઃ ચમરેન્દ્ર વિષય વર્ણન જ પ્રાપ્ત થાય છે.

★ અધો દિશામાં ચમરેન્દ્રની ગતિ વધારે હોય, તેનાથી શક્રેન્દ્રની ગતિ મંદ હોય અને તેનાથી વજ્રની ગતિ મંદ હોય છે. તેથી વજ્ર ચમરેન્દ્રને માર્ગમાં જ પહોંચી ન શક્યું અને શક્રેન્દ્રે વજ્રને પકડી લીધું પરંતુ ચમરેન્દ્રને રસ્તામાં શક્રેન્દ્ર પકડી શક્યા નહીં.

★ જેટલું ક્ષેત્ર નીચે જવામાં ચમરેન્દ્રને એક સમય લાગે તેટલા ક્ષેત્રને જતાં શક્રેન્દ્રને બે સમય અને વજ્રને ત્રણ સમય લાગે છે.

★ ઉપર જવામાં શક્રેન્દ્રને જ્યાં એક સમય લાગે, ત્યાં વજ્રને બે સમય અને ચમરેન્દ્રને ત્રણ સમય લાગે છે.

★ પોતાની અપેક્ષા તિરછા જવામાં ચમરેન્દ્ર અને શક્રેન્દ્રની મધ્યમ ગતિ હોય છે. ઉપર નીચે જઘન્ય ઉત્કૃષ્ટ ગતિ હોય છે.

❖❖❖❖❖

★ શક્તિ સામર્થ્ય જોવા માટે કે દેખાડવા માટે ચમરેન્દ્ર, શક્રેન્દ્ર પાસે અનંતકાલમાં ક્યારેક જાય છે. પરંતુ ચોરીથી જનારા દેવો ગમે ત્યારે જાય છે. તેની ગણના આશ્ચર્યમાં થતી નથી.

# શતક–૩ : ઉદ્દેશક–૨

## ચમર

**અસુરકુમાર દેવોના સ્થાન :–**

**१** **तेणं कालेणं तेणं समएणं रायगिहे णामं णयरे होत्था ।** *जाव* **परिसा पज्जुवासइ । तेणं कालेणं तेणं समएणं चमरे असुरिंदे असुरराया चमरचंचाए रायहाणीए, सभाए सुहम्माए, चमरंसि सीहासणंसि, चउसट्ठीए सामाणियसाहस्सीहिं** *जाव* **णट्टविहिं उवदंसेत्ता, जामेव दिसिं पाउब्भूए तामेव दिसिं पडिगए ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– તે કાલે, તે સમયે રાજગૃહ નામનું નગર હતું. ભગવાન મહાવીર સ્વામી ત્યાં પધાર્યા તેમજ પરિષદ પર્યુપાસના કરવા લાગી. તે કાલે, તે સમયે ચમરચંચા રાજધાનીમાં, ચમર નામના સિંહાસન પર બેઠેલા, ૬૪,૦૦૦ સામાનિક દેવોથી પરિવૃત્ત, અસુરેન્દ્ર અસુરરાજ ચમરેન્દ્ર ભગવાનના દર્શન કરવા આવ્યા. ભગવાનને વંદના કરી, નાટ્યવિધિ બતાવીને જે દિશામાંથી આવ્યા હતા, તે દિશામાં પાછા ગયા.

**२** **भंते ! त्ति भगवं गोयमे समण भगवं महावीरं वंदइ णमंसइ, वंदित्ता णमंसित्ता एवं वयासी– अत्थि णं भंते ! इमीसे रयणप्पभाए पुढवीए अहे असुरकुमारा देवा परिवसंति?**

**गोयमा ! णो इणट्ठे समट्ठे, एवं** *जाव* **अहेसत्तमाए पुढवीए । एवं सोहम्मस्स कप्पस्स अहे** *जाव* **[अत्थि णं भंते !] ईसिप्पब्भाराए पुढवीए अहे असुरकुमारा देवा परिवसंति ? णो इणट्ठे समट्ठे ।**

**से कहिं खाइ णं भंते ! असुरकुमारा देवा परिवसंति ?**

**गोयमा ! इमीसे रयणप्पभाए पुढवीए असीउत्तरजोयणसयसहस्स– बाहल्लाए एवं असुरकुमारदेव वत्तव्वया** *जाव* **दिव्वाइं भोगभोगाइं भुंजमाणा विहरंति ।**

**ભાવાર્થ :–** હે ભગવન્ ! આ પ્રમાણે સંબોધન કરીને ગૌતમ સ્વામીએ શ્રમણ ભગવાન મહાવીર સ્વામીને વંદન નમસ્કાર કરીને પૂછ્યું, હે ભગવન્ ! શું અસુરકુમાર દેવ, આ રત્નપ્રભા પૃથ્વીની નીચે રહે

છે ?

ઉત્તર– હે ગૌતમ ! તે અર્થ સમર્થ નથી. અર્થાત્ અસુરકુમાર દેવ, આ રત્નપ્રભા પૃથ્વીની નીચે રહેતા નથી, તેમ બીજીથી સાતમી પૃથ્વીની નીચે પણ રહેતા નથી. આ રીતે સૌધર્મ દેવલોકથી લઈ અન્ય સર્વ દેવલોકોની નીચે પણ અસુરકુમાર દેવ રહેતા નથી.

પ્રશ્ન– હે ભગવન્ ! શું અસુરકુમાર દેવ ઈષત્પ્રાગ્ભારા પૃથ્વીની નીચે રહે છે ?

ઉત્તર– હે ગૌતમ ! તે વાત શક્ય નથી. ઈષત્પ્રાગ્ભારા પૃથ્વીની નીચે પણ અસુરકુમાર દેવ રહેતા નથી.

પ્રશ્ન– હે ભગવન્ ! અસુરકુમાર દેવ ક્યાં નિવાસ કરે છે ?

ઉત્તર– હે ગૌતમ ! આ રત્નપ્રભા પૃથ્વીની જાડાઈ ૧,૮૦,૦૦૦ (એક લાખ એંશી હજાર) યોજનની છે. તેની વચ્ચે અસુરકુમાર દેવ રહે છે. અહીં અસુરકુમાર દેવ સંબંધી સંપૂર્ણ વક્તવ્યતા કહેવી જોઈએ. તેઓ દિવ્ય ભોગ ભોગવતા વિચરે છે.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રોમાં અસુરકુમારો દેવના આવાસ ક્યાં છે ? તેનું પ્રતિપાદન કર્યું છે. શ્રી પ્રજ્ઞાપના સૂત્રના બીજા સ્થાન પદમાં તેનું વિસ્તૃત વર્ણન છે.

**અસુરકુમારના નિવાસ :–** રત્નપ્રભા પૃથ્વીની જાડાઈ ૧,૮૦,૦૦૦ (એક લાખ એંશી હજાર) યોજનની છે. તેમાં ઉપર અને નીચે ૧૦૦૦–૧૦૦૦ યોજન છોડીને વચ્ચે ૧,૭૮,૦૦૦ (એક લાખ અઠ્યોતેર હજાર) યોજનની પોલાણ છે. તેમાં ૧૩ પ્રસ્તર–પાથડા અને ૧૨ આંતરા–અંતર છે. પાથડામાં નારકીના જીવો રહે છે અને ૧૨ અંતરામાં ઉપરના બે આંતરા ખાલી છે. શેષ દશ આંતરામાં દશ પ્રકારના ભવનપતિ દેવો રહે છે.

## અસુરકુમાર દેવોનું અધોગમન સામર્થ્ય અને પ્રયોજન :–

**३** **अत्थि णं भंते ! असुरकुमारा देवाणं अहे गइविसए ? हंता, अत्थि ।**

**केवइयं च णं भंते ! ते असुरकुमाराणं देवाणं अहे गइविसए पण्णत्ते ? गोयमा ! जाव अहे सत्तमाए पुढवीए, तच्चं पुण पुढविं गया य गमिस्संति य ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! શું અસુરકુમાર દેવ પોતાના સ્થાનથી અધોગમન કરી શકે છે ?

ઉત્તર– હા ગૌતમ ! અધોગમન કરી શકે છે.

પ્રશ્ન– હે ભગવન્ ! તે અસુરકુમાર દેવો, પોતાના સ્થાનથી નીચે કેટલું જઈ શકે છે ?

ઉત્તર– હે ગૌતમ ! અસુરકુમાર દેવો સાતમી નરક પૃથ્વી સુધી નીચે જઈ શકે છે, પરંતુ ત્રીજી પૃથ્વી સુધી ગયા છે અને જશે.

**४ किंपत्तियं णं भंते ! असुरकुमारा देवा तच्चं पुढविं गया य गमिस्संति य ?**

**गोयमा ! पुव्ववेरियस्स वा वेदणउदीरणयाए पुव्वसंगइस्स वा वेदण–उवसामणयाए, एवं खलु असुरकुमारा देवा तच्चं पुढविं गया य गमिस्संति य।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! તેનું શું કારણ છે કે અસુરકુમાર દેવો ત્રીજી પૃથ્વી સુધી ગયા છે અને જશે ?

ઉત્તર– હે ગૌતમ ! અસુરકુમાર દેવ પોતાના પૂર્વશત્રુને દુઃખ આપવા માટે અને પૂર્વમિત્રના દુઃખને શાંત કરવા માટે અથવા સુખી કરવા માટે ત્રીજી પૃથ્વી સુધી ગયા છે અને જશે.

**તિર્યગ–ગમન સામર્થ્ય અને પ્રયોજન :–**

**५ अत्थि णं भंते ! असुरकुमाराणं देवाणं तिरियं गइविसए पण्णत्ते ? हंता, अत्थि ।**

**केवइयं च णं भंते ! असुरकुमाराणं देवाणं तिरियं गइविसए पण्णत्ते ?**

**गोयमा ! जाव असंखेज्जा दीवसमुद्दा, णंदिस्सरवरं पुण दीवं गया य गमिस्संति य ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! અસુરકુમાર દેવ, તિર્યગ–ગમન કરી શકે છે ?

ઉત્તર– હા ગૌતમ ! અસુરકુમાર દેવ, તિર્યગ્ગમન્ કરી શકે છે.

પ્રશ્ન– હે ભગવન્ ! અસુરકુમાર દેવ, પોતાના સ્થાનથી કેટલે દૂર સુધી તિર્યગ્ગમન કરી શકે છે ?

ઉત્તર– હે ગૌતમ ! અસુરકુમાર દેવ, પોતાના સ્થાનથી અસંખ્ય દ્વીપ–સમુદ્રો સુધી તિર્યગ્ ગમન કરવામાં સમર્થ છે પરંતુ તે નંદીશ્વર દ્વીપ સુધી ગયા છે અને જશે.

**६ किंपत्तियं णं भंते ! असुरकुमारा देवा णंदिस्सरवरं दीवं गया य गमिस्संति य ?**

**गोयमा ! जे इमे अरिहंता भगवंतो, एएसि णं जम्मणमहेसु वा णिक्खमणमहेसु वा णाणुप्पायमहिमासु वा परिणिव्वाणमहिमासु वा, एवं खलु**

**असुरकुमारा देवा णंदीसरवरं दीवं गया य गमिस्संति य ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! તેનું શું કારણ છે કે અસુરકુમાર દેવ નંદીશ્વર દ્વીપ સુધી ગયા છે અને જશે ?

ઉત્તર– હે ગૌતમ ! અરિહંત ભગવંતોના જન્મ મહોત્સવમાં, નિષ્ક્રમણ–દીક્ષા મહોત્સવમાં કેવલજ્ઞાનોત્પત્તિ મહિમામાં અને પરિનિર્વાણ મહિમામાં અસુરકુમાર દેવ, નંદીશ્વર દ્વીપમાં ગયા છે અને જશે.

**ઉર્ધ્વગમન સામર્થ્ય અને પ્રયોજન :–**

**૭ अत्थि णं भंते ! असुरकुमाराणं देवाणं उड्ढं गइविसए ?हंता, अत्थि ।**

**केवइयं च णं भंते ! असुरकुमाराणं देवाणं उड्ढं गइविसए ? गोयमा ! जाव अच्चुए कप्पे, सोहम्मं पुण कप्पं गया य गमिस्संति य ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! અસુરકુમાર દેવ, પોતાના સ્થાનથી ઉર્ધ્વગમન કરી શકે છે ?

ઉત્તર– હા ગૌતમ ! તે પોતાના સ્થાનથી ઉર્ધ્વગમન કરી શકે છે.

પ્રશ્ન– હે ભગવન્ ! અસુરકુમાર દેવ, પોતાના સ્થાનથી કેટલું ઉર્ધ્વગમન કરી શકે છે ?

ઉત્તર– હે ગૌતમ ! અસુરકુમાર દેવ, પોતાના સ્થાનથી અચ્યુત કલ્પ સુધી ઉર્ધ્વગમન કરી શકે છે. પરંતુ સૌધર્મ કલ્પ સુધી ગયા છે અને જશે.

**૮ किंपत्तियं णं भंते ! असुरकुमारा देवा सोहम्मं कप्पं गया य गमिस्संति य ?**

**गोयमा ! तेसि णं देवाणं भवपच्चइए वेराणुबंधे । ते णं देवा विउव्वेमाणा, परियारेमाणा वा आयरक्खे देवे वित्तासेंति, अहालहुसगाइं रयणाइं गहाय आयाए एगंतमंतं अवक्कमंति ।**

**अत्थि णं भंते ! तेसिं देवाणं अहालहुसगाइं रयणाइं ? हंता, अत्थि । से कहमियाणिं पकरेंति ? तओ से पच्छा कायं पव्वहंति ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! તેનું શું કારણ છે કે અસુરકુમાર દેવ સૌધર્મ દેવલોક સુધી ગયા છે અને જશે ?

ઉત્તર– હે ગૌતમ ! અસુરકુમાર દેવોનું, તે વૈમાનિક દેવો સાથે ભવપ્રત્યયિક વૈર [જન્મથી જ વેરાનુબંધ] છે, તેથી વૈક્રિય રૂપ બનાવી, અન્યની દેવીઓ સાથે ભોગ ભોગવવાની ઈચ્છાથી ત્યાં જાય છે

અને આત્મરક્ષક દેવોને ત્રાસ પહોંચાડે છે તથા નાના–નાના રત્નોને ગ્રહણ કરીને [ચોરીને] એકાંત સ્થાનમાં ભાગી જાય છે.

પ્રશ્ન– હે ભગવન્ ! તે વૈમાનિક દેવોની પાસે નાના–નાના રત્નો હોય છે ?

ઉત્તર– હા ગૌતમ ! તે વૈમાનિક દેવો પાસે નાના–નાના રત્નો હોય છે.

પ્રશ્ન– હે ભગવન્ ! જ્યારે તે અસુરકુમાર દેવ, રત્નો ચોરીને ભાગી જાય છે, ત્યારે તે વૈમાનિક દેવ શું કરે છે ?

ઉત્તર– હે ગૌતમ ! ત્યારે તે વૈમાનિક દેવ, અસુરકુમારોને શારીરિક પીડા પહોંચાડે છે.

**૯ पभू णं भंते ! असुरकुमारा देवा तत्थ गया चेव समाणा ताहिं अच्छराहिं सद्धिं दिव्वाइं भोगभोगाइं भुंजमाणा विहरित्तए ।**

**णो इणट्ठे समट्ठे । ते णं तओ पडिणियत्तंति, तओ पडिणियत्तित्ता इहमागच्छंति, आगच्छित्ता जइ णं ताओ अच्छराओ आढायंति परियाणंति, पभू णं ते असुरकुमारा देवा ताहिं अच्छराहिं सद्धिं दिव्वाइं भोगभोगाइं भुंजमाणा विहरित्तए । अह णं ताओ अच्छराओ णो आढायंति णो परियाणंति, णो णं पभू ते असुरकुमारा देवा ताहिं अच्छाराहिं सद्धिं दिव्वाइं भोगभोगाइं भुंजमाणा विहरित्तए । एवं खलु गोयमा ! असुरकुमारा देवा सोहम्मं कप्पं गया य गमिस्संति य ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! ઉપર [સૌધર્મ દેવલોકમાં] ગયેલા તે અસુરકુમાર દેવ, શું ત્યાં રહેલી અપ્સરાઓ સાથે દિવ્ય અને ભોગવવા યોગ્ય ભોગ ભોગવવામાં સમર્થ છે ?

ઉત્તર– હે ગૌતમ ! તે અર્થ સમર્થ નથી, અર્થાત્ તે ત્યાં રહીને ત્યાંની અપ્સરાઓ સાથે દિવ્ય અને ભોગવવા યોગ્ય ભોગ ભોગવી શકતા નથી. પરંતુ તે ત્યાંથી પાછા ફરે છે અને પોતાના સ્થાને આવે છે. જો કદાચિત્ તે અપ્સરાઓ તેનો આદર કરે અને તેને સ્વામી રૂપે સ્વીકારે, તો તે અસુરકુમાર દેવ, તે વૈમાનિક અપ્સરાઓ સાથે દિવ્ય અને ભોગવવા યોગ્ય ભોગ ભોગવી શકે છે પરંતુ જો તે અપ્સરાઓ તેનો આદર કરે નહીં, તેને સ્વામી રૂપે સ્વીકારે નહીં, તો તે અસુરકુમાર દેવ, તે વૈમાનિક અપ્સરાઓ સાથે દિવ્ય અને ભોગવવા યોગ્ય ભોગ ભોગવી શકતા નથી.

હે ગૌતમ ! આ કારણથી અસુરકુમાર દેવ સૌધર્મ કલ્પ સુધી ગયા છે અને જશે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં અસુરકુમારોનું અધોગમન, તિર્યગગમન અને ઉર્ધ્વગમનનું સામર્થ્ય અને ગમનનું

પ્રયોજન પ્રદર્શિત કર્યું છે.

**અધોગમન સામર્થ્ય અને પ્રયોજન :–** સાતમી નરક પૃથ્વી સુધીનું તેનું ગમનસામર્થ્ય છે. પરંતુ તે શક્તિ માત્ર છે. તે ત્રીજી નરક પૃથ્વી સુધી જ જાય છે. પૂર્વના શત્રુને દુઃખી કરવા અને પૂર્વના મિત્રના દુઃખને દૂર કરવાની ઈચ્છાથી ત્યાં જાય છે. વાસ્તવિક રીતે પ્રત્યેક જીવ પોતાના કરેલા કર્મોને જ ભોગવે છે. પરંતુ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ વગેરે નિમિત્ત બની શકે છે.

**તિર્યગ્ગમન સામર્થ્ય અને પ્રયોજન :–** અસંખ્ય દ્વીપ સમુદ્ર પર્યંત જવાનું તેનું સામર્થ્ય છે પરંતુ તે નંદીશ્વર દ્વીપ સુધી જ જાય છે. ત્યાં જઈને તીર્થંકરોના જન્મ, દીક્ષા, કેવળજ્ઞાન અને નિર્વાણ મહોત્સવની ઉજવણી કરે છે.

અસુરકુમારના નિવાસ સ્થાન ઉત્તર અને દક્ષિણ દિશામાં છે. અસુરકુમારોને તિર્યગ્ગમન કરવું હોય ત્યારે ઉત્તર દિશાના અસુરકુમાર ઉત્તરદિશાના માર્ગે અને દક્ષિણ દિશાના અસુરકુમાર દક્ષિણ દિશાના માર્ગે ઉપપાત પર્વત ઉપર આવે છે. તેઓના ઉપપાત પર્વત અસંખ્યાતમા સમુદ્રમાં છે.

તેથી નંદીશ્વર દ્વીપ કે જંબૂદ્વીપમાં જવા તેઓએ અસંખ્યાત દ્વીપ–સમુદ્રને પસાર કરવા જ પડે છે. આ સૂત્રમાં જે કથન છે કે "અસંખ્યાત દ્વીપ પર્યંત જવાનું સામર્થ્ય છે. પરંતુ તેઓ નંદીશ્વર દ્વીપ સુધી જ જાય છે" તે કથન પોતાની દિશા સિવાયની અન્ય ત્રણ દિશાની અપેક્ષાએ સમજવું.

**ઉર્ધ્વગમન સામર્થ્ય :–** અચ્યુત દેવલોક પર્યંત તે જઈ શકે છે પરંતુ તે તેનો વિષયમાત્ર છે. તે સૌધર્મ દેવલોક સુધી જ જાય છે.

**અસુરકુમારોનું ઉર્ધ્વગમન પ્રયોજન અને પ્રવૃત્તિ :–** અસુરકુમાર દેવો અને વૈમાનિક દેવોને સ્વાભાવિક– જન્મજાત વૈર હોય છે. તેથી અસુરકુમારો ત્યાં જઈને તે દેવોને ત્રાસ પહોંચાડવા પ્રયત્ન કરે છે, તેના રત્નોને ચોરીને ભાગી જાય છે, તેની આ પ્રકારની પ્રવૃત્તિથી વૈમાનિક દેવો તેને શારીરિક પીડા પહોંચાડે છે. તેના પર પ્રહાર કરે છે. તે પીડાની અસર તે દેવોને જઘન્ય અંતઃમુહૂર્ત અને ઉત્કૃષ્ટ છ માસ પર્યંત રહે છે.

અસુરકુમારો વૈમાનિક દેવીઓ સાથે ત્યાં દેવલોકમાં દિવ્ય ભોગ ભોગવી શકતા નથી. તેની દેવીઓને પોતાના સ્થાનમાં લાવ્યા પછી જો તે દેવીઓ તે અસુરકુમારોનો આદર કરે, તેને સ્વામીરૂપે સ્વીકારે તો ભોગ ભોગવી શકે છે.

**'અસુર' શબ્દ પ્રયોગ પૌરાણિક :–** 'અસુર' શબ્દનો પ્રયોગ વેદ અને પુરાણોમાં દાનવના અર્થમાં થયો છે. જૈન સિદ્ધાંતોના વર્ણનમાં પણ 'અસુર' શબ્દ આ જ અર્થને સૂચિત કરે છે. પૌરાણિક સાહિત્યમાં સુર–અસુર [દેવ–દાનવ]નું યુદ્ધ પ્રસિદ્ધ છે, જે ઉપરોક્ત વર્ણન સાથે સામ્ય ધરાવે છે, અહીં પણ કહ્યું છે કે અસુરકુમારોને વૈમાનિક દેવો સાથે અહિ–નકુલવત્ જન્મજાત વૈર હોય છે, તેથી જ તે સૌધર્મ દેવલોકમાં જઈને ઉપદ્રવ કરે છે, ચોરી કરે છે અને ત્યાંના દેવોને ત્રાસ પહોંચાડે છે.

## અવસર્પિણી કાલનું એક આશ્ચર્ય :-

**૧૦** केवइयकालस्स णं भंते ! असुरकुमारा देवा उड्ढं उप्पयंति, जाव सोहम्मं कप्पं गया य गमिस्संति य ?

गोयमा ! अणंताहिं उस्सप्पिणीहिं, अणंताहिं अवसप्पिणीहिं समइक्कंताहिं, अत्थि णं एस भावे लोयच्छेरयभूए समुप्पज्जइ, जं णं असुरकुमारा देवा उड्ढं उप्पयंति, जाव सोहम्मो कप्पो ।

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! કેટલો સમય વ્યતીત થયા પછી અસુરકુમાર દેવ ઉપર જાય છે ? શું તેઓ સૌધર્મ કલ્પ સુધી ઉપર ગયા છે ? અને જશે ?

ઉત્તર– હે ગૌતમ ! અનંત ઉત્સર્પિણી અને અનંત અવસર્પિણી કાલ વ્યતીત થયા પછી લોકમાં આવી આશ્ચર્યભૂત ઘટના ઉત્પન્ન થાય છે કે અસુરકુમાર દેવ સૌધર્મ કલ્પ સુધી ઉપર જાય છે.

**૧૧** किं णिस्साए णं भंते ! असुरकुमारा देवा उड्ढं उप्पयंति, जाव सोहम्मो कप्पो ?

गोयमा ! से जहा णामए इह सबरा इ वा, बब्बरा इ वा, टंकणा इ वा, चुचुयाइ इ वा, पल्हा इ वा पुलिंदा इ वा एगं महं रण्णं वा, गड्डं वा, दुग्गं वा, दरिं वा, विसमं वा, पव्वयं वा णीसाए सुमहल्लमवि आसबलं वा, हत्थिबलं वा, जोहबलं वा, धणुबलं वा, आगलेंति, एवामेव असुरकुमारा वि देवा णण्णत्थ अरिहंते वा, [अरिहंतचेइयाणि वा,] अणगारे वा भावियप्पणो णिस्साए उड्ढं उप्पयंति *जाव* सोहम्मो कप्पो ।

**શબ્દાર્થ :–** **णिस्साए**–નિશ્રા–આશ્રય લઈને, **दुग्गं** = જલદુર્ગ, **दरिं** = સ્થલ દુર્ગ–ગુફા, **आगलेंति** = થકવે છે, [**अरिहंत चेइयाणि** માટે જુઓ– *પરિશિષ્ટ – ૧*]

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! અસુરકુમાર દેવ, કોની નિશ્રા–આશ્રય લઈને સૌધર્મ કલ્પ સુધી ઊંચે જાય છે ?

ઉત્તર– હે ગૌતમ ! જેમ શબર, બબ્બર, ટંકણ, ચુચુક, પલ્હક અને પુલિંદ જાતિના મનુષ્ય કોઈ ગાઢ જંગલ, ખાઈ, ખાડો, જલદુર્ગ, ગુફા અથવા સઘન વૃક્ષપુંજનો આશ્રય લઈને, એક સુવ્યવસ્થિત વિશાળ અશ્વબળ, ગજબળ, સેનાબળ અને ધનુર્ધારી મનુષ્યોની સેના; આ સર્વ સેનાઓને પરાજિત કરવાનું સાહસ કરે છે, તેમ અસુરકુમાર દેવ પણ અરિહંત અથવા ભાવિતાત્મા અણગારોની નિશ્રા–આશ્રય લઈને સૌધર્મ

કલ્પ સુધી ઉપર જાય છે પરંતુ આશ્રય સ્વીકાર્યા વિના ઉપર જતા નથી.

**૧૨ सव्वे वि णं भंते ! असुरकुमारा देवा उड्ढं उप्पयंति जाव सोहम्मो कप्पो ?**

**गोयमा ! णो इणट्ठे समट्ठे । महिड्ढिया णं असुरकुमारा देवा उड्ढं उप्पयंति जाव सोहम्मो कप्पो ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! શું સર્વ અસુરકુમાર દેવ, સૌધર્મ કલ્પ સુધી ઉપર જાય છે ?

ઉત્તર– હે ગૌતમ ! આ અર્થ સમર્થ નથી અર્થાત્ સર્વ અસુરકુમાર દેવ ઉપર જતા નથી. પરંતુ મહાઋદ્ધિવાન અસુરકુમાર દેવ જ સૌધર્મ કલ્પ સુધી ઉપર જાય છે.

**૧૩ एस वि णं भंते ! चमरे असुरिंदे, असुरराया उड्ढं उप्पइयपुव्विं जाव सोहम्मो कप्पो ? हंता, गोयमा !**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! શું આ અસુરેન્દ્ર અસુરરાજ ચમર પણ પહેલા ક્યારે ય ઉપર સૌધર્મ કલ્પ સુધી ગયા હતા ?

ઉત્તર– હા, ગૌતમ ! ગયા હતા.

**૧૪ अहो णं भंते ! चमरे असुरिंदे असुरराया महिड्ढीए महज्जुईए** *जाव* **कहिं पविट्ठा ? कूडागारसालादिट्ठंतो भाणियव्वो ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! આશ્ચર્ય છે કે અસુરેન્દ્ર અસુરરાજ ચમર મહાઋદ્ધિવાન, મહાદ્યુતિવાન છે, તો હે ભગવન્ ! તે દિવ્ય દેવ ઋદ્ધિ, દિવ્ય દેવકાંતિ, દિવ્ય દેવ પ્રભાવ વગેરે ક્યાં ગયા ? ક્યાં પ્રવિષ્ટ થયા ?

ઉત્તર– હે ગૌતમ ! પૂર્વોક્ત કૂટાકાર શાળાનું દષ્ટાંત અહીં સમજવું, તે દિવ્ય દેવપ્રભાવ ચમરેન્દ્રના શરીરમાં ગયો અને શરીરમાં પ્રવેશ પામી ગયો.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં હુંડા અવસર્પિણી કાળના દશ આશ્ચર્યમાંથી એક આશ્ચર્યનું કથન કર્યું છે.

**ચમરેન્દ્રનો સૌધર્મ કલ્પમાં ઉત્પાત :–** ચમરેન્દ્રનું ઉર્ધ્વગમનનું સામર્થ્ય છે, તેમ છતાં પ્રાયઃ તેઓ જતા નથી. અનંત ઉત્સર્પિણી–અવસર્પિણી કાલ વ્યતીત થયા પછી ચમરેન્દ્ર સૌધર્મ દેવલોકમાં ઉપદ્રવ માટે ગયા, તે ઘટના એક આશ્ચર્યકારક ગણાય છે. તેમાં પણ દરેક અસુરકુમારો ઉર્ધ્વગમન કરતા નથી. જે મહાઋદ્ધિ સંપન્ન હોય, તે જ જઈ શકે છે. અસુરકુમારો અરિહંત પરમાત્માનો અથવા ભાવિતાત્મા–વિશિષ્ટ

જ્ઞાની અણગારનો આશ્રય ગ્રહણ કરીને જ સૌધર્મ કલ્પ સુધી ઉર્ધ્વગમન કરી શકે.

અહીં મૂળપાઠમાં 'અરિહંત ચૈત્ય' શબ્દ મળે છે તે અશુદ્ધ છે. કારણ કે તે શબ્દ પ્રાચીન પ્રતોમાં જોવા મળતો નથી. શરણ દેવાની કે રક્ષા કરવાની શક્તિ મૂર્તિમાં હોતી નથી. દ્વેષી માણસો ચૈત્યમાં મૂર્તિને ખંડિત કરે કે ચોર ચોરી જાય ત્યારે તે મૂર્તિ પોતાનું પણ રક્ષણ કરતી નથી. ક્યારેક કોઈ ચૈત્ય દેવાધિષ્ઠિત હોઈ શકે છતાં તે દેવ કરતાં ચમરેંદ્રની પોતાની શક્તિ વધારે હોય છે માટે દેવનું શરણ લેવાની તેને જરૂર હોતી નથી.

અહીં સામાન્ય અણગારને નહીં કહેતાં વિશિષ્ટ અણગારના આશ્રયગ્રહણનું કથન છે. વાસ્તવમાં તપસ્વી અણગાર અને અરિહંતનું શરણ જ સમયે રક્ષા કરી શકે છે. સામાન્ય અણગારથી કે ચૈત્યથી શકેન્દ્રનું વજ્ર રોકાઈ શકે તેમ નથી. આ કારણે પ્રસ્તુત સંસ્કરણના મૂલ પાઠમાં આ શબ્દને કૌંસમાં રાખ્યો છે.

## ચમરેન્દ્રનો પૂર્વભવ : પૂરણ તાપસ

બેભેલ સન્નિવેશમાં રહેતાં પૂરણ નામના ગાથાપતિએ દાનામા પ્રવ્રજ્યા અંગીકાર કરી. ત્યારથી જ તેઓ આતાપના પૂર્વક નિરંતર છઠ–છઠની તપસ્યા કરતા. પારણાના દિવસે ચાર ખંડવાળા કાષ્ઠ પાત્રમાંથી ત્રણ ખંડમાં પ્રાપ્ત થયેલી ભિક્ષા ક્રમશઃ પથિકોને, કાગડા–કૂતરાને, મચ્છ–કચ્છને દાનમાં આપી, ચોથા ખંડમાં પ્રાપ્ત થયેલી ભિક્ષાનો જ સ્વયં ઉપયોગ કરતા હતા.

તે બાર વર્ષની તાપસ પર્યાયનું પાલન કરી, એક માસનો પાદપોપગમન સંથારો કરી, કાલધર્મ પામી ચમરેન્દ્ર તરીકે ઉત્પન્ન થયા. ઉત્પન્ન થતાં જ અવધિજ્ઞાન દ્વારા ઉપર સૌધર્મ દેવલોકમાં સિંહાસન પર બેઠેલા શકેન્દ્રને જોયા. તેની વિશિષ્ટ ઋદ્ધિ અને પ્રભાવને જોઈને, ઈર્ષ્યાને વશ બનીને ચમરેન્દ્રે શકેન્દ્રને અપમાનિત કરવાનો નિર્ણય કર્યો.

તેણે સૌધર્મ દેવલોક સુધી પહોંચવા પ્રભુ મહાવીરનો આશ્રય સ્વીકાર્યો. પોતાના પરિઘ નામના શસ્ત્રને લઈ, એક લાખ યોજનનું ઉત્તર વૈક્રિય વિકરાળ શરીર બનાવી, સિંહનાદ કરતો સૌધર્મ દેવલોકમાં ગયો. ત્યાં જઈને પરિઘ રત્નથી ઈન્દ્રકીલને પ્રતાડિત કરીને, શક્રેન્દ્રને અપશબ્દથી અપમાનિત કરવા લાગ્યો. ચમરેન્દ્રે સૌધર્મ દેવલોકમાં જઈ ઉત્પાત મચાવ્યો તે અનંતકાલ પછીની એક આશ્ચર્યકારક ઘટના બની ગઈ. શક્રેન્દ્ર પણ કઠોર શબ્દો સાંભળીને કોપિત થયા. તેણે પોતાનું વજ્ર ચમરેન્દ્રના વધ માટે ફેંક્યું. વજ્રને સામે આવતું જોઈને ચમરેન્દ્ર અત્યંત ભયભીત  બની, ઉત્કૃષ્ટ ગતિથી ભાગીને પ્રભુના શરણમાં પહોંચી ગયો.

ચમરેન્દ્ર પ્રભુના શરણમાં પહોંચી ગયો છે, તે શક્રેન્દ્રે અવધિજ્ઞાન દ્વારા જાણ્યું. પ્રભુ પ્રત્યેની ભક્તિના કારણે શક્રેન્દ્ર વજ્રને પાછું ખેંચવા દોડ્યા. પ્રભુથી ચાર જ અંગુલ દૂર રહેલા વજ્રને શક્રેન્દ્રે પકડી લીધું. પ્રભુની ક્ષમાયાચના કરી અને ચમરેન્દ્રને અભયદાન આપ્યું. ચમરેન્દ્રે પણ પોતાના સામાનિક

દેવોને ભગવદ્ શરણની મહત્તા બતાવી. ત્યારપછી તે દેવોએ સપરિવાર આવી, વિનયપૂર્વક વંદનકરી, કૃતજ્ઞતા પ્રગટ કરીને ક્ષમાયાચના કરી અને સ્વસ્થાને ગયા.

ચમરેન્દ્ર ત્યાંની સ્થિતિ પૂર્ણ કરીને મહાવિદેહ ક્ષેત્રમાંથી સિદ્ધ થશે.

**પૂરણ તાપસની દાનામા પ્રવ્રજ્યા :–**

**१५** **चमरेणं भंते ! असुरिंदेणं असुररण्णा सा दिव्वा देविड्ढी, तं चेव** *जाव* **किण्णा लद्धा पत्ता अभिसमण्णागया ?**

**एवं खलु गोयमा ! तेणं कालेणं तेणं समएणं इहेव जंबूदीवे दीवे भारहे वासे विंझगिरिपायमूले बेभेले णामं सण्णिवेसे होत्था, वण्णओ । तत्थ णं बेभेले सण्णिवेसे पूरणे णामं गाहावई परिवसइ– अड्ढे दित्ते जहा तामलिस्स वत्तव्वया तहा णेयव्वा, णवरं चउप्पुडयं दारुमयं पडिग्गहं करेत्ता** *जाव* **विउलं असणं पाणं खाइमं साइमं** *जाव* **सयमेव चउप्पुडयं दारुमयं पडिग्गहं गहाय मुंडे भवित्ता दाणामए पव्वज्जाए पव्वइए वि य णं समाणे तं चेव** *जाव* **आयावणभूमीओ पच्चोरुहित्ता सयमेव चउप्पुडयं दारुमयं पडिग्गहं गहाय बेभेले सण्णिवेसे उच्च–णीय–मज्झिमाइं कुलाइं घरसमुदाणस्स भिक्खायरियाए अडेत्ता, जं मे पढमे पुडए पडइ कप्पइ मे तं पंथे पहियाणं दलइत्तए, जं मे दोच्चे पुडए पडइ कप्पइ मे तं काग–सुणयाणं दलइत्तए, जं मे तच्चे पुडए पडइ, कप्पइ मे तं मच्छ–कच्छभाणं दलइत्तए, जं मे चउत्थे पुडए पडइ कप्पइ मे तं अप्पणा आहारं आहारेत्तए त्ति कट्टु एवं संपेहेइ संपेहित्ता कल्लं पाउप्पभाए रयणीए तं चेव णिरवसेसं** *जाव* **जं से चउत्थे पुडए पडइ तं अप्पणा आहारं आहारेइ ।**

**तएणं से पूरणे बालतवस्सी तेणं ओरालेणं, विउलेणं, पयत्तेणं पग्गहिएणं, बालतवोकम्मेणं तं चेव** *जाव* **बेभेलस्स सण्णिवेसस्स मज्झंमज्झेणं णिगच्छइ, णिगच्छित्ता पाउयकुंडियामाईयं उवगरणं, चउप्पुडयं दारुमयं पडिग्गहं एगंतमंते एडेइ, एडित्ता बेभेलस्स सण्णिवेसस्स दाहिणपुरत्थिमे दिसीभागे अद्धणियत्तणिय- मंडलं आलिहित्ता संलेहणाझूसणाझूसिए, भत्तपाणपडियाइक्खिए पाओवगमणं णिवण्णे ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! અસુરેન્દ્ર અસુરરાજ ચમરને તે દિવ્ય દેવઋદ્ધિ, દેવ પ્રભાવ આદિ કઈ

રીતે મળ્યા, કઈ રીતે પ્રાપ્ત થયા અને કઈ રીતે અભિસમન્વાગત થયા–સન્મુખ થયા ?

હે ગૌતમ ! તે કાલે, તે સમયે આ જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં વિંધ્યાચલ પર્વતની તળેટીમાં 'બેભેલ' નામનો સન્નિવેશ હતો, તેનું વર્ણન ચંપાનગરી પ્રમાણે જાણવું. તે બેભેલ સન્નિવેશમાં પૂરણ નામના એક ગાથાપતિ રહેતા હતા. તે ધનાઢ્ય અને દિપ્ત–પ્રભાવશાળી હતા. તેનું સંપૂર્ણ વર્ણન તામલી તાપસ પ્રમાણે જાણવું. તેમાં તફાવત એ છે કે પૂરણ ગાથાપતિએ પ્રવ્રજ્યા અંગીકાર કરતી વખતે ચાર ખાનાવાળું કાષ્ઠ પાત્ર તૈયાર કરાવ્યું હતું. તેણે પણ વિપુલ અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ આદિ ચારે પ્રકારનો આહાર તૈયાર કરાવીને સ્વજનોને જમાડ્યા. સ્વયં ચાર ખાનાવાળું પાત્ર ગ્રહણ કરી, મુંડિત થઈને 'દાનામા' પ્રવ્રજ્યા અંગીકાર કરી અને પારણાના દિવસે આતાપના ભૂમિમાંથી નીચે ઉતરીને, સ્વયં કાષ્ઠ નિર્મિત પાત્ર લઈને, બેભેલ સન્નિવેશમાં ઉચ્ચ, નિમ્ન અને મધ્યમ કુલના ઘર સમુદાયમાં ભિક્ષાચરી કરીને, ભિક્ષા પ્રાપ્તિમાં જે મળે તેના આ પ્રમાણે ચાર વિભાગ કરવાનો સંકલ્પ કર્યો.

મારા પાત્રના પહેલા ખાનામાં જે વસ્તુ પ્રાપ્ત થશે તે હું પથિકોને અર્પણ કરીશ. મારા પાત્રના બીજા ખાનામાં જે વસ્તુ પ્રાપ્ત થશે તે હું કાગડા અને કૂતરાને અર્પણ કરીશ. મારા પાત્રના ત્રીજા ખાનામાં જે વસ્તુ પ્રાપ્ત થશે તેનો હું માછલા અને કાચબાઓને અર્પણ કરીશ. મારા પાત્રના ચોથા ખાનામાં જે વસ્તુ પ્રાપ્ત થશે તેનો હું આહાર કરીશ.

આ પ્રકારે વિચાર કર્યો, વિચાર કરીને બીજે દિવસે રાત્રિ નિર્મલ પ્રકાશવાળી થઈ અર્થાત્ પ્રાતઃકાલ થયો, ત્યારે વિપુલ અશનાદિ તૈયાર કરાવ્યું વગેરે વર્ણન પૂર્વવત્ સમજવું. ચોથા ખાનામાં પ્રાપ્ત ભોજનનો સ્વયં ઉપયોગ કરતા.

ત્યાર પછી તે પૂરણ બાલ તપસ્વી તે ઉદાર, વિપુલ, પ્રદત્ત, પ્રગૃહીત બાલતપના પ્રભાવથી પૂર્વવર્ણિત તામલી તાપસની જેવા થઈ ગયા. તે બેભેલ સન્નિવેશની મધ્યમાંથી નીકળ્યા. [ત્યાં સુધીનું સમસ્ત વર્ણન તામલી તાપસની સમાન જાણવું.] તેણે તેની પાદુકા, કમંડળ આદિ ઉપકરણ અને ચારખાનાવાળા કાષ્ટપાત્રને એકાંતમાં મૂકી દીધું અને ત્યાર પછી તેણે બેભેલ સન્નિવેશના અગ્નિકોણમાં અર્ધનિવર્તનિક મંડલ–વીસ ધનુષ પ્રમાણ મંડલ દોરીને, સંલેખનાથી પોતાના આત્માને ઝૂષિત(યુક્ત) કર્યો. આહાર પાણીનો ત્યાગ કરીને 'પાદપોપગમન' અનશનનો સ્વીકાર કર્યો.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રમાં ચમરેન્દ્રના પૂર્વભવ પૂરણ તાપસનું જીવન વૃત્તાંત અંકિત કર્યું છે.

**દાનામા પ્રવ્રજ્યા :–** આ એક પ્રકારની તાપસ પ્રવ્રજ્યા છે. આ પ્રવ્રજ્યામાં દાન આપવાની ક્રિયા મુખ્ય હોય છે.

તે પ્રવ્રજ્યામાં તાપસ ચાર ખંડવાળું એક કાષ્ઠ પાત્ર રાખે છે, પારણાના દિવસે ભિક્ષાવિધિથી ભિક્ષાને પ્રાપ્ત કરે અને પ્રથમ ખંડમાં પ્રાપ્ત થયેલી ભિક્ષા પથિકોને, બીજા ખંડની ભિક્ષા કાગડા–કૂતરાને,

ત્રીજા ખંડની ભિક્ષા જલચર જીવોને અને ચોથા ખંડમાં પ્રાપ્ત થયેલી ભિક્ષાને સ્વયં વાપરતા હોય છે. યાવજ્જીવન છઠના પારણે છઠની તપસ્યા કરતાં, પારણાના દિવસે ઉપરોક્ત વિધિથી આહાર કરતાં, જ્યારે શરીર અત્યંત કૃશ થઈ ગયું ત્યારે પૂરણતાપસે 'પાદપોપગમન' અનશનનો સ્વીકાર કર્યો.

**अद्ध नियत्तणिए मंडले :–** અર્દ્ધ નિવર્તન મંડળ. ૪૦ ધનુષ્ય = એક નિવર્તન, ૨૦ ધનુષ્ય = અર્દ્ધ નિવર્તન. પૂરણ તાપસે ૨૦ ધનુષ્ય પ્રમાણ લાંબી પહોળી મંડલાકાર જગ્યાને ચિહ્નિત કરી. તેની વચ્ચે પોતાનું આસન ગ્રહણ કરીને તેઓએ પાદપોપગમન અનશનનો સ્વીકાર કર્યો.

## પ્રભુ મહાવીરની એક રાત્રિકી મહાપ્રતિમા :–

**૧૬ तेणं कालेणं तेणं समएणं अहं गोयमा ! छउमत्थकालियाए एक्कारस– वासपरियाए छट्ठंछट्ठेणं अणिक्खित्तेणं तवोकम्मेणं संजमेणं तवसा अप्पाणं भावेमाणे, पुव्वाणुपुव्विं चरमाणे, गामाणुगामं दुइज्जमाणे जेणेव सुंसुमारपुरे णयरे जेणेव असोयवणसंडे उज्जाणे जेणेव असोयवरपायवे जेणेव पुढवीसिलापट्टए तेणेव उवागच्छामि, असोगवरपायवस्स हेट्ठा पुढवीसिलापट्टयंसि अट्ठमभत्तं परिगिण्हामि, दो वि पाए साहट्टु वग्घारियपाणी एगपोग्गलणिविट्ठदिट्ठी अणिमिसणयणे ईसिंपब्भारगएणं काएणं अहापणिहिएहिं गत्तेहिं सव्विंदिएहिं गुत्तेहिं एगराइयं महापडिमं उवसंपज्जेत्ता णं विहरामि ।**

**ભાવાર્થ :–** [હવે શ્રમણ ભગવાન મહાવીર સ્વામી પોતાની હકીકત કહે છે.] હે ગૌતમ ! તે કાલે, તે સમયે હું છદ્મસ્થ અવસ્થામાં હતો. મારી દીક્ષા પર્યાયને ૧૧ વર્ષ થયા હતા અને હું નિરંતર છઠ–છઠની તપસ્યા કરતા, તપ અને સંયમથી આત્માને ભાવિત કરતાં, પૂર્વાનુપૂર્વીથી વિચરતાં, ગ્રામાનુગ્રામ જતાં, સુંસમારપુર નગરના અશોક વનખંડ ઉદ્યાનમાં, અશોક વૃક્ષની નીચે, પૃથ્વી શિલાપટ્ટકની ઉપર, અટ્ઠમ તપ [ત્રણ ઉપવાસ]ને સ્વીકારીને, બંને પગને કંઈક સંકુચિત કરીને, બંને હાથને નીચેની તરફ લાંબા કરીને, કેવળ એક પુદ્ગલ પર દૃષ્ટિ સ્થિર કરીને, અનિમેષ દૃષ્ટિએ, શરીરના અગ્રભાગને કંઈક ઝૂકાવીને, યથાસ્થિત ગાત્રને–શરીરના અંગોને સ્થિર કરીને, સર્વ ઈન્દ્રિયોને ગુપ્ત કરીને એક રાત્રિકી મહાપ્રતિમાને અંગીકાર કરીને ધ્યાનસ્થ રહ્યો હતો.

## પૂરણ તાપસનો ચમરેન્દ્ર રૂપે જન્મ :–

**૧૭ तेणं कालेणं तेणं समएणं चमरचंचा रायहाणी अणिंदा, अपुरोहिया यावि होत्था । तएणं से पूरणे बालतवस्सी बहुपडिपुण्णाइं दुवालसवासाइं परियागं पाउणित्ता मासियाए संलेहणाए अत्ताणं झूसेत्ता सट्ठिं भत्ताइं अणसणाए छेदेत्ता**

**कालमासे कालं किच्चा चमरचंचाए रायहाणीए उववायसभाए** *जाव* **इंदत्ताए उववण्णे।**

**तएणं से चमरे असुरिंदे, असुरराया अहुणोववण्णे पंचविहाए पज्जत्तीए पज्जत्तिभावं गच्छइ, तं जहा– आहारपज्जत्तीए** *जाव* **भास–मणपज्जत्तीए ।**

**ભાવાર્થ :–** તે કાલે, તે સમયે ચમરચંચા રાજધાની ઈન્દ્ર અને પુરોહિત રહિત હતી. તે 'પૂરણ' નામના બાલ તપસ્વીએ પરિપૂર્ણ બાર વર્ષની તાપસ પર્યાયનું પાલન કરી, એક માસની સંલેખનાથી આત્માને સેવિત કરી, સાઠ ભક્ત અનશનનો ત્યાગ કરી, કાલના અવસરે કાલ ધર્મ પામી, ચમરચંચા રાજધાનીની ઉપપાત સભામાં ઈન્દ્રરૂપે ઉત્પન્ન થયા.

તત્કાલ ઉત્પન્ન થયેલા તે અસુરેન્દ્ર અસુરરાજ ચમર, પાંચ પ્રકારની પર્યાપ્તિઓથી પર્યાપ્ત થયા. તે પાંચ પર્યાપ્તિઓ આ પ્રમાણે છે, આહાર પર્યાપ્તિ, શરીર પર્યાપ્તિ, ઈન્દ્રિય પર્યાપ્તિ, શ્વાસોચ્છ્વાસ પર્યાપ્તિ અને ભાષા–મનઃ પર્યાપ્તિ, [દેવો ભાષા અને મનઃ પર્યાપ્તિ સાથે બાંધે છે.]

**૧૮ तए णं से चमरे असुरिंदे असुरराया पंचविहाए पज्जत्तीए पज्जत्तिभावं गए समाणे उड्ढं वीससाए ओहिणा आभोएइ** *जाव* **सोहम्मो कप्पो, पासइ य तत्थ सक्कं देविंदं देवरायं मघवं पागसासणं सयक्कउं सहस्सक्खं वज्जपाणिं पुरंदरं** *जाव* **दस दिसाओ उज्जोवेमाणं पभासेमाणं सोहम्मे कप्पे सोहम्मे वडिंसए विमाणे सक्कंसि सीहासणंसि** *जाव* **दिव्वाइं भोगभोगाइं भुंजमाणं पासइ, पासित्ता इमेयारूवेअज्झत्थिए चिंतिए, पत्थिए, मणोगए संकप्पे समुप्पज्जित्था– केस णं एस अपत्थियपत्थए, दुरंतपंतलक्खणे, हिरिसिरिपरिवज्जिए, हीणपुण्णचाउद्दसे जं णं ममं इमाए एया– रूवाए दिव्वाए देविड्ढीए** *जाव* **दिव्वे देवाणुभावे लद्धे पत्ते अभिसमण्णागए उप्पिं अप्पुस्सुए दिव्वाइं भोगभोगाइं भुंजमाणे विहरइ, एवं संपेहेइ, संपेहित्ता सामाणिय– परिसोववण्णए देवे सद्दावेइ, सद्दावेत्ता एवं वयासी– केस णं एस देवाणुप्पिया ! अपत्थियपत्थए** *जाव* **भुंजमाणे विहरइ ?**

**तएणं ते सामाणियपरिसोववण्णगा देवा चमरेणं असुरिंदेणं असुररण्णा एवं वुत्ता समाणा हट्ठतुट्ठा** *जाव* **हयहियया करयलपरिग्गहियं दसणहं सिरसावत्तं मत्थए अंजलिं कट्टु जएणं विजएणं वद्धावेंति, वद्धावेत्ता एवं वयासी– एस णं देवाणुप्पिया! सक्के देविंदे देवराया** *जाव* **विहरइ ।**

**શબ્દાર્થ :– वज्जपाणिं** = હાથમાં વજ્ર ધારણ કરનારા–વજ્રપાણિ, **दुरंतपंतलक्खणे** = અશુભ લક્ષણ વાળા, **हिरिसिरिपरिवज्जिए** = લજ્જા અને શોભાથી રહિત, **हीणपुण्णचाउद्दसीए** = અપૂર્ણ

ચતુર્દશીને દિવસે જન્મેલો, **अप्पुस्सुए** = ગભરાટ રહિત.

**ભાવાર્થ :–** જ્યારે અસુરેન્દ્ર અસુરરાજ ચમર, ઉપર્યુક્ત પાંચ પર્યાપ્તિઓથી પર્યાપ્ત થયા, ત્યારે તેણે સ્વાભાવિક અવધિજ્ઞાન દ્વારા સૌધર્મકલ્પ સુધી ઉપર જોયું. ત્યાં દેવેન્દ્ર દેવરાજ મઘવા, પાકશાસન, શતકર્તુ, સહસ્રાક્ષ, વજ્રપાણિ, પુરન્દર, શક્રને દશે દિશાઓને ઉદ્યોતિત અને પ્રકાશિત કરતા, સૌધર્મ કલ્પમાં સૌધર્માવતંસક નામના વિમાનમાં, શક્ર નામના સિંહાસન પર બેસીને દિવ્ય ભોગ ભોગવતા જોયા. તે જોઈને ચમરેન્દ્રના મનમાં આ પ્રકારનો આધ્યાત્મિક, ચિંતિત, પ્રાર્થિત મનોગત સંકલ્પ ઉત્પન્ન થયો કે અરે ! આ અપ્રાર્થિતપ્રાર્થક અર્થાત્ મરણની ઈચ્છા કરનારા, કુલક્ષણી, હ્રી અને શ્રીથી પરિવર્જિત અર્થાત્ લજ્જા અને શોભાથી રહિત, હીન પુણ્ય ચતુર્દશિક આ કોણ છે ? મને આ દિવ્ય દેવઋદ્ધિ, દિવ્ય દેવકાંતિ અને દિવ્ય દેવપ્રભાવ મળ્યા છે, પ્રાપ્ત થયા છે, સન્મુખ થયા છે, તેમ છતાં કોઈ પણ પ્રકારના હિચકિચાટ વિના અર્થાત્ ક્ષોભ કે સંકોચ વિના મારા મસ્તક પર ભોગ ભોગવતા તે વિચરે છે. આ પ્રકારનો વિચાર કર્યો, વિચાર કરીને ચમરેન્દ્રે સામાનિક દેવોને બોલાવીને આ પ્રમાણે કહ્યું કે, "હે દેવાનુપ્રિયો ! આ મરણના ઈચ્છુક, મારા માથા પર ભોગ ભોગવનાર કોણ છે ?"

ચમરેન્દ્રનો પ્રશ્ન સાંભળીને હૃષ્ટ તુષ્ટ બનેલા તે સામાનિક દેવોએ બંને હાથ જોડીને, શિરસાવર્તપૂર્વક મસ્તક પર અંજલિ કરીને, ચમરેન્દ્રને જય–વિજય શબ્દોથી વધાવ્યા અને પછી આ પ્રમાણે કહ્યું, "હે દેવાનુપ્રિય ! આ દેવેન્દ્ર દેવરાજ શક્ર દિવ્ય ભોગ ભોગવતા વિચરે છે. "

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રમાં શક્રેન્દ્રની દિવ્ય ઋદ્ધિ જોઈને, અજ્ઞાનવશ કોપિત થયેલા ચમરેન્દ્રનો કોપ પ્રગટ કર્યો છે.

**શક્રેન્દ્રના પર્યાયવાચી નામોના વિશેષાર્થ :– ૧. મઘવા–** મહામેઘ જેના વશમાં હોય તેને મઘવા કહે છે. **૨. પાકશાસન–** પાક નામના શત્રુને શિક્ષા દેનારા અર્થાત્ તેને પરાસ્ત કરનારા. **૩. શતકર્તુ–** શક્રેન્દ્રના જીવે કાર્તિકના ભવમાં શ્રમણોપાસકની પાંચમી પ્રતિમાનું સો વાર આચરણ કર્યું હતું તેથી તેને શતકર્તુ કહે છે. શતકર્તુ વિશેષણ સર્વ શક્રેન્દ્રોને માટે નથી. **૪. સહસ્રાક્ષ–** જેને હજાર આંખ હોય તેને સહસ્રાક્ષ કહે છે. શક્રેન્દ્રના પાંચસો મંત્રી છે. તેનો દષ્ટિકોણ શક્રેન્દ્રને ઉપયોગી થાય છે. તેથી ઔપચારિક રીતે તે સર્વ આંખ શક્રેન્દ્રની જ ગણાય છે. તેથી શક્રેન્દ્રને સહસ્રાક્ષ કહે છે. **૫. પુરન્દર–** અસુરાદિના નગરોનો વિનાશ કરનારા હોવાથી તેને પુરંદર કહે છે.

**हीणपुण्णचाउद्दसे :–** જન્મને માટે ચતુર્દશી પવિત્ર દિવસ છે, અત્યંત પુણ્યવાન પુરુષના જન્મ સમયે પૂર્ણ ચતુર્દશી હોય છે, શુક્લપક્ષની ચતુર્દશી પૂર્ણ, પવિત્ર મનાય અને કૃષ્ણપક્ષની ચતુર્દશી અપૂર્ણ, અપવિત્ર મનાય છે તથા જેનું પુણ્ય હીન હોય તેને હીનપુણ્ય કહે છે. આ રીતે હીન પુણ્યવાળા અને ચતુર્દશીને દિવસે જન્મેલાને 'હીનપુણ્ય ચાતુર્દશિક' કહે છે. ચમરેન્દ્રે આ શબ્દ પ્રયોગ દ્વારા શક્રેન્દ્ર પ્રતિ આક્રોશ પ્રગટ કર્યો છે.

**अपत्थिय पत्थए** :– અપ્રાર્થિત પ્રાર્થક. કોઈ પણ જીવ જેની પ્રાર્થના–આકાંક્ષા ન કરે, તેવા મૃત્યુની ઈચ્છા રાખનારા.

**શક્રેન્દ્ર પ્રતિ ચમરેન્દ્રનો કોપ અને ભગવદાશ્રય :–**

**૧૯** **तए णं से चमरे असुरिंदे असुरराया तेसिं सामाणियपरिसोववण्णगाणं देवाणं अंतिए एयमट्ठं सोच्चा, णिसम्म आसुरत्ते, रुट्ठे, कुविए, चंडिक्किए, मिसिमिसेमाणे ते सामाणियपरिसोववण्णगे देवे एवं वयासी–अण्णे खलु भो ! से सक्के देविंदे देवराया, अण्णे खलु भो ! से चमरे असुरिंदे असुरराया, महिड्ढीए खलु भो ! से सक्के देविंदे देवराया, अप्पिड्ढीए खलु भो ! से चमरे असुरिंदे असुरराया; तं इच्छामि णं देवाणुप्पिया ! सक्कं देविंदं देवरायं सयमेव अच्चासाइत्तए त्ति कट्टु उसिणे उसिणब्भूए जाए यावि होत्था ।**

**तएणं से चमरे असुरिंदे असुरराया ओहिं पउंजइ, पउंजित्ता ममं ओहिणा आभोएइ, आभोएत्ता इमेयारूवे अज्झत्थिए** *जाव* **समुप्पज्जित्था– एवं खलु समणे भगवं महावीरे जंबूदीवे दीवे भारहे वासे संसुमारपुरे णयरे असोगवणसंडे उज्जाणे, असोगवरपायवस्स अहे पुढविसिलापट्टयंसि अट्ठमभत्तं पगिण्हित्ता एगराइयं महापडिमं उवसंपज्जित्ता णं विहरइ । तं सेयं खलु मे समणं भगवं महावीरं णीसाए सक्कं देविंदं देवरायं सयमेव अच्चासाइत्तए त्ति कट्टु एवं संपेहेइ, संपेहित्ता सयणिज्जाओ अब्भुट्ठेइ, अब्भुट्ठेत्ता देवदूसं परिहेइ, परिहित्ता उववायसभाए पुरत्थिमिल्लेणं णिग्गच्छइ, णिगच्छित्ता जेणेव सभा सुहम्मा जेणेव चोप्पाले पहरणकोसे तेणेव उवागच्छइ, उवागच्छित्ता फलिहरयणं परामुसइ, परामुसित्ता एगे अबीए फलिहरयण– मायाय महया अमरिसं वहमाणे चमरचंचाए रायहाणीए मज्झंमज्झेणं णिग्गच्छइ, णिगच्छित्ता जेणेव तिगिच्छकूडे उप्पायपव्वए तेणेव उवागच्छइ, उवागच्छित्ता** *जाव* **वेउव्वियसमुग्घाएणं समोहणइ, समोहणित्ता** *जाव* **उत्तरविउव्वियरूवं विउव्वइ, विउव्वित्ता ताए उक्किट्ठाए जाव जेणेव पुढविसिलापट्टए, जेणेव ममं अंतिए तेणेव उवागच्छइ, उवागच्छित्ता ममं तिक्खुत्तो आयाहिणं पयाहिणं करेइ** *जाव* **णमंसित्ता एवं वयासी– इच्छामि णं भंते ! तुब्भे णीसाए सक्कं देविंदं देवरायं सयमेव अच्चासाइत्तए ।**

**શબ્દાર્થ :– अच्चासाइत्तए** = નષ્ટ કરવા માટે, **उसिणे उसिणब्भूए** = ઉષ્ણ–ગરમ થયા, ઉષ્ણતાને પ્રાપ્ત થયા, અર્થાત્ રુષ્ટ થયા, **चोप्पाले पहरणकोसे** = ચતુષ્પાલ–ચતુષ્ખંડ નામના શસ્ત્રભંડાર, **फलिहरयणं** = પરિઘરત્ન નામનું શસ્ત્ર, **परामुसइ** = ગ્રહણ કર્યું, **अमरिसं वहमाणे** = રોષને ધારણ કરતા.

**ભાવાર્થ :–** સામાનિક દેવોનો ઉત્તર સાંભળીને, અવધારણ કરીને, અસુરેન્દ્ર અસુરરાજ ચમર, આસુરક્ત અર્થાત્ ક્રુદ્ધ થયા, રુષ્ટ થયા, કુપિત થયા, ચંડ અર્થાત્ ભયંકર આકૃતિવાળા થયા અને ક્રોધના આવેશમાં દાંત કચકચાવવા લાગ્યા. પછી સામાનિક પરિષદના દેવોને આ પ્રમાણે કહ્યું, હે દેવાનુપ્રિયો ! દેવેન્દ્ર દેવરાજ શક્ર કોઈ અન્ય છે અને અસુરેન્દ્ર અસુરરાજ ચમર કોઈ અન્ય છે. દેવેન્દ્ર દેવરાજ શક્ર જે મહાઋદ્ધિવાન છે, તે કોઈ અન્ય છે અને અસુરેન્દ્ર અસુરરાજ ચમર જે અલ્પઋદ્ધિવાન છે, તે કોઈ અન્ય છે, હે દેવાનુપ્રિયો! હું સ્વયં દેવેન્દ્ર દેવરાજ શક્રને તેની શોભાથી ભ્રષ્ટ કરવા ઈચ્છું છું." એ પ્રમાણે કહીને ચમરેન્દ્ર ગરમ થયા અને તેણે અસ્વાભાવિક ગરમીને પ્રાપ્ત કરી, તે અત્યંત કુપિત થયા. ત્યાર પછી અસુરેન્દ્ર અસુરરાજ ચમરે અવધિજ્ઞાનનો પ્રયોગ કર્યો–અવધિજ્ઞાનના પ્રયોગ દ્વારા ચમરેન્દ્રે મને [શ્રી મહાવીરને] જોયો. મને જોઈને ચમરેન્દ્રને આ પ્રકારના અધ્યવસાયાદિ સંકલ્પ ઉત્પન્ન થયા કે– શ્રમણ ભગવાન મહાવીર સ્વામી, જંબૂદ્વીપના ભરતક્ષેત્રના સુંસુમારપુર નામના નગરના, અશોક વન ખંડ નામના ઉદ્યાનમાં, એક ઉત્તમ અશોક વૃક્ષની નીચે પૃથ્વીશિલા પટ્ટક પર અટ્ઠમ તપ સ્વીકારીને, એક રાત્રિની મહાપ્રતિમા અંગીકાર કરીને સ્થિત છે. મારા માટે તે શ્રેયસ્કર છે કે હું શ્રમણ ભગવાન મહાવીર સ્વામીનો આશ્રય લઈને, દેવેન્દ્ર દેવરાજ શક્રને તેની શોભાથી ભ્રષ્ટ કરવા માટે જાઉં, આ પ્રકારનો વિચાર કરીને તે ચમરેન્દ્ર પોતાની શય્યા પરથી ઊઠયા, ઊઠીને દેવદૂષ્ય પરિધાન કર્યું. પરિધાન કરીને ઉપપાત સભાના પૂર્વ દ્વારથી નીકળ્યા, નીકળીને સુધર્મા સભામાં ચોપ્પાલ [ચારે તરફ પાળ વાળા ચોખંડા] નામના શસ્ત્રાગાર તરફ ગયા. ત્યાં જઈને પરિઘ રત્ન નામનું શસ્ત્ર લીધું, કોઈને સાથે લીધા વિના, એકલા જ અત્યંત કોપ સહિત ચમરચંચા રાજધાનીની મધ્યમાંથી નીકળ્યા; નીકળીને તિરછાલોકના તિગિચ્છ કૂટ નામના ઉત્પાત પર્વત પર આવ્યા. ત્યાં વૈક્રિય સમુદ્ઘાત દ્વારા સમવહત થઈ, ઉત્તર વૈક્રિય રૂપ બનાવ્યું. પછી ઉત્કૃષ્ટ દેવગતિ દ્વારા તે ચમર, તે પૃથ્વીશિલાપટ્ટકની તરફ મારી પાસે આવ્યા, આવીને ત્રણવાર મારી પ્રદક્ષિણા કરી મને વંદન નમસ્કાર કર્યા, વંદન નમસ્કાર કરી, તેણે આ પ્રમાણે કહ્યું, "હે ભગવન્ ! હું આપનો આશ્રય લઈને સ્વયમેવ એકલો જ દેવેન્દ્ર દેવરાજ શક્રને તેની શોભાથી ભ્રષ્ટ કરવા ઈચ્છું છું"

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રમાં સૂત્રકારે સ્વ–સ્વરૂપના અજ્ઞાનથી ક્રોધાવેશમાં આવેલી વ્યક્તિની પરિસ્થિતિનું દર્શન ચમરેન્દ્રના વર્ણન દ્વારા કરાવ્યું છે. ચમરેન્દ્રને પોતાની શક્તિનો કે ક્રોધાવેશમાં કરેલા કૃત્યના પરિણામનો વિચાર થયો નથી. તેણે ભગવાનના શરણમાં જઈ પોતાની દુર્ભાવના પ્રગટ કરી દીધી.

## ચમરેન્દ્રનું રૌદ્ર સ્વરૂપે ઊર્ધ્વગમન :–

**૨૦** **त्ति कट्टु उत्तरपुरत्थिमं दिसीभागं अवक्कमेइ, वेउव्वियसमुग्घाएणं समोहणइ,**

*जाव* दोच्चं पि वेउव्वियसमुग्घाएणं समोहणइ, एगं महं घोरं घोरागारं भीमं भीमागारं भासुरं भयाणीयं गंभीरं उत्तासणयं कालड्ढरत्तमासरासिसंकासं जोयणसयसाहस्सीयं महाबोंदिं विउव्वइ, विउव्वित्ता अप्फोडेइ, अप्फोडित्ता वग्गइ, गज्जइ, हयहेसियं करेइ, हत्थिगुलगुलाइयं करेइ, रहघणघणाइयं करेइ, पायदद्दरगं करेइ, भूमिचवेडयं दलयइ, सीहणादं णदइ, उच्छोलेइ, पच्छोलेइ, तिवइं छिंदइ, वामं भुयं ऊसवेइ, दाहिणहत्थपदेसिणीए अंगुट्ठणहेण य वितिरिच्छमुहं विडंबेइ, विडंबित्ता महया महया सद्देण कलकलरवं करेइ, एगे अबीए फलिहरयणमायाय उड्ढं वेहासं उप्पइए खोभंते चेव अहोलोयं, कंपेमाणे च मेइणीतलं, आकड्ढंते व तिरियलोयं, फोडेमाणे व अंबरतलं, कत्थइ गज्जंते, कत्थइ विज्जुयायंते, कत्थइ वासं वासमाणे, कत्थइ रयुग्घायं पकरेमाणे, कत्थइ तमुक्कायं पकरेमाणे, वाणमंतरे देवे वित्तासमाणे, जोइसिए देवे दुहा विभयमाणे, आयरक्खे देवे विपलायमाणे, फलिहरयणं अंबरतलंसि वियट्टमाणे, वियट्टमाणे विउब्भाएमाणे, विउब्भाएमाणे ताए उक्किट्ठाए *जाव* तिरियमसंखेज्जाणं दीव समुद्दाणं मज्झंमज्झेणं वीईवयमाणे जेणेव सोहम्मे कप्पे, जेणेव सोहम्मवडेंसए विमाणे, जेणेव सभा सुहम्मा तेणेव उवागच्छइ, उवागच्छित्ता एगं पायं पउमवरवेइयाए करेइ, एगं पायं सभाए सुहम्माए करेइ; फलिहरयणेणं महया महया सद्देणं तिक्खुत्तो इंदकीलं आउडेइ, आउडित्ता एवं वयासी– कहि णं भो! सक्के देविंदे देवराया ? कहि णं ताओ चउरासीइसामाणिय– साहस्सीओ ? *जाव* कहि णं ताओ चत्तारि चउरासीईओ आयरक्खदेवसाहस्सीओ? कहि णं ताओ अणेगाओ अच्छराकोडीओ ? अज्ज हणामि, अज्ज वहेमि, अज्ज ममं अवसाओ अच्छराओ वसमुवणमंतु त्ति कट्टु तं अणिट्ठं अकंतं अप्पियं असुभं अमणुण्णं अमणामं फरुसं गिरं णिसिरइ ।

**શબ્દાર્થ :– भासुर** = ભાસ્વર, **उत्तासणयं** = ત્રાસ જનક, **कालड्ढरत्तमासरासि संकासं** = કૃષ્ણ પક્ષની કાળી અર્દ્ધ રાત્રિ અને અડદની રાશિ સમાન કાળા, **महाबोंदिं** = મોટું શરીર, **अप्फोडेइ** = હાથ પછાડ્યા, **वग्गइ** = ઉછળવા–કૂદવા લાગ્યા, **पायदद्दरगं** = પગ પછાડ્યા, **गज्जइ** = ગર્જના કરી, **हयहेसियं करेइ** = ઘોડાની જેમ હણહણ્યા, **उच्छोलेइ** = ઉછાળવા લાગ્યા, **तिवइं छिंदइ** = ત્રિપદી છેદવા લાગ્યા, **वामं भुयं ऊसवेइ** = ડાબી ભુજા ઊંચી કરવા લાગ્યા, **दाहिण हत्थ पदेसिणीए** = જમણા હાથની તર્જની આંગળી અને અંગૂઠાના નખથી, **तिरिच्छमुहं विडंबेइ** = મુખને ત્રાસુ કરીને વિડંબિત કરવા લાગ્યા, **वेहासं** = આકાશને, **मेइणीतलं** = ભૂમિતલને, **आकड्ढंते** = સંમુખ ખેંચતા હોય તેમ, **रयुग्घायं**

**पकरेमाणे** = ધૂળની વર્ષા કરતા, **तमुक्कायं** = અંધકાર કરતા, **वित्तासमाणे** = ત્રાસિત કરતા, **विपलायमाणे** = ભગાવતા, **विउब्भायमाणे** = ચમકાવતાં, **इदंकीलं आउडेइ** = ઈન્દ્રકીલને માર્યો, **अवसाओ** = વશમાં નથી, **वसमुवणमंतु** = વશમાં થઈ જાય, **गिरं णिसिरइ** = શબ્દ કહ્યા.

**ભાવાર્થ :–** આ પ્રમાણે કહીને ચમરેન્દ્ર ઉત્તર–પૂર્વ દિગ્વિભાગમાં અર્થાત્ ઈશાનકોણમાં ગયા. ત્યાં તેણે વૈક્રિય સમુદ્‌ઘાત કરી, તે બીજી વાર પણ વૈક્રિય સમુદ્‌ઘાત દ્વારા સમવહત થયા. આ પ્રમાણે કરીને ચમરેન્દ્રે એક મહાન ઘોર, ઘોર આકૃતિવાળું, ભયંકર, ભયંકર આકૃતિવાળું, ભાસ્વર, ભયાનક, ગંભીર, ત્રાસજનક, કૃષ્ણપક્ષની અર્ધરાત્રિ તથા અડદની રાશિ સમાન કાળું, એક લાખ યોજન ઊંચુ, મોટું શરીર બનાવ્યું. આ પ્રમાણે કરીને તે ચમરેન્દ્ર પોતાના હાથને પછાડવા લાગ્યા, હાથને પછાડીને ઉછળવા–કૂદવા લાગ્યા, મેઘની સમાન ગર્જના કરતાં, ઘોડાની જેમ હણહણાટ કરતાં, હાથીની જેમ ચિંઘાડતાં, રથની જેમ રણઝણાટ કરતાં, ભૂમિ પર જોરથી હાથ પછાડતાં, સિંહનાદ કરવા લાગ્યા, ઉછળવા લાગ્યા, પછડાટ ખાવા લાગ્યા. તે મલ્લની જેમ ત્રિપદીને છેદતાં,(ત્રણ વાર સાથળ ઉપર હાથ પછાડતાં)ડાબી ભુજાને ઊંચી કરતાં, જમણા હાથની તર્જની આંગળી અને અંગૂઠાના નખ દ્વારા પોતાના મુખને વિડંબિત–વાકું ચૂકું કરવા લાગ્યા અને મહાન શબ્દો દ્વારા કલકલ શબ્દ કરવા લાગ્યા. આ રીતે એકલા જ, બીજા સાથી વિના પરિઘરત્ન નામના શસ્ત્રને ધારણ કરી, આકાશમાં ઊંચે ઊડવા લાગ્યા. [ઊડતી વખતે તેની તીવ્ર ગતિથી] જાણે અધોલોકને ક્ષુભિત કરતાં, ભૂમિતલને કંપાવતાં, તિરછા લોકને ખેંચતાં, ગગનતલને ભેદતાં, તે ચમરેન્દ્ર, ક્યાંક ગર્જના કરતાં, ક્યાંક વીજળી ચમકાવતાં, ક્યાંક વર્ષા વરસાવતાં, ક્યાંક ધૂળની વર્ષા કરતાં, ક્યાંક અંધકાર કરતાં, ઉપર જવા લાગ્યા. ગમન કરતાં વ્યંતર દેવોને ત્રાસિત કરતા, જ્યોતિષી દેવોના બે વિભાગ કરી નાંખતાં અને આત્મરક્ષક દેવોને ભગાડતાં [તે ચમરેન્દ્ર] પરિઘ રત્નને ઘુમાવતાં, ચમકાવતાં ઉત્કૃષ્ટ ગતિ, ચંચલાદિગતિથી તિરછા અસંખ્ય દ્વીપસમુદ્રોની મધ્યમાં થઈને નીકળ્યા. નીકળીને સૌધર્મ કલ્પના સૌધર્માવતંસક વિમાનની સુધર્મા સભામાં પહોંચ્યા, ત્યાં પહોંચીને તેણે પોતાનો એક પગ પદ્મવર વેદિકા ઉપર રાખ્યો અને બીજો પગ સુધર્મા સભામાં રાખ્યો. મહાન હું કાર શબ્દ કરતાં, તેણે પોતાના પરિઘ રત્ન દ્વારા ઈન્દ્રકીલને ત્રણ વાર માર્યો પછી તેણે જોરથી બૂમ પાડીને કહ્યું કે, તે દેવેન્દ્ર દેવરાજ શક્ર ક્યાં છે ? તેના ૮૪,૦૦૦ સામાનિક દેવ ક્યાં છે ? તેના ૩,૩૬,૦૦૦ (ત્રણ લાખ છત્રીસ હજાર) આત્મરક્ષક દેવ ક્યાં છે ? તથા તે કરોડો અપ્સરાઓ ક્યાં છે ? આજે હું તે સર્વનું હનન કરુ છું. આજે જ સર્વનો વધ કરું છું. જે અપ્સરાઓ આજ સુધી મારા વશમાં નથી, તે આજે મારા વશમાં થાય, આ પ્રમાણે કહીને ચમરેન્દ્રે આ પ્રકારના અનિષ્ટ, અકાંત, અપ્રિય, અસુંદર, અમનોહર અને અમનોજ્ઞ કઠોર શબ્દો કહ્યા.

## શક્રેન્દ્રનો પર કોપ અને ચમરેંદ્રનું પલાયન :–

**૨૧** **तए णं से सक्के देविंदे देवराया तं अणिट्ठं** *जाव* **अमणामं असुयपुव्वं फरुसं गिरं सोच्चा णिसम्म आसुरुत्ते** *जाव* **मिसिमिसेमाणे तिवलियं भिउडिं णिडाले साहट्टु चमरं असुरिंदं असुररायं एवं वयासी– हं भो चमरा असुरिंदा**

**असुरराया! अपत्थियपत्थया** *जाव* **हीणपुण्णचाउद्दसा अज्ज ण भवसि ण हि ते सुहमत्थीति कट्टु तत्थेव सीहासणवरगए वज्जं परामुसइ, परामुसित्ता, तं जलंतं, फुडंतं, तडतडंतं उक्कासहस्साइं विणिम्मुयमाणं, जालासहस्साइं पमुंचमाणं, इंगालसहस्साइं पविक्खिरमाणं पविक्खिरमाणं, फुलिंगजालामालासहस्सेहिं चक्खुविक्खेवदिट्ठि- पडिघायं पि पकरेमाणं हुयवहअइरेगतेयदिप्पंतं, जइणवेगं फुल्लकिंसुयसमाणं, महब्भयं भयंकरं चमरस्स असुरिंदस्स असुररण्णो वहाए वज्जं णिसिरइ ।**

**तएणं से चमरे असुरिंदे असुरराया तं जलंतं** *जाव* **भयंकरं वज्जमभिमुहं आवयमाणं पासइ, पासित्ता झियाइ पिहाइ, झियायित्ता पिहाइत्ता तहेव संभग्ग- मउडविडए सालंबहत्थाभरणे उड्ढंपाए अहोसिरे कक्खागयसेयं पिव विणिम्मुयमाणे विणिम्मुयमाणे ताए उक्किट्ठाए** *जाव* **तिरियमसंखेज्जाणं दीव–समुद्दाणं मज्झंमज्झेणं वीईवयमाणे जेणेव जंबूदीवे** *जाव* **जेणेव असोगवरपायवे जेणेव मम अंतिए तेणेव उवागच्छइ, उवागच्छित्ता भीए भयगग्गरसरे 'भगवं सरणं' इति बुयमाणे ममं दोण्ह वि पायाणं अंतरंसि झत्ति वेगेण समोवडिए ।**

**શબ્દાર્થ :– ण सुहमत्थिति** = સુખનું અસ્તિત્વ રહેશે નહીં, **उक्कासहस्साइं–विणिम्मुयमाणं** = હજારો ઉલ્કાઓ છોડનારું, **पविक्खिरमाणं** = વિખેરતા, **चक्खुविक्खेवदिट्ठिपडिघायं** = આંખોની જોવાની શક્તિને રોકનારું, **हुयवहअइरेगतेयदिप्पंतं** = હુતાવહ–અગ્નિથી પણ અધિક તેજથી દીપ્ત, **जइणवेगं** = અત્યંત વેગવાળા, **फुल्लकिंसुयसमाणं** = ખીલેલા કિંશુકના ફૂલ સમાન, **पिहाइ** = સ્પૃહા કરે છે, **संभग्गमउडविडए** = મુગટની કલગી તૂટી ગઈ, **सालंबहत्थाभरणे** = હાથના આભૂષણ લટકવા લાગ્યા, **कक्खागयसेयं** = જેની બગલમાં પસીનો આવી ગયો છે, **भयगग्गरसरे** = ભયથી આર્ત સ્વરયુક્ત, **समोवडिए** = પડી ગયા, છુપાઈ ગયા.

**ભાવાર્થ :–** ત્યાર પછી દેવેન્દ્ર દેવરાજ શક્ર ચમરેન્દ્રના ઉપર્યુક્ત અનિષ્ટ, અમનોજ્ઞ આદિ અશ્રુતપૂર્વ, કર્ણકટુ વચન સાંભળીને, હૃદયમાં ધારણ કરીને, તત્કાલ કોપાયમાન થઈ ગયા. ક્રોધથી [હોઠ ચાવતા] બડબડવા લાગ્યા અને લલાટ પર ત્રણ સળ–કરચલી પડે તે રીતે ભ્રુકુટી ચઢાવીને, શક્રેન્દ્રે અસુરેન્દ્ર અસુરરાજ ચમરને આ પ્રમાણે કહ્યું, " હે અપ્રાર્થિત પ્રાર્થક [મરણના ઈચ્છુક] ! યાવત્ હીનપુણ્યા [અપૂર્ણા] ચતુર્દશીના જન્મેલા અસુરેન્દ્ર ! અસુરરાજ ચમર ! આજે તું રહીશ નહીં [તારું અસ્તિત્વ સમાપ્ત થઈ જશે.] આજે તારી ખેર નથી. આજે તારું સુખ રહેશે નહીં. આ પ્રમાણે કહીને પોતાના શ્રેષ્ઠ સિંહાસન પર બેઠા બેઠા જ શક્રેન્દ્રે પોતાનું વજ્ર ઉપાડ્યું. જ્વલંત, શબ્દાયમાન, તડ–તડ અવાજ કરતું, હજારો ઉલ્કાઓ છોડતું, અગ્નિની હજાર જ્વાળા વરસાવતું, વારંવાર અંગારોઓને વરસાવતું, હજારો તણખાઓની માળાથી આંખને આંજી નાંખતું, અગ્નિથી પણ અધિક તેજથી દેદીપ્યાન, અત્યંત વેગવાન, ખીલેલા કિંશુકના

ફૂલની સમાન લાલ, મહાભયાવહ એવું ભયંકર વજ્ર, અસુરેન્દ્ર અસુરરાજ ચમરને મારવા ફેંક્યું.

ત્યાર પછી તે અસુરેન્દ્ર અસુરરાજ ચમરે જ્યારે તે જાજ્વલ્યમાનથી ભયંકર પર્યંતના વિશેષણ યુક્ત વજ્રને પોતાની સામે આવતું જોયું, વજ્રને પોતાની તરફ આવતું જોઈને, પોતાની બંને આંખ બંધ કરી દીધી અને ત્યાંથી ભાગી જવાનો વિચાર કરવા લાગ્યા. ચમરેન્દ્ર હજુ નાશી જવાનો વિચાર જ કરતો હતો ત્યાં તેના મુગટની કલગી તૂટી ગઈ, હાથના આભૂષણો નીચે લટકવા લાગ્યા, અધો દિશામાં ભાગતાં તેના પગ ઉપર અને મસ્તક નીચે થઈ ગયું. તેની બંને બગલમાંથી પરસેવો છૂટવા લાગ્યો. તે અસુરેન્દ્ર ચમર ઉત્કૃષ્ટ આદિ દિવ્ય દેવગતિથી, તિરછા અસંખ્ય દ્વીપ–સમુદ્રોની મધ્યમાંથી, તેને પાર કરતો, જ્યાં જંબૂદ્વીપ નામનો દ્વીપ હતો, જ્યાં હું હતો, ત્યાં આવ્યો, મારી નિકટ આવીને ભયભીત થયેલો તે ભયથી ગદ્ગદિત સ્વરમાં બોલ્યો કે " હે ભગવન્ ! આપ જ મારા માટે શરણરૂપ છો." આ રીતે બોલી, તે મારા બંને પગની વચ્ચે શીઘ્રતાથી વેગપૂર્વક છુપાઈ ગયો.

**ભગવદ્ પ્રભાવે વજ્રભય–મુક્તિ :–**

**૨૨** **तए णं तस्स सक्कस्स देविंदस्स देवरण्णो इमेयारूवे अज्झत्थिए** *जाव* **समुप्पज्जित्था– णो खलु पभू चमरे असुरिंदे असुरराया, णो खलु समत्थे चमरे असुरिंदे असुरराया, णो खलु विसए चमरस्स असुरिंदस्स असुररण्णो अप्पणो णिस्साए उड्ढं उप्पइत्ता जाव सोहम्मो कप्पो, णण्णत्थ अरिहंते, [अरिहंत चेइयाणि वा] अणगारे वा भाविअप्पणो णीसाए उड्ढं उप्पयइ जाव सोहम्मो कप्पो, तं महादुक्खं खलु तहारूवाणं अरिहंताणं भगवंताणं, अणगाराण य अच्चासायणाए त्ति कट्टु ओहिं पउंजइ, पउंजित्ता ममं ओहिणा आभोएइ आभोइत्ता हा ! हा ! अहो ! हतो अहमंसि त्ति कट्टु ताए उक्किट्ठाए** *जाव* **दिव्वाए देवगईए वज्जस्स वीहिं अणुगच्छमाणे तिरियमसंखेज्जाणं दीव–समुद्दाणं मज्झंमज्झेणं** *जाव* **जेणेव असोगवरपायवे, जेणेव ममं अंतिए तेणेव उवागच्छइ, ममं चउरंगुलमसंपत्तं वज्जं पडिसाहरइ, अवियाइं मे गोयमा ! मुट्ठिवाएणं केसग्गे वीइत्था ।**

**तएणं से सक्के देविंदे देवराया वज्जं पडिसाहरित्ता ममं तिक्खुत्तो आयाहिणपयाहिणं करेइ, करित्ता वंदइ णमंसइ, वंदित्ता णमंसित्ता एवं वयासी– एवं खलु भंते ! अहं तुब्भं णीसाए चमरेणं असुरिंदेण असुररण्णा सयमेव अच्चासाइए तएणं मए परिकुविएणं समाणेणं चमरस्स असुरिंदस्स असुररण्णो वहाए वज्जे णिसट्ठे, तएणं ममं इमेयारूवे अज्झत्थिए** *जाव* **समुप्पज्जित्था– णो खलु पभू चमरे असुरिंदे असुरराया, तहेव** *जाव* **ओहिं पउंजामि, देवाणुप्पिए ओहिणा आभोएमि,**

**हा ! हा ! अहो ! हओ म्हि त्ति कट्टु ताए उक्किट्ठाए** *जाव* **जेणेव देवाणुप्पिए तेणेव उवागच्छामि । देवाणुप्पियाणं चउरंगुलमसंपत्तं वज्जं पडिसाहरामि, वज्जपडिसाहरणट्ठयाए णं इहमागए, इह समोसढे, इह संपत्ते, इहेव अज्ज उवसंपज्जित्ता णं विहरामि । तं खामेमि णं देवाणुप्पिया ! खमंतु णं देवाणुप्पिया ! खंतुमरहंति णं देवाणुप्पिया ! णाइ भुज्जो एवं करणयाए त्ति कट्टु ममं वंदइ णमंसइ, वंदित्ता णमंसित्ता, उत्तरपुरत्थिमं दिसीभागं अवक्कमइ, वामेणं पाएणं तिक्खुत्तो भूमिं दालेइ, दालित्ता चमरं असुरिंदं असुररायं एवं वयासी– मुक्को सि णं भो चमरा असुरिंदा असुरराया ! समणस्स भगवओ महावीरस्स पभावेणं । ण हि ते इयाणिं ममाओ भयं अत्थि त्ति कट्टु जामेव दिसिं पाउब्भूए तामेव दिसिं पडिगए ।**

**ભાવાર્થ :–** તે સમયે દેવેન્દ્ર દેવરાજ શક્રને આ પ્રકારનો વિચાર ઉત્પન્ન થયો કે અસુરેન્દ્ર અસુરરાજ ચમરનું આટલું સામર્થ્ય, આટલી શક્તિ અને આટલો વિષય નથી કે તે અરિહંત ભગવાન અથવા કોઈ ભાવિતાત્મા અણગારનો આશ્રય લીધા વિના સ્વયં પોતાની શક્તિથી સૌધર્મ કલ્પ સુધી ઊંચે આવી શકે. તેથી જો ચમરેન્દ્ર કોઈ અરિહંત ભગવાન અથવા ભાવિતાત્મા અણગારનો આશ્રય લઈને અહીં આવ્યા હોય, તો મારા દ્વારા પ્રક્ષિપ્ત વજ્રથી તે મહાપુરુષોની અશાતના થશે અને તે મારા માટે મહાદુઃખરૂપ થશે. આ પ્રકારનો વિચાર કરીને શક્રેન્દ્રે અવધિજ્ઞાનનો પ્રયોગ કર્યો અને તેના દ્વારા તેણે મને જોયો. મને જોતાં જ તેના મુખમાંથી શબ્દો સરી પડ્યા કે " હા ! હા ! હું મરાયો. " આ પ્રમાણે કહીને પોતાના વજ્રને પકડવા માટે શક્રેન્દ્ર ઉત્કૃષ્ટ, તીવ્ર ગતિથી વજ્રની પાછળ ગયા. તે શક્રેન્દ્ર, અસંખ્ય દ્વીપ સમુદ્રોની મધ્યમાંથી પસાર થઈ, તે ઉત્તમ અશોક વૃક્ષની નીચે જ્યાં હું હતો, તે તરફ આવ્યા અને મારાથી ફક્ત ચાર અંગુલ દૂર રહેલા તે વજ્રને તેણે પકડી લીધુ. " હે ગૌતમ ! જે સમયે શક્રેન્દ્રે વજ્રને પકડ્યું, તે સમયે પોતાની મુટ્ઠીને એટલી જોરથી બંધ કરી કે મુટ્ઠીના વાયુથી મારા કેશાગ્ર હલવા લાગ્યા. ત્યાર પછી દેવેન્દ્ર દેવરાજ શક્રે, વજ્ર લઈને મારી ત્રણ વાર પ્રદક્ષિણા કરી અને વંદન નમસ્કાર કર્યા, વંદન નમસ્કાર કરીને આ પ્રમાણે કહ્યું કે– "હે ભગવન્ ! આપનો આશ્રય લઈને અસુરેન્દ્ર અસુરરાજ ચમર મને અને મારી શોભાને નષ્ટ કરવા આવ્યો હતો, તેથી તેને મારવા માટે કુપિત થઈને મેં વજ્ર ફેંક્યુ. ત્યાર પછી મને વિચાર આવ્યો કે અસુરેન્દ્ર અસુરરાજ ચમર સ્વયં પોતાની શક્તિથી આટલો ઊંચે આવી શકે નહીં. તે અરિહંતાદિ કોઈનું શરણ લઈને આવ્યો હશે."

ત્યાર પછી શક્રેન્દ્રે કહ્યું કે, 'હે ભગવન્ ! પછી અવધિજ્ઞાન દ્વારા મેં આપને જોયા, આપને જોતાં જ મારા મુખમાંથી શબ્દો સરી પડ્યા કે "હા ! હા ! હું મરાયો." આ પ્રકારનો વિચાર કરીને ઉત્કૃષ્ટ દિવ્ય દેવગતિ દ્વારા જ્યાં આપ દેવાનુપ્રિય બિરાજો છો, ત્યાં હું આવ્યો અને આપનાથી ચાર અંગુલ દૂર રહેલા વજ્રને મેં પકડી લીધું. વજ્રને લેવા માટે હું અહીં આવ્યો છું, સમવસૃત થયો છું, સમ્પ્રાપ્ત થયો છું, આપની

સામે ઉપસ્થિત થયો છું. હે ભગવન્ ! મારા અપરાધની ક્ષમા યાચના કરું છું. આપ ક્ષમા પ્રદાન કરો. આપ ક્ષમા પ્રદાન કરવા સમર્થ છો. હું આ પ્રકારનો અપરાધ ફરી કરીશ નહીં. આ રીતે કહીને, મને વંદન નમસ્કાર કરીને, શક્રેન્દ્ર ઉત્તર–પૂર્વ દિગ્વિભાગમાં–ઈશાનકોણમાં ગયા. ત્યાં જઈને શક્રેન્દ્રે પોતાના ડાબા પગને ત્રણ વાર ભૂમિ સાથે પછાડ્યો અને અસુરેન્દ્ર અસુરરાજ ચમરને આ પ્રમાણે કહ્યુ," હે અસુરેન્દ્ર અસુરરાજ ચમર ! આજે તું શ્રમણ ભગવાન મહાવીર સ્વામીના પ્રભાવથી બચી ગયો છો. હવે તને મારા તરફથી જરા પણ ભય નથી [મારા તરફથી નિર્ભય છો.] આ પ્રકારે કહીને શક્રેન્દ્ર જે દિશામાંથી આવ્યા હતા, તે દિશામાં પાછા ગયા".

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રમાં પ્રભુના શરણની મહત્તા પ્રદર્શિત કરી છે.

વજ્રના પ્રક્ષેપ પછી શક્રેન્દ્રને વિચાર આવ્યો કે ચમરેન્દ્ર અરિહંતાદિનો આશ્રય ગ્રહણ કરીને જ અહીં આવ્યો હોય, અવધિજ્ઞાનના પ્રયોગથી વાસ્તવિક્તાને જાણી. તીર્થંકરોની અશાતનાના ભયના કારણે, વજ્ર નીચે પહોંચે તે પહેલાં જ પકડી લેવા માટે ઉત્કૃષ્ટ દિવ્ય ગતિથી તે દોડ્યા. પ્રભુથી ચાર અંગુલ જ દૂર રહેલા વજ્રને પકડી લીધું. પ્રભુ સમક્ષ પોતાના અપરાધનો સ્વીકાર કરી ક્ષમાયાચના કરી અને ભગવદ્ આશ્રયમાં રહેલા ચમરેન્દ્રને પણ અભયદાન આપ્યું.

## ફેંકેલી વસ્તુને પકડવાની દેવ શક્તિ :–

**૨૩ भंते ! त्ति भगवं गोयमे समणं भगवं महावीरं वंदइ णमंसइ, वंदित्ता णमंसित्ता एवं वयासी– देवे णं भंते ! महिड्ढीए *जाव* महाणुभागे पुव्वामेव पोग्गलं खिवित्ता पभू तमेव अणुपरियट्टित्ता णं गेण्हित्तए ? हंता, पभू ।**

**से केणट्ठेणं *जाव* गिण्हित्तए ?**

**गोयमा ! पोग्गले णं खित्ते समाणे पुव्वामेव सिग्घगई भवित्ता तओ पच्छा मंदगई भवइ, देवे णं महिड्ढीए पुव्विं पि य, पच्छा वि सीहे सीहगई चेव, तुरिए तुरियगई चेव, से तेणट्ठेणं *जाव* पभू गेण्हित्तए ।**

**ભાવાર્થ** :– પ્રશ્ન– 'હે ભગવન્ !' આ પ્રમાણે સંબોધન કરીને ગૌતમ સ્વામીએ શ્રમણ ભગવાન મહાવીર સ્વામીને વંદન નમસ્કાર કર્યા અને આ પ્રમાણે કહ્યું, "હે ભગવન્ ! મહાઋદ્ધિવાન તેમજ મહાપ્રભાવસંપન્ન દેવ શું કોઈ પુદ્ગલને પહેલા ફેંકીને પછી તેની પાછળ જઈને તેને પકડવામાં સમર્થ છે ?

ઉત્તર– હા, ગૌતમ ! પકડવામાં સમર્થ છે.

**ભાવાર્થ** :– પ્રશ્ન– હે ભગવન્ ! તેનું શું કારણ છે કે દેવ પહેલા ફેંકેલા પુદ્‌ગલને તેની પાછળ જઈને ગ્રહણ કરી શકે છે ?

ઉત્તર– હે ગૌતમ ! જ્યારે પુદ્‌ગલ ફેંકાય છે, ત્યારે તેની ગતિ શીઘ્ર હોય છે અને પાછળથી તેની ગતિ મંદ પડી જાય છે. મહાઋદ્ધિવાન દેવ પહેલા પણ અને પછી પણ શીઘ્ર અને શીઘ્ર ગતિવાળા હોય છે, ત્વરિત અને ત્વરિત ગતિવાળા હોય છે. તેથી ફેંકેલા પુદ્‌ગલોની પાછળ જઈને તેને પકડી શકે છે.

**૨૪ जइ णं भंते ! देवे महिड्ढीए** *जाव* **अणुपरियट्टित्ता णं गेण्हित्तए, कम्हा णं भंते ! सक्केणं देविंदेण देवरण्णा, चमरे असुरिंदे असुरराया णो संचाइए साहत्थिं गेण्हित्तए ?**

**गोयमा ! असुरकुमाराणं देवाणं अहे गइविसए सीहे सीहे चेव तुरिए तुरिए चेव; उड्ढं गइविसए अप्पे अप्पे चेव, मंदे मंदे चेव; वेमाणियाणं देवाणं उड्ढं गइविसए सीहे सीहे चेव, तुरिए तुरिए चेव; अहे गइविसए अप्पे अप्पे चेव, मंदे मंदे चेव; जावइयं खेत्तं सक्के देविंदे देवराया उड्ढं उप्पयइ एक्केणं समएणं तं वज्जे दोहिं, जं वज्जे दोहिं तं चमरे तिहिं । सव्वथोवे सक्कस्स देविंदस्स देवरण्णो उड्ढलोयकंडए, अहेलोयकंडए संखेज्जगुणे । जावइयं खेत्तं चमरे असुरिंदे असुरराया अहे उवयइ एक्केणं समएणं तं सक्के दोहिं, जं सक्के दोहिं तं वज्जे तीहिं । सव्वत्थोवे चमरस्स असुरिंदस्स असुररण्णो अहेलोयकंडए, उड्ढलोयकंडए संखेज्जगुणे, एवं खलु गोयमा ! सक्केणं देविंदेणं देवरण्णा, चमरे असुरिंदे असुरराया णो संचाइए साहत्थिं गेण्हित्तए ।**

**ભાવાર્થ** :– પ્રશ્ન– હે ભગવન્ ! મહાઋદ્ધિવાન આદિ વિશેષણવાળા દેવ પુદ્‌ગલનો પીછો પકડી, તેને જો પકડી શકે છે, તો દેવેન્દ્ર દેવરાજ શક્ર, પોતાના હાથે અસુરેન્દ્ર અસુરરાજ ચમરને કેમ પકડી શક્યા નહીં?

ઉત્તર– હે ગૌતમ ! અસુરકુમાર દેવોનું અધોગમન શીઘ્ર–શીઘ્ર ગતિ સંપન્ન તથા ત્વરિત–ત્વરિત ગતિ સંપન્ન હોય છે. ઉર્ધ્વગમન અલ્પ–અલ્પ ગતિ સંપન્ન અને મંદ મંદ ગતિ સંપન્ન હોય છે. વૈમાનિક દેવોનો ઉર્ધ્વગમનનો વિષય શીઘ્ર, શીઘ્ર ગતિ સંપન્ન તથા ત્વરિત, ત્વરિત ગતિ સંપન્ન હોય છે અને અધોગમનનો વિષય અલ્પ, અલ્પ ગતિ સંપન્ન તથા મંદ મંદ ગતિ સંપન્ન હોય છે. એક સમયમાં દેવેન્દ્ર દેવરાજ શક્ર જેટલું ઉપર જઈ શકે છે, તેટલું ઉપર જવામાં વજ્રને બે સમય અને તેટલું જ ક્ષેત્ર ઉપર જવામાં ચમરેન્દ્રને ત્રણ સમય લાગે છે. દેવેન્દ્ર દેવરાજ શક્રનો ઉર્ધ્વલોક કંડક અર્થાત્ ઉર્ધ્વગમનનું કાલમાન સર્વથી અલ્પ છે અને અધોલોક કંડક અર્થાત્ અધોગમનનું કાલમાન તેથી સંખ્યાત ગણું છે. એક સમયમાં અસુરેન્દ્ર

અસુરરાજ ચમર, જેટલું ક્ષેત્ર નીચે જઈ શકે છે, તેટલું ક્ષેત્ર નીચે જવામાં શક્રેન્દ્રને બે સમય અને તેટલું જ ક્ષેત્ર નીચે જવામાં વજ્રને ત્રણ સમય લાગે છે. અર્થાત્ અસુરેન્દ્ર અસુરરાજ ચમરનો અધોલોક કંડક [અધોગમનનું કાલમાન] સર્વથી અલ્પ છે અને ઉર્ધ્વલોક કંડક [ઉર્ધ્વગમનનું કાલમાન] તેથી સંખ્યાત ગણુ છે. હે ગૌતમ ! તેથી દેવેન્દ્ર દેવરાજ શક્ર, પોતાના હાથેથી અસુરેન્દ્ર અસુરરાજ ચમરને પકડવામાં સમર્થ થયા નહીં.

**વિવેચન :-**

પ્રસ્તુત ત્રણ પ્રશ્નોત્તરમાં ફેંકેલી વસ્તુને પકડવાનું દેવ–સામર્થ્ય પ્રદર્શિત કર્યું છે.

**વસ્તુને પકડવાની દેવ–શક્તિ :–** કોઈ પણ ફેંકેલી વસ્તુને ગંતવ્ય સ્થાન પર પહોંચતા પહેલાં જ તેને પકડી લેવાનું સામર્થ્ય મનુષ્યમાં તો હોતું જ નથી પરંતુ મહર્દ્ધિક દેવ પાસે આ પ્રકારનું સામર્થ્ય હોય છે. દેવોની ગતિ શીઘ્ર, શીઘ્રતર થતી જાય છે. જ્યારે ફેંકેલી વસ્તુની ગતિ મંદ મંદતર થતી જાય છે. તેથી વસ્તુ ગંતવ્ય સ્થાન પર પહોંચે તે પહેલા જ દેવ તેને પકડી શકે છે.

**ચમરેન્દ્રને પકડવાની શક્રેન્દ્રની શક્તિ નથી :–** દેવની ગતિ શીઘ્ર શીઘ્રતર થવા છતાં શક્રેન્દ્ર, ચમરેન્દ્રને પકડી શક્યા નહીં. તેનું કારણ એ છે કે અસુરકુમારનું અધોગમન સામર્થ્ય શક્રેન્દ્રથી અધિક હોય છે. શક્રેન્દ્રનું અધોગમન સામર્થ્ય ચમરેન્દ્ર કરતાં અર્ધુ છે. અધોગમનમાં જેટલા ક્ષેત્રને પસાર કરતાં, ચમરેન્દ્રને એક સમય થાય, તેટલા જ ક્ષેત્રને પસાર કરતાં શક્રેન્દ્રને બે સમય થાય છે.

જ્યારે શક્રેન્દ્રનું ઉર્ધ્વગમન સામર્થ્ય ચમરેન્દ્ર કરતાં ત્રણ ગણું છે. ઉર્ધ્વગમનમાં શક્રેન્દ્રને જેટલા ક્ષેત્રને પસાર કરતાં એક સમય થાય તેટલા જ ક્ષેત્રને પસાર કરતાં ચમરેન્દ્રને ત્રણ સમય થાય છે.

આ રીતે અસુરકુમારોનું અધોગમન સામર્થ્ય અધિક છે જ્યારે શક્રેન્દ્રનું ઉર્ધ્વગમન સામર્થ્ય અધિક છે. તેથી શક્રેન્દ્ર, ચમરેન્દ્રને પકડી શક્યા નહીં.

## ઈન્દ્રના ઉર્ધ્વગમનાદિ સામર્થ્યનો અલ્પબહુત્વ :-

**૨૫ सक्कस्स णं भंते ! देविंदस्स देवरण्णो उड्ढं अहे तिरियं च गइविसयस्स कयरे कयरेहिंतो अप्पे वा, बहुए वा, तुल्ले वा, विसेसाहिए वा ?**

**गोयमा ! सव्वत्थोवं खेत्तं सक्के देविंदे देवराया अहे उवयइ एक्केणं समएणं, तिरियं संखेज्जे भागे गच्छइ, उड्ढं संखेज्जे भागे गच्छइ ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! દેવેન્દ્ર દેવરાજ શક્રનો ઉર્ધ્વગમન વિષય, અધોગમન–વિષય અને તિર્યગ્ ગમન વિષયમાં કયો વિષય કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ?

ઉત્તર– હે ગૌતમ ! દેવેન્દ્ર દેવરાજ શક્રનું એક સમયમાં સર્વથી અલ્પ અધોગમન સામર્થ્ય છે,

તેથી સંખ્યાત ભાગ અધિક તિરછા જાય છે અને તેથી સંખ્યાત ભાગ અધિક ઊંચે જાય છે.

**૨૬ चमरस्स णं भंते ! असुरिंदस्स असुररण्णो उड्ढं अहे तिरियं च गइविसयस्स कयरे कयरेहिंतो अप्पे वा, बहुए वा, तुल्ले वा, विसेसाहिए वा ?**

**गोयमा ! सव्वत्थोवं खेत्तं चमरे असुरिंदे असुरराया उड्ढं उप्पयइ एक्केणं समएणं, तिरियं संखेज्जे भागे गच्छइ, अहे संखेज्जे भागे गच्छइ ।**

**वज्जं जहा सक्कस्स तहेव, णवरं विसेसाहियं कायव्वं ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! અસુરેન્દ્ર અસુરરાજ ચમરના ઉર્ધ્વગમન વિષય, અધોગમન વિષય અને તિર્યગ્ગમન વિષયમાં કયો વિષય કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ?

ઉત્તર– હે ગૌતમ ! અસુરેન્દ્ર અસુરરાજ ચમરનું એક સમયમાં સર્વથી અલ્પ ઉર્ધ્વગમન સામર્થ્ય છે. તેથી સંખ્યાત ભાગ અધિક તિરછા જાય છે અને તેથી સંખ્યાત ભાગ અધિક નીચે જાય છે.

વજ્રની ગતિનો વિષય શક્રેન્દ્રની સમાન જાણવો જોઈએ. પરંતુ તેમાં વિશેષતા એ છે કે તેની ગતિનો વિષય વિશેષાધિક કહેવો જોઈએ.

**૨૭ सक्कस्स णं भंते ! देविंदस्स देवरण्णो ओवयणकालस्स य, उप्पयणकालस्स य कयरे कयरेहिंतो अप्पा वा, बहुया वा, तुल्ला वा, विसेसाहिया वा ?**

**गोयमा ! सव्वत्थोवे सक्कस्स देविंदस्स देवरण्णो उप्पयणकाले, ओवयणकाले संखेज्जगुणे ।**

**चमरस्स वि जहा सक्कस्स, णवरं सव्वत्थोवे ओवयणकाले, उप्पयणकाले संखेज्जगुणे ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! દેવેન્દ્ર દેવરાજ શક્રનો અધોગમન સમય અને ઉર્ધ્વગમન સમય, આ બંને સમયોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ?

ઉત્તર– હે ગૌતમ ! દેવેન્દ્ર દેવરાજ શક્રનો ઉર્ધ્વગમન કાલ સર્વથી અલ્પ છે અને અધોગમન તેથી સંખ્યાત ગુણો છે.

ચમરેન્દ્રનું કથન પણ શક્રેન્દ્રની સમાન જ જાણવું જોઈએ. પરંતુ તેમાં વિશેષતા એ છે કે ચમરેન્દ્રનો અધોગમનનો સમય સર્વથી અલ્પ છે અને ઉર્ધ્વગમનનો સમય તેથી સંખ્યાતગુણો છે.

**૨૮ वज्जस्स पुच्छा ? गोयमा । सव्वत्थोवे उप्पयणकाले, ओवयणकाले**

**विसेसाहिए ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! વજ્રનો અધોગમન સમય અને ઉર્ધ્વગમન સમય, આ બંનેમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ?

ઉત્તર– હે ગૌતમ ! વજ્રનો ઉર્ધ્વગમન સમય સર્વથી અલ્પ છે, અધોગમનનો સમય તેથી વિશેષાધિક છે.

**२९ एयस्स णं भंते ! वज्जस्स, वज्जाहिवइस्स, चमरस्स य असुरिंदस्स असुररण्णो ओवयणकालस्स य, उप्पयणकालस्स य कयरे कयरेहिंतो अप्पा वा, बहुया वा, तुल्ला वा, विसेसाहिया वा ?**

**गोयमा ! सक्कस्स य उप्पयणकाले, चमरस्स य ओवयणकाले, एए णं दोण्णि वि तुल्ला सव्वत्थोवा, सक्कस्स य ओवयणकाले, वज्जस्स य उप्पयणकाले एस णं दोण्ह वि तुल्ले संखेज्जगुणे, चमरस्स य उप्पयणकाले, वज्जस्स य ओवयणकाले, एस णं दोण्ह वि तुल्ले विसेसाहिए ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! વજ્ર, વજ્રાધિપતિ–શક્રેન્દ્ર અને ચમરેન્દ્ર, આ સર્વનો અધોગમનનો સમય, ઉર્ધ્વગમનનો સમય, આ બંનેમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ?

ઉત્તર– હે ગૌતમ ! શક્રેન્દ્રનો ઉર્ધ્વગમનનો સમય અને ચમરેન્દ્રનો અધોગમનનો સમય, આ બંને તુલ્ય છે અને સર્વથી અલ્પ છે. શક્રેન્દ્રનો અધોગમનનો સમય અને વજ્રનો ઉર્ધ્વગમનનો સમય, તે બંને તુલ્ય છે અને [પૂર્વથી] સંખ્યાતગુણો છે. ચમરેન્દ્રનો ઉર્ધ્વગમનનો સમય અને વજ્રનો અધોગમનનો સમય, આ બંને સમય પરસ્પર તુલ્ય છે અને ઉપરથી વિશેષાધિક છે.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રમાં શક્રેન્દ્ર, ચમરેન્દ્ર અને વજ્રના ઉર્ધ્વગમન અને અધોગમનના ક્ષેત્ર અને કાલવિષયક અલ્પબહુત્વની પ્રરૂપણા કરી છે.

**ક્ષેત્રની અપેક્ષાએ :–** એક સમયમાં શક્રેન્દ્રનો જેટલો ઉર્ધ્વગમનનો વિષય છે– શક્રેન્દ્ર જેટલા ક્ષેત્રને એક સમયમાં પસાર કરે તેટલા જ ક્ષેત્રને પસાર કરતા વજ્રને બે સમય અને ચમરેન્દ્રને ત્રણ સમય લાગે છે અને એક સમયમાં ચમરેન્દ્રનો જેટલો અધોગમનનો વિષય છે, અર્થાત્ ચમરેન્દ્ર જેટલા ક્ષેત્રને એક સમયમાં પસાર કરે છે, તેટલા જ ક્ષેત્રને પસાર કરતા શક્રેન્દ્રને બે સમય અને વજ્રને ત્રણ સમય લાગે છે. અર્થાત્ ઉર્ધ્વગમનમાં શક્રેન્દ્રને એક સમય, વજ્રને બે સમય, ચમરેન્દ્રને ત્રણ સમય થાય અને અધોગમનમાં ચમરેન્દ્રને એક સમય, શક્રેન્દ્રને બે સમય અને વજ્રને ત્રણ સમય થાય છે.

| | ઉર્ધ્વગતિ | અધોગતિ |
|---|---|---|
| શક્રેન્દ્ર | ૧ સમય | ૨ સમય |
| વજ્ર | ૨ સમય | ૩ સમય |
| ચમરેન્દ્ર | ૩ સમય | ૧ સમય |

**કાલની અપેક્ષાએ–શક્રેન્દ્ર :–** એક સમયમાં સર્વથી અલ્પ અધોગમન કરે, તેથી તિર્યગ્ ગમન સંખ્યાત ભાગ અધિક અને તેથી ઉર્ધ્વગમન સંખ્યાત ભાગ અધિક કરે છે. અસત્ કલ્પનાએ અધોગમન ૧૨ ભાગ, તિર્યગ્ગમન ૧૮ ભાગ અને ઉર્ધ્વગમન ૨૪ ભાગ કરે છે.

**ચમરેન્દ્ર :–** એક સમયમાં સર્વથી અલ્પ ઉર્ધ્વગમન કરે, તેથી સંખ્યાત ભાગ અધિક તિર્યગ્ગમન કરે અને તેથી સંખ્યાત ભાગ અધિક અધોગમન કરે છે. યથા–ઉર્ધ્વગમન ૮ ભાગ, તિર્યગ્ ગમન ૧૨ ભાગ અને અધોગમન ૧૬ ભાગ કરે છે.

**વજ્ર :–** એક સમયમાં સર્વથી અલ્પ અધોગમન કરે, તેથી તિર્યગ્ ગમન વિશેષાધિક, તેથી ઉર્ધ્વગમન વિશેષાધિક કરે છે. અસત્ કલ્પનાએ ઉર્ધ્વગમન ૮ ભાગ કરે, તિર્યગ્ ગમન ૧૦ ભાગ કરે અને ઉર્ધ્વગમન ૧૨ ભાગ કરે છે.

**ઈન્દ્રાદિના ગમનકાલ સૂચક યંત્ર**

| | ઉર્ધ્વગમન | તિર્યગ્ ગમન | અધોગમન |
|---|---|---|---|
| શક્રેન્દ્ર એક સમયમાં | ૨૪ ભાગ | ૧૮ ભાગ | ૧૨ ભાગ |
| | સંખ્યાત ભાગ અધિક (૩) | સંખ્યાત ભાગ અધિક (૨) | સર્વથી અલ્પ (૧) |
| વજ્ર એક સમયમાં | ૧૨ ભાગ | ૧૦ ભાગ | ૮ ભાગ |
| | વિશેષાધિક (૩) | વિશેષાધિક (૨) | સર્વથી અલ્પ (૧) |
| ચમરેન્દ્ર એક સમયમાં | ૮ ભાગ | ૧૬ ભાગ | ૨૪ ભાગ |
| | સર્વથી અલ્પ (૧) | સંખ્યાત ભાગ અધિક(૨) | સંખ્યાતભાગ અધિક(૩) |

સર્વથી અલ્પ શક્રેન્દ્રનો ઉર્ધ્વગમન કાલ, તેથી અધોગમન કાલ સંખ્યાત ગુણો.

સર્વથી અલ્પ ચમરેન્દ્રનો અધોગમન કાલ, તેથી ઉર્ધ્વગમન કાલ સંખ્યાત ગુણો.

સર્વથી અલ્પ વજ્રનો ઉર્ધ્વગમન કાલ, તેથી અધોગમન કાલ વિશેષાધિક.

**સર્વના ગમનકાલનો સાથે અલ્પબહુત્વ :–** શક્રેન્દ્રનો ઉર્ધ્વગમનકાલ અને ચમરેન્દ્રનો અધોગમનકાલ પરસ્પર તુલ્ય અને સર્વથી અલ્પ–એક સમય છે. તેથી શક્રેન્દ્રનો અધોગમનકાલ અને વજ્રનો ઉર્ધ્વગમન–કાલ પરસ્પર તુલ્ય અને પૂર્વથી સંખ્યાત ગુણો–બે સમય છે. તેથી ચમરેન્દ્રનો ઉર્ધ્વગમન કાલ અને

વજ્રનો અધોગમન કાલ પરસ્પર તુલ્ય અને પૂર્વથી વિશેષાધિક–ત્રણ સમય છે.

## ચમરેન્દ્રની ઉદાસીનતા અને ભગવદ્ મહિમા :–

**૩૦ तएणं से चमरे असुरिंदे असुरराया वज्जभयविप्पमुक्के सक्केणं देविंदेणं देवरण्णा महया अवमाणेणं अवमाणिए समाणे चमरचंचाए रायहाणीए सभाए सुहम्माए चमरंसि सीहासणंसि ओहयमणसंकप्पे चिंतासोगसागरसंपविट्ठे, करयल पल्हत्थमुहे, अट्टज्झाणोवगए भूमिगयाए दिट्ठीए झियाइ, तएणं चमरं असुरिंदं असुररायं सामाणियपरिसोववण्णया देवा ओहयमणसंकप्पं *जाव* झियायमाणं पासंति, पासित्ता करयल *जाव* एवं वयासी– किं णं देवाणुप्पिया ! ओहयमण संकप्पा *जाव* झियायह ? तएणं से चमरे असुरिंदे असुरराया ते सामाणिय परिसोववण्णए देवे एवं वयासी– एवं खलु देवाणुप्पिया ! मए समणं भगवं महावीरं णीसाए सक्के देविंदे देवराया सयमेव अच्चासाइए । तओ तेणं परिकुविए णं समाणेणं ममं वहाए वज्जे णिसिट्ठे । तं भद्दं णं भवतु देवाणुप्पिया ! समणस्स भगवओ महावीरस्स, जस्स म्हि पभावेणं अकिट्ठे अव्वहिए अपरिताविए इहमागए इह समोसढे इह संपत्ते, इहेव अज्ज उवसंपज्जित्ताणं विहरामि ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી વજ્રના ભયથી મુક્ત, દેવેન્દ્ર દેવરાજ શક્ર દ્વારા મહાન અપમાનથી અપમાનિત, નષ્ટ માનસિક સંકલ્પવાળા, ચિંતા અને શોકસમુદ્રમાં પ્રવિષ્ટ, મુખને હથેળી પર રાખેલા, દષ્ટિને નીચે ઝૂકાવીને આર્તધ્યાન કરતાં, અસુરેન્દ્ર અસુરરાજ ચમર, ચમરચંચા નામની રાજધાનીમાં, ચમર નામના સિંહાસન પર બેસીને વિચાર કરતા હતા, ત્યાર પછી નષ્ટ માનસિક સંકલ્પવાળા, આદિ તેમજ વિચારમાં ડૂબેલા અસુરેન્દ્ર અસુરરાજ ચમરને જોઈને સામાનિક સભાના દેવોએ હાથ જોડીને આ પ્રમાણે કહ્યું, "હે દેવાનુપ્રિય ! આજે આપ આ રીતે આર્તધ્યાન કરતા શું વિચાર કરો છો ?" ત્યારે અસુરેન્દ્ર અસુરરાજ ચમરે સામાનિક સભામાં ઉત્પન્ન થયેલા તે દેવોને પ્રત્યુત્તર આપતાં આ પ્રમાણે કહ્યું કે, "હે દેવાનુપ્રિયો ! મેં એકલાએ જ શ્રમણ ભગવાન મહાવીરનો આશ્રય લઈને દેવેન્દ્ર દેવરાજ શક્રને તેની શોભાથી ભ્રષ્ટ કરવાનો વિચાર કર્યો હતો. [તે પ્રમાણે હું સુધર્મા સભામાં ગયો હતો.] ત્યારે શક્રેન્દ્રે અત્યંત કુપિત થઈને મને મારવા માટે મારી પાછળ વજ્ર ફેંક્યું. પરંતુ હે દેવાનુપ્રિયો ! શ્રમણ ભગવાન મહાવીર સ્વામીનું કલ્યાણ થાઓ કે જેના પ્રભાવથી હું અક્લિષ્ટ રહ્યો છું, અવ્યથિત રહ્યો છું તથા અપરિતાપિત રહ્યો છું અને અહીં સમવસૃત થયો છું, અહીં સંપ્રાપ્ત થયો છું, અહીં ઉપસ્થિત થયો છું".

## ચમરેન્દ્રની પ્રભુ સમીપે ક્ષમાયાચના :–

**૩૧ तं गच्छामो णं देवाणुप्पिया ! समणं भगवं महावीरं वंदामो, णमंसामो**

*जाव* **पज्जुवासामो त्ति कट्टु चउसट्ठीए सामाणियसाहस्सीहिं** *जाव* **सव्विड्ढीए** *जाव* **जेणेव असोगवरपायवे जेणेव ममं अंतियं तेणेव उवागच्छइ, उवागच्छित्ता ममं तिक्खुत्तो आयाहिणपयाहिणं करेइ** *जाव* **णमंसित्ता एवं वयासी– एवं खलु भंते! मए तुब्भं णीसाए सक्के देविंदे देवराया सयमेव अच्चासाइए** *जाव* **तं भद्दं णं भवतु देवाणुप्पियाणं जस्स म्हि पभावेणं अकिट्ठे** *जाव* **विहरामि, तं खामेमि णं देवाणुप्पिया!** *जाव* **उत्तरपुरत्थिमं दिसीभागं अवक्कमइ** *जाव* **बत्तीसइबद्धं णट्टविहिं उवदंसेइ, उवदंसेत्ता जामेव दिसिं पाउब्भूए, तामेव दिसिं पडिगए । एवं खलु गोयमा ! चमरेणं असुरिंदेणं असुररण्णा सा दिव्वा देविड्ढी** *जाव* **लद्धा पत्ता अभिसमण्णागया। ठिई सागरोवमं । महाविदेहे वासे सिज्झिहिइ** *जाव* **अंतं काहिइ ।**

**ભાવાર્થ :–** [સામાનિક દેવોને ચમરેન્દ્રે કહ્યું] હે દેવાનુપ્રિયો ! આપણે બધા જઈએ અને શ્રમણ ભગવાન મહાવીર સ્વામીને વંદન નમસ્કારાદિ કરી, તેમની પર્યુપાસના કરીએ. [ભગવાન મહાવીર સ્વામીએ કહ્યું, હે ગૌતમ !] આ પ્રમાણે કહીને ચમરેન્દ્ર ૬૪,૦૦૦ સામાનિક દેવો વગેરેની સાથે, સર્વ ઋદ્ધિ પૂર્વક, તે શ્રેષ્ઠ અશોક વૃક્ષની નીચે, જ્યાં હું હતો ત્યાં આવ્યા. મને ત્રણવાર પ્રદક્ષિણા કરીને વંદન–નમસ્કારાદિ કરી, આ પ્રમાણે કહ્યું, "હે ભગવન્ ! આપનો આશ્રય લઈને હું સ્વયં એકલો જ દેવેન્દ્ર દેવરાજ શક્રને તેની શોભાથી ભ્રષ્ટ કરવા માટે સૌધર્મકલ્પમાં ગયો હતો. આપ દેવાનુપ્રિયનું કલ્યાણ થાઓ. આપના પ્રભાવથી હું કલેશાદિ પામ્યા વિના વિચરું છું. હે દેવાનુપ્રિય ! હું તેના માટે આપની ક્ષમાયાચના કરુ છું." આ પ્રમાણે કહીને તે ઈશાનકોણમાં ગયા, વૈક્રિયરૂપાદિ બનાવી, ૩૨ પ્રકારની નાટ્યવિધિ બતાવી, જે દિશામાંથી આવ્યા હતા, તે દિશામાં પાછા ગયા.

હે ગૌતમ ! તે અસુરેન્દ્ર અસુરરાજ ચમરને આ દિવ્ય દેવઋદ્ધિ, દિવ્ય દેવકાંતિ અને દિવ્ય દેવપ્રભાવ આ રીતે મળ્યા છે, પ્રાપ્ત થયા છે, સમ્મુખ થયા છે.

ચમરેન્દ્રની સ્થિતિ એક સાગરોપમની છે. ત્યાંથી ચ્યવીને મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ લઈને સિદ્ધ થશે, સર્વ દુઃખોનો અંત કરશે.

### ચમરેન્દ્રનું સૌધર્મકલ્પમાં જવાનું અન્ય કારણ :–

**३२** **किंपत्तियं णं भंते ! असुरकुमारा देवा उड्ढं उप्पयंति जाव सोहम्मो कप्पो ?**

**गोयमा ! तेसि णं देवाणं अहुणोववण्णाण वा चरिमभवत्थाण वा इमेयारूवे अज्झत्थिए** *जाव* **समुप्पज्जइ– अहो ! णं अम्हेहिं दिव्वा देविड्ढी लद्धा पत्ता** *जाव* **अभिसमण्णागया । जारिसिया णं अम्हेहिं दिव्वा देविड्ढी** *जाव* **अभिसमण्णागया,**

**तारिसिया णं सक्केणं देविंदेण देवरण्णा दिव्वा देविड्ढी** *जाव* **अभिसमण्णागया । जारिसिया णं सक्केणं देविंदेण देवरण्णा** *जाव* **अभिसमण्णागया, तारिसिया णं अम्हेहि वि** *जाव* **अभिसमण्णागया । तं गच्छामो णं सक्कस्स देविंदस्स देवरण्णो अंतियं पाउब्भवामो, पासामो ताव सक्कस्स देविंदस्स देवरण्णो दिव्वं देविड्ढिं** *जाव* **अभिसमण्णागयं, पासउ ताव अम्ह वि सक्के देविंदे देवराया दिव्वं देविड्ढिं** *जाव* **अभिसमण्णागयं । तं जाणामो ताव सक्कस्स देविंदस्स देवरण्णो दिव्वं देविड्ढिं** *जाव* **अभिसमण्णागयं, जाणउ ताव अम्ह वि सक्के देविंदे, देवराया दिव्वं देविड्ढिं** *जाव* **अभिसमण्णागयं । एवं खलु गोयमा ! असुरकुमारा देवा उड्ढं उप्पयंति, जाव सोहम्मो कप्पो ॥ सेवं भंते ! सेवं भंते ॥**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! તેનું શું કારણ છે કે અસુરકુમાર દેવ સૌધર્મકલ્પ પર્યંત ઉપર જાય છે ?

ઉત્તર– હે ગૌતમ ! અધુનોત્પન્ન–તત્કાલ ઉત્પન્ન થયેલા અથવા ચરમ ભવસ્થ અર્થાત્ ચ્યવનકાલ જેનો નિકટ છે તેવા દેવોને આ પ્રકારનો આધ્યાત્મિક સંકલ્પ આદિ ઉત્પન્ન થાય છે કે, "અમને આ દિવ્ય દેવઋદ્ધિ મળી છે, પ્રાપ્ત થઈ છે અને સમ્મુખ થઈ છે. જેવી દિવ્ય દેવઋદ્ધિ આદિ અમને મળી છે, પ્રાપ્ત થઈ છે, સમ્મુખ થઈ છે, તેવી જ દિવ્ય દેવઋદ્ધિ દેવેન્દ્ર દેવરાજ શક્રને પણ મળી છે, પ્રાપ્ત થઈ છે, સમ્મુખ થઈ છે. જેવી દિવ્ય દેવઋદ્ધિ દેવેન્દ્ર દેવરાજ શક્રને મળી છે, પ્રાપ્ત થઈ છે, સમ્મુખ થઈ છે, તેવી જ દિવ્ય દેવઋદ્ધિ અમને મળી છે, પ્રાપ્ત થઈ છે, સમ્મુખ થઈ છે, તો અમે જઈએ અને દેવેન્દ્ર દેવરાજ શક્રની સામે પ્રગટ થઈએ. દેવેન્દ્ર દેવરાજ શક્ર દ્વારા પ્રાપ્ત તે દિવ્ય દેવઋદ્ધિને અમે જોઈએ અને દેવેન્દ્ર દેવરાજ શક્ર પણ અમારા દ્વારા પ્રાપ્ત દિવ્ય દેવઋદ્ધિને જુએ. દેવેન્દ્ર દેવરાજ શક્ર દ્વારા પ્રાપ્ત દિવ્ય દેવઋદ્ધિને આપણે જાણીએ અને આપણા દ્વારા પ્રાપ્ત દિવ્ય દેવઋદ્ધિને દેવેન્દ્ર દેવરાજ શક્ર જાણે. હે ગૌતમ ! આ કારણથી અસુરકુમાર દેવ સૌધર્મકલ્પ સુધી ઉપર જાય છે.

હે ભગવન્ ! આ ભાવ આ જ પ્રકારે છે, હે ભગવન્ ! આ ભાવ આ જ પ્રકારે છે, એમ કહી ગૌતમ સ્વામી આત્મભાવમાં વિચરવા લાગ્યા.

**વિવેચન :–**

અસુરકુમાર દેવના સૌધર્મકલ્પ પર્યંતના ઉર્ધ્વગમનના બે કારણો છે. (૧) ભવપ્રત્યય વૈરાનુબંધ અર્થાત્ જન્મજાત વૈરના કારણે જાય છે. જેનું વિસ્તૃત નિરૂપણ આ ઉદ્દેશકમાં કર્યું છે (૨) શક્રેન્દ્રની દિવ્યઋદ્ધિ જોવા અને જાણવા તેમ જ પોતાની ઋદ્ધિ બતાવવા અને જણાવવા અસુરકુમાર દેવ સૌધર્મકલ્પ પર્યંત જાય છે. પ્રસ્તુત સૂત્રમાં ઉર્ધ્વગમન કરતા દેવના પણ બે પ્રકાર કહ્યા છે (૧) અધુનોપપન્નક–તત્કાલ ઉત્પન્ન થયેલા (૨) ચરમ ભવસ્થ–ચ્યવન કાલ જેનો નિકટ છે તેવા.

## ॥ શતક ૩/ર સંપૂર્ણ ॥

# શતક–૩ : ઉદ્દેશક–૩

## સંક્ષિપ્ત સાર

આ ઉદ્દેશકમાં વિવિધ પ્રકારની ક્રિયા અને તેના પરિણામભૂત વેદનાના પૂર્વ પશ્ચાદ્ભાવનું વર્ણન છે, તેમજ ક્રિયા કર્મબંધનું કારણ અને મુક્તિની બાધક છે, તે વિષયને સ્પષ્ટ કર્યો છે.

★ **ક્રિયા :–** જે કરાય છે તે ક્રિયા અથવા કર્મબંધના કારણભૂત કોઈ પણ યૌગિક પ્રવૃત્તિને ક્રિયા કહે છે. તેના મુખ્ય ભેદ પાંચ છે– (૧) કાયિકી ક્રિયા– શારીરિક પ્રવૃત્તિ, (૨) અધિકરણીકી ક્રિયા– શસ્ત્રદ્વારા થતી પ્રવૃત્તિ, (૩) પ્રાદ્વેષિકી ક્રિયા– દ્વેષ જન્ય પ્રવૃત્તિ, (૪) પારિતાપનિકી ક્રિયા– પરિતાપ આપનાર પ્રવૃત્તિ અને (૫) પ્રાણાતિપાતિકી ક્રિયા– હિંસાકારી પ્રવૃત્તિ. તે પ્રત્યેકના બે–બે ભેદ છે.

**(૧) કાયિકી ક્રિયાના બે ભેદ –** અનુપરત કાયિકી અને દુષ્પ્રયુક્ત કાયિકી ક્રિયા. **(૨) આધિકરણિકી ક્રિયાના બે ભેદ –** સંયોજનાધિકરણ અને નિર્વર્તનાધિકરણ. **(૩) પ્રાદ્વેષિકી ક્રિયાના બે ભેદ –** જીવ અને અજીવ પ્રાદ્વેષિકી ક્રિયા. **(૪) પારિતાપનિકી ક્રિયાના બે ભેદ –** સ્વહસ્ત અને પરહસ્ત પારિતાપનિકી ક્રિયા. **(૫) પ્રાણાતિપાતિકી ક્રિયાના બે ભેદ –** સ્વહસ્ત અને પરહસ્ત પ્રાણાતિપાતિકી ક્રિયા.

ક્રિયાથી કર્મબંધ અને કર્મબંધના પરિણામે વેદનાનો અનુભવ થાય છે. તેથી પહેલા ક્રિયા અને પછી વેદના થાય છે. ક્રિયા કારણ છે અને વેદના તેનું કાર્ય છે.

★ **ક્રિયાનું કારણ :–** પ્રમાદ અને યોગથી ક્રિયા થાય છે. પ્રમાદ જન્ય ક્રિયાને સાંપરાયિક અને યોગજન્ય ક્રિયાને ઐર્યાપથિક ક્રિયા કહે છે. પ્રત્યેક સયોગી જીવને, ગૃહસ્થ હોય કે શ્રમણ નિર્ગ્રંથ હોય, તેને ક્રિયા અવશ્ય લાગે જ છે.

★ **ક્રિયાનું કાર્ય :–** જ્યાં સુધી ક્રિયા છે ત્યાં સુધી કર્મબંધન છે અને જ્યાં સુધી કર્મબંધન છે ત્યાં સુધી ભવભ્રમણ છે, ત્યાં સુધી મુક્તિ નથી.

★ એજન–કંપન, ચલન, સ્પંદન, ઘટ્ટન, આદિ કોઈ પણ સૂક્ષ્મ કે સ્થૂલ ક્રિયા કરનાર જીવ અન્ય જીવોનો આરંભાદિ કરે છે, તેથી તેને કર્મબંધ થાય છે અને ભવભ્રમણની પરંપરા રૂપ ક્રિયાનું કાર્ય થયા કરે છે.

જ્યારે સૂક્ષ્મ અને સ્થૂલ સર્વ ક્રિયાઓનો નિરોધ થાય ત્યારે જ જીવ મુક્ત થઈ શકે છે. જે રીતે છિદ્રોવાળી નાવ પાણીમાં ડૂબી જાય પરંતુ તેના છિદ્રોને ઢાંકી, અંદરનું પાણી ઉલેચી નાંખીએ, તો તે નાવ

પાણી ઉપર તરે છે, તે જ રીતે ક્રિયા રૂપ છિદ્રને ઢાંકી, અંદર ભરાયેલું કર્મરૂપ પાણી જો ઉલેચી નાંખીએ તો તે જીવ સંસાર સાગર તરી જાય છે.

★ **પ્રમત્ત–અપ્રમત્ત સંયતની સ્થિતિ :–** એક જીવની અપેક્ષાએ પ્રમત્ત સંયતની સ્થિતિ જઘન્ય એક સમય ઉત્કૃષ્ટ દેશોન પૂર્વકોટિ વર્ષની, અપ્રમત્ત સંયતની જઘન્ય અંતઃમુહૂર્ત ઉત્કૃષ્ટ દેશોન પૂર્વકોટિ વર્ષની છે. અનેક જીવોની અપેક્ષાએ બંને અવસ્થા શાશ્વત છે. સંયમની પ્રાપ્તિ અપ્રમત્ત અવસ્થામાં જ થાય છે.

★ લવણ સમુદ્રના પાણીમાં આઠમ, ચૌદશ, પૂનમ, અમાસના દિવસે હાનિ–વૃદ્ધિ થાય છે વગેરે સંપૂર્ણ વર્ણન જીવાભિગમ સૂત્રમાં છે, અહીં તેનું અતિદેશ પૂર્વક કથન છે.

❖❖❖❖❖

# શતક–૩ : ઉદ્દેશક–૩

## ક્રિયા

**ક્રિયાના ભેદ–પ્રભેદ :–**

**૧ तेणं कालेणं तेणं समएणं रायगिहे णामं णयरे होत्था** *जाव* **परिसा पडिगया। तेणं कालेणं तेणं समएणं** *जाव* **अंतेवासी मंडियपुत्ते णामं अणगारे पगइभद्दए** *जाव* **पज्जुवासमाणे एवं वयासी–**

**कइ णं भंते ! किरियाओ पण्णत्ताओ ?**

**मंडियपुत्ता ! पंच किरियाओ पण्णत्ताओ तं जहा– काइया, अहिगरणिया, पाओसिया, पारियावणिया, पाणाइवायकिरिया ।**

**ભાવાર્થ :–** તે કાલે, તે સમયે રાજગૃહ નામનું નગર હતું. મહાવીર સ્વામી પધાર્યા. પરિષદ ધર્મકથા સાંભળીને પાછી ગઈ વગેરે સૂત્રપાઠ અહીં ગ્રહણ કરવો. તે કાલે તે સમયે ભગવાન મહાવીરના અંતેવાસી, પ્રકૃતિથી ભદ્ર વગેરે વિશેષણોથી વિશેષિત એવા મંડિતપુત્ર અણગારે [ભગવાનના છઠ્ઠા ગણધરે] ભગવાનની પર્યુપાસના કરતાં આ પ્રમાણે કહ્યું–

પ્રશ્ન– હે ભગવન્ ! ક્રિયાઓ કેટલી છે ?

ઉત્તર– હે મંડિતપુત્ર ! ક્રિયાઓ પાંચ છે, તે આ પ્રમાણે છે– (૧) કાયિકી, (૨) આધિકરણિકી (૩) પ્રાદ્વેષિકી, (૪) પારિતાપનિકી (૫) પ્રાણાતિપાતિકી ક્રિયા.

**૨ काइया णं भंते ! किरिया कइविहा पण्णत्ता ?**

**मंडियपुत्ता ! दुविहा पण्णत्ता, तं जहा– अणुवरयकायकिरिया य, दुप्पउत्तकाय– किरिया य ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! કાયિકી ક્રિયાના કેટલા પ્રકાર છે ?

ઉત્તર– હે મંડિતપુત્ર ! કાયિકી ક્રિયાના બે પ્રકાર છે. યથા–(૧) અનુપરતકાય ક્રિયા (૨) દુષ્પ્રયુક્ત

કાય ક્રિયા.

**३** **अहिगरणिया णं भंते ! किरिया कइविहा पण्णत्ता ?**

**मंडियपुत्ता ! दुविहा पण्णत्ता, तं जहा– संजोयणाहिगरणकिरिया य, णिवत्तणाहिगरणकिरिया य ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! આધિકરણિકી ક્રિયાના કેટલા પ્રકાર છે ?

ઉત્તર– હે મંડિતપુત્ર ! આધિકરણિકી ક્રિયાના બે પ્રકાર છે. યથા– (૧) સંયોજનાધિકરણ ક્રિયા (૨) નિર્વર્તનાધિકરણ ક્રિયા.

**४** **पाओसिया णं भंते ! किरिया कइविहा पण्णत्ता ?**

**मंडियपुत्ता ! दुविहा पण्णत्ता, तं जहा– जीवपाओसिया य, अजीव–पाओसिया य ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! પ્રાદ્વેષિકી ક્રિયાના કેટલા પ્રકાર છે ?

ઉત્તર– હે મંડિતપુત્ર ! પ્રાદ્વેષિકી ક્રિયાના બે પ્રકાર છે, (૧) જીવ પ્રાદ્વેષિકી ક્રિયા (૨) અજીવ પ્રાદ્વેષિકી ક્રિયા.

**५** **पारियावणिया णं भंते ! किरिया कइविहा पण्णत्ता ?**

**मंडियपुत्ता ! दुविहा पण्णत्ता, तं जहा– सहत्थपारियावणिया य, परहत्थ पारियावणिया य ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! પારિતાપનિકી ક્રિયાના કેટલા પ્રકાર છે ?

ઉત્તર– હે મંડિતપુત્ર ! પારિતાપનિકી ક્રિયાના બે પ્રકાર છે. યથા–(૧) સ્વહસ્ત પારિતાપનિકી (૨) પરહસ્ત પારિતાપનિકી.

**६** **पाणाइवायकिरिया णं भंते ! कइविहा पण्णत्ता ?**

**मंडियपुत्ता ! दुविहा पण्णत्ता, तं जहा– सहत्थपाणाइवायकिरिया य, परहत्थपाणाइवायकिरिया य ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! પ્રાણાતિપાતિકી ક્રિયાના કેટલા પ્રકાર છે ?

ઉત્તર– હે મંડિતપુત્ર ! પ્રાણાતિપાતિકી ક્રિયાના બે પ્રકાર છે, યથા– સ્વહસ્ત પ્રાણાતિપાતિકી

ક્રિયા અને પરહસ્ત પ્રાણાતિપાતિકી ક્રિયા.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રોમાં ક્રિયાના પાંચ ભેદ અને તે પ્રત્યેકના બે–બે ભેદનું કથન કર્યું છે.

**ક્રિયા :–** ક્રિયા એટલે કરવું માત્ર નહીં પરંતુ જૈન દર્શનમાં કર્મબંધના કારણ ભૂત પ્રત્યેક ચેષ્ટાને ક્રિયા કહે છે. તે ક્રિયા માનસિક, વાચિક કે કાયિક ગમે તે હોઈ શકે છે. જ્યાં સુધી જીવ સક્રિય છે, ત્યાં સુધી અવશ્ય કર્મબંધ થાય છે.

**૧. કાયિકી ક્રિયા :–** શરીરથી–કાયાથી અથવા કાયામાં થતી ક્રિયા તે કાયિકી ક્રિયા છે. તેના બે ભેદ છે. **અનુપરત કાયિકી ક્રિયા –** પ્રાણાતિપાતાદિ પાપથી અવિરત જીવોની કાયિક પ્રવૃત્તિ. તે અવિરત જીવોને હોય છે અર્થાત્ પ્રથમ ચાર ગુણસ્થાન સુધી હોય છે. **દુષ્પ્રયુક્ત કાયિકી ક્રિયા –** દુષ્ટ(પાપ) પ્રવૃત્તિમાં પ્રયુક્ત શરીર દ્વારા લાગતી ક્રિયા અથવા અસાવધાનીથી પ્રયુક્ત શરીર દ્વારા લાગતી ક્રિયા. આ ક્રિયા પ્રમત્ત સંયત ગુણસ્થાન સુધી અર્થાત્ પ્રથમ છ ગુણસ્થાન સુધી હોય છે. કારણ કે તે જીવો વિરત હોવા છતાં પ્રમાદવશ તેની કાયા પણ દુષ્પ્રયુક્ત થઈ શકે છે.

**૨. આધિકરણિકી ક્રિયા :–** જેનાથી આત્મા નરકાદિ દુર્ગતિનો અધિકારી બને તેવા અનુષ્ઠાન અથવા તલવાર, ચક્રાદિ શસ્ત્ર વગેરે અધિકરણ છે, તે અધિકરણમાં અથવા અધિકરણથી થતી ક્રિયા. તેના બે ભેદ છે. (૧) **સંયોજનાધિકરણ ક્રિયા–** સંયોજન–જોડવું. પાપકારી શસ્ત્રના જુદા જુદા ભાગ ભેગા કરીને એક શસ્ત્ર કે યંત્ર બનાવવું. દા.ત. કુહાડીના પાનામાં લાકડાનો હાથો સંયુક્ત કરવો અથવા કોઈ પદાર્થને દુષ્ટ બુદ્ધિથી વિષમિશ્રિત કરવા. (૨) **નિર્વર્તનાધિકરણ ક્રિયા–** નિર્વર્તન = રચના. તલવાર, ભાલા વગેરે પાપકારી શસ્ત્રોની નવી રચના કરવી, નવા બનાવવા.

**(૩) પ્રાદ્વેષિકી ક્રિયા :–** પ્રદ્વેષ અથવા મત્સરમાં અથવા પ્રદ્વેષના નિમિત્તથી થતી ક્રિયા. તેના બે ભેદ છે. (૧) **જીવપ્રાદ્વેષિકી ક્રિયા–** પોતાના પર અથવા અન્ય પર દ્વેષ કરવો અથવા દ્વેષ કરવાથી લાગતી ક્રિયા. (૨) **અજીવ પ્રાદ્વેષિકી ક્રિયા–** જડ પદાર્થ પર દ્વેષ કરવો અથવા દ્વેષ કરવાથી લાગતી ક્રિયા.

**૪. પારિતાપનિકી ક્રિયા :–** પરિતાપ–પીડા પહોંચાડવાથી લાગતી ક્રિયા. તેના બે ભેદ છે. (૧) **સ્વહસ્ત પારિતાપનિકી ક્રિયા–** પોતાના હાથે જ પોતાને અથવા અન્યને અથવા બંનેને પીડા પહોંચાડવી.(૨) **પરહસ્ત પારિતાપનિકી ક્રિયા–** અન્ય દ્વારા અથવા અન્યના નિમિત્તથી પોતાને અથવા અન્યને પીડા પહોંચાડવી.

**૫. પ્રાણાતિપાતિકી ક્રિયા :–** પ્રાણીઓના પ્રાણના અતિપાત–નાશથી લાગતી ક્રિયા. તેના બે ભેદ છે. (૧) **સ્વહસ્ત પ્રાણાતિપાતિકી ક્રિયા–** પોતાના હાથે જ પોતાના, અન્યના અથવા ઉભયના પ્રાણનો નાશ કરવો.(૨) **પરહસ્ત પ્રાણાતિપાતિકી ક્રિયા–** અન્ય દ્વારા પોતાના, અન્યના અથવા બંનેના પ્રાણનો નાશ કરાવવો.

ક્રિયા વિષયક વિશેષ વિવેચન શ્રી સ્થાનાંગ સૂત્ર અને પ્રજ્ઞાપના સૂત્રમાં પણ છે.

કાયિકી આદિ ત્રણ ક્રિયાનું આ સ્વરૂપ સ્થૂલ દષ્ટિએ છે. સૂક્ષ્મદષ્ટિએ આ ત્રણ ક્રિયા સંસારના દરેક પ્રાણીને નિરંતર લાગે છે. સૂક્ષ્મ દષ્ટિકોણથી ત્રણ ક્રિયાઓનું સ્વરૂપ– (૧) શરીરના સદ્ભાવથી કાયિકી ક્રિયા, (૨) અશુભ અધ્યવસાયના સદ્ભાવથી આધિકરણી ક્રિયા (૩) કષાયના સદ્ભાવથી પ્રાદ્વેષિકી ક્રિયા લાગે છે.

## ક્રિયા અને વેદના :–

**૭** **पुव्वं भंते ! किरिया, पच्छा वेयणा ? पुव्वं वेयणा, पच्छा किरिया ?**

**मंडियपुत्ता ! पुव्विं किरिया, पच्छा वेयणा । णो पुव्विं वेयणा पच्छा किरिया ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! શું પહેલાં ક્રિયા હોય અને પછી વેદના હોય ? કે પહેલાં વેદના હોય અને પછી ક્રિયા હોય ?

ઉત્તર– હે મંડિતપુત્ર ! પહેલાં ક્રિયા હોય અને પછી વેદના હોય છે, પરંતુ પહેલાં વેદના અને પછી ક્રિયા હોતી નથી.

## વિવેચન :–

કર્મના અનુભવને વેદના કહે છે. ક્રિયાથી કર્મબંધ થાય છે અને કર્મબંધથી વેદના થાય છે. જન્ય અને જનકમાં અભેદની વિવક્ષા કરીએ તો ક્રિયા તે જ કર્મ છે. જે કરાય તે ક્રિયા અને તે એક પ્રકારનું કર્મ છે. વેદાય, અનુભવાય તે વેદના છે, તે કર્મનું ફળ છે. તેથી પહેલા ક્રિયા–કર્મ અને પછી તેના ફળસ્વરૂપ વેદના હોય છે.

## શ્રમણ નિર્ગ્રંથને ક્રિયા અને કારણ :–

**૮** **अत्थि णं भंते ! समणाणं णिग्गंथाणं किरिया कज्जइ ? हंता अत्थि ।**

**कहं णं भंते ! समणाणं णिग्गंथाणं किरिया कज्जइ ?**

**मंडियपुत्ता ! पमायपच्चया, जोगणिमित्तं च; एवं खलु समणाणं णिग्गंथाणं किरिया कज्जइ ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! શું શ્રમણ નિર્ગ્રંથોને ક્રિયા હોય છે ?

ઉત્તર– હા મંડિત પુત્ર ! હોય છે.

પ્રશ્ન– હે ભગવન્ ! શ્રમણ નિર્ગ્રંથોને ક્રિયા કઈ રીતે હોય છે ?

ઉત્તર– હે મુંડિતપુત્ર ! પ્રમાદના કારણે અને યોગના નિમિત્તે [શરીરાદિની પ્રવૃત્તિથી] શ્રમણ નિર્ગ્રંથો ક્રિયા કરે છે.

## વિવેચન :–

સર્વ પાપોથી વિરત શ્રમણ નિર્ગ્રંથોને પણ પ્રમાદ અને યોગથી ક્રિયા લાગે છે. શ્રમણોને ઉપયોગ રહિત કે યતના રહિત પ્રવૃત્તિથી અથવા શરીર અને ઉપકરણ સંબંધી પ્રમાદથી પ્રમાદજન્ય ક્રિયા લાગે અને કષાય રહિત અવસ્થામાં તેને ઐર્યાપથિક ક્રિયા લાગે છે, જે યોગજન્ય હોય છે.

## જીવની એજનાદિ ક્રિયા અને મુક્તિ–અમુક્તિ :–

**૯ जीवे णं भंते ! सया समियं एयइ वेयइ चलइ फंदइ घट्टइ खुब्भइ उदीरइ तं तं भावं परिणमइ ?**

**हंता मंडियपुत्ता ! जीवे णं सया समियं एयइ** *जाव* **तं तं भावं परिणमइ ।**

**શબ્દાર્થ :– एयइ** = સ્વસ્થાનમાં કંપે છે, **वेयइ** = વિશેષ કંપે છે, **चलइ** = સ્વસ્થતાથી ચાલે છે, **फंदइ** = સ્પંદન કરે છે, ઉછળે છે, કૂદે છે, **घट्टइ** = સર્વ દિશામાં ચાલે છે, **खुब्भइ** = ક્ષોભને પ્રાપ્ત થાય છે, **उदीरइ** = ઉદીરણા કરે છે–પ્રબલતા પૂર્વક પ્રેરિત કરે છે, **परिणमइ** = તે તે ભાવોને પ્રાપ્ત થાય છે.

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! શું જીવ, સદા સમિત–કંઈક કંપે છે, વિશેષ પ્રકારે કંપે છે, ચાલે છે અર્થાત્ એક સ્થાનથી બીજે સ્થાને જાય છે ? સ્પંદન ક્રિયા કરે છે. અર્થાત્ થોડું ચાલે છે ? ઘટ્ટિત થાય છે ? અર્થાત્ સર્વ દિશાઓમાં જાય છે ? ક્ષોભને પ્રાપ્ત થાય છે ? ઉદીરિત થાય છે અર્થાત્ પ્રબલતાપૂર્વક પ્રેરણા કરે છે ? અને તે તે ભાવે પરિણમે છે ?

ઉત્તર– હા, મંડિતપુત્ર ! જીવ સદા પરિમિત રૂપે કંપે છે, તેમજ તે તે ભાવે પરિણમે છે. અર્થાત્ ઉપર્યુક્ત સમસ્ત ક્રિયા કરે છે.

**૧૦ जावं च णं भंते ! से जीवे सया समियं एयइ** *जाव* **परिणमइ, तावं च णं तस्स जीवस्स अंते अंतकिरिया भवइ ? णो इणट्ठे समट्ठे ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! જ્યાં સુધી જીવમાં સતત પરિમિત રૂપે કંપન ક્રિયા તેમજ તે તે ભાવે પરિણમવા રૂપ ક્રિયા થતી હોય ત્યાં સુધી તે જીવની મરણ સમયે અંતક્રિયા [મુક્તિ] થાય છે ?

ઉત્તર– હે મંડિત પુત્ર ! તે વાત શક્ય નથી. કારણકે સક્રિય જીવની અંતક્રિયા–મુક્તિ થતી નથી

**૧૧ से केणट्ठेणं भंते ! एवं वुच्चइ– जावं च णं से जीवे सया समियं एयइ**

*जाव* **अंते अंतकिरिया ण भवइ ?**

**मंडियपुत्ता ! जावं च णं से जीवे सया समियं एयइ** *जाव* **परिणमइ, तावं च णं से जीवे आरंभइ सारंभइ समारंभइ आरंभे वट्टइ सारंभे वट्टइ समारंभे वट्टइ; आरंभमाणे सारंभमाणे समारंभमाणे आरंभे वट्टमाणे सारंभे वट्टमाणे समारंभे वट्टमाणे बहूणं पाणाणं भूयाणं जीवाणं सत्ताणं दुक्खावणयाए सोयावणयाए जूरावणयाए तिप्पावणयाए पिट्टावणयाए परियावणयाए वट्टइ, से तेणट्ठेणं मंडियपुत्ता ! एवं वुच्चइ– जावं च णं से जीवे सया समियं एयइ** *जाव* **परिणमइ, तावं च णं तस्स जीवस्स अंते अंतिकिरिया ण भवइ ।**

**શબ્દાર્થ :– आरंभइ** = આરંભ કરે છે અર્થાત્ પૃથ્વીકાયાદિને ઉપદ્રવ કરે છે, **सारंभइ** = સંરંભ કરે છે–પૃથ્વીકાયાદિ જીવોના નાશનો સંકલ્પ કરે છે, **समारंभइ** = સમારંભ કરે છે. પૃથ્વીકાયાદિ જીવોને દુઃખ પહોંચાડે છે, **वट्टइ** = વર્તે છે, **सोयावणयाए** = શોક ઉત્પન્ન કરવામાં, **जूरावणयाए** = ઝૂરણા કરાવવામાં, **तिप्पावणयाए** = આંસુ પડાવામાં, **पिट्टावणयाए** = પિટાવવામાં, પીડાવવામાં, પીડિત કરવામાં, **अंतकिरिया** = અંતક્રિયા, મુક્તિ.

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! તેનું શું કારણ છે કે જ્યાં સુધી જીવમાં પરિમિત રૂપે કંપનાદિ ક્રિયાઓ થતી હોય ત્યાં સુધી તેની અંતક્રિયા થતી નથી ?

ઉત્તર– હે મંડિતપુત્ર ! જ્યાં સુધી જીવમાં સતત પરિમિત રૂપે કંપનાદિ ક્રિયાથી લઈ તે તે ભાવે પરિણમવા રૂપ ક્રિયા થતી હોય, ત્યાં સુધી તે જીવ આરંભ કરે છે, સંરંભ કરે છે, સમારંભ કરે છે; આરંભમાં પ્રવર્તે છે, સંરંભમાં પ્રવર્તે છે, સમારંભમાં પ્રવર્તે છે; આરંભ, સરંભ અને સમારંભમાં પ્રવર્તતો તે જીવ અનેક પ્રાણી, ભૂત, જીવ અને સત્ત્વને દુઃખ પહોંચાડવામાં, શોક કરાવવામાં, ઝૂરાવવામાં, ટપટપ આંસુ પડાવામાં, પીડિત કરવામાં; ત્રાસ ઉપજાવવામાં અને પરિતાપ કરાવવામાં પ્રવૃત્ત થાય છે; નિમિત્ત કારણ બને છે. હે મંડિતપુત્ર ! તેથી એ પ્રમાણે કહેવાય છે કે જ્યાં સુધી જીવ, સદા પરિમિત રૂપે કંપે છે તેમજ તે તે ભાવે પરિણમે છે, ત્યાં સુધી જીવ અંત સમયે અંતક્રિયા કરી શકતો નથી.

**१२ जीवे णं भंते ! सया समियं णो एयइ** *जाव* **णो तं तं भावं परिणमइ ?**

**हंता, मंडियपुत्ता ! जीवे णं सया समियं णो एयइ** *जाव* **णो परिणमइ ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! શું જીવ, સદા પરિમિત રૂપે કંપતો નથી. તે તે ભાવે પરિણમતો નથી ?

ઉત્તર– હા મંડિતપુત્ર ! શૈલેશી અવસ્થા પ્રાપ્ત જીવ સદા સીમિત રૂપે પણ કંપતો નથી તેમજ તે

તે ભાવે પરિણમતો નથી અર્થાત્ તે જીવ નિષ્ક્રિય હોય છે.

**૧૩ जावं च णं भंते ! से जीवे णो एयइ** *जाव* **णो तं तं भावं परिणमइ, तावं च णं तस्स जीवस्स अंते अंतकिरिया भवइ ?**

**हंता** *जाव* **अंते अंतकिरिया भवइ ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! જ્યારે જીવ, સદા સીમિત રૂપે કંપતો નથી તેમજ તે તે ભાવે પરિણમતો નથી ત્યારે તે જીવોની મરણના સમયે અંતક્રિયા–મુક્તિ થાય છે ?

ઉત્તર– હા, મંડિતપુત્ર ! આ પ્રકારના જીવની અંતક્રિયા થાય છે.

**૧૪ से केणट्ठेणं भंते !** *जाव* **अंतकिरिया भवइ ?**

**मंडियपुत्ता ! जावं च णं से जीवे सया समियं णो एयइ** *जाव* **णो परिणमइ, तावं च णं से जीवे णो आरंभइ णो सारंभइ णो समारंभइ; णो आरंभे वट्टइ णो सारंभे वट्टइ णो समारंभे वट्टइ; अणारंभमाणे असारंभमाणे असमारंभमाणे; आरंभे अवट्टमाणे सारंभे अवट्टमाणे समारंभे अवट्टमाणे बहूणं पाणाणं भूयाणं जीवाणं सत्ताणं अदुक्खावणयाए** *जाव* **अपरितावणयाए वट्टइ । से तेणट्ठेणं मंडियपुत्ता ! एवं वुच्चइ– जावं च णं से जीवे सया समियं णो एयइ** *जाव* **णो तं तं भाव परिणमइ, तावं च णं तस्स जीवस्स अंते अंतकिरीया भवइ ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! તેનું શું કારણ છે કે આ પ્રકારના જીવની મુક્તિ થાય છે ?

ઉત્તર– હે મંડિતપુત્ર ! જ્યારે તે જીવ સદા પરિમિત રૂપે કંપતો નથી, તેમજ તે તે ભાવે પરિણમતો નથી, ત્યારે તે જીવ આરંભ કરતો નથી, સંરંભ કરતો નથી, સમારંભ કરતો નથી; આરંભ, સંરંભ અને સમારંભમાં પ્રવર્તતો નથી; આરંભ સંરંભ સમારંભ નહીં કરતો તથા આરંભ, સંરંભ અને અને સમારંભમાં નહી પ્રવર્તતો તે જીવ; અનેક પ્રાણ, ભૂત, જીવ અને સત્ત્વોને દુઃખ પહોંચાડવામાં તેમજ પરિતાપ ઉપજાવવામાં નિમિત્ત બનતો નથી. તેથી હે મંડિતપુત્ર ! એ પ્રમાણે કહેવાય છે કે જે જીવ હલન–ચલન આદિ ક્રિયા કરતો નથી તે જીવ મરણના અંત સમયે અંતક્રિયા–મુક્તિ પામી શકે છે.

**૧૫ से जहाणामए केइ पुरिसे सुक्कं तणहत्थयं जायतेयंसि पक्खिवेज्जा, से णूणं मंडियपुत्ता ! से सुक्के तणहत्थए जायतेयंसि पक्खित्ते समाणे खिप्पामेव मसमसाविज्जइ ? हंता, मसमसाविज्जइ ।**

**से जहाणामए केइ पुरिसे तत्तंसि अयकवल्लंसि उदगबिंदुं पक्खिवेज्जा,**

**से णूणं मंडियपुत्ता ! से उदगबिंदू तत्तंसि अयकवल्लंसि पक्खित्ते समाणे खिप्पामेव विद्धंसमागच्छइ ? हंता, विद्धंसमागच्छइ ।**

**से जहा णामए हरए सिया पुण्णे पुण्णप्पमाणे वोलट्टमाणे वोसट्टमाणे समभर घडत्ताए चिट्ठइ । अहे णं केइ पुरिसे तंसि हरयंसि एगं महं णावं सयासवं सयच्छिद्दं ओगाहेज्जा । से णूणं मंडियपुत्ता ! सा णावा तेहिं आसवदारेहिं आपूरेमाणी आपूरेमाणी पुण्णा पुण्णप्पमाणा वोलट्टमाणा वोसट्टमाणा समभरघडत्ताए चिट्ठइ ? हंता चिट्ठइ । अहे णं केइ पुरिसे तीसे णावाए सव्वओ समंता आसवदाराइं पिहेइ, पिहित्ता णावा–उस्सिंचणएणं उदयं उस्सिंचिज्जा, से णूणं मंडियपुत्ता ! सा णावा तंसि उदयंसि उस्सिंचिज्जंसि समाणंसि खिप्पामेव उड्ढं उद्दाइ ? हंता, उद्दाइ।**

**શબ્દાર્થ :– तणहत्थयं** = ઘાસના પૂળાને, **जायतेयंसि** = અગ્નિમાં, **मसमसाविज्जइ** = બાળી નાંખે છે. **तत्तंसि अयकवलंसि** = તપ્ત લોખંડની કડાઈમાં, **हरए** = પાણીનું દ્રહ, **पुण्णे** = પૂર્ણ, **वोलट्टमाणे** = છલોછલ ભરેલું હોય, **वोसट्टमाणे** = પાણી છલકાઈ રહ્યું હોય, **सयासव सयच्छिद्दं** = સેંકડો તિરાડો– વાળી સેંકડો, છિદ્રવાળી, **आसवदाराइं** = પાણી આવવાના માર્ગને, **पिहेइ** = ઢાંકી દે, બંધ કરી દે, **उस्सिंचणएणं** = ઉલેચવાના સાધનથી, **उड्ढं उद्दाइ** = ઉપર આવે.

**ભાવાર્થ :–** પ્રશ્ન– જેમ કોઈ પુરુષ, સૂકા ઘાસના પૂળાને અગ્નિમાં નાંખે, તો હે મંડિતપુત્ર ! તે સૂકા ઘાસનો પૂળો અગ્નિમાં નાંખતા જ શું શીઘ્ર બળી જાય છે ? હા, ભગવન્ ! તે બળી જાય છે.

જેમ કોઈ પુરુષ, અગ્નિથી તપેલી લોઢાની કડાઈ પર પાણીનું એક ટીપુ નાંખે, તો હે મંડિત–પુત્ર! તપેલી લોઢાની કડાઈ પર નાંખેલુ જલબિંદુ તુરંત નષ્ટ થઈ જાય છે ? હા, ભગવન્ ! તે તુરંત જ નષ્ટ થઈ જાય છે.

જેમ કોઈ એક સરોવર છે જે પાણીથી પરિપૂર્ણ હોય, પૂર્ણ ભરેલું હોય, છલોછલ ભરેલું હોય, તેનું પાણી છલકાય રહ્યું હોય, પાણીથી ભરેલા ઘટની સમાન તે સર્વત્ર પાણીથી વ્યાપ્ત હોય, તે સરોવરમાં કોઈ પુરુષ સેંકડો તિરાડોવાળી અથવા સેંકડો છિદ્રોવાળી એક મોટી નૌકાને તરતી મૂકે, તો હે મંડિત–પુત્ર ! તે છિદ્રો દ્વારા પાણી ભરાતા, તે નાવ શું પાણીથી પરિપૂર્ણ ભરાય જાય છે ? તે પાણીથી છલોછલ ભરાય જાય છે ? તેમાંથી પાણી છલકાવા લાગે છે ? પાણીથી ભરેલા ઘટની જેમ સર્વત્ર પાણીથી વ્યાપ્ત થઈ જાય છે ? હા, ભગવન્ ! તે પૂર્વોક્ત પ્રકારે થઈ, ભરાય જાય છે.

હે મંડિતપુત્ર ! કોઈ પુરુષ તે નાવના સમસ્ત છિદ્રોને બંધ કરી દે અને નાવમાં ભરાયેલા પાણીને ઉલેચી નાંખે, તો શું તે નાવ તરત જ પાણીની ઉપર આવી જાય છે ? હા, ભગવન્ ! તે તરત જ પાણીની ઉપર આવી જાય છે.

**૧૬** **एवामेव मंडियपुत्ता ! अत्तत्तासंवुडस्स अणगारस्स ईरियासमियस्स** *जाव* **गुत्तबंभयारिस्स, आउत्तं गच्छमाणस्स चिट्ठमाणस्स णिसीयमाणस्स तुयट्टमाणस्स आउत्तं वत्थ-पडिग्गह-कंबल-पायपुंछणं गेण्हमाणस्स णिक्खिवमाणस्स** *जाव* **चक्खुपम्हणिवायमवि वेमाया सुहुमा ईरियावहिया किरिया कज्जइ । सा पढम समय बद्धपुट्ठा, बिइयसमयवेइया, तइयसमयणिज्जरिया, सा बद्धा पुट्ठा उदीरिया वेइया णिज्जिण्णा सेयकाले अकम्मं वावि भवइ । से तेणट्ठेणं मंडियपुत्ता ! एवं वुच्चइ जावं च णं से जीवे सया समियं णो एयइ** *जाव* **अंते अंतकिरिया भवइ।**

**ભાવાર્થ :–** હે મંડિતપુત્ર ! તે જ રીતે પોતાના આત્મા દ્વારા આત્મ સંવૃત્ત, ઈર્યા સમિતિ આદિ પાંચ સમિતિઓથી સમિત, મનોગુપ્તિ આદિ ત્રણ ગુપ્તિઓથી ગુપ્ત, બ્રહ્મચારી તથા ઉપયોગપૂર્વક ગમન કરનાર, સાવધાનીપૂર્વક સ્થિર રહેનાર, બેસનાર, શયન કરનાર, તથા સાવધાનીપૂર્વક વસ્ત્ર, પાત્ર, કંબલ, રજોહરણ આદિને ગ્રહણ કરનાર અને રાખનાર અણગારને અક્ષિનિમેષ [આંખના પલકારા] માત્રમાં વિમાત્રાપૂર્વક સૂક્ષ્મ ઐર્યાપથિકી ક્રિયા લાગે છે. તેને પ્રથમ સમયમાં કર્મ બદ્ધ–સ્પૃષ્ટ થાય, બીજા સમયમાં વેદન થાય અને ત્રીજા સમયમાં તે કર્મ નિર્જીર્ણ થાય છે. અર્થાત્ બદ્ધ–સ્પૃષ્ટ, ઉદીરિત, વેદિત અને નિર્જીર્ણ થયેલી તે ક્રિયા, ભવિષ્યકાલમાં અકર્મ રૂપ બની જાય છે. હે મંડિતપુત્ર ! તેથી આ પ્રમાણે કથન કર્યું છે કે જ્યારે તે જીવ, સદા સીમિત કંપતો નથી, તેમજ તે તે ભાવે પરિણમતો નથી, ત્યારે મરણના સમયે તે [જીવ]ની અંતક્રિયા–મુક્તિ થાય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં જીવની મુક્તિ–અંતક્રિયા ક્યારે થાય છે ? તે વિષયને વિધેયાત્મક અને નિષેધાત્મક રૂપે દષ્ટાંત દ્વારા સમજાવ્યો છે.

**જીવની મુક્તિ ક્યાં સુધી નથી ? :–** જીવ સયોગી અવસ્થામાં હોય ત્યાં સુધી તે એજન–કંપન આદિ વિવિધ ક્રિયાઓ સતત કરે છે અને જ્યાં સુધી જીવ સૂક્ષ્મ કે સ્થૂલ કોઈ પણ ક્રિયા કરે છે ત્યાં સુધી કર્મબંધ થાય છે અને જ્યાં સુધી કર્મબંધ છે, ત્યાં સુધી મુક્તિ થતી નથી.

કોઈ પણ ક્રિયામાં પ્રવૃત્ત થતો જીવ આરંભ, સંરંભ અને સમારંભમાં પ્રવૃત્ત થાય છે અને તેમાં પ્રવર્તમાન જીવ, અન્ય જીવોને દુઃખ પહોંચાડે છે. તેથી ક્રિયાથી કર્મબંધ અને કર્મબંધથી સકર્મજીવ કદાપિ અકર્મા અર્થાત્ મુક્ત થઈ શક્તો નથી.

**જીવની મુક્તિ–અંતક્રિયા ક્યારે થાય ? :–** જીવ જ્યારે સૂક્ષ્મ કે સ્થૂલ સર્વ પ્રકારની એજનાદિ ક્રિયાથી (કંપનાદિક્રિયા) રહિત થઈ જાય, સર્વથા નિષ્ક્રિય–અયોગી બની જાય ત્યારે જ તે અંતક્રિયા કરી શકે છે અર્થાત્ મુક્ત થાય છે.

નિષ્ક્રિય થયેલો જીવ આરંભાદિમાં પ્રવૃત્ત થતો નથી, આરંભાદિમાં અપ્રવર્તમાન જીવ અન્ય જીવોને પીડા પહોંચાડતો નથી. તેથી કર્મબંધ કરતો નથી અને કર્મબંધથી મુક્ત થયેલો જીવ સર્વથા મુક્ત થઈ જાય છે. આ વિષયના સ્પષ્ટીકરણ માટે શાસ્ત્રકારે ત્રણ દૃષ્ટાંત આપ્યા છે જેમકે–

૧. જે રીતે સૂકા ઘાસના પૂળાને અગ્નિમાં નાંખતા જ તે ભસ્મીભૂત થઈ જાય છે.

૨. જે રીતે અત્યંત તપ્ત લોખંડની કડાઈ પર જલબિંદુ નાંખતા તે તરત જ નષ્ટ થઈ જાય છે. તે જ રીતે એજનાદિ ક્રિયા રહિત મનુષ્યના કર્મરૂપ ઈંધન શુક્લધ્યાન રૂપ જાજ્વલ્યમાન અગ્નિમાં તરત જ ભસ્મીભૂત થઈ જાય છે.

૩. જે રીતે છિદ્રો વાળી નૌકા પાણીમાં તરતી મૂકતા, તે નૌકા છિદ્રો દ્વારા પાણીથી ભરાય જાય છે. પરંતુ કોઈ વ્યક્તિ તે નૌકાના સમસ્ત છિદ્રોને ઢાંકી દે અને નૌકામાં ભરેલા પાણીને ઉલેચી નાંખે તો તરત જ તે નૌકા પાણીમાં ઉપર આવી જાય છે. તે જ રીતે આશ્રવરૂપ છિદ્રો દ્વારા કર્મરૂપી પાણીથી ભરેલી આ જીવરૂપી નૌકાને આત્મ સંવૃત્ત પુરુષ જ્યારે ઉપયોગપૂર્વક સમસ્ત ક્રિયા કરતાં, આશ્રવરૂપ છિદ્રોને ઢાંકી દે અને નિર્જરા દ્વારા સંચિત કર્મરૂપી જલને ઉલેચી નાંખે ત્યારે તે જીવ સાંપરાયિક ક્રિયા રહિત બની જાય છે. તે જીવને યોગનિમિત્તક ઐર્યાપથિકી ક્રિયા જ લાગે છે. તે ક્રિયાજન્ય જે કર્મબંધ થાય છે, તે પણ પ્રથમ સમયે બંધાય, બીજા સમયે વેદન થાય અને ત્રીજા સમયે તે નિર્જરી જાય અર્થાત્ આત્મપ્રદેશોથી પૃથક્ થઈ જાય છે અને ક્રમશઃ તે જીવ સર્વથા નિષ્ક્રિય બની જાય છે. આશ્રવ રહિત, અકર્મરૂપ સ્થિતિમાં જીવરૂપી નૌકા ઉપર આવે છે. નિષ્ક્રિય વ્યક્તિ સંસાર સાગરને તરી જાય છે. અંતક્રિયારૂપ મુક્તિને પ્રાપ્ત કરે છે.

**सया समियं एयइ** :– સદા, નિરંતર, સતત, **समियं**–સીમિત, કાંઈક, પરિમાણપૂર્વક, **एयइ**–કંપે છે. સયોગી અવસ્થા પર્યંત અથવા આત્મા શૈલેશીકરણ કરે ત્યાં સુધી તેનું કંપન નિરંતર ચાલુ જ હોય છે. તેમ છતાં સૂત્રકારે '**समियं**–સીમિત' શબ્દનો પ્રયોગ કરી સ્પષ્ટ કર્યું છે કે આત્માનું કંપન સતત થવા છતાં તેની મર્યાદા પૂર્વક થાય છે.

જ્યારે ઔદારિક આદિ સ્થૂલ યોગ પ્રવૃત્ત હોય ત્યારે સ્થૂલપણે અને જ્યારે તૈજસ–કાર્મણાદિ સૂક્ષ્મ યોગ પ્રવૃત્ત હોય ત્યારે સૂક્ષ્મપણે કંપન થાય છે. જીવની જ્યારે જેવી યોગ્યતા કે પરાક્રમ હોય તે પ્રમાણે કંપન ક્રિયા થાય છે. તે જ તેની મર્યાદા અથવા પરિમાણ છે.

## પ્રમત્ત, અપ્રમત્ત સંયતની સ્થિતિ :–

**૧૭ पमत्तसंजयस्स णं भंते ! पमत्तसंजमे वट्टमाणस्स सव्वा वि य णं पमत्तद्धा कालओ केवच्चिरं होइ ?**

**मंडियपुत्ता ! एगजीवं पडुच्च जहण्णेणं एक्कं समयं, उक्कोसेणं**

**देसूणा पुव्वकोडी । णाणाजीवे पडुच्च सव्वद्धा ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! પ્રમત્ત સંયમનું પાલન કરતા પ્રમત્તસંયમીનો પ્રમત્તસંયમનો સર્વ મળીને કેટલો કાલ થાય છે ?

ઉત્તર– હે મંડિતપુત્ર ! એક જીવની અપેક્ષાએ જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ દેશોન પૂર્વકોટિ વર્ષ થાય છે. અનેક જીવોની અપેક્ષાએ સર્વાદ્ધા–સર્વકાલ થાય છે.

**१८ अप्पमत्तसंजयस्स णं भंते ! अप्पमत्तसंजमे वट्टमाणस्स सव्वा वि य णं अप्पमत्तद्धा कालओ केवच्चिरं होइ ?**

**मण्डियपुत्ता ! एगजीवं पडुच्च जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं देसूणा पुव्वकोडी । णाणाजीवे पडुच्च सव्वद्धं ।**

**सेवं भंते ! सेवं भंते ! त्ति मंडियपुत्ते अणगारे समणं भगवं महावीरं वंदइ णमंसइ, वंदित्ता णमंसित्ता संजमेणं तवसा अप्पाणं भावमाणे विहरइ ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! અપ્રમત્ત સંયમનું પાલન કરતા અપ્રમતસંયમીનો અપ્રમત્ત સંયમનો સર્વ મળીને કેટલો કાલ થાય છે ?

ઉત્તર– હે મંડિતપુત્ર ! એક જીવની અપેક્ષાએ જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ દેશોન પૂર્વકોટિ વર્ષ થાય છે, અનેક જીવોની અપેક્ષાએ સર્વાદ્ધા–સર્વકાલ થાય છે.

હે ભગવન્ ! આ ભાવ આ જ પ્રકારે છે, હે ભગવન્ ! આ ભાવ આ જ પ્રકારે છે, એમ કહી મંડિતપુત્ર અણગારે શ્રમણ ભગવાન મહાવીર સ્વામીને વંદન–નમસ્કાર કર્યા, વંદન–નમસ્કાર કરીને, સંયમ અને તપથી આત્માને ભાવિત કરતાં વિચરવા લાગ્યા.

**વિવેચન :–**

પ્રસ્તુત બે સૂત્રોમાં એક અને અનેક જીવની અપેક્ષાએ પ્રમત્ત અને અપ્રમત્ત સંયમની સ્થિતિ કહી છે.

**પ્રમત્ત સંયમની સ્થિતિ :–** જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ દેશોન પૂર્વકોટિ વર્ષની છે. પ્રમત્ત સંયમ પ્રાપ્ત કર્યા પછી તરત જ કોઈ જીવનું મૃત્યુ થઈ જાય તે અપેક્ષાએ એક સમયની સ્થિતિ ઘટી શકે છે. સર્વ જીવોની અપેક્ષાએ સર્વાદ્ધા–સર્વકાલની છે. કારણ કે છઠ્ઠું ગુણસ્થાન શાશ્વત છે.

**અપ્રમત્ત સંયમની સ્થિતિ :–** સાતમાથી ચૌદમાં ગુણસ્થાનવર્તી જીવો અપ્રમત્ત કહેવાય છે. સંયમની પ્રાપ્તિ અપ્રમત્ત અવસ્થામાં જ થાય છે. સંયમ પ્રાપ્તિનો સમય અંતર્મુહૂર્ત છે. અપ્રમત્ત ગુણસ્થાનવર્તી

જીવ અંતર્મુહૂર્ત પહેલા મૃત્યુ પામતાં નથી માટે તેની જઘન્ય સ્થિતિ અંતમુહૂર્તની કહી છે. કેવળી ભગવાન તેરમા ગુણસ્થાનકે દેશોન પૂર્વકોટિ વર્ષ પર્યંત રહી શકે છે માટે અપ્રમત્તની ઉત્કૃષ્ટ સ્થિતિ દેશોન પૂર્વકોટિ વર્ષની કહી છે. અનેક જીવોની અપેક્ષાએ સર્વકાલની છે. કારણ કે અપ્રમત્તાવસ્થા–[સાતમું અને તેરમું ગુણસ્થાન] શાશ્વત છે.

## લવણ સમુદ્રમાં હાનિ–વૃદ્ધિ :-

**૧૯ भंते ! त्ति भगवं गोयमे समणं भगवं महावीरं वंदइ णमंसइ, वंदित्ता णमंसित्ता एवं वयासी– कम्हा णं भंते ! लवणसमुद्दे चाउद्दस्सट्ठमुद्दिट्ठ–पुण्णमासिणीसु अइरेगं वड्ढइ वा हायइ वा ?**

**जहा जीवाभिगमे लवणसमुद्दवत्तव्वया तहा णेयव्वा** *जाव* **लोयट्ठिई लोयाणुभावे ॥ सेवं भंते ! सेवं भंते ! ॥**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! આ પ્રકારે સંબોધન કરીને ભગવાન ગૌતમે શ્રમણ ભગવાન મહાવીર સ્વામીને વંદન નમસ્કાર કર્યા; વંદન નમસ્કાર કરીને આ પ્રમાણે કહ્યું– હે ભગવન્ ! લવણ સમુદ્રનું પાણી ચતુર્દશી, અષ્ટમી, અમાવસ્યા અને પૂર્ણિમાના દિવસે શા માટે વધે છે અને ઘટે છે ?

ઉત્તર– જીવાભિગમ સૂત્રમાં કહેલી લવણસમુદ્રની વક્તવ્યતા અનુસાર જાણવું જોઈએ. આ પ્રકારે લોકસ્થિતિ, લોકાનુભાવ છે ત્યાં સુધીનું વર્ણન અહીં ગ્રહણ કરવું.

હે ભગવન્ ! આ ભાવ આ જ પ્રકારે છે, હે ભગવન્ ! આ ભાવ આ જ પ્રકારે છે, એમ કહી ગૌતમ સ્વામી આત્માને ભાવિત કરતા વિચરવા લાગ્યા.

## વિવેચન :-

પ્રસ્તુત સૂત્રમાં લવણ સમુદ્રીય જલમાં હાનિ–વૃદ્ધિનું કારણ જીવાભિગમ સૂત્રના અતિદેશપૂર્વક કથિત છે.

**હાનિ વૃદ્ધિનું કારણ :–** ચતુર્દશી આદિ તિથિઓના દિવસે વાયુના વિક્ષોભના કારણે જલમાં હાનિવૃદ્ધિ થાય છે. લવણ સમુદ્રમાં ચાર દિશામાં ચાર મહાપાતાળ કળશ અને તે સિવાય ૭૮૮૪ નાના–નાના પાતાળ કળશ છે. મહાપાતાળ કળશ એક લાખ યોજન પ્રમાણ અને નાના પાતાળ કળશ એક હજાર યોજન પ્રમાણ છે. દરેક કળશમાં નીચેના ત્રીજા ભાગમાં વાયુ, મધ્યના ત્રીજા ભાગમાં જલ અને વાયુ અને ઉપરના ભાગમાં કેવળ જલ છે. તેમાં રહેલા વાયુના વિક્ષોભના કારણે જલમાં હાનિ વૃદ્ધિ થાય છે.

**હાનિ વૃદ્ધિનું પ્રમાણ :–** લવણ સમુદ્રની શિખાનો વિષ્કંભ–પહોળાઈ ૧૦,૦૦૦ યોજન અને તેની ઊંચાઈ ૧૬,૦૦૦ યોજન છે. તેની ઉપર અર્ધો યોજન જલની વૃદ્ધિ અને હાનિ થાય છે.

**લવણ સમુદ્રીય જલ જંબૂદ્વીપને ડુબાડતું નથી :–** અરિહંતાદિ મહાપુરુષોના પ્રભાવથી અથવા લોકસ્થિતિ અથવા લોકસ્વભાવથી લવણ સમુદ્રીય જલ જંબૂદ્વીપને ડુબાડતું નથી.

**।। શતક 3/3 સંપૂર્ણ ।।**

# શતક–૩ : ઉદ્દેશક–૪

## સંક્ષિપ્ત સાર

★ આ ઉદ્દેશકમાં અણગારની વૈક્રિયશક્તિ, આભિયોગિક શક્તિ અને અવધિજ્ઞાન, વાયુકાયની વૈક્રિયશક્તિ તેમ જ મેઘના વિવિધ રૂપોના પરિણમનનું નિરૂપણ છે.

★ ભાવિતાત્મા માયી અણગાર પોતાની વૈક્રિયશક્તિથી, બહારના પુદ્ગલોને ગ્રહણ કરીને જ વિકુર્વણા કરી શકે છે. વિકુર્વણા દ્વારા તે વિવિધ રૂપો બનાવી શકે છે, માયી અણગારથી અહીં કષાયયુક્ત કે પ્રમાદયુક્ત અણગારનો નિર્દેશ છે. તેમજ અમાયી અણગારથી વીતરાગી અને અપ્રમત અણગારનું કથન છે.

★ વિક્રિયા દ્વારા વિવિધ રૂપો બનાવવા છતાં તેઓ તે રૂપે પરિણત થતા નથી. અમાયી અણગાર વિક્રિયા કરતા નથી. માયી અણગાર વિક્રિયા કરીને જો તેની આલોચના કરે તો આરાધક બને છે, અન્યથા વિરાધક બને છે.

★ **અવધિજ્ઞાન :–** અવધિજ્ઞાન ક્ષાયોપશમિક જ્ઞાન છે, ક્ષયોપશમની તરતમતાના આધારે અવધિજ્ઞાનના પણ અનેક ભેદ થાય છે. સૂત્રમાં તેની વિચિત્રતાનું દર્શન કરાવ્યું છે.

★ કેટલાક અણગાર ઉત્તર વૈક્રિય શરીર બનાવીને યાનમાં જતાં દેવને જોઈ શકે છે, યાનને જોઈ શકતા નથી. કેટલાક યાનને જોઈ શકે છે, દેવને જોઈ શકતા નથી. કેટલાક બંનેને જોઈ શકે છે, કેટલાક બંનેને જોઈ શકતા નથી. આ રીતે મૂળ, કંદ, સ્કંધ આદિને જાણવાના વિષયમાં પણ પૂર્વવત્ ચાર ચાર ભંગ થાય છે.

★ **વાયુકાયની વૈક્રિયશક્તિ :–** વાયુકાયને વૈક્રિયશક્તિ હોય છે, પરંતુ તે સીમિત છે. તે પોતાની વૈક્રિયશક્તિથી વિવિધરૂપો બનાવી શકતા નથી. કેવળ ઉપર ઉઠેલી કે નીચે પડેલી ધજાના આકારની જ વિકુર્વણા કરીને અનેક યોજન સુધી ગતિ કરી શકે છે. તેનું વૈક્રિય શરીર પણ ઉત્કૃષ્ટ અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણ જ હોય છે.

★ **મેઘનું પરિણમન :–** મેઘ–વાદળ જડ પુદ્ગલ સમુદાય રૂપ છે. તેમાં વૈક્રિયશક્તિ નથી. પુદ્ગલના તથા પ્રકારના પરિણમનના કારણે મેઘ અનેક આકારે પરિણત થઈ શકે છે વાયુપ્રેરિત કે દેવપ્રેરિત તેની ગતિ અનેક યોજન પર્યંત થઈ શકે છે.

★ જીવ જે લેશ્યામાં મૃત્યુ પામે છે તે જ લેશ્યા યુક્ત સ્થાનમાં ઉત્પન્ન થાય છે.

❖❖❖❖❖

# શતક–૩ : ઉદ્દેશક–૪

## યાન

**અણગારનું અવધિજ્ઞાન સામર્થ્ય :–**

**૧ अणगारे णं भंते ! भावियप्पा देवं वेउव्वियसमुग्घाएणं समोहयं जाणरूवेणं जायमाणं जाणइ पासइ ?**

**गोयमा ! अत्थेगइए देवं पासइ, णो जाणं पासइ; अत्थेगइए जाणं पासइ, णो देवं पासइ, अत्थेगइए देवं पि पासइ, जाणंपि पासइ; अत्थेगइए णो देवं पासइ णो जाणं पासइ ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! શું ભાવિતાત્મા અણગાર, વૈક્રિય સમુદ્‌ઘાતથી સમવહત થઈ (વૈક્રિય શરીર બનાવી) યાન(વિમાન)રૂપે જતાં દેવને જાણી અને જોઈ શકે છે ?

ઉત્તર– હે ગૌતમ ! (૧) કોઈ દેવને જોઈ શકે પણ યાનને(વિમાનને) જોઈ શકતા નથી (૨) કોઈ યાનને જોઈ શકે પરંતુ દેવને જોઈ શકતા નથી. (૩) કોઈ દેવને પણ જોઈ શકે અને યાનને પણ જોઈ શકે છે (૪) કોઈ દેવને પણ જોઈ શકતા નથી અને યાનને પણ જોઈ શકતા નથી.

**૨ अणगारे णं भंते ! भावियप्पा देविं वेउव्वियसमुग्घाएणं समोहयं जाणरूवेणं जायमाणं जाणइ पासइ ? गोयमा ! एवं चेव ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! શું ભાવિતાત્મા અણગાર, વૈક્રિય સમુદ્‌ઘાતથી સમવહત થઈને, યાનરૂપે (વિમાનરૂપે) જતી દેવીને જાણી અને જોઈ શકે છે ?

ઉત્તર– હે ગૌતમ ! જે રીતે દેવના વિષયમાં કહ્યું, તે જ રીતે દેવીના વિષયમાં પણ જાણવું જોઈએ.

**૩ अणगारे णं भंते ! भावियप्पा देवं सदेवीयं वेउव्वियसमुग्घाएणं समोहयं जाणरूवेणं जायमाणं जाणइ पासइ ?**

**गोयमा ! अत्थेगइए देवं सदेवीयं पासइ, णो जाणं पासइ; एएणं**

**अभिलावेणं चत्तारि भंगा ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! શું ભાવિતાત્મા અણગાર, વૈક્રિય સમુદ્‌ઘાતથી સમવહત થઈને યાનરૂપે જતાં દેવી સહિત દેવને જાણી અને જોઈ શકે છે ?

ઉત્તર– હે ગૌતમ ! કોઈ દેવી સહિત દેવને જોઈ શકે પરંતુ યાનને જોઈ શકતા નથી ઈત્યાદિ ચાર ભંગ કહેવા જોઈએ.

**૪ अणगारे णं भंते ! भावियप्पा रुक्खस्स किं अंतो पासइ, बाहिं पासइ ?**

**चउभंगो । एवं किं मूलं पासइ, कंदं पासइ ? चउभंगो । मूलं पासइ, खंधं पासइ ? चउभंगो । एवं** *जाव* **मूलेणं बीयं संजोएयव्वं । एवं कंदेण वि समं संजोए-यव्वं** *जाव* **बीयं । एवं** *जाव* **पुप्फेण समं बीयं संजोएयव्वं** *जाव* **अणगारे णं भंते ! भावियप्पा रुक्खस्स किं फलं पासइ, बीयं पासइ ? चउभंगो ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! શું ભાવિતાત્મા અણગાર, વૃક્ષના આંતરિક ભાગને જોઈ શકે છે કે બાહ્ય ભાગને જોઈ શકે છે ?

ઉત્તર– હે ગૌતમ ! તેના પૂર્વવત્ ચાર ભંગ જાણવા.

પ્રશ્ન– તે જ રીતે ભાવિતાત્મા અણગાર મૂળને અને કંદને જોઈ શકે છે ?

ઉત્તર– તેના પણ પૂર્વવત્ ચાર ભંગ જાણવા.

પ્રશ્ન– મૂળને અને સ્કંધ–થડને જોઈ શકે છે ?

ઉત્તર– તેના પણ પૂર્વવત્ ચાર ભંગ જાણવા.

તે જ રીતે મૂળને–બીજ પર્યંત સંયોગ કરી પ્રશ્ન કરવા. આ પ્રમાણે સ્કંધની સાથે બીજ સુધીનો સંયોગ કરી પ્રશ્ન કરવા. તે જ રીતે ક્રમથી પુષ્પ સાથે બીજ પર્યંત સંયોગ કરી પ્રશ્ન કરવા. તે સર્વના ઉત્તરમાં પૂર્વવત્ ચાર ભંગ કહેવા જોઈએ ***યાવત્***–

પ્રશ્ન– હે ભગવન્ ! શું ભાવિતાત્મા અણગાર, વૃક્ષના ફળને કે બીજને જોઈ શકે છે ?

ઉત્તર– હે ગૌતમ ! પૂર્વવત્ ચાર ભંગ કહેવા જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં ભાવિતાત્મા અણગારના અવધિજ્ઞાનના સમાર્થ્યનું ભિન્ન ભિન્ન રીતે કથન કર્યું છે.

**ભાવિતાત્મા અણગાર :–** સંયમ અને તપથી જેણે આત્માને ભાવિત કર્યો છે, તેવા અણગારને ભાવિતાત્મા અણગાર કહે છે, તેને પ્રાયઃ અવધિજ્ઞાન આદિ લબ્ધિઓ હોય છે.

**ચૌભંગી :–** અવધિજ્ઞાન ક્ષાયોપશમિક છે અને ક્ષાયોપશમિક જ્ઞાનની વિચિત્રતા હોવાથી અહીં ચાર ભંગ કરીને ઉત્તર આપ્યા છે.

પ્રશ્ન આ પ્રમાણે છે. (૧) યાનમાં જતાં દેવને જોઈ શકે ? (૨) યાનમાં જતી દેવીને (૩) યાનમાં જતાં દેવી સહિત દેવને (૪) વૃક્ષના આંતરિક ભાગને કે બાહ્ય ભાગને (૫) મૂળને કે સ્કંધને (૬) મૂળને કે સ્કંધને જોઈ શકે છે ? આ રીતે મૂળ સાથે ક્રમશઃ બીજનો સંયોગ કરીને તે જ રીતે કંદાદિ સાથે ક્રમશઃ બીજ પર્યંતનો સંયોગ કરીને પ્રશ્ન પૂછવા.

પ્રત્યેક પ્રશ્નના ઉત્તરમાં ચાર ભંગ થાય છે યથા– (૧) કોઈ અણગાર દેવને જોઈ શકે પણ, વિમાનને જોઈ શકતા નથી. (૨) કોઈ વિમાનને જોઈ શકે પણ દેવને જોઈ શકતા નથી. (૩) કોઈ વિમાન અને દેવ બંનેને જોઈ શકે છે. (૪) કોઈ વિમાન અને દેવ બંનેને જોઈ શકતા નથી. આ રીતે દરેક ઉત્તરના ચાર ભંગ સમજી લેવા જોઈએ.

**વૃક્ષ આદિ દશ પદોના દ્વિક સંયોગી ૪૫ ભંગ :–** મૂળ આદિ દશ પદ આ પ્રમાણે છે– (૧) મૂળ (૨) કંદ (૩) સ્કંધ (૪) ત્વચા (૫) શાખા (૬) પ્રવાલ [કૂંપળ] (૭) પત્ર (૮) પુષ્પ (૯) ફળ (૧૦) બીજ. આ દશમાંથી મૂળ સાથે શેષ નવ પદનો સંયોગ કરવાથી ૯ ભંગ થાય છે. યથા– (૧) મૂળ–કંદ (૨) મૂળ –સ્કંધ (૩) મૂળ–ત્વચા (૪) મૂળ–શાખા (૫) મૂળ–પ્રવાલ (૬) મૂળ–પત્ર (૭) મૂળ–પુષ્પ (૮) મૂળ –ફળ (૯) મૂળ–બીજ. આ રીતે–

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| મૂળ | સાથે | શેષ | નવ | પદનો | સંયોગ કરવાથી | ૯ ભંગ |
| કંદ | સાથે | શેષ | આઠ | પદનો | સંયોગ કરવાથી | ૮ ભંગ |
| સ્કંધ | સાથે | શેષ | સાત | પદનો | સંયોગ કરવાથી | ૭ ભંગ |
| ત્વચા | સાથે | શેષ | છ | પદનો | સંયોગ કરવાથી | ૬ ભંગ |
| શાખા | સાથે | શેષ | પાંચ | પદનો | સંયોગ કરવાથી | ૫ ભંગ |
| પ્રવાલ | સાથે | શેષ | ચાર | પદનો | સંયોગ કરવાથી | ૪ ભંગ |
| પત્ર | સાથે | શેષ | ત્રણ | પદનો | સંયોગ કરવાથી | ૩ ભંગ |
| પુષ્પ | સાથે | શેષ | બે | પદનો | સંયોગ કરવાથી | ૨ ભંગ |
| ફળ | સાથે | શેષ | એક | પદનો | સંયોગ કરવાથી | ૧ ભંગ |
| | | | | | | ૪૫ ભંગ |

આ રીતે મૂળ આદિના કુલ ૪૫ ભંગ થાય છે. તેમ દેવ દેવીના પૂર્વોક્ત ચાર ભંગ ગણવાથી ૪૯ ભંગ થયા. તે દરેકના ઉત્તર ચૌભંગીથી આપવા. તેથી ૪૯ ચૌભંગી થઈ.

**વાયુકાયની વૈક્રિય શક્તિ :-**

**૫ पभू णं भंते ! वाउकाए एगं महं इत्थिरूवं वा पुरिस रूवं वा हत्थिरूवं वा जाणरूवं वा एवं जुग्ग-गिल्लि-थिल्लि-सीय-संदमाणियरूवं वा विउव्वित्तए ?**

**गोयमा ! णो इणट्ठे समट्ठे । वाउकाए णं विउव्वेमाणे एगं महं पडागासंठियरूवं विउव्वइ ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! શું વાયુકાય એક મોટું સ્ત્રીરૂપ, પુરુષરૂપ, હસ્તિરૂપ, યાનરૂપ અને આ રીતે યુગ્ય–વેદિકાથી યુક્ત બે હાથ લાંબુ વાહન [રીક્ષા], ગિલ્લી [અંબાડી], થિલ્લી [ઘોડાની પલાણ] શિબિકા [પાલખી–શિખરના આકારનું ઢાંકેલુ એક પ્રકારનું વાહન], સ્યંદમાનિકા આ સર્વ રૂપોની વિકુવર્ણા કરી શકે છે ?

ઉત્તર– હે ગૌતમ ! તે અર્થ સમર્થ નથી અર્થાત્ વાયુકાય ઉપર્યુક્ત રૂપોની વિકુવર્ણા કરી શકતા નથી પરંતુ વિકુર્વણા કરતા વાયુકાય, એક મોટી પતાકાના આકાર જેવા રૂપોની વિકુર્વણા કરી શકે છે.

**૬ पभू णं भंते ! वाउकाए एगं महं पडागासंठियं रूवं विउव्वित्ता अणेगाइं जोयणाइं गमित्तए । हंता, पभू ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! શું વાયુકાય, એક મોટી પતાકાના આકાર જેવા રૂપની વિકુર્વણા કરીને અનેક યોજન સુધી ગતિ કરી શકે છે ?

ઉત્તર– હા, ગૌતમ ! વાયુકાય, એ પ્રમાણે કરી શકે છે.

**૭ से भंते ! किं आयड्ढीए गच्छइ, परिड्ढीए गच्छइ ?**

**गोयमा ! आयड्ढीए गच्छइ, णो परिड्ढीए गच्छइ । जहा आयड्ढीए एवं चेव आयकम्मुणा वि, आयप्पओगेण वि भाणियव्वं ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! શું તે વાયુકાય, આત્મઋદ્ધિથી ગતિ કરે છે કે પરઋદ્ધિથી ગતિ કરે છે ?

ઉત્તર– હે ગૌતમ ! વાયુકાય આત્મઋદ્ધિથી ગતિ કરે છે પરંતુ પર ઋદ્ધિથી ગતિ કરતા નથી. તે જ રીતે આત્મકર્મ અને આત્મપ્રયોગથી ગતિ કરે છે. તે કથન કરવું જોઈએ.

**૮ से भंते ! किं ऊसिओदयं गच्छइ, पयओदयं गच्छइ ? गोयमा ! ऊसिओदयं पि गच्छइ, पयओदयं पि गच्छइ ?**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! શું તે વાયુકાય, ઉપર ઊઠેલી ધજાના આકારે ગતિ કરે છે કે નીચે પડેલી ધજાના આકારે ગતિ કરે છે ?

ઉત્તર– હે ગૌતમ ! તે ઉપર ઊઠેલી ધજા–પતાકા અને નીચે પડેલી ધજા–પતાકા, આ બંને આકારે ગતિ કરે છે.

**૯ से भंते ! किं एगओपडागं गच्छइ, दुहओपडागं गच्छइ ? गोयमा ! एगओपडागं गच्छइ, णो दुहओपडागं गच्छइ ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! શું વાયુકાય, એક દિશામાં એક પતાકાની સમાન રૂપ બનાવીને ગતિ કરે છે કે બે દિશાઓમાં બે પતાકાની સમાન રૂપ બનાવીને ગતિ કરે છે ?

ઉત્તર– હે ગૌતમ ! તે વાયુકાય, એક દિશામાં એક પતાકાના આકારનું રૂપ બનાવીને ગતિ કરે છે, પરંતુ બે દિશામાં બે પતાકાના આકારનું રૂપ બનાવીને ગતિ કરતા નથી અર્થાત્ તેવું રૂપ બનાવતા જ નથી.

**૧૦ से णं भंते ! किं वाउकाए पडागा ? गोयमा ! वाउकाए णं से, णो खलु सा पडागा ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! તો શું તે વાયુકાય પતાકા છે ?

ઉત્તર– હે ગૌતમ ! તે વાયુકાય પતાકા નથી, પરંતુ વાયુકાય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં વાયુકાયની વૈક્રિય શક્તિનું કથન કર્યું છે. વાયુકાયનું સંસ્થાન ધ્વજા–પતાકાના આકારનું જ છે. તે જ્યારે વૈક્રિય શરીર બનાવે ત્યારે પણ અન્ય કોઈ પ્રકારના રૂપોની વિકુર્વણા કરી શકતા નથી પરંતુ ઉપર ઊઠેલી અથવા નીચે પડેલી પતાકાના આકારની જ વિકુર્વણા કરી શકે છે. તેમાં પણ કોઈ એક જ દિશામાં–એક જ આકારવાળી પતાકાની વિકુર્વણા કરી શકે છે, બે દિશામાં બે પ્રકારની પતાકા બનાવી શકતા નથી. વિકુર્વણા કરીને, આત્મઋદ્ધિ, આત્મકર્મ અને આત્મ પ્રયોગથી તે અનેક યોજન સુધી ગતિ કરી શકે છે. જ્યારે તે વિકુર્વણા કરે ત્યારે તે વાયુરૂપ જ રહે છે. પતાકારૂપ થતા નથી.

**आयड्ढी :–** આત્મઋદ્ધિથી અર્થાત્ સ્વશક્તિ, સ્વસામર્થ્યથી. વાદળા સ્વસામર્થ્યથી ગતિ કરતા નથી પરંતુ પર પ્રયોગથી વાયુ દ્વારા પ્રેરિત થઈને ગમન કરે છે, તેની ગતિ **परिड्ढीए** કહેવાય છે. વાયુકાય સ્વયં ગમન કરે છે, તેની ગતિ **आयड्ढीए** કહેવાય છે.

**મેઘના વિવિધ રૂપોનું પરિણમન :–**

**૧૧ पभू णं भंते ! बलाहए एगं महं इत्थिरूवं वा** *जाव* **संदमाणियरूवं वा**

**परिणामेत्तए ? हंता, पभू ।**

**भावार्थ :–** પ્રશ્ન– હે ભગવન્ ! શું વાદળા, એક મોટું સ્ત્રીરૂપે અથવા સ્યંદમાનિકા વગેરે રૂપે પરિણત થવામાં સમર્થ છે ?

ઉત્તર– હા ગૌતમ ! બલાહક–મેઘ આ પ્રમાણે પરિણત થવામાં સમર્થ છે.

**१२ पभू णं भंते ! बलाहए एगं महं इत्थिरूवं परिणामेत्ता अणेगाइं जोयणाइं गमित्तए ? हंता, पभू ।**

**भावार्थ :–** પ્રશ્ન– હે ભગવન્ ! શું બલાહક–મેઘ, એક મોટું સ્ત્રીરૂપ બનાવીને અનેક યોજન સુધી ગતિ કરી શકે છે ?

ઉત્તર– હા, ગૌતમ ! તે જઈ શકે છે.

**१३ से भंते ! किं आयड्ढीए गच्छइ, परिड्ढीए गच्छइ ?**

**गोयमा ! णो आयड्ढीए गच्छइ, परिड्ढीए गच्छइ । एवं णो आयकम्मुणा, परकम्मुणा । णो आयप्पयोगेणं, परप्पयोगेणं । ऊसिओदयं वा गच्छइ, पययोदयं वा गच्छइ ।**

**भावार्थ :–** પ્રશ્ન– હે ભગવન્ ! શું તે બલાહક, આત્મઋદ્ધિથી ગતિ કરે છે કે પરઋદ્ધિથી ગતિ કરે છે ?

ઉત્તર– હે ગૌતમ ! તે આત્મઋદ્ધિથી ગતિ કરતા નથી, પર ઋદ્ધિથી ગતિ કરે છે, તે જ રીતે આત્મકર્મ અને આત્મપ્રયોગથી ગતિ કરતા નથી, પરંતુ પરકર્મ અને પરપ્રયોગથી ગતિ કરે છે. તે ઉચ્છ્રિત પતાકા–હવામાં ઊડતી ધ્વજા અને પતિત પતાકા નીચે પડેલી ધ્વજા બંને આકારના રૂપોથી ગતિ કરે છે.

**१४ से भंते ! किं बलाहए इत्थी ?**

**गोयमा ! बलाहए णं से, णो खलु सा इत्थी । एवं पुरिसे, आसे, हत्थी ।**

**भावार्थ :–** પ્રશ્ન– હે ભગવન્ ! શું તે બલાહક સ્ત્રી છે ?

ઉત્તર– હે ગૌતમ ! તે બલાહક સ્ત્રી નથી, પરંતુ બલાહક–મેઘ છે. જે રીતે સ્ત્રીના સંબંધમાં કહ્યું, તે જ રીતે પુરુષ, ઘોડા, હાથીના વિષયમાં પણ કહેવું જોઈએ અર્થાત્ તે બલાહક પુરુષ, ઘોડો, હાથી નથી, પરંતુ તે બલાહક–મેઘ છે.

**१५ पभू णं भंते ! बलाहए एगं महं जाणरूवं परिणामेत्ता अणेगाइं जोयणाइं गमेत्तए ?**

**जहा इत्थिरूवं तहा भाणियव्वं । णवरं एगओ चक्कवालं पि, दुहओ चक्कवालं पि गच्छइ । जुग्ग–गिल्लि–थिल्लि–सीया–संदमाणियाणं तहेव भाणियव्वं ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! શું તે બલાહક, એક મોટા યાન [શકટ–ગાડી]નું રૂપ બનાવીને અનેક યોજન સુધી જઈ શકે છે ?

ઉત્તર– હે ગૌતમ ! જે રીતે સ્ત્રીરૂપના સંબંધમાં કહ્યું તે જ રીતે યાનના સંબંધમાં પણ કહેવું જોઈએ. પરંતુ વિશેષતા એ છે કે મેઘ, યાન(ગાડી)માં એક પૈડું બનાવીને પણ ગતિ કરી શકે છે, તેમજ બે પૈડા બનાવીને પણ ગતિ કરી શકે છે. આ રીતે યુગ્ય, ગિલ્લી, થિલ્લી, શિબિકા, સ્યંદમાનિકાના રૂપના વિષયમાં પણ જાણવું જોઈએ.

### વિવેચન :–

પ્રસ્તુત સૂત્રોમાં આકાશમાં દશ્યમાન વાદળના રૂપ પરિણમન તથા ગમન સંબંધી કથન કર્યું છે.

**મેઘની રૂપ પરિણમન શક્તિ :–** મેઘ અજીવ છે, તેથી તેમાં વૈક્રિય શક્તિ નથી. પરંતુ પુદ્ગલ પરિણમનના સ્વભાવના કારણે તેમાં પણ વિવિધ રૂપોનું પરિણમન થાય છે. તેથી અહીં **'विउव्वित्तए'** શબ્દ પ્રયોગ ન કરતાં **परिणामेत्तए** શબ્દ પ્રયોગ કર્યો છે. તેની ગતિ આત્મઋદ્ધિ, આત્મકર્મ કે આત્મ પ્રભાવથી થતી નથી. કારણ કે તે જડ છે. તેની ગતિ વાયુપ્રેરિત અથવા દેવાદિથી પ્રેરિત થાય છે. આ રીતે મેઘ, સૂત્રોક્ત યાનાદિ રૂપે પરિણમન પામીને ગતિ કરી શકે છે.

**चक्कवाल :–** ગાડીના પૈડા. મેઘ ગાડી વગેરે યાનના રૂપમાં પરિણત થાય ત્યારે એક પૈડાવાળી ગાડી બનાવી શકે છે અને બે પૈડાવાળી ગાડી પણ બનાવી શકે છે.

### ઉત્પન્ન થનારા જીવોની લેશ્યા :–

**१६ जीवे णं भंते ! जे भविए णेरइएसु उववज्जित्तए से णं भंते ! किं लेसेसु उववज्जइ ?**

**गोयमा ! जल्लेसाइं दव्वाइं परियाइत्ता कालं करेइ, तल्लेसेसु उववज्जइ, तं जहा– कण्हलेसेसु वा, णीललेसेसु वा, काउलेसेसु वा; एवं जस्स जा लेस्सा सा तस्स भाणियव्वा** *जाव–*

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! જે જીવ, નૈરયિકોમાં ઉત્પન્ન થવા યોગ્ય છે, તે કઈ લેશ્યામાં (કઈ લેશ્યા સાથે) ઉત્પન્ન થાય છે ?

ઉત્તર– હે ગૌતમ ! જે લેશ્યાના દ્રવ્યોને ગ્રહણ કરીને જીવ કાલધર્મ પામે છે, તે લેશ્યામાં ઉત્પન્ન થાય છે, તે આ પ્રકારે છે– કૃષ્ણલેશ્યામાં, નીલલેશ્યામાં અને કાપોતલેશ્યામાં. આ રીતે જે દંડકની જે લેશ્યા હોય, તે કહેવી જોઈએ.

**૧૭ जीवे णं भंते ! जे भविए जोइसिएसु उववज्जित्तए पुच्छा ?**

**गोयमा ! जल्लेसाइं दव्वाइं परियाइत्ता कालं करेइ तल्लेसेसु उववज्जइ, तं जहा– तेउलेसेसु ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! જે જીવ, જ્યોતિષી દેવોમાં ઉત્પન્ન થવા યોગ્ય છે, તે કઈ લેશ્યામાં ઉત્પન્ન થાય છે ?

ઉત્તર– હે ગૌતમ ! જે જીવ, જે લેશ્યાના દ્રવ્યોને ગ્રહણ કરીને કાલધર્મ પામે છે, તે જીવ તે જ લેશ્યામાં ઉત્પન્ન થાય છે. યથા–એક તેજોલેશ્યામાં.

**૧૮ जीवे णं भंते ! जे भविए वेमाणिएसु उववज्जित्तए से णं भंते ! किं लेसेसु उववज्जइ ?**

**गोयमा ! जल्लेसाइं दव्वाइं परियाइत्ता कालं करेइ तल्लेसेसु उववज्जइ, तं जहा– तेउलेसेसु वा पम्हलेसेसु वा सुक्कलेसेसु वा ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! જે જીવ, વૈમાનિક દેવોમાં ઉત્પન્ન થવા યોગ્ય છે, તે કઈ લેશ્યામાં ઉત્પન્ન થાય છે ?

ઉત્તર– હે ગૌતમ ! જે જીવ, જે લેશ્યાના દ્રવ્યોને ગ્રહણ કરીને કાલધર્મ પામે છે, તે જીવ તે લેશ્યામાં ઉત્પન્ન થાય છે. યથા–તેજોલેશ્યામાં, પદ્મલેશ્યામાં અને શુક્લલેશ્યામાં.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રમાં ૨૪ દંડકના જીવોને ઉત્પત્તિ સમયે કઈ લેશ્યા હોય છે ? તે વિષયને સ્પષ્ટ કર્યો છે.

**ઉત્પત્તિ સમયની લેશ્યા :–** એક સર્વ સામાન્ય સિદ્ધાંત છે કે **जल्लेसाइं दव्वाइं परियाइत्ता कालं करेइ, तल्लेसेसु उववज्जइ** । જે લેશ્યાના દ્રવ્યોને ગ્રહણ કરીને જીવ કાલધર્મ પામે છે તે જ લેશ્યાના પુદ્‌ગલ ગ્રહણ કરતાં જીવની ઉત્પત્તિ થાય છે અર્થાત્ જીવનના અંત સમયની અને પુનર્જન્મના પ્રથમ સમયની લેશ્યા એક જ હોય છે. આ વિષયનું સ્પષ્ટીકરણ ઉત્તરાધ્યયન સૂત્ર અધ્યયન–૩૪માં પણ છે.

જેમ કે–

> सव्वाहिं लेसाहिं, पढमे समयम्मि संपरिणयाहिं तु ।
> णो कस्स वि उववाओ, पर भवे अत्थि जीवस्स ॥१॥
>
> सव्वाहिं लेसाहिं, चरिमे समयम्मि संपरिणयाहिं तु ।
> ण वि कस्स वि उववाओ, पर भवे अत्थि जीवस्स ॥२॥
>
> अंतमुहुत्तम्मि गए, अंतमुहुत्तम्मि सेसए चेव ।
> लेसाहिं परिणयाहिं, जीवा गच्छंति परलोयं ॥३॥ – *[ઉત્તરા. અધ્ય.–૩૪]*

**અર્થ :–** જે સમયે કોઈપણ લેશ્યા પરિણામનો પ્રથમ સમય હોય છે, તે સમયે કોઈ જીવનો પરભવમાં જન્મ થતો નથી. તે જ રીતે જે સમયે લેશ્યા પરિણામનો અંતિમ સમય હોય છે, તે સમયે પણ કોઈ જીવનો પરભવમાં જન્મ થતો નથી. લેશ્યા પરિણામનું અંતર્મુહૂર્ત વ્યતીત થયા પછી અને અંતર્મુહૂર્ત શેષ રહેવા પર જીવ પરલોકમાં જાય છે.

આ કથન મનુષ્યો અને તિર્યંચો માટે છે. કારણકે તેમાં લેશ્યાનું પરિવર્તન થયા જ કરે છે. દેવ અને નારકોમાં જીવન પર્યંત એક જ લેશ્યા રહે છે. તેથી દેવ અને નારકમાં લેશ્યા પરિણામનું અંતર્મુહૂર્ત શેષ રહે ત્યારે તેનું મૃત્યુ થાય છે.

**લેશ્યા દ્રવ્ય :–** જેના દ્વારા આત્મા, કર્મ સાથે શ્લિષ્ટ થાય છે, તેને લેશ્યા કહે છે. શ્રી પ્રજ્ઞાપના સૂત્ર અને શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં લેશ્યાના પ્રકાર, અધિકારી, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ આદિ અનેક દ્વારોથી લેશ્યાનું વિસ્તૃત વર્ણન છે.

**एवं जस्स जा लेस्सा :–** મૂળ પાઠમાં નારક સંબંધી સૂત્ર કહીને શેષ દંડકોમાં જે લેશ્યા હોય તે પ્રમાણે કથન કરવું, તે પ્રકારનો અતિદેશ કર્યો છે, તેમાં વ્યંતર સુધીના બાવીસ દંડકનો સમાવેશ કર્યો છે. ત્યાર પછી જ્યોતિષી અને વૈમાનિક દેવો માટે પૃથક્ સૂત્રથી અંતિમ બે દંડકોનું કથન કર્યુ છે. જ્યોતિષીમાં તેજોલેશ્યા અને વૈમાનિકમાં ત્રણ શુભલેશ્યા હોય છે.

### વૈભારગિરિ પર્વત સંબંધી વિકુર્વણા :–

**१९** **अणगारे णं भंते ! भावियप्पा बाहिरए पोग्गले अपरियाइत्ता पभू वेभारं पव्वयं उल्लंघेत्तए वा, पल्लंघेत्तए वा ? गोयमा ! णो इणट्ठे समट्ठे ।**

**अणगारे णं भंते ! भावियप्पा बाहिरए पोग्गले परियाइत्ता पभू वेभारं पव्वयं उल्लंघेत्तए वा, पल्लंघेत्तए वा । हंता पभू ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! શું ભાવિતાત્મા અણગાર, બાહ્ય પુદ્‌ગલોને ગ્રહણ કર્યા વિના વૈભાર

પર્વતનું ઉલ્લંઘન કરી શકે છે ? પ્રલંઘન કરી શકે છે ?

ઉત્તર– હે, ગૌતમ ! તે અર્થ સમર્થ નથી.

પ્રશ્ન– હે ભગવન્ ! શું ભાવિતાત્મા અણગાર, બાહ્ય પુદ્ગલોને ગ્રહણ કરીને વૈભાર પર્વતનું ઉલ્લંઘન કરી શકે છે ? પ્રલંઘન કરી શકે છે ?

ઉત્તર– હા ગૌતમ ! તે કરી શકે છે.

**૨૦ अणगारे णं भंते ! भावियप्पा बाहिरए पोग्गले अपरियाइत्ता जावइयाइं रायगिहे णयरे रूवाइं, एवइयाइं विउव्वित्ता वेभारं पव्वयं अंतो अणुप्पविसित्ता पभू समं वा विसमं करेत्तए, विसमं वा समं करेत्तए ?**

**गोयमा ! णो इणट्ठे समट्ठे । एवं चेव बिईओ वि आलावगो णवरं परियाइत्ता पभू ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! શું ભાવિતાત્મા અણગાર, બાહ્ય પુદ્ગલોને ગ્રહણ કર્યા વિના જ રાજગૃહ નગરમાં જેટલા રૂપ છે, તેટલા રૂપોની વિકુર્વણા કરીને અને વૈભાર પર્વતમાં પ્રવેશ કરીને, સમ પર્વતને વિષમ કરી શકે છે ? અથવા વિષમ પર્વતને સમ કરી શકે છે ?

ઉત્તર– હે ગૌતમ ! તે અર્થ સમર્થ નથી. અર્થાત્ બાહ્ય પુદ્ગલોને ગ્રહણ કર્યા વિના તે પ્રમાણે કરી શકતા નથી. આ જ રીતે બીજો આલાપક કહેવો જોઈએ પરંતુ વિશેષતા એ છે કે બાહ્ય પુદ્ગલોને ગ્રહણ કરીને પૂર્વોક્ત કાર્ય કરી શકે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં ભાવિતાત્મા અણગારની વૈક્રિય શક્તિનું વિધિ અને નિષેધ બંને અપેક્ષાએ કથન કર્યું છે.

**બાહ્ય પુદ્ગલનું ગ્રહણ અનિવાર્ય શા માટે ? :–** મૂળપાઠથી સ્પષ્ટ છે કે ભાવિતાત્મા અણગાર બાહ્ય પુદ્ગલને ગ્રહણ કરીને જ વિક્રિયા કરવામાં સમર્થ છે. બાહ્ય પુદ્ગલ ગ્રહણ કર્યા વિના વિક્રિયા કરી શકતા નથી.

ભાવિતાત્મા અણગારને ઔદારિક શરીરમાંથી વૈક્રિય શરીર બનાવવું હોય ત્યારે તેણે બાહ્ય પુદ્ગલનું ગ્રહણ કરવું પડે છે. તે સિવાય વૈક્રિય શરીર બની શકતું નથી અને વૈક્રિય શરીર બનાવ્યા વિના પર્વતનું ઉલ્લંઘન કે પ્રલ્લંઘન થઈ શકતું નથી. તેથી જ બાહ્ય પુદ્ગલોનું ગ્રહણ અનિવાર્ય છે.

### વિકુર્વણા કરનાર માયી કે અમાયી :–

**૨૧ से भंते ! किं माई विउव्वइ, अमाई विउव्वइ ? गोयमा ! माई विउव्वइ,**

**णो अमाई विउव्वइ ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! શું માયી[પ્રમત્ત] મનુષ્ય વિકુર્વણા કરે છે ? કે અમાયી [અપ્રમત્ત] મનુષ્ય વિકુર્વણા કરે છે ?

ઉત્તર– હે ગૌતમ ! માયી મનુષ્ય વિકુર્વણા કરે છે, અમાયી મનુષ્ય વિકુર્વણા કરતા નથી.

**૨૨ से केणट्ठेणं भंते ! एवं वुच्चइ** *जाव* **णो अमाई विउव्वइ ?**

**गोयमा ! माई णं पणीयं पाण-भोयणं भोच्चा भोच्चा वामेइ, तस्स णं तेणं पणीएणं पाणभोयणेणं अट्ठि अट्ठिमिंजा बहली भवंति, पयणुए मंस-सोणिए भवइ; जे वि य से अहा बायरा पोग्गला ते वि य से परिणमंति, तं जहा- सोइंदियत्ताए***जाव* **फासिंदियत्ताए; अट्ठि अट्ठिमिंज-केसमंसुरोमणहत्ताए सुक्कत्ताए सोणियत्ता । अमाई णं लूहं पाण-भोयणं भोच्चा भोच्चा णो वामेइ, तस्स णं तेणं लूहेणं पाण-भोयणेणं अट्ठि-अट्ठिमिंजा पयणुभवंति, बहले मंस सोणिए; जे वि य से अहाबायरा पोग्गला ते वि य से परिणमंति, तं जहा- उच्चारत्ताए पासवणत्ताए** *जाव* **सोणियत्ताए । से तेणट्ठेणं** *जाव* **णो अमाई विउव्वइ ।**

**माई णं तस्स ठाणस्स अणालोइयपडिक्कंते कालं करेइ, णत्थि तस्स आराहणा । अमाई णं तस्स ठाणस्स आलोइयपडिक्कंते कालं करेइ, अत्थि तस्स आराहणा ॥ सेवं भंते ! सेवं भंते ! ॥**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! તેનું શું કારણ છે કે માયી મનુષ્ય વિકુર્વણા કરે છે અને અમાયી મનુષ્ય વિકુર્વણા કરતા નથી ?

ઉત્તર– હે ગૌતમ ! માયી–પ્રમાદી મનુષ્ય પ્રણીત[ગરિષ્ટ] ભોજન કરે છે. વારંવાર પ્રણીત ભોજન કરીને વમન કરે છે; પ્રણીત ભોજન–પાન દ્વારા તેના અસ્થિ અને અસ્થિમજ્જા, ગાઢ–ઘન થાય છે; તેના રક્ત અને માંસ પ્રતનુ થાય છે, તે ભોજનના જે યથા બાદર પુદ્ગલ હોય છે, તેનું તે તે રૂપે પરિણમન થાય છે. યથા–શ્રોતેન્દ્રિયથી સ્પર્શેન્દ્રિયરૂપે પરિણમન થાય છે તથા અસ્થિ, અસ્થિમજ્જા, મૂછ, રોમ, નખ, વીર્ય અને રક્તરૂપે પરિણમન થાય છે.

અમાયી મનુષ્ય રૂક્ષ ભોજન–પાન કરે છે અને આ પ્રકારનું ભોજન પાન કરીને તે વમન કરતા નથી. તે રૂક્ષ ભોજન દ્વારા તેના અસ્થિ અને અસ્થિમજ્જા પ્રતનું થાય છે, તેનું રક્ત અને માંસ ઘન–ગાઢ થાય છે. તે આહારના જે યથાબાદર પુદ્ગલ હોય છે, તેનું પરિણમન ઉચ્ચાર(વિષ્ઠા) પ્રસ્રવણ (મૂત્ર) રક્તાદિરૂપે થાય છે. તેથી અમાયી મનુષ્ય વિકુર્વણા કરતા નથી.

માયી મનુષ્ય પોતાની કરેલી પ્રવૃત્તિની આલોચના અને પ્રતિક્રમણ કર્યા વિના જ જો કાલધર્મ પામે, તો તેની આરાધના થતી નથી, પરંતુ તે પ્રવૃત્તિની આલોચના પ્રતિક્રમણ કરીને કાલધર્મ પામે, તો તેની આરાધના થાય છે.

હે ભગવન્ ! આ ભાવ આ જ પ્રકારે છે, હે ભગવન્ ! આ ભાવ આ જ પ્રકારે છે.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રોમાં સ્પષ્ટ કર્યું છે કે માયી અર્થાત્ પ્રમાદયુક્ત જીવ વિકુર્વણા કરે છે. જે અમાયી છે તેને વિકુર્વણા કરવાની ઈચ્છા થતી નથી. વિકુર્વણા કરનાર માયી મનુષ્ય અંત સમયે આલોચનાદિ કરે તો જ તે આરાધક બને છે અન્યથા તે વિરાધક બને છે.

**भावियप्पा अणगारे, मायी विउव्वइ :–** સૂ. ૨૦, ૨૧, ૨૨માં ભાવિતાત્મા અણગાર વિકુર્વણા કરે છે, તે પ્રમાણે કથન કર્યું છે. ભાવિતાત્મા એટલે ઉચ્ચ સંયમ આરાધક મુનિ. તેવા મુનિને જ વૈક્રિય વગેરે લબ્ધિ પ્રાપ્ત થાય છે અને તે જ વિવિધ પ્રકારની વિકુર્વણા કરવાની શક્તિ ધરાવે છે. તે મુનિ વૈક્રિય વર્ગણાના પુદ્ગલો ગ્રહણ કરીને વૈક્રિય રૂપો બનાવી શકે છે, વૈક્રિય વર્ગણા પુદ્ગલો ગ્રહણ કર્યા વિના વિકુર્વણા કરી શકતા નથી.

સૂ. ૨૨–૨૩ માં પૂર્વોક્ત વિષયને જ વિશેષ સ્પષ્ટ કર્યો છે. સૂત્રકારે અધ્યાત્મભાવોની મુખ્યતાએ ભાવિતાત્મા અણગારના પણ બે ભેદ કર્યા છે. માયી અને અમાયી. તેના અર્થ ક્રમશઃ પ્રમાદી અને અપ્રમાદી થાય છે. તાત્પર્ય એ છે કે ભાવિતાત્મા લબ્ધિધારી અણગાર જ્યારે પ્રમત્ત ભાવોમાં હોય, ત્યારે જ બહિર્લક્ષી પરિણામે, કુતુહલ આદિ વૃત્તિથી વૈક્રિય લબ્ધિનો પ્રયોગ કરે છે.

આ રીતે સ્પષ્ટ થાય છે કે માયી–પ્રમાદી વિકુર્વણા કરે છે, અમાયી–અપ્રમાદી અણગારને બહિર્લક્ષી વૃત્તિ ન હોવાથી તે વિકુર્વણા કરતા નથી. આ વિષયને સૂત્રમાં દૃષ્ટાંતથી સમજાવ્યો છે. તેની વ્યાખ્યા કરતા ટીકાકાર કહે છે કે–

**भोच्चा भोच्चा वामेति, वमनं करोति, विरेचनं वा करोति । वर्णबलाद्यर्थं, यथाप्रणीत भोजनं तद्वमनं च विक्रिया स्वभावं मायित्वाद्भवति एवं वैक्रियकरणमपीति तात्पर्य ।** *[વૃત્તિ–પૃ. ૧૮૯]*

બહિર્લક્ષી વ્યક્તિ વર્ણ, બલ વગેરેની વૃદ્ધિ માટે વારંવાર સ્વાદિષ્ટ ભોજન કરી કરીને વમન–વિરેચન કરે છે. આ રીતે જેમ સ્વાદિષ્ટ ભોજન કરવું અને તેનું વમન કરવું આ વિક્રિયા–વિશેષ ક્રિયા માયી–પ્રમાદી વડે જ કરાય છે; તેમજ વૈક્રિય લબ્ધિ પ્રયોગ પણ માયી–પ્રમાદી દ્વારા જ થાય છે. અમાયી–અપ્રમાદી સાધકને ઉપરોક્ત પ્રવૃત્તિ હોતી નથી.

## ।। શતક ૩/૪ સંપૂર્ણ ।।

# શતક–૩ : ઉદ્દેશક–૫

## સંક્ષિપ્ત સાર

આ ઉદ્દેશકમાં ભાવિતાત્મા અણગારની વૈક્રિય શક્તિ અને આભિયોજન શક્તિનું નિરૂપણ છે.

★ ભાવિતાત્મા અણગાર બાહ્ય પુદ્‌ગલો ગ્રહણ કરીને સ્ત્રી આદિ અનેક રૂપની વિકુર્વણા કરી શકે છે. પોતાના વૈક્રિયકૃત રૂપો દ્વારા સંપૂર્ણ જંબૂદ્વીપને વ્યાપ્ત કરી શકે તેટલું તેનું સામર્થ્ય છે. પરંતુ તેઓ આ પ્રકારનો પ્રયોગ ક્યારે ય કરતા નથી.

★ તે જ રીતે ભાવિતાત્મા અણગાર મંત્ર, તંત્ર આદિના પ્રયોગથી આભિયોગિક ક્રિયા દ્વારા અશ્વ આદિ વિવિધ શરીરમાં પ્રવેશ કરીને, અથવા વિવિધ રૂપો બનાવીને, તેમાં પ્રવેશ કરીને ગમન આદિ ક્રિયાઓ કરી શકે છે. વિક્રિયા કે આભિયોગ કરનાર માયી–પ્રમાદી (પ્રમત્ત ભાવોમાં રહેનાર બહિર્લેશી) અણગાર જો તેની આલોચના ન કરે તો તે આભિયોગિક (નોકર) દેવોમાં ઉત્પન્ન થાય છે. જો તે આલોચના પ્રતિક્રમણ કરે તો આભિયોગિક સિવાય અન્ય ઉત્તમ દેવોમાં ઉત્પન્ન થાય છે.

★ વિક્રિયા કે આભિયોગિક ક્રિયા કરનાર જો ભાવિતાત્મા અણગાર હોય તો પણ તે શાસ્ત્રની ભાષામાં માયી–પ્રમાદી કહેવાય છે અને જો તે આલોચના પ્રતિક્રમણ કરી લે તો તે અમાયી કહેવાય છે.

❖❖❖❖❖

# શતક–૩ : ઉદ્દેશક–૫

## સ્ત્રી

**અણગારની વૈક્રિય શક્તિ : સ્ત્રી આદિ રૂપ :–**

**१ अणगारे णं भंते ! भावियप्पा बाहिरए पोग्गले अपरियाइत्ता पभू एगं महं इत्थीरूवं वा** *जाव* **संदमाणियरूवं वा विउव्वित्तए ? णो इणट्ठे समट्ठे ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! શું ભાવિતાત્મા અણગાર, બાહ્ય પુદ્ગલોને ગ્રહણ કર્યા વિના એક મોટું સ્ત્રીરૂપ, સ્યંદમાનિકાદિ રૂપની વિકુર્વણા કરી શકે છે ?

ઉત્તર– હે ગૌતમ ! તે અર્થ સમર્થ નથી અર્થાત્ તે પ્રમાણે કરી શકતા નથી.

**२ अणगारे णं भंते ! भावियप्पा बाहिरए पोग्गले परियाइत्ता पभू एगं महं इत्थीरूवं वा** *जाव* **संदमाणियरूवं वा विउव्वित्तए ? हंता, पभू ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! શું ભાવિતાત્મા અણગાર, બાહ્ય પુદ્ગલને ગ્રહણ કરીને એક મોટું સ્ત્રીરૂપ, સ્યંદમાનિકાદિરૂપની વિકુર્વણા કરી શકે છે ?

ઉત્તર– હા ગૌતમ ! તે પ્રમાણે તે કરી શકે છે.

**३ अणगारे णं भंते ! भावियप्पा केवइयाइं पभू इत्थिरूवाइं विउव्वित्तए ?**

**गोयमा ! से जहाणामए जुवइं जुवाणे हत्थेणं हत्थे गेण्हेज्जा, चक्कस्स वा णाभी अरगाउत्ता सिया, एवामेव अणगारे वि भावियप्पा वेउव्विय समुग्घाएणं समोहणइ** *जाव* **पभू णं गोयमा ! अणगारे णं भावियप्पा केवलकप्पं जंबूदीवं दीवं बहूहिं इत्थिरूवेहिं आइण्णं वितिकिण्णं** *जाव* **करेत्तए । एस णं गोयमा ! अणगारस्स भावियप्पणो अयमेयारूवे विसए, विसयमेत्ते बुइए, णो चेव णं संपत्तीए विउव्विंसु वा विउव्विंति वा विउव्विस्संति वा । एवं परिवाडीए णेयव्वं** *जाव* **संदमाणिया ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! ભાવિતાત્મા અણગાર, કેટલા રૂપોની વિકુર્વણા કરી શકે છે ?

ઉત્તર– હે ગૌતમ ! યુવતી યુવાનના દૃષ્ટાંતે તથા આરાઓથી યુક્ત ચક્રની ધુરીના દૃષ્ટાંતે ભાવિતાત્મા અણગાર વૈક્રિય સમુદ્ઘાતથી સમવહત થઈને સંપૂર્ણ એક જંબૂદ્વીપને, અનેક સ્ત્રીરૂપો દ્વારા આકીર્ણ, વ્યતિકીર્ણ કરી શકે છે. તે રૂપો દ્વારા જંબૂદ્વીપને ઠસોઠસ ભરી શકે છે. હે ગૌતમ ! ભાવિતાત્મા અણગારનો આ વિષય માત્ર છે. પરંતુ આટલી વિક્રિયા ક્યારે ય કરી નથી, કરતા નથી અને કરશે પણ નહીં, આ રીતે ક્રમપૂર્વક સ્યંદમાનિકાદિ સંબંધી રૂપ બનાવવા સુધીનું કથન કરવું જોઈએ.

**૪ से जहाणामए केइ पुरिसे असि–चम्मपायं गहाय गच्छेज्जा, एवामेव अणगारे वि भावियप्पा असि–चम्मपायहत्थ–किच्चगएणं अप्पाणेणं उड्ढं वेहासं उप्पइज्जा ? हंता, उप्पइज्जा ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! જે રીતે કોઈ પુરુષ હાથમાં તલવાર અને ઢાલ અથવા મ્યાન લઈને જાય છે, શું તે રીતે કોઈ ભાવિતાત્મા અણગાર પણ તે પુરુષની જેમ કોઈ કાર્યને સિદ્ધ કરવા માટે સ્વયં આકાશમાં ઊંચે ઊડી શકે છે ?

ઉત્તર– હા, ગૌતમ ! ઊડી શકે છે.

**૫ अणगारे णं भंते ! भावियप्पा केवइयाइं पभू, असिचम्मपायहत्थकिच्चगयाइं रूवाइं विउव्वित्तए ?**

**गोयमा ! से जहाणामए जुवइं जुवाणे हत्थेणं हत्थे गेण्हेज्जा, तं चेव** *जाव* **विउव्विंसु वा विउव्वंति वा विउव्विस्संति वा ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! ભાવિતાત્મા અણગાર તલવાર અને ઢાલ ગ્રહણ કરેલા પુરુષની સમાન કેટલા રૂપ બનાવી શકે છે ?

ઉત્તર– હે ગૌતમ ! યુવતી યુવાનના દૃષ્ટાંતે સંપૂર્ણ એક જંબૂદ્વીપને ઠસોઠસ ભરી શકે છે. પરંતુ ક્યારે ય આટલા વૈક્રિયરૂપો બનાવ્યા નથી, બનાવતા નથી અને બનાવશે પણ નહીં.

**૬ से जहा णामए केइ पुरिसे एगओपडागं काउं गच्छेज्जा, एवामेव अणगारे वि भावियप्पा एगओपडागाहत्थकिच्चगएणं अप्पाणेणं उड्ढं वेहासं उप्पएज्जा ? हंता गोयमा ! उप्पएज्जा ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! જે રીતે કોઈ પુરુષ, હાથમાં એક પતાકા લઈને ગમન કરે છે, શું તે રીતે ભાવિતાત્મા અણગાર પણ હાથમાં પતાકા લીધેલા પુરુષની સમાન રૂપ બનાવીને સ્વયં આકાશમાં ઉપર ઊડી શકે છે ?

ઉત્તર– હા, ગૌતમ ! ઊડી શકે છે.

**૭ अणगारे णं भंते ! भावियप्पा केवइयाइं पभू एगओपडागाहत्थकिच्चगयाइं रूवाइं विउव्वित्तए ?**

**एवं चेव *जाव* विउव्विंसु वा विउव्वंति वा विउव्विस्संति वा । एवं दुहओपडागं पि ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! ભાવિતાત્મા અણગાર, હાથમાં પતાકા લઈને ગમન કરતા પુરુષની સમાન કેટલા રૂપો બનાવી શકે છે ?

ઉત્તર– હે ગૌતમ ! પૂર્વવત્ જાણવું અર્થાત્ તે હાથમાં પતાકા લઈને ગમન કરતા પુરુષ સમાન રૂપોથી સંપૂર્ણ જંબૂદ્વીપને ઠસોઠસ ભરી શકે છે, પરંતુ ક્યારે ય આટલા રૂપો બનાવ્યા નથી, બનાવતા નથી અને બનાવશે પણ નહીં. આ રીતે બંને તરફ પતાકા ગ્રહણ કરેલા પુરુષના રૂપના સંબંધમાં કથન કરવું જોઈએ.

**૮ से जहाणामए केइ पुरिसे एगओजण्णोवइयं काउं गच्छेज्जा, एवामेव अणगारे णं भावियप्पा एगओजण्णोवइयकिच्चगएणं अप्पाणेणं उड्ढं वेहासं उप्पएज्जा ? हंता, उप्पएज्जा ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! જે રીતે કોઈ પુરુષ એક તરફ જનોઈ–યજ્ઞોપવીત પહેરીને ગમન કરે છે, શું ભાવિતાત્મા અણગાર તે રીતે એક તરફ જનોઈ ધારણ કરેલા પુરુષની સમાન રૂપ બનાવી ઉપર આકાશમાં ઊડી શકે છે ?

ઉત્તર– હા, ગૌતમ ! ઊડી શકે છે.

**૯ अणगारे णं भंते ! भावियप्पा केवइयाइं पभू एगओजण्णोवइयकिच्चगयाइं रूवाइं विउव्वित्तए ?**

**तं चेव *जाव* विउव्विंसु वा विउव्वंति वा विउव्विस्संति वा । एवं दुहओ जण्णोवइयं पि ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! ભાવિતાત્મા અણગાર, એક તરફ જનોઈ ધારણ કરેલા પુરુષની સમાન કેટલા રૂપોની વિકુર્વણા કરી શકે છે ?

ઉત્તર– હે ગૌતમ ! પૂર્વવત્ જાણવું જોઈએ. અર્થાત્ તે પ્રકારના રૂપોથી તે સંપૂર્ણ એક જંબૂદ્વીપને

ઠસોઠસ ભરી શકે છે, પરંતુ ક્યારે ય આટલા રૂપો બનાવ્યા નથી, બનાવતા નથી અને બનાવશે પણ નહીં.

એ પ્રમાણે બંને તરફ જનોઈ(યજ્ઞોપવિત) પહેરીને ગમન કરનાર પુરુષની સમાન રૂપોના સંબંધમાં કથન કરવું જોઈએ.

**१० से जहाणामए केइ पुरिसे एगओपल्हत्थियं काउं चिट्ठेज्जा, एवामेव अणगारे वि भावियप्पा** *जाव* **चिट्ठेज्जा ?**

**एवं चेव** *जाव* **विउव्विंसु वा विउव्वंति वा विउव्विस्संति वा; एवं दुहओपल्हत्थियं पि ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! જે રીતે કોઈ પુરુષ, એક તરફ પલાંઠી વાળીને બેસે, તે રીતે શું ભાવિતાત્મા અણગાર પણ તે પુરુષની સમાન રૂપ બનાવીને બેસી શકે છે ?

ઉત્તર– હે ગૌતમ ! પૂર્વવત્ જાણવું જોઈએ,ત્યાં સુધી કે આટલા રૂપો ક્યારે ય બનાવ્યા નથી, બનાવતા નથી અને બનાવશે પણ નહીં. આ રીતે બંને તરફ પલાંઠી વાળીને બેસનાર પુરુષની સમાન રૂપના સંબંધમાં પણ જાણવું જોઈએ.

**११ से जहा णामए केइ पुरिसे एगओपलियंकं काउं चिट्ठेज्जा एवामेव अणगारे वि ?**

**तं चेव** *जाव* **विउव्विंसु वा विउव्वंति वा विउव्विस्संति वा; एवं दुहओ पलियंकं पि ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! જે રીતે કોઈ પુરુષ એક તરફ પર્યંકાસન કરીને બેસે, તે જ રીતે ભાવિતાત્મા અણગાર પણ તે પુરુષની સમાન રૂપ બનાવીને બેસી શકે છે ?

ઉત્તર– હે ગૌતમ ! પૂર્વવત્ જાણવું જોઈએ, ત્યાં સુધી કે આટલા રૂપો ક્યારે ય બનાવ્યા નથી, બનાવતા નથી અને બનાવશે પણ નહીં. આ જ રીતે બંને તરફ પર્યંકાસન કરીને બેઠેલા પુરુષની સમાન રૂપોના સંબંધમાં પણ જાણવું જોઈએ.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રોમાં ભાવિતાત્મા અણગારના વૈક્રિય સામર્થ્યને પ્રદર્શિત કર્યું છે. વૈક્રિયલબ્ધિ સંપન્ન અણગાર બાહ્ય પુદ્ગલોને ગ્રહણ કરીને જ વિક્રિયા કરી શકે છે અને વિક્રિયા દ્વારા સૂત્રોક્ત પ્રત્યેક રૂપોથી સંપૂર્ણ જંબૂદ્વીપને ઠસોઠસ ભરી શકે છે. આ કેવળ તેનો વિષયમાત્ર–સામર્થ્ય માત્ર છે. તેનો પ્રયોગ ત્રિકાલમાં થતો નથી.

**અણગારની આભિયોજન શક્તિ :–**

**१२ अणगारे णं भंते ! भावियप्पा बाहिरए पोग्गले अपरियाइत्ता पभू एगं महं आसरूवं वा, हत्थिरूवं वा, सीहरूवं वा, वग्घरूवं वा, विगरूवं वा, दीवियरूवं वा, अच्छरूवं वा, तरच्छरूवं पारासररूवं वा अभिजुंजित्तए ?**

**णो इणट्ठे समट्ठे ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! શું ભાવિતાત્મા અણગાર, બાહ્ય પુદ્‌ગલોને ગ્રહણ કર્યા વિના ઘોડા, હાથી, સિંહ, વાઘ, વૃક–વરુ, ગેંડો, રીંછ, ચિત્તો અને પારાશર–અષ્ટાપદ આદિ રૂપોનો અભિયોગ [અશ્વાદિના રૂપમાં પ્રવિષ્ટ થઈને તેના દ્વારા ક્રિયા] કરવામાં સમર્થ છે ?

ઉત્તર– હે ગૌતમ ! તે અર્થ સમર્થ નથી. બાહ્ય પુદ્‌ગલોને ગ્રહણ કર્યા વિના ઉપર્યુક્ત રૂપોનો અભિયોગ કરી શકતા નથી.

**१३ अणगारे णं भंते भावियप्पा बाहिरए पोग्गले परियाइत्ता पभू** *जाव* **अभिजुंजित्तए ? हंता, पभू ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! શું ભાવિતાત્મા અણગાર, બાહ્ય પુદ્‌ગલોને ગ્રહણ કરીને ઉપર્યુક્ત રૂપોનો અભિયોગ કરી શકે છે ?

હા, ગૌતમ ! બાહ્ય પુદ્‌ગલોને ગ્રહણ કરીને ભાવિતાત્મા અણગાર ઉપર્યુક્ત રૂપોનો અભિયોગ કરી શકે છે.

**१४ अणगारे णं भंते ! भावियप्पा एगं महं आसरूवं वा अभिजुंजित्ता अणेगाइं जोयणाइं पभू गमित्तए ? हंता, पभू ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! શું ભાવિતાત્મા અણગાર, એક મહાન અશ્વના રૂપનો અભિયોગ કરીને [ તેમાં પ્રવેશ કરીને]અનેક યોજન સુધી ગમન કરી શકે છે ?

ઉત્તર– હા, ગૌતમ ! તે પ્રમાણે કરી શકે છે.

**१५ से भंते ! किं आयड्ढीए गच्छइ, परिड्ढीए गच्छइ ?**

**गोयमा ! आयड्ढीए गच्छइ, णो परिड्ढिए; एवं आयकम्मुणा, णो परकम्मुणा, आयप्पओगेणं, णो परप्पओगेणं । उस्सिओदयं वा गच्छइ, पयओदयं वा गच्छइ ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! શું તે ભાવિતાત્મા અણગાર, આત્મઋદ્ધિથી જાય છે કે પરઋદ્ધિથી

જાય છે ?

ઉત્તર– હે ગૌતમ ! તે આત્મઋદ્ધિથી જાય છે, પરંતુ પરઋદ્ધિથી જતા નથી. આ રીતે આત્મકર્મ [આત્મક્રિયા] અને આત્મપ્રયોગથી જાય છે, પરંતુ પરકર્મ અને પરપ્રયોગથી જતા નથી. તે સીધા [ઊભા] પણ જઈ શકે છે અને તેથી વિપરીત પણ જઈ શકે છે.

**१६ से णं भंते ! किं अणगारे आसे ?**

**गोयमा ! अणगारे णं से, णो खलु से आसे; एवं** *जाव* **पारासररूवं वा ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! આ રીતે રૂપ બનાવેલા તે ભાવિતાત્મા અણગાર, શું અશ્વ કહેવાય છે ?

ઉત્તર– હે ગૌતમ ! તે અણગાર છે, પણ અશ્વ નથી. આ રીતે પારાશર, અષ્ટાપદ સુધીના રૂપોના સંબંધમાં પણ કથન કરવું જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં ભાવિતાત્મા અણગાર દ્વારા વિવિધ રૂપોના અભિયોજન સંબંધી નિરૂપણ છે.

**અભિયોગ :–** વિદ્યા, મંત્ર, તંત્ર આદિના બળથી અશ્વાદિમાં પ્રવેશ કરીને તેના દ્વારા ક્રિયા કરાવવી તેને અભિયોગ કહે છે.

**વૈક્રિયા :–** વૈક્રિય લબ્ધિ અથવા વૈક્રિય સમુદ્ઘાતથી સમવહત થઈને એક અથવા અનેક વૈક્રિયરૂપો બનાવવા તેને વિક્રિયા કહે છે. આ રીતે બંનેની પ્રક્રિયામાં તફાવત છે.

**અભિયોગ–વૈક્રિયા વચ્ચે સમાનતા અને તફાવત :–** (૧) અભિયોગ અને વિક્રિયા બંનેમાં બહારના પુદ્ગલ ગ્રહણ કરવામાં આવે છે. (૨) બંનેમાં વિવિધ પ્રકારના અનેક રૂપો બનાવવામાં આવે છે. (૩) અભિયોગમાં હાથી, ઘોડા વગેરે જે શરીરમાં પ્રવેશ કરવો હોય તેવું રૂપ બનાવવું આવશ્યક છે. વૈક્રિયમાં કોઈ શરીરમાં પ્રવેશ કરવાનો નથી. હાથી વગેરે બનાવવું હોય તે તે રૂપ બનાવી ગમનાદિ કાર્ય કરે છે. તાત્પર્ય એ છે કે વૈક્રિયમાં સ્વયંના જ અશ્વાદિ રૂપ બનાવી ગમનાદિ કાર્ય કરે છે જ્યારે અભિયોગમાં અશ્વાદિ રૂપ બનાવી, અશ્વ વગેરેના શરીરમાં પ્રવેશ કરી ગમનાદિ કાર્ય કરે છે.

**અણગારની અભિયોજન શક્તિ :–** વિદ્યા, મંત્ર, તંત્ર આદિના બળથી, બાહ્ય પુદ્ગલોને ગ્રહણ કરીને, ભાવિતાત્મા અણગાર અશ્વાદિના રૂપોનું અભિયોજન કરીને, અનેક યોજન સુધી ગમન કરી શકે છે. તે આત્મઋદ્ધિથી, આત્મકર્મથી અને આત્મપ્રયોગથી અભિયોગ કરે છે. તે અણગાર ગમે તે રૂપનો અભિયોગ કરે પરંતુ તે રૂપે તે પરિણમતા નથી અર્થાત્ અશ્વાદિ થતા નથી. તે અણગાર જ અશ્વાદિરૂપોમાં પ્રવિષ્ટ છે, તેથી તે અણગાર જ છે.

**અભિયોજન ક્રિયા અને માયી અમાયી :-**

**१७ से भंते ! किं माई अभिजुंजइ (विउव्वइ), अमाई अभिजुंजइ ?**

**गोयमा ! माई अभिजुंजइ णो अमाई अभिजुंजइ ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! શું માયી અભિયોજન ક્રિયા કરે છે કે અમાયી કરે છે ?

ઉત્તર– હે ગૌતમ ! માયી અભિયોજન ક્રિયા કરે છે, પરંતુ અમાયી કરતા નથી.

**१८ माई णं भंते ! तस्स ठाणस्स अणालोइयपडिक्कंते कालं करेइ, कहिं उववज्जइ ?**

**गोयमा ! अण्णयरेसु आभिओगेसु देवलोएसु देवत्ताए उववज्जइ ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! પૂર્વોક્ત પ્રકારે અભિયોગ કર્યા પછી, તે સંબંધી આલોચના અને પ્રતિક્રમણ કર્યા વિના જો તે માયી કાલધર્મ પામે તો ક્યાં ઉત્પન્ન થાય છે ?

ઉત્તર– હે ગૌતમ ! તે કોઈ એક પ્રકારના આભિયોગિક દેવલોકમાં દેવરૂપે ઉત્પન્ન થાય છે.

**१९ अमाई णं भंते ! तस्स ठाणस्स आलोइय-पडिक्कंते कालं करेइ, कहिं उववज्जइ ?**

**गोयमा ! अण्णयरेसु अणाभिओगिएसु देवलोएसु देवत्ताए उववज्जइ । ॥ सेवं भंते ! सेवं भंते ! ॥**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! પૂર્વોક્ત અભિયોગ ક્રિયા સંબંધી આલોચના અને પ્રતિક્રમણ કરીને જો અમાયી અણગાર કાલધર્મ પામે, તો ક્યાં ઉત્પન્ન થાય છે ?

ઉત્તર– હે ગૌતમ ! તે કોઈ એક પ્રકારના અનાભિયોગિક દેવલોકમાં દેવરૂપે ઉત્પન્ન થાય છે.

હે ભગવન્ ! આ ભાવ આ જ પ્રકારે છે, હે ભગવન્ ! આ ભાવ આ જ પ્રકારે છે.

**२० इत्थी असी पडागा, जण्णोवइए य होइ बोधव्वे,**
**पल्हत्थिय पलियंके, अभिओग कुव्वणा माई ।**

**ભાવાર્થ :–** સ્ત્રી, તલવાર, પતાકા, જનોઈ, પલાંઠી, પર્યંકાસન અને અભિયોજન, વિક્રિયા, માયી, અમાયી વગેરે વિષયો આ ઉદ્દેશકમાં વર્ણિત છે. [આ સંગ્રહણી ગાથા છે.]

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રોમાં વિશિષ્ટ પ્રકારની આભિયોગિક ક્રિયાનું વર્ણન છે. શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર અધ્ય. ૩૬/૨૬૫માં તેનું સામાન્ય સ્વરૂપ પ્રદર્શિત કર્યું છે.

**मंता जोग काउं, भूइकम्मं च जे पउज्जंति ।**
**साय रस इड्ढिहेउं, अभियोगं भावणं कुणइ ॥ २६५ ॥**

જે સાધક કેવળ વૈષયિક સુખને માટે, શાતાને માટે, સ્વાદિષ્ટ ભોજનને માટે, રસને માટે અને ઋદ્ધિ પ્રાપ્ત કરવા માટે તંત્ર–મંત્ર–યંત્ર સાધનાથી અથવા વિદ્યા આદિની સિદ્ધિથી આજીવિકા ચલાવે છે; જે ઔષધિ સંયોગ કરે છે તથા ભૂતિ–ભસ્મ, દોરા, ધાગા આદિ મંત્રિત કરીને તેનો પ્રયોગ કરે છે તે આભિયોગિક ભાવના કરે છે.

પ્રસ્તુતમાં અચિત્ત આકૃતિ બનાવી, તેમાં સ્વયં પ્રવેશ કરી, ગમન આદિ કરવા રૂપ વિશિષ્ટ અભિયોગિક ક્રિયા [કુતૂહલ]નું કથન છે. આ પ્રકારની આભિયોગિક પ્રવૃત્તિ કરનારા સાધુ આભિયોગિક દેવ[મહર્દ્ધિક દેવોની આજ્ઞા અને અધીનતામાં રહેનારા દાસ અથવા સેવક સમાન દેવ]રૂપ ઉત્પન્ન થાય છે. તે તપસંયમના પ્રભાવે ૧૨ દેવલોક સુધી જાય છે પરંતુ આભિયોગિક પ્રવૃત્તિના કારણે મહર્દ્ધિક દેવોની આજ્ઞા અને અધીનતામાં રહેનારા દાસ અથવા સેવક સમાન બને છે અને જે અણગાર પૂર્વોક્ત પ્રવૃત્તિ કરીને આલોચના–પ્રતિક્રમણાદિ કરી લે છે, તે અમાયી અણગાર બની જાય છે અને તે અનાભિયોગિક દેવરૂપે ઉત્પન્ન થાય છે.

**मायी अभिजुंजइ** – માયી અને અમાયી અણગાર વિષયક આ સૂત્રોમાં કેટલીક પ્રતોમાં **विउव्वइ** પાઠ છે અને કેટલીક પ્રતોમાં **अभिजुंजइ** પાઠ છે. અહીં **अभिजुंजइ** પાઠ પ્રાસંગિક છે. કારણ કે માયી– અમાયી વિષયક વિકુર્વણાનો પાઠ ઉદ્દેશક–૪ના અંતે આવી ગયો છે, પ્રસ્તુતમાં આભિયોગનું પ્રકરણ છે, તેથી **अभिजुंजइ** પાઠ યથોચિત લાગે છે. તેથી પ્રસ્તુતમાં **अभिजुंजइ** પાઠ પ્રમુખતાએ સ્વીકાર્યો છે અને **विउव्वइ** શબ્દને કૌંસમાં રાખ્યો છે.

**॥ શતક ૩/૫ સંપૂર્ણ ॥**

# શતક–૩ : ઉદ્દેશક–૬

## સંક્ષિપ્ત સાર

આ ઉદ્દેશકમાં મુખ્યતયા મિથ્યાદષ્ટિ અને સમ્યગ્દષ્ટિની વિક્રિયાનું, તેના મિથ્યા અને સમ્યગ્જ્ઞાનનું તથા અંતે ચમરેન્દ્રના આત્મરક્ષક દેવોનું નિરૂપણ છે.

★ જે મિથ્યાદષ્ટિ જીવ વૈક્રિય લબ્ધિ અને વિભંગ જ્ઞાન સંપન્ન હોય તે ઈચ્છાનુસાર વિવિધ રૂપો બનાવી શકે છે અને વિભંગજ્ઞાનથી જાણી પણ શકે છે, પરંતુ તેનું જ્ઞાન મિથ્યા હોવાથી તે યથાર્થપણે જાણી શકતા નથી. તેઓ વૈક્રિયકૃત રૂપોને સ્વાભાવિક અને સ્વાભાવિક રૂપોને વૈક્રિયકૃત માને છે. તેઓ રાજગૃહીને વારાણસી માને, નવા નગરની વિકુર્વણા કરી હોય તેને વાસ્તવિક માને. આ રીતે તેનું જ્ઞાન મિથ્યા હોય છે.

★ વૈક્રિયલબ્ધિ સંપન્ન સમ્યગ્દષ્ટિ જે વિક્રિયા કરે છે તેને અવધિજ્ઞાન દ્વારા યથાર્થપણે જાણે છે.

આ રીતે વૈક્રિયશક્તિ સમાન હોવા છતાં બંનેના જ્ઞાનમાં સમ્યગ્ અને મિથ્યા જ્ઞાનની અપેક્ષાએ ભેદ છે. મિથ્યાત્વના કારણે તેઓને ભ્રાંતિ ઉત્પન્ન થઈ જાય છે.

★ ચમરેન્દ્રના ૨,૫૬,૦૦૦ (બે લાખ છપ્પન હજાર)આત્મરક્ષક દેવ છે. તે આત્મરક્ષક દેવનું વર્ણન રાયપસેણીય સૂત્ર અનુસાર જાણવું. શેષ સર્વ ઈન્દ્રોના આત્મરક્ષક દેવ જેટલા હોય છે. તેનું વર્ણન પણ અસુરકુમારની જેમ જાણવું.

❖❖❖❖❖

# ઉદ્દેશક–૩ : ઉદ્દેશક–૬

## નગર

**મિથ્યાદષ્ટિની વિકુર્વણા :–**

**१ अणगारे णं भंते ! भावियप्पा माई मिच्छदिट्ठी वीरियलद्धीए वेउव्विय–लद्धीए विभंगणाणलद्धीए वाणारसिं णयरिं समोहए, समोहणित्ता रायगिहे णयरे रूवाइं जाणइ, पासइ ? हंता, जाणइ पासइ ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! રાજગૃહ નગરમાં રહેલા માયી મિથ્યાદષ્ટિ ભાવિતાત્મા અણગાર, વીર્યલબ્ધિથી, વૈક્રિયલબ્ધિથી અને વિભંગજ્ઞાન લબ્ધિથી વાણારસી નગરીની વિકુર્વણા કરીને શું રાજગૃહ નગરના રૂપોને જાણે, દેખે છે ?

ઉત્તર– હા, ગૌતમ ! અણગાર તે રૂપોને જાણે છે અને દેખે છે.

**२ से भंते ! किं तहाभावं जाणइ पासइ, अण्णहाभावं जाणइ पासइ ? गोयमा ! णो तहाभावं जाणइ पासइ, अण्णहाभावं जाणइ पासइ ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! શું તે તથાભાવે [યથાર્થ રૂપે] જાણે, દેખે છે કે અન્યથાભાવે [વિપરીતરૂપે] જાણે, દેખે છે ?

ઉત્તર– હે ગૌતમ ! તે તથાભાવે જાણતા નથી અને દેખતા નથી, પરંતુ અન્યથા ભાવે–વિપરીતરૂપે જાણે, દેખે છે.

**३ से केणट्ठेणं भंते ! एवं वुच्चइ– णो तहाभावं जाणइ पासइ, अण्णहाभावं जाणइ पासइ ?**

**गोयमा ! तस्स णं एवं भवइ– एवं खलु अहं रायगिहे णयरे समोहए, समोहणित्ता वाणारसीए णयरीए रूवाइं जाणामि पासामि; से से दंसणे विवच्चासे भवइ, से तेणट्ठेणं** *जाव* **पासइ ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! તેનું શું કારણ છે કે તે તથાભાવે જાણતા નથી અને દેખતા નથી, પરંતુ અન્યથાભાવે જાણે, દેખે છે ?

ઉત્તર– હે ગૌતમ ! તે સાધુના મનમાં આ પ્રકારનો વિચાર હોય છે કે વાણારસીમાં રહેલા મેં રાજગૃહ નગરની વિકુર્વણા કરી છે અને વિકુર્વણા કરીને વાણારસીના રૂપોને જાણું છું, દેખું છું. આ રીતે તેનું દર્શન વિપરીત હોય છે. તેથી એ પ્રમાણે કહેવાય છે કે તે તથાભાવે જાણતા નથી, દેખતા નથી પરંતુ અન્યથા ભાવે જાણે, દેખે છે.

**૪ अणगारे णं भंते ! भावियप्पा माई मिच्छदिट्ठी वीरियलद्धीए *जाव* रायगिहे णयरे समोहए, समोहणित्ता वाणारसीए णयरीए रूवाइं जाणइ पासइ ?**

**हंता, जाणइ पासइ । तं चेव *जाव* तस्स णं एवं भवइ– एवं खलु अहं वाणारसीए णयरीए समोहए, समोहणित्ता रायगिहे णयरे रूवाइं जाणामि पासामि, से से दंसणे विवच्चासे भवइ, से तेणट्ठेणं *जाव* अण्णहाभावं जाणइ पासइ ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! વાણારસીમાં રહેલા માયી મિથ્યાદષ્ટિ ભાવિતાત્મા અણગાર, વીર્યલબ્ધિ આદિથી શું રાજગૃહ નગરની વિકુર્વણા કરીને વાણારસીના રૂપોને જાણે, દેખે છે ?

હા, ગૌતમ ! તે અણગાર તે રૂપોને જાણે, દેખે છે. તે સાધુના મનમાં આ પ્રકારનો વિચાર હોય છે કે રાજગૃહમાં રહેલો હું વાણારસી નગરીની વિકુર્વણા કરીને રાજગૃહીના રૂપોને જાણું, દેખુ છું. આ રીતે તેનું દર્શન વિપરીત હોય છે. તેથી તે અન્યથાભાવે જાણે, દેખે છે.

**५ अणगारे णं भंते ! भावियप्पा माई मिच्छदिट्ठी वीरियलद्धीए वेउव्विय लद्धीए विभंगणाणलद्धीए वाणारसीं णयरिं रायगिहं च णयरं अंतरा एगं महं जणवयवग्गं समोहए, समोहणित्ता वाणारसिं णयरिं, रायगिहं च णयरं अंतरा एगं महं जणवयवग्गं जाणइ पासइ ? हंता, जाणइ पासइ ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! શું માયી મિથ્યાદષ્ટિ ભાવિતાત્મા અણગાર પોતાની વીર્ય લબ્ધિથી, વૈક્રિય લબ્ધિથી અને વિભંગજ્ઞાન લબ્ધિથી વાણારસી નગરી અને રાજગૃહ નગરની મધ્યમાં એક મોટા જનપદ વર્ગ [દેશ સમૂહ]ની વિકુર્વણા કરીને તે મોટા જનપદ વર્ગને જાણે, દેખે છે ?

હા, ગૌતમ ! તે અણગાર તે જનપદ વર્ગને જાણે, દેખે છે.

**६ से भंते ! किं तहाभावं जाणइ पासइ, अण्णहाभावं जाणइ पासइ ?**

**गोयमा ! णो तहाभावं जाणइ पासइ, अण्णहाभावं जाणइ पासइ ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! શું તે અણગાર તે જનપદ વર્ગને તથાભાવે જાણે, દેખે છે કે અન્યથાભાવે જાણે, દેખે છે ?

ઉત્તર– હે ગૌતમ ! તે અણગાર તે જનપદ વર્ગને તથાભાવે જાણતા અને દેખતા નથી, પરંતુ અન્યથા ભાવે જાણે, દેખે છે.

**૭ से केणट्ठेणं भंते ! *जाव* पासइ ?**

**गोयमा ! तस्स खलु एवं भवइ– एस खलु वाणारसी णयरी, एस खलु रायगिहे णयरे, एस खलु अंतरा एगे महं जणवयवग्गे । णो खलु एस महं वीरिय– लद्धि वेउव्वियलद्धि विभंगणाणलद्धी; इड्ढी जुई जसे बले वीरिए, पुरिसक्कार– परक्कमे लद्धे पत्ते अभिसमण्णागए । से से दंसणे विवच्चासे भवइ । से तेणट्ठेणं *जाव* पासइ ?**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! તેનું શું કારણ છે કે તે અણગાર તે જનપદ વર્ગને અન્યથા ભાવે જાણે, દેખે છે ?

ઉત્તર– હે ગૌતમ ! તે સાધુના મનમાં એ પ્રકારનો વિચાર હોય છે કે આ વાણારસી નગરી છે અને આ રાજગૃહ નગર છે તથા બંનેની વચ્ચે આ એક મોટો સ્વભાવિક જનપદ વર્ગ છે. પરંતુ મારી વીર્યલબ્ધિ, વૈક્રિયલબ્ધિ અને વિભંગજ્ઞાનલબ્ધિ નથી. મને મળેલી, પ્રાપ્ત થયેલી અને સમ્મુખ થયેલી ઋદ્ધિ, દ્યુતિ, યશ, બલ, વીર્ય અને પુરુષાકાર પરાક્રમ નથી. આ રીતે તે સાધુનું દર્શન (સમજણ) વિપરીત હોય છે. તેથી તે તથાભાવે નહીં, પણ અન્યથા ભાવે જાણે–દેખે છે.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રમાં માયી મિથ્યાદષ્ટિ ભાવિતાત્મા અણગાર દ્વારા વિકુર્વણા કરવાના અને તદ્ગત રૂપોને જાણવા–દેખવાના સંબંધમાં પ્રશ્નોત્તર છે.

**માયી મિથ્યાદષ્ટિ ભાવિતાત્મા અણગાર :–** અહીં માયી શબ્દ મિથ્યાદષ્ટિનું સ્વરૂપ વિશેષણ છે, માયી મિથ્યાદષ્ટિ અને અમાયી સમ્યગ્દષ્ટિ આ બંને શબ્દો આગમમાં પ્રચલિત છે માયી અને અમાયી શબ્દથી ક્રમશઃ અનંતાનુબંધી કષાયનો સદ્ભાવ અને અભાવ અપેક્ષિત છે. અણગાર જ્યારે મિથ્યાદષ્ટિ થઈ જાય છે ત્યારે તેને અનંતાનુબંધી કષાયનો સદ્ભાવ હોય છે. તેથી તે માયી મિથ્યાદષ્ટિ અણગાર કહેવાય છે. પરિણામોની ચંચલતાથી ભાવિતાત્મા પણ મિથ્યાદષ્ટિ થઈ શકે છે.

વ્યવહારથી, બાહ્ય લિંગથી અથવા ક્રિયાકાંડથી જે ભાવિતાત્મા અણગાર હોવા છતાં જેની દષ્ટિ મિથ્યા પરિણત છે, તેવા અણગારનું સૂત્રકારે કથન કર્યું છે અથવા કોઈ અપેક્ષાએ પોતાના સિદ્ધાંત અનુસાર

રમણ કરનાર અન્યતીર્થિક સાધુનું પણ અહીં ગ્રહણ થઈ શકે છે.

**वीरिय लद्धि :–** શરીર સામર્થ્ય, આત્મ સામર્થ્ય અથવા પુરુષાર્થને વીર્ય લબ્ધિ કહે છે. વૈક્રિય આદિ કોઈપણ લબ્ધિનો પ્રયોગ વીર્ય લબ્ધિથી જ થઈ શકે છે. તેથી પ્રસ્તુત સૂત્રમાં લબ્ધિત્રયમાં સહુ પ્રથમ વીર્યલબ્ધિનું કથન છે. ત્યારપછી વારાણસી આદિ ઈચ્છિત રૂપોની વિકુર્વણા માટે વૈક્રિય લબ્ધિ અને તેના જ્ઞાન માટે વિભંગજ્ઞાન લબ્ધિનું કથન છે.

**વિકુર્વણા :–** માયી મિથ્યાદષ્ટિ ભાવિતાત્મા અણગાર વીર્યલબ્ધિ અને વૈક્રિયલબ્ધિ સંપન્ન હોવાથી ગમે તે રૂપની વિકુર્વણા કરી શકે છે. પ્રસ્તુત સૂત્રોમાં ત્રણ પ્રકારની વિકુર્વણાનું કથન છે. (૧) રાજગૃહીમાં સ્થિત તથાકથિત અણગાર વાણારસીની વિકુર્વણા કરે છે. (૨) વાણારસીમાં સ્થિત તથાકથિત અણગાર રાજગૃહી નગરીની વિકુર્વણા કરે છે. (૩) રાજગૃહી અને વાણારસીની મધ્યમાં એક વિશાળ જનપદની વિકુર્વણા કરે છે.

**વિકુવર્ણા સંબંધી જ્ઞાન :–** વિકુર્વણા કર્યા પછી તે અણગાર વિભંગજ્ઞાનના કારણે અન્યથાભાવે જાણે–દેખે છે. પ્રથમ આલાપકમાં તે રાજગૃહીમાં સ્થિત છે અને વાણારસી નગરીની વિકુર્વણા કરી છે. પરંતુ તેને વિભંગજ્ઞાન હોવાથી તેનું જ્ઞાન અને દર્શન વિપરીત હોય છે. તેથી (૧) તેને રાજગૃહીમાં સ્થિત હોવા છતાં વાણારસીમાં સ્થિત મેં રાજગૃહીની વિકુર્વણા કરી છે અને તદ્ગત રૂપોને હું જાણું–દેખું છું આ પ્રકારે પ્રતીત થાય છે. (૨) રાજગૃહીમાં સ્થિત મેં વાણારસીની વિકુર્વણા કરી છે અને તદ્ગત રૂપોને હું જાણું–દેખું છું. અથવા (૩) આ રાજગૃહી છે, આ વાણારસી છે અને તેની મધ્યમાં વિશાળ જનપદ છે. તેમ જાણે છે પરંતુ આ મારી વીર્યલબ્ધિ કે વૈક્રિયલબ્ધિ છે, તે પ્રમાણે જાણતા નથી.

જે રીતે દિઙ્મૂઢ મનુષ્ય પૂર્વ દિશાને પણ પશ્ચિમ દિશા માને છે, તે જ રીતે તેનું જ્ઞાન વિપરીત હોવાથી પોતાના દ્વારા વિકુર્વિત રૂપોને સ્વાભાવિક માને છે.

**दंसणे विवच्चासे :–** તેનું દર્શન, અનુભવ અને ક્ષેત્ર સંબંધી વિચાર વિપરીત હોય છે.

## અમાયી સમ્યગ્દષ્ટિ અણગારની વિકુર્વણા :–

**૮ अणगारे णं भंते ! भावियप्पा अमाई सम्मदिट्ठी वीरियलद्धीए, वेउव्विय लद्धीए, ओहिणाणलद्धीए रायगिहं णयरं समोहए, समोहणित्ता वाणारसीए णयरीए रूवाइं जाणइ पासइ ? हंता, जाणइ पासइ ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! શું વાણારસી નગરીમાં સ્થિત અમાયી સમ્યગ્દષ્ટિ ભાવિતાત્મા અણગાર, પોતાની વીર્યલબ્ધિથી, વૈક્રિયલબ્ધિથી અને અવધિજ્ઞાન લબ્ધિથી રાજગૃહ નગરીની વિકુર્વણા કરીને વાણારસીના રૂપોને જાણે અને દેખે છે ?

ઉત્તર– હા, ગૌતમ ! તે અણગાર તે રૂપોને જાણે અને દેખે છે.

**૯** **से भंते ! किं तहाभावं जाणइ पासइ, अण्णहाभावं जाणइ पासइ ?**

**गोयमा ! तहाभावं जाणइ पासइ, णो अण्णहाभावं जाणइ पासइ ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! શું તે અણગાર તે રૂપોને તથાભાવે જાણે, દેખે છે કે અન્યથા ભાવે જાણે દેખે છે ?

ઉત્તર– હે ગૌતમ ! તે અણગાર તે ભાવોને તથાભાવે જાણે દેખે છે, પરંતુ અન્યથા ભાવે જાણતા દેખતા નથી.

**૧૦** **से केणट्ठेणं भंते ! एवं वुच्चइ ?**

**गोयमा ! तस्स णं एवं भवइ– एवं खलु अहं रायगिहे णयरे समोहए, समोहणित्ता वाणारसीए णयरीए रूवाइं जाणामि पासामि; से से दंसणे अविवच्चासे भवइ, से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ । बीओ आलावगो एवं चेव । णवरं– वाणारसीए णयरीए समोहणा णेयव्वा रायगिहे णयरे रूवाइं जाणइ, पासइ ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! તેનું શું કારણ છે ?

ઉત્તર– હે ગૌતમ ! તે સાધુના મનમાં આ પ્રકારનો વિચાર થાય છે કે વાણારસી નગરીમાં સ્થિત હું રાજગૃહ નગરીની વિકુર્વણા કરીને, વાણારસીના રૂપોને જાણું, દેખું છું. તેનું દર્શન અવિપરીત–સમ્યક્ હોય છે. તેથી તે તથાભાવે જાણે છે અને દેખે છે, તે પ્રમાણે કહેવાય છે. બીજો આલાપક પણ તે જ પ્રમાણે જાણવો જોઈએ, પરંતુ તેમાં વિશેષતા એ છે કે તેમાં વાણારસી નગરીની વિકુર્વણા અને રાજગૃહ નગરમાં રહેલા રૂપોને જાણવા–દેખવાનું કથન કરવું જોઈએ.

**૧૧** **अणागारे णं भंते ! भावियप्पा अमाई सम्मदिट्ठी वीरियलद्धीए वेउव्विय लद्धीए ओहिणाणलद्धीए रायगिहं णयरं, वाणारसिं णयरीं च अंतरा एगं महं जणवयवग्गं समोहए, समोहणित्ता रायगिहं णयरं, वाणारसिं णयरीं, तं च अंतरा एगं महं जणवयवग्गं जाणइ पासइ ? हंता, जाणइ पासइ ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! શું અમાયી સમ્યગ્દૃષ્ટિ ભાવિતાત્મા અણગાર, પોતાની વીર્યલબ્ધિથી વૈક્રિયલબ્ધિથી અને અવધિજ્ઞાન લબ્ધિથી, રાજગૃહી નગર અને વાણારસી નગરીની મધ્યમાં એક વિશાળ જનપદ વર્ગની વિકુર્વણા કરીને તે રાજગૃહી અને વાણારસી નગરીની મધ્યમાં એક મોટા જનપદ વર્ગને જાણે–દેખે છે ?

ઉત્તર– હા, ગૌતમ ! તે અણગાર તે જનપદ વર્ગને જાણે–દેખે છે.

**૧૨** **से भंते ! किं तहाभावं जाणइ पासइ, अण्णहाभावं जाणइ पासइ ?**

**गोयमा ! तहाभावं जाणइ पासइ, णो अण्णहाभावं जाणइ पासइ ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! તે અણગાર તે જનપદવર્ગને તથાભાવે જાણે, દેખે છે કે અન્યથાભાવે જાણે, દેખે છે ?

ઉત્તર– હે ગૌતમ ! તે અણગાર તે જનપદવર્ગને તથાભાવે જાણે, દેખે છે, પરંતુ અન્યથાભાવે જાણતા, દેખતા નથી.

**૧૩** **से केणट्ठेणं भंते ! एवं ?**

**गोयमा ! तस्स णं एवं भवइ णो खलु एस रायगिहे णयरे, णो खलु एस वाणारसी णयरी, णो खलु एस अंतरा एगे जणवयवग्गे, एस खलु ममं वीरियलद्धी वेउव्वियलद्धी ओहिणाणलद्धी इड्ढी जुई जसे बले वीरिए पुरिसक्कारपरक्कमे लद्धे पत्ते अभिसमण्णागए । से से दंसणे अविवच्चासे भवइ । से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ– तहाभावं जाणइ पासइ, णो अण्णहाभावं जाणइ पासइ ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! તેનું શું કારણ છે ?

ઉત્તર– હે ગૌતમ ! તે સાધુના મનમાં આ પ્રકારનો વિચાર હોય છે કે આ રાજગૃહ નગરી નથી અને આ વાણારસી નગરી નથી તથા આ બંનેની મધ્યમાં સ્થિત વિશાળ જનપદવર્ગ પણ નથી, પરંતુ આ મને મળેલી, પ્રાપ્ત થયેલી અને સમ્મુખ થયેલી, મારી જ વીર્યલબ્ધિ, વૈક્રિયલબ્ધિ, અવધિજ્ઞાન લબ્ધિ, ઋદ્ધિ, દ્યુતિ, યશ, બલ, વીર્ય અને પુરુષાકાર પરાક્રમ છે. તેનું દર્શન અવિપરીત–સમ્યક્ છે. હે ગૌતમ ! તેથી એ પ્રમાણે કહ્યું છે કે તે સાધુ તથાભાવે જાણે છે, દેખે છે અન્યથાભાવે જાણતા, દેખતા નથી.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રોમાં અમાયી સમ્યગદષ્ટિ ભાવિતાત્મા અણગારની વિકુર્વણા અને તેના જ્ઞાન વિષયક પ્રશ્નોત્તર છે.

અમાયી શબ્દ સમ્યગ્દષ્ટિનું સ્વરૂપ વિશેષણ છે. પૂર્વના સૂત્રોમાં માયી મિથ્યાદષ્ટિની વિકુર્વણા અને મિથ્યા સમજણનું કથન છે, તે જ રીતે પ્રસ્તુત સૂત્રોમાં અમાયી સમ્યગ્દષ્ટિની વિકુર્વણા અને સમ્યક્ સમજણનું કથન છે.

**વિક્રિયા :–** પ્રસ્તુત સૂત્રોમાં ત્રણ પ્રકારે વિક્રિયાનું કથન છે, તે આ પ્રમાણે છે– (૧) અમાયી સમ્યગ્દષ્ટિ અણગાર વાણારસીમાં સ્થિત રાજગૃહીની વિકુર્વણા કરે છે. (૨) રાજગૃહીમાં સ્થિત વાણારસીની વિકુર્વણા

કરે છે. (૩) રાજગૃહી અને વાણારસીની મધ્યમાં વિશાળ જનપદની વિકુર્વણા કરે છે.

**જ્ઞાન :–** સમ્યગ્દષ્ટિ અણગારને અવધિજ્ઞાન લબ્ધિ હોવાથી તે તે રૂપોને તથાભાવે–યથાર્થભાવે જાણે, દેખે છે. યથા– (૧) વાણારસીમાં સ્થિત મેં રાજગૃહીની વિકુર્વણા કરી છે અને તદ્ગત રૂપોને હું જાણું, દેખું છું (૨) રાજગૃહીમાં સ્થિત મેં વાણારસીની વિકુર્વણા કરી છે અને તદ્ગત રૂપોને હું જાણું–દેખું છે (૩) મેં રાજગૃહી અને વાણારસીની મધ્યમાં વિશાળ જનપદની વિકુર્વણા કરી છે, આ સર્વ મારી વિક્રિયાથી વિકુર્વિત રૂપો છે અને તેને હું જાણું–જોઉં છું. આ રીતે અમાયી સમ્યગ્દષ્ટિ અણગારને કોઈ પણ પ્રકારની ભ્રાંતિ રહેતી નથી, તે પ્રત્યેક પદાર્થના સ્વરૂપને યથાર્થ રૂપે જાણે–દેખે છે.

## અણગારની ગ્રામ આદિ વિકુર્વણા ક્ષમતા :–

**૧૪ अणगारे णं भंते ! भावियप्पा बाहिरए पोग्गले अपरियाइत्ता पभू एगं महं गामरूवं वा णयररूवं वा *जाव* सण्णिवेसरूवं वा विउव्वित्तए ?**

**णो इणट्ठे समट्ठे । एवं बिईओ वि आलावगो, णवरं बाहिरए पोग्गले परियाइत्ता पभू ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! શું ભાવિતાત્મા અણગાર, બાહ્ય પુદ્ગલોને ગ્રહણ કર્યા વિના એક વિશાળ ગ્રામ, નગર, સન્નિવેશાદિ રૂપોની વિકુર્વણા કરી શકે છે ?

ઉત્તર– હે ગૌતમ ! તે અર્થ સમર્થ નથી. આ રીતે બીજો આલાપક પણ કહેવો જોઈએ પરંતુ વિશેષતા એ છે કે બાહ્ય પુદ્ગલોને ગ્રહણ કરીને તે સાધુ, પૂર્વોક્ત રૂપોની વિકુર્વણા કરી શકે છે.

**૧૫ अणगारे णं भंते ! भावियप्पा केवइयाइं पभू गामरूवाइं विउव्वित्तए ?**

**गोयमा ! से जहा णामए जुवइं जुवाणे हत्थेणं हत्थे गेण्हेज्जा, तं चेव *जाव* विउव्विंसु वा विउव्वंति वा विउव्विस्संति वा एवं *जाव* सण्णिवेसरूवं वा ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! તે ભાવિતાત્મા અણગાર, કેટલા ગ્રામરૂપોની વિકુર્વણા કરી શકે છે ?

ઉત્તર– હે ગૌતમ ! યુવતી યુવાનના દષ્ટાંતે પૂર્વોક્ત વર્ણન જાણવું જોઈએ અર્થાત્ આ પ્રકારના રૂપોથી તે સંપૂર્ણ જંબૂદ્વીપને ઠસોઠસ ભરી શકે છે. આ તેનો વિષયમાત્ર છે, સામર્થ્ય માત્ર છે, આ રીતે સન્નિવેશના રૂપો પર્યંતનું કથન જાણવું.

## વિવેચન :–

આ બે સૂત્રમાં અણગાર દ્વારા થતી વિકુર્વણા અને તેના પરિમાણ સંબંધી વર્ણન છે. ભાવિતાત્મા અણગાર બાહ્ય પુદ્ગલોને ગ્રહણ કરીને જ વિશાળ ગ્રામ, નગર આદિની વિકુર્વણા કરી શકે છે. વિક્રિયા

કરવા માટે આ સર્વ–સામાન્ય નિયમ છે.

ભાવિતાત્મા અણગાર પોતાના વૈક્રિયકૃત રૂપો દ્વારા સંપૂર્ણ જંબૂદ્વીપને ભરી શકે છે, પરંતુ તેમ કોઈ કદાપિ કરતા નથી. વિકુર્વણા સંબંધી અન્ય વિવેચન ઉદ્દેશક–૪માં થઈ ગયું છે.

**एवं बिईओ वि आलावगो :–** આલાપક = વર્ણન સમૂહ. એકવાર વર્ણિત સૂત્રપાઠને એકાદ શબ્દ કે વાક્યના પરિવર્તન સાથે બીજીવાર કહેવો હોય ત્યારે પૂર્વોક્ત વર્ણન સમૂહ માટે 'આલાપક' શબ્દ પ્રયોગ થાય છે. જેમકે– પ્રસ્તુત પ્રકરણમાં બાહ્ય પુદ્ગલ ગ્રહણ કર્યા વિના વિકુર્વણા થઈ શકે કે નહીં ? તદ્વિષયક પ્રશ્નોત્તર છે. ત્યાર પછી બાહ્ય પુદ્ગલ ગ્રહણ કરીને વિકુર્વણા કરવા કે ન કરવા વિષયક પ્રશ્નોત્તર છે. આ સ્થિતિમાં સૂત્રકાર પૂર્વ સૂત્રથી વિશેષતાનું કથન કરીને **एवं बिईओ वि आलावगो** । આ રીતે દ્વિતીય આલાપકનું કથન કરવું જોઈએ, આ પ્રમાણે કથન કરે છે.

### ચમરેન્દ્રના આત્મરક્ષક દેવો :–

**१६ चमरस्स णं भंते ! असुरिंदस्स असुररण्णो कइ आयरक्खदेवसाहस्सीओ पण्णत्ताओ ?**

**गोयमा ! चत्तारि चउसट्ठीओ आयरक्खदेवसाहस्सीओ पण्णत्ताओ । ते णं आयरक्खा** *जाव* **वण्णओ जहा रायप्पसेणइज्जे । एवं सव्वेसिं इंदाणं जस्स जत्तिआ आयरक्खा ते भाणियव्वा ॥ सेवं भंते ! सेवं भंते ! ॥**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! અસુરેન્દ્ર અસુરરાજ ચમરને કેટલા આત્મરક્ષક દેવો હોય છે ?

ઉત્તર– હે ગૌતમ ! અસુરેન્દ્ર અસુરરાજ ચમરને ૨,૫૬,૦૦૦ (બે લાખ છપ્પન હજાર)આત્મરક્ષક દેવો છે. અહીં આત્મરક્ષક દેવોનું વર્ણન રાજપ્રશ્નીય સૂત્રાનુસાર સમજી લેવું જોઈએ. જે ઈન્દ્રને જેટલા આત્મરક્ષક દેવ હોય તે સર્વનું વર્ણન કરવું જોઈએ.

હે ભગવન્ ! આ ભાવ આ જ પ્રકારે છે, હે ભગવન્ ! આ ભાવ આ જ પ્રકારે છે.

### વિવેચન :–

પ્રસ્તુત સૂત્રમાં રાજપ્રશ્નીય સૂત્રના અતિદેશપૂર્વક સર્વ ઈન્દ્રોના આત્મરક્ષક દેવોનું વર્ણન છે.

**આત્મરક્ષક દેવ :–** જે દેવ ઈન્દ્રના અંગરક્ષક સમાન છે. શસ્ત્રાદિથી સજ્જ થઈને હંમેશાં ઈન્દ્રની રક્ષા માટે દત્તચિત્ત હોય છે, તેને આત્મરક્ષક દેવ કહે છે. યદ્યપિ ઈન્દ્રને કોઈ પણ પ્રકારના અનિષ્ટની સંભાવના નથી, તેમ છતાં આત્મરક્ષક દેવ પોતાનું કર્તવ્ય પાલન કરે છે.

**આત્મરક્ષક દેવોની સંખ્યા :–** પ્રત્યેક ઈન્દ્રોના સામાનિક દેવોથી આત્મરક્ષક દેવો ચાર ગુણા છે. પ્રત્યેક

ઈન્દ્રોના સામાનિક દેવોની સંખ્યાસૂચક ગાથા આ પ્રમાણે છે–

**चउसट्ठी सट्ठी खलु, छच्च सहस्साओ असुरवज्जाणं ।**
**सामाणिया उ एए, चउगुणा आयरक्खाओ ॥१॥**

**चउरासीइ असीई, बावत्तरि सत्तरि य सट्ठी य ।**
**पण्णा चत्तालीसा, तीसा वीसा दस सहस्स त्ति ॥२॥** *[વૃત્તિ પત્રાંક ૧૯૪]*

## ઈન્દ્રના સામાનિક અને આત્મરક્ષક દેવો

| ઈન્દ્ર | સામાનિક દેવો | આત્મરક્ષક દેવો |
|---|---|---|
| ચમરેન્દ્રના | ૬૪,૦૦૦ | ૨,૫૬,૦૦૦ |
| બલીન્દ્રના | ૬૦,૦૦૦ | ૨,૪૦,૦૦૦ |
| શેષ ભવનપતિ ઈન્દ્રોના | ૬૦૦૦ [પ્રત્યેકના] | ૨૪,૦૦૦ [પ્રત્યેકના] |
| શક્રેન્દ્રના | ૮૪,૦૦૦ | ૩,૩૬,૦૦૦ |
| ઈશાનેન્દ્રના | ૮૦,૦૦૦ | ૩,૨૦,૦૦૦ |
| સનત્કુમારેન્દ્રના | ૭૨,૦૦૦ | ૨,૮૮,૦૦૦ |
| માહેન્દ્રના | ૭૦,૦૦૦ | ૨,૮૦,૦૦૦ |
| બ્રહ્મેન્દ્રના | ૬૦,૦૦૦ | ૨,૪૦,૦૦૦ |
| લાન્તકેન્દ્રના | ૫૦,૦૦૦ | ૨,૦૦,૦૦૦ |
| શુક્રેન્દ્રના | ૪૦,૦૦૦ | ૧,૬૦,૦૦૦ |
| સહસ્રારેન્દ્રના | ૩૦,૦૦૦ | ૧,૨૦,૦૦૦ |
| પ્રાણતેન્દ્રના | ૨૦,૦૦૦ | ૮૦,૦૦૦ |
| અચ્યુતેન્દ્રના | ૧૦,૦૦૦ | ૪૦,૦૦૦ |

**॥ શતક ૩/૬ સંપૂર્ણ ॥**

# શતક–૩ : ઉદ્દેશક–૭

## સંક્ષિપ્ત સાર

આ ઉદ્દેશકમાં શક્રેન્દ્રના ચાર લોકપાલ, તેના વિમાન, રાજધાની, તેના સેવક દેવો અને તેના કાર્યનું નિરૂપણ છે.

★ શક્રેન્દ્રના ચાર લોકપાલ છે– સોમ, યમ, વરૂણ અને વૈશ્રમણ. તે ચારેના ચાર વિમાન છે– સંધ્યાપ્રભ, વરશિષ્ટ, સ્વયંજ્વલ અને વલ્ગુ. તે ચારે વિમાન શક્રેન્દ્રના સૌધર્માવતંસક વિમાનથી અસંખ્ય યોજન દૂર ક્રમશઃ પૂર્વ, દક્ષિણ, પશ્ચિમ અને ઉત્તર દિશામાં છે. તે વિમાન સાડા બાર લાખ યોજન વિસ્તારવાળા છે. તેની રાજધાની તેના વિમાનની બરોબર નીચે ત્રિછાલોકમાં છે. તે જંબૂદ્વીપ પ્રમાણ છે. ત્યાં ૧૬,૦૦૦ યોજન વિસ્તારનું રાજસભા ભવન છે, તેમાં ભવનો–પ્રાસાદોની ચાર પંક્તિઓ છે. ત્યાં ઉપપાત સભા વગેરે નથી.

★ **સોમ :–** સ્વયંના વિમાનવાસી દેવો, વિદ્યુતકુમાર, અગ્નિકુમાર, વાયુકુમાર જાતિના ભવનપતિ દેવ, દેવી; ચંદ્ર, સૂર્ય આદિ સર્વ જ્યોતિષી દેવ–દેવી સોમ લોકપાલને આધીન છે; અંગારક, વિકોલિક, લોહિતાક્ષ, શનિશ્ચર, ચંદ્ર, સૂર્ય, શુક્ર, બુધ, બૃહસ્પતિ, રાહુ આદિ દેવો તેના પુત્રસ્થાનીય છે. મેરુપર્વતથી દક્ષિણ વિભાગમાં ગ્રહોની અનેક પ્રકારની સ્થિતિ, અભ્ર વિકાર, ઉલ્કાપાત, દિગ્દાહ, યક્ષોદીપ્ત, ઝાકળ, ચન્દ્રગ્રહણ, સૂર્યગ્રહણ, ઈન્દ્રધનુષ્ય આદિ તેમ જ ગ્રામદાહ આદિ, પ્રાણક્ષય, ધનક્ષય, કુલક્ષય આદિ કાર્યો સોમ લોકપાલની જાણકારીમાં હોય છે.

સોમ લોકપાલની સ્થિતિ ૧–૧/૩ પલ્યોપમની અને તેના પુત્ર સ્થાનીય દેવોની સ્થિતિ એક પલ્યોપમની છે.

★ **યમ :–** સ્વયંના વિમાનવાસી દેવ, પ્રેતકાયિક વ્યંતર દેવ, અસુરકુમાર જાતિના ભવનપતિ દેવ, દેવી, પરમાધામી દેવ, કંદર્પિક, આભિયોગિક દેવ, યમ લોકપાલની અધીનતામાં હોય છે. પંદર પરમાધામી દેવ તેના પુત્રસ્થાનીય છે.

મેરુ પર્વતથી દક્ષિણ વિભાગમાં થતાં યુદ્ધ, કલહ, સંગ્રામ, વિવિધ રોગ, યક્ષ, ભૂત આદિના ઉપદ્રવ, મહામારી આદિ અને તેનાથી થતાં ગ્રામક્ષય, કુલક્ષય, ધનક્ષય આદિ કાર્યો યમ લોકપાલથી અજ્ઞાત નથી.

તેની સ્થિતિ સોમલોકપાલની સમાન છે.

★ **વરુણ :–** સ્વયંના વિમાનવાસી દેવ, નાગકુમાર, ઉદધિકુમાર, સ્તનિતકુમાર જાતિના દેવ, દેવી વરુણ

લોકપાલની અધીનતામાં છે.

કર્કોટક, કર્દમક, અંજન, શંખ, પાલક, પુંડ્ર, પલાશ, મોદ, જય, દધિમુખ, અયંપુલ આદિ દેવો તેના પુત્ર સ્થાનીય છે.

મેરુ પર્વતથી દક્ષિણ વિભાગમાં થતી અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, સુકાળ, દુષ્કાળ, ઝરણા, તળાવ આદિ અને તેના દ્વારા થતા જનક્ષય, ધનક્ષય આદિ કાર્યો વરુણ દેવની જાણકારીમાં હોય છે.

તેની સ્થિતિ દેશોન બે પલ્યોપમની અને તેના પુત્ર સ્થાનીય દેવોની સ્થિતિ એક પલ્યોપમની છે.

★ **વૈશ્રમણ :–** સ્વયંના વિમાનવાસી દેવ, સુવર્ણકુમાર, દ્વીપકુમાર, દિશાકુમાર જાતિના દેવ, દેવી, વાણવ્યંતર દેવ–દેવી તેની આધીનતામાં છે.

પૂર્ણ ભદ્ર, મણિભદ્ર, શાલિભદ્ર, સુમનભદ્ર, ચક્ર, રક્ષ, પૂર્ણ રક્ષ વગેરે દેવો તેના પુત્ર સ્થાનીય છે. મેરૂપર્વતથી દક્ષિણ વિભાગમાં સોના ચાંદીની ખાણ, દાટેલું ધન, માલિક રહિત ધન, ધનવૃષ્ટિ, ગંધમાલા, ચૂર્ણ આદિ સુગંધી પદાર્થો, વસ્ત્ર, ભોજન અને ક્ષીર તેમજ સુકાલ, દુષ્કાલ, પર્વતાદિમાં રાખેલું ધન આદિ કાર્યો તેને જ્ઞાત જ હોય છે. તેની સ્થિતિ બે પલ્યોપમની અને તેના પુત્રસ્થાનીય દેવોની સ્થિતિ એક પલ્યોપમની છે. આ રીતે ચારે લોકપાલનું વિસ્તૃત વર્ણન આ ઉદ્દેશકમાં છે.

❖❖❖❖❖

# શતક–૩ : ઉદ્દેશક–૭

## લોકપાલ

**લોકપાલના પ્રકાર :–**

**१ रायगिहे णयरे** *जाव* **पज्जुवासमाणे एवं वयासी– सक्कस्स णं भंते ! देविंदस्स देवरण्णो कइ लोगपाला पण्णत्ता ?**

**गोयमा ! चत्तारि लोगपाला पण्णत्ता, तं जहा– सोमे, जमे, वरुणे, वेसमणे।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– રાજગૃહ નગરમાં મહાવીર સ્વામી પધાર્યા વગેરે કથન અહીં ગ્રહણ કરવું. પર્યુપાસના કરતા ગૌતમસ્વામીએ આ પ્રમાણે પૂછ્યું કે, હે ભગવન્ ! દેવેન્દ્ર દેવરાજ શક્રના કેટલા લોકપાલ છે ?

ઉત્તર– હે ગૌતમ ! તેના ચાર લોકપાલ છે. યથા– (૧) સોમ, (૨) યમ, (૩) વરુણ અને (૪) વૈશ્રમણ.

**२ एएसि णं भंते ! चउण्हं लोगपालाणं कइ विमाणा पण्णत्ता ?**

**गोयमा ! चत्तारि विमाणा पण्णत्ता, तं जहा– संझप्पभे, वरसिट्ठे, सयंजले, वग्गू ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! તે ચાર લોકપાલોના વિમાન કેટલા છે ?

ઉત્તર– હે ગૌતમ ! તે ચાર લોકપાલોના ચાર વિમાન છે, યથા– સંધ્યાપ્રભ, વરશિષ્ટ, સ્વયંજલ અને વલ્ગુ.

**સોમ લોકપાલનું સંધ્યાપ્રભ વિમાન :–**

**३ कहि णं भंते ! सक्कस्स देविंदस्स देवरण्णो सोमस्स महारण्णो संझप्पभे णामं महाविमाणे पण्णत्ते ?**

**गोयमा ! जंबूद्दीवे दीवे मंदरस्स पव्वयस्स दाहिणे णं इमीसे रयणप्पभाए पुढवीए बहुसमरमणिज्जाओ भूमिभागाओ उड्ढं चंदिमसूरियगहगणणक्खत्त**

**तारारूवाणं बहूइं जोयणाइं** *जाव* **पंच वडेंसिया पण्णत्ता, तं जहा– असोग-वडेंसए, सत्तवण्ण– वडेंसए, चंपयवडेंसए, चूयवडेंसए, मज्झे सोहम्मवडेंसए । तस्स णं सोहम्मवडेंसयस्स महाविमाणस्स पुरत्थिमे णं सोहम्मे कप्पे असंखेज्जाइं जोयणाइं वीइवइत्ता एत्थ णं सक्कस्स देविंदस्स देवरण्णो सोमस्स महारण्णो संझप्पभे णामं महाविमाणे पण्णत्ते। अद्धतेरसजोयण सयसहस्साइं आयामविक्खंभेणं, उणयालीसं जोयणसयसहस्साइं, बावण्णं च सहस्साइं, अट्ठ य अडयाले जोयणसए किंचि विसेसाहिए परिक्खेवेणं पण्णत्ते । जा सूरियाभ विमाणस्स वत्तव्वया सा अपरिसेसा भाणियव्वा** *जाव* **अभिसेओ; णवरं सोमो देवो ।**

**संझप्पभस्स णं महाविमाणस्स अहे, सपक्खि, सपडिदिसिं असंखेज्जाइं जोयणसहस्साइं ओगाहित्ता एत्थ णं सक्कस्स देविंदस्स, देवरण्णो सोमस्स महारण्णो सोमा णामं रायहाणी पण्णत्ता– एगं जोयणसयसहस्सं आयामविक्खंभेणं जंबुद्दीवप्प– माणा । वेमाणियाणं पमाणस्स अद्धं णेयव्वं** *जाव* **ओवारियलेणं सोलस जोयणसहस्साइं आयामविक्खंभेणं, पण्णासं जोयणसहस्साइं, पंच य सत्ताणउए जोयणसए किंचि विसेसूणे परिक्खेवेणं पण्णत्ते । पासायाणं चत्तारि परिवाडीओ णेयव्वाओ, सेसा णत्थि ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! દેવેન્દ્ર દેવરાજ શક્રના લોકપાલ, સોમ નામના મહારાજનું સંધ્યાપ્રભ નામનું મહાવિમાન ક્યાં છે ?

ઉત્તર– હે ગૌતમ ! જંબૂદ્વીપ નામના દ્વીપના મેરૂ પર્વતથી દક્ષિણ દિશામાં આ રત્નપ્રભાપૃથ્વીના બહુ સમ રમણીય ભૂમિભાગથી ઉપર ચંદ્ર, સૂર્ય, ગ્રહગણ, નક્ષત્ર અને તારાગણ છે. તેનાથી અનેક યોજન ઉપર (***યાવત્***) પાંચ અવતંસક છે. યથા– અશોકાવતંસક, સપ્તપર્ણાવતંસક, ચંપકાવતંસક, ચૂતાવતંસક અને મધ્યમાં સૌધર્માવતંસક છે. તે સૌધર્માવતંસક મહાવિમાનની પૂર્વમાં સૌધર્મકલ્પમાં અસંખ્ય યોજન ગયા પછી ત્યાં દેવેન્દ્ર દેવરાજ શક્રના લોકપાલ સોમ નામના મહારાજાનું સંધ્યાપ્રભ નામનું મહાવિમાન આવે છે. તેની લંબાઈ પહોળાઈ સાડા બાર લાખ યોજનની છે. તેનો પરિક્ષેપ–પરિધિ ૩૯,૫૨,૮૪૮ (ઓગણચાલીસ લાખ, બાવન હજાર આઠસો અડતાલીસ) યોજનથી કંઈક અધિક છે. આ વિષયમાં સૂર્યાભ દેવના વિમાનની વક્તવ્યતાની સમાન અભિષેક પર્યંત સંપૂર્ણ વક્તવ્યતા કહેવી. વિશેષતા એ છે કે સૂર્યાભ દેવના સ્થાને અહીં 'સોમ દેવ' કહેવું જોઈએ.

સંધ્યાપ્રભ મહાવિમાનના સપક્ષ, સપ્રતિદેશ અર્થાત્ બરોબર નીચે અસંખ્ય યોજન ગયા પછી દેવેન્દ્ર દેવરાજ શક્રના લોકપાલ સોમ મહારાજાની સોમા નામની રાજધાની છે. તે રાજધાનીની લંબાઈ

અને પહોળાઈ એક લાખ યોજનની છે. તે રાજધાની જંબૂદ્વીપ પ્રમાણ છે. તે રાજધાનીના કિલ્લા આદિનું પરિમાણ વૈમાનિક દેવોના (ઈન્દ્રોના) કિલ્લા આદિના પરિમાણથી અર્ધુ કહેવું જોઈએ. આ રીતે રાજભવન સુધી કહેવું જોઈએ. રાજભવનની લંબાઈ અને પહોળાઈ ૧૬,૦૦૦ (સોળ હજાર)યોજન છે. તેની પરિધિ (પરિક્ષેપ) ૫૦,૫૯૭ (પચાસહજાર, પાંચસો સત્તાણુ)યોજનથી કંઈક ન્યૂન છે. તે રાજભવનમાં પ્રાસાદોની ચાર પંક્તિઓ છે. અન્ય ઉપપાત સભા વગેરે નથી.

## લોકપાલ સોમના અધીનસ્થ દેવો :–

**૪ सक्कस्स णं देविंदस्स, देवरण्णो सोमस्स महारण्णो इमे देवा आणा–उववाय–वयण–णिद्देसे चिट्ठंति, तं जहा– सोमकाइया इ वा, सोमदेवयकाइया इ वा, विज्जुकुमारा विज्जुकुमारीओ अग्गिकुमारा अग्गिकुमारीओ वायुकुमारा वायुकुमारीओ; चंदा सूरा गहा णक्खत्ता तारारूवा, जे यावण्णे तहप्पगारा सव्वे ते तब्भत्तिया तप्पक्खिया तब्भारिया सक्कस्स देविंदस्स देवरण्णो सोमस्स महारण्णो आणा–उववाय–वयण–णिद्देसे चिट्ठंति ।**

**ભાવાર્થ** :– દેવેન્દ્ર દેવરાજ શક્રના લોકપાલ સોમ મહારાજની આજ્ઞામાં, ઉપપાત–સમીપતામાં અને વચન નિર્દેશમાં આ દેવ રહે છે, યથા–સોમકાયિક, સોમદેવકાયિક, વિદ્યુતકુમાર, વિદ્યુતકુમારીઓ, અગ્નિકુમાર, અગ્નિકુમારીઓ, વાયુકુમાર, વાયુકુમારીઓ, ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર, તારાઓ અને આ પ્રકારના અન્ય પણ સર્વ ભક્ત દેવ, તેના પક્ષના દેવ અને તેની આધીનતામાં રહેનારા દેવો, દેવેન્દ્ર દેવરાજ શક્રેન્દ્રના સોમ મહારાજની આજ્ઞામાં, સમીપતામાં, અને વચન–નિર્દેશમાં રહે છે.

## લોકપાલ સોમનો વિષય :–

**૫ जंबूदीवे दीवे मंदरस्स पव्वयस्स दाहिणेणं जाइं इमाइं समुप्पज्जंति, तं जहा– गहदंडा इ वा, गहमुसला इ वा, गहगज्जिया इ वा, एवं गहजुद्धा इ वा, गहसिंघाडगा इ वा, गहावसव्वा इ वा, अब्भा इ वा, अब्भरुक्खा इ वा, संझा इ वा, गंधव्वणगरा इ वा, उक्कापाया इ वा, दिसिदाहा इ वा, गज्जिआ इ वा, विज्जू इ वा, पंसुवुट्ठी इ वा, जूवे इ वा, जक्खालित्तए इ वा, धूमिया इ वा, महिया इ वा, रयुग्घाए इ वा, चंदोवरागा इ वा, सूरोवरागा इ वा, चंदपरिवेसा इ वा, सूरपरिवेसा इ वा, पडिचंदा इ वा, पडिसूरा इ वा, इंदधणू इ वा, उदगमच्छा इ वा कपिहसिया इ वा, अमोहा इ वा, पाईणवाया इ वा, पडीणवाया इ वा** *जाव* **संवट्टयवाया इ वा, गामदाहा इ वा** *जाव* **सण्णिवेसदाहा इ वा, पाणक्खया, जणक्खया, धणक्खया, कुलक्खया, वसणब्भूया अणारिया;**

**जेयावण्णे तहप्पगारा ण ते सक्कस्स देविंदस्स देवरण्णो सोमस्स महारण्णो अण्णाया, अदिट्ठा, असुया, अमुया(अस्सुया) अविण्णाया; तेसिं वा सोमकाइयाणं देवाणं ।**

**શબ્દાર્થ :–** **वडेंसिया** = અવતંસક, શ્રેષ્ઠ, **सोमकाइया** = સોમ લોકપાલના સામાનિક દેવ, **सोमदेवयकाइया** = સોમ લોકપાલના પરિવારરૂપ દેવ, **तब्भारिय** = સોમદેવના કાર્યભારને વહન કરનારા તદ્‌ભારિક દેવ, **गहदंडा** = મંગળ આદિ ગ્રહોની દંડ સમાન સીધી પંક્તિ અથવા બદ્ધ ગ્રહમાલા, **गहमूसला** = મૂસળની જેમ આકૃતિમાં બદ્ધ ગ્રહ, **गहगज्जिया** = ગ્રહના ગમન સમયે થનારી ગર્જના, **गहयुद्धा** = ગ્રહોનું સામસામે [ઉત્તર–દક્ષિણમાં] આવી જવું, **गहसिंघाडगा** = સિંઘોડાના આકારે ગ્રહનું રહેવું, **गहावसव्वा** = ગ્રહોની પ્રતિકૂળ ચાલ, **अब्भ** = વાદળ, **अब्भरुक्खा** = આકાશમાં વાદળોની વૃક્ષ રૂપ બનેલી આકૃતિઓ, **गंधव्वनगरा** = આકાશમાં વ્યંતરો દ્વારા ગંધર્વનગરોની આકૃતિ રચાવી,**जक्खालित्तए** = આકાશમાં યક્ષ દ્વારા દીપ્તિ થવી, **धूमिका** = ધુમ્મસ, **महिका** = ઓસ, **चंदपरिवेसा** = ચંદ્રની ફરતું મંડળ રચાવું **पडिचंदा** = બીજો ચંદ્ર દેખાવો, **इंदधणु** = મેઘધનુષ્ય, **उदगमच्छा** = ઉદક મત્સ્ય, ઈન્દ્રધનુષનો ખંડભાગ, **कपिहसिय** = વાદળા વિના એકાએક વીજળીનું ચમકવું, અથવા વાનર જેવી વિકૃત મુખાકૃતિનું હાસ્ય, **अमोह** = સૂર્યના ઉદય–અસ્તના સમયે આકાશમાં થતી લાલ–કાળી રેખાઓ, **वसणब्भूया** = વ્યસનભૂત, આફતો, **अणारिया** = અનાર્ય, પાપમય, **अहावच्चा अभिण्णाया** = પુત્ર સમાન દેવ, અથવા પુત્ર સમાન માનેલા.

**ભાવાર્થ :–** આ જંબૂદ્વીપના મેરુ પર્વતની દક્ષિણ દિશામાં જે આ પ્રકારના કાર્ય થાય છે. યથા–ગ્રહદંડ, ગ્રહમૂસલ, ગ્રહગર્જિત, ગ્રહયુદ્ધ, ગ્રહસિંઘાટક, ગ્રહાપસવ્ય(ગ્રહોની પ્રતિકૂળ ચાલ), અભ્ર, અભ્રવૃક્ષ, સંધ્યા, ગધર્વનગર, ઉલ્કાપાત, દિગ્દાહ, ગર્જિત, વિદ્યુત, ધૂળની વૃષ્ટિ, યૂપ, યક્ષાદીપ્ત, ધૂમિકા, મહિકા, રજઉદ્‌ઘાત, ચંદ્રગ્રહણ, સૂર્યગ્રહણ, ચંદ્ર પરિવેષ, સૂર્યપરિવેષ, પ્રતિચંદ્ર, પ્રતિસૂર્ય, ઈન્દ્રધનુષ, ઉદક મત્સ્ય, કપિહસિત, અમોઘ, પૂર્વદિશાનો પવન, પશ્ચિમ દિશાનો પવન, તેમજ સંવર્તક પવન વગેરે, ગ્રામદાહ, તેમજ સન્નિવેશ દાહ વગેરે, પ્રાણક્ષય, જનક્ષય, ધનક્ષય, કુલક્ષય વગેરે વ્યસનભૂત, અનાર્ય [પાપરૂપ] તથા તે પ્રકારના અન્ય પણ સર્વ કાર્ય દેવેન્દ્ર દેવરાજ શક્રના લોકપાલ સોમ મહારાજાથી અજ્ઞાત [નહીં જાણેલા], અદષ્ટ[નહીં જોયેલા], અશ્રુત[નહીં સાંભળેલા], અસ્મૃત [નહીં સ્મરણ કરેલા] તથા અવિજ્ઞાત [વિશેષ રૂપે જાણેલા] નથી અથવા આ સર્વ કાર્ય સોમકાયિક દેવોથી પણ અજ્ઞાત આદિ નથી.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રોમાં દેવેન્દ્ર દેવરાજ શક્રના લોકપાલ સોમ મહારાજાના સંધ્યાપ્રભ નામક વિમાનનું સ્થાન; તેની લંબાઈ–પહોળાઈ; પરિક્ષેપ; તેની રાજધાની; તેના અધીનસ્થ દેવો; તેનું કાર્ય; તેના અપત્યરૂપ દેવો અને તેની સ્થિતિનું વર્ણન છે. જે સૂત્રપાઠથી સ્પષ્ટ છે.

પ્રતિચંદ્ર–ચંદ્રનો ઉદય થાય પછી એક પ્રહર પર્યંત એક વાદળ તેની સમીપે આવી જાય ત્યારે ચંદ્રના પ્રકાશને લીધે બીજા ચંદ્રનો ભાસ થાય તે.

## સોમ લોકપાલના પુત્રસ્થાનીય દેવ :–

**६ सक्कस्स णं देविंदस्स देवरण्णो सोमस्स महारण्णो इमे देवा अहावच्चा अभिण्णाया होत्था, तं जहा– इंगालए, वियालए, लोहिअक्खे, सणिच्चरे, चंदे, सूरे, सुक्के, बुहे, बहस्सई, राहू ।**

**ભાવાર્થ :–** દેવેન્દ્ર દેવરાજ શક્રના લોકપાલ સોમ મહારાજાને આ દેવ, અપત્ય રૂપે અભિમત છે. યથા– અંગારક[મંગળ], વિકોલિક, લોહિતાક્ષ, શનૈશ્ચર, ચંદ્ર, સૂર્ય, શુક્ર, બુધ, બૃહસ્પતિ અને રાહુ.

**७ सक्कस्स णं देविंदस्स देवरण्णो सोमस्स महारण्णो सतिभागं पलिओवमं ठिई पण्णत्ता । अहावच्चाभिण्णायाणं देवाणं एगं पलिओवमं ठिई पण्णत्ता । एवं महिड्ढीए *जाव* महाणुभागे सोमे महाराया ।**

**ભાવાર્થ :–** દેવેન્દ્ર દેવરાજ શક્રના લોકપાલ સોમ મહારાજની સ્થિતિ ત્રણ ભાગ સહિત એક પલ્યોપમની છે અને તેના અપત્યરૂપે અભિમત દેવોની સ્થિતિ એક પલ્યોપમની છે. આ રીતે સોમ, મહારાજ મહાૠદ્ધિ તેમજ મહાપ્રભાવ આદિથી સંપન્ન છે.

### વિવેચન :–

**સૂર્ય ચંદ્રની સ્થિતિ :–** સૂત્રપાઠમાં કહ્યું છે કે સોમ મહારાજાના અપત્યરૂપ દેવોની સ્થિતિ એક પલ્યોપમની છે. ચંદ્રની સ્થિતિ એક લાખ વર્ષ અધિક એક પલ્યોપમ અને સૂર્યની સ્થિતિ એક હજાર વર્ષ અધિક એક પલ્યોપમની છે. તે ઈન્દ્રની અપેક્ષાએ ઉત્કૃષ્ટ સ્થિતિ છે. પરંતુ એક પલ્યોપમની મધ્યમા સ્થિતિવાળા દેવ લોકપાલને આધીન સમજવા.

## લોકપાલ યમનું વરશિષ્ટ વિમાન :–

**८ कहि णं भंते ! सक्कस्स देविंदस्स देवरण्णो, जमस्स महारण्णो वरसिट्ठे णामं महाविमाणे पण्णत्ते ?**

**गोयमा ! सोहम्मवडिंयस्स महाविमाणस्स दाहिणेणं सोहम्मे कप्पे असंखेज्जाइं जोयणसहस्साइं वीईवइत्ता एत्थ णं सक्कस्स देविंदस्स देवरण्णो जमस्स महारण्णो वरसिट्ठे णामं महाविमाणे पण्णत्ते अद्धतेरसजोयणसयहसस्साइं, जहा सोमस्स विमाणं तहा *जाव* अभिसेओ । रायहाणी तहेव *जाव* पासायपंतीओ ।**

**सक्कस्स णं देविंदस्स देवरण्णो जमस्स महारण्णो इमे देवा आणा**

*जाव* **चिट्ठंति; तं जहा जमकाइया इ वा, जमदेवयकाइया इ वा पेयकाइया इ वा पेय- देवयकाइया इ वा असुरकुमारा असुरकुमारीओ कंदप्पा णिरयवाला आभिओगा जे यावण्णे तहप्पगारा सव्वे ते तब्भत्तिया तप्पक्खिया तब्भारिया सक्कस्स देविंदस्स देवरण्णो जमस्स महारण्णो आणाए** *जाव* **चिट्ठंति;**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! દેવેન્દ્ર દેવરાજ શક્રના લોકપાલ યમ મહારાજાનું વરશિષ્ટ નામનું મહાવિમાન ક્યાં છે ?

ઉત્તર– હે ગૌતમ ! સૌધર્માવતંસક નામના મહાવિમાનથી દક્ષિણમાં સૌધર્મકલ્પમાં અસંખ્ય હજાર યોજન ગયા પછી, દેવેન્દ્ર દેવરાજ શક્રના લોકપાલ યમ મહારાજાનું વરશિષ્ટ નામનું મહા–વિમાન છે. તેની લંબાઈ પહોળાઈ સાડા બાર લાખ યોજન છે; ઈત્યાદિ અભિષેક સુધીનું સંપૂર્ણ વર્ણન સોમ મહારાજાના સંધ્યાપ્રભ મહાવિમાનની સમાન જાણવું જોઈએ, રાજધાની અને પ્રાસાદોની પંક્તિઓના વિષયમાં પણ તે જ રીતે જાણવું.

દેવેન્દ્ર દેવરાજ શક્રના લોકપાલ યમ મહારાજાની આજ્ઞા આદિમાં આ દેવો રહે છે. યથા– યમકાયિક, યમદેવકાયિક, પ્રેતકાયિક, પ્રેતદેવકાયિક, અસુરકુમાર, અસુરકુમારીઓ, કન્દર્પ, નરકપાલ, આભિયોગિક દેવ અને આ પ્રકારના તે સર્વ દેવ જે યમ મહારાજાની ભક્તિ, પક્ષ અને અધીનતા રાખે છે. તે સર્વ દેવેન્દ્ર દેવરાજ શક્રના લોકપાલ યમ મહારાજાની આજ્ઞામાં રહે છે.

## લોકપાલ યમનો વિષય, પુત્ર સ્થાનીય દેવ અને સ્થિતિ :–

**૯ जंबूद्दीवे दीवे मंदरस्स पव्वयस्स दाहिणेणं जाइं इमाइं समुप्पज्जंति, तं जहा- डिंबा इ वा, डमरा इ वा, कलहा इ वा, बोला इ वा, खारा इ वा, महाजुद्धा इ वा, महासंगामा इ वा, महासत्थणिवडणा इ वा, एवं महापुरिसणिवडणा इ वा, महारुहिरणिवडणा इ वा, दुब्भूआ इ वा, कुलरोगा इ वा, गामरोगा इ वा, मंडलरोगा इ वा, णगररोगा इ वा, सीसवेयणा इ वा, अच्छिवेयणा इ वा, कण्णवेयणा इ वा, णहवेयणा इ वा, दंतवेयणा इ वा, इंदग्गहा इ वा, खंदग्गहा इ वा, कुमारग्गहा इ वा, जक्खग्गहा इ वा, भूयग्गहा इ वा, एगाहिया इ वा, बेयाहिया इ वा, तेयाहिया इ वा, चाउत्थाहिया इ वा, उव्वेयगा इ वा, कासा इ वा, सासा इ वा, सोसा इ वा, जरा इ वा, दाहा इ वा, कच्छकोहा इ वा, अजीरया इ वा, पंडुरोगा इ वा, हरिसा इ वा, भगंदरा इ वा, हिययसूला इ वा, मत्थयसूला इ वा, जोणिसूला इ वा, पाससूला इ वा, कुच्छिसूला इ वा, गाममारी इ वा, णगरमारी इ वा,**

**खेडमारी इ वा, कब्बडमारी इ वा, दोणमुहमारी इ वा, मडम्बमारी इ वा, पट्टणमारी इ वा, आसममारी इ वा, संबाहमारी इ वा, सण्णिवेसमारी इ वा, पाणक्खया, जणक्खया, धणक्खया, कुलक्खया, वसणभूया अणारिया, जे यावि अण्णे तहप्पगारा ण ते सक्कस्स देविंदस्स देवरण्णो जमस्समहारण्णो अण्णाया** *जाव* **तेसिं वा जमकाइयाणं देवाणं।**

**सक्कस्स देविंदस्स देवरण्णो जमस्स महारण्णो इमे देवा अहावच्चा अभिण्णाया होत्था, तं जहा–**

**अंबे अंबरिसे चेव, सामे सबले त्ति यावरे,**
**रुद्दोवरुद्दे काले य, महाकाले त्ति यावरे ॥१॥**

**असिपत्ते धणू कुंभे, वालू वेयरणी त्ति य ।**
**खरस्सरे महाघोसे, एमेए पण्णरसाऽऽहिया ॥२॥**

**सक्कस्स णं देविंदस्स देवरण्णो जमस्स महारण्णो सतिभागं पलिओवमं ठिई पण्णत्ता । अहावच्चाभिण्णायाणं देवाणं एगं पलिओवमं ठिई पण्णत्ता । एवं महिड्ढिए** *जाव* **जमे महाराया ।**

**ભાવાર્થ :–** આ જંબૂદ્વીપના મેરુ પર્વતની દક્ષિણમાં જે આ કાર્ય થાય છે, યથા– ડિમ્બ–વિઘ્ન, ડમર–ઉપદ્રવ, કલહ, બોલ, ખાર–પારસ્પરિક મત્સરતા, મહાયુદ્ધ, મહાસંગ્રામ, મહાશસ્ત્રનિપતન; આ રીતે મહાપુરુષોના મૃત્યુ, મહારુધિરનું નિપતન, દુર્ભૂત–દુષ્ટજન, કુલરોગ, ગ્રામરોગ, મંડલરોગ, નગરરોગ, મસ્તકની વેદના, નેત્રવેદના, કર્ણવેદના, નખવેદના, દંતવેદના, ઈન્દ્રગ્રહ, સ્કંદગ્રહ, કુમારગ્રહ, યક્ષગ્રહ, ભૂતગ્રહ, એકાંતર જ્વર, દ્વિઅંતર જ્વર–બે દિવસના આંતરે આવતો તાવ–જ્વર, ત્રિઅન્તરજ્વર, ચતુરન્તર–ચોથિયો તાવ, ઉદ્વેગ, ઉધરસ, શ્વાસ, બલનાશક જ્વર, દાહ જ્વર, કચ્છ કોહ–શરીરના કક્ષાદિ ભાગોનું સડી જવું, અર્જીણ, પાંડુરોગ, હરસરોગ, ભગંદર, હૃદયશૂળ, મસ્તકશૂળ, યોનિશૂળ, પાર્શ્વશૂળ, કુક્ષિશૂળ, ગ્રામમારી, નગરમારી; ખેટ, કર્બટ, દ્રોણમુખ, મડંબ, પટ્ટણ, આશ્રમ, સંબાધ અને સન્નિવેશ આ સર્વમાં ફેલાયેલ મરકી; પ્રાણક્ષય, જનક્ષય, ધનક્ષય, કુલક્ષય, વ્યસન ભૂત, અનાર્ય–પાપરૂપ તથા આ પ્રકારના અન્ય સર્વ કાર્ય દેવેન્દ્ર દેવરાજ શક્રના લોકપાલ યમમહારાજાથી તથા યમકાયિક દેવોથી અજ્ઞાત આદિ નથી.

દેવેન્દ્ર દેવરાજ શક્રના લોકપાલ યમ મહારાજાના અપત્યરૂપે અભિમત દેવો આ છે. યથા– અંબ, અંબરિષ, શ્યામ, શબલ, રુદ્ર, ઉપરુદ્ર, કાલ, મહાકાલ, અસિપત્ર, ધનુષ, કુંભ, વાલુ, વૈતરણી, ખરસ્વર અને મહાઘોષ, આ પંદર[પરમાધામી] દેવ છે.

દેવેન્દ્ર દેવરાજ શક્રના લોકપાલ યમ મહારાજાની સ્થિતિ ત્રણભાગ સહિત એક પલ્યોપમની છે અને તેના અપત્યરૂપે અભિમત દેવોની સ્થિતિ એક પલ્યોપમની છે. યમમહારાજા આ પ્રકારે મહાઋદ્ધિ અને મહાપ્રભાવ આદિથી સંપન્ન છે.

**વરુણ લોકપાલ :–**

**૧૦** **कहि णं भंते ! सक्कस्स देविंदस्स देवरण्णो वरुणस्स महारण्णो संयजले णामं महाविमाणे पण्णत्ते ?**

**गोयमा ! तस्स णं सोहम्मवडेंसयस्स महाविमाणस्स पच्चत्थिमेणं सोहम्मे कप्पे असंखेज्जाइं, जहा सोमस्स तहा विमाणरायहाणीओ भाणियव्वा** *जाव* **पासायवडेंसया । णवरं णामं णाणत्तं ।**

**सक्कस्स णं देविंदस्स देवरण्णो वरुणस्स महारण्णो** *जाव* **चिट्ठंति, तं जहा– वरुणकाइया इ वा, वरुणदेवयकाइया इ वा, णागकुमारा, णागकुमारीओ, उदहिकुमारा, उदहीकुमारीओ, थणियकुमारा, थणियकुमारीओ; जे यावण्णे तहप्पगारा सव्वे ते तब्भत्तिआ** *जाव* **चिट्ठंति ।**

**जंबूद्दीवे दीवे मंदरस्स पव्वयस्स दाहिणेणं जाइं इमाइं समुप्पज्जंति, तं जहा– अइवासा इ वा, मंदवासा इ वा, सुवुट्ठी इ वा, दुवुट्ठी इ वा, उदब्भेदा इ वा, उदप्पीला इ वा, उदव्वाहा इ वा, पव्वाहा इ वा, गामवाहा इ वा** *जाव* **सण्णिवेसवाहा इ वा; पाणक्खया** *जाव* **तेसिं वा वरुणकाइयाणं देवाणं ।**

**सक्कस्स णं देविंदस्स देवरण्णो वरुणस्स महारण्णो** *जाव* **अहावच्चाभिण्णाया होत्था, तं जहा– कक्कोडए, कद्दमए, अंजणे, संखवालए, पुंडे, पलासे, मोए, जए, दहिमुहे, अयंपुले, कायरिए ।**

**सक्कस्स णं देविंदस्स देवरण्णो वरुणस्स महारण्णो देसूणाइं दो पलिओवमाइं ठिई पण्णत्ता, अहावच्चाभिण्णायाणं देवाणं एगं पलिओवमं ठिई पण्णत्ता, एमहिड्ढीए** *जाव* **वरुणे महाराया ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! દેવેન્દ્ર દેવરાજ શક્રના લોકપાલ વરુણ મહારાજાનું સ્વયંજલ નામનું મહાવિમાન ક્યાં છે ?

ઉત્તર– હે ગૌતમ ! સૌધર્માવતંસક મહાવિમાનથી પશ્ચિમમાં, સૌધર્મકલ્પમાં અસંખ્ય યોજન

ગયા પછી વરુણ મહારાજાનું સ્વયંજલ નામનું મહાવિમાન આવે છે. આ રીતે તેના વિમાન, રાજધાની, પ્રાસાદાવતંસકો વગેરેનું સંપૂર્ણ વર્ણન સોમ મહારાજાના મહાવિમાનની સમાન જાણવું જોઈએ. કેવળ નામમાં અંતર છે.

દેવેન્દ્ર દેવરાજ શક્રના લોકપાલ વરુણ મહારાજાની આજ્ઞા આદિમાં આ દેવો રહે છે. યથા– વરુણકાયિક, વરુણદેવકાયિક, નાગકુમાર, નાગકુમારીઓ, ઉદધિકુમાર, ઉદધિકુમારીઓ, સ્તનિતકુમાર, સ્તનિતકુમારીઓ ઈત્યાદિ અને આ પ્રકારના તેની ભક્તિ કરનારા અને તેનો પક્ષ લેનારા તથા તેના અધીનસ્થ દેવ તેની આજ્ઞા આદિમાં રહે છે.

આ જંબૂદ્વીપના મેરુ પર્વતની દક્ષિણ દિશામાં જે કાર્ય ઉત્પન્ન થાય છે. યથા– અતિવૃષ્ટિ, મંદવૃષ્ટિ, સુવૃષ્ટિ, દુર્વૃષ્ટિ, ઉદકોદ્ભેદ–પહાડાદિમાંથી નીકળતા ઝરણા, ઉદકોત્પીલ–તળાવાદિમાં પાણીનો સમૂહ, અપવાહ–પાણીનું થોડુ વહેવું, પ્રવાહ–પાણીનો પ્રવાહ, ગ્રામવાહ–ગામનું તણાઈ જવું, સન્નિવેશવાહ– સન્નિવેશ આદિનું તણાઈ જવું. પ્રાણક્ષય અને આ પ્રકારના અન્ય સર્વ કાર્ય વરુણ મહારાજાથી અથવા વરુણકાયિક દેવોથી અજ્ઞાત નથી.

દેવન્દ્ર દેવરાજ શક્રના લોકપાલ વરુણ મહારાજાના અપત્યરૂપે અભિમત આ દેવ છે. યથા– કર્કોટક, કર્દમક, અંજન, શંખપાલક, પુંડ્ર, પલાશ, મોદ, જય, દધિમુખ, અયંપુલ અને કાતરિક.

દેવેન્દ્ર દેવરાજ શક્રના લોકપાલ વરુણ મહારાજાની સ્થિતિ દેશોન બે પલ્યોપમની છે અને તેના અપત્યરૂપ દેવની સ્થિતિ એક પલ્યોપમની છે. વરુણ મહારાજા આ પ્રકારે ઋદ્ધિ સંપન્ન અને પ્રભાવ સંપન્ન છે.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રમાં લોકપાલ વરુણના વિમાન, તેનું સ્થાન, પરિમાણ, તેના આધીન દેવો, તેનું કાર્ય, અપત્યરૂપ દેવ અને સ્થિતિનું વર્ણન છે. જે મૂળપાઠથી સ્પષ્ટ છે.

**कक्कोडए** :– કર્કોટક દેવ, લવણ સમુદ્રમાં ઈશાન કોણમાં અનુવેલંધર નામના નાગકુમાર રાજાના આવાસરૂપ પહાડ છે. તેનું નામ કર્કોટક પર્વત છે. તેના પર રહેનારા નાગરાજ પણ કર્કોટક કહેવાય છે.

**कद्दमए** :– કર્દમક–લવણ સમુદ્રમાં અગ્નિકોણમાં વિદ્યુતપ્રભ નામનો પર્વત છે. તેના પર કર્દમક દેવ રહે છે.

**अंजणे**:– અંજન–વાયુકુમાર દેવોના રાજા વેલમ્બના લોકપાલનું નામ અંજન છે.

**संखवालए** :– શંખપાલક–ધરણ અને નાગના નાગરાજના લોકપાલનું નામ શંખપાલક છે.

## વૈશ્રમણ લોકપાલનું મહાવિમાન : તેનો વિષય આદિ :–

**૧૧** **कहि णं भंते ! सक्कस्स देविंदस्स देवरण्णो वेसमणस्स महारण्णो**

**वग्गु णामं महाविमाणे पण्णत्ते ?**

**गोयमा ! तस्स णं सोहम्मवडिंसयस्स महाविमाणस्स उत्तरेणं एवं जहा सोमस्स महाविमाण, रायहाणिवत्तव्वया तहा णेयव्वा** *जाव* **पासायवडेंसया ।**

**भावार्थ :–** પ્રશ્ન– હે ભગવન્ ! દેવેન્દ્ર દેવરાજ લોકપાલ વૈશ્રમણ મહારાજાનું વલ્ગુ નામનું મહાવિમાન ક્યાં છે ?

ઉત્તર– હે ગૌતમ ! સૌધર્માવતંસક નામના મહાવિમાનથી ઉત્તરમાં છે. તે વિમાન, તેની રાજધાની અને પ્રાસાદાવતંસક આદિનું સંપૂર્ણ વર્ણન સોમ મહારાજાના મહાવિમાનની સમાન જાણવું જોઈએ.

**१२ सक्कस्स णं देविंदस्स देवरण्णो वेसमणस्स महारण्णो इमे देवा आणा– उववाय वयण णिद्देसे चिट्ठंति, तं जहा– वेसमणकाइया इ वा, वेसमण देवयकाइया इ वा, सुवण्णकुमारा सुवण्णकुमारीओ दीवकुमारा, दीवकुमारीओ दिसाकुमारा दिसाकुमारीओ वाणमंतरा, वाणमंतरीओ जे यावण्णे तहप्पगारा सव्वे ते तब्भत्तिआ** *जाव* **चिट्ठंति ।**

**जंबूद्दीवे दीवे मंदरस्स पव्वयस्स दाहिणेणं जाइं इमाइं समुप्पजंति, तं जहा– अयागरा इ वा, तउयागरा इ वा, तंबागरा इ वा, सीसागरा इ वा, हिरण्णागरा इ वा, सुवण्णागरा इ वा, रयणागरा इ वा, वइरागरा इ वा, वसुहारा इ वा, हिरण्णवासा इ वा, सुवण्णवासा इ वा, रयणवासा इ वा, वइरवासा इ वा आभरणवासा इ वा, पत्तवासा इ वा, पुप्फवासा इ वा, फलवासा इ वा, बीयवासा इ वा, मल्लवासा इ वा वण्णवासा इ वा, चुण्णवासा इ वा, गंधवासा इ वा, वत्थवासा इ वा; हिरण्णवुट्ठी इ वा, सुवण्णवुट्ठी इ वा, रयणवुट्ठी इ वा, वइरवुट्ठी इ वा, आभरणवुट्ठी इ वा, पत्तवुट्ठी इ वा, पुप्फवुट्ठी इ वा, फलवुट्ठी इ वा, बीयवुट्ठी इ वा, मल्लवुट्ठी इ वा, वण्णवुट्ठी इ वा, चुण्णवुट्ठी इ वा, गंधवुट्ठी इ वा, वत्थवुट्ठी इ वा, भायणवुट्ठी इ वा, खीरवुट्ठी इ वा; सुकाला इ वा, दुक्काला इ वा, अप्पग्घा इ वा, महग्घा इ वा, सुभिक्खा इ वा, दुब्भिक्खा इ वा, कयविक्कया इ वा, सण्णिही इ वा, सण्णिचया इ वा, णिही इ वा, णिहाणाइं वा, चिरपोराणाइं वा, पहीणसामियाइं वा, पहीणसेउयाइं वा, पहीणमग्गाणि वा पहीणगोत्तागाराइं वा; उच्छण्णसामियाइं वा; उच्छण्णसेउयाइं वा; उच्छण्ण– गोत्तागाराइं वा, सिंघाडग–तिग–चउक्क–चच्चर–चउम्मुह**

**महापहपहेसु वा, णयरणिद्धमणेसु वा, सुसाण–गिरि–कंदर–संति–सेलोवट्ठाण भवणगिहेसु सण्णि– क्खित्ताइं चिट्ठंति । ण ताइं सक्कस्स देविंदस्स देवरण्णो वेसमणस्स महारण्णो अण्णायाइं, अदिट्ठाइं, असुयाइं, अमुयाइं, अविण्णायाइं; तेसिं वा वेसमणकाइयाणं देवाणं ।**

**ભાવાર્થ** :– દેવેન્દ્ર દેવરાજ શક્રના લોકપાલ વૈશ્રમણ મહારાજાની આજ્ઞામાં, ઉપપાતમાં, [સમીપતામાં] વચન–નિર્દેશમાં આ દેવો રહે છે. યથા– વૈશ્રમણકાયિક, વૈશ્રમણ દેવ કાયિક, સુવર્ણકુમાર, સુવર્ણકુમારીઓ, દ્વીપકુમાર, દ્વીપકુમારીઓ, દિક્કુમાર, દિક્કુમારીઓ, વાણવ્યંતર દેવ, વાણવ્યંતરદેવીઓ તથા આ પ્રકારના સર્વ દેવો જે તેની ભક્તિ, પક્ષ અને અધીનતા રાખે છે, તે સર્વ તેની આજ્ઞામાં રહે છે.

આ જંબૂદ્વીપના મેરુપર્વતથી દક્ષિણમાં જે આ કાર્ય થાય છે. યથા– લોખંડની ખાણ, કલઈની ખાણ, તાંબાની ખાણ, શીશાની ખાણ, હિરણ્ય–ચાંદી, સુવર્ણ, રત્ન અને વજ્રની ખાણ; વસુધારા, હિરણ્ય, સુવર્ણ, રત્ન, વજ્ર, આભૂષણો, પત્ર, પુષ્પ, ફળ, બીજ, માળા, વર્ણ, ચૂર્ણ, ગંધ અને વસ્ત્ર આ સર્વની વર્ષા; તથા અલ્પ અથવા અધિક હિરણ્ય, સુવર્ણ, રત્ન, વજ્ર, આભરણ, પત્ર, પુષ્પ, ફળ, બીજ, માળા, વર્ણ, ચૂર્ણ, ગંધ, વસ્ત્ર, ભાજન અને ક્ષીર આદિ સર્વની વૃષ્ટિ; સુકાલ, દુષ્કાલ, અલ્પમૂલ્ય, મહામૂલ્ય, સુભિક્ષ, દુર્ભિક્ષ, ક્રય–વિક્રય; સન્નિધિ–ઘી, ગોળ આદિનો સંચય, સન્નિચય [અનાજાદિનો સંચય], નિધિ–ખજાના, નિધાન, ચિરપુરાતન–અત્યંત પ્રાચીન જેના સ્વામી નષ્ટ થઈ ગયા હોય તેવા ખજાના, જેની સાર સંભાળ લેનાર કોઈ નથી તેવા ખજાના; પ્રહીણ માર્ગ–જ્યાં પહોંચવાનો માર્ગ નષ્ટ થઈ ગયો છે તેવા ખજાના, નષ્ટ ગોત્રવાળા ખજાના, સ્વામી રહિત ખજાના, સ્વામીઓના નામ અને ગોત્ર તથા ઘર નામ–શેષ થઈ ગયા હોય તેવા ખજાના; શ્રૃંગાટક માર્ગોમાં, ત્રિક, ચતુષ્ક, ચત્વર, ચતુર્મુખ, મહાપથ, સામાન્ય માર્ગ, નગરના ગંદા નાળા, સ્મશાન, પર્વતગૃહ, પર્વત ગુફા, શાંતિગૃહ, પર્વતને ખોદીને બનાવેલા ઘર, સભાસ્થાન, નિવાસગૃહ, આદિ સ્થાનોમાં દાટેલું ધન; આ સર્વ પદાર્થ દેવેન્દ્ર દેવરાજ શક્રના લોકપાલ વૈશ્રમણ મહારાજાથી તથા વૈશ્રમણકાયિક દેવોથી અજ્ઞાત, અદષ્ટ, અશ્રુત, અસ્મૃત અને અવિજ્ઞાત નથી.

**१३ सक्कस्स देविंदस्स देवरण्णो वेसमणस्स महारण्णो इमे देवा अहावच्चा–भिण्णाया होत्था, तं जहा– पुण्णभद्दे, माणिभद्दे, सालिभद्दे सुमणभद्दे, चक्के, रक्खे, पुण्णरक्खे, सव्वाणे, सव्वजसे, सव्वकामे, समिद्धे, अमोहे, असंगे ।**

**सक्कस्स णं देविंदस्स देवरण्णो वेसमणस्स महारण्णो दो पलिओवमाइं ठिई पण्णत्ता, अहावच्चाभिण्णायाणं देवाणं एगं पलिओवमं ठिई पण्णत्ता, एमहिड्ढीए** *जाव* **वेसमणे महाराया ॥ सेवं भंते ! सेवं भंते ! ॥**

**ભાવાર્થ** :– દેવેન્દ્ર દેવરાજ લોકપાલ શક્રના લોકપાલ વૈશ્રમણ મહારાજાના અપત્યરૂપે અભિમત આ દેવો છે. યથા– પૂર્ણભદ્ર, મણિભદ્ર, શાલિભદ્ર, સુમનોભદ્ર, ચક્ર, રક્ષ, પૂર્ણરક્ષ, સદ્વાન, સર્વયશ, સર્વકાય,

સમૃદ્ધ, અમોઘ અને અસંગ.

દેવેન્દ્ર દેવરાજ શક્રના લોકપાલ વૈશ્રમણ મહારાજની સ્થિતિ બે પલ્યોપમની છે અને તેના અપત્યરૂપે અભિમત દેવોની સ્થિતિ એક પલ્યોપમની છે. આ રીતે વૈશ્રમણ મહારાજ મહાઋદ્ધિ સંપન્ન અને મહાપ્રભાવસંપન્ન છે.

હે ભગવન્ ! આ ભાવ આ જ પ્રકારે છે. હે ભગવન્ ! આ ભાવ આ જ પ્રકારે છે.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રોમાં લોકપાલ વૈશ્રમણના વિમાનનું સ્થાન, તેનું પરિમાણાદિ તથા તેના અધીન દેવો, તેનું કાર્ય, તેના અપત્યરૂપ દેવો અને તેની સ્થિતિનું નિરૂપણ છે. વૈશ્રમણને લોકભાષામાં કુબેર પણ કહે છે; ધન, ધાન્ય, નિધિ, ભંડાર આદિ સર્વ વૈશ્રમણને આધીન હોય છે.

**हिरण्णवासा हिरण्णवुट्ठि** = ઝરમર–ઝરમર વરસતી ચાંદીની વર્ષા, હિરણ્યવૃષ્ટિ–જોરદાર થતી ચાંદી આદિની વર્ષા.

**सुभिक्खा–दुभिक्खा** = જે સમયે ભિક્ષુઓને ભિક્ષા સરળતાથી પ્રાપ્ત થાય તે સુભિક્ષ અને ભિક્ષા કઠિનાઈથી પ્રાપ્ત થાય તે દુર્ભિક્ષ કહેવાય છે.

**सुकाल–दुकाल** = વૃષ્ટિના અભાવથી થતો ભીષણ કાળ તે દુષ્કાળ કહેવાય છે અને વૃષ્ટિના સદ્ભાવથી થતો સારો કાળ તે સુકાળ કહેવાય છે.

**णिहीत्ति वा णिहाणात्ति वा** = નિધિ અથવા નિધાન. લાખ રૂપિયા અથવા તેથી અધિક ધનનો એક જગ્યાએ સંગ્રહ કરવો તે નિધિ છે અને જમીનમાં દાટેલા લાખો રૂપિયાના ભંડાર અથવા ખજાનાને નિધાન કહે છે.

**पहीणसेउयाइं** = જેમાં ધનને સિંચન કરનારા અર્થાત્ વૃદ્ધિ કરનારા ન રહ્યા હોય તેવું ધન.

**पहीणमग्गाणि** = જેના તરફ જવાનો માર્ગ નષ્ટ થઈ ગયો હોય તેવા સ્થાને રહેલું ધન.

**पहीणगोत्तागाराइं** = જેનું ગોત્ર તથા ઘર નષ્ટ થઈ ગયું હોય અર્થાત્ જે વ્યક્તિએ ધનભંડાર ભર્યો છે, તેના ગોત્રીય–સંબંધી અને તેના સંબંધીના ઘર પણ નષ્ટ થઈ ગયા હોય તેવું ધન.

## શક્રેન્દ્રના ચાર લોકપાલની માહિતી સૂચક યંત્ર

| | લોકપાલ સોમ | લોકપાલ યમ | લોકપાલ વરુણ | લોકપાલ વૈશ્રમણ |
|---|---|---|---|---|
| વિમાનનું નામ | સન્ધ્ય પ્રભ | વરશિષ્ટ | સ્વયંજલ | વલ્ગુ |
| વિમાન કયાં છે ? | પૂર્વ દિશામાં | દક્ષિણ દિશામાં | પશ્ચિમ દિશામાં | ઉત્તર દિશામાં |
| આધીન દેવો | વિદ્યુતકુમાર, અગ્નિકુમાર, વાયુકુમાર જાતિના ભવનપતિ દેવ–દેવી અને જ્યોતિષી દેવો. આભિયોગિક દેવો. | પ્રેતકાયિક વ્યંતર દેવ અસુરકુમાર દેવ, દેવી, પરમાધામી દેવો, કાંદર્પિક દેવો, | નાગકુમાર, ઉદધિકુમાર, સ્તનિતકુમાર દેવ–દેવી, | સુવર્ણકુમાર, દ્વીપકુમાર, દિશાકુમાર દેવ–દેવી, વાણવ્યંતર દેવ–દેવી, |
| કાર્ય | મેરૂથી દક્ષિણ દિશામાં થતી ગ્રહોની અનેક પ્રકારની સ્થિતિ, અભ્રવિકાર, ગર્જના વિજળી, ઉલ્કાપાત, દિગ્દાહ, ધૂમ્મસ, ઝાકળ, યક્ષોદીપ્ત, સૂર્યગ્રહણ, ચન્દ્રગ્રહણ, ઈન્દ્ર ધનુષ પ્રાણક્ષય, ધનક્ષય, કુલક્ષય આદિની જાણકારી રાખવી | મેરૂપર્વતથી દક્ષિણદિશામાં થતાં નાના મોટા કલહ, યુદ્ધ, વિવિધ રોગ, યક્ષ ભૂતાદિ ના ઉપદ્રવ, મહામારી અને તેનાથી થતા ગ્રામક્ષય, ધનક્ષય આદિની જાણકારી રાખવી. | મેરૂપર્વતથી દક્ષિણદિશા થતી અતિવૃષ્ટિ, અના–વૃષ્ટિ સુવૃષ્ટિ, દુવૃષ્ટિ, ઝરણા તળાવ આદિ જલસંબંધી પ્રત્યેક સ્થાન અને તેનાથી થતાં કુલક્ષય આદિની જાણકારી રાખવી | મેરૂપર્વતથી દક્ષિણ દિશામાં સોના, ચાંદી આદિ દરેક ધાતુની ખાણ, ધનાદિની વર્ષા, વૃષ્ટિ, દાટેલા, માલિક રહિત ધનભંડાર, પર્વત, ગુફા આદિ શૂન્ય સ્થાનમાં રહેલા ધનભંડાર આદિની જાણકારી રાખવી. |
| અપત્ય રૂપ પુત્ર–સ્થાનીય દેવ. | અંગારક, વિકોલિક લોહિતાક્ષ, શનિશ્ચર ચન્દ્ર, સૂર્ય, શુક્ર, બુધ, બૃહસ્પતિ, રાહુ વગેરે | પંદર પ્રકારના પરમાધામી દેવો. | કર્કોટક, કર્દમક, અંજન, શંખ, પાલક, પુંડ, મોદ, જય, દધિમુખ, અયંપુલ આદિ | પૂર્ણભદ્ર, મણિભદ્ર, શાલિભદ્ર, સુમનભદ્ર, ચક્ર, રક્ષ, પૂર્ણરક્ષ, સર્વજશ, સર્વકામ આદિ |
| સ્થિતિ પલ્યોપમની | ત્રિભાગ સહિત એક એક પલ્યોપમ. | ત્રિભાગ સહિત | દેશોન બે પલ્યોપમ | બે પલ્યોપમની |
| અપત્યદેવની સ્થિતિ | એક પલ્યોપમ | એક પલ્યોપમ | એક પલ્યોપમ | એક પલ્યોપમ |

ચારે વિમાન સૌધર્મવતંસક વિમાનની અસંખ્ય યોજન દૂર આવેલા છે. ચારેની લંબાઈ, પહોળાઈ ૧૨ાા લાખ (સાડા બાર લાખ)યોજન છે. તેનો પરિક્ષેપ ૩૯,૫૨,૮૪૮ (ઓગણચાલીસ લાખ, બાવન હજાર આઠસો અડતાલીસ) યોજન છે. તેની રાજધાની પોત–પોતાના વિમાનની બરાબર નીચે ત્રિરછા લોકમાં છે. તે રાજધાની એક લાખ યોજન લાંબી–પહોળી અર્થાત્ જંબૂદ્વીપ પ્રમાણ છે.

## ।। શતક ૩/૭ સંપૂર્ણ ।।

# શતક–૩ : ઉદ્દેશક–૮

## સંક્ષિપ્ત સાર

આ ઉદ્દેશકમાં ચાર જાતિના દેવોના અધિપતિ દેવોનું કથન છે.

દશ ભવનપતિ દેવોમાં દશ અધિપતિ દેવો હોય છે. દક્ષિણ દિશાના અને ઉત્તરદિશાના બે ઈન્દ્રો અને ચાર–ચાર લોકપાલ હોય છે.

★ **ભવનપતિ દેવો :–** દક્ષિણ દિશામાં ચમરેન્દ્ર સોમ, યમ, વરૂણ અને વૈશ્રમણ અને ઉત્તરદિશામાં બલીન્દ્ર, સોમ, યમ, વૈશ્રમણ અને વરૂણ અધિપતિ છે. આ રીતે નવનિકાયના અધિપતિ દેવોના નામ મૂળપાઠમાં છે.

★ **વ્યંતર :–** વ્યંતર અને જ્યોતિષી દેવોમાં ત્રાયસ્ત્રિંશક અને લોકપાલ દેવ નથી. તેથી વ્યંતર જાતિમાં દક્ષિણ અને ઉત્તર દિશાના બે–બે ઈન્દ્રો અર્થાત્ ૧૬ ઈન્દ્રો જ અધિપતિ છે. ચાર ચાર લોકપાલ નથી.

★ **જ્યોતિષી :–** જ્યોતિષીઓમાં ચંદ્ર અને સૂર્ય અધિપતિ છે. અસંખ્ય દ્વીપ સમુદ્રમાં અસંખ્ય ચંદ્ર અને અસંખ્ય સૂર્ય અધિપતિ છે. પ્રત્યેક ચંદ્ર–સૂર્યનો પોતાનો સ્વતંત્ર પરિવાર છે અને તેના પર તેનું આધિપત્ય છે.

★ **વૈમાનિક :–** બાર દેવલોક સુધીના દેવોમાં જ સ્વામી–સેવકનો ભેદ છે. ઉપરના દેવો અહમેન્દ્ર–કલ્પાતીત છે.

બાર દેવલોકના દશ ઈન્દ્ર છે. એકથી આઠ દેવલોકના આઠ ઈન્દ્ર, નવમા અને દશમા દેવલોકમાં એક ઈન્દ્ર અને અગિયારમાં અને બારમા દેવલોકમાં એક ઈન્દ્ર આ રીતે દશ ઈન્દ્ર થાય છે.

એક–એક ઈન્દ્રના ચાર–ચાર લોકપાલ દેવ હોય છે.

❖❖❖❖❖

# શતક–૩ : ઉદ્દેશક–૮

## અધિપતિ

**અસુરકુમાર દેવોના અધિપતિ દેવો :–**

**१** **रायगिहे णयरे** *जाव* **पज्जुवासमाणे एवं वयासी– असुरकुमाराणं भंते ! देवाणं कइ देवा आहेवच्चं** *जाव* **विहरंति ?**

**गोयमा ! दस देवा आहेवच्चं** *जाव* **विहरंति । तं जहा– चमरे असुरिंदे असुरराया; सोमे, जमे, वरुणे, वेसमणे; बली वइरोयणिंदे वइरोयणराया; सोमे, जमे, वेसमणे, वरुणे ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– રાજગૃહ નગરમાં મહાવીર સ્વામી પધાર્યા વગેરે સમસ્ત કથન અહીં ગ્રહણ કરવું. પર્યુપાસના કરતા ગૌતમ સ્વામીએ આ પ્રમાણે પૂછ્યું, હે ભગવન્ ! અસુરકુમાર દેવો પર કેટલા દેવો આધિપત્ય આદિ કરતા વિચરે છે ?

ઉત્તર– હે ગૌતમ ! અસુરકુમાર દેવો પર દશ દેવો આધિપત્ય કરતા વિચરે છે. તે આ પ્રમાણે છે– અસુરેન્દ્ર અસુરરાજ ચમર અને તેના ૪ લોકપાલ– સોમ, યમ, વરુણ, વૈશ્રમણ; વૈરોચનેન્દ્ર, વૈરોચનરાજ બલિ અને તેના ૪ લોકપાલ સોમ, યમ, વૈશ્રમણ અને વરુણ.

**નવનિકાય દેવોના અધિપતિ દેવો :–**

**२** **णागकुमाराणं भंते ! पुच्छा ? गोयमा ! दस देवा आहेवच्चं** *जाव* **विहरंति। तं जहा– धरणे णं णागकुमारिंदे णागकुमारराया; कालवाले, कोलवाले, सेलवाले, संखवाले; भूयाणंदे णाग–कुमारिंदे णागकुमारराया; कालवाले, कोलवाले, संखवाले, सेलवाले ।**

**जहा णागकुमारिंदाणं एयाए वत्तव्वयाए णीयं एवं इमाणं णेयव्वं– सुवण्णकुमाराणं–वेणुदेवे, वेणुदाली, चित्ते, विचित्ते, चित्तपक्खे, विचित पक्खे। विज्जुकुमाराणं–हरिक्कंत, हरिस्सह, पभ, सुप्पभ, पभकंत, सुप्पभ– कंता । अग्गिकुमाराणं–अग्गिसीह, अग्गिमाणव, तेउ, तेउसीह, तेउकंत, तेउप्पभा ।**

**दीवकुमाराणं– पुण्ण, विसिट्ठ, रूय, रूयंस, रूयकंत, रूयप्पभा । उदहिकुमाराणं– जलकंते, जलप्पभ, जल, जलरूय, जलकंत, जलप्पभा । दिसाकुमाराणं– अमियगई, अमियवाहणे, तुरियगई, खिप्पगई, सीहगई, सीहविक्कमगई । वाउकुमाराणं– वेलंब, पभंजण, काल, महाकाल, अंजण, रिट्ठा । थणियकुमाराणं– घोस, महाघोस, आवत्त, वियावत्त, णंदियावत्त, महाणंदियावत्ता । एवं भाणियव्वं जहा असुरकुमारा।**

**सोम कालवाल चित्तप्पभ तेयरूव जल तुरियगई काल आवत्त ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! નાગકુમાર દેવો પર કેટલા દેવો આધિપત્ય કરતાં વિચરે છે ?

ઉત્તર– હે ગૌતમ ! નાગકુમાર દેવ પર દશ દેવો આધિપત્ય કરતાં વિચરે છે. યથા–નાગકુમારેન્દ્ર નાગકુમારરાજ ધરણ, કાલવાલ, કોલવાલ, શૈલપાલ, શંખપાલ; નાગકુમારેન્દ્ર નાગકુમારરાજ ભૂતાનંદ, કાલવાલ, કોલવાલ, શંખપાલ, શૈલપાલ.

જેમ નાગકુમારોના ઈન્દ્રોના સંબંધમાં વક્તવ્યતા કહી છે, તેમ આ દેવોના સંબંધમાં પણ જાણવું જોઈએ.

(૩) સુવર્ણકુમાર દેવો પર – વેણુદેવ, વેણુદાલિ, ચિત્ર, વિચિત્ર, ચિત્રપક્ષ અને વિચિત્રપક્ષ. (૪) વિદ્યુતકુમાર દેવો પર – હરિકાંત, હરિસહ, પ્રભ, સુપ્રભ, પ્રભાકાંત અને સુપ્રભાકાંત. (૫) અગ્નિકુમાર દેવો પર – અગ્નિસિંહ, અગ્નિમાણવ, તૈજસ, તેજ સિંહ, તેજકાંત અને તેજપ્રભ. (૬) દ્વીપકુમાર દેવો પર – પૂર્ણ, વિશિષ્ટ, રૂપ, રૂપાંશ, રૂપકાંત અને રૂપપ્રભ. (૭) ઉદધિકુમાર દેવો પર – જલકાંત, જલપ્રભ, જલ, જલરૂપ, જલકાંત અને જલપ્રભ. (૮) દિશાકુમાર દેવો પર – અમિતગતિ, અમિતવાહન, ત્વરિતગતિ, ક્ષિપ્રગતિ, સિંહગતિ, સિંહવિક્રમગતિ. (૯) વાયુકુમાર દેવો પર – વેલમ્બ, પ્રભંજન, કાલ, મહાકાલ, અંજન અને રિષ્ટ. (૧૦) સ્તનિતકુમાર દેવો પર – ઘોષ, મહાઘોષ, આવર્ત, વ્યાવર્ત, નંદિકાવર્ત અને મહાનંદિકાવર્ત.

આ સર્વનું કથન અસુરકુમારોની સમાન કરવું જાઈએ. દક્ષિણ દિશાના ભવનપતિ દેવોના ઈન્દ્રોના પ્રથમ લોકપાલોના નામ આ પ્રકારે છે. યથા– (૧) સોમ, (૨) કાલવાલ, (૩) ચિત્ર, (૪) પ્રભ, (૫) તેજસ, (૬) રૂપ, (૭) જલ, (૮) ત્વરિત ગતિ, (૯) કાલ અને (૧૦) આવર્ત.

## વ્યંતર અને જ્યોતિષીના અધિપતિ દેવો :–

**३ पिसायकुमाराणं पुच्छा ? गोयमा ! दो देवा आहेवच्चं *जाव* विहरंति, तं जहा–**

काले य महाकाले, सुरूव पडिरूव पुण्णभद्दे य ।
अमरवई माणिभद्दे, भीमे य तहा महाभीमे ॥

किण्णर किंपुरिसे खलु, सप्पुरिसे खलु तहा महापुरिसे ।

अइकाय महाकाए, गीयरई चेव गीयजसे ॥

एए वाणमंतराणं देवाणं । जोइसियाणं देवाणं दो देवा आहेवच्चं *जाव* विहरंति, तं जहा– चंदे य, सूरे य ।

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! પિશાચકુમારો પર કેટલા દેવો આધિપત્ય કરતા વિચરે છે ?

ઉત્તર– હે ગૌતમ ! તેના પર બે દેવ આધિપત્ય કરતા વિચરે છે. યથા કાલ અને મહાકાલ, સુરૂપ અને પ્રતિરૂપ, પૂર્ણભદ્ર અને માણિભદ્ર, ભીમ અને મહાભીમ, કિન્નર અને કિંપુરુષ, સત્પુરુષ અને મહાપુરુષ, અતિકાય અને મહાકાય, ગીતરતિ અને ગીતયશ, આ સર્વ વાણવ્યંતર દેવોના ઈન્દ્ર છે.

જ્યોતિષી દેવો પર બે દેવો આધિપત્ય કરતા વિચરે છે. યથા– ચંદ્ર અને સૂર્ય.

**વૈમાનિક દેવોના અધિપતિ દેવો :–**

**૪** सोहम्मीसाणेसु णं भंते ! कप्पेसु कइ देवा आहेवच्चं *जाव* विहरंति ?

गोयमा ! दस देवा *जाव* विहरंति, तं जहा सक्के देविंदे देवराया; सोमे, जमे, वरुणे, वेसमणे । ईसाणे देविंदे देवराया; सोमे, जमे, वेसमणे, वरुणे । एसा वत्तव्वया सव्वेसु वि कप्पेसु एए चेव भाणियव्वा । जे य इंदा ते य भाणियव्वा ॥ सेवं भंते ! सेवं भंते ! ॥

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! સૌધર્મ અને ઈશાન દેવલોકના દેવો પર કેટલા દેવો આધિપત્ય કરતા વિચરે છે ?

ઉત્તર– હે ગૌતમ ! તેના પર દશ દેવ આધિપત્ય કરતા વિચરે છે. યથા– દેવેન્દ્ર દેવરાજ શક્ર, સોમ, યમ, વરુણ, વૈશ્રમણ અને દેવેન્દ્ર દેવરાજ ઈશાન, સોમ, યમ, વૈશ્રમણ, વરુણ. આ સંપૂર્ણ વક્તવ્યતા સર્વ દેવલોકમાં કહેવી જોઈએ અને જે [દેવલોક]માં જે ઈન્દ્ર છે, તેનું કથન કરવું જોઈએ.

હે ભગવન્ ! આ ભાવ આ જ પ્રકારે છે. હે ભગવન્ ! આ ભાવ આ જ પ્રકારે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત ઉદ્દેશકમાં ચારે જાતિના દેવોના અધિપતિ દેવોનું કથન કર્યું છે.

**ભવનપતિ દેવોના અધિપતિ દેવો :–** ભવનપતિના દશ પ્રકાર છે. તે પ્રત્યેકના પુનઃ દિશાની અપેક્ષાએ બે બે પ્રકાર થાય છે. દક્ષિણનિકાય અને ઉત્તરનિકાય. પ્રત્યેક ભવનપતિમાં દશ દશ અધિપતિ દેવ છે.

યથા– અસુરકુમારમાં દક્ષિણ અને ઉત્તરના બે ઈન્દ્ર અને એક એક ઈન્દ્રના ચાર ચાર લોકપાલ દેવો. ઉત્તર અને દક્ષિણ દિશાના લોકપાલના નામ એક જ છે અને ઈન્દ્રના નામ જુદા જુદા છે. દરેકના નામનો ઉલ્લેખ મૂળપાઠમાં સ્પષ્ટ છે.

યથા– અસુરકુમારના અધિપતિ દેવો–ચમરેન્દ્ર, સોમ, યમ, વરુણ, વૈશ્રમણ, બલીન્દ્ર, સોમ, યમ, વૈશ્રમણ, વરુણ. દક્ષિણ દિશાના ચાર લોકપાલમાં ત્રીજા લોકપાલનું જે નામ છે, તે ઉત્તરદિશાના ચાર લોકપાલમાં ચોથા લોકપાલનું નામ છે અને દક્ષિણદિશાના ચોથા લોકપાલનું જે નામ છે, તે ઉત્તરદિશાના ત્રીજા લોકપાલનું નામ છે, તેમ દસે અસુરકુમારના લોકપાલમાં સમજવું.

આ રીતે નવનિકાયના અધિપતિ દેવોના નામ સૂત્રપાઠથી સમજી લેવા જોઈએ.

**વ્યંતર દેવોના અધિપતિ દેવો :–** સૂત્રમાં પિશાચના અધિપતિ દેવોની પૃચ્છા કરી છે અને ઉત્તરમાં વ્યંતર દેવોના અધિપતિ દેવોનું કથન કર્યું છે. તેથી પ્રસ્તુતમાં 'પિશાચ' શબ્દનો પ્રયોગ વાણવ્યંતર જાતિ માટે કર્યો છે તેમ સ્પષ્ટ થાય છે. તેમાં પણ આઠ જાતિના વ્યંતરોના ઉત્તર અને દક્ષિણ દિશાની અપેક્ષાએ ૧૬ ઈન્દ્ર–અધિપતિ છે. તેના નામ સૂત્ર પાઠથી સ્પષ્ટ છે પરંતુ પ્રસ્તુત સૂત્રોમાં પિશાચ આદિ આઠ જાતિની મુખ્યતાએ ૧૬ ઈન્દ્રનું જ કથન કર્યું છે. (શ્રી ઠાણાંગ સૂત્રના બીજા સ્થાનમાં વ્યંતરોની ૧૬ જાતિના ૩૨ ઈન્દ્રનું કથન છે.) વ્યંતરો અને જ્યોતિષીમાં લોકપાલ દેવો નથી.

**જ્યોતિષી દેવોના અધિપતિ દેવો :–** અસંખ્ય દ્વીપ સમુદ્રમાં અસંખ્ય જ્યોતિષી દેવો છે. તેમાં ચંદ્ર અને સૂર્ય જાતિના દેવો, તેના ઈન્દ્ર અર્થાત્ અધિપતિ છે. પ્રત્યેક ચંદ્ર અને સૂર્યનો પોતાનો સ્વતંત્ર પરિવાર છે અને તેના પર તેનું આધિપત્ય હોય છે.

**વૈમાનિક દેવોના અધિપતિ દેવો :–** ૧૨ દેવલોકના ૧૦ ઈન્દ્ર છે. નવમા અને દશમા દેવલોકમાં એક ઈન્દ્ર અને અગિયારમા અને બારમા દેવલોકમા એક ઈન્દ્ર છે. એક એક ઈન્દ્રને ચાર ચાર લોકપાલ છે.

સૌધર્મ અને ઈશાન દેવલોકમાં દશ અધિપતિ દેવો છે. યથા– શક્રેન્દ્ર, સોમ, યમ, વરુણ અને વૈશ્રમણ, ઈશાનેન્દ્ર, સોમ, યમ, વૈશ્રમણ અને વરુણ. આ રીતે દરેક દેવલોકમાં જાણવું.

બાર દેવલોકથી ઉપરના દેવલોકના દેવો અહમેન્દ્ર છે અર્થાત્ તેમાં સ્વામી–સેવકનો ભેદ નથી.

આ રીતે ભવનપતિમાં ૧૦×૧૦ = ૧૦૦, વ્યંતરમાં ૧૬, જ્યોતિષીમાં બે (અસંખ્ય) અને વૈમાનિકમાં ૫×૧૦ = ૫૦ અધિપતિ દેવો છે.

ચારે ય જાતિના દેવોના ૬૪ ઈન્દ્રો હોય છે– ભવનપતિના ૨૦ + વ્યંતરોના ૩૨ + જ્યોતિષીઓના ૨ + વૈમાનિકના ૧૦ ઈન્દ્ર = ૬૪. તેનાં નામ ઠાણાંગ સૂત્રમાં છે. ભવનપતિ અને વૈમાનિકના એક એક ઈન્દ્રને ચાર ચાર લોકપાલ હોય છે. વ્યંતર અને જ્યોતિષીઓના લોકપાલ નથી.

## ।। શતક ૩/૮ સંપૂર્ણ ।।

# શતક–૩ : ઉદ્દેશક–૯

## ઈન્દ્રિય

### ઈન્દ્રિયોના વિષય :–

**१ रायगिहे** *जाव* **एवं वयासी– कइविहे णं भंते ! इंदियविसए पण्णत्ते ?**

**गोयमा ! पंचविहे इंदियविसए पण्णत्ते, तं जहा– सोइंदियविसए** *जाव* **जीवाभिगमे जोइसिय उद्देसओ णेयव्वो अपरिसेसो ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– રાજગૃહ નગરમાં મહાવીર સ્વામી પધાર્યા વગેરે કથન કહેવું. ગૌતમ સ્વામીએ આ પ્રમાણે પૂછ્યું, હે ભગવન્ ! ઈન્દ્રિયોના વિષયો કેટલા પ્રકારના છે ?

ઉત્તર– હે ગૌતમ ! ઈન્દ્રિયના વિષય પાંચ પ્રકારના છે. યથા– શ્રોતેન્દ્રિયનો વિષય ઈત્યાદિ– આ સંબંધમાં જીવાભિગમ સૂત્રમાં કથિત સંપૂર્ણ જ્યોતિષ્ક ઉદ્દેશક કહેવો.

### વિવેચન :–

પ્રસ્તુત ઉદ્દેશકમાં શ્રી જીવાભિગમ સૂત્રના અતિદેશપૂર્વક પાંચ ઈન્દ્રિયના વિષયનું કથન કર્યું છે. તે આ પ્રમાણે છે–

પ્રશ્ન– હે ભગવન્ ! શ્રોતિન્દ્રિયના વિષય સંબંધી પુદ્ગલ પરિણામના કેટલા પ્રકાર છે ?

ઉત્તર– હે ગૌતમ ! બે પ્રકાર છે, શુભ શબ્દ પરિણામ અને અશુભ શબ્દ પરિણામ. તે જ રીતે પ્રત્યેક ઈન્દ્રિયના પરિણામોમાં બે બે પ્રકારનું કથન છે. યથા ચક્ષુરિન્દ્રિયમાં સુરુપ અને કુરુપ, ઘ્રાણેન્દ્રિયના સુરભિગંધ અને દુરભિગંધ, રસેન્દ્રિયમાં સુરસ અને દુઃરસ, સ્પર્શેન્દ્રિયમાં સુખદ સ્પર્શ પરિણામ અને દુઃખદ સ્પર્શ પરિણામ.

અન્ય પ્રતિઓમાં ઈન્દ્રિયના વિષય સંબંધી સૂત્રમાં ઉચ્ચાવચ્ચસૂત્ર અને સુરભિસૂત્ર, આ બે સૂત્ર વધુ જોવા મળે છે.

પ્રશ્ન– હે ભગવન્ ! ઉચ્ચાવચ્ચ શબ્દ પરિણામો દ્વારા પરિણામને પ્રાપ્ત થતાં પુદ્ગલ 'પરિણમે' છે શું તે પ્રમાણે કહેવું જોઈએ ?

ઉત્તર– હા, ગૌતમ ! 'પરિણમે' છે તે પ્રમાણે કહેવું જોઈએ.

પ્રશ્ન– હે ભગવન્ ! શું શુભ શબ્દોના પુદ્‍ગલ અશુભ શબ્દપણે પરિણમે છે ?

ઉત્તર– હા ગૌતમ ! પરિણમે છે. ઈત્યાદિ. વિસ્તૃત વિવેચન માટે જુઓ– જીવાભિગમ સૂત્ર.

॥ શતક ૩/૯ સંપૂર્ણ ॥

# શતક–૩ : ઉદ્દેશક–૧૦

## પરિષદ

**ઈન્દ્રની ત્રણ પરિષદ :–**

**१ रायगिहे *जाव* एवं वयासी– चमरस्स णं भंते ! असुरिंदस्स असुररण्णो कइ परिसाओ पण्णत्ताओ ?**

**गोयमा ! तओ परिसाओ पण्णत्ताओ, तं जहा– समिया, चंडा, जाया, एवं जहाणुपुव्वीए *जाव* अच्चुओ कप्पो ॥ सेवं भंते ! सेवं भंते ॥**

**ભાવાર્થ :–** પ્રશ્ન– રાજગૃહ નગરમાં ગૌતમ સ્વામીએ આ પ્રમાણે પૂછ્યું, હે ભગવન્ ! અસુરેન્દ્ર અસુરરાજ ચમરની કેટલી પરિષદ–સભાઓ છે ?

ઉત્તર– હે ગૌતમ ! તેની ત્રણ પરિષદ છે. યથા–શમિકા અથવા શમિતા, ચંડા અને જાતા. આ રીતે અચ્યુત કલ્પ સુધી કહેવું જોઈએ. હે ભગવન્ ! આ [ભાવ] આ જ પ્રકારે છે, હે ભગવન્ ! આ [ભાવ] આ જ પ્રકારે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં જીવાભિગમ સૂત્રના અતિદેશપૂર્વક ભવનપતિ દેવોના ઈન્દ્ર અસુરેન્દ્ર અસુરરાજ ચમરથી અચ્યુત દેવલોક સુધીના ઈન્દ્રની પરિષદોનું નિરૂપણ કર્યું છે.

**ત્રણ પરિષદનું સ્વરૂપ :–** ચમરેન્દ્રની ત્રણ પરિષદ છે. તેના નામ ક્રમશઃ આ પ્રમાણે છે. સમિકા–શમિકા, ચંડા અને જાતા.

**સમિકા :–** તેનો સ્વભાવ સ્થિર અને સમભાવી હોવાના કારણે તેને સમિકા કહે છે અથવા પોતાના સ્વામીના કોપ અને આવેશને શાંત કરવાની ક્ષમતા હોવાથી તેને શમિકા કહે છે. તેમ જ ઉદ્ધતતા રહિત અને શાંત સ્વભાવી હોવાથી તેને શમિતા પણ કહે છે.

**ચંડા :–** શમિકાની સમાન મહત્વપૂર્ણ ન હોવાથી તથા સાધારણ કોપાદિના પ્રસંગ પર કુપિત થઈ જવાના કારણે બીજી પરિષદને ચંડા કહે છે.

**જાતા :–** સ્વભાવની ગંભીરતા ન હોવાના કારણે નિષ્પ્રયોજન કોપ ઉત્પન્ન થઈ જતો હોવાથી ત્રીજી પરિષદને જાતા કહે છે.

આ ત્રણે પરિષદને ક્રમશઃ આભ્યંતર, મધ્યમા અને બાહ્ય પરિષદ કહે છે.

**ત્રણે પરિષદનું પ્રયોજન :–** જ્યારે ઈન્દ્રને કોઈ પ્રયોજન ઉપસ્થિત થાય ત્યારે તે આદરપૂર્વક આભ્યંતર પરિષદને બોલાવે છે. તેની સમક્ષ પોતાનું પ્રયોજન પ્રસ્તુત કરે છે. તેઓ પરસ્પર વિચાર વિનિમય કરે છે. મધ્યમ પરિષદને બોલાવે કે ન બોલાવે તેમ છતાં તે આવે છે. ઈન્દ્ર આભ્યંતર પરિષદમાં વિચારિત નિર્ણયો મધ્યમ પરિષદ સમક્ષ પ્રગટ કરે છે. બાહ્ય પરિષદ બોલાવ્યા વિના જ આવે છે. ઈન્દ્ર તેની સમક્ષ સ્વનિર્ણીત કાર્ય સંપાદિત કરવા માટે આજ્ઞા આપે છે.

અસુરેન્દ્રની પરિષદની સમાન શેષ નવનિકાયની પરિષદોના નામ અને કામ છે. વ્યંતર દેવોની પરિષદના નામ ઈસા, તુડિયા અને દઢરથા છે. જ્યોતિષી દેવોની પરિષદના નામ તુંબા, તુડિયા અને પર્વા છે.

અચ્યુત દેવલોક પર્યંતના વૈમાનિક દેવોની પરિષદના નામ શમિકા, ચંડા અને જાતા છે. નવગ્રૈવેયક અને પાંચ અનુત્તર વિમાનમાં પરિષદ નથી. તે સર્વ સમાન ઋદ્ધિ વાળા છે. આ પરિષદમાં દેવ–દેવીની સંખ્યા, તેની સ્થિતિ વગેરેનું વિસ્તૃત વિવેચન જીવાભિગમ સૂત્રમાં છે.

## ॥ શતક ૩/૧૦ સંપૂર્ણ ॥
## શતક–૩ સંપૂર્ણ

# શતક–૪

## પરિચય

આ શતકમાં દશ ઉદ્દેશક છે. તેમાં અતિદેશાત્મક સંક્ષિપ્ત વર્ણનની પ્રધાનતા છે.

★ **ઉદ્દેશક–૧,૨,૩,૪ :–** પ્રથમ ચાર ઉદ્દેશકમાં ઈશાનેન્દ્રના ચાર લોકપાલના ચાર વિમાન અને તેની સ્થિતિ વિષયક વર્ણન છે.

તેના ચાર લોકપાલ સોમ, યમ, વૈશ્રમણ અને વરુણ છે. તેના ચાર વિમાન ક્રમશઃ સુમન, સર્વતોભદ્ર, વલ્ગુ અને સુવલ્ગુ છે. તે વિમાન જંબૂદ્વીપના મેરૂપર્વતથી ઉત્તર દિશામાં ઈશાનાવતંસક મહાવિમાનથી અસંખ્ય યોજન દૂર ક્રમશઃ પૂર્વ, દક્ષિણ, પશ્ચિમ અને ઉત્તર દિશામાં છે.

તે વિમાનનું સંપૂર્ણ વર્ણન શક્રેન્દ્રના લોકપાલના વિમાનની સમાન છે.

એક લોકપાલના એક વિમાનના વર્ણનમાં એક ઉદ્દેશક, આ રીતે ચાર લોકપાલના ચાર વિમાનના વર્ણનમાં ચાર ઉદ્દેશક પૂર્ણ થાય છે.

★ **ઉદ્દેશક–૫, ૬, ૭, ૮ :–** તેમાં ઈશાનેન્દ્રના ચાર લોકપાલની ચાર રાજધાની વિષયક અતિદેશાત્મક સંક્ષિપ્ત વર્ણન છે.

★ **ઉદ્દેશક–૯ :–** નૈરયિક, નરકમાં જાય છે, અનૈરયિક નહીં, આ રીતે નિશ્ચયનયથી શ્રી પ્રજ્ઞાપના સૂત્રના અતિદેશપૂર્વક સંક્ષિપ્ત વર્ણન છે. જીવ જ્યારે મનુષ્ય કે તિર્યંચ ગતિનું આયુષ્ય પૂર્ણ કરે અને નરકગતિમાં જવા માટે વિગ્રહગતિ કરે ત્યારે જ તેને નારક કહેવાય છે. તે જીવ નરકાયુનું જ વેદન કરે છે. તેથી તે જીવ જ્યારે નરકમાં ઉત્પન્ન થાય ત્યારે નૈરયિક નરકમાં ઉત્પન્ન થયો, તે પ્રમાણે કથન કરાય છે.

★ **ઉદ્દેશક–૧૦ :–** એક લેશ્યાનું પરિવર્તન અન્ય લેશ્યા રૂપે કઈ રીતે થાય છે તે વિષયનું અતિદેશપૂર્વક વર્ણન છે.

❖❖❖❖❖

# શતક–૪ : ઉદ્દેશક–૧,૨,૩,૪

## વિમાન

**દસ ઉદ્દેશકોના નામ :–**

**૧ चतारि विमाणेहिं, चत्तारि य होंति रायहाणीहिं ।**
**णेरइए लेस्साहि य, दस उद्देसा चउत्थसये ।**

**ભાવાર્થ :–** આ ચોથા શતકમાં દશ ઉદ્દેશક છે. ચાર વિમાનના, ચાર તેની રાજધાનીના, નૈરયિક અને લેશ્યા. આ દશ ઉદ્દેશકના નામ છે.

**વિવેચન :–**

આ ગાથામાં દસ ઉદ્દેશકોના નામ તેના વિષયના આધારે નિશ્ચિત થયેલા છે.

**विमाण :–** ઉદ્દેશક– ૧,૨,૩,૪માં ઈશાનેન્દ્રના ચાર લોકપાલ ચાર મહાવિમાનના સ્થાન, સ્થિતિ આદિ વિષયક સમગ્ર વક્તવ્યતા હોવાથી તેનું નામ 'વિમાન' છે.

**रायहाणी :–** ઉદ્દેશક– ૫,૬,૭,૮માં ઈશાનેન્દ્રના ચાર લોકપાલની ચાર રાજધાનીનું અતિદેશાત્મક વર્ણન હોવાથી તેનું નામ 'રાજધાની' છે.

**णेरइए :–** ઉદ્દેશક–૯ માં પ્રજ્ઞાપના સૂત્રના લેશ્યાપદના અતિદેશપૂર્વક નૈરયિકોની ઉત્પત્તિ વિષયક વર્ણન હોવાથી તેનું નામ 'નૈરયિક' છે.

**लेस्सा :–** ઉદ્દેશક–૧૦માં પ્રજ્ઞાપના સૂત્રના અતિદેશપૂર્વક લેશ્યાઓના પ્રકાર, વર્ણ, ગંધ, રસ, આદિ વિષયોનું નિરૂપણ હોવાથી તેનું નામ 'લેશ્યા' છે.

**ઈશાનેન્દ્રના લોકપાલ અને તેના વિમાન :–**

**૨ रायगिहे णयरे *जाव* एवं वयासी– ईसाणस्स णं भंते ! देविंदस्स देवरण्णो कइ लोगपाला पण्णत्ता ?**

**गोयमा! चत्तारि लोगपाला पण्णत्ता, तं जहा– सोमे, जमे, वेसमणे, वरुणे ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– રાજગૃહ નગરમાં ગૌતમ સ્વામીએ આ પ્રમાણે પૂછ્યું– હે ભગવન્ ! દેવેન્દ્ર દેવરાજ ઈશાનના કેટલા લોકપાલ કહ્યા છે ?

ઉત્તર– હે ગૌતમ ! તેના ચાર લોકપાલ કહ્યા છે, તે આ પ્રમાણે છે– સોમ, યમ, વૈશ્રમણ અને વરુણ.

**३ एएसि णं भंते ! लोगपालाणं कइ विमाणा पण्णत्ता ?**

**गोयमा ! चत्तारि विमाणा पण्णत्ता, तं जहा– सुमणे, सव्वओभद्दे, वग्गू, सुवग्गू ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! તે લોકપાલોના કેટલા વિમાન છે ?

ઉત્તર– ગૌતમ ! તેના ચાર વિમાન છે– સુમન, સર્વતોભદ્ર, વલ્ગુ અને સુવલ્ગુ.

**४ कहि णं भंते ! ईसाणस्स देविंदस्स देवरण्णो सोमस्स महारण्णो सुमणे णामं महाविमाणे पण्णत्ते ?**

**गोयमा ! जंबूद्दीवे दीवे मंदरस्स पव्वयस्स उत्तरे णं इमीसे रयणप्पभाए पुढवीए *जाव* ईसाणे णामं कप्पे पण्णत्ते, तत्थ णं *जाव* पंच वडेंसया पण्णत्ता, तं जहा– अंकवडेंसए, फलिहवडेंसए, रयणवडेंसए, जायरूववडेंसए, मज्झे ईसाण–वडेंसए । तस्स णं ईसाणवडेंसयस्स महाविमाणस्स पुरित्थमेणं तिरियमसंखेज्जाइं जोयणसहस्साइं वीईवइत्ता एत्थ णं ईसाणस्स देविंदस्स देवरण्णो सोमस्स महारण्णो सुमणे णामं महाविमाणे पण्णत्ते– अद्धतेरसजोयण एवं जहा सक्कस्स वत्तव्वया तईयसए तहा ईसाणस्स वि *जाव* अच्चणिया सम्मत्ता ।**

**चउण्हं वि लोगपालाणं विमाणे विमाणे उद्देसओ, चउसु वि विमाणेसु चत्तारि उद्देसा अपरिसेसा, णवरं ठिईए णाणत्तं–**

**आइ दुय तिभागूणा, पलिया धणयस्स होंति दो चेव ।**
**दो सतिभागा वरुणे, पलिय महावच्चदेवाणं ॥**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! દેવેન્દ્ર દેવરાજ ઈશાનના લોકપાલ સોમ મહારાજનું 'સુમન' નામક મહાવિમાન ક્યાં છે ?

ઉત્તર– હે ગૌતમ ! જંબૂદ્વીપ નામક દ્વીપના મંદર પર્વતની ઉત્તરમાં, આ રત્નપ્રભાપૃથ્વીના

સમતલથી અસંખ્ય યોજન ઉપર જતાં, ઈશાન નામક કલ્પ [દેવલોક] છે. તેમાં પાંચ અવતંસક (આવાસ) કહ્યા છે. તે આ પ્રમાણે છે– અંકાવતંસક, સ્ફટિકાવતંસક, રત્નાવતંસક અને જાતરૂપાવતંસક. આ ચાર અવતંસકની મધ્યમાં ઈશાનાવતંસક છે. તે ઈશાનાવતંસક નામક મહાવિમાનથી પૂર્વમાં તિરછા અસંખ્યાત હજાર યોજન ગયા પછી દેવેન્દ્ર દેવરાજ ઈશાનના લોકપાલ સોમ મહારાજનું 'સુમન' નામક મહાવિમાન છે. તેની લંબાઈ–પહોળાઈ સાડા બાર લાખ યોજન છે, ઈત્યાદિ સંપૂર્ણ વક્તવ્યતા શતક–૩/૭માં કથિત શક્રેન્દ્રના લોકપાલ સોમના મહાવિમાનની વક્તવ્યતાની સમાન અર્ચનિકા સમાપ્તિ પર્યંત કહેવું.

[એક લોકપાલના વિમાનની વક્તવ્યતા જ્યાં પૂર્ણ થાય છે. ત્યાં એક ઉદ્દેશક સમાપ્ત થાય છે.] આ રીતે ચારે લોકપાલોમાંથી પ્રત્યેકના વિમાનની વક્તવ્યતા પૂરી થાય, ત્યાં એક એક ઉદ્દેશક સમજવો. આ રીતે ચાર ઉદ્દેશક પૂર્ણ થાય છે. વિશેષતા એ છે કે તેની સ્થિતિમાં અંતર છે, તે આ પ્રમાણે છે–

**ગાથાર્થ–** આદિના બે લોકપાલ સોમ અને યમની સ્થિતિ ત્રિભાગન્યૂન બે પલ્યોપમની છે. વૈશ્રમણની સ્થિતિ બે પલ્યોપમની છે અને વરુણની સ્થિતિ ત્રિભાગ સહિત બે પલ્યોપમની છે. અપત્યરૂપ દેવોની સ્થિતિ એક પલ્યોપમની છે.

## વિવેચન :–

પ્રસ્તુત ચાર ઉદ્દેશકમાં ચાર સૂત્રો દ્વારા ઈશાનેન્દ્રના સોમ, યમ, વૈશ્રમણ અને વરુણ લોકપાલોના ચાર વિમાન, તે ચારેનું સ્થાન તથા ચારે લોકપાલોની સ્થિતિનું સંક્ષિપ્ત નિરૂપણ કર્યું છે. તેનું વિસ્તૃત વર્ણન શક્રેન્દ્રના લોકપાલની સમાન છે.

## ॥ શતક ૪/૧ થી ૪ સંપૂર્ણ ॥

# શતક–૪ : ઉદ્દેશક–૫,૬,૭,૮

## રાજધાની

**ઇશાનેન્દ્રના લોકપાલની રાજધાની :–**

**१ रायहाणीसु वि चत्तारि उद्देसा भाणियव्वा** *जाव* **एमहिड्डीए** *जाव* **वरुणे महाराया।**

**ભાવાર્થ :–** ઈશાનેન્દ્રના ચાર લોકપાલોની રાજધાનીઓના ચાર ઉદ્દેશક કહેવા જોઈએ અર્થાત્ એક–એક લોકપાલની રાજધાની સંબંધી વર્ણન પૂર્ણ થતાં, એક ઉદ્દેશક પૂર્ણ થાય છે, તેમ ચારે રાજધાનીના વર્ણનમાં ચાર ઉદ્દેશક પૂર્ણ થાય છે. આ રીતે ક્રમશઃ પાંચથી આઠમા ઉદ્દેશકમાં વરુણ મહારાજા પર્યંત વર્ણન છે તેમજ તે આટલી મહાૠદ્ધિ સંપન્ન, વિકુર્વણા શક્તિ સંપન્ન છે.

**વિવેચન :–**

પ્રસ્તુત ચાર ઉદ્દેશકોનું એક જ સૂત્ર દ્વારા અતિદેશ પૂર્વક વર્ણન કર્યું છે.

જીવાભિગમ સૂત્રમાં વર્ણિત વિજય રાજધાનીના વર્ણનની સમાન ચાર રાજધાનીઓના ચાર ઉદ્દેશકોનો પ્રારંભ આ પ્રમાણે કરવો જોઈએ.

પ્રશ્ન– હે ભગવન્ ! દેવેન્દ્ર દેવરાજ ઈશાનના લોકપાલ સોમ મહારાજાની સોમા નામક રાજધાની ક્યાં છે ?

ઉત્તર– તે રાજધાની 'સુમન' નામક મહાવિમાનની બરોબર નીચે છે. ઈત્યાદિ વર્ણન પૂર્વવત્ કરવું જોઈએ.

એ રીતે ક્રમશઃ એક એક રાજધાનીના સંબંધમાં પ્રશ્નોત્તર પૂર્વક વર્ણન કરીને ચારે ય લોકપાલોની રાજધાની સંબંધી એક એક ઉદ્દેશક કહેવો જોઈએ.એક સરખું વર્ણન હોવાથી સંક્ષિપ્તિકરણમાં અતિદેશપૂર્વક મૂળપાઠ છે. છતાં તેનો વિષય પહેલાં જ સ્પષ્ટ થઈ ગયેલ છે.

**॥ શતક ૪/૫ થી ૮ સંપૂર્ણ ॥**

# શતક–૪ : ઉદ્દેશક–૯

## સંક્ષિપ્ત સાર

★ આ ઉદ્દેશકમાં પ્રજ્ઞાપના સૂત્રના લેશ્યાપદના ત્રીજા ઉદ્દેશકના અતિદેશ પૂર્વક મહત્વના વિષયનું સૂચન માત્ર કર્યું છે.

★ પ્રશ્ન એ છે કે નૈરયિક નૈરયિકોમાં ઉત્પન્ન થાય છે કે અનૈરયિક નૈરયિકમાં ઉત્પન્ન થાય છે ?

★ પ્રજ્ઞાપના સૂત્રના છટ્ઠા વ્યૂત્ક્રાંતિ પદના કથનાનુસાર મનુષ્ય અને તિર્યંચ પંચેન્દ્રિય જીવ જ મરીને નરકમાં ઉત્પન્ન થઈ શકે છે, નારકી કે દેવ મરીને નરકમાં ઉત્પન્ન થઈ શકતા નથી. પરંતુ આ કથન વ્યવહારનય સાપેક્ષ છે.

★ સૂત્રકારે અહીં ઉપરોક્ત પ્રશ્નનો ઉત્તર નિશ્ચયનયની અપેક્ષાએ આપ્યો છે કે નૈરયિક જ નૈરયિકોમાં ઉત્પન્ન થાય છે, અનૈરયિક–[નારક સિવાયની ત્રણે ગતિના જીવ] નૈરયિકોમાં ઉત્પન્ન થતા નથી. કારણ કે જ્યારે કોઈ પણ જીવ નરકમાં ઉત્પન્ન થતો હોય ત્યારે ઉત્પત્તિના સમયે તેને નરકગતિનું આયુષ્ય જ ઉદયમાં હોય છે. તેથી તે જીવ નૈરયિક કહેવાય છે. પૂર્વ પ્રજ્ઞાપન નયની અપેક્ષાએ તે જીવ મનુષ્ય કે તિર્યંચ પંચેન્દ્રિય છે, પરંતુ વર્તમાને નૈરયિક હોવાથી નૈરયિક જ નૈરયિકમાં ઉત્પન્ન થાય છે.

★ આ રીતે ચારે ગતિના જીવોમાં સમજવું જોઈએ.

❖❖❖❖❖

# શતક–૪ : ઉદ્દેશક–૯

## નૈરયિક

**નૈરયિકોની ઉત્પત્તિ :–**

**૧ णेरइए णं भंते ! णेरइएसु उववज्जइ, अणेरइए णेरइएसु उववज्जइ ?**

**पण्णवणाए लेस्सापए तईओ उद्देसओ भाणियव्वो** *जाव* **णाणाइं ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! શું નૈરયિક નૈરયિકોમાં ઉત્પન્ન થાય છે કે અનૈરયિક નૈરયિકોમાં ઉત્પન્ન થાય છે ?

ઉત્તર– હે ગૌતમ ! પ્રજ્ઞાપના સૂત્રમાં કથિત લેશ્યાપદના તૃતીય ઉદ્દેશકનું જ્ઞાનના વર્ણન સુધી અહીં કથન કરવું જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં નૈરયિકોની ઉત્પત્તિના સંબંધમાં પ્રજ્ઞાપના સૂત્રના ૧૭માં લેશ્યાપદના તૃતીય ઉદ્દેશકનો અતિદેશ કર્યો છે, તે આ પ્રકારે છે–

પ્રશ્ન– હે ભગવન્ ! શું નૈરયિક જ નૈરયિકોમાં ઉત્પન્ન થાય છે કે અનૈરયિક નૈરયિકોમાં ઉત્પન્ન થાય છે ?

ઉત્તર– હે ગૌતમ ! નૈરયિક જ નૈરયિકોમાં ઉત્પન્ન થાય છે, અનૈરયિક નૈરયિકમાં ઉત્પન્ન થતા નથી.

**આ કથનનો આશય :–** તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્ય જ મરીને નરકમાં જાય છે. અહીંનું આયુષ્ય સમાપ્ત થાય કે તરત જ નરકાયુનો ઉદય થઈ જાય છે.

તેના નરકમાં પહોંચવાના માર્ગમાં[વાટે વહેતી અવસ્થામાં] જે એક–બે સમય લાગે છે, તેમાં નરકાયુનો જ ઉદય હોય છે. આ રીતે નરકગામી જીવ માર્ગમાં નરકાયુને જ ભોગવે છે અને નરકમાં ઉત્પત્તિ સમયે પણ તેને નૈરયિક આયુષ્યનો જ ઉદય હોવાથી તે નૈરયિક જ છે. ઋજુસૂત્રનયની વર્તમાન પર્યાય પરક દષ્ટિથી પણ આ કથન સર્વથા ઉચિત જ છે કે નૈરયિક જ નૈરયિકોમાં ઉત્પન્ન થાય છે,

અનૈરયિક નહીં.

આ રીતે શેષ દંડકોના જીવોની ઉત્પત્તિના સંબંધમાં પણ જાણી લેવું જોઈએ.

પ્રજ્ઞાપના સૂત્રના લેશ્યાપદના ત્રીજા ઉદ્દેશકમાં જ્ઞાન સંબંધી વર્ણન છે, ત્યાં સુધીનું કથન અહીં કરવું. ત્યાં આ રીતે પ્રરૂપણા છે. યથા–

પ્રશ્ન– હે ભગવન્ ! કૃષ્ણ લેશ્યાવાળા જીવ કેટલા જ્ઞાનવાળા હોય છે ?

ઉત્તર– હે ગૌતમ ! તે બે, ત્રણ અથવા ચાર જ્ઞાનવાળા હોય છે. જો બે જ્ઞાન હોય તો મતિ અને શ્રુતજ્ઞાન હોય છે, ત્રણ જ્ઞાન હોય તો મતિ, શ્રુત અને અવધિ અથવા મતિ, શ્રુત અને મનઃ પર્યવજ્ઞાન હોય છે, જો ચાર જ્ઞાન હોય તો મતિ, શ્રુત અવધિ અને મનઃપર્યવજ્ઞાન હોય છે. ઈત્યાદિ જાણવું જોઈએ.

॥ શતક ૪/૯ સંપૂર્ણ ॥

# શતક–૪ : ઉદ્દેશક–૧૦

## લેશ્યા

**લેશ્યાઓનું પરિવર્તન :–**

**१** **से णूणं भंते ! कण्ललेस्सा णीललेस्सं पप्प तारूवत्ताए, तावण्णत्ताए** *जाव* **परिणमंति ?**

**एवं चउत्थो उद्देसओ पण्णवणाए चेव लेस्सापदे णेयव्वो** *जाव*

**परिणाम वण्ण रस गंध, सुद्ध अपसत्थ संकिलिट्ठुण्हा ।**

**गइ परिणाम पएसो, गाह वग्गणा ट्ठाणमप्पबहुं ॥ सेवं भंते ! सेवं भंते ॥**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! શું કૃષ્ણલેશ્યા, નીલલેશ્યાનો સંયોગ પ્રાપ્ત કરીને તદ્રૂપ અને તદ્વર્ણ આદિમાં પરિણત થઈ જાય છે ?

ઉત્તર– [હે ગૌતમ !] પ્રજ્ઞાપના સૂત્રમાં ઉક્ત લેશ્યાપદનો ચતુર્થ ઉદ્દેશક પરિણામ ઈત્યાદિ દ્વાર ગાથા સુધી કહેવો જોઈએ.

**ગાથાર્થ–** પરિણામ, વર્ણ, રસ, ગંધ, શુદ્ધ, અપ્રશસ્ત, સંક્લિષ્ટ, ઉષ્ણ, ગતિ, પરિણામ, પ્રદેશ, અવગાહના વર્ગણા, સ્થાન અને અલ્પબહુત્વ. [આ સર્વ દ્વાર લેશ્યાઓના સંબંધમાં કહેવા જોઈએ.]

હે ભગવન્ ! આ ભાવ આ જ પ્રકારે છે, હે ભગવન્ ! આ ભાવ આ જ પ્રકારે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં એક લેશ્યાને બીજી લેશ્યાનો સંયોગ પ્રાપ્ત થાય ત્યારે તે ઉક્ત લેશ્યાના વર્ણ, ગંધ, રસ અને સ્પર્શરૂપમાં પરિણત થાય છે કે નહીં ? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રજ્ઞાપના સૂત્રના લેશ્યાપદના ચતુર્થ ઉદ્દેશકનો [પરિણામ આદિ દ્વારો સુધી] અતિદેશ કર્યો છે. વસ્તુતઃ લેશ્યાથી સંબંધિત પરિણામાદિ ૧૫ દ્વારોની પ્રરૂપણાનો અતિદેશ કર્યો છે.

**અતિદેશનો સારાંશ :–** પ્રજ્ઞાપના સૂત્રમાં ઉક્ત મૂલપાઠનો ભાવાર્થ આ પ્રમાણે છે–

પ્રશ્ન– 'હે ભગવન્ ! શું કૃષ્ણલેશ્યા, નીલલેશ્યાના સંયોગને પ્રાપ્ત કરીને તદ્રૂપ ***યાવત્*** તત્સ્પર્શ રૂપે વારંવાર પરિણત થાય છે ?'

તેનું તાત્પર્ય એ છે કે કૃષ્ણલેશી જીવ, જો નીલ લેશ્યાને યોગ્ય દ્રવ્યોને ગ્રહણ કરીને મૃત્યુ પ્રાપ્ત કરે, તો તે જે ગતિ–યોનિમાં ઉત્પન્ન થાય છે, ત્યાં નીલલેશી પણે ઉત્પન્ન થાય છે કારણ કે **'जल्लेसाइं दव्वाइं परियाइत्ता कालं करेइ, तल्लेसे उववज्जइ'** અર્થાત્ જે લેશ્યાના દ્રવ્યોને ગ્રહણ કરીને જીવ મૃત્યુ પામે છે, તે જ લેશ્યામાં ઉત્પન્ન થાય છે; જે કારણ હોય છે, તે જ સંયોગવશ કાર્ય બની જાય છે; જેમ કારણરૂપ માટી સાધનના સંયોગથી ઘટાદિ કાર્યરૂપ પરિણત થઈ જાય છે; તે જ રીતે કૃષ્ણલેશ્યા પણ કાલાન્તરમાં સાધન–સંયોગને પ્રાપ્ત કરીને નીલલેશ્યાના રૂપમાં પરિણત થઈ જાય છે. આ સ્થિતિમાં કૃષ્ણ અને નીલ લેશ્યામાં કેવલ ઔપચારિક ભેદ રહે છે, મૌલિક ભેદ નથી.

પ્રજ્ઞાપના સૂત્રમાં એક લેશ્યાનું લેશ્યાન્તરને પ્રાપ્ત કરીને તદ્રૂપથી તત્સ્પર્શરૂપે પરિણત થવાનું કારણ બતાવ્યું છે કે– જેવી રીતે દહીંનો સંયોગ થવાથી દૂધ પોતાના મધુરાદિ ગુણોને છોડી દહીંના વર્ણ, ગંધ, રસ અને સ્પર્શરૂપમાં પરિણત થઈ જાય છે; તે જ રીતે કૃષ્ણલેશ્યા પણ નીલલેશ્યાનો સંયોગ પ્રાપ્ત કરીને તદ્રૂપ, તદ્ગંધ, તદ્રસ અને તત્સ્પર્શરૂપે પરિણત થઈ જાય છે. જેમ કૃષ્ણલેશ્યા, નીલલેશ્યા રૂપ પરિણત થાય છે; તે જ રીતે નીલલેશ્યા કાપોત લેશ્યામાં, કાપોત લેશ્યા તેજોલેશ્યામાં, તેજોલેશ્યા પદ્મલેશ્યામાં અને પદ્મલેશ્યા શુક્લલેશ્યામાં પરિણત થાય છે અર્થાત્ તેના વર્ણ, ગંધ, રસ અને સ્પર્શરૂપમાં પરિણમન પામે છે. ઈત્યાદિ કહેવું જોઈએ.

**પરિણામાદિ દ્વારનું તાત્પર્ય :–** લેશ્યાપદના ચર્તુથ ઉદ્દેશકમાં વર્ણિત પરિણામાદિ ૧૫ દ્વારોનો અહીં અતિદેશ કર્યો છે, તે આ પ્રમાણે છે–

(૧) **પરિણામ** દ્વારના વિષયમાં ઉપર કહ્યું છે.

(૨) **વર્ણ દ્વાર :–** કૃષ્ણલેશ્યાનો વર્ણ મેઘ આદિ સમાન કાળો; નીલ લેશ્યાનો વર્ણ ભ્રમરાદિ સમાન નીલો; કાપોત લેશ્યાનો વર્ણ અળસીનું ફૂલ, કોયલની પાંખ, કબૂતરની ગ્રીવા સમાન કંઈક કાળો, કંઈક લાલ અર્થાત્ રીંગણી કલર હોય છે. તેજો લેશ્યાનો વર્ણ સસલાના લોહી સમાન લાલ; પદ્મલેશ્યાનો વર્ણ ચંપક પુષ્પની સમાન પીળો; શુક્લ લેશ્યાનો વર્ણ શંખાદિ સમાન શ્વેત છે.

(૩) **રસદ્વાર :–** કૃષ્ણ લેશ્યાનો રસ લીમડાના વૃક્ષની સમાન કડવો, નીલલેશ્યાનો રસ સૂંઠની સમાન તીખો, કાપોત લેશ્યાનો રસ કાચા બોરની સમાન કસાયેલો–તૂરો, તેજોલેશ્યાનો રસ પાકી કેરીની સમાન ખાટો–મીઠો, પદ્મલેશ્યાનો રસ ચંદ્રપ્રભા આદિ મદિરાની સમાન તીખો, કસાયેલો અને મધુર તે ત્રણે ય રસ સંયુક્ત, શુક્લલેશ્યાનો રસ ગોળની સમાન મધુર છે.

(૪) **ગંધદ્વાર :–** કૃષ્ણ, નીલ અને કાપોત આ ત્રણે લેશ્યાઓની દુરભિગંધ અને તેજો પદ્મ અને શુક્લ તે ત્રણે પ્રશસ્ત લેશ્યાઓની સુરભિગંધ હોય છે.

**શુદ્ધ–પ્રશસ્ત–સંક્લિષ્ટ–ઉષ્ણાદિ દ્વાર :–** કૃષ્ણ, નીલ અને કાપોત આ ત્રણે લેશ્યાઓ અશુદ્ધ, અપ્રશસ્ત, સંક્લિષ્ટ, શીત અને રૂક્ષ છે. તે દુર્ગતિનું કારણ છે. તેજો, પદ્મ અને શુક્લ આ ત્રણ લેશ્યાઓ શુદ્ધ, પ્રશસ્ત, અસંક્લિષ્ટ, ઉષ્ણ અને સ્નિગ્ધ છે; તે સુગતિનું કારણ છે.

**પરિણામ–પ્રદેશ–વર્ગણા–અવગાહના–સ્થાનાદિ દ્વાર :–** લેશ્યાના ત્રણ પરિણામ–જઘન્ય, મધ્યમ, ઉત્કૃષ્ટ; તેના પણ ત્રણ ત્રણ ભેદ કરવાથી નવ ભેદ થાય છે. પ્રત્યેક લેશ્યા અનંત પ્રદેશવાળી છે. પ્રત્યેક લેશ્યાની અવગાહના અસંખ્યાત આકાશ પ્રદેશોમાં છે. કૃષ્ણાદિ છએ લેશ્યાઓને યોગ્ય દ્રવ્યવર્ગણાઓ, ઔદારિકાદિ વર્ગણાઓની જેમ અનંત છે. તરતમતાના કારણે વિચિત્ર અધ્યવસાયોના નિમિત્તરૂપ કૃષ્ણાદિ દ્રવ્યોના સમૂહ અસંખ્ય છે, કારણ કે અધ્યવસાયના સ્થાન પણ અસંખ્ય છે.

**અલ્પ બહુત્વ :–** લેશ્યાઓના સ્થાનોનું અલ્પબહુત્વ આ પ્રકારે છે–

| | | | | |
|---|---|---|---|---|
| દ્રવ્યાર્થરૂપે | કાપોતલેશ્યાના | જઘન્ય સ્થાન | | સર્વથી થોડા છે. |
| દ્રવ્યાર્થરૂપે | નીલ લેશ્યાના | જઘન્ય સ્થાન | તેથી | અસંખ્યાત ગુણા. |
| દ્રવ્યાર્થરૂપે | કૃષ્ણ લેશ્યાના | જઘન્ય સ્થાન | તેથી | અસંખ્યાત ગુણા. |
| દ્રવ્યાર્થરૂપે | તેજો લેશ્યાના | જઘન્ય સ્થાન | તેથી | અસંખ્યાત ગુણા. |
| દ્રવ્યાર્થરૂપે | પદ્મ લેશ્યાના | જઘન્ય સ્થાન | તેથી | અસંખ્યાત ગુણા. |
| દ્રવ્યાર્થરૂપે | શુક્લ લેશ્યાના | જઘન્ય સ્થાન | તેથી | અસંખ્યાત ગુણા છે. |

આ રીતે સર્વ દ્વારોનું વર્ણન પ્રજ્ઞાપના સૂત્રોક્ત લેશ્યાપદના ચતુર્થ ઉદ્દેશક અનુસાર જાણવું જોઈએ.

## ।। શતક ૪/૧૦ સંપૂર્ણ ।।

## ભગવતી સૂત્ર ભાગ–૧ સંપૂર્ણ

## પરિશિષ્ટ–૧

### (अरिहंत चेइयाणि) શતક–૩ ઉદ્દેશક–૨

૧. **પ્રશ્ન–** ઉપપાત શય્યામાં જન્મ ધારણ કરતાં જ ચમરેન્દ્ર શક્રેન્દ્રની અશાતના કરવા ગયા ત્યારે કોનું શરણ ગ્રહણ કર્યું હતું ?

**ઉત્તર –** ચરમેન્દ્ર પ્રથમ દેવલોકના ઈન્દ્ર શક્રેન્દ્રની અશાતના કરવા ગયા. ત્યારે સંયમ અને તપસાધનામાં લીન છદ્મસ્થ ભગવાન મહાવીરનું શરણ ગ્રહણ કર્યું હતું અને કહ્યું હતું કે હે પ્રભો ! હું આપનું શરણ સ્વીકારીને શક્રેન્દ્રની અશાતના કરવા જાઉં છું." તે સમયે પ્રભુ સુંસુમાર નગરની બહાર બારમી ભિક્ષુ પ્રતિમા ધારણ કરીને ધ્યાનમાં લીન હતા.

૨. **પ્રશ્ન–** માનવની શક્તિ વધારે હોય કે દાનવની ?

**ઉત્તર–** સામાન્ય માનવની શક્તિથી દાનવની શક્તિ વધારે હોય, પરંતુ દેવ કે દાનવની શક્તિથી સંયમ–તપથી યુક્ત સંત પુરુષની અલૌકિક શક્તિ કંઈક ગુણી અધિક હોય છે. માટે જ ચમરેન્દ્રે મહાત્મા પ્રભુ મહાવીરનું શરણ સ્વીકાર્યું હતું.

૩. **પ્રશ્ન–** આ પરિસ્થિતિમાં ચમરેન્દ્ર માટે અન્ય કોનું શરણ સ્વીકાર્ય હોઈ શકે ?

**ઉત્તર–** શતક–૩ ઉદ્દેશક–૨માં દર્શાવ્યા અનુસાર ચમરેન્દ્ર માટે તીર્થંકર અથવા ભાવિતાત્મા અણગારનું શરણ સ્વીકાર્ય બની શકે.

૪. **પ્રશ્ન–** શું મૃત્યુલોકમાં જે ચૈત્ય–દેવાલય હોય તેનું શરણ સ્વીકાર્ય બને ?

**ઉત્તર–** હંમેશાં સ્વયંથી અધિક શક્તિમાનનું શરણ સ્વીકાર્ય હોય છે. ઈન્દ્ર તથા સામાન્ય દેવથી તપસ્વી શ્રમણની શક્તિ વિશેષ હોય છે. પરંતુ ચૈત્ય–દેવાલયમાં ચમરેન્દ્રથી અધિક શક્તિની કોઈ શક્યતા નથી કારણ કે કેટલાક ચૈત્ય દેવાધિષ્ઠિત હોય અને કેટલાક તો નામ માત્રના જ હોય છે. જે દેવાધિષ્ઠત હોય તેના અધિષ્ઠતા પલ્યોપમ સુધીની સ્થિતિવાળા કોઈ યક્ષ આદિ હોય છે. જ્યારે ચમરેન્દ્ર તો સાગરોપમની સ્થિતિ સંપન્ન, પ્રભાવ સંપન્ન ઈન્દ્ર છે. તેના માટે ચૈત્ય–દેવાલયનું શરણ સ્વીકાર્ય નથી.

૫. **પ્રશ્ન–** દેવલોકમાં પણ સિદ્ધાયતન અને જિનપ્રતિમા હોય તો શું તેનું શરણ ગ્રાહ્ય છે ?

**ઉત્તર–** ચમરેન્દ્ર માટે પોતાની રાજધાનીમાં સ્થિત સિદ્ધાયતન કે જિનપ્રતિમાના શરણ ગ્રહણનો કોઈ ઉલ્લેખ નથી. જો તેમ જ શક્ય હોય તો તેને જંબૂદ્વીપમાં આવીને અરિહંત કે ભાવિતાત્મા અણગારના

શરણ ગ્રહણની જરૂર રહેતી નથી.

તેમ જ આપત્તિના સમયે સિદ્ધાયતન કે ચૈત્યમાંથી કોણ સહાયતા કરી શકે ? કેમ કે સિદ્ધ તો આવતા નથી અને કોઈ સામાન્ય દેવ આવે તો તે ઈન્દ્રનું રક્ષણ કરવામાં સમર્થ નથી.

૬. **પ્રશ્ન–** ચૈત્ય શબ્દના કેટલા અર્થ થાય છે ?

**ઉત્તર–** શબ્દકોશ પ્રમાણે ચૈત્યથી શબ્દના અનેક અર્થ થાય છે પરંતુ આપણા આગમોમાં ચૈત્ય શબ્દ (૧) ઉદ્યાન–બગીચો, (૨) દેવાલય અને (૩) જ્ઞાન અર્થમાં પ્રયુક્ત છે, તીર્થંકરોને જે વૃક્ષ નીચે કેવળજ્ઞાન થાય તેને ચૈત્યવૃક્ષ અથવા જ્ઞાનોત્પત્તિ વૃક્ષ કહે છે. તે જ રીતે વંદનાના પાઠમાં **'चेइयं'** શબ્દ 'જ્ઞાનવાન' અર્થમાં છે અને ઉદ્યાન કે દેવાલય માટે તો ચૈત્ય શબ્દનો પ્રયોગ અનેક સ્થાને થયો છે. આ રીતે અનેક અર્થ ધરાવતા 'ચૈત્ય' શબ્દનો જ્યાં જે અર્થ સંગત હોય તે અર્થ સ્વીકાર્ય છે. જેમ કે જ્ઞાનોત્પત્તિથી સંબંધિત ચૈત્ય શબ્દનો કેવળજ્ઞાન અર્થ જ કરાય છે. તાત્પર્ય એ છે કે ચૈત્ય શબ્દથી સર્વત્ર મંદિર કે મૂર્તિ જ અર્થ કરવો ઉચિત નથી.

૭. **પ્રશ્ન–** શતક–૩/૨ સૂ. ૧૧માં 'અરિહંત ચૈત્યનું શરણ સ્વીકાર્ય છે' તે પ્રકારનો ઉલ્લેખ છે તે શું યથાસંગત છે ?

**ઉત્તર–** તે પાઠમાં કોઈ મૌલિકતા જણાતી નથી, કારણ કે તેનો સૂત્રપાઠ આ પ્રમાણે છે– **एवामेव असुरकुमारा वि देवा णण्णत्थ अरिहंते वा, (अरिहंतचेइयाणि वा,) अणगारे वा भावियप्पणो णिस्साए उड्ढं उप्पयंति** । (સૂ. ૧૧) અહીં 'અરિહંત' અને 'અણગાર' શબ્દ એક વચનમાં છે અને તેની વચ્ચે 'અરિહંત ચૈત્ય' શબ્દ બહુવચનાંત છે, આ પ્રકારનો નિષ્કારણ પ્રતીત થતો વચન ભેદ તેની મૌલિકતાને સિદ્ધ કરી શકતો નથી.

(૨) શક્રેન્દ્ર પોતાના મનોભાવ પ્રભુ સમક્ષ પ્રગટ કરે છે તેમાં અરિહંત વગેરેની આશાતના ન થાય તેવો ભાવ છે, તે પાઠ આ પ્રમાણે છે– તં **महादुक्खं खलु तहारूवाणं अरिहंताणं भगवंताणं अणगाराणं च अच्चासायणाए ति कट्टु ओहिं पउंजइ** । (સૂ. ૨૦) અહીં અરિહંત અને તેના અણગાર તેમ બેની જ આશાતનું કથન છે, ત્રણની આશાતનું કથન નથી. તો જે શરણ ગ્રહણ કરવાના પાઠમાં ત્રણનું કથન હોય તો આશાતમાં પણ ત્રણનું કથન હોવું જોઈએ, પરંતુ તેમ નથી.

આ રીતે અનેક દષ્ટિકોણથી વિચારતાં મૂળપાઠમાં **अरिहंत चेइयाणि** શબ્દ મૌલિક ન હોય તેમ પ્રતીત થાય છે.

# પરિશિષ્ટ–ર

## શ્રી ભગવતી સૂત્રનું પરિણામ

| શતક | ઉદ્દેશક | અક્ષર પ્રમાણ | શતક | ઉદ્દેશક | અક્ષર પ્રમાણ |
|---|---|---|---|---|---|
| ૧ | ૧૦ | ૩૮૮૬૭ | ર૩ (પાંચ વર્ગ) | ૫૦ | ૦૦૭ર૫ |
| ર | ૧૦ | ર૩૮૮૪ | ર૪ | ર૪ | ૩૯૯ર૬ |
| ૩ | ૧૦ | ૩૬૭૩ર | ર૫ | ૧ર | ૪૫૧૦૩ |
| ૪ | ૧૦ | ૦૦૭૫૩ | ર૬ | ૧૧ | ૦૪૪૫૫ |
| ૫ | ૧૦ | ર૫૬૯૧ | ર૭ | ૧૧ | ૦૦૧૯૦ |
| ૬ | ૧૦ | ૧૮૬૦ર | ર૮ | ૧૧ | ૦૦૯૯૪ |
| ૭ | ૧૦ | ર૪૯૩૫ | ર૯ | ૧૧ | ૦૧૦ર૭ |
| ૮ | ૧૦ | ૪૮૫૩૪ | ૩૦ | ર૮ | ૦૪૭૬૪ |
| ૯ | ૩૪ | ૪૫૮૮૩ | ૩૧ | ૧૧ | ૦ર૩૪૪ |
| ૧૦ | ૩૪ | ૦૯૯૦૭ | ૩ર | ર૮ | ૦૪૭૬૪ |
| ૧૧ | ૧ર | ૩ર૩૩૮ | ૩૩ (૧ર) | ૧ર૪ | ૦૩૦૮૯ |
| ૧ર | ૧૦ | ૩ર૮૬૮ | ૩૪ (૧ર) | ૧ર૪ | ૦૮૯૬૯ |
| ૧૩ | ૧૦ | ર૧૯૧૪ | ૩૫ (૧ર) | ૧૩ર | ૦૪૧૮૧ |
| ૧૪ | ૧૦ | ૧૬૦૩૩ | ૩૬ (૧ર) | ૧૩ર | ૦૦૭૩૧ |
| ૧૫ | | ૩૯૮રર | ૩૭ (૧ર) | ૧૩ર | ૦૦૧૧૫ |
| ૧૬ | ૧૪ | ૧૫૯૩૯ | ૩૮ (૧ર) | ૧૩ર | ૦૦૧૩૯ |
| ૧૭ | ૧૭ | ૦૮૫૧ર | ૩૯ (૧ર) | ૧૩ર | ૦૦૦૮૭ |
| ૧૮ | ૧૦ | રર૪૫ર | ૪૦ (ર૧) | ર૩૧ | ૦ર૭૩૪ |
| ૧૯ | ૧૦ | ૦૮૦ર૭ | ૪૧ | ૧૯૬ | ૦૦૫૧૬ |
| ર૦ | ૧૦ | ૧૯૮૭૧ | ––––– | ––––– | ––––––– |
| ર૧ (આઠવર્ગ) | ૮૦ | ૦૧૬૩૦ | ૧૩૮ | ૧૯ર૩ | ૬૧૭ર૧૪૪ |
| રર (છ વર્ગ) | ૬૦ | ૦૧૦૬૮ | | | |

★ શતક–ર૦, ઉદ્દેશક–૬માં પૃથ્વી, પાણી, વાયુની ઉત્પત્તિનું નિરૂપણ છે. એક પરંપરા અનુસાર તે એક ઉદ્દેશક છે. બીજી પરંપરા અનુસાર તેના ત્રણ ઉદ્દેશક છે. તે પરંપરા અનુસાર પ્રસ્તુત આગમના કુલ ૧૯ર૫ ઉદ્દેશક થાય છે. વિશ્વભારતી લાડનૂંથી પ્રકાશિત ભગવતી સૂત્ર અનુસાર અક્ષર પરિણામ ૬૧૮રર૪ છે.

## પરિશિષ્ટ–૩

# વિવેચિત વિષયોની અકારાદિ અનુક્રમણિકા


| | વિષય | પૃષ્ટાંક | | વિષય | પૃષ્ટાંક |
|---|---|---|---|---|---|
| અ | અકામ | ૪૯ | | અસુરકુમારના વીસ ઈન્દ્રો | ૩૫૯ |
| | अचित्ताणं दव्वाणं | ૩૦૨ | | અસયંત અવિરત | ૪૯ |
| | अज्झत्थिए આદિ ક્રિયા | ૨૪૯ | | અસંયત ભવ્ય દ્રવ્ય દેવ આદિ | ૭૪ |
| | अणवदग्ग | ૪૭ | | અસંજ્ઞી આયુષ્ય | ૭૭ |
| | अणाईयं | ૪૭ | | અસ્તિત્વ નાસ્તિત્વ | ૮૭ |
| | अणिदा वेयणा | ૬૩ | | અસ્તિકાયનું સ્વરૂપ | ૩૩૧ |
| | अणुसमयं अविरहिए | ૩૪ | | અહાણિગરણં | ૧૧૦ |
| | अण्णमण्ण बद्धा पुट्ठा આદિ | ૧૬૧ | | અહાસુત્તં અહાકપ્પં | ૨૭૦ |
| | अथिरे पलोट्टइ | ૨૨૨ | | અહોરાત્રિકી પ્રતિમા | ૨૭૦ |
| | અર્દ્ધ નિવર્તનિક મંડલ | ૪૦૬ | આ | આચાર્ય | ૭ |
| | અધિપતિ દેવ સંખ્યા | ૪૯૩ | | આણમંતિ પાણમંતિ | ૨૩૭ |
| | અનવકાંક્ષણ વૃત્તિ | ૧૯૪ | | આત્મારંભ પરારંભ | ૪૧ |
| | અપવર્તન | ૨૭ | | આધાકર્મ દોષ સ્વરૂપ | ૨૨૦ |
| | અપક્રમણ | ૧૦૬ | | આધોવધિ | ૧૧૬ |
| | અપચ્ચક્ખાણ કિરિયા | ૨૧૦/૨૧૮ | | આભ્યુપગમિકી | ૧૧૦ |
| | અભિગમ | ૩૦૨ | | આયુક્ષય ભવક્ષય આદિ | ૨૭૮ |
| | અભિયોજન–વૈક્રિયમાં અંતર | ૪૬૧ | | આરંભિકી આદિ પાંચ ક્રિયા | ૬૦ |
| | અભિયોજન ક્રિયા સ્વરૂપ | ૪૬૩ | | આસન્નવધ | ૧૯૪ |
| | અરિહંત | ૬ | ઈ | ઈત્થત્થં | ૨૪૩ |
| | અલમસ્તુ | ૧૧૬ | | ઈન્દ્રોના સામાનિક દેવોની સંખ્યા | ૩૪૫ |
| | અલ્પાહારી મહાહારી | ૬૬ | | ઈન્દ્રોના આત્મરક્ષક દેવ | ૩૪૫ |
| | અશૂન્ય કાલ | ૭૧ | | ઈન્દ્રોના વિમાન | ૩૪૫ |
| | અસહેજ્જ દેવાસુર | ૨૯૮ | | ઈન્દ્રોની ત્રણ પરિષદ | ૪૯૬ |
| | અસુરકુમારનો ઉત્પાતપર્વત | ૩૨૩ | ઉ | ઉકડૂ આસન | ૧૫ |
| | અસુરકુમારનો માર્ગ | ૩૨૫ | | ઊંચાઈ અને ઉન્નતમાં અંતર | ૩૮૯ |

| | વિષય | પૃષ્ટાંક | | વિષય | પૃષ્ટાંક |
|---|---|---|---|---|---|
| | ઉત્થાન, કર્મ આદિ | ૯૦ | | કાંક્ષાપ્રદોષના વિવિધ અર્થ | ૨૦૮ |
| | ઉત્પન્ન જ્ઞાન દર્શનધર | ૧૧૬ | | કાંક્ષા મોહનીય | ૮૩ |
| | ઉત્તરાસંગ | ૩૦૨ | | કાંક્ષામોહ વેદનના તેર કારણો | ૯૭ |
| | ઉદક ગર્ભ | ૨૯૨ | ગ | ગર્ભમાં જીવના આહાર આદિ | ૧૭૭ |
| | ઉદાર, વિપુલ આદિ તપ વિશેષણ | ૨૭૧ | | ગર્હાનું મહત્ત્વ | ૨૧૬ |
| | ઉદીરણા | ૯૩ | | ગર્હા | ૯૪ |
| | ઉદ્વર્તન | ૨૭ | | गिद्ध पुट्ठ मरण | ૨૫૯ |
| | ઉપાધ્યાય | ૭ | | ગુરુ, લઘુ આદિની વ્યાખ્યા | ૨૦૫ |
| | ઉપચય | ૨૭ | | ગૌતમસ્વામીના ચૌદ ગુણો | ૧૩ |
| | ઉપસ્થાન | ૧૦૬ | ચ | ચલમાન ચલિત | ૧૭ |
| | ઉપયોગ | ૧૩૬ | | ચલિત અચલિત કર્મ | ૨૮ |
| | ઉપપદ્યમાન–ઉદ્વર્તન | ૧૬૯ | | ચય ઉપચય | ૨૭ |
| | उसिय फलिहा | ૨૯૮ | | ચય ઉપચય | ૮૩ |
| એ | एत्थ इह | ૮૯ | | चियत्तंतेउर घरपवेसा | ૨૯૮ |
| | ઐર્યાપથિકી ક્રિયા | ૨૩૦ | | ચોસઠ ઈન્દ્ર | ૪૯૩ |
| | એકેન્દ્રિયમાં શ્વાસોચ્છ્શ્વાસ | ૨૩૭ | છ | छिजमाणे छिण्णे વગેરે પાંચ પદ | ૨૦ |
| | एयइ वेयइ આદિના અર્થ | ૪૩૩ | જ | जायसड्ढे | ૧૬ |
| ઓ | ओभासइ આદિ ક્રિયાઓ | ૧૪૭ | | જિન | ૧૧૬ |
| ઔ | ઔપક્રમિકી વેદના | ૧૧૦ | | જિનેશ્વર | ૮૬ |
| અં | અંતેવાસી | ૧૨ | ણ | णमो लोए सव्व साहूणं | ૮ |
| | અંતક્રિયા | ૭૩ | | णमो बंभीए लिवीए | ૯ |
| | अंतो छण्णं मासाणं | ૧૯૪ | | णमो सुयस्स | ૯ |
| ક | કર્મ અને આત્માનો સંયોગ | ૧૦૩ | | णायमेयं अरहया | ૧૧૦ |
| | કાયભવસ્થ (ગર્ભમાં) | ૨૯૩ | | णिरुद्धभवे આદિ | ૨૪૩ |
| | કાયિકી આદિ પાંચ ક્રિયા | ૧૯૩ | ત | तत्था, तसिया આદિ શબ્દાર્થ | ૩૮૬ |
| | કાયિકી આદિ પાંચ ક્રિયાના ભેદ | ૪૩૧ | | તદ્ભવ મરણ | ૨૬૦ |
| | કૃત્રિકાપણ | ૩૦૦ | | તર્ક, સંજ્ઞા, પ્રજ્ઞા | ૯૬ |
| | કેવળ, કેવળ જ્ઞાનના વિવિધ અર્થ | ૧૧૫ | | તેજોલબ્ધિ | ૩૮૫ |
| | કેવળી સમુદ્ઘાત | ૨૮૨ | દ | દાનામા પ્રવ્રજ્યા | ૪૦૭ |

| | વિષય | પૃષ્ટાંક | | વિષય | પૃષ્ટાંક |
|---|---|---|---|---|---|
| | दीहमद्धं | ૪૭ | | પાદપોપગમન અનશન | ૩૭૯ |
| | दुक्खणया, सोयणया, झूरणया | ૪૩૪ | | पुहुत्त– પૃથક્ત્વ | ૩૧ |
| | દેવલોક કોના આધારે ? | ૩૧૯ | | પંચપરમેષ્ઠી મંડલ | ૮ |
| | દેવોત્પત્તિના ચૌદ બોલ | ૭૩/૭૪ | | પંડિત | ૧૮૭ |
| | | | | પિંગલ નિર્ગ્રંથ શ્રાવક | ૨૪૭ |
| | દેવોના દસ પ્રકાર | ૩૫૧ | | પ્રમત્ત ગુણસ્થાનમાં લેશ્યા | ૪૩ |
| | દેવોત્પત્તિની પ્રક્રિયા | ૩૬૫ | | પ્રમાદના પ્રકાર | ૯૦ |
| | દેશ અને સર્વથી ઉપજે (અંતર) | ૧૬૮ | | પ્રક્ષેપાહાર | ૩૭ |
| ધ | ધ્યાન કોષ્ટક | ૧૫ | ફ | फासेइ, पालेइ, આદિ | ૨૭૧ |
| ન | नमः | ૬ | બ | બદ્ધ | ૨૨૧ |
| | નરકમાં નારકી ઉપજે | ૧૬૮ | | બાલ | ૧૮૭ |
| | નરકમાં અવગાહના | ૧૨૯ | | બાલ પંડિત | ૧૮૮ |
| | નિકાચિત | ૨૨૧ | | બાલમરણના બાર પ્રકાર | ૨૫૭ |
| | નિકાચન | ૨૭ | ભ | ભક્ત પ્રત્યાખ્યાન | ૨૬૦ |
| | નિધત્ત | ૨૨૧ | | ભવનપતિના કુલ આવાસ | ૩૨૦ |
| | નિદાન–અનિદાન ફળ | ૩૮૩ | | ભવનપતિના નિવાસસ્થાન | ૩૯૮ |
| | નિધત્ત | ૨૦ | | भिक्षु प्रतिमा दोमासिया तिमासिया | ૨૬૯ |
| | નિર્જરા પર્યંત નવપદ | ૧૮ | | | |
| | નિવર્તનિક મંડલ | ૩૭૮ | | ભંતે પદના પર્યાય | ૧૭ |
| | નીહારિમ–અનીહારિમ | ૨૬૦ | | | |
| | નંદીશ્વર દ્વીપ સુધી ગમન | ૪૦૨ | મ | મડાઈ અણગાર | ૨૪૨ |
| પ | पकरेइ ના બે અર્થ | ૨૧૦ | | मत्थुलंग નો અર્થ | ૧૭૮ |
| | पव्वावियं मुंडावियं આદિ | ૨૬૪ | | મહર્દ્ધિક આદિના શબ્દાર્થ | ૧૭૩ |
| | પરમાવધિ | ૧૧૬ | | माई विउव्वइ | ૪૫૪ |
| | પર્યુપાસના | ૩૦૨ | | माई अभिजुंजइ | ૪૬૩ |
| | પર્યુપાસના ફળ ક્રમિક | ૩૧૩ | | માયી મિથ્યાદષ્ટિ | ૪૬૭ |
| | પર્વતિથિઓનું મહત્ત્વ | ૨૯૯ | | माहण | ૩૧૩ |
| | | | | મિશ્રકાલ | ૭૧ |
| | પાદપોપગમન | ૨૬૦ | | मुहुत्त पुहुत्तस्स | ૩૯ |

| | વિષય | પૃષ્ટાંક | | વિષય | પૃષ્ટાંક |
|---|---|---|---|---|---|
| ર | રત્નપ્રભા આદિના અર્થ | ૧૨૦ | | શક્રેન્દ્ર–ચમરેન્દ્રનું ગમન સામર્થ્ય | ૪૨૩ |
| લ | લબ્ધિવીર્ય કરણવીર્ય | ૧૯૭ | | શૂન્યકાળ | ૭૨ |
| | लद्धे पत्ते अभिसमण्णागए | ૩૬૫ | શ્ર | શ્રમણ | ૩૧૩ |
| | લવણ સમુદ્રમાં હાનિ વૃદ્ધિ | ૪૪૦ | સ | સનત્કુમારેન્દ્ર–અગ્રમહિષી | ૩૬૯ |
| | લાઘવ આદિ પાંચ પદોના અર્થ | ૨૦૭ | | સયમક્ષેત્ર સ્વરૂપ | ૩૨૬ |
| | લેશ્યા સ્વરૂપ | ૪૩ | | सया समियं एयई | ૪૩૮ |
| | લેશ્યા જન્મ મરણ સમયની | ૪૫૦ | | સમુદ્‌ઘાત (સાત) સ્વરૂપ | ૨૮૦ |
| | લોકમાં પહેલાં કોણ કૂકડી કે ઈંડું | ૧૫૬ | | સમુચતરસ સંસ્થાન | ૧૨ |
| | લોક સંસ્થિતિ આઠ પ્રકારે | ૧૫૮ | | સમાયુષ્ક સમોત્પન્નક | ૫૯ |
| વ | વજ્રઋષભનારાચ સંહનન | ૧૩ | | સાધુ પાસે પાત્ર સંખ્યા | ૩૦૭ |
| | વાણવ્યંતર | ૫૦ | | સાત નરકમાં અવગાહના | ૧૨૯ |
| | વાયુકાયનો શ્વાસોચ્છ્‌શ્વાસ અચિત્ત | ૨૩૯ | | સિદ્ધ | ૬ |
| | વિગ્રહ–અવિગ્રહ ગતિ | ૧૭૧ | | સિજ્ઝઈ આદિ ક્રિયા | ૪૬ |
| | विच्छड्डिय विउलभत्तपाणा | ૨૯૮ | | સૂક્ષ્મ સ્નેહકાય | ૧૬૨ |
| | वियट्टभोई | ૨૫૩ | | से णूणं | ૧૭ |
| | વીર્યવાનના વિશેષ અર્થ | ૧૯૫ | | सेवं भंते, सेवं भंते | ૫૦ |
| | વીર્ય ત્રણ | ૧૦૬ | | સંક્રમણ | ૨૮ |
| | 'વેદ'ના છ અંગ (શિક્ષાદિ) | ૨૪૬ | | સંવૃત્ત અણગાર | ૪૬ |
| | वेमाया (વિમાત્રા) | ૩૪ | | સંજ્ઞીભૂતના ચાર અર્થ | ૬૦ |
| | વૈક્રિય કરવાની રીત | ૩૫૨ | | સંસાર સંસ્થાન કાળ | ૭૧ |
| | વૈક્રિયરૂપો માટે બે દષ્ટાંત | ૩૫૨ | | संकिए, कंखिए આદિ | ૮૪ |
| | વૈમાનિકના કુલ વિમાન | ૩૨૦ | | સંઘયણ | ૧૩૧ |
| | વૈરોચનેન્દ્ર | ૩૫૮ | | संलेहणा झूसणा | ૨૭૬ |
| | વ્યંતરના સોળ ઈન્દ્ર | ૩૬૦ | | સાંપરાયિકી ક્રિયા | ૨૩૦ |
| | વ્યંતરની આઠ જાતિ | ૩૬૦ | | સ્પૃષ્ટ | ૨૨૧ |
| | વ્યાઘાત–નિર્વ્યાઘાત | ૩૪ | | સ્વકૃત કર્મફળ ભોગ | ૫૪ |
| | વ્યાઘાત–અવ્યાઘાત | ૨૩૭ | હ | हव्वं-खलु | ૧૪૭ |
| શ | શરીર પરિભાષા | ૧૩૨ | | हरण-अग्घे | ૩૧૫ |
| | શક્રેન્દ્રના પર્યાય શબ્દો | ૪૧૦ | | हीणपुण्ण चउद्दसे | ૪૧૦ |

## ગુરુ પ્રાણ આગમ બત્રીસીના શ્રુત સહયોગી દાતાઓ

**: પ્રથમ આગમ વિમોચક :**

માતુશ્રી ચંપાબેન શાંતીલાલ પરષોત્તમદાસ સંઘવી તથા
માતુશ્રી મૃદુલાબેન નવનીતરાય શાંતીલાલ સંઘવી ના સ્મરણ સાથે
સૌ. કુંદનબેન જયંતીલાલ શાંતીલાલ સંઘવી
શ્રી નવનીતરાય શાંતીલાલ સંઘવી
શ્રી રાજીવ જયંતીલાલ, શ્રી શૈલેશ નવનીતરાય, શ્રી હિરેન નવનીતરાય સંઘવી

**શ્રુતાધાર**

- માતુશ્રી કુસુમબેન શાંતિલાલ શાહ
  હસ્તે – સુપુત્ર શ્રી ઈપ્સિત – ડૉ. નીતા શાહ, શ્રી ભાષિત – દર્શિતા શાહ — મુંબઈ
- માતુશ્રી સવિતાબેન ડૉ. નાનાલાલ શાહ (હેમાણી)
  સુપુત્ર શ્રી સતીષ – રશ્મિ શાહ, સુપુત્રી શ્રીમતી ડૉ. ભારતી – ડૉ. રશ્મિકાંત શાહ — U.S.A.
- સાધ્વી સુબોધિકા (ભદ્રા) જૈન ટ્રસ્ટ, માતુશ્રી લલિતાબેન પોપટલાલ શાહ (હેમાણી)
  બહેન–શ્રીમતી લતા શરદ શાહ, શ્રીમતી હર્ષા ભૂપેન્દ્ર મોદી — આકોલા
- શ્રીમતી દત્તા ગિરીશ શાહ (પૂ. સુબોધિકાબાઈ મ. ના ભાઈ–ભાભી) સુપુત્ર
  શ્રી મુંજાલ – વિજ્યા , શ્રી ભાવિન – તેજલ, સુપુત્રી નિવિશા મનીષ મહેતા — U.S.A.
- પૂ. આરતીબાઈ મ. ના બહેનો – શ્રીમતી સરોજબેન જશવંતરાય દોમડિયા
  શ્રીમતી હર્ષાબેન વસંતરાય લાઠીયા હસ્તે – શ્રી અલકેશ, શ્રી પ્રિયેશ, શ્રી હેમલ — મુંબઈ
- માતુશ્રી જયાબેન શાંતીલાલ કામદાર, માતુશ્રી રમાબેન છોટાલાલ દફતરી
  હસ્તે શ્રીમતી પ્રેમિલાબેન કિરીટભાઈ દફતરી — U.S.A.
- ડૉ. ભરતભાઈ ચીમનલાલ મહેતા
  સુપુત્ર–ચી. મલય, સુપુત્રી શ્રીમતી વિરલ આશિષ મહેતા — રાજકોટ
- માતુશ્રી વિજ્યાલક્ષ્મીબહેન માણેકચંદ શેઠ
  સુપુત્ર શ્રી દિલસુખભાઈ શેઠ, શ્રી ચંદ્રકાંતભાઈ શેઠ (શેઠ બિલ્ડર્સ) — રાજકોટ
- શ્રી રતિગુરુ ચેરીટેબલ ટ્રસ્ટ, હસ્તે ટી. આર. દોશી — રાજકોટ
- શ્રી રતિગુરુ ચેરીટેબલ ટ્રસ્ટ, હસ્તે ટી. આર. દોશી — રાજકોટ
- શ્રી રતિગુરુ ચેરીટેબલ ટ્રસ્ટ, હસ્તે ટી. આર. દોશી — રાજકોટ
- શ્રી રતિગુરુ ચેરીટેબલ ટ્રસ્ટ, હસ્તે ટી. આર. દોશી — રાજકોટ
- માતુશ્રી હીરાગૌરી હરિલાલ દોશી, શ્રીમતી પૂર્ણિમાબેન નરેન્દ્ર દોશી
  હસ્તે – નરેન્દ્ર – મીના દોશી, કુ. મેઘના, કુ. દેશના — રાજકોટ

- માતુશ્રી કાશ્મીરાબેન કાંતિભાઈ શેઠ
  હસ્તે – શ્રીમતી હેતલ સંજય શેઠ, કુ. ઉપાસના, કુ. કીંજલ — રાજકોટ
- માતુશ્રી જશવંતીબેન શાંતીલાલ તુરખીયા, શ્રીમતી ભાવના દિલીપ તુરખીયા
  હસ્તે – દિલીપ એસ. તુરખીયા, સુપુત્ર – શ્રી પારસ – રિદ્ધિ તુરખીયા — મુંબઈ
- માતુશ્રી કિરણબેન પ્રવીણચંદ્ર દોશી
  હસ્તે સુપુત્ર શ્રી નીરવ – તેજલ દોશી, કુ. પ્રિયાંશી, કુ. ઝીલ — મુંબઈ
- માતુશ્રી મંજુલાબેન છબીલદાસ ચૂડગર
  હસ્તે – સુપુત્ર શ્રી કેતન – આરતી ચૂડગર, કુ. ધ્રુવી — મુંબઈ
- શ્રી લક્ષ્મીચંદભાઈ જસાણી પરિવાર — રાજકોટ
- શ્રી પ્રવિણભાઈ ગંભીરદાસ પારેખ — મુંબઈ
- કુ. વિધિ ગિરીશ જોશી, કુમાર કુશાન ગિરીશ જોશી
  હસ્તે – શ્રીમતી નીલાબેન ગિરીશભાઈ જોશી — મુંબઈ
- શ્રી પરેશભાઈ સુમતીભાઈ શાહ — મુંબઈ
- શ્રી કિશોરભાઈ શાહ — મુંબઈ
- શ્રી રમેશભાઈ ગટુલાલ કામદાર — ચેમ્બુર
- માતુશ્રી લીલાવતીબેન નીમચંદ નથુભાઈ દોશી, સ્વ. કિશોરકુમાર નીમચંદ દોશી,
  સ્વ. મૃદુલા કુંદનકુમાર મહેતા. હસ્તે – હર્ષદ અને કુમકુમ દોશી — કલકત્તા
- માતુશ્રી તારાબેન મોદી — કલકત્તા
- માતુશ્રી મધુકાંતાબેન નંદલાલ ભીમાણી
  હસ્તે – શ્રી રાજેશભાઈ ભીમાણી — કલકત્તા
- માતુશ્રી કીકીબેન દેસાઈ, હસ્તે – શ્રી શૈલેશભાઈ–મીનાબેન દેસાઈ — મુંબઈ
- શ્રી અંજલભાઈ ઢાંકી — મુંબઈ
- ગુરુભક્ત — રાજકોટ
- શ્રી હેમેન્દ્રભાઈ પૂંજાણી
- માતુશ્રી ચંપકબેન શશીકાંતભાઈ મહેતા, હસ્તે – સુપુત્રી શ્રી કિરીટ–અરૂણા,
  શ્રી અજય – નીતા, શ્રી કમલેશ – દિવ્યા, સુપુત્રી – નિરૂપમા – નિરંજન દોશી — મુંબઈ
- માતુશ્રી નર્મદાબેન રૂગનાથ દોશી, હસ્તે – શ્રી કાંતીભાઈ રૂગનાથ દોશી — કલકત્તા
- શ્રી હેમલતાબેન નટવરલાલ મણીયાર — વડોદરા
- માતુશ્રી અમૃતબેન ભગવાનજી અવલાણી પરિવાર
  હસ્તે – શ્રી રમણીકભાઈ ભગવાનજી અવલાણી — કલકત્તા
- શ્રી કેશવજીભાઈ શાહ પરિવાર — કલકત્તા

## શ્રુત અનુમોદક

- શ્રીમતી ડો. ભારતીબેન – ડો. રશ્મિકાંત કાંતીલાલ શાહ — U.S.A.
- શ્રીમતી લતાબેન – શ્રી શરદભાઈ કાંતીલાલ શાહ — U.S.A.
- શ્રીમતી હર્ષા ભૂપેન્દ્ર મોદી, શ્રીમતી જીમિતા હિરેન મોદી,
  શ્રીમતી ડો. શ્રુતિ મહેશ વર્મા, શ્રીમતી ભવિતા જયંત ઈંગળે — આકોલા
- શ્રી સૌરાષ્ટ્ર દશાશ્રીમાળી પ્રાણ મહિલા મંડળ, હસ્તે – અધ્યક્ષા સૌ. હર્ષાબેન મોદી — આકોલા
- માતુશ્રી નિર્મળાબેન લાલચંદ ભરવાડા — કોલ્હાપુર
- શ્રી પરેશભાઈ રમેશચંદ્ર સુતરીયા — મુંબઈ
- માતુશ્રી સુશીલાબેન કાંતીલાલ પંચમીયા — મુંબઈ
- શ્રી મીનાબેન હરીશભાઈ દેસાઈ — કલકત્તા

## શ્રુત સદસ્ય

- શ્રી પારિતોષ આર. શાહ — મુંબઈ
- શ્રીમતી રાજુલ રજનીકાંત શાહ — મુંબઈ
- જૈન જાગૃતિ સેન્ટર — વાશી (મુંબઈ)
- શ્રી મુકુન્દ આર. શેઠ — મુંબઈ
- શ્રી કેતનભાઈ શાહ — મુંબઈ
- શ્રીમતી ગુણવંતીબેન પ્રફુલ્લચંદ્ર દોમડીયા — મુંબઈ
- શ્રી સુધીરભાઈ પી. શાહ — મુંબઈ
- શ્રી રાજેશ કલ્યાણભાઈ ગાલા — મુંબઈ
- શ્રીમતી મૃદુલાબેન નવનીતરાય સંઘવી
  હસ્તે – સૌ. હીના શૈલેશ સંઘવી, સૌ. સોનલ હિરેન સંઘવી — કલકત્તા


આગમ શાસ્ત્ર
આગમ શાસ્ત્ર


આગમ શાસ્ત્ર
આગમ શાસ્ત્ર

PARASDHAM
Vallabh Baug Lane, Tilak Road,
Ghatkopar (E), Mumbai - 400 077.
Tel : 32043232.
www.parasdham.org
www.jainaagam.org